૬. પંચે નગરપાલિકાના વોર્ડોનાં સીમાંકન માટે જરૂરી માહિતી એકઠ કરી છે. તેમજ સને. ૧૯૪૮ના સેન્સસ એકટ મુજબ સને. ૧૯૯૧ના વસ્તી ગણતરીના છેવટના પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં શહેરની કુલ વસ્તી ૯૧,૪૭૮ આવે છે. જાહેરનામા મુજબ શહેરને ૧૨ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૭૬૨૩ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની પંચે તેના કાર્યાલયના અધિકારી કર્મચારીઓ મારફત ચકાસણી કરાવેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડનું સીમાંકન કરવાનું ધાર્યુ છે તેમાં વોર્ડ નં ૫ સિવાય કોઈપણ વોર્ડમાં ૧૦ ટકા થી વસ્તી વધતી નથી કે ૧૦ ટકાથી વસ્તી ઘટતી નથી.

૮. શહેરનાં ૧૨ વોર્ડોને નિયમ ૩ની જોગવાઇઓને ધ્યાનમાં લઈ આ સાથે અનુસૂચિ-૧માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે.આ સીમાંકન નક્કી કરવામાં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજૂથતા, નદી, રેલ્વેલાઈન, રોડલાઈન વગેરે કારણે બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને એકસરખા વોર્ડ-૯ બની રહે તે મુદ્દો વિચારણામા લઈ વોર્ડોનું સીમાંકન નક્કી કરેલું છે.

૯. નિયમોના નિયમ ૪ અન્વયે દરેક વોર્ડ માં ત્રણ કાઉન્સિલર ચૂંટવાના છે.નિયમ ૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક બિનઅનામત એટલે કે સામાન્ય બેઠક બની રહેશે. જ્યારે બીજી બેઠક મહિલા, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની મહિલા સહિત માટે અનામત રાખવાની છે. જ્યારે ત્રીજી બેઠક જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગને ફાળવવાની રહેશે. અને તેવી ફાવવણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો તે બિનઅનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે.

૧૦. નિયમોના નિયમ ૬ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિની દરેક વોર્ડની વસ્તીની ટકાવારીનાં ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તી સંખ્યા વધુ હોય એટલે કે, ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, મહિલા બેઠક સહીતની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ વસ્તી હોય એટલે કે ટકાવારી ઊંચી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારીત કરેલ છે.

૧૧. જાહેરનામા અન્વયે શહેર માટે ૪ બેઠકો અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે અને ૪ બેઠકો પૈકી ૧ બેઠક અનુસૂચિત જાતિની મહિલા માટે અનામત રાખવાનુ નિર્ધારીત કર્યુ છે.

INDEX

૧૨. પંચે એકઠી કરેલી માહિતી મુજબ શહેરનાં જુદા જુદા ૧૨ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે :-

અ.નં.	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	અનુ.જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ.જાતિની વસ્તીની ટકાવારી
૧.	૩	૭૭૬૬	૨૨૪૧	૨૮.૮૫%
૨.	૧૧	૭૦૧૬	૧૯૧૯	૨૭.૩૫%
૩.	૧૦	૭૧૮૫	૧૧૮૫	૧૬.૪૯%
૪.	૧૨	૮૧૦૯	૮૬૦	૧૦.૬૦%
૫.	૮	૭૮૫૫	૭૮૧	૯.૯૪%
૬.	૪	૭૬૩૬	૭૫૩	૯.૮૬%
૭.	૨	૭૬૪૨	૬૨૭	૮.૨૦ %
૮.	૬	૭૪૩૬	૫૫૧	૭.૪૦ %
૯.	૭	૭૬૭૬	૪૭૦	૬.૧૨%
૧૦.	૯	૭૯૮૧	૪૩૯	૫.૫૦%
૧૧.	૧	૮૦૩૨	૩૬૮	૪.૫૮%
૧૨.	૫	૭૧૪૪	૧૩૧	૧.૮૩%

આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઊંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં. ૩, ૧૧, ૧૦ તથા ૧૨માં અનુસૂચિત જાતિની બેઠક નિયમોના નિયમ ૬ અ હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે અને તે મુજબ ફાળવવામાં આવે છે.

૧૪. અનુસૂચિત જાતિની મહિલા અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ જે વોર્ડોમાં આ વર્ગ માટે બેઠક ફાળવાઈ હોય તે વોર્ડની ટકાવારીનાં ક્રમમાં પ્રથમ આવતા ત્રણ વોર્ડના જૂથ પૈકી ત્રીજા વોર્ડમાં મહિલા બેઠક ફાળવવી, તેમ પંચ માને છે પરંતુ આ મુજબ ફાળવણી કરતાં પંણ નિયમો અન્વયે દરેક વોર્ડમાં એક મહિલા એક સામાન્ય બેઠક ફાળવવાની જોગવાઈ છે. તેનું ખંડન ન થાય તેની તકેદારી રાખવાની રહે છે.

૧૫. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં. ૩, ૧૧, ૧૦ તથા ૧૨માં નિયમોના નિયમ ૬:અઃ અન્વયે ફાળવવામાં આવે છે. તે પૈકી આ વર્ગના પુરુષ તથા મહિલા માટે બેઠકની વ્હેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે :-

વોર્ડ નંબર	બેઠક
૩	અનુસૂચિત જાતિ
૧૧	અનુસૂચિત જાતિ
૧૦	અનુસૂચિત જાતિ મહિલા
૧૨	અનુસૂચિત જાતિ

INDEX

૧૬. જાહેરનામા અન્વયે શહેર માટે એક બેઠક અનુ. આદિજાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે.

પંચે એકઠી કરેલી માહિતી મુજબ શહેરનાં જુદા જુદા ૧૨ વોર્ડની વસ્તી તથા દરેક વોર્ડની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	અનુ. આદિજાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ. આદિજાતિની વસ્તીની ટકાવારી
૧.	૨	૭૬૪૨	૭૫૮	૯.૯૧%
૨.	૧૨	૯૭૦૯	૫૪૫	૬.૭૨%
૩.	૧૦	૭૧૮૫	૩૬૫	૫.૦૮%
૪.	૯	૭૯૮૧	૩૯૨	૪.૯૧%
૫.	૩	૭૭૬૬	૧૯૭	૨.૫૩%
૬.	૭	૭૬૭૬	૧૮૮	૨.૪૪%
૭.	૮	૭૮૫૫	૧૬૪	૨.૦૮ %
૮.	૧	૮૦૩૨	૧૪૨	૧.૭૬%
૯.	૧૧	૭૦૧૬	૫૭	૦.૮૧%
૧૦.	૪	૭૬૩૬	૧૪	૦.૧૮%
૧૧.	૬	૭૪૩૬	૯	૦.૧૨%
૧૨.	૫	૭૧૪૪	-	-

અનુસૂચિત આદિજાતિની મહિલા બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ જે વોર્ડમાં આ વર્ગ માટે બેઠક ફાળવાઇ હોય તે વોર્ડની ટકાવારીના ક્રમમાં પ્રથમ આવતા ત્રણ વોર્ડના જૂથ પૈકી ત્રીજા વોર્ડમાં મહીલા માટે બેઠક ફાળવવી, તેમ પંચ માને છે પરંતુ આ મુજબ પણ ફાળવણી કરતા પણ નિયમો અન્વયે દરેક વોર્ડમાં એક મહિલા એક સામાન્ય બેઠક ફાળવવાની જોગવાઇ છે. તેનું ખંડન ન થાય તેની તકેદારી રાખવાની છે. પરંતુ આ શહેર માટે ફકત એક જ બેઠક અનુસૂચિત આદિજાતિ માટે અનામત રખાયેલી હોઇ અનુસૂચિત આદિજાતીની બેઠક વોર્ડ નં.. ૨ માં નિયમોના નિયમ - ૬ અન્વયે ફાળવવામાં આવે છે.

૧૭. જાહેરનામા ક્રમાંક :ખંડઃ ગ :સીઃ મુજબ ૪ બેઠકો પછાતવર્ગો માટે ફાળવેલ છે. તે પૈકી એક બેઠક આ વર્ગની મહિલા માટે અનામત રખાઈ છે.

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો, ૧૯૯૪ના નિયમ-૬ (બી) હેઠળ રાજય ચૂંટણી પંચેપછાત વર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. જેના મહત્વનાં પ્રબંધ નીચે પ્રમાણે છે.

(૧) માન્ય રાજકીય પક્ષો તરફથી મળેલ માહિતીનાં અભ્યાસ પરથી જે શહેરનાં જે જે વોર્ડોમાં પછાતવર્ગની વસ્તીનાં ધોરણને અનુલક્ષીને જે સર્વ સામાન્ય વોર્ડો હોય તે તે વોર્ડોમાં પછાતવર્ગ માટે અનામત બેઠક ફાળવવાની રહેશે.

(૨) મ્યુનિસિપલ ચીફ ઓફીસર તરફથી છેલ્લી ચૂંટણીમાં જે વોર્ડમાંથી પછાતવર્ગના ઉમેદવારો ચૂંટાઈને કોર્પોરેટર તરીકે પદધારણ કરતા હતા તે વોર્ડમાં ઉપર અનુક્રમ નં. ૧ માં જણાવેલ વોર્ડોમાં બેઠક ફાળવ્યા પછી નિયત સંખ્યા સુધીમાં ફાળવવાની રહેશે.

આથી સ્પષ્ટતા કરવાની કે, જૂના વોર્ડોનું સીમાંકન નવા વોર્ડોના સીમાંકનમાં ફેરફાર હોય તો જૂના વોર્ડોનો મોટા ભાગનો જે વિસ્તાર જે જે નવા વોર્ડનાં સીમાંકનમાં સમાવિષ્ટ થતો હોય તેવા નવા વોર્ડમાં પછાતવર્ગની બેઠક ફાળવવાની રહેશે.

INDEX

(૩) પછાત વર્ગ માટે અનામત રાખેલી કુલ બેઠકો પૈકી ૧:૩ બેઠકો મહિલા માટે જાહેરનામા અન્વયે અનામત રખાઈ છે. આમ ત્રણ બેઠકો પૈકી એક બેઠક મહિલા માટે અનામત રાખવામાં આવી છે. આમ મહિલાનું પ્રમાણ ૧:૩ રહે છે. તેથી તાર્કીક રીતે વિચારતા દર ત્રણ બેઠકો પૈકી ત્રીજી બેઠક મહિલા માટે ફાળવવી તેમ પંચ સ્વીકારે છે.

(૪) પરંતુ જો આ રીતે વોર્ડમાં પછાત વર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ અથવા અનુ. આદિજાતિ માટે મહિલા બેઠક ફાળવી હોય તો તે વોર્ડને બદલે તે પછી અનુક્રમે જે વોર્ડ આવે તે વોર્ડમાં પછાતવર્ગની મહિલા બેઠક ફાળવવી.

૧૯. માન્ય રાજકીય પક્ષોને પંચ તરફથી નગરપાલિકાઓના કયા વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવી તે અંગે સૂચનો મોકલવા આ કાર્યાલય તરફથી વિનંતી કરવામાં આવેલ. પરંતુ કોઈ માન્ય રાજકીય પક્ષ તરફથી હજુ સુધી સૂચન કરવામાં આવ્યા નથી.

પંચે અપનાવેલા માપદંડ મુજબ ચીફ ઓફીસર પાસેથી ગત ચૂંટણીમાં પછાતવર્ગનાં કાઉન્સિલરો જૂના કયા વોર્ડમાંથી ચૂંટાયા હતા. અને તે સમગ્ર વોર્ડની અગર વોર્ડની મોટા ભાગનો વિસ્તાર નવા કયાં વોર્ડમાં સમાવિષ્ટ થાય છે. તેની માહિતી મેળવવામાં આવી છે. તેની ચકાસણી કરતાં વોર્ડ નં. ૧૦ તથા ૧માં બેઠક ફાળવવાની થાય છે. જાહેરનામા અન્વયે ૪ બેઠકો પછાતવર્ગની ફાળવવાની છે. શહેરના કુલ ૧૨ વોર્ડો પૈકી ૨ વોર્ડમાંથી ચૂંટાયેલા કાઉન્સીલરોની માહિતી મળી છે. વધુમાં ચીફ ઓફીસરશ્રીએ સ્થાનિક અધિકારી તરીકે વોર્ડ નં. ૪ તથા ૯ માં પણ અન્ય વોર્ડની સરખામણીએ પછાતવર્ગની વસ્તી વધુ હોવાનું જણાવ્યું છે. આ માહિતી ચકાસતા પ્રાથમિક દ્રષ્ટિએ કોઇ કારણ નથી તેથી વોર્ડ નં. ૪ અને ૯માં પણ પછાત વર્ગ માટે બેઠક ફાળવવી પંચ મુનાસીબ માને છે. પંચને આ તારણ પર આવવા માટે માપદંડના પેરા ૫ માં મળેલ અધિકાર છે કે જેથી પછાતવર્ગ માટે વોર્ડ નં. ૧, ૪, ૯ તથા ૧૦ અનામત રાખવાનું અને તે પૈકી વોર્ડ નં. ૯ માં પછાતવર્ગ મહીલા માટે બેઠક ફાળવવાનું પંચ ઠરાવે છે.

૨૦. આ પ્રમાણે અનુસૂચિત જાતિ તથા પછાત વર્ગની મહિલા અનામત બેઠકની ફાળવણી કર્યા પછી મહિલા અનામત બેઠક અને સામાન્ય ઉમેદવારને બાકી રહેતી બેઠક ફાળવવામાં આવે છે.

૨૧. સમગ્રતઃ તમામ પાસાંઓનો અભ્યાસ કરીને નિયમોનાં નિયમ-૩ અન્વયે શહેરોને આ સાથે સંલગ્ન અનુસૂચિ-૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે અને આ સાથે અનુસુચિ-૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

૨૨. આ પ્રમાણે વોર્ડોનું વિભાજન અને હદરેખા નકકી કરવાનું અને વોર્ડ ની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

૨૩. ઉપર પ્રમાણે વોર્ડોની હદરેખા નકકી કરવામાં આવે છે અને ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે. તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ શખ્સને જાહેર જનતાને સલાહ સૂચનો કરવાનાં હોય તો તે આ આદેશ પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૫ દિવસોમાં રાજય ચૂંટણી પંચ બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા. મુદત વિત્યે આવેલ સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહી.

૨૪. રાજય ચૂંટણી પંચે નગરપાલિકાના વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો છેવટના કરતાં પહેલાં લોકપ્રતિનિધિત્વ ધારો, ૧૯૫૧ અન્વયે માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરુરી પરામર્શ કરશે.

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજય ચૂંટણી પંચ

તારીખઃ ૮/૪/૧૯૯૪.

INDEX

અનુસુચિ-૧

પત્રક-૪

પાલનપુર મ્યુનિસિપાલીટી.

બનાસકાંઠા જિલ્લો.

વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડની હદનું વર્ણન
૧.	રેલ્વે સ્ટેશન પાસેના ફુટ ઓવરબ્રીજના પૂર્વ છેડાથી શરુ કરીને ગેસ ઓફિસના રસ્તે ગેસ ઓફિસ આવી ત્યાંથી ડાબી બાજુ વળી સીધા રસ્તે સરસ્વતી હાઈસ્કુલ આગળ આવી ત્યાંથી ડાબી બાજુ વળી મ્યું. પાણીની ટાંકી પાસેના ઉત્તર તરફના રસ્તે રસ્તે સુખબાગ રોડ આવી ત્યાંથી જમણીબાજુ વળી સુખબાગ રોડે રોડે ત્રણ રસ્તા ક્રોસીંગ આવી ત્યાંથી જમણી બાજુ વળી ઢુંઢીયાવાડી પ્રા. શાળા તરફ જતા રોડે મ્યુ. બોર આવી ત્યાંથી ડાબી બાજુ વળી ચાણકયપુરી સોસાયટી તથા ગુંપડપટ્ટી વિસ્તારને બહાર મુકીને સર્વે નં. ૫૬૪, ૫૬૫, ૫૬૭, ૫૬૮, ૫૫૯, ૫૫૮, ૫૪૭, ૫૧૩, ૫૧૪, ૫૧૫, ૫૧૬ ને આવરી લઈને તે સવે નંબરોની હદે હદે દિલ્હી હાઈવે રોડ આવી ત્યાંથી જમણી બાજુ વળી મ્યુ. હદે હદે બિહારીબાગને બહાર મૂકીને મ્યુ. હદે હદે સર્વે નંબર - ૩૭૧, ૨૬૯, ૨૭૦, ૨૭૧, ૨૭૨, ૨૫૨ને આવરી લઈને તે સર્વે નંબરોની મ્યુ. હદે હદે આબુરોડ નેશનલ હાઈવે ઓળંગીને મ્યુ. હદે રેલ્વે લાઈને આવી ત્યાંથી જમણીબાજુ વળી રેલ્વે લાઈને લાઈને રેલ્વે સ્ટેશન થઈ ફુટ ઓવરબ્રીજના પૂર્વ છેડા સુધી આ બાઉન્ડ્રીમાં આવતો તમામ વિસ્તાર...
૨	રેલ્વે સ્ટેશનથી શરુ કરીને ઉત્તર તરફ રેલ્વે લાઈનના પાટે પાટે સીધા મ્યુ. હદે સર્વે નંબર ૨૫૧ ને આવરી લઈને જમણી બાજુ વળી શહેરમાં આવતા કાચા રસ્તે રસ્તે સર્વે નં. ૨૦૬ આવી અંબાજી હાઈવેને ઓળંગીને સર્વે નંબર ૨૦૭, ૧૮૪, ૧૮૩, ૧૮૨ લગતેના કાચા રસ્તે રસ્તે ફાંસીયા ટેકરા લગતેના પશ્ચિમ રસ્તેથી (નેળીયામાં થઈને) બીજેશ્વર કોલોનીના નાકે આવી ત્યાંથી જમણીબાજુ વળી બીજેશ્વર કોલોનીના ઉત્તર તરફના રસ્તે રસ્તે લક્ષ્મીનગર સોસાયટી આગળના ત્રણ રસ્તા આવી ત્યાંથી ડાબી બાજુ વળી રસ્તે રસ્તે ઉસ્માનખાનજીના બંગલા આગળ (ડી.પી.પાસે) ના મુખ્ય રસ્તે આવી ત્યાંથી ડાબીબાજુ મુખ્ય રસ્તે રસ્તે સીધા દિલ્હી દરવાજા ચાર રસ્તા ટ્રાફીક પોઈન્ટ આવી ત્યાંથી જમણીબાજુ વળી સીધા રસ્તે સીમલાગેટ ચાર રસ્તા ટ્રાફીક પોઈન્ટ થઈ સીધા રસ્તે રસ્તે રેલ્વે સ્ટેશન સુધી - આ બાઉન્ડ્રીમાં આવતી તમાર વિસ્તાર...
૩	બારડપુરા ચોકથી શરુ કરીને ભકતોની લીંમડીના મુખ્ય રસ્તે રસ્તે બહાદુરખાનજીના કુવા પાસે થઈ સાત સંચા - (આંબેડકર ચોક) ની ડાબી બાજુ (ઉત્તર) ના રસ્તે સીધા કમાલપુરા રોડ આવી ત્યાંથી ડાબી બાજુ વળી રોડે રોડે કમાલપુરા ચોક આવી ત્યાંથી જમણીબાજુ વળી મુખ્ય રસ્તે રસ્તે સુરજપોળ દરવાજા(માલણ દરવાજા) બહાર નીકળી અંબાજી હાઈવે રોડ આવી ત્યાંથી ડાબી બાજુ વળી રામાપીરનામંદિર આગળના કાચા રસ્તે રસ્તે મફતપુર (જવાહર નગર) આવી જવાહરનગર વચ્ચેના કાચા રસ્તે રસ્તે હરીજનોના સ્મશાન પાસે થઈ ઉત્તર તરફે કાચા રસ્તે રસ્તે અંબાજી હાઈવે ઓળંગી (સધી માતાના મંદિરથી) ઉત્તર તરફે સદરપુર તરફ જતા રસ્તે રસ્તે મ્યુ. હદે આવી ત્યાંથી ડાબી બાજુ (પશ્ચિમ તરફ) વળી મ્યુ. હદે હદે સર્વે નંબર ૭૬, ૮૧, ૮૩, ૨૨૮, ૨૨૯, ૨૩૧, ૨૩૩, ૨૩૪, ૨૩૭, ૨૩૮, ૨૪૬, ને આવરી લઈ ત્યાંથી ડાબી બાજુ વળી કાચા રસ્તે રસ્તે સર્વે નં. ૨૪૮, ૨૦૮, ને આવરી લઈને ડી.એસ.પી.ઓફિસ

INDEX

વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડની હદનું વર્ણન
	લગતેના પશ્ચિમ રસ્તેથી (નેળીયામાં થઈને) બીજેશ્વર કોલોનીના નાકે આવી ત્યાંથી મુખ્ય રસ્તે રસ્તે મહીલામંડળ આવી ત્યાંથી ડાબી બાજુવળી ટેલીફોન ઓફિસ પાછળના રસ્તે રસ્તે મહાજન દવાખાના આગળ થઈ બારડપુરા ચોક સુધી - આ બાઉન્ડ્રીમાં આવતો તમામ વિસ્તાર...
૪	સુરજપોળ દરવાજા (માલણ દરવાજા) થી શરુ કરીને રસ્તે રસ્તે કમાલપુરા ચોકમાં થઈને નાનીબજારના રસ્તે રસ્તે નાની બજાર ચોક આવી ત્યાંથી ડાબી બાજુ વળી પીંજારાઓના તકીયાની પાછળ થઈને સલેમપુરાના રસ્તે રસ્તે સલેમપુરા દરવાજા બહાર આવીને ત્યાંથી પૂર્વ તરફ ના સીધા રસ્તે રસ્તે સલેમપુરા દરવાજા બહારના મ્યુ. બોરની પાછળ થઈને ઉત્તર તરફે વળી મ્યુ. હદે હદે સર્વે નં. ૧૬ને આવરી લઈ અંબાજી હાઈવેને ઓળંગીને હદે હદે સર્વે નં. ૧૭ ને આવરી લઈને મોતીપુરા ગ્રામ વિસ્તારને બહાર મુકીને દક્ષિણે મ્યુ. હદે હદે સર્વે નં. ૨૫, ૨૪, ૨૩, ૨૨, ૨૧ ને આવરી લઈને તે સર્વે નંબરોની મ્યુ. હદે હદે આવી ત્યાંથી ઉત્તર તરફ વળી સર્વે નંબર - ૨૯, ૩૦, ૩૧, ૩૨,૫૬, ૫૭, ૬૦, ૬૧, ૬૨, અને ૬૩ ને આવરી લઈને તે સર્વે નંબરોની મ્યુ. હદે હદે અંબાજી હાઈવે ઓળંગીને (સધી માતાના મંદિરથી) દક્ષિણ તરફના કાચા રસ્તે રસ્તે હરીજન સ્મશાન પાસે થઈ ફીદાહુસેનની વાડી પાસે થઈ મફતપુરા (જવાહરનગર) વચ્ચેના કાચા રસ્તે રસ્તે રામાપીર મંદિરના આગળના કાચા રસ્તે સુરજપોળ દરવાજા સુધી - આ બાઉન્ડ્રીમાં આવતો તમામ વિસ્તાર...
૫	બહાદુરગંજ ત્રણબત્તીથી શરુ કરી રોડે રોડે છુવારા મસ્જિદ થઈ પીંજારાઓના તકીયા પાસે થઈ નાની બજારચોકમાં આવી ત્યાંથી જમણીબાજુ વળી કમાલપુરા રોડે રોડે - જાહેર મુતરડી પાસે આવી ત્યાંથી ડાબી બાજુ વળી સીધા રસ્તે સાત સંચા (આંબેડકર ચોક) થઈ બહાદુર - ખાનજીના કૂવા પાસે થઈ ભકતોની લીંમડીના રસ્તે રસ્તે બારડપુરા ચોક આવી ત્યાંથી ડાબી બાજુ વળી ઢાળવાસના રસ્તે રસ્તે મોટીબજાર ચોક આવી ત્યાંથી સીધા રસ્તે ટાવર પહોંચી ત્યાંથી ડાબી બાજુ વળી સીધા રસ્તે બહાદુરગંજ ત્રણબત્તી સુધી - આ બાઉન્ડ્રીમાં આવતો તમામ વિસ્તાર...
૬	ગઠામણ દરવાજા પેટ્રોલપંપથી શરુ કરીને પેટ્રોલપંપની દક્ષિણ બાજુના સીધા રસ્તે હનુમાન શેરી થઈ ખોડાલીંમડા આવી ત્યાંથી સીધા રસ્તે જુમામસ્જિદ થઈ ટાવર પાસે આવી ત્યાંથી ડાબી બાજુ વળી મુખ્ય રસ્તે મોટી બજાર ચોકમાં આવી - ત્યાંથી સીધા રસ્તે ઢાળવાસ થઈ બારડપુરા ચોક થઈ ત્યાંથી મહાજન દવાખાના તરફ જવાના રસ્તે આવી ત્યાંથી જમણી બાજુ વળી મહાજન દવાખાંના આગળના રસ્તે સીધા મહીલા મંડળ આગળ આવી ત્યાંથી જમણી બાજુ વળી મુખ્ય રસ્તે રસ્તે બીજેશ્વર કોલોની આગળના રસ્તેથી જુની ડી.એસ.પી. ઓફિસ જવાના રસ્તા ઉપર આવી ત્યાંથી ડાબી બાજુ વળી બીજેશ્વર કોલોનીના ઉત્તર તરફના રસ્તે રસ્તે લક્ષ્મીનગર સોસાયટી આગળના ત્રણ રસ્તા આવી ત્યાંથી ડાબી-બાજુ વળી ઉસ્માન ખાનજીના બંગલા આગળ (ડી.પી.પાસે) ના મુખ્ય રસ્તે આવી ત્યાંથી ડાબી બાજુ વળી મુખ્ય રસ્તે રસ્તે સીધા દિલ્હીદરવાજા ચાર રસ્તા ટ્રાફીક પોઈન્ટ આવી ત્યાંથી જમણી બાજુ વળી સીધા રસ્તે સીમલાગેટ ચાર રસ્તા ટ્રાફીક પોઈન્ટ આવી ત્યાંથી ડાબી બાજુ વળી મુખ્ય રસ્તે સમીરરોડ થઈ ગઠામણ દરવાજા પેટ્રોલપંપ સુધી - આ બાઉન્ડ્રીમાં આવતો તમામ વિસ્તાર...
૭	હાઈવે ચાર રસ્તા (સર્કલ) થી શરુ કરીને અમદાવાદ હાઈવે રોડે રોડે રેલ્વે ફાટક આવી ત્યાંથી ડાબી બાજુ વળી ડીસા રેલ્વે લાઈને લાઈને સર્વે નં. ૭૯૨ને આવરી લઈને જમણી બાજુ વળી મ્યુ. હદે હદે સર્વે નં. ૭૯૪, ૭૯૭, ૭૯૬, ૭૭૦, ૭૬૮, ૭૫૬, ૭૫૫, ૭૫૩, ૭૫૧, ૭૩૮, ૭૩૬, ૭૩૪, ૭૩૨,

વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડની હદનું વર્ણન
	૭૩૩ને આવરી લઈને તે સર્વે નંબરોની મ્યુ. હદે હદે ડીસા હાઈવે રોડ આવી ડીસા હાઈવે રોડ ઓળંગીને ઉત્તરે સર્વે નં. ૬૮૧, ૬૭૯, ૬૭૮, ૬૬૫, ૬૬૬, ૬૬૭, ૬૬૮, ૬૭૧, ૬૭૨, ૫૩૭, ૫૩૮ ને આવરી લઈને તે સર્વે નંબરોની મ્યુ. હદે હદે દિલ્હી હાઈવે રોડ આવીને ત્યાંથી ડાબી બાજુ વળી મ્યુ. હદે હદે સર્વે નં. ૫૨૬ (બાલારામ ઓટો એજન્સી) ને આવરી લઈને જમણી બાજુ વળી ચાણકયપુરી સોસાયટી તથા ઝુંપડપટ્ટી વિસ્તારને આવરી લઈને સર્વે નં. ૫૨૭, ૫૨૮, ૫૨૯, ૫૩૦, ૫૪૬, ૫૬૦, ૫૬૨, ૫૬૩ ને આવરી લઈને તે સર્વે નંબરોની મ્યુ. હદે હદે મ્યુ. બોર આવી ત્યાંથી જમણી બાજુ વળી ત્રણ રસ્તા ક્રોસીંગ આવી ત્યાંથી ડાબી બાજુ વળી સુખબાગ રોડે રોડે ડાયમંડ બેંગલ્સ ફેકટરી પાસે આવી ત્યાંથી ડાબી બાજુ વળી રસ્તે રસ્તે મ્યુ. પાણીની ટાંકી પાસે આવી ત્યાંથી ઉત્તર તરફના રસ્તે રસ્તે સરસ્વતી હાઈસ્કૂલ તરફ જતા રોડે આવી ત્યાંથી ડાબી બાજુ વળી રસ્તે રસ્તે સરસ્વતી હાઈસ્કુલ આગળ આવી ત્યાંથી જમણી બાજુ વળી સીધા રસ્તે રસ્તે ગેસ ઓફિસ આગળ આવી ત્યાંથી જમણી બાજુ વળી ફુટ ઓવરબ્રીજ આવી ફુટ ઓવરબ્રીજે પૂર્વ છેડે આવી ત્યાંથી જમણીબાજુ વળી રેલ્વે લાઈને ઓવરબ્રીજ આવી ત્યાંથી જમણી બાજુ વળી મુખ્ય રસ્તે રસ્તે હાઈવે ચાર રસ્તા (સર્કલ) સુધી - આ બાઉન્ડ્રીમાં આવતો તમામ વિસ્તાર...
૮	રેલ્વે ઓવરબ્રીજની દક્ષિણ બાજુથી શરુ કરીને ડીસા રેલ્વે લાઈને લાઈને મ્યુ. હદે હદે સર્વે નં. ૯૩૮ ને આવરી લઈને રેલ્વે લાઈને લાઈને અમદાવાદ હાઈવે રોડ ફાટક આવી ત્યાંથી જમણીબાજુ વળી (ઉત્તર તરફે) મુખ્ય રસ્તે રસ્તે હાઈવે ચાર રસ્તા (સર્કલ) આવી ત્યાંથી જમણીબાજુવળી (પૂર્વ તરફ) મુખ્ય રસ્તે રસ્તે રેલ્વે ઓવરબ્રીજની દક્ષિણ બાજુ સુધી - આ બાઉન્ડ્રીમાં આવતો તમામ વિસ્તાર...
૯	રેલ્વે સ્ટેશનથી શરુ કરીને મુખ્ય રસ્તે રસ્તે સીમલા ગેટચોક ટ્રાફીક પોઈન્ટ આવી ત્યાંથી જમણી બાજુ વળી મુખ્ય રસ્તે રસ્તે અમીરરોડ થઈ અમીરરોડ ચાર રસ્તા ટ્રાફીક પોઈન્ટ થઈ સીધા રસ્તે ગઠામણ દરવાજા ઓકટ્રોયનાકા આગળના ચાર રસ્તા ટ્રાફીક પોઈન્ટ આવી ત્યાંથી ડાબી બાજુ વળી મુખ્ય રસ્તે ગવર્નમેન્ટ ટેકનીકલ હાઈસ્કુલની આગળના ચારરસ્તાઆવી ત્યાંથી જમણીબાજુ વળી ઠકકરબાપા છાત્રાલય આગળ થઈ જૈન દાદાવાડી મંદિર આગળ આવી ત્યાંથી ડાબી બાજુ વળી સીધા જગાણા રોડે રોડે મ્યુ હદે પહોંચી સર્વે નં. ૧૦૫૨ને આવરી લઈ જમણી બાજુ વળી સર્વે નં. ૧૦૫૧ અને ૧૦૫૦ ને આવરી લઈને રેલ્વેની લાઈને લાઈને રેલ્વે સ્ટેશન સુધી - આ બાઉન્ડ્રીમાં આવતો તમામ વિસ્તાર...
૧૦	મીરાગેટ દરવાજાથી શરુ કરીને બહાદુરગંજના મુખ્ય રોડે રોડે બહાદુરગંજ ત્રણબત્તી આવી ત્યાંથી ડાબી બાજુ વળી રોડે રોડે ટાવર પાસે આવી ત્યાંથી ડાબી બાજુ વળી જુમા મસ્જિદ આગળના રસ્તે થઈ ખોડાલીંમડા થઈ હનુમાન મંદિર થઈ સીધા રસ્તે ગઠામણ દરવાજાઆવી ત્યાંથી પેટ્રોલપંપની દક્ષિણના રસ્તે વડીલ વિશ્રાંતિગૃહ પાસે આવી ત્યાંથી ડાબી બાજુ વળી મુખ્ય રસ્તે રસ્તે ગઠામણ ગેટ ઓકટ્રોય નાકા ટ્રાફીક પોઈન્ટ આવી ત્યાંથી ડાબી બાજુ વળી મુખ્ય રસ્તે રસ્તે ગવર્નમેન્ટ ટેકનીકલ હાઈસ્કૂલ આગળના ચારરસ્તા આવી ત્યાંથી ડાબી બાજુ વળી મુખ્ય રસ્તે રસ્તે વીરબાઈગેટ બહારના મુખ્ય રસ્તે રસ્તે મીરાગેટ હરીજનવાસ પાસેના ચાર રસ્તા આવી ત્યાંથી ડાબી બાજુ વળી મીરાગેટ દરવાજા સુધી - આ બાઉન્ડ્રીમાં આવતો તમામ વિસ્તાર...

INDEX

વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડની હદનું વર્ણન
૧૧	સલેમપુરમા દરવાજાથી શરુ કરીને સલેમપુરા દરવાજાના રસ્તે રસ્તે પીંજારાઓના તકીયા પાસે થઈને ડાબી બાજુ વળી નાનીબજારના રસ્તે રસ્તે છુવારામસ્જિદ આગળ થી બહાદુરગંજ ત્રણબત્તી થઈ રોડે રોડે મીરાગેટ આવી ત્યાંથી રોડે રોડે હરીજનવાસના નાકા પાસેના ચાર રસ્તા આવી ત્યાંથી ડાબી બાજુ વળી રોડે રોડે મુરસદની દરગાહ આગળ થઈ ગણેશપુરા તરફ જતા રોડે રોડે અંબાજી હાઈવે રીંગરોડ આવી ત્યાંથી ડાબી બાજુ વળી રીંગ રોડે રોડે જનતાનગર જવાના ચાર રસ્તા આવી ત્યાંથી ડાબી બાજુ વળી રોડે રોડે સલેમપુરા દરવાજા સુધી - આ બાઉન્ડ્રીમાં આવતો તમામ વિસ્તાર...
૧૨	મીરાગેટ બહાર હરીજનવાસ પાસેના ચાર રસ્તાથી શરુ કરીને રોડે રોડે મુરસદની દરગાહ પાસે થઈ ગણેશપુરા તરફ જતા રોડે રોડે અંબાજી હાઈવે રીંગરોડ આવી ત્યાંથી ડાબી બાજુ વળી રીંગરોડે રોડે જનતાનગર જવાના ચાર રસ્તા આવી ત્યાંથી જમણી બાજુ વળી કાચા રસ્તે રસ્તે મ્યુ. બોર પાસે થઈ મ્યુ. પ્લેગ્રાઉન્ડને આવરી લઈને મ્યુ. હદે હદે સર્વે નં. ૧૨૯૮, ૧૨૯૭, ૧૨૯૬, ૧૨૯૫, ૧૨૮૯, ૧૨૮૧, ૧૨૮૦, ૧૨૭૮, ૧૨૭૭, ૧૨૭૬, ૧૨૭૫, ૧૨૭૧, ૧૨૭૦, ૧૨૬૯, ૧૨૬૮, ૧૨૬૭, ૧૨૬૩, ૧૨૫૭, ૧૨૫૬, ૧૨૦૩, ૧૨૦૨, ૧૨૦૧, ૧૨૦૦, ૧૧૭૨, ૧૧૭૧, ૧૧૭૦ની લગતેના ડેરીરોડને ઓળંગીને સર્વે નં. ૧૧૫૪, ૧૧૫૩, ૧૧૫૨, ૧૧૫૧, ૧૧૫૦, ૧૧૪૯, ૧૧૪૮ને આવરી લઈ તે સર્વે નંબરોની મ્યુ. હદે હદે જગાણા રોડ આવ્યો ત્યાંથી જમણી બાજુ વળી સીધા મુખ્ય રોડે રોડે લાલગરનાઅખાડા (જૈન દાદા વાડી મંદિર) આવી ત્યાંથી જમણીબાજુ વળી ઠક્કરબાપા છાત્રાલયઆગળ થઈ ટેકનીકલ હાઈસ્કૂલ આગળના ચાર રસ્તા આવી ત્યાંથી સીધા મુખ્ય રસ્તે રસ્તે મીરાગેટ બહારના હરીજનવાસ પાસે ના ચાર રસ્તા સુધી - આ બાઉન્ડ્રીમાં આવતી તમામ વિસ્તાર...

અનુસૂચી - ૨

પાલનપુર નગરપાલિકાની કુલ વસ્તી : ૯૧,૪૭૮

કુલ વોર્ડોની સંખ્યા : ૧૨

વોર્ડ દીઠ સરેરાશ વસ્તી : ૭૬૨૩ સરેરાશ વસ્તી ૧૦ ટકા વધ મુજબ : ૮૬૮૫

સરેરાશ વસ્તી ૧૦ ટકા ઘટ મુજબ : ૬૮૬૧

બેઠકોની સંખ્યા : ૩૬

મહિલા બેઠકો : ૧૨ ૧ બેઠક અનુસૂચિત જાતી .
અનુસૂચિત આદિજાતી માટે કોઇ નહી.
૧ બેઠક પછાત વર્ગની મહિલા સહિત

અનુસૂચિત જાતી માટે અનામત બેઠકોની સંખ્યા ૪ પૈકી ૧ મહિલા માટે

અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા ૧.

પછાત વર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા : ૪ તે પૈકી ૧ મહિલા માટે.

સામાન્ય બેઠકો : ૧૭

અ.નં	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી	બીજી બેઠકની ફાળવણી મહિલા અનામત	ત્રીજી બેઠકની ફાળવણી
૧.	૧	૮૦૩૨	સામાન્ય	સામાન્ય	પછાત વર્ગ.
૨.	૨	૭૬૪૨	સામાન્ય	સામાન્ય	અનુ.આદિજાતિ.
૩.	૩	૭૭૬૬	સામાન્ય	સામાન્ય	અનુ.જાતિ.
૪.	૪	૭૬૩૬	સામાન્ય	સામાન્ય	પછાત વર્ગ.
૫.	૫	૭૧૪૪	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૬.	૬	૭૪૩૬	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૭.	૭	૭૬૭૬	સામાન્ય	સામાન્ય	સામાન્ય.
૮.	૮	૭૮૫૫	સામાન્ય	સામાન્ય	સામાન્ય.
૯.	૯	૭૯૮૧	સામાન્ય	પછાત વર્ગ	સામાન્ય.

INDEX

અ.નં	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી	બીજી બેઠકની ફાળવણી મહિલા અનામત	ત્રીજી બેઠકની ફાળવણી
૧૦.	૧૦	૭૧૮૫	સામાન્ય	અનુ.જાતિ	પછાત વર્ગ.
૧૧.	૧૧	૭૦૧૬	સામાન્ય	સામાન્ય	અનુ.જાતિ.
૧૨.	૧૨	૮૧૦૯	સામાન્ય	સામાન્ય	અનુ.જાતિ.

તારીખ: ૮-૪-૧૯૯૪

સચિવ
રાજ્ય ચૂંટણી પંચ,

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

INDEX

Extra No.40

REGISTERED NO. G/GNR/2.

The Gujarat Government Gazette
EXTRAORDINARY
PUBLISHED BY AUTHORITY

VOL.XXXV FRIDAY, APRIL 8, 1994/ CAITRA 18, 1916.

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ

ગુજરાત રાજ્ય

ગાંધીનગર.

ક્રમાંક : સમક : ૨૧૧૭ : ૯૪

ધાંગ્રધા નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ.

ભારતના સંવિધાનના ૭૪માં સુધારાને અનુલક્ષીને ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ ૧૯૬૩માં રાજ્ય સરકારે ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ ૧૯૯૩ અન્વયે મહત્વનાં સુધારા કરેલા છે. આ અધિનિયમની કલમ ૬ પેટા કલમ ૪ અન્વયે નગરપાલિકાની ચૂંટણી, મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી પંચમાં નિહીત થશે તેવી જોગવાઇ કરેલી છે અને રાજ્ય ચૂંટણી પંચે કલમ ૬ પેટા કલમ ૫ અન્વયે રાજ્ય સરકારે કરેલા નિયમો અનુસાર અધિનિયમની જોગવાઇઓને આધીન રહીને ચૂંટણી કરવી જોઇએ.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ ૭ પેટા કલમ ૨ તથા કલમ ૬ની પેટા કલમ ૩ અન્વયે જાહેરનામા ક્રમાંક : કેવી ૩૨૪-૯૩ એન.પી.બી ૩૦૯૩-૫૬૪૬-પંઉ-આર, તા.૧૮:૧૨:૯૩ જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તે અન્વયે ધાંગ્રધા શહેરનાં નગરપાલિકાને જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તેના સન ૧૯૯૧નાં

INDEX

વસ્તી ગણતરીના આખરી આંકડા પ્રસિદ્ધ થયા છે. તેના આધારે ૧૨ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. નગરપાલિકાના કાઉન્સિલરોની કુલ બેઠકો ૩૬ નક્કી કરવામાં આવી છે. જાહેરનામા અન્વયે અનુસૂચિત જાતિ તથા પછાતવર્ગ તેમજ મહિલા માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલી છે.

૩. ચૂંટણી પંચે અધિનિયમની કલમ ૭ પેટા કલમ ૨ ખંડ ૩ પેટા ખંડ: ખ અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડોમાંથી અનુ.જાતી અનુસૂચિત આદિજાતી, પછાત વર્ગની તથા મહિલાની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજ્ય સરકારે તેમના જાહેરનામાં ક્રમાંક :કેવી:૪૯:૧૯૯૪ એન.પી.એલ ૪૫૯૩ :૩૬૫૫:એમ તા.૧૬-૩-૯૪. અન્વયે અધિનિયમની કલમ ૨૭૭ની પેટાકલમ ૨ તથા કલમ ૬ તથા ૭ અન્વયે વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણીના નિયમો ૧૯૯૪ જેને હવે પછી નિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે બહાર પાડેલ છે.

૫. નિયમોના નિયમ ૨ અન્વયે નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે, કે શક્ય હોય ત્યાં સુધી બધાજ વોર્ડોની વસ્તી એક સરખી રૂહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસ્તીથી કોઇ પણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રૂહે નહિ તે પ્રમાણે વોર્ડની રચના કરવાની રહે છે. આમ છતાં ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે, સ્થાનિક એક જુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને તુલનામાં લેતા, ૧૦ ટકા વધુ વધ કે ઘટ કરીને વોર્ડની રચના કરી શકશે.

૬. પંચે નગરપાલિકાના વોર્ડોનાં સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે. તેમજ સને. ૧૯૪૮ના સેન્સસ એકટ મુજબ સને. ૧૯૯૧ના વસ્તી ગણતરીનાં છેવટનાં પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં શહેરની કુલ વસ્તી ૫૪૨૮૧ આવે છે. જાહેરનામા મુજબ શહેરને ૧૨ વોર્ડોમાં વહેચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૪૫૨૩ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની પંચે તેના કાર્યાલયના અધિકારી કર્મચારી મારફત ચકાસણી કરાવેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડનું સીમાંકન કરવાનું ધાર્યું છે તેમાં કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વસ્તી વધતી નથી કે ૧૦ ટકાથી વસ્તી ઘટતી નથી.

૮. શહેરનાં ૧૨ વોર્ડોને નિયમ ૩ની જોગવાઇઓને ધ્યાનમાં લઈ આ સાથે અનુસૂચિ ૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે.આ સીમાંકન નક્કી કરવામાં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજૂથતા, નદી, રેલ્વેલાઈન, રોડલાઈન વગેરે કારણે બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને એકસરખા વોર્ડ-૧૨ બની રહે તે મુદ્દો વિચારણામાં લઈ વોર્ડોનું સીમાંકન નક્કી કરેલું છે.

૯. નિયમોના નિયમ ૪ અન્વયે દરેક વોર્ડમાં ત્રણ કાઉન્સિલર ચૂંટવાના છે. નિયમ ૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક બિનઅનામત એટલે કે સામાન્ય બેઠક બની રહેશે. જ્યારે બીજી બેઠક મહિલા, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની મહિલા સહિત માટે અનામત રાખવાની છે. જ્યારે ત્રીજી બેઠક જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગને ફાળવવાની રહેશે. અને તેવી ફાળવણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો તે બિનઅનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે.

૧૦. નિયમોના નિયમ ૬ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિની દરેક વોર્ડની વસ્તીની ટકાવારીનાં ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તી સંખ્યા વધુ હોય એટલે કે, ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે.આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, મહિલા બેઠક સહીતની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ વસ્તી હોય એટલે કે ટકાવારી ઊંચી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારીત કરેલ છે,

૧૧. જાહેરનામા અન્વયે શહેર માટે ૩ બેઠકો અનુસુચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે અને ૩ બેઠકો પૈકી ૧ બેઠક અનુસૂચિત જાતિની મહિલા માટે અનામત રાખવાનુ નિર્ધારીત કર્યુ છે.

INDEX

૧૨. પંચે એકઠી કરેલી માહિતી મુજબ શહેરનાં જુદા જુદા ૧૨ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા કમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	અનુ.જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ.જાતિની વસ્તીની ટકાવારી
૧.	૫	૪૯૬૦	૪૪૫૮	૮૯.૮૭%
૨	૧૨	૪૧૭૧	૪૦૨	૯.૬૩%
૩.	૬	૪૮૭૭	૨૧૮	૪.૪૬%
૪.	૧	૪૩૦૧	૧૬૧	૩.૭૪%
૫.	૯	૪૨૫૩	૭૭	૧.૮૧%
૬.	૧૧	૪૫૩૨	૫૨	૧.૧૪%
૭.	૮	૪૦૯૯	૩૩	૦.૮૦%
૮.	૪	૪૯૧૮	૩૫	૦.૭૧%
૯.	૩	૪૨૫૫	૨૪	૦.૫૬%
૧૦.	૭	૪૦૯૯	૩૩	૦.૮૦%
૧૧.	૨	૪૭૮૨	૬	૦.૧૨%
૧૨.	૧૦	૪૮૭૭	૪	૦.૦૮%

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં. ૫,૧૨ તથા ૬માં અનુસૂચિત જાતિની બેઠક નિયમોના નિયમ ૬ અ હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે. અને તે મુજબ ફાળવવામાં આવે છે.

૧૪. અનુસૂચિત જાતિના મહિલા અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ જે વોર્ડમાં આ વર્ગ માટે બેઠક ફાળવાઈ હોય તે વોર્ડની ટકાવારીનાં ક્રમમાં પ્રથમ આવતા ત્રણ વોર્ડ પૈકી ત્રીજા વોર્ડમાં મહિલા બેઠક ફાળવવી તેમ પંચ માને છે. પરંતુ આ મુજબ ફાળવણી કરતાં પણ નિયમો અન્વયે દરેક વોર્ડમાં એક મહિલા એક સામાન્ય બેઠક ફાળવવાની જોગવાઈ છે. તેનું ખંડન ન થાય તેની તકેદારી રાખવની રહે છે.

૧૫. અનુસુચિત જાતિની બેઠક વોર્ડ નં. ૫, ૨ તથા ૬ માં નિયમોના નિયમ ૬અ અન્વયે ફાળવવામાં આવે છે. તે પૈકી મહિલા માટે બેઠકની વ્હેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

વોર્ડ નંબર	અનુસૂચિત જાતિ
૫	અનુસૂચિત જાતિ
૧૨	અનુસૂચિત જાતિ
૬	અનુસૂચિત જાતિ મહિલા

INDEX

૧૬. જાહેરનામા અન્વય અનુસૂચિત આદિજાતિ માટે કોઈ બેઠક અનામત રાખવાનું નિર્ધારીત થયું નથી, તેથી અનુસુચિત આદિજાતિ માટે કોઈ બેઠક અનામત રાખવામાં આવતી નથી .

૧૭. જાહેરનામા ક્રમાંક :ખંડ :ગ :સી: મુજબ ૪ બેઠકો પછાતવર્ગો માટે ફાળવેલ છે. તે પૈકી એક બેઠક આ વર્ગની મહિલા માટે અનામત રખાઈ છે.

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪નાં નિયમ ૬ બી હેઠળ રાજય ચૂંટણી પંચે પછાત વર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. જેના મહત્વનાં પ્રબંધ નીચે પ્રમાણે છે.

(૧) માન્ય રાજકીય પક્ષો તરફથી મળેલ માહિતીનાં અભ્યાસ પરથી જે શહેરનાં જે જે વોર્ડોમાં પછાતવર્ગની વસ્તીનાં ધોરણને અનુલક્ષીને જે સર્વ સામાન્ય વોર્ડો હોય તે તે વોર્ડોમાં પછાતવર્ગ માટે અનામત બેઠક ફાળવવાની રહેશે.

(૨) મ્યુનિસિપલ ચીફ ઓફીસર તરફથી છેલ્લી ચૂંટણીમાં જે વોર્ડમાંથી પછાતવર્ગનાં ઉમેદવારો ચૂંટાઈને કોર્પોરેટર તરીકે પદધારણા કરતાં હતા તે વોર્ડમાં ઉપર અનુક્રમ નં. ૧ માં જણાવેલ વોર્ડોમાં બેઠક ફાળવ્યા પછી નિયત સંખ્યા સુધીમાં ફાળવવાની રહેશે.

આથી સ્પષ્ટતા કરવાની કે, જુના વોર્ડોનું સીમાંકન અને નવા વોર્ડોના સીમાંકનમાં ફેરફાર હોય તો જુના વોર્ડોનો મોટા ભાગનો જે વિસ્તાર જે જે નવા વોર્ડનાં સીમાંકનમાં સમાવિષ્ટ થતો હોય તેવા નવા વોર્ડમાં પછાતવર્ગની બેઠક ફાળવવાની રહેશે.

(૩) પછાત વર્ગ માટે અનામત રાખેલી કુલ બેઠકો પૈકી ૧:૩ બેઠકો મહિલા માટે જાહેરનામા અન્વયે અનામત રખાઈ છે. આમ ત્રણ બેઠકો પૈકી એક બેઠક મહિલા માટે અનામત રાખવામાં આવી છે. આ મહિલાનું પ્રમાણ ૧:૩ રહે છે. તેથી તાર્કીક રીતે વિચારતા દર ત્રણ બેઠકો પૈકી ત્રીજી બેઠક મહિલા માટે ફાળવવી તેમ પંચ સ્વીકારે છે.

(૪) પરંતુ જો આ રીતે વોર્ડમાં પછાત વર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસુચિત જાતિ અથવા અનુ. આદિજાતિ માટે મહિલા બેઠક ફાળવી હોય તો તે વોર્ડને બદલે તે પછી અનુક્રમે જે વોર્ડ આવે તે વોર્ડમાં પછાતવર્ગની મહિલા બેઠક ફાળવવી.

૧૯. માન્ય રાજકીય પક્ષોને પંચ તરફથી નગરપાલિકાઓના કયા વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવી તે અંગે સુચનો આ કાર્યાલય તરફથી વિનંતી કરવામાં આવેલ. પરંતુ કોઈ માન્ય રાજકીય પક્ષ તરફથી હજુસુધી સુચન કરવામાં આવ્યા નથી.

૨૦. પંચે અપનાવેલા માપદંડ મુજબ ચીફ ઓફીસર પાસેથી ગત ચૂંટણીમાં પછાતવર્ગનાં કાઉન્સિલરો જુના કયા વોર્ડમાંથી ચૂંટાયા હતા. અને તે સમગ્ર વોર્ડનો કે તે વોર્ડોના મોટા ભાગના વિસ્તાર નવા કયા વોર્ડમાં સમાવિષ્ટ થાય છે. તેની માહિતી મેળવવામાં આવી છે. માહિતી ચકાસતાં જુના વોર્ડ નં. ૩, ૪, ૬, ૮ અને ૯ માંથી પછાત વર્ગમાં કાઉન્સીલરો ચૂંટાઈ આવ્યા છે. આ વોર્ડોનો અનુક્રમે નીચે મુજબ નવા સુચિત વોર્ડમાં સમાવેશ થયો છે.

જૂનો વોર્ડ	નવો સુચિત વોર્ડ
૩	૧૨
૪	૧૧
૬	૪
૮	૨
૯	૭

INDEX

આમ માપદંડ મુજબ વોર્ડ નં. ૨, ૪, ૭ તથા ૧૧ માં પછાત વર્ગ માટે બેઠક અનામત રાખવી પંચ મુનાસીબ માને છે અને તેથી વોર્ડ નં. ૨, ૪, ૭ અને ૧૧ પછાત વર્ગ માટે અને તે પૈકી વોર્ડ નં. ૭ માં પછાત વર્ગ મહિલા બેઠક અનામત રાખવાનું પંચ ઠરાવે છે.

૨૧. આ પ્રમાણે અનુસુચિત જાતિ તથા પછાત વર્ગોની મહિલા અનામત બેઠકની ફાળવણી કર્યા પછી મહિલા અનામત બેઠક અને સામાન્ય ઉમેદવારને બાકી રહેતી બેઠક ફાળવવામાં આવે છે.

૨૨. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને નિયમોનાં નિયમ-૩ શહેરોને આ સાથે સંલગ્ન અનુસૂચિ-૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે. અને આ સાથે અનુસુચિ-૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

૨૩. આ પ્રમાણે વોર્ડોનું વિભાજન અને હદ રેખા નકકી કરવાનું અને વોર્ડની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૪. ઉપર પ્રમાણે વોર્ડોનું વિભાજન હદરેખા નકકી કરવામાં આવે છે. અને ફાળવણી માટે જે નિર્ણ કરેલ છે. તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે. અને તે સામે કોઈપણ શખ્સને જાહેર જનતાને સલાહ સુચનો કરવના હોય તો તે આ આદેશ પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૫ દિવસોમાં રાજય ચૂંટણી પંચ બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા. મુદત વિત્યે આવેલ સુચનો ધ્યાનમાં લેવામાં આવશે નહી.

૨૫. રાજય ચૂંટણી પંચે નગરપાલિકાના વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો છેવટના કરતાં પહેલાં લોકપ્રતિનિધિત્વ ધારો ૧૯૫૧ અન્વયે માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરુરી પરામર્શ કરશે.

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજય ચૂંટણી પંચ.

તારીખઃ ૮/૪/૧૯૯૪.

અનુસુચિ-૧

પત્રક-૪

ધાંગધ્રા મ્યુનિસિપાલિટી

જીલ્લો : સુરેન્દ્રનગર

વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડની હદનું વર્ણન
(૧)	સોમનાથ મહાદેવથી શરુ કરી પૂર્વે હજરત પીર સુધી અને ત્યાંથી ઉત્તરે રેલ્વેફાટક (ખુલ્લી શીતળામાતા મંદીર તરફની) થી રેલ્વે ફલેગની ઓરડીઓ સુધી ત્યછાંથી પશ્ચિમે કાનાભાઈ ભરવાડનાં મકાન થઈ કૂડાના ફાટક થઈ માજી સૈનીક ભાવુભા વખતસિંહ ઝાલાના મકાન થઈ પશ્ચિમે માઈક્રોવેવ સ્ટેશન થઈ ગીરીશભાઈ હાલાણીની રણછોડ કોટન પ્રાઈવેટ મીલ થઈ ભરવાડ રામા માત્રા તથા ભરવાડ બુટા રેવાનાં મકાન થઈ હિરાભાઈ દેવાભાઈના મકાન સુધી ત્યાંથી દક્ષિણે સર્વે નં. ૯૧૨ ની વાડી પાસે થઈ દક્ષિણે સોમપુરાભાઈના મકાન થઈ જડેશ્વર મહાદેવ પાછળ મણીલાલ ઉકાભાઈ ધામેચાનાં મકાન થઈ ફલ્કુ પુલ થઈ ખીમા ગોકળ દલવાડીનાં મકાન સુધી અને ત્યાંથી પૂર્વે સુભાનભાઈ મહમદભાઈનાં મકાન થઈ કોઠવાળા શ્રી પરાક્રમસિંહ ઝાલાનાં મકાન થઈ ભાર્ગવી સોસાયટી પાસે ફુલેશ્વર સોસાયટીમાં શ્રી નીતીનભાઈ પરમારના મકાન થઈ ભાર્ગવી સોસાયટીમાં હાજીભાઈ પેઈન્ટરનાં મકાન થઈ વોકળાનાં કાંઠે ઠાકરશી ગાંડાભાઈ દલવાડી (કડીયા)નાં મકાન સુધી ત્યાંથી ઉત્તરે ચંદુલાલ ડાયાલાલના મકાન થઈ શ્રી સરીશબેન ઈસ્માઈલનાં મકાન થઈ નદીનાં પુલ પર થઈ ઈસુભાઈનાં મકાન સુધી તથા પૂર્વે કબ્રસ્તાન થઈ ત્રણ મંડાળીયાની વાડી (મહેબુબભાઈ મહંમદભાઈની) થઈ છબીલા હનુમાન થઈ સોમનાથ મહાદેવનાં મંદિર સુધી. જેમાં સોમનાથ મહાદેવ પાસેનું મફતીયુપરુ શીતળા માતાનું મંદિર, કાશી વિશ્વનાથ પાછળ તથા આજુબાજુના વિસ્તાર, રેલ્વે ફલેગ છાપરી પાછળનો વિસ્તાર, માજી સૈનીકોની વસાહત, જોગાસર પાછળ માઈક્રોવેવ સ્ટેશન, એકદંતા ગણપતી તરફનાં વિસ્તાર, વોરાનું કબ્રસ્તાન આજુબાજુનો વિસ્તાર, વીલબાઈની જગ્યા આજુબાજુનો વિસ્તાર, મયુરનગર, બળદેવભાઈ સોઢાના કારખાના આજુબાજુનો વિસ્તાર, રણછોડ કોટન મીલ આજુબાજુનો વિસ્તાર, પટેલ સોસાયટી, ઉમીયા પાર્ક, જડેશ્વર સોસાયટી, આજુબાજુનો વિસ્તાર, મુસ્લીમ કબ્રસ્તાન આજુબાજુનો મફતીયા પરાનો વિસ્તાર, નાડીયા ભાઈઓનો વિસ્તાર તથા ભાર્ગવી સોસાયટી, મયુર સોસાયટી, જલારામ સોસાયટી, ફુલેશ્વર સોસાયટી તથા રવિન્દ્ર પ્રહલાદભાઈ સોમપુરાના મકાનની આજુબાજુનો વિસ્તાર ઉપર મુજબનો તમામ વિસ્તાર.
(૨)	મીડલ સ્કુલથી શરુ કરી ઉત્તરે મીનમહેલાત થઈ શાહ કાંતીલાલનાં મકાન થઈ વકીલ શ્રી કનુભાઈ ભટ્ટનાં મકાન થઈ મળાબાટી (હળવદ ગેઈટ) સુધી ત્યાંથી પશ્ચિમે ગઢની રાંગે ભરવાડ ગાંડાભાઈ ભૂરાભાઈના મકાન સુધી ત્યાંથી પશ્ચિમે ભરવાડ મંચ્છાભાઈ ભીખાભાઈનાં મકાન થઈ બહાદુરસિંહ ઝાલાની બાટી પાસે થઈ બારોટ રમણીકલાલના મકાન થઈ હિંગળાજ માતાજીનાં મંદિર થઈ ઉજજડની બાટી થઈ ઘાટ દરવાજા સુધી, ત્યાંથી પૂર્વે પટ્ટાવાળા નારણભાઈ ડાભીના મકાન થઈ દેવાળાનાં ચોરા સુધી ત્યાંથી દક્ષિણે ચુડગરનાં મકાન થઈ સોમપુરા શંકરલાલનાં મકાન સુધી ત્યાંથી પૂર્વે દયાળા વાલજીભાઈનાં મકાન થઈ કરશનભાઈ પટેલના મકાન થઈ પૂર્વે કૃષ્ણલાલ દવે કામદારનાં મકાન થઈ ઘેલડી મંદિર થઈ, એચ.ટી. શાહનાં મકાન થઈ સુખવીલા થઈ મધુભાઈ દવે વકીલનાં મકાન સુધી ત્યાંથી ઉત્તરે વ્યાસ ચોરા તરફ શ્રી

INDEX

વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડની હદનું વર્ણન

શુકલ હરિભાઈ ગોરનાં મકાન થઈ જીવાલખુનાં મકાન થઈ તાલુકા શાળા નં. ૧ ના ઈશાન ખૂણા થઈ જુની મીડલ સ્કુલ સુધી અને ત્યાંથી પૂર્વે સોની વજુભાઈની દુકાન થઈ રામમહેલ મંદિર થઈ મીડલ સ્કુલ સુધી.

જેમાં માન મહેલાત પાછળનો વિસ્તાર, માળીફળી આજુ બાજુનો વિસ્તાર, ગઢની રાંગનો વિસ્તાર, બહાદૂર સિંહની બારી પાસેનો વિસ્તાર, ખારી શેરીનો વિસ્તાર, ભરવાડ રેવાવાલા તથા કરમશી વાલાના મકાન આજુબાજુનો વિસ્તાર વાઘેશ્વરી મંદિરવાળી શેરી, મોટુંફળી, નાનુ ફળીનો વિસ્તાર, તથા જાંબુડીયા કુવા પાસેની શેરી, સુતાર શેરી, બહુચરાજીના મંદિર વાળી શેરી, માલુભા જાડેજાવાળી શેરી, નરીસિંહનો ઉતારો, ઉજજડની બાટી, સાઈબુની ફુઈ મોટાપીર આજુબાજુનો વિસ્તાર, ઉચાણાયા, નીચાણાયા, જુની હવેલી શેરી, સાંકડી શેરી, પારેખ શેરી, ઋણ નાથજીનાં મંદિર પાસેની શેરી, બક્ષીશેરી, દેવાળા બદ્રીપ્રસાદનો ખાંચો, ઘેલડીયા (ઉત્તર બાજુ) તથા જીવાલખુની શેરીવાળો વિસ્તાર, અને ઉપર મુજબનો તમામ વિસ્તાર.

(૩) મહાલક્ષ્મી મંદિરથી શરુ કરી ઉત્તરે, મહાલક્ષ્મીનાં ચોક થઈ દરજી ભીખાલાલ ત્રીકમલાલનાં મકાન સુધી ત્યાંથી પશ્ચિમે તપ ગચ્છ ઉપાશ્રયની પેઢી સુધી ત્યાંથી ઉત્તરે માણેકલાલનાં ઘર થઈ શાસ્ત્રીનાં ખાંચા સુધી ત્યાંથી પૂર્વે વકીલ શ્રી ઝીંઝુવાડીયાનાં મકાન થઈ ધીરુભાઈ પુજારાનાં મકાન સુધી ત્યાંથી ઉત્તરે ફુલગલીમાં ચીમનલાલ પત્થર વાળાનાં મકાન થઈ કોન્ટ્રાકટર દામજીભાઈનાં મકાન થઈ હિરઓમવાળા ઈશ્વરલાલનાં મકાન થઈ પુજારા પ્રભુદાસનાં મકાનની પછીતે થઈ મારવાડીનાં ખાંચે થઈ મગનલાલ માસ્તરનાં ઘર સુધી ત્યાંથી નરશીભાઈ ખોડાભાઈનાં મકાન સુધી અને ત્યાંથી ઉત્તરે કાળુભાઈ પિતામ્બર ભાઈનાં ઘર સામે ગોરવાડીયાનાં મકાન થઈ પૂર્વે કડિયા અરજણભાઈનાં મકાન સુધી ત્યાંથી ઉત્તરે બચુભાઈ છોટુભાઈનાં મકાન થઈ બાલુભાઈ ઘેલાભાઈનાં મકાન સુધી ત્યાંથી પશ્ચિમે રીટેઈનીંગ બોલ થઈ સીધે સીધા જંગલ ખાતાના કવાટર્સ થઈ ગાંધીબાગ થઈ અરિહંત નગર થઈ સીતાઘાટ થઈ નગરપાલિકાનાં બાલમંદિર થઈ નર્મદેશ્વર ગણદેવનાં મંદિર સુધી ત્યાંથી દક્ષિણે જુના હળવદ દરવાજામાં થઈ કારેલીયા ત્રિભોવનદાસનાં મકાન થઈ લક્ષ્મી નારાયણનાં મંદિર થઈ મનુભાઈ બેલાણીના ઘરસુધી ત્યાંથી દક્ષીણે હિંમતલાલ ભાવસારનાં ઘર થઈ જયાભાઈ ડોકટરનાં જુના દવાખાના થઈ કંસારા હરજીવનદાસનાં મકાન થઈ દેપાળા બદ્રીપ્રસાદની વખાર સુધી ત્યાંથી પૂર્વ ઓ. કે. હેરકટીંગ સલુન થઈ ધાંગધ્રા મેડીકલ સ્ટોર્સ થઈ ત્યાંથી નાની બજારમાં સોની ચંદુલાલ નાનચંદની દુકાન થઈ ગજાનંદ સ્વીટમાર્ટ થઈ મહાલક્ષ્મીનાં મંદિર સુધી.

જેમાં શાસ્ત્રીનો ખાંચો, મારવાડાવાળી શેરી, માણેકલાલ પુજારાવાળી શેરી, મોહનસિંહ ઝાલાવાળી શેરી, સહેજનાથનાં મંદિરવાળી શેરી, ઠાકર બાલુ અંબારામ વાળી શેરી, વાંટીયાપા, કુંભારપરામાં મેરુભાઈ કોન્ટ્રાકટર વાળી શેરી તેમજ પબ્લીક જાજરુ પાસેનો વિસ્તાર, જંગલ ખાતાના કવાટર્સ, અરિહંતનગર, રાવલ બ્રધર્સનાં જુના ઘરવાળી શેરી, અબ્બાસ ઘડીયાળી વાળીશેરી, વોરાવાડ, વોરાવાવનો વિસ્તાર સલાટ શેરી, હળવદ દરવાજો, ચકલાપા, અંબાજી મંદિરવાળી શેરી, સંઘવીશેરી, દફતરી શેરી, ખેરવાયા, માથકિયા શેરી, વાણંદની વાડી, પાયચંદ્ર ગચ્છની વાડીની શેરીનો વિસ્તાર, હિંમતલાલ નાનચંદવાળી શેરી તથા ઉપર મુજબનો તમામ વિસ્તાર.

વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડની હદનું વર્ણન
(૪)	જેલનાં જકાત નાકાથી શરુ કરી ઉત્તરે રામપુરી રોડ ઉપર જેલની દિવાલે થઈ પૂર્વે નગરપાલિકાની પબ્લીક યુરિનલ થઈ દોશી ફુલચંદભાઈ મેથાણવાળાનાં મકાન થઈ રેલ્વેનાળા તરફ કોળી જ્ઞાતીની વાડીનાં મકાન સુધી ત્યાંથી ઉત્તરે રેલ્વે લાઈનની સીધે સીધા રામપુરીનાં પબ્લીક જાજરુ થઈ રામપુરી સુધી ત્યાંથી પશ્ચિમે ફલ્કુ નદીની રીટેઈનીંગ વોલનાં પબ્લીક જાજરુ સુધી ત્યાંથી દક્ષીણે કેશવલાલ ખુશાલદાસનાં મકાન થઈ હરજી ડુંગરના મકાન સુધી ત્યાંથી દક્ષીણે ઉસ્માનભાઈ દાવલભાઈનાં મકાન સુધી ત્યાંથી પશ્ચિમે માધુભાઈ રાજાભાઈનાં મકાન થઈ પાટડી દરવાજાનાં ખૂણે ઝાલા હનુંભા લઘુભાનાં મકાન સુધી ત્યાંથી દક્ષીણે દેવકરશન દરજીનાં મકાન થઈ જીલુભા ઝાલાનાં મકાન થઈ ફુલગલીના બાલાહનુમાન થઈ દલુભાઈ ફુલવાળાનાં મકાન સુધી ત્યાંથી પિશ્ચમે સોનીનાં મકાન સુધી ત્યાંથી દક્ષિણે દૂધવાળા ગઢવીનાં મકાન થઈ આશાભાઈની દૂકાન સુધી. ત્યાંથી પૂર્વે પાંજરાપોળ થઈ, રતીલાલ બારદાનવાળા ની દુકાન થઈ જીવન સુધારક મંડળ શાળા નં. ૮ થઈ દિલ્હીદરવાજા થઈ સોની જ્ઞાતીની વાડી થઈ જેલ થઈ જકાત નાકા સુધી. જેમાં દિલ્હી દરવાજા પાસેનો તથા ઝોકીયા કૂવા પાસેનો વિસ્તાર, જેલ પાછળનો લુહાર-સુતારની ભોજનશાળા પાસેનો વિસ્તાર તથા આજુબાજુની શેરીઓ, સલાટનાં અખાડાનો વિસ્તાર, વાઘરીનો વિસ્તાર, નવી પોલીસ લાઈન આજુબાજુનો તથા તાલુકા પોલીસ સ્ટેશન આજુબાજુનો વિસ્તાર, ભરવાડ હિન્દુભાઈ ડાંગરભાઈ તથા નાગજી ધારાનાં ઘર પાસેની શેરીઓ સુંદરજી મકનજીનાં ઘર પાસેની શેરીઓ, શીવા ભીમા દલવાડીનાં ઘર પાસેની શેરી તથા સતવારા શેરીઓ, ખારો કુવો, ઈબ્રાહિમ લાધામાં મકાનવાળી શેરીઓ, નકલંગ મંદિર પાસેનો વિસ્તાર, ગાંધીનગર, કુંભારપરાની શેરીઓ, પાટડી દરવાજો, ફુલગલી, આંબલીયા કૂવા આજુબાજુનો વિસ્તાર, કલૂડીનાં કોઠા, ગઢની રાંગ આજુબાજુનો વિસ્તાર, જુની પોળ આજુબાજુનો વિસ્તાર પ્રાથમિક શાળા નં. ૮ ની પાછળ આવેલ ઘાંચીની શેરીઓ, શ્રીમાળીની ભોજનશાળા તથા આજુબાજુનો વિસ્તાર, દલુભાઈ ફુલવાળાની શેરી અને પાંજરાપોળ,જુની પોળની ચાલીનો વિસ્તાર અને ઉપર મુજબનો તમામ વિસ્તાર.
(૫)	પૂર્વે નાગાબાવાની વાવથી શરુ કરી ઉત્તરે કમ્પોસ્ટ ગ્રાઉન્ડ થઈ નદી સુધી ત્યાંથી પશ્ચિમે ફલ્કુનદી હરિજન ભાઈઓની સમપુરી થઈ ભંગીવાસનાં સ્મશાન સુધી ત્યાંથી દક્ષીણે ચબુતરા પાસે થઈ રેલ્વે નાળા સુધી ત્યાંથી ભંગીવાસ થઈ, પાણીની ટાંકી થઈ, પબ્લીક જાજરુ સુધી ત્યાંથી દિક્ષણે ધનદાસ ખાનદાસ સાધુના મકાન થઈ સીધે સીધા ચીકા ગાંડાના મકાન થઈ બેચર કેશાનાં મકાન થઈ સીધે સીધા આશાભાઈ મીયાણાંના મકાન થઈ નુરમહમદ અયુબ ભાઈ મીયાણાનાં મકાન થઈ ત્યાંથી ઈશાભાઈજામનાં મકાન સુધી અને ત્યાંથી પૂર્વે હાતીમભાઈ નુરમહંમદ મીયાણાનાં મકાન થઈ પૂર્વે પબ્લીક જાજરુ થઈ સાંઢીયા લાઈન (ફુલી કવાટર્સ) થઈ નાગાબાવાની વાવ સુધી. જેમાં ભંગીવાસ, ડો. આંબેડકરનગર, પાણીની ટાંકીવાળો વિસ્તાર,નરશીચોક, ચમારવાસ, વહાણવટીમાતા વાળો વિસ્તાર, ચર્મકુંડ આજુબાજુનો વિસ્તાર સર્વોદય સોસાયટીનો વિસ્તાર, વિકાસ સોસાયટીનો વિસ્તાર, હેરાનબાગ હોજની આજુબાજુનો વિસ્તાર, જાગૃતીજીન, અને ભાગ્યોદય જીન આજુબાજુનો વિસ્તાર તથા સાંઢીયા લાઈન, ખળાવાડ, ગાંધીચોક વિગેરેનો (બ્લોક નં. ૩૩ તથા ૩૪નો) આજુબાજુનો વિસ્તાર અને ઉપર મુજબનો તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડની હદનું વર્ણન
(૬)	નવયુગ સીનેમાથી શરુ કરી તેની ઉત્તરે જૈન બોર્ડીંગના મકાન સુધી અને ત્યાંથી પશ્ચિમે દિલ્હી દરવાજાની અંદર થઈ મહાદેવ સુંદરજીની દુકાન થઈ, મોહનસિંહ ઝાલાની દુકાન થઈ, નાની બજાર પોસ્ટ ઓફીસ થઈ, સોની નરોત્મ લાલજીની દુકાન થઈ, માણેકચોક, ધ્વજસ્થંભ થઈ, મણીનાગેશ્વર મંદિર થઈ, પીપલ્સ બેન્ક થઈ, ટપુભાઈ ખીમાભાઈ દરજીની દુકાન થઈ, ઈબ્રાહિમ ધોબીની દુકાન સુધી અને ત્યાંથી દક્ષીણે મૂળજીભાઈ ઘીવાળાની દુકાન થઈ વ્યાસ ચોરા થઈ, સ્વામીનારાયણ મંદિર થઈ વાસુદેવ દવેનાં મકાન થઈ સીતા દરવાજા ની બહાર જુમા મસ્જિદ સુધી અને ત્યાંથી પૂર્વે શાકમાર્કેટ થઈ, શકિતગેઈટ પોલીસ ચોકી થઈ ડુંગરીયા પીર પાસે છોટાલાલ પેટ્રોલપંપ થઈ નવયુગ સીનેમા સુધી. જેમાં જુમા મસ્જિદ પાછળનો તમામ વિસ્તાર, સ્વામીનારાયણ શેરી, તળાવશેરી, તળાવશેરીનો તમામ ભાગ, પોલા કાળૂની શેરી, વ્યાસ ચોરાની શેરી, ગુંદીશેરી, મોરી કૂવો, કંસારા બજાર, કાપડ બજાર, ઘાંચીની મસ્જિદ, કટલરી બજાર, ડોસાબાપાની પોળ, ઘાંચીવાડ, દેસાઈવાડ, તથા દેરાસર વાળી શેરી, ખજુરીયા, શકિતમંદિર વાળી શેરી, તથા સાંધાજીના મંદિરવાળી શેરી, ભવાયા શેરી, વિરાણીયા રથખાનાવાળી શેરી, આર્યનિવાસ લોજ પાછળનો તમામ વિસ્તાર, શકિત મંદિર ઉપર મુજબનો તમામ વિસ્તાર.
(૭)	કોઢ રોડ ઉપર લુહારીયાની વાડીથી શરુ કરી પૂર્વે ગંજપીર થઈ કુંભારીયાની વાડી થઈ નર્મદા કોલોની સામે રતીલાલ પરમારનાં ઘર થઈ ગુજરાત મેટલ વર્કસનાં કારખાના થઈ કાળૂભાઈ પુંજાભાઈના મકાન થઈ પૂર્વે માજી ડીપો મેનેજર વીનુભાઈ મહેતાનાં મકાન થઈ નરશીપુરાનાં સ્વામીનારાયણ મંદિર થઈ સરકારી ૧૮ કવાટર્સ (અધ્યયન મંદિર) થઈ, દિપક હોટલ થઈ લીંડીયાના નાળા પાસે તુષાર ટ્રાવેલ્સ થઈ રોકડીયા હનુમાન થઈ નગરપાલિકા શોપીંગ સેન્ટર થઈ રીમભાઈની લાતી સુધી ત્યાંથી ઉત્તરે સીતા દરવાજા અંદર થઈ નવીનભાઈ દવેનાં મકાન થઈ બાલાશંકર સોમપુરાની દુકાન થઈ પંડયાશેરી થઈ પીપળાવાળી શેરી થઈ તુલજાશંકરવાળી શેરી થઈ, છગનલાલ રેવાશંકર સોમપુરાની દુકાન થઈ કંસારા વૃજલાલનાં મકાન સુધી, ત્યાંથી પશ્ચિમે ઘેલડી પામા (દક્ષિણબાજુ) મનુભાઈ બાળીયાવાળાનાં મકાન થઈ, વોરા ચંપકલાલનાં ઘર થઈ પંચાયત પદાવાળા કનૈયાલાલનાં ઘર થઈ નવલ શંકરભાઈ દવેનાં ઘર થઈ બમાલાશંકરભાઈનાં ઘર થઈ, નવીનચંદ્ર રુપેરાનાં ઘર સુધી ત્યાંથી પશ્ચિમે શકરાપાની શેરીમાં ચંદ્રકાન્ત ભાઈ (માસ્તર) નાં મકાન થઈ કાના ડાયાનાં મકાન સુધી ત્યાંથી ઉત્તરે ઝાલા પરાક્રમસિંહનાં મકાન થઈ શ્રી શાંતીલાલ દેપાળાનાં મકાન સુધી ત્યાંથી પશ્ચિમે સોમપુરા ભાઈનાં મકાન થઈ વજુભાઈ યાજ્ઞીકનાં જુના મકાન થઈ દેવાળાની ભોજનશાળા સુધી ત્યાંથી ઉત્તરે નવઘણ મશરુ ભરવાડનાં ઘર થઈ ચમનભાઈ ઈસ્ત્રીવાળાનાં ઘર સુધી ત્યાંથી પશ્ચિમે પદુભાઈ દેપાળાનાં મકાન થઈ લાલચંદભાઈ દેપાળાનાં મકાન થઈ નંદલાલ કાનજીભાઈ ઝાલાના મકાન થઈ અમૃતલાલ દેપાળાના મકાન થઈ ઘાટ દરવાજા જકાત નાકાસુધી ત્યાંથી દક્ષીણે ગઢની રાંગે આઠ ખૂણીયા ઝોકીયા કૂવા સુધી ત્યાંથી પશ્ચિમે સર્વે નં. ૬૦૭ ની વાડીનાં રસ્તે શ્રી બાલકદાસ સાધુનાં મકાન થઈ શ્રી ધીરજસિંહ ભટ્ટીનાં મકાન (રંગોલી) થઈ બશીરભાઈ ગફુરભાઈનાં મકાન સુધી અને માસાબગાર્ડનની વાડીની પાછળનાં ભાગે પશ્ચિમે દિવાલે-દિવાલે થઈ સર્વે નં. ૬૦૬/૧ થઈ મેરુભાઈનાં મકાન થઈ ઠાકરશી પ્રાગજીના મકાન સુધી ત્યાંથી સીધા નાગરભાઈ વજાભાઈનાં મકાન સુધી ત્યાંથી જીવરામભાઈ સતવારાનાં પડતર વંડા થઈ મથુર જીવા દલવાડીનાં મકાન સુધી ત્યાંથી સીધા પશ્ચિમે મનહરલાલ જાનીના (અન્નપૂર્ણા) મકાન સુધી, ત્યાંથી ફલ્ગુનદીની દક્ષીણના કાંઠે થઈ નરશી ટેકરી સુધી ત્યાંથી શકિતનાં પાળીયા થઈ વાઘરીનાં કૂબાથઈ, કુંભારીયાની વાડી થઈ ગંજપીર થઈ લવારીયાની વાડી સુધી.

વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડની હદનું વર્ણન
	જેમાં કુંભારીયાની વાડી વાઘરીવાસ, સ્વામીમંદિર, જુના જીવાનો માર્ગ, મૂંડકાની વાડી તથા અધ્યાપન મંદિર, ૧૮ કવાટર્સ આજુબાજુનાં તમામ વિસ્તાર,રોકડીયા હનુમાન મંદિર સીતા દરવાજા અંદર તૈવાડ, કશ્બાશેરી, કોઠફળી, નીચો કાંઠો, સીપાઈ વાસ, ગઢની રાંગ, ભાવસાર શેરી, કાશી કૂવો, પંડયા શેરી, પીપળાવાળી શેરી, તુલજા શંકરવાળી શેરી, ઘેલડીયામાં લુહાણા મંદિર સામેનો વિસ્તાર, શકરાયાની શેરી મોટી સલાટ શેરી, હરજીવન પારેખ શેરી, ઉપર મુજબનો તમામ વિસ્તાર.
(૮)	એસ. ટી. ડીપોથી શરુ કરી પશ્ચિમે મયૂરભુવન થઈ અનુભાઈ ટેકસીવાળાનાં ગેરેજ થઈ ત્યાંથી પશ્ચિમે સીધા જનતા ફલોર મીલ, કીઢરોડ થઈ ટપુભા ઝાલાના મકાન થઈ નર્મદા કોલોની સુધી તે સરકારી ફાર્મ સુધી ત્યાંથી દક્ષીણે રામન ટેકરી થઈ પૂર્વે એસ.પી. જૈન કોલેજ થઈ સરોવરીયા હનુમાન થઈ જલદર્શન પાસે મીસ્ત્રી દામજીભાઈનાં મકાન સુધી ત્યાંથી ઉત્તરે રંગીલા હનુમાન થઈ શ્રી ઈન્દીરાબેન (ઓમ શાંતી) નાં મકાન સુધી ત્યાંથી પૂર્વે તનસુખભાઈ વોરાના મકાન થઈ ત્યાંથી ફલોરમીલ થઈ પાટડીવાળા ધનજીભાઈ ઠક્કર (જલારામ સ્ટોર્સવાળા) ના મકાન થઈ ડો. પ્રવિણભાઈ દેસાઈના આંખના દવાખાના સુધી ત્યાંથી ઉત્તરે લીંડીયાની પાળે સીધે સીધા હસુભાઈ સોમપુરાના મકાન થઈ પબ્લીક જાજરુ થઈ એસ. ટી. સ્ટેન્ડ સુધી. જેમાં નરશીપરા, કડીયાજ્ઞાતીવાળી શેરી, કોલેજની આજુબાજુનો વિસ્તાર, દત્ત ટેકરી આજુબાજુનો વિસ્તાર, પ્રેમજીભાઈ ભવાભાઈની દુકાનવાળી શેરી, હવા બંગ્લો તેની આજુબાજુની શેરીઓ, રંગીલા હનુમાન આજુબાજુનો વિસ્તાર તથા શેરીઓ ગોકુલ સોસાયટી, વૈશાલી સોસાયટી, અંબીકા સોસાયટી, વૃંદાવન, ગાયત્રી સોસાયટીનાં વિસ્તાર તથા મયુરભુવન આજુબાજુનો તથા એસ.ટી.ડીપો પાછળનો વિસ્તાર અને ઉપર મુજબનો તમામ વિસ્તાર.
(૯)	મયુરબાગથી ઉત્તરે શીશુકુંજથી પોસ્ટ ઓફીસ થઈ શાંતીલાલ દેપાળા ચોક થઈ સુરેન્દ્રનગર જિલ્લા સહકારી બેન્કનાં મકાન સુધી ત્યાંથી પશ્ચિમે જુની શાકમાર્કેટ સ્ટેટ બેન્ક ઓફ સૌરાષ્ટ્ર થઈ ટેલીફોન એક્ષ્ચેન્જ થઈ પંચમુખા હનુમાન થઈ અજીત હાઉસીંગ સોસાયટી સુધી ત્યાંથી પશ્ચિમે મહિપત સિંહના ગેરેજવાળા વોકળા થઈ દક્ષીણે સરકારી હોસ્પીટલનાં પાછળનાં ભાગે થઈ ચરમાળીયા મંદિર સુધી ત્યાંથી પશ્ચિમે શ્રી મહેન્દ્ર ભાઈ વ્યાસનાં મકાન થઈ સીધે સીધા દલવાડી બળદેવ ભાઈના મકાન સુધી ત્યાંથી ઉત્તરે તલાવડી વાળા વિસ્તારમાં અંબાશંકર ભટ્ટ (સવિતા સદન) નાં મકાન થઈ દરજી અરવિંદના મકાન થઈ પશ્ચિમે નીરુબેન પરસોતમનાં મકાન સુધી ત્યાંથી પશ્ચિમે વીનુભાઈ વશરામભાઈના મકાન થઈ સોનીના ગોકુલકુંજ મકાન સુધી ત્યાંથી દક્ષીણે સીધે સીધા તળાવની પાળ તરફ શ્રી વીનુભાઈ વોરાના (શ્રીજી કુંજ) મકાન થઈ ચુનીલાલ પરભુનાં મકાન થઈ કિરીટભાઈ દવેનાં (શીવમ) મકાન થઈ ગુણુભાઈ શુકલનાં મકાન સુધી ત્યાંથી પૂર્વે તળાવની પાળે ઉપર પંપ હાઉસ થઈ લેડીઝ કલબ થઈ મયુરબાગ સુધી. જેમાં આર્યસમાજની આજુબાજુનો વિસ્તાર, સરકારી જનરલ હોસ્પીટલ તથા જનાના હોસ્પીટલ આજુબાજુનો વિસ્તાર નર્સકવાટર્સ, મીરાદાતાર પાછળનો વિસ્તાર તથાશેરીઓ, કબીરશેરી, જુની લાયબ્રેરી શેરી, ૪ નંબરનાં બંગ્લાવાળી શેરી, ભરાડીનાં ઉતારાવાળી શેરી, પંજાબ નેશનલ બેન્ક વાળો ખાંચો, જગદિશભાઈ ત્રીવેદીવાળો ખાંચો, રામજીભાઈ ધોબીવાળી શેરી, પંચમુખા હનુમાન વાળો ખાંચો, ફેન્ડ સોસાયટી, અજીત સોસાયટી, દિપાલી સોસાયટી, તલાવડીનો વિસ્તાર, રઘુવીરનગર, આનંદપાર્ક વિગેરે (બ્લોક નં. ૮ નો) વિસ્તાર અને ઉપર મુજબનો તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડની હદનું વર્ણન
(૧૦)	દક્ષિણે શકિત ગેઈટ સામે લક્ષ્મી રેડિયોવાળાની દુકાનથી શરુ કરી દરિયાલાલનાં મંદિર થઈ નગરપાલિકાની કચેરી સુધી અને ત્યાંથી પૂર્વે કલબરોડ ઉપર શ્રી જયંતીલાલ ગાંધીનાં મકાન થઈ ડો. કરાંચીવાલાનાં મકાન થઈ, પાવર હાઉસ ચોકમાં, લક્ષ્મીનીવાસ ચોક સુધી અને ત્યાંથી ઉત્તરે મૂળચંદ મેડિકલ સેન્ટરનાં પૂર્વતરફનાં દરવાજા પાસે થઈ શ્રી વિજયલાલ ચુનીલાલ સંઘવીનાં મકાન થઈ સરદારબાગની નવયુગ સીનેમા સામે આવેલ દુકાન નં. ૧૬ સુધી અને ત્યાંથી પશ્ચિમે નવયુગ સીનેમા રોડ ઉપર કંકાવટીવાળાનાં મકાન થઈ વિમલ પ્રીન્ટરી થઈ શ્રી લીલાધર કાળીદાસની દુકાન થઈ લક્ષ્મી રેડીયો સુધી. જેમાં જય સૌરાષ્ટ્ર ટોકીઝ, મોતીલાલ શેઠનાં મકાનવાળી શેરી, હરજી ગગાની શેરી, મગન થાવરનું મકાન, જયકુંજ પાસેની શેરી, ચંદુલાલ લાતીવાળાની શેરી, બાંભાશેરી, વૃજલાલ સોમચંદવાળી શેરી, જયોતી નિવાસ વાળી શેરી, મોતીલાલ શેઠનાં દવાખાના પાછળની શેરી, માલવણનો ઉતારો, સોની તલાવડી, જીનપરુ, ફંગાતવાડ, સતવારા શેરીઓ અને એ રીતે ઉપર મુજબનો તમામ વિસ્તાર.
(૧૧)	સર અજીતસિંહજી હાઈસ્કુલથી શરુ કરી પૂર્વબાજુએ કલબ રોડ ઉપર મોતીવીલા થઈ દેરાસર થઈ હાઉસીંગ સોસાયટી થઈ પેટ્રોલ પંપ સુધી ત્યાંથી ઉત્તરે એલ. જી. ભટ્ટનાં મકાનથી સંઘવી શુકલ પેટ્રોલ પંપ થઈ કામદાર સંઘ થઈ ધાંગધ્રા જીનીંગ પ્રેસીંગ ફેકટરી થઈ પટેલ હાઉસ થઈ મેટલ વર્કસનાં કારખાના સુધી ત્યાંથી પૂર્વે રેલ્વેનાળા તરફ ખાખી તલાવડી થઈ મચ્છી માર્કેટ સુધી ત્યાંથી દક્ષિણે રેલ્વે પાટા ઉપર જુના જીન પાછળ જમણી બાજુએ કેમિકલ વર્કસનાં રેલ્વેફાટક સુધી ત્યાંથી રેલ્વે સ્ટેશન થઈ હનુમાનજીની દેરી પાસે થઈ જુના રેલ્વે કવાટર્સ થી પરશુરામ પોટરી સુધી ત્યાંથી રેલ્વે પાટા ઉપર વર્કશોપ થઈ રેલ્વે પાટાની પશ્ચિમે જી.આઈ.ડી.સી. સુધી ત્યાંથી પશ્ચિમે દેશળભગતની છાપરી સુધી ત્યાંથી ઉત્તરે લાલ બંગ્લે થઈ નાયબ કલેકટરનાં બંગ્લા થઈ પંચાયત કવાટર્સ સુધી ત્યાંથી પશ્ચિમે ઝાલાવાડ ક્રિકેટ ગ્રાઉન્ડની બોર્ડર થઈ ગાડી ખાનાની દિવાલ થઈ સુરેન્દ્રનગર રોડને મળતો રસ્તો અને મીલ્ટ્રીને સુપ્રત કરેલ રસ્તા પર પડતી રાજમહેલની દક્ષીણ દિવાલ થઈ પશ્ચિમે મીલ્ટ્રીનાં ચેકપોસ્ટ સુધી ત્યાંથી ઉત્તરે રાજ મહેલનાં જુના રસોડાની દિવાલ થઈ રાજમહેલનાં કૂવા પાસે થઈ રાજમહેલના પશ્ચિમ તરફના મેઈનદરવાજા સુધી ત્યાંથી ઋતુરાજ સીનેમા થઈ ટેકનીકલ હાઈસ્કુલ થઈ સર અજીતસિંહ હાઈસ્કુલ સુધી. જેમાં સર અજીતસિંહજી હાઈસ્કુલનો પાછળનો તમામ વિસ્તાર, હજુરીયા લાઈન, પેલેસ નોર્થ સાઈડ આજુબાજુનો વિસ્તાર, મોતીવીલા પાછળનો વિસ્તાર, ધાંગધ્રા હાઉસીંગ સોસાયટી, ચંદ્રવિહાર સોસાયટી, જશવંતબાગ સોસાયટી, ગાડીખાના આજુબાજુનો વિસ્તાર, એમ.ઈ.એસ. કોલોની, ઝાલાવાડ ગ્રાઉન્ડ, લાલબંગ્લો, પંચાયત કવાટર્સ,જી.આઈ.ડી.સી.નો વિસ્તાર, પોટરી આજુબાજુનો વિસ્તાર, કૈલાસ સોસાયટી, જુની રેલ્વે કોલોની, હનુમાનજી દેરી પાસેનો વિસ્તાર, સરકારી રેસ્ટ હાઉસ આજુબાજુનો વિસ્તાર, સ્ટેશન પરું, લાતી વિસ્તાર, કેમિસ્ટ કવાટર્સ, સોલ્ટ ઓફીસ આજુબાજુનો વિસ્તાર જી.ઈ.બી. સબ ડિવિઝન તથાપ્રકાશ ઓઈલ મીલ પાસેનો વિસ્તાર જીનની મેલડીમાતા આજુબાજુનો વિસ્તાર, કામદાર સંઘ પાસેની હાઉસીંગ બોર્ડનો વિસ્તાર, જુના જીનનો વિસ્તાર, પટેલ હાઉસનો વિસ્તાર જુની મોચીવાડ, જુના બસ સ્ટેન્ડ આજુબાજુનો વિસ્તાર, ઝાલાવાડ એજયુકેશન આજુબાજુનો વિસ્તાર તથા નાથીબાઈ ધર્મશાળા આજુબાજુનો વિસ્તાર અને ઉપર મુજબનો વિસ્તાર.

INDEX

વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડની હદનું વર્ણન
(૧૨).	પૂર્વે હાઉસીંગ કોલોનીથી શરુ કરી પૂર્વે બાળકોનાં સ્મશાન થઈ ઉત્તરે ખળાવાડની હાઉસીંગ સોસાયટી થઈ, જુસબ ભાઈનાં ઘર સુધી ત્યાંથી પશ્ચિમે કોળીપરા થઈ ત્યાંથી શાળા નં. ૬ સુધી અને ત્યાંથી દક્ષીણે વાઘરી વાસ થઈ ખાટકી વાસ થઈ કેમિકલનું રેલ્વે ફાટક થઈ રેલ્વે સલુન થઈ શ્રી આઈ.વી.પી.ના બંગ્લા થઈ નવી રેલ્વે કોલોની થઈ કેમિકલના નવાબોર થઈ સોલ્ટવાળા પનાલાલ વોરાની મીઠાની ઘંટી સુધી ત્યાંથી પૂર્વે ખુશાલસિંહ માસ્ટરજીનાં ઘર થઈ ખોડીયાર માતાનાં મંદિર થઈ નગરપાલિકાનાં પંપ હાઉસ સુધી ઉત્તરે કેમીકલનાં પાણીનાં પંપ હાઉસ થઈ હાઉસીંગ કોલોની સુધી. જેમાં કોલીપટ્ટુ, હાઉસીંગ બોર્ડ, ખાટકીવાસ, વાઘરીવાસ, કેમિકલ વર્કસનું કારખાનું, કેમિકલ રેસ્ટ હાઉસ, કેમિકલ ઓફીસરના બંગ્લાઓ, ધોબીઘાટનો વિસ્તાર, નવીરેલ્વે કોલોનીનો વિસ્તાર અશોક હાઉસીંગ સોસાયટીનો વિસ્તાર, શાસ્ત્રી સોસાયટી તથા મારવાડાનાં દગાનો વિસ્તાર.

INDEX

રાજ્ય ચૂંટણી પંચ,

ગુજરાત રાજ્ય,

ગાંધીનગર.

અનુસૂચી - ૨

ઘાંગધ્રા નગરપાલિકાની કુલ વસ્તી : ૫૪૨૮૧

કુલ વોર્ડોની સંખ્યા : ૧૨

વોર્ડ દીઠ સરેરાશ વસ્તી : ૪૫૨૩ સરેરાશ વસ્તી ૧૦ ટકા વધ મુજબ : ૪૯૭૫

સરેરાશ વસ્તી ૧૦ ટકા ઘટ મુજબ : ૪૦૭૧

બેઠકોની સંખ્યા : ૩૬ ૧ બેઠક અનુસૂચિત જાતી.

મહિલા બેઠકો : ૧૨ અનુસૂચિત આદિજાતી માટે કોઇ નહી.

૧ બેઠક પછાત વર્ગની મહિલા સહિતની

અનુસૂચિત જાતી માટે અનામત બેઠકોની સંખ્યા ૩ પૈકી ૧ મહિલા માટે

અનુસુચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા કોઇ નહીં.

પછાત વર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા : ૪ તે પૈકી ૧ મહિલા માટે.

કુલ અનામત બેઠકો - ૧૭

સામાન્ય બેઠકો : ૧૯

અ.નં	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી બીન અનામત	બીજી બેઠકની ફાળવણી મહિલા અનામત	ત્રીજી બેઠકની ફાળવણી
૧.	૧	૪૩૦૧	સામાન્ય	સામાન્ય	સામાન્ય.
૨.	૨	૪૭૮૨	સામાન્ય	સામાન્ય	પછાત વર્ગ.
૩.	૩	૪૨૫૫	સામાન્ય	સામાન્ય	સામાન્ય.
૪.	૪	૪૯૧૮	સામાન્ય	સામાન્ય	પછાત વર્ગ.
૫.	૫	૪૯૬૦	સામાન્ય	સામાન્ય	અનુ. જાતિ.
૬.	૬	૪૮૭૭	સામાન્ય	અનુ. જાતિ	સામાન્ય.
૭.	૭	૪૨૫૬	સામાન્ય	પછાત વર્ગ	સામાન્ય.
૮.	૮	૪૦૯૯	સામાન્ય	સામાન્ય	સામાન્ય.
૯.	૯	૪૨૫૩	સામાન્ય	સામાન્ય	સામાન્ય.

INDEX

અ.નં	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી બીન અનામત	બીજી બેઠકની ફાળવણી મહિલા અનામત	ત્રીજી બેઠકની ફાળવણી
૧૦.	૧૦	૪૮૭૭	સામાન્ય	સામાન્ય	સામાન્ય..
૧૧.	૧૧	૪૫૩૨	સામાન્ય	સામાન્ય	પછાત વર્ગ
૧૨.	૧૨	૪૧૭૧	સામાન્ય	સામાન્ય	અનુ.જાતિ.

તારીખ: ૮-૪-૧૯૯૪

સચિવ
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

Extra No. 41 REGISTERED NO. G/GNR/2.

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

VOL.XXXV FRIDAY, APRIL 8, 1994/ CAITRA 18, 1916.

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ

ગુજરાત રાજ્ય

ગાંધીનગર.

ક્રમાંક : સમક : ૨૧૧૮ : ૯૪

લીંબડી નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ :-

ભારતનાં સંવિધાનના ૭૪ માં સુધારાને અનુલક્ષીને ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ ૧૯૬૩માં રાજ્ય સરકારે ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ ૧૯૯૩ અન્વયે મહત્વનાં સુધારા કરેલાં છે. આ અધિનિયમની કલમ-૬, પેટા કલમ-૪ અન્વયે નગરપાલિકાની ચૂંટણી, મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી પંચમાં નિહીત થશે તેવી જોગવાઇ કરેલી છે. અને રાજ્ય ચૂંટણી પંચે કલમ-૬ પેટા કલમ-૫ અન્વયે રાજ્ય સરકારે કરેલાં નિયમો અનુસાર અધિનિયમની જોગવાઇઓને આધીન રહીને ચૂંટણી કરવી જોઇએ.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ-૭ પેટા કલમ-૨ તથા કલમ-૬ની પેટા કલમ-૩ અન્વયે જાહેરનામા ક્રમાંક : કેવી ૩૨૫-૯૩ એન.પી.બી ૩૦૯૩-૫૬૪૬ (૫૪) આર, તા.૧૮:૧૨:૯૩ જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તે અન્વયે લીંબડી શહેરનાં નગરપાલિકાને જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેના સન

INDEX

૧૯૯૧નાં વસ્તી ગણતરીના આખરી આંકડા પ્રસિદ્ધ થયા છે. તેના આધારે ૯ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. નગરપાલિકાના કાઉન્સિલરોની કુલ બેઠકો ૨૭ નક્કી કરવામાં આવી છે. જાહેરનામા અન્વયે અનુસૂચિત જાતિ તથા પછાતવર્ગ તેમજ મહિલા માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલી છે.

૩. ચૂંટણી પંચે અધિનિયમની કલ- ૭ પેટા કલમ-૨ ખંડ-૩ પેટા ખંડ : ખ : અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુ.જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગની તથા મહિલાની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજ્ય સરકારે તેમના જાહેરનામા ક્રમાંક :કેવી:૪૯:૧૯૯૪ એન.પી.એલ ૪૫૯૩ :૩૬૫૫:એમ તા.૧૬-૩-૯૪ અન્વયે અધિનિયમની કલમ-૨૭૭ની પેટાકલમ-૨ તથા કલમ-૬ તથા ૭ અન્વયે વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણીના નિયમો ૧૯૯૪ જે હવે પછી નિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે બહાર પાડેલ છે.

૫. નિયમોના નિયમ ૨ અન્વયે નગરપાલિકાનાં વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે, શક્ય હોય ત્યાં સુધી બધાજ વોર્ડોના વસ્તી એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસ્તીથી કોઇ પણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહિ તે પ્રમાણે વોર્ડની રચના કરવાની રહે છે. આમ છતાં, ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે, સ્થાનિક એક જુથતા તથા ભૌગોલીક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને તુલનામાં લેતા, ૧૦ ટકા વધુ વધ કે ઘટ કરીને વોર્ડની રચના કરી શકાશે.

૬. પંચે નગરપાલિકાના વોર્ડોનાં સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે. તેમજ સને. ૧૯૪૮ના સેન્સસ એકટ મુજબ સને. ૧૯૯૧ના વસ્તી ગણતરીનાં છેવટનાં પ્રસિધ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં શહેરની કુલ વસ્તી ૩૫,૨૮૪ આવે છે. જાહેરનામા મુજબ શહેરને ૯ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૩૯૨૦ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની પંચે તેના કાર્યાલયના અધિકારી કર્મચારીઓ મારફત ચકાસણી કરાવેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડનું સીમાંકન કરવાનું ધાર્યું છે તેમાં કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વસ્તી વધતી નથી કે ૧૦ ટકાથી વસ્તી ઘટતી નથી.

૮. શહેરનાં ૯ વોર્ડોને નિયમ-૩ની જોગવાઇઓને ધ્યાનમાં લઈ આ સાથે અનુસૂચિ ૧માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે.આ સીમાંકન નક્કી કરવામાં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજૂથતા, નદી, રેલ્વેલાઈન, રોડલાઈન વગેરે કારણે બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને એકસરખા વોર્ડ-૯ બની રહે તે મુદ્દો વિચારણામાં લઈ વોર્ડોનું સીમાંકન નક્કી કરેલું છે.

૯. નિયમોના નિયમ ૪ અન્વયે દરેક વોર્ડમાં ત્રણ કાઉન્સિલર ચૂંટવાના છે. નિયમ ૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક બિનઅનામત એટલે કે સામાન્ય બેઠક બની રહેશે. જ્યારે બીજી બેઠક મહિલા, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, પછાતવર્ગની મહિલા સહિત માટે અનામત રાખવાની છે. જ્યારે ત્રીજી બેઠક જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગને ફાળવવાની રહેશે. અને તેવી ફાવવણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો તે બિનઅનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે.

૧૦. નિયમોના નિયમ ૬ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિની દરેક વોર્ડની વસ્તીની ટકાવારીનાં ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તી સંખ્યા વધુ હોય એટલે કે, ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, મહિલા બેઠક સહીતની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુ માં વધુ વસ્તી હોય એટલેકે ટકાવારી ઊંચી હોય તે વોર્ડ માં ફાળવણીનું ધોરણ નિર્ધારીત કરેલ છે,

૧૧. જાહેરનામા અન્વયે શહેર માટે ૪ બેઠકો અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે અને ૪ બેઠકો પૈકી ૧ બેઠક અનુસૂચિત જાતિ ની મહિલા માટે અનામત રાખવાનુ નિર્ધારીત કર્યુ છે.

INDEX

૧૨. પંચે એકઠી કરેલી માહિતી મુજબ શહેરનાં જુદા જુદા ૯ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	અનુ.જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ.જાતિની વસ્તીની ટકાવારી
૧.	૫	૩૯૫૨	૨૨૪૮	૫૬.૮૮%
૨.	૨	૪૧૧૪	૧૫૭૬	૩૮.૩૦%
૩.	૩	૪૨૪૯	૧૨૯૩	૩૦.૪૩%
૪.	૬	૩૯૧૯	૩૩૫	૮.૫૫%
૫.	૧	૪૦૯૩	૨૨૮	૫.૫૭%
૬.	૭	૩૫૮૩	૭૭	૨.૧૫%
૭.	૯	૩૮૫૭	૬૧	૧.૫૮ %
૮.	૪	૩૮૫૭	૧૫	૦.૩%
૯.	૮	૩૬૬૦	૮	૦.૨૨%

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં. ૫,૨ તથા ૩,૬ માં અનુસૂચિત જાતિની બેઠક નિયમોના નિયમ ૬ અ હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે. અને તે મુજબ ફાળવવામાં આવે છે.

૧૪. અનુસૂચિત જાતિના પુરુષ તથા મહિલા અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ જે વોર્ડોમાં આ વર્ગ માટે બેઠક ફાળવાઈ હોય તે વોર્ડની ટકાવારીનાં ક્રમમાં પ્રથમ આવતા ત્રણ વોર્ડ પૈકી ત્રીજા વોર્ડમાં મહિલા બેઠક ફાળવવી તેમ પંચ માને છે. પરંતુ આ મુજબ ફાળવણી કરતાં પણ નિયમો અન્વયે દરેક વોર્ડમાં એક મહિલા, એક સામાન્ય બેઠક ફાળવવાની જોગવાઈ છે. તેનું ખંડન ન થાય તેની તકેદારી રાખવાની રહે છે.

૧૫. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં. ૫,૨,૩ તથા ૬ માં નિયમોના નિયમ ૬ (અ) અન્વયે ફાળવવામાં આવે છે. તે પૈકી મહિલા માટે બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

વોર્ડ નંબર	બેઠક
૫	અનુસૂચિત જાતિ
૨	અનુસૂચિત જાતિ
૩	અનુસૂચિત જાતિ મહિલા
૬	અનુસૂચિત જાતિ

૧૬. જાહેરનામા અન્વયે અનુસૂચિત આદિજાતિ માટે કોઇ બેઠક અનામત રાખવાનું નિર્ધારીત થયું નથી તેથી આ વર્ગ માટે બેઠક અનામત રાખવામાં આવતી નથી.

INDEX

૧૭. જાહેરનામા ક્રમાંક : ખંડ : ગ : સી : મુજબ ૩ બેઠકો પછાતવર્ગો માટે ફાળવેલ છે. તે પૈકી એક બેઠક આ વર્ગની મહિલા માટે અનામત રખાઈ છે.

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪નાં નિયમ ૬ બી હેઠળ રાજ્ય ચૂંટણી પંચેપછાત વર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. જેના મહત્વનાં પ્રબંધ નીચે પ્રમાણે છે.

(૧) માન્ય રાજકીય પક્ષો તરફથી મળેલ માહિતીનાં અભ્યાસ પરથી જે શહેરનાં જે જે વોર્ડનાં પછાતવર્ગની વસ્તીનાં ધોરણને અનુલક્ષીને જે સર્વ સામાન્ય વોર્ડો હોય તે તે વોર્ડોમાં પછાતવર્ગ માટે અનામત બેઠક ફાળવવાની રહેશે.

(૨) મ્યુનિસિપલ ચીફ ઓફીસર તરફથી છેલ્લી ચૂંટણીમાં જે વોર્ડમાંથી પછાતવર્ગનાં ઉમેદવારો ચૂંટાઈને કોર્પોરેટર તરીકે પદધારણા કરતાં હોય તે વોર્ડમાં ઉપર અનુક્રમ નં. ૧ માં જણાવેલ વોર્ડોમાં બેઠક ફાળવ્યા પછી નિયત સંખ્યા સુધીમાં ફાળવવાની રહેશે.

આથી સ્પષ્ટતા કરવાની કે, જુના વોર્ડોનું સીમાંકન અને નવા વોર્ડોના સીમાંકનમાં ફેરફાર હોય તો જુના વોર્ડોનો મોટા ભાગનો જે વિસ્તાર જે જે નવા વોર્ડનાં સીમાંકનમાં સમાવિષ્ટ થતો હોય તેવા નવા વોર્ડમાં પછાતવર્ગની બેઠક ફાળવવાની રહેશે.

(૩) પછાત વર્ગ માટે અનામત રાખેલી કુલ બેઠકો પૈકી ૧:૩ બેઠકો મહિલા માટે જાહેરનામા અન્વયે અનામત રખાઈ છે. આમ ત્રણ બેઠકો પૈકી એક બેઠક મહિલા માટે અનામત રાખવામાં આવી છે. આ મહિલાનું પ્રમાણ ૧:૩ રહે છે. તેથી તાર્કીક રીતે વિચારતા દર ત્રણ બેઠકો પૈકી ત્રીજી બેઠક મહિલા માટે ફાળવવી તેમ પંચ સ્વિકારે છે.

(૪) પરંતુ જો આ રીતે વોર્ડમાં પછાત વર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ અથવા અનુ. આદિજાતિ માટે મહિલા બેઠક ફાળવી હોય તો તે વોર્ડને બદલે તે પછી અનુક્રમે જે વોર્ડ આવે તે વોર્ડમાં પછાતવર્ગની મહિલા બેઠક ફાળવવી.

માન્ય રાજકીય પક્ષોને પંચ તરફથી નગરપાલિકાઓના કયા વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવી તે અંગે સુચનો મોકલવા આ કાર્યાલય તરફથી વિનંતી કરવામાં આવેલ. પરંતુ કોઈ માન્યરાજકીય પક્ષ તરફથી હજુસુધી સુચન કરવામાં આવ્યા નથી.

પંચે અપનાવેલા માપદંડ મુજબ ચીફ ઓફીસર પાસેથી ગત ચૂંટણીમાં પછાતવર્ગનાં કાઉન્સિલરો જુના કયા વોર્ડમાંથી ચૂંટાયા હતા. અને તે સમગ્ર વોર્ડોનો કે તે વોર્ડોના મોટા ભાગના વિસ્તાર નવા કયા વોર્ડમાં સમાવિષ્ટ થાય છે. તેની માહિતી મેળવવામાં આવી છે. તેની ચકાસણી કરતા વોર્ડ નં. ૧ તથા ૩ માં ગત ચૂંટણીમાં પછાત વર્ગના ઉમેદવારો ચૂંટાઇ આવ્યા છે. વધુમાં ચીફ ઓફીસરશ્રીએ પછાત વર્ગની જાતિની વસ્તી નવા સૂચિત ક્યા વોર્ડમાં સૌથી વધુ હોય તે ક્રમમાં વોર્ડ નં. ૧, ૩, ૭ તથા ૬ હોવાનું દર્શાવ્યું છે.

૧૯. જાહેરનામા અન્વયે પછાત વર્ગ માટે ત્રણ બેઠકો અનામત રાખવાનું નિર્ધારિત થયું છે. ગત ચૂંટણીમાં જે બે વોર્ડોમાંથી એટલે કે વોર્ડ નં. ૧ તથા ૩ માંથી પછાત વર્ગના ઉમેદવારો ચૂંટાયા છે. તે માહિતી રજૂ થઈ છે તે સામે ચીફ ઓફિસરશ્રીએ પછાત વર્ગની વસ્તી ક્યા વોર્ડમાં વધુ છે તે જણાવ્યું છે તે માહિતીની તુલના કરતાં તેમાં પણ વોર્ડ નં. ૧ અને ૩ નો સમાવેશ થાય છે. તેથી ચીફ ઓફિસરશ્રીએ વોર્ડ નં. ૭ તથા ૬ માટે જે માહિતી આપી છે તે નકારવા કારણ નથી, તેથી ચૂંટણીના પરિણામો મુજબ વોર્ડ નં. ૧ તથા ૩ તેમજ ચીફ ઓફિસરશ્રીની માહિતી પરથી વોર્ડ નં. ૭ માં પછાત વર્ગ માટે બેઠક અનામત રાખવાનું પંચ મુનાસીબ ઠરાવે છે અને તે મુજબ વોર્ડ નં. ૧, ૩ તથા ૭ પછાત વર્ગ માટે અનામત રાખવા ઠરાવે છે.

૨૦. માપદંડ મુજબ વોર્ડ નં. ૧ તથા ૩ પછી ત્રીજા ક્રમે આવતા વોર્ડ નં. ૭ માં પછાત વર્ગ મહિલા માટે બેઠક ફાળવવાનું પણ ઠરાવે છે.

INDEX

૨૧. આ પ્રમાણે અનુસૂચિત જાતિ તથા પછાત વર્ગની મહિલા અનામત બેઠકની ફાળવણી કર્યા પછી મહિલા અનામત બેઠક અને સામાન્ય ઉમેદવારોને બાકી રહેતી બેઠક ફાળવવામાં આવે છે.

૨૨. સમગ્રતઃ તમામ પાસાંઓનો અભ્યાસ કરીને નિયમોનાં નિયમ-૩ શહેરોને આ સાથે સંલગ્ન અનુસૂચિ-૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે. અને આ સાથે અનુસૂચિ-૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

૨૩. આ પ્રમાણે વોર્ડોનું વિભાજન અને હદરેખા નકકી કરવાનું અને વોર્ડ ની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે.

૨૪. ઉપર પ્રમાણે વોર્ડોની હદરેખા નકકી કરવામાં આવે છે. અને ફાળવણી માટે જે નિર્ણ કરેલ છે. તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે. અને તે સામે કોઈપણ શખ્સને જાહેર જનતાને સલાહ સુચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૫ દિવસોમાં રાજય ચૂંટણી પંચ બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા. મુદત વિત્યે આવેલ સુચનો ધ્યાનમાં લેવામાં આવશે નહી.

૨૫. રાજય ચૂંટણી પંચે કોર્પોરેશનના વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો છેવટનો કરતાં પહેલાં લોકપ્રતિનિધિત્વ ધારો, ૧૯૫૧ અન્વયે માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરુરી પરામર્શ કરશે.

તારીખઃ ૮/૪/૧૯૯૪.

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજય ચૂંટણી પંચ

INDEX

પત્રક નં.૪

લીંબડી નગરપાલિકા

જીલ્લો : સુરેન્દ્રનગર.

વોર્ડ નંબર	ઇલેકશન વોર્ડની હદનું વર્ણન.
૧	નેશનલ હાઇવે ૮ અ ની દક્ષિણ બાજુ આવેલ સર્વે નંબર ૭૮૫/૫ વાળી જમીન ત્યાંથી સર્વે નં. ૭૮૪ અંદર લઇને તેના ખુણાથી ડાબી બાજુ વળીને સર્વે નં. ૮૭૧, ૮૧૦ ત્યાંથી ૮૨૯ અંદર લઇ તેના ખુણાથી ડાબી બાજુ વળો ને ૮૪૪ અંદર લઇ ત્યાંથી સર્વે નં. ૮૪૯ ત્યાંથી ડાબી બાજુ વળીને સુરેન્દ્રનગર ભાવનગર જતી રેલ્વે ના પુલનો ઉત્તર તરફના છેડાથી ડાબી બાજુ વળી સર્વે નં. ૯૦૭ અંદર લઇ ત્યાંથી વોટરવર્કસનો વિસ્તાર અંદર લઇને આશ્રમ પાસેનો અવાડો અંદર થઇ ગઢની રાંગે રાંગે ગુજરાત ઇલેક્ટ્રીક સીટી બાર્ડની શહેરી વિસ્તારની ઓફિસ ત્યાંથી ગીરીકુંજ વાળું મકાન ત્યાંથી ડાબી બાજુ વળીને કાવા મુળા ભરવાડના મકાન ત્યાંથી માળીવાડ તરફ જતા રસ્તા મહેશ કાંતીલાલના મકાન થઇ દલિચંદ પટેલના મનજી ઓઘડના મકાન થઇ સુતાર ઘડુશીયાવાળા મકાન ખુણા સુધી ત્યાંથી ધંધુકા પ્રાંગધ્રા રોડ ઉપર બ્રાહ્મણ વિદ્યાર્થી ગૃહના ખુણાથી સર. જે હાઇસ્કુલ સુધી ત્યાંથી મહાત્મા ગાંધી રોડ જે સ્ટેશનરોડ તરફ જાય છે. તે રસ્તાની દક્ષિણબાજુ આવેલ બ્રાહ્મણની ભોજનશાળા સરકાર મોટી પોસ્ટ ઓફીસ ગરાશીયા બોર્ડિંગ, મિહિર ટોકીઝ, શક્તિ સોસાયટી, દિગ્વીજય પેલેસ, વિપુલ સોસાયટી, વિપુલ સોસાયટીના આથમણા ખૂણે આવેલ હરીજન સોસાયટી ત્યાંથી પ્રોફેસર સોસાયટી આથમણા ભાગે ટી. પી. સ્કીમ રોડને અંદર લઇને તેની અંદરનો વિસ્તાર અંદર લઇને નેશનલ હાઇવે ઉપર આવેલ અવન્તીકા વાળુ મકાન ત્યાંથી નેશનલ હાઇવે ઉપર ડાબી બાજુ વળિ સર્વે નં. ૭૮૫/૧ સુધી અને તેની અંદર આવતો તમામ વિસ્તાર જેવાં કે સહજાનંદ જીન, મીનીસ્ટીલ, પ્લાન્ટ, તેમજ તેના સ્ટાફ ક્વાટર્સ, ચુનારાવાડ, રેલ્વે સ્ટેશન તેમજ રેલ્વેના સ્ટાફ કવાટર્સ, ઇંગ્લીશ સ્કુલ, તેમજ તેના સ્ટાફને રહેવાના મકાનો તેની સામે બંધાયેલ હરિજન સોસાયટી મકાન, રામકૃષ્ણવાળા ઇન્ડસ્ટ્રીઝ તેમજ તેની આજુબાજુ બંધાયેલ મકાનો, શિવાગીની રાજપુત કન્યાશાળા તેમજ તેની આજુબાજુ બંધાયેલ મકાનો, ભગવાન દાસના મકાનને નામે ઓળખાતું મકાન તેમજ તેની અંદર આવતા તમામ મકાનો, વિદ્યાનગર સોસાયટી, લીંબડી નગરપાલિકા કર્મચારી કો.ઓ.સોસાયટી તેની પછવાડે બંધાયેલ સોસાયટી, નવી બંધાયેલ વોરા સોસાયટી, તેમજ વિપુલ સોસાયટી પાસે આવેલ પણકર સોસાયટી ત્યાંથી વોટરવર્કસ જતા આવેલ હરીજન સોસાયટી વોટર વર્કસ સ્ટાફ ક્વાટર્સ તેમજ જુના ઇલેકટ્રીક સીટી બોર્ડના મકાનો તેમજ તેની પછવાડે બંધાયેલ મકાનો ચરપાળીયાના મંદિર તેમજ, તેની આગળ બંધાયેલ મફતીયુ પરુ, કબીર આશ્રમ પાસે આવેલ બહુચરાજીનું મંદિર તેમજ તેની આજુબાજુ બંધાયેલ મકાન, આશ્રમના ચવાડ તેની પછવાડે બંધાયેલ મકાન જગદીશ આશ્રમ રામટેકરી મંદિર નવો ભરવાડવાસ જુનો ભરવાડવાસ, ગરાસીયાલોર્ડિંગ, પાઠળ બંધાયેલ ભરવાડબાગ, તેમજ શક્તિ સોસાયટી પછવાડે બંધાયેલ ભરવાડવાસ, મેલડીમાનું મંદિર વિપુલ સોસાયટી તેમજ તેની પછવાડે બંધાયેલ સોસાયટી, આનંદપાર્ક, ગીરીરાજ રો. હાઉસીંગ, અલકાપુરી, તેમજ મ્યુનિસિપલ કર્મચારી કો. ઓ.સોસાયટી સામે બંધાયેલ તમામ મકાનો.
૨.	નેશનલ હાઇવેની દક્ષિણ બાજુ આવેલ સરકારી સરકીટ હાઉસની અંદર લઇને નર્મદા ક્વાર્ટસ થઇને પ્રોફેસર સોસાયટી ત્યાંથી ડાબી બાજુ સ્ટેશનથી વિશ્રામગૃહ તરફ જતાં રસ્તા, નવયુગ કો.ઓ.સોસાયટી

INDEX

વોર્ડ નંબર	ઇલેકશન વોર્ડની હદનું વર્ણન.
	ઉપર થઇ દિગ્વીજયસિંહ બાગ થઇ ક્રીકેટ ગ્રાઉન્ડના મેદાન થઇ સરકારી ગેસ્ટ હાઉસ ત્યાંથી ડાબા હાથે વળીને તાલુકા પંચાયત ઓફીસની પશ્ચિમની દિવાલો સામેનો રસ્તો રણછોડ ભરવાડ તેમજ ખોડાભાઇ ભરવાડ તેમજ જેસીંગભાઇ ભરવાડનાં મકાન વાળો વિસ્તાર ત્યાંથી ચંપકભાઇ સોનીનાં મકાન થઇને ફતેહસિંહ જીનીંગ એન્ડ પ્રેસીંગનાં દરવાજે ત્યાંથી ડાબી બાજુ વળીને ધંધુકા-ધ્રાંગધાં તરફ જતાં રસ્તા ઉપર થઇને નેશનલ હાઇવે નં.૮ એના નાળા સુધી ત્યાંથી ડાબી બાજુ વળીને નેશનલ હાઇવે-૮-અ ની દક્ષિણ બાજુ આવેલ સર્વોદય પેટ્રોલ પમ્પ તેમજ ઠાકરશી પટેલનાં ભડીયા અને તેની અંદર આવતો તમામ વિસ્તાર જેવો કે નર્મદા પ્રોકેનાલનાં સ્ટાફ ક્વાટર્સ સરકારી છત્રીસ ક્વાટર્સ પ્રોફેસર સોસાયટી કૃષ્ણનગર, માધવનગર સોસાયટી, નવયુગ સોસાયટી, મીલ સોસાયટી, તલસાણીયા ઉજમશી ઓઘડ સ્થાનકવાસી વિદ્યાર્થી ભવન સરકારી રેસ્ટ હાઉસ, ફતેહસીહજી જીનીંગ પ્રેસીંગની અંદર આવેલ સ્ટફ સ્વાટર્સ, સૌરાષ્ટ્ર સ્પીનીંગ મીલનાં સ્ટાફ ક્વાટર્સ સ્પીનીંગમીલ તબેલા સોસાયટી મીલ ક્વાટર્સ, મીઠીના હનુમાન તેની આજુબાજુ આવેલ પફતીયું પરુ કેનાલ ઉપર આવેલ દુકાનો ડૉ. ભટ્ટનું દવાખાનું તેમજ તેની આજુ બાજુ આવેલ તમામ મકાનો ગાયત્રી સોસાયટી તથા તેની પાછળનાં મકાનો તથા વિસ્તાર વિગેરે.
૩.	નેશનલ હાઇવેની ઉત્તરે આવેલ ૨૨૦ કેવી. સબ સ્ટેશનનો વિસ્તાર અને તેની અંદર આવેલ સ્ટાફ ક્વાટર્સ અંદર લઇને ત્યાંથી એટલે કે સબ સ્ટેશનથી આથમણી સાઇડથી નેશનલ હાઇવેના દક્ષિણ બાજુ લઇને મુસ્લીમભાઇઓના કબ્રસ્તાન આગળ થઇને નવી બંધાયેલ ભીમનાથ સોસાયટી ઉગમણી સાઇડ પાસે કુંભારવાડામાં આવેલ હાથીખાનાના નામે ઓળખાતી જગ્યાને અંદર લઇને બેચર કુબેરના તેમજ મોતીભાઇ કુંભાર નાના મકાનો અંદર લઇને લાકડીના મકાન થઇને ભીમનાથ થઇને ભીમનાથ રોડથી હોસ્પીટલ તરફ જતા ડાબી સાઇડમાં ભીમનાથ પરાના નામે થઇ ગાંડા બેચરની લત્તી થઇને મગનભાઇ મિસ્ત્રીની દુકાન થઇને કીર્તીકાન્ત પોપટલાલ ધર્મશાળા ત્યાંથી પોલીસ સ્ટેશન થઇને મોચીશાળ રોડ ઉપર જતા રસ્તા ઉપર દયારામભાઇની લાતી ત્યાંથી દયારામભાઇ તેમજ વાલજીબાઇના મકાન થઇને ડોસલ ભગવાનના મકાન થઇને મંદિર પરાની અંદર જતા ડાબી સાઇડમાં મંદિર પરાનું મંદિર માધા ગોવાનો આંચો, મનજી રામજીનો ખાંચો, ત્યાંથી વચલા પરા તરફ જતા ડાયભાઇ કુંબરભાઇનો ખાંચા થી વચલા પરાના ચોકમાં થઇને તથા ત્યાંથી શેખડાફળીના ખાંચા થઇને મોટાવાસના નાકાથી દાખલ થતા વાલજી રામજીના મકાન થઇને તેની લાઇનમાં આવેલ ભોજા રામાના મકાન ત્યાંથી પરસોત્તમ મહારાજના મકાન થઇન નથુ રત્નાનું મકાન ગોવીંદ દુદાનું મકાન તેમજ હીરા મોતી રાજ સમશાનવાલો ખાંચો ખાટકી દિન મહમદવાલો ખાંચો વણકર જ્ઞાતિની વાડી, વાળું મકાન થઇને બાલુબા મેટરનીટી હોસ્પીટલ કમ્પાઉન્ડ પૂર્વ બાજુ બુધા રામજી, નાગજી પશવાનું મકાન ઉત્તર તરફના ખાંચામાં આવેલ હરીજનભાઇઓના મકાન અંદર લઇ બાલુબા મેટરનીટી હોમની દક્ષિણ બાજુ જે મ્યુનિ.ના જાહેર જાજરુ આવેલ છે. તે બહાર રાખી બાલુબા મેટરનીટી હોમના ખુણાથી ડાબી બાજુ રા.રા. હોસ્પીટલની કમ્પાઉન્ડ તેમજ બા.મે.હોમની છેવાડાની કમ્પાઉન્ડ વોલ અંદરલઇને મ્યુનિ, મટનમાર્કેટ અંદર લઇને ખારા વાસ તેમજ તેની અંદરની સોસાયટીઓ તેમજ ભારત જીનીંગ મીલની પાસેનો વિસ્તાર બાગે ફીરદોશ રહેમતબાગ, સંજીવની રેસ્ટોરન્ટ, પાસે થઇને ૨૨૦ કે.વી.ના પૂર્વ તરફનો ભાગ જેવા કે મંદિરપરા, વચલાપરા, મતાદારનો આંચો, સતવારા જ્ઞાતિ ની ભોજનશાળા, પાઠળનો વિસ્તાર દયારામભાઇની લાતી પાછળનો વિસ્તાર, ખાડીયાપરામાં ગાંડા હરીના મકાન વાલો વિસ્તાર, પોલીસ લાઇન ક્વાર્ટસ, આર.આર. સ્ટાફ ક્વાટર્સ,

INDEX

વોર્ડ નંબર	ઇલેકશન વોર્ડની હદનું વર્ણન.
	ઓરડીઓ ચમનબાગ પાસેનો વિસ્તાર ભીમનાથપરા, વાઘરીવાડ, નવો ભંગીવાસ તથા તેની પૂર્વ બાજૂ નવા બંધાયેલ મકાનો જુનુ ભંગીવાસ, હાડકોણ, બેચરકુબેરના મકાન પાછલનો વિસ્તાર, રળોલના ઉતારા પાસેના ભાગ, લાકડાયાના ઘર તથા તેની પાસેનો વિસ્તાર અને રમેશ પરસોતમના મકાન તેમમ જેરામ માસ્તરના મકાનની લાઇન ઉપરના મકાન ખાડિયા પરામાં આવે ગાંડા હરીના મકાન થઇન વિ. અંદર લઇ બાલુબા મેરટનીટી હોમની કમ્પાઉન્ડ વોલની ઉગમણા તેમજ.
૪.	નેશનલ હાઇવેની ઉતરબાજુ આવેલ સંભવનાથ પેટ્રોલ પંપથી નેશનલ હાઇવે દક્ષિણબાજુ ફ્રાંગધ્રા ધંધુકા તરફ જતા રસ્તાની ડાબી સાઇડમાં નવા એસ.ટી.સ્ટેન્ડ, વ.લી.,સ.નાકાની ઉગમણી સાઇડ પર આવેલ ગાયત્રી મંદિર અંદર લઇને તળાવની પાળે પાળે બળેવીયા કોઠા થઇને ત્યાંથી પરાગ આઇસ કેન્ડી પાસે થઇને ઝવેરીયા કુવા સામે આવેલ આરેથી ઝવેરીયા કુવા, ઉસ્માનભાઇ ચસ્માવાળાના મકાન થઇને ચબુતરાવાળી દુકાન ત્યાંથી ચુડાવાળાની દુકાન ત્યાંથી જાંબુવાળાના મકાને થઇને ડાહ્યાભાઇ મોઠ બ્રાહ્મણની દુકાન થઇને ગાંડાભાઇ ભોજાભાઇની કેબીન થઇને પોલીસ સ્ટેશન સામે શાળા નં. ૬ થઇને હોસ્પીટલ સામેની પાણીની ટાંકી થઇને સોંડાભાઇ રામજીભાઇના મકાન થઇને ગણપતભાઇ શંભુભાઇની લાતીના નામે ઓળખાતા ડેલા થઇને ભલગામડા શાળા નં. ૭ ત્યાંથી અંકેવાળીયાવાળા દરબારના મકાનના ખુણા થઇને કરશનભાઇ સાપરાના મકાન થઇ કુંભાર જ્ઞાતિની વાડી થઇને ભીમનાથ સોસાયટી, ઉમૈયાપાર્ક સોસાયટી, વિ.અંદર લઇને નેશનલ હાઇવે થઇને સંભવાનાથ પેટ્રોલ પંપ સુધીનો વિસ્તાર જેવા કે ભીમનાથી સોસાયટી ઉમૈયાપાર્ક, શીવ આશિષ, હરીદર્શન, ગાયત્રી મંદિર અન્નક્ષેત્ર, શીવાભાઇ માળીનો બગીચો, કૃષ્ણબાગ, રાજ સમસાન, ભીલવાડો, કુંભારવાડો નગરવાલિકા શાળા નં. ૭ની પાસે આવેલ કણબીવાડ પરજીયાવાડ, કોઠારી શેરી, રાધેશ્યામ મંદિરનો ખાંચો, દવલશા શેરી, ખોજા શેરી, ખાનાશેરી, સૈદ મહોલ્લા, ભુત શેરી, ભીમનાથ મંદિરના પાછળનો વિસ્તાર, માનસ ચોક, સઇ સુથારની વાડી, દલસુખભાઇ પદમશી પાછળનો વિસ્તાર ચત્રભુજ અમરશી પાસેનો વિતાર, વાળંદ જ્ઞાતિની વાડી, તેની પાસેનો વિસ્તાર, ખોજા મસ્જીદ દોલત સાગર તળાવની ફરતી પાળ.
૫.	મંદિરપરાના નાકે રણછોડભાઇ ખાંદલાની પાનની દુકાન થઇને રામજીભાઇ ટાભાના ગઢની રાંગે આવેલ મકાન થઇને ગઢની રાંગે રાંગે જુની સ્મશાન છાપરી થઇ રતનશી ગંગરામભાઇના કારખાના થઇ ખાખ ચોક મંદિર પાસેનો વિસ્તાર તેમજ તેની પાછળ બંધાયેલ નવી સોસાયટી તથા બચુભાઇ વીરાભાઇએ બાંધેલ ગાંધી સોસાયટી, તથા તેની પુર્વ બાજુ નવા બંધાયેલ મકાનો થઇ મોટાવાસ પાછળની વિવેકાનંદ સોસાયટી તથા બાલુબા મેટરનીટી હોમની કમ્પાઉન્ડ વોલવાળાની દક્ષિણમાં બંધાયેલ મકાનો, બાલુબા મેટરનીટી હોમની કમ્પાઉન્ડ હોલ બહારરાખી મુળા હીરાવાળા મકાનના ખુણાવાળો ભાગ બહારરાખી ત્યાંથી મ્યુનિ.ના ૬૩ બેઠકના જાજરુ અંદર લઇને મટન માર્કેટ પાઠળ થઇને મોટાવાસમાં આવેલ લખમણ રામાવાળા મકાનની લાંઇને તેમજ રાઠોડના મકાનની લાઇન મરજીવા લાલજી વાળી લાઇન બ્રાહ્મણ ફળી ચાવડા બાપાવાલો વિસ્તાર તેમજ વિવેકાનંદ સોસાયટીવાલો જે મ્યુનિસિપાલીટી જાહેર જાજરુની દક્ષિણ બાજુ આવેલ છે. તે વિસ્તાર સતવાળા ચીકાભાઇ ભાણાભાઇના મકાન થઇને વચલાપરા ગરબીના ચોકમાં ગમનભાઇ મોતીભાઇની દુકાન થઇ ઝવેરભાઇ લવજીભાઇના મકાન થઇને મતાદારના ખાંચા થઇને શક્તિ સહાય મંડળની ઓરડી પાસે થઇને દયારામ ગોવાભાઇના મકાન થઇને દગદીશ હમીરભાઇના મકાન થઇને મગન પુનાભાઇના મકાન થઇને રણછોડભાઇના ખાંદલાની પાનની દુકાનની અંદર આવતો

INDEX

વોર્ડ નંબર	ઇલેકશન વોર્ડની હદનું વર્ણન.
	તમામ વિસ્તાર જેવો કે ભગતનો ખાંચો ગાંડાભાઈ ઘડીઆળીના મકાનની આજુબાજુનો વિસ્તાર, હરીભાઈ ડોરીયાના મકાન આજુબાજુનો વિસ્તાર, ચમારવાસ, કુબેરદાસના મકાનવાળી લાઈનો, ખાટકીવાડ, કોળીવાડ, પાનખાડમધુરાપરા, પગીપાડ, મોટાવાસ, બ્રાહ્મણ ફળી, વિવેકાનંદ સોસાયટી, તેમજ ખાખચોક મંદિરથી ચોરણીયા માર્ગ તરફ સર્વે નં. ૨૧ ત્યાંથી ૧૪૫/૫ અંદર લઈને ત્યાંથી સર્વેનં . ૧૭૭ માં ખુણા અને સર્વે નં. ૧૭૭ અંદર લઈને સર્વે નં. ૫૪૮ને અંદર લઈને તેના ખુણાથી લઈ ડાબા હાથે વળીને નેશનલ હાઈવે ૮ અ તરફ જતા સર્વ નં. ૨૫૮ અંદર લઈ ત્યાંથી અમદાવાદ-રાજકોટ તરફ જતા નેશનલ હાઈવેની ડાબી બાજુવાળા ૨૪૮ અંદર લઈ ૨૪૫ ને બહાર રાખી સર્વે નં. ૨૪૩, ૨૪૪, ૨૩૫, વિ. અંદર લઈ આ સર્વ નંબર અંદર આવતો તમામ વિસ્તાર.
૬	ઝવેરીયા કુવાની દક્ષિણબાજુ આવેલ મારવાડની લાકડીની દુકાન પાસે થઈને ડાબી મોહનભાઈ થઈને દીલખુશ પરફ્યુમરી સ્ટોરની પાસે થઈ વોરા બ્રધર્સની દુકાન થઈને રસિકભાઈ પરીખ માર્ગ ની ડાબી સાઈડપંચનાથ મહાદેવ થઈને મીના સ્ટોર સોની જ્ઞાતિની વાડી ત્યાંથી મહાલક્ષ્મી ફર્ટીલાઈઝર થી મોરભાઈના ડેલા ચોક તરફ જતા ડાબી સાઈડે પાળીયાવાળી શેરી ડેલીવાળા માસ્તરના મકાન થઈને મુદ્દલાબેન કોઠારીના મકાન થઈને ત્યાંથી ખંધાપરા તરફ જતા નરેન્દ્રભાઈ રતિલાલના મકાન થઈને રજનીકાન્ત પોપટલાલનું મકાન થઈને રજનીકાન્ત પોપટલાલનું મકાન કંસારા જ્ઞાતિની વાડી નુતન દેરાસરની સામે કંસારા બજારની ડાબી સાઈડ તરફ ચાલી મહાવીર ટ્રાન્સપોર્ટ થઈને ગીધાભાઈ કંદોઈની દુકાન થઈને ઈન્દુભાઈ કંસારાની દુકાનના ખૂણાથી પાંજરાપોળનો પાણીની ટાંકીનો ખૂણો, લાધાજી સ્વામી પુસ્તકાલય, પુરીબાઈ ધર્મશાળા, થઈને શીવાભાઈ રાઠોડના મકાનનો ખૂણો ત્યાંથી હોસ્પીટલ રોડ તરફ જતા ડાબી સાઈડે આવેલ દાસભાઈ રાઠોડના મકાનો ડો. રાવલ સાહેબનું દવાખાનું દુર્ગાવુડ વર્કસ, બબનભાઈની ધંટી, પાસે થઈને ખારા કુવા પાસે થઈને રામદેવ પીર ખાંચા થઈ ગાંજાવાળી શેરી, કામદાર શેરી, બહુચરાજી મંદિર, ઝવેરીયા કુવા, શેરીના નાકે આવેલ એમ. સૈકુદીનભાઈની દુકાન પાસે થઈને મારવાડાની લાકડીવાળાની દુકાન સુધી આની અંદર આવેલ વિસ્તાર જેવો કે અજરામરજી માર્ગ, મોટા ઉપાશ્રય પાસેનો વિસ્તાર ગોલારાણા શેરી, કડીયા મંદિર પાસે, ચોરાપા, મસ્જિદ, રુવાવાળો ખાંચો, બોરડીવાળો ખાંચો, આચાર્યપા, ગાંજાવાળી શેરી, રામદેવપીર મંદિરવાળો વિસ્તાર તથા દુર્ગા વુડની આજુબાજુના વિસ્તાર, દેરાસર પાસે આવેલ, સાંકડી ગલી, ખંધારપા વિસ્તાર વૈદશેરી, નાગર ભાભાના ડેલાવાળો ભાગ, સખીનો મંદિર મુહુર્ત પોળ, પ્રાણલાલ મગનલાલનો ડેલો તથા નગરપાલિકા શાળાનં.૨ ના બીજા ભાગનો વિસ્તાર પાળીયાવાળી શેરી, શાકમાર્કેટ, પાસેનો વિસ્તાર.
૭	ડોકટર બાબા સાહેબ આંબેડકરના સ્ટેચ્યુ આંબેડકરના સ્ટેચ્યુ થી ફુલચંદલાલ ચંદવા પેટ્રોલપંપ (ફતેહસિહ જીન સામેના) ત્યાંથી સ્વસ્તિક સોસાયટીના ખૂણા ઉપર આવેલ સમલાવાળા દરબારનું મકાન દિવાકર માસ્તરનું મકાન, ચંપકભાઈ સોનીના મકાન થઈને તેમના મકાન પછવાડે આવેલ સીટીસર્વે વાળા મકાન નં.૩૬૯૪ થી ૩૧૯૦ ત્યાંથી સ્થાનકવાસી જૈન વિર્ધાથીગુહ ઉતર તરફની વડી થઈ તાલુકા પંચાયત ઓફીસ ત્યાંથી જુનુ ડી.ડી.સીંગ ગેરજવાળુ મકાન ત્યાંથી ડાબા હાથે વળી સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર થઈ મીડલ સ્કુલના ખુણે ત્યાંથી જમણા હાથે વળી ધ્રાંગધા ધંધુકા રોડ જે આશ્રમ તરફ જાય છે. તે રસ્તા ઉપર મુળજીભાઈ વેદ રાજના ઘર તરફ વળી ને માળીવાડ તરફ જતા રસ્તાની ડાબી બાજુ વળીને માળીવાડથી રેવાંશંકરભાઈ વૈદરાજના મકાન સુધી ત્યાંથી ગીરીકુંજના દરવાજાની ઉત્તર બાજુ આવેલ પટેલના મકાન સુધી ત્યાંથી પશુ દવાખાના થઈને નોમાનભાઈની દુકાનથી જશંવતસિંહજી ફી લાયબ્રેરી દુર્ગાગેસ્ટ હાઉસ,

વોર્ડ નંબર	ઇલેકશન વોર્ડની હદનું વર્ણન.
	લીંબડી વિભાગીય નાગરીક સહકારી બેંક વાળુ મકાન, સીમેન્ટવાળું મકાન, વાલજીભાઈનો ડેલો, દુર્ગા નિવાસ, શાંતિ સદન નવી પંજાબ નેશનલ બેંકવાળું મકાન, દીપચંદભાઇ ગટોરભાઈનું મકાન, હરી નિવાસ વ્હાઇટ હાઉસ, ત્યાંથી ત્રિભોવન પેટ્રોલ પંપ થઈને ડોકટર બાબા સાહેબ આંબેડકરના સ્ટેચ્યુ સુધીની અંદર આવતો તમામ વિસ્તાર જેવોકે સ્વાસ્તિક સોસાયટી, કેદાર ભુવનવાળુ મકાન તેમજ તેની આજુબાજુ નો વિસ્તાર, પંચાયત ઓફીસર, સરકારી ગેસ્ટ હાઉસ, જુના જીનની ઓરડીના નામે ઓળખાતા મકાનો જીનપરૂ જગદીશ સોસાયટી, સર. જે. મીડલ જશંવતસિંહજી પ્રેસ ની પાછળ આવેલ કણબીવાડ, માળીવાડ, માળીવાડમાં આવેલ જુનુ જગન્નાથ મંદિર અને તેની આજુબાજુનો વિસ્તાર પટેલ ધરમશી લક્ષ્મણભાઈના ઘર પાસેનો માળીવાડનો વિસ્તાર, સીવામાળીના ઘર પાસેનો વિસ્તાર, હનુમાન પરા ચોક, જુની ખત્રીવાડ, તેમજ તેની પાછળનો વિસ્તાર ઘોડાગાડીવાળા અબ્દુલભાઈના ઘર પાસેનો વિસ્તાર જુની સોસાયટી ચંપા નિવાસ, સ્ટેશન માસ્તર સદાશીવ માસ્તરના મકાન તેમજ તેની પાછળનો વિસ્તાર, ગોવિંદ પટેલનું મકાન તેમજ હાલ પાણી પુરવઠાની બેસતી ઓફીસ અને આ બન્ને મકાનની વચ્ચે આવતો વિસ્તાર અનુપમ બિલ્ડીંગ તેમજ દીપચંદભાઇ ગટોરભાઈના મકાન વચ્ચે આવતો જુની સોસાયટીનો વિસ્તાર વ્હાઇટ હાઉસવાળુ મકાન તેમજ કુલચંદ લાલચંદનો પેટ્રોલ પંપ તેમજ આ બન્ને આવતો વિસ્તાર સુચિત કાર્ટ બિલ્ડીંગવાળુ મકાન તેમજ ફસ્ટ કલાસ મેજીસ્ટેટ સાહેબનો બંગલો શકિત ગેસ્ટ હાઉસ તેમજ ત્રિભોવન પેટ્રોલ પંપ વાળુ મકાન
૮	શુકલ સદનના ખુણાથી ત્યાંથી ડાબી સાઇડે ગ્રીનચોક તરફ જતા લુહાર સુથારની ભોજનશાળા પરમાર બિલ્ડીંગ, જનકસિહના મકાન થઈને યોગી મશીનરી માર્ટ, ભલાભાઈની દુકાન, ભાવના ઇલેકટ્રીક સ્ટોર્સ, ગ્રીન ચોકની પોલીસ ચોકી થઈને મહાત્મા ગાંધી રોડ, ઉપર જવાહર રેસ્ટોરન્ટ, તરફ જતા લેડી વિલીંગ સ્કુલનો ખાંચો, જયહીન્દ સ્ટુડીયો, બાપાવાળા રસ્તા ઉપર થઈને મહાલક્ષ્મી રોડ ઉપર આવેલ જવાહર રેસ્ટોરન્ટ, જગદીશ યાજ્ઞીક વકીલની ઓફીસ ત્યાંથી ભટ્ટ શેરી તરફ જતા ડાબી બાજુ હાતીમભાઈના મુકદલ મંઝીલ થઈને ડાયાભાઇ ભટ્ટના ખાંચા થઈને મનહરભાઈ પંચાસરાના મકાન થઈને ધનજીભાઈ ચોકના ખુણા ઉપર ચમનભાઇ ખાખીના નવા મકાન ખૂણા થઈને કનુભાઈ કંસારાના મકાન થઈને શ્રીનાથ ટાઇપ રાઇટીંગ થઈને રાજસ્ટુડીઓ થઈને મહાલક્ષ્મી ચોકના ખુણા ઉપર કનુભાઈ કંદોઈની દુકાન પાસે થઈને ફતેલી નવરંગ વસ્ત્ર ભંડાર થઈને શાળા નં ૨ પાસે થઈને જુની રાજપુતાના લોજ (શીવ શકિત કોમ્પ્લેક્ષ)નાં ખુણે થઈને જુના એસ.ટી.સ્ટેન્ડ થઈને ડગલીના દવાખાના ત્યાંથી સુરધન ડેરી ટસ્ટ્રખુણા થઈને પ્રભાત હાર્ડવેર થઈને, સુરેશભાઈ વકીલના મકાન થઈને શુકલ સદન આની અંદર આવતો વિસ્તાર જેવો કે લેકવ્યુ, ગણેશનાથ મહાદેવવાળો વિસ્તાર, લુહાર સુતારની ભોજનશાળા,પરમાર બિલ્ડીંગ, નાથનિવાસ વાળી ગલી, ધીરુભાઈ પટેલનો ખાંચો, જાની ફળી, ચીકરવાળો ખાંચો, ગોલેવરપા, આંબલી પા, નારુભા સાહેબનો ખાંચો, જગદીશ યાજ્ઞીકના ઘર પાસેનો વોરાવાડ નકટીપા, દેસાઈવાડ, તળાવ મહોલ્લા, મીરનો ખાંચો, ચંપા છાસવાળીનો ખાંચો, શીળી ડાકટરનો ખાંચો, શુકલપા, સ્વામીનારાયણ બૈરાના મંદિર, કડીયા શેરી, કાગદી શેરી, ડાયાહજુરીનો ખાંચો, જુના એસ.ટી. ડેપો પાસે વિસ્તાર ફતેલી પાસેનો વિસ્તાર તળાવ મહોલ્લા મસ્જિદ આજુબાજુના વિસ્તાર, સુરધન ડેરી ટસ્ટ્રપાછળનો વિસ્તાર, એચ.કે.કુમાર શાળા વિ.ગેરે.

INDEX

વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડની હદનું વર્ણન.
૯	ગ્રીન ચોકની પૂર્વ બાજુ આર્યપાન સેન્ટરથી અંબિકા પ્રિન્ટીંગ પ્રેસથી ડાબી સાઇડ તરફ જતા ખત્રી જ્ઞાતિની વાડી પાસે થઇને મટુમાની ગલી પાસે થઇને ઋતુરાજ પાસે થઇને ક્રાંગક્રા ધંધુકા રોડ ઉપર જતા રસ્તાની ડાબીસાઇડે રામનાથ મંદિર થઇને સુદામા કોટેજ ત્યાંથી નગરપાલિકા ઓફીસ સામે આવેલ ચબુતરા ત્યાંથી નવિનભાઇનું મકાન બળદેવ પરીના કોઠા ત્યાંથી ગઢની રાંગે રાંગે થઇને ગામના દોલતશ્રીજના ખુણા થઇને ઉટડી દરવાજાના નદીમાં ઉતારવાના ઢાળ થઇને ભવાની યુવક મંડળની ઓફીસ થઇને સંસ્કાર કેન્દ્ર પાસેથી પાંજરાપોળના ડેલાનો પૂર્વ ભાગ ત્યાંથી પુરીબાઇ ધર્મશાળા તરફ જતા ડાબી બાજુ મેરાભાઇ ભરવાડનું મકાન મુળજીભાઇ પનજીભાઇની વાડી લાધાજી સ્વામી પુસ્તકાલય મેરાઇ રતિલાલ લવજીની દુકાન પાનાચંદભાઇની દુકાનવાળી લાઇન જુની દેસાઇવાડના ખાચાં થઇ નુતન દેરાસર, ખંધારપાના રસ્તે જતા કાંતિભાઇ ખંધારનું મકાન ચક્કા ઇચ્છારામના ઘર પાસેના વિસ્તાર સુખલાલ માસ્તર ઘર પાસેનો વિસ્તાર ખંધારપાના બોરડીવાળા ખાચા થઇને મુળજીભાઇ નાગભાઇ ઓરડાવાળો ભાગ સુભદ્રાબેનના ઘર પાસેનો વિસ્તાર વૈદનાદેશી દવાખાનાના ખુણા થઇને મહાલક્ષ્મી મંદિર ધનજીભાઇનો ચોક, હાથીરામ મયાશંકરની ડેલી, મુગાભટ્ટની ગલીમાં થઇને કોઠાવાળા હનુમાન તરફ જતા ફાતેમાં મંઝીલ ત્યાંથી આઝાદ ચોકના ખુણા ઉપર આવેલ ડીસ્ટ્રીકટ કો.ઓ.બેંક પાસે એહમદ સીટી ફોજદારની ચા ની કેબીન પાસે થઇને લગડીવાળા મકાન થઇને સોનેજી બ્રધર્સની દુકાન થઇને નિર્મળ ડેલા થઇને માર્યપાન સુધીનો વિસ્તાર અને તેની અંદર આવેલ વિસ્તાર જેવો કે મટુમાની દેરી વિસ્તાર, કવીરાજની ગલી, નુરાજ પાછળનો વિસ્તાર, ખત્રીવાડ, ધાયજાવાડ, પલાણીયાપા મોટા મંદિર પાસેનો વિસ્તાર, ઉડી શેરી કાવેઠીયા શેરી, સંઘવી શેરી, સી.ટી. શાહના ઘર પાસેનો વિસ્તાર લીંબડીયાપા, બારીપા, સીંધીના ઉતારા પાસેનો વિસ્તાર, ગાંડા પગીનો ખાંચો, જુની મ્યુનિ. દાણાપીઠ વાળો ભાગ, સોનીપા શેરી, શેઠ ફરી, પીપળાપા, શેરી, મુળચંદ જીવરાજ કન્યાશાળા પાસેનો વિસ્તાર કોઠાવાળા હનુમાન પાસેનો વિસ્તાર, ગાંધી સ્મૃતિ મંદિર, હેપીડોર, કુમકુમ બિલ્ડીંગ, મારવાડાનો ડેલો પાંજરાપોળ, ઉટડી જકાત નાકાવાળો વિસ્તાર.

INDEX

રાજ્ય ચૂંટણી પંચ

ગુજરાત રાજ્ય

ગાંધીનગર

અનુસૂચિ-૨

લીંબડી નગરપાલિકાની કુલ વસ્તી : ૩૫૨૮૪

કુલ વોર્ડોની સંખ્યા : ૯

વોર્ડ દીઠ સરેરાશ વસ્તી સરેરાશ વસ્તી ૧૦ ટકા વધ ૪૩ ૧૨ મુજબ
સરેરાશ વસ્તી ૧૦ ટકા ઘટ ૩૫૨૮ મુજબ

બેઠકોની સંખ્યા : ૨૭

મહિલા બેઠકો : ૯ ૧ બેઠક અનુસૂચિત જાતિ
અનુસૂચિત આદિજાતિ માટે કોઇ નહીં.
૧ બેઠક પછાત વર્ગની મહિલા સહિતની.

અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા : ૪ પૈકી ૧ મહિલા માટે.

અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા : કોઇ નહીં.

પછાત વર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા : ૩ પૈકી ૧ મહિલા માટે

સામાન્ય બેઠક : ૧૩

અ.નં.	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી બીન અનામત	બીજી બેઠકની ફાળવણી મહિલા અનામત	ત્રીજી બેઠકની ફાળવણી
૧.	૧	૪૦૯૩	સામાન્ય	સામાન્ય	પછાત વર્ગ
૨.	૨	૪૧૧૪	સામાન્ય	સામાન્ય	અનુ.જાતિ
૩.	૩	૪૨૪૯	સામાન્ય	અનુ. જાતિ	પછાત વર્ગ
૪.	૪	૩૮૫૭	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૫.	૫	૩૯૫૨	સામાન્ય	સામાન્ય	અનુ. જાતિ
૬.	૬	૩૯૧૯	સામાન્ય	સામાન્ય	અનુ.જાતિ
૭.	૭	૩૫૮૩	સામાન્ય	પછાત વર્ગ	સામાન્ય
૮.	૮	૩૬૬૮	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૯.	૯	૩૮૫૭	સામાન્ય	સામાન્ય	સામાન્ય

સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ
ગાંધીનગર

તારીખ :- ૮-૪-૯૪

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

INDEX

Extra No.42 REGISTERED NO. G/GNR/2.

©

The Gujarat Government Gazette
EXTRAORDINARY
PUBLISHED BY AUTHORITY

VOL.XXXV FRIDAY, APRIL 8, 1994/ CAITRA 18, 1916.

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ

બ્લોક નં. ૯, ૬ ઠ્ઠા માળે,
નવા સચિવાલય, ગાંધીનગર.

ક્રમાંક : સમક : ૨૧૧૯ : ૯૪

સુરેન્દ્રનગર નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનુ સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ.

ભારતનાં સંવિધાનના ૭૪માં સુધારાને અનુલક્ષીને ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ ૧૯૬૩માં રાજ્ય સરકારે ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ ૧૯૯૩ અન્વયે મહત્વનાં સુધારા કરેલાં છે. આ અધિનિયમની કલમ-૬ પેટા કલમ-૪ અન્વયે નગરપાલિકાની ચૂંટણી, મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી પંચમાં નિહીત થશે, તેવી જોગવાઇ કરેલી છે અને રાજ્ય ચૂંટણી પંચે કલમ-૬ પેટા કલમ-૫ અન્વયે રાજ્ય સરકારે કરેલાં નિયમો અનુસાર અધિનિયમની જોગવાઇઓને આધીન રહીને ચૂંટણી કરવી જોઇએ.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ-૭ પેટા કલમ-૨ તથા કલમ-૬ની પેટા કલમ-૩ અન્વયે જાહેરનામા ક્રમાંક : કેવી : ૩૨૬:૯૩ એન.પી.બી : ૩૦૯૩:૫૬૪૬:૫૫: આર, તા.૧૮-૧૨-૯૩ જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તે અન્વયે સુરેન્દ્રનગર નગરપાલિકાને જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેના સન

INDEX

૧૯૯૧નાં વસ્તી ગણતરીના આખરી આંકડા પ્રસિદ્ધ થયા છે. તેના આધારે ૧૪ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. નગરપાલિકાના કાઉન્સિલરોની કુલ બેઠકો ૪૨ નક્કી કરવામાં આવી છે. જાહેરનામા અન્વયે અનુસૂચિત જાતિ તથા પછાતવર્ગ તેમજ મહિલા માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલી છે.

૩. ચૂંટણી પંચે અધિનિયમની કલમ ૭ પેટા કલમ ૨ ખંડ ૩ પેટા ખંડ: ખ અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુ.જાતી અનુસૂચિત આદિજાતી, પછાત વર્ગની તથા મહિલાની તરફેણમાં અનામત રાખેલા બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજ્ય સરકારે તેમના જાહેરનામા ક્રમાંક :કેવી:૪૯:૧૯૯૪ એન.પી.એલ ૪૫૯૩ :૩૬૫૫:એમ તા.૧૬-૩-૯૪. અન્વયે અધિનિયમની કલમ-૨૭૭ની પેટાકલમ-૨ તથા કલમ-૬ તથા ૭ અન્વયે વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણીના નિયમો ૧૯૯૪ અને હવે પછી નિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે બહાર પાડેલ છે.

૫. નિયમોના નિયમ ૨ અન્વયે નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે, કે શક્ય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોના વસ્તી એક સરખી રહે અને સામાન્ય વોર્ડની સરેરાશ વસ્તીથી કોઇ પણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહિ તે પ્રમાણે વોર્ડની રચના કરવાની રહે છે. આમ છતાં ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે, સ્થાનિક એક જુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને તુલનામાં લેતા ૧૦ ટકા વધુ વધ કે ઘટ કરીને વોર્ડની રચના કરી શકશે.

૬. પંચે નગરપાલિકાના વોર્ડોનાં સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે. તેમજ સને ૧૯૪૮ના સેન્સસ એકટ મુજબ સને. ૧૯૯૧ના વસ્તી ગણતરીનાં છેવટનાં પ્રસિધ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં શહેરની કુલ વસ્તી ૧,૦૬,૧૧૦ આવે છે. જાહેરનામા મુજબ શહેરને ૧૪ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૭,૫૭૯ ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતી પંચે તેના કાર્યાલયના અધિકારી કર્મચારીઓ મારફત ચકાસણી કરાવેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડનુ સીમાંકન કરવાનું ધાર્યુ છે તેમાં કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વસ્તી વધતી નથી કે ૧૦ ટકા થી વસ્તી ઘટતી નથી.

૮. શહેરનાં ૧૪ વોર્ડોને નિયમ ૩ ની જોગવાઇઓને ધ્યાનમાં લઈ આ સાથે અનુસૂચિ-૧માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે.આ સીમાંકન નક્કી કરવામાં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજૂથતા, નદી, રેલ્વેલાઈન, રોડલાઈન વગેરે કારણે બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને એકસરખા વોર્ડ ૧૪ બની રહે તે મુદ્દો વિચારણામા લઈ વોર્ડોનું સીમાંકન નક્કી કરેલું છે.

૯. નિયમોના નિયમ ૪ અન્વયે દરેક વોર્ડમાં ત્રણ કાઉન્સિલર ચૂંટવાના છે. નિયમ ૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક બિનઅનામત એટલેકે સામાન્ય બેઠક બની રહેશે. જ્યારે બીજી બેઠક મહિલા, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની મહિલા સહિત માટે અનામત રાખવાની છે. જ્યારે ત્રીજી બેઠક જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગને ફાળવવાની રહેશે અને તેવી ફાવળણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો તે બિનઅનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે.

૧૦. નિયમોના નિયમ ૬ અન્વયે અનુસુચિત જાતિ, અનુસૂચિત આદિજાતિની દરેક વોર્ડની વસ્તીની ટકાવારીનાં ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તી સંખ્યા વધુ હોય એટલે કે, ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, મહિલા બેઠક સહીતની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ વસ્તી હોય એટલે કે ટકાવારી ઊંચી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારીત કરેલ છે,

૧૧. જાહેરનામા અન્વયે શહેર માટે ૩ બેઠકો અનુસુચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે અને ૩ બેઠકો પૈકી ૧ બેઠક અનુસૂચિત જાતિ ની મહિલા માટે અનામત રાખવાનુ નિર્ધારીત કર્યુ છે.

INDEX

૧૨. પંચે એકઠી કરેલી માહિતી મુજબ શહેરનાં જુદા જુદા ૧૪ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	અનુ.જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ.જાતિની વસ્તીની ટકાવારી
૧.	૧૪	૮૩૨૮	૨૬૧૪	૩૧.૩૯
૨.	૭	૭૯૨૪	૨૨૫૭	૨૮.૪૮
૩.	૧૧	૭૭૪૮	૧૨૫૭	૧૬.૨૨
૪.	૧૨	૭૬૯૨	૮૧૦	૧૦.૫૩
૫.	૧૦	૭૪૨૦	૭૬૮	૧૦.૩૫
૬.	૧	૭૭૩૫	૩૨૧	૪.૧૫
૭.	૫	૬૯૪૨	૨૧૪	૩.૦૮
૮.	૯	૭૩૩૯	૧૩૪	૧.૮૩
૯.	૮	૭૧	૧૧૮	૧.૬૪
૧૦.	૩	૭૬૨૩	૭૫	૦.૯૮
૧૧.	૪	૭૩૩૯	૬૧	૦.૮૩
૧૨.	૬	૭૩૪૪	૪૫	૦.૬૧
૧૩	૨	૭૩૩૩	૩૩	૦.૪૫
૧૪.	૧૩	૮૧૬૧	૧૭	૦.૨૧

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં. ૧૪, ૭, તથા ૧૧ માં અનુસૂચિત જાતિની બેઠક નિયમોના નિયમ ૬: અ : હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે, અને તે મુજબ ફાળવવામાં આવે છે.

૧૪. અનુસૂચિત જાતિના મહિલા અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ જે વોર્ડોમાં આ વર્ગ માટે બેઠક ફાળવાઈ હોય તે વોર્ડની ટકાવારીનાં ક્રમમાં પ્રથમ આવતાં ત્રણ વોર્ડ પૈકી ત્રીજા વોર્ડમાં મહિલા બેઠક ફાળવવી તેમ પંચ માને છે. પરંતુ આ મુજબ ફાળવણી કરતાં પણ નિયમો અન્વયે દરેક વોર્ડમાં એક મહિલા એક સામાન્ય બેઠક ફાળવવાની જોગવાઈ છે. તેનું ખંડન ન થાય તેની તકેદારી રાખવાની રહે છે.

૧૫. અનુસુચિત જાતિની બેઠક વોર્ડ નં. ૧૪,૭ તથા ૧૧ માં નિયમોના નિયમ ૬:અ: અન્વયે ફાળવવામાં આવે છે. તે પૈકી મહિલા માટે બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

વોર્ડ નંબર	અનુસૂચિત જાતિ
૧૪	અનુસૂચિત જાતિ
૭	અનુસૂચિત જાતિ
૧૧	અનુસૂચિત જાતિ : મહિલા :

૧૬. જાહેરનામા અન્વયે સુરેન્દ્રનગર નગરપાલિકાની રચના માટે અનુસૂચિત આદિજાતિ માટે કોઇ બેઠક અનામત રાખવાનું નિર્ધારીત થયું નથી. તેથી અનુસૂચિત આદીજાતી માટે કોઈ બેઠક અનામત રાખવામાં આવતી નથી.

૧૭. જાહેરનામા ક્રમાંક : ખંડ :ગ :સીઃ મુજબ ચાર બેઠકો પછાતવર્ગો માટે ફાળવેલ છે. તે પૈકી એક બેઠક આ વર્ગની મહિલા માટે અનામત રખાઈ છે.

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪નાં નિયમ-૬ :બીઃ હેઠળ રાજ્ય ચૂંટણી પંચેપછાત વર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. જેના મહત્વનાં પ્રબંધ નીચે પ્રમાણે છે.

(૧) માન્ય રાજકીય પક્ષો તરફથી મળેલ માહિતીનાં અભ્યાસ પરથી જે શહેરનાં જે જે વોર્ડમાં પછાતવર્ગની વસ્તીનાં ધોરણને અનુલક્ષીને જે સર્વ સામાન્ય વોર્ડો હોય તે તે વોર્ડોમાં પછાતવર્ગ માટે અનામત બેઠક ફાળવવાની રહેશે.

(૨) મ્યુનિસિપલ ચીફ ઓફીસર તરફથી છેલ્લી ચૂંટણીમાં જે વોર્ડમાંથી પછાતવર્ગનાં ઉમેદવારો ચૂંટાઈને કોર્પોરેટર તરીકે પદધારણા કરતાં હતા, તે વોર્ડમાં ઉપર અનુક્રમ નં. ૧ માં જણાવેલ વોર્ડોમાં બેઠક ફાળવ્યા પછી નિયત સંખ્યા સુધીમાં ફાળવવાની રહેશે.

આથી સ્પષ્ટતા કરવાની કે, જુના વોર્ડોનું સીમાંકન અને નવા વોર્ડોના સીમાંકનમાં ફેરફાર હોય તો જુના વોર્ડોનો મોટા ભાગનો જે વિસ્તાર જે જે નવા વોર્ડનાં સીમાંકનમાં સમાવિષ્ટ થતો હોય તેવા નવા વોર્ડમાં પછાતવર્ગની બેઠક ફાળવવાની રહેશે.

(૩) પછાત વર્ગ માટે અનામત રાખેલી કુલ બેઠકો પૈકી ૧:૩ બેઠકો મહિલા માટે જાહેરનામા અન્વયે અનામત રખાઈ છે. આમ ત્રણ બેઠકો પૈકી એક બેઠક મહિલા માટે અનામત રાખવામાં આવી છે. આ મહિલાનું પ્રમાણ ૧:૩ રહે છે. તેથી તાર્કીક રીતે વિચારતા દર ત્રણ બેઠકો પૈકી ત્રીજી બેઠક મહિલા માટે ફાળવવી તેમ પંચ સ્વિકારે છે.

(૪) પરંતુ જો આ રીતે વોર્ડમાં પછાત વર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિ માટે મહિલા બેઠક ફાળવી હોય તો તે વોર્ડને બદલે તે પછી અનુક્રમે જે વોર્ડ આવે તે વોર્ડમાં પછાતવર્ગની મહિલા બેઠક ફાળવવી.

માન્ય રાજકીય પક્ષોને પંચ તરફથી નગરપાલિકાઓના કયા વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવી તે અંગે સુચનો મોકલવા આ કાર્યાલય તરફથી વિનંતી કરવામાં આવેલ. પરંતુ કોઈ માન્યરાજકીય પક્ષ તરફથી હજુસુધી સુચન કરવામાં આવ્યા નથી.

પંચે અપનાવેલા માપદંડ મુજબ ચીફ ઓફીસર પાસેથી ગત ચૂંટણીમાં પછાતવર્ગનાં કાઉન્સિલરો જુના કયા વોર્ડમાંથી ચૂંટાયા હતા. અને તે સમગ્ર વોર્ડોનો કે તે વોર્ડોના મોટા ભાગના વિસ્તાર નવા કયા વોર્ડમાં સમાવિષ્ટ થાય છે. તેની માહિતી મેળવવામાં આવી છે. માહિતી ચકાસતાં ગત ચૂંટણીના તે વોર્ડના કુલ તેમાંથી પછાત વર્ગના ચૂંટાયેલા ઉમેદવારો સંબંધી ચીફ ઓફીસરશ્રીએ જે માહિતી આપી છે, તે નીચે મુજબ છે.

INDEX

અ.નં.	ગત વોર્ડનો નંબર	તે વોર્ડની કુલ બેઠકો	તેમાંથી બક્ષીપંચના ચુંટાયેલા સભ્યો	જુના વોર્ડના વિસ્તારનો નવો વોર્ડ
૧.	૨	૨	૨	૧૦
૨.	૬	૩	૨	૨
૩.	૯	૨	૧	૫
૪.	૧૦	૩	૧	૬
૫.	૧૧	૩	૧	૧૧

આ માહિતી પરથી ફલિત થાય છે કે, નવા વોર્ડ નં ૧૦ માં જુના ૨ નંબરના વોર્ડની ૧૦૦ ટકા બેઠકો પછાતવર્ગને મળી છે. જુના વોર્ડ નં. ૬ ની ૬૬ ટકા બેઠકો પછાતવર્ગને મળી છે. જુના વોર્ડ નં. ૯ ની ૫૦ ટકા બેઠકો પછાતવર્ગને મળી છે.જ્યારે વોર્ડ ન. ૧૦ તથા ૧૧ ની ૩૩ ટકા બેઠકો પછાતવર્ગને મળી છે.

નિર્ધારીત સંખ્યા સુધીમાં પછાત વર્ગ માટે બેઠકો ફાળવવાની રહે છે. જેથી નવા વોર્ડ નં. ૨, ૫, ૬ અને ૧૦ માં પછાતવર્ગ માટે બેઠકો અનામત રાખવાનું પંચ મુનાસીબ માને છે. તેથી વોર્ડ ન. નં. ૨, ૫, ૬ અને ૧૦ માં પછાતવર્ગ માટે બેઠકો અનામત રાખવાનું પંચ ઠરાવે છે.

૧૯. આ પ્રમાણે અનુસુચિત જાતિ તથા પછાત વર્ગની મહિલા અનામત બેઠકની ફાળવણી કર્યા પછી મહિલા અનામત બેઠક અને સામાન્ય ઉમેદવારોને બાકી રહેતી બેઠક ફાળવવામાં આવે છે.

૨૦. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને નિયમોનાં નિયમ-૩ અન્વયે શહેરોને આ સાથે સંલગ્ન અનુસૂચિ-૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે. અને આ સાથે અનુસૂચિ-૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

૨૧. આ પ્રમાણે વોર્ડોનું વિભાજન હદરેખા નકકી કરવાનું અને વોર્ડની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

૨૨. ઉપર પ્રમાણે વોર્ડોનું વિભાજન હદરેખા નકકી કરવામાં આવે છે. અને ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે. તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે. અને તે સામે કોઈપણ શખ્સને જાહેર જનતાને સલાહ સુચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૫ દિવસમાં રાજય ચૂંટણી પંચ બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા. મુદત વિત્યે આવેલ સુચનો ધ્યાનમાં લેવામાં આવશે નહી.

૨૩. રાજય ચૂંટણી પંચે નગરપાલિકાના વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો છેવટનો કરતાં પહેલાં લોકપ્રતિનિધિત્વ ધારો ૧૯૫૧ અન્વયે માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરુરી પરામર્શ કરશે.

તારીખઃ ૮/૪/૧૯૯૪.

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજય ચૂંટણી પંચ

INDEX

અનુસુચિ-૧

પત્રક-૪

સુરેન્દ્રનગર સંયુકત નગરપાલિકા

જિલ્લો : સુરેન્દ્રનગર

વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડની હદનું વર્ણન
(૧)	ભોગાવાના મધ્ય બિંદુથી ઉત્તર તરફ ચાલતા પથિકાશ્રમના દક્ષિણ પશ્ચિમ તરફના ખુણા સુધી ત્યાંથી શરુ કરી ભોગાવાના કાંઠે પૂર્વે ચાલતા થોર્નલી કમ્પાઉન્ડ, પોસ્ટ ઓફિસ પાછળ ડો. ચંદુભાઈ રોડ શેરી નં. ૩ ના દક્ષિણ પશ્ચિમ ખુણા સુધી ત્યાંથી, ઉત્તરે ચાલતા ડો. ચંદુભાઈ રોડ શેરી નં. ૩ના દક્ષિણ પશ્ચિમ ખુણા સુધી ત્યાંથી, પશ્ચિમે ચાલતાં શ્રી કલેકટર ઓફિસના ખુણા સુધી, ત્યાંથી ઉત્તરે ચાલતાં મીલ બંગલા સામેના ખુણા સુધી, ત્યાંથી પશ્ચિમે ચાલતાં દાળમીલ રોડ, આરાધના, સંગમ ત્થાઅન્ય સોસાયટી આવરી લઈ દાળ મીલ સામેના ખુણા સુધી ત્યાંથી દક્ષિણે ન. પા. ની હદે હદે ચાલતાં ભોગાવાના મધ્ય બીંદુ સુધી ત્યાંથી પૂર્વે ભોગાવાના મધ્યબીંદુ કાંઠે કાંઠે ચાલતાં પથિકાશ્રમના ખુણા સુધી.
(૨)	દુધરેજ રેલવે ફાટક આગળ ભગુભાઈ ચાવડાના મકાન સામેના ખુણાથી પશ્ચિમે ચાલતાં દાળમીલના ખુણા સુધી ત્યાંથી ઉત્તરે ન.પા.ની હદે હદે ચાલતાં રેવન્યુ સ.નં. ૪૯૧ ના ઉત્તર તરફના ખુણા સુધી ત્યાંથી પૂર્વે ચાલતા દુધરેજ રોડ, ચુનાના ભઠ્ઠા સામેના ખુણા સુધી, ત્યાંથી દક્ષિણે ચાલતાં ભગુભાઈ ચાવડાના ઘર સામેના ખુણા સુધી.
(૩)	દુધરેજ ફાટક ચાવડા મીકેનીકથી શરુ કરી ઉત્તરે ચાલતાં રામકુટીર આગળ નવાબખાન મુન્નાખાનની દુકાનના દક્ષિણ તરફના ખુણા સુધી ત્યાંથી પશ્ચિમે ચાલતાં ન.પા.ની હદ સુધી ત્યાંથી ઉત્તર-પૂર્વ તરફ ન.પા. ની હદે હદે ચાલતાં રેવન્યુ સર્વે નંબર ૬૦૫ ના ઉત્તર-પૂર્વ ખુણા સુધી ત્યાંથી દક્ષિણે ચાલતાં અંબામીકેનીક વર્કસ સામેના રોડના ખુણા સુધી ત્યાંથી પૂર્વ ચાલતાં જવાહર સોસાયટી આવરી લઈ શ્રી જશુભાઈ ભદ્રેસીના ફલેટ સુધી ત્યાંથી દક્ષિણ પશ્ચિમ તરફ ચાલતાં જુના મોરબી રેલવે લાઈન હદે ચાલતાં ચાવડા મીકેનીકના ખુણા સુધી.
(૪)	વચલી ફાટકના ઉત્તર-પૂર્વ ખુણાથી શરુ કરી ઉત્તર-પૂર્વ તરફ ચાલતાં શ્રી જશુભાઈ ભદ્રેશીવાળાના ફલેટ સામેનાં ખુણા સુધી ત્યાંથી પશ્ચિમ ચાલતાં નારાયણ નગર રોડના ખુણા સુધી, ત્યાંથી ઉત્તરે ચાલતાં ન.પા.ની હદ સુધી. ત્યાંથી ન.પા. ની હદે હદે પૂર્વ તરફ ચાલતાં ભાવનગર રેલવે લાઈનની હદ સુધી ત્યાંથી દક્ષિણે રેલવેની હદે હદે ચાલતાં અમીઝરા એપાર્ટમેન્ટ પાસે જુની મોરબી રેલવે લાઈનની હદ સુધી, ત્યાંથી જુની મોરબી રેલવે લાઈનની હદે હદે ચાલતાં વચલી ફાટકનાં ખુણા સુધી.
(૫)	આર્ટસ કોલેજના દક્ષિણ-પૂર્વ ખુણાથી ઉત્તર તરફ ચાલતાં કોલેજના ખુણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફનો ભાગ જ.અન.વી. હાઈસ્કુલ આવરી લઈ, જે.એન.વી. હાઈસ્કુલ પાછળના પશ્ચિમ ભાગે ચાલતાં મેઘાણીબાગ વાળા રોડ સુધી, ત્યાંથી ઉત્તર ચાલતાં કોઠારીનગર આવરી લઈ ૮૦' ફુટના રોડ સુધી ત્યાંથી પશ્ચિમે ચાલતાં પી.વી.દોશીના મકાન સુધી ત્યાંથી ઉત્તર-પૂર્વ તરફ ચાલતાં ઉદ્યોગનગર- ૫૦' ફુટના રોડ આગળ ચાલતાં માનવમંદિર સુધી ત્યાંથી ન.પા.ની હદે હદે પશ્ચિમ તરફ ચાલતાં વિમલનાથ સોસાયટીના ખુણા સુધી ત્યાંથી દક્ષિણે રેલવેની હદે હદે ચાલતાં લાતી રોડના ઉત્તર-પશ્ચિમ તરફના ખુણા સુધી ત્યાંથી પૂર્વે

INDEX

વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડની હદનું વર્ણન
	ચાલતાં ડાયમંડ સોસા. પશ્ચિમ તરફના રોડ સુધી ત્યાંથી દક્ષિણ તરફ ચાલતાં મહાવીર સોસા. ના પશ્ચિમ તરફના રોડ સુધી ત્યાંથી જુની હાઉસીંગના દક્ષિણ તરફના ખુણા સુધી ત્યાંથી પૂર્વ તરફ ચાલતાં જય હિંદ સોસા. ના પશ્ચિમ તરફના રોડેથી દક્ષિણ ચાલતાં જય હિંદ સોસા. આવરી લઈ મેઈન રોડ ઉપર પરમાર મીકેનીક સામે બુક સ્ટોલના ખુણા સુધી ત્યાંથી પૂર્વે ચાલતાં ન.પા. જકાત નાકા નં. ૧૨ સામે આર્ટસ કોલેજના ખુણા સુધી.
(૬)	જે.એન.વી. હાઈસ્કુલના ખુણાની પાછળના ભાગથી પશ્ચિમે ચાલતાં મેઘાણી રોડ સુધી ત્યાંથી ઉત્તર તરફ ચાલતાં કોઠારીનગર, પાછળના પૂર્વ તરફના ખુણા સુધી ત્યાંથી ૮૦' ફુટ રોડના ઉત્તર તરફના રોડથી પશ્ચિમ તરફ ચાલતાં પી.વી.દોશીના મકાન સામે ૫૦' ફુટ ઉદ્યોગનગરના રોડે ઉત્તર-પૂર્વ તરફ ચાલતાં માનવમંદિરના ખુણા સુધી ત્યાંથી પૂર્વે ન.પા.ની હદે હદે દક્ષિણ તરફ ચાલતાં એમ. પી. શાહ આર્ટસ કોલેજના પાછળના રસ્તે જે.એન.વી. હાઈસ્કુલનાં પાછળના ખુણા સુધી.
(૭)	એસ્ટ્રોન પાન સેન્ટરથી ઉત્તર રેલવેની હદે હદે ચાલતાં નવા રેલવે ફાટક સુધી, ફાટક ઓળંગી જીન રોડ, દક્ષિણે તરફ ચાલતાં લાતી પ્લોટ રોડ ઉપરના દક્ષિણના ખુણા સુધી ત્યાંથી પૂર્વે ચાલતાં ડાયમંડ સોસા. ના પશ્ચિમ તરફ ના ખુણા સુધી ત્યાંથી દક્ષિણે ચાલતાં આંબેડકર નગર અલંકાર સીનેમાં આવરી લઈ મહાવીર સોસા. ના પશ્ચિમ તરફના રોડ સુધી ત્યાંથી દક્ષિણ તરફ ચાલતાં જુનીહાઉસીંગ આવરી લઈ ઈન્દુ ચાચા વાળા રોડ ઉપર આવી પૂર્વે ચાલતાં જયહિન્દના ખુણા સુધી ત્યાંથી દક્ષિણ ચાલતાં પરમાર મીકેનીકના રોડથી પૂર્વે ચાલતાં ન.પા.ની હદ સુધી ત્યાંથી દક્ષિણે ભોગાવાના મધ્ય બીંદુ સુધી. ભોગાવાના મધ્ય બીંદુથી પશ્ચિમ તરફ ચાલતાં ભાવનગર રેલવેની હદ સુધી, ભાવનગર રેલવેની હદે હદે ઉત્તર તરફ ચાલતાં પ્રશાંત ચેમ્બર્સ સુધી ત્યાંથી રેલવે ક્રોસીંગ ઓળંગી રોડના ઉત્તર તરફના ભાગથી પશ્ચિમ તરફ ચાલતાં એસ્ટ્રોન પાનના ખુણા સુધી.
(૮)	જયુસીકા કોલ્ડ સેન્ટરના ખુણાથી શરુ કરી પશ્ચિમ ચાલતાં ટાંકી ચોકના મનસુખલાલની દુકાનના ખુણા સુધી ત્યાંથી ઉત્તરે ચાલતાં હેવમોરના ખુણા સુધી ત્યાંથી પૂર્વે ચાલતાં શ્રી રામ ટોકીઝ સામે (જગદંબા પરોઠાના ખુણા સુધી ત્યાંથી ઉત્તર તરફ ચાલતાં ન.પા. ના સ્ત્રી શિ.પ્ર. કેન્દ્રના ખુણા સુધી ત્યાંથી પૂર્વે ચાલતાં ન્યુસ્ટાઈલ ટેઈલર રોડની પશ્ચિમ ના ભાગે પરમારના ત્રણ બંગલાના ખુણા સુધી ત્યાંથી ઉત્તરે ચાલતાં એન.ડી.આર. સ્કુલના ખુણા સુધી અને ત્યાંથી પૂર્વ તરફ ચાલતાં રેલવે લાઈનની હદે હદે ચાલતાં સ્નેહલ એપાર્ટમેન્ટના ખુણા સુધી એટલે કે જુના જંકશનના ખુણાથી દક્ષિણે ચાલતાં જયુસીકા કોલ્ડ સેન્ટર સુધી.
(૯)	મીલ બંગલાના ખુણાથી પૂર્વે ચાલતાં યંગ્ઝકલબના ખુણા સુધી ત્યાંથી ઉત્તરે ચાલતાં જુની મોરબી રેલવે લાઈનની હદ સુધી ત્યાંથી રેલવે હદે હદે પૂર્વ તરફ ચાલતાં પરમારના બંગલાની ગલીના ખુણા સુધી ત્યાંથી પૂર્વે ચાલતાં સ્ત્રી શિ. પ્ર. કેન્દ્રના ખુણા સુધી ત્યાંથી દક્ષિણે ચાલતાં જગદંબા પરોઠા હાઉસના ખુણા સુધી ત્યાંથી પશ્ચિમ ચાલતાં દિપુભાના ચોકથી દક્ષિણે ચાલતાં ટાંકીચોકના ખુણા સુધી ત્યાંથી પશ્ચિમેચાલતાં પી. ડબલ્યુ ડી. ઓફિસના ખુણા સુધી ત્યાંથી ઉત્તરે ચાલતાં મીલ બંગલાના ખુણા સુધી.

INDEX

વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડની હદનું વર્ણન
(૧૦)	મ્યુ. ઓફિસના ખુણાથી શરુ કરી દક્ષિણ મ્યુ. ઓફિસ પાછળના પધ્મનાભ બંગલા સામે મ્યુ. કવાટર્સ નં. ૧ શંકરભાઈ ભીખાભાઈના ઘરથી શરુ કરી પૂર્વ ચાલતાં ડો. ચંદુભાઈ રોડ શેરી નં. ૩ ના ઉત્તર-પૂર્વ ખુણા સુધી ત્યાંથી દક્ષિણે ચાલતાં ભોગાવાના મધ્યબીંદુ સુધી ત્યાંથી પૂર્વ તરફ ભોગાવાના મધ્યબીંદુએ ચાલતાં રેલવેની હદ સુધી ત્યાંથી ઉત્તરે રેલવેની હદે હદે ચાલતાં રેલવે ફાટક સુધી ત્યાંથી ઉત્તરે રેલવેની પશ્ચિમે રોડની હદે હદે ચાલતાં મ્યુ. ઓફિસના ખુણા સુધી.
(૧૧)	રતનપર રેલવે ફાટકથી ઉત્તરે રેલવેની હદે હદે ચાલતાં ભોગાવાના મધ્યબીંદુ સુધી ત્યાંથી ભોગાવાના મધ્યબીંદુથી પશ્ચિમ તરફ ચાલતાં ર.સ.નં. ૨૫૨ ના ખુણા સુધી ત્યાંથી દક્ષિણે ર.સ.નં. ૨૦૫ ના ખુણા સુધી ત્યાંથી પૂર્વે ન.પા. ની હદ સુધી ત્યાંથી દક્ષિણે ન.પા.ની હદે હદે ચાલતાં રેસ.નં. ૧૪૮ ના ખુણા સુધી ત્યાંથી પૂર્વે ન.પા.ની હદે હદે ચાલતાં રે.સ.નં. ૧૨ ના ખુણા સુધી ત્યાંથી ઉત્તરે ચાલતાં રેસ.નં. ૧૭ ના ખુણા સુધી ત્યાંથી પશ્ચિમે વિશ્વકુંજ સોસા. આવરી લઈ તેમજ નરોતમ ચેમ્બર્સ તેમજ તેની સામેના મકાનો આવરી લઈ મેઈન રોડ આવતાં ઉત્તર બાજુ પૂર્વે ચાલતાં રેલવે ફાટક સુધી.
(૧૨)	રતનપર ફાટકથી પશ્ચિમે ચાલતાં ગાંધીનગર સોસા. ના ખુણા સુધી ત્યાંથી દક્ષિણે ચાલતાં ગાંધીનગર સોસાયટી આવરી લઈ ન.પા.ની હદ સુધી ત્યાંથી પૂર્વે ન.પા.ની હદે હદે ચાલતાં રે.સ.નં. ૩૮ના ખુણા સુધી ત્યાંથી ઉત્તર ચાલતાં રેલવે હદ સુધી, પશ્ચિમે રેલવેની હદે હદે ચાલતાં રતનપર રેલવે ફાટકના ખુણા સુધી તથા રેલવેના ફાટકથી ચાલતાં જોરાવરનગર રેલવે કવાટર્સ, સ્ટેશનવાળો વિસ્તાર આવરી લઈ જમણી તરફના ભાગનો તમામ વિસ્તાર છેલ્લે શંકર ટીમ્બર માર્ટ સુધી ત્યા ત્યાંથી અંદરનો ભાગ આવરી સ્ટેશનની હદ સુધીનો તમામ ભાંગ. ત્યાંથી પશ્ચિમ તરફ રેલવેની હદે હદે ચાલતાં રતનપર ફાટક સુધી.
(૧૩)	ભોગાવાના મધ્ય બીંદુથી જોરાવરનગર કોઝવે ભાવનગરરેલવે હદથી દક્ષિણ તરફ ચાલતાં ડો. આર. બી. શાહના ઘરના ખુણેથી ભૈયાજીની દુકાન આવરી ત્યાંથી ઉત્તર ચાલતાં ખડપીઠ ચોક સુધી, ખડ પીઠચોકમાં પ્રજાપતિ ભુવનના ખુણાથી પૂર્વ તરફ ચાલતાં પાતાલભૈરવી પોટરી વાળા રોડ સુધી. ત્યાંથી ઉત્તરે ચાલતાં ભોગાવના મધ્ય બીંદુ સુધી ત્યાંથી પશ્ચિમે ચાલતાં જોરાવરનગર કોઝવે થી ભાવનગર રેલવે લાઈન હદ ભોગાવાના મધ્ય બીંદુ સુધી.
(૧૪)	જકાત નાકા નં. ૮ થી શરુ કરી ઉત્તરે ચાલતાં ખડપીઠ ચોકમાં મહાવીર પાન સેન્ટરના ખુણા સુધી ત્યાંથી પૂર્વ તરફ ચાલતાં પાતાલ ભૈરવી પોટરી વાળા રોડ સુધી ત્યાંથી ઉત્તરે ચાલતાં ભોગાવાના મધ્ય બીંદુ સુધી ત્યાંથી પૂર્વે ન.પા.ની હદ સુધી ત્યાંથી દક્ષિણ ન.પા.ની હદે હદે ચાલતાં રે.સ. નં. ૧૬૧૪ ના ખુણા સુધી ત્યાંથી પશ્ચિમે ચાલતાં રે.સ.નં. ૧૬૨૨ ના ખુણા સુધી. ત્યાંથી ઉત્તરે ચાલતાં શંકર ટીમ્બર માર્ટ સુધી ત્યાંથી મેઈન રોડ ઉપર પશ્ચિમ તરફ ચાલતાં જકાત નાકા નં. ૮ સુધી.

INDEX

અનુસૂચિ - ૨

રાજ્ય ચૂંટણી પંચ

સુરેન્દ્રનગર નગરપાલિકાની કુલ વસ્તી : ૧,૦૬,૧૧૦

કુલ વોર્ડોની સંખ્યા : ૧૪

વોર્ડ દીઠ સરેરાશ વસ્તી : ૭૫૭૯ સરેરાશ વસ્તી ૧૦ ટકા વધ મુજબ : ૮૩૩૬

સરેરાશ વસ્તી ૧૦ ટકા ઘટ મુજબ : ૬૮૨૨

બેઠકોની સંખ્યા : ૪૨ ૧ બેઠક અનુસૂચિત જાતી .

મહિલા બેઠકો : ૧૪ અનુસૂચિત આદિજાતી માટે કોઇ નહી.

૧ બેઠક પછાત વર્ગની મહિલા સહિતની

અનુસૂચિત જાતી માટે અનામત બેઠકોની સંખ્યા : ૩ પૈકી ૧ મહિલા માટે.

અનુસૂચિત આદિજાતી માટે અનામત બેઠકોની સંખ્યા : કોઈ નહી

પછાત વર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા : ૪ તે પૈકી ૧ મહિલા માટે.

કુલ અનામત બેઠકો : ૧૯

સામાન્ય બેઠકો : ૨૩

અ.નં	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી બીન અનામત	બીજી બેઠકની ફાળવણી મહિલા અનામત	ત્રીજી બેઠકની ફાળવણી
૧.	૧	૭૭૩૫	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૨.	૨	૭૩૩૩	સામાન્ય	સામાન્ય	પછાત વર્ગ
૩.	૩	૭૬૨૩	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૪.	૪	૭૩૩૯	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૫.	૫	૬૯૪૨	સામાન્ય	સામાન્ય	પછાત વર્ગ
૬.	૬	૭૩૪૪	સામાન્ય	પછાત વર્ગ	સામાન્ય
૭.	૭	૭૯૨૪	સામાન્ય	સામાન્ય	અનું જાતિ
૮.	૮	૭૧૮૨	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૯.	૯	૭૩૩૯	સામાન્ય	સામાન્ય	સામાન્ય

INDEX

અ.નં	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી બીન અનામત	બીજી બેઠકની ફાળવણી મહિલા અનામત	ત્રીજી બેઠકની ફાળવણી
૧૦.	૧૦	૭૪૨૦	સામાન્ય	સામાન્ય	પછાત વર્ગ
૧૧.	૧૧	૭૭૪૮	સામાન્ય	અનું જાતિ	સામાન્ય
૧૨.	૧૨	૭૬૯૨	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૩.	૧૩	૮૧૬૧	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૪.	૧૪	૮૩૨૮	સામાન્ય	સામાન્ય	અનુ. જાતિ

તારીખ: ૮મી એપ્રિલ ૧૯૯૪

સચિવ
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

INDEX

Extra No.43 REGISTERED NO. G/GNR/2.

The Gujarat Government Gazette
EXTRAORDINARY
PUBLISHED BY AUTHORITY

VOL. XXXV FRIDAY, APRIL 8, 1994/ CAITRA 18, 1916.

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ

ગુજરાત રાજ્ય

ગાંધીનગર.

ક્રમાંક : સમક : ૨૧૨૦ : ૯૪

વઢવાણ નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ.

ભારતના સંવિધાનના ૭૪માં સુધારાને અનુલક્ષીને ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ, ૧૯૬૩માં રાજ્ય સરકારે ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ, ૧૯૯૩ અન્વયે મહત્વનાં સુધારા કરેલા છે. આ અધિનિયમની કલમ-૬ પેટા કલમ-૪ અન્વયે નગરપાલિકાની ચૂંટણી, મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તે નું સંચાલન રાજ્ય ચૂંટણી પંચમાં નિહીત થશે તેવી જોગવાઇ કરેલી છે. અને રાજ્ય ચૂંટણી પંચે કલમ-૬ પેટા કલમ-૫ અન્વયે રાજ્ય સરકારે કરેલા નિયમો અનુસાર અધિનિયમની જોગવાઇઓને આધીન રહીને ચૂંટણી કરવી જોઇએ.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ-૭ પેટા કલમ-૨ તથા કલમ-૬ની પેટા કલમ-૩ અન્વયે જાહેરનામા ક્રમાંક : કેવી :૩૨૭:૯૩ એન.પી.બી ૩૦૯૩-૫૬૪૬(૬) આર, તા.૧૮-૧૨-૯૩ જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે અન્વયે વઢવાણની નગરપાલિકાને જેનો હવે પછી 'નગરપાલિકા' તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેના સન ૧૯૯૧ના

INDEX

વસ્તી ગણતરીના આખરી આંકડા પ્રસિદ્ધ થયા છે. તેના આધારે ૯ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. નગરપાલિકાના કાઉન્સિલરોની કુલ ૨૭ બેઠકો નક્કી કરવામાં આવી છે. જાહેરનામા અન્વયે અનુસૂચિત જાતિ તથા પછાતવર્ગ તેમજ મહિલા માટે અનામત સંખ્યા પણ નિર્ધારીત કરેલી છે.

૩. ચૂંટણી પંચે અધિનિયમની કલમ ૭ પેટા કલમ ૨ ખંડ ૩ અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડોમાંની અનુ.જાતી અનુસૂચિત આદિજાતી, પછાત વર્ગની તથા મહિલાની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજ્ય સરકારે તેમના જાહેરનામા ક્રમાંક-કેવી-૪૯-૧૯૯૪ એન.પી.એલ ૪૫૯૩-૩૬૫૫-એમ તા. ૧૬-૩-૯૪ અન્વયે અધિનિયમની કલમ ૨૭૭ની પેટા કલમ ૨ તથા કલમ ૬ તથા ૭ અન્વયે વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણીના નિયમો, ૧૯૯૪ હવે જેનો પછી નિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે બહાર પાડેલ છે.

૫. નિયમોના નિયમ ૨ અન્વયે નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે, કે શક્ય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોના વસ્તી એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસ્તીથી કોઇ પણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહિ તે પ્રમાણે વોર્ડની રચના કરવાની રહે છે. આમ છતાં ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે, સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને તુલનામાં લેતા ૧૦ ટકા વધુ વધ કે ઘટ કરીને વોર્ડની રચના કરી શકાશે.

૬. પંચે નગરપાલિકાના વોર્ડોનાં સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે. તેમજ સને.૧૯૪૮ના સેન્સસ એકટ મુજબ સને ૧૯૯૧ના વસ્તી ગણતરીના છેવટના પ્રસિધ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં શહેરની કુલ વસ્તી ૪૯,૭૯૧ આવે છે. જાહેરનામા મુજબ શહેરને ૯ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૫,૫૩૨ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની પંચે તેના કાર્યાલયના અધિકારી કર્મચારીઓ મારફત ચકાસણી કરાવેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે એકઠી થયેલ માહિતી ના આધારે જે રીતે વોર્ડનું સીમાંકન કરવાનું ધાર્યું છે, તેમાં કોઈપણ વોર્ડમાં ૧૦ ટકા થી વસ્તી વધતી નથી કે ૧૦ ટકા થી વસ્તી ઘટતી નથી.

૮. શહેરનાં ૯ વોર્ડોને નિયમ ૩ની જોગવાઈઓને ધ્યાનમાં લઈ આ સાથે અનુસૂચિ ૧માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે.આ સીમાંકન નક્કી કરવામાં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજૂથતા, નદી, રેલ્વેલાઈન, રોડલાઈન વગેરે કારણે બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને એકસરખા વોર્ડ-૯ બની રહે તે મુદ્દો વિચારણામાં લઈ વોર્ડોનું સીમાંકન નક્કી કરેલું છે.

૯. નિયમોના નિયમ ૪ અન્વયે દરેક વોર્ડમાં ત્રણ કાઉન્સિલર ચૂંટવાના છે. નિયમ ૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક બિનઅનામત એટલે કે સામાન્ય બેઠક બની રહેશે. જ્યારે બીજી બેઠક મહિલા, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની મહિલા સહિત માટે અનામત રાખવાની છે. જ્યારે ત્રીજી બેઠક જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગને ફાળવવાની રહેશે અને તેવી ફાળવણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો તે બિનઅનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે.

૧૦. નિયમોના નિયમ ૬ અન્વયે અનુસૂચિત જાતિ,અનુસૂચિત આદિજાતિની દરેક વોર્ડની વસ્તીની ટકાવારીના ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તી સંખ્યા વધુ હોય એટલે કે, ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ મહિલા બેઠક સહીતની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ વસ્તી હોય એટલેકે ટકાવારી ઊંચી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારીત કરેલ છે.

૧૧. જાહેરનામા અન્વયે શહેર માટે ૩ બેઠકો અનુસુચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે અને ૩ બેઠકો પૈકી ૧ બેઠક અનુસૂચિત જાતિની મહિલા માટે અનામત રાખવાનુ નિર્ધારીત કર્યુ છે.

INDEX

૧૨. પંચે એકઠી કરેલી માહિતી મુજબ શહેરનાં જુદા જુદા ૯ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે :-

અ.નં.	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	અનુ.જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ.જાતિની વસ્તીની ટકાવારી
૧.	૪	૫૪૯૧	૩૩૬૭	૬૧.૩૧%
૨.	૧	૫૩૬૬	૭૭૨	૧૪.૩૯%
૩.	૮	૫૧૯૮	૪૨૫	૮.૧૭%
૪.	૨	૫૦૬૮	૩૮૩	૭.૫૫%
૫.	૭	૫૯૩૩	૧૪૦	૨.૩૫%
૬.	૩	૬૦૦૮	૫૦	૦.૦૮%
૭.	૯	૫૩૨૯	૨૩	૦.૪૩%
૮.	૫	૫૪૬૦	-	-
૯.	૬	૫૯૩૮	-	-

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં. ૪,૧ તથા ૮માં અનુસૂચિત જાતિની બેઠક નિયમોના નિયમ ૬-અ હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે. અને તે મુજબ ફાળવવામાં આવે છે.

૧૪. અનુસૂચિત જાતિના પુરુષ તથા મહિલા અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ જે વોર્ડોમાં આ વર્ગ માટે બેઠક ફાળવાઈ હોય તે વોર્ડની ટકાવારીનાં ક્રમમાં પ્રથમ આવતા ત્રણ વોર્ડ પૈકી ત્રીજા વોર્ડમાં મહિલા બેઠક ફાળવવી તેમ પંચ માને છે. પરંતુ આ મુજબ ફાળવણી કરતાં પણ નિયમો અન્વયે દરેક વોર્ડમાં એક મહિલા એક સામાન્ય બેઠક ફાળવવાની જોગવાઈ છે. તેનું ખંડન ન થાય તેની તકેદારી રાખવાની રહે છે.

૧૬. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં. ૪,૧,૮ માં નિયમોના નિયમ ૬(અ) અન્વયે ફાળવવામાં આવે છે. તે પૈકી મહિલા માટે બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે મુજબ કરવામાં આવે છે.

વોર્ડ નંબર	બેઠક
૪	અનુસૂચિત જાતિ
૧	અનુસૂચિત જાતિ
૮	અનુસૂચિત જાતિ મહિલા

૧૭. જાહેરનામા અન્વયે વઢવાણ નગરપાલિકાની રચના માટે અનુ. આદિજાતિ માટે કોઈ બેઠક અનામત રાખવાનું નિર્ધારીત થયુ નથી. તેથી અનુસૂચિત આદિજાતિ માટે કોઈ બેઠક અનામત રાખવામાં આવતી નથી.

INDEX

૧૮. જાહેરનામા ક્રમાંક : ખંડ : ૧ : સી. : મુજબ ત્રણ બેઠકો પછાતવર્ગો માટે ફાળવેલ છે. તે પૈકી એક બેઠક આ વર્ગની મહિલા માટે અનામત રખાઈ છે.

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો, ૧૯૯૪નાં નિયમ ૬ બી હેઠળ રાજ્ય ચૂંટણી પંચે પછાત વર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. જેના મહત્વનાં પ્રબંધ નીચે પ્રમાણે છે.

(૧) માન્ય રાજકીય પક્ષો તરફથી મળેલ માહિતીનાં અભ્યાસ પરથી જે શહેરનાં જે જે વોર્ડમાં પછાતવર્ગની વસ્તીનાં ધોરણને અનુલક્ષીને જે સર્વ સામાન્ય વોર્ડો હોય તે તે વોર્ડોમાં પછાતવર્ગ માટે અનામત બેઠક ફાળવવાની રહેશે.

(૨) મ્યુનિસિપલ ચીફ ઓફીસર તરફથી છેલ્લી ચૂંટણીમાં જે વોર્ડમાંથી પછાતવર્ગના ઉમેદવારો ચૂંટાઈને કોર્પોરેટર તરીકે પદધારણા કરતા હતા તે વોર્ડમાં ઉપર અનુક્રમ નં. ૧ માં જણાવેલ વોર્ડોમાં બેઠક ફાળવ્યા પછી નિયત સંખ્યા સુધીમાં ફાળવવાની રહેશે.

આથી સ્પષ્ટતા કરવાની કે, જૂના વોર્ડોનું સીમાંકન અને નવા વોર્ડોના સીમાંકનમાં ફેરફાર હોય તો જૂના વોર્ડોનો મોટા ભાગનો જે વિસ્તાર જે જે નવા વોર્ડનાં સીમાંકનમાં સમાવિષ્ટ થતો હોય તેવા નવા વોર્ડમાં પછાતવર્ગની બેઠક ફાળવવાની રહેશે.

(૩) પછાત વર્ગ માટે અનામત રાખેલી કુલ બેઠકો પૈકી ૧:૩ બેઠકો મહિલા માટે જાહેરનામા અન્વયે અનામત રખાઈ છે. આમ ત્રણ બેઠકો પૈકી એક બેઠક મહિલા માટે અનામત રાખવામાં આવી છે. આમ, મહિલાનું પ્રમાણ ૧:૩ રહે છે. તેથી તાર્કીક રીતે વિચારતા દર ત્રણ બેઠકો પૈકી ત્રીજી બેઠક મહિલા માટે ફાળવવી તેમ પંચ સ્વિકારે છે.

(૪) પરંતુ જો આ રીતે વોર્ડમાં પછાત વર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસુચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિ માટે મહિલા બેઠક ફાળવી હોય તો તે વોર્ડને બદલે તે પછી અનુક્રમે જે વોર્ડ આવે તે વોર્ડમાં પછાતવર્ગની મહિલા બેઠક ફાળવવી.

માન્ય રાજકીય પક્ષોને પંચ તરફથી નગરપાલિકાઓના કયા વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવી તે અંગે સૂચનો મોકલવા આ કાર્યાલય તરફથી વિનંતી કરવામાં આવેલ. પરંતુ કોઈ માન્ય રાજકીય પક્ષ તરફથી હજુ સુધી સૂચન કરવામાં આવ્યા નથી.

પંચે અપનાવેલા માપદંડ મુજબ ચીફ ઓફીસર પાસેથી ગત ચૂંટણીમાં પછાતવર્ગનાં કાઉન્સિલરો જૂના કયા વોર્ડમાંથી ચૂંટાયા હતા અને તે સમગ્ર વોર્ડોનો કે તે વોર્ડોનો મોટા ભાગનો વિસ્તાર નવા કયા વોર્ડમાં સમાવિષ્ટ થાય છે. તેની માહિતી મેળવવામાં આવી છે. માહિતી ચકાસતાં ગત ચૂંટણીમાં જૂના વોર્ડ નં. ૪ માંથી પછાત વર્ગનાં કાઉન્સીલરના સને ૧૯૯૩ની ચૂંટણીમા ૨ તથા ૧૯૮૮ની ચૂંટણીમાં ત્રણ ચૂંટાઈ આવ્યા હતા. જૂના વોર્ડ નં. ૪ નો સમાવેશ નવા સૂચિત વોર્ડ નં. ૩ માં છે. આ ઉપરાંત વોર્ડ નં. ૬ તથા ૯ માં પણ બક્ષીપંચની વસ્તી આવેલી છે.

આમ, માપદંડ મુજબ વોર્ડ નં. ૩,૬, તથા ૯ માં પછાત વર્ગ માટે બેઠક અનામત રાખવા પંચ મુનાસીબ માને છે, અને તેથી વોર્ડ નં. ૩, ૬, ૮ અને ૯ પછાત વર્ગ માટે અને તે પૈકી વોર્ડ નં. ૯ માં પછાત વર્ગ મહીલા માટે બેઠક અનામત રાખવાનું પંચ ઠરાવે છે.

૨૦. આ પ્રમાણે અનુસુચિત જાતિ તથા પછાત વર્ગની મહિલા અનામત બેઠકની ફાળવણી કર્યા પછી મહિલા અનામત બેઠક અને સામાન્ય ઉમેદવારને બાકી રહેતી બેઠક ફાળવવામાં આવે છે.

૨૧. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને નિયમોનાં નિયમ-૩ અન્વયે વઢવાણ શહેરોને આ સાથે સંલગ્ન અનુસૂચિ-૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે. અને આ સાથે અનુસુચિ-૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

INDEX

૨૨. આ પ્રમાણે વોર્ડોનું વિભાજન હદરેખા નક્કી કરવાનું અને વોર્ડની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

૨૩. ઉપર પ્રમાણે વોર્ડોની હદરેખા નક્કી કરવામાં આવે છે. અને ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ શખ્સને જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૫ દિવસોમાં રાજ્ય ચૂંટણી પંચ, બ્લોક નં. ૯, ૬ઠ્ઠા માળે, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા. મુદત વિત્યે આવેલ સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહી.

૨૪. રાજ્ય ચૂંટણી પંચે નગરપાલિકાના વોર્ડોની નક્કી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો છેવટના કરતાં પહેલાં લોકપ્રતિનિધિત્વ ધારો, ૧૯૫૧ અન્વયે માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરુરી પરામર્શ કરશે.

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ.

તારીખઃ ૮/૪/૧૯૯૪.

INDEX

અનુસૂચિ - ૧

પત્રક - ૪

વઢવાણ મ્યુનિસિપાલિટી જિલ્લો - સુરેન્દ્રનગર

વોર્ડ નં.	ઇલેકશન વોર્ડની હદનું વર્ણન
૧.	વઢવાણ શહેરની ગઢની મર્યાદા બહાર ધોળીપોળ દરવાજા બહારથી ભોગવા નદીના પુલ ઉપર થઇને અમદાવાદ જવાના રસ્તે જમણી બાજુએ રે.શ.નં ૩૫૧૭ થી નદી કાંઠે ઉગમણા ભાગે રે.શ.નં ૩૫૧૯-૩૧૧૫-૩૫૦૯-૩૫૦૫-૩૫૦૪-૩૫૦૩-૩૫૦૨થી વાડલા જવાનો માર્ગ ઓળંગી રે.શ.નં ૩૫૦૧-૩૫૦૦-૩૪૯૯-૩૪૯૫થી નદીના કાંઠે કાંઠે ચાલી રે.શ.નં ૩૪૮૯ના ઉત્તર-પૂર્વ ખૂણે વાળીને રે.શ.નં. ૩૪૮૮થી નગરપાલિકાની હદેહદે ચાલી પુર્વ-ઉતર ખૂણે વાળીને રે.શ.નં. ૩૪૮૮, ૩૪૯૨ અને ૩૪૯૩ ના પૂર્વ-ઉતર બાજુ વાળી રે.શ. નં.૩૦૨૩-૩૦૧૮-૧થી વાડલા જવાના માર્ગ ઓળગી રે.શ.નં ૨૮૨૦ ના પૂર્વ ખુલ્લેથી વળી હદે હદે રે.શ.નં. ૨૮૨૧-૨૮૨૨-૨૮૨૩-૨૮૦૮ ના ઉતર ખુલ્લેથી વળી ૨૮૦૧ની હદે હદે ચાલીને સ્ટેટ હાઇવે ઓળંગી રે.શ.નં.૨૫૧૭ની ઉપર રે.શ.નં. ૨૫૨૯ જે સુડવેલ તરીકે ઓળખાતા વિસ્તાર પાસે થઇ ત્યાંથી પાછા વળી રે.શ.નં ૨૫૧૮ની હદે હદે ચાલી રે.શ.નં ૨૪૮૪ રે.શનં. ૨૫૧૨(૧) થી માર્ગ ઓળગીં ઉતર પશ્ચિમ દિશાએ રે.શ.નં. ૨૪૮૪ની ઉગમણી હદે હદે ચાલી ત્યાંથી ઉત્તર પૂર્વ ખુણેથી ઉતરાદી હદેહદે ચાલી રે.શ.નં.૨૪૮૫-૨૪૮૬ ના ઉત્તર-પશ્ચિમ ખુલ્લે ચાલી ત્યાંથી દક્ષિણ તરફ વળી રે.શ.નં.૨૨૬૫-૨૨૬૭-૨૨૬૮-૨૨૬૯-૨૨૭૦-૨૨૭૩-૨૨૭૪-૨૨૭૫ ની ઉતર હદેહદે ચાલી ગાડામાર્ગ ઓળંગી રે.શ.નં. ૨૨૫૭ તથા ૨૨૫૬ની ઉત્તર હદેહદે ચાલી માર્ગ ઓળંગી રે.શ.નં.૨૦૬૮-૨૦૫૮ ની ઉત્તર હદેહદે ચાલી માર્ગ ઓળંગી રે.શ.નં. ૧૮૫૯ ના ઉત્તર-પૂર્વે ખૂણે આવી ત્યાંથી હદેહદે ચાલીને રે.શ.નં ૧૮૭૪-૧૮૭૮-૧૮૭૯-૧૮૮૧-૧૮૯૪-૧૮૯૫-૧૮૯૭-૧૮૯૮--૧૮૯૯-૧૯૦૦-૧૯૦૧-૧૯૧૯-૧૯૨૦-૧૯૨૧-૧૯૨૬-૧૯૨૭-૧૯૨૮- ૧૯૩૪ ની ઉત્તરાદી હદેહદે ચાલી રહેણાંકના મકાનો લઇ ૮૦ ફુટના રોડ ઉપર આવી જકાતનાકા થઇ રાજીવ સોસાયટીના સિંગલીયા મકાનપુરા કરી ત્યાંથી સંગિતા વિલ્ડીંગ થઇને માવજીભાઇ મનસુખભાઇના ઘરે થઇ મારવાડી ડેલે આવી માહેશ્વરી સોસાયટી, શાહીબાગ સોસાયટી, કિષ્ણા સોસાયટી થઇ કંસારા બોડીંગ આવી ઓમકાર સોસાયટી થઇ શિવશકિત શો રૂમ આવી ગુજરાત વિધુત બોર્ડ રોડે રોડે રાજેન્દ્ર સોસાયટી પિયલ્સબેંક, માર્કેટીંગયાર્ડ આવી, બોડાતળાવ આવી પુલના છેડા સુધીના અંદરના ભાગે આવતો સમગ્ર વિસ્તાર
૨	વઢવાણ શહેરની ધોળીપોળ બહાર નદીના પુલ ઓળગીંને અમદાવાદ સુરેન્દ્રનગર રોડ (ત્રણ) પર ડાબી તરફ રે.શ.નં ૧૬૫૦ થી અમદાવાદ-સુરેન્દ્રનગરની સડકે સડકે રે.શનં. ૩૫૭૫-૧૬૫૫-૧-૨-૧૬૭૬-૧૬૭૭-૧૬૮૦-૧૬૮૧-૧૬૮૨-૧૬૮૩- ૧૬૮૪-૧૬૯૦-૧૬૯૧-૧૬૯૬-૧૬૯૯-૧૭૦૦- ૧૭૧૪-૧૭૧૫-૧-૨-૩--૧૬૧૬-૧-૨-૧૭૧૭-૧૭૧૮-૧૭૧૯-થી પશ્ચિમ-દક્ષિણ ખુલ્લે વળી નદી કાંઠે કાંઠે ૧૬૭૦-૧૬૫૩-૧૬૫૧-૧૬૬૦-એ આવી નદીના છેડે આવી સ્ટેટ હાઇવેની લાઇને લાઇને ચાલીને જકાત નાકા સામે આવી રોડ ઓળંગી નારી કેન્દ્ર થઇ ૮૦ ફુટ ના રોડ થઇ દેશળ ભગતની વાવ સ.નં. ૧૭૯૭ એ ભરવાડ છેલાભાઇ ના ઘરસુધી નગરપાલીકાની હદેહદે આવી પાછા વળી રે.શનં. ૧૭૯૭ ના

INDEX

વોર્ડ નં.	ઇલેકશન વોર્ડની હદનું વર્ણન
	અરિહંત સોસાયટીના મકાન તથા ભુપેન્દ્રભાઇના ચંદુલાલના મકાને આવી તથા કિશોરભાઇ મોહનભાઇના મકાને આવી રોડ ઓળંગી મહાત્મા ગાંધી હોસ્પીટલ, આઇ.ટી.આઇ. કોલેજ, રાજપુત બોર્ડીંગ થી ગુરુકુળ થઇ સ્વામીનારાયણ મંદિર, પાનાચંદ ઠાકરશી બોર્ડિંગથી જકાતનાકે આવી રોડેરોડે મહાત્મા ગાંધી હોસ્પીટલના છેડે આવી પટેલ બોર્ડીંગ થઇ કંસારા બોર્ડીંગ સુધી આવતો સઘળો વિસ્તાર.
૩	તલકાપાનાની શેરી નાકે આવેલ બાબુભાઇ ખગીના મકાનથી શરૂકરી તલકાપાના શેરી લઇ બહાર નિકળી ડાબાહાથે નળીપાપા થઇ ખાંડીપોળ દરવાજાથી ઉત્તર તરફથી ગઠની દુદિવાલે દિવાલે નદીના રોડ તરફ જઇ બારી થઇ ઘોળીપોળ દરવાજે થઇ ગઠની દિવાલે-દિવાલે ચાલી નવા દરવાજા થઇ ગઠની દીવાલે આગળ વધી છાપાવાળા દાવલમિયા અમિરમિયાના જુના ઘરે થઇ તવક્કલ નિવાસ થઇ ચૌહાણ હાસમભાઇ કેશરભાઇના ઘેરથી પાછાવાળી મંઘેશા થઇ ભાટવાડાની શેરી, લાલાગણેશની શેરી થઇ કસ્બાશેરીના નાકે આવી રોડ ઓળંગી શાંતિલાલ લલ્લુભાઇના મકાનથી દક્ષિણ દિશા તરફ ડાબે હાથે ચાલી પીરબેગની ડેલી થઇ સોનેરી હનુમાન થઇ દિવાન સાહેબની ડેલી રોડના જમણા હાથે ચાલી ત્રણ શેરીના ચોકે આવી રોડ ઓળંગી કાંતિભાઇ ભટ્ટ ના મકાને આવી ખાંડીપોળ સુધીનો સઘળો વિસ્તાર.
૪	ઘોળીપોળ દરવાજા બહારથી પુર્વ તરફ દોદરીયા કોઠાથી ઉત્તર તરફ નવા દરવાજા થઇ શિયાણીની પોળના દરવાજે આવી ત્યાંથી ઉગમણી તરફ જમણી બાજુ નગરપાલિકાની દુકાનો લઇ મહાજનના ડેલા સામે થઇ જુની ભંગી કોલોની થી સતવારા પરામાં ઉત્તર દિશામાં દલવાડી ધનજીભાઇ ફુલાભાઇના ઘરથી ચર્મકુંડ થઇ માતાનો માર્ગ ઓળંગી મહાવીર સ્વામિની દેરી થઇ ત્યાંથી નદીકાંઠે આવેલ રે.શનં. ૧૬-૧૪-૧૫-૧૩-૩ અને ૨૧ થઇ નદી કાંઠે ચાલી આથમણી દિશા તરફ આવેલ રે.શ.નં. ૩૫૧૯ થઇ ઘોળીપોળ દરવાજા સુધી આવતો સમગ્ર વિસ્તાર.
૫.	સતવારા પરાના અવાડા રોડપર ભગવાનભાઇ ફુલાભાઇના પાસેના ભુદરભાઇ છગનભાઇ દલવાડીના ઘેરથી શરૂકરી ત્યાંથી જાલમબાગ થઇ નદી કાંઠે કાંઠે રે.શ.નં. ૧૭ થઇને રેશનં. ૧૫૨-૫૨૦-૫૧૯-૧૫૭-૫૨૯-૫૩૧-૪૯૬-(૧) (૨) (૩) (૪)ની પૂર્વચાલી રે.શનં. ૪૯૬ (૪) ના ઉગમણા ખુણાથી રે.શનં. ૪૮૫ અને ૪૮૭ ની ઉગમણી હદેહદે ચાલી લિંબડીની સડકે રે.શ.નં. ૪૮૭-૪૮૮-૪૮૯-૪૯૦-૪૯૧-૫૬૭-૫૬૮-૫૬૯ (૧) (૨) ૫૭૦ (૧) (૨) ૫૭૪-૫૭૫ થઇ લીંબડી થી વઢવાણ તરફના રસ્તે ચાલી ગંદાવડા તળાવની બહારની પોળે થઇ બાયોગેસ પ્લાન્ટ સુધી આવવું ત્યાંથી દક્ષિણ દિશા તરફથી વળી ગંદાવડા તળાવના નાળાથી દલવાડી વાલજીભાઇ મગનભાઇના ઘર સુધી આવવું ત્યાંથી પૂર્વ તરફ ખારવાની પોળ દરવાજા પાસે મોરી રામસંગભાઇના ઘેર થઇ ગઢની રાંગે રાંગે થઇ શિયાણીના પોળ બહાર મનસુખભાઇ કંદોઇની દુકાન સુધી આવવું ત્યાંથી પૂર્વ તરફ મહાજનના ડેલાથી દક્ષિણ દિશા તરઇ જઇ પૂર્વ ખુણે વળી અવાડા સુધીનો સમગ્ર વિસ્તાર.
૬	કસ્બાશેરીના નાકાથી શરૂ કરી ઘોળીપોળ ખારવા ની પોળ રોડની ડાબા હાથે દક્ષિણમાં ચાલી ખારવાપોળની દરવાજા સુધી આવી ગઢની રાંગે રાંગે પૂર્વ બાજુ ચાલી શિયાણીની પોળ દરવાજે આવી ઉત્તર તરફ ગઢની દિવાલે ચાલી મીરઝાઅબ્દુલભાઇ સાર્દુલભાઇના મકાન ખ્વાજા મંઝિલથી શરૂ કરી માધાખવાસની શેરીમાં થઇ બહાર નીકળી નવિબંધાયેલ મસ્જિદ પાસે થઇને અબ્દુલભાઇ કેશરભાઇ ના મકાન પાસે આવી રોડ ઓળંગી અકબરભાઇ ઉસ્માનભાઇના ઘર પાસે આવી ડાબે હાથે ચાલી કણબીવાડ થઇ હિંમતભાઇ કંદોઇના મકાન સુધી આવી કસ્બાશેરીના નાકા સુધીમાં આવતો સઘળો વિસ્તાર.

વોર્ડ નં.	ઈલેકશન વોર્ડની હદનું વર્ણન
૭	ખાંડીપોળ દરવાજાથી ગઢની રાંગે રાંગે ચાલી લાખુપોળ દરવાજા થઇ ગઢની રાંગે રાંગે ખારવા પોળ દરવાજા સુધી આવવું ત્યાંથી ડાબા હાથે ઉત્તર દિશા તરફ ગામમાં આવવાના રસ્તે દરબાર ગઢ પાસે થઇ મસ્જિદ ચોક થઇ પરિખ પ્રિન્ટીંગ પ્રેસ પાસે થઇ ત્યાંથી પશ્ચિમ દિશા તરફ ડાબા હાથે ચાલી દિવાન સાહેબ ડેલી રોડ થઇ દક્ષિણ પશ્ચિમ ખુણે ડાબેહાથે થઇ ત્રણ શેરીના ચોકે આવવું ત્યાંથી ભાવસારશેરી-ચકલીયા-ખીજડાયા ધાંયજાયા થઇ માધાવાવે આવી ત્યાંથી પાછાવળી દક્ષિણ દિળા તરફ ડાબાહાથે ચાલી પંડયાશેરી થઇ ખત્રિની ભોજનશાળા પાસે થઇ ખત્રી બાબુલાલના મકાન સુધીના વિસ્તારમાં આવતો સઘળો વિસ્તાર.
૮	ખારવાનીપોળ બહાર તાલુકા શાળા નં (૨) થી શરુ- કરી દક્ષિણ-પશ્ચિમ ખુણે જમણા હાથે વળી સ્થાનકવાસી બોર્ડીંગ થઇ લાલજી મહારાજની જગ્યા થઇ ત્યાંથી જમણા હાથેચાલી ઉત્તર તરફ વળી જમણા હાથે જયપ્રાશ મેટલ વર્કસ થઇ ત્યાંથી ખાંડીપોળ દરવાજા બહારનો વિસ્તાર લઇ પોપટલાલ કેશવજીના જીનની આથમણી તરફ નદીના કાંઠેકાંઠે ચાલી રે.શ.નં. ૧૬૪૭ થી પશ્ચિમ ઉત્તર ખુલ્લે વળી રેલ્વેના પાટા ઓળંગી આથમણી હદેહદે ચાલી રે.શ.નં. ૧૬૧૦-૧૫૮૧-૧૫૮૨-૧૫૮૩-૧૫૮૪-૧૫૮૫-૧૫૮૬ ની આથમણી હદેહદે ચાલી ખેરાળીના માર્ગથી ઉત્તરે રે.શ.નં. ૧૫૫૯ની દક્ષિણ હદે હદે ચાલી રે.શ.નં. ૧૫૫૯-૧૫૬૦-૧૫૬૧-૧૫૬૨-૧૫૬૩-૧૫૬૪-૧૫૯૫ પશ્ચિમ-પૂર્વ-દક્ષિણની ૧૬૪૮ ની ઉગમણી હદે ચાલી ૧૬૬૭/૧૬૬૬, ચાલી રાળોદના માર્ગે થઇ રે.શ.નં. ૧૩૩૭,૧૩૪૭ની દક્ષિણ હદે હદે થઇ રે.શ.નં. ૧૩૪૫-૧૩૪૪-૧૩૧૬-૧૩૦૮-ની આથમણી તરફ પૂર્વ-દક્ષિણ ખુણે વળી રે.શનં. ૧૩૦૬ની હદેહદે ચાલી પૂર્વે ૧૧૧૪-૧૧૧૫-૧૧૧૬-૧૧૧૮-૧૧૨૦-૧૧૨૧-૧૧૦૬-૧૧૦૮-૧૧૦૬ આવી વાધેલા જવાના માર્ગે પૂર્વ-દક્ષિણ ખુણે વળી રેલ્વે-સ્ટેશનયાર્ડના દક્ષિણ -પૂર્વ તરફ વર્ધમાન ભારતી હાઇસ્કુલ થઇ કોઠાની પાણીની ટાંકી સામે થઇ બાવાભાઇ વૈધ્યના મકાન સુધી આવવું તેની અંદરનો આવતો સમગ્ર વિસ્તાર.
૯	ગંદવડા તળાવ પાસે દીલીપભાઇ પ્રાગજીભાઇ મોરી ના ઘેરથી શરૂ કરી નરસિંહ ટેકરી થઇ નગરપાલિકા ની હદેહદે રે.શ.નં. ૫૭૬-૫૮૮-૫૮૯-૫૯૨-૫૯૧-૫૯૩ ના રસ્તે-રસ્તે ચાલીને ઉત્તર-પૂર્વ ખૂણે ચાલી રે.શ.નં. ૫૯૫ સુધી ચાલી આવી લિંબડી રોડના ખુણે ઉત્તર-પશ્ચિમ ખૂણે વળી રેશ.નં. ૫૯૬ ની હદેહદે ચાલીને રે.શ.નં. ૯૯૮-૧૧૦૫-૧૦૦૬-૧૦૧૮ રે.શં.નં. ૧૦૪૪-૧૦૪૩-૧૦૪૦ રેલ્વે પાટા ઓળંગી રે.શં.નં. ૧૧૪૪ નગરપાલિકાની હદે હદે ચાલી રે.શ.નં. ૧૧૪૦ (૨) પૂર્વ-પશ્ચિમ ખુણે આવી રે.શ.નં. ૧૧૪૧-૧૧૨૯-૧૧૨૮-૧૧૨૭-૧૧૨૨- પૂર્વ દિશાએ ચાલી રે.શ.નં. ૧૧૨૪ થી રેલ્વે ક્રોસ ઓળંગી વાધેલા જવાના રસ્તે આવી પિરવડલે થઇ રાજમહેલની પશ્ચિમ દિશાની દિવાલે થઇ અવાડા સુધી આવવું ત્યાંથી લાલચંદજી જૈન ધર્મશાળા થઇ પૂર્વ ખુણે આવી સીધેસીધા નટરાજ સિનેમા થઇ પૂર્વ દિશા તરફ જમણી તરફ રસ્તે ભરવાડ પોપટભાઇ રઘુભાઇના મકાન સુધીનો દક્ષિણ તરફનો સઘળો વિસ્તાર.

INDEX

અનુસૂચિ - ૨

રાજ્ય ચૂંટણી પંચ ,
ગુજરાત રાજ્ય,
ગાંધીનગર.

વઢવાણ નગરપાલિકાની કુલ વસ્તી : ૪૯૭૯૧

કુલ વોર્ડોની સંખ્યા : ૯ સરેરાશ વસ્તી ૧૦ ટકા વધ મુજબ : ૬૦૮૫

વોર્ડ દીઠ સરેરાશ વસ્તી : ૫૫૩૨ સરેરાશ વસ્તી ૧૦ ટકા ઘટ મુજબ : ૪૯૭૯

બેઠકોની સંખ્યા : ૨૭ ૧ બેઠક અનુસૂચિત જાતી.

મહિલા બેઠકો : ૯ અનુસૂચિત આદિજાતી માટે કોઇ નહી.
૧ બેઠક પછાત વર્ગની મહિલા સહિતની

અનુસૂચિત જાતી માટે અનામત બેઠકોનીસંખ્યા : ૩ પૈકી ૧ મહિલા માટે.

અનુસૂચિત આદિજાતી માટે અનામત બેઠકોની સંખ્યા : કોઇ નહી.

પછાત વર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા : ૩ તે પૈકી ૧ મહિલા માટે.

કુલ અનામત બેઠકો : ૧૩

સામાન્ય બેઠકો : ૧૪

અ.નં	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી બીન અનામત	બીજી બેઠકની ફાળવણી મહિલા અનામત	ત્રીજી બેઠકની ફાળવણી
૧.	૧	૫૩૬૬	સામાન્ય	સામાન્ય	અનુ.જાતિ.
૨.	૨	૫૦૬૮	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૩.	૩	૬૦૦૮	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ
૪.	૪	૫૪૯૧	સામાન્ય	સામાન્ય	અનુ.જાતિ
૫.	૫	૫૪૬૦	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૬.	૬	૫૯૩૮	સામાન્ય	સામાન્ય	પછાત વર્ગ
૭.	૭	૫૯૩૩	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૮.	૮	૫૧૯૮	સામાન્ય	અનુ.જાતિ	સામાન્ય
૯.	૯	૫૩૨૯	સામાન્ય	પછાત વર્ગ	સામાન્ય

સચિવ
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

તારીખ: ૮-૪-૧૯૯૪

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

INDEX

Extra No.44

REGISTERED NO. G/GNR/2.

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

VOL.XXXV FRIDAY, APRIL 8, 1994/ CAITRA 18, 1916.

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ

ગુજરાત રાજ્ય

સચિવાલય, ગાંધીનગર.

ક્રમાંક : સમક : ૨૦૧૧ : ૯૪

અમરેલી નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ.

ભારતના સંવિધાનના ૭૪માં સુધારાને અનુલક્ષીને ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ ૧૯૬૬માં રાજ્ય સરકારે ગુજરાત મ્યુનિસિપાલિટી અધિનિયમ ૧૯૯૩ અન્વયે મહત્વનાં સુધારા કરેલાં છે. આ અધિનિયમની કલમ ૬ પેટા કલમ ૪ અન્વયે નગરપાલિકાની ચૂંટણી, મતદાર યાદી તૈયાર કરવા, ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી પંચમાં નિહીત થશે. તેવી જોગવાઇ કરેલી છે અને રાજ્ય ચૂંટણી પંચે કલમ ૬, પેટા કલમ ૫ અન્વયે રાજ્ય સરકારે કરેલાં નિયમો અનુસાર અધિનિયમની જોગવાઇઓને આધીન રહીને ચૂંટણી કરવી જોઇએ.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ ૭ પેટા કલમ ૨ તથા કલમ ૬ની પેટા કલમ ૩ અન્વયે જાહેરનામા ક્રમાંક : કેવી ૨૭૫-૯૩ એન.પી.બી ૩૦૯૩-૫૬૪૬ (૪) આર, તા.૧૮:૧૨:૯૩ જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યા છે. તે અન્વયે અમરેલી શહેરના નગરપાલિકાને જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેના સન

INDEX

૧૯૯૧નાં વસ્તી ગણતરીના આખરી આંકડા પ્રસિદ્ધ થયા છે. તેના આધારે ૧૨ વોર્ડોમાં વહેચવામાં આવેલ છે. નગરપાલિકાના કાઉન્સિલરોની કુલ બેઠકો ૩૬ નક્કી કરવામાં આવી છે. જાહેરનામા અન્વયે, અનુસૂચિત જાતિ તથા પછાતવર્ગ તેમજ મહિલા માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલી છે.

૩. ચૂંટણી પંચે અધિનિયમની કલમ ૭ પેટા કલમ ૨ ખંડ ૩ પેટા ખંડ: ખ અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડોમાંની અનુ.જાતી, અનુસૂચિત આદિજાતી, પછાત વર્ગની તથા મહિલાની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજ્ય સરકારે તેમના જાહેરનામા ક્રમાંક :કેવી:૪૯:૧૯૯૪ એન.પી.એલ ૪૫૯૩ :૩૬૫૫:એમ તા.૧૬-૩-૯૪ અન્વયે અધિનિયમની કલમ ૨૭૭ની પેટાકલમ ૨ તથા કલમ ૬ તથા ૭ અન્વયે વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણીના નિયમો ૧૯૯૪ જેને હવે પછી નિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે બહાર પાડેલ છે.

૫. નિયમોના નિયમ ૨ અન્વયે નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે, કે શક્ય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસ્તી એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસ્તીથી કોઇ પણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહિ તે પ્રમાણે વોર્ડની રચના કરવાની રહે છે. આમ છતાં ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે, સ્થાનિક એક જુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને તુલનામાં લેતા ૧૦ ટકા વધુ વધ કે ઘટ કરીને વોર્ડની રચના કરી શકાશે.

૬. પંચે નગરપાલિકાના વોર્ડોનાં સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે. તેમજ સને ૧૯૪૮ના સેન્સસ એકટ મુજબ સને. ૧૯૯૧ના વસ્તી ગણતરીનાં છેવટનાં પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં શહેરની કુલ વસ્તી ૬૩,૮૨૭ આવે છે. જાહેરનામા મુજબ શહેરને ૧૨ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૫૬:૨ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની પંચે તેના કાર્યાલયના અધિકારી કર્મચારીઓ મારફત ચકાસણી કરાવેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યું છે તેમાં વોર્ડ નં ૫ સિવાય કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વસ્તી વધતી નથી કે ૧૦ ટકાથી વસ્તી ઘટતી નથી.

૮. શહેરનાં ૯ વોર્ડોને નિયમ ૩ની જોગવાઇઓને ધ્યાનમાં લઈ આ સાથે અનુસૂચિ ૧માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે. આ સીમાંકન નક્કી કરવામાં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજૂથતા, નદી, રેલ્વેલાઈન, રોડલાઈન વગેરે કારણે બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને એકસરખા વોર્ડ-૧૨ બની રહે તે મુદ્દો વિચારણામા લઈ વોર્ડોનું સીમાંકન નક્કી કરેલું છે.

૯. નિયમોના નિયમ ૪ અન્વયે દરેક વોર્ડમાં ત્રણ કાઉન્સિલર ચૂંટવાના છે. નિયમ ૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક બિનઅનામત એટલે કે સામાન્ય બેઠક બની રહેશે. જ્યારે બીજી બેઠક મહિલા, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની મહિલા સહિત માટે અનામત રાખવાની છે. જ્યારે ત્રીજી બેઠક જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગને ફાળવવાની રહેશે અને તેવી ફાળવણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો તે બિનઅનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે.

૧૦. નિયમોના નિયમ ૬ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિની દરેક વોર્ડની વસ્તીની ટકાવારીનાં ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તી સંખ્યા વધુ હોય એટલે કે, ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, મહિલા બેઠક સહીતની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ વસ્તી હોય એટલેકે ટકાવારી ઊંચી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારીત કરેલ છે,

૧૧. જાહેરનામા અન્વયે શહેર માટે ૨ બેઠકો અનુસુચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે અને ૨ બેઠકો પૈકી ૧ બેઠક અનુસૂચિત જાતિની મહિલા માટે અનામત રાખવાનુ નિર્ધારીત કર્યુ છે.

INDEX

૧૨. પંયે એકઠી કરેલી માહિતી મુજબ શહેરનાં જુદા જુદા ૧૨ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	અનુ.જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ.જાતિની વસ્તીની ટકાવારી
૧.	૧૧	૫૮૫૯	૧૭૭૪	૩૦.૨૭%
૨.	૩	૫૬૯૧	૭૮૩	૧૩.૭૬%
૩.	૪	૫૦૯૨	૩૭૧	૭.૨૮%
૪.	૯	૬૨૦૨	૩૪૬	૫.૫૭%
૫.	૧૨	૫૭૬૭	૨૨૪	૩.૮૮%
૬.	૬	૫૩૦૫	૧૪૭	૨.૭૭%
૭.	૫	૫૫૫૭	૭૮	૧.૪૦%
૮.	૧	૬૧૩૦	૬૮	૧૧.૧૧%
૯.	૭	૫૮૪૧	૫૯	૧.૦૧%
૧૦.	૨	૫૭૮૧	૧૨	૦.૨૧%
૧૧.	૧૦	૫૧૩૯	-	-
૧૨.	૮	૫૫૩૩	-	-

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં. ૧૬ તથા ૩ માં અનુસૂચિત જાતિની બેઠક નિયમોના નિયમ ૬ અ હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે અને તે મુજબ ફાળવવામાં આવે છે.

૧૫. અનુસૂચિત જાતિનાં પુરુષ તથા મહિલા અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ જે વોર્ડોમાં આ વર્ગ માટે બેઠક ફાળવાઈ હોય તે વોર્ડની ટકાવારીનાં ક્રમમાં પ્રથમ આવતા ત્રણ વોર્ડ પૈકી પુરુષ તથા ત્યાર પછીનાં અનામત રખાતા વોર્ડમાં મહિલા બેઠક ફાળવવી તેમ પંચ માને છે. પરંતુ જાહેરનામા અન્વયે અમરેલી નગરપાલિકા માટે ૨ બેઠકો અનુસૂચિત જાતિ માટે રાખવાનું નિર્ધારિત થયેલ હોઈ ટકાવારી પ્રમાણે બીજા ક્રમે આવતા વોર્ડને મહિલા બેઠક અનુસૂચિત જાતિની ફાળવવી યોગ્ય જણાય છે. આ મુજબ ફાળવણી કરતાં પણ નિયમો અન્વયે દરેક વોર્ડમાં એક મહિલા, એક સામાન્ય બેઠક ફાળવવાની જોગવાઈ છે. તેનું ખંડન ન થાય તેની તકેદારી રાખવાની રહે છે.

૧૬. અનુસુચિત જાતિની બેઠક વોર્ડ નં. ૧૧ તથા ૩માં નિયમોના નિયમ ૬:અઃ અન્વયે ફાળવવામાં આવે છે. તે પૈકી મહિલા માટે બેઠકની વ્હેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

વોર્ડ નંબર	બેઠક
૧૧	અનુસુચિત જાતિ
૩	અનુસૂચિત જાતિ : મહિલા

INDEX

૧૭. જાહેરનામા અન્વયે અનુ. જાતિ માટે કોઈ બેઠક અનામત રાખવાનું નિર્ધારીત થયુ નથી. તેથી અનુસૂચિત આદિજાતિ માટે કોઈ બેઠક અનામત રાખવામાં આવતી નથી.

૧૮. જાહેરનામા ક્રમાંક : ખંડ :ગ: સી: મુજબ ચાર બેઠકો પછાતવર્ગો માટે ફાળવેલ છે. તે પૈકી એક બેઠક આ વર્ગની મહિલા માટે અનામત રખાઈ છે.

૧૯. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪નાં નિયમ ૬ બી હેઠળ રાજ્ય ચૂંટણી પંચે પછાત વર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. જેના મહત્વનાં પ્રબંધ નીચે પ્રમાણે છે.

(૧) માન્ય રાજકીય પક્ષો તરફથી મળેલ માહિતીનાં અભ્યાસ પરથી જે શહેરનાં જે જે વોર્ડોનાં પછાતવર્ગની વસ્તીનાં ધોરણને અનુલક્ષીને જે સર્વ સામાન્ય વોર્ડો હોય તે તે વોર્ડોમાં પછાતવર્ગ માટે અનામત બેઠક ફાળવવાની રહેશે.

(૨) મ્યુનિસિપલ ચીફ ઓફીસર તરફથી છેલ્લી ચૂંટણીમાં જે વોર્ડમાંથી પછાતવર્ગનાં ઉમેદવારો ચૂંટાઈને કોર્પોરેટર તરીકે પદધારણા કરતાં હતા તે વોર્ડમાં ઉપર અનુક્રમ નં. ૧માં જણાવેલ વોર્ડોમાં બેઠક ફાળવ્યા પછી નિયત સંખ્યા સુધીમાં ફાળવવાની રહેશે.

આથી સ્પષ્ટતા કરવાની કે, જુના વોર્ડોનું સીમાંકન અને નવા વોર્ડોના સીમાંકનમાં ફેરફાર હોય તો જુના વોર્ડોનો મોટા ભાગનો જે વિસ્તાર જે જે નવા વોર્ડનાં સીમાંકનમાં સમાવિષ્ટ થતો હોય તેવા નવા વોર્ડમાં પછાતવર્ગની બેઠક ફાળવવાની રહેશે.

(૩) પછાત વર્ગ માટે અનામત રાખેલી કુલ બેઠકો પૈકી ૧:૩ બેઠકો મહિલા માટે જાહેરનામા અન્વયે અનામત રખાઈ છે. આમ ત્રણ બેઠકો પૈકી એક બેઠક મહિલા માટે અનામત રાખવામાં આવી છે. આમ, મહિલાનું પ્રમાણ ૧:૩ રહશે તેથી તાર્કીક રીતે વિચારતા દર ત્રણ બેઠકો પૈકી ત્રીજી બેઠક મહિલા માટે ફાળવવી તેમ પંચ સ્વિકારે છે.

(૪) પરંતુ જો આ રીતે જે વોર્ડમાં પછાત વર્ગ માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસુચિત જાતિ અથવા અનુ. આદિજાતિ માટે મહિલા બેઠક ફાળવી હોય તો તે વોર્ડને બદલે તે પછી અનુક્રમે જે વોર્ડ આવે તે વોર્ડમાં પછાતવર્ગની મહિલા બેઠક ફાળવવી.

૨૦ માન્ય રાજકીય પક્ષોને પંચ તરફથી નગરપાલિકાઓના કયા વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવી તે અંગે સુચનો મોકલવા આ કાર્યાલય તરફથી વિનંતી કરવામાં આવેલ. પરંતુ કોઈ માન્ય રાજકીય પક્ષ તરફથી હજુ સુધી સુચન કરવામાં આવ્યા નથી.

પંચે અપનાવેલા માપદંડ મુજબ ચીફ ઓફીસર પાસેથી ગત ચૂંટણીમાં પછાતવર્ગનાં કાઉન્સિલરો જુના તથા નવા વોર્ડમાંથી ચૂંટાયા હતા. અને તે સમગ્ર વોર્ડનો કે મોટા ભાગના વિસ્તાર નવા કયા વોર્ડમાં સમાવિષ્ટ થાય છે. તેની માહિતી મેળવવામાં આવી છે. માહિતી ચકાસતાં જુના વોર્ડનો નવો વોર્ડ નં. ૧, ૪, ૭ તથા ૮ માંથી પછાત વર્ગના કાઉન્સિલરો ચૂંટાઈ આવ્યા છે. વોર્ડનો નવા વોર્ડ નં. ૮ માં વોર્ડ નં.૪ નો નવો વોર્ડ નં.૫ માં વોર્ડ નં. ૭ નો નવો વોર્ડ નં.૯ માં તથા વોર્ડ નં.૮નો નવા વોર્ડ વોર્ડનં.૧૧ માં સમાવેશ થયો છે. આમ વોર્ડ નં.૫, ૮, ૯ તથા ૧૧ માપદંડ મુજબ પછાતવર્ગ માટે અનામત રાખવાના રહે છે.

૨૧. વોર્ડ નં. ૫, ૮, ૯ તથા ૧૧ માં પછાતવર્ગ માટે બેઠક અનામત રાખવાનું અને તે પૈકી ત્રીજા ક્રમે આવતા વોર્ડ નં. ૯માં પછાત વર્ગ મહીલા બેઠક અનામત રાખવાનું માપદંડ મુજબ ઠરે છે. પરંતુ વોર્ડ નં. ૧૧ માં અનુ. જાતિ માટે ત્રીજી બેઠક ફાળવાયેલી હોઇ, પછાત વર્ગ માટે પણ વોર્ડ નં. ૧૧ માં ત્રીજા બેઠક ફાળવી શકાય તેમ નથી. તેથી વોર્ડ નં.૧૧ માં બીજા બેઠક પછાતવર્ગ મહીલા માટે અને વોર્ડ નં. ૯ પછાતવર્ગ માટે ત્રીજા બેઠક ફાળવવાનું પંચ મુનાસીબ માને છે અને તે મુજબ બેઠકો ફાળવવા ઠરાવે છે.

INDEX

૨૨. આ પ્રમાણે અનુસુચિત જાતિ તથા પછાત વર્ગની મહિલા અનામત બેઠકની ફાળવણી કર્યા પછી મહિલા અનામત બેઠક અને સામાન્ય ઉમેદવારોને બાકી રહેતી બેઠક ફાળવવામાં આવે છે.

૨૩. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને નિયમોનાં નિયમ-૩ અન્વયે શહેરોને આ સાથે સંલગ્ન અનુસૂચિ-૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે. અને આ અનુસૂચિ-૨માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

૨૪. આ પ્રમાણે વોર્ડોનું વિભાજન અને હદરેખા નકકી કરવાનું અને વોર્ડની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે.

૨૫. ઉપર પ્રમાણે વોર્ડોની હદરેખા નકકી કરવામાં આવે છે. અને ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે. તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે. અને તે સામે કોઈપણ શખ્સને જાહેર જનતાને સલાહ સુચનો કરવંના હોય તો તે આ આદેશ પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૫ દિવસોમાં રાજય ચૂંટણી પંચ, બ્લોક નં. ૯, ૬ઠ્ઠા માળે, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા. મુદત વિત્યે આવેલ સુચનો ધ્યાનમાં લેવામાં આવશે નહી.

૨૬. રાજય ચૂંટણી પંચે કોર્પોરેશનના વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો છેવટનો કરતાં પહેલાં લોકપ્રતિનિધિત્વ ધારો ૧૯૫૧ અન્વયે માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરુરી પરામર્શ કરશે.

તારીખઃ ૮/૪/૧૯૯૪.

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજય ચૂંટણી પંચ

INDEX

પત્રક નંબર - ૪

અમરેલી મ્યુનીસીપાલીટી જીલ્લો અમરેલી

વોર્ડ નં.	ઈલેકશન વોર્ડની હદનું વર્ણન
૧	જેસીંગપરા વેરાઈપા વોર્ડ નં.૧ અમરેલી શહેરની વાયવ્ય હદેથી આવેલ કુંકાવાવ રોડ સુધરાઇ હદે શરુ ઉત્તર તરફ વડી નદી પસાર કરી સર્વે નં. ૧૦૬૩ તથા ૧૦૬૪ તથા ૧૦૪૮ની ઉત્તર બાઉન્ડ્રી થઇ નાના આંકડીયા જવાનો રસ્તો જોસ કરી સર્વે નં. ૧૦૪૮ની ઉતર હદેથી ઠેબી નદીના પુર્વ કિનારાથી દક્ષિણ તરફ ઠેબી નદીના પુર્વ કિનારે કિનારે દક્ષિણ તરફ જતા જીવાપરા મહાદેવના મંદિર સામે આવેલ તાઇવાડાના ગઢની દિવાલના ખુણેથી પુર્વ તરફ ભરવાડ વાડાના રસ્તેથી દક્ષિણ તરફ ગુંદીયા ચોરાથી વજીરની ડેલીથી જુમ્મા મસ્જીદ પાસેથી પુર્વ તરફ જેલ તરફ જતા રસ્તા માઇ સરોવરની દરગાહથી મોચી બજાર તરફ જતા જમણા હાથનો વિસ્તાર ત્યાંથી મોચી બજારથી ટાવર તરફ જતા જમણા હાથનો વિસ્તાર ત્યાંથી મોચી બજાર દક્ષિણ બાજુવાળી ટાવર તરફ દોલતસિંહ ધનસિંહ પાનવાળાની દુકાનથી પશ્ચિમ તરફ જતા કાપડ બજાર શરૂ થતા કાપડ બજારના ઉતર હદ થઇ પશ્ચિમે જતા જૈન મંદિર, મોદી શેરીના છેડે થઇ વેરાઇ માતાના રસ્તાના કોર્નર થઇ નવી ખત્રી મહાજન વાડીથી સ્વામીનારાયણ મંદિરથી દક્ષિણ તરફ જતા ઠેબી નદીના પુર્વ કિનારેથી દક્ષિણ તરફ ગૌશાળા પંડોરા વાડીના પુર્વ હદે થઇ દક્ષિણ ખુણેથી પશ્ચિમ તરફ જતા મહેતા સિલ્ક મીલ પાસેથી કુંભારના મકાનો થઇ જેસીંગપુરા કુમાર શાળા તરફ પશ્ચિમ તરફ જતા કુમાર શાળાની ઉતર બાજુની હદે થઇ જેસીંગપુરા, રાયપરા, શેરી નં.૩માંથી પસાર કરી પશ્ચિમ તરફ સુધરાઇ હદ સુધી ટચ થઇ રંગપુર વડેરા રોડનો ક્રોસ કરી સર્વે નં.૯૩૪ તથા ૯૩૩ પશ્ચિમ અને ઉતર હદ પ્રમાણે પસાર થઇ કુંકાવાવ રોડના વાયવ્ય ખુણા સુધી એ પ્રમાણે ચુર્તદિશાથી બંધાયેલ ઈલેકશન વાર્ડની હદ છે.
૨	કસ્બાપા વોર્ડ નં.૨ ઠેબી નદીના પુર્વ કાંઠેથી રેવન્યુ સર્વેનં. ૩-૪ વાયવ્ય ખુણેથી શરુ કરી પુર્વ તરફ જતા મણીનગરની દક્ષિણે આવેલ મેમણ કબ્રસ્તાનથી ગીરીયા રોડ ક્રોસ કરી તથા યુનિટી હાઇસ્કુલ તારવાડી વોટર વર્કસવાળા વિસ્તારની ખૂણેથી પુર્વ બાજુ થઇ દક્ષિણ તરફ જતા ગાંધીબાગની પશ્ચિમ બાજુની હદ પ્રમાણેથી દક્ષિણ તરફ થઇ પશ્ચિમ તરફ કપોળ બોર્ડીંગનો પાછળના ખુણેથી દક્ષિણ તરફ સંઘવીના ડેલા પાસે હવેલી ચોક સુધીનો પશ્ચિમ વિસ્તાર હવેલી મંદિરની પૂર્વ બાઉન્ડ્રી પ્રમાણે થઇ મોચી બજારના રસ્તે વળતા જમણા હાથે દિલાવર પ્રેસથી માંઇ સરોવરમાં દરગાહ તરફ વળાંક લઇ જેલ પાસે થઇ પશ્ચિમ તરફ જતા જુમ્મા મસ્જીદના પશ્ચિમ દક્ષિણ ખુણેથી ઉતર તરફ જતા ભરવાડ વાડ તથા ગુંદીયાચોરો તરફ જતા રસ્તાની જમણી બાજુના વિસ્તારથી જીવાપરા સોમનાથ મંદિરની પાછળ સર્વે નં. ૧૯ ના ખુણા સુધી.
૩	સરલાવાડા વોર્ડ નં.૩ ઠેબી નદીના પુર્વ કિનારેથી પ્રોમલીપાટ તરીકે ઓળખાતા વિસ્તાર રે.શ.નં.૪૦ ના ઉતર પુર્વ ખુણેથી શરુ થતા સુધરાઇ હદ થઇ પુર્વ તરફ ઉતર બાજુના ફાયર બટ પાસેથી પસાર થઇ પુર્વ તરફ ચિતલ રોડ રસ્તે ન્યુ ચિતલ જકાત નાકા પાસેથી નહેરુ ગેઇટ તરફ જતા રસ્તે જમણા હાથનો વિસ્તાર નહેરુ ગેઇટથી પશ્ચિમ તરફ સંઘવીના ડેલા તરફ જતા રસ્તાનો જમણા હાથનો વિસ્તાર સંઘવીના ડેલાથી ઉતર તરફ જતા

INDEX

વોર્ડ નં.	ઈલેકશન વોર્ડની હદનું વર્ણન
	કપોળ બોર્ડીંગના વાયવ્ય ખુણા સુધી ત્યાંથી પુર્વતરફ જતા ગાંધીબાગની પશ્ચિમ બાઉન્ડ્રીએ પસાર થઇ યુનિટી હાઇસ્કુલના વાયવ્ય ખુણા ત્યાંથી નદી તરફ જતા રસ્તે સર્વે નં.૩/૪ ના વાયવ્ય ખુણેથી ઉતર ઠેબી નદીના પુર્વ કિનારે કિનારે જતા સર્વે નં.૪૦ના વાયવ્ય ખૂણાને જોડતા વિસ્તારનો સમાવેશ આ વાર્ડમાં થાય છે.
૪	<u>સરકારવાડા ભાગ-૧ વોર્ડ નં ૪</u> ચિતલ રોડ પર આવેલ પેવેલીયનના વાયવ્ય ખુણેથી વિમાન ઘરની દક્ષિણ હદ પ્રમાણે પૂર્વ તરફ જતા રે.શ.નં. ૧૨૧૧-૬૪-૬૬-૧૨૧.૨ ની પશ્ચિમ બાઉન્ડ્રીએ થઇ બોયઝ હોસ્ટેલ સુધી ત્યાંથી વરસડા રોડ ક્રોસ કરી આઇ.ટી કંમ્પાઉન્ડની પુર્વ બાજુએથી સ્ટેશન રોડ જકાત નાકાથી નગરપાલિકા કચેરી તરફ જતો સ્ટેશન રોડની જમણી બાજુના વિસ્તારથી ઉતર તરફ જતા ટેલીફોન એકસચેંજ સુધી ત્યાંથી રોડ ક્રોસ કરી નાગનાથ મંદિરની પશ્ચિમ બાજુએ થઇ ઉતર બાઉન્ડ્રીએ થઇ નહેરુ ગેઇટ તરફ નહેરુ ગેઇટથી રાજમહેલના પશ્ચિમ કમ્પાઉન્ડથી ઉતર તરફ જતા ચિતલ રોડ ઉપર આવેલ પેવેલીયનના વાયવ્ય ખુણા સુધી.
૫	<u>માણેકપરા-હનુમાનપરા વોર્ડ નં-૫</u> રેવ્ન્યુ સર્વે નં.૧૨૧૧ ના ઉતર પશ્ચિમ ખુણે એટલે કે વાયવ્ય ખુણેથી પુર્વે તરફ જતા રે.શ.નં. ૧૨૪ જે નગરપાલિકાની હદ છે ત્યાથી દક્ષિણ બાજુ આવતા રેલ્વે લાઇન ક્રોસ કરી પુર્વ તરફ જતા રે.શ.નં. ૧૧૬ના ઇશાન ખુણેથી દક્ષિણ તરફ વરસડા રોડ ક્રોસ કરી પશ્ચિમ તરફ જતા ડાબા હાથે રે.શ.નં. ૧૫૨ ની પુર્વ હદે વરસડા રોડ જકાત નાકાની પુર્વ બાજુએથી દક્ષિણ તરફ જતા સર્વે નં. ૧૫૨/૨ ના પુર્વ દક્ષિણ ખુણેથી હનુમાનપરા તરફ જતા રસ્તે જમણા હાથની બાઉન્ડ્રીએ આવેલ રે.શ.નં. ૨૭૬ ના ઇશાન ખુણેથી રે.શ.નં. ૨૭૬ વા અગ્નિ ખુણા સુધી ત્યાંથી કેરીયારોડથી અમરેલી સીટી તરફ આવતા પટેલ બોર્ડીંગના ખુણા સુધી પટેલ બોર્ડીંગની રેલ્વે સ્ટેશન તરફ જતા ઓકટ્રોય નાકાથી વરસડા રોડ તરફ જતા આઇ.ટી.આઇ કંમ્પાઉન્ડના ઇશાન ખુણેથી વરસડા રોડ ક્રોસ કરી ડૉ. જીવરાજ મહેતા પોલીટેકનીકની દક્ષિણ હદેથી ઉતર તરફ જતા રે.શ.નં. ૧૨૧/૨ ૬૬, ૬૪ તથા ૧૨૧૧ ના વાયવ્ય ખુણા સુધી.
૬	<u>વોર્ડ નં.૬ હરીલાલભાઇ પા. વોર્ડ</u> હવેલી દરવાજા તરીકે ઓળખાતી જગ્યા પાસે આવેલ જગન્નાથજી મંદિરની જગ્યામાં આવેલ જગદીશ હોટલના વાયવ્ય ખુણેથી નાગનાથ મંદિર જતાં મુખ્ય રસ્તાના જમણી બાજુએથી નાગનાથ મંદિરની સાંકડી ગલીમાં દક્ષિણ તરફ લાયબ્રેરી જતાં લાયબ્રેરી પાસે, ચોકથી પુર્વ તરફ સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયાના ઉતર ખુણા પાસેથી આવેલ જાહેર મુતરડીથી ચુધરાઇ ચોક તરફ જતા જમણા હાથે આવતો વિસ્તાર ગેલેકસી પાન ઘર રોડ પસાર કરી ડો.જીવરાજ મહેતાના બાવલાએથી સ્ટેશન તરફ જતા મુખ્ય રસ્તાની જમણી બાજુએ આવેલ ભીડભંજન મહાદેવની ગોળાએથી દક્ષિણ તરફ લીલીયા રોડ તરફ ડો.સાવલીયૈ સાહેબ અને સુર્યસદન સુધીનો ચોકથી પશ્ચિમ બાજુએ કાબરીયાના ડેલા વાળા ચોક થઇ હઠીલા હનુમાનથી ચાંદની ચોકથી ફુલારા ચોક સુધીનો જમણા હાથે આવતો વિસ્તાર ફુલારા ચોક સુધીનો ટાવર તરફ જતા કંસારા બજારનો જમણા હાથનો વિસ્તાર સ્ટેશન રોડ ક્રોસ કરી ટાવરથી હવેલી ચોકથી હવેલી દરવાજા તરફ જગદીશ હોટલનો વાયવ્ય ખુણા ને જોડતો તમામ વિસ્તારનો સમાવેશ આ વોર્ડમાં કરવામાં આવેલ છે..

INDEX

વોર્ડ નં.	ઇલેક્શન વોર્ડની હદનું વર્ણન
૭	વોર્ડ નં.૭ ચોરાપા વોર્ડ સ્વામીનારાયણ મંદિર સામે આવેલ કણબી દરવાજાના વાયવ્ય ખુણેથી ટાવર તરફ જતા મુખ્ય રસ્તાના જમણા હાથની બાઉન્ડ્રીએથી ટાવર પાસે શંકર કટલરી સ્ટોર્સથી વળાંક લઇ કંસારા બજારફુલારા ચોક, જયહિંદ ટોકીઝ સુધીના રસ્તાથી જમણા હાથની બાઉન્ડ્રીથી મુખ્ય રસ્તાની જમણા બાજુએ પાનની દુકાનથી સ્મશાન તરફ જતો મુખ્ય રસ્તાની જમણી બાજુએ સામુદ્રી માતાના મંદિરના ડેલાની પુર્વ દક્ષિણ ખુણેથી ઠેબી નદીના પુર્વ કાંઠા સુધી ત્યાંથી ઉતર તરફ કણબી દરવાજાના વાયવ્ય ખુણા સુધીનો તમામ ઘેરાયેલ વિસ્તાર
૮	શીતળા માતા મંદિર પાસે આવેલ ચુનારાની જગ્યાથી વડી નદી ક્રોસ કરી મંડોરાવાડી ક્રોસ કરી ત્યાંથી ઠેબી નદીના પુર્વ કિનારાથી દક્ષિણ તરફ જતા રેલ્વે પુલના પુર્વ ખુણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ રેલ્વે લાઇનની હદોહદથી ઉતર તરફ રે.શ.નં. ૫૭૮/૩ થી ઉતર તરફ કોડીનાર તરફ જતો રસ્તો ક્રોસ કરી રે.શ.નં ૮૮૧ ના વાયવ્ય ખૂણાથી પૂર્વ તરફ રે.શ.નં. ૮૮૬ના ઇશાન ખુણાથી ઉતર તરફ જતા રે.શ.નં. ૮૮૪ ની પશ્ચિમ બાઉન્ડ્રીએ થઇને રે.શ.નં ૮૮૪ વાયવ્ય ખુણા સુધી.
૯	બહારપરા-બટારવાડી વોર્ડ નં.૯ ફુલારા ચોક પાસે આવેલ મસ્જદના વાયવ્ય ખુણેથી સવજી પરા રોડ તરફ જતા આયુર્વેદિક હોસ્પીટલના અગ્નિ ખુણા સુધી ત્યાંથી કાબરીયાના ડેલા થઇ તરફ સુર્યસદન પાછળથી પસાર થઇ મોતીરામબાપુની જગ્યા પાસેના ચોકથી સરદાર ચોક ત્યાંથી ચક્કરગઢ રેલ્વે ક્રોસીંગ ત્યાંથી રેલ્વે લાઇનને સમાંનતર સરદારનગર શેરી નં.૧ના છેવાડે થી પશ્ચિમ તરફ જતા જમણા હાથનો વિસ્તાર ત્યાંથી ઉતર તરફ રે.શ.નં. ૫૨૯.૧ ની પશ્ચિમ હદેથી ચક્કરગઢ રોડ ક્રોસ કરી કુંભારવાડા તરફ જતા રસ્તે થઇ કુંડલા રોડ ક્રોસ કરી વણકર વાસનો ઉતર વિસ્તારથી ઉતર તરફ જતા ભરવાડ વાડા ખાટકીવાડથી જયહિંદ ટોકીઝ તરફ જતા મુખ્યરોડના જમણા હાથનો વિસ્તાર ત્યાંથી ફુલારા ચોક પાસે આવેલ મસ્જદ વાયવ્ય ખુણા સુધી.
૧૦	માણેકપરા ભાગ-૨ અમરેલી જીલ્લા ખરીદ વેચાણ સંઘના મકાનના વાયવ્ય ખુણેથી શુરુ કરી પુર્વ તરફ જતા કેરીયા રોડ ક્રોસીંગ આવેલ માધવ બીલ્ડીંગવાળા ચોકથી પુર્વ તરફ કેરીયારોડ ક્રોસીંગ પસાર કરી કેરીયારોડ ઉપર આવેલ ભોજનલ પરા ઇશાન ખુણા સુધી ત્યાંથી વળી દક્ષિણ તરફ રે.શ.નં. ૭૦.૨ના અગ્નિ ખુણા સુધી ત્યાંથી લીલીયારોડ તરફ જતા રે.શ.નં. ૧૨.૧૦ના અગ્નિ ખુણા ત્યાંથી અમરેલી શહેર તરફ આવતા લીલીયારોડ રેલ્વે ક્રોસ કરી પટેલ જ્ઞાતિવાડીના નૈઋત્ય ખુણે થઇ ખરીદ વેચાણ સંઘના વાયવ્ય ખુણા સુધી.
૧૧	બહારપરા-સુખનાથ સામુદ્રી માતાના મંદિરની દક્ષિણે આવેલ ખુલ્લી જગ્યાના વાયવ્ય ખૂણેથી પુર્વ તરફ ગોંદરાવાળી જગ્યાએથી ઉતર તરફ વણકાર વાસ પાસેથી કુંડલા રોડ ક્રોસ કરી ચક્કરગઢ રોડ તરફ જતા રસ્તે મગનભાઇ તળાવીયાના કારખાના પાસે આવેલ ખુલ્લી જગ્યાના ઇશાન ખુણેથી દક્ષિણ તરફ જતા રેલ્વે પાટા સુધી ત્યાંથી રેલ્વે લાઇનને સમાંતર ચાલતા રેલ્વેના પુલ ખૂણા સુધી પૂર્વ ખૂણાથી સામુદ્રી માતાના મંદિર તરફ જતા નદીના પુર્વ કિનારા પાસે આવેલ ખુલ્લી જગ્યાનો વાયવ્ય ખુણો.

INDEX

વોર્ડ નં.	ઇલેકશન વોર્ડની હદનું વર્ણન
૧૨	માણેકપરા ભાગ -૧ મોતીરામ બાપુની જગ્યાના વાયવ્ય ખુણેથી પુર્વ તરફ જતા લીલીયા રોડ રેલ્વે ક્રોસીંગ પસાર કરી લીલીયા રોડના છેડેથી દક્ષિણ તરફ જતા ફારમવાડીના અગ્નિ ખુણા સુધી ત્યાંથી ચક્કરગઢ રોડ ક્રોસ કરી આદર્શનગર. સ.નં.૫૨૭ના અગ્નિ ખુણાથી સાવરકુડલાં રોડ તરફ જતા રે.શ.નં ૫૪૩ના નૈઋત્ય ખુણેથી કુડંલા રોડક્રોસ કરી રે.શ.નં. ૫૪૪, ૫૪૫/૨ દક્ષિણ હદેથી ઠેબી નદીના પશ્ચિમ કાંઠા સુધી પશ્ચિમ કાંઠેથી રેલ્વે પુલ તરફ જતા રેલ્વે પુલનો પશ્ચિમ છેડો ત્યાંથી રેલ્વેપુલનો પૂર્વ છેડાથી પરાસ્ટેશન કુંડલા રોડક્રોસ કરી રેલ્વે લાઈન હદની ઉતર બાજુ રે.સ.નં. ૫૩૩-૧૦૯૦ વિગેરે પશ્ચિમ હદેથી પસાર કરી પુર્વ તરફ સરદાર નગરના પાછળના રસ્તેથી લાઈન પાસે આવેલ સરદાર નગર શેરી નં.૧ ના છેડેથી ચક્કરગઢ રેલ્વેક્રોસીંગથી સરદાર ચોક તરફ આવતા રે.સ.નં.૮૯ ના નૈઋત્ય ખુણેથી ઉતર તરફ જતા મોતીરામ બાપુની જગ્યાના વાયવ્ય ખુણા સુધી.

તા. ૮-૪-૯૪

થો. જે. દીક્ષિત
સચિવ
રાજ્ય ચૂંટણી પંચ

INDEX

અનુસૂચિ - ૨

અમરેલી નગરપાલિકાની કુલ વસ્તી : ૬૭,૮૨૭

કુલ વોર્ડોની સંખ્યા : ૧૨

વોર્ડ દીઠ સરેરાશ વસ્તી : ૫૬૧૨ સરેરાશ વસ્તી ૧૦ ટકા વધ મુજબ : ૬૨૧૭

સરેરાશ વસ્તી ૧૦ ટકા ઘટ મુજબ : ૫૦૮૭

બેઠકોની સંખ્યા : ૩૬

મહિલા બેઠકો : ૧૨ ૧ બેઠક અનુસૂચિત જાતી.

અનુસૂચિત આદિજાતી માટે કોઇ નહી.

૧ બેઠક પછાત વર્ગની મહિલા સહિતની

અનુસૂચિત જાતી માટે અનામત બેઠકોની સંખ્યા : ૪ પૈકી ૧ મહિલા માટે.

અનુસૂચિત આદિજાતી માટે અનામત બેઠકોની સંખ્યા : કોઇ નહીં

પછાત વર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા : ૪ તે પૈકી ૧ મહિલા માટે.

કુલ અનામત બેઠકો : ૧૬

સામાન્ય બેઠકો : ૨૦

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી બીન અનામત	બીજી બેઠકની ફાળવણી મહિલા અનામત	ત્રીજી બેઠકની ફાળવણી
૧.	૧	૫૩૨૯	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૨.	૨	૬૨૩૫	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૩.	૩	૬૦૮૦	સામાન્ય	અનુ.જાતિ	સામાન્ય
૪.	૪	૫૩૩૦	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૫.	૫	૫૧૦૫	સામાન્ય	સામાન્ય	પછાત વર્ગ
૬.	૬	૫૩૦૩	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૭.	૭	૫૬૨૧	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૮.	૮	૫૫૩૪	સામાન્ય	સામાન્ય	પછાત વર્ગ
૯.	૯	૬૧૯૩	સામાન્ય	સામાન્ય	પછાત વર્ગ
૧૦.	૧૦	૫૪૫૩	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૧.	૧૧	૬૦૪૮	સામાન્ય	પછાત વર્ગ	અનુ. જાતિ
૧૨.	૧૨	૫૫૯૬	સામાન્ય	સામાન્ય	સામાન્ય

તારીખ: ૮-૪-૧૯૯૪

વો. જે. દીક્ષિત,
સચિવ રાજ્ય
ચૂંટણી પંચ, ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No.45 REGISTERED NO. G/GNR/2.

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

VOL.XXXV FRIDAY, APRIL 8, 1994/ CAITRA 18, 1916.

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ

ગુજરાત રાજ્ય

સચિવાલય, ગાંધીનગર.

ક્રમાંક : સમક : ૨૦૧૨ : ૯૪

બગસરા નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ.

ભારતના સંવિધાનના ૭૪મા સુધારાને અનુલક્ષીને ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ, ૧૯૯૩ અન્વયે મહત્વનાં સુધારા કરેલાં છે. આ અધિનિયમની કલમ ૬ પેટા કલમ ૪ અન્વયે નગરપાલિકાની ચૂંટણી, મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી પંચમાં નિહીત થશે તેવી જોગવાઇ કરેલી છે. અને રાજ્ય ચૂંટણી પંચે કલમ ૬ પેટા કલમ ૫ અન્વયે રાજ્ય સરકારે કરેલાં નિયમો અનુસાર અધિનિયમની જોગવાઇઓને આધીન રહીને ચૂંટણી કરવી જોઇએ.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ ૭ પેટા કલમ ૨ તથા કલમ ૬ની પેટા કલમ ૩ અન્વયે જાહેરનામા ક્રમાંક : કેવી ૨૭૫-૯૩ એન.પી.બી ૩૦૯૩-૫૬૪૬ (૪) આર, તા.૧૮:૧૨:૯૩ જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યા છે. તે અન્વયે બગસરા શહેરના નગરપાલિકાને જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેના સંન

INDEX

૧૯૯૧નાં વસ્તી ગણતરીના આખરી આંકડા પ્રસિદ્ધ થયા છે. તેના આધારે ૯ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. નગરપાલિકાના કાઉન્સિલરોની કુલ બેઠકો ૨૭ નક્કી કરવામાં આવી છે. જાહેરનામા અન્વયે, અનુસૂચિત જાતિ તથા પછાતવર્ગ તેમજ મહિલા માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલી છે.

૩. ચૂંટણી પંચે અધિનિયમની કલમ ૭, પેટા કલમ ૨, ખંડ ૩ પેટા ખંડ: ખ: અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડોમાંની અનુ.જાતી, અનુસૂચિત આદીજાતી, પછાત વર્ગની તથા મહિલાની તરફેણમાં અનામત રાખેલા બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજ્ય સરકારે તેમના જાહેરનામા ક્રમાંક :કેવી:૪૯:૧૯૯૪, એન.પી.એલ ૪૫૯૩ :૩૬૫૫:એમ તા.૧૬-૩-૯૪.અન્વયે અધિનિયમની કલમ ૨૭૭ની પેટાકલમ ૨ તથા કલમ ૬ તથા ૭ અન્વયે વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણીના નિયમો, ૧૯૯૪ હવે પછી નિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે બહાર પાડેલ છે.

૫. નિયમોના નિયમ ૨ અન્વયે નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે, કે શક્ય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોના વસ્તી એક સરખી રહે અને સામાન્યત: વોર્ડની સરેરાશ વસ્તીથી કોઇ પણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહિ તે પ્રમાણે વોર્ડની રચના કરવાની રહે છે. આમ છતાં ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે, સ્થાનિક એક જુથ તથા ભૌગોલીક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને તુલનામાં લેતા ૧૦ ટકા વધુ વધ કે ઘટ કરીને વોર્ડની રચના કરી શકાશે.

૬. પંચે નગરપાલિકાના વોર્ડોનાં સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે. તેમજ સને. ૧૯૪૮ના સેન્સસ એકટ મુજબ સને. ૧૯૯૧ના વસ્તી ગણતરીનાં છેવટનાં પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં શહેરની કુલ વસ્તી ૨૮૩૮૯ આવે છે. જાહેરનામા મુજબ શહેરને ૯ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૩૧૫૪ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની પંચે તેમના કાર્યાલયના અધિકારી કર્મચારીઓ મારફત ચકાસણી કરાવેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડનું સીમાંકન કરવાનું ધાર્યુ છે તેમાં કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વસ્તી વધતી નથી કે ૧૦ ટકાથી વસ્તી ઘટતી નથી.

૮. શહેરનાં ૯ વોર્ડોને નિયમ ૩ ની જોગવાઈઓને ધ્યાનમાં લઈ આ સાથે અનુસૂચિ ૧માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે. આ સીમાંકન નક્કી કરવામાં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજૂથતા, નદી, રેલ્વેલાઈન, રોડલાઈન વગેરે કારણે બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને એકસરખા વોર્ડ-૯ બની રહે તે મુદ્દો વિચારણામાં લઈ વોર્ડોનું સીમાંકન નક્કી કરેલું છે.

૯. નિયમોના નિયમ ૪ અન્વયે દરેક વોર્ડમાં ત્રણ કાઉન્સિલર ચૂંટવાના છે. નિયમ ૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક બિનઅનામત એટલે કે સામાન્ય બેઠક બની રહેશે. જ્યારે બીજી બેઠક મહિલા, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની મહિલા સહિત માટે અનામત રાખવાની છે. જ્યારે ત્રીજી બેઠક જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની મહિલા સહિત માટે અનામત રાખવાની છે અને તેવી ફાળવણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો તે બિનઅનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે.

૧૦: નિયમોના નિયમ ૬ અન્વયે અનુસુચિત જાતિ, અનુસૂચિત આદિજાતિની દરેક વોર્ડની વસ્તીની ટકાવારીનાં ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તી સંખ્યા વધુ હોય એટલે કે, ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે.આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, મહિલા બેઠક સહીતની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ વસ્તી હોય એટલે કે ટકાવારી ઊંચી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારીત કરેલ છે,

૧૧. જાહેરનામા અન્વયે શહેર માટે ૨ બેઠકો અનુસુચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે અને ૨ બેઠકો પૈકી ૧ બેઠક અનુસૂચિત જાતિની મહિલા માટે અનામત રાખવાનુ નિર્ધારીત કર્યુ છે.

INDEX

૧૨. પંચે એકઠી કરેલી માહિતી મુજબ શહેરનાં જુદા જુદા ૯ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા કમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	અનુ.જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ.જાતિની વસ્તીની ટકાવારી
૧.	૩	૩૨૩૩	૯૫૫	૨૯.૫૪%
૨.	૯	૩૦૯૧	૩૬૫	૧૧.૮૦%
૩.	૧	૩૪૪૩	૨૪૨	૭.૦૨%
૪.	૫	૩૪૩૨	૧૨૦	૩.૪૯%
૫.	૨	૨૮૭૦	૯૮	૩.૪૧%
૬.	૭	૩૦૧૪	૯૩	૩.૦૮%
૭.	૮	૨૯૭૦		
૮.	૬	૨૮૭૨		
૯.	૪	૩૪૬૪		

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં. ૩ તથા ૯ માં અનુસૂચિત જાતિની બેઠક નિયમોના નિયમ ૬ અ હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે. અને તે મુજબ ફાળવવામાં આવે છે.

૧૫. અનુસૂચિત જાતિના પુરુષ તથા મહિલા અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ જે વોર્ડોમાં આ વર્ગ માટે બેઠક ફાળવાઈ હોય તે વોર્ડની ટકાવારીનાં ક્રમમાં પ્રથમ આવતા ત્રણ વોર્ડ પૈકી ત્રીજા વોર્ડમાં મહિલા બેઠક ફાળવવી તેમ પંચ માને છે. પરંતુ જાહેરનામા અન્વયે બગસરા નગરપાલિકાના બે બેઠકો અનુસૂચિત જાતિ માટે રાખવાનું નિર્ધારીત થયેલ હોઈ ટકાવારી પ્રમાણે બીજા ક્રમે આવતા વોર્ડને મહિલા બેઠક અનુસૂચિત જાતિની ફાળવવી યોગ્ય થશે. એક મહિલા બેઠક, એક સામાન્ય બેઠક ફાળવવાની જોગવાઈ છે. તેનું ખંડન ન થાય તેની તકેદારી રાખવાની રહે છે.

૧૬. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં. ૩ તથા ૯ માં નિયમોના નિયમ ૬:અઃ અન્વયે ફાળવવામાં આવે છે. તે પૈકી મહિલા માટે બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

વોર્ડ નંબર	બેઠક
૩	અનુસૂચિત જાતિ
૯	અનુસૂચિત જાતિ મહિલા

૧૭. જાહેરનામા અન્વયે બગસરા નગરપાલિકાની રચના માટે અનુ. આદિજાતિ માટે કોઈ બેઠક અનામત રાખવાનું નિર્ધારીત થયુ નથી.તેથી અનુસૂચિત આદીજાતિ માટે કોઈ બેઠક અનામત રાખવામાં આવતી નથી.

૧૮. જાહેરનામા ક્રમાંક (ખંડ ગ સી) મુજબ ત્રણ બેઠકો પછાતવર્ગો માટે ફાળવેલ છે. તે પૈકી એક બેઠક આ વર્ગની મહિલા માટે અનામત રખાઈ છે.

INDEX

૧૯. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪નાં નિયમ ૬ બી હેઠળ રાજય ચૂંટણી પંચે પછાત વર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. જેના મહત્વનાં પ્રબંધ નીચે પ્રમાણે છે.

(૧) માન્ય રાજકીય પક્ષો તરફથી મળેલ માહિતીનાં અભ્યાસ પરથી જે શહેરનાં જે જે વોર્ડમાં પછાતવર્ગ માટે અનામત બેઠક ફાળવવાની રહેશે. વસ્તીનાં ધોરણને અનુલક્ષીને જે સર્વ સામાન્ય વોર્ડો હોય તે તે વોર્ડોમાં પછાતવર્ગ માટે અનામત બેઠક ફાળવવાની રહેશે.

(૨) મ્યુનિસિપલ ચીફ ઓફીસર તરફથી છેલ્લી ચૂંટણીમાં જે વોર્ડમાંથી પછાતવર્ગનાં ઉમેદવારો ચૂંટાઈને કોર્પોરેટર તરીકે પદધારણા કરતાં હતા તે વોર્ડમાં ઉપર અનુક્રમ નં. ૧ માં જણાવેલ વોર્ડોમાં બેઠક ફાળવ્યા પછી નિયત સંખ્યા સુધીમાં ફાળવવાની રહેશે.

આથી સ્પષ્ટતા કરવાની કે, જુના વોર્ડોનું સીમાંકન અને નવા વોર્ડોના સીમાંકનમાં ફેરફાર હોય તો જુના વોર્ડોનો મોટા ભાગનો જે વિસ્તાર જે જે નવા વોર્ડનાં સીમાંકનમાં સમાવિષ્ટ થતો હોય તો તેવા નવા વોર્ડમાં પછાતવર્ગની બેઠક ફાળવવાની રહેશે.

(૩) પછાત વર્ગ માટે અનામત રાખેલી કુલ બેઠકો પૈકી ૧:૩ બેઠકો મહિલા માટે જાહેરનામા અન્વયે અનામત રખાઈ છે. આમ, ત્રણ બેઠકો પૈકી એક બેઠક મહિલા માટે અનામત રાખવામાં આવી છે. આમ, મહિલાનું પ્રમાણ ૧:૩ રહે છે. તેથી તાર્કીક રીતે વિચારતા દર ત્રણ બેઠકો પૈકી ત્રીજી બેઠક મહિલા માટે ફાળવવી તેમ પંચ સ્વિકારે છે.

(૪) પરંતુ જો આ રીતે વોર્ડમાં પછાત વર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસુચિત જાતિ અથવા અનુ. આદિજાતિ માટે મહિલા બેઠક ફાળવી હોય તો તે વોર્ડને બદલે તે પછી અનુક્રમે જે વોર્ડ આવે તે વોર્ડમાં પછાતવર્ગની મહિલા બેઠક ફાળવવી.

માન્ય રાજકીય પક્ષોને પંચ તરફથી નગરપાલિકાઓના કયા વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવી તે અંગે સુચનો મોકલવા આ કાર્યાલય તરફથી વિનંતી કરવામાં આવેલ. પરંતુ કોઈ માન્ય રાજકીય પક્ષ તરફથી હજુ સુધી સુચન કરવામાં આવ્યા નથી.

પંચે અપનાવેલા માપદંડ મુજબ ચીફ ઓફીસર પાસેથી ગત ચૂંટણીમાં પછાતવર્ગનાં કાઉન્સિલરો જુના કયા વોર્ડમાંથી ચૂંટાયા હતા અને તે સમગ્ર વોર્ડોનો કે તે વોર્ડના મોટા ભાગના વિસ્તાર નવા કયા વોર્ડમાં સમાવિષ્ટ થાય છે. તેની માહિતી મેળવવામાં આવી છે. તે માહિતી ચકાસતાં નીચે પ્રમાણે પરિસ્થિતિ છે.

જેના વોર્ડ નં. ૧,૨,૩ તથા ૪ માંથી ગત ચૂંટણીમાં પછાત વર્ગનાં કાઉન્સિલરો ચૂંટાઈ આવ્યા છે. વોર્ડ નં. ૧નો નવા સુચિત વોર્ડ નં. ૫માં, વોર્ડ નં. ૨નો નવા સુચિત વોર્ડ નં. ૫માં, નવા વોર્ડ નં.૩ તથા ૪ નો નવા સુચિત વોર્ડ નં. ૭માં સમાવેશ થયો છે. આમ વોર્ડ નં. ૫ તથા ૭ પછાતવર્ગ માટે માપદંડ મુજબ અનામત રાખવાના રહે છે. જયારે વોર્ડ નં. ૩ માં પછાતવર્ગની વસ્તીનાં અન્ય વોર્ડ કરતાં વધુ વસ્તી હોવાનું ચીફ ઓફીસર જણાવે છે.

માપદંડ મુજબ વોર્ડ નં. ૩ માં ત્રીજી બેઠક ફાળવવાનું થાય. પરંતુ વોર્ડ નં. ૩માં ત્રીજી બેઠક પણ માપદંડ મુજબ અનુ. આદિજાતિ માટે અનામત રખાઈ છે. જેથી વોર્ડ નં. ૩ માં ત્રીજી બેઠકને બદલે મહીલા બીજી બેઠક પછાતવર્ગ માટે ફાળવવી યોગ્ય થશે. તેમ પંચ મુનાસીબ માને છે. તેથી વોર્ડ નં. ૩ માં પછાતવર્ગ મહીલા તથા વોર્ડ નં. ૫ તથા ૭ માં પછાતવર્ગ માટે બેઠક ફાળવવાનું પંચ ઠરાવે છે.

૨૦. આ પ્રમાણે અનુસુચિત જાતિ તથા પછાત વર્ગની મહિલા અનામત બેઠકની ફાળવણી કર્યા પછી મહિલા અનામત બેઠક અને સામાન્ય ઉમેદવારોને બાકી રહેતી બેઠક ફાળવવામાં આવે છે.

INDEX

૨૧. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને નિયમોનાં નિયમ-૩ અન્વયે શહેરોને આ સાથે સંલગ્ન અનુસૂચિ-૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે. અને આ સાથે અનુસુચિ-૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

૨૨. આ પ્રમાણે વોર્ડોનું વિભાજન હદરેખા નકકી કરવાનું અને વોર્ડની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

૨૩. ઉપર પ્રમાણે વોર્ડોની હદરેખા નકકી કરવામાં આવે છે. અને ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે. તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે. અને તે સામે કોઈપણ શખ્સને જાહેર જનતાને સલાહ સુચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૫ દિવસોમાં રાજય ચૂંટણી પંચ, બ્લોક નં. ૯, ૬ઠ્ઠા માળે, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા. મુદત વિત્યે આવેલ સુચનો ધ્યાનમાં લેવામાં આવશે નહી.

૨૪. રાજય ચૂંટણી પંચે કોર્પોરેશનનાં વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો છેવટના કરતાં પહેલાં લોકપ્રતિનિધિત્વ ધારો, ૧૯૫૧ અન્વયે માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરુરી પરામર્શ કરશે.

યો. જે. દીક્ષિત
સચિવ
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

તારીખઃ ૮/૪/૧૯૯૪.

INDEX

અનુસૂચિ - ૧

બગસરા નગરપાલીકા

જીલ્લો - અમરેલી

વોર્ડ નં.	ઇલેકશન વોર્ડની હદનું વર્ણન.
૧	નટવરનગર વોર્ડ
	બગસરાનો નટવરનગર પરા વિસ્તાર બગસરાના ઉતર પશ્ચિમે વાયવ્ય ખુણેથી શુરુ થાય છે. જેથી તેને સુચનાઓ પ્રમાણે વાર્ડ નં. ૧ નક્કી કરવામાં આવે છે. આ વિસ્તારમાં વસ્તી ગણતરી સને ૧૯૯૧ના વોર્ડ નં. ૩ના બ્લોક નં. ૨૮ થી ૩૧ નો સમાવેશ થાય છે. બ્લોક નં. ૨૮ સ્ટેશન રોડ પુલના પશ્ચિમથી શુરુ કરી સ્ટેશન રોડની લંબાઇ જતાં નટવરનગર પરાના દક્ષિણ ભાગ સહીતનો લેવાયેલા છે. જે વિરાવાળાનાં બંગલા પાસે પુરો થાય છે. જયારે તે બાદ બ્લોક નં-૨૮ સ્ટેશન રોડના પુર્વનો આવેલ છે. જે દરબારશ્રી વિરાવાળા સાહેબનાં બંગલાથી શરુ થઇ નટવરનગર રસ્તાના ઉત્તર બાજુના મકાનો લઇ રેલ્વે લાઇન ક્રોસ કરી સ્મશાન તથા ધાણક કોલેજ થઇ, સ્ટેશન રોડના પુર્વનો ભાગ, મેધાણી હાઇસ્કુલ, પટેલ બોર્ડીંગ તથા નટવરલાલ ઝવેરભાઇની લાતી સુધીમાં આવેલ છે. તે બાદ બ્લોક નં. ૩૦ થી ૩૧મા મકાનો, વિકસીત વિસ્તારના લેવાયેલ છે. જેમાં બ્લોક નં. ૩૦ માં વાઘરીવાસ તથા નાથબાવાવાસનાં મકાનો આવે છે. જેમાં નાથબાવાવાસ મફત જમીન પ્લોટનાં મકાનો તથા મધ્યમવર્ગ ઘર બાંધનારી સહકારી મંડળીનાં મકાનો તથા સર્વે નંબર ૧૫ના પ્લોટીંગના મકાનોનો સમાવેશ થાય છે. તેમજ વાર્ડ નં. ૧ ની હદમાંથી બાકી રહી જતાં તમામ મકાનો, ઝુંપડા વગેરેનો આ વિસ્તારમાં સમાવેશ છે.
૨	જૂના નવા જીનપરા વોર્ડ
	નગરપાલિકાની વાર્ડ રચનાના વાર્ડ નં ૨ (૨) નો વિસ્તાર જુના અને ૧૯૯૧ના વસ્તી ગણતરીના વોર્ડ નં ૩ નો બ્લોક નં. ૨૨ વિજય ચોકથી શરુ કરી વડલા ફળી, નાઇવાડા અને કુંકાવાવ નાકે આવેલ લઇ વસ્તી ગણતરી વાર્ડ નં. ૪ નાં બ્લોક નં ૩૭ થી ૪૦નો વિસ્તાર લેવાયેલા છે. જેમાં નં. ૩૭ કુંકાવાવ નાકાથી કુંકાવાવ રોડ તરફ વોંકળી સુધીનાં રસ્તા પૂર્વ આવેલ નવા જીનપરાના વિસ્તારના મકાનો તથા બ્લોક નં. ૩૮ જૂના જીનપરાના તમામ મકાનો બ્લોક નં.૩૯ વિજય ચોકથી સ્ટેશન તરફનાં વોકળી સુધીના રસ્તાના પૂર્વે આવેલ મકાનો તથા ડેરીપીપરીયા રોડ, ખાટકીવાસના મકાનો લેવાયેલો છે. તે બાદ બ્લોક નં. ૪૦ નવાજી પરાનાં વિકસીત વિસ્તારના પ્લોટીંગના તમામ મકાનો ગરાંવ આશ્રમ બાલમંદિર સહીતના લેવાયેલાં છે. તેમજ વાર્ડ નં. ૨ ની હદમાંની બાકી રહી જતાં તમામ મકાનો ઝુંપડા વગેરેનો આ વિસ્તારમાં સમાવેશ થાય છે.
૩	અમરપરા વોર્ડ
	સને ૧૯૯૧ વસતી ગણતરીના વાર્ડ નં. ૩ નાં બ્લોક નં. ૨૪ થી ૨૭ તથા વાર્ડ નં. ૨ ના બ્લોક નં. ૧૩ નો સમાવેશ ચુંટણીના વાર્ડનં. ૩ માટે કરવામાં આવેલ છે.
	જેમાં વાર્ડ નં-૩માં બ્લોક નં. ૨૪ બ્લોકનં. ૨૫ સરદાર પટેલ ચોકમાં બટુકભાઇ ભગવાનજીભાઇ ધાંધીયાના ઘરથી શરુ કરી દરેક બ્લોકને ફરી ડો. ગોંડલીયા માર્ગના ઉત્તરના ભાગે સતવારા જ્ઞાતીવાડી સુધીનાં મકાનો લઇ બ્લોક નં. ૨૬માં મહાશંકર કાળીદાસના મકાનથી શરુ કરી, આ બ્લોકનાં ફરતે

INDEX

વોર્ડ નં.	ઈલેક્શન વોર્ડની હદનું વર્ણન.
	મકાનો લઈ તાલુકાશાળાના પશ્ચિમના રમણીકભાઈ ત્રિવેદીનાં તથા પ્રભુદાસભાઈના તથા શામળજી ધનજી વ્યાસના મકાન તથા આંખના દવાખાના તથા જુના એસ.ટી.ડેપો પાસે તથા સામેના મકાનોનો સમાવેશ થાય છે. બ્લોક નં. ૨૭ અમરપરાના મણીબેન જેરામના મકાનથી શરૂ કરી આદરીયા મકાનો લઈ રાજગોર હરીભાઈ રામભાઈના મકાનો તથા એસ.ટી. ડેપોનાં દક્ષિણે આવેલ હરીજનવાસના મકાનો સમાવેશ થાય છે. જયારે બ્લોક નં. ૨૧ સ્ટેશન રોડ ઉપરના ઓમકાર પેટ્રોલ પંપથી શરુ કરી વોકળી સુધીના મકાનો તથા પેટ્રોલપંપ પાછળના લાતી બજારના મકાનો લઈ હુલાસરામ મોહનલાલનાં મકાન પાસે આ બ્લોક પુરો થાય છે. જ્યારે એસ.ટી. ડેપો સામે આવેલ રામદેવપીર મંદિર સામેનાં હરીજન વાસના મકાનો હરીજન દેશા હીરાના મકાનથી શરુ કરી હરીજનવાસ, ખાટકીવાસનાં મકાનો તથા વણકર વાસનાં મકાનો તથા સફાઇ કામદારનાં મકાનો, આ વોર્ડમાં સમાવેશ થાય છે. તથા વોર્ડ નં. ૨નાં બ્લોક નં. ૧૩નાં મકાનો ભરવાડ વાડામાં ભાભભાઈના મકાનોથી શરુ કરી, ગોપાલલાલાની હવેલી થઈ નરભરામ લવજીના મકાન જિલ્લા મધ્યસ્થ બેન્કના પાછળ ભરવાડવાડાથી દવાખાનાં રોડ ઉપરનાં મકાનો જૂના ટ્રાન્સપોર્ટના ડેલાવાળા નાકાનાં થાણા પરોડ ઉપરનાં ઉત્તર બાજુમાં રામશંકર વાલજીનાં મકાન, મુળજી ગોવિંદ બોરડનાં મકાનો લઈ બાલમંદિર ચોકમાં લવાભાઈ ખોડાભાઈ કથીરીયાનાં મકાન સુધીનો સમાવેશ થાય છે. તેમજ વાર્ડ નં. ૩ ની હદમાં બાકી જતાં તમામ મકાનો ઝૂંપડા વગેરેનો આ વિસ્તારમાં સમાવેશ થાય છે.
૪	સોસાયટીઓનો વિકસીત વિસ્તાર વોર્ડ સને ૧૯૯૧ની વસ્તી ગણતરીના વાર્ડ નં. ૨ નાં બ્લોક નં. ૧૧, ૧૨, ૨૦ નો તથા વોર્ડ નં. ૧ નાં બ્લોક નં. ૧૦ નો સમાવેશ આ વોર્ડ નં.૪માં થાય છે. પ્રથમ બ્લોક નં. ૧૧નાં મકાનોમાં પટેલ ખોડા ડાહ્યા વધાસીયાના મકાનથી શરુ કરી, ઉત્તર તરફ જઈ રસ્તા મકાનો લઈ ગોકળપરામાં ગોવિંદભાઈ ખોડાભાઈ કથીરીયા, નાનજીભાઈ હીરાણી તથા નાગજીભાઈ દાંગા. અરજભાઈ પટેલમાં મકાન થઈ તેના પશ્ચિમના વિસ્તારમાંના મકાનોનો સમાવેશ થાય છે. કોળી બચુ ખોડાનાં મકાનથી શરુ કરી શામજી ઘરમશી, મોહન લીબા, દુદા નારણ વધાસીયા. ભીમજીભાઈ લુણાગરીયાનાં મકાન થઈ આરોગ્ય કેન્દ્રનાં દક્ષિણેનાં મકાનો લઈ મનજીભાઈ ડાહ્યાભાઈ શેખ, સવજી શામજી, ગુણવંતભાઈ વ્યાસ તથા ડૉ. કામળીયા સાહેબના આરોગ્ય કેન્દ્ર કમ્પાઉન્ડના મકાનો, બ્લોક નં. ૨૦ જે ગોકળપરાના ઉતરે તથા સોસાયટીના વિકસીત વિસ્તારનાં મકાનોનો સમાવેશ આમાં થાય છે. વાલજીભાઈ ડાયાભાઈ રામાણીનાં મકાનથી શરુ કરી રામદેવપીર મંદિરવાળી સીધી લાઇને સર્વે નં. ૩૯૭નાં પ્લોટીંગના મકાનો કે. આર. પલાણસાહેબ ગાંડાભાઈ મનજીભાઈ, વલ્લભભાઈ બાવાભાઈ, શિંમતભાઈ કાનજીભાઈ પાનસુરીયા, મનહરગીરી ગોસાઈ, શાંતાબેન વાઘેલા, મહેશભાઈ પારેખ ગીરજાશંકર દીક્ષીત, મોહન રામજી સતવારાના મકાનો તથા જંયતિભાઈ દુધરેજીયા, ફુલચંદ હંસરાજ ઠુંમર, ડો. શાહ સાહેબના મકાનો જાનકી આશ્રમ તથા તે પાછળનાં મકાનોનો વસ્તી ગણતરી બ્લોક નં. ૧૦નો સમાવેશ આમા થાય છે. તેમજ વોર્ડ નં.૪ ની હદમાંથી બાકી રહી જતાં તમાન મકાનો ઝુંપડા વગેરે આ વિસ્તારમાં સમાવેશ થાય છે.

INDEX

વોર્ડ નં.	ઇલેક્શન વોર્ડની હદનું વર્ણન.

૫ ગોકુળપરા, થાણા રોડ વોર્ડ

સને ૧૯૯૧ની વસ્તી ગણતરીના વોર્ડ નં. ૧ ના બ્લોક નં. ૧-૨-૩-૪ નાં ઘર નં. ૧થી રાતારામા મહમેદમાના ઘરથી શરુ કરી અમરુભાઇ બસીયાનાં ઘર નં. ૬૦ સુધી ૯નાં વિસ્તારમાં આવતાં મકાનોનો આમાં સમાવેશ થાય છે. બ્લોક નં. ૧માં વોરા તથા મુસલમાનના કબ્રસ્તાનનો તથા ત્યાં રહેતા મુજાવર વગેરેનાં મકાનો લઇ, ચુનારાના ભઠ્ઠાવાળા મકાનો લઇ, ઇરીગેશનનાં મકાનો તથા પોલીસ લાઇન તથા ન્યાયધીશ સાહેબ કવાર્ટર તથા પોલીસ લાઇનનાં પાછળ આવેલ ગોકુળપરાના ચકુ ભોજાભાઇ તથા બાવનજી ભાઇના મકાનો તથા કલાડોગાવાળા પ્લોટીંગના મકાનોનો સમાવેશ થાય છે. બ્લોક નં. ૨માં પંડયા ખાદી કાર્યાલયમાં મકાનથી શરુ કરી પોલીસ લાઇન તરફનાં મકાનો લઇ બાલમંદિર પાછળ જશવતભાઇ ભુવા, બેચર નરશી કયાડા તથા મોહન નાનજી ભાલાળાનાં મકાનો તથા ખીમા જીણા લાખા સમજી હીરાણી તથા ગાંડા જીવા સોલંકીના મકાનો સહીતનો સમાવેશ થાય છે. જયારે બ્લોક નં. ૩માં બાલમંદિર ચોકથી નગરપાલિકા તરફના રસ્તે છગનભાઇ મેરનાં સતવારા વિરજી મુળજી હડીયલના મકાન સુધીનાં મકાનો સમાવેશ થાય છે. તેમજ વાર્ડ નંબર ૫ની હદમાંથી બાકી રહી જતાં તમામ મકાનો ઝુંપડાઓ વગેરેનો આ વિસ્તારમાં સમાવેશ થાય છે.

૬ વાઝાંવાડ, બગેશ્વર મંદિર રોડ, વોર્ડ

પંચે અપનાવેલા માપદંડ મુજબ ચીફ ઓફીસર પાસેથી ગત ચૂંટણીમાં પછાતવર્ગનાં કાઉન્સિલરો જુના કયા વોર્ડમાંથી ચૂંટાયા હતા. અને તે સમગ્ર વોર્ડોનો કે તે વોર્ડના મોટા ભાગનો વિસ્તાર નવા કયા વોર્ડમાં સમાવિષ્ટ થાય છે. તેની માહિતી મેળવવામાં આવી છે. તે માહિતી ચકાસતાં જુના વોર્ડ નં. ૨, ૭ અને ૮ જેના નવા વોર્ડ નં. ૭, ૧૧ અને ૧૨માં મોટાભાગનો વિસ્તાર આવ્યો છે. તેમાંથી ગત ચૂંટણીમાં પછાત વર્ગના કાઉન્સીલરો ચૂંટાયા હતા. તેથી આ ત્રણ વોર્ડ નં. ૭, ૧૧ અને ૧૨ પછાત વર્ગ માટે અનામત રાખવા યોગ્ય છે તેમ પંચ મુનાસીબ ગણે છે. ચીફ ઓફિસરશ્રી તથા વહીવટદારશ્રી પાસેથી અન્ય કયા વોર્ડમાં પછાત વર્ગની વસ્તી પ્રમાણમાં વધુ છે તેની માહિતી મેળવવામાં આવી છે. તે જોતા વોર્ડ નં. ૨ માં પછાત વર્ગની બેઠક અનામત રાખવી પંચ મુનાસીબ માને છે.

૨૦. આમ વોર્ડ નં. ૨, ૭, ૧૧ તથા ૧૨માં પછાત વર્ગ માટે બેઠક ફાળવવા અને તે પૈકી વોર્ડ નં. ૧૧ માં પછાતવર્ગ મહિલા માટે માપદંડ મુજબ બેઠક ફાળવવાનું થાય, પરંતુ વોર્ડ નં.૧૨ માં ત્રીજી બેઠક અનુસૂચિત જાતિ માટે માપદંડ મુજબ રાખવી રહે. તે સંજોગોમાં વોર્ડ નં. ૧૧ ને બદલે વોર્ડ નં. ૧૨ માં પછાત વર્ગ મહિલા માટે બેઠક ફાળવવા અને વોર્ડ નં. ૧૧ માં પછાત વર્ગ મહિલાને બદલે ત્રીજી બેઠક પછાત વર્ગ માટે ફાળવવા પંચ ઠરાવે છે.

INDEX

૨૧. આ પ્રમાણે અનુસૂચિત જાતિ તથા પછાત વર્ગોની મહિલા અનામત બેઠકની ફાળવણી કર્યા પછી મહિલા અનામત બેઠક અને સામાન્ય ઉમેદવારોને બાકી રહેતી બેઠક ફાળવવામાં આવે છે.

૨૨ સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને નિયમોનાં નિયમ-૩ અન્વયે શહેરોને આ સાથે સંલગ્ન અનુસૂચિ-૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે. અને આ સાથે અનુસૂચિ-૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

૨૩. આ પ્રમાણે વોર્ડોનું વિભાજન અને હદરેખા નકકી કરવાનું અને વોર્ડની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

૨૪. ઉપર પ્રમાણે વોર્ડોનું હદરેખા નકકી કરવામાં આવે છે અને ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે. તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ શખ્સને જાહેર જનતાને સલાહ સુચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૫ દિવસમાં રાજય ચૂંટણી પંચ બ્લોક નં. ૯, દક્કો માળે, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા. મુદત વિત્યે આવેલ સુચનો ધ્યાનમાં લેવામાં આવશે નહી.

૨૫. રાજય ચૂંટણી પંચે નગરપાલિકાના વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો છેવટનાં કરતાં પહેલાં લોકપ્રતિનિધિત્વ ધારો, ૧૯૫૧ અન્વયે માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરુરી પરામર્શ કરશે.

તારીખઃ ૮/૪/૧૯૯૪.

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજય ચૂંટણી પંચ.

અનુસૂચિ-૧

પત્રક નં. ૪

સાવરકુંડલા મ્યુનિસિપાલીટી.

જિલ્લો :- ભાવનગર.

વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડની હદનું વર્ણન.
૧.	કુંડલા ગામમાં દેવળાને ઝાંપે, બટુક હનુમાન મંદિર પાસેથી ઉત્તર તરફ ચાલતા, નેરડીવાળા રસ્તે થઈ, જાહેર સંડાસ પાસે થઈ, નેસડી રોડે, પૂર્વ હાંસે ચાલી, મ્યુની. હદ સુધી ત્યાંથી પુર્વ તરફ, મ્યુની. હદે ચાલતા, અમરેલી રોડ ઉપર આવેલ, માણીયાભાઈના કારખાના પાસે થઈ મ્યુની. હદે દક્ષિણ તરફ ચાલી, અમરેલી રોડ ઉપર જકાત નાકા સુધી ત્યાંથી કાનજીબાપુની જગ્યાને હાથે રાખી, સંઘીચોકમાં દાણીના મકાન સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ ચાલતા, હોથીભાઈ શેરી તરફ ચાલતા - ગુર્જર ક્ષત્રીફ વાડીને પશ્ચિમ તરફ રાખી, પ્રીન્સ મ્યુઝીક સેન્ટર સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ મેલન રોડે, ચાલી દેવળા ગેઈટ બટુક હનુમાન સુધી.
૨.	કુંડલા ગામમાં જયશ્રી સિનેમા રોડ ઉપર આવેલ, રહમ પાન સેન્ટરવાળી દુકાનથી, બાર શેરી ઉત્તર બાજુએ ચાલી હોથીભાઈ શેરી લઈ, સહેજ પૂર્વ બાજુ વળાંક લઈ, સંઘી ચોકમાં ઈબ્રાહિમભાઈની ઘંટીને જમણા હાથે રાખી, ઉત્તર બાજુ અમરેલી રોડ તરફ જકાતનાકા થઈ, ખાતર વાડી તેમજ સ.નં. ૧૪ની જમીનની ઉત્તર હાંસે થઈ, પૂર્વ તરફ નાવલી નદી ક્રોસ કરી, નદીના પુર્વ કાંઠે, દક્ષિણ તરફ ચાલી, ભમોદ્રાના રસ્તે આવેલ, ભુનણા પરા વિસ્તાર લઈ, દક્ષિણ તરફ ચાલતા ચાલતા ભુવાના રસ્તે નદી તરફ પશ્ચિમે ચાલી, નદીના પુર્વ કાંઠો જમણી તરફ રાખી, દક્ષિણ તરફ ચાલતા કંસારા બજારના ખુણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ નદી ક્રોસ કરી, કુંડલા ગામમાં મેઈન બજારે દરબાર પાનવાળાની દુકાન જમણા હાથે રાખી, પશ્ચિમ તરફ ગાંધીચોક સુધી ચાલી, ત્યાંથી જયશ્રી સીનેમાં રોડ તરફ આગળ ચાલી, રહમ પાન સેન્ટર સુધીમાં આવતો જમણા હાથ તરફનો તમામ વિસ્તાર.
૩.	સાવર ગામમાં ભુવા રોડ ઉપર ભંગીવાસ સામેના ભાગે આવેલ જાહેર સંડાસ પાસેથી ઉત્તર બાજુએ ભુનણા પરાને પશ્ચિમ તરફ રાખી, ચાલતા, પશ્ચિમ બાજુએ વળી, નાવલી નદીમાં ઉત્તર બાજુ મ્યુની. હદ સુધી ચાલી, પુર્વ તરફ વળાંક લઈ, ઉત્તર બાજુ મ્યુની. હદે ચાલતા, સાવરના સ.નં. ૪૨૧/૧ ના ઉત્તર પશ્ચિમ ખુણા પાસેથી પુર્વ બાજુએ મ્યુની. હદે ચાલતા, ભુવા રોડ ક્રોસ કરી, પુર્વ હાંસે - આવેલ ઢસા - સાવરકુંડલા રેલ્વે લાઈનની પાણીની ટાંકી સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળીને રેલ્વે લાઈન પૂર્વ હાંસે રાખી, પીપર વાડી પશ્ચિમ બાજુ રાખી, પટેલના ઘરના ખુણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ મોળા નળની ટાંકી સુધી. ત્યાંથી ઉત્તર બાજુ બાબભાઈ રાવતભાઈના ઘરના ખુણા પાસેથી પશ્ચિમ બાજુ આગળ ચાલી, ભુવા રોડ ઉત્તર સ્ત્રીઓના સંડાસ સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ આગળ ચાલી, ભુનણા પરાના દક્ષિણ પૂર્વ ખુણા સુધીમાં આવેલ જમણા હાથ તરફનો તમામ વિસ્તાર.
૪.	સાવર ગામમાં ઘાંચી સહકારી વાળા રોડ ઉપર ઉત્તર હાંસે આવેલ પરમાર સ્વિટ માર્ટની દુકાનેથી ઉત્તર બાજુ ચાલી, પોપટ બોઘા શેરી થઈ મોળા નળની ટાંકી સામે, ભુપતાણીભાઈની એસ.ટી.ડી. પી.સી.ઓ. ની દુકાનને જમણા હાથે રાખી, પુર્વ બાજુએ ગડગડીયા હનુમાન રોડ ઉપર ચાલતા, આનંદ આશ્રમને જમણા હાથે રાખી, રેલ્વે લાઈન પાસે આવેલ છગનભાઈ જયાણીના ઘર સુધી. ત્યાંથી રેલ્વે

INDEX

વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડની હદનું વર્ણન.
	લાઈનની પશ્ચિમે ઉત્તર તરફ ચાલી, પાણીની ટાંકી સુધી. ત્યાંથી પૂર્વ હાંસે ઉત્તર બાજુએ મ્યુની. લીમીટ સુધી ચાલતા સ.નં. ૧૬૯૯ના ઉત્તર-પૂર્વ ખુણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ ચાલતા, સહેજ પશ્ચિમ તરફ મ્યુની. લીમીટે ચાલી દક્ષિણ તરફ મ્યુની. લીમીટે ચાલતા પાવર હાઉસને દાબે હાથે રાખી, જેસર રોડ ઉપર મ્યુની. લીમીટ સુધી. ત્યાંથી પશ્ચિમ બાજુએ જેસર રોડની ઉત્તર હાંસે ચાલી, રેલ્વે ફાટક ક્રોસ કરી, જુના જકાત નાકા પાસે થઈ લુહાર મોરારજી ધનજીના મકાનો દાબા હાથે રાખી પશ્ચિમ તરફ ઘાંચી સહકારી વાળા રોડે, ચાલી પરમાર સ્વીટ માર્ટના દુકાનના ખુણા સુધી.
(૫)	સાવર ગામમાં નદી કાંઠે, કંસારા બજારના દક્ષિણ ખુણાથી નદીના પુર્વ કાંઠે, ઉત્તર બાજુ ચાલતા ભુવા રોડ ઉપર આવેલ, વાઘરીના મકાનને જમણા હાથે રાખી, ભુવા રોડે પુર્વ બાજુએ ચાલતા, સ્ત્રીઓના સંડાસ સામે થઈ પુર્વ બાજુએ સીધા બાબભાઈ રાવતભાઈના મકાનને જમણા હાથે રાખી, દક્ષિણ બાજુએ મોળા નળની ટાંકી સુધી. ત્યાંથી ભુપતાણીભાઈનાં એસ.ટી.ડી. પી.સી.ઓને દાબા હાથે રાખી, પોપટ બોઘા શેરી થઈ, દક્ષિણ તરફ ઘાંચી સહકારી રોડ ઉપર આવેલ પરમાર સ્વીટ માર્ટની દુકાનને દાબા હાથે રાખી, ત્યાંથી પશ્ચિમ તરફ આઝાદ ચોક તરફ ચાલતા વસાણીની પાનની દુકાન સુધી. ત્યાંથી કંસારા બજારના નદીના કાંઠા સુધીનો જમણા હાથનો વિસ્તાર.
(૬)	કુંડલા ગામમાં કપોળ બોર્ડીંગના દક્ષિણ-પશ્ચિમ ખુણા પાસે થઈ સહેજ પશ્ચિમ તરફ ચાલી, મશરુના મકાનને જમણા હાથે રાખી, ઉત્તર તરફ સીધા રોડે, સાર્વજનીક છાત્રાલય જમણા હાથે રાખી, જયશ્રી સામે આવેલ જાહેર સંડાસના ઉત્તર પશ્ચિમ ખુણાથી પુર્વ તરફ મેઈન બજારવાળા રોડે ચાલી, નદી કાંઠે બચુભાઈ ઘીવાળાની દુકાન સુધી. ત્યાંથી નદીની સેન્ટર લાઈન સુધી. ત્યાંથી નદીની મધ્ય રેખાએ દક્ષિણ તરફ ચાલતા, બ્રહ્મ સમાજ વાડીનાં દક્ષિણ પુર્વ્ખુણાથી પશ્ચિમ તરફ ચાલતા વોરાના કબ્રસ્તાનને દાબા હાથે રાખી, બચુ જાફરના બેન્સાને દાબા હાથે રાખી, રોડ ઉપર આવી, પશ્ચિમ તરફ કપોળ બોર્ડીંગના ખુણા સુધી.
(૭)	કુંડલા ગામમાં હાથસણી રોડે, મ્યુની. લીમીટથી ઉત્તરે ચાલતા કાના તળાવ રોડ સુધી. ત્યાંથી રોડ ક્રોસ કરી, મ્યુની. લીમીટે ઉત્તર - પૂર્વે ચાલતા નેસડી રોડ સુધી. રોડ ઉપર વોર્ડ નં. ૧ની હદને દાબા હાથે રાખી, નેસડી રોડ ઉપર આવેલ, જાહેર સંડાસ પાસેથી નેરડીવાળા રોડે થઈ, દેવળાને ઝાંપે, બટુક હનુમાનજીના મંદિર સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જયશ્રી સિનેમાંવાળા રોડ સુધી ચાલી, સિનેમાં સામે આવેલ જાહેર સંડાસના ઉત્તર પશ્ચિમ ખુણાથી દક્ષિણ તરફના રોડે, છાત્રાલયને દાબે હાથે રાખખી, અજંટા હાઉસ કેન્ડી વાળી લાઈન જમણા હાથે રાખી, ભરવાડના ઘરના ખુણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ ગુરુકુળ તરફ ચાલી હાઉસીંગ બોર્ડના મકાનો સુધી. ત્યાંથી ઉત્તર બાજુએ ઉતાવળા હનુમાન વિસ્તાર જમણા હાથે રાખી, હાથસણી રોડ ક્રોસ કરી, કુડલા સ્મશાનના ઝાંપા સુધી. ત્યાંથી ઉત્તર તરફ ભગતવાડી જમણા હાથે રાખી, ગેસ ગોડાઉનના ઉત્તર પશ્ચિમ ખુણાથી પશ્ચિમ તરફ કાનાતળાવ રોડે ચાલી, સ.નં. ૨૩૬૬ની હદે ઉત્તર-પશ્ચિમ ખુણાથી દક્ષિણ તરફ શીવ શકિત સોસાયટીના તેરૈયાભાઈના મકાન સુધી ત્યાંથી શીવ શકિત સોસાયટીને ડાબા હાથેથી દક્ષિણ તરફ ચાલતા હાથસણી રોડ ઉપર આવી ગુજરાત હાઉસીંગ બોર્ડના મકાનો જમણા હાથે રાખી, હાથસણી રોડ ઉપર પશ્ચિમ તરફ મ્યુની. હદ સુધી.

INDEX

વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડની હદનું વર્ણન.

૮. કુંડલા ગામમાં ઉર્વશીની વાડીના ઉત્તર - પશ્ચિમે આવેલ મ્યુની. લીમીટથી ઉત્તર બાજુએ હાથસણી રોડથી પુર્વ બાજુએ હાથસણી રોડ ઉપર ગામ તરફ ચાલતા, આંખની હોસ્પીટલ સામેના ભાગે આવેલ, ૩૬-એમ.આઈ.જી.ના મકાનો અને શીવ શકિત સોસાયટીના મકાનોની વચ્ચે થી ઉત્તર બાજુએ ચાલી, સ.નં. ૨૪૫ ની દક્ષિણ હદ સુધી ત્યાંથી પશ્ચિયમ તરફ ચાલી તેરૈયાભાઈના ઘર સુધી. ત્યાંથી ઉત્તર તરફ સ.નં. ૨૩૬ ની હદે ચાલી, કાનાતળાવ રોડ સધી. ત્યાંથી પુર્વ તરફ ગામ તરફ ચાલી, ગેસ ગોડાઉનના ખુણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી કુંડલા સ્મશાનને જમણા હાથે રાખી, હાથસણી રોડ ક્રોસ કરી, શ્રીનગરને જમણા હાથે રાખી, દક્ષિણ તરફ ચાલતા, ગુરુકુળ સામે, કોલેજ રોડ ઉપર થઈ, પશ્ચિમ તરફ આગળ વધી કોલેજને જમણા હાથે રાખી, પશ્ચિમે આગળ ચાલતા વિદ્યુત નગર સોસાયટીને જમણા હાથે રાખી, આનંદ પાર્ક અને ગાયત્રી સોસાયટી છોડી દઈ, સહેજ ઉત્તરે ચાલી, ઉત્તર હાંસે, પશ્ચિમ તરફ ચાલી, ઉર્વશીની વાડીના ઉત્તર પશ્ચિમ ખુણા પાસે, મ્યુની. લીમીટ સુધી.

૯. કુંડલા ગામમાં દક્ષિણ હાંસે ધજડી રસ્તે આવેલ, મ્યુની. લીમીટે પશ્ચિમે હાંસે ઉત્તર તરફ ચાલતા ડેમ પાસે નાવલી નદી ક્રોસ કરી, નદીની ઉત્તર હાંસે, મ્યુની. લીમીટે પશ્ચિમ તરફ સ.નં. ૨૯૪/૧ ના દક્ષિણ પુર્વ ખુણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ ઉર્વશીની વાડીના ઉત્તર - પશ્ચિમ ખુણા સુધી. ત્યાંથી ઉત્તરે પુર્વ તરફ આનંદ પાર્ક સોસાયટીને જમણા હાથે રાખી, ઉત્તર પુર્વ ખુણે આવેલ મકાનથી, દક્ષિણે ચાલી, વિદ્યુત નગર કોલેજને દાબે હાથે રાખી, કોલેજ સામે આવેલ, ગુરુકુળ રોડે થઈ, પુર્વે મશરુના મકાન સુધી. ત્યાંથી સહેજ દક્ષિણે ચાલી, કપોળ બોર્ડીંગના ખુણાથી બચુ જાફરના બેન્સાને જમણા હાથે રાખી, વોરા કબ્રસ્તાનને જમણા હાથે રાખી, બ્રહ્મ સમાજના ખુણાથી નદીની મધ્ય રેખા સુધી. ત્યાંથી દક્ષિણે નદીમાં મધ્યે ચાલતા હાફીસા સાહેબની જુપડી સુધી. ત્યાંથી દક્ષિણ તરફ ગૌશાળાની વાડીને જમણા હાથે રાખી, ચાલતા સ.નં. ૧૫/૨ ની હદ સુધી. ત્યાંથી પુર્વ બાજુ નેરા સુધી. ત્યાંથી દક્ષિણે નેરાના કાંઠે કાંઠે ચાલતા, દક્ષિણે મ્યુની. લીમીટ સુધી. ત્યાંથી પશ્ચિમે તરફ મ્યુની. લીમીટે ચાલતા ધજડીના રસ્તા સુધીનો જમણા હાથનો તમામ વિસ્તાર.

૧૦. સાવર ગામમાં ગૌશાળાની વાડીના દક્ષિણ પૂર્વ ખુણાથી ઉત્તર તરફ ચાલી, હાફીસા સાહેબની ઓરડી પાસે થઈ, નાવલી નદીની મધ્ય રેખાથી, ઉત્તર તરફ પાણીના વેણે ચાલતા જનતા બાગ - બાલમંદિર જમણા હાથે, રાખી, નુતન લોજ સુધી. ત્યાંથી પર્વ તરફ જુના બસ સ્ટેન્ડ રોડ ઉપર ચડી, સ્ટેશન રોડ ઉપર પોલીસ લાઈન સુધી. - ત્યાંથી દક્ષિણ તરફ કાઢી બોર્ડીંગ સેનેટોરીયમ થઈ, મહુવા રોડ સુધી. પથીકાશ્રમને જમણા હાથે રાખી, કલ્યાણ સોસાયટી ડાબા હાથે રાખી, પશ્ચિમ તરફ ચાલતા, સ્વસ્તિક સોસાયટીના ઉત્તર પશ્ચિમ ખુણાથી દક્ષિણ તરફ વળી, નેરા સુધી. નેરાથી પશ્ચિમ તરફ ગૌશાળાની વાડી સુધીમાં આવતો જમણા હાથનો વિસ્તાર.

૧૧. સાવરમાં લુહાર મોરારજી ધનજીના ઘરના ઉત્તર - પશ્ચિમ ખુંણાથી શરુ કરી, પશ્ચિમ બાજુ ચાલતા, અત્યંજ શાળાને ડાબા હાથે રાખી, શામજી કાનજીની લાતીના ખુણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ નદી બાજુએ જુના બસસ્ટેન્ડ રોડ તરફ ચાલતા, ન્યુ તકદીરની દુકાન સુધી. ત્યાંથી પુર્વ તરફ નદીમાં કાંઠે કાંઠે ચાલતા લુહાર ખોડા નાથાના ઘર સુધી. ત્યાંથી ઉત્તર તરફ અનુભાઈ ફરસાણ વાળાના ઘરને જમણા હાથે રાખી, લુહાર મોરારજી ધનજીના ઘર સુધી.

INDEX

વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડની હદનું વર્ણન.
૧૨.	સાવરમાં પોલીસ સ્ટેશન સામે, શામજી કાનજીની લાતીથી ઉત્તર તરફ ચાલી, લાતીને ડાબા હાથે રાખી જેસર રોડ જકાત નાકા સુધી. ત્યાંથી પૂર્વ તરફ રેલ્વે ફાટક ક્રોસ કરી, જેસર રોડ ઉપરની મ્યુની. હદ સુધી. ત્યાંથી દક્ષિણ પૂર્વ હાંસે ચાલતા, ગાધકડા રોડનો વિસ્તાર લઈ, રેલ્વે ફાટકથી પટેલ બોર્ડીંગ થઈ, મહુવા રોડે આવેલ, ખોડીયાર નગર સોસાયટી ત્થા મ્યુની. હદ વાડી વિસ્તાર લઈ, સંઘના ગોડાઉનથી, ઉત્તર તરફ આવી, કલ્યાણ સોસાયટી થઈ રેલ્વે. પાટે આવી, ઉત્તર તરફ પાટે પાટે ચાલતા, શામજી કાનજીની લાતી સામેનો જમણા હાથનો તમામ વિસ્તાર.

તા. ૮-૪-૧૯૯૪.

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજય ચૂંટણી પંચ

INDEX

અનુસૂચિ - ૨

રાજ્ય ચૂંટણી પંચ,
ગુજરાત રાજ્ય,
ગાંધીનગર.

સાવરકુંડલા નગરપાલિકાની કુલ વસ્તી : ૬૪,૮૧૫

કુલ વોર્ડોની સંખ્યા : ૧૨

વોર્ડ દીઠ સરેરાશ વસ્તી : ૫૪૦૧ સરેરાશ વસ્તી ૧૦ ટકા વધ મુજબ : ૫૯૪૧

સરેરાશ વસ્તી ૧૦ ટકા ઘટ મુજબ : ૪૮૬૧

બેઠકોની સંખ્યા : ૩૬

મહિલા બેઠકો : ૧૨ ૧ બેઠક અનુસૂચિત જાતી.

અનુસૂચિત આદિજાતી માટે કોઇ નહી.

૧ બેઠક પછાત વર્ગની મહિલા સહિતની

અનુસૂચિત જાતી માટે અનામત બેઠકોની સંખ્યા : ૨ પૈકી ૧ મહિલા માટે.

અનુસૂચિત આદિજાતી માટે અનામત બેઠકોની સંખ્યા કોઇ નહી.

પછાત વર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા : ૪ તે પૈકી ૧ મહિલા માટે.

કુલ અનામત બેઠકો : ૧૬

સામાન્ય બેઠકો : ૨૦

અ.નં	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી બીન અનામત	બીજી બેઠકની ફાળવણી મહિલા અનામત	ત્રીજી બેઠકની ફાળવણી
૧.	૧	૫૧૬૯	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૨.	૨	૫૧૮૪	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ
૩.	૩	૫૬૪૮	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૪.	૪	૫૬૪૯	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૫.	૫	૫૬૩૦	સામાન્ય	અનુ.જાતિ	સામાન્ય
૬.	૬	૫૧૮૧	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૭.	૭	૪૯૬૨	સામાન્ય	સામાન્ય	પછાત વર્ગ
૮.	૮	૫૨૩૪	સામાન્ય	સામાન્ય	સામાન્ય

INDEX

અ.નં	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી બીન અનામત	બીજી બેઠકની ફાળવણી મહિલા અનામત	ત્રીજી બેઠકની ફાળવણી
૯.	૯	૫૨૭૯	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૦.	૧૦	૫૩૭૯	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૧.	૧૧	૫૮૪૦	સામાન્ય	સામાન્ય	પછાત વર્ગ
૧૨.	૧૨	૫૬૪૪	સામાન્ય	પછાત વર્ગ	અનુ.જાતિ

તારીખ: ૮-૪-૧૯૯૪

યો. જે. દીક્ષિત
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

INDEX

Extra No.49 REGISTERED NO. G/GNR/2.

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

VOL.XXXV FRIDAY, APRIL 8, 1994/ CAITRA 18, 1916.

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ

ગુજરાત રાજ્ય

સચિવાલય, ગાંધીનગર.

ક્રમાંક : સમક : ૧૯૩૮ : ૯૪.

જુનાગઢ નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ.

ભારતના સંવિધાનના ૭૪મા સુધારાને અનુલક્ષીને ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ ૧૯૬૩માં રાજ્ય સરકારે ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ ૧૯૯૩ અન્વયે મહત્વનાં સુધારા કરેલાં છે. આ અધિનિયમની કલમ ૬ પેટા કલમ ૪ અન્વયે નગરપાલિકાની ચૂંટણી, મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી પંચમાં નિહીત થશે તેવી જોગવાઇ કરેલી છે. અને રાજ્ય ચૂંટણી પંચે કલમ ૬ પેટા કલમ ૫ અન્વયે રાજ્ય સરકારે કરેલાં નિયમો અનુસાર અધિનિયમની જોગવાઇઓને આધીન રહીને ચૂંટણી કરવી જોઇએ.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ ૭ પેટા કલમ ૨ તથા કલમ ૬ની પેટા કલમ ૩ અન્વયે જાહેરનામા ક્રમાંક : કેવી ૨૮૮-૯૩ એન.પી.બી ૩૦૯૩-૫૬૪૬ (૧૭) આર, તા.૧૮:૧૨:૯૩ જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તે અન્વયે જુનાગઢ શહેરની નગરપાલિકાને જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેનો સન ૧૯૯૧નાં

INDEX

વસ્તી ગણતરીના આખરી આંકડા પ્રસિદ્ધ થયા છે. તેના આધારે ૧૪ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. નગરપાલિકાના કાઉન્સિલરોની કુલ બેઠકો ૪૨ નક્કી કરવામાં આવી છે. જાહેરનામાં અન્વયે અનુસૂચિત જાતિ તથા પછાતવર્ગ તેમજ મહિલા માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલી છે.

૩. ચૂંટણી પંચે અધિનિયમની કલમ ૭ પેટા કલમ ૨ ખંડ ૩ પેટા ખંડ : ખ : અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડોમાંની અનુ.જાતી, અનુસૂચિત આદીજાતી, પછાત વર્ગની તથા મહિલાની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજ્ય સરકારે તેમના જાહેરનામા ક્રમાંક :કેવી:૪૯:૧૯૯૪ એન.પી.એલ ૪૫૯૩ :૩૬૫૫:એમ, તા.૧૬-૩-૯૪. અન્વયે અધિનિયમની કલમ ૨૭૭ની પેટાકલમ ૨ તથા કલમ ૬ તથા ૭ અન્વયે વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણીના નિયમો ૧૯૯૪ અને હવે પછી નિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે બહાર પાડેલ છે.

૫. નિયમોના નિયમ ૨ અન્વયે નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે, કે શક્ય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોના વસ્તી એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસ્તીથી કોઇ પણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહિ તે પ્રમાણે વોર્ડની રચના કરવાની રહે છે. આમ છતાં ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે, સ્થાનિક એક જુથતા તથા ભૌગોલિકતા નજીકપણા કે બીજા અન્ય પરિબળોને તુલનામાં લેતા ૧૦ ટકા વધુ વધ કે ઘટ કરીને વોર્ડની રચના કરી શકાશે.

૬. પંચે નગરપાલિકાના વોર્ડોનાં સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે. તેમજ સને ૧૯૪૮ના સેન્સસ એકટ મુજબ સને ૧૯૯૧ના વસ્તી ગણતરીનાં છેવટનાં પ્રસિધ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં શહેરની કુલ વસ્તી ૧,૩૦,૪૮૪ આવે છે. જાહેરનામા મુજબ શહેરને ૧૪ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૯૩૨૦ ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની પંચે તેના કાર્યાલયના અધિકારી કર્મચારીઓ મારફત ચકાસણી કરાવેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડનું સીમાંકન કરવાનું ધાર્યુ છે તેમાં વોર્ડ નં ૫ સિવાય કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વસ્તી વધતી નથી કે ૧૦ ટકાથી વસ્તી ઘટતી નથી.

૮. શહેરનાં ૧૪ વોર્ડોને નિયમ ૩ની જોગવાઇઓને ધ્યાનમાં લઈ આ સાથે અનુસૂચિ ૧માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે.આ સીમાંકન નક્કી કરવામાં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજૂથતા, નદી, રેલ્વેલાઈન, રોડલાઈન વગેરે કારણે બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને એકસરખા વોર્ડ-૧૪ બની રહે તે મુદ્દો વિચારણામા લઈ વોર્ડોનું સીમાંકન નક્કી કરેલું છે.

૯. નિયમોના નિયમ ૪ અન્વયે દરેક વોર્ડમાં ત્રણ કાઉન્સિલર ચૂંટવાના છે.નિયમ ૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક બિનઅનામત એટલે કે સામાન્ય બેઠક બની રહેશે. જ્યારે બીજી બેઠક મહિલા, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની મહિલા સહિત માટે અનામત રાખવાની છે. જ્યારે ત્રીજી બેઠક જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગને ફાળવવાની રહેશે અને તેવી ફાળવણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો તે બિનઅનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે.

૧૦. નિયમોના નિયમ ૬ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિની દરેક વોર્ડની વસ્તીની ટકાવારીનાં ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તી સંખ્યા વધુ હોય એટલે કે, ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, મહિલા બેઠક સહીતની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ વસ્તી હોય એટલે કે ટકાવારી ઊંચી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારીત કરેલ છે,

૧૧. જાહેરનામા અન્વયે શહેર માટે ૩ બેઠકો અનુસુચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે અને ૩ બેઠકો પૈકી ૧ બેઠક અનુસૂચિત જાતિની મહિલા માટે અનામત રાખવાનુ નિર્ધારીત કર્યુ છે.

INDEX

૧૨. પંચે એકઠી કરેલી માહિતી મુજબ શહેરનાં જુદા જુદા ૧૪ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા કમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	અનુ.જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ.જાતિની વસ્તીની ટકાવારી
૧.	૧૧	૧૦૨૪૯	૨૨૧૦	૨૧.૫૬%
૨.	૧૪	૧૦૧૭૦	૨૦૭૩	૨૦.૩૮%
૩.	૬	૯૧૪૧	૯૬૫	૧૦.૫૫%
૪.	૧૨	૯૨૮૦	૯૩૧	૧૦.૦૩%
૫.	૧	૯૭૧૭	૮૩૪	૮.૫૮%
૬.	૯	૯૧૭૭	૬૪૧	૬.૯૮%
૭.	૩	૮૯૨૩	૫૮૫	૬.૫૫%
૮.	૧૦	૧૦૦૭૫	૬૧૪	૬.૦૯%
૯.	૨	૮૯૧૩	૪૭૭	૫.૩૫%
૧૦.	૧૩	૧૦૨૦૬	૩૬૬	૩.૫૮%
૧૧.	૪	૮૪૮૭	૧૮૫	૨.૧૭%
૧૨.	૭	૮૫૫૮	૮૨	૦.૯૫%
૧૩.	૮	૮૯૯૫	૬૯	૦.૭૬%
૧૪.	૫	૮૫૯૩	૧૯	૦.૨૨%

૧૩ આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં. ૧૧,૧૪ તથા ૬ માં અનુસૂચિત જાતિની બેઠક નિયમોના નિયમ ૬ (અ) હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે. અને તે મુજબ ફાળવવામાં આવે છે.

૧૪. અનુસૂચિત જાતિના પુરુષ તથા મહિલા અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ જે વોર્ડોમાં આ વર્ગ માટે બેઠક ફાળવાઈ હોય તે વોર્ડની ટકાવારીનાં ક્રમમાં પ્રથમ આવતા ત્રણ વોર્ડ પૈકી ત્રીજા વોર્ડમાં મહિલા બેઠક ફાળવવી તેમ પંચ માને છે. પરંતુ આ મુજબ ફાળવણી કરતાં પણ નિયમો અન્વયે દરેક વોર્ડમાં એક મહિલા એક સામાન્ય બેઠક ફાળવવાની જોગવાઈ છે. તેનું ખંડન ન થાય તેની તકેદારી રાખવની રહે છે.

૧૫. અનુસુચિત જાતિની બેઠક વોર્ડ નં. ૧૧,૧૪ તથા ૬માં નિયમોના નિયમ ૬:અઃ અન્વયે ફાળવવામાં આવે છે. તે પૈકી મહિલા માટે બેઠકની વ્હેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

વોર્ડ નંબર	બેઠક
૧૧	અનુસુચિત જાતિ
૧૪	અનુસુચિત જાતિ
૬	અનુસૂચિત જાતિ મહિલા

૧૬. જાહેરનામા અન્વયે અનૂસુચિત આદિજાતિ માટે કોઈ બેઠક અનામત નિર્ધારિત થયેલ ન હોઈ આ વર્ગ માટે કોઈ બેઠક ફાળવવાની થતી નથી અને તેથી ફાળવવામાં આવતી નથી.

૧૭. જાહેરનામા ક્રમાંક :ખંડઃ ગઃ સીઃ મુજબ ચાર બેઠકો પછાતવર્ગો માટે ફાળવેલ છે. તે પૈકી એક બેઠક આ વર્ગની મહિલા માટે અનામત રખાઈ છે.

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪નાં નિયમ ૬બી હેઠળ રાજ્ય ચૂંટણી પંચે પછાત વર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. જેના મહત્વનાં પ્રબંધ નીચે પ્રમાણે છે.

(૧) માન્ય રાજકીય પક્ષો તરફથી મળેલ માહિતીનાં અભ્યાસ પરથી જે શહેરનાં જે જે વોર્ડનાં પછાતવર્ગની વસ્તીનાં ધોરણને અનુલક્ષીને જે સર્વ સામાન્ય વોર્ડો હોય તે તે વોર્ડોમાં પછાતવર્ગ માટે અનામત બેઠક ફાળવવાની રહેશે.

(૨) મ્યુનિસિપલ ચીફ ઓફીસર તરફથી છેલ્લી ચૂંટણીમાં જે વોર્ડમાંથી પછાતવર્ગનાં ઉમેદવારો ચૂંટાઈને કોર્પોરેટર તરીકે પદધારણા કરતાં હતા તે વોર્ડમાં ઉપર અનુક્રમ નં. ૧ માં જણાવેલ વોર્ડોમાં બેઠક ફાળવ્યા પછી નિયત સંખ્યા સુધીમાં ફાળવવાની રહેશે.

આથી સ્પષ્ટતા કરવાની કે, જુના વોર્ડોનું સીમાંકન અને નવા વોર્ડોના સીમાંકનમાં ફેરફાર હોય તો જુના વોર્ડોનો મોટા ભાગનો જે વિસ્તાર જે જે નવાં વોર્ડનાં સીમાંકનમાં સમાવિષ્ટ થતો હોય તેવા નવા વોર્ડમાં પછાતવર્ગની બેઠક ફાળવવાની રહેશે.

(૩) પછાત વર્ગ માટે અનામત રાખેલી કુલ બેઠકો પૈકી ૧:૩ બેઠકો મહિલા માટે જાહેરનામાં અન્વયે અનામત રખાઈ છે. આમ, ત્રણ બેઠકો પૈકી એક બેઠક મહિલા માટે અનામત રાખવામાં આવી છે. આમ, મહિલાનું પ્રમાણ ૧:૩ રહે છે. તેથી તાર્કીક રીતે વિચારતા દર ત્રણ બેઠકો પૈકી ત્રીજી બેઠક મહિલા માટે ફાળવવી તેમ પંચ સ્વીકારે છે.

(૪) પરંતુ જો આ રીતે વોર્ડમાં પછાત વર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસુચિત જાતિ અથવા અનુ. આદિજાતિ માટે મહિલા બેઠક ફાળવી હોય તો તે વોર્ડને બદલે તે પછી અનુક્રમે જે વોર્ડ આવે તે વોર્ડમાં પછાતવર્ગની મહિલા બેઠક ફાળવવી.

૧૯ માન્ય રાજકીય પક્ષોને પંચ તરફથી નગરપાલિકાઓના કયા વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવી તે અંગે સુચનો મોકલવા આ કાર્યાલય તરફથી વિનંતી કરવામાં આવેલ. પરંતુ કોઈ માન્ય રાજકીય પક્ષ તરફથી હજુ સુધી સુચન કરવામાં આવ્યા નથી.

૨૦ પંચે અપનાવેલા માપદંડ મુજબ ચીફ ઓફીસર પાસેથી ગત ચૂંટણીમાં પછાતવર્ગનાં કાઉન્સિલરો જુના કયા વોર્ડમાંથી ચૂંટાયા હતા અને તે સમગ્ર વોર્ડોનો કે તે વોર્ડના મોટા ભાગના વિસ્તાર નવા કયા વોર્ડમાં સમાવિષ્ટ થાય છે તેની માહિતી ચકાસતા પરિસ્થિતિ નીચે પ્રમાણે છે.

જુના વોર્ડ નંબર	વોર્ડની કુલ બેઠકો	પછાત વર્ગના ચૂંટાયેલા કાઉન્સીલરોની સંખ્યા	નવો સૂચિત વોર્ડ
૧	૩	૧	૧
૨	૩	૧	૩
૩	૩	૧	૪
૭	૩	૧	૭
૪	૩	૧	૫
૧૪	૩	૨	૧૩

INDEX

૨૧. આમ જુના વોર્ડ નં. ૧૪માંથી ૩ બેઠકો પૈકી બેઠકો પર પછાત વર્ગના કાઉન્સીલરો ચુંટાઇ આવ્યા છે, તેથી નવા વાર્ડ ન. ૧૩ દેખીતી રીતે પછાત વર્ગ માટે અનામત રાખવો રહે, જ્યારે બાકીના વોર્ડ પૈકી નિયત સંખ્યામાં વોર્ડ નં. ૧, ૩ અને ૪માં પણ પછાત વર્ગ માટે અનામત રાખવી રહે તેથી વોર્ડ નં.૧, ૩, ૪ તથા ૧૩ પછાત વર્ગ મહિલા માટે અનામત રાખવાનું અને તે પૈકી વોર્ડ નં. ૪ પછાત વર્ગ મહિલા માટે અનામત રાખવાનું પંચ ઠરાવે છે.

૨૨. આ પ્રમાણે અનુસુચિત જાતિ તથા પછાત વર્ગોની મહિલા અનામત બેઠકની ફાળવણી કર્યા પછી મહિલા અનામત બેઠક અને સામાન્ય ઉમેદવારોને બાકી રહેતી બેઠક ફાળવવામાં આવે છે.

૨૩. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને નિયમોનાં નિયમ-૩ અન્વયે શહેરોને આ સાથે સંલગ્ન અનુસૂચિ-૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે અને આ સાથે અનુસુચિ-૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

૨૪. આ પ્રમાણે વોર્ડોનું વિભાજન અને હદરેખા નકકી કરવાનું અને વોર્ડની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

૨૫. ઉપર પ્રમાણે વોર્ડોની હદરેખા નકકી કરવામાં આવે છે અને ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે. તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ શખ્સને જાહેર જનતાને સલાહ સુચનો કરવના હોય તો તે આ આદેશ પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૫ દિવસમાં રાજય ચૂંટણી પંચ, બ્લોક નં. ૯, ૬ઠ્ઠા માળે, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા. મુદત વિત્યે આવેલ સુચનો ધ્યાનમાં લેવામાં આવશે નહી.

૨૬. રાજય ચૂંટણી પંચે નગરપાલિકાના વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો છેવટના કરતાં પહેલાં લોકપ્રતિનિધિત્વ ધારો, ૧૯૫૧ અન્વયે માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરુરી પરામર્શ કરશે.

તારીખઃ ૮/૪/૧૯૯૪.

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજય ચૂંટણી પંચ

અનુસૂચિ- ૧

પત્રક-૪

જૂનાગઢ મ્યુનીસીપાલીટી જીલ્લો જૂનાગઢ.

વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડની હદનું વર્ણન
૧.	ઉત્તરે જયોતિ મિલ પાસેથી નગરપાલિકાની હદની હદના ઉત્તર પશ્ચિમ ખુણાથી શરુ કરીને પ.વ.ડી. હસ્તકનો હાઈવે રોડ ઓળંગી ઉત્તર પૂર્વ ખુણાની નગરપાલિકાની હદના મધ્ય બિન્દુ સુધી ત્યાંથી દક્ષિણ પૂર્વ તરફની નગરપાલિકાની હદે હદે ચાલી ઈન્દ્રેશ્વર મહાદેવ મંદિર તરફ જતો રસ્તો ઓળંગી હદે હદે ઈગલ સીમેન્ટ પાઈપ ફેકટરી સકકર બાગની પૂર્વ તરફ થઈ સોનરબ નદી ઓળંગી ધારાગઢ રોડના મધ્ય-બિંદુથી પશ્ચિમ તરફ ધારાગઢ રસ્તાની આગળના રસ્તાના મધ્ય બિન્દુથી આગળ પશ્ચિમ તરફ હાઈવે રોડના મધ્ય બિંદુથી યદુનંદન વાડીની દક્ષિણે રેલ્વે ક્રોસીંગ રોડથી આયુર્વેદિક ફાર્મસીથી નગરપાલિકાની હદ સુધી ત્યાંથી ઉત્તર તરફ નગરપાલિકાની હદે હદે થઈને પૂર્વ તરફ આયુર્વેદ ફાર્મસીની પાછળ ભાગે થઈને હદે હદ ઉત્તર તરફ જયોતિ મીલની પાછળ થઈને નગરપાલિકા હદની પશ્ચિમ ઉત્તરના ખુણા સુધી.
૨.	મજેવડી ગેટથી પશ્ચિમ તરફ જતા હાઈવે રોડથી યદુનંદનવાળીની દક્ષિણે રેલ્વે ક્રોસીંગ રોડ થઈને આયુર્વેદિક ફાર્મસી સુધી ત્યાંથી દિશા દક્ષિણ તરફ સરદાર જતી સડક નગરપાલિકાની હદે હદે થઈને પશ્ચિમ તરફ જોષપરા તરફ નગરપાલિકાને હદે હદે થઈને દક્ષિણ તરફ નગરપાલિકાની હદે હદે થઈને સરદાર પરાના રેલ્વે ફાટકથી દક્ષિણે રેલ્વે લાઈનના મધ્ય બિન્દુથી વંથલી દરવાજા રેલ્વે ફાટકના મધ્ય બિન્દુ સુધી ત્યાંથી પૂર્વ તરફ ચીતાખાના ચોકના મધ્ય બિન્દુ સુધી ત્યાંથી ઉત્તર તરફ જીવાવાસ ચકલા ચોક થઈને નરસિંહ વિદ્યા મંદિર સામે એમ.જી. રોડના મધ્ય બિન્દુ સુધી ત્યાંથી ઉત્તર તરફ એમ. જી. રોડ હુશેની બિલ્ડીંગ ચોકના મધ્ય બિન્દુ સુધી ત્યાંથી પૂર્વ તરફ જેઈલ રોડના મધ્ય બિન્દુથી માતૃબાલ કલ્યાણ કેન્દ્ર સુધી ત્યાંથી ઉત્તર તરફ નરસિંહ મહેતાના ચોરાની પાછળના ભાગ થઈને પીશોરીવાડા મેઈન રોડના મધ્ય બિન્દુથી ધારાગઢ રોડના મધ્ય બિન્દુ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ મજેવડી ગેટ આગળના હાઈવે રોડના મધ્ય બિન્દુ સુધી.
૩.	સકકરબાગ પાછળ સોનરખ નદીના કાંઠે નગરપાલિકાની હદની પૂર્વ તરફના બિંદુથી દક્ષિણ તરફ નગરપાલિકાની હદે હદે તેમજ સોનરખ નદીના કાંઠે કાંઠે ધારાગઢ રોડ પાસે દાળ બનાવવાના કારખાનાથી પૂર્વ તરફ નગરપાલિકાની હદે હદ સોનાપુર પાછળ થઈને નગરપાલિકાની હદે હદ અશોક શીલાલેખ સુધી ત્યાંથી ગીરનાર રોડના મધ્ય બિંદુથી પશ્ચિમ તરફ ત્યાંથી ગીરનાર દરવાજા સુધી ત્યાંથી ગીરનાર ઉપર આગળ જતાં મયારામ આશ્રમ પહેલા ઉત્તર તરફની ગલીમાં આગળ જતાં મયારામ આશ્રમની પાછળ થઈ મયારામ આશ્રમના પશ્ચિમ તરફના ગેટ સામેના કલાના નિવાસવાળા રસ્તે ફુલીયા હનુમાન રોડના મધ્ય બિંદુથી ઉત્તર તરફના ગેબનશા રોડના મધ્ય બિંદુથી ઉપરકોટ રોડના મધ્ય બિંદુ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ જગમાલ ચોકના મધ્ય બિંદુ સુધી ત્યાંથી ઉત્તર તરફ ભાટિયા ધર્મશાળા રોડ સુન્ની વોરવાડ નાંકા સુધી ત્યાંથી પૂર્વ તરફ સુન્ની વોરવાડ રોડના મધ્ય બિંદુથી ઉપરકોટની દિવાલ સુધી ત્યાંથી ઉપરકોટની દિવાલે દિવાલે થઈને પશ્ચિમ તરફ કનાવવા રોડ તરફ, ભાટિયા ધર્મશાળા રોડના મધ્ય બિંદુ સુધી ત્યાંથી ઉપર તરફ ફિલ્ટર પ્લાન્ટ થઈને ધારાગઢ રોડના મધ્યબિંદુ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ સુખનાથ ચોક પોલીસ ચોકી તરફ જતાં રસ્તાના મધ્ય બિંદુ સુધી ત્યાંથી દક્ષિણ તરફ સુખનાથ ચોક થઈને પશ્ચિમ

INDEX

વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડની હદનું વર્ણન
	તરફ માતા બાલ કલ્યાણ કેન્દ્રની ગલીના નાકાં સુધી ત્યાંથી ઉત્તર તરફ નરસિંહ મહેતાના ચોરા પાછળ પીશોરીવાડા મેઈન રોડનાં મધ્ય બિંદુથી ધારાવઢ રોડના મધ્ય બિંદુ સુધી ત્યાંથી પૂર્વ તરફ સોનરખ નદીનાં કાંઠે સક્કર બાગની પાછળ આવેલ નગરપાલિકાની હદ સુધી.
૪.	જગમાલ ચોકના મધ્યબિંદુથી ઉત્તરે ભાટીયા ધર્મશાળા રોડ ઉત્તર સુન્ની વોરવાડનાં નાકા સુધી ત્યાંથી પૂર્વે સુન્ની વોરવાડની ગલીના મધ્ય બિંદુથી ઉપરકોટની દિવાલ સુધી ત્યાંથી ઉત્તર તરફ ઉપરકોટની દિવાલે. ત્યાંથી દક્ષિણ તરફ કનાવાવ રોડ થઈ ભાટીયા ધર્મશાળા રોડનાં મધ્યિબંદુથી ઉત્તર તરફ ફિલ્ટર પ્લાન્ટ સામેના રસ્તા ઉપર થઈને ધારાગઢ રોડના મધ્ય બિંદુ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ સુખનાથ ચોક તરફ જતાં રસ્તાના મધ્ય બિંદુ સુધી ત્યાંથી દક્ષિણે સુખનાથ ચોકના મધ્ય બિંદુ સુખી ત્યાંથી પશ્ચિમે ગીતા ટોકીઝની પશ્ચિમે મેમણવાડા તરફ જતી ગલીમાં મેમણવાડા ચોકના મધ્ય બિંદુથી પૂર્વે તરફ ઝાલોરા પા રોડના મધ્ય બિંદુ સુધી ત્યાંથી દક્ષિણ તરફ માંડવી ચોકની મધ્ય બિંદુ સુધી ત્યાંથી પૂર્વે જગમાલ ચોકનાં મધ્ય બિંદુ સુધી.
૫.	માંડવી ચોક મધ્ય બિંદુથી ઉત્તર તરફ ઝાલોરા પા રોડ ઉધીવાડાનાં નાકા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ મેમણવાડા ચોકના મધ્ય બિંદુ સુધી ત્યાંથી ઉત્તર તરફ જેઈલ રોડના મધ્ય બિંદુ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ. હુશેની બિલ્ડીંગ ચોકનો મધ્ય બિંદુ સુધી ત્યાંથી દક્ષિણ તરફના એમ. જી. રોડના મધ્ય બિંદુએ નરસી વિદ્યા મંદિર સુધી ત્યાંથી જીવાવાસા ચકલા થઈને ચિતાખાના ચોક સુધી ત્યાંથી પૂર્વે સરદાર પટેલ રોડ (ઢાલ રોડ) મધ્ય બિંદુએ માંડવી ચોક સુધી.
૬.	સરદારપરા રેલ્વે ફાટકથી દક્ષિણ તરફ રેલ્વે લાઈનની મધ્ય બિંદુએથી વંથલી દરવાજા રેલ્વે ફાટકથી આંગળ જતાં કાળા નાલાને ઓળંગી ત્યાંથી પશ્ચિમ તરફ કાળવા નદીનાં કાંઠે કાંઠે કાશી વિશ્વનાથ સોસાયટી સુધી ત્યાંથી દક્ષિણ તરફ હાઈવે રોડના મધ્ય બિંદુ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ મોતીબાગ થઈને કેમ્પસ પાસે આવેલ નગરપાલિકાની હદ સુધી ત્યાંથી નગરપાલિકાની હદે હદ ત્યાંથી ઉત્તરે નગરપાલિકાની હદે હદ સક્કર બાગની પાછળ થઈને રેલ્વે લાઈન સુધી ત્યાંથી પૂર્વે તરફ રેલ્વે લાઈનની મધ્ય બિંદુએ તથા નગરપાલિકાની હદે હદ થઈને સરદારપરા રેલ્વે ફાટક સુધી.
૭.	ચિતાખાના ચોકથી પશ્ચિમ તરફ વંથલી દરવાજા થઈ રેલ્વે લાઈન સુધી ત્યાંથી દક્ષિણ તરફ રેલ્વે લાઈનની મધ્ય બિંદુએ થઈને તળાવ દરવાજા ગલી નંબર સાત (૭) ની સામે સુધી. ત્યાંથી પૂર્વ તરફ પ.વ.ડી. ખાતાનો હાઈવે રોડ ઓળંગી તળાવ દરવાજા ગલી નંબર સાતમાંથી થઈ કુંભારવાડા થઈ નવા નાગર વાડા રોડનાં મધ્ય બિંદુ સુધી ત્યાંથી દક્ષિણે હેડ કવાટરના મેઈન ગેટ સુધી ત્યાંથી પૂર્વે કવૉટર રોડ થઈને એમ. જી. રોડના મધ્ય બિંદુ સુધી ત્યાંથી પૂર્વે તરફ દેના બેન્ક વાળી ગલી થઈને માંગનાથ રોડના મધ્ય બિંદુ સુધી ત્યાંથી ઉત્તર તરફ પંચહાટડી ચોકની મધ્ય બિંદુ સુધી ત્યાંથી ઉત્તર તરફ હકીમ ચોક થઈ હેઠાણ ફળીયા રોડ સુધી ત્યાંથી ઉત્તર તરફ વાદી ખડકી તથા બારેડી ખડકી પાછળનો વિસ્તાર ત્યાંથી પૂર્વે તરફ મહાલક્ષ્મી ગલીનાં મધ્ય બિંદુ સુધી ત્યાંથી ઉત્તર તરફ સરદાર પટેલ રોડ (ઢાલ રોડ) ત્યાંથી પશ્ચિમ તરફ ચિતાખાના રોડના મધ્ય બિંદુ સુધી.

INDEX

વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડની હદનું વર્ણન
૮.	માંડવી ચોકના મધ્ય બિંદુથી પશ્ચિમ તરફ સરદાર પટેલ રોડ (ઢાલ રોડ) થઈને મહાલક્ષ્મી સ્ટ્રીટના નાકા સુધી ત્યાંથી દક્ષિણ તરફ મહાલક્ષ્મી સ્ટ્રીટ ત્યાંથી પશ્ચિમ તરફ બોરડી ખડકી તથા વાદી ખડકી પાછળ થઈને દક્ષિણ તરફ હેઠાણ ફળીયા રોડ થઈને હકીમ ચોક થઈને પંચહાટડી ચોક થઈને માંગનાથ રોડ દેના બેન્ક ગલીના નાકા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ એમ. જી. રોડના મુખ્ય બિંદુથી ત્યાંથી દક્ષિણ તરફ કાળવા ચોક સુધી ત્યાંથી ઉત્તર તરફ નાગર રોડના મુખ્ય બિંદુ દિવાન ચોકના મુખ્ય બિંદુ સુધી ત્યાંથી પૂર્વ તરફ જનતા ચોક; ગોળ મોટા થઈને ઉત્તર તરફ સાત હવેલી થઈ શાક માર્કેટ રોડ સુધી ત્યાંથી પશ્ચિમે માંડવી ચોકના મધ્ય બિંદુ સુધી.
૯.	જગમાલ ચોક મધ્ય બિંદુથી પૂર્વ તરફ ઉપર-કોટ રોડ મધ્ય બિંદુએ ગેબનશા રોડના નાકા સુધી ત્યાંથી દક્ષિણ તરફ રસ્તાના મધ્ય બિંદુએ, ફુલીયા હનુમાન રોડના નાકા સુધી ત્યાંથી પૂર્વ તરફ ફુલીયા હનુમાન રોડ કલાના નિવાસના નાકા સુધી ત્યાંથી આગળ જંતા મયારામ આશ્રમનો પાછળનો ભાગ ત્યાંથી થઈ વ્યાસ આશ્રમ થઈ આગળ જતાં મયારામ આશ્રમની પૂર્વે તરફથી ગલીમાંથી થઈ ગીરનાર રોડના મધ્યબિંદુ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ ગીરનાર રોડના મધ્ય બિંદુએ સેજની ટાંકી સુધી ત્યાંથી દક્ષિણ તરફ નલીન સાયકલ સ્ટોરના રોડના મધ્ય બિંદુએ ગણેશ ફળીયાના નાકા સુધી ત્યાંથી પશ્ચિમે ગણેશ ફલીયામાંથી થઈ નાગર રોડના મુખ્ય બિંદુ સુધી ત્યાંથી ઉત્તરે દિવાસ ચોકના મધ્ય બિંદુ સુધી ત્યાંથી પૂર્વે જનતા ચોકના મધ્ય બિંદુ સુધી ત્યાંથી ઉત્તર તરફ સાત હવેલી થઈ શાક માર્કેટ પાસે, શાક માર્કેટ આગળનો રોડના મધ્ય બિંદુ સુધી ત્યાંથી પૂર્વે તરફ જગમાલ ચોકના મધ્ય બિંદુ સુધી.
૧૦.	કાળવા ચોકથી ઉત્તર તરફ નાગર રોડના મધ્ય બિંદુએ થઈને ગણેશ ફળીયાના નાકા સુધી ત્યાંથી પૂર્વ તરફ ગણેશ ફળીયુ થઈને જવાહર રોડના મધ્ય બિંદુ સુધી ત્યાંથી ઉત્તર તરફ ગીરનાર રોડના મધ્ય બિંદુનાં નાકા સુધી ત્યાંથી પૂર્વ તરફ જવાહર સાયકલ સામેની ગલીના નાકા સુધી ત્યાંથી દક્ષિણે વાંઝાવાડ શાક માર્કેટ થઈને ગેંડા અગડ રોડ થઈને દુબડી મેઈન રોડ થઈને દુબડી હરીજન વાસ પાસે થઈને દાતાર રોડ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ આહિર બોર્ડીંગના નાકા સુધી ત્યાંથી ઉત્તર તરફ દુબડી મેઈન રોડના મધ્ય બિંદુ સુધી ત્યાંથી પશ્ચિમે કાળવા ચોક સુધી.
૧૧.	કાળવા ચોકથી પૂર્વ તરફ દાતાર રોડના મધ્ય બિંદુએ કૈલાસનગરમાં નાકા સુધી ત્યાંથી ઉત્તરે ગેંડા અગડ નાકે થઈ વાંઝાવાડ શાક માર્કેટ થઈ ગીરનાર રોડના મધ્ય બિંદુ સુધી ત્યાંથી પૂર્વ તરફ ગીરનાર રોડના મધ્ય બિંદુએ થઈને ગીરનાર દરવાજા બહાર તળેટી રોડ વાઘેશ્વરી મંદિર પાસે, નગરપાલિકાની હદ સુધી ત્યાંથી દક્ષિણ તરફ નગરપાલિકાની હદે હદ કામદાર સોસાયટી, વાળંદ સોસાયટી લેપ્રેસી હોસ્પીટલ પાછળ નગરપાલિકાની હદે હદ ડેમના રસ્તા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ નગરપાલિકાની હદે હદ કાળવા નાલા સુધી ત્યાંથી કાળવા નાલા ઓળંગી પંચેશ્વર રોડના મધ્યિબંદુ સુધી ત્યાંથી ઉત્તર પશ્ચિમ તરફ સરદારના બાવલાના ચોક સુધી ત્યાંથી ઉત્તર તરફ ફરગ્યુશન પુલ ઓળંગી કાળવા ચોકમાં દાતાર રોડના મધ્ય બિંદુ સુધી.
૧૨.	સરદાર પટેલના બાવલાના ચોકથી ઉત્તરે તરફ કાળવા પુલ થઈને દાતાર રોડના નાકા સુધી ત્યાંથી પૂર્વ તરફ દાતાર રોડના બિંદુએ પોલીસ લાઈન આહિર વિદ્યાર્થી બોર્ડીંગ સુધી ત્યાંથી ઉત્તર તરફ કડિયાવાડના મેઈન રોડના મધ્ય બિંદુ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ કાળવા ચોકના મધ્ય બિંદુ સુધી ત્યાંથી ઉત્તર તરફ એમ. જી. રોડના મધ્ય બિંદુએ હેડ કવાટર રોડના નાકા સુધી ત્યાંથી પશ્ચિમે હેડ કવાટરના

INDEX

વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડની હદનું વર્ણન
	દરવાજા સુધી ત્યાંથી ઉત્તર નવા નાગર વાડા રોડથી પશ્ચિમે કુંભારવાડા થઈ તળાવ દરવાજા ગલી નં. સાત થઈ પ.વ.ડી. હાઈવે રોડ ઓળંગી રેલ્વે લાઈન સુધી રેલ્વે લાઈનની મધ્ય બિંદુએ દક્ષિણ તરફ વંથલી દરવાજા ફાટક થઈ કાળવા નાલાને ઓળંગી ત્યાંથી પશ્ચિમ તરફ કાશી વિશ્વનાથ સોસાયટી સુધી ત્યાંથી દક્ષિણ તરફ પ.વ.ડી. હાઈવે રોડના મધ્ય બિંદુ સુધી ત્યાંથી પૂર્વ તરફ ભુતનાથ ફાટક રેલ્વે લાઈનના મધ્ય બિંદુ સુધી ત્યાંથી દક્ષિણ તરફ રેલ્વે લાઈનની મધ્ય બિંદુએ રાયકાનગર સુધી ત્યાંથી ઉત્તરે મનોરંજન થઈને સરદાર પટેલના બાવલાનાં ચોક સુધી.
૧૩.	ભુતનાથ ફાટકની લાઈનની મધ્ય બિંદુથી દક્ષિણ તરફ રેલ્વે લાઈન મધ્યે નગરપાલિકાની હદ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ નગરપાલિકાની હદે હદ દુધની ડેરીની પાછળથી ત્યાંથી ઉત્તર તરફ નગરપાલિકાની હદે હદ પ.વ.ડી.ખાતાના હાઈવે રોડનો મધ્ય બિંદુ સધી ત્યાંથી પૂર્વ તરફ ભુતનાથ ફાટક રેલ્વે લાઈનના મધ્ય બિંદુ સુધી.
૧૪.	સરદારનાં બાવલાના ચોકથી પૂર્વ તરફ પંચેશ્વર રોડના મધ્ય બિંદુએ આયુર્વેદિક હોસ્પીટલના પાછળના ખુણા સુધી ત્યાંથી પૂર્વે કાળવા નાલો ઓળંગી નગરપાલિકાની હદ સુધી ત્યાંથી દક્ષિણ તરફ નગરપાલિકાની હદે હદ આંબેડકર નગરના પાછળના ભાગ સુધી ત્યાંથી પશ્ચિમે નગરપાલિકાની હદે હદ બિલખા રોડ ઓળંગી નગરપાલિકાની હદે હદ રેલ્વે લાઈન સુધી ત્યાંથી ઉત્તર તરફ રેલ્વે લાઈનની મધ્ય બિંદુએ પૂર્વે તરફ વૃજ વિહાર સોસાયટી થઈને બિલખા રોડના મધ્ય બિંદુ સુધી ત્યાંથી ઉત્તરે બિલખા રોડ ઉપર મનોરંજન થઈને સરદારના બાવલા ચોક સુધી.

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર

તા. ૮-૪-૪૯

અનુસૂચિ - ૨

રાજ્ય ચૂંટણી પંચ ,
ગુજરાત રાજય,
સચિવાલય, ગાંધીનગર.

જુનાગઠ નગરપાલિકાની કુલ વસ્તી : ૧,૩૦,૪૮૪

કુલ વોર્ડોની સંખ્યા : ૧૪

વોર્ડ દીઠ સરેરાશ વસ્તી : ૯૩૨૦ સરેરાશ વસ્તી ૧૦ ટકા વધ મુજબ : ૧૦,૨૫૨

સરેરાશ વસ્તી ૧૦ ટકા ઘટ મુજબ : ૮૩૮૮

બેઠકોની સંખ્યા : ૪૨

મહિલા બેઠકો : ૧૪ ૧ બેઠક અનુસૂચિત જાતી.

અનુસૂચિત આદિજાતી માટે કોઇ નહી.

૧ બેઠક પછાત વર્ગની મહિલા સહિતની

અનુસૂચિત જાતી માટે અનામત બેઠકોની સંખ્યા : ૩ પૈકી ૧ મહિલા માટે.

અનુસૂચિત આદિજાતી માટે અનામત બેઠકોની સંખ્યા કોઈ નહી.

પછાત વર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા : ૪ તે પૈકી ૧ મહિલા માટે.

કુલ અનામત બેઠક : ૧૯

સામાન્ય બેઠકો : ૨૩

અ.નં	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી બીન અનામત	બીજી બેઠકની ફાળવણી મહિલા અનામત	ત્રીજી બેઠકની ફાળવણી
૧.	૧	૯૭૧૭	સામાન્ય	સામાન્ય	પછાત વર્ગ
૨.	૨	૮૯૧૩	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૩.	૩	૮૯૨૩	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ
૪.	૪	૮૪૮૭	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૫.	૫	૮૫૯૩	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૬.	૬	૯૧૪૧	સામાન્ય	અનુ. જાતિ	સામાન્ય
૭.	૭	૮૫૫૮	સામાન્ય	સામાન્ય	સામાન્ય

INDEX

અ.નં	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી બીન અનામત	બીજી બેઠકની ફાળવણી મહિલા અનામત	ત્રીજી બેઠકની ફાળવણી
૮.	૮	૮૯૯૫	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૯.	૯	૯૧૭૭	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૦.	૧૦	૧૦૦૭૫	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૧.	૧૧	૧૦૨૪૯	સામાન્ય	સામાન્ય	અનુ.જાતિ
૧૨.	૧૨	૯૨૮૦	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૩.	૧૩	૧૦૨૦૬	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ
૧૪.	૧૪	૧૦૧૭૦	સામાન્ય	સામાન્ય	અનુ.જાતિ

તારીખ: ૮-૪-૧૯૯૪

યો. જે. દીક્ષિત
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

Extra No.50

REGISTERED NO. G/GNR/2.

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

VOL.XXXV FRIDAY, APRIL 8, 1994/ CAITRA 18, 1916.

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ

ગુજરાત રાજ્ય

સચિવાલય, ગાંધીનગર.

ક્રમાંક : સમક : ૧૭૩૧ : ૯૪

ખંભાળીયા નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ.

ભારતનાં સંવિધાનના ૭૪માં સુધારાને અનુલક્ષીને ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ, ૧૯૬૩માં રાજ્ય સરકારે ગુજરાત મ્યુનિસિપલિટી અધિનિયમ, ૧૯૯૩ અન્વયે મહત્વનાં સુધારા કરેલાં છે. આ અધિનિયમની કલમ ૬ પેટા કલમ ૪ અન્વયે નગરપાલિકાની ચૂંટણી, મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી પંચમાં નિહીત થશે તેવી જોગવાઇ કરેલી છે. અને રાજ્ય ચૂંટણી પંચે કલમ ૬ પેટા કલમ ૫ અન્વયે રાજ્ય સરકારે કરેલાં નિયમો અનુસાર અધિનિયમની જોગવાઇઓને આધીન રહીને ચૂંટણી કરવી જોઇએ.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ ૭ પેટા કલમ ૨ તથા કલમ ૬ની પેટા કલમ ૩ અન્વયે જાહેરનામા ક્રમાંક : કેવી ૨૮૭-૯૩ એન.પી.બી ૩૦૯૩-૫૬૪૬ (૬) આર, તા.૧૮:૧૨:૯૩ જેનો હવે પછી જાહેરનામાં તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તે અન્વયે ખંભાળીયા શહેરનાં નગરપાલિકાને જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેના સને

INDEX

૧૯૯૧નાં વસ્તી ગણતરીના આખરી આંકડા પ્રસિદ્ધ થયા છે. તેના આધારે ૯ વોર્ડોમાં વહેચવામાં આવેલ છે. નગરપાલિકાના કાઉન્સિલરોની કુલ બેઠકો ૨૭ નક્કી કરવામાં આવી છે. જાહેરનામા અન્વયે અનુસૂચિત જાતિ તથા પછાતવર્ગ તેમજ મહિલા માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલી છે.

૩. ચૂંટણી પંચે અધિનિયમની કલમ ૭ પેટા કલમ ૨ ખંડ ૩ પેટા ખંડ : ખ : અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડ માની અનુ.જાતી, અનુસૂચિત આદિજાતી, પછાત વર્ગની તથા મહિલાની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજ્ય સરકારે તેમના જાહેરનામા ક્રમાંક :કેવી:૪૯:૧૯૯૪ એન.પી.એલ. ૪૫૯૩ :૩૬૫૫:એમ, તા.૧૬-૩-૯૪. અન્વયે અધિનિયમની કલમ ૨૭૭ની પેટાકલમ ૨ તથા કલમ ૬ તથા ૭ અન્વયે વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણીના નિયમો ૧૯૯૪ જેને હવે પછી નિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે બહાર પાડેલ છે.

૫. નિયમોના નિયમ ૨ અન્વયે નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શક્ય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોના વસ્તી એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસ્તીથી કોઇ પણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહિ તે પ્રમાણે વોર્ડની રચના કરવાની રહે છે. આમ છતાં ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે, સ્થાનિક એક જુથતા તથા ભૌગોલીક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને તુલનામાં લેતા ૧૦ ટકા વધુ વધ કે ઘટ કરીને વોર્ડની રચના કરી શકાશે.

૬. પંચે નગરપાલિકાના વોર્ડોનાં સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે. તેમજ સને ૧૯૪૮ના સેન્સસ એકટ મુજબ સને ૧૯૯૧ના વસ્તી ગણતરીનાં છેવટનાં પ્રસિધ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં શહેરની કુલ વસ્તી ૩૧,૭૯૪ આવે છે. જાહેરનામા મુજબ શહેરને ૯ વોર્ડોમાં વહેચવામાં આવેલ છે તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૩,૫૩૩ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની પંચે તેના કાર્યાલયના અધિકારી કર્મચારીઓ મારફત ચકાસણી કરાવેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડનું સીમાંકન કરવાનું ધાર્યુ છે તેમાં કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વસ્તી વધતી નથી કે ૧૦ ટકાથી વસ્તી ઘટતી નથી.

૮. શહેરનાં ૯ વોર્ડોને નિયમ-૩ની જોગવાઇઓને ધ્યાનમાં લઈ આ સાથે અનુસૂચિ ૧માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે. આ સીમાંકન નક્કી કરવામાં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજૂથતા, નદી, રેલ્વેલાઈન, રોડલાઈન વગેરે કારણે બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને એકસરખા વોર્ડ-૯ બની રહે તે મુદ્દો વિચારણામાં લઈ વોર્ડોનું સીમાંકન નક્કી કરેલું છે.

૯. નિયમોના નિયમ ૪ અન્વયે દરેક વોર્ડમાં ત્રણ કાઉન્સિલર ચૂંટવાના છે. નિયમ ૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક બિનઅનામત એટલે કે સામાન્ય બેઠક બની રહેશે. જ્યારે બીજી બેઠક મહિલા, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની મહિલા સહિત માટે અનામત રાખવાની છે. જ્યારે ત્રીજી બેઠક જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગને ફાળવવાની રહેશે અને તેવી ફાળવણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો તે બિનઅનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે.

૧૦. નિયમોના નિયમ ૬ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિની દરેક વોર્ડની વસ્તીની ટકાવારીનાં ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તી સંખ્યા વધુ હોય એટલે કે, ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, મહિલા બેઠક સહીતની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ વસ્તી હોય એટલે કે ટકાવારી ઊંચી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારીત કરેલ છે.

૧૧. જાહેરનામા અન્વયે શહેર માટે ૨ બેઠકો અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે અને ૨ બેઠકો પૈકી ૧ બેઠક અનુસૂચિત જાતિની મહિલા માટે અનામત રાખવાનું નિર્ધારીત કર્યુ છે.

INDEX

૧૨. પંચે એકઠી કરેલી માહિતી મુજબ શહેરનાં જુદા જુદા ૯ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	અનુ.જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ.જાતિની વસ્તીની ટકાવારી
૧.	૪	૩૬૭૪	૮૨૫	૨૨.૪૫%
૨.	૮	૩૨૩૬	૬૭૪	૨૦.૮૩%
૩.	૨	૩૮૧૨	૩૭૨	૯.૭૫%
૪.	૩	૩૪૯૧	૩૦૨	૮.૬૫%
૫.	૯	૩૨૯૩	૧૩૨	૪.૦૧%
૬.	૫	૩૫૩૬	૪૫	૧.૨૭%
૭.	૧	૩૪૧૫	૨૬	૦.૭૬%
૮.	૭	૩૮૨૧	૨૩	૦.૬૦%
૯.	૬	૩૫૧૬	૮	૦.૨૨%

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં. ૪ તથા ૮ માં અનુસૂચિત જાતિની બેઠક નિયમોના નિયમ ૬ અ હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે. અને તે મુજબ ફાળવવામાં આવે છે.

૧૪. અનુસૂચિત જાતિના પુરુષ તથા મહિલા અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ જે વોર્ડોમાં આ વર્ગ માટે બેઠક ફાળવાઈ હોય તે વોર્ડની ટકાવારીનાં ક્રમમાં પ્રથમ આવતા ત્રણ વોર્ડ પૈકી ત્રીજા વોર્ડમાં મહિલા બેઠક ફાળવવી તેમ પંચ માને છે. પરંતુ જાહેરનામા અન્વયે ખંભાળીયા નગરપાલિકા માટે બે બેઠકો અનુસૂચિત જાતિ માટે રાખવાનું નિર્ધારિત થયેલ હોઈ ઉતરતા ક્રમમાં ટકાવારી બીજા ક્રમે આવતા વોર્ડને મહિલા બેઠક ફાળવવી જરૂરી જણાય છે. આ મુજબ ફાળવણી કરતાં પણ નિયમો અન્વયે દરેક વોર્ડમાં એક મહિલા, એક સામાન્ય બેઠક ફાળવવાની જોગવાઈ છે તેનું ખંડન ન થાય તેની તકેદારી રાખવાની રહે છે.

૧૫. અનુસુચિત જાતિની બેઠક વોર્ડ નં. ૪ તથા ૮ માં નિયમોના નિયમ ૬:અઃ અન્વયે ફાળવવામાં આવે છે. તે પૈકી મહિલા માટે બેઠકની વ્હેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

વોર્ડ નંબર	
૪	અનુસુચિત જાતિ
૮	અનુસૂચિત જાતિ મહિલા

૧૬. જાહેરનામા અન્વયે અનુસૂચિત આદિજાતિ માટે કોઈ બેઠક અનામત રાખવાનું નિર્ધારીત થયું નથી, તેથી અનુસૂચિત આદિજાતિ માટે કોઈ બેઠક અનામત રાખવામાં આવતી નથી.

૧૭. જાહેરનામા ક્રમાંક :ખંડ :ગ :સીઃ મુજબ ૩ બેઠકો પછાતવર્ગો માટે ફાળવેલ છે. તે પૈકી એક બેઠક આ વર્ગની મહિલા માટે અનામત રખાઈ છે.

INDEX

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો, ૧૯૯૪નાં નિયમ ૬ (બી) હેઠળ રાજ્ય ચૂંટણી પંચે પછાત વર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. જેના મહત્વનાં પ્રબંધ નીચે પ્રમાણે છે.

(૧) માન્ય રાજકીય પક્ષો તરફથી મળેલ માહિતીનાં અભ્યાસ પરથી જે શહેરનાં જે જે વોર્ડોનાં પછાતવર્ગની વસ્તીનાં ધોરણને અનુલક્ષીને જે સર્વ સામાન્ય વોર્ડ હોય તે તે વોર્ડોમાં પછાતવર્ગ માટે અનામત બેઠક ફાળવવાની રહેશે.

(૨) મ્યુનિસિપલ ચીફ ઓફીસર તરફથી છેલ્લી ચૂંટણીમાં જે વોર્ડમાંથી પછાતવર્ગનાં ઉમેદવારો ચૂંટાઈને કોર્પોરેટર તરીકે પદધારણા કરતાં હતા તે વોર્ડમાં ઉપર અનુક્રમ નં. ૧માં જણાવેલ વોર્ડોમાં બેઠક ફાળવ્યા પછી નિયત સંખ્યા સુધીમાં ફાળવવાની રહેશે.

આથી સ્પષ્ટતા કરવાની કે, જુના વોર્ડોનું સીમાંકન અને નવા વોર્ડોના સીમાંકનમાં ફેરફાર હોય તો જુના વોર્ડોનો મોટા ભાગનો જે વિસ્તાર જે જે નવા વોર્ડનાં સીમાંકનમાં સમાવિષ્ટ થતો હોય તેવા નવા વોર્ડમાં પછાતવર્ગની બેઠક ફાળવવાની રહેશે.

(૩) પછાત વર્ગ માટે અનામત રાખેલી કુલ બેઠકો પૈકી ૧:૩ બેઠકો મહિલા માટે જાહેરનામાં અન્વયે અનામત રખાઈ છે. આમ, ત્રણ બેઠકો પૈકી એક બેઠક મહિલા માટે અનામત રાખવામાં આવી છે. આમ, મહિલાનું પ્રમાણ ૧:૩ રહે છે. તેથી તાર્કીક રીતે વિચારતા દર ત્રણ બેઠકો પૈકી ત્રીજી બેઠક મહિલા માટે ફાળવવી તેમ પંચ સ્વીકારે છે.

(૪) પરંતુ જો આ રીતે જે વોર્ડમાં પછાત વર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસુચિત જાતિ અથવા અનુ. આદિજાતિ માટે મહિલા બેઠક ફાળવી હોય તો તે વોર્ડને બદલે તે પછી અનુક્રમે જે વોર્ડ આવે તે વોર્ડમાં પછાતવર્ગની મહિલા બેઠક ફાળવવી.

૧૯ માન્ય રાજકીય પક્ષોને પંચ તરફથી નગરપાલિકાઓના કયા વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવી તે અંગે સુચનો મોકલવા આ કાર્યાલય તરફથી વિનંતી કરવામાં આવેલ. પરંતુ કોઈ માન્ય રાજકીય પક્ષ તરફથી હજુ સુધી સુચનો કરવામાં આવ્યા નથી.

પંચે અપનાવેલા માપદંડ મુજબ ચીફ ઓફીસર પાસેથી ગત ચૂંટણીમાં પછાતવર્ગનાં કાઉન્સિલરો જુના કયા વોર્ડમાંથી ચૂંટાયા હતા અને તે સંમગ્ર વોર્ડોનો અગર તે વોર્ડના મોટા ભાગના વિસ્તાર નવા કયા વોર્ડમાં સમાવિષ્ટ થાય છે. તેની માહિતી મેળવવામાં આવી છે. તેની ચકાસણી કરતાં વોર્ડ નં. ૧, ૨, ૪ માં પછાત વર્ગ માટે બેઠક ફાળવવાની થાય છે.

પંચે અપનાવેલા માપદંડ મુજબ વોર્ડ નં. ૧ અને ૨માં ત્રીજા બેઠક અને વોર્ડ નં ૪ માં બીજી બેઠક-પછાત વર્ગની મહિલા માટે બેઠક ફાળવવાની થાય. આમ, પછાત વર્ગોની બેઠકોની ફાળવણી નીચે પ્રમાણે કરવા પંચ ઠરાવે છે.

વોર્ડ નંબર ૧	પછાત વર્ગ
વોર્ડ નંબર ૨	પછાત વર્ગ
વોર્ડ નંબર ૪	પછાત વર્ગ મહિલા

૨૦. આ પ્રમાણે અનુસુચિત જાતિ તથા પછાત વર્ગની મહિલા અનામત બેઠકની ફાળવણી કર્યા પછી મહિલા અનામત બેઠકે અને સામાન્ય ઉમેદવારોને બાકી રહેતી બેઠક ફાળવવામાં આવે છે.

૨૧. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને નિયમોનાં નિયમ-૩ અન્વયે શહેરોને આ સાથે સંલગ્ન અનુસૂચિ-૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે. અને આ સાથે અનુસૂચિ-૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડ વાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

INDEX

૨૨. આ પ્રમાણે વોર્ડોનું વિભાજન અને હદરેખા નકકી કરવાનું અને વોર્ડની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે.

૨૩. ઉપર પ્રમાણે વોર્ડોની હદરેખા નકકી કરવામાં આવે છે અને ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે. તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ શખ્સને જાહેર જનતાને સલાહ સુચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૫ દિવસમાં રાજય ચૂંટણી પંચ, બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા. મુદત વિત્યે આવેલ સુચનો ધ્યાનમાં લેવામાં આવશે નહી.

૨૪. રાજય ચૂંટણી પંચે નગરપાલિકાના વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો છેવટના કરતાં પહેલાં લોકપ્રતિનિધિત્વ ધારો, ૧૯૫૧ અન્વયે માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરુરી પરામર્શ કરશે.

તારીખઃ ૮/૪/૧૯૯૪.

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

INDEX

અનુસૂચિ-૧

પત્રક-૪

ખંભાલીયા નગરપાલિકા, જિલ્લો :- જામનગર.

વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડની હદનું વર્ણન
૧.	વોર્ડ નં. ૩ બ્લોક નં. ૧ થી ૪ (૧૭ થી ૨૦) અને બ્લોક નં. ૯ (૨૫) તથા વોર્ડ નં. ૪ બ્લોક નં. ૫ (૩૧) તથા વોર્ડ નં. ૫ બ્લોક નં. ૧૪ (૫૩, ૫૪) :- ખીમનાથ મહાદેવ તથા વ્હોરાનાં હજીરાથી શરુ કરી કેનેડી પુલ થઈ હિન્દુ સ્મશાન તથા કબ્રસ્તાન થઈ દ્વારકા-જામનગર રેલ્વે લાઈને લાઈને તેલી નદીનાં દક્ષિણ કાંઠા સુધી, ત્યાંથી તેલીના કાંઠે કાંઠે થઈ સુખનાથ મહાદેવનાં મંદિર થઈ સલાયાનાં નાકા અંદર ભરવાડપાડાથી પઠાણપાડો થઈ ચોકસી બિલ્ડીંગથી વિજયચોકથી ખત્રીવાડ થઈ ખાનભાઈ વાળી સાંકડી ગલી થઈ કડીયાવાડથી ભટ્ટીચોકથી મચ્છીપીઠથી ખડકીના નાકા બહાર થઈ ઘી નદીનાં કાંઠે કાંઠે કેનેડી પુલ થઈ ખીમનાથ મહાદેવ તથા વ્હોરાનાં હજીરા સુધી તેમજ આ વોર્ડમાં સમાતો તમામ વિસ્તાર.
૨.	વોર્ડ નં. ૫ બ્લોક નં. ૯, ૧૦, ૧૧ (૪૯, ૫૦, ૫૧) પૈકી તેલી નદીની ઉત્તર બાજુનો વિસ્તાર તથા બ્લોક નં. ૧૫ થી ૧૮ (૫૫ થી ૬૦) :- તેલી નદીનાં ઉપરનાં રેલ્વેનાં પુલથી શરુ કરી દ્વારકા-જામનગર રેલ્વે લાઈને લાઈન અશોક મીલ સુધી, ત્યાંથી રેલ્વે સ્ટેશનથી દેવીદાસ શેઠનાં બંગલા પાછળ થઈ ધોરીવાવ વિસ્તારથી તેલી નદીનાં ઉત્તર બાજુનાં કાંઠે કાંઠે સ્ટેશન રોડ તેલી પુલ ત્યાંથી કાંઠે કાંઠે સલાયા રોડ તેલી પુલ ત્યાંથી કાંઠે કાંઠે પોરબંદર રોડ તેલી નદીનાં કોઝવે થઈ તેલી નદીનાં રેલ્વે પુલ સુધીની હદની અંદર સમાતો તમામ વિસ્તાર.
૩.	વોર્ડ નં. ૫ બ્લોક નં. ૫ (૪૩, ૪૪) તથા બ્લોક નં. ૯, ૧૦, ૧૧ (૪૯, ૫૦, ૫૧) પૈકી તેલી નદીનાં દક્ષિણ બાજુનો વિસ્તાર તથા બ્લોક નં. ૧૨ (૫૨/૧), ૧૯ (૬૧-૬૨) બ્લોક નં. ૨૦ (૬૩) :- સલાયારોડ ઉપર તેલી નદીનાં પુલની દક્ષિણ બાજુનાં છેડાથી શરુ કરી તેલી નદીનાં દક્ષિણ કાંઠે કાંઠે થઈ સ્ટેશનરોડ તેલી પુલ થઈ દક્ષિણ કાંઠે કાંઠે મહાપ્રભુજીની બેઠક સુધી, ત્યાંથી પાંજરાપોળ તથા ખંભાલીઆ મીલની પાછળનાં ભાગે થઈ સિનેમા રોડ ઉપર ડો. ડી. ડી. નકુમનાં ઘર આગળ તથઈ શારદા સિનેમા થઈ નગરગેઈટ ચોક થઈ સરકારી દવાખાના થઈ નગરગેઈટ ટાવર થઈ ધનજી મુલજી બાલમંદિર તથા તાલુકા સ્કુલની પાછળ ગઢની રાંગે રાંગે થઈ સલાયાનાં નવા નાકા થઈ તેલી નદીનાં પુલ સુધીની હદની અંદર સમાતો તમામ વિસ્તાર.
૪.	વોર્ડ નં. ૧ બ્લોક નં. ૯ (૬) તથા વોર્ડ નં. ૨ બ્લોક નં. ૧ થી ૪ (૮ થી ૧૦) તથા બ્લોક નં. ૭ થી ૧૦ (૧૨ થી ૧૫) :- સલાયાનાં નાકે પુષ્કરણા બ્રહમપુરીથી શરુ કરી ગઢની રાંગે રાંગ થઈ સલાયાનાં નવા નાકા થઈ હરીજનવાસ ગઢની રાંગે રાંગ થઈ નગરગેઈટથી સતવારાવાડ થઈ કણઝારમાતાનાં મંદિર થઈ રાવલચોક, વેરાઈ ચોક થઈ શરણેશ્વરનાં મંદિર થઈ થાનાઈ ફળી પાંચ હાટડી ચોકથી લુહારશાળ જુના હરીજનવાસ પાસે થઈ નવી હવેલી સામે ભાટીયા મહાજનવાડી થઈ પુષ્કરણા બ્રહ્મપુરી સુધીની હદની અંદર સમાતો તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડની હદનું વર્ણન

૫. વોર્ડ નં. ૩ બ્લોક નં. ૫ થી ૮ (૨૧ થી ૨૪) તથા બ્લોક નં. ૧૦ (૨૬) તથા વોર્ડ નં. ૪ બ્લોક નં. ૬, ૭, (૩૨, ૩૩) :-

સલાયાનાં નાકે પુષ્કરણા બ્રહમપુરીની સામેનાં ભાગથી શરુ કરી નવા સલાયા ગેઈટ રોડ તરફ જુના હરીજનવાસ થઈ લુહારશાળ થઈ વડવારી શેરી થઈ પાંચહાટડી થઈ ગુગળી ચકલો થઈ વિજય ચોક થઈ બહુચરાજીનાં મંદિર થઈ પઠાણપાડો થઈ ભરવાડપાડો થઈ સલાયાનાં નાકે પુષ્કરણા બ્રહમપુરીનાં સામેનો ભાગ સુધીની હદની અંદર સમાતો તમામ વિસ્તાર.

૬. વોર્ડ નં. ૪ બ્લોક નં. ૧ થી ૪ (૨૭ થી ૩૦) તથા બ્લોક નં. ૮ થી ૧૨ (૩૪ થી ૩૭) :-

ખત્રીવાડનાં નાકાથી રંગમહોલ સ્કુલ સુધી ગુગળી ચકલો થઈ પાંચહાટડી થઈ થાનાઈ ફળી થઈ ઝવેરી બજારથી માંડવી ટીંબો થઈ સત્યનારાયણ મંદિરવાળી શેરી થઈ ભીમા કંદોઈવાળી શેરી થઈ ભેરવાકોઠાથી ડોસાપીર પાસેથી પોરનાં નાકે થઈ ગઢની રાંગે રાંગે ફુલવાડી સુધી ત્યાંથી ખડકીનાં નાકેથી મચ્છીપીઠ, કડીયાવાડથી ખાનભાઈવાળી સાંકડી શેરી ખત્રીવાડનાં નાકા સુધીની હદની અંદર સમાતો તમામ વિસ્તાર.

૭. વોર્ડ નં. ૧ બ્લોક નં. ૧ થી ૮ (૧ થી ૫) બ્લોક નં. ૧૦ (૭) તથા વોર્ડ નં. ૨ બ્લોક નં. ૫, ૬ (૧૧) તથા ૧૨ (૧૬) :-

નગરગેઈટ ટાવર પાસેથી શરુ કરી જુની પોસ્ટ ઓફીસ તથા નગર પાલિકા બાલમંદિરની પાછળની લાઈન થઈ જોધપુર ગેઈટથી ખડપીઠ પાસે ગઢની રાંગે રાંગ (અંદરનાં ભાગે) પોરનાં નાકા સુધી, ત્યાંથી ડોસાપીર થી ભેરવાકોઠા થઈ ભીમા કંદોઈવાળી શેરી થઈ સત્યનારાયણ મંદિરવાળી શેરી માંડવી ટીંબો થઈ ઝવેરી બજાર મેસર્સ હરીલાલ રામજીની દુકાનવાળી લાઈન થઈ શરણેશ્વર મહાદેવનાં મંદિરની સામેથી વેરાઈચોક, રાવલ ચોક, કણઝારમાતાનાં મંદિર થઈ નગર ગેઈટ ટાવર સુધીની હદની અંદર સમાતો તમામ વિસ્તાર.

૮. વોર્ડ નં. ૫ બ્લોક નં. ૬, ૭, ૮ (૪૫, ૪૬, ૪૭, ૪૮) તથા બ્લોક નં. ૧૩ (૫૨/૨) તથા બ્લોક નં. ૨૦, ૨૧, ૨૨ (૬૪, ૬૫, ૬૬, ૬૭) :-

સરકારી દવાખાનાની સામે ધરમશી વિશ્રામનાં મકાનથી શરુ કરી નગરગેઈટ ચોકથી કાનજી ચતુ ધર્મશાળાવાળી લાઈન થઈ સિનેમારોડ, શારદા સિનેમાની સામેની લાઈન થઈ મોહનલાલ માધવજીનાં મકાનથી કબીર આશ્રમ થઈ કોમેટ એન્જીનીયરીંગથી ખંભાલીઆ મીલ પાછળ રતન તળાવ થઈ પાંજરાપોળ પાછળનાં ભાગથી ગોવિંદ તળાવનાં પુર્વ કાંઠા થઈ બજાણાવાળા રસ્તે રઘુવીર મીઈ થઈ સિનેમારોડ થઈ એલ.આઈ.સી. ઓફીસવાળી લાઈન થઈ જોધપુરનાં નાકે નગરપાલિકાની દુકાન, બાલમંદિર કો. કો. બેન્ક, પોસ્ટ ઓફીસની પાછળની લાઈન થઈ નગર ગેઈટ નગર પાલિકાની ઓફીસથી ધરમશી વિશ્રામનાં મકાન સુધીની અંદર સમાતો તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડની હદનું વર્ણન
(૯)	વોર્ડ નં. ૫ બ્લોક નં. ૧ થી ૪ (૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૨) તથા બ્લોક નં. ૨૨, ૨૩ (૬૮, ૬૯, ૭૦) :- ઘી નદીનાં પૂર્વ કાંઠે મહાદેવવાડાથી શરુ કરી પોરના નાકા બહાર ગઢની રાંગે રાંગ કિર્તીકુમાર મુલજીનાં તાવડા થઈ ખડપીઠ થઈ જોધપુરનાં નાકે રાજડા ચેરીટેબલ ટ્રસ્ટનાં દવાખાના થઈ એલ.આઈ.સી. ઓફીસની સામેની લાઈન થઈ સિનેમા રોડ થઈ રઘુવીર મીલ સામેની લાઈન, વાઘરી વાસથી બજાણાવાળા રસ્તે ગોવિંદ તળાવનો દક્ષિણકાંઠો થઈ સોની કંવા ટર્સની પાછળ જલારામ મંદિર (અન્નક્ષેત્ર) પાછળ થઈ ટેલીફોન એકસચેન્જ થઈ કુંભારપાડા પાછળ થઈ હરજીવન નરોત્મ પાંજરાપોળ થઈ રામનાથ રોડ ઘી નદીનો પુર્વ કાંઠે થઇ રામનાથ મહાદેવ થઇ રામનાથ પુલ ઘી નદીના પૂર્વ કાંઠે કાંઠે મહાદેવવાડા સુધીની અંદરની અંદર સમાતો તમામ વિસ્તાર.

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

તા. ૮-૪-૧૯૯૪.

અનુસૂચિ - ૨

રાજ્ય ચૂંટણી પંચ,
ગુજરાત રાજ્ય,
સચિવાલય, ગાંધીનગર.

ખંભાળીયા નગરપાલિકાની કુલ વસ્તી : ૩૧,૭૯૪

કુલ વોર્ડોની સંખ્યા : ૯

વોર્ડ દીઠ સરેરાશ વસ્તી : ૩૫૩૩ સરેરાશ વસ્તી ૧૦ ટકા વધ મુજબ : ૩૮૮૬

સરેરાશ વસ્તી ૧૦ ટકા ઘટ મુજબ : ૩૧૮૦

બેઠકોની સંખ્યા : ૨૭

મહિલા બેઠકો : ૯ ૧ બેઠક અનુસૂચિત જાતી.

અનુસૂચિત આદિજાતી માટે કોઇ નહી.

૧ બેઠક પછાત વર્ગની મહિલા સહિતની

અનુસૂચિત જાતી માટે અનામત બેઠકોની સંખ્યા : ૨ પૈકી ૧ મહિલા માટે.

અનુસૂચિત આદિજાતી માટે અનામત બેઠકોની સંખ્યા : કોઈ નહી.

પછાત વર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા : ૩ તે પૈકી ૧ મહિલા માટે.

કુલ અનામત બેઠકોની સંખ્યા : ૧૨

સામાન્ય બેઠકો : ૧૫

અ.નં	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી	બીજી બેઠકની ફાળવણી મહિલા અનામત	ત્રીજી બેઠકની ફાળવણી
૧.	૧	૩૪૧૫	સામાન્ય	સામાન્ય	પછાત વર્ગ
૨.	૨	૩૮૧૨	સામાન્ય	સામાન્ય	પછાત વર્ગ
૩.	૩	૩૪૯૧	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૪.	૪	૩૬૭૪	સામાન્ય	પછાત વર્ગ	અનુ.જાતિ
૫.	૫	૩૫૪૬	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૬.	૬	૩૫૧૬	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૭.	૭	૩૮૨૧	સામાન્ય	સામાન્ય	સામાન્ય

INDEX

અ.નં	વોર્ડ.નં.	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી	બીજી બેઠકની ફાળવણી મહિલા અનામત	ત્રીજી બેઠકની ફાળવણી
૮.	૮	૩૨૩૬	સામાન્ય	અનુ.જાતિ	સામાન્ય
૯.	૯	૩૨૯૬	સામાન્ય	સામાન્ય	સામાન્ય

તારીખઃ ૮-૪-૧૯૯૪

યો. જે દીક્ષિત,
સચિવ
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No.51 REGISTERED NO. G/GNR/2.

The Gujarat Government Gazette
EXTRAORDINARY
PUBLISHED BY AUTHORITY

VOL.XXXV FRIDAY, APRIL 8, 1994/ CAITRA 18, 1916.

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ,

બ્લોક નં. ૯, ૬ઠ્ઠા માળે,
નવા સચિવાલય, ગાંધીનગર.
તારીખ ૪-૪-૧૯૯૪.

આદેશ

ક્રમાંક : મનન-૧૧ થી ૧૬-૯૪

મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ (મતદાર નોંધણી) નિયમો, ૧૯૯૪ અન્વયે, કોર્પોરેશનોની મતદારયાદી તૈયાર કરવા સંબંધે નિયમો ઘડવામાં આવ્યા છે. આ નિયમો અન્વયે, મતદારયાદીમાં નામ સમાવિષ્ટ કરવા, મતદારયાદીમાં સમાવિષ્ટ થયેલ નામ પરત્વે વાંધાઓ રજૂ કરવા તથા મતદારયાદીમાં કરવામાં આવેલ નોંધની વિગત પરત્વે વાંધાઓ રજૂ કરવા અંગેના નમૂના વિહિત કરવામાં આવ્યા છે.

INDEX

નિયમાનુસાર મતદારયાદીઓ ક્ષતિમુકત રીતે તૈયાર થાય તેમજ રાજયમાં મતદારયાદીઓ તૈયાર થાય તેમાં એકવાકયતા જળવાય તે હેતુથી નિયમોના નિયમ ૧૨, ૧૫, ૧૭, ૧૮ તથા ૧૯ અન્વયે કેટલીક જાહેર નોટિસ તથા નમૂના વિહિત કરવાનું આવશ્યક જણાતાં મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિ. કોર્પોરેશન (ગુજરાત દ્વિતિય સુધારા) અધિનિયમ-૧૯૯૩ની કલમ ૧૪(૧) અન્વયે મળેલી સત્તાની રુએ રાજય ચૂંટણી પંચ આ સાથે સામેલ નમુના જે તે નિયમોના હેતુ સારુ વિહિત કરે છે.

મતદાર નોંધણી અધિકારીઓએ નમૂનામાં ઉલ્લેખ કરવામાં આવેલ નિયમ અન્વયે કાર્યવાહી હાથ ધરતી વખતે નોટિસ (નમૂનાનો ઉપયોગ કરવો તેમ પંચ આદેશ કરે છે.

હુકમથી,
યો. જે. દિક્ષીત,
સચિવ,
રાજય ચૂંટણી પંચ.

INDEX

ફોર્મ - ૧

(જુઓ નિયમ- ૮)

મતદાર યાદીનો ખરડો પ્રસિદ્ધ કરવા અંગેની નોટિસ

પ્રતિ,

.....મહાનગરપાલિકા

વિસ્તારના મતદાર મંડળના મતદારો

આથી નોટિસ આપવામાં આવે છે કે ૧૯૯૪ના મતદાર નોંધણી નિયમો અનુસાર મતદાર યાદી તૈયાર કરવામાં આવી છે અને તેની નકલ કચેરીના કામકાજના સમય દરમિયાન ..... મહાનગરપાલિકાના નોટિસ બોર્ડ ઉપર અને નીચે જણાવેલ સ્થળોએ જોવા માટે મળી શકશે.

મતદાર યાદી તૈયાર કરવા માટે પાત્રતા તારીખ ૧-૧-૧૯૯૪ છે.

ઉપરોક્ત પાત્રતા તારીખને અનુલક્ષીને, મતદાર યાદીમાં નામનો સમાવેશ કરવા અંગે કોઈ હકદાવો હોય અથવા કોઈ નામના સમાવેશ સામે કોઈ વાંધો હોય અથવા કોઈપણ નોંધની વિગતો સામે વાંધો હોય, તો તે ફોર્મ અ, બ અથવા ક માંથી યોગ્ય તે ફોર્મમાં તા..... ના રોજ અથવા તે પહેલા રજૂ કરવાનો રહેશે.

આવો દરેક હકકદાવો અથવા વાંધો મોડામાં મોડો ઉપર જણાવેલી તારીખે મને મળે એ રીતે મારી કચેરીમાં અથવા ..... સમક્ષ રજૂ કરવો અથવા નીચેના સરનામે ટપાલથી મોકલવો.

ખરડારુપે તૈયાર થયેલી મતદાર યાદીની નકલ લેવા ઈચ્છતા હશે તેમણે રૂ..... મારી કચેરીમાં રોકડા ભર્યેથી મળી શકશે.

.....

મતદાર નોંધણી અધિકારી,

સરનામુ.....

.....

ફોર્મ - ૨

(જુઓ નિયમ - ૧૨)

હક્કદાવાની યાદી (ફોર્મ એ મુજબ)

મળ્યા તારીખ	ક્રમ નંબર	દાવાદારનું નામ	પિતા/પતિ/માતાનું નામ	નિવાસનું સ્થળ	સુનાવણીની તારીખ, સમય અને સ્થળ
૧	૨	૩	૪	૫	૬

ફોર્મ - ૩

(જુઓ નિયમ - ૧૨)

નામના સમાવેશ સામેના વાંધાની યાદી (ફોર્મ - બી મુજબ)

મળ્યા તારીખ	ક્રમ નંબર	વાંધો લેનારનું પુરું નામ	વાંધો ઉઠાવવામાં આવેલ			વાંધા માટેના કારણો-ટુંકમાં	સુનાવણીની તારીખ, સમય અને સ્થળ
			ભાગ નંબર	ક્રમ નંબર	પુરું નામ		
૧	૨	૩	૪	૫	૬	૭	૮

ફોર્મ - ૪

(જુઓ નિયમ- ૧૨)

નોંધોની વિગતો સામેના વાંધાની યાદી (ફોર્મ સી મુજબ)

મળ્યા તારીખ	ક્રમ નંબર	વાંધો લેનાર મતદારનું પુરું નામ	ભાગ નંબર અને નોંધનો ક્રમ નંબર	વાંધાનો પ્રકાર	સુનાવણીની તારીખ, સમય અને સ્થળ
૧	૨	૩	૪	૫	૬

ફોર્મ - ૫

બીજી નકલ
દફ્તરે નકલ

(જુઓ નિયમ ૧૫(૧)(ક))

હકદાવાની સુનાવણીની નોટિસ

પ્રતિ,
: દાવાદારનું પુરું
નામ અને સરનામું,

સંદર્ભ

હકદાવા નં.....

આથી, નોટિસ આપવામાં આવે છે કે, મતદાર યાદીમાં તમારા નામનો સમાવેશ કરવા અંગેના તમારા હકદાવાની સુનાવણી ૧૯ ના ની તારીખે વાગ્યે ખાતે (સ્થળે) થશે. તમારે રજૂ કરવાના થતા પુરાવા સાથે સુનાવણી વખતે હાજર રહેવાનું તમને જણાવવામાં આવે છે.

સ્થળ.....
તારીખ.....

મતદાર નોંધણી અધિકારી

ફોર્મ - ૫

મુળ નકલ
(દાવાદાર પર
બજાવવાની)

(જુઓ નિયમ ૧૫(૧) (ક)(૧૦)

પ્રતિ,
: દાવાદારનું પુરું
નામ અને સરનામું

સંદર્ભ

હકદાવા નં.....

આથી નોટિસ આપવામાં આવે છે કે મતદાર યાદીમાં તમારા નામનો સમાવેશ કરવા અંગેના તમારા હકદાવાની સુનાવણી ૧૯ ના ની તારીખ વાગ્યે ખાતે :સ્થળે: થશે. તમારે રજુ કરવાના થતા પુરાવા સાથે સુનાવણી વખતે હાજર રહેવાનું તમને જણાવવામાં આવે છે.

સ્થળ.....
તારીખ.....

મતદાર નોંધણી અધિકારી

નોટિસ બજાવ્યાનું પ્રમાણપત્ર

સુનાવણીની તારીખની નોટિસ મળી છે.
તારીખ.....

.....
દાવાદાર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે (નામ) ને રુબરુ આપીને/તેના નિવાસ સ્થળે તે ચોંટાડીને દાવાદાર પરની નોટિસ આજે..... ની ..... તારીખે મે યોગ્ય રીતે બજાવી છે.

સ્થળ.....
તારીખ.....

મતદાર નોંધણી અધિકારી.

બીજી નકલ

દફ્તર નકલ

ફોર્મ - ૬

(જુઓ નિયમ ૧૫(૧) (ખ)

વાંધો ઉઠાવનારને નોટીસ

પ્રતિ

:વાંધો ઉઠાવનારનું પુરુ

નામ અને સરનામું :

સંદર્ભ :- વાંધા નં.

આથી, નોટિસ આપવામાં આવે છે કે,

નો નામનો સમાવેશ કરવા સામેના તમારા વાંધાની સુનાવણી ૧૯ ના ની તારીખે વાગ્યે ખાતે (સ્થળે) થશે. તમારે રજુ કરવાના થતા પુરાવા સાથે સુનાવણી વખતે હાજર રહેવાનું તમને જણાવવામાં આવે છે.

સ્થળ.....

તારીખ..... મતદાર નોંધણી અધિકારી

મુળ નકલ

: વાંધો ઉઠાવનાર

પર બજાવવાની:

ફોર્મ - ૬

(જુઓ નિયમ ૧૫(૧)(ખ)

વાંધો ઉઠાવનારને નોટિસ

પ્રતિ,

(વાંધો ઉઠાવનારનું પુરું

નામ અને સરનામું)

સંદર્ભ વાંધા નં.

આથી નોટિસ આપવામાં આવે છે કે.....

નો સમાવેશ કરવા સામેના તમારા વાંધાની સુનાવણી ૧૯ ના ની તારીખે વાગ્યે ખાતે (સ્થળે) થશે. તમારે રજુ કરવાના થતા પુરાવા સાથે સુનાવણી વખતે હાજર રહેવાનું તમને જણાવવામાં આવે છે.

સ્થળ.....

તારીખ..... મતદાર નોંધણી અધિકારી

નોટિસ બજાવ્યાનું પ્રમાણપત્ર

સુનાવણીની તારીખની નોટિસ મળી છે

તારીખ વાંધો ઉઠાવનાર

આથી, પ્રમાણિત કરવામાં આવે છે કે (નામ) ને રુબરુ આપીને - તેના - નિવાસસ્થાને તે ચોંટાડીને વાંધો ઉઠાવનાર પરની નોટિસ આજે ની તારીખે યોગ્ય રીતે મેં બજાવી છે.

સ્થળ.....

તારીખ..... બજાવણી અધિકારી

ખાસ નોંધ : ટપાલ દ્વારા નોટિસ બજાવવામાં આવી હોય તો તેની પહોંચ આ સાથે જોડવી.

INDEX

બીજી નકલ

ફોર્મ - ૭

દફ્તર નકલ :

(જુઓ નિયમ ૧૫(૧)(ખ)

જે વ્યકિતની સામે વાંધો ઉઠાવવામાં આવ્યો હોય તો તેને નોટિસ

(જેની સામે વાંધો ઉઠાવવામાં આવ્યો તે વ્યકિત પર બજાવવાની)

પ્રતિ.
(જેના સામે વાંધો ઉઠાવવામાં આવ્યો
તે વ્યકિતનું પુરું નામ અને સરનામું)

સંદર્ભ વાંધો નંબર

આથી, નોટિસ આપવામાં આવે છે કે, મતદાર મંડળની મતદાર યાદીના ભાગ માં ક્રમ નં સામે તમારા નામનો સમાવેશ કરાયા અંગે (વાંધો ઉઠાવનારનું પુરુ નામ અને સરનામું) એ ઉઠાવેલ

વાંધાની સુનાવણી ૧૯ ના ની તારીખે વાગ્યે સ્થળે થશે.
તમને સુનાવણી વખતે તમારે રજુ કરવાના થતાં પુરાવા સાથે હાજર રહેવાનું જણાવવામાં આવે છે.
વાંધાના કારણો (ટુંકમા) નીચે મુજબ છે.
(ક) (ગ)
(ખ) (ઘ)
સ્થળ.....
તારીખ..... મતદાર નોંધણી અધિકારી

ફોર્મ - ૭

મુળ નકલ

(જુઓ નિયમ ૧૫ (૧)(ખ)

જે વ્યકિત સામે વાંધો ઉઠાવવામાં આવ્યો હોય તેને નોટિસ

પ્રતિ
(જેની સામે વાંધો ઉઠાવવામાં આવ્યો હોય
તે વ્યકિતનું નામ અને સરનામું)

સંદર્ભ : વાંધા નં.....

આથી નોટિસ આપવામાં આવે છે કે, મતદાર મંડળની મતદારયાદીના ભાગ માં ક્રમ નં. સામે તમારા નામનો સમાવેશ કરાયા અંગે (વાંધો ઉઠાવનારનું પુરુ નામ અને સરનામુ :

એ ઉઠાવેલ વાંધાની સુનાવણી ૧૯ ના ની તારીખે વાગ્યે ખાતે સ્થળે થશે તમને સુનાવણી વખતે તમારે રજુ કરવાના થતા પુરાવા સાથે હાજર રહેવાનું જણાવવામાં આવે છે.
વાંધાના કારણો (ટુંકમા) નીચે મુજબ છે.
(ક) (ગ)
(ખ) (ઘ)
સ્થળ.....
તારીખ..... મતદાર નોંધણી અધિકારી

નોટિસ બજાવ્યાનું પ્રમાણપત્ર

સુનાવણીની તારીખની નોટીસ મળી છે
તારીખ

જેની સામે વાંધો ઉઠાવવામાં આવ્યો હોય તે વ્યકિત

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે જેના નામનો સમાવેશ કરવા સામે વાંધો ઉઠાવવામાં આવ્યો છે તે (નામ)
ને રુબરુ આપીને - તેના નિવાસ સ્થાને ચોંટાડીને તેના પર
નોટિસ આજે ની તારીખે મે યોગ્ય રીતે બજાવી છે.
સ્થળ.....
તારીખ..... બજાવણી અધિકારી
ખાસ નોંધ : ટપાલ દ્વારા નોટિસ બજાવવામાં આવી હોય તો તેની પહોંચ આ સાથે જોડવી.

બીજી નકલ

ફોર્મ - ૮

દફ્તર નકલ

(જુઓ નિયમ ૧૫(૧)(ખ)

નોંધની વિગતો સામેના વાંધાની સુનાવણીની નોટિસ

પ્રતિ,
(વાંધો ઉઠાવનારનું પુરુ
નામ અને સરનામુ)

સંદર્ભ વાંધો નં.

આથી, નોટિસ આપવામાં આવે છે કે તમારે લગતી નોંધની અમુક વિગતો સામેના તમારા વાંધાની સુનાવણી ૧૯ ના ની તારીખે વાગ્યે ખાતે (સ્થળે) થશે. તમારે રજુ કરવાના થતાં પુરાવા સાથે સુનાવણી વખતે હાજર રહેવાનું તમને જણાવવામાં આવે છે.

સ્થળ.....
તારીખ..... મતદાર નોંધણી અધિકારી

મુળ નકલ
વાંધા ઉઠાવનારને
બજાવવાની

ફોર્મ - ૮

(જુઓ નિયમ ૧૫(૧)(ખ)

નોંધની વિગતો સામેના વાંધાની સુનાવણીની નોટિસ

પ્રતિ,
(વાંધો ઉઠાવનારનું પુરુ
નામ અને સરનામું)

સંદર્ભ : વાંધા નં.

આથી નોટિસ આપવામાં આવે છે કે તમારે લગતી નોંધની અમુક વિગતો સામેના તમારા વાંધાની સુનાવણી ૧૯ ના ની તારીખે વાગ્યે ખાતે (સ્થળે) થશે. તમારે રજુ કરવાના થતાં પુરાવા સાથે સુનાવણી વખતે હાજર રહેવાનું તમને જણાવવામાં આવે છે.

સ્થળ.....
તારીખ..... મતદાર નોંધણી અધિકારી

નોટિસ બજાવ્યાનું પ્રમાણપત્ર

સુનાવણીની તારીખની નોટિસ મળી છે.
તારીખ

વાંધો ઉઠાવનાર

આથી, પ્રમાણિત કરવામાં આવે છે કે (નામ)
ને રુબરુ આપીને - તેના નિવાસસ્થાને તે ચોંટાડીને વાંધો ઉઠાવનાર પરની નોટિસ આજે ની તારીખે યોગ્ય રીતે મેં બજાવી છે.

સ્થળ .....
તારીખ..... બજાવણી અધિકારી

ખાસ નોંધ : ટપાલ દ્વારા નોટિસ બજાવવામાં આવી હોય તો તેની પહોંચ આ સાથે જોડવી.

INDEX

ફોર્મ - ૯

(જુઓ નિયમ - ૧૭)

.....મહાનગરપાલિકા મતદાર નોંધણી અધિકારીની
કચેરી

પ્રતિ,

.....મહાનગરપાલિકા વિસ્તારના મતદાર

મંડળના મતદાર જોગ

સને ૧૯૯૪ ના મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસપલ કોર્પોરેશન (મતદાર નોંધણી) નિયમ અન્વયે તૈયાર કરવામાં આવેલ મતદાર યાદીમાં શરતચૂકથી કે અન્યથા ક્ષતિ રહેવા પામી છે અને જેઓ ..... શહેરના વોર્ડના મતદાર ભાગમાં નામ મતદાર તરીકે નોંધાવવા હકદાર છે તેઓના નામો રહી ગયા છે અને આથી તેઓના નામો મતદાર યાદીમાં દાખલ કરવાની જરુર હોવાથી જાણ કરવામાં આવે છે કે, આ સાથેની યાદી મુજબના મતદારોના નામો મતદાર યાદીમાં સમાવિષ્ટ કરવાનું મતદાર નોંધણી અધિકારી પ્રથમ દ્રષ્ટિએ વાજબી ઠરાવે છે.

આ સાથેની યાદી મુજબના વ્યકિતઓના નામો મતદાર યાદીમાં દાખલ કરવા સબબ જો કોઈને વાંધો લેવાનો થતો હશે તો આ નોટિસ પ્રસિદ્ધ થયાની તારીખથી દિવસ-૭ માં મારી કચેરીએ અથવા..... સમક્ષ રજુ કરવા અથવા નીચેના સરનામે ટપાલથી મોકલવો.

મતદાર નોંધણી અધિકારી,

.....મહાનગરપાલિકા

સરનામુ :-

INDEX

ફોર્મ - ૧૦

(જુઓ નિયમ- ૧૮)

.....મહાનગરપાલિકા મતદાર

નોંધણી અધિકારીની કચેરી

પ્રતિ,

.....મતદાર નોંધણી અધિકારી

.....મતદાર મંડળ

સને ૧૯૯૪ના મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મતદાર નોંધણી) નિયમ અન્વયે તૈયાર કરવામાં આવેલ મતદાર યાદીમાં શરતચૂકથી કે અન્યથા નીચે જણાવ્યા પ્રમાણેની ક્ષતિ રહી જવા પામી છે.

(૧) આ સાથેની યાદી મુજબની વ્યકિતઓ મરણ પામી હોવા છતાં તેઓના નામ મતદાર યાદીમાં દાખલ થયા છે.

(૨) આ સાથેની યાદી-૨ મુજબ જણાવેલ વ્યકિતઓ શહેરના સામાન્ય નિવાસી મટી ગયા છે.

(૩) આ સાથેની યાદી-૩ માં જણાવેલ વ્યકિતઓ શહેરની મતદાર યાદીમાં મતદાર તરીકે નોંધાવવા માટેની પાત્રતા ધરાવતા નથી.

આ ક્ષતિ હોવા છતાં, સાથેની યાદી - ૧, ૨, ૩ માં જણાવેલ વ્યકિતઓના નામો મતદાર યાદીમાં સમાવિષ્ટ થયા છે અને તેમના નામ કમી કરવા મતદાર નોંધણી અધિકારી પ્રાથમિક દ્રષ્ટિએ વ્યાજબી ઠરાવે છે. તેથી આ સાથેની યાદી મુજબની વ્યકિતઓના નામો મતદાર યાદીમાંથી કમી કરવા સબબ જો કોઈને વાંધો લેવાનો થતો હોય તો, આ નોટિસ પ્રસિદ્ધ થયાની તારીખથી દિવસ-૭ માં મારી કચેરીએ અથવા ..... સમક્ષ રજુ કરી અથવા નીચેના સરનામે ટપાલથી મોકલવો.

મતદાર નોંધણી અધિકારી

.....મહાનગરપાલિકા

સરનામુ :-

INDEX

ફોર્મ ૧૦ સંલગ્ન યાદી - ૧

(જુઓ નિયમ - ૧૮)

.....મહાનગરપાલિકાના વોર્ડમાં સમાવિષ્ટ થયેલ પરંતુ, ત્યારબાદ મરણ પામેલ મતદારોના નામની યાદી

અ.નં.	મતદાર યાદીમાં નામનો અનુ.	ઘર નંબર	મતદારનું નામ	ઉમર	જાતિ
૧	૨	૩	૪	૫	૬

INDEX

ફોર્મ ૧૦ સંલગ્ન યાદી - ૨

(જુઓ નિયમ - ૧૮)

.....મહાનગરપાલિકાના વોર્ડમાં સમાવિષ્ટ થયેલ, પરંતુ શહેરના સામાન્ય રહેવાસી મટી ગયા હોય તેવા મતદારોની યાદી

અ.નં.	મતદાર યાદીમાં નામનો અનુ.	ઘર નંબર	મતદારનું નામ	ઉંમર	જાતિ
૧	૨	૩	૪	૫	૬

ફોર્મ ૧૦ સંલગ્ન યાદી - ૩

(જુઓ નિયમ - ૧૮)

.....મહાનગરપાલિકાના વોર્ડમાં સમાવિષ્ટ થયેલ પરંતુ, મતદાર યાદીમાં નોંધવા માટેની પાત્રતા ધરાવતા ન હોય તેવી વ્યક્તિઓની યાદી

અ.નં.	મતદાર યાદીમાં નામનો અનુ.	ઘર નંબર	મતદારનું નામ	ઉંમર	જાતિ
૧	૨	૩	૪	૫	૬

ફોર્મ - ૧૧

(જુઓ નિયમ - ૧૯)

.....મહાનગરપાલિકા મતદાર
નોંધણી અધિકારીની કચેરી

પ્રતિ,

.....મતદાર નોંધણી અધિકારી

.....મતદાર મંડળ

શ્રીમાન,

સાદર નિવેદન જે ઉપરોકત મતદાર મંડળના મતદાર યાદીના ક્રમાંક ..... પર મારું નામ ..... વોર્ડના રોલમાં અનુક્રમાંક ..... ઉપર દાખલ થયું છે તેમજ મારું નામ ..... વોર્ડના રોલમાં અનુ. ક્રમાંક ..... ઉપર દાખલ થયું છે. આમ બે વોર્ડના રોલમાં મારું નામ પ્રસિદ્ધ થયું છે. આ બે રોલ પૈકી ..... વોર્ડના રોલમાં ચાલુ રાખવા અને ..... વોર્ડના રોલમાંથી કમી કરવા વિનંતી કરું છું.

આથી હું જાહેર કરું છું કે, મારી ઉપર જાણ તથા માન્યા મુજબ ઉપર દર્શાવેલ હકિકત સાચી છે.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

INDEX

Extra No. 52 REGISTERED NO. G/GNR/2.

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] MONDAY, APRIL 11, 1994/CAITRA 21, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

FOOD AND CIVIL SUPPLIES DEPARTMENT

Order

Sachivalaya, Gandhinagar, 11th April, 1994.

No. CHTH-94-41-KSN-1090-3949-B.—The following order issued by the Government of India, Ministry of Petroleum and Natural Gas, New Delhi is republished for general information of public:—

GOVERNMENT OF INDIA

MINISTRY OF PETROLEUM AND NATURAL GAS

Order

New Delhi, the 5th August, 1993.

G.S.R. 546(E).—In exercise of the powers conferred by Section 3 of the Essential Commodities Act, 1955 (10 of 1955), the Central Government hereby makes the following Order to amend the Motor Spirit and High Speed Diesel (Prevention of Malpractices in Supply and Distribution) Order, 1990, namely:—

1. (*1*) This Order may be called the Motor Spirit and High Speed Diesel (Prevention of Malpractices in Supply and Distribution) Amendment Order, 1993.

(*2*) It extends to the whole of India.

(*3*) It shall come into force on the date of its publication in the *Official Gazette*.

INDEX

2. In the Motor Spirit and High Speed Diesel (Prevention of Malpractices in Supply and Distribution) Order, 1990.

(*1*) for sub-clause (*J*) of clause 2, the following sub-clause shall be substituted, namely:—

"(*i*) "Stock variation" means the variation between the actual sales as per dips and sales as per meter (Totaliser) readings beyond the norms for permissible variation in stocks as given in Schedule II."

(*2*) for sub-clause (*1*) of clause 7, the following sub-clause shall be substituted, namely:—

"(*1*) The State Government may, by notification in the Official Gazette, authorise an Officer or the licensing authority, not below the rank of an Inspector, in the Department of Food and Civil Supplies or an Officer of the Oil Company, not below the rank of a Sales Officer, for the purpose of implementating the provisions of this Order."

(*3*) for sub-clause (*5*) of clause 8, the following sub-clause shall be substituted, namely:—

"(*5*) The authorised officer shall send the third sample of the product, taken under sub-clause (2), immediately or in any case within a period of 10 days to any of the laboratories specified in schedule III appended to this Order, for the purpose of analysis of samples to check whether the density of the product conforms to requirements of Schedule I."

(*4*) in clause 9, after the words, "The Central Government" and before the word "may", the words "or a State Government with the approval of the Central Government shall be inserted."

(*5*) in Schedule I, for para 2, the following para shall be substituted, namely: -

"2 The Density at 15 degree Celasius of motor spirit or high speed diesed in the dealer's tank. RO pumps/retail point/receptacle or any other point in RO premises from where sample is taken and tested shall be within $\pm$ 0.0030 of the recorded morning density of the product in the storage tank or the density recorded after the last receipt, whichever is later. The dealer shall maintain record of densities as mentioned herein before on a daily basis in a separate register which shall be made available, as and when required, to the Authorised Inspecting Personnel."

(*6*) In Shedule II:

(a) Note to item (i) shall be omitted:

(b) after item (ii), the following 'Note' shall be added, namely:—

"Note:—In case of variation beyond permissible limits in the stocks of motor spirit or high speed diesel, dealer's explanation will be called for before any action is taken under the provisions of this Order."

(7) In Schedule III:—

(*a*) Under the heading "INDIAN OIL CORPORATION LIMITED LABORATORIES", after serial number (47) and the entry relating thereto, the following serial numbers and entries shall be added namely:—

(47A) Indian Oil Corporation Limited, Bhilai Laboratory, Near Railway Goods Shed, BHILAI (M.P.).

(47B) Indian Oil Corporation Limited, Bhopal Laboratory, Diwangiri, Nishatpur, BHOPAL-462001.

(47C) Indian Oil Corporation Limited, Haldia Laboratory, P.O. Haldia Refineries, Dist. Midnapur, WEST BENGAL.

(47D) Indian Oil Corporation Limited, Missamari Laboratory, Dist. DARRANG, P.O. Missamari, ASSAM.

(47E) Indian Oil Corporation Limited, Jaipur Laboratory, Sanganer Airport, JAIPUR-302011.

INDEX

(b) under the heading "IBP CO. LIMITED LABORATORIES", after serial number (55) and the entry relating thereto, the following serial number and entry shall be added, namely: –

"(55A) IBP CO. LIMITED's LABORATORY, 93, M. S. Koil Street, Near Royapuram Bridge, Massey's Godown, MADRAS."

(c) under the heading "GOVERNMENT LABORATORIES" after serial number (62) and the entry relating thereto, the following serial number and entry shall be added, namely:—

"(62A) Chemical Testing and Analytical Laboratory, Industries and Commerce Department Government of Tamil Nadu, Guindy."

[F. NO. P-11013/3/90-Dist. (Pt. I)]

DEVI DAYAL,
Joint Secretary.

Foot Note:—The principal Order was published *vide* G.S.R. No. 811 (E), dated 22nd September, 1990.

By order and in the name of the Governor of Gujarat,

S. D. DAVE,
Under Secretary to Government.

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

INDEX

Extra No.53 REGISTERED NO. G/GNR/2.

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] SATURDAY, APRIL 16, 1994/ CAITRA 26, 1916.

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ

ગુજરાત રાજ્ય

ગાંધીનગર.

ક્રમાંક : સમક : ૩૨૫૭/૯૪

બારડોલી નગરપાલિકા જી.સુરતની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ.

ભારતનાં સંવિધાનના ૭૪માં સુધારાને અનુલક્ષીને ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ ૧૯૬૩માં રાજ્ય સરકારે ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ ૧૯૯૩ અન્વયે મહત્વનાં સુધારા કરેલાં છે. આ અધિનિયમની કલમ-૬, પેટા કલમ-૪ અન્વયે નગરપાલિકાની ચૂંટણી, મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી પંચમાં નિહીત થશે તેવી જોગવાઇ કરેલી છે અને રાજ્ય ચૂંટણી પંચે કલમ-૬, પેટા કલમ-૫ અન્વયે રાજ્ય સરકારે કરેલા નિયમો અનુસાર અધિનિયમની જોગવાઇઓને આધીન રહીને ચૂંટણી કરવી જોઇએ.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ-૭ પેટા કલમ-૨ તથા કલમ-૬ની પેટા કલમ-૩ અન્વયે જાહેરનામા ક્રમાંક : કેવી ૩૨૨-૯૩ એન.પી.બી ૩૦૯૩-૫૬૪૬ (૫૧) આર, તા.૧૮:૧૨:૯૩ જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તે અન્વયે બારડોલી શહેરના નગરપાલિકાને જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેના

INDEX

સને ૧૯૯૧ન વસ્તી ગણતરીના આખરી આંકડા પ્રસિદ્ધ થયા છે. તેના આધારે ૯ વોર્ડોમાં વહેચવામાં આવેલ છે. નગરપાલિકાના કાઉન્સિલરોની કુલ બેઠકો ૨૭ નક્કી કરવામાં આવી છે. જાહેરનામા અન્વયે અનુસૂચિત જાતિ તથા પછાતવર્ગ તેમજ મહિલા માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલી છે.

૩. ચૂંટણી પંચે અધિનિયમની કલમ ૭, પેટા કલમ ૨, ખંડ ૩ પેટા ખંડ (ખ) અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડોમાંની અનુ.જાતી અનુસૂચિત આદિજાતી, પછાત વર્ગની તથા મહિલાની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજ્ય સરકારે તેમના જાહેરનામા ક્રમાંક :કેવી:૪૯:૧૯૯૪ એન.પી.એલ ૪૫૯૩-૩૬૫૫-એમ તા.૧૬-૩-૯૪ અન્વયે અધિનિયમની કલમ ૨૭૭ની પેટાકલમ ૨ તથા કલમ ૬ તથા ૭ અન્વયે વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણીના નિયમો, ૧૯૯૪ અને હવે પછી નિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે બહાર પાડેલ છે.

૫. નિયમોના નિયમ ૨ અન્વયે નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે, કે શક્ય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોના વસ્તી એક સરખી રહે અને સામાન્ય તથા વોર્ડની સરેરાશ વસ્તીથી કોઇ પણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહિ તે પ્રમાણે વોર્ડની રચના કરવાની રહે છે. આમ છતાં ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે, સ્થાનિક એક જુથતા તથા ભૌગોલીક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને તુલનામાં લેતા ૧૦ ટકા વધુ વધ કે ઘટ કરીને વોર્ડની રચના કરી શકાશે.

૬. પંચે નગરપાલિકાના વોર્ડોનાં સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે. તેમજ સને ૧૯૪૮ના સેન્સસ એકટ મુજબ સને. ૧૯૯૧ના વસ્તી ગણતરીનાં છેવટનાં પ્રસિધ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં શહેરની કુલ વસ્તી ૩૮,૩૭૭ આવે છે. જાહેરનામા મુજબ શહેરને ૯ વોર્ડોમાં વહેચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૪,૩૬૪ ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની પંચે તેના કાર્યાલયના અધિકારી કર્મચારીઓ મારફત ચકાસણી કરાવેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડનું સીમાંકન કરવાનું ધાર્યું છે તેમાં કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વસ્તી વધતી નથી કે ૧૦ ટકાથી વસ્તી ઘટતી નથી.

૮. શહેરનાં ૯ વોર્ડોને નિયમ ૩ની જોગવાઇઓને ધ્યાનમાં લઈ આ સાથે અનુસૂચિ ૧માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે. આ સીમાંકન નક્કી કરવામાં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજૂથતા, નદી, રેલ્વેલાઈન, રોડલાઈન વગેરે કારણે બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને એકસરખા વોર્ડ-૯ બની રહે તે મુદ્દો વિચારણામાં લઈ વોર્ડોનું સીમાંકન નક્કી કરેલું છે.

૯. નિયમોના નિયમ ૪ અન્વયે દરેક વોર્ડ માં ત્રણ કાઉન્સિલર ચૂંટવાના છે. નિયમ ૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક બિનઅનામત એટલે કે સામાન્ય બેઠક બની રહેશે. જ્યારે બીજી બેઠક મહિલા, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની મહિલા સહિત માટે અનામત રાખવાની છે. જ્યારે ત્રીજી બેઠક જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગને ફાળવવાની રહેશે. અને તેવી ફાળવણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો તે બિનઅનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે.

૧૦. નિયમોના નિયમ ૬ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિની દરેક વોર્ડોની વસ્તીની ટકાવારીનાં ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તી સંખ્યા વધુ હોય એટલે કે, ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, મહિલા બેઠક સહીતની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુ વસ્તી હોય એટલે કે ટકાવારી ઊંચી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારીત કરેલ છે.

૧૧. જાહેરનામા અન્વયે શહેર માટે ૧ બેઠકો અનુસુચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે.મહિલા માટે કોઈ અનામત રાખેલ નથી.

INDEX

૧૨. પંચ એકઠી કરેલી માહિતી મુજબ શહેરનાં જુદા જુદા ૯ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	અનુ.જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ.જાતિની વસ્તીની ટકાવારી
૧.	૮	૪૧૩૦	૪૧૭	૧૦.૦૦%
૨.	૯	૪૫૫૭	૩૧૪	૬.૮%
૩.	૨	૪૫૮૨	૨૧૦	૪.૫%
૪.	૪	૪૪૧૫	૧૫૩	૩.૪%
૫.	૩	૪૩૬૨	૫૮	૧.૩%
૬.	૭	૪૦૩૮	૪૭	૧.૧%
૭.	૬	૪૧૪૩	૩૬	૦.૮%
૮.	૫	૩૮૬૪	૨૮	૦.૭%
૯.	૧	૪૨૮૬	૨૦	૦.૪%

૧૩. અ.મ., અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં. ૮ માં અનુસૂચિત જાતિની બેઠક નિયમોના નિયમ ૬ અ હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે, અનેતે મુજબ ફાળવવામાં આવે છે.

૧૪. અનુસૂચિત જાતિના મહિલા અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ જે વોર્ડમાં આ વર્ગ માટે બેઠક ફાળવાઈ હોય તે વોર્ડની ટકાવારીનાં ક્રમમાં પ્રથમ આવતા ત્રણ વોર્ડ પૈકી ત્રીજા વોર્ડમાં મહિલા બેઠક ફાળવવી તેમ પંચ માને છે, પરંતુ બારડોલી શહેરની નગરપાલિકાની રચના માટે જાહેરનામા અન્વયે ફક્ત એકજ બેઠક અનુ.જાતિ માટે અનામત રાખવામા આવી છે.આ મુજબ ફાળવણી કરતાં પણ નિયમો અન્વયે દરેક વોર્ડમાં એક મહિલા, એક સામાન્ય બેઠક ફાળવવાની જોગવાઈ છે તેનું ખંડન ન થાય તેની તકેદારી રાખવાની રહે છે.

૧૫. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં. ૮ માં નિયમોના નિયમ ૬:અઃ અન્વયે ફાળવવામાં આવે છે. તે પૈકી આ વર્ગના પુરુષ તથા મહિલા માટે બેઠકની વહેચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

વોર્ડ નંબર	
૮	અનુસૂચિત જાતિ

૧૬. જાહેરનામા અન્વયે શહેર માટે ૫ બેઠકો અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત કરેલ છે. અને ૫ પૈકી ૨ બેઠકો અનુ. આદિજાતિની મહિલા માટે અનામત રાખવાનું નિર્ધારીત કર્યુ છે.

પંચ એકઠી કરેલી માહિતી મુજબ શહેરના જુદા જુદા ૯ વોર્ડની વસ્તી તથા દરેકની અનુ. આદિજાતીની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામા આવે તે નીચે મુજબ પરિસ્થિતિ થાય છે.

INDEX

અ.નં.	વોર્ડ નં.	વોર્ડની કુલ વસ્તી	અનુ.આદીજાતિની વસ્તી	વોર્ડની વસ્તી સામે ટકાવારી
૧.	૮	૪૧૩૦	૧૪૭૮	૩૫.૭%
૨.	૯	૪૫૫૭	૧૫૧૧	૩૩.૧%
૩.	૫	૩૮૬૪	૧૧૯૩	૩૦.૮%
૪.	૬	૪૧૪૩	૧૦૭૭	૨૫.૯%
૫.	૭	૪૦૩૮	૬૫૭	૧૬.૨%
૬.	૩	૪૩૬૨	૬૦૯	૧૩.૯%
૭.	૨	૪૫૮૨	૪૧૯	૯.૧%
૮.	૧	૪૨૮૬	૩૧૦	૭.૨%
૯.	૪	૪૪૧૫	૩૦૮	૬.૯%

આમ, અનુ. આદિજાતિ વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં. ૮,૯,૫,૬ તથા ૭ માં અનુ.આદિજાતિની બેઠક નિયમોના નિયમ : ૬ : હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે, અને તે મુજબ ફાળવવામાં આવે છે.

અનુ. આદિજાતિની તથા મહિલા અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ જે વોર્ડમાં આ વર્ગ માટે બેઠક ફાળવવાની હોય તે વોર્ડની ટકાવારીનાં ક્રમમાં પ્રથમ આવતા ત્રણ વોર્ડ પૈકી ત્રીજા વોર્ડમાં મહિલા બેઠક ફાળવવી તેમ પંચ માને છે, પરંતુ આ મુજબ ફાળવણી કરતાં પણ નિયમો અન્વયે દરેક વોર્ડમાં એક મહિલા, એક સામાન્ય બેઠક ફાળવવાની જોગવાઈ છે તેનું ખંડન ન થાય તેની તકેદારી રાખવાની રહે છે.

અનુ.આદિજાતિની બેઠક વોર્ડ નં. ૮,૯,૫,૬ તથા ૭ માં નિયમોના નિયમ ૬:અઃ અન્વયે ફાળવવામાં આવે છે. તે પૈકી આ વર્ગના મહિલા માટે બેઠકની વહેચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

વોર્ડ નંબર	બેઠક
૮	અનુ.આદિજાતિ મહિલા.
૯	અનુ.આદિજાતિ.
૫	અનુ.આદિજાતિ.
૬	અનુ.આદિજાતિ.
૭	અનુ.આદિજાતિ મહિલા.

૧૭. જાહેરનામા મુજબ ત્રણ બેઠકો પછાતવર્ગો માટે ફાળવેલ છે. તે પૈકી એક બેઠક આ વર્ગની મહિલા માટે અનામત રખાઈ છે.

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો, ૧૯૯૪ના નિયમ ૬ :બીઃ હેઠળ રાજ્ય ચૂંટણી પંચે પછાત વર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. જેના મહત્વનાં પ્રબંધ નીચે પ્રમાણે છે.

INDEX

(૧) માન્ય રાજકીય પક્ષો તરફથી મળેલ માહિતીનાં અભ્યાસ પરથી જે શહેરનાં જે જે વોર્ડોમાં પછાતવર્ગની વસ્તીનાં ધોરણને અનુલક્ષીને જે સર્વ સામાન્ય વોર્ડો હોય તે તે વોર્ડોમાં પછાતવર્ગ માટે અનામત બેઠક ફાળવવાની રહેશે.

(૨) મ્યુનિસિપલ ચીફ ઓફીસર તરફથી છેલ્લી ચૂંટણીમાં જે વોર્ડમાંથી પછાતવર્ગનાં ઉમેદવારો ચૂંટાઈને કોર્પોરેટર તરીકે પદધારણા કરતાં હતા તે વોર્ડમાં ઉપર અનુક્રમ નં. ૧ માં જણાવેલ વોર્ડોમાં બેઠક ફાળવ્યા પછી નિયત સંખ્યા સુધીમાં ફાળવવાની રહેશે.

આથી સ્પષ્ટતા કરવાની કે, જુના વોર્ડોનું સીમાંકન અને નવા વોર્ડોના સીમાંકનમાં ફેરફાર હોય તો જુના વોર્ડોનો મોટા ભાગનો જે વિસ્તાર જે જે નવા વોર્ડનાં સીમાંકનમાં સમાવિષ્ટ થતો હોય તેવા નવા વોર્ડમાં પછાતવર્ગની બેઠક ફાળવવાની રહેશે.

(૩) પછાત વર્ગ માટે અનામત રાખેલી કુલ બેઠકો પૈકી ૧:૩ બેઠકો મહિલા માટે જાહેરનામા અન્વયે અનામત રખાઈ છે. આમ ત્રણ બેઠકો પૈકી એક બેઠક મહિલા માટે અનામત રાખવામાં આવી છે. આ મહિલાનું પ્રમાણ ૧:૩ રહે છે. તેથી તાર્કીક રીતે વિચારતા દર ત્રણ બેઠકો પૈકી ત્રીજી બેઠક મહિલા માટે ફાળવવી તેમ પંચ સ્વિકારે છે.

(૪) પરંતુ જો આ રીતે વોર્ડનાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસુચિત જાતિ અથવા અનુ. આદિજાતિ માટે મહિલા બેઠક ફાળવી હોય તો તે વોર્ડને બદલે તે પછી અનુક્રમે જે વોર્ડ આવે તે વોર્ડમાં પછાતવર્ગની મહિલા બેઠક ફાળવવી.

માન્ય રાજકીય પક્ષોને પંચ તરફથી નગરપાલિકાઓના કયા વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવી તે અંગે સૂચનો મોકલવા આ કાર્યાલય તરફથી વિનંતી કરવામાં આવેલ. પરંતુ કોઈ માન્ય રાજકીય પક્ષ તરફથી હજુ સુધી સુચન કરવામાં આવ્યા નથી.

પંચે અપનાવેલા માપદંડ મુજબ ચીફ ઓફીસર પાસેથી ગત ચૂંટણીમાં પછાતવર્ગનાં કાઉન્સિલરો જુના કયા વોર્ડમાંથી ચૂંટાયા હતા, અને તે સમગ્ર વોર્ડોનો કે તે વોર્ડનો મોટા ભાગનો વિસ્તાર નવા કયા વોર્ડમાં સમાવિષ્ટ થાય છે. તેની માહિતી મેળવવામાં આવી છે. તે ચકાસતાં નીચે મુજબની હકીકત જણાય છે.

સને ૧૯૮૬ ની ચુંટણી ના પરિણામ જોતા.

જુનો વોર્ડ નંબર	તે વોર્ડની કુલ બેઠકો	તે પૈકી ચુટાયેલ સભ્યો.	સૂચિત નવો વોર્ડ.
૧	૪	૧	૯

૧૯ આમ સૂચિત વોર્ડ નં. ૯ માંથી પછાત વર્ગના ઉમેદવાર ચૂંટાઈ આવ્યા હતા.પરંતુ તેઓ ૨ જી અનામત સીટ ઉપર અ. વોર્ડ માંથી ચુંટાયા હોવાનું અને આ વોર્ડમા પછાત વર્ગની વસ્તી નોંધપાત્ર પ્રમાણમા નહી હોવાનુ ચીફ ઓફીસરે અને વહિવટદારશ્રીએ જણાવેલ છે.

આ બંને અધિકારીઓએ સ્થાનિક અધિકારીઓએ નગરપાલિકાના સુચિત વોર્ડો પૈકી જે વોર્ડોમાં પછાત વર્ગની વસ્તી છે તે વોર્ડો વસ્તીના ઉતરતા ક્રમમાં ગોઠવી માહીતી રજુ કરી છે. તે જોતાં સુચિત વોર્ડ નં. ૯ સૌથી છેલ્લો આવે છે. તે પરથી સૂચિત વોર્ડ નં. ૯ પછાત વર્ગની બેઠક ફાળવણી માટે અનામત રાખવો યોગ્ય થશે નહી. બારડોલી નગરપાલિકાની રચના માટે

INDEX

જાહેરનામા અન્વયે ત્રણ બેઠકો પછાતવર્ગ માટે અનામત રાખવાનું ઠરાવેલ હોઈ અન્ય વોર્ડોની પછાતવર્ગની વસ્તીની માહીતી ઉતરતા ક્રમે ચીફ ઓફીસરશ્રી કે જેઓ સ્થાનિક અધિકારી છે. તેઓએ માહીતી રજુ કરેલ છે. તે ચકાસતાં સુચિત વોર્ડ નં. ૭ ૩, ૫, ૨, ૮, ૧, ૪, ૬ અને ૯માં પછાતવર્ગની વસ્તી ઉતરતા ક્રમમાં હોવાનું જણાવેલ છે. આમ નિર્ધારિત સંખ્યા મુજબ સુચિત વોર્ડ નં. ૭, ૩ અને ૫માં પછાતવર્ગની બેઠક ફાળવવા પંચ મુનાસીબ સમજે છે. અને તે મુજબ માપદંડ મુજબ વોર્ડ નં. ૩, ૫, અને ૭માં પછાત વર્ગની બેઠક ફાળવવા પંચ ઠરાવે છે. તે પૈકી વોર્ડ નં. ૭માં પછાતવર્ગ મહિલા બેઠક અનામત રાખવાનુ ઠરે છે. પરંતુ વોર્ડ નં. ૭માં બીજી બેઠક મહિલા બેઠક અનુ. આદિજાતી માટે ઉપર જણાવ્યા મુજબ અનામત રખાઇ છે. તેથી વોર્ડ નં. ૭માં ત્રીજી બેઠક અને વોર્ડ નં. ૫માં ત્રીજી બેઠકને બદલે બીજી બેઠક ફાળવવા પંચ ઠરાવે છે.

૨૦. આ પ્રમાણે અનુસૂચિત જાતિ ,અનુ. આદિજાતિ તથા પછાત વર્ગોની મહિલા અનામત બેઠકની ફાળવણી કર્યા પછી મહિલા અનામત બેઠક અને સામાન્ય ઉમેદવારોને બાકી રહેતી બેઠક ફાળવવામાં આવે છે.

૨૧. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને નિયમોનાં નિયમ-૩ અન્વયે શહેરોને આ સાથે સંલગ્ન અનુસૂચિ-૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે. અને આ સાથે અનુસુચિ-૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

૨૨. આ પ્રમાણે વોર્ડોનું વિભાજન અને હદરેખા નકકી કરવાનું અને વોર્ડની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે.

૨૩. ઉપર પ્રમાણે વોર્ડોની હદરેખા નકકી કરવામાં આવે છે. અને ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે. તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે. અને તે સામે કોઈપણ શખ્સને જાહેર જનતાને સલાહ સુચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૫ દિવસમાં રાજય ચૂંટણી પંચ બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળે, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા. મુદત વિત્યે આવેલ સુચનો ધ્યાનમાં લેવામાં આવશે નહી.

૨૪. રાજય ચૂંટણી પંચે નગરપાલિકાના વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દે છેવટના કરતાં પહેલાં લોકપ્રતિનિધિત્વ ધારો, ૧૯૫૧ અન્વયે માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરુરી પરામર્શ કરશે.

તારીખઃ ૧૬/૪/૧૯૯૪.

યો.જે.દીક્ષિત
સચિવ
રાજ્ય ચુંટણી પંચ

INDEX

અનુસૂચિ - ૨

રાજ્ય ચૂંટણી પંચ ,

બારડોલી નગરપાલિકા જી.સુરતની કુલ વસ્તી : ૩૮,૩૭૭

કુલ વોર્ડોની સંખ્યા : ૯

વોર્ડ દીઠ સરેરાશ વસ્તી : ૪૨૬૪

બેઠકોની સંખ્યા :૨૭

મહિલા બેઠકો : ૯

સરેરાશ વસ્તી ૧૦ ટકા વધુ મુજબ : ૪૬૯૦

સરેરાશ વસ્તી ૧૦ ટકા ઘટ મુજબ : ૩૮૩૮

૧ બેઠક અનુસૂચીત જાતી.

૨ બેઠક અનુસૂચીત આદિજાતી મહિલા.

૧ બેઠક પછાત વર્ગની મહિલા સહિતની

અનુ.જાતી માટે અનામત બેઠકોનીસંખ્યા : ૧ મહિલા માટે નથી.

અનુ. આદિજાતી માટે અનામત બેઠકોનીસંખ્યા : ૫ પૈકી ૨ મહિલા માટે.

પછાત વર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા : ૩ તે પૈકી ૧ મહિલા માટે.

કુલ અનામત બેઠકોની સખ્યા : ૧૫

સામાન્ય બેઠકો : ૧૨

અ.નં	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	પહેલી બઠકની ફાળવણી બીન અનામત	બીજી બેઠકની ફાળવણી મહિલા અનામત	ત્રીજી બેઠકની ફાળવણી
૧.	૧	૪૨૮૬	સામાન્ય	સામાન્ય	સામાન્ય.
૨.	૨	૪૫૮૨	સામાન્ય	સામાન્ય	સામાન્ય.
૩.	૩	૪૩૬૧	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ.
૪.	૪	૪૪૧૫	સામાન્ય	સામાન્ય	સામાન્ય.
૫.	૫	૩૮૬૪	સામાન્ય	પછાતવર્ગ	અનુ.આદિજાતિ.
૬.	૬	૪૧૪૩	સામાન્ય	સામાન્ય	અનુ.આદિજાતિ.
૭.	૭	૪૦૩૮	સામાન્ય	અનુ.આદિજાતિ	પછાતવર્ગ.
૮.	૮	૪૧૩૦	સામાન્ય	અનુ.આદિજાતિ	અનુ.જાતિ.
૯.	૯	૪૫૫૭	સામાન્ય	સામાન્ય	અનુ.આદિજાતિ.

તારીખ: ૧૬-૪-૧૯૯૪

યો.જે.દીક્ષિત
સચિવ
રાજ્ય ચુંટણી પંચ

પત્રક - ૪

અનુસૂચિ-૧

બારડોલી મ્યુનિસિપાલીટી. જીલ્લો - સુરત.

વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડની હદનું વર્ણન
૧.	સ.નં. ૩ જે તેમનાં સીમાડાને લાગુ આવેલ છે ત્યાંથી ઉત્તર દિશા તરફ સ.નં. ૧ થઈ ઉત્તર દિશા તરફ સ.નં. ૧૨૨ થઈ સ.નં. ૧૫૬ કે જેની ઉત્તર તરફ તાપ્તી રેલ્વે લાઈન આવેલ છે. જે ક્રોસ કરી ઉત્તર તરફ સ.નં. ૧૪૫ કેજેની ઉત્તર તરફ બાબેન ગામનો સીમાડો આવેલ છે. ત્યાંથી પૂર્વ તરફ સ.નં. ૧૫૦ થઈ પૂર્વ દિશા તરફ સુગર ફેકટરી તરફ જતી રેલ્વે લાઈન ઓળંગીને પૂર્વ તરફ રેલ્વે સ્ટેશન થઈ દક્ષિણ દિશા તરફ આગળ વધતા ગામથી સ્ટેશનનાં રસ્તાનાં મધ્યભાગે થઈ સ.નં. ૫૧૨/અ જેમાં ઘર નં. ૬/૬/૫૧ થી દક્ષિણ તરફ આગળ વધતાં ઘર નં. ૫/૫/૯૫ થી દક્ષિણ તરફ આગળ વધતા સ.નં.૨૬૭ જે ગામથી સ્ટેશન જતા રસ્તાની પશ્ચિમ તરફ આગળ વધતા સ.નં. ૨૬૯/૨ થી દક્ષિણ તરફ આગળ વધતા સ.નં. ૫૫ થઈ દક્ષિણ - પશ્ચિમ તરફ સુરતી જકાત નાકાથી સ્ટેશન તરફજતાં ગાંધી રોડની પશ્ચિમ દિશા તરફ સ.નં. ૫૪ થઈ પશ્ચિમ તરફ આગળ વધતા સ.નં. ૪૫/૮ થઈ સ.નં. ૬૫ થઈ પશ્ચિમ દિશા તરફ સ.નં. ૩ ની હદ સુધી.
૨.	ગામથી સ્ટેશન જતા રસ્તાના મધ્યથી પૂર્વ દિશા તરફ જતાં સ.નં. ૨૭૨/૨ થી શરુ થઈ ઉત્તર દિશા તરફ સ.નં. ૨૬૬/અ સ્વરાજ આશ્રમથી ઉત્તર દિશા તરફ સ.નં. ૧૯૫ થઈ ઉત્તર તરફ આગળ જતા સ્ટેશન જકાત નાકાથી ઉત્તર તરફજતા રેલ્વે સ્ટેશન થઈ અસ્તાન ગામનાં સીમાડાની હદ સુધી, ત્યાંથી પૂર્વ દિશા તરફ અસ્તાન ગામનાં સીમાડે આગળ વધતાં નંદરબાર તરફજતા રેલ્વે લાઈનની ફાટક ઓળંગી દક્ષિણ તરફ સ.નં. ૨૬૬ થઈ પૂર્વ દિશા તરફ સ.નં. ૨૩૭/૧ જે અસ્તાન ગામમાં સીમાડે આવેલ છે ત્યાથી પૂર્વ દિશા તરફ સ.નં. ૨૪૩/૩ અસ્તાન ગામનાં સીમાડેથી પૂર્વ દિશા તરફ સ.નં.૨૪૩/૧ થઈ ઉત્તર પૂર્વ તરફ અસ્તાનગામનાં સીમાડે દક્ષિણ દિશા તરફ ધામડોદ ગામનાં સીમાડે સ.નં. ૩૪૦/૨ થઈ પૂર્વ દિશા તરફ ધામડોદ ગામનાં સીમાડે સ.નં. ૩૪૦/૩/૧ થી દક્ષિણ તરફ આગળ વધતા સ.નં. ૩૪૬ થઈ સ.નં. ૩૪૫ જે ધામડોદ -લુંભાનાં સીમાડે આવેલ છે ત્યાંથી પશ્ચિમ દિશા તરફ સ.નં. ૩૪૩ થઈ દક્ષિણ દિશા તરફ આગળ વધતા સ.નં. ૩૨૩/૩ થઈ દક્ષિણ તરફ સ.નં. ૩૧૯ થી પશ્ચિમ દિશા તરફ આગળ વધતા સ.નં. ૨૯૨ થી દક્ષિણ પશ્ચિમ તરફ આગળ વધતા સ.નં. ૨૭૨/૧ થઈ સ.નં. ૨૭૨/૨ ની હદ સુધી.
૩.	નવદુર્ગા સોસાયટીના સ.નં. ૩૦૨ ના ઘર નંબર ૨/૪/૭૩/૧ થી શરુ થઈ ઉત્તર દિશા તરફ ટી.પી સ્કીમનાં ૬૦ ફુટનો રસ્તો ઓળંગી સ.નં. ૩૧૨/૨ ની પૂર્વ દિશા તરફ સ.નં. ૩૪૫ જે ધામડોદ - લુંભાનાં સીમાડાથી દક્ષિણ દિશા તરફ આગળ વધતા સ.નં. ૩૪૭ થી દક્ષિણ પૂર્વ દિશા તરફ સ.નં ૩૪૯ થઈ પૂર્વ દિશા સ.નં. ૩૫૪/૪ થી ધામડોદ લુંભાના સીમાડે સ.નં. ૩૬૫/૧/૨ થી પૂર્વ દિશા તરફ સ.નં. ૩૪૮/૩ થી દક્ષિણ દિશા તરફ સ.નં. ૩૬૯/૨ થઈ દક્ષિણ - પશ્ચિમ તરફ સ.નં. ૩૭૦ થઈ દક્ષિણ દિશામા તરફ સ.નં. ૩૮૩ થઈ પશ્ચિમ દિશા તરફ સ.નં. ૩૮૧ થઈ પશ્ચિમ દિશા તરફ સ.નં ૩૯૩ થઈ દક્ષિણ પશ્ચિમ તરફ સ.નં. ૩૯૪ થઈ નવદુર્ગા સોસાયટી સ.નં. ૩૦૨ની હદ સુધી.

INDEX

વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડની હદનું વર્ણન

૪. ભંડારીવાડમાં દાખલ થતાં ઘર નં. ૪/૧/૧૦૯ થી શરુ થઈ ઉત્તર દિશા તરફ પશુ દવાખાના, નવાફળિયા થઈ જૂના આશ્રમ થઈ જનતા સોસાયટી સ.નં. ૫૦૭ થી પૂર્વ દિશા તરફ સ.નં. ૨૯૧ આનંદનગર સોસાયટી પૂર્વ - દક્ષિણ તરફ જમનાનગર થઈ અવધુતનગર સોસાયટી, દક્ષિણ તરફ જોગીફળિયું સ.નં. ૨૯૮ ઘર નંબર ૩/૧/૭૨ થી પશ્ચિમ દિશા તરફ સ.નં. ૨૯૫ દિપનગર થઈ દક્ષિણ - પશ્ચિમ તરફ ભંડારીવાડ ઘર નં. ૪/૨/૧૭ની હદ સુધી.

૫. સ્ટેશનરોડને લાગુ ઘર નંબર ૪/૫/૭૯ થી પશ્ચિમ દિશા તરફ કોળીવાડ સ.નં. ૨૮૩/એ થી શરુ થઈ ઉત્તર - પશ્ચિમ દિશા તરફ માંગીફળિયાથી રસ્તુ રસ્તે બાળાદેવી થઈ ગાંધીરોડના મધ્યિબંદુએ આગળ વધી ગાંધીરોડની ઉત્તર પૂર્વ દિશા તરફ આનંદનગર, તાલુકા પંચાયત, શીતલનગરથી પૂર્વ તરફ સ.નં. ૨૬૭ ની ઉત્તર હદે થઈ સ્ટેશનરોડનાં મધ્યભાગથી રોડે રોડે થઈ દક્ષિણ દિશા તરફ બેન્ડવાળા ટેકરો, ગજીયાચાલ, જલારામ મંદિર થઈ સ.નં. ૫૦૪ થઈ ઘર નંબર-૪/૫/૭૯ ની હદ સુધી.

(૬) બારડોલીની હદથી શરુ કરી સુરત હાઈવેને કિનારે દક્ષિણ-ઉત્તર તરફ હાઈવે ઓળંગી સ.મેનાં ભાગે ઉત્તર દિશા તરફ રસ્તે રસ્તે પંપીંગ સ્ટેશન થઈ સ્ટેશનરોડનાં મધ્યિબંદુએથી સ્ટેશનરોડ ઉત્તર દિશા તરફ આગળ વધી મસ્જીદની સામેની ગલીમાં પશ્ચિમ દિશાએ રસ્તે રસ્તે પટેલફળિયું થઈ ઉત્તર - પશ્ચિમ તરફ સ.નં. ૨૬ આદર્શ સોસાયટીથી રસ્તે રસ્તે ગાંધીરોડના મધ્યિબંદુએ ઉત્તર દિશા તરફ આગળ વધી સ.નં. ૫૦ થી પશ્ચિમ દિશા તરફ સ.નં. ૪૫/૬ થઈ સ.નં. ૫ થી દક્ષિણ દિશા તરફ તેનગામનાં સીમાડે થઈ સ.નં. ૩૯/૧ થઈ દક્ષિણ દિશા તરફ તેનગામના સીમાડે સ.નં. ૧૬/૨ થી દક્ષિણ દિશા તરફ રા.નં. ૧૧/૪ થી પૂર્વ દિશા તરફ સ.નં. ૪૯૭/અ થી દક્ષિણ તરફ સ.નં. ૪૯૬ થઈ એસ.ટી. ડેપો સુધી.

૭. હનુમાનગલીમાં દાખલ થતાં ઘર નં. ૩/૩/૮૯ થી ઉત્તર દિશાતરફ પાઠકફળિયા, વ્યાસફળિયા ભટ્ટ ફળિયાથી ધોયાફળિયાથી ઉત્તર દિશા તરફ મરીમાતાનો ટેકરો થઈ કાનફળિયા હળપતિવાસથી રા.નં. ૫૨૦ ટી.પી. સ્કીમનાં રોડની હદથી પશ્ચિમ દિશા તરફ ૨૨ ગાળા થઈ દક્ષિણ-પશ્ચિમ તરફ શાંતિનાથનગર સ.નં. ૨૮૬/બી થી પટેલફળિયા થઈ ભંડારીવાડ નાકેથી માછીવાડ ઘર નં. ૪/૧/૪૬ થી હનુમાનગલી ઘર નં. ૩/૩/૮૯ ની હદ સુધી.

૮. લુહારફળિયામાં દાખલ થતાં ઘર નં. ૨/૧/૬૨ થી ઉત્તર દિશા તરફ ઘર નં. ૨/૧/૪ થી પૂર્વ દિશા તરફ સુથારફળિયા ઘર નં. ૨/૪/૧૩૬ થી પૂર્વ દિશા તરફ ૨૯ ગાળા સ.નં. ૩૯૪/એ થી પૂર્વ દિશા તરફ સ.નં. ૩૯૧/૨ થી પૂર્વ તરફ સ.નં. ૩૮૫ થઈ પૂર્વ દિશા તરફથી સ.નં. ૩૮૪ ઉતારા ગામના સીમાડાથી દક્ષિણ દિશા તરફ નદી કિનારેથઈ સ.નં. ૩૮૮ થઈ દક્ષિણ દિશા તરફ સ.નં. ૪૨૦ થી પશ્ચિમ દિશા તરફ સ.નં. ૪૧૯, ૪૧૭ થઈ પશ્ચિમ દિશા તરફ સ.નં. ૫૩ થઈ ઉત્તર પશ્ચિમ તરફ સ.નં. ૩૯૭ તાઈવાડ થઈ લુહાફળિયા ઘર નંબર ૨/૧/૧૩૪ ની હદ સુધી.

૯. ઈસરોલીગામનાં સીમાડે બારડોલી ગામની હદમાં સ.નં. ૪૭૨ થી ઉત્તર દિશા તરફ ૪૭૪/એ થી નદી ઓળંગી સ.નં. ૪૭૫/૬ થી પશ્ચિમ દિશાતરફ નદી કિનારે સ.નં. ૪૯૦/૨ થી પશ્ચિમ દિશા તરફ સ.નં. ૪૯૧/૨ તેન ગામના સીમાડાને લાગુથી ઉત્તર તરફ સ.નં. ૪૮૯/૧ થી સ.નં. ૪૯૪ સુરત - ધુલિયા હાઈવેની હદ સુધીથી પૂર્વ દિશાતરફ મસ્જીદ થઈ ઉત્તર દિશા તરફ રોડ ઓળંગી સુરતી જકાત નાકા થઈ ઉત્તર દિશા તરફ સ.નં. ૧૬૯ થઈ પૂર્વ તરફ સ.નં. ૧૭૯ બી.એ.બી.એસ. હાઈસ્કૂલ થઈ

INDEX

વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડની હદનું વર્ણન
	જૈન દેરાસર ઘર નં. ૧/૬/૯૧ થઈ પૂર્વ દિશા તરફ સરદારચોક, મોટા બજાર, ઉપલીબજાર, સ.નં. ૪૦૨ થઈ કડોદ રોડ ઓળંગી સ.નં. ૫૨૧ થી દક્ષિણ પૂર્વ દિશા તરફ સ.નં. ૪૦૮/એ થઈ પૂર્વ દિશા તરફ સ.નં. ૪૧૬ થી પૂર્વ દિશા તરફ સ.નં. ૪૨૨ બમરોલી ગામના સીમાડેથી દક્ષિણ તરફ સ.નં. ૪૨૫/૩ વાંકાનેર જતા રસ્તાના હદેથી પશ્ચિમ દિશા તરફ સ.નં. ૪૨૬/અ થી પશ્ચિમ દિશા તરફ સ.નં. ૪૪૩ ઈસરોલી ગામના સીમાડે સ.નં. ૪૪૬/૪ થી પશ્ચિમ તરફ સ.નં. ૪૪૯ થી મહુવારોડ ઓળંગી સ.નં. ૪૭૦/૨ થઈ સ.નં. ૪૭૧ ની હદ સુધી.

તા. ૧૬/૪/૧૯૯૪

યો.જે.દીક્ષિત
સચિવ
રાજ્ય ચુંટણી પંચ

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

INDEX

Extra No. 54 REGISTERED NO. G/GNR/2.

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] SATURDAY, APRIL 16,1994/ CAITRA 26, 1916.

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ

ગુજરાત રાજ્ય

ગાંધીનગર.

ક્રમાંક : સમક : ૧૯૬૦ : ૯૪

નવસારી નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સિમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ.

ભારતનાં સંવિધાનના ૭૪માં સુધારાને અનુલક્ષીને ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ ૧૯૬૩માં રાજ્ય સરકારે ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ ૧૯૯૩ અન્વયે મહત્વનાં સુધારા કરેલાં છે. આ અધિનિયમની કલમ- ૬ પેટા કલમ-૪ અન્વયે નગરપાલિકાની ચૂંટણી, મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી પંચમાં નિહીત થશે તેવી જોગવાઇ કરેલી છે. અને રાજ્ય ચૂંટણી પંચે કલમ ૬- પેટા કલમ-૫ અન્વયે રાજ્ય સરકારે કરેલા નિયમો અનુસાર અધિનિયમની જોગવાઇઓને આધીન રહીને ચૂંટણી કરવી જોઇએ.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ- ૭ પેટા કલમ- ૨ તથા કલમ- ૬ની પેટા કલમ-૩ અન્વયે જાહેરનામા ક્રમાંક : કેવી ૨૯૧-૯૩ એન.પી.બી ૩૦૯૩ ૫૬૪૬ (૬૦) આર, તા.૧૮:૧૨:૯૩ જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તે અન્વયે પોરબંદર શહેરનાં નગરપાલિકાને જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેના સન ૧૯૯૧નાં વસ્તી ગણતરીના આખરી આંકડા પ્રસિદ્ધ થયા છે. તેના આધારે ૧૪ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે.

INDEX

નગરપાલિકાના કાઉન્સિલરોની કુલ બેઠકો ૪૨ નક્કી કરવામાં આવી છે. જાહેરનામા અન્વયે અનુસૂચિત જાતિ અનુસૂચિત આદિજાતિ તથા પછાતવર્ગ તેમજ મહિલા માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલી છે.

૩. ચૂંટણી પંચે અધિનિયમની કલમ- ૭ પેટા કલમ- ૨, ખંડ- ૩ પેટા ખંડ (ખ) અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સિમાંકન અને વોર્ડમાંની અનુ.જાતી અનુસૂચિત આદિજાતી, પછાત વર્ગની તથા મહિલાની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજ્ય સરકારે તેમના જાહેરનામા ક્રમાંક :કેવી:૪૯:૧૯૯૪/એન.પી.એલ/૪૫૯૩ :૩૬૫૫:એમ તા.૧૬-૩-૯૪.અન્વયે અધિનિયમની કલમ- ૨૭૭ની પેટાકલમ ૨ તથા કલમ- ૬ તથા ૭ અન્વયે વોર્ડનું સિમાંકન અને અનામત બેઠકોની ફાળવણીના નિયમો ૧૯૯૪ અને હવે પછી નિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે બહાર પાડેલ છે.

૫. નિયમોના નિયમ- ૨ અન્વયે નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે, શક્ય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસ્તી એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસ્તીથી કોઇ પણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહિ તે પ્રમાણે વોર્ડની રચના કરવાની રહે છે. આમ છતાં ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે, સ્થાનિક એકજૂથતા તથા ભૌગોલીકતા નજીકપણા કે બીજા અન્ય પરિબળોને તુલનામાં લેતા ૧૦ ટકા વધુ વધ કે ઘટ કરીને વોર્ડની રચના કરી શકાશે.

૬. પંચે નગરપાલિકાના વોર્ડોનાં સિમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે. તેમજ સને ૧૯૪૮ના સેન્સસ એકટ મુજબ સને. ૧૯૯૧ના વસ્તી ગણતરીનાં છેવટનાં પ્રસિધ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં,શહેરની કુલ વસ્તી ૧,૨૬,૦૮૯ આવે છે જાહેરનામા મુજબ શહેરને ૧૪ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે, તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૯૦૦૬ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની પંચે તેના કાર્યાલયના અધિકારી/કર્મચારીઓ મારફત ચકાસણી કરાવેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે, એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડનું સિમાંકન કરવાનું ધાર્યું છે તેમાં વોર્ડ નં-૩ સિવાય કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વસ્તી વધતી નથી.

આ સંબંધી ચકાસણી કરતાં જણાયુ છે કે અન્ય વોર્ડમાંથી ૬૧ માણસો આ વોર્ડમાં ઉમેરવામાં આવે તો વોર્ડની વસ્તી સરેરાશ વસ્તી જેટલી થઇ શકે, પરંતુ આટલી જૂજ સંખ્યા માટે જુદા વોર્ડમાં તેઓને મુકવા યોગ્ય નથી, તેથી વોર્ડ નં. ૩મા શહેરના વોર્ડની સરેરાશ ૯૦૦૬ની વસ્તી સામે ૮૦૪૫ વ્યકિતઓનો બનેલો વોર્ડ રચવો યોગ્ય છે અને તે મુજબ રચવામાં આવે તે યોગ્ય થશે તેમ પંચ માને છે.

૮. શહેર નાં ૧૪ વોર્ડોને નિયમ- ૩ ની જોગવાઇઓને ધ્યાનમાં લઈ આ સાથે અનુસૂચિ-૧માં જણાવ્યા પ્રમાણે સિમાંકન નક્કી કરવામાં આવે છે. આ સિમાંકન નક્કી કરવામાં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજૂથતા, નદી, રેલ્વેલાઈન, રોડલાઈન વગેરે કારણે બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને એકસરખ વોર્ડ-૧૪ બની રહે તે મુદ્દો વિચારણામા લઈ વોર્ડોનું સિમાંકન નક્કી કરેલું છે.

૯. નિયમોના નિયમ- ૪ અન્વયે દરેક વોર્ડમાં ત્રણ કાઉન્સિલર ચૂંટવાના છે. નિયમ- ૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક બિનઅનામત એટલે કે, સામાન્ય બેઠક બની રહેશે. જ્યારે બીજી બેઠક મહિલા(અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની મહિલા સહિત) માટે અનામત રાખવાની છે. જ્યારે ત્રીજી બેઠક જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગને ફાળવવાની રહેશે. અને તેવી ફાવણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો તે બિનઅનામત બેઠક તરિકે ફાળવવાની રહેશે.

૧૦.નિયમોના નિયમ- ૬ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિની દરેક વોર્ડની વસ્તીની ટકાવારીનાં ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તી (સંખ્યા) વધુ હોય એટલે કે, ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ (મહિલા બેઠક સહીતની) બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ વસ્તી હોય એટલે કે ટકાવારી ઊંચી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારીત કરેલ છે.

INDEX

૧૧. જાહેરનામા અન્વયે શહેર માટે ૨ બેઠકો અનુસુચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે અને ૨ બેઠકો પૈકી ૧ બેઠક અનુસૂચિત જાતિની મહિલા માટે અનામત રાખવાનું નિર્ધારીત કર્યુ છે.

૧૨. પંચે એકઠી કરેલી માહિતી મુજબ શહેરનાં જુદા જુદા ૧૪ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા કમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	અનુ.જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ.જાતિની વસ્તીની ટકાવારી
૧.	૧૧	૯૨૫૯	૧૮૯૨	૨૦.૪૩
૨.	૩	૮૦૪૫	૧૫૭૪	૧૯.૫૬
૩.	૭	૮૪૩૦	૫૧૪	૬.૧૦
૪.	૧૦	૯૬૬૭	૫૧૪	૫.૩૨
૫.	૧	૯૮૦૫	૪૮૫	૪.૯૫
૬.	૯	૮૩૧૩	૩૭૬	૪.૫૨
૭.	૧૪	૯૫૦૮	૪૨૨	૪.૪૪
૮.	૧૨	૯૦૨૫	૩૧૦	૩.૪૩
૯.	૨	૮૫૩૧	૨૧૨	૨.૪૯
૧૦.	૫	૮૧૯૫	૮૧	૦.૯૯
૧૧.	૬	૯૬૦૧	૯૪	૦.૯૮
૧૨.	૮	૯૩૨૩	૬૯	૦.૭૪
૧૩.	૪	૯૨૦૪	૨૭	૦.૨૯
૧૪.	૧૩	૯૧૮૩	૫	૦.૦૫

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં. ૧૧ તથા ૩ માં અનુસૂચિત જાતિની બેઠક નિયમોના નિયમ- ૬ (અ) હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે. અને તે મુજબ ફાળવવામાં આવે છે.

૧૪. અનુસૂચિત જાતિની મહિલા અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસ્તીની ઉતરતા ક્રમમાં ટકાવારી જોતાં પ્રથમ આવતા ત્રણ વોર્ડના જૂથ પૈકી ત્રીજા વોર્ડમાં પુરુષ વોર્ડમાં મહિલા બેઠક ફાળવવી તેમ પંચ માને છે. પરંતુ જાહેરનામા અન્વયે માત્ર બે જ બેઠકો અનુસૂચિત જાતિ માટે અનામત તરીકે ફાળવેલ હોઈ ટકાવારી ક્રમમાં પ્રથમ આવતા વોર્ડમાં અનુસૂચિત જાતિની બેઠક અને ટકાવારીના ક્રમમાં બીજા ક્રમે આવતાં વોર્ડમાં મહીલા બેઠક અનુસૂચિત જાતિ માટે ફાળવવી યોગ્ય જણાય છે. આ મુજબ ફાળવણી કરતાં પણ નિયમો અન્વયે દરેક વોર્ડમાં એક મહિલા, એક સામાન્ય બેઠક ફાળવવાની જોગવાઈ છે. તેનું ખંડન ન થાય તેની તકેદારી રાખવાની રહે છે.

INDEX

૧૫. અનુસુચિત જાતિની બેઠક વોર્ડ નં. ૧૧ તથા ૩ માં નિયમોના નિયમ ૬:અ: અન્વયે ફાળવવામાં આવે છે. તે પૈકી આ વર્ગના મહિલા માટે બેઠકની વ્હેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

વોર્ડ નંબર	અનુસુચિત જાતિ
૧૧	અનુસુચિત જાતિ
૩	અનુસૂચિત જાતિ મહિલા

૧૬. જાહેરનામા અન્વયે શહેર માટે ૭ બેઠકો અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે અને ૭ બેઠકો પૈકી ૨ (બે) બેઠકો અનુસૂચિત આદિજાતિની મહેલા માટે અનામત રાખવાનું નિર્ધારીત કર્યુ છે.

પંચે એકઠી કરેલી માહિતી મુજબ શહેરના જુદા જુદા ૧૪ વોર્ડની વસ્તી તથા દરેક અનુસૂચિત આદિજાતિની વસ્તી તથા ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	અનુ.આદિજાતિની કુલવસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ. આદિજાતિની વસ્તીની ટકાવારી
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
૧.	૧૪	૯૫૦૮	૫૫૦૧	૫૭.૮૬
૨.	૧૧	૯૨૫૯	૩૨૬૬	૩૫.૨૭
૩.	૮	૯૩૨૩	૧૭૭૩	૧૯.૦૨
૪.	૧૨	૯૦૨૫	૧૩૧૧	૧૪.૫૩
૫.	૭	૮૪૩૦	૧૧૧૪	૧૩.૨૧
૬.	૫	૮૧૯૫	૧૦૭૧	૧૩.૦૭
૭.	૧	૯૮૦૫	૧૧૯૦	૧૨.૧૪
૮.	૧૩	૯૧૮૩	૯૯૯	૧૦.૮૮
૯.	૩	૮૦૪૫	૮૨૦	૧૦.૧૯
૧૦.	૬	૯૬૦૧	૮૭૮	૯.૧૪
૧૧.	૪	૯૨૦૪	૫૬૭	૬.૧૬
૧૨.	૧૦	૯૬૬૭	૫૮૫	૬.૦૫
૧૩.	૯	૮૩૧૩	૩૦૫	૩.૬૭
૧૪.	૨	૮૫૩૧	૨૩૮	૨.૭૯

INDEX

આમ, અનુસૂચિત આદિજાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં.૧૪,૧૧,૮,૧૨,૭,૫ અને ૧ માં અનુસૂચિત આદિજાતિની બેઠક નિયમોના નિયમઃ૬-અ હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે અને તે મુજબ ફાળવવામાં આવે છે.

અનુસૂચિત આદિજાતિની મહિલા અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસ્તીની ઉતરતા ક્રમમાં ટકાવારી જોતાં પ્રથમ આવતા ત્રણ વોર્ડના જૂથ પૈકી ત્રીજા વોર્ડમાં મહિલા બેઠક ફાળવવી તેમ પંચ માને છે, પરંતુ, આ મુજબ ફાળવણી કરતાં પણ નિયમો અન્વયે દરેક વોર્ડમાં એક મહિલા, એક સામાન્ય બેઠક ફાળવવાની જોગવાઇ છે તેનું ખંડન ન થાય તેની તકેદારી રાખવાની રહે છે.

માપદંડ મુજબ વોર્ડ નં. ૧૪,૧૧ તથા ૮ એમ ત્રણ વોર્ડના એકમ પૈકી વોર્ડ નં. ૧૪ અને ૧૧મા ત્રીજી બેઠક ફાળવવાની રહે અને વોર્ડ નં ૮માં અનુસૂચિત આદિજાતિની મહિલા માટે બેઠક અનામત રાખવી રહે અને વોર્ડ નં. ૧૧ માં અનુસૂચિત જાતિ માટે બેઠક અનામત રખાઇ છે, આ વાર્ડમાં અનુસૂચિત જાતિની સૌથી વધુ ઉંચી ટકાવારી છે. જો તેમ કરવામાં આવે તો મહિલા માટે કોઇ બેઠક અનામત રહે નહી, તેથી વોર્ડ નં.૮ ને બદલી વોર્ડ નં.૧૧માં અનુસૂચિત આદિજાતિની મહિલા માટે બેઠક અનામત રાખવી જરુરી હોવાનું પંચ માને છે અને તે પ્રમાણે બેઠક ફાળવવાનું ઠરાવે છે.

આમ, અનુસૂચિત આદિજાતિની બેઠક વોર્ડ નં. ૧૪, ૧૧, ૮,૧૨,૭,૫ તથા ૧ માં નિયમો ના નિયમઃ ૬ અન્વયે ફાળવવામાં આવે છે અને તે પૈકી આ વર્ગની બેઠકો માટે બેઠકોની વહેંચણી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

વોર્ડ નંબર	અનામત બેઠક ફાળવણી
૧૪.	અનુસૂચિત આદિજાતિ
૧૧.	અનુસૂચિત આદિજાતિ મહિલા
૮	અનુસૂચિત આદિજાતિ
૧૨	અનુસૂચિત આદિજાતિ
૭	અનુસૂચિત આદિજાતિ
૫	અનુસૂચિત આદિજાતિ મહિલા
૧	અનુસૂચિત આદિજાતિ

૧૭. જાહેરનામા ક્રમાંકઃ ખંડ ગ (સી) મુજબ ચાર બેઠક પછાતવર્ગો માટે ફાળવેલ છે. તે પૈકી એક બેઠક આ વર્ગની મહિલા માટે અનામત રખાઈ છે.

૧૮. વોર્ડનું સિમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો - ૧૯૯૪નાં નિયમ - ૬ - બી હેઠળ રાજ્ય ચૂંટણી પંચે પછાત વર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. જેના મહત્વનાં પ્રબંધ નીચે પ્રમાણે છે.

(૧) માન્ય રાજકીય પક્ષો તરફથી મળેલ માહિતીનાં અભ્યાસ પરથી જે શહેરનાં જે જે વોર્ડમાં પછાતવર્ગની વસ્તીના ધોરણને અનુલક્ષીને જે સર્વ સામાન્ય વોર્ડો હોય તે તે વોર્ડોમાં પછાતવર્ગ માટે અનામત બેઠક ફાળવવાની રહેશે.

(૨) મ્યુનિસિપલ ચીફ ઓફીસર તરફથી છેલ્લી ચૂંટણીમાં જે વોર્ડમાંથી પછાતવર્ગનાં ઉમેદવારો ચૂંટાઈને કોર્પોરેટર તરીકે પદધારણ કરતાં હતા તે વોર્ડમાં ઉપર અનુક્રમ નં. ૧ મા જણાવેલ વોર્ડોમાં બેઠક ફાળવ્યા પછી નિયત સંખ્યા સુધીમાં ફાળવવાની રહેશે.

INDEX

આથી સ્પષ્ટતા કરવાની કે, જુના વોર્ડોનું સિમાંકન અને નવા વોર્ડોના સિમાંકનમાં ફેરફાર હોય તો જુના વોર્ડોનો મોટા ભાગનો જે વિસ્તાર જે જે નવા વોર્ડનાં સિમાંકનમાં સમાવિષ્ટ થતો હોય તેવા નવા વોર્ડમાં પછાતવર્ગની બેઠક ફાળવવાની રહેશે.

(૩) પછાત વર્ગ માટે અનામત રાખેલી કુલ બેઠકો પૈકી ૧:૩ બેઠકો મહિલા માટે જાહેરનામા અન્વયે અનામત રખાઈ છે. આમ ત્રણ બેઠકો પૈકી એક બેઠક મહિલા માટે અનામત રાખવામાં આવી છે. આ મહિલાનું પ્રમાણ ૧:૩ રહે છે. તેથી તાર્કીક રીતે વિચારતા દર ત્રણ બેઠકો પૈકી ત્રીજી બેઠક મહિલા માટે ફાળવવી તેમ પંચ સ્વિકારે છે.

(૪) પરંતુ જો આ રીતે વોર્ડમાં પછાત વર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસુચિત જાતિ અથવા અનુ. આદિજાતિ માટે મહિલા બેઠક ફાળવી હોય તો તે વોર્ડને બદલે તે પછી અનુક્રમે જે વોર્ડ આવે તે વોર્ડમાં પછાતવર્ગની મહિલા બેઠક ફાળવવી.

માન્ય રાજકીય પક્ષોને પંચ તરફથી નગરપાલિકાઓના કયા વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવી તે અંગે સુચનો મોકલવા આ કાર્યાલય તરફથી વિનંતી કરવામાં આવે છે. પરંતુ કોઈ માન્ય રાજકીય પક્ષ તરફથી હજુસુધી સુચન કરવામાં આવ્યા નથી.

પંચે અપનાવેલા માપદંડ મુજબ ચીફ ઓફીસર પાસેથી ગત ચૂંટણીમાં પછાતવર્ગનાં કાઉન્સિલરો જુના કયા વોર્ડમાંથી ચૂંટાયા હતા અને તે સમગ્ર વોર્ડોનો કે તે વોર્ડોનો મોટા ભાગનો વિસ્તાર નવા કયા વોર્ડમાં સમાવિષ્ટ થાય છે. તેની માહિતી મેળવવામાં આવી છે. તે ચકાસતા નીચે પ્રમાણે હકીકત જણાય છે.

સને, ૧૯૮૮ની ચૂંટણીના પરિણામો મુજબઃ-

જૂના વોર્ડ નં.	જૂના વોર્ડની કુલ બેઠકો.	જૂના વોર્ડમાંથી કુલ બેઠકો પૈકી પછાત વર્ગના ચૂંટાયેલા સભ્યોની સંખ્યા.	સૂચિત નવા વોર્ડ નંબર
૧૦	૫	૧	૧
૭	૩	૧	૪
૫	૩	૧	૮
૩	૩	૧	૭
૧	૫	૧	૧૨

સને, ૧૯૮૩ની ચૂંટણીના પરિણામો મુજબઃ-

૯	૪	૧	૨
૭	૩	૧	૪
૮	૩	૧	૫
૩	૩	૧	૭
૫	૩	૧	૮

INDEX

જૂના વોર્ડ નં.	જૂના વોર્ડની કુલ બેઠકો.	જૂના વોર્ડમાંથી કુલ બેઠકો પૈકી પછાત વર્ગના ચૂંટાયેલા સભ્યોની સંખ્યા.	સૂચિત નવા વોર્ડ નંબર
૧૦	૫	૧	૧૦
૨	૫	૧	૧૩

આમ, બન્ને ચૂંટણીમાં પરિણામો પૈકી સને, ૧૯૮૮ની ચૂંટણીના પરિણામો મુજબ વોર્ડ નં.૧,૪,૭,૮ અને ૧૨માંથી પછાત વર્ગ માટે બેઠક પ્રથમ તબક્કે ફાળવવાનું વિચારવું રહે.

શહેરની નગરપાલિકાની રચના માટે પછાત વર્ગ માટે કુલ:૪ બેઠકો અનામત રખાઇ છે. તે પૈકી ફકત એક જ બેઠક આ વર્ગની માટે ફાળવવાની છે. પંચે અપનાવેલા માપદંડ મુજબ ૧,૪,૭, અને ૮ વોર્ડ પૈકી વાર્ડ નં. ૧,૪, ૮માં ત્રીજા અને વોર્ડ નં. ૭માં બીજી બેઠક મહિલા બેઠક ફાળવવાની રહેછે. તે મુજબ ફાળવતા વોર્ડ નં. ૧માં ત્રીજી બેઠક અનુસૂચિત આદિજાતિ માટ ઉપર જણાવ્યા મુજબ અનામત રખાઇ છે, જેથી વોર્ડ નં. ૧માં ત્રીજી બેઠકને બદલે બીજી બેઠક મહિલા બેઠક ફાળવવાનું જરુરી બન્યુ છે અને તે મુજબ ફાળવવામાં આવે છે. પરિણામે વોર્ડ નં. ૪, ૭, અને ૮માં ત્રીજી બેઠક ફાળવવાની છે. વોર્ડ નં. ૪માં તે મુજબની ત્રીજી બેઠક ફાળવવામાં આવે છે, પરંતુ વોર્ડ નં. ૭ અને ૮માં અનુસૂચિત આદિજાતિ માટે ત્રીજી બેઠક ઉપર જણાવ્યા મુજબ અનામત રખાઇ છે, તેથી આ બન્ને વોર્ડ પછાત વર્ગ માટે અનામત રાખવા ઉપલબ્ધ નથી. અનુસૂચિત આદિજાતિની બેઠકો અન્યથા વોર્ડમાં ફાળવવાનું પંચે વિચાર્યું છે અને તેમ કરવા છતાં આ બે વોર્ડ પછાત વર્ગ માટે ઉપલબ્ધ બની શકતા નથી. સિવાય કે અનુસૂચિત આદિજાતિની મહિલા માટેની અનામત બેઠકોની સંખ્યા પંચ વધારે, પરંતુ બેઠકોની સંખ્યા વધારવા પંચ સક્ષમ નથી, તેથી વોર્ડ નં.૭ અને ૮ ને બદલે સન, ૧૯૮૮ ના પરિણામો મુજબ વોર્ડ નં. ૧૨ માટે વિચારવા રહે, પરંતુ તેમાં પણ વોર્ડ નં. ૭, ૮, જેવી મુશ્કેલી પ્રવર્તે છે, જેથી સને, ૧૯૮૩ ની ચૂંટણી પરિણામો ઉપર આધાર રાખવો પંચ મુનાસીબ માને છે. પંચે અત્રે નોંધ લીધી છે કે, સનં, ૧૯૮૩ ની ચૂંટણીના પરિણામો પછાત વર્ગના કુલ સાત કાઉન્સીલરો ચૂંટાયા હતા જયારે ૧૯૮૮ ની ચૂંટણીમાં પાંચ કાઉન્સીલરો ચૂંટાયા હતા. વળી સને, ૧૯૮૩ ની ચૂટણી વખતે પછાત વર્ગો શહેરના જુદા જુદા સાત વોર્ડોનું પ્રતિનિધિત્વ કરતા હતા.તેથી સને ૧૯૮૩ અને ૧૯૮૮ ની ચૂંટણીના પરિણામો મુજબ વોર્ડ નં. ૪,૭,૮ બાદ વોર્ડ નં.૨,૫,૧૦,૧૩ ઉપલબ્ધ બને છે અને તેથી સને,૧૯૮૩ની ચૂટણીના પરિણામ મુજબ સને,૧૯૮૮ની ચૂંટણીના પરિણામોવાળા વોર્ડ નં. ૭,૮ ના સ્થાને વોર્ડ નં.૨, ૫ માં પછાત વર્ગ માટે બેઠક અનામત રાખવાનું અને આ બન્ને વોર્ડમાં ત્રીજી બેઠક પછાત વર્ગ માટે અનામત રાખવાનું પંચ મુનાસીબ માની વોર્ડ નં.૨ અને ૫ માં પણ ત્રીજી બેઠક ફાળવવા પંચ ઠરાવે છે. સમ્રગ રીતે વોર્ડ નં. ૨,૪ તથા ૫ માં ત્રીજી અને વોર્ડ નં.૧માં બીજી મહિલા બેઠક ફાળવવા પંચ ઠરાવે છે.

૧૯. આ પ્રમાણે અનુસુચિત જાતિ અનૂ. આદિજાતિ તથા પછાત વર્ગોની તે પૈકી મહિલા અનામત બેઠકની સહીતની ફાળવણી કર્યા પછી મહિલા અનામત બેઠક અને સામાન્ય ઉમેદવારને બાકી રહેતી બેઠક ફાળવવામાં આવે છે.

૨૦. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને નિયમોનાં નિયમ-૩ અન્વયે નવસારી શહેરને આ સાથે સંલગ્ન અનુસૂચિ-૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સિમાંકન નિર્ધારીત કરવામાં આવે છે. અને આ સાથે અનુસુચિ-૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેના સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

INDEX

સન ૧૯૯૧નાં વસ્તી ગણતરીના આખરી આંકડા પ્રસિદ્ધ થયા છે. તેના આધારે ૧૪ વોર્ડોમાં વહેચવામાં આવેલ છે. નગરપાલિકાના કાઉન્સિલરોની કુલ બેઠકો ૪૨ નક્કી કરવામાં આવી છે. જાહેરનામા અન્વયે અનુસૂચિત જાતિ તથા પછાતવર્ગ તેમજ મહિલા માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલી છે.

૩. ચૂંટણી પંચે અધિનિયમની કલમ- ૭ પેટા કલમ- ૨ ખંડ- ૩ પેટા ખંડઃ ખ અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુ.જાતી અનુસૂચિત આદિજાતી, પછાત વર્ગની તથા મહિલાની તરફેણમાં અનામત રાખેલા બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજ્ય સરકારે તેમના જાહેરનામા ક્રમાંક :કેવી:૪૯:૧૯૯૪ એન.પી.એલ ૪૫૯૩ :૩૬૫૫:એમ તા.૧૬-૩-૯૪. અન્વયે અધિનિયમની કલમ- ૨૭૭ની પેટાકલમ ૨ તથા કલમ- ૬ તથા ૭ અન્વયે વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણીના નિયમો ૧૯૯૪ અને હવે પછી નિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે બહાર પાડેલ છે.

૫. નિયમોના નિયમ- ૨ અન્વયે નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે, કે શક્ય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોના વસ્તી એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસ્તીથી કોઇ પણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહિ તે પ્રમાણે વોર્ડની રચના કરવાની રહે છે. આમ છતાં ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે, સ્થાનિક એક જુથતા તથા ભૌગોલીકતા નજીકપણા કે બીજા અન્ય પરિબળોને તુલનામાં લેતા ૧૦ ટકા વધુ વધ કે ઘટ કરીને વોર્ડની રચના કરી શકાશે.

૬. પંચે નગરપાલિકાના વોર્ડોનાં સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે. તેમજ સને ૧૯૪૮ના સેન્સસ એકટ મુજબ સને. ૧૯૯૧ના વસ્તી ગણતરીનાં છેવટનાં પ્રસિધ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં શહેરની કુલ વસ્તી ૧,૧૬,૬૭૧ આવે છે. જાહેરનામા મુજબ શહેરને ૧૪ વોર્ડોમાં વહેચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૮૩૩૪ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની પંચે તેના કાર્યાલયના અધિકારી કર્મચારીઓ મારફત ચકાસણી કરાવેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડનુ સીમાંકન કરવાનું ધાર્યું છે તેમાં કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વસ્તી વધતી નથી કે ૧૦ ટકાથી વસ્તી ઘટતી નથી.

૮. શહેરનાં ૧૪ વોર્ડોને નિયમ- ૩ની જોગવાઇઓને ધ્યાનમાં લઈ આ સાથે અનુસૂચિ ૧માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે. આ સીમાંકન નક્કી કરવામાં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજૂથતા, નદી, રેલ્વેલાઈન, રોડલાઈન વગેરે કારણે બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને એકસરખા વોર્ડ-૧૪ બની રહે તે મુદ્દો વિચારણામા લઈ વોર્ડોનું સીમાંકન નક્કી કરેલું છે.

૯. નિયમોના નિયમ- ૪ અન્વયે દરેક વોર્ડમાં ત્રણ કાઉન્સિલર ચૂંટવાના છે. નિયમ- ૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક બિનઅનામત એટલે કે સામાન્ય બેઠક બની રહેશે. જ્યારે બીજી બેઠક મહિલા, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની મહિલા સહિત માટે અનામત રાખવાની છે. જ્યારે ત્રીજી બેઠક જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગને ફાળવવાની રહેશે. અને તેવી ફાળવણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો તે બિનઅનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે.

૧૦.નિયમોના નિયમ ૬- અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિની દરેક વોર્ડની વસ્તીની ટકાવારીનાં ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તી સંખ્યા વધુ હોય એટલે કે, ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, મહિલા બેઠક સહીતની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ વસ્તી હોય એટલે કે ટકાવારી ઊંચી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારીત કરેલ છે,

૧૧. જાહેરનામા અન્વયે શહેર માટે ૨ બેઠકો અનુસુચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે અને ૨ બેઠકો પૈકી ૧ બેઠક અનુસૂચિત જાતિની મહિલા માટે અનામત રાખવાનુ નિર્ધારીત કર્યુ છે.

INDEX

૧૨. પંચે એકઠી કરેલી માહિતી મુજબ શહેરનાં જુદા જુદા ૧૪ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	અનુ.જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ.જાતિની વસ્તીની ટકાવારી
૧.	૬	૯૦૯૮	૨૭૧૭	૨૯.૮૬
૨.	૪	૮૨૬૧	૨૨૫૫	૨૭.૩૦
૩.	૩	૮૩૫૩	૩૬૧	૪.૩૨
૪.	૫	૮૬૧૨	૩૦૯	૩.૫૮
૫.	૮	૮૦૮૪	૨૪૧	૨.૯૮
૬.	૭	૮૦૮૧	૨૦૬	૨.૫૫
૭.	૧૨	૮૧૮૮	૯૯	૧.૨૧
૮.	૯	૭૯૬૦	૭૭	૦.૯૭
૯.	૧૩	૮૦૯૬	૭૩	૦.૯૦
૧૦.	૧૧	૮૬૨૪	૭૬	૦.૮૮
૧૧.	૧૪	૮૧૬૪	૩૯	૦.૪૮
૧૨.	૧	૭૭૨૬	-	-
૧૩.	૨	૮૭૩૫	-	-
૧૪.	૧૦	૮૬૮૯	-	-

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં. ૬ તથા ૪માં અનુસૂચિત જાતિની બેઠક નિયમોના નિયમ- ૬ અ હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે. અનેતે મુજબ ફાળવવામાં આવે છે.

૧૪. અનુસૂચિત જાતિના પુરુષ અને મહિલા અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ જે વોર્ડોમાં આ વર્ગ માટે બેઠક ફાળવાઈ હોય તે વોર્ડની ટકાવારીનાં ક્રમમાં પ્રથમ આવતા ત્રણ વોર્ડ પૈકી ત્રીજા વોર્ડમાં મહિલા બેઠક ફાળવવી તેમ પંચ માને છે. પરંતુ જાહેરનામા અન્વયે પોરબંદર નગરપાલિકા માટે બે બેઠકો અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ હોય ઉતરતા ક્રમમાં ટકાવારી પ્રમાણે બીજા ક્રમે આવતા વોર્ડમાં મહિલા બેઠક ફાળવવી જરુરી જણાય છે. આ મુજબ ફાળવણી કરતાં પણ નિયમો અન્વયે દરેક વોર્ડમાં એક મહિલા, એક સામાન્ય બેઠક ફાળવવાની જોગવાઇ છે. તેનું ખંડન ન થાય તેની તકેદારી રાખવાની રહે છે.

૧૫. અનુસુચિત જાતિની બેઠક વોર્ડ નં. ૬ તથા ૪ માં નિયમોના નિયમ ૬:અ: અન્વયે ફાળવવામાં આવે છે. તે પૈકી આ વર્ગના મહિલા માટે બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે:

INDEX

વોર્ડ નંબર	બેઠક
૬	અનુસુચિત જાતિ
૪	અનુસૂચિત જાતિ મહિલા

૧૬. જાહેરનામા અન્વયે અનુસૂચિત આદિજાતિ માટે કોઇ બેઠક અનામત રાખવાનું નિર્ધારીત થયું નથી. તેથી અનુચૂચિત આદિજાતિ માટે કોઇ બેઠક અનામત રાખવામાં આવતી નથી.

૧૭. જાહેરનામા ક્રમાંક (ખંડ ગ સી) મુજબ ૪ બેઠકો પછાતવર્ગો માટે ફાળવેલ છે. તે પૈકી એક બેઠક આ વર્ગની મહિલા માટે અનામત રખાઈ છે.

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો- ૧૯૯૪નાં નિયમ-૬ બી હેઠળ રાજ્ય ચૂંટણી પંચેપછાત વર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. જેના મહત્વનાં પ્રબંધ નીચે પ્રમાણે છે.

(૧) માન્ય રાજકીય પક્ષો તરફથી મળેલ માહિતીનાં અભ્યાસ પરથી જે શહેરનાં જે જે વોર્ડનાં પછાતવર્ગની વસ્તીનાં ધોરણને અનુલક્ષીને જે સર્વ સામાન્ય વોર્ડો હોય તે તે વોર્ડોમાં પછાતવર્ગ માટે અનામત બેઠક ફાળવવાની રહેશે.

(૨) મ્યુનિસ્પિપલ ચીફ ઓફીસર તરફથી છેલ્લી ચૂંટણીમાં જે વોર્ડમાંથી પછાતવર્ગનાં ઉમેદવારો ચૂંટાઈને કોર્પોરેટર તરીકે પદધારણા કરતાં હતા તે વોર્ડમાં ઉપર અનુક્રમ નં. ૧ માં જણાવેલ વોર્ડોમાં બેઠક ફાળવ્યા પછી નિયત સંખ્યા સુધીમાં ફાળવવાની રહેશે.

આથી સ્પષ્ટતા કરવાની કે, જુના વોર્ડોનું સીમાંકન અને નવા વોર્ડોના સીમાંકનમાં ફેરફાર હોય તો જુના વોર્ડોનો મોટા ભાગનો જે વિસ્તાર જે જે નવા વોર્ડનાં સીમાંકનમાં સમાવિષ્ટ થતો હોય તેવા નવા વોર્ડમાં પછાતવર્ગની બેઠક ફાળવવાની રહેશે.
(૩) પછાત વર્ગ માટે અનામત રાખેલી કુલ બેઠકો પૈકી ૧:૩ બેઠકો મહિલા માટે જાહેરનામા અન્વયે અનામત રખાઈ છે. આમ ત્રણ બેઠકો પૈકી એક બેઠક મહિલા માટે અનામત રાખવામાં આવી છે. આ મહિલાનું પ્રમાણ ૧:૩ રહે છે. તેથી તાર્કીક રીતે વિચારતા દર ત્રણ બેઠકો પૈકી ત્રીજી બેઠક મહિલા માટે ફાળવવી તેમ પંચ સ્વિકારે છે.

(૪) પરંતુ જો આ રીતે વોર્ડમાં પછાત વર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસુચિત જાતિ અથવા અનુ. આદિજાતિ માટે મહિલા બેઠક ફાળવી હોય તો તે વોર્ડને બદલે તે પછી અનુક્રમે જે વોર્ડ આવે તે વોર્ડમાં પછાતવર્ગની મહિલા બેઠક ફાળવવી.

માન્ય રાજકીય પક્ષોને પંચ તરફથી નગરપાલિકાઓના કયા વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવી તે અંગે સુચનો મોકલવા આ કાર્યાલય તરફથી વિનંતી કરવામાં આવેલ. પરંતુ કોઈ માન્ય પક્ષ તરફથી હજુસુધી સુચન કરવામાં આવ્યા નથી.

૧૯. પંચે અપનાવેલા માપદંડ મુજબ ચીફ ઓફીસર પાસેથી ગત ચૂંટણીમાં પછાતવર્ગનાં કાઉન્સિલરો જુના કયા વોર્ડમાંથી ચૂંટાયા હતા, અને તે સમગ્ર વોર્ડોનો અગર વોર્ડનો મોટા ભાગનો વિસ્તાર નવા કયા વોર્ડમાં સમાવિષ્ટ થાય છે. તેની માહિતી મેળવવામાં આવી છે. તેની ચકાસણી કરતાં સને ૧૯૮૯ ના ચૂંટણીના પત્ર વાળોજોતા વોર્ડ નંબર સિવાય જુના દરેક વોર્ડમાંથી પછાત વર્ગના ઉમેદવાર ચૂંટાઇ આવ્યા છે. નવા વોર્ડમાં જૂના વોર્ડોના ૧૦૦ ટકા અગર મોટા ભાગનો વિસ્તાર સમાવેશ થાય છે તેવા વોર્ડ નં. ૯, ૧૦, ૧૧ માં પછાતવર્ગ માટે અનામત બેઠક રાખવી યોગ્ય થશે અને વોર્ડ નં. ૫, ૯, પછી ત્રીજા ક્રમમાં આવતા વોર્ડ નં. ૧૦ માં પછાતવર્ગની મહિલા માટે બેઠક અનામત રાખવી તેમ માપદંડ મુજબ યોગ્ય રહેશે. તેથી પછાતવર્ગો માટે નગરપાલિકાના નીચે જણાવેલા વોર્ડોમાં બેઠક અનામત રાખવાનું પંચ ઠરાવે છે.

વોર્ડ નં. ૫, ૯, ૧૦, ૧૧ અને તે પૈકી વોર્ડ નં. ૧૦ માં પછાતવર્ગ મહિલા માટે બેઠક અનામત રાખવાનું પંચ ઠરાવે છે.

INDEX

૨૦. આ પ્રમાણે અનુસુચિત જાતિ તથા પછાત વર્ગોની મહિલા અનામત બેઠકની ફાળવણી કર્યા પછી મહિલા અનામત બેઠક અને સામાન્ય ઉમેદવારોને બાકી રહેતી બેઠક ફાળવવામાં આવે છે.

૨૧. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને નિયમોનાં નિયમ-૩ શહેરોને આ સાથે સંલગ્ન અનુસૂચિ-૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે. અને આ સાથે અનુસુચિ-૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

૨૨. આ પ્રમાણે વોર્ડોનું વિભાજન હદરેખા નકકી કરવાનું અને વોર્ડ ની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

૨૩. ઉપર પ્રમાણે વોર્ડોની વિભાજન હદરેખા નકકી કરવામાં આવે છે. અને ફાળવણી માટે જે નિર્ણ કરેલ છે. તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે. અને તે સામે કોઈપણ શખ્સને જાહેર જનતાને સલાહ સુચનો કરવના હોય તો તે આ આદેશ પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૫ દિવસોમાં રાજય ચૂંટણી પંચ બ્લોક નં. ૯, દક્ષો માળે, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા. મુદત વિત્યે આવેલ સુચનો ધ્યાનમાં લેવામાં આવશે નહી.

૨૪. રાજય ચૂંટણી પંચે કોર્પોરેશનના વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો છેવટના કરતાં પહેલાં લોકપ્રતિનિધિત્વ ધારો ૧૯૫૧ અન્વયે માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરુરી પરામર્શ કરશે.

તારીખઃ ૧૬/૪/૧૯૯૪.

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજય ચૂંટણી પંચ

INDEX

અનુસૂચિ - ૨

રાજ્ય ચૂંટણી પંચ ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

પોરબંદર નગરપાલિકાની કુલ વસ્તી : ૧,૧૬,૬૭૧

કુલ વોર્ડોની સંખ્યા : ૧૪

વોર્ડ દીઠ સરેરાશ વસ્તી : ૮૩૩૪

સરેરાશ વસ્તી ૧૦ ટકા વધ મુજબ : ૯૧૬૭

સરેરાશ વસ્તી ૧૦ ટકા ઘટ મુજબ : ૭૫૦૧

બેઠકોની સંખ્યા : ૪૨

મહિલા બેઠકો : ૧૪

૧ બેઠક અનુસૂચિત જાતિ.

અનુસૂચિત આદિજાતિ માટે કોઈ નહી.

૧ બેઠક પછાત વર્ગની મહિલા સહિતની.

અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા : ૨ પૈકી ૧ મહિલા માટે.

અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા - કોઈ નહી.

પછાત વર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા : ૪ તે પૈકી ૧ મહિલા માટે.

કુલ અનામત બેઠકો: ૧૮ સામાન્ય બેઠકો : ૨૪

અ.નં	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી બીન અનામત	બીજી બેઠકની ફાળવણી મહિલા અનામત	ત્રીજી બેઠકની ફાળવણી
૧.	૧	૭૭૨૬	સામાન્ય	સામાન્ય	સામાન્ય.
૨.	૨	૮૭૩૫	સામાન્ય	સામાન્ય	સામાન્ય.
૩.	૩	૮૩૫૩	સામાન્ય	સામાન્ય	સામાન્ય.
૪.	૪	૮૨૬૧	સામાન્ય	અનુ.જાતિ	સામાન્ય.
૫.	૫	૮૬૧૨	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ.
૬.	૬	૯૦૯૮	સામાન્ય	સામાન્ય	અનુ.જાતિ.
૭.	૭	૮૦૮૧	સામાન્ય	સામાન્ય	સામાન્ય.
૮.	૮	૮૦૮૪	સામાન્ય	સામાન્ય	સામાન્ય.

INDEX

અ.નં	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી બીન અનામત	બીજી બેઠકની ફાળવણી મહિલા અનામત	ત્રીજી બેઠકની ફાળવણી
૯.	૯	૭૯૬૦	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ.
૧૦.	૧૦	૮૬૮૯	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય.
૧૧.	૧૧	૮૬૨૪	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ.
૧૨.	૧૨	૮૧૮૮	સામાન્ય	સામાન્ય	સામાન્ય.
૧૩.	૧૩	૮૦૯૬	સામાન્ય	સામાન્ય	સામાન્ય.
૧૪.	૧૪	૮૧૬૪	સામાન્ય	સામાન્ય	સામાન્ય.

તારીખ: ૧૬-૪-૧૯૯૪.

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ

પત્રક-૪ (ચાર)

અનુસૂચિ-૧

પોરબંદર નગરપાલિકા જિલ્લો-જૂનાગઢ

વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડની હદનું વર્ણન

૧. વોર્ડ નંબર-૧ ના સમગ્ર ક્ષેત્રફળમાં આવતા રસ્તા અને ગલીઓ ઉપર આવેલ તમામ ઘરો અને મકાનો જૂની સિમેન્ટ ફેકટરીના પશ્ચિમ ઉત્તર ખુણે ખાડીના કાંઠેથી શરુ કરી દક્ષિણે ખાડીનાં કાંઠે કાંઠે પોર્ટ ગોડાઉનનો પશ્ચિમે આગળ ચાલી કસ્ટમ ઓફિસ સામેથી પશ્ચિમે વળી જઈ ખાડી કાંઠે કાંઠે સોમનાથ મંદિર થઈ અસ્માવતી ઘાટના ઉત્તર પશ્ચિમ ખૂણે થઈ ખાડી ક્રોસ કરી સુભાષનગર એટલે કે બારા ઉતાર પોરબંદરની ખાડીનો પશ્ચિમ તરફ હાજર પીરની કબરના મધ્યબિંદુથી પશ્ચિમે ૫૨૦ ફુટ ખાંભા નં. ૧ થી ખાંભા નં. ૨ સુધી ઉત્તર દિશામાં પાળીયા પાસે ખાંભા નં. ૩ પાસે થઈ ખાંભા નં. ૪ સુધી અને ત્યાંથી પશ્ચિમ તરફ વળી ખાંભા નં. ૫ પાસે થઈ ખાડી કાંઠે ખાંભા નં. ૬ સુધી અને આ બિંદુએથી હદ ખાંભા નં. ૧ અને ૨ની સીધી લીટીમાં આવતા બિંદુઓ સુધી પૂર્વ અને દક્ષિણ તરફ સમુદ્રના કિનારે કિનારે ચાલીને એટલે કે સુભાષનગર બારાઉતાર વિસ્તારને આવરી લેતો ફરતો આંટો મારી અસ્માવતી ઘાટના દક્ષિણ પશ્ચિમ ખુણા સુધી ત્યાંથી પૂર્વ તરફ દરિયાની દિવાલે દિવાલે આગળ વધી લાલબત્તી થઈ દરિયાની દિવાલની હદે હદે ચાલી વોરાવાડના રસ્તાની દક્ષિણે સીધી લીટીમાં દરિયાના કિનારા સુધી ત્યાંથી ઉત્તર તરફ ચાલી સાઉથબંદર રોડ ઓળંગો તાહેરી મસ્જીદના દક્ષિણ પશ્ચિમ ખુણા પાસેથી ઉત્તરતરફ જમણા હાથે ચાલી તાહેરી મસ્જીદના મકાનેની ઉત્તર પશ્ચિમ ખુણા સુધી ત્યાંથી પૂર્વ તરફ વોરવાડના રસ્તે ચાલી તાહેરી મસ્જીદના મકાન પાછળના મકાનના ઉત્તર પૂર્વ ખુણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ વળી જઈ વોરવાડના ચોકમાં આવેલ મકાનના ઉત્તર પશ્ચિમ ખુણા સુધી ત્યાંથી પૂર્વ તરફ વોરવાડના રસ્તે ચાલી વોરાવાડની ગલીના ઉત્તર પૂર્વ ખુણા સુધી ત્યાંથી ઉત્તર તરફ ચાલી પશ્ચિમે વળી જઈ મકાનના દક્ષિણ પૂર્વ ખુણા સુધી ત્યાંથી ઉત્તર તરફ નાગરવાડાના રોડ સુધી ત્યાંથી પૂર્વ તરફ રાઠોડ ફળિયાના ચોક પાસેના ગોપીનાથજીની હવેલી તરફ જતા રસ્તાના ખુણા સુધી ત્યાંથી ઉત્તર તરફ ગોપીનાથજીની હવેલી તરફ જતા રસ્તા ઉપર ચાલી ભાટીયા બજાર રોડ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ વળી જઈ ભાટીયા બજાર મેઈન રોડ ઉપર ચાલી બંદરવાળા પાલાના ચોકમાં ડાબે હાથે ગીરધર હેમરાજની દુકાનની પશ્ચિમ ઉત્તર ખુણાની સીધી લીટીમાં પશ્ચિમ બંદરના ગોડાઉન સુધી ત્યાંથી ઉત્તર તરફ બંદરના ગોડાઉનનો પૂર્વ હદે હદે ચાલી સિમેન્ટ ફેકટરીની ઓફિસને આવરી લઈ પ્રથમ દર્શાવેલ સ્થળ સુધી નો અંદરનો મ્યુનિસિપલ હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર / હદ.

૨. વોર્ડ નં. ૨ના સમગ્ર ક્ષેત્રફળમાં આવતા રસ્તા અને ગલીઓ ઉપર આવલે તમામ ઘરો અને મકાનો - વાડીયા બિલ્ડીંગના દક્ષિણ પશ્ચિમ ખુણાથી પુર્વ તરફ વળી જઇ રસ્તાના ડાબા હાથે ચાલી અલીપીરની દરગાડ પાસે થઇ અવાસ ફળિયાના રોડ સુધી ત્યાંથી ઉત્તર તરફ વળી જઇ ગણેશ ડેરીના ચોક સુધી ત્યાંથી પૂર્વ તરફ સરાણીયા ચકલા રોડ ઉપર ડાબા હાથે ચાલી મોટા પંજા પાસે થઇ સરાણીયા ચકલા સુધી ત્યાંથી દક્ષિણે વળી જઇ ચોકના મકાન સુધી ત્યાંથી પૂર્વ તરફ ચાલી હોળી ચકલા સુધી ત્યાંથી દક્ષિણે વળી જઇ પૂર્વ તરફ ઝવેરી બજાર રોડ ઉપર ડાબા હાથે ચાલી માણેકચોક સુધી માણેકચોકના સેન્ટર પોઇન્ટ સુધી ત્યાંથી ઉત્તરે કસ્તુરબા રોડ ઉપર ડાબા હાથે ચાલી કિર્તીમંદિરના ઉત્તર પૂર્વ ખુણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ

INDEX

વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડની હદનું વર્ણન
	વળી જઇ કિર્તીમંદિરના ઉત્તર પશ્ચિમ ખુણાથી સીધી સીટીમાં મકાન સુધી ત્યાંથી દક્ષિણે વળી પશ્ચિમે સીધી લીટીમાં જમણી બાજુ મકાનને લગોલગ ચાલી નવી ખડકીમાંથી કસ્તુરબા સ્મારકવાળામકાન પાસેથી પસાર થઇ સોનીવાડના માઢીયા સુધી ત્યાંથી ઉત્તર તરફ મકાનના જમણા હાથે લગોલગ ચાલી દરબારગઢના ચોકના ખુણા સુધી ત્યાંથી પશ્ચિમે વળી જઇ મહાદેવભાઇ દેસારી રોડ ઉપર પશ્ચિમે સીધી લીટીમાં ચાલી પંચેહાટડી પોલીસ ચોકી થઇ પંચહાટડી ચોકના રસ્તા સુધી ત્યાંથી ઉત્તર વળી જઇ પંચહાટડી ચોકમાં થઇ ખાટકીવાડના રસ્તે ઉત્તરે ચાલી ઝુલીયાવાડના રસ્તાના ચોક સુધી ત્યાંથી પશ્ચિમ તરફ વળી જઇ નિશાનની ઓસરીની ઉત્તર ગલીમાંથી પસાર થઇ નિશાનની ઓસરીના પશ્ચિમ ઉત્તર ખુણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ વળી પશ્ચિમે ગલીમાંથી પસાર થઇ ઉત્તર તરફ વળી પશ્ચિમે ચાલી દક્ષિણે ગલીમાં વળી પશ્ચિમે વળી દક્ષિણ તરફ સીધી ગલીમાંથી પસાર થઇ મીઠી મસ્જીદની ઉત્તરના મકાનના પૂર્વ દક્ષિણ ખુણા સુધી ત્યાંથી પશ્ચિમે ચાલી ઝુ ફળિયાના રસ્તા સુધી ત્યાંથી ઉત્તરે કાથાના ડાયરાવાળા રોડ પર ચાલી મલંગશાહ પીરની દરગાહ પાસે થઇ સીધા ઉત્તરે ચાલી ગરબીચોકના મકાનના ખુણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ સીધી લીટીમાં કાથાના ડાયરાના મકાનની દક્ષિણ હદે હદે ચાલી નવાપાડા પાણીની ટાંકી પાસે થઇ સીધી લીટીમાં બંદરના ગોડાઉન સુધી ત્યાંથી દક્ષિણે વળી જઇ ગોડાઉન પાસેના મામાના સ્થાનક પાસેથી પસાર થઇ ખારવાની મઢીની સામેના બંદર ગોડાઉનની દિવાલે આવેલ મંદિર પાસે થઇ વાડીયા બિલ્ડીંગના પશ્ચિમ દક્ષિણ ખુણાના બંદર ગોડાઉનના પોઇન્ટ સુધીનો અંદરનો મ્યુનિ. હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર /હદ...
૩.	વોર્ડ નં. ૩ ના સમગ્ર ક્ષેત્રફળમાં આવતા રસ્તા અને ગલીઓ ઉપર આવેલ તમામ ઘરો અને મકાનો - કિર્તી મંદિરના ઉત્તર પૂર્વ ખૂણાથી પશ્ચિમ તરફ વળી જઇ કિર્તીમંદિરના ઉત્તર પશ્ચિમ ખુણાથી સીધી લીટીમાં મકાન સુધી ત્યાંથી દક્ષિણે વળી પશ્ચિમે સીધી લીટીમાં જમણી બાજુ મકાનને લગોલગ ચાલી નવી ખડકીમાંથી કસ્તુરબા સ્મારકવાળા મકાન પાસે થી પસાર થઇ સોનીવાડના માઢિયા સુધી ત્યાંથી ઉત્તર તરફ મકાનના જમણા હાથે લગોલગ ચાલી દરબારગઢના ચોકના ખુણા સુધી ત્યાંથી પશ્ચિમે વળી જઇ મહાદેવભાઇ દેસારી રોડ પર પશ્ચિમે સીધી લીટીમાં ચાલી પંચહાટડી પોલીસચોકી થઇ પંચહાટડી ચોકના રસ્તા સુધી ત્યાંથી ઉત્તરે વળી જઇ પંચહાટડી ચોકમાં થઇ ખાટકીવાડના રસ્તે ઉત્તરે ચાલી ઝુલીયાવાડના રસ્તાના ચોક સુધી ત્યાંથી પશ્ચિમ તરફ વળી જઇ નિશાનની ઓસરીની ઉત્તર ગલીમાં ...સાર થઇ નિશાનની ઓસરીં પશ્ચિમ ઉત્તર ખુણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ વળી જઇ પશ્ચિમે ગલીમાંથી પસાર થઇ ઉત્તર તરફ વળી પશ્ચિમે ચાલી દક્ષિણે ગલીમાંથી પસાર થઇ મીઠી મસ્જીદની ઉત્તરના મકાનના પૂર્વ દક્ષિણ ખુણા સુધી ત્યાંથી પશ્ચિમે ચાલી ઝુ-ફળિયાના રસ્તા સુધી ત્યાંથી ઉત્તરે કાથાના ડાયરાવાળા રોડ ઉપર ચાલી મલંગશાહ પીરની દરગાહ પાસે થઇ સીધા ઉત્તરે ચાલી ગરબીચોકના મકાનના ખુણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ સીધી લીટીમાં કાથાના ડાયરાના મકાનની દક્ષિણ હદે હદે ચાલી નવાપાડા પાણીની ટાંકી પાસે થઇ સીધી લીટીમાં બંદરના ગોડાઉન સુધી ત્યાંથી ઉત્તર તરફ ગોડાઉનની હદે હદે ચાલી સિમેન્ટ ફેકટરીની ઓફિસને આવરી લઇ સિમેન્ટ ફેકટરીવાળા રોડ પર ઉત્તર તરફ ચાલી સિમેન્ટ ફેકટરીના દરવાજા સુધી ત્યાંથી પશ્ચિમે ફેકટરીની દક્ષિણ હદે ચાલી ફેકટરી પ્રીમાઇસીસના દક્ષિણ પશ્ચિમ ખુણા સુધી ત્યાંથી ઉત્તરે ચાલી ફેકટરીના ઉત્તર પશ્ચિમ ખુણા સુધી ત્યાંથી પૂર્વ તરફ ફેકટરી પ્રીમાઇસીસની હદે હદે ચાલી ઉત્તર પૂર્વ ખુણા સુધી ત્યાંથી દક્ષિણે વળી જઇ એટલે કે સિમેન્ટ ફેકટરીને આવરી લઇ ખાડીના દક્ષિણ કિનારા સુધી ત્યાંથી પૂર્વ તરફ વળી

વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડની હદનું વર્ણન

જઇ ખાડીના કિનારે કિનારે ચાલી નવી ફીશ માર્કેટને આવરી તેની ઉત્તરે હદે હદે પૂર્વ ચાલી ઇબ્રાહિમ હાજી મામદના લાકડાના પાલાના ઉત્તર પશ્ચિમ ખુણાની સીધી લીટીમાં ફીશ માર્કેટની ઉત્તર બાજુની લાઇનમાં ખાડીના બિંદુ સુધી ત્યાથી દક્ષિણે વળી જઇ રસ્તો ક્રોસ કરી ઇબ્રાહિમ હાજી મામદના લાકડાના પાલાના ઉત્તર પશ્ચિમ ખુણા સુધી ત્યાંથી પૂર્વ તરફ સો મીલની ઉત્તર હદે હદે જમણા હાથે ચાલી મેઘવારવાસના ડ્રેનેજ પંપીગ સ્ટેશન પાસેના નાલાના પૂર્વ દક્ષિણ ખુણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ વળી જઇ ખાડી કાઠાં રોડ પર ચાલી નગરપાલિકાના સેનીટેશન વાહનના શેડ પાસે થઇ સરદાર વલ્લભભાઇ પટેલ રોડ ક્રોસ કરી શિતલાચોકના પૂર્વ ઉત્તર ખુણા સુધી ત્યાંથી આગળ કસ્તુરબા ગાંધી રોડ ઉપર જમણા હાથે હદે હદેચાલી એ-ડિવીઝન પોલીસ સ્ટેશન થઇ કિર્તીમંદિરના પૂર્વ તરફ ઉત્તર ખુણા સુધીનો ઘરનો મ્યુનિસિપલ હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર/હદ..

૪. વોર્ડ નં. ૪ ના સમગ્ર ક્ષેત્રફળમાં આવતા રસ્તા અને ગલીઓ ઉપર આવેલ તમામ ઘરો અને મકાનો - સિમેન્ટ ફેકટરીના પૂર્વ દિવાલના ઉત્તર પૂર્વ ખુણાથી શરૂ કરી દક્ષિણ તરફ દિવાલે ચાલી ખાડીના દક્ષિણ કિનારા સુધી ત્યાંથી પૂર્વ તરફ વળી જઇ ખાડીના કિનારે કિનારે ચાલી નવી ફિશ માર્કેટને આવરી તેની ઉત્તર હદે હદે પૂર્વે ચાલી ઇબ્રાહિમ હાજી મામદના લાકડાના પાલાના ઉત્તર પશ્ચિમ ખુણાની સીધી લીટીમાં ફીશ માર્કેટની ઉત્તર બાજુની લાઇનમાં ખાડીના બિંદુ સુધી ત્યાથી દક્ષિણે વળી જઇ રસ્તો ક્રોસ કરી ઇબ્રાહિમ હાજી મામદના લાકડાના પાલાના ઉત્તર પશ્ચિમ ખુણા સુધી ત્યાંથી પૂર્વ તરફ સો મીલની ઉત્તર હદે હદે જમણા હાથે ચાલી મેઘવારવાસના ડ્રેનેજ પંપીગ સ્ટેશન પાસેના નાલાના પૂર્વ દક્ષિણ ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ વળી જઇ ખાઇ કાંઠા રોડ પર જમણા હાથે ચાલી મેમણવાડના રસ્તાના ઉત્તર પશ્ચિમ ખુણા સુધી ત્યાંથી પૂર્વ તરફ વળી જઇ મેમણવાડાના રસ્તાની દક્ષિણ હદે હદે જમણા હાથે પૂર્વ ચાલી અબ્દુલ્લા ભૂતવાળા ચોકના પશ્ચિમના રસ્તાના મેમણવાડના રોડના મકાનના ઉત્તર પૂર્વ ખુણા સુધી ત્યાંથી દક્ષિણે વળી જઇ સીધી સ્કુલના રસ્તાના સામેના મકાનની લાઇનના દક્ષિણ પૂર્વ ખુણા સુધી ત્યાંતી સીધા પૂર્વ ડાબા હાથે ચાલી અબ્દુલ્લા ભુતના ચોકની પૂર્વ તરફની ઉત્તર દક્ષિણ જતી ગલીના મકાનના દક્ષિણ પૂર્વ ખુણા સુધી ત્યાંથી ઉત્તર મેમણવાડનો મુખ્ય રસ્તો ક્રોસ કરી પૂર્વ વળી જઇ ઉત્તર તરફના ગલીના રસ્તે થઇ હરીજનવાસ પાસેના રોડની દક્ષિણે આવેલ રસ્તાના ચાર રસ્તાના મધ્યબિંદુ સુધી ત્યાંથી પૂર્વ તરફ ચાલી સરદાર વલ્લભભાઇ પટેલ રોડથી ઉત્તરે હરિજનવાસ તરફ જતા મેઇન રોડ પરના મકાનના ઉત્તર પૂર્વ ખુણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ હરિજનવાસના મેઇન રોડ પર જમણા હાથે ચાલી ઠક્કરપ્લોટ તરફ જતા રસ્તા ઉપરના મેમણજમાતના મકાનના પશ્ચિમ ઉત્તર ખુણાની સીધી લીટીમાં રસ્તાના બિંદુ સુધી અને ત્યાંથી પૂર્વ તરફ ઠક્કરપ્લોટના પ્રવિણ પ્રોવિઝન સ્ટોર દેવીભુવનવાળા રસ્તા ઉપર પૂર્વે જમણા હાથે ચાલી વિ. જે. મદ્રેસા ગલ્સ સ્કુલવાળા હરિજનવાસ તરફ જતા રસ્તા ઉપરના અંજુમન ઇસ્લામવાળા ઇબ્રાહિમખાન પઠાણના મકાનના ઉત્તર પૂર્વ ખુણા સુધી ત્યાંથી વિ.જે. મદ્રેસા ગલ્સ સ્કુલવાળા રસ્તા ઉપર ઉત્તર તરફ ચાલી સંસ્કાર કેન્દ્ર રામમંદિર પાસે થઇ હરિજનવાસના જાહેર સંડાસની સામે આવલે આશાપુરા આઇસ ફેકટરીના પશ્ચિમ દક્ષિણ ખુણા સુધી ત્યાંથી પૂર્વ તરફ ડાબા હાથે ચાલી વિજય મીલના (ડોગહાઉસ) પૂર્વ દક્ષિણ ખુણા સુધી ત્યાંથી ઉત્તરે રસ્તા ઉપર ચાલી રેલવે પાટા ક્રોસ કરી ઉત્તરે મોનોરોલ રોડ ઉપરના મધ્યબિંદુ સુધી ત્યાંથી પૂર્વ મોનોરોલ રોડ ઉપર ચાલી નવાકુંભારવાડા શેરી નં. ૩ અને ૪ વચ્ચેની ગલીના રસ્તાના ઉત્તર તરફના મોનોરોલ રોડના મધ્યબિંદુ સુધી ત્યાંથી દક્ષિણે વળી જઇ ગલીમાંથી પસાર થઇ કુંભારવાડાના જાહેર રસ્તાના ચાર રસ્તાના મધ્યબિંદુ સુધી ત્યાંથી પૂર્વે

INDEX

વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડની હદનું વર્ણન
	કુંભારવાડા ટાંકીવાળા રોડ ઉપર પૂર્વતરફ ચાલી સીધી લીટીમાં પાણીની ટાંકી પાસે થઈ જુબેલી રોડ ક્રોસ કરી રૂપાલી હોટલ સુધી ત્યાંથી ઉત્તરે જુબેલી રોડ ઉપર ચાલી ગોલાઇ હોટલ થઇ જુબેલી પુલની પુર્વ હદે હદે ઉત્તર તરફ ચાલી નગરપાલીકાના જુબેલી ઓક્ટ્રોય નાકા પાસે થઇ સીધો જુબેલી પુલ પુરો થતા જુબેલી ચોક પસાર કરી જુબેલી વોટર વર્કસ સુધી ત્યાંથી જુબેલી વોટર વર્કસ કમ્પાઉન્ડની પૂર્વ ઉત્તર પશ્ચિમ દક્ષિણ દિવાલની હદે હદે ફરતો આંટો મારી જુબેલી ચોકમાં આવી જુબેલી પુલની પશ્ચિમ હદે હદે દક્ષિણ તરફ ચાલી દરાણીયાવાલા રોડના મધ્યબિંદુ સુધી ત્યાંથી જુબેલી પુલના પશ્ચિમ તરફની દિવાલના દક્ષિણ બિંદુ સુધી ત્યાંથી પશ્ચિમે ખાડીના કાંઠે કાંઠે ચાલી નવા કુંભારવાડાની ઝુંપડપટ્ટીવાળી વિસ્તાર ડાબા હાથે સમાવી લઇ સીધા ડ્રાય ડોકતરફ જતા રસ્તા સુધી ત્યાંથી પશ્ચિમે રસ્તો ક્રોસ કરી બોખોરાનાકાની લાઇનમાં આવેલ નાકાની લાઇનમાં આવેલ ચુનાની ભઠ્ઠીના ઉત્તર પૂર્વ ખુણા સુધી ત્યાંથી આગળ પશ્ચિમે ખાડી કાંઠાની ચુનાની ભઠ્ઠીઓની ઉત્તર હદે હદે પશ્ચિમ તરફ આગળ ચાલી નાલુ ક્રોસ કરી મેઘરવાસની ઉત્તર ખાડી કાંઠાની હદે હદે ચાલી સીધા ખાડી કાંઠાના કિનારે કિનારે જુની સિમેન્ટ ફેક્ટરની પૂર્વ દિવાલના ઉત્તર પૂર્વ ખુણા સુધીનો અંદરનો મ્યુનિસિપલ હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર/હદ..
૫	વોર્ડ નં. ૫ ના સમગ્ર ક્ષેત્રફળમાં આવતા રસ્તા અને ગલીઓ ઉપર આવેલ તમામ ઘરો અને મકાનો - જુબેલી પુલની પૂર્વ તરફની દિવાલના પૂર્વ દક્ષિણ ખુણા પાસેના જુબેલી ઓક્ટ્રોય નાકાના પશ્ચિમ ઉત્તર ખુણાથી શરૂ કરી દક્ષિણ તરફ ચાલી વિનોદ સ્વીટ માર્ટવાળા મકાનના ઉત્તર પશ્ચિમ ખુણા સુધી ત્યાંથી પૂર્વ તરફ મકાનની હદે હદે ચાલી નારાયણ મંડપ સર્વિસવાળા મકાનના ઉત્તર પૂર્વ ખુણા સુધી ત્યાંથી દક્ષિણે રસ્તાપર ડાબા હાથે ચાલી બરડાઇ વિદ્યાર્થી ભવન ડાબી બાજુ આવરી લઇ દક્ષિણ ખુણે સીધી લીટીમાં બહુચરાજી મંદિરના દક્ષિણ પૂર્વ ખુણા સુધી ત્યાંથી પશ્ચિમે રસ્તા પર વળી જઇ ફાયર બ્રિગેડના ઉત્તર પશ્ચિમ ખુણા સુધી ત્યાંથી રસ્તા પર દક્ષિણે ડાબા હાથે ચાલી જુના પાવરહાઉસના દક્ષિણ પશ્ચિમ ખુણા સુધી ત્યાંથી પૂર્વ તરફ વળી જઇ યુગાન્ડા ઈન્ડસ્ટ્રીઝની કમ્પાઉન્ડની દિવાલ સુધી ત્યાંથી દક્ષિણ તરફ વળી જઈ યુગાન્ડા ઈન્ડસ્ટ્રીઝના કમ્પાઉન્ડના દક્ષિણ પશ્ચિમ ખુણા સુધી ત્યાંથી પૂર્વ તરફ વળી જઇ યુગાન્ડા ઈન્ડસ્ટ્રીઝ, જીન પ્રેસ જગદીશ ઈન્ડસ્ટ્રીઝ મહારાણા મીલ મહારાણા મીલની ચાલીની દક્ષિણ દિવાલની હદે હદે ચાલી એટલે કે રેલ્વે સ્ટેશન, સ્ટેશન યાર્ડની ઉત્તરે હદે હદે ચાલી રેલવે લોકોશેડ એરીયાની પૂર્વ તરફ આવેલા રોડના મકાનના ઉત્તર પશ્ચિમ ખુણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ વળી જઇ રેલવે લોકોશેડ એરીયાની પૂર્વ હદે હદે ચાલી રેલ્વે ફાટકવાળા સીગ્નલ કેબીનના મકાનના દક્ષિણ પશ્ચિમ ખુણા સુધી ત્યાંથી પુર્વ તરફ વળી જઇ કેબીનના દક્ષિણ પૂર્વ ખુણા સુધી ત્યાંથી ઉત્તર સીગ્નલ કેબીનની પૂર્વ હદે ઉત્તર તરફ ચાલી રેલવે ફાટકથી કામદાર ચોક તરફ જતાં મેઇન રોડના ડાબા હાથે ચાલી કામદાર ચોકના ઉત્તર પૂર્વ ખુણે થઇ રસ્તાના મધ્યબિંદુ સુધી પૂર્વે વળી જઇ રસ્તા ઉપર ડાબા હાથે ચાલી કડિયા પ્લોટ શેરી નં. ૬ના દક્ષિણ ઉત્તર રસ્તાના મધ્યબિંદુ સુધી ત્યાંથી ઉત્તરે કડિયા પ્લોટ શેરી નં. ૬ ના રસ્તા ઉપર ડાબા હાથે ચાલી ખાડીના કાઠા સુધી નગરપાલિકાની હદ સુધી ત્યાંથી પશ્ચિમે ખાડીની હદે હદે ચાલી પોરાવમાતાના મંદિરને દક્ષિણ બાજુએ આવરી લઇ જોશી સ્કુલ અને ઝુપડપટ્ટીવાળો વિસ્તાર આવરી લઇ નવી ખડપીઠની ઉત્તરે ખાડીના કિનારાની હદે હદે થઇ જુબેલી પુલની પૂર્વ તરફની દિવાલ પાસે આવેલ જુબેલી ઓક્ટ્રોય નાકાની ઉત્તર બાજુએ પૂર્વ ઉત્તર ખૂણે અને ત્યાંથી ઓક્ટ્રોય નાકાના પશ્ચિમ ઉત્તર ખુણા સુધીનો અંદરનો મ્યુનિસિપલ હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર /હદ

INDEX

વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડની હદનું વર્ણન
૬.	વોર્ડ નં. ૬ ના સમગ્ર ક્ષેત્રફળમાં આવતા રસ્તા અને ગલીઓ ઉપર આવેલ તમામ ઘરો અને મકાનો - કડિયા પ્લોટ રેલ્વે ફાટક પાસેની સીગ્નલ કેબીનના દક્ષિણ પૂર્વ ખુણાથી ઉત્તરે સીગ્નલ કેબીનની પૂર્વ હદ ઉત્તર તરફ ચાલી રેલ્વેફાટકથી કામદાર ચોક તરફ જતા મેઈન રોડના ડાબા હાથે ચાલી કામદાર ચોકના ઉત્તર પૂર્વ ખુણે થઈ રસ્તાના મધ્યબિંદુ સુધી ત્યાંથી પૂર્વે વળી જઈ રસ્તા પર જમણા હાથે ચાલી કડિયા પ્લોટ શેરી નં. ૬ ના દક્ષિણ ઉત્તર રસ્તાના મધ્યબિંદુ સુધી ત્યાંથી ઉત્તરે કડિયા પ્લોટ શેરી નં. ૬ના રસ્તા ઉપર જમણા હાથે ચાલી ખાડીના કાંઠા સુધી નગરપાલિકાની હદ સુધી ત્યાંથી પૂર્વ તરફ ખાડીની હદે હદે એટલે કે નગરપાલિકાની હદે હદે ચાલી રેલ્વે લાઈન સુધી એટલે કે જલારામ કોલોનીના ઉત્તર પૂર્વ ખુણાની રેલ્વે લાઈન સુધી ત્યાંથી પશ્ચિમે વળી જઈ જલારામ કોલોની ઝવેરી બંગલાની ઉત્તર કમ્પાઉન્ડની ડાબી બાજુ છોડી દઈ પશ્ચિમે રેલ્વે પાટાની લાઈને લાઈને ચાલી કડિયા પ્લોટ રેલ્વે ફાટક પાસેની સીગ્નલ કેબીનના દક્ષિણ પૂર્વ ખુણા સુધીનો અંદરનો મ્યુનિસિપલ હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર /હદ ....
૭.	વોર્ડ નં.૭ ના સમગ્ર ક્ષેત્રફળમાં આવતા રસ્તા અને ગલીઓ ઉપર આવેલ તમામ ઘરો અને મકાનો - જુના થર્મલ પાવરહાઉસના દક્ષિણ પશ્ચિમ ખુણાથી શરૂ કરી પૂર્વ તરફ વળી જઈ યુગાન્ડા ઈન્ડસ્ટ્રીઝની કમ્પાઉન્ડની દિવાલ સુધી ત્યાંથી દક્ષિણ તરફ વળી જઈ યુગાન્ડા ઈન્ડસ્ટ્રીઝના કમ્પાઉન્ડની દિવાલની દક્ષિણ પશ્ચિમ ખુણા સુધી ત્યાંથી પૂર્વ તરફ વળી જઈ યુગાન્ડા ઈન્ડસ્ટ્રીઝ, જીન પ્રેસ જગદીશ ઈન્ડસ્ટ્રીઝ મહારાણા મીલ મહારાણા મીલની ચાલીની દક્ષિણ દિવાલોની હદે હદે ચાલી એટલે કે રેલ્વે સ્ટેશન, સ્ટેશન યાર્ડની ઉત્તરે હદે હદે ચાલી રેલવે લોકોશેડ એરીયાની પૂર્વ તરફ આવેલા રોડના મકાનના ઉત્તર પશ્ચિમ ખુણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ વળી જઈ રેલવે લોકોશેડ એરીયાની પૂર્વ હદે હદે ચાલી રેલ્વે ફાટકવાળી સીગ્નલ કેબીનના મકાનના દક્ષિણ પશ્ચિમ ખુણા સુધી ત્યાંથી પુર્વ તરફ વળી જઈ કેબીનના દક્ષિણ પૂર્વ ખુણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ રેલ્વે પાટા ઓળંગી ગીરધર કુંજવાળા મકાનના ઉત્તર પૂર્વ ખુણા સુધી ત્યાંથી પૂર્વ તરફ વળી જઈ હ્યુમ પાઈપ ફેક્ટરીના નટવર ઓઈલ મીલ, રાજા ઓઈલ મીલ તથા સરકારી અનાજના ગોડાઉનના મકાનની ઉત્તરે હદે હદે પાટાની લાઈનમાં ઝવેરી બંગલાના ઉત્તર પશ્ચિમ ખુણે અને તેની પાસે આવેલ ઝવેરી બંગલાના પશ્ચિમ તરફના રોડના બિંદુ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ વળી જઈ જેલની ઉત્તરના રસ્તા ઉપર જમણા હાથે ચાલી સરકારી ગોડાઉન, મીરા આઈસ ફેક્ટરી, રાજા ઓઈલ મીલ, નટવર ઓઈલ મીલ, હ્યુમ પાઈપ ફેક્ટરીની પ્રિમાઈસીસની દક્ષિણ હદે હદે પશ્ચિમે ચાલી રામ ગેસ્ટ હાઉસવાળા મકાનની લાઈન સુધી ત્યાંથી દક્ષિણે વળી રામ ગેસ્ટ હાઉસના દક્ષિણ પૂર્વ ખુણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ વળી જઈ સરદાર વલ્લભભાઈ પટેલ રોડ પર પશ્ચિમે ચાલી લોહાણા બાળાશ્રમ ઉત્તર પૂર્વ ખુણાની સીધી લીટીના બિંદુ સુધી ત્યાંથી દક્ષિણ તરફ વળી જઈ કલબ રોડ પર જમણી બાજુ ચાલી રામબા પ્રાથમિક શાળાના દક્ષિણપૂર્વ ખુણા સુધી મહાત્મા ગાંધી રોડ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ મહાત્મા ગાંધી રોડ પરના જમણા હાથે ચાલી જુના ફુવારા પાસે રૂપાળી બાગની દક્ષિણ હદે હદે ચાલી ખોજાખાના પાસે થઈ અરૂણ કલરલેબવાળા મકાનના દક્ષિણ પશ્ચિમ ખુણા સુધી ત્યાંથી ઉત્તર તરફ વળી જઈ ખાખચોકના પૂર્વ પશ્ચિમ જતા બંને રસ્તાઓ ક્રોસ કરી ખાખીબાવાના મંદિરની પશ્ચિમ હદે હદે ચાલી સરદાર વલ્લભભાઈ પટેલ રોડ ક્રોસ કરી સાધના કલરલેબ સુધી ત્યાંથી પૂર્વ તરફ વળી જઈ વણિક જ્ઞાતિની વંડીની પાસે આવેલ જમનાદાસ રતનશી ફુલવાલા અને પરસોત્તમ ઘેલાભાઈ ગાંધીના નરેન્દ્ર ભુવન મકાન વચ્ચેની છીત્રી સુધી આવી ત્યાંથી ઉત્તર તરફ વળી જઈ કોળીવાડના ચોક સુધી ત્યાંથી

INDEX

વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડની હદનું વર્ણન

પશ્ચિમ તરફ વળી જઇ બર્ડાઇ બ્રાહ્મણ વંડીના પશ્ચિમ દક્ષિણ ખુણા સુધી ત્યાંથી ઉત્તર તરફ વળી જઇ કોળીવાડના મુખ્ય રસ્તા સુધી અને પૂર્વ તરફ કોળીવાડના રસ્તા પર ચાલી ફાયર બિગ્રેડ તરફ જતા રામટેકરી ઝુંડાળા રોડના પી.ડબલ્યુ. ડી. સ્ટોરની કમ્પાઉન્ડના બિંદુ સુધી ત્યાંથી ઉત્તર તરફ ચાલી ગુજરાત વિદ્યુત બોર્ડની ઓફિસ પાસેથી પસાર થઇ પાટા ઓળંગી જુના ડિઝલ થર્મલપાવર હાઉસના દક્ષિણ પશ્ચિમ ખુણા સુધીનો અંદરનો મ્યુનિસિપલ હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર/હદ

૮. વોર્ડ નં.૮ ના સમગ્ર ક્ષેત્રફળમાં આવતા રસ્તા અને ગલીઓ ઉપર આવેલ તમામ ઘરો અને મકાનો - ડોગ હાઉસવાળી વિજય મીલના પૂર્વ રસ્તા ઉપર ઉત્તર તરફ સીધી લીટીમાં ચાલી રેલ્વે પાટાના બિંદુથી શરૂ કરી ઉત્તરે મોનોરોલ રોડ ઉપરના મધ્યબિંદુ સુધી ત્યાંથી પૂર્વે મોનોરોલ રોડ ઉપર ચાલી નવા કુંભારવાડા શેરી નં. ૩ અને ૪ વચ્ચેની ગલીના રસ્તાના ઉત્તર તરફના મોનોરોલ રોડના મધ્યબિંદુ સુધી ત્યાંથી દક્ષિણે વળી જઇ ગલીમાંથી પસાર થઇ કુંભારવાડાના જાહેર રસ્તાના ચાર રસ્તાના મધ્યબિંદુ સુધી ત્યાંથી પૂર્વે કુભારવાડા ટાંકીવાળા રોડ ઉપર પૂર્વ તરફ ચાલી સીધી લીટીમાં પાણીની ટાંકી પાસે થઇ જુબેલી રોડ સુધી ત્યાથી જુબેલી રોડ ક્રોસ કરી રૂપાલી હોટલ સુધી ત્યાંથી ઉત્તરે જુબેલી રોડ ઉપર ચાલી ગોલાઇ હોટલ થઇ વિનોદ સ્વીટ માર્ટ વાળા મકાનના ઉત્તર પશ્ચિમ ખુણા સુધી ત્યાંથી પૂર્વ તરફ મકાનની હદે હદે ચાલી નારાયણ મંડપ સર્વિસવાળા મકાનના ઉત્તર પૂર્વ ખુણા સુધી ત્યાંથી દક્ષિણે રસ્તા ઉપર ડાબા હાથે ચાલો બર્ડાઇ વિદ્યાર્થી ભવન ડાબી બાજુ છોડી દઇ દક્ષિણે સીધી લીટીમાં બહુચરાજી મંદિરના દક્ષિણ પૂર્વ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ રસ્તા ઉપર વળી જઇ ફાયર બ્રિગેડના ઉત્તર પશ્ચિમ ખુણા સુધી ત્યાંથી રસ્તા ઉપર દક્ષિણે ડાબા હાથે ચાલી જુના પાવરહાઉસ પાસે થઇ રેલ્વે પાટા ક્રોસ કરી પાવર હાઉસ રોડ પર દક્ષિણ તરફ ચાલી કોરોવાડના મેઇન રોડના મધ્યબિંદુ સુધી એટલે કે બાબુ કોટેજના દક્ષિણ પૂર્વ ખુણા સુધી ત્યાંથી પશ્ચિમે કોરીવાડના મેઇન રોડ પર ચાલી બર્ડાઇ બ્રાહ્મણ વંડીના ઉત્તર પશ્ચિમ ખુણા સુધી ત્યાંથી દક્ષિણે ગલીમાંથી પસાર થઇ બ્રાહ્મણ વંડીના દક્ષિણ પશ્ચિમ ખુણા સુધી ત્યાંથી પૂર્વે વળી જઇ સીધી લીટીમાં ચોકમાં કોરીવાડીના રસ્તા ઉપરના નરેન્દ્ર ભુવનના ઉત્તર પૂર્વ ખૂણાના બિંદુ સુધી ત્યાંથી દક્ષિણે ગલીમાં નરેન્દ્ર ભુવનની પૂર્વ હદે હદે ચાલી સરદાર વલ્લભભાઇ પટેલ મેઇન રોડના નરેન્દ્ર ભુવનના પૂર્વ દક્ષિણ ખુણા સુધી ત્યાંથી પશ્ચિમે સરદાર વલ્લભભાઇ પટેલ રોડ ઉપર જમણા હાથે ચાલી લોહાણા મહાજન વંડી રોડ ક્રોસ કરી સીધા પશ્ચિમે ભદ્રેકાલી રોડ ક્રોસ કરી સીધા પાવૈયા શેરી ક્રોસ કરી આગળના પશ્ચિમે ઠક્કર પ્લોટ તરફ જતા શારદા મંદિર સ્કુલવાળા રોડના મધ્યબિંદુ સુધી ત્યાંથી ઉત્તર તરફ શારદામંદિર રોડ ઉપર ચાલી કઠોયાણા વાળાના મકાન પાસે થઇ ઉત્તરે યુગાન્ડા ઇન્ડસ્ટ્રીઝવાળાના મકાનના ઉત્તર પૂર્વ ખુણા સુધી ત્યાંથી પશ્ચિમે વળી જઇ સીધા પશ્ચિમે બાબુભાઇ રૂપમવાળાના મકાનના દક્ષિણ પશ્ચિમ ખુણાના રસ્તાના બિંદુ સુધી ત્યાંથી ઉત્તર તરફ ગલીમાંથી પસાર થઇ રેલ્વે લાઇનના પાટા સુધી ત્યાંથી રેલવે પાટાની હદે હદે પશ્ચિમ તરફ ચાલી પ્રથમ જણાવેલ ડોગહાઉસવાળો વિજય ઓઇલ મીલની પૂર્વ દિવાલની સીધી લીટીમાં રેલ્વે પાટાના બિંદુ સુધીની અંદરનો મ્યુનિસિપલ હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર /હદ

૯. વોર્ડ નં.૯ ના સમગ્ર ક્ષેત્રફળમાં આવતા રસ્તા અને ગલીઓ ઉપર આવેલ તમામ ઘરો અને મકાનો - માણેકચોકના મધ્યબિંદુથી શરૂ કરી ઉત્તરે કસ્તુરબા ગાંધી રોડ ઉપર જમણા હાથે ચાલી વાણીયાની વંડી નગરપાલિકા ઓફિસથી સીધી લીટીમાં ઉત્તરે સરદાર વલ્લભભાઇ પટેલ રોડ ક્રોસ કરી ખાઇ કાંઠા રોડ પર જમણા હાથે ચાલી સીધી સ્કુલવાળા મકાન પાસે થઇ ઉત્તરે મેમણવાડાના રસ્તાના ઉત્તર પશ્ચિમ ખુણા

INDEX

વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડની હદનું વર્ણન.

સુધી ત્યાંથી પૂર્વ તરફ વળી જઇ મેમણવાડાના રસ્તાની દક્ષિણ હદે હદે જમણા હાથે પૂર્વ તરફ ચાલી અબ્દુલ્લા ભુતવાળા ચોકના પશ્ચિમના રસ્તાના મેમણવાડના રોડના મકાનના ઉત્તર પૂર્વ ખૂણા સુધી ત્યાંથી દક્ષિણે વળી થઇ સીધી સ્કુલના રસ્તાના સામેના મકાનની લાઇનના દક્ષિણ પૂર્વ ખુણા સુધી ત્યાંથી સીધા પૂર્વે ડાબે હાથે ચાલી અબ્દુલ્લા ભુતની ચોકની પૂર્વ તરફની ઉત્તર દક્ષિણ જતી ગલીના મકાનના દક્ષિણ પૂર્વ ખુણા સુધી ત્યાંથી ઉત્તરે મેમણવાડનો મુખ્ય રસ્તો ક્રોસ કરી પૂર્વ વળી જઇ ઉત્તર તરફના ગલીના રસ્તે થઇ હરીજનવાસ પાસેના રોડની દક્ષિણે આવેલ રસ્તાના ચાર રસ્તાના મધ્યબિંદુ સુધી ત્યાંથી પૂર્વ તરફ ચાલી સરદાર વલ્લભભાઇ પટેલ રોડથી ઉત્તરે હરિજનવાસ તરફ જતા મેઇન રોડના મકાનના ઉત્તર પૂર્વ ખુણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ હરીજનવાસના મેઇન રોડ પર જમણા હાથ પર ચાલી ઠક્કર પ્લોટ તરફ જતા રસ્તા ઉપરના મેમણ જમાતના મકાનના પશ્ચિમ ઉત્તર ખુણાની સીધી લીટીમાં રસ્તાનાં બિદું સુધી અને ત્યાંથી પૂર્વ તરફ ઠક્કર પ્લોટના પ્રવિણ પ્રોવિઝન સ્ટોર દેવી ભુવનવાળા રસ્તા પર પૂર્વે જમણા હાથે ચાલી વિ. જે. મદ્રેસા ગલ્સ સ્કુલવાળા હરીજનવાસના તરફ જતા રસ્તા ઉપરના અંજુમાન ઇસ્લામવાળા ઇબ્રાહિમખાન પઠાણના મકાનના ઉત્તર ખૂણા સુધી ત્યાંથી વિ. જે. મદ્રેસા ગર્લ્સ સ્કુલવાળા રસ્તા ઉપર ઉત્તર તરફ ચાલી સંસ્કાર કેન્દ્ર રામમંદિર પાસે થઇ હરિજનવાસના જાહેર સંડાસની સામે આવેલ આશાપુરા આઇસ ફેક્ટરીના પશ્ચિમ દક્ષિણ ખુણા સુધી ત્યાંથી પૂર્વ તરફ ડાબા હાથે ચાલી વિજય મીલ (ડોગહાઉસ) ના પૂર્વ દક્ષિણ ખુણા સુધી, ત્યાંથી ઉત્તરે રસ્તા ઉપર ચાલી રેલ્વે પાટા સુધી ત્યાંથી પૂર્વે રેલ્વે પાટાની હદે હદે ચાલી બાબુભાઇ રૂપમવાળાના મકાનની પશ્ચિમે આવેલ ગલીવાળા રસ્તાના મધ્યબિંદુ સુધી ત્યાંથી દક્ષિણે વળી જઇ સીધી લીટીમાં ગલીમાંથી પસાર થઇ બાબુભાઇ રૂપમવાળાના મકાનના દક્ષિણ પશ્ચિમ ખુણા સુધી ત્યાંથી પૂર્વ તરફ વળી જઇ યુગાન્ડા ઇન્ડસ્ટ્રીઝવાળાના મકાનના ઉત્તર પૂર્વ ખુણા સુધી ત્યાંથી દક્ષિણે ખોચાણાવાળાના મકાન પાસે થઇ શારદા મંદિર પ્રાથમિકશાળા પાસે થઇ જમાદાર ફળિયાવાળો રસ્તો ક્રોસ કરી દક્ષિણે સરદાર વલ્લભભાઇ પટેલ રોડ સુધી એટલે કે કોમલ ઇલેક્ટ્રીક સ્ટોરવાળા મકાનના દક્ષિણ પૂર્વ ખુણા સુધી અને સરદાર વલ્લભભાઇ પટેલ રોડ ક્રોસ કરી યોગેશ ટ્રેડીંગ સુધી ત્યાંથી પૂર્વ તરફ જમણા હાથે સરદાર વલ્લભભાઇ પટેલ રોડ પર ચાલી જોશી ટ્રાન્સપોર્ટ થઇ રસ્તો ક્રોસ કરી હરીશ ટોકીઝની હદે હદે પૂર્વે આગળ ચાલી હનુમાન ગુફા પોલીસ ચોકી થઇ તાજાવાલા સુપર માર્કેટ થઇ પૂર્વે ઓખાવાળા બિલ્ડીંગના પૂર્વ ઉત્તર ખુણાથી ત્યાંથી ગલીમાં દક્ષિણ તરફ વળી જઇ લુહાર જ્ઞાતિની વંડીની સામે આવેલ રામ એન્જીનીયરીંગ વાળા વર્કશોપના દક્ષિણ પશ્ચિમ ખુણા સુધી ત્યાંથી આગળ દક્ષિણે ખાખચોક રોડ ક્રોસ કરી થોભાણી ટ્રાન્સપોર્ટવાળા મકાનના ઉત્તર પશ્ચિમ ખુણે થઇ દક્ષિણ તરફ આગળ વધી ખાખચોકનો બીજો રસ્તો ક્રોસ કરી અરૂણ ફોટો કલરલેબના દક્ષિણ પશ્ચિમ ખુણા સુધી એટલે કે મહાત્મા ગાંધી રોડ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ વળી જઇ મહાત્મા ગાંધી રોડ પર પશ્ચિમે મંગલ ગેસ્ટ હાઉસ હાથી ટાંકો તળપદ કન્યાશાળા નેશનલ પેટ્રોલિયમ સુદામા ચોક વિ.જે. મદ્રેસાની હદે હદે લીબર્ટી રોડ ક્રોસ કરી પશ્ચિમે આગળ હિંગળાજ ડેરી રોડ ક્રોસ કરી કેદારેશ્વર સુતારવાડા રોડ ક્રોસ કરી પશ્ચિમે માણેકચોકના મધ્યબિંદુ સુધીનો અંદરનો મ્યુનિસિપલ હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર /હદ.

૧૦. વોર્ડ નં. ૧૦ ના સમગ્ર ક્ષેત્રફળમાં આવતા રસ્તા અને ગલીઓ ઉપર આવેલ તમામ ઘરો અને મકાનો - વોરાવાડના રસ્તાની દક્ષિણે સીધી લીટીમાં દરીયાના કિનારેથી ઉત્તર તરફ ચાલી સાઉથ બંદરનો રોડ ઓળંગી તાહેરી મસ્જીદના દક્ષિણ પશ્ચિમ ખુણા પાસેથી ઉત્તર તરફ જમણા હાથે ચાલી તાહેરી મસ્જીદના ઉત્તર પશ્ચિમ ખુણા સુધી ત્યાંથી પૂર્વ તરફ વોરાવાડના રસ્તે ચાલી તાહેરી મસ્જીદના પાછળના

INDEX

વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડની હદનું વર્ણન
	મકાનના ઉત્તર પૂર્વ ખુણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ વળી જઇ વોરાવાડમાં ચોકમાં આવેલ મકાનના ઉત્તર પશ્ચિમ ખુણા સુધી ત્યાંથી પૂર્વ તરફ વોરાવાડના રસ્તે ચાલી વોરાવાડની ગલીના ઉત્તર પૂર્વ ખુણા સુધી ત્યાંથી ઉત્તર તરફ ચાલી પશ્ચિમે વળી જઇ મકાનના દક્ષિણ પૂર્વ ખુણા સુધી ત્યાંથી ઉત્તર તરફ નાગરવાડા સુધી ત્યાંથી પૂર્વ તરફ રાઠોડ ફળિયાના ચોક પાસેના ગોપીનાથજીની હવેલી તરફ જતા રસ્તાના ખુણા સુધી ત્યાંથી ઉત્તર તરફ ગોપીનાથજીની હવેલી તરફ જતા રસ્તા પર ચાલી ભાટીયા બજાર રોડ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ વળી જઇ ભાટીયાબજાર મેઇન રોડ પર ચાલી બંદરવાળા પાલાના ચોકમાં ડાબા હાથે ગીરધર હેમરાજની દુકાનની પશ્ચિમ ઉત્તર ખુણાની સીધી લીટીમાં પશ્ચિમ બંદરના ગોડાઉન સુધી ઉત્તર તરફ બંદરના ગોડાઉનની પૂર્વ હદે હદે ચાલી વાડીયા બિલ્ડીંગના દક્ષિણ પશ્ચિમ ખુણા સુધી ત્યાંથી પૂર્વ તરફ વળી જઇ રસ્તાના જમણા હાથે ચાલી અલીપીરની દરગાહ પાસે થઇ આવાસ ફળિયાના રોડ સુધી ત્યાંથી ઉત્તર તરફ વળી જઇ ગણેશ ડેરીના ચોક સુધી ત્યાંથી પૂર્વ તરફ સરાણીયા ચકલા રોડ મોટા પંજા પાસે થઇ સરાણીયા ચકલા સુધી ત્યાંથી દક્ષિણે વળી જઇ ચોકના મકાન સુધી ત્યાંથી પૂર્વ તરફ ચાલી હોળી ચકલા સુધી ત્યાંથી દક્ષિણે વળી જઇ પૂર્વ તરફ ઝવેરી બજાર રોડ પર જમણા હાથે ચાલી માણેક ચોક સુધી માણેકચોકના સેન્ટર પોઇન્ટથી દક્ષિણ તરફ જમણા હાથે કસ્તુરબા રોડ ઉપર ચાલી સાઉથ બંદર રોડ ક્રોસ કરી દરીયાઇ દિવાલની હદ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ સાઉથ બંદર રોડ પર વળી જઇ જુના સ્મશાન બાર મુકી દરીયાનો દિવાલની હદે હદે તાહેરી મસ્જિદના પશ્ચિમ તરફના મકાનના દક્ષિણ પશ્ચિમ ખુણાની સીધી લીટીમાં આવતા દરિયાની દિવાલની હદ પોઇન્ટ સુધીનો અંદરનો મ્યુનિસિપલ હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર /હદ
૧૧.	વોર્ડ નં. ૧૧ ના સમગ્ર ક્ષેત્રફળમાં આવતા રસ્તા અને ગલીઓ ઉપર આવેલ તમામ ઘરો અને મકાનો - માણેક ચોકના સેન્ટર પોઇન્ટથી દક્ષિણ તરફ ગેઇટમાંથી પસાર થઇ કસ્તુરબા રોડ પર ચાલી કસ્તુરબા ગાંધી રોડની ડાબી બાજુએ ચાલી સાઉથ બંદર રોડ ક્રોસ કરી સ્મશાન પોલીસ ચોકી સુધી આવી. દરિયાની દિવાલની હદ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ જુના સ્મશાનની ઉત્તર હદે હદે ચાલી જુના સ્મશાનના ઉત્તર પશ્ચિમ ખુણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ વળી જઇ જુના સ્મશાનની હદે હદે ચાલી જુના સ્મશાનના દક્ષિણ પશ્ચિમ ખુણા સુધી દરીયાના કિનારાની હદ સુધી ત્યાંથી પૂર્વ તરફ વળી જઇ જુના સ્મશાનની દક્ષિણ દિવાલની હદે હદે દરીયા કિનારે ચાલી એટલે કે હાલના જુના સ્મશાનના મકાનને આવરી લઇ સાઉથ બંદર રોડ પોલીસ ચોકીની ઉત્તર પૂર્વ ખુણાની દિવાલ સુધી ત્યાંથી પૂર્વ તરફ ચાલી નવા સ્મશાન તરફ જતા રસ્તાના ખુણા સુધી અને ત્યાંથી અગ્નિ ખુણામાં દરિયાના કિનારાની હદે હદે ચાલી ઇન્દ્રેશ્વર મહાદેવ મંદિરના ફરતો આંટો મારી એટલે કે ઇન્દ્રેશ્વર મહાદેવ મંદિરને આવરી લઇ અગ્નિ ખુણામાં દરિયાના કિનારે ચાલી મરીન રેસ્ટોરન્ટ ચોપાટી મેઇન રોડ ચોપાટી વિલાઓ વિગેરેને ડાબી બાજુ આવરી લઇ દરિયાના કિનારાની હદે હદે ચાલી હાલના ચોપાટીના મેઇન રોડના દરિયા તરફની હદે હદે ચાલી ઉત્તર તરફ વળી જઇ આગળ ચોપાટી ગેઇટમાંથી પસાર થઇ કનકાઇ માતાના મંદિરને હદની બહાર મૂકી લાલ પેલેસ રોડ પર વળી જઇ શાસ્ત્રી સર્કલ ફુવારા સુધી ત્યાંથી ઉત્તર તરફ વાડીયા રોડ પર ચાલી હનુમાન ચોક ફુવારા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ મહાત્મા ગાંધી રોડ પર ડાબા હાથે ચાલી માણેકચોકના સેન્ટર પોઇન્ટ સુધીનો અંદરનો મ્યુનિસિપલ હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર /હદ

INDEX

વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડની હદનું વર્ણન
૧૨.	વોર્ડ નં. ૧૨ ના સમગ્ર ક્ષેત્રફળમાં આવતા રસ્તા અને ગલીઓ ઉપર આવેલ તમામ ઘરો અને મકાનો - મહાત્મા ગાંધી રોડ ઉપરના બોરલા હોલની પૂર્વે બેન્ક કોલોની વાળા રસ્તાઓ અને મહાત્મા ગાંધી રોડના ફોસીંગ પાસે આવેલ પી.એચ. વાડીયાના પેટ્રોલપંપની પ્રિમાઈસીસના પશ્ચિમ ઉત્તર ખુણાથી શરૂ કરી પૂર્વ તરફ મહાત્માગાંધી રોડ ઉપર જમણા હાથે ચાલી ફેન્ડઝ પેટ્રોલિયમ વાળા પંપ પ્રીમાઈસીસના પૂર્વ ઉત્તર ખુણા સુધી એટલે કે રામ બા પ્રાથમિક શાળાનો પૂર્વ દિવાલની સીધી લીટીમાં ઉત્તર તરફ કલબ રોડ ઉપર ડાબા હાથે ચાલી લોહાણા બાળાશ્રમના ઉત્તર પૂર્વ ખુણાથી સરદાર વલ્લભભાઈ પટેલ રોડ ક્રોસ કરી સીધી લીટીમાં બિંદુ સુધી ત્યાંથી પૂર્વ તરફ વળી જઈ સરદાર વલ્લભભાઈ પટેલ રોડના ડાબા હાથે પૂર્વેથી સીધી લીટીમાં ચાલી રામગેસ્ટ હાઉસના દક્ષિણ પૂર્વ ખુણા સુધી ત્યાંથી ઉત્તરે ચાલી હ્યુમ પાઈપ ફેકટરીની દક્ષિણની દિવાલના પશ્ચિમ દક્ષિણ ખુણાની સીધી લીટીના બિંદુ સુધી ત્યાંથી પૂર્વે સીધી લીટીમાં હ્યુમ પાઈપ ફેકટરી નટવર ઓઈલ મીલ, રાજા ઓઈલ મીલ, મીરા આઈસ ફેક્ટરી સરકારી ગોડાઉનના મુખ્ય દરવાજાની હદે હદે ડાબી બાજુ પૂર્વ તરફ ચાલી સરકારી ગોડાઉનના પૂર્વ દક્ષિણ ખુણા સુધી ત્યાંથી ઉત્તરે વળી જઈ ટ્રેક સુધી અને ત્યાંથી રેલ્વે પાટે પાટે પૂર્વ તરફ ચાલી ઝવેરી બંગલાના પશ્ચિમ ખૂણે થઈ આગળ રેલ્વે લાઈને લાઈને એટલે કે જલારામ કોલોનીની ઉત્તર હદે હદે ચાલી રેલ્વેના કર્લી પુલ તરફ જલારામ કોલોનીના ઉત્તર પૂર્વ ખુણે ત્યાંથી દક્ષિણ તરફ જલારામ કોલોનીની પૂર્વની ખાડીની હદે હદે ત્યાંથી કર્લી પુલના પૂર્વ દક્ષિણ ખુણા સુધી ત્યાંથી આગળ મહાત્મા ગાંધી રોડ ક્રોસ કરી ઝવેરીબાગ ઓક્ટ્રોય નાકાને આવરી લઈ જુની એ.સી.સી. (એચ.એમ.પી.) પ્રિમાઈસીસના પૂર્વ દક્ષિણ ખુણા સુધી ત્યાંથી પશ્ચિમે વળી જઈ મહાત્મા ગાંધી રોડ પર ડાબા હાથે ચાલી પશ્ચિમે સીધી લીટીમાં જડેશ્વર મહાદેવ મંદિર પાસેના રેલ્વે ક્રોસીંગને પસાર કરી સાયન્સ કોલેજ કમલા બાગની ઉત્તર હદે હદે પશ્ચિમ તરફ ચાલી કમલાબાગ ચોક પસાર કરી સીટી બસ સ્ટોપના ખુણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ છાંયા ચોકી તરફ જતા રસ્તા પર વળી જઈ દક્ષિણે રસ્તાની જમણી બાજુ ચાલી રસ્તાની ગોળાઈમાંથી પસાર થઈ છાંયા ઓક્ટ્રોય ચોકીની ઉત્તરે આવેલ છાંયા રોડ પરના મકાનના દક્ષિણ પૂર્વ ખૂણા સુધી ત્યાંથી છાયા રોડ ક્રોસ કરી છાંયા ઓક્ટ્રોય ચોકી પાસે થઈ છાંયા કોઝવે રોડ પર જમણા હાથે દક્ષિણ તરફ ચાલી પક્ષી અભ્યારણના મુખ્ય રોડના મધ્યબિંદુ સુધી ત્યાથી પશ્ચિમે વળી જઈ પક્ષી અભ્યારણ્યના ઉત્તર રોડ પર પશ્ચિમે સીધી લીટીમાં ચાલી છાંયા ડ્રેનેજ પંપીગ સ્ટેશન પાસે થઈ માલદેવજી ઓડેદરા કોલેજને અપાયેલ જમીનની દક્ષિણ હદે હદે ચાલી બેન્ક કોલોનીવાળા રસ્તાના મધ્યબિંદુ સુધી ત્યાંથી ઉત્તર તરફ બેન્ક કોલોનીવાળા રસ્તા પર વળી જઈ જમણા હાથે ચાલી પી.એચ.વાડીયાના પેટ્રોલપંપના પશ્ચિમ ઉત્તર ખુણા સુધીનો અંદરનો મ્યુનિસિપલ હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર /હદ
૧૩.	વોર્ડ નં. ૧૩ ના સમગ્ર ક્ષેત્રફળમાં આવતા રસ્તા અને ગલીઓ ઉપર આવેલ તમામ ઘરો અને મકાનો કર્લી પુલના ઝવેરીબાગ ઓક્ટ્રોય નાકા પાસેના જુની એ.સી.સી. (એચ.એમ.પી.) પ્રિમાઈસીસના પૂર્વ દક્ષિણ ખુણાથી શરૂ પશ્ચિમે વળી જઈ મહાત્મા ગાંધી રોડ ઉપર ડાબા હાથે ચાલી પશ્ચિમે સીધી લીટીમાં જડેશ્વર મહાદેવ મંદિર પાસેના રેલ્વે ક્રોસીંગને પસાર કરી સાયન્સ કોલેજ કમલા બાગની ઉત્તરે હદે હદે પશ્ચિમ તરફ ચાલી કમલાબાગ ચોક પસાર કરી સીટી બસ સ્ટોપના ખુણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ છાંયા ચોકી તરફ જતા રસ્તા પર વળી જઈ દક્ષિણે રસ્તાની જમણી બાજુ ચાલી રસ્તાની ગોળાઈમાંથી પસાર થઈ છાંયા ઓક્ટ્રોય ચોકીની ઉત્તરે આવેલ છાંયા રોડ પરના મકાનના દક્ષિણ પૂર્વ ખૂણા સુધી ત્યાંથી છાયા રોડ ક્રોસ કરી છાંયા ઓક્ટ્રોય ચોકી પાસે થઈ છાંયા કોઝવે રોડ પર જમણા હાથે

INDEX

વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડની હદનું વર્ણન

દક્ષિણ તરફ ચાલી પક્ષી અભ્યારયણના મુખ્ય રોડના મધ્યબિંદુ સુધી ત્યાથી પશ્ચિમે વળી જઇ પક્ષી અભ્યારણ્યના ઉત્તર રોડ પર પશ્ચિમે સીધી લીટીમાં ચાલી છાંયા ડ્રેનેજ પંપીગ સ્ટેશન પાસે થઇ માલદેવજી ઓડેદરા કોલેજને અપાયેલ જમીનની દક્ષિણ હદે હદે બેન્ક કોલોનીવાળા રસ્તાના મધ્યબિંદુ સુધી ત્યાંથી ઉત્તર તરફ બેન્ક કોલોનીવાળા રસ્તા પર વળી જઇ જમણા હાથે ચાલી પી.એચ.વાડીયાના પેટ્રોલપંપના પશ્ચિમ ઉત્તર ખુણા સુધી ત્યાંથી મહાત્મા ગાંધી રોડ પર પશ્ચિમ તરફ વળી જઇ હનુમાન ચોક ફુવારા તરફ રાજા ભાઇ લાદીવાળાના મકાનના ઉત્તર પશ્ચિમ ખુણા સુધી એટલે કે હનુમાન ચોક ફુવારાના ચોક સુધી ત્યાંથી વાડીયા રોડ પર દક્ષિણે વળી જઇ ડાબા હાથે ચાલી મીઠાવાળાના બંગલા પાસે થઇ ડી.એસ.પી. ઓફિસના દક્ષિણ પશ્ચિમ ખુણાથી સીધી લીટીમાં શાસ્ત્રી સર્કલ ફુવારાના ચોકના મધ્યબિંદુ સુધી ત્યાંથી પૂર્વે સો કેમ કોર્નર તરફ જતો માધવપુર સડકે ડાબી બાજુ ચાલી પ્રાગજી આશ્રમના ઉત્તર પૂર્વ ખુણા સુધી અને ત્યાંથી ઉત્તરે વળી જઇ છાંયા રણ પક્ષી અભ્યારણય તરફ ઉત્તર ગોળાર્ધમાં પૂર્વ તરફ લક્ષ્મીનગર સોસાયટી સર્વે નં. ૩૦ માં આવેલ વિસ્તાર તથા ગુજરાત હાઉસીંગ બોર્ડની કોલોની ઉત્તર હદે હદે એટલે કે પક્ષી અભ્યારણયની દક્ષિણ હદે હદે પૂર્વ તરફ છાંયા કોઝવે તરફ સીધી લીટીમાં ચાલી છાંયા કોઝવેના રસ્તાના મધ્યબિંદુ સુધી ત્યાંથી દક્ષિણે વળી જઇ છાંયા કોઝવેના રસ્તાની જમણી બાજુએ હદે હદે ચાલી ગુજરાત હાઉસીંગ બોર્ડના પૂર્વ દક્ષિણ ખૂણે થઇ સીધા દક્ષિણ તરફ સોકેમ કોર્નર ચોકમાંથી પસાર થઇ માધવપુર જતી સડકના ઝરીબાગ રોડના ખુણા સુધી એટલે કે ઝુરીબાગ વિસ્તારના પૂર્વ ઉત્તર ખુણા સુધી ત્યાંથી આગળ દક્ષિણે માધવપુર રોડ પર જમણા હાથે ચાલી જુના રાજમહેલના પૂર્વ ઉત્તર ખુણાના કોઠા સુધી ત્યાથી આગળ રાજમહેલનો દરવાજો મુકી દક્ષિણે સીધી લીટીમાં નગરપાલિકાના ઓક્ટ્રોય નાકા તરફના સર્વે નં. ૧૬ ના ઉત્તર પૂર્વ ખુણા સુધી ત્યાંથી પૂર્વે રસ્તો ક્રોસ કરી સૌરાષ્ટ્ર કેમિકલસ અને થર્મલ પાવર સ્ટેશન આગળ પૂર્વે પોરબંદરના સર્વે નં. ૨૧, ૨૪ ૨૭ની હદે હદે ચાલી સર્વે નં. ૫૧માં ઉત્તર - પૂર્વ ખુણા સુધી અને ત્યાંથી સર્વે નં. ૬૦ નો દક્ષિણ હદે હદે પૂર્વ તરફ ચાલી છાયા ગામના સર્વે નંબર ૩૯૨, ૩૯૧, ૩૯૦, ૩૮૭, ૩૮૬, ૩૭૯, ૩૭૬, ૩૭૫ની ઉત્તર હદે હદે ચાલી પોરબંદર શહેરના સર્વે નં. ૬૦ના દક્ષિણ પૂર્વ ખુણા સુધી ત્યાંથી પૂર્વ તરફ સર્વે નં. ૬૦ની હદે હદે ઉત્તર તરફ ચાલી સર્વે નં. ૬૦ના ઉત્તર પૂર્વ ખુણા સુધી અને ત્યાંથી સર્વે નં. ૬૦ ની ઉત્તર હદે હદે ખાડી કાંઠે કાંઠે ચાલી પોરબંદર ત્રવડાના સર્વે નં. ૬૦ ના દક્ષિણ છેડેથી પૂર્વ તરફ કલી પુલના પૂર્વ ઉત્તર ખુણા સુધી એટલે કે ઝવેરીબાગ ઓક્ટ્રોય ચોકી પાસેની જુની એ.સી.સી. ફેકટરીના પૂર્વ ઉત્તર ખુણા સુધીનો અંદરનો મ્યુનિસિપલ હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર /હદ.

૧૪. વોર્ડ નં. ૧૪ ના સમગ્ર ક્ષેત્રફળમાં આવતા રસ્તા અને ગલીઓ ઉપર આવેલ તમામ ઘરો અને મકાનો - શાસ્ત્રી સર્કલ ફુવારાના મધ્યબિંદુ સુધીથી પૂર્વે સો કેમ કોર્નર તરફ જતો માધવપુર સડકે ડાબી બાજુ ચાલી પ્રાગજી આશ્રમના ઉત્તર પૂર્વ ખુણા સુધી અને ત્યાંથી ઉત્તરે વળી જઇ છાંયા રણ પક્ષી અભ્યારણ તરફ ઉત્તર ગોળાર્ધમાં પૂર્વ તરફ લક્ષ્મીનગર સોસાયટી સર્વે નં. ૩૦ માં આવેલ વિસ્તાર તથા ગુજરાત હાઉસીંગ બોર્ડની કોલોની ઉત્તર હદે હદ એટલે કે પક્ષી અભ્યારણયની દક્ષિણ હદે હદે પૂર્વ તરફ છાંયા કોઝવે તરફ સીધી લીટીમાં ચાલી છાંયા કોઝવેના રસ્તાના મધ્યબિંદુ સુધી ત્યાંથી દક્ષિણે વળી જઇ છાંયા કોઝવેના રસ્તાની જમણી બાજુએ હદે હદે ચાલી ગુજરાત હાઉસીંગ બોર્ડના પૂર્વ દક્ષિણ ખૂણે થઇ સીધા દક્ષિણ તરફ સોકેમ કોર્નર ચોકમાંથી પસાર થઇ માધવપુર જતી સડકના ઝુરીબાગ રોડના ખુણા સુધી એટલે કે ઝુરીબાગ વિસ્તારના પૂર્વ ઉત્તર ખુણા સુધી ત્યાંથી આગળ દક્ષિણે માધવપુર રોડ પર જમણા હાથે

INDEX

વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડની હદનું વર્ણન

ચાલી જુના રાજમહેલના પૂર્વ ઉત્તર ખુણાનો કોઠા સુધી ત્યાથી આગળ રાજમહેલનો દરવાજો મુકી દક્ષિણે સીધી લીટીમાં નગરપાલિકાના ઓક્ટ્રોય નાકા તરફના સર્વે નં. ૧૬ ના ઉત્તર પૂર્વ ખુણા સુધી એટલે કે પોરબંદર શહેરના સર્વે નં ૨૧ ના દક્ષિણ પૂર્વ ખુણા સુધી ત્યાંથી ઓડદર માધવપુર જતી સડક પર સર્વે નં. ૧૬ ની હદે હદે ચાલી સર્વે .૧૬ ના ઉત્તર પૂર્વ ખુણા સુધી ત્યાંથી દક્ષિણે વળી જઇ સર્વે નં. ૧૬ ની હદે હદે ચોબારી વચ્ચે ક્રોસ કરી સર્વે નં. ૧૬ ના પૂર્વ દક્ષિણ ખુણા સુધી દરિયાના કિનારા સુધી ત્યાંથી પશ્ચિમે વળી જઇ દરિયાના કિનારે કિનારે સીધી લીટીમાં સર્વે નં. ૧૬ ના દક્ષિણ પશ્ચિમ ખુણાના બિંદુમાંથી પસાર થઇ પશ્ચિમ તરફ સમુદ્રના કિનારે કિનારે હજુર પેલેસની દક્ષિણ બાજુએ દરિયાના કિનારે કિનારે ચાલી હજુર પેલેસના પશ્ચિમ દક્ષિણ ખુણાની દક્ષિણે સીધી લીટીમાં દરીયાના કાંઠાના બિંદુ સુધી ત્યાંથી ઉત્તરે ચોપાટી વિલા સર્કીટ હાઉસની પૂર્વે આવેલ ગેઇટમાથી પસાર થઇ કનકાઇ માતાના મંદિરની જમણી બાજુ આવરી લઇ લાલબંગલાના દક્ષિણ પશ્ચિમ ખુણા સુધી ત્યાંથી ઉત્તરે લાલબંગલા રોડ ઉપર જમણા હાથે ચાલી ઉત્તરે આવેલ શાસ્ત્રી સર્કલ ફુવારાના મધ્યબિંદુ સુધીનો અંદરનો મ્યુનિસિપલ હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર /હદ.

તા. ૧૬-૪-૧૯૯૪.

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 58 REGISTERED NO. G/GNR/2.

The Gujarat Government Gazette
EXTRAORDINARY
PUBLISHED BY AUTHORITY

VOL. XXXV] SATURDAY, APRIL 16, 1994/ CAITRA 26, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ

ગુજરાત રાજ્ય

ગાંધીનગર.

ક્રમાંક : સમક : ૧૯૪૨ : ૯૪

વેરાવળ-પાટણ (સંયુકત) નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ.

ભારતનાં સંવિધાનના ૭૪માં સુધારાને અનુલક્ષીને ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ ૧૯૬૩માં રાજ્ય સરકારે ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ ૧૯૯૩ અન્વયે મહત્વનાં સુધારા કરેલાં છે. આ અધિનિયમની કલમ- ૬, પેટા કલમ-૪ અન્વયે નગરપાલિકાની ચૂંટણી, મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી પંચમાં નિહીત થશે. તેવી જોગવાઇ કરેલી છે. અને રાજ્ય ચૂંટણી પંચે કલમ ૬, પેટા કલમ-૫ અન્વયે રાજ્ય સરકારે કરેલાં નિયમો અનુસાર અધિનિયમની જોગવાઇઓને આધીન રહીને ચૂંટણી કરવી જોઇએ.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ- ૭ પેટા કલમ- ૨ તથા કલમ- ૬ની પેટા કલમ-૩ અન્વયે જાહેરનામા ક્રમાંક : કેવી ૨૯૮-૯૩ એન.પી.બી -૩૦૯૩-૫૬૪૬ -(૨૧) -આર, તા.૧૮:૧૨:૯૩ જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ

INDEX

કરવામાં આવ્યો છે. તે અન્વયે વેરાવળ - પાટણ શહેરનાં નગરપાલિકાને જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેના સન ૧૯૯૧નાં વસ્તી ગણતરીના આખરી આંકડા પ્રસિદ્ધ થયા છે. તેના આધારે ૧૪ વોર્ડોમાં વહેચવામાં આવેલ છે. નગરપાલિકાના કાઉન્સિલરોની કુલ બેઠકો ૪૨ નક્કી કરવામાં આવી છે. જાહેરનામા અન્વયે અનુસૂચિત જાતિ અનુસૂચિત આદિજાતિ તથા પછાતવર્ગ તેમજ મહિલા માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલી છે.

૩. ચૂંટણી પંચે અધિનિયમની કલમ- ૭ પેટા કલમ- ૨ ખંડ- ૩ પેટા ખંડ: ખ: અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડોમાંની અનુ.જાતી અનુસૂચિત આદિજાતી, પછાત વર્ગની તથા મહિલાની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજ્ય સરકારે તેમના જાહેરનામા ક્રમાંક :કેવી:૪૯:૧૯૯૪: એન.પી.એલ :૪૫૯૩ :૩૬૫૫:એમ તા.૧૬-૩-૯૪.અન્વયે અધિનિયમની કલમ- ૨૭૭ની પેટાકલમ ૨ તથા કલમ- ૬ તથા ૭ અન્વયે વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણીનાં નિયમો ૧૯૯૪ જેને હવે પછી નિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે બહાર પાડેલ છે.

૫. નિયમોના નિયમ- ૨ અન્વયે નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શક્ય હોય ત્યાં સુધી બધાજ વોર્ડોની વસ્તી એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડોની સરેરાશ વસ્તીથી કોઇ પણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહિ તે પ્રમાણે વોર્ડની રચના કરવાની રહે છે. આમ છતાં ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એક જુથતા તથા ભૌગોલિકતા નજીકપણા કે બીજા અન્ય પરિબળોને તુલનામાં લેતા ૧૦ ટકા વધુ વધ કે ઘટ કરીને વોર્ડની રચના કરી શકાશે.

૬. પંચે નધરપાલિકાના વોર્ડોનાં સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે. તેમજ સને ૧૯૪૮ના સેન્સસ એકટ મુજબ સને. ૧૯૯૧ના વસ્તી ગણતરીનાં છેવટનાં પ્રસિધ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં શહેરની કુલ વસ્તી ૧,૧૫,૬૩૯ આવે છે. જાહેરનામા મુજબ શહેરને ૧૪ વોર્ડોમાં વહેચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૮૨૫૯ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની પંચે કાર્યાલયના અધિકારી /કર્મચારી મારફત ચકાસણી કરાવેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડનું સીમાંકન કરવાનું ધાર્યું છે તેમાં વોર્ડ નં. ૧૨,૧૩,૧૪ સિવાય કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વસ્તી વધતી નથી કે ૧૦ ટકાથી વસ્તી ઘટતી નથી.

વેરાવળ-પાટણ સંયુકત નધરપાલિકા છે તેમજ બન્નેની રેવન્યુ હદ અલગ અગલ છે. વધુમાં ભૌગોલિક દ્રષ્ટિએ વેરાવળની વસ્તી પ્રભાસ-પાટણના વોર્ડમાં એડજેસ્ટ કરી શકાય તેમ નથી. તેવું કારણ વહીવટદાર, વેરાવળ-પાટણ સંયુકત નગરપાલિકાએ બતાવેલ છે. જે ગ્રાહય રાખવાપાત્ર છે. અને તેટલા પુરતું વોર્ડ નં. ૧૨,૧૩,૧૪ નો ઘટાડો માન્ય રાખવાપાત્ર છે.

૮. શહેરનાં ૧૪ વોર્ડોને નિયમ- ૩ની જોગવાઇઓને ધ્યાનમાં લઈ આ સાથે અનુસૂચિ -૧માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે. આ સીમાંકન નક્કી કરવામાં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજૂથતા, નદી, રેલ્વેલાઈન, રોડલાઈન વગેરે કારણે બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને એકસરખા વોર્ડ-૧૪ બની રહે તે મુદ્દો વિચારણામાં લઈ વોર્ડોનું સીમાંકન નક્કી કરેલું છે.

૯. નિયમોના નિયમ- ૪ અન્વયે દરેક વોર્ડમાં ત્રણ કાઉન્સિલર ચૂંટવાના છે. નિયમ- ૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક બીનઅનામત એટલે કે સામાન્ય બેઠક બની રહેશે. જ્યારે બીજી બેઠક મહિલા, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની મહિલા સહિત, માટે અનામત રાખવાની છે. જ્યારે ત્રીજી બેઠક જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગને ફાળવવાની રહેશે અને તેવી ફાળવણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો તે બિનઅનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે.

૧૦. નિયમોના નિયમ- ૬ અન્વયે, અનુસુચિત જાતિ, અનુસૂચિત આદિજાતિની દરેક વોર્ડની વસ્તીની ટકાવારીનાં ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તી (સંખ્યા) વધુ હોય એટલે કે ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી

INDEX

ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ/મહિલા બેઠક સહીતની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ વસ્તી હોય એટલે કે ટકાવારી ઊંચી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારીત કરેલ છે,

૧૧. જાહેરનામા અન્વયે શહેર માટે ૨ બેઠકો અનુસુચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે અને ૨ બેઠકો પૈકી ૧ બેઠક અનુસૂચિત જાતિ ની મહિલા માટે અનામત રાખવાનું નિર્ધારીત કર્યુ છે.

૧૨. પંચે એકઠી કરેલી માહિતી મુજબ શહેરનાં જુદા જુદા ૧૪ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	અનુ.જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ.જાતિની વસ્તીની ટકાવારી
૧.	૨	૮૦૩૫	૧૮૭૭	૨૩.૩૬%
૨.	૫	૮૭૭૦	૧૪૦૨	૧૫.૯૯
૩.	૧૨	૭૨૯૦	૫૮૧	૭.૯૭
૪.	૧૪	૭૧૮૧	૪૧૯	૫.૮૩
૫.	૪	૮૮૧૩	૪૬૫	૫.૨૮
૬.	૧	૮૪૪૮	૨૧૩	૨.૫૨
૭.	૧૧	૮૮૭૦	૧૫૯	૧.૭૯
૮.	૬	૭૫૫૨	૮૪	૧.૧૧
૯.	૩	૮૫૫૧	૪૮	૦.૫૬
૧૦.	૭	૮૨૦૩	૨૮	૦.૩૪
૧૧.	૧૩	૭૧૯૨	૧૬	૦.૨૨
૧૨.	૯	૮૮૬૦	-	-
૧૩.	૮	૮૯૮૭	-	-
૧૪.	૧૦	૮૮૮૭	-	-

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં. ૨ તથા ૫ માં અનુસૂચિત જાતિની બેઠક નિયમોના નિયમ- ૬ (અ) હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે. અને તે મુજબ ફાળવવામાં આવે છે.

૧૪. અનુસૂચિત જાતિની મહિલા અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસ્તીની ઉતરતા ક્રમમાં ટકાવારી જોતાં ત્રણે વોર્ડ પૈકી ત્રીજા ક્રમે આવતા વોર્ડમાં મહિલા બેઠક ફાળવવી તેમ પંચ માને છે. પરંતુ જાહેરનામા અન્વયે આ વર્ગ માટે બે બેઠકો નિર્ધારીત થયેલ છે અને તે પૈકી એક બેઠક મહિલા માટે અનામત નિર્ધારીત થયેલ છે. જેથી આ શહેર પુરતો માપદંડમાં ફેરફાર કરી ટકાવારીના ઉતરતા ક્રમમાં બીજા નંબરે આવતા વોર્ડને મહીલા બેઠક ફાળવવાની તેમ પંચ માને છે. આ મુજબ ફાળવણી કરતાં પણ નિયમો અન્વયે દરેક વોર્ડમાં એક મહિલા, એક સામાન્ય બેઠક ફાળવવાની જોગવાઇ છે. તેનું ખંડન ન થાય તેની તકેદારી રાખવાની રહે છે.

INDEX

૧૫. અનુસુચિત જાતિની બેઠક વોર્ડ નં. ૨ તથા ૫ માં નિયમોના નિયમ ૬:અ: અન્વયે ફાળવવામાં આવે છે. તે પૈકી મહિલા માટે બેઠકની વ્હેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

વોર્ડ નંબર	બેઠક
૨	અનુસુચિત જાતિ
૫	અનુસૂચિત જાતિ મહિલા

૧૬. નગરપાલિકાની રચના માટે જાહેરનામા અન્વયે અનુસૂચિત આદિજાતિ માટે કોઇ બેઠક અનામત રખાયેલ ન હોઇ ફાળવણી કરવી જરૂરી નથી. અને ફાળવણી કરવામાં આવતી નથી.

૧૭. જાહેરનામા મુજબ ૪ બેઠકો પછાતવર્ગો માટે ફાળવેલ છે તે પૈકી એક બેઠક આ વર્ગની મહિલા માટે અનામત રખાઈ છે.

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો- ૧૯૯૪નાં નિયમ-૬ (બી) હેઠળ રાજ્ય ચૂંટણી પંચેપછાત વર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. જેના મહત્વનાં પ્રબંધ નીચે પ્રમાણે છે.

(૧) માન્ય રાજકીય પક્ષો તરફથી મળેલ માહિતીનાં અભ્યાસ પરથી જે શહેરનાં જે જે વોર્ડોમાં પછાતવર્ગની વસ્તીનાં ધોરણને અનુલક્ષીને જે સર્વ સામાન્ય વોર્ડો હોય તે તે વોર્ડોમાં પછાતવર્ગ માટે અનામત બેઠક ફાળવવાની રહેશે.

(૨) મ્યુનિસિપલ ચીફ ઓફીસર તરફથી છેલ્લી ચૂંટણીમાં જે વોર્ડમાંથી પછાતવર્ગનાં ઉમેદવારો ચૂંટાઈને કોર્પોરેટર તરીકે પદધારણા કરતાં હતા તે વોર્ડમાં ઉપર અનુક્રમ નં. ૧ માં જણાવેલ વોર્ડોમાં બેઠક ફાળવ્યા પછી નિયત સંખ્યા સુધીમાં ફાળવવાની રહેશે.

આથી સ્પષ્ટતા કરવાની કે જુના વોર્ડોનું સીમાંકન અને નવા વોર્ડોના સીમાંકનમાં ફેરફાર હોય તો જુના વોર્ડોનો મોટા ભાગનો જે વિસ્તાર જે જે નવા વોર્ડોનાં સીમાંકનમાં સમાવિષ્ટ થતો હોય તેવા નવા વોર્ડમાં પછાતવર્ગની બેઠક ફાળવવાની રહેશે.

(૩) પછાત વર્ગ માટે અનામત રાખેલી કુલ બેઠકો પૈકી ૧:૩ બેઠકો મહિલા માટે જાહેરનામા અન્વયે અનામત રખાઈ છે. આમ ત્રણ બેઠકો પૈકી એક બેઠક મહિલા માટે અનામત રાખવામાં આવી છે. આ મહિલાનું પ્રમાણ ૧:૩ રહે છે. તેથી તાર્કીક રીતે વિચારતા દર ત્રણ બેઠકો પૈકી ત્રીજી બેઠક મહિલા માટે ફાળવવી તેમ પંચ સ્વિકારે છે.

(૪) પરંતુ જો આ રીતે વોર્ડમાં પછાત વર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસુચિત જાતિ અથવા અનુ. આદિજાતિ માટે મહિલા બેઠક ફાળવી હોય તો તે વોર્ડને બદલે તે પછી અનુક્રમે જે વોર્ડ આવે તે વોર્ડમાં પછાતવર્ગની મહિલા બેઠક ફાળવવી.

માન્ય રાજકીય પક્ષોને પંચ તરફથી નગરપાલિકાઓના કયા વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવી તે અંગે સુચનો મોકલવા આ કાર્યાલય તરફથી વિનંતી કરવામાં આવેલ. પરંતુ કોઈ માન્યરાજકીય પક્ષ તરફથી હજુસુધી સુચનો કરવામાં આવ્યા નથી.

પંચે અપનાવેલા માપદંડ મુજબ ચીફ ઓફીસર પાસેથી ગત ચૂંટણીમાં પછાતવર્ગનાં કાઉન્સિલરો જુના કયા વોર્ડમાંથી ચૂંટાયા હતા અને તે સમગ્ર વોર્ડોનો કે તે વોર્ડોના મોટા ભાગનો વિસ્તાર નવા કયા વોર્ડમાં સમાવિષ્ટ થાય છે તેની માહિતી મેળવવામાં આવી છે તે ચકાસતા, નીચે મુજબ હકીકત જણાય છે.

સને ૧૯૮૫ની ચૂંટણીમાં બક્ષીપંચના ૨૪ કાઉન્સીલરો જુદા જુદા વોર્ડમાંથી ચૂંટાયા હતા. આ કાઉન્સીલરોના વિસ્તારના નવા સુચીત વોર્ડ કયા થાય છે તેની માહિતી નીચે મુજબ છે.

INDEX

સૂચિત વોર્ડ નંબર	ચૂંટાયેલા કાઉન્સીલરોની સંખ્યા
૧૦	૫
૮	૩
૯	૩
૧૩	૩
૭	૨
૧૧	૨
૩	૧
૫	૧
૧૨	૧
૧૪	૧
૪	૨

વહીવટદારશ્રી સ્થાનિક અધિકારી તરીકે સૂચિત વોર્ડોમાં બક્ષીપંચની વસ્તી ધોરણે જો વોર્ડો ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય તેમ જણાવે છે.

અનુ.નં.	સૂચિત વોર્ડ ક્રમાંક
૧	૧૦
૨	૯
૩	૮
૪	૧૩
૫	૭
૬	૧૧
૭	૪
૮	૫
૯	૧૨
૧૦	૧૪

બંને પ્રકારની માહિતીની તુલના કરતાં વોર્ડ નં. ૧૦, ૯, ૮, ૧૩ જે ઉતરતા ક્રમમાં પ્રથમ ચાર ક્રમમાં દર્શાવ્યા છે તે માહિતી અને ૧૯૮૫ની ચૂટણીના પરિણામો સાથે ચકાસતાં યથાર્થ હોવાનું જણાય છે. તેથી પંચ વોર્ડ નં. ૧૦, ૮, ૯ તથા ૧૩માં પછાત વર્ગ માપદંડ મુજબ અનામત રાખવાનું મુનાસીબ સમજે છે. અને તેથી વોર્ડ નં. ૮, ૯, ૧૦ તથા ૧૩ પછાત વર્ગ માટે અનામત રાખવાનું અને તે પૈકી વોર્ડ નં. ૧૦ પછાત વર્ગ મહીલા માટે અનામત રાખવાનું પંચ ઠરાવે છે.

INDEX

૧૯. આ પ્રમાણે અનુસુચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા પછાત વર્ગોની મહિલા અનામત બેઠકની ફાળવણી કર્યા પછી મહિલા અનામત બેઠક અને સામાન્ય ઉમેદવારોને બાકી રહેતી બેઠક ફાળવવામાં આવે છે.

૨૦. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને નિયમોનાં નિયમ-૩ અન્વયે શહેરોને આ સાથે સંલગ્ન અનુસૂચિ-૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે. અને આ સાથે અનુસુચિ-૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

૨૧. આ પ્રમાણે વોર્ડોનું વિભાજન અને હદરેખા નકકી કરવાનું અને વોર્ડની બેઠકની ફાળવણીનો મુસદો જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

૨૨. ઉપર પ્રમાણે વોર્ડોની હદરેખા નકકી કરવામાં આવે છે. અને ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે. તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ શખ્સને જાહેર જનતાને સલાહ - સુચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૫ દિવસમાં રાજય ચૂંટણી પંચ બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળે, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા. મુદત વિત્યે આવેલ સુચનો ધ્યાનમાં લેવામાં આવશે નહી.

૨૩. રાજય ચૂંટણી પંચે નગરપાલિકાના વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદો છેવટના કરતાં પહેલાં લોકપ્રતિનિધિત્વ ધારો -૧૯૫૧ અન્વયે માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરુરી પરામર્શ કરશે.

તારીખઃ ૧૬/૪/૧૯૯૪.

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજય ચૂંટણી પંચ.

INDEX

અનુસૂચિ - ૨

રાજ્ય ચૂંટણી પંચ ,

ગુજરાત રાજ્ય, ગાંધીનગર

વેરાવળ-પાટણ(સંયુક્ત) નગરપાલિકાની કુલ વસ્તી : ૧,૧૫,૬૩૯

કુલ વોર્ડોની સંખ્યા : ૧૪

વોર્ડ દીઠ સરેરાશ વસ્તી : ૮૨૫૯

સરેરાશ વસ્તી ૧૦ ટકા વધ મુજબ : ૯૦૮૪

સરેરાશ વસ્તી ૧૦ ટકા ઘટ મુજબ : ૭૪૩૪

બેઠકોની સંખ્યા : ૪૨

મહિલા બેઠકો : ૧૪

૧ બેઠક અનુસૂચિત જાતી

અનુસૂચિત આદિજાતિ માટે કોઈ નહી.

૧ બેઠક પછાત વર્ગની મહિલા સહિતની.

અનુસૂચિત જાતી માટે અનામત બેઠકોની સંખ્યા : ૨ પૈકી ૧ મહિલા માટે.

અનુસૂચિત આદિજાતિ માટે કોઈ નહી.

પછાત વર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા : ૪ તે પૈકી ૧ મહિલા માટે.

કુલ અનામત બેઠકોઃ ૧૮ સામાન્ય બેઠકો : ૨૪

અ.નં	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી બીન અનામત	બીજી બેઠકની ફાળવણી મહિલા અનામત	ત્રીજી બેઠકની ફાળવણી
૧.	૧	૮૪૪૮	સામાન્ય	સામાન્ય	સામાન્ય.
૨.	૨	૮૦૩૫	સામાન્ય	સામાન્ય	અનુ.જાતિ.
૩.	૩	૮૫૫૧	સામાન્ય	સામાન્ય	સામાન્ય.
૪.	૪	૮૮૧૩	સામાન્ય	સામાન્ય	સામાન્ય.
૫.	૫	૮૭૭૦	સામાન્ય	અનુ.જાતિ	સામાન્ય.
૬.	૬	૭૫૫૨	સામાન્ય	સામાન્ય	સામાન્ય.
૭.	૭	૮૨૦૩	સામાન્ય	સામાન્ય	સામાન્ય.
૮.	૮	૮૯૮૭	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ.
૯.	૯	૮૮૬૦	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ.
૧૦.	૧૦	૮૮૮૭	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય.

અ.નં	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી બીન અનામત	બીજી બેઠકની ફાળવણી મહિલા અનામત	ત્રીજી બેઠકની ફાળવણી
૧૧.	૧૧	૮૮૭૦	સામાન્ય	સામાન્ય	સામાન્ય.
૧૨.	૧૨	૭૨૯૦	સામાન્ય	સામાન્ય	સામાન્ય.
૧૩.	૧૩	૭૧૯૨	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ.
૧૪.	૧૪	૭૧૮૧	સામાન્ય	સામાન્ય	સામાન્ય.

તારીખ: ૧૬-૪-૧૯૯૪

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ

INDEX

અનુસૂચિ - ૧

પત્રક -૪

વેરાવળ- પાટણ સંયુક્ત નગરપાલિકા જીલ્લો : જુનાગઢ

વોર્ડ નંબર	ઇલેકશન વોર્ડની હદનું વર્ણન
૧.	રેયોન ફેકટરીના મેઇન ગેઇટથી શુરુ કરી પશ્ચિમ તરફ ફેકટરીની દિવાલે અંદરથી આગળ વધી લેબર કવાર્ટર આવરી લઇ ત્યાંથી ફેકટરીમાં અંદર થઇને પશ્ચિમે આવેલા રેયોન ગેસ્ટ હાઉસ તથા તેની અંદરનો તમામ વિસ્તાર આવરી લઇને રેયોન ફેકટરીના મેઇન ગેઇટથી બહાર નીકળી ઉતર તરફ વળી જૂનાગઢ હાઇવે રોડની ડાબી બાજુ ચાલી આગળ વધીને જુનાગઢ નવા ઓકટ્રોય નાકા આજુબાજુનો વિસ્તાર આવરી લઇને દેવકા નદી સુધી નગરપાલિકાની હદ સુધી જઇ ત્યાંથી હાઇવે ક્રોસ કરી પુર્વ તરફ વળી નદીના કિનારે કિનારે આગળ વધી વેરાવળ જુનાગઢ રેલ્વે લાઇન સુધી જઇ ત્યાંથી દક્ષિણ તરફ વળી રેલ્વેની જમણી બાજુ આગળ વધી તાજ સોસાયટીના ફાટક સુધી જઇ ત્યાંથી પશ્ચિમ તરફ વળી ૮૦ ફુટ- ના રોડ ઉપર જમણી બાજુનો વિસ્તાર આવરી લઇ આગળ લઇ આગળ વધી વેરાવળ જુનાગઢ હાઇવે સુધી ૬૬ કે.વી. સ્ટેશન સુધી જઇ હાઇવે ક્રોસ કરી ફેકટરીના મેઇન ગેઇટ સુધીનો અંદરનો તમામ મ્યુનીસિપલ હદમાં સમાવિષ્ટ વિસ્તાર
૨.	રેલ્વે વર્કશોપથી શુરુ કરી રેલ્વે લાઇને ઉત્તર તરફ આગળ વધી રમણભાઇના પ્રેસ પાસેથી આગળ વધી જલારામ ટેનામેન્ટ વિસ્તારને આવરી લઇ તાલાલા રેલ્વે લાઇનની જમણી બાજુ ચાલી આગળ વધી વેરાવળ તાલાલા હાઇવે રોડ ઉપરના ફાટક સુધી જઇ ત્યાંથી દક્ષિણ તરફ વળી તાલાલા વેરાવળ રોડ તરફ આઇ. ડી. ચૌહાણ હાઇસ્કુલ પાસે થઇ સોમનાથ ટોકીઝ પાછળનો તમામ સોસાયટી વિસ્તાર આવરી લઇ દક્ષિણ તરફ આગળ વધી જુના દારુપીઠા, ફીશરીઝ સંશોધન કેન્દ્ર થઇ ગઢીયા ટ્રાન્સપાર્ટ સુધી આવી વેરાવળ ઉના હાઇવે રોડ ક્રોસ કરી પૂર્વ દિશા તરફ વળી રોડની જમણી બાજુ ચાલી આગળ વધતા સોમનાથ જતા રોડ ઉપર સરકારી ગોડાઉનથી આગળ વધી પોર્ટ ફીશરીઝની દિવાલ સુધી જઇ ત્યાંથી પશ્ચિમ તરફ દિવાલે દિવાલે આગળ ચાલી હાડી હરીજન વાસ તથા વણકર વાસનો તમામ વિસ્તાર આવરી લઇ સોમનાથ રોડ ઉપર ઇમ્પીરીયલ વે બ્રીજ પાસે આવી સાઇડીંગ રેલ્વે લાઇને જમણી બાજુ આગળ વધી રેલ્વે કોલોની તથા શાહીગરા કોલોની સહિતનો તમામ મ્યુનીસિપલ હદમાં સમાવિષ્ટ થતો વિસ્તાર
૩.	રેયોન ફેકટરી સામે ૮૦ ફુટના રોડ ઉપર જી.ઇ.બી.ની ખુલ્લી જમીનની કમ્પાઉન્ડ વોલના ખૂણાથી શુરુ કરી ત્યાથી પુર્વ તરફ રોડની જમણી બાજુએ આગળ ચાલી મહાલક્ષ્મી એપાર્ટમેન્ટ સુધી જઇ આગળ વધી રેલ્વે ફાટક પાસે આવી ત્યાથી દોલતપ્રેસ જતા દક્ષિણ તરફના રસ્તા ઉપર જમણી બાજુએ ચાલી દોલતપ્રેસ પાસે આવી ત્યાંથી રોડ ક્રોસ કરી સ્ટેશન ઓકટ્રોય નાકા પાછળથી ઘાસ માર્કેટ થઇ મોદી મશિનરીના ખૂણાથી પશ્ચિમ તરફ વળી ઉના વેરાવળ રોડ ઉપર જમણી બાજુ ચાલી આગળ વધી અનીલ એન્જીનીયરીંગ, આરાધના સિનેમા, પ્રકાશ કોમ્પલેકસ સુધી જઇ પાણીની ટાંકીના સામેના પ્રકાશ કોમ્પલેકસ મુખ્ય રોડ ઉપર જે. કે. એજન્સીના ખૂણાથી ઉતર તરફ જમણી બાજુ ચાલી દિવ્ય દિપ ટાઇપ કલાસના ખૂણા સુધી જઇ રેયોન ફેકટરી હાઉસીંગ સોસાયટીનો તથા રેયોન કવાર્ટસનો તમામ વિસ્તાર આવરી લઇ પશ્ચિમે આગળ વધી નવી પોષ્ટ ઓફીસની ઉત્તર બાજુની દિવાલ લગોલગ આગળ જઇ

INDEX

વોર્ડ નંબર	ઇલેકશન વોર્ડની હદનું વર્ણન

અલાણા મીલની દિવાલ સુધી જઇ ત્યાંથી ઉત્તરે વળી આગળ વધી લીલાશા નગરની દિવાલેથી આગળ વધી એસ.ટી.ની દિવાલના ખુણા સુધી જઇ ત્યાંથી પશ્ચિમે વળી એસ.ટી.ની દિવાલે આગળ વધી રેયોન કવાર્ટસ આવરી લઇ નિશા ટ્રાવેલ્સ સામેના એસ.ટી.ના ખૂણા સુધી જુનાગઢ હાઇવે સુધી આવી ત્યાંથી ઉત્તર તરફ વળી જુનાગઢ હાઇવે રોડે જમણી બાજુ ચાલી આગળ વધી ૮૦ ફુટના રોડના જી.ઇ.બી. ની ખુલ્લી જમીનના કમ્પાઉન્ડ વોલના ખૂણા સુધીનો અંદરનો તમામ વિસ્તાર

૪. બિરલા મંદિરના મુખ્ય દરવાજાની દિવાલથી શુરુ કરી ઉત્તર દિશા તરફ આગળ વધી દેવકા નદી તરફ મચ્છીયાર વાડા વિસ્તારને આવરી લઇને ફરી પાછા બિરલા મંદિરના દરવાજા સુધી આવી રોડ ક્રોસ કરી ડાબી બાજુ આગળ ચાલી રાજેન્દ્ર ભુવન ગેસ્ટ હાઉસ, મ્યુનીસીપલ હોસ્પીટલ થઇ ટાવરચોકમાં આવેલ ભગવાન નિવાસ બીલ્ડીંગ સુધી આવી ત્યાંથી જુનાગઢ હાઇવે ઉપર ઉત્તર દિશા તરફ વળી આગળ વધી રીધ્ધી સિધ્ધી એપાર્ટમેન્ટથી કારડીયા બોર્ડીંગ, ઇન્ડીયન રેયોન સ્કુલથી આગળ વધી ઇન્ડીયન રેયોનના મેઇન ગેઇટ પાસેના જુના જુનાગઢ ઓકટ્રોય નાકા સુધી જઇ ત્યાંથી રેયોનની દિવાલે પશ્ચિમ તરફ આગળ વધી નવા રબારીવાડા વિસ્તારને આવરી લઇ મફતીયા પરા તથા આજુબાજુનો તમામ વિસ્તાર આવરી લઇ આગળ વધી બિરલા મંદિર ના ગેઇટ સુધીનો અંદરનો તમામ વિસ્તાર (રેયોન ફેકટરીની દિવાલને લાગુ લેબર કવાર્ટર સિવાય)

૫. ફીશરીઝ ટ્રેનીંગ સેન્ટરથી શુરુ કરી દક્ષિણ દિશાએ રાજેન્દ્ર ભુવન રોડ ઉપર રોડની જમણી બાજુ કોર્મસ કોલેજ તથા નવી મામલતદાર કચેરી પાસે થઇને નગરપાલિકાના નવા શોપીંગ સેન્ટર, પબ્લીક ગાર્ડન પાસે આવી ત્યાંથી દક્ષિણ તરફ વળી બંદરરોડ ઉત્તર રોડની જમણી બાજુ આગળ વધી પેટ્રોલ પમ્પ પાસે થઇને તાલુકા શાળા થઇ કન્યાશાળા, નગરપાલિકા કચેરી પાસે આવી રોડ ક્રોસ કરી બંદરરોડ ઉત્તર આગળ વધી કે.પી. શાહ બીલ્ડીંગ પાસે થઇ જુની ઓબ્ઝરવેટરી થઇ મચ્છી માર્કેટ, મટન માર્કેટ, થઇને દરિયા કિનારે ઉત્તર તરફ મ્યુનીસીપલ હદે આગળ વધી હરિજન વાસ, કબ્રસ્તાન, ડી.વાય.એસ.પી. બંગલો (દિવા દાંડી) લાઇટ હાઉસ થઇ આગળ વધી ફીશરીઝ ટ્રેનીંગ સેન્ટર સુધીનો અંદરનો ખડખડ, ઘનશ્યામ પ્લોટ સહિતનો તમામ વિસ્તાર રામભરોસા પોલીસ ચોકી સામે મદનજી જુઠાના મકાનમાં આવેલ કસ્ટમ ઓફીસના ખૂણાથી શુરુ કરી દક્ષિણ તરફ વળી જૈન દવાખાના, પોષ્ટ ઓફીસ રોડ ઉપર જમણી બાજુ ચાલી આગળ વધી ચારચોક સુધી આવી પારેખ સેલ્સ એજન્સીઝથી પશ્ચિમ દિશાએ વળી સક્કાબજાર રોડ ઉપર આગળ વધી સ્વામીનારાયણ મંદિર થઇ ડાયમંડ ટોકીઝથી લાયબ્રેરીના ખૂણા સુધી આવી ત્યાંથી ઉત્તર તરફ વળી ટાવર તરફ રોડની જમણી બાજુ આગળ વધી જુની કોર્ટ બીલ્ડીંગથી થઇ ટોવરચોકમા આવેલ મકલાઇની દુકાનના ખૂણે આવી જુનાગઢ હાઇવેની ઉત્તર તરફ રોડની જમણી બાજુ આગળ ચાલી લીલાશા નગર એસ.ટી.બસ સ્ટેન્ડ થઇ નિશા ટ્રાવેલ્સના સામેના એસ.ટી.ની દિવાલના ખૂણાથી પુર્વ તરફ વળી આગળ વધી એસ.ટી.દિવાલના ખૂણા પાસેથી દક્ષિણ તરફ વળી દિવાલે દિવાલે આગળ વધતા લીલાશા નગરની દિવાલથી આગળ વધી અલાણા મીલની દિવાલે આગળ જઇ ત્યાંથી પુર્વ તરફ વળી નવી પોસ્ટ ઓફિસની ઉત્તર દિશાની દિવાલની લગોલગ ચાલી કોલીવાડાનો મેટલરોડ ક્રોસ કરી મહાવીર આઇસ ફેકટરીની દિવાલે આગળ વધી રાધા કિષ્ના મંદિરના ખૂણાથી દક્ષિણ તરફ વળી પ્રકાશ કોમ્પ્લેકસના રોડની જમણી બાજુ આગળ વધી ગીરીરાજ ગેસ્ટ હાઉસનાં ખૂણા સુધી આવી વેરાવળ ઉના હાઇવે રોડ ક્રોસ કરી પાણીની ટાંકી તરફ આવી પુર્વ તરફ વળી રોડની જમણી બાજુ ચાલી આગળ

INDEX

વોર્ડ નંબર	ઇલેકશન વોર્ડની હદનું વર્ણન

વધી વેરાવળ ઉના હાઇવે ઉપર આગળ વધી પાવર હાઉસ પાસે થઇ શ્રી નિવાસ આરામ ગૃહ થઇ ત્રિવેણી આંખની હોસ્પીટલ સુધી જઇ ત્યાંથી દક્ષિણ તરફ વળી ગંજીપીરની ગલીમાંથી સ્ટેશન રોડ સુધી આવી રોડ ક્રોસ કરી રામભરોસો પોલીસ ચોકી સામે મદનજી જુઠાના મકાનમાં આવેલ કસ્ટમ ઓફિસના ખૂણા સુધીનો અંદરનો નાના મોટા કોલીવાડા સહિતનો તમામ વિસ્તાર

૭. ત્રિકોણીયા પોલીસ ચોકી સામેના ગંજીપીર ગલીના નાકે આવેલ મહાલક્ષ્મી એન્જીનીરીંગથી શરુ કરી દક્ષિણ તરફ રોડની ડાબી બાજુ ચાલી આગળ વધી ચોરચોકમાં વિજય મશીનરી સુધી આવી ચોરચોક ક્રોસ કરી શકિત ટ્રેડીંગ સુધી આવી પશ્ચિમ તરફ વળી સટ્ટાબજાર તરફ આગળ વધી આર.આર પાનવાળાની દુકાન સુધી આવી ત્યાંથી દક્ષિણ તરફ વળી આગળ સુભાષરોડ ઉપર ડાબી બાજુ ચાલી ખોજાખાના પાસે થઇ રઘુવંશી ઇલેકટ્રીક સ્ટોર્સ પાસેની મનસુખલાલ ભુટાભાઇની સોનીની દુકાન સુધી આવી ત્યાંથી પૂર્વ તરફ વળી ડાબી બાજુ ચાલી મહાત્મા ગાંધી રોડ તરફ આગળ વધી મહારાજના ડેલા પાસે થઇ મીનરવા કોલ્ડ્રીકસ પાસેથી આગળ વધી આરબચોકમાં આવેલ વિકલ ધારશીના તેલના ઘાણા સુધી આવી રોડ ક્રોસ કરી આરબચોક મસ્જીદ તરફ આવી દક્ષિણ તરફ વળી રોડની ડાબી બાજુ ચાલી મોર્ડર હેર ડ્રેસર, અરબીયા હોટલ થઇ રાયચંદ આણંદજીના ગોડાઉન સુધી આવી પૂર્વ તરફ વળી આગળ ચાલતાં હનુમાન મંદિર પાસે થઇને યા-હસન અલી બાપુની દરગાહ પાસે થઇ કોહીનુર ગેરેજ સુધી આવી ત્યાંથી ઉતર તરફ વળી નગરપાલિકા શોપીંગ સેન્ટર થઇ વેરાવળ સીટી પોલીસ સ્ટેસન સુધી આવી પુર્વ તરફ વળી હાઇવે ક્રોસ કરી બંદર રેલ્વે સાઇડીંગના પાટા સુધી જઇ ત્યાંથી ઉત્તર તરફ વળી રેલ્વે લાઇનની ડાબી બાજુ ચાલી ઉત્તર તરફ આગળ વધતા રેલ્વે સ્ટેશન તથા રેલ્વે દવાખાના વિસ્તારના રેલ્વે કવાર્ટસને આવરી લઇ (રેલ્વે વર્કશોપ બાજુના કવાર્ટર્સ સિવાય) આગળ વધી રમણભાઇના પ્રેસ પાસેના રલ્વે ફાટક સુધી જઇ ત્યાંથી પશ્ચિમ તરફ વળી આગળ ચાલી દોલતપ્રેસ રોડ ઉપર આવી દક્ષિણ તરફ વળી રેલ્વેની દિવાલે આગળ વધી રેલ્વે કવાટર્સ વિસ્તાર આવરી લઇ નગરપાલિકાના ફાયર સર્વીસ સ્ટેશન (સાવઝકુવા) થઇ રેલ્વે સ્ટેશનના મુખ્ય દરવાજા પાસેથી પસાર થઇ ઘાસ માર્કીટ વાળા રોડ ઉપર રેલ્વેની દિવાલે આગળ વધી વેરાવળ ઉના હાઇવે સુધી રેલ્વેના જુના દરવાજા સુધી જઇ ત્યાંથી પશ્ચિમ તરફ વળી હાઇવે ક્રોસ કરી ગંજીપીર ગલીમાં ડાબી બાજુ ચાલી આગળ વધી ત્રિકાણીયા પોલીસ ચોકી સામેના મહાલક્ષ્મી એન્જીનીરીંગ સુધીનો મ્યુનીસિપલ હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર

૮. લાયેબ્રરી સામેના તાલુકા પંચાયત કચેરી બીલ્ડીંગના ખૂણા ઉપરથી શરુ કરી દક્ષિણ તરફ બંદરરોડની ડાબી બાજુ ચાલી આગળ વધતા ગર્લ્સ હાઇસ્કુલ થઇ પરબત લખમશીની લાટી પાસે થઇ બંદરરોડ તરફ આગળ વધી કે.પી, શાહ બીલ્ડીંગની સામે આવેલ જેઠાનંદ હોતચંદના મકાન વાળી ગલી સુધી જઇ પુર્વ તરફ વળી ખારવા મંદિર તરફ પુર્વ દિશાએ ડાબી બાજુએ ચાલી આગળ વધતા કામનાથ ચોકથી સલાટ શેરીથી ધોબીચોક, સુતારચોકમાં આવી જ્ઞાનશાળા તરફ બારદાન ગલીમાં થઇ શાહીગરાની દુકાન પાસે થઇ મનસુખલાલ માધવજી ના ખૂણેથી ઉત્તર તરફ વખારીયા બજારમાં આગળ વધી હાટકેશ્વર મંદિર થઇ હેવલીચોકમાં પશ્ચિમ દિશા તરફ ચાલી મહાલક્ષ્મી મંદિર વાળી ગલીમાં થઇ આગળ જેસુખલાલ દામાણીના મકાન પાસેથી અગવાન શેરી ઉત્તર તરફ ગલીની ડાબી બાજુ ચાલી રાવલ સ્ટુડીયો વાળી ગલીમાં થઇ ગાંધી રોડ ઉપર ચંદ્રાણી મેન્શનના હિન્દુસ્તાન કટલેરી સ્ટોર સુધી આવી પુર્વ તરફ વળી ત્યાંથી કાગદી મધુસુદનની દુકાનના મુણા સુધી આવી ઉત્તર તરફ વળી ડાબી બાજુ સીધા ચાલી આગળ વધી નાની હવેલી થઇ મોદી મનજી સુંદરજી ના દુકાનના ખૂણા પાસે થઇ પશ્ચિમ તરફ વળી ડૉ

INDEX

વોર્ડ નંબર	ઇલેકશન વોર્ડની હદનું વર્ણન
	ગોરધનદાસ રોડ (સક્કાબજાર રોડથી આગળ વધી સ્ટેટ બેન્ક ઓફ સોરાષ્ટ થઇ તાલુકા પંચાયત કચેરી બીલ્ડીંગના ખૂણા સુધીનો અંદરનો સમાવિષ્ટ તમામ વિસ્તાર
૯.	આરબચોક મસ્જીદ સામે આવેલ ઇરોઝ ટેઇલરની દુકાનથી શુરુ કરી પશ્ચિમ તરફ મહાત્મા ગાંધી રોડની ડાબી બાજુ ચાલી આગળ વધી ટી.સી. બ્રધર્સ પાસેથી આગળ ચાલી તાલુકા કન્યાશાળા નં. ૨ પાસેથી આગળ ચાલતા રાવલ સ્ટુડીયો વાળી ગલીના ખૂણે આવેલ મેસર્સ ઢાલુમલ હિરાચંદની દુકાન સુધી આવી દક્ષિણ તરફ વળી ગલીની ડાબી બાજુ ચાલી આગળ વધતા એલીગન ટેઇલર પાસે થઇ અગવાન શેરી, મોઢશેરી, તરફ જતા આગળ ચાલી ભવાની મંદિર મહાલક્ષ્મી સ્ટ્રીટમાં થઇ સુત્રાપાડા વાળા મણીભાઇ સોનીની દુકાન સુધી આવી રોડ ક્રોસ કરી હવેલીચોકમાં નંદલાલભાઇ સોનીની દુકાન આગળ થઇ ત્રિકમરાય મંદિર પાસેથી વખારીયા બજારમાં રોડની ડાબી બાજુ ચાલી આગળ વધતા પીપલ્સ બેન્ક, સોરઠ ચેમ્બર ઓફ કોમર્સની ઓફિસ પાસેથી બંદરરોડ ક્રોસ કરી બંદરના મુખ્ય દરવાજે આવી ભોયવાડા તરફ જતા મુખ્ય રસ્તે પુર્વ તરફ વળી બંદરની દિવાલે આગળ વધી વેરાવળ પેટ્રોલીયમ પાસેના બંદર દિવાલના ગેઇટ સુધી આવી પશ્ચિમ તરફ વળી બંદરરોડ ક્રોસ કરી નાથાલાલ ઓઇલ મીલના ખૂણા સુધી આવી રોડની ડાબી બાજુ ચાલી શેતલવાડા રોડ તરફ આગળ વધતા મરીયમ મંઝીલ સુધી આવી ત્યાંથી રોડ ક્રોસ કરી ઉત્તર તરફ આઇસા મંઝીલ સુધી આવી રોડની ડાબી બાજુ ચાલી આગળ વધતા શિંગાર ડ્રેસીઝ પાસે થઇ આરબચોકમાં મસ્જીદ પાસે આવેલ ટેઇલરની દુકાન સુધીનો અંદરનો મ્યુનીસિપલ હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર
૧૦.	કે.પી. શાહ બીલ્ડીંગ સામે આવેલા કે.પી.શાહ ગોડાઉના ખૂણાથી રત્નાકર બીલ્ડીંગથી શરુ કરી બંદરરોડ ઉપર દક્ષિણ તરફ બંદર રોડ ઉપર ડાબી સાઇડે આગળ ચાલી જુની ઓબ્ઝરવેટરી સુધી જઇ પોર્ટની દિવાલે દિવાલે આગળ આવી પોર્ટના મેઇન ગેઇટ સુધી આવી મેઇન ગેઇટ સામેથી ઉતર તરફ વળી ખેરાળીવાળાની દુકાન પાસે મગરેબીશાહ ચોકમાં આવી બારદાન ગલીમાં થઇને માયલા કોટનો સમગ્ર વિસ્તાર આવરી લઇને બારદાન ગલીમાં થઇને સુતાર ચોક થઇ હિંગળાજ શેરીથી કામનાથ મંદિર પાસે આવી ડાબા હાથે ચાલી દેવળવાળી ગલીના રસ્તે પશ્ચિમ તરફ આગળ વધી રત્નાકર બીલ્ડીંગ સુધીનો અંદરનો જુના વોર્ડ નં-૯ નો ખારવાવાડ વિસ્તાર સહિતનો તમામ વિસ્તાર
૧૧.	• તાલાલા વેરાવળ રોડ ઉપરની મોટી હવેલીથી શુરુ કરી દક્ષિણ તરફ રોડની ડાબી બાજુ ચાલી ભાલકા ઓકર્ટોય નાકા સુધી આવી ત્યાંથી પુર્વ તરફ વળી વેરાવળ ઉના હાઇવે રોડ ઉપર ડાબી બાજુ ચાલી આગળ વધી ભાલકા હાઉસીંગ કોલોની તથા ટી.વી.રીલે કેન્દ્ર આવરી લઇ વેરાવળ ઉના હાઇવે (સોમનાથ રોડ) ઉપર સીધા આગળ ચાલી આઇસ ફેકટરી સુધી આવી દક્ષિણ તરફ આગળ વધી હાઇવે ક્રોસ કરી ભીડીયા ઓકટ્રોય નાકા થઇ ભીડીયા સ્મશાન વિસ્તાર આવરી લઇ દરિયા પટ્ટી પર આવી પશ્ચિમ તરફ વળી આગળ વધતા મોઇલાના ઝૂંપડા પોર્ટ કોલોની નાં-નં-૨ રામેશ્વર મંદિરથી આગળ વધી પોર્ટની દિવાલે સુધી જઇ ત્યાંથી ઉત્તર તરફ વળી દવલશાપીરની દરગાહ સુધી જઇ પુર્વ તરફ વળી ઉના હાઇવે તરફ આગળ વધી હિન્દુસ્તાન પેટ્રોલ પંપ સુધી આવી ઉત્તર તરફ વળી ઉના વેરાવળ રોડ ઉપર સીધા ચાલી ભાલકા મંદિર પાસે આવેલ વોટરવર્કસ બુસ્ટીંગ રુમ પાસેથી વૃદાંવન સોસાયટી તરફના રસ્તેથી આગળ જઇ ગાડાવટે વેરાવળ તાલાલા હાઇવે રોડ ઉપરના રેલ્વે ફાટક સુધી જઇ ત્યાંથી મોટી હવેલી સુધીનો અંદરનો તમામ મ્યુનીસીપલ હદમાં સમાવિષ્ટ વિસ્તાર

INDEX

વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડની હદનું વર્ણન
૧૨.	મોતી આઇસ ફેકટરીથી વેરાવળ ઉના હાઇવે ઉપર ડાબી બાજુ મ્યુની. હદે ચાલતા જી.આઇ.ડી.સી. તરફના ખૂણા ઉપર આવી પ્રોન્ટો ફુડઝના ખૂણે આવી ત્યાંથી ઉતર તરફ વળી ગાડા રસ્તેથી પોર્ટ કોલોની પાસેથી પસાર થઇ ગાડા રસ્તે ચાલી મ્યુની. હદે હદે ચાલી ઇસા ચાંદની મીલની સામે આવી વેરાવળ ઉના હાઇવે રોડ ક્રોસ કરી પાટણ ઝાપેથી દક્ષિણ તરફ મેઇન બજારની જમણી બાજુનો ભાગ આવરી લઇ પોલીશ સ્ટેશન તરફ આગળ ચાલી પોલીસ લાઇનનો તમામ વિસ્તાર આવરી લઇને આહમદ દારીયા વાળાના ખૂણેથી પશ્ચિમ તરફ ચાલી આગળ વધી મચ્છી માર્કેટથી આગળ મદ્રેસા સુધી આવી તેની અંદરનો તમામ વિસ્તાર આવરી લઇ ચોગાનચોકમા આવી દક્ષિણ તરફ જમણી બાજુ આગળ ચાલી ગુરુનાનક ચોકમાં આવી ત્યાંથી આગળ ચાલતા સૈયદવાડાના નાકે આવી પટણી મલેકવાડા વિસ્તાર આવરી લઇ આગળ વધી રબારીવાડાના નાકે આવી રોડ ક્રોસ કરી ઠાકોર મંદિર સામેની ગલી તરફ પુર્વ બાજુ વળી રોડની જમણી બાજુ આગળ વધી મેઇન બજાર સુધી આવી દક્ષિણ તરફ વળીજમણી બાજુ આગળ ચાલતા તાલુકા શાળા પાસે આવી આગળ ચાલી નવા સોમનાથ મદિરના દિગ્વીજય દવાર પાસે આવી નવા સોમનાથ મંદિર કમ્પાઉન્ડનો વિસ્તાર આવરી લઇ પશ્ચિમ દરિયા કિનારા તરફ આવી મ્યુની. હદે આગળ વધતા પાટણ વણકર વાસ હરિજનવાસ વિસ્તારને આવરી લઇ આગળ ચાલી ભીડીયા તરફ ભીડભંજન મંદિર પાસે આવી તાલુકા પંચાયત સોસાયટી વિસ્તાર આવરી લઇ ત્યાંથી આગળ દરિયા કિનારે ચાલતા ફીશરીઝ હાર્બર ટર્મીનલ પાસે આવી ત્યાંથી ઉત્તર તરફ જમણીબાજુ આગળ ચાલી ભીડીયા ઓકટ્રોય નાકા પાસે આવી ત્યાંથી વેરાવળ ઉના હાઇવે રોડ ક્રોસ કરી મોતી આઇસ ફેકટરી સુધીનો અંદરનો તમામ મ્યુનિસીપલ હદમાં સમાવિષ્ટ વિસ્તાર
૧૩.	પોલીસ લાઇનની દક્ષિણ બાજુએ આવેલ પીરભોલાની દરગાહની ડાબી બાજુ એ પશ્ચિમ તરફ ખાટકીવાળા તરફ ચાલતા હજામવાળા તરફથી આગળ ચાલી લાકડા ડંગાની લાઇને નેક મહમદની મસ્જીદથી ડાબી બાજુએ ચાલતા જૈન દવાખાનાના દક્ષિણ ખૂણે આવી પુર્વ તરફ વળી રોડની ડાબી બાજુએ ચાલી આગળ વધતા રબારીવાડા વિસ્તાર આવરી લઇ ઠાકોર મંદિર સામે ગલી ના નાકે ઘર નં. ૬૯ સુધી આવી મેઇન બજારમાં આવી રોડ ક્રોસ કરી ઠાકોર મંદિર સુધી જઇ દક્ષિણ તરફ વળી લોહાણા મહાજનવાડીની ગલીના ખાદી ભંડાર સામેના ખૂણે આવી પુર્વ તરફ વળી રોડની જમણી બાજુ ચાલી લોહાણા મહાજનવાડીનો વિસ્તાર આવરી લઇ લાંબીશેરી સુધી આવી ઉત્તર તરફ રોડની ડાબી બાજુ ચાલી પાટ ચકલા સુધી જઇ જી.ઇ.બી.રોડ ઉપર રોડની ડાબી બાજુ આગળ વધી ઘોબીવાડાના ખૂણા સુધી જઇ પુર્વ તરફ વળી રામરાખ ચોકમાંથી ઉત્તર તરફ વળી રોડની ડાબી બાજુએ આગળ વધી સુતારવાડા રોડે આગળ વધી લુહારવાડા રોડે આગળ ચાલતો ચૌટામાં આવી પશ્ચિમ તરફ વળી આશી ચોરા તરફ ડાબી બાજુ ના વિસ્તારને આવરી લઇ ઘાંચીવાડામાં થઇને બેકરીના ખૂણા સુધી આવી મેઇન બજાર રોડ ક્રોસ કરી પીરભોલાની દરગાહ સુધીનો અંદરનો સમાવિષ્ટ તમામ વિસ્તાર
૧૪.	પાટણ ઝાપાના ખૂણા ઉપર આવેલ પી.જે.સોડા સેન્ટરથી શરુ કરી મેઇન બજારે દક્ષિણ તરફ રોડની ડાબી બાજુ ચાલી આગળ વધી હનુમાન મંદિર સુધી આગળ વધી પુર્વ તરફ વળી ડાબી બાજુ ચાલી એદુસ મસ્જીદ તરફ આવી ત્યાંથી આગળ વધી ઘાંચી જમાતખાના કોટવાળ શેરી સુધીનો તમામ વિસ્તાર આવરી લઇ રોડ ક્રોસ કરી દક્ષિણ તરફ લુહારવાડા રોડની ડાબી બાજુ દક્ષિણ તરફ આગળ વધી સલાટવાડા સુધી આવી રામરાખ ચોક સુધીનો પૂર્વ તરફનો તમામ વિસ્તાર આવરી લઈ રામરાખ

INDEX

વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડની હદનું વર્ણન

ચોકમાંથી પશ્ચિમ તરફ વળી ધોબીવાડાના ખૂણે આવી ખૂણેથી દક્ષિણ તરફ વળી બ્રહ્મપુરી થઈ રોડની ડાબી બાજુ આગળ વધી જી.ઈ.બી. કચેરી વિસ્તાર આવરી લઈ પાટ ચકલા થઈ લાંબીશેરીમાં ડાબી બાજુ ચાલી આગળ વધી લોહાણા મહાજન વાડીના (પાછળના ભાગે) પુર્વ દક્ષિણ ખૂણે આવી પશ્ચિમ તરફ વળી રોડની ડાબી બાજુ ચાલી આગળ વધી મેઈન બજાર સુધી જઈ ત્યાંથી દક્ષિણ તરફ વળી સેન્ટ્રલ બેન્કના ખૂણે આવી ત્યાંથી રોડક્રોસ કરી કમાણી ગેસ્ટ હાઉસની પાછળના ભાગે દરિયા કિનારે આવી પુર્વ તરફ વળી દરિયા કિનારે આવી પુર્વ તરફ વળી દરિયા કિનારે આગળ વધી ત્રિવેણી ઘાટ, દેહોત્સર્ગ થઈ ભીમનાથ મહાદેવના મંદિરથી નરસિંહ મંદિર થઈ હિરણ નદીની ડાબી બાજુ ચાલી ઉના વેરાવળ હાઈવે ઉપરના હિરણ નદીના પુલ સુધી જઈ ઉત્તર દિશાએ હાઈવે ક્રોસ કરી મ્યુની. હદ સુધી જઈ પશ્ચિમ તરફ વળી હાઈવેની જમણી બાજુ આગળ ચાલી વાઘરી વાસ આવરી લઈ અધ્યાપન મંદિરની કમ્પાઉન્ડ વોલના પુર્વ-ઉત્તર ખૂણે આવી પશ્ચિમ આગળ વધી કબ્રસ્તાનના ખૂણે આવી દક્ષિણ તરફ હાઈવે ક્રોસ કરી પી.જી.સોડા સેન્ટર સુધીનો મ્યુની. હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર..

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 59 REGISTERED NO. G/GNR/2.

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

VOL. XXXV] SATURDAY, APRIL 16, 1994 / CAITRA 26, 1916.

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ

બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ,
સચિવાલય, ગાંધીનગર.

ક્રમાંક : સમક : ૧૩૨ : ૯૪

નડીયાદ નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ.

ભારતનાં સંવિધાનના ૭૪માં સુધારાને અનુલક્ષીને ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ ૧૯૬૩માં રાજ્ય સરકારે ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ ૧૯૯૩ અન્વયે મહત્વનાં સુધારા કરેલાં છે. આ અધિનિયમની કલમ- ૬ પેટા કલમ-૪ અન્વયે નગરપાલિકાની ચૂંટણી, મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી પંચમાં નિહીત થશે. તેવી જોગવાઇ કરેલી છે. અને રાજ્ય ચૂંટણી પંચે કલમ ૬- પેટા કલમ-૫ અ[illegible] કરેલાં નિયમો અનુસાર અધિનિયમની જોગવાઇઓને આધીન રહીને ચૂંટણી કરવી જોઇએ.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ- ૭ પેટા કલમ- ૨ તથા કલમ- ૬ની પેટા કલ[illegible] કેવી ૨૯૮-૯૩ એન.પી.બી ૩૦૯૩ - ૫૬૪૬(૨૭)આર, તા.૧૮:૧૨:૯૩ જેનો હવે પછી [illegible] આવ્યો છે. તે અન્વયે નડીયાદ શહેરનાં નગરપાલિકાને જેનો હવે પછી નગરપાલિકા તરીકે

INDEX

મત ૧૯૯૧ના વસ્તી ગણતરીના આખરી આંકડા ધ્યાને લેવામાં આવેલ છે. તેના આધારે ૧૪ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. નગરપાલિકાના કાઉન્સિલરોની કુલ બેઠકો ૪૨ નક્કી કરવામાં આવી છે. જાહેરનામા અન્વયે અનુસૂચિત જાતિ અનુસૂચિત આદિજાતિ તથા પછાતવર્ગ તેમજ મહિલા માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલી છે.

૩. ચૂંટણી પંચે અધિનિયમની કલમ- ૭ પેટા કલમ- ૨ ખંડ- ૩ પેટા ખંડઃ ખ અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુ.જાતી અનુસૂચિત આદિજાતી, પછાત વર્ગની તથા મહિલાની તરફેણમાં અનામત રાખેલા બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજ્ય સરકારે તેમના જાહેરનામા ક્રમાંક :કેવી:૪૯:૧૯૯૪ એન.પી.એલ ૪૫૯૩ :૩૬૫૫:એમ. તા.૧૬-૩-૯૪.અન્વયે અધિનિયમની કલમ- ૨૭૭ની પેટાકલમ ૨ તથા કલમ- ૬ તથા ૭ અન્વયે વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણીના નિયમો ૧૯૯૪ અને હવે પછી નિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે બહાર પાડેલ છે.

૫. નિયમોના નિયમ- ૨ અન્વયે.નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે, કે શક્ય હોય ત્યાં સુધી બધાજ વોર્ડોના વસ્તી એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસ્તીથી કોઈ પણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહિ તે પ્રમાણે વોર્ડની રચના કરવાની રહે છે. આમ છતાં ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય તો પંચ સ્થાનિક એકજુથતા તથા ભૌગોલીકતા નજીકપણા કે બીજા અન્ય પરિબળોને તુલનામાં લેતા ૧૦ ટકા વધુ વધ કે ઘટ કરીને વોર્ડની રચના કરી શકશે.

૬. પંચે નગરપાલિકાના વોર્ડોનાં સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે. તેમજ સને ૧૯૪૮ના સેન્સસ એક્ટ મુજબ સને ૧૯૯૧ના વસ્તી ગણતરીનાં છેવટનાં પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં શહેરની કુલ વસ્તી ૧,૬૭,૦૫૧ આવે છે જાહેરનામા મુજબ શહેરને ૧૪ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૧૧૯૩૨ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની પંચે તેના કાર્યાલયના અધિકારી કર્મચારીઓ મારફત ચકાસણી કરાવેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડનું સીમાંકન કરવાનું ધાર્યું છે તેમાં કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વસ્તી વધતી નથી કે ૧૦ ટકાથી વસ્તી ઘટતી નથી.

૮. શહેરનાં ૧૪ વોર્ડોને નિયમ- ૩ની જોગવાઈઓને ધ્યાનમાં લઈ આ સાથે અનુસૂચિ ૧માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે.આ સીમાંકન નક્કી કરવામાં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજૂથતા, નદી, રેલ્વેલાઈન, રોડલાઈન. વગેરે કારણે બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને એકસરખા વોર્ડ-૧૪ બની રહે તે મુદ્દો વિચારણામા લઈ વોર્ડોનું સીમાંકન નક્કી કરેલું છે.

૯. નિયમોના નિયમ- ૪ અન્વયે દરેક વોર્ડમાં ત્રણ કાઉન્સિલર ચૂંટવાના છે.નિયમ- ૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક બિનઅનામત એટલેકે સામાન્ય બેઠક બની રહેશે. જ્યારે બીજી બેઠક મહિલા, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ પછાતવર્ગની મહિલા સહિત માટે અનામત રાખવાની છે. જ્યારે ત્રીજી બેઠક જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચીત આદિજાતિ, પછાતવર્ગને ફાળવવાની રહેશે. અને તેવી ફાળવણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો તે બિનઅનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે.

૧૦.નિયમોના નિયમ- ૬ અન્વયે અનુસુચિત જાતિ,અનુસૂચીત આદિજાતિની દરેક વોર્ડ ની વસ્તીની ટકાવારીનાં ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તી સંખ્યા વધુ હોય એટલે કે, ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાનં. છે.આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, મહિલા બેઠક સહીત ની બેઠક જે તે વર્ગની જે વોર્ડ માં વધુમાં વધુ વસ્ત. હોય એટલેકે ટકાવારી ઊંચી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારીત કરેલ છે,

૧૧. જાહેરનામા અન્વયે શહેર માટે ૨ બેઠકો અનુસુચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે અને ૨ બેઠકો પૈકી ૧ બેઠક અનુસૂચિત જાતિની મહિલા માટે અનામત રાખવાનુ નિર્ધારીત કર્યુ છે.

INDEX

૧૨. પંચે એકઠી કરેલી માહિતી મુજબ શહેરનાં જુદા જુદા ૧૪ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા કમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	અનુ.જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ.જાતિની વસ્તીની ટકાવારી
૧	૭	૧૧૨૮૭	૧૬૧૧	૧૪.૨૭
૨	૪	૧૧૬૫૨	૯૮૩	૮.૪૩
૩	૨	૧૨૨૪૪	૯૮૨	૮.૦૨
૪	૫	૧૧૨૧૭	૮૧૩	૭.૨૪
૫	૩	૧૧૮૧૬	૭૨૭	૬.૧૫
૬	૧	૧૧૬૬૯	૬૫૫	૫.૬૧
૭	૮	૧૨૮૮૮	૭૦૮	૫.૪૯
૮	૧૩	૧૨૯૩૨	૬૨૦	૪.૭૯
૯	૧૦	૧૦૮૮૪	૪૭૪	૪.૩૫
૧૦	૧૪	૧૨૪૮૯	૫૨૨	૪.૧૭
૧૧	૯	૧૧૫૪૨	૪૫૬	૩.૯૫
૧૨	૧૨	૧૨૮૦૪	૪૭૨	૩.૬૮
૧૩	૬	૧૨૬૩૬	૪૦૪	૩.૧૯
૧૪	૧૧	૧૦૯૯૧	૧૪૭	૧.૩૩

૧૩.આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં. ૭ તથા ૪ માં અનુસૂચિત જાતિની બેઠક નિયમોના નિયમ- ૬ (અ) હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે. અનેતે મુજબ ફાળવવામાં આવે છે.

૧૪. અનુસૂચિત જાતિનાં મહિલા અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ જે વોર્ડમાં આ વર્ગ માટે બેઠક ફાળવાઈ હોય તે વોર્ડની ટકાવારીનાં ક્રમમાં પ્રથમ આવતા દર ત્રણ જુથ પૈકી ત્રીજા વોર્ડમાં મહિલા બેઠક ફાળવવી, તેમ પંચ માને છે. પરંતુ જાહેરનામા અન્વયે નડિયાદ નગરપાલિકાને બે બેઠકો અનુસૂચિત જાતિ માટે ફાળવેલ છે. અને તે પૈકી એક બેઠક અનુસૂચિત જાતિના મહિલાને ફાળવવાની થતી હોઈ ટકાવારીમાં ઉતરતા ક્રમે બીજા ક્રમે આવતા વોર્ડમાં અનુ. જાતિના મહિલાને બેઠક ફાળવવાનું પંચ નક્કી કરે છે. પરંતુ આ મુજબ ફાળવણી કરતાં પણ નિયમો અન્વયે દરેક વોર્ડમાં એક મહિલા એક સામાન્ય બેઠક ફાળવવાની જોગવાઈ છે, તેનું ખંડન ન થાય તેની તકેદારી રાખવાની રહે છે.

૧૫. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં. ૭ તથા ૪ માં નિયમોના નિયમ ૬(અ) અન્વયે ફાળવવામાં આવે છે. તે પૈકી મહિલા માટે બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

INDEX

વોર્ડ નંબર	બેઠક
૭	અનુસુચિત જાતિ
૪	અનુસૂચિત જાતિ મહિલા

૧૬. જાહેરનામા અન્વયે શહેર માટે ૧ બેઠક અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે

પંચે એકઠી કરેલ માહિતી મુજબ શહેરના જુદા જુદા ૧૪ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસુચિત આદિજાતીની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરીસ્થિતી થાય છે.

અનુ. નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	અનુસુચિત આદિજાતીની કુલ વસ્તી	વોર્ડની કુલવસ્તી સામે ટકાવારી
૧	૪	૧૧૬૫૨	૧૩૧૬	૧૧.૨૯
૨	૬	૧૨૬૩૬	૫૪૧	૪.૨૮
૩	૩	૧૧૮૧૬	૩૧૫	૨.૬૬
૪	૧૪	૧૨૪૮૯	૧૨૮	૧.૦૨
૫	૧	૧૧૬૬૯	૯૩	૦.૭૯
૬	૧૦	૧૦૮૮૪	૭૨	૦.૬૬
૭	૯	૧૧૫૪૨	૬૪	૦.૫૫
૮	૫	૧૧૨૧૭	૫૬	૦.૫૦
૯	૨	૧૨૨૪૪	૩૮	૦.૩૧
૧૦	૮	૧૨૮૮૮	૨૧	૦.૧૬
૧૧	૧૩	૧૨૯૩૨	૨૦	૦.૧૫
૧૨	૧૨	૧૨૮૦૪	૨૦	૦.૧૫
૧૩	૧૧	૧૦૯૯૧	૪	૦.૦૩
૧૪	૭	૧૧૨૮૭	૩	૦.૦૨

આમ, અનુસુચિત આદિજાતીની વસ્તીની ઊંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં. ૪ માં અનુ. આદિજાતીની બેઠક નિયમોના નિયમ- ૬ :અ: હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે અને તે મુજબ ફાળવવામાં આવે છે.

અનુ. આદિજાતિના મહિલા અનામત બેઠક ફાળવવામાં આવેલ નથી.

અનુ. આદિજાતીની બેઠક વોર્ડનં. ૪માં નિયમોના નિયમ-૬ અન્વયે ફાળવવામાં આવેલ છે તે નીચે પ્રમાણે ફાળવણી કરવામાં આવેલ છે.

INDEX

વોર્ડ નં.	બેઠક
૪	અનુસુચિત આદિજાતી

૧૭. જાહેરનામા ક્રમાંક : ખ : ગ : સીઃ મુજબ ૪ બેઠકો પછાતવર્ગો માટે ફાળવેલ છે. તે પૈકી એક બેઠક આ વર્ગની મહિલા માટે અનામત રખાઈ છે.

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો- ૧૯૯૪નાં નિયમ-૬ બી હેઠળ રાજ્ય ચૂંટણી પંચે પછાત વર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. જેના મહત્વનાં પ્રબંધ નીચે પ્રમાણે છે.

(૧) માન્ય રાજકીય પક્ષો તરફથી મળેલ માહિતીનાં અભ્યાસ પરથી જે શહેરનાં જે જે વોર્ડનાં પછાતવર્ગની વસ્તીનાં ધોરણને અનુલક્ષીને જે સર્વ સામાન્ય વોર્ડો હોય તે તે વોર્ડોમાં પછાતવર્ગ માટે અનામત બેઠક ફાળવવાની રહેશે.

(૨) મ્યુનિસિપલ ચીફ ઓફીસર તરફથી છેલ્લી ચૂંટણીમાં જે વોર્ડમાંથી પછાતવર્ગનાં ઉમેદવારો ચૂંટાઈને કોર્પોરેટર તરીકે પદધારણા કરતાં હતા તે વોર્ડમાં ઉપર અનુક્રમ નં. ૧ માં જણાવેલ વોર્ડોમાં ઉપર અનુક્રમ નં. ૧ માં જણાવેલ વોર્ડોમાં બેઠક ફાળવ્યા પછી નિયત સંખ્યા સુધીમાં ફાળવવાની રહેશે.

આથી સ્પષ્ટતા કરવાની કે, જુના વોર્ડોનું સીમાંકન અને નવા વોર્ડોના સીમાંકનમાં ફેરફાર હોય તો જુના વોર્ડોનો મોટા ભાગનો જે વિસ્તાર જે જે નવા વોર્ડનાં સીમાંકનમાં સમાવિષ્ટ થતો હોય તેવા નવા વોર્ડમાં પછાતવર્ગની બેઠક ફાળવવાની રહેશે.

(૩) પછાત વર્ગ માટે અનામત રાખેલી કુલ બેઠકો પૈકી ૧:૩ બેઠકો મહિલા માટે જાહેરનામા અન્વયે અનામત રખાઈ છે. આમ ત્રણ બેઠકો પૈકી એક બેઠક મહિલા માટે અનામત રાખવામાં આવી છે. આ મહિલાનું પ્રમાણ ૧:૩ રહે છે. તેથી તાર્કીક રીતે વિચારતા દર ત્રણ બેઠકો પૈકી ત્રીજી બેઠક મહિલા માટે ફાળવવી તેમ પંચ સ્વિકારે છે.

(૪) પરંતુ જો આ રીતે વોર્ડમાં પછાત વર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસુચિત જાતિ અથવા અનુ. આદિજાતિ માટે મહિલા બેઠક ફાળવી હોય તો તે વોર્ડને બદલે તે પછી અનુક્રમે જે વોર્ડ આવે તે વોર્ડમાં પછાતવર્ગની મહિલા બેઠક ફાળવવી.

માન્ય રાજકીય પક્ષોને પંચ તરફથી નગરપાલિકાઓના કયા વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવી તે અંગે સુચનો મોકલવા અ.ા કાર્યાલય તરફથી વિનંતી કરવામાં આવેલ. પરંતુ કોઈ માન્ય રાજકીય પક્ષ તરફથી હજુસુધી સુચન કરવામાં આવ્યા નથી.

પંચે અપનાવેલા માપદંડ મુજબ ચીફ ઓફીસર પાસેથી ગત ચૂંટણીમાં પછાતવર્ગનાં કાઉન્સિલરો જુના કયા વોર્ડમાંથી ચૂંટાયા હત., અને તે સમગ્ર વોર્ડોનો કે તે વોર્ડોના મોટા ભાગના વિસ્તાર નવા કયા વોર્ડમાં સમાવિષ્ટ થાય છે. તેની માહિતી મેળવવામાં આવી છ તે માહિતી ચકાસતા નીચે મુજબ હકીકત જણાય છે.

જુના વોર્ડ નં	તે વોર્ડમાંથી ચૂંટાયેલા પછાત વર્ગના ઉમેદવાર	નવા વોર્ડ નં.
૧	૧	૯
૨	૧	૧૨
૩	૩	૨
૪	૧	૪
૫	૧	૩
૬	૧	૬
૮	૧	૮

INDEX

આમ, જોતા વોર્ડ નં. ૨, ૩, ૪, અને ૬માં માપદંડ અન્વયે પછાત વર્ગની બેઠક ફાળવવાની થાય છે.પરંતુ વોર્ડ નં. ૪માં અનુ.સુચિતજાતીની બીજી અને અનુ.આદિજાતીની ત્રીજી બેઠક ફાળવવાની થતી હોઇ તે વોર્ડમાં જો પછાત વર્ગની બેઠક પણ ફાળવવાનુ વિચારવામા આવે તો તે વોર્ડમા એક પણ બેઠક બીન અનામત રહેવા પામતી નથી. તેથી વોર્ડનં. ૪ ને બદલે વોર્ડ નં. ૮માં પછાત વર્ગની બેઠક ફાળવાનું પંચ મુનાસીબ માને છે.

આમ, પછાત વર્ગની બેઠકો વોર્ડ નં. ૨, ૩, ૬, અને ૮માં ફાળવવાનું અને તે પૈકી ત્રીજા ક્રમે આવતા વોર્ડ નં. ૬મા પછાત વર્ગની મહિલા બેઠક ફાળવવાનુ પંચ ઠરાવે છે.

૧૯. આ પ્રમાણે અનુસુચિત જાતિ તથા પછાત વર્ગની મહિલા અનામત બેઠકની ફાળવણી કર્યા પછી સામાન્ય મહિલા અનામત બેઠક અને સામાન્ય ઉમેદવારોને બાકી રહેતી બેઠક ફાળવવામાં આવે છે.

૨૦. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને નિયમોનાં નિયમ-૩ અન્વયે શહેરોને આ સાથે સંલગ્ન અનુસૂચિ-૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે. અને આ સાથે અનુસુચિ-૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

૨૧. આ પ્રમાણે વોર્ડોનું વિભાજન હદરેખા નકકી કરવાનું અને વોર્ડ ની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

૨૨. ઉપર પ્રમાણે વોર્ડોનું વિભાજન હદરેખા નકકી કરવામાં આવે છે. અને ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે. તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે. અને તે સામે કોઈપણ શખ્સને જાહેર જનતાને સલાહ સુચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૫ દિવસોમાં રાજય ચૂંટણી પંચ બ્લોક નં. ૯, ૬ઠ્ઠા માળે, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા. મુદત વિત્યે આવેલ સુચનો ધ્યાનમાં લેવામાં આવશે નહી.

૨૩. રાજય ચૂંટણી પંચે નગરપાલિકાના વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો છેવટના કરતાં પહેલાં લોકપ્રતિનિધિત્વ ધારો ૧૯૫૧ અન્વયે માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરુરી પરામર્શ કરશે.

તારીખઃ ૧૬/૪/૧૯૯૪.

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજય ચૂંટણી પંચ

INDEX

અનુસૂચિ - ૨

રાજ્ય ચૂંટણી પંચ ,

ગુજરાત રાજ્ય, ગાંધીનગર

નડીયાદ નગરપાલિકાની કુલ વસ્તી : ૧,૬૭,૦૫૧

કુલ વોર્ડોની સંખ્યા : ૧૪

વોર્ડ દીઠ સરેરાશ વસ્તી : ૧૧,૯૩૨

સરેરાશ વસ્તી ૧૦ ટકા વધ મુજબ : ૧૩,૧૨૫

સરેરાશ વસ્તી ૧૦ ટકા ઘટ મુજબ : ૧૦,૭૯૩

બેઠકોની સંખ્યા : ૪૨

મહિલા બેઠકો : ૧૪

૧ બેઠક અનુસૂચીત જાતી.

બેઠક અનુસૂચીત આદિજાતિ મહિલા માટે નથી.

૧ બેઠક પછાત વર્ગની મહિલા સહિતની.

અનુસૂચીત જાતી માટે અનામત બેઠકોની સંખ્યા : ૨ પૈકી ૧ મહિલા માટે.

અનુસૂચીત આદિજાતિ માટે અનામત બેઠક સંખ્યા : ૧ મહિલા માટે નથી.

પછાત વર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા : ૪ તે પૈકી ૧ મહિલા માટે.

કુલ અનામત બેઠકોની સંખ્યા : ૧૯

સામાન્ય બેઠકો : ૨૩

અ.નં	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી બીન અનામત	બીજી બેઠકની ફાળવણી મહિલા અનામત	ત્રીજી બેઠકની ફાળવણી
૧.	૧	૧૫૬૬૯	સામાન્ય	સામાન્ય	સામાન્ય.
૨.	૧	૧૨૨૪૪	સામાન્ય	સામાન્ય	પછાત વર્ગ.
૩.	૧	૧૧૮૧૬	સામાન્ય	સામાન્ય	પછાત વર્ગ.
૪.	૧	૧૧૬૫૨	સામાન્ય	અનુ.જાતિ	અનુ.આદિજાતિ.
૫.	૫	૧૧૨૧૭	સામાન્ય	સામાન્ય	સામાન્ય.
૬.	૬	૧૨૬૩૬	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય.
૭.	૭	૧૧૨૮૭	સામાન્ય	સામાન્ય	અનુ.જાતિ.
૮.	૮	૧૨૮૮૮	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ.
૯.	૯	૧૧૫૪૨	સામાન્ય	સામાન્ય	સામાન્ય.

INDEX

અ.નં	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી બીન અનામત	બીજી બેઠકની ફાળવણી મહિલા અનામત	ત્રીજી બેઠકની ફાળવણી
૧૦.	૧૦	૧૦૮૮૪	સામાન્ય	સામાન્ય	સામાન્ય.
૧૧.	૧૧	૧૦૯૯૧	સામાન્ય	સામાન્ય	સામાન્ય.
૧૨.	૧૨	૧૨૮૦૪	સામાન્ય	સામાન્ય	સામાન્ય.
૧૩.	૧૩	૧૨૯૩૨	સામાન્ય	સામાન્ય	સામાન્ય.
૧૪.	૧૪	૧૨૪૮૯	સામાન્ય	સામાન્ય	સામાન્ય.

તારીખઃ ૧૬-૪-૧૯૯૪

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ

INDEX

અનુસૂચિ - ૧

પત્રક -૪

નડિયાદ નગરપાલિકા જીલ્લો - ખેડા

વોર્ડ નં.	ઈલેક્શન વોર્ડની હદનું વર્ણન
૧.	શહેરની પશ્ચિમ તરફની હદથી બધીર વિધા વિહારથી સર્વે નંબર ૨૬૬૪,૨૬૭૨,૨૬૭૪ થી ૨૬૭૯ થઈ ૨૬૮૯,૨૬૯૦,૨૬૯૧,૨૬૯૬,૨૬૯૭,૨૬૯૮,૨૭૦૦, થી નહેરના રસ્તે ૨૬૦૩ પછી રેલ્વે ક્રોસ કરી સર્વે નં. ૩૦૬૨,૩૦૬૧,૩૦૬૦,૩૦૫૯, થઈ શીલોડ તલાવડી થઈ ભાવભાવ સોસાયટી થઈ તલાવડી થઈ રામનગર સોસા. થઈ પવનચક્કીવાળા રસ્તાને સમાંતર વિશ્રામપાર્ક થઈ નેશનલ હાઈવે ઓળંગી કલ્પના સોસા. થઈ સહકાર ભવન થઈ બ્રોડગેજ રેલ્વે લાઈનને સમાંતર ગુજરાત વિદ્યુત બોર્ડ થઈ મજુર મહાજન થઈ દલવાડીની ચાલી થઈ બ્રોડગેજ રલ્વેના સમાંતર રસ્તે નેરોગેજ રેલ્વે ક્રોસીંગથી નેરોગેજ રેલ્વેની હદે સર્વે નં. ૨૬૫૫ થઈ બધીર વિદ્યાલય પરત.
૨.	રેલ્વે સ્ટેશન સામે શહેર તરફની હદથી પથીક આશ્રમ થઈ સરદાર સર્કલ થઈ તાલુકા પંચાયત કચેરી થઈ રેલ્વે સ્ટાફ કવાર્ટર્સ થઈ રોડ ક્રોસ કરી સામે ભોલે બેકરી થઈ રુક્ષમણી ટાવર થઈ સાકરકુઈ થઈ કોચાટવગા થઈ વાવફળીયા થઈ હરિજનવાસ થઈ કબીર મંદિર થઈ કબ્રસ્તાન સામેની દુકાનો થઈ સોસીયલ કલબ થઈ બહુમાળી મકાન થઈ વણઝારા ગ્રાઉન્ડ થઈ રસ્તો ક્રોસ કરી જુની મીલ કમ્પાઉન્ડ થઈ મજુર સેવાગ્રામ થઈ મહિલા આર્ટ્સ કોલેજ થઈ રેલ્વે ક્રોસ કરી ઉધોગનગર થઈ ઉધોગનગર તલાવડી થઈ સંતકવરરામ સોસા. થઈ પશ્ચિમ તરફના સર્વેનં.૨૪૭૬ થી ૨૪૭૮, ૨૪૮૦, ૨૪૮૧, ૨૪૮૩, ૨૪૮૪, ૨૪૯૭, ૨૪૯૪, ૨૫૦૦ થી ૨૫૦૨ પછી ન્યુ શોરોક મીલ (૨) થઈ રેલ્વેના પાટા સુધી ચાલી રેલ્વેને સમાંતર અનાથ આશ્રમ થઈ ચંદમણી ભુવન થઈ પ્રાન્ત કચેરી થઈ રેલ્વેના સમાંતર રસ્તે પથીક આશ્રમ પરત.
૩.	મંજીપુરા રોડ સર્વે નં. ૨૩૮૮ થી ૨૩૯૦ થઈ મંજીપુરાવાળા રસ્તે નડીયાદ કપડવંજ રેલ્વે લાઈન ક્રોસીંગ થઈ ડાબાહાથે વળી રેલ્વે લાઈનને સમાંતર જવાહરનગર પાછળના ઝુપડાં થઈ ખાડવાધરી વાસ નહેરુ ગ્રામ થઈ કબ્રસ્તાનની દુકાનો થઈ રસ્તો ઓળંગી ખાડવાધરી વાડ થઈ મેઈનરોડ ઉપર વળી ડીસ્ટ્રીક્ટ કોર્ટ થઈ મહી કેનાલ ગેસ્ટ હાઉસ થઈ ઝુલેલાલ સોસા.થી ગુજરાત હાઉસીંગ બોર્ડના એમ.આઈ.જી. બ્લોક થઈ રેલ્વે લાઈન ક્રોસ કરી સર્વે નં. ૨૩૮૫ સુધી.
૪.	ગુજરાત હાઉસીંગ બોર્ડ એલ.આઈ.જી. બ્લોક થી શ્રમયુગ સોસાયટી થઈ દિવાકર સોસા. થઈ કપડવંજ રોડ ઓળંગી જમણી બાજુ વળી મીલ્લતનગર થઈ નુતન ટાઈલ્સ થઈ સંત અન્ના હાઈસ્કુલ થઈ ડાબીબાજુ વળી દલવાડીની ચાલી થઈ લાકડાનાં પીઠા થઈ કનીપુરા (માઈક્રોવેવ ટાવરની સામે) થઈ ધર્મદાસ મેન્શન થઈ વળીયા સોસા. થઈ પેરેડાઈઝ સોસા. થઈ વિશ્વનગર ફલેટસ થઈ પુનિતપાર્ક થઈ ઉમીયાનગર થઈ સરસ્વતીનગર થઈ રાજીવનગર થઈ એસ.ટી.સ્ટાફ કવાર્ટર્સ થઈ એસ.ટી વર્કશોપ થઈ કપડવંજ રોડ ઉપર થઈ નહેર ઓળંગી જમણી બાજુ વળી એસ.આર.પી. સ્ટાફ ફલેટ્સ પાછળના ભાગે થઈ એસ.આર.પી ગ્રુપ-૭ થઈ કપડવંજ રોડ ઓળંગી સર્વેનં. ૨૩૩૪, ૨૩૩૫, ૨૩૩૩, ૨૩૩૬ થી ૨૩૪૦, ૨૩૪૬ થી રેલ્વે ક્રોસ કરી સર્વેનં. ૨૩૮૫ થી પરત એલ.આઈ.જી. બ્લોક.

વોર્ડ નં.	ઈલેક્શન વોર્ડની હદનું વર્ણન
૫.	નહેરથી અયોધ્યાનગર થઈ રોડ ક્રોસ કરી ન્યુ શોરોક નગર ફરી રોડ ક્રોસ કરી મનોહરનગર થઇ મહંમદી સોસા. થઈ ઓમનગર થઈ રસ્તો ક્રોસ કરી મુકિતફોજ ચર્ચ થઈ માઈક્રોવેવ સ્ટેશન તરફ થઈ સીધી ચાલી થઈ અમદાવાદી દરવાજાથી ડાબી બાજુ થઈ નીઝામફળીયુ થઈ નવાંધરાં થઈ છાંટીયાવાડ લીમડી થઈ ઈમાનદારની ચાલી શાસ્ત્રીપુરા થઈ રોડ ક્રોસ કરી અમન સોસા. થઈ સહારા સોસા. થઈ ફીરદોશપાર્ક થઈ મેમણનગર થઈ નુરેઈલાહી સદસા.થઈ ગુલીસ્તા સોસા. થઈ બાર કોસીયા કુવા તરફ નહેર સુધી જઈ નહેરના રસ્તે અયોધ્યાયનગર તરફ.
૬.	સર્વે નંબર ૨૩૦૫ થી ૨૩૦૬, ૨૩૦૭, ૨૩૨૪, ૨૩૨૫, ૨૩૨૬, ૨૩૨૮, ૨૩૩૦, ૨૩૫૨થી કેનાલ ક્રોસ કરી બાર કોસીયા કુવાના રસ્તે થઈ સુહાના સોસા.. થઈ શાલીમાર સોસા.. થઈ ભાગ્યોદય પલ્સ મીલ થઈ બોરકુવા થઈ રસ્તો ઓળંગી ચુનારાની મસ્જીદ થઈ લધુભાઈના છીંડા થઈ મલેક વગો થઇ ઉડીશેરી થઈ કાછીયાવાડ નવાધરાં થઈ દેસાઈફળીયુ થઈ પાંજરાપોળ થઈ ગાંધીપોળ થઈ હરીદાસ હોસ્પીટલ થઈ પોસ્ટ ઓફીસ થઈ વોરવાડ થઈ લાખી મસ્જીદ થઈ નવારાવપુરા થઈ ભાટવાડો થઇ સરાયાપોળ થઈ કુંભારવાસ થઈ કોઠારી ચાલી થઈ ભરથરી વાસ થઈ રસ્તો ઓળંગી નાયગ્રા ફેકટરી થઇ કોલ્ડ સ્ટોરેજ થઈ સેન્ટ્રલ વેર હાઉસ થઈ માર્કેટીંગ યાર્ડ સામેનો રોડ ક્રોસ કરી ભોઈવાડો થઈ ગાજીપુરવાડા થઈ ડબગરવાડ થઈ સલુણ પોલીસ ચોકી થઈ રોડ ક્રોસ કરી પોપટીયાકુવા બોર થઈ ભોઈવાડા થઇ લીમચીમાતાના મંદિર થઈ ધર્મશાળા થઈ ડાકોર રોડ તરફ કાળકામાતાની તલાવડી થઈ વાધરીવાસ થઇ બળીયાદેવ મંદિર થઈ સર્વે નં. ૧૬૨૩, ૧૬૮૨, ૧૬૮૩, ૧૬૯૩, ૧૬૯૬, ૧૭૧૩, ૧૭૧૨, ૧૭૧૦, ૧૭૭૪, ૧૭૭૫, ૧૭૮૦, ૧૭૮૨, ૧૭૮૩, ૧૭૫૯, ૧૭૫૨ થી ૧૭૫૩, ૧૭૫૪, ૧૭૫૮, ૧૭૮૬, ૧૭૮૭, ૧૭૮૮, ૧૭૮૯, ૧૭૯૧, ૧૭૯૨, ૧૮૦૨ થી ૧૮૧૨, ૧૯૫૫, ૧૯૫૬, ૧૯૭૦, ૧૯૭૧, ૧૯૭૨, ૧૯૮૬, ૨૦૩૪, ૨૦૩૫, ૨૦૪૦, ૨૦૪૧, ૨૦૪૫, ૨૦૪૬, ૨૦૪૯, ૨૦૫૦, ૨૦૫૨, ૨૦૫૩, ૨૦૫૭, ૨૦૬૧, ૨૦૬૪, ૨૨૮૬, ૨૨૮૪, ૨૨૮૭, ૨૩૦૧, ૨૩૦૨, ૨૩૦૪, ૨૩૦૫
૭.	મલારપુરા રાવળીયોવાસ, વાધરીવાસ થઈ પાંચહાટડી થઈ રોડ ક્રોસ કરી મદારવડ થઈ ગૌસ્વામી મંદિર થઈ ગણેશપોળ થઈ સીંદુશીપોળ થઈ હાંસાહાની ખડકી થઈ સલુણ બજાર તરફ કોવાડાપોળ થઇ સલુણ દરવાજા તરફ થઈ ગરોડોવાસ થઈ તુરીવાસ થઈ સરદાર છાત્રાલય થઈ ઈન્દોરીની ચાલી થઈ મલારપુરા પરત.
૮.	વાયડાપોળથી રુધનાજીની પોળ થઈ દેસાઈપોળ થઈ ખંભોળજાપોળ થઈ ચંદનપોળ થઇ રસ્તો ક્રોસકરી જૈન દેરાસર ડાહીલક્ષ્મી લાયબ્રેરી થઈ પાંજરાપોળ થઈ સમડી ચકલા થઈ કાકરખાડ બારી ચોકસીપોળ થઈ નટપુર બેન્ક થઈ સામી સાઈડે સાંથબજાર મસ્જીદ થઈ પોલીસ ચોકી થઈ સામી બાજુ રોડ ક્રોસ કરી શાક માર્કેટના રસ્તે ખડાયતા પોળ થઈ કંસારા બજારના રસ્તે રણછોડજી મદિર તરફ થઇ વછેવાડ તરફના રસ્તે થઈ નાનપોર થઈ હરિજનવાસ થઈ ચકલાસી ભાગોળ તરફ ભગત બાગ થઇ સલુણ દરવાજાથી સલુણ બજાર તરફ મસ્જીદ થઈ દલાલપોળ થઈ સીંદશીપોળ ચકલા તરફ રોડ ક્રોસ કરી લલ્લુજોષી ની પોળ થઈ ગોસ્વામી મંદિરવાળા રસ્તેથી હાંડીફોડની મસ્જીદ થઈ મોઢ ફળીયા થઈ લાયબ્રેરી તરફ થઈ અમદાવાદી બજાર ચોક તરફ થઈ વાયડાપોળ તરફ.

વોર્ડ નં.	ઈલેક્શન વોર્ડની હદનું વર્ણન
૯.	રેલ્વે સ્ટેશનથી રેલ્વેની હદે હદે થઈ રુલર પોલીસ સ્ટેશન થઈ સ્ટાફ કવાર્ટર્સ થઈ પેટલાદ રોડ રેલ્વે ફાટક સુધી ત્યાંથી સોની છાત્રાલય થઈ વિઠ્ઠલ કન્યા વિધાલય થઈ સંતરામ મદિર સામે ફાયર બ્રીગ્રેડ સ્ટેશન થઈ રતનજીની ખડકી થઈ વાળંદની ખડકી થઈ ઝધડીયાપોળ થઈ સુતરીયાપોળ થઈ થોભાણ પારેખની ખડકી થઈ મનોરદાસ ની ખડકી થઈ મીરાફળી થઈ શ્રીનાથજી પોળ થઈ રોડની સામી બાજુએ રુક્ષમણી ટાવરની સામી લાઈને જવાહર માર્કેટ થઈ સંતરામ સુપર માર્કેટ થઈ સી. આર.સન્સ થઈ સરદાર સર્કલની સામેની સાઈડ લવલી રેસ્ટોરન્ટથી સબજેલ પરત.
૧૦.	નહેરથી લક્ષ્મીનગર થઈ નહેરૂનગર થઈ ત્રીશુલ સોસા. થઈ ગંગોત્રી સોસા. થઈ જીગર સોસા.થઈ નારાયણપાર્ક થઈ જીલ્લા ઉધોગ કેન્દ્ર થઈ ચાંગાવાલા એસ્ટેટ થઈ શ્રેયસ સિનેમા થઈ રેલ્વે ક્રોસીંગ થઈ ડાબી બાજુ રેલ્વે સ્ટાફ કવાર્ટર્સ થઈ પટેલ હોલ થઈ લાલભાઈ વકીલના મકાન થઈ શહીદ સ્મારક થઈ એકસાઈઝ ઓફિસ થઈ બેન્ક થઈ મેલેરીયા ઓફિસ થઈ બાપાજીનગર થઈ સ્વામીનારાયણ થઈ મુક્તિફોજ ચર્ચ થઈ મેધાનગર થઈ ભાવભાવના રસ્તે સીલોડ તલાવડીથી નહેરના રસ્તે નેરોગેજ રેલ્વે ક્રોસીંગ થઈ સર્વે નં. ૩૦૬૭, ૩૦૬૮, ૩૦૭૦, ૩૦૭૧, ૩૦૭૨, ૩૦૭૯, ૩૦૮૦, ૩૧૦૫, ૩૧૦૬, ૩૧૧૦થી પીજવાળો રસ્તો ક્રોસ કરી ૩૧૧૧, ૩૧૧૨, ૩૧૨૪, ૩૧૨૬, ૩૧૨૫, થઈ નેશનલ હાઈવે ક્રોસકરી ૩૩૬૯, ૩૩૭૪, ૩૩૮૩, ૩૩૮૯, ૬૨૧, ૬૩૩ થી નેશનલ હાઈવે ક્રોસ કરી ૬૩૭, ૬૩૮ થી ૬૪૨, ૬૪૪ થી ૬૪૮ સ્ટેટ હાઈવે ક્રોસ કરી ૬૫૩ થી ૬૫૬, ૬૬૦, ૬૫૯ થી નેશનલ હાઈવે ક્રોસ કરી ૬૬૧ ની તલાવડીથી સ્ટેટ હાઈવે ક્રોસ કરી ૬૯૦, ૬૯૧, ૭૦૫ થી ૭૦૮, ૭૨૦ થી ૭૨૩ થઈ નહેર સુધી ત્યાંથી કેનાલના ડાબી તરફના રસ્તે રસ્તે સર્વે નં. ૩૧૪૫ થી પીજ રોડ ક્રોસ કરી જમણી બાજુ તરફ લક્ષ્મીનગર,
૧૧.	નહેરથી અમરદીપ સોસા. થઈ પરમેશ્વરનગર થઈ ધ્વારકેશ સોસા. થઈ મહેશ્વરી સોસા. થઈ શીવમ સોસા. થઈ લક્ષ્મીકૃપા સોસા.થઈ રાજરાજેશ્વરીનગર થઈ મહાશક્તિ સોસા. થઈ જય ખોડીયારનગર થઈ વૈશાલી સિનેમા થઈ સોનારુપા કોમ્પલેક્ષ થઈ ડાબી બાજુ વળી રેલ્વે પાટાને સમાંતર શ્રીરામ ટાઈલ્સ થઈ કલામંદિર થઈ ડાબી બાજુવાળી મોહન સોપ ફેકટરી થઈ સહજાનંદ શોપીંગ સેન્ટર થઈ મોમીનવાસ થઈ ડી. ગોકળભાઈની ખળી થઈ વલ્લભભાઈ થઈ શારદાનગર થઈ રામદેવપીરના મંદિર થઈ રોડ તથા નહેરના ક્રોસીંગથી જમણી તરફ નહેરના રસ્તે ઈન્દીરાનગર તરફ જતા રસ્તે નહેર સુધી.
૧૨.	સર્વે નં. ૧૨૩૦, ૧૨૨૭, ૧૨૨૬, ૧૨૨૫, ૧૨૨૪, ૧૧૭૪, ૧૧૭૩, ૧૧૭૨, થઈ કોકરણ મંદિર થઈ નહેર ક્રોસ કરી કોલેજ કેમ્પસ થઈ આયુવેદિક કોલેજ થઈ દેનાપાર્ક થઈ નેરોબી સોસા.થઈ વૃદાવન સોસા. થઈ વાણીયાવ૰કુવારાંથી હીંમાશુ થઈ વિધુતનગર થઈ યુરીલોજીકલ હોસ્પીટલ થઈ અવધુતપાર્ક થઈ શીવનગર થઈ રેલ્વે ક્રોસ કરી જમણા હાથે વળી નારાણપુરા થઈ રેલ્વે સમાંતર રસ્તે પટેલ બેકરી સુધી ચર્ચની પાછળના રસ્તે થઈ ડાબી તરફ વળી ડુમરાલ તરફ જવાના રસ્તે એસ્મીકો થઈ રામેશ્વરી સોસા. થઈ નીલકંઠ સોસા..થઈ જયભવાની સોસા. થઈ હરીઓમનગર થઈ નવદુર્ગા સોસા. થઈ પુરુસોત્તમનગર થઈ ડાબી તરફ રોડને સમાંતર આગળ વધી નહેર ક્રોસ કરી સર્વે નં. ૭૨૮, ૭૩૮, ૭૩૯, ૭૪૦, ૭૪૧, ૭૪૩, ૭૭૪, ૭૭૫, ૭૭૬, ૭૮૦, થી કેનાલ ક્રોસ કરી ૭૮૫, ૭૮૬, ૭૯૩, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૮૦૮, ૮૦૯, ૮૧૦, ૮૧૧, ૮૧૨, ૮૧૯ થી ૮૨૧, ૮૨૫, ૮૨૬, થી રેલ્વે ક્રોસ કરી ૧૧૯૭ થી ૧૨૦૧, ૧૨૦૪, ૧૨૧૯, ૧૨૨૮ થી ૧૨૩૦ સુધી.

વોર્ડ નં.	ઇલેક્શન વોર્ડની હદનું વર્ણન
૧૩.	મોટા કુંભનાથ રોડથી રેલ્વે ફાટક સામે ઇન્દ્રપ્રસ્થ બીલ્ડીંગ થઇ સ્ટેટ બેન્ક સોસા. શ્રીજી સોસા. રત્નાસાગર સોસા. થઇ જૈન દેરાસર થઇ પ્રભુલક્ષ્મી સોસા. થઇ જયશ્રીનગર થઇ વલ્લભપાર્ક થઇ અંબિકાનગર થઇ રામકુંજ સોસા. થઇ રબારીવાડ થઇ પંચશીલ સોસા. થઇ દેસાઇ સોસા. થઇ અલકાપુરી થઇ મહાગુજરાત હોસ્પિટલ થઇ કૈલાશપાર્ક નવામાખણપુરા થઇ રોડ ઓળંગી આઇસ ફેકટરીના પાછળના ભાગ થઇ રબારી વાડ થઇ લખાવાડ પંચની વાડી થઇ લખાવાડ થઇ રવાળવાડા થઇ કંસારા બજારના રસ્તે કાળકાપોળ થઇ ખજુરીપોળ થઇ દેસાઇપોળ થઇ વેદપોળ થઇ શ્રીખંડીવાળાનો ખાંચો થઇ મણકાવાળા દુકાન થઇ ભગતના ડહેલા થઇ ઢાકડા સોનીની ખડકી થઇ બાદશાહ કોર્નર થઇ મજમુદાર ની પોળ સામે નારણદેવ મંદિર થઇ ભુલાઠાકરની પોળ થઇ મઢીચકલા થઇ નાની તલાટી પોળ થઇ બદાસાપોળ થઇ ડુમરાલ બજારના રસ્તે સંતરામ અતિથિગૃહ થઇ પોલીસચોકી થઇ સંતરામ મંદિર ની સામેની લાઇનમાં રામજી મંદિર થઇ છાગેસ્વર મહાદેવ થઇ વિકાસ કોલોની થઇ વિહાર સોસા. થઇ અલકનંદા સોસા. થઇ તપોવન સોસા. થઇ આમ્રકુંજ સોસા. થઇ ઇન્દ્રપસ્થ બીલ્ડીંગ પરત.
૧૪.	સર્વે નં. ૧૨૩૧ થી ૧૨૩૪, ૧૨૫૩, ૧૨૫૫ થી ૧૨૫૭ થઇ કોકરણ મંદિરથી નહેર ક્રોસ કરી ડી.ડી.આઇ.ટી.થઇ પોસ્ટ ઓફિસ થઇ સત્યમ સોસા..થઇ ગીરીરાજ સોસા. થઇ કમલેશ સોસા. થઇ ન્યુ સ્વસ્તિક સોસા. થઇ નવદીપ સોસા. થઇ સિધ્ધાર્થ સોસા.થઇ દીવ્યા સોસા. થઇ ઉત્તમપાર્ક સોસા. થઇ રોડ ક્રોસ કરી હેતલ શોપીંગ સેન્ટર થઇ ખેતાતલાવ નાકા થઇ પારસ સિનેમા થઇ આઇસ ફેકટરી થઇ રબારીવાડ થઇ પ્રણામી મંદિર થઇ રવાળવાડા થઇ ભવાનીદાસની ખડકી થઇ દેસાઇવાડા ચોરા થઇ દેસાઇ બ્રધર્સ થઇ સી.જે. કંપની થઇ રાવળીયા વાસ થઇ વાઘરીવાસ થઇ ભગતબાગ થઇ ડાકોર રોડ તરફ ગુરુ કૃપા સોસાયટી થઇ એપેક્ષ પ્લાસ્ટીક થઇ વાઘરીવાસ બાલ અધ્યાપન મંદિર થઇ રાણાનગર સોસા. થઇ સર્વે નં. ૧૬૪૫, ૧૬૪૪, ૧૫૭૦, ૧૬૮૭, ૧૬૮૯, ૧૬૯૪, ૧૬૯૫, ૧૭૧૩, ૧૭૧૨, ૧૭૧૧, ૧૭૬૩, થી ૧૭૬૬, ૧૭૬૦, થી સર્વે નંબર ૧૭૫૧ થી ૧૭૫૦, ૧૭૪૬, ૧૭૪૫, ૧૭૪૩, ૧૭૪૨, ૧૭૪૧, ૧૪૭૫ થી ૧૪૭૪, ૧૪૭૩, ૧૪૭૨, ૧૪૪૫, ૧૪૪૪, ૧૪૪૩, ૧૪૪૨, કેનાલ ક્રોસ કરી ૧૪૩૮, ૧૪૩૭, ૧૪૩૫, ૧૪૨૬, ૧૪૨૧, ૧૪૨૪, ૧૪૨૩, થી ૧૪૩૧, ૧૪૩૦, ૧૪૨૯, ૧૪૨૮, ૧૪૨૭, ૧૪૨૬, ૧૩૧૧, ૧૩૧૦, ૧૩૦૯, ૧૩૦૮, ૧૩૦૩, ૧૩૦૧, ૧૨૯૯, ૧૨૯૮, ૧૨૯૭, ૧૨૯૬, ૧૨૯૩, ૧૨૮૪, ૧૨૪૧, ૧૨૪૦, ૧ ૨૩૯, ૧૨૩૮, ૧૨૩૧.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 60 REGISTERED NO. G/GNR/2.

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

VOL. XXXV SATURDAY, APRIL 16, 1994 / CAITRA 26, 1916.

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ

બ્લોક નં. ૯, ૬ઠે માળ,
સચિવાલય,
ગાંધીનગર.

ક્રમાંક : સમક : ૨૦૧૪ : ૯૪

ઉમરેઠ નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ.

ભારતના સંવિધાનના ૭૪ મા સુધારાને અનુલક્ષીને ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ ૧૯૬૩ માં રાજ્ય સરકારે ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ ૧૯૯૩ અન્વયે મહત્વનાં સુધારા કરેલાં છે. આ અધિનિયમની કલમ- ૬ પેટા કલમ-૪ અન્વયે નગરપાલિકાની ચૂંટણી, મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી પંચમાં નિહીત થશે. તેવી જોગવાઇ કરેલી છે. અને રાજ્ય ચૂંટણી પંચે કલમ ૬- પેટા કલમ-૫ અન્વયે રાજ્ય સરકારે કરેલાં નિયમો અનુસાર અધિનિયમની જોગવાઇઓને આધીન રહીને ચૂંટણી કરવી જોઇએ.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ- ૭ પેટા કલમ- ૨ તથા કલમ- ૬ની પેટા કલમ-૩ અન્વયે જાહેરનામા ક્રમાંક : કેવી ૩૦૦-૯૩ એન.પી.બી ૩૦૯૩ ૫૬૪૬ (૨૯) આર, તા.૧૮:૧૨:૯૩ જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં

INDEX

આવ્યો છે. તે અન્વય ઉમરેઠ શહેરની નગરપાલિકાને જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેના સન ૧૯૯૧નાં વસ્તી ગણતરીના આખરી આંકડા પ્રસિધ્ધ થયા છે. તેના આધારે ૯ વોર્ડોમાં વહેચવામાં આવેલ છે. નગરપાલિકાના કાઉન્સિલરોની કુલ બેઠકો ૨૭ નક્કી કરવામાં આવી છે. જાહેરનામા અન્વયે અનુસૂચિત જાતિ તથા પછાતવર્ગ તેમજ મહિલા માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલી છે.

૩. ચૂંટણી પંચે અધિનિયમની કલમ- ૭ પેટા કલમ- ૨ ખંડ- ૩ પેટા ખંડઃ ખ અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડ માની અનુ.જાતી અનુસૂચિત આદીજાતી, પછાત વર્ગની તથા મહિલાની તરફેણમાં અનામત રાખેલા બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજ્ય સરકારે તેમના જાહેરનામા ક્રમાંક :કેવીઃ૪૯ઃ૧૯૯૪ એન.પી.એલ ૪૫૯૩ :૩૬૫૫ઃએમ તા.૧૬-૩-૯૪.અન્વયે અધિનિયમની કલમ- ૨૭૭ની પેટાકલમ ૨ તથા કલમ- ૬ તથા ૭ અન્વયે વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણીના નિયમો ૧૯૯૪ જેનો હવે પછી નિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે બહાર પાડેલ છે.

૫. નિયમોના નિયમ- ૨ અન્વયે નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે, કે શક્ય હોય ત્યાં સુધી બધાજ વોર્ડોની વસ્તી એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસ્તીથી કોઇ પણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહિ તે પ્રમાણે વોર્ડની રચના કરવાની રહે છે. આમ છતાં ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે, સ્થાનિક એક જુથતા તથા ભૌગોલીક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને તુલનામાં લેતા ૧૦ ટકા વધુ વધ કે ઘટ કરીને વોર્ડની રચના કરી શકાશે.

૬. પંચે નગરપાલિકાના વોર્ડોનાં સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે. તેમજ સને ૧૯૪૮ ના સેન્સસ એકટ મુજબ સને. ૧૯૯૧ ના વસ્તી ગણતરીનાં છેવટનાં પ્રસીધ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં શહેર ની કુલ વસ્તી ૩૦,૦૮૨ આવે છે. જાહેરનામા મુજબ શહેરને ૯ વોર્ડોમાં વહેચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૩૩૪૨ ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની પંચે તેના કાર્યાલયના અધિકારી કર્મચારીઓ મારફત ચકાસણી કરાવેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડનુ સીમાંકન કરવાનું ધાર્યું છે તેમાં કોઈપણ વોર્ડમાં ૧૦ ટકા થી વસ્તી વધતી નથી કે ૧૦ ટકા થી વસ્તી ઘટતી નથી.

૮. શહેરનાં ૯ વોર્ડોને નિયમ- ૩ ની જોગવાઇઓને ધ્યાનમાં લઈ આ સાથે અનુસૂચિ ૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે.આ સીમાંકન નક્કી કરવા માં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજૂથતા, નદી, રેલ્વેલાઈન, રોડલાઈન વગેરે કારણે બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને એકસરખા વોર્ડ-૯ બની રહે તે મુદ્દો વિચારણામા લઈ વોર્ડોનું સીમાંકન નક્કી કરેલું છે.

૯. નિયમોના નિયમ- ૪ અન્વયે દરેક વોર્ડમાં ત્રણ કાઉન્સિલર ચૂંટવાના છે.નિયમ- ૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક બિનઅનામત એટલે કે સામાન્ય બેઠક બની રહેશે. જ્યારે બીજી બેઠક મહિલા, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગ ની મહિલા સહિત માટે અનામત રાખવાની છે. જ્યારે ત્રીજી બેઠક જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગ ને ફાળવવાની રહેશે. અને તેવી ફાળવણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો તે બિનઅનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે.

૧૦.નિયમોના નિયમ- ૬ અન્વયે અનુસુચિત જાતિ,અનુસૂચિત આદિજાતિ,ની દરેક વોર્ડની વસ્તીની ટકાવારીનાં ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તી સંખ્યા વધુ હોય એટલે કે, ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે.આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, મહિલા બેઠક સહીત ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ વસ્તી હોય એટલે કે ટકાવારી ઊંચી હોય તે વોર્ડ માં ફાળવણી નુ ધોરણ નિર્ધારીત કરેલ છે,

૧૧. જાહેરનામા અન્વયે શહેર માટે ૧ બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે .

INDEX

૧૨. પંચે એકઠી કરેલી માહિતી મુજબ શહેરનાં જુદા જુદા ૯ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	અનુ.જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ.જાતિની વસ્તીની ટકાવારી
૧.	૨	૩૨૪૦	૪૭૩	૧૪.૫૯
૨.	૧	૩૨૪૮	૪૩૨	૧૩.૩૦
૩.	૮	૩૪૪૪	૧૯૨	૫.૫૭
૪.	૭	૩૬૭૬	૧૧૭	૩.૧૮
૫.	૬	૩૦૧૨	૬૩	૨.૦૯
૬.	૯	૩૫૨૯	૬૩	૧.૭૮
૭.	૪	૩૦૮૩	૧૬	૦.૫૧
૮.	૫	૩૪૭૭	૧૧	૦.૩૧
૯.	૩	૩૩૭૩	૮	૦.૨૩

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં. ૨ માં અનુસૂચિત જાતિની બેઠક નિયમોના નિયમ- ૬ (અ) હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે. અનેતે મુજબ ફાળવવામાં આવે છે.

૧૪. અનુસૂચિત જાતિના - મહિલા અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસ્તીની ઉતરતા ક્રમમાં ટકાવારી જાતિ દર ત્રણ વોર્ડના જુથ પૈકી ત્રીજા ક્રમે આવતા ત્રીજા વોર્ડમાં મહિલા બેઠક ફાળવવી તેમ પંચ માને છે.પરંતુ ઉમરેઠ નગરપાલિકાની રચના માટે જાહેરનામા અન્વયે ફકત એકજ બેઠક અનુ.જાતિની ફાળવાયેલ છે.

૧૫. અનુસુચિત જાતિની બેઠક વોર્ડ નં. ૨ માં નિયમોના નિયમ- ૬:અ: અન્વયે ફાળવવામાં આવે છે.

વોર્ડ નંબર	બેઠક
૨	અનુસુચિત જાતિ

૧૬. જાહેરનામા અન્વયે કોઇ બેઠક અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખવી નિર્ધારીત થયું નથી તેથી આ વર્ગ માટે કોઇ બેઠક અનામત રાખવામાં આવતી નથી તેમ પંચ ઠરાવે છે.

૧૭. જાહેરનામામાં નક્કી થયા મુજબ ૩ બેઠકો પછાતવર્ગો માટે ફાળવેલ છે. તે પૈકી એક બેઠક આ વર્ગની મહિલા માટે અનામત રખાઈ છે.

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો- ૧૯૯૪નાં નિયમ-૬ બી હેઠળ રાજય ચૂંટણી પંચેપછાત વર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. જેના મહત્વનાં મ્રબંધ નીચે પ્રમાણે છે.

(૧) માન્ય રાજકીય પક્ષો તરફથી મળેલ માહિતીનાં અભ્યાસ પરથી જે શહેરનાં જે જે વોર્ડમાં પછાતવર્ગની વસ્તીનાં

INDEX

ધોરણને અનુલક્ષીને જે સર્વ સામાન્ય વોર્ડો હોય તે તે વોર્ડોમાં પછાતવર્ગ માટે અનામત બેઠક ફાળવવાની રહેશે.

(૨) મ્યુનિસિપલ ચીફ ઓફીસર તરફથી છેલ્લી ચૂંટણીમાં જે વોર્ડમાંથી પછાતવર્ગનાં ઉમેદવારો ચૂંટાઈને કોર્પોરેટર તરીકે પદધારણ કરતાં હતા તે વોર્ડમાં ઉપર અનુક્રમ નં. ૧ માં જણાવેલ વોર્ડોમાં ઉપર અનુક્રમ નં. ૧ માં જણાવેલ વોર્ડોમાં બેઠક ફાળવ્યા પછી નિયત સંખ્યા સુધીમાં ફાળવવાની રહેશે.

આથી સ્પષ્ટતા કરવાની કે, જુના વોર્ડોનું સીમાંકન અને નવા વોર્ડોના સીમાંકનમાં ફેરફાર હોય તો જુના વોર્ડોનો મોટા ભાગનો જે વિસ્તાર જે જે નવા વોર્ડનાં સીમાંકનમાં સમાવિષ્ટ થતો હોય તેવા નવા વોર્ડમાં પછાતવર્ગની બેઠક ફાળવવાની રહેશે.

(૩) પછાત વર્ગ માટે અનામત રાખેલી કુલ બેઠકો પૈકી ૧/૩ બેઠકો મહિલા માટે જાહેરનામા અન્વયે અનામત રખાઈ છે. આમ ત્રણ બેઠકો પૈકી એક બેઠક મહિલા માટે અનામત રાખવામાં આવી છે. આ મહિલાનું પ્રમાણ ૧:૩ રહે છે. તેથી તાર્કીક રીતે વિચારતા દર ત્રણ બેઠકો પૈકી ત્રીજી બેઠક મહિલા માટે ફાળવવી તેમ પંચ સ્વિકારે છે.

(૪) પરંતુ જો આ રીતે જે વોર્ડમાં પછાત વર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસુચિત જાતિ અથવા અનુ. આદિજાતિ માટે મહિલા બેઠક ફાળવી હોય તો તે વોર્ડને બદલે તે પછી અનુક્રમે જે વોર્ડ આવે તે વોર્ડમાં પછાતવર્ગની મહિલા બેઠક ફાળવવી.

માન્ય રાજકીય પક્ષોને પંચ તરફથી નગરપાલિકાઓના કયા વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવી તે અંગે સુચનો મોકલવા આ કાર્યાલય તરફથી વિનંતી કરવામાં આવેલ. પરંતુ કોઈ માન્યરાજકીય પક્ષ તરફથી હજુસુધી સુચન કરવામાં આવ્યા નથી.

પંચે અપનાવેલા માપદંડ મુજબ ચીફ ઓફીસર પાસેથી ગત ચૂંટણીમાં પછાતવર્ગનાં કાઉન્સિલરો જુના કયા વોર્ડમાંથી ચૂંટાયા હતા, અને તે સમગ્ર વોર્ડોનો કે તે વોર્ડોના મોટા ભાગના વિસ્તાર નવા કયા વોર્ડમાં સમાવિષ્ટ થાય છે. તેની માહિતી મેળવવામાં આવી છે તે ચકાસતા નીચે મુજબ હકીકત જણાય છે.

૧૯. જુના વોર્ડ નં.૪ અને ૬ જેનો સૂચિત વોર્ડ નં. અનુક્રમે ૪ અને ૨ બને છે તે વોર્ડમાંથી છેલ્લી ચૂંટણીમાં પછાતવર્ગના એક કાઉન્સીલર ચૂંટાઇ આવેલ છે. જેથી પંચે અપનાવેલા માપદંડ મુજબ વોર્ડ નં.૪ અને ૨ પછાતવર્ગની બેઠક માટે અનામત રાખવામાં થાય છે. જાહેરનામા અન્વયે આ શહેરમાં ત્રણ બેઠકો પછાતવર્ગ માટે અનામત રાખવાની જોગવાઇ હોઇ ત્રીજી બેઠક અંગે શહેરના સૂચિત વોર્ડ પૈકી કયા વોર્ડમાં પછાતવર્ગની વધુ વસ્તી રહે છે તે અંગે ચીફ ઓફીસરશ્રી કે જેઓ સ્થાનિક અધિકારી છે તેમની પાસેથી માહિતી મેળવતાં તેઓએ સૂચિત વોર્ડ નં. ૨,૪ અને ૭માં પછાતવર્ગની વધુ વસ્તી હોવા અંગે અભિપ્રાય આવેલ છે. આમ રજુ થયેલી માહિતી ધ્યાને લઇ પછાતવર્ગ માટે વોર્ડ નં. ૨, ૪ અને ૭ માં પછાતવર્ગની બેઠક અનામત રાખવાનું પંચ મુનાસીબ માને છે અને તે પ્રમાણે બેઠક અનામત રાખવા ઠરાવે છે. અને વોર્ડ નં. ૨ અને ૪ પછી ત્રીજા ક્રમે આવતા વોર્ડ નં. ૭ માં પછાતવર્ગ મહિલા અનામત બેઠક માપદંડ મુજબ ફાળવવાની થાય. પરંતુ વોર્ડ નં. ૨માં ત્રીજી બેઠક અનુ.જાતિ માટે અનામત રાખવા ઠરાવેલ હોઇ વોર્ડ નં.૨માં ત્રીજી બેઠક પછાતવર્ગ મહિલા અનામત રાખવા અને વોર્ડ નં. ૪ તથા ૭ માં ત્રીજી બેઠક પછાતવર્ગ માટે અનામત રાખવા ઠરાવે છે.

૨૦. આ પ્રમાણે અનુસુચિત જાતિ તથા છાત વર્ગની તે પૈકી મહિલા અનામત બેઠકની સહિતની ફાળવણી કર્યા પછી મહિલા અનામત બેઠક અને સામાન્ય ઉમેદવારોને બાકી રહેતી બેઠક ફાળવવામાં આવે છે.

૨૧. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને નિયમોનાં નિયમ-૩ અન્વયે ઉમરેઠ શહેરોને આ સાથે સંલગ્ન અનુસૂચિ-૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે. અને આ સાથે અનુસુચિ-૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

INDEX

૨૨. આ પ્રમાણે વોર્ડોનું વિભાજન અને હદરેખા નકકી કરવાનું અને વોર્ડ ની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ આથી માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

૨૩. ઉપર પ્રમાણે વોર્ડોની હદરેખા નકકી કરવામાં આવે છે. અને ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે. તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે. અને તે સામે કોઈપણ શખ્સને જાહેર જનતાને સલાહ સુચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૫ દિવસોમાં રાજય ચૂંટણી પંચ બ્લોક નં: ૯, ૬ઠ્ઠો માળે, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા. મુદત વિત્યે આવેલ સુચનો ધ્યાનમાં લેવામાં આવશે નહી.

૨૪. રાજય ચૂંટણી પંચે નગરપાલિકાના વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો છેવટનો કરતાં પહેલાં લોકપ્રતિનિધિત્વ ધારો ૧૯૫૧ અન્વયે માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરુરી પરામર્શ કરશે.

તારીખ: ૧૬/૪/૧૯૯૪.

યો. જે. દીક્ષિત,

સચિવ,

રાજય ચૂંટણી પંચ

INDEX

અનુસૂચિ - ૨

રાજ્ય ચૂંટણી પંચ

ઉમરેઠ નગરપાલિકાની કુલ વસ્તી : ૩૦,૦૮૨

કુલ વોર્ડોની સંખ્યા : ૯

વોર્ડ દીઠ સરેરાશ વસ્તી : ૩,૩૪૨ સરેરાશ વસ્તી ૧૦ ટકા વધ મુજબ : ૩,૬૭૬

સરેરાશ વસ્તી ૧૦ ટકા ઘટ મુજબ : ૩,૦૦૮

બેઠકોની સંખ્યા : ૨૭

મહિલા બેઠકો : ૯ ૧ બેઠક અનુસૂચીત જાતી.

અનુ આદિજાતિ માટે કોઈ નહી.

૧ બેઠક પછાત વર્ગની મહિલા સહિતની.

અનુસૂચીત જાતી માટે અનામત બેઠકોની સંખ્યા : ૧

અનુસૂચીત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા : કોઈ નહી.

પછાત વર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા ૩ તે પૈકી ૧ મહિલા માટે.

કુલ અનામત બેઠકોની સંખ્યા : ૧૨

સામાન્ય બેઠકો : ૧૫

અ.નં	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી બીન અનામત	બીજી બેઠકની ફાળવણી મહિલા અનામત	ત્રીજી બેઠકની ફાળવણી
૧.	૧	૩૨૪૮	સામાન્ય	સામાન્ય	સામાન્ય.
૨.	૨	૩૨૪૦	સામાન્ય	પછાતવર્ગ	અનુ.જાતિ.
૩.	૩	૩૩૭૩	સામાન્ય	સામાન્ય	સામાન્ય.
૪.	૪	૩૦૮૩	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ.
૫.	૫	૩૪૭૭	સામાન્ય	સામાન્ય	સામાન્ય.
૬.	૬	૩૦૧૨	સામાન્ય	સામાન્ય	સામાન્ય.
૭.	૭	૩૬૭૬	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ.
૮.	૮	૩૪૪૪	સામાન્ય	સામાન્ય	સામાન્ય.
૯.	૯	૩૫૨૯	સામાન્ય	સામાન્ય	સામાન્ય.

તારીખ: ૧૬-૪-૧૯૯૪

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ

INDEX

અનુસૂચિ - ૧

પત્રક : ૪

ઉમરેઠ નગરપાલિકા, ઉમરેઠ. (જિ. ખેડા.)

વોર્ડ નંબર	ઇલેકશન વોર્ડની હદનું વર્ણન
૧.	લાલ દરવાજાથી શીલીવગા તરફ સી. સ. નં. ૧૭૦૦ થી આગળ જમણા હાથે શીલીવગાની ખડકી સી. સ. નં. ૧૭૧૨-૧૭૧૩ થી આગળ જતા જમણા હાથે પીપળી માતાથી જમણા હાથે શશીકાન્તવાળા ખાંચા થઇ, સી. સ. નં. ૧૭૪૪ રસ્તાની મધ્ય રેખા થઇ જનાવાદીની પોળ થઇ, વહેરાઇ સંચાવાળા ખાંચો, કુવા પાસે થઇ ધોબીના ઘર થઇ માંખણવાડા, કુંભારવાડા, ભરથરીવાસ રસ્તાની મધ્ય રેખા થઇ, ઉમરેઠ વડોદરા રોડ કેલટેક્ષ પેટ્રોલ પંપ વાઘરી વાસ, રે. સ. નં. ૬૫ થી જમણી તરફ રે. સ. નં. ૨૩૯ સુધી ત્યાંથી રે. સ. નં. ૨૫૩ થઇ જમણી તરફ રે. સ. નં .૨૮૧ થઇ, રે. સ. નં. ૧૨૦ થઇ રામતળાવ, અમરેશ્વર મહાદેવ, જોષીકુવા, ગોપાલજીનું મંદિર, હરિજન વાસ થઇ, સાસ દરવાજા, ઢોર ડબ્બા થઇ કઠલાલા ની ખડકી લાલ દરવાજા, રસ્તાની મધ્ય રેખા, ભાથીજીનો ખાંચો, સાચીમાતાનો ખાંચો, કરણવગે જામબાબારીથી લાલ દરવાજા, લખાજોષીની પોળ થઇ વચ્ચેનો તમામ ભાગ... પ્રમાણ પત્ર આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, ઉમેરઠ નગરપાલિકાની સને : ૧૯૯૧ ની વસિત મુજબ વોર્ડની રચના કરવાની દરખાસ્ત મેં જાતે ચકાસેલ છે, અને તેમાં કોઇ વિસ્તાર રહી જવા પામેલ નથી.
૨.	રસ્તાની મધ્ય રેખા થઇ કોર્ટની બહાર જમણા હાથે સી સ. નં. ૩૩૮૦, થઇ જમણા હાથે પીપલ્સ કો. ઓપ. બેન્ક થઇ, કામનાથ મહાદેવ થઇ જમણા હાથે મહાદેવવાળી પોળ, જમણા હાથે, ખરાદીની કોઢથી આગળ જમણા હાથે જતાં દુગલ દવેના ખાંચા થઇ, ધોબીના ઘર થઇ, કાછીયાની વાડી થઇ, જમણા હાથે ટુંકાઇ માતાના વંઢા થઇ, ભગવાન વગા જકાત નાકા થઇ, આઇસ ફેકટરી થઇ, રે. સ. નં. ૫૨૦ થઇ, રે. સ. નં. ૨૯૦ થઇ રે.સ.નં.૩૮૪ થી જમણા હાથે ડાકોર-નડીયાદ હાઇવે તરફ રસ્તાની મધ્ય રેખા થઇ રે. સ. નં. ૫૬૭ એસ.ટી. સ્ટેન્ડ છાત્રાલય, મહીકેનાલ કોલોની, વલ્લભનગર, ગજાનંદ સોસાયટી, જલારામ સોસાયટી, ત્યાંથી વડા બજાર જકાત નાકા, રણછોડરાય શોપીંગ સેન્ટર, પગલાં મંદિર થઇ રાણાની ધર્મશાળા થઇ, કૃષ્ણ સીનેમા, ભગવાન વગા તથા ચમારવાસ, ખ્રિસ્તીવાસ થઇ રોડ અને ત્યાંથી ભદ્રકાળી માતા, કલાલનો ખાંચો, રાણા મહોલ્લો થઇ, નાની દલાલ પોળ, દલાલ પોળ, કાછીયા પોળ થઇ સટાક પોળ, રઘુનાથજીના મંદિર થઇ, મહાલક્ષ્મીના મંદિર થઇ, ભગતની હોટલ થઇ શેઠવગા, સુતરીયાની ખડકી થઇ કોર્ટની બહાર, સી.સ. નં. ૩૩૮૦ સુધી રસ્તાની મધ્ય રેખા થઇ વચ્ચે નો તમામ ભાગ... પ્રમાણ પત્ર આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, ઉમેરઠ નગરપાલિકાની સને : ૧૯૯૧ ની વસતિ મુજબ વોર્ડની રચના કરવાની દરખાસ્ત મેં જાતે ચકાસેલ છે, અને તેમાં કોઇ વિસ્તાર રહી જવા પામેલ નથી.

INDEX

વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડની હદનું વર્ણન

૩. રસ્તાની મધ્ય રેખા થઈ કોર્ટની બહાર સી.સ.નં.૧૩ થી જમણા હાથે પટેલની પોળ, ઝેરોક્ષવાળાના ખાંચા થઈ શેઠવગા ખાંચા થઈ ગાંધીશેરી થઈ વડા બજાર સ્ટાર બેકરી થઈ, ગણપતી મંદિર થઈ, વિશ્રામઘાટ થઈ, હાઈવે રોડ (નડીયાદ-ડાકોર) થઈ વિંઝોલ રોડ તરફ જમણા હાથે, રે. સ.નં.૬૧૮ ની હદ સુધી રસ્તાની મધ્ય રેખા થઈ (સર્વોદય હાઉસીંગ સોસાયટી જનરલ હોસ્પિટલ, ગુજરાત વિધુત બોર્ડ તથા સેન્ટઝેવિયર્સ સ્કુલ, અંબિકા નગર) રે. સ.નં. ૭૨૮, ૭૨૯, થઈ રે.સં.નં. ૮૧૬ થઈ ૯૭૮-૯૦૫ થઈ રે.સ.નં. ૧૦૩૦ થઈ જમણા હાથે હરીનગર થઈ જાગનાથ ફાટક ગટરના કુવા થઈ ભૈરવનાથ, ખોડીયાર માતાના મંદિર થઈ કાજીવાડ, કડીયાવાડ, ખાટકીવાડ અબ્દાવાડ થઈ જમણા હાથે ડબગરવાડ થઈ ડાબા હાથે ગાંધીશેરી થઈ સેવકલાલ પોળ થઈ વોરવાડ થઈ સી .સ.નં.૧ મસ્જીદ થઈ જમણા હાથે સી.સ.નં. ૧૩ સુધીનો રસ્તાની મધ્ય રેખા વચ્ચેનો તમામ ભાગ...

પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે ઉમેરઠ નગરપાલિકાની સને : ૧૯૯૧ ની વસતિ મુજબ વોર્ડની રચના કરવાની દરખાસ્ત મે જાતે ચકાસેલ છે, અને તેમાં કોઈ વિસ્તાર રહી જવા પામેલ નથી.

૪. રસ્તાની મધ્ય રેખા થઈ પીપળીયા તળાવ રે.સ.નં. ૧૪૮૭ થી શરુ કરી રે.સ.નં.૧૩૩૫ થઈ રે.સ.નં. ૧૩૬૦ થઈ રેસ.નં. ૧૪૪૦ ને ફરી રે. સ.નં.૧૩૯૭, ૧૩૯૧, ૧૩૯૨, ૧૩૦૦, ૧૨૦૦, ૧૨૯૮, ૧૨૯૭, ૧૨૭૩, ૧૨૯૩, ૧૨૭૨, ૧૨૬૯, ૧૨૬૩, ૧૨૫૮, ૧૨૪૨, ૧૨૪૦, ૧૨૩૮, ૧૧૩૮, ૧૧૦૬, ૧૧૦૨, ૧૦૭૭ અને ૧૦૩૦ ની વચ્ચે થઈ પશ્ચિમ તરફ નજર રાખી, સીધા રેલ્વેના દરવાજે થઈ જાગનાથ મહાદેવ ને ડાબા હાથે રાખી, વાલ્વાકુવા ગામમાં દાખલ થઈ ડાબા હાથે મોઈવાડા વચ્ચે રસ્તાની મધ્ય રેખા થઈ સુથારવાડા માતાની લીમડી સી.સ.નં. ૮૦૦ થઈ રેખડીયાના ફળીયા થઈ ડાબા હાથે ઉડા ફળીયા તરફ થઈ ત્યાંથી મસ્જીદ આગળ થઈ ડાબા હાથે નાનો વાધરી વાસ તેની સામે ડાબા હાથે સી.સ.નં.૭૧૭૮ સીમળોજાના પરાએ થઈ, બન્ને વાધરીવાસ ફરી ડાબા હાથે તકીયા આગળ થઈ સીસ.નં. ૭૦૮૪ થી કબ્રા ભાગ ફરી સીસ.નં. ૬૮૫૭ સુધીનો ભાગ જે રસુલજીની ખડકી સુધી આવીને અટકી જાય ત્યાં સુધી...

પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે ઉમેરઠ નગરપાલિકાની સને : ૧૯૯૧ ની વસતિ મુજબ વોર્ડની રચના કરવાની દરખાસ્ત મે જાતે ચકાસેલ છે, અને તેમાં કોઈ વિસ્તાર રહી જવા પામેલ નથી.

૫. રસ્તાની મધ્ય રેખા થઈ લીંમડાપોળ થઈ, મંદિરવાળી પોળ થઈ, રેટીયા પોળ થઈ, પોસ્ટ ઓફીસ, વોરવાડ થઈ ત્રિવેદી વગા, ઠાકરવગા, થઈ દરજીવાડના નાકા થઈ સી.સ.નં.૭૩૮૯ થઈ ડાબા હાથે પીપળીયા ભાગોળ થઈ સી.સ.નં. ૭૨૩૮ વાળી કનુભાઈ પટેલની દુધની દુકાને થઈ, શીમાળીની વગાના ટેકરે થઈ, ડાબા હાથે પટેલ ની વાડી, સુથારવાડ, રસ્તાની મધ્ય રેખા થઈ ભોઈવાડા થઈ ડાબા હાથે જાગનાથના દરવાજા સુધીનો ત્યાંથી રાવળીયા ચકલે સી.સ.નં.૩૯૨ થી ૩૯૧,૩૫૬, ૩૭૬, થઈ ખાટકી વાડ સી.સ.નં. ૩૮૯ થી સી.સ.નં. ૩૪૨ લીમડાપોળ સુધી..

ત્રણ પોળનો તમામ ભાગ થઈ સી.સ.નં. ૬૪૦૪ ની દુકાને આવી જમણા હાથે પંચવટી તરફ સી.સ.નં. ૬૪૧૦ અર્બન કો. ઓપ. બેન્ક તરફ આવી ત્યાંથી જમણા હાથે માળીવાડાની પોળ, ખડાયતાની ખડકી થઈ કોર્ટનો વિસ્તાર સુધીનો રસ્તાની મધ્ય રેખા થઈ આવતો તમામ ભાગ...

INDEX

વોર્ડ નંબર	ઇલેકશન વોર્ડની હદનું વર્ણન

પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે ઉમેરઠ નગરપાલિકાની સને : ૧૯૯૧ ની વસતિ મુજબ વોર્ડની રચના કરવાની દરખાસ્ત મે જાતે ચકાસેલ છે, અને તેમાં કોઇ વિસ્તાર રહી જવા પામેલ નથી.

૬. રસ્તાની મધ્ય રેખા થઇ પંચવટી કાકાની પોળ થઇ શ્યામ સુંદરજીના મંદિર થઇ, જમણા હાથે સુંદર બજાર તરફ બોરડી ફળીયા પ્રેસ થઇ, આંબલી ચકલાવાળા રસ્તે થઇ, વાધનાથ ચકલા, ધેલડવાળા માતાવાળા ખાંચે થઇ, જમણા હાથે ગાંયનીવાડા વાળા રસ્તે થઇ સાકળીનળી થઇ જમણા હાથે પીપળી માતા, શીલીવગા રસ્તાની મધ્ય રેખા થઇ સી.સ.નં. ૧૮૦૧,૧૮૦૨, થઇ સી.સ.નં.૧૮૦૮ થઇ, ગાંયજાવાડ, સુથારવાડ, આંબલી ચકલા, ગણેશ બારી થઇ, સારસીયાની ખડકી થઇ, મેલડી માતા, ખ્રીસ્તીવાસ, રોહિતવાસ થઇ, જમણા હાથે ડાકોર-નડીયાદ રોડ થઇ વ્યાસના વંઢા, મથાકાકાનો વંઢો, નવી પોળ, સરગમપોળ, શેલતીયા કુવા, બોરડી ફળીયા થઇ કાછીયાની વાડી સામે પટેલ ના ખાંચા થઇ, કાકાની પોળ, નવા ધરા થઇ, બરોડા બેન્ક થઇ, કલાનિકેતન સાડી સેન્ટર થઇ, કાકાની પોળ સુધી રસ્તાની મધ્ય રેખાની અંદર નો આવતો તમામ ભાગ...

પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે ઉમેરઠ નગરપાલિકાની સને : ૧૯૯૧ ની વસતિ મુજબ વોર્ડની રચના કરવાની દરખાસ્ત મે જાતે ચકાસેલ છે, અને તેમાં કોઇ વિસ્તાર રહી જવા પામેલ નથી.

૭. રસ્તાની મધ્ય રેખા થઇ ભાટપીપળી મહાદેવ શાહનો ખાંચો થઇ, દેવશેરી થઇ, ઓડ બજાર તરકવાડવાળા રસ્તા થઇ, હનુમાજીના મંદિર થઇ ઓડ બજાર પીકઅપ એસ.ટી. સ્ટેન્ડ થઇ, માર્કેટ યાર્ડ રસ્તાની મધ્ય રેખા થઇ, ઓડ બજાર જકાત નાકાની સામે પશ્ચિમ દિશા તરફ થઇ રે.સ.નં. ૧૭૫૭,૧૭૫૪,૧૭૫૧ થઇ ૧૭૮૪ થઇ ટેકનીકલ સ્કુલ થઇ રેલ્વે ફાટક થઇ ગ્લાસ લાઇન્ડ ફેકટરી થી હમીદપુરાવાળા રોડ તરફ રે.સ.નં. ૧૭૬૧ થઇ ૧૬૭૯ થઇ ૧૬૮૫ થઇ, ૧૬૯૨,૧૯૩૩ થઇ ૧૯૪૧ થઇ, ૧૯૪૨, ૧૯૪૪, થઇ ૨૦૨૯ થઇ ૨૦૭૪ થઇ, ૨૦૧૭,૨૧૨૬ થઇ નડીયાદ ડાકોર રોડ થઇ ઓડ ઉમરેઠ ચોકડી ઢેઢુરી તળાવ થઇ, મલાવ તળાવની ધારથી રસ્તા તરફ થઇ, સંતરામ મંદિર થઇ, વ્યાસના ચોરા થઇ, તીખાની પોળ થઇ રબારીવાસ થઇને પાટડી ચકલા થઇને દવેજીની પોળ થઇ વહેરાઇ માતાના મંદિર થઇ રુપજી મોરારની પોળ થઇ, સી.સ.નં. ૭૪૮૪ થઇ, બળેલી પોળ થઇ વજુભાઇના લીંમડાવાળા ખાંચા થઇ મોટા ફળીયા, તુળજા માતા, કેશવરાયજીના ખાંચા થઇ ભાટવાડા થઇ ભાટ પીપળી મહાદેવ સુધીની રસ્તાની મધ્ય રેખાની અંદર આવતો તમામ વિસ્તાર...

પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે ઉમેરઠ નગરપાલિકાની સને : ૧૯૯૧ ની વસતિ મુજબ વોર્ડની રચના કરવાની દરખાસ્ત મે જાતે ચકાસેલ છે, અને તેમાં કોઇ વિસ્તાર રહી જવા પામેલ નથી.

૮. રસ્તાની મધ્ય રેખા થઇ ભાટપીપળી સી.સ.નં. ૩૬૩૧ મહાદેવ ની સામે થઇ પત્થરવાળી પોળ થઇ ભોડ બજાર સી.સ.નં. ૫૬૩૨ પરબડીવાળી દુકાનો થઇ સ્વામીનારાયણ મંદિર થઇ મ્યુનિ, શોપીંગ સેન્ટર રસ્તાની મધ્ય રેખા થઇ વૃન્દાવન સોસાયટી થઇ ઓડબજાર જકાતનાકા થઇ શશાંક પાર્ક સોસાયટી થઇ પંકજ રાઇસ મીલ, રજનીનગર સોસાયટી યમુના પાર્ક સોસાયટી કર્ણાવતી સોસાયટી કૃષ્ણ સોસાયટી થઇ

INDEX

વોર્ડ નંબર	ઇલેકશન વોર્ડની હદનું વર્ણન

જી.આઇ.ડી.સી ફાટક થઇ હમીદપુરાવાળા રોડ તરફ થઇ રે.સ.નં. ૧૬૬૪,૧૬૬૩,૧૬૬૦ થઇ ભરોડાવાળા રોડ તરફ થઇ નગારી ફાટક થઇ રે.સ.નં. ૧૫૦૮ થઇ નગારી જકાત નાકા રસ્તાની મધ્ય રેખા થઇ સીકોતર માતાના મંદિર થઇ ખારવાવાડી સરસ્વતી પ્રીન્ટીંગ પ્રેસ થઇ ભાથીજીના મંદિર થઇ કુંભારવાડા નગીના મસ્જીદવાળો ખાંચેચે થઇ ખડકી ગલાગોઠડીયાની પોળ થઇ લાખીયા પોળ, ભાઇની પોળ, ચોકસીબજાર થઇ પંચવટી સી.સ.નં.૩૮૬૫ થઇ સી.સ.નં.૪૨૩૭ થઇ ખાંચા થઇ વાધનાથ ચકલા થઇ, સીંકળી નળી થઇ પીપળી માતા તરવાડીવાળા ખાંચાએ થઇ બળેલી પોળ, સોમેના બન્નેખાંચા થઇ તુળજા માતાની કુઇ મોઢવાડા થઇ, ખેડા જિલ્લા મધ્યસ્થે સહકારી બેન્ક થઇ, પાટ તરફના રોડ તરફ સી.સ.નં. ૩૭૩૧ સુધી આવતો રસ્તાની મધ્ય રેખા વચ્ચે નો તમામ વિસ્તાર...

પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે ઉમેરઠ નગરપાલિકાની સને : ૧૯૯૧ ની વસતિ મુજબ વોર્ડની રચના કરવાની દરખાસ્ત મે જાતે ચકાસેલ છે, અને તેમાં કોઇ વિસ્તાર રહી જવા પામેલ નથી.

૯. રસ્તાની મધ્ય રેખા થઇ રસુલજીની ખડકીથી સી.સ.નં.૬૮૪૧ સુધીના નંબરો ત્યાંથી ડાબા હાથે પશ્ચિમ દિશાએ ડાકોરના ફળીયા થઇ દરજીવાડના નાકે સી.સ.નં.૬૭૯૬ એ આવી ડાબા ફરી ભટ્ટવાળી પોળની કુઇએ આવી ફાટીપોળ આગળ શુકલની કુઇએ આવી ત્યાંથી ગલાગોઠડીયાની પોળ આવી ડાબા ફરી મોચીવાડ વચ્ચે રસ્તાની મધ્યે રેખા થઇ ઓડ બજાર સી.સ.નં.૫૬૦૦ ની દુકાને આવી ત્યાંથી ડાબા ફરી નગીના મસ્જીદે આવી જમણા હાથે ફરી મસ્જીદ વાળો ખાંચો તથા કુંભારવાડામાં થઇ, સી.સ.નં.૫૮૦૦ આગળ પગી મહોલ્લા તરફ બહાર નીકળી ત્યાંથી ડાબા ફરી સી.સ.નં.૫૮૪૭ આગળ થઇ બહાર નીકળી ભાથીજી જમણા હાથે રાખી ઝાંપલી ભાગોળના દરવાજે આવવું. ત્યાંથી જમણા ફરી દરવાજાની બહાર નિકળી સિક્રોવર માતા થઇ જમણા હાથે રાખી રસ્તા ની મધ્ય રેખા થી સીધા દક્ષિણ તરફ રેલ્વે,ક્રોસીંગ ઓળગીં જમણા હાથના બેચરી જવાના રસ્તાના થાણા આગળ ગામની દક્ષિણ રે.સ.નં.૧૫૭૨ ની પુર્વે ફરી રે.સ.નં. ૧૫૭૧, ૧૫૭૦ આગળ આવી રે.લ.નં. ૧૪૨૬, ૧૪૨૫, ૧૪૨૩, ૧૪૨૨, ૧૪૨૧, ૧૪૨૦ ને ગોળ ફરી રે.સ.નં.૧૪૧૫ થઇ ૧૪૭૦ પાસે રેલ્વે ગોદી આગળ થઇ રેલ્વે સ્ટેશન તરફ આવી જજ સાહેબના બંગલા થી જમણા હાથે ચર્ચ તરફ આવી અંબાલાલ બાબરભાઇ પીઠા, જમણા હાથે ચંદ્ર મુળેશ્વર મહાદેવ થઇ દરજીવાડના સુધી ઘ.નં.૬૨૨૩ સુધી, ગંગાપ્રસાદની હોટલેથી શરુ કરી નોતરીયા પોળ, ચોકસી પોળ ભટ્ટવાળી પોળ, ડાબા હાથે દરજીવાડનું નાકું ઠાકરવગો વોરવાડ, ડાબા હાથ વૈદ્યના સી.સ.નં.૬૫૧૫

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજય ચૂંટણી પંચ

તારીખ: ૧૬/૪/૧૯૯૪.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 61 REGISTERED NO. G/GNR/2.

The Gujarat Government Gazette
EXTRAORDINARY
PUBLISHED BY AUTHORITY

Vol.XXXV] SATURDAY, APRIL 16, 1994/ CAITRA 26, 1916.

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ

ગુજરાત રાજ્ય,

ગાંધીનગર.

ક્રમાંક : સમક : ૨૯૬ : ૯૪

કપડવંજ નગરપાલિકા જી. ખેડાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ.

ભારતના સંવિધાનના ૭૪મા સુધારાને અનુલક્ષીને ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ ૧૯૬૩ માં રાજ્ય સરકારે ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ ૧૯૯૩ અન્વયે મહત્વના સુધારા કરેલા છે. આ અધિનિયમની કલમ- ૬, પેટા કલમ-૪ અન્વયે નગરપાલિકાની ચૂંટણી, મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી પંચમાં નિહીત થશે. તેવી જોગવાઇ કરેલી છે, અને રાજ્ય ચૂંટણી પંચે કલમ ૬, પેટા કલમ-૫ અન્વયે રાજ્ય સરકારે કરેલાં નિયમો અનુસાર અધિનિયમની જોગવાઇઓને આધીન રહીને ચૂંટણી કરવી જોઇએ.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ- ૭, પેટા કલમ- ૨ તથા કલમ- ૬ની પેટા કલમ-૩ અન્વયે જાહેરનામા ક્રમાંક : કેવી- ૨૯૬-૯૩ -એન.પી.બી -૩૦૯૩- ૫૬૪૬- (૨૫) -આર, તા.૧૮:૧૨:૯૩ જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ

INDEX

કરવામાં આવ્યો છે. તે અન્વયે કપડવંજ શહેરની નગરપાલિકાને જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેના સન ૧૯૯૧નાં વસ્તી ગણતરીના આખરી આંકડા પ્રસિદ્ધ થયા છે. તેના આધારે ૯ વોર્ડોમાં વહેચવામાં આવેલ છે. નગરપાલિકાના કાઉન્સિલરોની કુલ બેઠકો ૨૭ નક્કી કરવામાં આવી છે. જાહેરનામા અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા પછાતવર્ગ તેમજ મહિલા માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલી છે.

૩. ચૂંટણી પંચે અધિનિયમની કલમ-૭, પેટા કલમ-૨, ખંડ-૩ પેટા ખંડ: (ખ) અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુ.જાતી અનુસૂચિત આદિજાતી, પછાત વર્ગની તથા મહિલાની તરફેણમાં અનામત રાખેલા બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજ્ય સરકારે તેમના જાહેરનામા ક્રમાંક :કેવી:૪૯:૧૯૯૪ એન.પી.એલ ૪૫૯૩ :૩૬૫૫:એમ તા.૧૬-૩-૯૪.અન્વયે અધિનિયમની કલમ- ૨૭૭ની પેટાકલમ-૨ તથા કલમ- ૬ તથા ૭ અન્વયે વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણીના નિયમો ૧૯૯૪ અને હવે પછી નિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે બહાર પાડેલ છે.

૫. નિયમોના નિયમ- ૨ અન્વયે નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શક્ય હોય ત્યાં સુધી બધાં જ વોર્ડોના વસ્તી એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસ્તીથી કોઇ પણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહિ તે પ્રમાણે વોર્ડની રચના કરવાની રહે છે. આમ છતાં ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે, સ્થાનિક એક જુથતા તથા ભૌગોલીકના નજીકપણા કે બીજા અન્ય પરિબળોને તુલનામાં લેતા ૧૦ ટકા વધુ વધ કે ઘટ કરીને વોર્ડની રચના કરી શકાશે.

૬. પંચે નગરપાલિકાના વોર્ડોનાં સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે. તેમજ સને ૧૯૪૮ના સેન્સસ એકટ મુજબ સને. ૧૯૯૧ ના વસ્તી ગણતરીના છેવટના પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં શહેરની કુલ વસ્તી ૪૧૦૧૬ આવે છે. જાહેરનામા મુજબ શહેરને ૯ વોર્ડોમાં વહેચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૪૫૫૭ ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની પંચે તેના કાર્યાલયના અધિકારી કર્મચારીઓ મારફતે ચકાસણી કરાવેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડનુ સીમાંકન કરવાનું ધાર્યુ છે તેમાં કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વસ્તી વધતી નથી કે ૧૦ ટકાથી વસ્તી ઘટતી નથી.

૮. શહેર નાં ૯ વોર્ડોને નિયમ- ૩ ની જોગવાઈઓને ધ્યાનમાં લઈ આ સાથે અનુસૂચિ ૧માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે. આ સીમાંકન નક્કી કરવામાં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક એક જૂથતા, નદી, રેલ્વેલાઈન, રોડલાઈન વગેરે કારણે બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને એકસરખા વોર્ડ-૯ બની રહે તે મુદ્દો વિચારણામા લઈ વોર્ડોનું સીમાંકન નક્કી કરેલું છે.

૯. નિયમોના નિયમ- ૪ અન્વયે દરેક વોર્ડમાં ત્રણ કાઉન્સીલર ચૂંટવાના છે.નિયમ- ૫ અન્વયે દરેક વોર્ડ માં થી એક બેઠક બિનઅનામત એટલેકે સામાન્ય બેઠક બની રહેશે. જ્યારે બીજી બેઠક મહિલા, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની મહિલા સહિત માટે અનામત રાખવાની છે. જ્યારે ત્રીજી બેઠક જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગને ફાળવવાની રહેશે. અને તેવી ફાવવણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો તે બિનઅનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે.

૧૦. નિયમોના નિયમ- ૬ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિની દરેક વોર્ડની વસ્તીની ટકાવારીનાં ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તી (સંખ્યા) વધુ હોય એટલે કે ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, (મહિલા બેઠક સહીત) ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ વસ્તી હોય એટલે કે ટકાવારી ઊંચી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારીત કરેલ છે,

૧૧. જાહેરનામા અન્વયે શહેર માટે ૨ બેઠકો અનુસુચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે અને ૨ બેઠકો પૈકી ૧ અનુસૂચિત જાતિની મહિલા માટે અનામત રાખવાનુ નિર્ધારીત કર્યુ છે.

INDEX

૧૨. પંચે એકઠી કરેલી માહિતી મુજબ શહેરનાં જુદા જુદા ૯ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	અનુ.જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ.જાતિની વસ્તીની ટકાવારી
૧.	૯	૪૫૦૦	૮૭૫	૧૯.૪૪%
૨.	૬	૪૩૩૭	૫૮૬	૧૩.૫૧
૩.	૩	૪૯૮૧	૩૯૩	૭.૮૯
૪.	૮	૫૦૨૨	૩૩૯	૬.૭૫
૫.	૧	૪૮૩૪	૨૯૪	૬.૦૮
૬.	૫	૪૨૬૫	૬૫	૧.૫૨
૭.	૭	૪૪૫૮	૫૩	૧.૧૯
૮.	૪	૪૪૦૫	૧૩	૦.૩૦
૯.	૨	૪૨૧૪	-	-

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં. ૯ તથા ૬માં અનુસૂચિત જાતિની બેઠક નિયમોના નિયમ- ૬ (અ) હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે. અને તે મુજબ ફાળવવામાં આવે છે.

૧૪. અનુસૂચિત જાતિના મહિલા અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ જે વોર્ડમાં આ વર્ગ માટે બેઠક ફાળવાઇ હોય અને તે વોર્ડની ટકાવારીના ક્રમમાં પ્રથમ ત્રણ વોર્ડ પૈકી ત્રીજા ક્રમે આવતા વોર્ડમાં મહિલા બેઠક ફાળવવી તેમ પંચ માને છે. પરંતુ કપડવંજ શહેરની નગરપાલિકાની રચના માટે જાહેરનામા અન્વયે ફકત બે જ બેઠકો અનુસૂચિત જાતિ માટે ફાળવેલ હોઇ શહેરની અનુસૂચિત જાતિની વસ્તીના ધોરણે જે વોર્ડમાં સૌથી ઉંચી ટકાવારી હોય તે વોર્ડમાં અનુસૂચિત જાતી માટે અને ઉતરતા ક્રમના તે પછીના વસ્તી ધરાવતા વોર્ડમાં અનુસૂચિત જાતિના મહિલા ઉમેદવાર માટે બેઠક અનામત રાખવા ઠરાવે છે. આ મુજબ ફાળવણી કરતાં પણ નિયમો અન્વયે દરેક વોર્ડમાં એક મહિલા એક સામાન્ય બેઠક ફાળવવાની જોગવાઇ છે. તેનું ખંડન ન થાય તેની તકેદારી રાખવાની રહે છે.

૧૫. અનુસુચિત જાતિની બેઠક વોર્ડ નં. ૯ તથા ૬ માં નિયમોના નિયમ- ૬(અ) અન્વયે ફાળવવામાં આવે છે. તે પૈકી મહિલા માટે બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

વોર્ડ નંબર	બેઠક
૯	અનુસુચિત જાતિ
૬	અનુ.જાતિ.-મહિલા

૧૬. જાહેરનામા અન્વયે કપડવંજ શહેરની નગરપાલિકાની રચના માટે અનુસૂચિત આદિજાતિ માટે કોઇ બેઠક અનામત રખાઇ નથી. તેથી બેઠક ફાળવવામાં આવતી નથી.

૧૭. જાહેરનામા મુજબ ૩ બેઠકો પછાતવર્ગો માટે ફાળવેલ છે. તે પૈકી એક બેઠક આ વર્ગની મહિલા માટે અનામત રખાઇ છે.

INDEX

૧૮. વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો- ૧૯૯૪નાં નિયમ-૬ (બી) હેઠળ રાજ્ય ચૂંટણી પંચે પછાત વર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે જેના મહત્વનાં પ્રબંધ નીચે પ્રમાણે છે.

(૧) માન્ય રાજકીય પક્ષો તરફથી મળેલ માહિતીના અભ્યાસ પરથી જે શહેરના જે જે વોર્ડોમાં પછાત વર્ગની વસ્તીના ધોરણને અનુલક્ષીને જે સર્વ સામાન્ય વોર્ડો હોય તે તે વોર્ડોમાં પછાતવર્ગ માટે અનામત બેઠક ફાળવવાની રહેશે.

(૨) મ્યુનિસિપલ ચીફ ઓફીસર તરફથી છેલ્લી ચૂંટણીમાં જે વોર્ડમાંથી પછાતવર્ગના ઉમેદવારો ચૂંટાઈને કોર્પોરેટર તરીકે પદધારણા કરતા હતા તે વોર્ડમાં ઉપર અનુક્રમ નં. ૧ માં જણાવેલ વોર્ડોમાં ઉપર અનુક્રમ નં. ૧ માં જણાવેલ વોર્ડોમાં બેઠક ફાળવ્યા પછી નિયત સંખ્યા સુધીમાં ફાળવવાની રહેશે.

આથી સ્પષ્ટતા કરવાની કે, જુના વોર્ડોનું સીમાંકન અને નવા વોર્ડોના સીમાંકનમાં ફેરફાર હોય તો જુના વોર્ડોનો મોટા ભાગનો જે વિસ્તાર જે જે નવા વોર્ડના સીમાંકનમાં સમાવિષ્ટ થતો હોય તેવા નવા વોર્ડમાં પછાતવર્ગની બેઠક ફાળવવાની રહેશે.

(૩) પછાત વર્ગ માટે અનામત રાખેલી કુલ બેઠકો પૈકી ૧:૩ બેઠકો મહિલા માટે જાહેરનામા અન્વયે અનામત રખાઈ છે. આમ ત્રણ બેઠકો પૈકી એક બેઠક મહિલા માટે અનામત રાખવામાં આવી છે. આ મહિલાનું પ્રમાણ ૧:૩ રહે છે. તેથી તાર્કીક રીતે વિચારતાં દર ત્રણ બેઠકો પૈકી ત્રીજી બેઠક મહિલા માટે ફાળવવી તેમ પંચ સ્વિકારે છે.

(૪) પરંતુ જો આ રીતે વોર્ડમાં પછાત વર્ગ માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસુચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિ માટે મહિલા બેઠક ફાળવી હોય તો તે વોર્ડને બદલે તે પછી અનુક્રમે જે વોર્ડ આવે તે વોર્ડમાં પછાતવર્ગની મહિલા બેઠક ફાળવવી.

માન્ય રાજકીય પક્ષોને પંચ તરફથી નગરપાલિકાઓના કયા વોર્ડમાં પછાત વર્ગ માટે બેઠક ફાળવવી તે અંગે સુચનો મોકલવા આ કાર્યાલય તરફથી વિનંતી કરવામાં આવેલ. પરંતુ કોઈ માન્યરાજકીય પક્ષ તરફથી હજુસુધી સુચન કરવામાં આવ્યા નથી.

પંચે અપનાવેલા માપદંડ મુજબ ચીફ ઓફીસર પાસેથી ગત ચૂંટણીમાં પછાત વર્ગના કાઉન્સિલરો જુના કયા વોર્ડમાંથી ચૂંટાયા હતા અને તે સમગ્ર વોર્ડોનો કે તે વોર્ડના મોટા ભાગના વિસ્તાર નવા કયા વોર્ડમાં સમાવિષ્ટ થાય છે તેની માહિતી મેળવવામાં આવી છે. તે ચકાસતાં નીચે પ્રમાણે નગરપાલિકાની છેલ્લી ચૂંટણીના પરિણામોની માહિતી

જૂના વોર્ડ નંબર	ચૂંટાયેલા સભ્ય	સૂચિત વોર્ડમાં વિસ્તારનો સમાવેશ
૨	૧	૮
૫	૨	૨

આમ સુચિત વોર્ડ નં. ૨ અને ૮ માંથી બક્ષીપંચના કાઉન્સીલરો ચૂંટાઇ આવેલ છે. જેથી માપદંડ પ્રમાણે આ બંને વોર્ડોમાં પછાત વર્ગની અનામત બેઠક ફાળવવા પંચ મુનાસીબ સમજે છે. જાહેરનામા અન્વયે કપડવંજ નગરપાલિકાની રચના માટે પછાત વર્ગ માટે ત્રણ બેઠકો અનામત રખાયેલ છે. જેથી ત્રીજી બેઠક માટે નગરપાલિકાના ચીફ ઓફિસરશ્રી જેઓ અધિકારી છે તેમની પાસેથી પંચે માહિતી મેળવી છે જેઓના સુચિત વોર્ડ નં. ૨, ૯, ૧, ૮, ૬, ૩, ૭, ૪ અને ૫ વોર્ડોમાં પછાત વર્ગની વસ્તી ઉતરતા ક્રમે આવેલ છે. તેમ જણાવેલ છે. આમ બંને શ્રોત્રની મળેલ માહિતી તુલનામાં લેતા પછાત વર્ગની અનામત બેઠક ફાળવવા માટે વોર્ડ નં. ૨,૮ અને ૯ પંચ માપદંડ મુજબ મુનાસીબ માને છે. અને તે પ્રમાણે વોર્ડ નં. ૨, ૮ અને ૯ની પછાત વર્ગની અનામત બેઠક ફાળવવાનો હુકમો કરે છે. અને તે પૈકી ત્રીજા ક્રમ આવતા વોર્ડ નં. ૯માં પછાત વર્ગ મહિલા માટે બેઠક અનામત રાખવા ઠરાવવામાં આવે છે.

INDEX

૧૯. આ પ્રમાણે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા પછાત વર્ગો ની મહિલા અનામત બેઠકની ફાળવણી કર્યા પછી મહિલા અનામત બેઠક અને સામાન્ય ઉમેદવારને બાકી રહેતી બેઠક ફાળવવામાં આવે છે.

૨૦. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને નિયમોનાં નિયમ-૩ શહેરોને આ સાથે સંલગ્ન અનુસૂચિ-૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે અને આ સાથે અનુસુચિ-૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

૨૧. આ પ્રમાણે વોર્ડોનું વિભાજન અને હદ રેખા નકકી કરવાનું અને વોર્ડ ની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

૨૨. ઉપર પ્રમાણે વોર્ડોની હદરેખા નકકી કરવામાં આવે છે અને ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે. અને તે સામે કોઈપણ શખ્સને જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૫ દિવસમાં રાજય ચૂંટણી પંચ, બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા. મુદત વિત્યે આવેલ સુચનો ધ્યાનમાં લેવામાં આવશે નહી.

૨૩. રાજય ચૂંટણી પંચે નગરપાલિકાના વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો છેવટના કરતાં પહેલાં લોકપ્રતિનિધિત્વ ધારો -૧૯૫૧ અન્વયે માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરુરી પરામર્શ કરશે.

તારીખઃ ૧૬/૪/૧૯૯૪.

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ.

INDEX

રાજ્ય ચૂંટણી પંચ ,

અનુસૂચિ - ૨

કપડવંજ નગરપાલિકા, જી. ખેડાની કુલ વસ્તી : ૪૧,૦૧૬

કુલ વોર્ડોની સંખ્યા : ૯

વોર્ડ દીઠ સરેરાશ વસ્તી : ૪,૫૫૭ સરેરાશ વસ્તી ૧૦ ટકા વધ મુજબ : ૫,૦૧૨

સરેરાશ વસ્તી ૧૦ ટકા ઘટ મુજબ : ૪,૧૦૨

બેઠકોની સંખ્યા : ૨૭

મહિલા બેઠકો : ૯ ૧ બેઠક અનુસૂચિત જાતિ મહિલા.

અનુસૂચિત આદિજાતિની નથી.

૧ બેઠક પછાત વર્ગની મહિલા સહિતની.

અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા : ૨ પૈકી ૧ મહિલા માટે.

અનુસૂચિત આદિજાતિની અનામત બેઠક નથી.

પછાત વર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા : ૩ તે પૈકી ૧ મહિલા માટે.

કુલ અનામત બેઠકો: ૧૨ સામાન્ય બેઠકો : ૧૫

અ.નં	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી બીન અનામત	બીજી બેઠકની ફાળવણી મહિલા અનામત	ત્રીજી બેઠકની ફાળવણી
૧.	૧	૪૮૩૪	સામાન્ય	સામાન્ય	સામાન્ય.
૨.	૨	૪૨૧૪	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ.
૩.	૩	૪૯૮૧	સામાન્ય	સામાન્ય	સામાન્ય.
૪.	૪	૪૪૦૫	સામાન્ય	સામાન્ય	સામાન્ય.
૫.	૫	૪૨૬૫	સામાન્ય	સામાન્ય	સામાન્ય.
૬.	૬	૪૩૩૭	સામાન્ય	અનુ.જાતિ	સામાન્ય.
૭.	૭	૪૪૫૮	સામાન્ય	સામાન્ય	સામાન્ય.
૮.	૮	૫૦૨૨	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ.
૯.	૯	૪૫૦૦	સામાન્ય	પછાતવર્ગ	અનુ.જાતિ.

તારીખ: ૧૬-૪-૧૯૯૪

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ
ગાંધીનગર.

INDEX

કપડવંજ નગરપાલિકા,
કપડવંજ, જિ. ખેડા
સીમાંકન બતાવતું પત્રક
હદ નોંધ

વોર્ડ નંબર.

(૧) પૂર્વ મામલતદાર કચેરી, પશ્ચિમ વરાંશી નદી સુધી તથા ઉત્તરે મ્યુની. હદ સુધી. દક્ષિણે કુંભારવાડા, ઝાંપલીપોળ સુધી.

(૨) પૂર્વ મલેક દરબાર કાચના કારખાના સુધી, પશ્ચિમે ઘાંચીવાડા બહાર ચાર રસ્તા સુધી ઉત્તરે મ્યુની. હદ દક્ષિણે છીપવાડ સુધી.

(૩) પૂર્વ સોનીપુરા સુધી, તથા ગરોડના હદ સુધી તથા પશ્ચિમે મલેક દરબાર કાચના કારખાના તથા માળીવાડા સુધી, ઉત્તરે મ્યુનિ. હદ સુધી, દક્ષિણે હોળીચકલાથી ગરોડ રસ્તા સુધી.

(૪) પૂર્વે રલ્વે લાઇન સુધી તથા પશ્ચિમે લાંબી શેરી સુધી, ઉત્તરે હોળી ચકલાથી ગરોડ રસ્તા સુધી, તથા દક્ષિણે ભુધરભાળની હવેલી નાના નાગરવાડા સુધી.

(૫) પૂર્વે લાંબીશેરી તથા કાછીયાવાડ સુધી, પશ્ચિમે ધોળીકુઇ મંદિર થઇ કડિયાવાડ ચકલા ભાવસારવાડ સુધી, ઉત્તરે હોળીચકલાંથી કડીયા મસ્જીદ થઇ, ભાવસારવાડ સુધી, દક્ષિણે આઝાદચોક યમુના ટોકીઝ સુધી.

(૬) પૂર્વે સી.એન. હાઇસ્કુલથી અયોધ્યાપુરી, નિલકંઠ નગર સુધી, પશ્ચિમે વરાંશી મહોર નદી, સંગમ પુલ સુધી, ઉત્તરે વેટરનીટી દવાખાના નદી દરવાજા સુધી દક્ષિણે મીરાંપુર હદ તથા ફોરેસ્ટ ઓફિસ સુધી.

(૭) પૂર્વે ધોળીકુઇ મંદિર થઇ કડિયાવાડ ચકલાં રસ્તા સુધી પશ્ચિમે મીઠા તલાવ દરવાજાથી, બહારના રસ્તે નદી દરવાજા સુધી, ઉત્તરે નારાયણદેવ મંદિરથી ઝાંપલીપોળ થઇ કુંભારવાડાના રસ્તા સુધી, દક્ષિણ મ્યુનિ. ઓફિસ, જે.બી. હોસ્પીટલ સુધી.

(૮) પૂર્વે મહાત્મા ગાંધી ઉદ્યાન તથા વ્હોરવાડ પાછળ ના કોટના રાંગ સુધી, પશ્ચિમે નર્સ કવાર્ટસ હનુમાનપુરા સુધી, ઉત્તરે નાની વ્હોરવાડ સુધી, દક્ષિણે ટાઉનહોલ, હરિજનવાસ વસતાં તલાવડી સુધી.

(૯) પૂર્વે ગરોડ ગામ હદ સુધી, તથા પશ્ચિમે હરીજન સોસાયટી, ગાયત્રી સોસાયટી, શિલ્પા સોસાયટી, રત્નાકર માતા સુધી, ઉત્તરે ગોપાલપુરા પાંજરાપોળ, રેલ્વે સ્ટેશન, ગરોડ રસ્તા સુધી, દક્ષિણ સોરણાં ગામની હદ સુધી.

તારીખ: ૧૬-૪-૧૯૯૪

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

INDEX

Extra No. 62 REGISTERED NO. G/GNR/2.

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol.XXXV] SATURDAY, APRIL 16, 1994/ CAITRA 26, 1916.

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ

ગુજરાત રાજ્ય,
ગાંધીનગર.

ક્રમાંક : સમક : ૩૦૨૯ : ૯૪

ડભોઇ નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ.

ભારતનાં સંવિધાનના ૭૪માં સુધારાને અનુલક્ષીને ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ-૧૯૬૩માં રાજ્ય સરકારે ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ-૧૯૯૩ અન્વયે મહત્વના સુધારા કરેલાં છે. આ અધિનિયમની કલમ- ૬, પેટા કલમ-૪ અન્વયે નગરપાલિકાની ચૂંટણી, મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી પંચમાં નિહીત થશે, તેવી જોગવાઇ કરેલી છે અને રાજ્ય ચૂંટણી પંચે કલમ- ૬, પેટા કલમ- ૫ અન્વયે રાજ્ય સરકારે કરેલાં નિયમો અનુસાર અધિનિયમની જોગવાઇઓને આધીન રહીને ચૂંટણી કરવી જોઇએ.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ-૭ પેટા કલમ-૨ તથા કલમ-૬ની પેટા કલમ-૩ અન્વયે જાહેરનામા ક્રમાંક : કેવી ૩૨૮-૯૩ એન.પી.બી -૩૦૯૩-૫૬૪૬- (૫૭)- આર, તા.૧૮-૧૨-૯૩ જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તે અન્વયે ડભોઇ શહેરના નગરપાલિકાને જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તેના સન

INDEX

૧૯૯૧ના વસ્તી ગણતરીના આખરી આંકડા પ્રસિદ્ધ થયા છે. તેના આધારે ૧૨ વોર્ડોમાં વહેચવામાં આવેલ છે..નગરપાલિકાના કાઉન્સીલરોની કુલ બેઠકો ૩૬ નક્કી કરવામાં આવી છે. જાહેરનામા અન્વયે અનુસૂચિત જાતિ તથા પછાતવર્ગ તેમજ મહિલા માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલી છે.

૩. ચૂંટણી પંચે અધિનિયમની કલમ- ૭, પેટા કલમ- ૨, ખંડ- ૩ પેટા ખંડ (ખ) અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુ.જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગની તથા મહિલાની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજ્ય સરકારે તેમના જાહેરનામા ક્રમાંક :કેવી:૪૯:૧૯૯૪ એન.પી.એલ ૪૫૯૩ :૩૬૫૫:એમ તા.૧૬-૩-૯૪.અન્વયે અધિનિયમની કલમ ૨૭૭ની પેટા કલમ- ૨ તથા કલમ- ૬ તથા ૭ અન્વયે વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણીના નિયમો -૧૯૯૪ જેને હવે પછી નિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે બહાર પાડેલ છે.

૫. નિયમોના નિયમ ૨ અન્વયે નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે, કે શક્ય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસ્તી એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસ્તીથી કોઇ પણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહિ તે પ્રમાણે વોર્ડની રચના કરવાની રહે છે. આમ છતાં ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે, સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને તુલનામાં લેતા ૧૦ ટકા વધુ વધ કે ઘટ કરીને વોર્ડની રચના કરી શકશે.

૬. પંચે નગરપાલિકાના વોર્ડોનાં સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે. તેમજ સને ૧૯૪૮ના સેન્સસ એકટ મુજબ સને ૧૯૯૧ના વસ્તી ગણતરીના છેવટના પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં, શહેરની કુલ વસ્તી ૫૦,૬૪૧ આવે છે. જાહેરનામા મુજબ શહેરને ૧૨ વોર્ડોમાં વહેચવામાં આવેલ છે તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૪૨૨૦ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની પંચે તેના કાર્યાલયના અધિકારી/કર્મચારીઓ મારફત ચકાસણી કરાવેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડનું સીમાંકન કરવાનું ધાર્યું છે. તેમાં વોર્ડ નં ૫ સિવાય કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વસ્તી વધતી નથી કે ૧૦ ટકાથી વસ્તી ઘટતી નથી. વોર્ડ નં. ૫માં ભૌગોલિક વિસ્તાર, તળાવની હદ જાળવી રાખવા કિનારે આવેલ રોડને આધાર ગણવાને કારણે આ વધારો આવે છે. આમ, કરવાથી કોઇ સેન્સસ બ્લોક તોડવો પડતો નથી.

૮. શહેરનાં ૧૨ વોર્ડોને નિયમ- ૩ની જોગવાઇઓને ધ્યાનમાં લઈ આ સાથે અનુસૂચિ ૧માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે. આ સીમાંકન નક્કી કરવામાં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજૂથતા, નદી, રેલ્વેલાઈન, રોડલાઈન વગેરે કારણે બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને એકસરખા વોર્ડ-૧૨ બની રહે તે મુદ્દો વિચારણામાં લઈ વોર્ડોનું સીમાંકન નક્કી કરેલું છે.

૯. નિયમોના નિયમ-૪ અન્વયે દરેક વોર્ડમાં ત્રણ કાઉન્સિલર ચૂંટવાના છે. નિયમ-૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક બિનઅનામત એટલે કે સામાન્ય બેઠક બની રહેશે. જ્યારે બીજી બેઠક મહિલા, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની મહિલા સહિત, માટે અનામત રાખવાની છે. જ્યારે ત્રીજી બેઠક જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગને ફાળવવાની રહેશે. અને તેવી ફાળવણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો તે બિનઅનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે.

૧૦. નિયમોના નિયમ-૬ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિની દરેક વોર્ડની વસ્તીની ટકાવારીનાં ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તી (સંખ્યા) વધુ હોય એટલે કે ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ/મહિલા બેઠક સહીત ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ વસ્તી હોય એટલે કે ટકાવારી ઊંચી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારીત કરેલ છે.

INDEX

૧૧. જાહેરનામા અન્વયે શહેર માટે ૨ બેઠકો અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે અને ૨ બેઠકો પૈકી ૧ બેઠક અનુસૂચિત જાતિની મહિલા માટે અનામત રાખવાનુ નિર્ધારીત કર્યુ છે.

૧૨. પંચે એકઠી કરેલી માહિતી મુજબ શહેરનાં જુદા જુદા ૧૨ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા કમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	અનુ. જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ.જાતિની વસ્તીની ટકાવારી
૧.	૩	૩૯૧૨	૬૯૮	૧૭.૮૪%
૨.	૧૨	૩૯૦૨	૩૯૮	૧૦.૧૯%
૩.	૭	૪૨૯૪	૪૦૬	૯.૪૫ %
૪.	૯	૪૦૪૭	૩૪૨	૮.૪૫%
૫.	૧	૪૦૫૩	૨૮૮	૭.૧૦%
૬.	૨	૪૧૪૫	૧૫૨	૩.૬૬ %
૭.	૪	૪૦૫૯	૧૨૪	૩.૦૫ %
૮.	૧૧	૪૧૬૨	૮૮	૨.૧૧ %
૯.	૧૦	૪૩૬૮	૮૨	૧.૮૭ %
૧૦.	૫	૪૬૭૧	૨૬	૦.૫૫ %
૧૧.	૮	૪૪૭૫	૧૪	૦.૩૧ %
૧૨.	૬	૪૫૫૩	૯	૦.૧૯ %

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના કમ મુજબ વોર્ડ નં. ૩ તથા ૧૨ માં અનુસૂચિત જાતિની બેઠક નિયમોના નિયમ (૬) અ હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે. અને તે મુજબ ફાળવવામાં આવે છે.

૧૪. અનુસૂચિત જાતિના પુરૂષ તથા મહિલા અનામત બેઠક ફાળવવા અંગે અમાન્યતઃ જે વોર્ડોમાં આ વર્ગ માટે બેઠક ફાળવાઈ હોય તે વોર્ડની ટકાવારીનાં કમમાં પ્રથમ આવતા ત્રણ વોર્ડ પૈકી ત્રીજા વોર્ડમાં મહિલા બેઠક ફાળવવી તેમ પંચ માને છે. પરંતુ જાહેરનામા અન્વયે ડભોઇ નગરપાલિકા માટે ૨ બેઠકો અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ હોઈ ટકાવારી પ્રમાણે બીજા કમે આવતા વોર્ડને મહિલા બેઠક અનુસૂચિત જાતિની ફાળવવી યોગ્ય થશે.આ મુજબ ફાળવણી કરતાં પણ નિયમો અન્વયે દરેક વોર્ડમાં એક મહિલા, એક સામાન્ય બેઠક ફાળવવાની જોગવાઈ છે. તેનું ખંડન ન થાય તેની તકેદારી રાખવની રહે છે.

૧૫. અનુસુચિત જાતિની બેઠક વોર્ડ નં. ૩ તથા ૧૨ માં નિયમોના નિયમ ૬ (અ) અન્વયે ફાળવવામાં આવે છે. તે પૈકી આ વર્ગના પુરૂષ તથા મહિલા માટે બેઠકની વ્હેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

INDEX

વોર્ડ નંબર	બેઠક
૩	અનુસૂચિત જાતિ
૧૨	અનુસૂચિત જાતિ મહિલા

૧૬. જાહેરનામા અન્વયે શહેર માટે ૫ બેઠકો અનુ. આદિજાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે. અને ૫ બેઠકો પૈકી ૨ બેઠક અનુસૂચિત આદિજાતિની મહિલા માટે અનામત રાખવાનું નિર્ધારીત કર્યુ છે.

૧૭. પંચે એકઠી કરેલ માહિતી મુજબ શહેરના જુદા જુદા ૧૨ વોર્ડની વસ્તી તથા દરેકની અનુ. આદિજાતિના વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	અનુ.આદિજાતિ ની કુલ વસ્તી.	વોર્ડની વસ્તી સામે અનુ.આદિજાતિની વસ્તી ટકાવારી.
૧.	૨	૪૧૪૫	૧૩૪૨	૩૨.૩૭ %
૨.	૧૧	૪૧૬૨	૧૨૧૧	૨૯.૦૯ %
૩.	૪	૪૦૫૯	૯૨૧	૨૨.૬૯ %
૪.	૧૨	૩૯૦૨	૬૧૭	૧૫.૮૧ %
૫.	૧	૪૦૫૩	૬૧૧	૧૫.૦૭ %
૬.	૩	૩૯૧૨	૫૧૦	૧૩.૦૩ %
૭.	૯	૪૦૪૭	૪૭૦	૧૧.૬૧ %
૮.	૫	૪૬૭૧	૪૦૦	૮.૫૬ %
૯.	૭	૪૨૯૪	૨૦૮	૪.૮૪ %
૧૦	૮	૪૪૭૫	૧૭૪	૩.૮૮ %
૧૧.	૧૦	૪૩૬૮	૫૧	૧.૧૬%
૧૨.	૬	૪૫૫૩	૪૬	૧.૦૧%

૧૮. આમ, અનુ. આદિજાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં. ૨,૧૧,૪,૧૨,૧ માં અનુ. આદિજાતિની બેઠક નિયમોના નિયમ-૬ હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે, અને તે મુજબ ફાળવવામાં આવે છે.

૧૯. અનુ. આદિજાતિની મહિલા બેઠક ફાળવવા અંગે સામાન્યત : જે વોર્ડમાં આ વર્ગ માટે ફાળવાઇ હોય તે વોર્ડની ટકાવારીના ક્રમમાં પ્રથમ આવતા દર ત્રણ વોર્ડ પૈકી ત્રીજા વોર્ડમાં મહિલા બેઠક ફાળવવી તેમ પંચ માને છે. પરંતુ આ મુજબ ફાળવણી કરતાં પણ નિયમો અન્વયે દરેક વોર્ડમાં એક મહિલા, એક સામાન્ય બેઠક ફાળવવાની જોગવાઇ છે, તેનું ખંડન ન થાય તેની તકેદારી રાખવાની રહે છે.

૨૦. અનુ. આદિજાતિની બેઠક વોર્ડ નં. ૨, ૧૧, ૪, ૧૨ તથા ૧ માં નિયમોનાં નિયમ-૬ અન્વયે ફાળવવામાં આવે છે. તે પૈકી આ વર્ગના મહિલા માટે બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

INDEX

વોર્ડ નંબર.	અનામત બેઠકની ફાળવણી.
૨	અનુ.આદિજાતિ.
૧૧	અનુ. આદિજાતિ.
૪	અનુ. આદિજાતિ મહિલા.
૧૨	અનુ. આદિજાતિ.
૧	અનુ. આદિજાતિ મહિલા.

૨૧. જાહેરનામા ક્રમાંક : ખંડ (સી) મુજબ ૪ બેઠકો પછાતવર્ગો માટે ફાળવેલ છે. તે પૈકી એક બેઠક આ વર્ગની મહિલા માટે અનામત રખાઈ છે.

૨૨. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪નાં નિયમ- ૬ બી હેઠળ રાજ્ય ચૂંટણી પંચે પછાત વર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. જેના મહત્વનાં પ્રબંધ નીચે પ્રમાણે છે.

(૧) માન્ય રાજકીય પક્ષો તરફથી મળેલ માહિતીનાં અભ્યાસ પરથી જે શહેરનાં જે જે વોર્ડનાં પછાતવર્ગની વસ્તીનાં ધોરણને અનુલક્ષીને જે સર્વ સામાન્ય વોર્ડો હોય તે તે વોર્ડોમાં પછાતવર્ગ માટે અનામત બેઠક ફાળવવાની રહેશે.

(૨) મ્યુનિસિપલ ચીફ ઓફીસર તરફથી છેલ્લી ચૂંટણીમાં જે વોર્ડમાંથી પછાતવર્ગનાં ઉમેદવારો ચૂંટાઈને કોર્પોરેટર તરીકે પદધારણા કરતાં હતા તે વોર્ડમાં ઉપર અનુક્રમ નં. ૧ માં જણાવેલ વોર્ડોમાં બેઠક ફાળવ્યા પછી નિયત સંખ્યા સુધીમાં ફાળવવાની રહેશે.

આથી સ્પષ્ટતા કરવાની કે, જુના વોર્ડોનું સીમાંકન અને નવા વોર્ડોના સીમાંકનમાં ફેરફાર હોય તો જુના વોર્ડોનો મોટા ભાગનો જે વિસ્તાર જે જે નવા વોર્ડનાં સીમાંકનમાં સમાવિષ્ટ થતો હોય તેવા નવા વોર્ડમાં પછાતવર્ગની બેઠક ફાળવવાની રહેશે.

(૩) પછાત વર્ગ માટે અનામત રાખેલી કુલ બેઠકો પૈકી ૧:૩ બેઠકો મહિલા માટે જાહેરનામા અન્વયે અનામત રખાઈ છે. આમ ત્રણ બેઠકો પૈકી એક બેઠક મહિલા માટે અનામત રાખવામાં આવી છે. આમ મહિલાનું પ્રમાણ ૧:૩ રહે છે. તેથી તાર્કીક રીતે વિચારતા દર ત્રણ બેઠકો પૈકી ત્રીજી બેઠક મહિલા માટે ફાળવવી તેમ પંચ સ્વીકારે છે.

(૪) પરંતુ જો આ રીતે વોર્ડમાં પછાત વર્ગ માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ અથવા અનુ. આદિજાતિ માટે મહિલા બેઠક ફાળવી હોય તો તે વોર્ડને બદલે તે પછી અનુક્રમે જે વોર્ડ આવે તે વોર્ડમાં પછાતવર્ગની મહિલા બેઠક ફાળવવી.

૨૩ માન્ય રાજકીય પક્ષોને પંચ તરફથી નગરપાલિકાઓના કયા વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવી તે અંગે સુચનો મોકલવા આ કાર્યાલય તરફથી વિનંતી કરવામાં આવેલ. પરંતુ કોઈ માન્ય રાજકીય પક્ષ તરફથી હજુસુધી સૂચન કરવામાં આવ્યા નથી.

પંચે અપનાવેલા માપદંડ મુજબ ચીફ ઓફીસર પાસેથી ગત ચૂંટણીમાં પછાત વર્ગનાં કાઉન્સિલરો જુના કયા વોર્ડમાંથી ચૂંટાયા હતા. અને તે સમગ્ર વોર્ડનો કે તે વોર્ડના મોટા ભાગના વિસ્તાર નવા કયા વોર્ડમાં સમાવિષ્ટ થાય છે. તેની માહિતી મેળવવામાં આવી છે.તે માહીતી ચકાસતાં જુના વોર્ડ નંબરઃ ૧, ૨, ૩, ૪, ૫ તથા ૯ માં સને ૧૯૮૦ની ચુંટણી વખતે બક્ષીપંચના સભ્યો ચુંટાયેલ હતા તે વોર્ડોનો મોટાભાગનો વિસ્તાર હાલ સૂચિત નવા વોર્ડ નં. ૪, ૫, ૭, ૧૦માં આવે છે. તેજ રીતે સને ૧૯૮૬ની ચુંટણી વખતે જુના વોર્ડ નં. ૧, ૩, ૫, ૯ માંથી બક્ષીપંચના સભ્યો ચૂંટાયેલા હતા, તે વોર્ડોનો મોટાભાગનો વિસ્તાર નવા વોર્ડ નં. ૪, ૫, ૭, ૧૦ માં સમાવેશ થાય છે. ચીફ ઓફીસરશ્રી તથા વહીવટદારશ્રી પાસેથી મળેલી માહિતી મુજબ બંને ચૂંટણીના પરિણામો મુજબ વોર્ડ નં. ૪, ૫, ૭ અને ૧૦ માંથી પછાત વર્ગના ઉમેદવારો ચૂંટાયા હતા.

INDEX

ચીફ ઓફીસરશ્રી તરફથી આ પરિણામ આધારીત માહીતી ઉપરાંત હાલમાં સૂચિત વોર્ડમાં પછાત વર્ગની વસ્તી ક્યા વોર્ડોમાં છે, તે પરત્વે પણ અભિપ્રાય દાખવવામાં આવ્યો છે. અને તે મુજબના વોર્ડ નં. ૫, ૭, ૧૦ અને ૨માં વસ્તી વધારે હોવાનું તેઓએ જણાવેલ છે.

બંને શ્રોતમાંથી મળેલ માહિતી વોર્ડ નં. ૫, ૭, ૧૦ સામાન્ય છે. જ્યારે વોર્ડ નં. ૪ તથા ૨ પરત્વે ભીન્ન અભિપ્રાય છે.

બન્ને માહીતીની તુલના કરતાં પરીણામ આધારીત માહિતી વધુ નિર્ભર રાખવા યોગ્ય છે તેમ પંચ માને છે, અને તેથી વોર્ડ નં. ૪, ૫, ૭ તથા ૧૦ માં પછાત વર્ગ માટે બેઠક અનામત રાખવાનું અને તે પૈકી, વોર્ડ નં. ૭ માં પછાત વર્ગ મહીલા માટે બેઠક અનામત રાખવાનું પંચ ઠરાવે છે.

૨૪. આ પ્રમાણે અનુસૂચિત જાતિ તથા પછાત વર્ગોની મહિલા અનામત બેઠકની ફાળવણી કર્યા પછી મહિલા અનામત બેઠક અને સામાન્ય ઉમેદવારોને બાકી રહેતી બેઠક ફાળવવામાં આવે છે.

૨૫. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને નિયમોનાં નિયમ-૩ અન્વયે શહેરોને આ સાથે સંલગ્ન અનુસૂચિ-૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે. અને આ સાથે અનુસુચિ-૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

૨૬. આ પ્રમાણે વોર્ડોનું વિભાજન અને હદરેખા નકકી કરવાનું અને વોર્ડની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

૨૭. ઉપર પ્રમાણે વોર્ડોની હદરેખા નકકી કરવામાં આવે છે. અને ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે. તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે. અને તે સામે કોઈપણ શખ્સને જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૫ દિવસોમાં રાજય ચૂંટણી પંચ, બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળો, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા. મુદત વિત્યે આવેલ સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહી.

૨૮. રાજય ચૂંટણી પંચે નગરપાલિકાના વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો છેવટના કરતાં પહેલાં લોકપ્રતિનિધિત્વ ધારો-૧૯૫૧ અન્વયે માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરુરી પરામર્શ કરશે.

તારીખઃ ૧૬/૪/૧૯૯૪.

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજય ચૂંટણી પંચ.

INDEX

ડભોઇ નગરપાલિકા

વોર્ડ નં.	ઇલેકશન વોર્ડની હદનું વર્ણન

વોર્ડ નં ૧:- તરસાણાના સીમાડેથી સ.નં.૧૮૦૦ થી ૧૮૦૮ થી શરુ કરી દક્ષિણ તરફ ૧૮૦૮ થઇ બાડેલી હાઇવે ઓળંગી કબ્રસ્તાનની વાડે-વાડે થઇ પાણીની કેનાલ ઓળંગી ખાડાવાલા જાનની પશ્ચિમ ધારેધારે દક્ષિણ તરફ જેસંગભાઇ જેરાભાઇના જાનની પુર્વે આવેલ રોડે રોડે નશા આબકારી સુધી ના રસ્તાના મધ્ય ભાગની પુર્વ દીશા તરફ વાળી રોડે રોડે ઇદગાહ થઇ મહુડી ભાગોળ બહાર આવેલ રેલ્વે ફાટક સુધીના રસ્તાના મધ્યથી થઇ રોડે રોડે દક્ષિણ દીશા તરફ મહુડી ભાગોળ દરવાજાના ઉતર તરફની ધાર સુધીના રસ્તાની મધ્ય ભાગથી પશ્ચિમ તરફ વળી ત્યાંથી કોટે કોટે પશ્ચિમ તરફ પંચબીબીની દરગાહની બુરજ કીલ્લાથી દક્ષિણ તરફ વળી કોટે કોટે દક્ષિણ તરફ વડોદરી ભાગોળ દરવાજાની દક્ષિણ આવેલ રોડની ઉતર તરફ ની ધાર સુધીના કિલ્લાની દિવાલના પશ્ચિમ તરફ થઇ રોડે રોડે રેલ્વે ચાંદોદ ફાટક થઇ માર્કેટીંગ યાર્ડ થઇ માર્કેટીંગ યાર્ડના પશ્ચિમ દક્ષિણ ખૂણાની દિવાલના રસ્તાના મધ્ય ભાગથી ઉતર તરફ રોડે રોડે રીધ્ધી સીધ્ધી સોસાયટી થઇ વાઘનાથ મંદિર સુધીના રસ્તાના મધ્ય ભાગથી ડાબી બાજુ વળી વાઘનાથ મંદિર થઇ મીયાગામ રેલ્વેનાં નાળા સુધી (વેગા જવાના નાળા સુધી) ત્યાંથી ડાબી બાજુ વળી ત્યાંથી મીયાગામ રેલ્વે લાઇને રે.સ.નં.૧૮૭૭ ની હદે થઇ ઉતર તરફ રે.સ.નં.૧૬૭૪ થઇ રેસ.નં.૧૬૭૮ ના પશ્ચિમ ઉતર ખૂણા થઇ, પૂર્વ તરફ નડાના સીમાડે રે.સ.નં.૧૭૦૧ ની હદે થઇ ઉતર તરફ સીમાડાની ધારે ધારે ૧૭૦૯ સુધીની હદે થઇ પૂર્વ તરફ સીમાડે સીમાડે સ.નં. ૧૭૧૫-૧ સુધીની હદે થઇ ઉતર તરફ સ.નં. ૧૮૮૦ સુધીની હદે થઇ પૂર્વ તરફ ડભોઇ રેલ્વે લાઇન ઓળંગી સ.નં.૧૮૮૧ ની હદે થઇ ઉતર તરફ સીમાડે આવેલ સ.નં. ૧૭૨૫ ની હદે થઇ પુર્વ તરફ ૧૭૭૧-૧ ની હદે થઇ ઉતર તરફ સ.નં.૧૭૭૭ બોડેલી હાઇવે ઓળંગી રોડે રોડે પૂર્વ બાજુએ થઇ ૧૭૯૦ ની હદે થઇ ઉતર સ.નં. ૧૭૯૧ સુધી ત્યાંથી પૂર્વ તરફ તરસાણા સીમાડે સીમાડે સ.નં. ૧૮૦૦ સુધી

વોર્ડ નં ૨:- મોજે તરસાણાનગર સીમાડે સ.નં.૧-૪ ના ઉતર પશ્ચિમ ખૂણેથી શુરુ કરી દક્ષિણ તરફ બોડેલી હાઇવે ઓળંગી સ.નં. ૧૮૦૮ પૂર્વ તરફ ની ધારે ધારે થઇ ખાડા વાળા જાનની પશ્ચિમે આવેલ રોડે રોડે દેસાઇ યાર્ડ સુધીના રસ્તાની મધ્ય ભાગે થઇ પૂર્વ તરફ ચાંદોદ રેલ્વે ફાટક થઇ ડભોઇ છોટાઉદેપુર રેલ્વે લાઇને લાઇને રેસ.નં. ૨૫૬ ની પૂર્વ દક્ષિણ ખૂણા થઇ સીમાડે સીમાડે સ.નં. ૨૫૧-૧૦ થઇ સ.નં. ૧૮૮૮ ની હદે થઇ પશ્ચિમ તરફ સ.નં. ૨૪૯-૩ થઇ તથા ૨૪૭ ની હદે થઇ સ.નં. ૧૮૮૩ સુધીની ઉતર હદે થઇ દક્ષિણ તરફ સ.નં. ૧૯૫૦ ની હદે થઇ પશ્ચિમ તરફે સ.નં. ૧૧૬ તથા ૧૪ થઇ ૧૪ હદ થઇ દક્ષિણ તરફ સ.નં. ૧૯૨૯ ની હદે થઇ ત્યાંથી વાધોડીયા રેલ્વે લાઇન ઓળંગી પશ્ચિમ તરફ ૧૨ સ.ન. ૧-૪ ની ઉતર પશ્ચિમ ખૂણા સુધી.

વોર્ડ નં ૩:- કુકડના સીમાડે રે.સ.નં. ૨૫૮ થી શરુ કરી ડભોઇ-છોટાઉદેપુર રેલ્વે લાઇને લાઇને પશ્ચિમ તરફ મહુડી ભાગોળ બહાર રેલ્વે ફાટક દક્ષિણ તરફ મહુડી ભાગોળ દરવાજા થઇ પૂર્વ તરફ કોટે કોટે વિભાગ હાઇસ્કુલ ઉતરે થઇ બુરજ સુધીની હદ થઇ દક્ષિણ તરફ કોટે કોટે હીરા ભાગોળ દરવાજા થઇ ખોટીયાર માતાના મંદિર થઇ દક્ષિણ તરફ રાણા વાસ થઇ ઘર નં.૫/૧૩/૧-૨ થઇ પશ્ચિમ તરફ ઘર નં.૫/૧૩/૧૦૨ સુધીના રસ્તાના મધ્ય ભાગ થઇ દક્ષિણ તરફ ઘર નં. ૫/૧૩/૩૪ની પશ્ચિમ દક્ષિણ ખુણા સુધીના રસ્તાની મધ્ય હદે થઇ પૂર્વ તરફ રોડે રોડે કિલ્લાની દિવાલે થઇ દક્ષિણ દીશાએ કોટે કોટે બુરજ થઇ ત્યાંથી પશ્ચિમ તરફ કોટે કોટે નાંદોદી ભાગોળના દરવાજાની પૂર્વ તરફની ધારે થઇ દક્ષિણ તરફ

INDEX

વોર્ડ નં.	ઇલેક્શન વોર્ડની હદનું વર્ણન
	તીલકવાડા જવાના રોડે રોડે વાલ્મીકી આશ્રમ થઇ રે.સ.નં. ૭૬૮ ની હદે થઇ સીમાડે સીમાડે રે.સ.નં. ૧૮૮૬ ની હદે થઇ પૂર્વ તરફ ૧૯૭૭ થઇ, ૧૮૬૬ ની હદે હદે થઇ તરફ સ.નં. ૭૨૭ ની પૂર્વ ૪૬૫ થઇ, પૂર્વ તરફ સ.નં. ૪૫૮ હદે થઇ ઉતર તરફ સ.નં. ૪૪૩ થઇ ૪૪૨ ની પૂર્વ હદે થઇ ત્યાંથી કુકડ જવાનો રસ્તો ઓળંગી ઉતર તરફ સ.નં. ૨૭૦ થી ૨૬૭ થઇ સ.નં. ૨૫૮ સુધી.
વોર્ડ નં. ૪:-	હીરા ભાગોળ દરવાજાની ઉત્તર દીશાથી શરુ કરી પશ્ચિમ દીશા તરફ ટાવર જતા રસ્તાની મધ્યે મધ્યે થઇ વકીલના બંગલા પાસેના ચાર રસ્તો પસાર કરી કન્યાશાળા પાસે ચાર રસ્તા પસાર કરી ટાવરના મકાનના ઉત્તર પૂર્વ ખૂણે થઇ ઉત્તર તરફ મસ્જીદ તરફ જવાના રસ્તાની મધ્યે મધ્યે થઇ મારકીટ બજાર થઇ મસ્જીદ થઇ ઉત્તર પૂર્વ ખૂણે રામ ટેકરી તરફ જતા રસ્તાની મધ્યે થઇરામ ટેકરીની મકાનની દક્ષિણ તરફની ધારે ધારે થઇ તળાવ ના બુરજ થઇ ઉત્તર તરફ કીલ્લાની દીવાલે જતા રસ્તાની મધ્યે મધ્યે થઇ કીલ્લાની દિવાલે થઇ પૂર્વ તરફ કીલ્લાની કોટે કોટે બુરજ થઇ દક્ષિણ તરફ કીલ્લાની કોટે કોટે હીરા ભાગોળ તરફ હીરા ભાગોળ દરવાજાની દીવાલની ઉતર છેડા સુધીની હદની સુધી.
વોર્ડ નં. ૫:-	અન્નક્ષેત્ર સામે આવેલ કીલ્લાની દિવાલેથી શરુ કરી તળાવમાં આવેલ બુરજ સુધીના રસ્તે મધ્યે મધ્યે શુરુ કરી બુરજ થઇ પશ્ચિમ દક્ષિણ ખૂણા તરફ રામ ટેકરીના મકાનની દક્ષિણ ધારે ધારે થઇ દશાલાડ વાડી તરફ જતા રસ્તાની મધ્યે મધ્યે થઇ દશાલાડ વાડીની દક્ષિણ દીશાએ થઇ મસ્જીદ થઇ દક્ષિણ તરફ ટાવર તરફ જતા રસ્તાની મધ્યે મધ્યે ઘર નં ૧/૧૫/૫૧ પૂર્વ દક્ષિણે ખૂણે થઇ સ્ટેશન તરફ જતા રસ્તાની મધ્યે મધ્યે થઇ ભોલા સંકર નાસ્તા હાઉસ થઇ મસ્જીદ થઇ મેજેસ્ટીક ટોકીઝ ની ઉતરે આવેલ રસ્તાની મધ્યે મધ્યે થઇ કીલ્લાની દિવાલ થઇ ઉતર તરફ આવેલ બુરજ થઇ પશ્ચિમ તરફ કીલ્લાના કોટે કોટે થઇ મહુડી ભાગોળ દરવાજાની દક્ષિણ તરફની ધારે થઇ પૂર્વ તરફ કોટે કોટે અન્નક્ષેત્ર સામે આવેલ કીલ્લાની દીવાલ સુધીની હદ.
વોર્ડ નં ૬ :-	મેજેસ્ટીક ટોકીઝની પશ્ચિમે આવેલ પોલીસ ચોકીની પશ્ચિમે આવેલ કીલ્લાની દિવાલ શરુ કરી પુર્વ-દક્ષિણ ખૂણા તરફ ટાવર તરફ જવાના રસ્તાની મધ્યે મધ્યે મેજેસ્ટીક ટોકીઝ થઇ મસ્જીદ થઇ ટાવર તરફ જતા ખૂણા ઉપર ઘર નં. ૧/૭/૧૦૨ થી દક્ષિણ તરફ ટાવર પાછળના રસ્તાના મધ્યે મધ્યે થઇ જનરલ સ્ટોર ઘર નં ૧/૧૨/૩૬ની પૂર્વ દક્ષિણ ખૂણે થઇ પશ્ચિમ તરફ વડોદરી ભાગોળ દરવાજા તરફ જવાના રસ્તાની મધ્યે મધ્યે થઇ પ્રથમ પોસ્ટ ઓફિસ હતી તે મકાનની દક્ષિણે થઇ વડોદરી ભાગોળના દરવાજાની ઉત્તર તરફની ધારે થઇ ઉત્તર તરફ કીલ્લાની કોટે કોટે મેજેસ્ટીક ટોકીઝ પાસે આવેલ પોલીસ ચોકીની પશ્ચિમે આવેલ કોટની દીવાલ સુધી.
વોર્ડ નં. ૭:-	વડોદરી ભાગોળના દરવાજાની દક્ષિણ તરફની ધારથી શરુ કરી પૂર્વ તરફ ટાવર તરફ જતાં રસ્તાની મધ્યે મધ્યે થઈ મહાલક્ષ્મી માતાના મંદીરની ઉત્તર ધારે થઈ ઘર નંબર ૩/૫/૧૨૪ના મકાનની ઉત્તર પૂર્વે. ખૂણે થઈ દક્ષીણ તરફ કુંભારવાગા તરફ જતા રસ્તાની મધ્યે મધ્યે દ્વારકાનાથજીના મંદીર થઈ દાઉદજીના મંદીર થઈ ઝારોલાવાગાના નાકે આવેલ ઘર નંબર-૩/૯/૮૦-૧ ના પૂર્વ - દક્ષિણ ખૂણે થઈ પશ્ચીમ તરફ વડોદરી ભાગોળ જતાં રસ્તાની મધ્યે મધ્યે ખરાદી વગામાં ઘર નં. ૩/૫/૧૪ના ઉત્તર-પશ્ચીમ ખૂણે થઈ દક્ષિણ તરફ ઘર નંબર -૩/૫/૧૦ની ઉત્તર તરફની ધારે થઈ પશ્ચીમ તરફ વીઠ્ઠલ મંદીર થઈ હાઈસ્કુલ જવાના રસ્તા ની મધ્યે મધ્યે થઈ હરીજનવાસની દક્ષિણે થઈ કીલ્લાના કોટે થઈ ઉત્તર તરફ વડોદરી ભાગોળ તરફી જતા કોટની દિવાલે દિવાલે વડોદરી ભાગોળ દરવાજાની દક્ષિણ તરફની ધાર સુધી.

INDEX

વોર્ડ નં.	ઈલેક્શન વોર્ડની હદનું વર્ણન

વોર્ડ નં. ૮:- ટાવરના મકાનની ઉત્તર-પશ્ચિમ ખૂણેથી શરુ કરી હીરા ભાગોળ તરફ જવાના રસ્તાની મધ્યે મધ્યે પૂર્વ તરફ પંજાબ નેશનલ બેન્કમાં જવાનાં રસ્તાના નાકે થઈ બરોડા બેન્ક થઈ કન્યાશાળાના મકાનના ઉત્તર-પૂર્વ ખૂણે થઈ દક્ષિણ તરફ નાંદોદી ભાગોળ તરફ જતાં રસ્તાની મધ્યે મધ્યે મોદી શેરીના નાકે થઈ શેઠ શેરીના નાકે થઈ ઘર નંબર-૪/૧૨/૧૧૦ના મકાનના દક્ષિણ પૂર્વે ખૂણે થઈ ઉત્તર પશ્ચિમ તરફ વડોદરી ભાગોળ જવાના રસ્તાની મધ્યે મધ્યે થઈ વીશાલાડ વગાના નાકે થઈ ઝારોલાવગાના નાકે ઘર નંબર-૪/૧/૩૨ના દક્ષિણ-પશ્ચિમ ખૂણે થઈ ઉત્તર તરફ ટાવર તરફ જતાં રસ્તાના મધ્યે મધ્યે થઈ દાઉદજીના મંદીર થઈ દ્વારકાનાથજીના મંદીર થઈ ટાવરના પશ્ચીમ-ઉત્તર ખૂણા સુધી.

વોર્ડ નં-૯:- નાંદોદી ભાગોળ દરવાજાની પૂર્વ તરફની ધામરથી શરુ કરી ઉત્તર તરફ કન્યાશાળા તરફ જવાના રસ્તાની મધ્યે મધ્યે પંડયા શેરીના નાકે થઈ જૈન પાઠશાળા થઈ કાયસ્થવગાની પૂર્વ થઈ કન્યાશાળાના મકાનની પૂર્વ તરફ રસ્તાની મધ્યે થઈ પૂર્વે હીરા ભાગોળ તરફ જવાના રસ્તાની મધ્યે મધ્યે ઘર નં. ૫/૬/૨૬ના ઉત્તર-પૂર્વ ખૂણે થઈ દક્ષિણ તરફ મામલતદાર કચેરી તરફ જવાના રસ્તાની મધ્યે મધ્યે શ્રી દયારામભાઈ સ્મારકની પૂર્વે થઈ પંપીંગ સ્ટેશનના પૂર્વે થઈ વણકરવાસની પૂર્વે થઈ કીલ્લાની કોટે કોટે થઈ નાંદોદી ભાગોળના દરવાજાની પૂર્વ તરફની ધાર સુધી.

વોર્ડ નં. ૧૦:- હીરા ભાગોળ દરવાજાની દક્ષિણ તરફની ધારથી શરુ કરી દક્ષિણ-પશ્ચીમ તરફ સુધરાઈ તરફ જતાં રસ્તાની મધ્યે મધ્યે થઈ ઘર નંબર-૫/૧૨/૧૦ની ઉત્તર તરફના રસ્તાની મધ્યે થઈ પશ્ચીમ તરફ ઘર નંબર-૫/૧૨/૧૦૨ ના મકાનની ઉત્તરે આવેલ રસ્તાની મધ્યે થઈ દક્ષિણ તરફ જુની પોલીસ લાઈનના મકાનની ઉત્તરે અમાવેલ રસ્તાની મધ્યે થઈ પૂર્વ તરફ કોટની દીવાલ થઈ દક્ષીણ તરફ કોટના બુરજ થઈ પશ્ચીમ તરફ કોટે કોટે સરકારી દવાખાનાની કંપાઉન્ડ દીવાલના દક્ષિણ-પશ્ચીમ ખૂણે થઈ ઉત્તરે દવાખાનાની દીવાલે થઈ વકીલના બંગલા તરફ જતાં રસ્તાની મધ્યે મધ્યે થઈ જી.ઈ.બી.ની ઓફીસના મકાન થઈ, જુમ્મા મસ્જીદ થઈ ઘર નં. ૫/૧૬/૩૪ના મકાનના ઉત્તર-પશ્ચીમ ખૂણે થઈ પુર્વ તરફ હીરા ભાગોળ તરફ જતાં રસ્તાના મધ્યે મધ્યે થઈ હીરા ભાગોળ દરવાજાની દક્ષિણ તરફની ધાર સુધી હદ.

વોર્ડ નં. ૧૧ :- નાંદોદી ભાગોળ દરવાજાની પશ્ચીમ તરફની ધારથી શરુ કરી પશ્ચીમ તરફ કીલ્લાના કોટે કોટે સરકારી ગોડાઉનની પાસે આવેલ બુરજ થઈ ઉત્તર તરફ સરકારી ગોડાઉનની પશ્ચીમ તરફની કીલ્લાની દીવાલે થઈ ઉત્તર તરફ વડોદરી ભાગોળ તરફ જતાં હરીજનવાસની દક્ષીણ દીશા તરફ થઈ પુર્વ તરફ વીઠ્ઠલ વીધામંદીર થઈ કાંસકીવાડ થઈ ઘર નંબર-૩/૪/૬૭ના મકાનની દક્ષિણ-પૂર્વ ખુણાની ઉત્તર તરફ રસ્તાના મધ્યે મધ્યે વડોદરી ભાગોળથી નાંદોદી ભાગોળ જવાના રસ્તાની સુધી મધ્યે મધ્યે થઈ નાંદોદી ભાગોળ તરફ જવાના રસ્તે મધ્યે મધ્યે થઈ ઝારોલાની વાડીથી ઉત્તરે થઈ કુંભારવાડાના નાકે ઉત્તરે થઈ ખડી મહોલ્લાના નાકે થઈ પાંજરાપોળ પાસે ઘર નંબર-૪/૧૪/૧૧૪ ના ઉત્તર-પૂર્વ ખૂણે થઈ દક્ષિણ તરફ નાંદોદી ભાગોળ જવાના રસ્તાની મધ્યે મધ્યે નાંદોદી ભાગોળ દરવાજા ની પશ્ચીમ તરફની સુધીની હદ.

વોર્ડ નં. ૧૨:- નાંદોદી ભાગોળ દરવાજાની દક્ષિણ દિશાની ધારથી શરુથી દક્ષિણ દીશા તરફ રોડે રોડે નર્મદા પ્રોજેકટ થઈ સ.નં. ૭૬૯ સુધીના રસ્તાની મધ્ય ભાગની હદે હદે થઈ દક્ષિણે સીમાડે સીમાડે ૭૭૧ થઈ ૮૦૯ થઈ ૮૩૫ થઈ ૮૫૮ ની પૂર્વ-દક્ષિણ હદે થઈ પશ્ચીમ તરફ સીમાડે સ.નં. ૮૬૨ થઈ ૮૬૩ થઈ દક્ષિણે સ.નં. ૮૮૭ થઈ પશ્ચિમ તરફ સીમાડે સીમાડે ૧૧૦૫ થઈ, ચાંદોદ રેલ્વે લાઈન ઓળંગી ૧૧૦૭ થઈ, ૧૧૧૦ થઈ, ઉત્તર પશ્ચિમ ખૂણા તરફ સ.નં. ૧૧૨ થઈ, ૧૧૩ થઈ, સીમાડે સીમાડે પશ્ચિમ તરફ

INDEX

વોર્ડ નં.	ઇલેક્શન વોર્ડની હદનું વર્ણન
	૧૧૪૪ થઈ, ૧૨૦૧ થઈ, ૧૮૭૨ થઈ, સીમાડે સીમાડે ઉત્તરે સ.નં. ૧૨૦૪ થઈ, પશ્ચીમ તરફ ૧૮૭૦ થઈ, ૧૩૬૦ થઈ, ૧૩૬૫ થઈ, ડભોઈ સીનોર રોડ ઓળંગી ઉત્તર તરફ સ.નં. ૧૩૭૪/૧૦ થઈ, ઉત્તરે ૧૫૬૨ થઈ, ઉત્તરે ૧૫૫૨ થઈ, સ.નં. ૧૪૦૦ થઈ, સ.નં. ૧૮૭૩ થઈ, ૧૮૭૪ થઈ, ઉત્તરે ૧૫૬૨ થઈ, ઉત્તરે ૧૫૫૨ થઈ, સ:નં. ૧૫૭૭ ની પશ્ચીમે સીમાડે સીમાડે સ.નં. ૧૫૭૬ થઈ, મીયાગામ રેલ્વે લાઈને પુર્વ તરફ વાઘનાથ મંદીર પાસે આવેલ નાળાની દક્ષિણે થઈ એસ.ટી. સ્ટેન્ડ જવાના રસ્તાના મધ્ય ભાગ થઈ દક્ષિણ પશ્ચિમ ખૂણા તરફ રોડે રોડે તાલુકા પંચાયત ઓફીસની પૂર્વે આવેલ રસ્તાથી મધ્ય હદ થઈ વડોદરી ભાગોળના દરવાજાની દક્ષિણ તરફની ધાર થઈ દક્ષિણ તરફ કોટે કોટે બુરજ થઈ પુર્વ તરફ કોટે કોટે નાંદોદી ભાગોળ દરવાજાની દક્ષિણ દિશાની ધાર સુધી.

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજય ચૂંટણી પંચ

INDEX

અનુસૂચિ - ૨

રાજ્ય ચૂંટણી પંચ ,

ગુજરાત રાજય, ગાંધીનગર

ડભોઈ નગરપાલિકાની કુલ વસ્તી : ૫૦,૬૪૧

કુલ વોર્ડોની સંખ્યા : ૧૨

વોર્ડ દીઠ સરેરાશ વસ્તી : ૪,૨૨૦ સરેરાશ વસ્તી ૧૦ ટકા વધ મુજબ : ૪,૬૪૨

સરેરાશ વસ્તી ૧૦ ટકા ઘટ મુજબ : ૩,૭૯૮

બેઠકોની સંખ્યા : ૩૬

મહિલા બેઠકો : ૧૨ ૧ બેઠક અનુસૂચિત જાતી.

૨ બેઠકો અનુસૂચિત આદિજાતિ.

૧ બેઠક પછાત વર્ગની મહિલા સહિતની.

અનુસૂચિત જાતી માટે અનામત બેઠકોની સંખ્યા : ૨ પૈકી ૧ મહિલા માટે.

અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા : ૫ તે પૈકી ૨ મહિલા માટે.

પછાત વર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા : ૪ તે પૈકી ૧ મહિલા માટે.

અનામત બેઠક : ૧૯ સામાન્ય બેઠક : ૧૭

અ.નં	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી બીન અનામત	બીજી બેઠકની ફાળવણી મહિલા અનામત	ત્રીજી બેઠકની ફાળવણી
૧.	૧	૪૦૫૩	સામાન્ય	અનુ.આદિજાતિ	સામાન્ય.
૨.	૨	૪૧૪૫	સામાન્ય	સામાન્ય	અનુ.આદિજાતિ.
૩.	૩	૩૯૧૨	સામાન્ય	સામાન્ય	અનુ.જાતિ.
૪.	૪	૪૦૫૯	સામાન્ય	અનુ.આદિજાતિ	પછાતવર્ગ.
૫.	૫	૪૬૭૧	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ.
૬.	૬	૪૫૫૩	સામાન્ય	સામાન્ય	સામાન્ય.
૭.	૭	૪૨૯૪	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય.
૮.	૮	૪૪૭૫	સામાન્ય	સામાન્ય	સામાન્ય.
૯.	૯	૪૦૪૭	સામાન્ય	સામાન્ય	સામાન્ય.

INDEX

અ.નં	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી બીન અનામત	બીજી બેઠકની ફાળવણી મહિલા અનામત	ત્રીજી બેઠકની ફાળવણી
૧૦.	૧૦	૪૩૬૮	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ.
૧૧.	૧૧	૪૧૬૨	સામાન્ય	સામાન્ય	અનુ.આદિજાતિ.
૧૨.	૧૨	૩૯૦૨	સામાન્ય	અનુ.જાતિ	અનુ.આદિજાતિ.

તારીખ: ૧૬-૪-૧૯૯૪

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 63 REGISTERED NO. G/GNR/2.

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] SATURDAY, APRIL 16, 1994/ CAITRA 26, 1916.

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ

ગુજરાત રાજ્ય

ગાંધીનગર.

ક્રમાંક : સમક /૧૦૩૦/૯૪

પાદરા નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેના આદેશો.

ભારતનાં સંવિધાનના ૭૪ માં સુધારાને અનુલક્ષીને ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ ૧૯૬૩ માં રાજ્ય સરકારે ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ ૧૯૯૩ અન્વયે મહત્વનાં સુધારા કરેલાં છે. આ અધિનિયમની કલમ- ૬ પેટા કલમ-૪ અન્વયે નગરપાલિકાની ચૂંટણી, મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી પંચમાં નિહીત થશે. તેવી જોગવાઇ કરેલી છે. અને રાજ્ય ચૂંટણી પંચે કલમ- ૬ પેટા કલમ- ૫ અન્વયે રાજ્ય સરકારે કરેલાં નિયમો અનુસાર અધિનિયમની જોગવાઇઓને આધીન રહીને ચૂંટણી કરવી જોઇએ.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ- ૭ પેટા કલમ- ૨ તથા કલમ- ૬ની પેટા કલમ ૩ અન્વયે જાહેરનામા ક્રમાંક : કેવી ૩૨૭-૯૩ એન.પી.બી ૩૦૯૩ ૫૬૪૬ (૪) આર, તા.૧૮:૧૨:૯૩ જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તે અન્વયે પાદરા શહેરના નગરપાલીકાને જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેના

INDEX

સન ૧૯૯૧નાં વસ્તી ગણતરીના આખરી આંકડા પ્રસિધ્ધ થયા છે. તેના આધારે ૯ વોર્ડોમાં વહેચવામાં આવેલ છે. નગરપાલિકાના કાઉન્સિલરોની કુલ બેઠકો ૨૭ નક્કી કરવામાં આવી છે. જાહેરનામા અન્વયે અનુસૂચીત જાતિ તથા પછાતવર્ગ તેમજ મહિલા માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલી છે.

૩. ચૂંટણી પંચે અધિનિયમની કલમ- ૭ પેટા કલમ- ૨ ખંડ- ૩ પેટા ખંડઃ ખ અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડ માની અનુ.જાતી અનુસૂચીત આદીજાતી, પછાત વર્ગની તથા મહિલાની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજ્ય સરકારે તેમના જાહેરનામા ક્રમાંક :કેવી:૪૯:૧૯૯૪ એન.પી.એલ ૪૫૯૩ :૩૬૫૫:એમ તા.૧૬-૩-૯૪.અન્વયે અધિનિયમની કલમ ૨૭૭ની પેટા કલમ- ૨ તથા કલમ- ૬ તથા ૭ અન્વયે વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણીના નિયમો ૧૯૯૪ એને હવે પછી નિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે બહાર પાડેલ છે.

૫. નિયમોના નિયમ ૨ અન્વયે નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે, કે શક્ય હોય ત્યાં સુધી બધાજ વોર્ડોની વસ્તી એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસ્તીથી કોઇ પણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહિ તે પ્રમાણે વોર્ડની રચના કરવાની રહે છે. આમ છતાં ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે, સ્થાનિક એક જુથતા અને ભૌગોલીક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને તુલનામાં લેતા ૧૦ ટકા વધુ વધ કે ઘટ કરીને વોર્ડની રચના કરી શકાશે.

૬. પંચે નગરપાલિકાના વોર્ડોનાં સીમાંકન માટે જરૂરી માહિતી એકઠ કરી છે: તેમજ સને .૧૯૪૮ ના સેન્સસ એકટ મુજબ સને. ૧૯૯૧ ના વસ્તી ગણતરી નાં છેવટનાં પ્રસીધ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં શહેર ની કુલ વસ્તી ૨૮,૧૫૦ આવે છે. જાહેરનામા મુજબ શહેરને ૯ વોર્ડો માં વહેચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૩૧૨૮ ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની પંચે તેના કાર્યાલયના અધિકારી કર્મચારીઓ મારફત ચકાસણી કરાવેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડનુ સીમાંકન કરવાનું ધાર્યુ છે તેમાં કોઈપણ વોર્ડ માં ૧૦ ટકા થી વસ્તી વધતી નથી કે ૧૦ ટકા થી વસ્તી ઘટતી નથી.

૮. શહેર નાં ૯ વોર્ડોને નિયમ- ૩ ની જોગવાઈઓને ધ્યાનમાં લઈ આ સાથે અનુસૂચિ ૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે.આ સીમાંકન નક્કી કરવામાં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજૂથતા ,નદી, રેલ્વેલાઈન રોડલાઈન વગેરે કારણે બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોડી બની રહે તે ધ્યાનમાં રાખીને એકસરખા વોર્ડ- ૯ બની રહે તે મુદ્દો વિચારણામા લઈ વોર્ડોનું સીમાંકન નક્કી કરેલું છે.

૯. નિયમોના નિયમ- ૪ અન્વયે દરેક વોર્ડ માં ત્રણ કાઉન્સિલર ચૂંટવાના છે.નિયમ અન્વયે દરેક વોર્ડ માં થી એક બેઠક બિનઅનામત એટલે કે સામાન્ય બેઠક બની રહેશે. જ્યારે બીજી બેઠક મહિલા ,અનુસૂચિત જાતિ, અનુસૂચીત આદિજાતિ, પછાતવર્ગ ની મહિલા સહિત માટે અનામત રાખવાની છે. જ્યારે ત્રીજી બેઠક જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચીત આદિજાતિ, પછાતવર્ગ ને ફાળવવાની રહેશે. અને તેવી ફાળવણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો તે બિનઅનામત બેઠક તરિકે ફાળવવાની રહેશે.

૧૦.નિયમોના નિયમ- ૬ અન્વયે અનુસુચિત જાતિ,અનુસૂચીત આદિજાતિની દરેક વોર્ડની વસ્તીની ટકાવારીનાં ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તી સંખ્યા વધુ હોય એટલેકે, ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે.આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, મહિલા બેઠક સહીત ની બેઠક જે તે વર્ગ ની વોર્ડ માં વધુમાં વધુ વસ્તી હોય એટલેકે ટકાવારી ઊંચી હોય તે વોર્ડ માં ફાળવણીનું ધોરણ નિર્ધારીત કરેલ છે,

૧૧. જહેરનામા અન્વયે શહેર માટે ૨ બેઠકો અનુસુચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે અને ૨ બેઠકો પૈકી ૧ બેઠક અનુસૂચિત જાતિ ની મહિલા માટે અનામત રાખવાનુ નિર્ધારીત કર્યુ છે.

INDEX

૧૨.પંચે એકઠી કરેલી માહિતી મુજબ શહેરનાં જુદા જુદા ૯ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા કમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	અનુ.જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ.જાતિની વસ્તીની ટકાવારી
૧.	૨	૩૦૭૮	૭૩૫	૨૩.૮૮
૨.	૬	૩૦૨૦	૩૦૦	૯.૯૩
૩.	૯	૨૯૫૭	૨૪૨	૮.૧૮
૪.	૩	૨૯૬૩	૨૩૭	૮.૦૦
૫.	૧	૩૨૩૪	૧૨૭	૩.૯૩
૬.	૪	૩૦૭૮	૧૧૧	૩.૬૧
૭.	૮	૩૧૬૦	૩૧	૦.૯૮
૮.	૭	૩૪૬૨	૧૬	૦.૪૬
૯.	૫	૩૧૯૮	૬	૦.૧૯

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના કમ મુજબ વોર્ડ નં. ૨ તથા ૬ માં અનુસૂચિત જાતિની બેઠક નિયમોના નિયમ- ૬ અ હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે. અનેતે મુજબ ફાળવવામાં આવે છે.

૧૪. અનુસૂચિત જાતિના પુરુષ તથા મહિલા અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ જે વોર્ડમાં આ વર્ગ માટે બેઠક ફાળવાઈ હોય તે વોર્ડની ટકાવારીનાં કમમાં પ્રથમ આવતા ત્રણ વોર્ડ પૈકી ત્રીજા વોર્ડમાં મહિલા બેઠક ફાળવવી તેમ પંચ માને છે. પરંતુ જાહેરનામા અન્વયે પાદરા નગરપાલિકા માટે બે બેઠકો અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ હોઈ ટકાવારી પ્રમાણે બીજા કમે આવતા વોર્ડને મહિલા બેઠક અનુસૂચિત જાતિની ફાળવણી થશે.આ મુજબ ફાળવણી કરતાં પણ નિયમો અન્વયે દરેક વોર્ડમાં એક મહિલા, એક સામાન્ય બેઠક ફાળવવાની જોગવાઈ છે. તેનું ખંડન ન થાય તેની તકેદારી રાખવાની રહે છે.

૧૫. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં. ૨ તથા ૬ માં નિયમોના નિયમ ૬:અઃ અન્વયે ફાળવવામાં આવે છે. તે પૈકી આ વર્ગના પુરુષ તથા મહિલા માટે બેઠકની વ્હેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

વોર્ડ નંબર	બેઠક
૧	અનુસૂચિત જાતિ
૬	અનુસૂચિત જાતિ મહિલા

૧૬. જાહેરનામા અન્વયે પાદરા નગરપાલીકાની રચના માટે અનુસુચીત આદિજાતિ માટે કોઈજ બેઠક અનામત રાખવાનું નિર્ધારીત થયેલ નથી .તેથી અનુસૂચીત આદીજાતિ માટે કોઇ બેઠક ફાળવવામાં આવતી નથી.

૧૭.જાહેરનામા ક્રમાંક : ખંડ ગ : સી : મુજબ ત્રણ બેઠકો પછાત વર્ગો માટે ફાળવાઇ છે તે પૈકી એક બેઠક આ વર્ગની મહિલા માટે અનામત રખાઇ છે.

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪નાં નિયમ- ૬ બી હેઠળ રાજય ચૂંટણી પંચેપછાત વર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. જેના મહત્વનાં પ્રબંધ નીચે પ્રમાણે છે.

(૧) માન્ય રાજકીય પક્ષો તરફથી મળેલ માહિતીનાં અભ્યાસ પરથી જે શહેરનાં જે જે વોર્ડનાં પછાતવર્ગની વસ્તીનાં ધોરણને અનુલક્ષીને જે સર્વ સામાન્ય વોર્ડો હોય તે વોર્ડોમાં પછાતવર્ગ માટે અનામત બેઠક ફાળવવાની રહેશે.

(૨) મ્યુનિસિપલ ચીફ ઓફીસર તરફથી છેલ્લી ચૂંટણીમાં જે વોર્ડમાંથી પછાતવર્ગનાં ઉમેદવારો ચૂંટાઈને કોર્પોરેટર તરીકે પદધારણા કરતાં હતા તે વોર્ડમાં ઉપર અનુક્રમ નં. ૧ માં જણાવેલ વોર્ડોમાં બેઠક ફાળવ્યા પછી નિયત સંખ્યા સુધીમાં ફાળવવાની રહેશે.

આથી સ્પષ્ટતા કરવાની કે, જુના વોર્ડોનું સીમાંકન અને નવા વોર્ડોના સીમાંકનમાં ફેરફાર હોય તો જુના વોર્ડોનો મોટા ભાગનો જે વિસ્તાર જે તે નવા વોર્ડનાં સીમાંકનમાં સમાવિષ્ટ થતો હોય તેવા નવા વોર્ડમાં પછાતવર્ગની બેઠક ફાળવવાની રહેશે.

(૩) પછાત વર્ગ માટે અનામત રાખેલી કુલ બેઠકો પૈકી ૧:૩ બેઠકો મહિલા માટે જાહેરનામા અન્વયે અનામત રખાઈ છે. આમ ત્રણ બેઠકો પૈકી એક બેઠક મહિલા માટે અનામત રાખવામાં આવી છે. આ મહિલાનું પ્રમાણ ૧:૩ રહે છે. તેથી તાર્કીક રીતે વિચારતા દર ત્રણ બેઠકો પૈકી ત્રીજી બેઠક મહિલા માટે ફાળવવી તેમ પંચ સ્વીકારે છે.

(૪) પરંતુ જો આ રીતે જે વોર્ડમાં પછાત વર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસુચિત જાતિ અથવા અનુ. આદિજાતિ માટે મહિલા બેઠક ફાળવી હોય તો તે વોર્ડને બદલે તે પછી અનુક્રમે જે વોર્ડ આવે તે વોર્ડમાં પછાતવર્ગની મહિલા બેઠક ફાળવવી.

માન્ય રાજકીય પક્ષોને પંચ તરફથી નગરપાલિકાઓના કયા વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવી તે અંગે સુચનો મોકલવા આ કાર્યાલય તરફથી વિનંતી કરવામાં આવેલ. પરંતુ કોઈ માન્યરાજકીય પક્ષ તરફથી હજુસુધી સુચન કરવામાં આવ્યા નથી.

પંચે અપનાવેલા માપદંડ મુજબ ચીફ ઓફીસર પાસેથી ગત ચૂંટણીમાં પછાત વર્ગનાં કાઉન્સિલરો જુના કયા વોર્ડમાંથી ચૂંટાયા હતા. અને તે સમગ્ર વોર્ડોનો કે તે વોર્ડોના મોટા ભાગનો વિસ્તાર નવા કયા વોર્ડમાં સમાવિષ્ટ થાય છે. તેની માહિતી મેળવવામાં આવી છે. તે ચકાસતાં સને ૧૯૮૬ ની ચુંટણી જુના વોર્ડ નં. ૨ના નવા વોર્ડ ૩ના વિસ્તારમાંથી એક પછાતવર્ગના કાઉન્સીલર ચૂંટાયા હતા. સને ૧૯૮૭ની ચૂંટણીમાં કોઇ પછાતવર્ગના ઉમેદવાર ચૂંટાયા ન હતા. આમ, હકીકતની દ્રષ્ટિ વોર્ડ નં. ૩ પછાતવર્ગ માટે અનામત રાખવા યોગ્ય છે.

ચીફ ઓફીસરશ્રી અને વહીવટદારશ્રી એ પછાતવર્ગ માટે કુલ ૩ વોર્ડોમાં બેઠકો અનામત રાખવાની છે. તેથી એક વોર્ડ-વોર્ડ નં. ૩ પરત્વે પરિણામલક્ષી માહિતી આપી છે. બાકીના બે વોર્ડ માટે તેઓનો અભિપ્રાય મેળવ્યો છે. તેમાં વોર્ડ નં. ૬ તથા ૭ માં અન્ય વોર્ડની સરખામણીમાં પછાતવર્ગની વસ્તી વધુ હોવાનું તેઓએ જણાવ્યું છે.

આ અભિપ્રાય સ્થાનિક અધિકારી તરીકે તેઓએ આપ્યો છે. જયારે અન્ય સ્ત્રોતમાંથી માહિતી મળતી નથી. ત્યારે સ્થાનિક અધિકારી તરીકે તેઓએ અભિપ્રાય સ્વીકારવો પંચ મુનાસીબ માને છે. અને તેથી વોર્ડ નં. ૩ ઉપરાંત વોર્ડ નં. ૬ અને ૭ માં પણ પછાતવર્ગ માટે બેઠક અનામત રાખવાનું અને માપદંડ મુજબ આ ત્રણ ક્રમે આવતા વોર્ડ નં. ૭ માં પછાતવર્ગ

INDEX

મહિલા માટે બેઠક અનામત રાખવાનું પંચ ઠરાવે છે.

૧૯. આ પ્રમાણે અનુસુચિત જાતિ તથા પછાત વર્ગોની તે પૈકી મહિલા અનામત બેઠકની ફાળવણી કર્યા પછી મહિલા અનામત બેઠક અને સામાન્ય ઉમેદવારોને બાકી રહેતી બેઠક ફાળવવામાં આવે છે.

૨૦. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને નિયમોનાં નિયમ-૩ અન્વયે શહેરોને આ સાથે સંલગ્ન અનુસૂચિ-૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે. અને આ સાથે અનુસુચિ-૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

૨૧. આ પ્રમાણે વોર્ડોનું વિભાજન અને હદરેખા નકકી કરવાનું અને વોર્ડ ની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે.

૨૨. ઉપર પ્રમાણે વોર્ડોની હદરેખા નકકી કરવામાં આવે છે. અને ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે. તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે. અને તે સામે કોઈપણ શખ્સને જાહેર જનતાને સલાહ સુચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૫ દિવસોમાં રાજય ચૂંટણી પંચ બ્લોક નં. ૯, દઠ્ઠો માળ, નવા સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા. મુદત વિત્યે આવેલ સુચનો ધ્યાનમાં લેવામાં આવશે નહી.

૨૩. રાજય ચૂંટણી પંચે નગરપાલિકાના વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો છેવટના કરતાં પહેલાં લોકપ્રતિનિધિત્વ ધારો ૧૯૫૧ અન્વયે માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરુરી પરામર્શ કરશે.

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજય ચૂંટણી પંચ

તારીખઃ ૧૬/૪/૧૯૯૪.

અનુસૂચિ - ૨

રાજ્ય ચૂંટણી પંચ

પાદરા નગરપાલિકાની કુલ વસ્તી : ૨૮,૧૫૦

કુલ વોર્ડોની સંખ્યા : ૯

વોર્ડ દીઠ સરેરાશ વસ્તી : ૩,૧૨૮

સરેરાશ વસ્તી ૧૦ ટકા વધ મુજબ : ૩,૪૪૧

સરેરાશ વસ્તી ૧૦ ટકા ઘટ મુજબ : ૨,૮૧૫

બેઠકોની સંખ્યા : ૨૭

મહિલા બેઠકો : ૯

૧ બેઠક અનુસૂચીત જાતી.

અનુસૂચીત આદિજાતિ માટે કોઈ નહી.

૧ બેઠક પછાત વર્ગની મહિલા સહિતની.

અનુસૂચીત જાતી માટે અનામત બેઠકોની સંખ્યા : ૨ પૈકી ૧ મહિલા માટે.

પછાત વર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા : ૩ તે પૈકી ૧ મહિલા માટે.

સામાન્ય બેઠકો : ૧૫

અ.નં	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી બીન અનામત	બીજી બેઠકની ફાળવણી મહિલા અનામત	ત્રીજી બેઠકની ફાળવણી
૧.	૧	૩૨૩૪	સામાન્ય	સામાન્ય	સામાન્ય.
૨.	૨	૩૦૭૮	સામાન્ય	સામાન્ય	અનુ.જાતિ.
૩.	૩	૨૯૬૩	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ.
૪.	૪	૩૦૭૮	સામાન્ય	સામાન્ય	સામાન્ય.
૫.	૫	૩૧૯૮	સામાન્ય	સામાન્ય	સામાન્ય.
૬.	૬	૩૦૨૦	સામાન્ય	અનુ.જાતિ	પછાતવર્ગ.
૭.	૭	૩૪૬૨	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય.

INDEX

અ.નં	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી બીન અનામત	બીજી બેઠકની ફાળવણી મહિલા અનામત	ત્રીજી બેઠકની ફાળવણી
૮.	૮	૩૧૬૦	સામાન્ય	સામાન્ય	સામાન્ય.
૯.	૯	૨૯૫૭	સામાન્ય	સામાન્ય	સામાન્ય.

તારીખ: ૧૬-૪-૧૯૯૪

સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ

INDEX

પત્રક-૪

અનુસૂચિ-૧

પાદરા નગરપાલિકા

જિલ્લો-વડોદરા.

વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડની હદનું વર્ણન
૧	તુલસીબાગ સોસાયટીથી પેટ્રોલપંપની ઉત્તર હેલ્થ યુનીટની પાછળ થઈને જાસપુરરોડથી દક્ષિણ કબ્રસ્તાનની દક્ષિણ હદેથી હાઈવેથી ઉત્તરે આંબાવાડી નં. ૧ ની ઉત્તર હદેથી પશ્ચિમ તરફ દ્વારકાધીશ પૂર્વ ખૂણાની ઉત્તર તરફ થઈ ટેલીફોન ઓફીસ થઈને તાજપુરા રોડની પશ્ચિમ તરફ ઉત્તરે નાના કુંભારવાડાની ત્રિકમજીમંદિર પાછળની હદથી જુનુ દવાખાનું થઈ કોટવગાની ઉત્તર રબારીવાસ, બારીયાવાડ, ચોરા પાછળનું ફળિયું, મુનસબ કોર્ટ, તુલસીદાસનું મંદિર થી ગોવિંદપુરાની પશ્ચિમ બાજુએ સીંધીવાડ, પટેલ ફળિયું, ભાથુજી ના મંદિરથી તુલસીબાગ સુધી.
૨	ગોવિંદપુરા થી પૂર્વ ડબગરવાસ, હરીજનવાસ તાલુકાપંચાયત, મોરાકુવા, નગરપાલિકા ઓફીસ તુર્કીફળિયું, મુનસબ બંગલો, મામલતદારનો બંગલો, એસ.ટી.ડેપો થઈ વિષ્ણુપલ્સ મીલ નાકેથી દક્ષિણ તરફ વિષ્ણુ રાઈસ એન્ડ પલ્સ મીલના દક્ષિણેથી ઘર નં. ૩૬૬ થી વણકરવાસ ની, પશ્ચિમ તરફથી વણકરવાસની હદની દક્ષિણે ઘર નં. ૩૬૯ થી ૪૩૫ થી પૂર્વ તરફ ૪૬૫ થી દક્ષિણ તરફ હિરકમહોત્સવ ચારરસ્તે પંચાલનું કેબીન થઈ હિરકમહોત્સવના રોડની ઉત્તર તરફની ઝૂપડપટ્ટીની ઉત્તર હદ થઈને દક્ષિણ તરફ કલ્યાણી સો મીલની ઉત્તર હદથી દાદાભાઈ અમીનના બંગલાથી, સ્ટેશનરોડની પશ્ચિમ બાજુની ઉત્તર તરફ ગુજરાતી શાળા નં. ૩ થઈ, લીબર્ટીટોકીઝ, થઈ ઉત્તર તરફનો રસ્તાની પશ્ચિમ તરફ બાલકલ્યાણ કેન્દ્રની પાછળ થઈ ઉત્તર તરફ પંચાયત કચેરીની ઉત્તર હદથી નરસિહનગરની પૂર્વ હદે થઈ ઉત્તર તરફથી પૂર્વ તરફ જશ્મીનપાર્કના દક્ષિણ ખૂણેથી ઉત્તરમાં જલારામ, મારુતીનગરની પૂર્વ હદે થઈ, પશ્ચિમમાં જ્ઞાનબાગ, રાજાપાર્કની ઉત્તર હદે થઈ પશ્ચિમમાં ટી.પી. રોડ ચારરસ્તા થઈ કૃષ્ણટોકીઝ સુધી.
૩	વિષ્ણુરાઈસ એન્ડ પલ્સ મીલની ઉત્તર હદેથી સ્ટેશનરોડના દક્ષિણ તરફ બંગાળી ફળિયાના નાકે, થઈ ઓધવભૂલાના નાકે થઈ, કોઠીફળિયાના દક્ષિણ તરફના ઘરનંબર-૨૫૩ થી દક્ષિણ તરફ ઘર નં. ૨૫૯ ની પૂર્વ થી દક્ષિણ તરફથી ઘર નં. ૨૬૨ થી પશ્ચિમ તરફ ઘર નં. ૨૭૦ થઈ દક્ષિણ તરફ માવજીની કૂઈ થઈ દક્ષિણ તરફ લુહારફળિયાના નાકે થઈ દક્ષિણ તરફ તલાટી સ્ટ્રીટના નાકેથી છીપવાડના નાકે, ઘર નં. ૮૧૯ થી થઈ ઘર નં. ૮૩૦ તરફ મેમાજીનું ડેલું, દક્ષિણ તરફથી પૂર્વ તરફ શાસ્ત્રીની દક્ષિણ તરફ ગામઠામ હદથી શામળકૂવા ગામઠામ હદેથી ઘર નં. ૮૯૯ અને તેની દક્ષિણે ઘર નં. ૯૧૨ શામળકૂવાથી પૂર્વ તરફ ધાયજ રસ્તાની મધ્યેથી, પશ્ચિમ બાજુ હિરકમહોત્સવ ચારરસ્તાથી ઉત્તર તરફ વણકરવાસની પશ્ચિમથી રોહિતવાસ થઈ ઘર નં. ૫૧૦ થઈ પશ્ચિમ તરફ ઘર નં. ૫૫૨ થી ઉત્તર તરફ રાણાવાસની પૂર્વ તરફ ઓધવભૂલાના દક્ષિણ તરફના ઘર નં. ૩૨૫ થઈ પૂર્વ તરફ ઉત્તર બંગાળી ફળિયા દક્ષિણ છેડે થઈ વિષ્ણુ રાઈસ એન્ડ પલ્સ મીલની દક્ષિણ હદે થઈ પૂર્વ હદે થઈ ઉત્તરના ખૂણે.

INDEX

વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડની હદનું વર્ણન
૪	ચકલા ચારરસ્તાના મધ્યબિન્દુથી દક્ષિણ તરફ ઘાંચીવાડના નાકેથી દક્ષિણ તરફ પશ્ચિમ તરફ લાઈનથી મસ્જીદની માલીકીનું મકાનથી પશ્ચિમ તરફ વહોરવાડની ઉત્તર દિશાએ ઘર નં. ૫૯૯ થી ૬૦૫ થી દક્ષિણ તરફ ગુંદીફળિયાની ઉત્તર હદે ઘર નં. ૭૧૮ થી દક્ષિણ તરફ ગુંદીફળિયાના બીજા ભાગના છેડે થઈ ગુંદીફળિયાના ઘર નં. ૭૪૨ સુધી અને ૭૪૨ થી દક્ષિણ તરફ ઘર નં. ૭૩૬ - ગુંદીફળિયાના ઉત્તર ભાગની લાઈન પૂર્વ તરફ ગુંદીફળિયાના ઉત્તર તરફ ઘર નં. ૭૦૭ થી દક્ષિણ તરફ થી પૂર્વ રોડની મધ્યગથી પૂર્વ તરફનો ભાગ લોટેશ્વર મહાદેવ બારોટ ફળિયાના નાકેથી દક્ષિણ તરફ ઝંડાબજાર, ગણપતિમંદિરથી દક્ષિણ તરફ રસ્તાની પશ્ચિમ તરફની લાઈનની પાછળ થઈ, દક્ષિણ તરફ ઝંડાબજારની પશ્ચિમ અને દક્ષિણ હદે થઈ અમીન ખડકીની દક્ષિણ હદે થઈ શામળભાઈની ખડકીની દક્ષિણ હદે થઈ શામળભાઈની ખડકીની પૂર્વ હદે થઈ જેઠાભાઈ અમીનની ખડકીની પૂર્વ હદે થઈ ઉત્તર તરફ રસ્તાના મધ્યથી પશ્ચિમ તરફથી ઉત્તરે જુની પાનસરાવાડના દક્ષિણ નાકે થઈ પાનસરાવાડમાં પ્રવેશ કરી પૂર્વ તરફના ભાગ ઘર નં. ૨૦૦ થી પૂર્વ તરફ ઘર નં. ૨૦૮ તેની ઉત્તરે ઘર નં. ૨૧૦ થી ઉત્તર તરફ જુની પાનસરાવાડની પૂર્વ તરફથી લાઈન સ્ટેશનરોડથી પશ્ચિમ તરફ દક્ષિણ દિશાએથી ચકલા ચારરસ્તા સુધી.
૫	ચકલાથી પશ્ચિમ તરફ કોટવગાની દક્ષિણ તરફ ઘર નં. ૩૭૯થી પશ્ચિમ તરફ કોટવગાના રોડના મધ્યથી દક્ષિણ તરફ ત્રણ રસ્તાથી ત્રિકમજી તરફના પશ્ચિમ તરફ વોટરવર્કસની ઉત્તર હદ થઈ દક્ષિણ હદ થઈ મોટા તલાવની દક્ષિણ તરફ અંબાજીમંદિરની પાછળ થઈ દક્ષિણ તરફ ગાંધીચોકના રસ્તાની પશ્ચિમ બાજુ મસ્જીદ વાળી લાઈન થઈ ગાંધીચોક મધ્યમાં થઈ નવધરી તરફ પૂર્વ તરફની લાઈન થઈ સંતોષપુરીપોળ મધ્યથી ઉત્તર તરફ લાઈન થઈ પૂર્વ તરફ ગીતાભારતીપોળની ઉત્તર લાઈન થઈ ઘર નં. ૧૪૭૦ થી દક્ષિણ તરફ ઘર નં. ૧૪૪૫ થઈ દક્ષિણ તરફ ઘર નં. ૩૭૦ થઈ પશ્ચિમ તરફ થઈ દક્ષિણ તરફ અને દક્ષિણ તરફથી પૂર્વ તરફ વાળી ઘર નં. ૪૩૫ થી દક્ષિણ તરફ ઘર નં. ૪૪૫ ની દક્ષિણ તરફ રસ્તો ક્રોસ કરીને કારભારીની ખડકીની દક્ષિણ હદેથી પૂર્વ તરફ રણવાના ફળિયાની દક્ષિણ વાળા ભાગમાં થઈ પૂર્વ તરફ વિઠ્ઠલનાથજીના ફળિયા ના દક્ષિણ તરફ થઈ પૂર્વ તરફ થઈ ઉત્તર તરફ પધરાઈ ચોકમાં થઈ ઉત્તર તરફ દલાલ ટેકરા દક્ષિણ નાકે થઈ પશ્ચિમ તરફદલાલ ટેકરાના પશ્ચિમ નાકે થઈ સહીવાળાની શેરી થઈ ઝંડાબજાર સુધી પશ્ચિમ સુધીનો ભાગઝંડાબજારથી અચ્લેશ્વર મહાદેવના ખૂણે થઈ અફીણવાળાના ખાંચાના પૂર્વ નાકે થઈ ગુંદીફળિયા પાસે મહેતા ટાઈપ કલાસ થઈ ઉત્તર દિશા તરફ ઘર નં. ૭૬૬ થઈ પશ્ચિમ તરફ ઘર નં. ૭૪૩ થઈ ઉત્તર તરફ ઘર નં. ૨૭૮ થી પૂર્વ તરફ ઉમીયાવાડીની દક્ષિણ હદેથી ઘર નં. ૩૪૫ માં થઈ પૂર્વ તરફ મસ્જીદ ફળિયાની દક્ષિણ તરફની લાઈન તરફ થઈ પૂર્વ તરફ ઘર નં. ૩૬૨માં થઈ ઉત્તર તરફ મસ્જીદવાળા ફળિયાના પૂર્વ લાઈનમાં ઉત્તર તરફ કોટવગાના મધ્યબિન્દુ સુધી.
૬	ગાંધીચોકથી ઘર નં. ૧ થી વોર્ડ નં.૪ ની ઉત્તરે મોટા તલાવની પૂર્વ હદ થઈ મોટા તલાવની ઉત્તર હદે થઈ કાંસકીવાળા ઝૂંપડપટ્ટીમાં થઈ દક્ષિણે દાદાવાળીની પશ્ચિમ તરફ થઈ દક્ષિણે ફુલબાગ-નાકાથી પશ્ચિમ તરફ નવી પાનસરાવાડ રાયણવાળી ખડકી, મોટો ભોઈવાડાની ઉત્તર લાઈન થઈ ઉત્તર તરફ જી.ઈ.બી. બોર્ડની ઉત્તર હદેથી દક્ષિણ તરફ રાજયધોરી માર્ગ ક્રોસ કરી રામટેકરીની પશ્ચિમ બાજુ થઈ ઝુપડપટ્ટીની પશ્ચિમ હદે થઈ બેઠક મંદિરની દક્ષિણ હદેથઈ ઉત્તર તરફ મહાલક્ષ્મી પલ્સ મીલથી દક્ષિણમાં હરીજન વાસ નાનો વાઘરીવાસની દક્ષિણ પહેલા ખાંચાના અંત સુધી તેની પૂર્વે નાનો ભોઈવાડામાં થઈ વાઘરીવાસની દક્ષિણ તરફની લાઈન સંતરામમંદિર પાછળની લાઈન ઘર નં. ૪૮૫ સુધીની ઉત્તરે

વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડની હદનું વર્ણન

સંતરામમંદિરની પશ્ચિમ હદ થઈ હનુમાન ફળિયાની પૂર્વ દિશાની લાઈન ઘર નં. ૫૯૦ થી ૬૧૪ થી પૂર્વ તરફ ઘર નં. ૬૩૦ થી ઉત્તરે નવાપુરા રસ્તાના, મધ્યથી પૂર્વ ગાંધીચોક તરફ સુધી ઉત્તરનો ભાગ ઘર નં. ૮૩, ૪૮ અને ૧ સુધી.

૭ ગાંધીચોક વોર્ડ નંબર-૩ ના ઘર નં. ૪ થી ઉત્તરે ગાંધીચોકથી પશ્ચિમ તરફ નવાપુરારોડ ના મધ્યથી ગોરીયાદાવાળા ફળિયાના નાકા સુધીની દક્ષિણ તરફનો ભાગ ગોરીયાદા ફળિયા નાકાથી દક્ષિણે ઘર નં. ૬૩૧ થી દક્ષિણે ૬૪૯માં થઈ સંતરામમંદિરની ૭૦૧માં થઈ દક્ષિણ તરફ મોટો વાઘરીવાસ તેની પશ્ચિમે થઈ દક્ષિણે ઝુંપડપટ્ટીની દક્ષિણ હદ થઈ પૂર્વ.તરફના લતીપુરારોડની પૂર્વ દિશાએ થઈ તમાકુવાળા એસ્ટેટની દક્ષિણ હદેથી કંટીયાળા તલાવની દક્ષિણ હદ થઈ કંટીયાળા ભાગોળની દક્ષિણ દિશાની ઝુપડપટ્ટી થઈ સરકારી ગોડાઉનની દક્ષિણ હદ થઈ પૂર્વ હદે થઈ ઉત્તર હદ થઈ રામ-વિજય સોસાયટીની પૂર્વ હદ થઈ ઉત્તર તરફ ઉડાફળીયાના પૂર્વ હદે થઈ ઉત્તર હદ થઈ પૂર્વ તરફ ઘર નં. ૯૬ તેની ઉત્તરે દેરાસરીરોડનો પૂર્વના મધ્યભાગ થઈ જુનાકોઠા તરફ ઉત્તર તરફ ઘર નં. ૩૯, ૩૮, ૩૭ થઈ પશ્ચિમ બાજુએ ગીતાભારતીની દક્ષિણ લાઈને ઘર નં.૨૮ થઈ સંતોષપુરીપોળની દક્ષિણ તરફનો ભાગથઈ ઘર નં. ૫ સુધી.

૮ વોર્ડ નંબર-૩ ઘર નં. ૨૩૬ લાલબાવાના લીમડાના રસ્તાના મધ્યભાગથી દક્ષિણ તરફથી પૂર્વ તરફ ઘર નં. ૨૫૮ તેની દક્ષિણ તરફ પુરબાઈના પરાની પશ્ચિમ લાઈન તરફ થઈ દક્ષિણ તરફ ઘર નં. ૨૮૫ ની દક્ષિણ થઈ પૂર્વ તરફ ગાયજવાળી નેળમાં થઈ દક્ષિણ તરફની પૂર્વે પોશ્વનાથ, જલારામની દક્ષિણ હદે પૂર્વ તરફ મહાકાલી સોસાયટીની દક્ષિણ હદ થઈ પૂર્વ તરફ ધાયજના રસ્તાના જોડતા રસ્તાની ઉત્તરનો ભાગથી, ઉત્તરે સત્સંગ આશ્રમની પૂર્વ હદે થઈ પૂર્વ તરફ રણછોડનગરની પૂર્વ હદે થઈ ઉત્તર તરફ નવીધરતી ગોલવાડની ઉત્તરની હદ થઈ છીપવાડ રબારીવાસની ઉત્તર હદે થઈ ઉત્તર તરફ મેમાજી ડેલાના દક્ષિણ ભાગમાં થઈ પશ્ચિમ તરફ મતીયાના ફળિયાનો ઉત્તર ભાગ થઈ દલાલ ટેકરાના ઉત્તર ભાગેથી પશ્ચિમ તરફ ઉત્તરે ઝંડાબજારના રસ્તાના મધ્યબિન્દુથી દક્ષિણ તરફ સહીવાળાની શેરીના પૂર્વ ભાગ અને તેની દક્ષિણે દલાલ ટેકરાના બીજા ખાંચા સુધીથી દલાલ ટેકરાના પ્રથમ ખાંચાના દક્ષિણ ભાગના નારણમુલચંદના ખાંચાના નાકાથી દક્ષિણ તરફ પધરાઈ ચોકના મધ્યથી પૂર્વ તરફ ઝવેરશાહી ખડકીના પૂર્વભાગ તેની દક્ષિણે રામશેરીના ઉત્તર ભાગેથી સીધા પૂરબાઈના પરાના ભાગે વી.એન.પલ્સ મીલની ઉત્તરે તેમજ પુરબાઈનાં પરાની પૂર્વ લાઈનથી ઉત્તરે શ્રીનાથજી ફળિયાની પૂર્વ દિશાની લાઈન થઈ ઉત્તરે પશ્ચિમ તરફ માણેકલાલના મકાન થઈ ઘર નં. ૩૪૦ ની ઉત્તરે ઘર નં. ૩૪૧ની દક્ષિણ થઈ પૂર્વ તરફ ઘર નં. ૩૬૯ની દક્ષિણ પૂર્વ હદ થઈ ઉત્તર તરફ ગીતાભારતી રસ્તાના મધ્ય બિન્દુથી પશ્ચિમ તરફ શેરકોઠા જવાના રસ્તાના મધ્યબિન્દુ થી પૂર્વ તરફ ભાગે થઈ દક્ષિણ તરફ શેરકોઠા મહાદેવના રસ્તાના મધ્યથી દક્ષિણ તરફના ભાગે થઈ દેરાસરના નાકેથી લાલબાવાના લીમડા તરફ પૂર્વનો ભાગ થઈ ઘર નં. ૩૧૧ સુધી અને તેની પશ્ચિમ તરફ ઘર નં. ૨૩૬ સુધી.

૯ હિરકમહોત્સવ રોડની ઉત્તરે કલ્યાણી સો મીલની પશ્ચિમ તરફ ચારરસ્તા થઈ દક્ષિણ તરફ કરજણ રોડના મધ્યથી પૂર્વ તરફ ભાગે થઈ દક્ષિણ તરફ આઈસ ફેકટરીની ઉત્તર તરફ વાઘેશ્વરી સોસાયટીની પૂર્વ ઉત્તર હદેથી દક્ષિણ તરફ રામકૃષ્ણ સોસાયટી-૧ની પશ્ચિમ હદેથી દક્ષિણ હદે થઈ વાઘેશ્વરી સોસાયટીની

INDEX

વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડની હદનું વર્ણન

દક્ષિણ હદે થઈ પૂર્વ તરફ કરજણ રોડના મધ્ય સુધીની રામકૃષ્ણ નં. ૨ પશ્ચિમ હદે થઈ છીપવાડ તલાવની પશ્ચિમ હદે થઈ પશ્ચિમ તરફ ધાયજરોડ મધ્યથી દક્ષિણ તરફ જઈ પૂર્વ તરફ સૂર્યનગરની પશ્ચિમ દિશા હદે થઈ રેલ્વે ગરનાળામાં થઈ દક્ષિણે રેલ્વે લાઈનની દક્ષિણે દરાપુરા જવાના રસ્તાની સોખડા જવાના રસ્તા નાકા સુધી અને તેનાથી ઉત્તર રેલ્વે ક્રોસ કરી પૂર્વ તરફ દીપમંગલ સોસાયટી પૂર્વ હદ થઈ ઉત્તર કન્યાશાળા પૂર્વ હદ થઈ પૂર્વ તરફ હંસનગરના દક્ષિણ પૂર્વ હદ થઈ ઉત્તર હદ થઈ શંકરપાર્કની ઉત્તર હદ થઈ પશ્ચિમ હદ થઈ દક્ષિણ તરફથી તેજસ નગરના ઉત્તર ખુણેથી પશ્ચિમ તરફ મહાલ પંચાયત કચેરીની ઉત્તર હદ થઈ પશ્ચિમ હદ થઈ દક્ષિણ તરફ બાલકલ્યાણ કેન્દ્રની પશ્ચિમ હદ થઈ સ્ટેશનરોડના મધ્યબિન્દુથી ઉત્તર દિશાએથી કન્યાશાળાની પશ્ચિમ દિશા થઈ સ્ટેશનરોડના મધ્યબિન્દુથી દક્ષિણ તરફના પૂર્વ ભાગે સ્ટેશનરોડ હિરક મહોત્સવના ત્રણરસ્તાથી પશ્ચિમ તરફ કલ્યાણી સો મીલ સુધી.

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજય ચૂંટણી પંચ

તા. ૧૬-૪ ૧૯૯૪.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 64 REGISTERED NO. G/GNR/2.

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

VOL. XXXV] SATURDAY, APRIL 16, 1994 / CAITRA 26, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ

બ્લોક નં . ૯, ૬ઠ્ઠો માળ,
સચિવાલય, ગાંધીનગર.

ક્રમાંક : સમક : ૩૧૨૫ : ૯૪

અંકલેશ્વર નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ :-

ભારતનાં સંવિધાનના ૭૪માં સુધારાને અનુલક્ષીને ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ- ૧૯૬૩માં રાજ્ય સરકારે ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ ૧૯૯૩ અન્વયે મહત્વનાં સુધારા કરેલાં છે. આ અધિનિયમની કલમ- ૬, પેટા કલમ-૪ અન્વયે નગરપાલિકાની ચૂંટણી, મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી પંચમાં નિહીત થશે તેવી જોગવાઇ કરેલી છે. અને રાજ્ય ચૂંટણી પંચે કલમ -૬, પેટા કલમ-૫ અન્વયે રાજ્ય સરકારે કરેલાં નિયમો અનુસાર અધિનિયમની જોગવાઇઓને આધીન રહીને ચૂંટણી કરવી જોઇએ.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ- ૭ પેટા કલમ- ૨ તથા કલમ- ૬ની પેટા કલમ-૩ અન્વયે જાહેરનામા ક્રમાંક : કેવી ૨૭૯-૯૩ એન.પી.બી ૩૦૯૩-૫૬૪૬ (૮) આર, તા.૧૮:૧૨:૯૩ જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં

INDEX

આવ્યો છે. તે અન્વયે અંકલેશ્વર શહેરનાં નગરપાલિકાને જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેના સન ૧૯૯૧નાં વસ્તી ગણતરીના આખરી આંકડા પ્રસિદ્ધ થયા છે. તેના આધારે ૧૨ વોર્ડોમાં વહેચવામાં આવેલ છે. નગરપાલિકાના કાઉન્સિલરોની કુલ બેઠકો ૩૬ નક્કી કરવામાં આવી છે. જાહેરનામા અન્વયે અનુસૂચિત જાતિ અનુસૂચિત આદિજાતિ તથા પછાતવર્ગ તેમજ મહિલા માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલી છે.

૩. ચૂંટણી પંચે, અધિનિયમની કલમ- ૭, પેટા કલમ- ૨, ખંડ- ૩ પેટા ખંડ: ખ અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડોમાંની અનુ.જાતિ અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગની તથા મહિલાની તરફેણમાં અનામત રાખેલા બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજ્ય સરકારે તેમના જાહેરનામા ક્રમાંક :કેવી:૪૯:૧૯૯૪ એન.પી.એલ ૪૫૯૩ :૩૬૫૫:એમ તા.૧૬-૩-૯૪.અન્વયે અધિનિયમની કલમ- ૨૭૭ની પેટા કલમ- ૨ તથા કલમ- ૬ તથા ૭ અન્વયે વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણીના નિયમો- ૧૯૯૪ અને હવે પછી નિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે બહાર પાડેલ છે.

૫. નિયમોના નિયમ- ૨ અન્વયે નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે, કે શક્ય હોય ત્યાં સુધી બધાજ વોર્ડોના વસ્તી એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસ્તીથી કોઈ પણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહિ તે પ્રમાણે વોર્ડની રચના કરવાની રહે છે. આમ છતાં, ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે, સ્થાનિક એક જુથતા તથા ભૌગોલીકતા નજીકપણા કે બીજા અન્ય પરિબળોને તુલનામાં લેતા ૧૦ ટકા વધુ વધ કે ઘટ કરીને વોર્ડની રચના કરી શકાશે.

૬. પંચે નગરપાલિકાના વોર્ડોનાં સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે. તેમજ સને ૧૯૪૮ના સેન્સસ એકટ મુજબ સને ૧૯૯૧ના વસ્તી ગણતરીનાં છેવટનાં પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં શહેરની કુલ વસ્તી ૫૧,૭૩૯ આવે છે. જાહેરનામા મુજબ શહેરને ૧૨ વોર્ડોમાં વહેચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૪,૩૧૨ ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની પંચે તેના કાર્યાલયના અધિકારી/કર્મચારીઓ મારફત ચકાસણી કરાવેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડનુ સીમાંકન કરવાનું ધાર્યુ છે તેમાં કોઈપણ વોર્ડમાં ૧૦ ટકા થી વસ્તી વધતી નથી કે ૧૦ ટકાથી વસ્તી ઘટતી નથી.

૮. શહેરનાં ૧૨ વોર્ડોને નિયમ- ૩ની જોગવાઈઓને ધ્યાનમાં લઈ આ સાથે અનુસૂચિ ૧માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે.આ સીમાંકન નક્કી કરવામાં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજૂથતા, નદી, રેલ્વેલાઈન, રોડલાઈન વગેરે કારણે બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને એકસરખા વોર્ડ-૧૨ બની રહે તે મુદ્દો વિચારણામા લઈ વોર્ડોનું સીમાંકન નક્કી કરેલું છે.

૯. નિયમોના નિયમ- ૪ અન્વયે દરેક વોર્ડમાં ત્રણ કાઉન્સિલર ચૂંટવાના છે.નિયમ- ૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક બિનઅનામત એટલે કે સામાન્ય બેઠક બની રહેશે. જ્યારે બીજી બેઠક મહિલા, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની મહિલા સહિત માટે અનામત રાખવાની છે. જ્યારે ત્રીજી બેઠક જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગને ફાળવવાની રહેશે. અને તેવી ફાવણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો તે બિનઅનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે.

૧૦.નિયમોના નિયમ- ૬ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિની દરેક વોર્ડની વસ્તીની ટકાવારીના ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તી (સંખ્યા) વધુ હોય એટલે કે, ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે.આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, મહિલા બેઠક સહીતની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ વસ્તી હોય એટલેકે ટકાવારી ઊંચી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારીત કરેલ છે,

૧૧. જાહેરનામા અન્વયે શહેર માટે ૧ બેઠકો અનુસુચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે.

INDEX

૧૨. પંચે એકઠી કરેલી માહિતી મુજબ શહેરનાં જુદા જુદા ૧૨ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ નં.	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	અનુ.જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ.જાતિની વસ્તીની ટકાવારી
૧.	૮	૩૯૮૩	૪૬૯	૧૧.૮
૨.	૯	૪૨૨૧	૪૬૮	૧૧.૦
૩.	૩	૪૫૫૩	૧૯૨	૪.૨
૪.	૨	૪૫૧૬	૧૮૫	૪.૧
૫.	૧	૪૫૫૧	૧૫૯	૩.૫
૬.	૪	૪૩૬૯	૧૨૮	૨.૯
૭.	૬	૪૧૫૦	૧૦૩	૨.૫
૮.	૧૧	૪૦૮૭	૮૧	૨.૦
૯.	૧૨	૪૨૯૪	૭૩	૧.૭
૧૦.	૫	૪૫૯૯	૫૧	૧.૧
૧૧.	૧૦	૪૪૬૮	૧૨	૦.૩
૧૨.	૭	૩૯૪૮	-	-

૧૩.આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં. ૭ તથા ૪ માં અનુસૂચિત જાતિની બેઠક નિયમોના નિયમ- ૬ (અ) હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે. અને તે મુજબ ફાળવવામાં આવે છે.

૧૪. અનુસૂચિત જાતિના મહિલા અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ જે વોર્ડોમાં આ વર્ગ માટે બેઠક ફાળવાઈ હોય તે વોર્ડની ટકાવારીનાં ક્રમમાં પ્રથમ આવતા ત્રણ વોર્ડ પૈકી પુરુષ તથા ત્યાર પછી નાં અનામત રખાતા વોર્ડમાં મહિલા બેઠક ફાળવવી તેમ પંચ માને છે. પરંતુ જાહેરનામા અન્વયે અંકલેશ્વર નગરપાલિકા માટે બે બેઠકો અનુસૂચિત જાતિ માટે રાખવાનું નિર્ધારીત થયેલ ઉતરતા ક્રમમાં ટકાવારી પ્રમાણે બીજા ક્રમે આવતા વોર્ડમાં મહિલા બેઠક ફાળવવી જરુરી જણાય છે.આ ફાળવણી કરતાં પણ નિયમો અન્વયે દરેક વોર્ડમાં એક મહિલા, એક સામાન્ય બેઠક ફાળવવાની જોગવાઇ છે. તેનું ખંડન ન થાય તેની તકેદારી રાખવાની રહે છે.

૧૫. અનુસુચિત જાતિની બેઠક વોર્ડ નં. ૮ માં નિયમોના નિયમ ૬:અઃ અન્વયે ફાળવવામાં આવે છે.

વોર્ડ નંબર	બેઠક
૮	અનુસુચિત જાતિ

૧૬. જાહેરનામા અન્વયે ૬ બેઠકો અનુસૂચિત આદિજાતિ માટે ફાળવેલ છે અને તે પૈકી ૨ બેઠકો આ વર્ગની મહિલા માટે અનામત રખાઇ છે. પંચે એકઠી માહિતી મુજબ શહેરના જુદા જુદા ૧૨ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત આદિજાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

INDEX

અ.નં.	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	અનુ.જાતિની વસ્તી	ટકાવારી
૧.	૪	૪૩૬૯	૧૩૭૯	૩૧.૬
૨.	૧	૪૫૫૧	૧૩૭૬	૩૦.૨
૩.	૧૧	૪૦૮૭	૧૧૫૪	૨૮.૨
૪.	૨	૪૫૧૬	૧૨૨૦	૨૭.૦
૫.	૯	૪૨૨૧	૯૦૩	૨૧.૪
૬.	૧૨	૪૨૯૪	૮૮૪	૨૦.૬
૭.	૧૦	૪૪૬૮	૬૫૮	૧૪.૭
૮.	૬	૪૧૫૦	૬૦૬	૧૪.૬
૯.	૮	૩૯૮૩	૩૧૮	૮.૦
૧૦.	૩	૪૫૫૩	૧૫૩	૩.૪
૧૧.	૫	૪૫૯૯	૪૯	૧.૦
૧૨.	૭	૩૯૪૮	૩૯	૦.૯

આમ, અનુસુચિત આદિજાતીની વસ્તીની ઊંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં. ૪,૧,૧૧,૨,૯ તથા ૧૨ માં અનુ. આદિજાતીની બેઠક નિયમોના નિયમ- ૬ :અ: હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે.અને તે મુજબ ફાળવવામાં આવે છે.

અનુ. આદિજાતિના મહિલા અનામત બેઠક ફાળવવામાં અંગે ઉતરતા ક્રમમાં વોર્ડની ટકાવારી મુજબ ત્રણ વોર્ડના સમુહ એવા જુથ પૈકી ત્રીજા વોર્ડમાં મહિલા બેઠક ફાળવવી તેમ પંચ માને છે. પરંતુ આ મુજબ ફાળવણી કરતાં પણ નિયમો અન્વયે દરેક વોર્ડમાં એક મહિલા, એક સામાન્ય બેઠક ફાળવવાની જોગવાઇ છે તેનું ખંડન ન થાય તેની તકેદારી રાખવાની રહે છે.

અનુ. આદિજાતીની બેઠક વોર્ડનં. ૪,૧,૧૧,૨,૯ તથા ૧૨ માં નિયમોના નિયમ-૬ :અ: અન્વયે ફાળવવામાં આવે છે. તે પૈકી આ વર્ગના મહિલા માટે બે બેઠકો ફાળવણી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

વોર્ડનંબર	અનુસૂચિત આદિજાતિ
૪	અનુસૂચિત આદિજાતિ
૧	અનુસૂચિત આદિજાતિ
૧૧	અનુસૂચિત આદિજાતિ મહિલા
૨	અનુસૂચિત આદિજાતિ
૯	અનુસૂચિત આદિજાતિ
૧૨	અનુસૂચિત આદિજાતિ મહિલા

INDEX

૧૭. જાહેરનામા મુજબ ચાર બેઠકો પછાતવર્ગો માટે ફાળવેલ છે. તે પૈકી એક બેઠક આ વર્ગની મહિલા માટે અનામત રખાઇ છે.

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો- ૧૯૯૪નાં નિયમ-૬ બી હેઠળ રાજ્ય ચૂંટણી પંચેપછાત વર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. જેના મહત્વનાં પ્રબંધ નીચે પ્રમાણે છે.

(૧) માન્ય રાજકીય પક્ષો તરફથી મળેલ માહિતીનાં અભ્યાસ પરથી જે શહેરનાં જે જે વોર્ડનાં પછાતવર્ગની વસ્તીનાં ધોરણને અનુલક્ષીને જે સર્વ સામાન્ય વોર્ડો હોય તે તે વોર્ડોમાં પછાતવર્ગ માટે અનામત બેઠક ફાળવવાની રહેશે.

(૨) મ્યુનિસિપલ ચીફ ઓફીસર તરફથી છેલ્લી ચૂંટણીમાં જે વોર્ડમાંથી પછાતવર્ગનાં ઉમેદવારો ચૂંટાઈને કોર્પોરેટર તરીકે પદધારણા કરતાં હતા તે વોર્ડમાં ઉપર અનુક્રમ નં. ૧ માં જણાવેલ વોર્ડોમાં બેઠક ફાળવ્યા પછી નિયત સંખ્યા સુધીમાં ફાળવવાની રહેશે.

આથી સ્પષ્ટતા કરવાની કે, જુના વોર્ડોનું સીમાંકન અને નવા વોર્ડોના સીમાંકનમાં ફેરફાર હોય તો જુના વોર્ડોનો મોટા ભાગનો જે વિસ્તાર જે જે નવા વોર્ડનાં સીમાંકનમાં સમાવિષ્ટ થતો હોય તેવા નવા વોર્ડમાં પછાતવર્ગની બેઠક ફાળવવાની રહેશે.

(૩) પછાત વર્ગ માટે અનામત રાખેલી કુલ બેઠકો પૈકી ૧:૩ બેઠકો મહિલા માટે જાહેરનામા અન્વયે અનામત રખાઈ છે. આમ ત્રણ બેઠકો પૈકી એક બેઠક મહિલા માટે અનામત રાખવામાં આવી છે. આ મહિલાનું પ્રમાણ ૧:૩ રહે છે. તેથી તાર્કીક રીતે વિચારતા દર ત્રણ બેઠકો પૈકી ત્રીજી બેઠક મહિલા માટે ફાળવવી તેમ પંચ સ્વિકારે છે.

(૪) પરંતુ જો આ રીતે જે વોર્ડમાં પછાત વર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસુચિત જાતિ અથવા અનુ. આદિજાતિ માટે મહિલા બેઠક ફાળવી હોય તો તે વોર્ડને બદલે તે પછી અનુક્રમે જે વોર્ડ આવે તે વોર્ડમાં પછાતવર્ગની મહિલા બેઠક ફાળવવી.

માન્ય રાજકીય પક્ષોને પંચ તરફથી નગરપાલિકાઓના કયા વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવી તે અંગે સુચનો મોકલવા આ કાર્યાલય તરફથી વિનંતી કરવામાં આવેલ. પરંતુ કોઈ માન્ય રાજકીય પક્ષ તરફથી હજુસુધી સુચનો કરવામાં આવ્યા નથી.

પંચે અપનાવેલા માપદંડ મુજબ ચીફ ઓફીસર પાસેથી ગત ચૂંટણીમાં પછાતવર્ગનાં કાઉન્સિલરો જુના કયા વોર્ડમાંથી ચૂંટાયા હતા, અને તે સમગ્ર વોર્ડોનો કે તે વોર્ડોના મોટા ભાગના વિસ્તાર નવા કયા વોર્ડમાં સમાવિષ્ટ થાય છે. તેની માહિતી મેળવવામાં આવી છે તે ચકાસતા નગરપાલિકાની છેલ્લી ચૂંટણીમાં જુના વોર્ડ નં. ૩ અને ૨ જેના સૂચિત વોર્ડ નં. ૬ અને ૫ બને છે. તે વિસ્તારમાંથી પછાતવર્ગના એક એક કાઉન્સીલરો ચૂંટાઇને આવેલ છે. જેથી માપદંડ મુજબ પછાતવર્ગની બેઠક માટે વોર્ડ નં. ૬ અને ૫ અનામત રાખવાના થાય છે. આ શહેરની રચના માટે ચાર બેઠકો પછાતવર્ગની ફાળવવાની થાય છે. જેથી પછાતવર્ગનં. વસ્તી સૂચિત વોર્ડ પૈકી કયા વોર્ડમાં વધુ છે તેની માહિતી અન્ય સ્ત્રોતમાંથી ચીફ ઓફિસર પાસેથી મળવતા જણાય છે કે સૂચિત વોર્ડ નં. ૭,૫,૧૦,૧૧,૯ તથા ૮એ વોર્ડોમાં પછાતવર્ગની વસ્તી ઉતરતા ક્રમમાં જણાય છે. આમ વોર્ડ નં. ૫ તથા ૬ ગત ચૂંટણીના પરિણામો ધ્યાનમા લઇ તથા વોર્ડ નં. ૭ તથા ૧૦ સ્થાનિક અધિકારીઓના અભિપ્રાયને ધ્યાનમા લઇ પછાતવર્ગ માટે બેઠક ફાળવવામાં પ્રાધાન્ય માંગી લે છે અને તેથી વોર્ડ નં. ૫, ૬, ૭ તથા ૧૦ માં પછાતવર્ગ માટે બેઠક અનામત રાખવાનું પંચ મુનાસીબ માને છે. આ વોર્ડોમાં પછાત વર્ગ માટે બેઠક અનામત રાખવાનું ઠરાવે છે.

૧૯. પછાતવર્ગની ચાર બેઠકો પૈકી એક બેઠક મહિલા માટે અનામત રાખવાની છે. તે માટે પંચે અપનાવલા માપદંડ મુજબ વોર્ડ નં. ૭ પછાતવર્ગ મહિલા માટે બેઠક અનામત રાખવાનું અને વોર્ડ નં. ૫, ૬, અને ૧૦ માં પછાતવર્ગ માટે બેઠક અનામત રાખવાનું પંચ ઠરાવે છે.

૨૦. આ પ્રમાણે અનુસુચિત જાતિ તથા અનુ. આદિજાતિ પછાત વર્ગોની તે પૈકી મહિલા અનામત બેઠક સહિતની ફાળવણી કર્યા પછી મહિલા અનામત બેઠક અને સામાન્ય ઉમેદવારોને બાકી રહેતી બેઠક ફાળવવામાં આવે છે.

INDEX

૨૧. સમગ્રતા તમામ પાસાઓનો અભ્યાસ કરીને નિયમોનાં નિયમ-૩ શહેરોને આ સાથે સંલગ્ન અનુસૂચિ-૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે. અને આ સાથે અનુસુચિ-૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

૨૨. આ પ્રમાણે વોર્ડોનું વિભાજન હદરેખા નકકી કરવાનું અને વોર્ડ ની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

૨૩. ઉપર પ્રમાણે વોર્ડોનું વિભાજન હદરેખા નકકી કરવામાં આવે છે. અને ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે. તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે. અને તે સામે કોઈપણ શખ્સને જાહેર જનતાને સલાહ સુચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૫ દિવસોમાં રાજય ચૂંટણી પંચ, બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળે, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા. મુદત વિત્યે આવેલ સુચનો ધ્યાનમાં લેવામાં આવશે નહી.

૨૪. રાજય ચૂંટણી પંચે નગરપાલિકાના વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો છેવટનો કરતાં પહેલાં લોકપ્રતિનિધિત્વ ધારો-૧૯૫૧ અન્વયે માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરુરી પરામર્શ કરશે.

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજય ચૂંટણી પંચ

તારીખ: ૧૬/૪/૧૯૯૪.

પત્રક-૪

અનુસૂચિ-૧

અંકલેશ્વર નગરપાલિકા જીલ્લો-ભરુચ.

વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડની હદનું વર્ણન
(૧)	પૂર્વ દિશાના દક્ષિણ ખૂણે વાઘેલાવાડથી શરુ કરીને પશ્ચિમ દિશા તરફ જતા નવા-જુના ભાંગવાડથી રામકુંડ મંદિર થઈ કૈલાસનગર સુધી અને ત્યાંથી ઉત્તર દિશા તરફ જતા ગાયત્રીનગર થઈ ત્યાગીનગર સુધી અને ત્યાંથી પૂર્વ દિશા તરફ જતા પુરષોત્તમ બાગ, મોબીનપાર્ક, ખુલ્લા ખેતરો થઈ સર્વ નં. ૭૨૧, ૭૨૦, ૭૧૮ સુધી અને ત્યાંથી દક્ષિણ દિશા તરફ જતા અંબિકાનગર, તુલસીધામ, ગામ તળાવની પાળ થઈ ભરુચી નાકા, પાંજરાપોળથી વાઘેલાવાડ સુધી.
(૨)	પૂર્વ દિશાના દક્ષિણ ખૂણે ફા. પ્લોટને ૧૯ થી શરુ કરીને પશ્ચિમ દિશા તરફ જતા બાલાની ચાલ, ફાંસીફળિયા, ચિમનામૂખણની ચાલ, રંગ અવધુત સુધી અને ત્યાંથી ઉત્તર દિશા તરફ જતા બેચરભાઈ શોપીંગ રંગ ઉપવન, વસંત ટોકીઝ જુની થઈ લાતી આઈસ ફેકટરી, ગામતળાવ સુધી અને ત્યાંથી પૂર્વ દિશા તરફ જતા ખુલ્લા ખેતરો સર્વે નં. ૩૪૨, ૩૪૪, ૩૪૫, ૩૪૬ થી સુરવાડી રોડ, જળકુંડ રોડ, કબ્રસ્તાન થઈ મીરા ઓટોગેરેજ સુધી અને ત્યાંથી દક્ષિણ દિશા તરફ જતા વેરાઈ માતા મંદિરથી ફા. લોટ નં. ૧૯ સુધી.
(૩)	પૂર્વ દિશાના દક્ષિણ ખૂણે તીર્થ સોસાયટીથી શરુ કરીને પશ્ચિમ દિશા તરફ જતા પ્રતિન હોટલ, ગુજરાત કેબલ્સ, હરીઓમ શોપીંગ બાપુનગર થઈ અમરદીપ, જી.ઈ.બી. કોલોની, આદર્શ સોસાયટી, કુસુમ હરવાડી, ઢોરના ડબ્બા સુધી અને ત્યાંથી ઉત્તર દિશા તરફ જતા ગુજરાત હાઉસીંગ બોર્ડ સુધી અને ત્યાંથી પૂર્વ દિશા તરફ જતા હસ્તીતળાવથી અંદાડા રોડથી રે.સ. નં. ૪૧૨ થઈ ગાયત્રીનગરથી ઓ.એન.જી.સી. કોલોની સુધી અને ત્યાંથી દક્ષિણ દિશા તરફ જતા જુબી શોપીંગ, ઈન્દીરાનગર થઈ તીર્થ સોસાયટી સુધી.
(૪)	પૂર્વ દિશાના દક્ષિણ ખૂણે લાયન સર્કલથી શરુ કરીને પશ્ચિમ દિશા તરફ જતા બ્રીજનગર સુધી અને ત્યાંથી ઉત્તર દિશા તરફ જતા હાજી મંજીલ, પંચાયત ઓફીસ, નવીનગરી રોડથી રમણવેરીફંડ સુધી અને ત્યાંથી પૂર્વ દિશા તરફ જતા નોબારીયા સ્કુલ, શીખોના ઝુંપડા, પાણીની ટાંકી, ઓ.એન.જી.સી. સંકુલ સુધી અને ત્યાંથી દક્ષિણ દિશા તરફ જતા રાજપીપળા રોડ, ઈનામઘર, જલારામ.શો મીલ, વાઘરીવાડ થઈ લાયન સર્કલ સુધી.
(૫)	પૂર્વ દિશાના દક્ષિણ ખૂણે પીરામણનાકાથી શરુ કરીને પશ્ચિમ દિશાતરફ જતા ભાટવાડથી પીરામણનાકા રોડ થઈ સી.સ.નં. ૮૭૮૮ ના પશ્ચિમ-દક્ષિણ ખૂણા સુધી અને ત્યાંથી ઉત્તર દિશા તરફ જતા વીશા ફળિયા પૂર્વ થઈ મુલ્લાવાડથી મટન માર્કેટ સુધી. અને ત્યાંથી પૂર્વ દિશા તરફ જતા બજરંગ કાજી ફળિયાથી માર્કેડેશ્વર મંદિર થઈ સ્ટેટ બેન્ક સુધી અને ત્યાંથી દક્ષિણ દિશા તરફ જતા લાતી થઈ પેટ્રોલપંપથી પીરામણનાકા સુધી.

INDEX

વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડની હદનું વર્ણન
(૬)	પૂર્વ દિશાના દક્ષિણ ખૂણે મોચીવાડથી શરુ કરી પશ્ચિમ દિશા તરફ જતા દગાફળિયા થઈ ચોરગલીથી પીંજરાગલી સુધી અને ત્યાંથી ઉત્તર દિશા તરફ જતા સુભાનવાડ (૫) થઈ શાકમાર્કેટથી મ્યુ ડીસ્પેન્સરી થઈ તલાવીયાવાડ સુધી અને ત્યાંથી પૂર્વ દિશા તરફ જતા જ્યોતિ થીયેટર થઈ સેલારવાડ થઈ લક્ષ્મી શો મીલ, મીલન ટોકીઝથી ચૌટાબજાર પોલીસ ગેટથી દક્ષિણ દિશા તરફ મોચીવાડ સુધી.
(૭)	પૂર્વ દિશાના દક્ષિણ ખૂણે સમડી ફળિયાથી શરુ કરીને પશ્ચિમ દિશા તરફ જતાં મેવાડા ફળિયા સુધી અને ત્યાંથી ઉત્તર દિશા તરફ જતા જૈન દેરાસરથી કોટડી ફળિયાથી પાંચહાટડી બજારથી તળાવ જતા રોડ થઈ પારસી અગીયારી સુધી અને ત્યાંથી પૂર્વ દિશાતરફ જતાં લેકવ્યુ પાર્ક બાગ લાયબ્રેરી થઈ નાગરીક બેન્ક સુધી અને ત્યાંથી દક્ષિણ દિશા તરફ જતા પારેખ ફળિયા થઈ ગોરધનનાથ મંદિરથી સમડી ફળિય. સુધી.
(૮)	પૂર્વ દિશાના દક્ષિણ ખૂણે દુધિયાપીર દરગાહથી શરુ કરીને પશ્ચિમ દિશા તરફ જતા કસ્બાતીવાડથી છીતીયા ફળિયા થઈ હનુમાન ફળિયા થઈ ઢેડવાડ વણકરવાસ સુધી અને ત્યાંથી ઉત્તર દિશા તરફ જત. રોહીતવાસ સુધી અને ત્યાંથી પૂર્વ દિશા તરફ જતા ડબીફળિયાથી નારાયણ મંદિર સુધી અને ત્યાંથી દક્ષિણ દિશા તરફ જતા પાઠક ખડકી થઈ લીમડીચોકથી સ્કુલ થઈ દુધીયાપીર દરગવાહ સુધી.
(૯)	પૂર્વ દિશાના દક્ષિણ ખૂણે કાગદીવાડ (પગથીયા) થી શરુ કરીને પશ્ચિમ દિશા તરફ જતા ખુલ્લા ખેતરો સ.નં. ૧૬૯ થઈ શકિતનગરથી સર્વોદયનગર, સપનાનગર, સરસ્વતીનગર સુધી અને ત્યાંથી ઉત્તર દિશા તરફ જતા પોલ્ટ્રી ફાર્મ, જનકવાટીકા થઈ એશીયાડનગર સુધી અને પૂર્વ દિશા તરફ જતાં કબ્રસ્તાન સ.નં. ૨૨૮ થી જમાઈ મહોલ્લા મામલતદાર કચેરી થઈ ભરવાડવાડ થઈ અને ત્યાંથી દક્ષિણ દિશા તરફ જતાં કાગદીવાડ (પગથીયા) સુધી.
(૧૦)	પૂર્વ દિશાના દક્ષિણ ખૂણે સ.નં. ૪ થી શરુ કરીને પશ્ચિમ દિશા તરફ જતા ભાટવાડ ઝૂંપડપટ્ટી આદિવાસી વિસ્તારથી ભાટવાડ રોડથી જુના સુરતીનાકા સુધી અને ત્યાંથી ઉત્તર દિશા તરફ જત. વ્હોરવાડથી અંતરનાથ મંદિર થઈ દેસાઈ ફળિયા સુધી અને ત્યાંથી પૂર્વ દિશા તરફ જતા પીપળા ખડક. થઈ ચોકસીબજાર સુધી અને ત્યાંથી દક્ષિણ દિશા તરફજતા વિશા ફળિયુ, હજામ ખડકી થઈ માળી ખડકી બલવાવાડ રોડ થઈ સ.નં. ૪ સુધી.
(૧૧)	પૂર્વ દિશાના દક્ષિણ ખૂણે ઉકાઈ કોલોનીથી સ.નં. ૫૧૭ થી શરુ કરીને પશ્ચિમ દિશા તરફ જત. સ.નં. ૨૦, ૨૧, ૨૨ થઈ કાગદી તળાવ, ગુજરાત ગેસ કુા. સુધી અને ત્યાંથી ઉત્તર દિશા તરફ જત. મદ્રેસા થઈ ખુલ્લાખેતરો થઈ સ.નં. ૧૬૮, કબ્રસ્તાન થઈ કાગદીવાડ સુધી અને ત્યાંથી પૂર્વ દિશા તરફ જતાં સ.નં. ૩૫ થી ૩૨, ૩૧, ૩૦, ૨૭ થઈ પોલીસલાઈન શહેર વિજય શો મીલ સુધી. અને ત્યાંથી દક્ષિણ દિશા તરફ જતાં જીનવાલા સ્કુલ, કમ્પાઉન્ડ, સર્વે નં. ૧૧ નાની મીશન સ.નં. ૧૪, ૧૫ કેશવ પાર્ક થઈ ચર્ચ ઉકાઈ કોલોની સુધી.

INDEX

વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડની હદનું વર્ણન
(૧૨)	પૂર્વ દિશાના દક્ષિણ ખૂણે રેલ્વે કવાર્ટસથી શરુ કરીને પશ્ચિમ દિશા તરફ જતાં આદિવાસી છાપરી, પ્રેમનગર, ટાંકી ફળિયુ, ગ્રીનપાર્ક સોસાયટીથી સ.નં. ૫૧૬ સુધી અને ત્યાંથી ઉત્તર દિશા તરફ જતા સી.સ.નં. ૩૬૦૪ થઈ સી.સ.નં. ૩૬૦૮ થી માર્કેટીંગ યાર્ડ, સ.નં. ૫૮૧, ૫૫૧ થઈ ઓ.એન.જી.સી. વર્કશોપ સુધી અને ત્યાંથી પૂર્વ દિશા તરફ જતા બ્રોડગેજ રેલ્વેલાઈન સુધી અને ત્યાંથી દક્ષિણ દિશા તરફ જતા હલ્દરીયાની ચાલ, નેરોગેજ લાઈન થઈ રેલ્વે પ્લેટફોર્મથી રેલ્વે કવાર્ટસ સુધી.

તા. ૧૬/૪/૧૯૯૪

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ

અનુસૂચિ - ૨

રાજ્ય ચૂંટણી પંચ ,
ગુજરાત રાજય, ગાંધીનગર

અંકલેશ્વર નગરપાલિકાની કુલ વસ્તી : ૫૧,૭૩૯

કુલ વોર્ડોની સંખ્યા : ૧૨

વોર્ડ દીઠ સરેરાશ વસ્તી : ૪,૩૧૨

સરેરાશ વસ્તી ૧૦ ટકા વધ મુજબ : ૪,૭૪૩

સરેરાશ વસ્તી ૧૦ ટકા ઘટ મુજબ : ૩,૮૮૧

બેઠકોની સંખ્યા : ૩૬

મહિલા બેઠકો : ૧૨

૨ બેઠક અનુસૂચિત આદિજાતિ.

અનુસૂચિત આદિજાતિ મહિલા માટે કોઇ નહિ.

૧ બેઠક પછાતવર્ગની મહિલા સહિતની.

અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા : ૧

અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા : ૬ તે પૈકી ૨ મહિલા માટે.

પછાત વર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા : ૪ તે પૈકી ૧ મહિલા માટે.

કુલ અનામત બેઠકો: ૨૦ સામાન્ય બેઠકો : ૧૬

અ.નં	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી બીન અનામત	બીજી બેઠકની ફાળવણી મહિલા અનામત	ત્રીજી બેઠકની ફાળવણી
૧.	૧	૪૫૫૧	સામાન્ય	સામાન્ય	અનુ.આદિજાતિ.
૨.	૨	૪૫૧૬	સામાન્ય	સામાન્ય	અનુ.આદિજાતિ.
૩.	૩	૪૫૫૩	સામાન્ય	સામાન્ય	સામાન્ય.
૪.	૪	૪૩૬૯	સામાન્ય	સામાન્ય	અનુ.આદિજાતિ.
૫.	૫	૪૫૯૯	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ.
૬.	૬	૪૧૫૦	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ.
૭.	૭	૩૯૪૮	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય.
૮.	૮	૩૯૮૩	સામાન્ય	સામાન્ય	અનુ.જાતિ.
૯.	૯	૪૨૨૧	સામાન્ય	સામાન્ય	અનુ.આદિજાતિ.

INDEX

અ.નં	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી બીન અનામત	બીજી બેઠકની ફાળવણી મહિલા અનામત	ત્રીજી બેઠકની ફાળવણી
૧૦.	૧૦	૪૪૬૮	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ.
૧૧.	૧૧	૪૦૮૭	સામાન્ય	અનુ.આદિજાતિ	સામાન્ય.
૧૨.	૧૨	૪૨૯૪	સામાન્ય	અનુ.આદિજાતિ	સામાન્ય.

તારીખ: ૧૬-૪-૧૯૯૪

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

INDEX

Extra No. 65 REGISTERED NO. G/GNR/2.

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

VOL. XXXV] SATURDAY, APRIL 16, 1994 / CAITRA 26, 1916.

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ

બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ,
સચિવાલય, ગાંધીનગર.

ક્રમાંક : સમક : ૩૧૨૬ : ૯૪

ભરૂચ નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ.

ભારતનાં સંવિધાનના ૭૪માં સુધારાને અનુલક્ષીને ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ- ૧૯૬૩માં રાજ્ય સરકારે ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ ૧૯૯૩ અન્વયે મહત્વનાં સુધારા કરેલાં છે. આ અધિનિયમની કલમ- ૬, પેટા કલમ-૪ અન્વયે નગરપાલિકાની ચૂંટણી, મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી પંચમાં નિહીત થશે, તેવી જોગવાઇ કરેલી છે. અને રાજ્ય ચૂંટણી પંચે કલમ- ૬, પેટા કલમ-૫ અન્વયે રાજ્ય સરકારે કરેલાં નિયમો અનુસાર અધિનિયમની જોગવાઇઓને આધીન રહીને ચૂંટણી કરવી જોઇએ.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ- ૭ પેટા કલમ- ૨ તથા કલમ- ૬ની પેટા કલમ-૩ અન્વયે જાહેરનામા ક્રમાંક : કેવી ૨૮૦-૯૩ એન.પી.બી ૩૦૯૩-૫૬૪૬ (૯) આર, તા.૧૮:૧૨:૯૩ જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તે અન્વયે ભરૂચ શહેરનાં નગરપાલિકાને જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેના સન

INDEX

૧૯૯૧નાં વસ્તી ગણતરીના આખરી આંકડા પ્રસિદ્ધ થયા છે. તેના આધારે ૧૪ વોર્ડોમાં વહેચવામાં આવેલ છે. નગરપાલિકાના કાઉન્સિલરોની કુલ બેઠકો ૪૨ નક્કી કરવામાં આવી છે. જાહેરનામા અન્વયે અનુસૂચિત જાતિ અનુસૂચિત આદિજાતિ તથા પછાતવર્ગ તેમજ મહિલા માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલી છે.

૩. ચૂંટણી પંચે, અધિનિયમની કલમ- ૭, પેટા કલમ- ૨, ખંડ- ૩ પેટા ખંડ: ખ અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડોમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગની તથા મહિલાની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજ્ય સરકારે તેમના જાહેરનામા ક્રમાંક :કેવી:૪૯:૧૯૯૪ એન.પી.એલ ૪૫૯૩ :૩૬૫૫:એમ તા.૧૬-૩-૯૪.અન્વયે અધિનિયમની કલમ- ૨૭૭ની પેટા કલમ- ૨ તથા કલમ- ૬ તથા ૭ અન્વયે વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણીના નિયમો- ૧૯૯૪ જેને હવે પછી નિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે બહાર પાડેલ છે.

૫. નિયમોના નિયમ- ૨ અન્વયે નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે, કે શક્ય હોય ત્યાં સુધી બધાજ વોર્ડોની વસ્તી એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસ્તીથી કોઇ પણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહિ તે પ્રમાણે વોર્ડની રચના કરવાની રહે છે. આમ છતાં ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે, સ્થાનિક એક જુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને તુલનામાં લેતાં ૧૦ ટકા વધુ વધ કે ઘટ કરીને વોર્ડની રચના કરી શકાશે.

૬. પંચે નગરપાલિકાના વોર્ડોનાં સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે તો સને ૧૯૪૮ના સેન્સસ એકટ મુજબ સને ૧૯૯૧ના વસ્તી ગણતરીના છેવટનાં પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં શહેરની કુલ વસ્તી ૧,૩૩,૧૦૨ આવે છે. જાહેરનામા મુજબ શહેરને ૧૪ વોર્ડોમાં વહેચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૯૫૦૭ ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની પંચે તેના કાર્યાલયના અધિકારી/કર્મચારીઓ મારફત ચકાસણી કરાવેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડ નુ સીમાંકન કરવાનું ધાર્યું છે તેમાં વોર્ડ નં ૨ સિવાય કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વસ્તી વધતી નથી. આ વોર્ડમાં શહેરના વોર્ડની સરેરાશ વસ્તીના ૧૦ ટકા વધ ૧૦૪૫૭ કરતાં માત્ર ૫૨ માણસ જ વધુ થાય છે. સ્થાનિક વિસ્તારની એક જૂથતા તથા મુખ્ય રસ્તાની હદ જળવાઇ રહે તે હેતુથી તેમજ ફક્ત એક જ બ્લોકના મતદારો બીજા વોર્ડમાં જતા હોવાને કારણે નિયમ ધોરણ કરતાં વસ્તી વધવા પામેલ છે.

૮. શહેરનાં ૧૪ વોર્ડોને નિયમ- ૩ની જોગવાઇઓને ધ્યાનમાં લઈ આ સાથે અનુસૂચિ ૧માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે.આ સીમાંકન નક્કી કરવામાં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજૂથતા, નદી, રેલ્વેલાઈન, રોડલાઈન વગેરે કારણે બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને એકસરખા વોર્ડ-૧૪ બની રહે તે મુદ્દો વિચારણામા લઈ વોર્ડોનું સીમાંકન નક્કી કરેલું છે.

૯. નિયમોના નિયમ- ૪ અન્વયે દરેક વોર્ડમાં ત્રણ કાઉન્સિલર ચૂંટવાના છે.નિયમ- ૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક બિનઅનામત એટલેકે સામાન્ય બેઠક બની રહેશે. જ્યારે બીજી બેઠક મહિલા (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની મહિલા સહિત) માટે અનામત રાખવાની છે. જ્યારે ત્રીજી બેઠક જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગને ફાળવવાની રહેશે. અને તેવી ફાવવણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો તે બિનઅનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે.

૧૦. નિયમોના નિયમ- ૬ અન્વયે અનુસુચિત જાતિ, અનુસૂચિત આદિજાતિની દરેક વોર્ડની વસ્તીની ટકાવારીનાં ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તી સંખ્યા વધુ હોય એટલે કે, ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, મહિલા બેઠક સહીતની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ વસ્તી હોય એટલે કે ટકાવારી ઉચી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારીત કરેલ છે,

INDEX

૧૧. જાહેરનામા અન્વયે શહેર માટે ૩ બેઠકો અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે અને ૩ બેઠકો પૈકી ૧ બેઠક અનુસૂચિત જાતિની મહિલા માટે અનામત રાખવાનું નિર્ધારીત કર્યું છે.

૧૨. પંચે એકઠી કરેલી માહિતી મુજબ શહેરનાં જુદા જુદા ૧૨ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા કમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	અનુ.જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ.જાતિની વસ્તીની ટકાવારી
૧.	૮	૧૦૩૨૪	૨૭૯૬	૨૭
૨.	૬	૯૧૫૩	૧૧૪૫	૧૨.૫
૩.	૧	૯૧૫૩	૧૨૦૮	૧૨.૩
૪.	૧૨	૮૭૩૭	૮૮૯	૧૦.૨
૫.	૪	૯૩૧૯	૯૦૭	૯.૭
૬.	૫	૯૫૫૯	૭૨૩	૭.૬
૭.	૯	૯૮૪૬	૬૪૧	૬.૫
૮.	૩	૯૦૯૯	૫૫૬	૬.૧
૯.	૭	૮૯૩૩	૫૦૦	૫.૬
૧૦.	૧૪.	૯૯૧૬	૪૭૯	૪.૮
૧૧.	૧૧	૧૦૦૧૧	૨૩૮	૨.૪
૧૨.	૨	૧૦૫૦૯	૨૨૨	૨.૧
૧૩.	૧૦	૯૦૬૪	૦૯૬	૧.૦
૧૪.	૧૩	૮૭૯૯	૦૩૯	૦.૪

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના કમ મુજબ વોર્ડ નં. ૮ ૬ તથા ૧ માં અનુસૂચિત જાતિની બેઠક નિયમોના નિયમ- ૬ (અ) હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે. અનેતે મુજબ ફાળવવામાં આવે છે.

૧૪. અનુસૂચિત જાતિના મહિલા અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ જે વોર્ડોમાં આ વર્ગ માટે બેઠક ફાળવાઈ હોય તે વોર્ડની ટકાવારીના ઉતરતા કમમાં પ્રથમ આવતા દર ત્રણ વોર્ડના જુથ પૈકી ત્રીજી વોર્ડમાં મહિલા બેઠક ફાળવવી તેમ પંચ માને છે. પરંતુ આ મુજબ ફાળવણી કરતાં પણ નિયમો અન્વયે દરેક વોર્ડમાં એક મહિલા, એક સામાન્ય બેઠક ફાળવવાની જોગવાઈ છે. તેનું ખંડન ન થાય તેની તકેદારી રાખવાની રહે છે.

૧૫. અનુસુચિત જાતિની બેઠક વોર્ડ નં. ૮,૩ તથા ૧ માં નિયમોના નિયમ ૬:અઃ અન્વયે ફાળવવામાં આવે છે. તે પૈકી મહિલા માટે બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

INDEX

વોર્ડ નંબર

૮ અનુસૂચિત જાતિ

૬ અનુસૂચિત જાતિ

૧ અનુસૂચિત મહિલા

૧૬. જાહેરનામા અન્વયે શહેર માટે ૫ બેઠકો અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે અને ૫ બેઠકો પૈકી ૨ બેઠક અનુસૂચિત આદિજાતિની મહિલા માટે અનામત રાખવાનું નિર્ધારીત કર્યું છે.

પંચે એકઠી કરેલી માહિતી મુજબ શહેરના જદા જુદા ૧૪ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત આદિજાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	અનુ.આદિજાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સાથે અનુ. આદિજાતિની વસ્તીની ટકાવારી
૧.	૧	૯૮૩૩	૩૦૯૩	૩૧.૪
૨.	૧૦	૯૦૬૪	૧૮૦૪	૧૯.૯
૩.	૮	૧૦૩૨૪	૧૬૯૩	૧૬.૪
૪.	૫	૯૫૫૯	૧૩૮૦	૧૪.૪
૫.	૧૪	૯૯૧૬	૧૨૮૬	૧૩.૦
૬.	૨	૧૦૫૦૯	૧૦૪૧	૯.૯
૭.	૬	૯૧૫૩	૮૬૨	૯.૪
૮.	૩	૯૦૯૯	૭૩૪	૮.૦
૯.	૭	૮૯૩૩	૬૬૭	૭.૫
૧૦.	૯	૯૮૪૬	૫૭૨	૫.૮
૧૧.	૧૨	૮૭૩૭	૪૬૯	૫.૪
૧૨.	૧૧	૧૦૦૧૧	૪૭૦	૪.૭
૧૩.	૪	૯૩૧૯	૨૯૮	૩.૨
૧૪.	૧૩	૮૭૯૯	૧૯૭	૨.૨

આમ, અનુસૂચિત આદિજાતિની વસ્તીની ઊંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં. ૧,૧૦,૮,૫ તથા ૧૪માં અનુ. આદિજાતિની બેઠક નિયમોના નિયમ- ૬ હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે અને તે મુજબ ફાળવવામાં આવે છે.

અનુ. આદિજાતિના મહિલા અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસ્તીની ઉતરતા ક્રમમાં ટકાવારી જોતાં પ્રથમ આવતા દર ત્રણ વોર્ડના જૂથ પૈકી ત્રીજા ક્રમે આવતા વોર્ડમાં મહિલા બેઠક ફાળવવી તેમ પંચ માને છે. પરંતુ આ મુજબ ફાળવણી કરતાં પણ નિયમો અન્વયે વોર્ડમાં એક મહિલા, એક સામાન્ય બેઠક ફાળવવાની જોગવાઇ છે તેનું ખંડન ન થાય તેની તકેદારી રાખવાની રહે છે.

INDEX

અનુ. આદિજાતીની બેઠક વોર્ડનં. ૧, ૧૦, ૮, ૫ તથા ૧૪ માં નિયમોના નિયમ-૬ અન્વયે ફાળવવામાં આવે છે. તે પૈકી આ વર્ગની મહિલા માટે બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

વોર્ડ નંબર	અનુસૂચિત આદિજાતિ
૧	અનુસૂચિત આદિજાતિ
૧૦	અનુસૂચિત આદિજાતિ
૮	અનુસૂચિત આદિજાતિ મહિલા
૫	અનુસૂચિત આદિજાતિ
૧૪	અનુસૂચિત આદિજાતિ મહિલા.

૧૭. જાહેરનામા ક્રમાંક : ખંડ ગ : સી મુજબ ચાર બેઠકો પછાતવર્ગો માટે ફાળવેલ છે. તે પૈકી એક બેઠક આ વર્ગની મહિલા માટે અનામત રખાઇ છે.

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો- ૧૯૯૪નાં નિયમ-૬ બી હેઠળ રાજય ચૂંટણી પંચે પછાત વર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. જેના મહત્વનાં પ્રબંધ નીચે પ્રમાણે છે.

(૧) માન્ય રાજકીય પક્ષો તરફથી મળેલ માહિતીનાં અભ્યાસ પરથી જે શહેરનાં જે વોર્ડોમાં પછાતવર્ગની વસ્તીના ધોરણને અનુલક્ષીને જે સર્વ સામાન્ય વોર્ડો હોય તે તે વોર્ડમાં પછાતવર્ગ માટે અનામત બેઠક ફાળવવાની રહેશે.

(૨) મ્યુનિસિપલ ચીફ ઓફીસર તરફથી છેલ્લી ચૂંટણીમાં જે વોર્ડમાંથી પછાતવર્ગનાં ઉમેદવારો ચૂંટાઈને કોર્પોરેટર તરીકે પદધારણા કરતાં હતા તે વોર્ડમાં ઉપર અનુક્રમ નં. ૧ માં જણાવેલ વોર્ડોમાં બેઠક ફાળવ્યા પછી નિયત સંખ્યા સુધીમાં ફાળવવાની રહેશે.

આથી સ્પષ્ટતા કરવાની કે, જુના વોર્ડોનું સીમાંકન અને નવા વોર્ડોના સીમાંકનમાં ફેરફાર હોય તો જુના વોર્ડોનો મોટા ભાગનો જે વિસ્તાર જે જે નવા વોર્ડનાં સીમાંકનમાં સમાવિષ્ટ થતો હોય તેવા નવા વોર્ડમાં પછાતવર્ગની બેઠક ફાળવવાની રહેશે.

(૩) પછાત વર્ગ માટે અનામત રાખેલી કુલ બેઠકો પૈકી ૧:૩ બેઠકો મહિલા માટે જાહેરનામા અન્વયે રખાઈ છે. આમ ત્રણ બેઠકો પૈકી એક બેઠક મહિલા માટે અનામત રાખવામાં આવી છે. આમ મહિલાનું પ્રમાણ ૧:૩ રહે છે. તેથી તાર્કીક રીતે વિચારતા દર ત્રણ બેઠકો પૈકી ત્રીજી બેઠક મહિલા માટે ફાળવવી તેમ પંચ સ્વીકારે છે.

(૪) પરંતુ જો આ રીતે જે વોર્ડમાં પછાત વર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિ માટે મહિલા બેઠક ફાળવી હોય તો તે વોર્ડને બદલે તે પછી અનુક્રમે જે વોર્ડ આવે તે વોર્ડમાં પછાતવર્ગની મહિલા બેઠક ફાળવવી.

માન્ય રાજકીય પક્ષોને પંચ તરફથી નગરપાલિકાઓના કયા વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવી તે અંગે સુચનો મોકલવા આ કાર્યાલય તરફથી વિનંતી કરવામાં આવેલ. પરંતુ કોઈ માન્ય રાજકીય પક્ષ તરફથી હજુસુધી સૂચનો કરવામાં આવ્યા નથી.

પંચે અપનાવેલ માપદંડ મુજબ ચીફ ઓફીસર પાસેથી ગત ચૂંટણીમાં પછાતવર્ગનાં કાઉન્સિલરો જુના કયા વોર્ડમાંથી ચૂંટાયા હતા, તે સમગ્ર વોર્ડોનો કે તે વોર્ડનો મોટા ભાગનો વિસ્તાર નવા કયા વોર્ડમાં સમાવિષ્ટ થાય છે તેની માહિતી મેળવવામાં આવી છે તે ચકાસતા નીચે મુજબ હકીકત જણાય

INDEX

જુનો વોર્ડનં.	વોર્ડની કુલ બેઠકો	બક્ષીપંચના ચૂંટાયેલા સભ્યની સંખ્યા	સૂચિત નવો વોર્ડ
૭	૫	૨	૧૦
૧૦	૪	૧	૧૩
૧૧	૧	૧	૭

આમ વોર્ડ નં. ૭, ૧૦, ૧૩માં પરિણામ આધારે પછાતવર્ગ માટે બેઠક અનામત રાખવાનું પંચ મુનાસીબ સમજે છે અને તે મુજબ અનામત રાખવા ઠરાવે છે.

શહેરની નગરપાલિકાની રચના માટે બેઠકો પછાતવર્ગ માટે અનામત રાખવાનું નિર્ધારીત થયું છે. પરિણામે આધારે ત્રણ વોર્ડ પછાતવર્ગ માટે અનામત રાખવાનું ઉપર જણાવ્યા પ્રમાણે નક્કી કર્યું છે. ચોથી બેઠક કયા વોર્ડમાં ફાળવવી તે અંગે ચીફ ઓફિસરશ્રી પાસેથી સ્થાનિક અધિકારી તરીકે માપદંડ મુજબ અભિપ્રાય મેળવ્યુ છે જે મુજબ પછાતવર્ગની વધુ વસ્તી ધરાવતા વોર્ડો ઉતરતા ક્રમમાં નીચે પ્રમાણે છે. ૧૦, ૧૪, ૬, ૭, ૮, ૯ નંબરના વોર્ડો છે. આ ક્રમમાં પ્રથમ વોર્ડ નં. ૧૦ આવે છે જે પરિણામે આધારે પણ પછાતવર્ગ માટે અનામત રખાયા છે તેથી ત્યારપછીના ક્રમે આવતા વોર્ડ નં. ૧૪ પછાતવર્ગ માટે અનામત રાખવાનું પંચ મુનાસીબ માને છે. આમ સમગ્રરીતે વોર્ડ નં. ૭, ૧૦, ૧૩ અને ૧૪ પછાત વર્ગ માટે અનામત રાખવા ઠરાવવામાં આવે છે. માપદંડ મુજબ વોર્ડ નં. ૧૦માં પછાતવર્ગ માટે ત્રીજી બેઠક ફાળવવાની થાય છે. પરંતુ માપદંડ મુજબ વોર્ડ નં. ૧૦ ની ત્રીજી બેઠક અનુ. આદિજાતિની માટે અનામત રખાતી હોઈ વોર્ડ નં. ૧૦ માં પછાતવર્ગ ત્રીજી બેઠક બદલે બીજી બેઠક મહિલા પછાત વર્ગ ફાળવવાનું પંચ ઠરાવે છે.

૨૦. આ પ્રમાણે અનુસુચિત જાતિ તથા અનુ. આદિજાતિ પછાતવર્ગની મહિલા અનામત બેઠકની તે પૈકી સહિતની ફાળવણી કર્યા પછી મહિલા અનામત બેઠકની ફાળવણી કર્યા પછી અને સામાન્ય ઉમેદવારોને બાકી રહેતી બેઠક ફાળવવામાં આવે છે.

૨૧. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને નિયમોનાં નિયમ-૩ અન્વયે શહેરોને આ સાથે સંલગ્ન અનુસૂચિ-૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે. અને આ સાથે અનુસુચિ-૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

૨૨. આ પ્રમાણે વોર્ડોનું વિભાજન અને હદરેખા નકકી કરવાનું અને વોર્ડ ની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

૨૩. ઉપર પ્રમાણે વોર્ડોની હદરેખા નકકી કરવામાં આવે છે. અને ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે. તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે. અને તે સામે કોઈપણ શખ્સને જાહેર જનતાને સલાહ સુચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૫ દિવસોમાં રાજય ચૂંટણી પંચ બ્લોક નં. ૯, દ્વઠ્ઠો માળે, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા. મુદત વિત્યે આવેલ સુચનો ધ્યાનમાં લેવામાં આવશે નહી.

૨૪. રાજય ચૂંટણી પંચે નગરપાલિકાના વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો છેવટનો કરતાં પહેલાં લોકપ્રતિનિધિત્વ ધારો ૧૯૫૧ અન્વયે માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરુરી પરામર્શ કરશે.

તારીખઃ ૧૬/૪/૧૯૯૪.

યો. જે. દીક્ષિત,
સચિવ,
૧૧. જાહેરનામા અન્વયે શહેર માટે ૨ બેઠકો અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે અને ૨ બેઠકો પૈકી ૧ બેઠક અનુસૂચિત જાતિની મહિલા માટે અનામત રાખવાનું નિર્ધારિત કર્યું છે.

INDEX

૧૨. પંચે એકઠી કરેલી માહિતી મુજબ શહેરનાં જુદા જુદા વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	અનુ.જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ.જાતિની વસ્તીની ટકાવારી
૧.	૯	૪૨૭૬	૧૩૮૭	૩૨.૪૪%
૨.	૧૧	૩૯૮૮	૫૬૯	૧૪.૨૬%
૩.	૧	૪૭૦૯	૫૩૭	૧૧.૪૦%
૪.	૭	૪૦૬૮	૨૯૧	૭.૧૫%
૫.	૩	૪૪૦૨	૨૮૧	૬.૨૮%
૬.	૧૨	૪૦૧૯	૧૨૪	૩.૦૮ %
૭.	૧૦	૪૪૩૯	૫૫	૧.૨૪ %
૮.	૮	૪૧૮૪	૪૭	૧.૧૨ %
૯.	૪	૪૪૧૮	૪૩	૦.૯૭%
૧૦.	૫	૪૪૮૨	૩૬	૦.૮૦%
૧૧.	૨	૪૧૪૪	૧૬	૦.૩૯%
૧૨.	૬	૪૩૩૨	-	-

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં. ૯ તથા ૧૧માં અનુસૂચિત જાતિની બેઠક નિયમોના નિયમ- ૬ (અ) હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે. અનેતે મુજબ ફાળવવામાં આવે છે.

૧૪: અનુસૂચિત જાતિના પુરુષ તથા મહિલા અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસ્તીના ઉતરતા ક્રમે ટકાવારી મુજબ ત્રણ વોર્ડના જુથ પૈકી ત્રણ વોર્ડમાં ત્રીજા વોર્ડમાં મહિલા બેઠક ફાળવવી તેમ પંચ માને છે. પરંતુ જાહેરનામા અન્વયે હિંમતનગર નગરપાલિકામાં બે બેઠકો અનુસૂચિત જાતિ માટે અનામત નિર્ધારીત થયેલ છે અને તે પૈકી એક બેઠક આ વર્ગની મહિલા માટે અનામત નિર્ધારીત થયેલ છે, તેથી ટકાવારીના ક્રમમાં બીજા નંબરે આવતા વોર્ડમાં મહિલા બેઠક ફાળવવા પુરતો ચૂંટણી પંચ માપદંડમાં ફેરફાર કરે છે. આ મુજબ ફાળવણી કરતાં પણ નિયમો અન્વયે દરેક વોર્ડમાં એક મહિલા, એક સામાન્ય બેઠક ફાળવવાની જોગવાઇ છે તેનું ખંડન ન થાય તેની તકેદારી રાખવાની રહે છે.

૧૫. અનુસુચિત જાતિની બેઠક વોર્ડ નં. ૯ તથા ૧૧ માં નિયમોના નિયમ ૬:અઃ અન્વયે ફાળવવામાં આવે છે.તે પૈકી મહિલા માટે બેઠકની વહેચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

વોર્ડ નંબર	બેઠક
૯	અનુસૂચિત જાતિ
૧૧	અનુસૂચિત જાતિ મહિલા

૧૬. જાહેરનામા અન્વયે અનુસૂચિત આદિજાતિ માટે એક બેઠક અનામત નિર્ધારીત થયેલ છે. અનુસૂચિત આદિજાતિના મહિલા માટે કોઇ બેઠક અનામત રાખવાનું નિર્ધારિત થયેલ નથી.

પંચે એકઠી માહિતી મુજબ શહેરના જદા જુદા ૧૨ વોર્ડોની વસ્તી તથા દરેકની અનુસૂચિત આદિજાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	અનુ.આદિજાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સાથે અનુ. આદિજાતિની વસ્તીની ટકાવારી
૧.	૩	૪૪૦૨	૨૩૪	૫.૩૨%
૨.	૭	૪૦૬૮	૧૯૫	૪.૭૯%
૩.	૧૧	૩૯૮૮	૧૩૫	૩.૩૮%
૪.	૧	૪૭૦૯	૧૩૧	૨.૭૮ %
૫.	૧૦	૪૪૩૯	૯૨	૨.૦૭ %
૬.	૧૨	૪૦૧૯	૮૩	૨.૦૬%
૭.	૮	૪૧૮૪	૮૪	૨.૦૦%
૮.	૫	૪૪૮૨	૮૯	૧.૯૮%
૯.	૪	૪૪૧૮	૭૬	૧.૭૨%
૧૦.	૯	૪૨૭૬	૬૯	૧.૬૧%
૧૧.	૨	૪૧૪૪	૪૮	૧.૧૬%
૧૨.	૬	૪૩૩૨	-	-

આમ, અનુસુચિત આદિજાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં. ૩ માં અનુ. આદિજાતિની બેઠક નિયમોના નિયમ- ૬ :અ: હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે અને તે મુજબ ફાળવવામાં આવે છે.

અનસૂચિત આદિજાતિની બેઠક વોર્ડ નંબર ૩ માં નિયમોના નિયમ-૬ : (અ) અન્વયે ફાળવવામાં આવે છે. માટે બેઠકની વહેચણી આ વાર્ડ માટે નીચે મુજબ કરવામાં આવે છે.

વોર્ડ નંબર	બેઠક
૩	અનુસૂચિત આદિજાતિ

૧૭. જાહેરનામા ક્રમાંક : ખંડ ગ : (સી) મુજબ ૪ બેઠકો પછાતવર્ગો માટે ફાળવેલ છે. તે પૈકી એક બેઠક આ વર્ગની મહિલા માટે અનામત રખાઇ છે.

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો- ૧૯૯૪નાં નિયમ-૬ બી હેઠળ રાજ્ય ચૂંટણી પંચે પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. જેના મહત્વનાં પ્રબંધ નીચે પ્રમાણે છે :-

INDEX

(૧) માન્ય રાજકીય પક્ષો તરફથી મળેલ માહિતીનાં અભ્યાસ પરથી જે શહેરનાં જે જે વોર્ડોમાં પછાતવર્ગની વસ્તીનાં ધોરણને અનુલક્ષીને જે સર્વ સામાન્ય વોર્ડો હોય તે તે વોર્ડોમાં પછાતવર્ગ માટે અનામત બેઠક ફાળવવાની રહેશે.

(૨) મ્યુનિસિપલ ચીફ ઓફીસર તરફથી છેલ્લી ચૂંટણીમાં જે વોર્ડમાંથી પછાતવર્ગનાં ઉમેદવારો ચૂંટાઈને કોર્પોરેટર તરીકે પદધારણા કરતાં હતા તે વોર્ડમાં ઉપર અનુક્રમ નં. ૧ માં જણાવેલ વોર્ડોમાં બેઠક ફાળવ્યા પછી નિયત સંખ્યા સુધીમાં ફાળવવાની રહેશે.

આથી સ્પષ્ટતા કરવાની કે, જુના વોર્ડોનું સીમાંકન અને નવા વોર્ડોના સીમાંકનમાં ફેરફાર હોય તો જુના વોર્ડોનો મોટા ભાગનો જે વિસ્તાર જે જે નવા વોર્ડનાં સીમાંકનમાં સમાવિષ્ટ થતો હોય તેવા નવા વોર્ડમાં પછાતવર્ગની બેઠક ફાળવવાની રહેશે.

(૩) પછાત વર્ગ માટે અનામત રાખેલી કુલ બેઠકો પૈકી ૧:૩ બેઠકો મહિલા માટે જાહેરનામા અન્વયે અનામત રખાઈ છે. આમ ત્રણ બેઠકો પૈકી એક બેઠક મહિલા માટે અનામત રાખવામાં આવી છે. આ મહિલાનું પ્રમાણ ૧:૩ રહે છે. તેથી તાર્કીક રીતે વિચારતા દર ત્રણ બેઠકો પૈકી ત્રીજી બેઠક મહિલા માટે ફાળવવી તેમ પંચ સ્વીકારે છે.

(૪) પરંતુ જો આ રીતે વોર્ડમાં પછાત વર્ગ માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ અથવા અનુ. આદિજાતિ માટે મહિલા બેઠક ફાળવી હોય તો તે વોર્ડને બદલે તે પછી અનુક્રમે જે વોર્ડ આવે તે વોર્ડમાં પછાતવર્ગની મહિલા બેઠક ફાળવવી.

માન્ય રાજકીય પક્ષોને પંચ તરફથી નગરપાલિકાઓના કયા વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવી તે અંગે સૂચનો મોકલવા આ કાર્યાલય તરફથી વિનંતી કરવામાં આવેલ. પરંતુ કોઈ માન્ય રાજકીય પક્ષ તરફથી હજુ સુધી સૂચનો કરવામાં આવ્યા નથી.

પંચે અપનાવેલા માપદંડ મુજબ ચીફ ઓફીસર પાસેથી ગત ચૂંટણીમાં પછાતવર્ગનાં કાઉન્સિલરો જુના કયા વોર્ડમાંથી ચૂંટાયા હતા, અને તે સમગ્ર વોર્ડોનો કે તે વોર્ડોના મોટા ભાગના વિસ્તાર નવા કયા વોર્ડમાં સમાવિષ્ટ થાય છે તેની માહિતી મેળવવામાં આવી છે. તે માહિતી ચકાસતા જુના વોર્ડ નં.બર : ૨,૫,૬,૭, તથા ૮ માંથી પછાત વર્ગના કાઉન્સીલરો ચૂંટાયા હતા.. આ જુના વોર્ડના વિસ્તારો નીચે જણાવ્યા પ્રમાણે નવા સૂચિત વોર્ડમાં સમાવેશ થયો છે.

	જુનો વોર્ડ	તેમાંથી ચૂંટાયેલા પછાત વર્ગના સભ્યો	નવો સૂચિત વોર્ડ
જુના વોર્ડ નં.	૨	૩	૬
"	૫	૧	૮
"	૬	૧	૩
"	૭	૧	૧૧
"	૮	૧	૧૨

આમ માપદંડ મુજબ નિર્ધારિત સંખ્યા સુધીમાં વોર્ડનં. ૩,૬,૮ તથા ૧૧માં પછાત વર્ગ માટે બેઠક અનામત રાખવી તેમ પંચ મુનાસીબ સમજે છે અને તેથી વોર્ડ નં. ૩,૬,૮ તથા ૧૧મા પછાત વર્ગ માટે બેઠક ફાળવવાનું પંચ ઠરાવે છે.

માપદંડ મુજબ વોર્ડ નં. ૩માં ત્રીજી બેઠક ફાળવવાનું બાકી. પરંતુ વોર્ડ નં. ૩માં ત્રીજી બેઠક અનુસૂચિત જાતિ માટે પણ ફાળવવાની રહે છે અને તેથી વોર્ડ નં. ૩માં પછાત વર્ગની ત્રીજી બેઠક બદલે બીજી મહિલા બેઠક ફાળવવાનું પંચ ઠરાવે છે અને પરિણામે વોર્ડ નં. ૮માં બીજી બેઠક મહિલા બેઠક ને બદલે ત્રીજી બેઠક ફાળવવાનું પંચ ઠરાવે છે.

INDEX

૧૯. આ પ્રમાણે અનુસૂચિત જાતિ અનુ. આદિજાતિ તથા પછાત વર્ગોની મહિલા અનામત બેઠકની ફાળવણી કર્યા પછી મહિલા અનામત બેઠક અને સામાન્ય ઉમેદવારને બાકી રહેતી બેઠક ફાળવવામાં આવે છે.

૨૦. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને નિયમોનાં નિયમ-૩ શહેરોને આ સાથે સંલગ્ન અનુસૂચિ-૧માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારિત કરવામાં આવે છે. અને આ સાથે અનુસૂચિ-૨માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારિત કરવામાં આવે છે.

૨૧. આ પ્રમાણે વોર્ડોનું વિભાજન અને હદરેખા નકકી કરવાનું અને વોર્ડની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે.

૨૨. ઉપર પ્રમાણે વોર્ડોની હદરેખા નકકી કરવામાં આવે છે. અને ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે. તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે. અને તે સામે કોઈપણ શખ્સને જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૫ દિવસમાં રાજય ચૂંટણી પંચ બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળે, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા. મુદત વિત્યે આવેલ સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહી.

૨૩. રાજય ચૂંટણી પંચે નગરપાલિકા વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો છેવટના કરતાં પહેલાં લોકપ્રતિનિધિત્વ ધારો-૧૯૫૧ અન્વયે માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરુરી પરામર્શ કરશે.

તારીખઃ ૧૬/૪/૧૯૯૪.

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ.

અનુસૂચિ - ૨

રાજ્ય ચૂંટણી પંચ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

હિંમતનગર નગરપાલિકાની કુલ વસ્તી : ૫૧,૪૬૧

કુલ વોર્ડોની સંખ્યા : ૧૨ સરેરાશ વસ્તી ૧૦ ટકા વધ મુજબ : ૪,૭૧૭

વોર્ડ દીઠ સરેરાશ વસ્તી : ૪,૨૮૮ સરેરાશ વસ્તી ૧૦ ટકા ઘટ મુજબ : ૩,૮૫૯

બેઠકોની સંખ્યા : ૩૬ ૧ બેઠક અનુસૂચિત જાતી.

મહિલા બેઠકો : ૧૨ અનુસૂચિત આદિજાતિ માટે કોઈ નહી.

૧ બેઠક પછાત વર્ગની મહિલા સહિતની.

અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા : ૨ તે પૈકી ૧ મહિલા માટે.

અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા : ૧

પછાત વર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા : ૪ તે પૈકી ૧ મહિલા માટે.

કુલ અનામત બેઠકોની સંખ્યા: ૧૭

સામાન્ય બેઠક : ૧૯

અ.નં	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી બીન અનામત	બીજી બેઠકની ફાળવણી મહિલા અનામત	ત્રીજી બેઠકની ફાળવણી
૧.	૧	૪૭૦૯	સામાન્ય	સામાન્ય	સામાન્ય.
૨.	૨	૪૧૪૪	સામાન્ય	સામાન્ય	સામાન્ય.
૩.	૩	૪૪૦૨	સામાન્ય	પછાતવર્ગ	અનુ.આદિજાતિ.
૪.	૪	૪૪૧૮	સામાન્ય	સામાન્ય	સામાન્ય.
૫.	૫	૪૪૮૨	સામાન્ય	સામાન્ય	સામાન્ય.
૬.	૬	૪૩૩૨	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ.
૭.	૭	૪૦૬૮	સામાન્ય	સામાન્ય	સામાન્ય.
૮.	૮	૪૧૮૪	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ.
૯.	૯	૪૨૭૬	સામાન્ય	સામાન્ય	અનુ.જાતિ.
૧૦.	૧૦	૪૪૩૯	સામાન્ય	સામાન્ય	સામાન્ય.
૧૧.	૧૧	૩૯૮૮	સામાન્ય	[illegible]	પછાતવર્ગ.
૧૨	૧૨	[illegible]	સામાન્ય	સામાન્ય	[illegible]

તારીખ: ૧૬-૪-૧૯૯૪

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ.

INDEX

અનુસૂચિ-૧

પત્રક-૪

હિંમતનગર નગરપાલિકા જિ. સાબરકાંઠા

વોર્ડમાં હદનું વર્ણનઃ-

વોર્ડ નંબર ૧.

ઉત્તરે નાકા નંબર પથી શરુ કરી ઉત્તર-પશ્ચિમ તરફ કબ્રસ્તાન આવેલ છે. ઉત્તર-પશ્ચિમ તરફ રાજા જોષી ગોપાલદાસજીની વાડી વિસ્તાર છે. ઉત્તર-પિશ્ચમ નાકા નં. ૪ આવેલ છે. ઉત્તર-પશ્ચિમ તરફ ઘોડાફોર્મ આવેલ છે. ઉત્તર-પશ્ચિમ તરફ સર્વે નં.૨૮૧ તથા ૨૫૧ આવેલ છે. પશ્ચિમ-દક્ષિણ સ.નં. ૨૮૦/૨પશ્ચિમ દક્ષિણ તરફ હાથમતી નદી આવેલ છે. પશ્ચિમ થી ઉત્તર તરફ સરકારી ક્વાટર્સ આવેલ છે. ત્યાંથી દક્ષિણ પૂર્વ તરફ હનુમાનજી મંદીર, દરગાહ કેનાલ ગેટ થઈ ઉત્તર તરફ ધોળો આવેલ છે. ત્યાંથી પૂર્વ-ઉત્તર તરફ નાકા નંબર-૫ આવેલ છે.

વોર્ડ નંબરઃ- ૨.

ઉત્તર-પશ્ચિમ તરફથી શરુ કરી ઉત્તર-પશ્ચિમ દક્ષિણે કેનાલ ગેટથી આગળ સર્વે નં. ૧૦૯ થી ૧૧૭, શ્યામ સોસા. થી જૈન મંદીર થી પશ્ચિમ દક્ષિણ દીન દયાલનું સ્ટેચ્યું દક્ષિણ પૂર્વ ન્યૂ ઇંગ્લીશ સ્કુલ, દક્ષિણ પૂર્વ ખુણે કૈલાદેવી પાર્ક, શ્રી નગર સોસાયટી નાકા નં. ૭, ગોકુલનગર પૂર્વ-ઉત્તર ખુણે ગંગોત્રી સોસાયટી આવેલી છે. ત્યારબાદ સર્વ નં. ૧૧૩ કે જે ખૂણે ઉત્તર-પશ્ચિમ ખુણા સુધી આવેલ છે.

વોર્ડ નંબરઃ- ૩.

ઉત્તર-પૂર્વ ખુણે સિંચાઇ બંગલાથી ઉત્તર પશ્ચિમ તરફ સલાટવાસ, પશ્ચિમથી દક્ષિણ તરફ રેલ્વે ટ્રેકથી. રેલ્વે સ્ટેશન સુધી. ત્યાંથી પશ્ચિમ પૂર્વ ખુણે દુર્ગા ઓઇલ મીલ- પૂર્વ દક્ષિણ ખુણે પ.વ.ડી. ક્વાટર્સની શરુ કરી કબ્રસ્તાન કેનાલ કચેરીથી મહાકાલી મંદીરથી પોલીસ લાઇન મહાવીરનગર ચાર રસ્તા-પશ્ચિમ પૂર્વ ખુણે કેનાલ શરુ કરી કેનાલ સિંચાઇ બંગલો આવેલ છે.

વોર્ડ નંબરઃ- ૪.

ઉત્તર પૂર્વ ખુણે અંબર સીનેમા થઇ દરગાહ થઇ વણજારા વાસ પાસે હાથમતીના કિનારે ઉત્તર પશ્ચિમ છેડે કતલખાના થઇ હાથમતી કિનારો પશ્ચિમ દક્ષિણ ખુણે હિંમત પેલેસ થઇ પેલેસનો સમગ્ર વિસ્તાર થઇ જીવન વીમા-કચેરી હનુમાનજી મંદીર દક્ષિણે ગીરીશભાઇ ભાવસારનું મકાન આવેલ છે. દક્ષિણ પૂર્વ ખુણે માયઓન હાઇસ્કુલ દક્ષિણ ઉત્તર તરફ કેશર વિલાસથી અંબર સીનેમા આવેલ છે.

વોર્ડ નંબરઃ- ૫.

ઉત્તર-પૂર્વ ખુણે આસીયાના સોસાયટીથી ઉત્તર તરફ બાંધકામ ખુલ્લા પ્લોટો થઇ આગળ પશ્ચિમે કલબનું મકાન આવેલ છે. ઉત્તર પશ્ચિમ ખુણે ડૉ. પી. આર. પટેલનું દવાખાનું આવલે છે. ઉત્તર પશ્ચિમે પોલીસ હેડ ક્વાટર્સ થઇ ચાંદીનગર પશ્ચિમથી ઉત્તર દક્ષિણે દરગાહ આગળ સબજેલ થઇ પશ્ચિમથી દક્ષિણે પૂર્વ ખુણે સબજેલ કમ્પાઉન્ડ થઇ હાઇવે દક્ષિણ પૂર્વ ખુણે મસ્જીદ દક્ષિણ ઉત્તર રામદેવ મંદીર થઇ

INDEX

વોર્ડમાં હદનું વર્ણનઃ-

હાજીપુરા વિસ્તાર આવેલ છે. ઉત્તર દક્ષિણ પૂર્વ ખુણે સરકારી ક્વાટર્સ થઇ મેમણ કોલોનીથી ઉત્તર તરફ માયઓન હાઇસ્કુલથી પશ્ચિમ તરફ આશીયાના સોસાયટી આવેલ છે.

વોર્ડ નંબરઃ- ૬.

ઉત્તર પશ્ચિમ પૂર્વ ખુણે સાબુગરના મકાનથી પશ્ચિમ તરફ મદેસા હાઇસ્કુલ ખાટકીવાસ ત્યાંથી આગળ મસ્જદ થઇ ઉત્તર દક્ષિણેના પશ્ચિમે ખુણે પ.વ.ડી. ઓફીસ થઇ પશ્ચિમ તરફનો ઉત્તર દક્ષિણ ખૂણે વહોરવાડ દરવાજા આગળ પૂર્વ તરફ મસ્જદ વહોરવાડ થઇ પબ્લિકપાર્કના કોટે થઇ પૂર્વ ખુણે સાબુગરનું મકાન આવેલ છે.

વોર્ડ નંબરઃ- ૭.

ઉત્તર દક્ષિણના પૂર્વ ખુણે સ્વામીનારાયણ મંદીર થઇ પશ્ચિમ તરફ કાસી વિશ્વનાથ મંદીર થઇ નવા બજાર થઇ જુના બજાર મહારાણીનો નોરો થઇ નાના જૈન દેરાસર થઇ તેના પાછળથી ખાંચો થઇ ડૉ પરીખના દવાખાના ઉત્તર દક્ષિણના પશ્ચિમ ખુણે સર્વોદય હોસ્પીટલ આવેલ છે. ખાક ચોક થઇ પોલીસ ક્વાટર્સ થઇ દરગાહ થઇ દક્ષિણે ખાકચોક મંદીર થઇ જનરલ ટેલીફોન એક્સચેન્જ થઇ સ્મશાન થઇ ઉત્તર દક્ષિણના પશ્ચિમ ખુણે જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર થઇ દક્ષિણ પૂર્વ તરફ પોલીસ સ્ટેશન થઇ સીનેમા રોડ થઇ ટાવર રેલ્વે તરફનો રોડ થઇ નાકા નંબર ૮ થી પૂર્વ તરફ રેલ્વે ફાટકથી રેલ્વે લાઇનથી ઉત્તર તરફ જીલ્લા સંઘ રેલ્વે ફાટક થઇ પબ્લિકપાર્કનો બહારનો ભાગ થઇ ઉત્તર પૂર્વ સ્વામીનારાયણ મંદીર આવેલ છે.

વોર્ડ નંબરઃ- ૮.

ઉત્તર દક્ષિણના પૂર્વ ખુણે ગાયત્રી મંદીર રોડ ઉપર શ્રધ્ધાપાર્ક થઇ ગાયત્રી રોડ થઇ ઉત્તર ખુણે ન્યુ ઇંગ્લીસ સ્કુલ થઇ માનસીંહજીના બંગલાના કોટથી માનસીહજી રોડ થઇ મહાવીરનગર ચાર રસ્તા થઇ ઉત્તર તરફ કેનાલ આવેલ છે. ઉત્તર-દક્ષિણ પૂર્વ ખુણે કૃષ્ણ ગાર્ડન થઇ પૂર્વ તરફ સત્યમ સોસાયટી ઉત્તર દક્ષિણેના ખુણે વિવેકાનંદ સોસાયટી થઇ દક્ષિણે પૂર્વ તરફ કૃણાલ સોસાયટી ''પૂર્વે તરફ ખોડીયાર બોર તરફ પૂર્વ ઉત્તર દક્ષિણ તરફ કાંકણોલ સીમાડો આગળ જતાં ગાયત્રી મંદીર રોડ સુધી.

વોર્ડ નંબરઃ- ૯.

ઉત્તર-દક્ષિણના પૂર્વે ખુણે ટાવર થઇ વશ્ચિમ તરફ સીનેમા રોડ થઇ પોલીસ સ્ટેશનથી પશ્ચિમ તરફ જી.પી. ઓ અને ભગિનીસમાજ વચ્ચે થઇ ભોલેશ્વર મહાદેવ પાછળના પરબડા સીમાડા થઇ પશ્ચિમ તરફ સર્વે નં. ૩ થી ૭ ની લાગુ કાટવાડના સીમાડે થઇ સર્વે નં. ૭ ના ખુણે થઇ સર્વે નં. ૮ થઇ ઉત્તરે તરફ ન.પા.ના બોર થઇ પૂર્વ તરફ રેલ્વે ફાટક ''પૂર્વે તરફ બળેલી મીલ તરફ થઇ દુર્ગા ઓઇલમીલના બહારના કંમ્પાઉન્ડથી શિક્ષણાધિકારીની કચેરી થઇ ઉત્તર તરફ રાજપૂત બીલ્ડીંગ થઇ હિંમત હાઇસ્કુલ થઇ ટાવર સુધી.

વોર્ડ નંબરઃ- ૧૦.

પૂર્વ પશ્ચિમ ૫. ઉત્તર ખુણે સર્વે નં. ૭૫ થઇ પશ્ચિમ તરફ ખોડીયાર બોર ''ઉત્તર તરફ કૃણાલ સોસાયટી થઇ પશ્ચિમ તરફ સર્વેનં. ૫૧-૨ની હદ થઇ ઉત્તર તરફ સત્યમ સોસાયટીના ખુણે થઇ પશ્ચિમ

INDEX

વોર્ડમાં હદનું વર્ણનઃ-

તરફ અંબિકા સાકર ફેક્ટરી થઇ પૂર્વ પશ્ચિમ તરફ કેનાલ થઇ ત્યાંથી ઉત્તર-દક્ષિણ પૂર્વે તરફ રામજી મંદીર છાપરીયા થઇ પૂર્વ દક્ષિણ તરફ સર્વે નં. ૬-૬૭ થઇ જેના સીમાડેથી પૂર્વ-ઉત્તર તરફ સર્વે નં. ૩૭ સુધી.

વોર્ડ નંબરઃ- ૧૧.

પૂર્વ-પશ્ચિમના ઉત્તર ખુણે વિશ્વકર્માનગર થઇ દક્ષિણે પ.વ.ડી. ક્વાર્ટર્સ થઇ દક્ષિણે નવિન ભાટવાસ થઇ દક્ષિણે સર્વે નં. ૧૦ થઇ કેનાલ છોડી યોગેશ્વર ટીમ્બરમાં થઇ દક્ષિણે એસ.ટી. વર્કશોપ સર્વે નં. ૩૨ થઇ દક્ષિણે પૂર્વ તરફ નાકા નં. ૨ થઇ પૂર્વ તરફ સર્વે નં. ૬૬ તથા નાકા નં. ૬ થઇ ઉત્તર તરફ સર્વે નં. ૬૭ ની સીમાડે કોલોની થઇ ઉત્તર તરફ હડીયોપુલ છાપરીયા થઇ વિશ્વકર્માનગર સુધી.

વોર્ડ નંબરઃ- ૧૨.

પૂર્વ-પશ્ચિમના ઉત્તર ખુણે ગ્લાસ સીરામીક્સ થી સર્વે નં. ૩૨ સુધી પશ્ચિમ તરફ શીલ્પા હાઉસ થઇ ઉત્તર તરફ સર્વે નં. ૧૦ તથા ૪ થઇ પ.વ.ડી. ક્વાર્ટર્સ થઇ પશ્ચિમે સર્વે નં. ૪ની હદ થઇ દક્ષિણે-પશ્ચિમ તરફ સ્ટેટબેંક કોલોની ગીરધનગર થઇ હાથમતી નદીથી દક્ષિણ તરફ કાટવાડ જવાના રસ્તે થઇ હરીનગર સોસાયટી થઇ ઉત્તર દક્ષિણના પશ્ચિમ ખુણે હરીનગર સોસાયટીના ખુણે થઇ દક્ષિણ તરફ ૬૮ થઇ એક્સીકેશન પોન્ડ થઇ પૂર્વ તરફ સર્વે નં. ૬૫ થી ૫૪ થઇ ઉત્તર પૂર્વ તરફ સર્વે નં. ૫૩ થઇ દક્ષિણે-પૂર્વ તરફ સર્વે નં. ૪૮ થઇ દક્ષિણે પૂર્વ. ઉત્તર તરફ સર્વે નં. ૨૬ થઇ દક્ષિણ પૂર્વ તરફ સર્વે નં. ૩૦ થઇ ઉત્તર તરફ ગ્લાસ સીરામીક્સ સુધી.

તારીખ : ૧૬-૪-૧૯૯૪

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No.69 REGISTERED NO. G/GNR/2.

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol.XXXV] SATURDAY, APRIL 16, 1994/ CAITRA 26, 1916.

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ

ગુજરાત રાજ્ય,

સચિવાલય, ગાંધીનગર.

ક્રમાંક : સમક : ૨૦૧૫ : ૯૪

પાલીતાણા નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ.

ભારતનાં સંવિધાનના ૭૪માં સુધારાને અનુલક્ષીને ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ- ૧૯૬૩માં રાજ્ય સરકારે ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ ૧૯૯૩ અન્વયે મહત્વનાં સુધારા કરેલાં છે. આ અધિનિયમની કલમ- ૬, પેટા કલમ-૪ અન્વયે નગરપાલિકાની ચૂંટણી, મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી પંચમાં નિહીત થશે તેવી જોગવાઇ કરેલી છે અને રાજ્ય ચૂંટણી પંચે કલમ ૬- પેટા કલમ-૫ અન્વયે રાજ્ય સરકારે કરેલાં નિયમો અનુસાર અધિનિયમની જોગવાઇઓને આધીન રહીને ચૂંટણી કરવી જોઇએ.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ- ૭ પેટા કલમ- ૨ તથા કલમ- ૬ની પેટા કલમ-૩ અન્વયે જાહેરનામા ક્રમાંક : કેવી ૨૮૫-૯૩ એન.પી.બી ૩૦૯૩-૫૬૪૬ (૧૪) આર, તા.૧૮:૧૨:૯૩ જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં

INDEX

આવ્યો છે. તે અન્વયે પાલીતાણા શહેરનાં નગરપાલિકાને જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેના સન ૧૯૯૧નાં વસ્તી ગણતરીના આખરી આંકડા પ્રસિદ્ધ થયા છે. તેના આધારે ૯ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. નગરપાલિકાના કાઉન્સિલરોની કુલ બેઠકો ૨૭ નક્કી કરવામાં આવી છે. જાહેરનામા અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા પછાતવર્ગ તેમજ મહિલા માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલી છે.

૩. ચૂંટણી પંચે અધિનિયમની કલમ- ૭, પેટા કલમ- ૨, ખંડ- ૩ પેટા ખંડ :ખ: અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુ.જાતી/અનુસૂચિત આદિજાતી, પછાત વર્ગની તથા મહિલાની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજ્ય સરકારે તેમના જાહેરનામા ક્રમાંક :કેવી:૪૯:૧૯૯૪ એન.પી.એલ ૪૫૯૩ :૩૬૫૫:એમ તા.૧૬-૩-૯૪.અન્વયે અધિનિયમની કલમ- ૨૭૭ની પેટા કલમ- ૨ તથા કલમ- ૬ તથા ૭ અન્વયે વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણીના નિયમો- ૧૯૯૪ અને હવે પછી નિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે બહાર પાડેલ છે.

૫. નિયમોના નિયમ- ૨ અન્વયે નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શક્ય હોય ત્યાં સુધી બધાં જ વોર્ડોના વસ્તી એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસ્તીથી કોઇ પણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહિ તે પ્રમાણે વોર્ડની રચના કરવાની રહે છે. આમ છતાં ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે, સ્થાનિક એક જુથતા તથા ભૌગોલીકતા નજીકપણા કે બીજા અન્ય પરિબળોને તુલનામાં લેતા ૧૦ ટકા વધુ વધ કે ઘટ કરીને વોર્ડની રચના કરી શકાશે.

૬. પંચે નગરપાલિકાના વોર્ડોનાં સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે. તેમજ સને ૧૯૪૮ના સેન્સસ એકટ મુજબ સને. ૧૯૯૧ના વસ્તી ગણતરીનાં છેવટનાં પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં શહેરની કુલ વસ્તી ૪૧,૮૭૦ આવે છે. જાહેરનામા મુજબ શહેરને ૯ વોર્ડોમાં વહેચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૪૬૫૨ ની થાય છે. .

૭. એકઠી કરેલ માહિતીની પંચે તેના કાર્યાલયના અધિકારી / કર્મચારીઓ મારફત ચકાસણી કરાવેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડનું સીમાંકન કરવાનું ધાર્યુ છે તેમાં કોઈપણ વોર્ડમાં ૧૦ ટકા થી વસ્તી વધતી નથી કે ૧૦ ટકાથી વસ્તી ઘટતી નથી.

૮. શહેરનાં ૯ વોર્ડોને નિયમ- ૩ની જોગવાઇઓને ધ્યાનમાં લઈ આ સાથે અનુસૂચિ ૧માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે.આ સીમાંકન નક્કી કરવામાં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજૂથતા, નદી, રેલ્વેલાઈન, રોડલાઈન વગેરે કારણે બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને એકસરખા વોર્ડ-૯ બની રહે તે મુદ્દો વિચારણામા લઈ વોર્ડોનું સીમાંકન નક્કી કરેલું છે.

૯. નિયમોના નિયમ- ૪ અન્વયે દરેક વોર્ડમાં ત્રણ કાઉન્સિલર ચૂંટવાના છે.નિયમ- ૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક બિનઅનામત એટલે કે સામાન્ય બેઠક બની રહેશે. જ્યારે બીજી બેઠક મહિલા,: અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની મહિલા સહિતઃ માટે અનામત રાખવાની છે. જ્યારે ત્રીજી બેઠક જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચીત આદિજાતિ, પછાતવર્ગ ને ફાળવવાની રહેશે. અને તેવી ફાવવણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો તે બિનઅનામત બેઠક તરિકે ફાળવવાની રહેશે.

૧૦.નિયમોના નિયમ- ૬ અન્વયે અનુસુચિત જાતિ,અનુસૂચીત આદિજાતિની દરેક વોર્ડની વસ્તીની ટકાવારીનાં ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તી સંખ્યા વધુ હોય એટલે કે ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ,: મહિલા બેઠક સહીતની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ વસ્તી હોય એટલે કે ટકાવારી ઊંચી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારીત કરેલ છે,

૧૧. જાહેરનામા અન્વયે શહેર માટે ૧ બેઠકો અનુસુચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે.

INDEX

૧૨. પંચે એકઠી કરેલી માહિતી મુજબ શહેરનાં જુદા જુદા ૯ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા કમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	અનુ.જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ.જાતિની વસ્તીની ટકાવારી
૧.	૯	૪૭૫૦	૧૨૨૬	૨૫.૮૧
૨.	૮	૪૪૮૩	૯૪૨	૨૧.૦૧
૩.	૩	૪૩૭૨	૫૬૬	૧૨.૯૪
૪.	૧	૪૬૮૧	૫૬	૧.૧૯
૫.	૭	૫૦૩૭	૪૦	૦.૭૯
૬.	૬	૪૩૪૫	૩૬	૦.૮૨
૭.	૨	૪૫૩૦	-	-
૮.	૪	૪૮૪૦	-	-
૯.	૫	૪૮૩૨	-	-

૧૩.આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં. ૯ તથા ૮ માં અનુસૂચિત જાતિની બેઠક નિયમોના નિયમ- ૬ (અ) હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે. અનેતે મુજબ ફાળવવામાં આવે છે.

૧૪. અનુસુચિત જાતિની મહિલા અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યઃ આ વર્ગની વસ્તીની ઉતરતા ક્રમમાં ટકાવારીના ક્રમમાં પ્રથમ આવતા ત્રણ વોર્ડના જૂથ પૈકી ત્રીજા વોર્ડમાં મહિલા બેઠક ફાળવવી તેમ પંચ માને છે. પરંતુ જાહેરનામા અન્વયે પાલીતાણા નગરપાલીકા માટે આ વર્ગની બે બેઠકો ફાળવવામાં આવેલ છે તેથી ઉતરતા ક્રમમાં બીજા નંબરે આવતા વોર્ડમાં આ વર્ગની મહીલા બેઠક ફાળવવાનું પંચ મુનાસીબ માને છે. પરંતુ આ મુજબ ફાળવણી કરતાં પણ નિયમો અન્વયે દરેક વોર્ડમાં એક મહિલા, એક સામાન્ય બેઠક ફાળવવાની જોગવાઇ છે. તેનું ખંડન ન થાય તેની તકેદારી રાખવાની રહે છે.

૧૫. અનુસુચિત જાતિની બેઠક વોર્ડ નં. ૯ તથા ૮ માં નિયમોના નિયમ ૬:અઃ અન્વયે ફાળવવામાં આવે છે. તે પૈકી આ વર્ગની મહિલા માટે બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

વોર્ડ નંબર	બેઠક
૯	અનુસુચિત જાતિ
૮	અનુસૂચિત જાતિની મહિલા

૧૬. અનુસુચૂતિ આદિજાતિ માટે જાહેરનામા અન્વયે આ શહરીની નગરપાલિકાની રચના માટે કોઇ બેઠક અનામત રખાયલ ન હોઇ અનુસૂચિત આદિજાતિ માટે કોઇ બેઠક ફાળવવામાં આવતી નથી.

૧૭. જાહેરનામા ક્રમાંક : ખંડ ગ : સી મુજબ ત્રણ બેઠકો પછાતવર્ગો માટે ફાળવેલ છે. તે પૈકી એક બેઠક આ વર્ગની મહિલા માટે અનામત રખાઇ છે.

INDEX

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો- ૧૯૯૪નાં નિયમ-૬ બી હેઠળ રાજ્ય ચૂંટણી પંચે પછાત વર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. જેના મહત્વનાં પ્રબંધ નીચે પ્રમાણે છે.

(૧) માન્ય રાજકીય પક્ષો તરફથી મળેલ માહિતીનાં અભ્યાસ પરથી જે શહેરનાં જે જે વોર્ડોનાં પછાતવર્ગની વસ્તીનાં ધોરણને અનુલક્ષીને જે સર્વ સામાન્ય વોર્ડો હોય તે તે વોર્ડોમાં પછાતવર્ગ માટે અનામત બેઠક ફાળવવાની રહેશે.

(૨) મ્યુનિસિપલ ચીફ ઓફીસર તરફથી છેલ્લી ચૂંટણીમાં જે વોર્ડમાંથી પછાતવર્ગનાં ઉમેદવારો ચૂંટાઈને કોર્પોરેટર તરીકે પદધારણ કરતાં હતા તે વોર્ડમાં ઉપર અનુક્રમ નં. ૧ માં જણાવેલ વોર્ડોમાં બેઠક ફાળવ્યા પછી નિયત સંખ્યા સુધીમાં ફાળવવાની રહેશે.

આથી સ્પષ્ટતા કરવાની કે, જુના વોર્ડોનું સીમાંકન અને નવા વોર્ડોના સીમાંકનમાં ફેરફાર હોય તો જુના વોર્ડોના મોટા ભાગનો જે વિસ્તાર જે જે નવા વોર્ડનાં સીમાંકનમાં સમાવિષ્ટ થતો હોય તેવા નવા વોર્ડમાં પછાતવર્ગની બેઠક ફાળવવાની રહેશે.

(૩) પછાત વર્ગ માટે અનામત રાખેલી કુલ બેઠકો પૈકી ૧:૩ બેઠકો મહિલા માટે જાહેરનામા અન્વયે અનામત રખાઈ છે. આમ ત્રણ બેઠકો પૈકી એક બેઠક મહિલા માટે અનામત રાખવામાં આવી છે. આ મહિલાનું પ્રમાણ ૧:૩ રહે છે. તેથી તાર્કીક રીતે વિચારતા દર ત્રણ બેઠકો પૈકી ત્રીજી બેઠક મહિલા માટે ફાળવવી તેમ પંચ સ્વિકારે છે.

(૪) પરંતુ જો આ રીતે વોર્ડમાં પછાત વર્ગ માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસુચિત જાતિ અથવા અનુ. આદિજાતિ માટે મહિલા બેઠક ફાળવી હોય તો તે વોર્ડને બદલે તે પછી અનુક્રમે જે વોર્ડ આવે તે વોર્ડમાં પછાતવર્ગની મહિલા બેઠક ફાળવવી. માન્ય રાજકીય પક્ષોને પંચ તરફથી નગરપાલિકાઓના કયા વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવી તે અંગે સુચનો મોકલવા આ કાર્યાલય તરફથી વિનંતી કરવામાં આવેલ. પરંતુ કોઈ માન્યરાજકીય પક્ષ તરફથી હજુસુધી સુચન કરવામાં આવ્યા નથી.

પંચે અપનાવેલા માપદંડ મુજબ ચીફ ઓફીસર પાસેથી ગત ચૂંટણીમાં પછાતવર્ગનાં કાઉન્સિલરો જુના કયા વોર્ડમાંથી ચૂંટાયા હતા, અને તે સમગ્ર વોર્ડોનો કે તે વોર્ડોના મોટા ભાગના વિસ્તાર નવા કયા વોર્ડમાં સમાવિષ્ટ થાય છે તેની માહિતી મેળવવામાં આવી છે તે ચકાસતા નીચે મુજબ હકીકત જણાય છે.

સને ૧૯૮૯ની ચુંટણીમાં પરિણામો જોતા નીચેની વિગતે પછાત વર્ગનાં કાઉન્સીલરો ચૂંટાઈ આવેલ છે.

જુનો વોર્ડનં.	વોર્ડની કુલ બેઠકો	તે વાર્ડમાંથી ચૂંટાયેલ પછાત વર્ગના કાઉન્સીલરોની સંખ્યા	સૂચિત નવા વોર્ડ નંબર	
૧	૩	૨	૨	૭૦%
૨.	૪	૧	૧	૮૦%
			૫	૨૦%
૩.	૨	૨	૪	
૪.	૨	૧	૪	
૫.	૨	૨	૭	
૬.	૨	૧	૭	
૭.	૩	૨	૫	
			૬	૫૦%
			૮	૩૦%

આમ સૂચિત વોર્ડ નં. ૨,૪,૭ માંથી બબ્બે પછાત વર્ગના કાઉન્સીલરો ચૂંટાયેલ હતા. જ્યારે વોર્ડ નં. ૧,૪, અને ૬ માંથી એક એક પછાત વર્ગના કાઉન્સીલરો ચૂંટાયા હતા. તેથી અગ્રતાના ધોરણે વોર્ડ નં. ૨,૪, અને ૭માં પછાત વર્ગ માટે અનામત બેઠક ફાળવવા માપદંડ મુજબ પંચ મુનાસીબ માને છે. અને આ વોર્ડોમાં પછાત વર્ગની બેઠક અનામત રાખવા પંચ ઠરાવે છે. આ વોર્ડો પૈકી ત્રીજા ક્રમે આવતા વોર્ડ નં. ૭ માં પછાત વર્ગ મહિલા બેઠક અનામત રાખવા ઠરાવે છે.

૨૦. આ પ્રમાણે અનુસુચિત જાતિ અનુસુચિત આદિજાતી તથા પછાત વર્ગોની મહિલા અનામત બેઠકની ફાળવણી કર્યા પછી મહિલા અનામત બેઠક અને સામાન્ય ઉમેદવારોને બાકી રહેતી બેઠક ફાળવવામાં આવે છે.

૨૧. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને નિયમોનાં નિયમ-૩ શહેરોને આ સાથે સંલગ્ન અનુસૂચિ-૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે. અને આ સાથે અનુસુચિ-૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

૨૨. આ પ્રમાણે વોર્ડોનું વિભાજન હદરેખા નકકી કરવાનું અને વોર્ડની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

૨૩. ઉપર પ્રમાણે વોર્ડોની હદરેખા નકકી કરવામાં આવે છે. અને ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે. તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે. અને તે સામે કોઈપણ શખ્સને જાહેર જનતાને સલાહ સુચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૫ દિવસોમાં રાજ્ય ચૂંટણી પંચ બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળે, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા. મુદત વિત્યે આવેલ સુચનો ધ્યાનમાં લેવામાં આવશે નહી.

૨૪. રાજય ચૂંટણી પંચે નગરપાલિકાના વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો છેવટના કરતાં પહેલાં લોકપ્રતિનિધિત્વ ધારો ૧૯૫૧ અન્વયે માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરુરી પરામર્શ કરશે.

તારીખઃ ૧૬/૪/૧૯૯૪.

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજય ચૂંટણી પંચ

INDEX

રાજ્ય ચૂંટણી પંચ

અનુસૂચિ - ૨

પાલીતાણા નગરપાલિકાની કુલ વસ્તી : ૪૧,૮૭૦

કુલ વોર્ડોની સંખ્યા :	૯	સરેરાશ વસ્તી ૧૦ ટકા વધ મુજબ :	૫,૧૧૭
વોર્ડ દીઠ સરેરાશ વસ્તી :	૪,૬૫૨	સરેરાશ વસ્તી ૧૦ ટકા ઘટ મુજબ :	૪,૧૮૭
બેઠકોની સંખ્યા :	૨૭	૧ બેઠક અનુસૂચીત જાતી.	
મહિલા બેઠકો :	૯	અનુસૂચિત આદિજાતિ કોઈ નથી.	
		૧ બેઠક પછાત વર્ગની મહિલા સહિતની.	
અનુસૂચિત જાતી માટે અનામત બેઠકોની સંખ્યા :		૨ પૈકી ૧ મહિલા માટે.	
અનુસૂચિત આદિજાતિ માટે કોઈ બેઠક અનામત રખાઈ નથી.			
પછાત વર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા :		૩ તે પૈકી ૧ મહિલા માટે.	
કુલ અનામત બેઠકો:	૧૨		
સામાન્ય બેઠકો :	૧૫		

અ.નં	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી બીન અનામત	બીજી બેઠકની ફાળવણી મહિલા અનામત	ત્રીજી બેઠકની ફાળવણી
૧.	૧	૪૬૮૧	સામાન્ય	સામાન્ય	સામાન્ય.
૨.	૨	૪૫૩૦	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ.
૩.	૩	૪૩૭૨	સામાન્ય	સામાન્ય	સામાન્ય.
૪.	૪	૪૮૪૦	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ.
૫.	૫	૪૮૩૨	સામાન્ય	સામાન્ય	સામાન્ય.
૬.	૬	૪૩૪૫	સામાન્ય	સામાન્ય	સામાન્ય.
૭.	૭	૫૦૩૭	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય.
૮.	૮	૪૪૮૩	સામાન્ય	અનુ.જાતિ	સામાન્ય.
૯.	૯	૪૭૫૦	સામાન્ય	સામાન્ય	અનુ.જાતિ.

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ

તારીખ: ૧૬-૪-૧૯૯૪

INDEX

અનુસૂચિ-૧

પત્રક નં. ૪

વોર્ડ વાઇઝ ચર્તુસીમા દર્શાવતું વર્ણન

વોર્ડ નં.૧.	ઉત્તરે સર્વે નં. ૧૪૭ બ્રાન્ચ રેવન્યુ ૧૪૮ (૨), ૧૪૨, ૧૪૩ તેમાંથી ૧૪૧ નો અમુક ભાગ નગરપાલીકાની લીમીટ સુધી વેટી રોડ ખારો નદી ત્યાં થઇને સર્વેનં. ૧૧૦, સર્વે નં. ૧૦૧ નગરપાલીકાની લીમીટ સુધી ત્યાંથી પૂર્વે તરફ રેલ્વે ક્રોસીંગ થઇને સોનગઢ રોડ ક્રોસ કરી સર્વે નં. ૬૭ ના ખુણા સુધી આ ખુણા થી દક્ષીણે ચાલીને સર્વે નં. ૬૨ નાં ખુણા સુધી ત્યાંથી પુર્વ તરફ ચાલી સર્વે નં. ૪૫ ના ખુણા સુધી ત્યાંથી દક્ષીણે ચાલી સર્વે નં. ૪૬-૨ ના ખુણા સુધી ત્યાંથી પુર્વે ચાલી હવા મહેલ ના રોડ સુધી ત્યાંથી હવા-મહેલ રોડના ગામ તરફ ચાલી રેડીમની રેસ્ટ હાઉસ થઇ રોડે રોડ થી આવન બ્રીજ ક્રોસ કરી ગારીયાધાર તરફ ચાલી સર્વે નં. ૧૪૪, ૧૪૫,૧૪૬,અને ૧૪૭, ના નહેરા તરફની લીમીટ સુધી થઇને ઉત્તરના ૧૪૭ સર્વે નં. ના મ્યુનિસિપલ લીમીટ સુધી.
વોર્ડ નં.૨.	ઉત્તરે ઓવનબ્રીજ પાસેના રાજેશ પાન હાઉસથી સરુ કરી હવા મહેલ રોડ, પાવર હાઉસ થઇને રડીમની ગેસ્ટ હાઉસ થઇ હવાલમહેલ રોડ. નગરપાલીકાની ખુલ્લી જમીન સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ સર્વે નં. ૪૯ ના ખુણા સુધી ત્યાંથી ઉત્તરે ચાલી સર્વે નં. ૪૫. ના પૂર્વે ખુણા સુધી ત્યાંથી પશ્ચિમે ચાલી સર્વે નં. ૫૭ ના પશ્ચિમ ખુણા સુધી ત્યાંથી ઉત્તરે ચાલી સર્વે ૬૬ ના પશ્ચિમ ખુણાની મ્યુની. લીમીટ સુધી ત્યાંથી પુર્વે મ્યુની લીમીટ પૂરી થાય ત્યાં સુધી ત્યાંથી દક્ષીણે મ્યુની. લીમીટ ચાલી ખારા નદી ના મધ્ય સુધી ત્યાંથી પશ્ચિમે ચાલી નદીના ઓવન બ્રીજ સુધી થઇ રાજ પાન હાઉસ સુધી.
વોર્ડ નં. ૩.	ઉત્તરે મેઇન બજાર મહાલક્ષ્મી મંદિરનો સામેનો ખાંચો ગોરજીનો ડેલો, સ્ટેટ બે ક ઘ દરબાર ચોકથી જુમ્મા મસ્જીદ થઇને કન્યાશાળા મોટી શાક માર્કેટ, થઇને તળાજા રોડ સામેની દુકાનો થઇ ખારા નદીથી મધ્યલ ભાગ સુધી, ત્યાંથી પૂર્વે તળાજા રોડની સામેની દુકાનો નો ભાગ સ્મશાન સુધી તેમજ ખારા નદીથી અમુક ભાગ સુધી દક્ષિણે ખારા નદીના અમુક ભાગથી તળાની રોડથી જામવાળી દરવાની સુધી જતો રસ્તો તેમજ હરીજન વાસનો અમુક ભાગ પશ્ચિમે ઢોરનો ડબો થઇ મોહનભાઇ વૈદના ઘર તેમજ તેમની સામેથી સરાણીયા બજાર થઇને રમણીક બેચરવાળો ખાંચો માંડવી સુધી, ત્યાંથી ઉત્તરે મેઇન બજાર મહાલક્ષ્મી મંદિરનો સામેના ભાગ સુધી.
વોર્ડ નં. ૪.	ઉત્તરે કુંભારની ખાળનાં સામાના ભાગેથી ડૉ. ગોધાણી સાહેબના મકાનથી ઘેટીનાં દરવાજા થઇને બોરોબાર ના રસ્તે થઇને મ્યની. કચેરી થઇને પૂર્વ કન્યાવિદ્યાલય, પોલીસ સ્ટેશન થઇને ભૈરવનાથ મંદિર થઇને મેઇન બજારની જમણી સાઇડ થઇને નાકા નંબર ૨ સુધી, દક્ષિણે નાકા નં. ૨ થી હિરા પાનની દુકાનથી ગરીરધ જુઠાની દુકાન થઇને મોટા દેરાસર થઇને મુનીમવાળા ખાંચાનો વિસ્તાર પશ્ચિમે રોડે રોડ ચાલતાં મહાજનની ધર્મશાળાના સામેના ભાગ થઇ ગીલા મીસ્ત્રી ની શેરી ના સામેના ભાગે થઇ શ્રવણના ચોક થઇને કુંભારની ખાળ સુધી.
વોર્ડ નં. ૫.	ઉત્તરે સર્વે નં. ૧૯૧, ૧૯૦, નગરપાલીકાની હદ સુધી ત્યાંથી થઇ સર્વે નં. ૯૪-૨, ૯૬, ૯૧, ૧૭૫ નગરપાલીકા ની હદ સુધી. પુર્વે સર્વે નં. ૧૭૫, ૧૭૬, ૧૭૭ તેમજ ચોમાસાના નહેરાનો ભાગ, ગારીયાધાર રોડ થઇ પેટ્રોલ પમ્પ સુધી ત્યાંથી પશ્ચિમે ચાલી પરિમલ સોસાયટીના પુલે થઇ ઘેડીદરવાજા સામેના ભાગ સુધી ત્યાંથી પશ્ચિમે ચાલી બહારપરાના મેઇન રોડે ચાલી શીવાભાઇ દરજીના ઘરથી

INDEX

વોર્ડ વાઇઝ ચર્તુસીમા દર્શાવતું વર્ણન

આગળ જઇ ઉત્તર તરફ જતાં ઘેટી રોડે ચાલી ઘેટી રોડ સુધી ત્યાંથી પશ્ચિમે ઘેટી રોડ પર ચાલી ભાડીયા પ્લોટ શરુ થતાંના રોડ સુધી ત્યાંથી દક્ષીણે ચાલી સર્વે નં. ૧૧૦ ની લીમીટ સુધી ત્યાંથી પશ્ચિમે ચાલતાં સર્વેનં. ૧૮૬, ૧૮૮-૧ થઇને નગરપાલીકાની હદ લીમીટ થઇ ઉત્તરે સર્વે નં, ૧૯૧ સુધી.

વોર્ડ નં. ૬. સર્વ નં. ૨૭૨-૧, મ્યની . લીમીટ સુધી ત્યાંથી ઉત્તરે સર્વેનં. ૨૭૧ નો ભાગ, સર્વે નં. ૧૯૨ પૈકી - ના ખુણા સુધીની મ્યુની. હદ સુધી ત્યાંથી પુર્વે ભાડીયા પ્લોટનો પાછળનો ભાગ તેમજ ગાયત્રી મંદિરની પાછળનો ભાગ થઇ બહારપરાના મેઇન રોડનો ડાબી સાઇડનો ભાગ, થઇ નારણભાઇ મીસ્ત્રીની કોડ સુધી ત્યાંથી પુલની બહાર નીકળતાં દક્ષીણે પોપટ કુવો થઇ ખસીયાના ઘરો થઇ ગોરાવડીનાં પુલ થઇ ડૉ. બાવીશીના ઘરેથી પુર્વે ચાલી કીડીખાના ના ખુણે થઇ દક્ષીણે સર્વોદય સોસાયટીના મેઇને રોડે ચાલી સર્વેનં. ૧૧૬ ની લીમીટ સુધી થઇને ત્યાંથી પશ્ચિમે સર્વેનં. ૧૧૫, ૨૯૩, ના ખુણા સુધી ત્યાંથી દક્ષીણે ચાલી સર્વે નં. ૨૭૨/૧, ના દક્ષિણ ખુણા સુધી મ્યુની.ની લીમીટ હદ સુધી.

વોર્ડ નં. ૭. દાદુ ભીખુના ઘરથી શરુ કરી ઉત્તર ચાલી હોમગાર્ડઝ સામેના ભાગે નવા નાકાના રસ્તા પાસે થઇ ભીડભંજન શોપીંગ સેન્ટર થઇ ગોરાવાડીનાં પુલ સામેનાં ભાગે કુંભારની ખાળ સધી- પુર્વ ગીલા મીસ્ત્રીની શેરી થઇ બધેકાના મકાનથી શરુ કરી મહાજનની ધર્મશાળા મામાની છીપરનો ભાગે થઇ નાના ભાટનો ચોરા પાસે થઇ સેવા સમાજનું દવાખાનું અને માંડવી ઓફીસ સુધી ત્યાંથી દક્ષિણે લાલદાસ મંદિર-ઘુડીઓ વંડો સુવાલી પટેલવાળો ખાંચો થઇ જગુમીસ્ત્રીની શેરી, મહાજન વંડો, ભીડભંજન થઇ પશ્ચિમે તરફ રોડ સુધી છેલ્લા ચકલા પોલીસ ચોકી થઇને પશ્ચિમે ભોજનશાળા થઇ બકરાણીયાના દવાખાનાવાળો ખાંચો ત્યાંથી પાછા ફરતા મોટા દવાખાના સામેના ભાગેની મેઇને રોડ દાદુ ભીખુના ઘર સુધી.

વોર્ડ નં. ૮. જોરસીંગ કવિના ઘરથી ઉત્તરે શરુ કરી ગોહીલવાળો ખાચો નેમલની દુકાન પુર્વ તરફ ચાલી, શેત્રુંજય ગેઇટ થઇ ઉતરે ચાલી મહાવીર સ્ટુડીયો પાસે થઇ સરાણીયા બજાર સુધી ત્યાંથી પુર્વે બોમ્બે ટેઇલરથી ખારા કુવા ચોક થઇ માર્કેટીંગ ગાર્ડ થઇ ખારા નદી સુધી ત્યાંથી મ્યુની. લીમીટ સુધી ત્યાંથી દક્ષિણે ચાલી ૪૬૫ સર્વે નં. થઇને મ્યુની. લીમીટ ૩૮૫ સર્વે નંબર ઉત્તરના ખુણા સુધી ત્યાંથી ઉત્તરે ચાલી ૪૦૧ સુધી ત્યાંથી પુર્વે ચાલી સર્વે નં. ૪૦૨ના છેલ્લા ખુણા સુધી ત્યાંથી ઉત્તરે ચાલી ૪૬૭ નો પશ્ચિમ ઉત્તર ખુણાં સુધી ત્યાંથી પશ્ચિમે ચાલી ગોરજીની વાડી સર્વે નં. ૩૪૬ થઇને જોરસીંગ કવિના ઘર સુધી.

વોર્ડ નં. ૯. મ્યુની. હદના સર્વેનં. ૩૦૮, પશ્ચિમ ખુણાથી શરુ કરી ઉત્તરે ચાલી સર્વેનં. ૩૧૮, મ્યુની. હદ સુધી, ત્યાંથી સર્વેનં. થઇ ૨૯૪ની ઉત્તર પશ્ચિમના ખુણાં સુધી ત્યાથી પુર્વે તરફ ચાલી, ૨૮૯ ના પુર્વ ઉત્તર ખુણા સુધી ત્યાંથી ઠેઠ કીકી ખાના સુધી ત્યાંથી પુર્વ ચાલી મેઇન રોડ ત્યાંથી દક્ષીણે ચાલી હોસ્પીટલ સુધી ત્યાંથી પુર્વે ચાલી છેલ્લા ચકલા સુધી ત્યાંથી જોરસીંગ કવિના ઘરના સામે ના ભાંગે થઇ પર્વ તરફ ચાલી વોર્ડ નં. ૮ ની હદે ચાલી ને સર્વેનં. ૪૭૦, ના પુર્વ ઉત્તર ખુણા સુધી ત્યાંથી દક્ષીણે ચાલી સર્વે નં. ૪૦૯ ના પૂર્વ દક્ષિણના ખુણા સુધી ત્યાંથી પશ્ચિમે ૪૦૧ના ખુણા સુધી ત્યાંથી દક્ષિણે ચાલી નં. ૩૮૫ ની મ્યુની હદ સુધી હદે હદે ચાલી ૩૮૧ ના ઉત્તર પુર્વખુણાં સુધી ત્યાંથી પશ્ચિમે મ્યુની. હદ ઉત્તર ચાલી સર્વે નં. ૩૦૮ ના ખુણાં સુધી.

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ

તારીખ : ૧૬-૪-૯૪

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No.70 REGISTERED NO. G/GNR/2.

The Gujarat Government Gazette
EXTRAORDINARY
PUBLISHED BY AUTHORITY

Vol.XXXV] SATURDAY, APRIL 16, 1994/ CAITRA 26, 1916.

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ

ગુજરાત રાજ્ય,
ગાંધીનગર.

ક્રમાંક : સમક : ૧૮૩૭ : ૯૪

વાંકાનેર નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેના આદેશો.

ભારતનાં સંવિધાનના ૭૪માં સુધારાને અનુલક્ષીને ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ- ૧૯૬૩ માં રાજ્ય સરકારે ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ ૧૯૯૩ અન્વયે મહત્વનાં સુધારા કરેલાં છે. આ અધિનિયમની કલમ- ૬, પેટા કલમ-૪ અન્વયે નગરપાલિકાની ચૂંટણી, મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી પંચમાં નિહીત થશે તેવી જોગવાઇ કરેલી છે. અને રાજ્ય ચૂંટણી પંચે કલમ ૬,- પેટા કલમ-૫ અન્વયે રાજ્ય સરકારે કરેલાં નિયમો અનુસાર અધિનિયમની જોગવાઇઓને આધીન રહીને ચૂંટણી કરવી જોઇએ.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ- ૭ પેટા કલમ- ૨ તથા કલમ- ૬ની પેટા કલમ-૩ અન્વયે જાહેરનામા ક્રમાંક : કેવી -૩૧૯-૯૩- એન.પી.ડી- ૩૦૯૩- ૫૬૪૬- (૪૮) આર, તા.૧૮:૧૨:૯૩ જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છ. તે અન્વયે વાંકાનેર શહેરનાં નગરપાલિકાને જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

INDEX

તેના સને ૧૯૯૧નાં વસ્તી ગણતરીના આખરી આંકડા પ્રસિદ્ધ થયા છે. તેના આધારે ૯ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. નગરપાલિકાના કાઉન્સિલરોની કુલ બેઠકો ૨૭ નક્કી કરવામાં આવી છે. જાહેરનામા અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગ તેમજ મહિલા માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલી છે.

૩. ચૂંટણી પંચે, અધિનિયમની કલમ- ૭, પેટા કલમ- ૨, ખંડ- ૩ પેટા ખંડઃ ખઃ અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડોમાંની અનુ.જાતી અનુસૂચિત આદિજાતી, પછાત વર્ગની તથા મહિલાની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજ્ય સરકારે તેમના જાહેરનામા ક્રમાંક :કેવી:૪૯:૧૯૯૪ એન.પી.એલ :૪૫૯૩ :૩૬૫૫:એમ તા.૧૬-૩-૯૪. અન્વયે અધિનિયમની કલમ- ૨૭૭ની પેટા કલમ- ૨ તથા કલમ- ૬ તથા ૭ અન્વયે વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણીના નિયમો- ૧૯૯૪ જેને હવે પછી નિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે બહાર પાડેલ છે.

૫. નિયમોના નિયમ- ૨ અન્વયે નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શક્ય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસ્તી એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસ્તીથી કોઇ પણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહિ તે પ્રમાણે વોર્ડની રચના કરવાની રહે છે. આમ છતાં ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે, સ્થાનિક એક જુથતા તથા ભૌગોલીક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને તુલનામાં લેતા ૧૦ ટકા વધુ વધ કે ઘટ કરીને વોર્ડની રચના કરી શકાશે.

૬. પંચે નગરપાલિકાના વોર્ડોનાં સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે. તેમજ સને ૧૯૪૮ના સેન્સસ એક્ટ મુજબ સને. ૧૯૯૧ની વસ્તી ગણતરી નાં છેવટનાં પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં શહેરની કુલ વસ્તી ૩૩,૦૧૩ આવે છે. જાહેરનામા મુજબ શહેરને ૯ વોર્ડોમાં વહેચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૩૬૬૮ ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની પંચે તેના કાર્યાલયના અધિકારી કર્મચારીઓ મારફત ચકાસણી કરાવેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડ નુ સીમાંકન કરવાનું ધાર્યુ છે તેમાં કોઈપણ વોર્ડમાં ૧૦ ટકા થી વસ્તી વધતી નથી કે ૧૦ ટકાથી વસ્તી ઘટતી નથી.

૮. શહેરનાં ૯ વોર્ડોને નિયમ- ૩ની જોગવાઇઓને ધ્યાનમાં લઈ આ સાથે અનુસૂચિ ૧માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે.આ સીમાંકન નક્કી કરવામાં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજૂથતા, નદી, રેલ્વેલાઈન, રોડલાઈન વગેરે કારણે બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને એકસરખા વોર્ડ-૯ બીન રહે તે મુદ્દો વિચારણામા લઈ વોર્ડોનું સીમાંકન નક્કી કરેલું છે.

૯. નિયમોના નિયમ- ૪ અન્વયે દરેક વોર્ડમાં ત્રણ કાઉન્સિલર ચૂંટવાના છે.નિયમ- ૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક બિનઅનામત એટલે કે સામાન્ય બેઠક બની રહેશે. જ્યારે બીજી બેઠક મહિલા, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની મહિલા સહિત માટે અનામત રાખવાની છે. જ્યારે ત્રીજી બેઠક જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગને ફાળવવાની રહેશે. અને તેવી ફાવણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો તે બિનઅનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે.

૧૦. નિયમોના નિયમ-૬ અન્વયે અનુસુચિત જાતિ, અનુસૂચિત આદિજાતિની દરેક વોર્ડની વસ્તીની ટકાવારીનાં ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તી સંખ્યા વધુ હોય એટલે કે, ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, મહિલા બેઠક સહીતની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ વસ્તી હોય એટલે કે ટકાવારી ઊંચી હોય તે વોર્ડ માં ફાળવણીનું ધોરણ નિર્ધારીત કરેલ છે,

૧૧. જાહેરનામા અન્વયે શહેર માટે ૨ બેઠકો અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે અને ૨ બેઠકો પૈકી ૧ બેઠક અનુસૂચિત જાતિની મહિલા માટે રાખવાનું નિર્ધારીત કર્યું છે.

૧૨. પંચે એકઠી કરેલ માહિતી મુજબ શહેરનાં જુદા જુદા ૯ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા કમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	અનુ.જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ.જાતિની વસ્તીની ટકાવારી
૧.	૯	૩૮૦૩	૧૩૧૮	૩૪.૬૫
૨.	૨	૩૭૯૨	૪૧૬	૧૦.૯૭
૩.	૫	૩૬૭૫	૨૭૧	૭.૩૭
૪.	૩	૩૪૦૭	૨૦૮	૬.૧૦
૫.	૧	૩૪૭૦	૧૨૯	૩.૭૧
૬.	૮	૩૭૩૫	૯૦	૨.૪૦
૭.	૬	૩૭૫૯	૭૯	૦.૪૧
૮.	૪	૩૬૨૭	૧૫	૨.૧૦
૯.	૭	૩૭૪૫	-	-

૧૩.આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં. ૯ તથા ૨માં અનુસૂચિત જાતિની બેઠક નિયમોના નિયમ- ૬ (અ) હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે. અને તે મુજબ ફાળવવામાં આવે છે.

૧૪. અનુસૂચિત જાતિની મહિલા અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ જે વોર્ડોમાં આ વર્ગ માટે બેઠક ફાળવાઈ હોય તે વોર્ડની ટકાવારીનાં ક્રમમાં પ્રથમ આવતા ત્રણ વોર્ડ જૂથ પૈકી ત્રીજા વોર્ડમાં મહિલા બેઠક ફાળવવી તેમ પંચ માને છે. પરંતુ વાંકાનેર નગરપાલિકાની રચના માટે જાહેરનામા અન્વયે પછાતવર્ગ માટે બે બેઠકો અનામત રખાઈ છે. જેથી અનુસૂચિત જાતિની વસ્તીની શહેરના વોર્ડોની વસ્તીની ટકાવારીમાં પ્રથમ આવતા વોર્ડમાં અનુસૂચિત જાતિ માટે અને ત્યાર પછીના વોર્ડમાં અનુસૂચિત જાતિ-મહિલા માટે બેઠક અનામત રાખવા ઠરાવવામાં આવે છે. આ મુજબ ફાળવણી કરતાં પણ નિયમો અન્વયે દરેક વોર્ડમાં એક મહિલા, એક સામાન્ય બેઠક ફાળવવાની જોગવાઈ છે. તેનું ખંડન ન થાય તેની તકેદારી રાખવાની રહે છે.

૧૫. અનુસુચિત જાતિની બેઠક વોર્ડ નં. ૯ તથા ૨ માં નિયમોના નિયમ ૬:અઃ અન્વયે ફાળવવામાં આવે છે. તે પૈકી આ વર્ગના પુરુષ તથા મહિલા માટે બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

વોર્ડ નંબર	બેઠક
૯	અનુસુચિત જાતિ
૨	અનુસૂચિત જાતિ મહિલા

૧૬. અનુસુચૂતિ આદિજાતિ માટે જાહેરનામા અન્વયે કોઇ બેઠક અનામત રાખવામાં આવી ન હોઇ અનુસૂચિત આદિજાતિ માટે કોઇ બેઠક અનામત રાખવામાં આવતી નથી.

૧૭. જાહેરનામા મુજબ ત્રણ બેઠકો પછાતવર્ગો માટે ફાળવેલ છે. તે પૈકી એક બેઠક આ વર્ગની મહિલા માટે અનામત રખાઇ છે.

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો- ૧૯૯૪નાં નિયમ-૬ (બ) હેઠળ રાજ્ય ચૂંટણી પંચેપછાત વર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. જેના મહત્વનાં પ્રબંધ નીચે પ્રમાણે છે.

(૧) માન્ય રાજકીય પક્ષો તરફથી મળેલ માહિતીનાં અભ્યાસ પરથી જે શહેરનાં જે જે વોર્ડનાં પછાતવર્ગની વસ્તીનાં ધોરણને અનુલક્ષીને જે સર્વ સામાન્ય વોર્ડ હોય તે તે વોર્ડોમાં પછાતવર્ગ માટે અનામત બેઠક ફાળવવાની રહેશે.

(૨) મ્યુનિસિપલ ચીફ ઓફીસર તરફથી છેલ્લી ચૂંટણીમાં જે વોર્ડમાંથી પછાતવર્ગનાં ઉમેદવારો ચૂંટાઈને કોર્પોરેટર તરીકે પદધારણા કરતાં હતા તે વોર્ડમાં ઉપર અનુક્રમ નં. ૧ માં જણાવેલ વોર્ડમાં બેઠક ફાળવ્યા પછી નિયત સંખ્યા સુધીમાં ફાળવવાની રહેશે.

આથી સ્પષ્ટતા કરવાની કે, જુના વોર્ડોનું સીમાંકન અને નવા વોર્ડોના સીમાંકનમાં ફેરફાર હોય તો જુના વોર્ડોનો મોટા ભાગનો જે વિસ્તાર જે જે નવા વોર્ડનાં સીમાંકનમાં સમાવિષ્ટ થતો હોય તેવા નવા વોર્ડમાં પછાતવર્ગની બેઠક ફાળવવાની રહેશે.

(૩) પછાત વર્ગ માટે અનામત રાખેલી કુલ બેઠકો પૈકી ૧:૩ બેઠકો મહિલા માટે જાહેરનામા અન્વયે અનામત રખાઈ છે. આમ ત્રણ બેઠકો પૈકી એક બેઠક મહિલા માટે અનામત રાખવામાં આવી છે. આ મહિલાનું પ્રમાણ ૧:૩ રહે છે. તેથી તાર્કીક રીતે વિચારતા દર ત્રણ બેઠકો પૈકી ત્રીજી બેઠક મહિલા માટે ફાળવવી તેમ પંચ સ્વીકારે છે.

(૪) પરંતુ જો આ રીતે વોર્ડમાં પછાત વર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસુચિત જાતિ અથવા અનુ. આદિજાતિ માટે મહિલા બેઠક ફાળવવી હોય તો તે વોર્ડને બદલે તે પછી અનુક્રમે જે વોર્ડ આવે તે વોર્ડમાં પછાતવર્ગની મહિલા બેઠક ફાળવવી.

માન્ય રાજકીય પક્ષોને પંચ તરફથી નગરપાલિકાઓના કયા વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવી તે અંગે સુચનો મોકલવા આ કાર્યાલય તરફથી વિનંતી કરવામાં આવેલ. પરંતુ કોઈ માન્ય રાજકીય પક્ષ તરફથી હજુ સુધી સુચન કરવામાં આવ્યા નથી.

પંચે અપનાવેલા માપદંડ મુજબ ચીફ ઓફીસર પાસેથી ગત ચૂંટણીમાં પછાતવર્ગનાં કાઉન્સિલરો જુના કયા વોર્ડમાંથી ચૂંટાયા હતા, અને તે સમગ્ર વોર્ડનો કે તે વોર્ડના મોટા ભાગનો વિસ્તાર નવા કયા વોર્ડમાં સમાવિષ્ટ થાય છે. તેની માહિતી મેળવવામાં આવી છે તે ચકાસતા નીચે મુજબ હકીકત જણાય છે.

જુનો વોર્ડ નંબર	તે વોર્ડની કુલ બેઠકો ની સંખ્યા	વોર્ડમાંથી પછાત વર્ગના ચૂંટાઇ આવેલ ઉમેદવારોની સંખ્યા	તે વોર્ડનો સૂચિત વોર્ડ નંબર
૩	૨	૧	૫
૪	૨	૨	૫
૫	૪	૧	૪
૭	૪	૧	૬
૮	૫	૨	૧

સૂચિત વોર્ડ નં. ૫, ૪, ૬ અને ૧ માંથી પછાત વર્ગના ઉમેદવારો ચૂંટાઇ આવ્યા છે. જેથી માપદંડ મુજબ સૂચિત વોર્ડ નં. ૫, ૧, અને ૪ માં પછાત વર્ગની બેઠકો અનામત રાખવાનું પંચ મુનાસીબ સમજે છે. અને તે પ્રમાણે સુચીત વોર્ડ નં. ૧, ૪ અને ૫ પૈકી વોર્ડ નં. ૫માં પછાત વર્ગ મહિલા માટે બેઠક અનામત રાખવા પંચ ઠરાવે છે.

INDEX

૧૯. આ પ્રમાણે અનુસુચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા પછાત વર્ગોની મહિલા અનામત બેઠકની ફાળવણી કર્યા પછી મહિલા અનામત બેઠક અને સામાન્ય ઉમેદવારોને બાકી રહેતી બેઠક ફાળવવામાં આવે છે.

૨૦. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને નિયમોનાં નિયમ-૩ અન્વયે શહેરોને આ સાથે સંલગ્ન અનુસૂચિ-૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે. અને આ સાથે અનુસુચિ-૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

૨૧. આ પ્રમાણે વોર્ડોનું વિભાજન હદરેખા નકકી કરવાનું અને વોર્ડની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

૨૨. ઉપર પ્રમાણે વોર્ડોની હદરેખા નકકી કરવામાં આવે છે. અને ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે. તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે. અને તે સામે કોઈ શખ્સને જાહેર જનતાને સલાહ સુચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૫ દિવસમાં રાજય ચૂંટણી પંચ બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા. મુદત વિત્યે આવેલ સુચનો ધ્યાનમાં લેવામાં આવશે નહી.

૨૩. રાજય ચૂંટણી પંચે નગરપાલિકાના વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો છેવટનાં કરતાં પહેલાં લોકપ્રતિનિધિત્વ ધારો ૧૯૫૧ અન્વયે માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરુરી પરામર્શ કરશે.

તારીખઃ ૧૬/૪/૧૯૯૪.

વો જે. દીક્ષિત,
સચિવ,
રાજય ચૂંટણી પંચ

અનુસૂચિ - ૨

રાજ્ય ચૂંટણી પંચ

વાંકાનેર નગરપાલિકાની કુલ વસ્તી : ૩૩,૦૧૩

કુલ વોર્ડોની સંખ્યા : ૯

વોર્ડ દીઠ સરેરાશ વસ્તી : ૩,૬૬૮ સરેરાશ વસ્તી ૧૦ ટકા વધ મુજબ : ૪,૦૩૪

સરેરાશ વસ્તી ૧૦ ટકા ઘટ મુજબ : ૩,૩૦૨

બેઠકોની સંખ્યા : ૨૭ ૧ બેઠક અનુસૂચિત જાતી.

મહિલા બેઠકો : ૯ ૧ બેઠક પછાત વર્ગની મહિલા સહિતની.

અનુસૂચતિ જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા : ૨ પૈકી ૧ મહિલા માટે.

અનુસૂચીત આદિજાતિ માટે કોઈ બેઠક ફાળવેલ નથી.

પછાત વર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા : ૩ તે પૈકી ૧ મહિલા માટે.

કુલ અનામત બેઠકઃ ૧૨

સામાન્ય બેઠકો : ૧૫

અ.નં	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી બીન અનામત	બીજી બેઠકની ફાળવણી મહિલા અનામત	ત્રીજી બેઠકની ફાળવણી
૧.	૧	૩૪૭૦	સામાન્ય	સામાન્ય	સામાન્ય.
૨.	૨	૩૭૯૨	સામાન્ય	અનુ.જાતિ	સામાન્ય.
૩.	૩	૩૪૦૭	સામાન્ય	સામાન્ય	સામાન્ય.
૪.	૪	૩૬૨૭	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ.
૫.	૫	૩૬૭૫	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય.
૬.	૬	૩૭૫૯	સામાન્ય	સામાન્ય	સામાન્ય.
૭.	૭	૩૭૪૫	સામાન્ય	સામાન્ય	સામાન્ય.
૮.	૮	૩૭૩૫	સામાન્ય	સામાન્ય	સામાન્ય.
૯.	૯	૩૮૦૩	સામાન્ય	સામાન્ય	અનુ.જાતિ.

તારીખઃ ૧૬-૪-૧૯૯૪

યો જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ

INDEX

અનુસૂચિ-૧

પત્રક નંબર -૪

વાંકાનેર મ્યુનિસિપાલીટી જીલ્લો-રાજકોટ

વોર્ડ નં.	ઇલેકશન વોર્ડની હદનું વર્ણન
૧.	ઉત્તર દિશા એ મચ્છુ નદી તથા પતાળીયો લોલળા નું સંગમ સ્થાન છે અને નગરપાલીકાની હદ છે. ત્યાં મચ્છુનદીના વચ્ચેના ભાગે ઉત્તર તરફ મચ્છુ નદીના કાંઠે પીલર નંબર -૧૦ થઇ નગરપાલિકાની હદ નક્કી થયેલ છે. તે લાઇન પંચાસર રોડ દક્ષીણ દિશા તરફ પૂર્વથી પશ્ચિમ તરફ સીધી લાઇન લઇને નેશનલ હાઇવે ક્રોસ કરી રેલ્વે લાઇન સુધી જુના સીગ્નલ પાસે પશ્ચિમ દિશા તરફ અને ત્યાંથી નીચના ભાગે પશ્ચિમ દિશા એ રેલવે લાઇને દક્ષીણે તરફ પરશુરામ પોટરી પાસેના રેલ્વે ફાટક તરફ પરશુરામ પોટરીના સામેના ભાગે આવેલ સ્ટાફ કવાર્ટર સુધી અને ત્યાંથી રેલ્વે ક્રોસ કરી રેલ્વેની પૂર્વ દિશા તરફ પરશુરામ પોટરી રોડ ઉપરની ઉત્તર દિશા તરફના ભાગે આવેલ મકાનની પાછળના ભાગે શેરી બીજી પાસે નીચે સેન્ટર લાઇન લઇ તે જ શેરી સ્ટેશન રોડ તરફ જતી શેરી પાસે જે શેરી ની ગોળાઇ આવે છે ત્યાં થઇ ને તે શેરીની પાછળના ભાગની શેરી મીલપ્લોટ શેરી નાં. ૧ માં સેન્ટરલાઇન લઇ સ્ટેશન રોડ તરફ રોડની સેન્ટર લાઇન સુધી અને ત્યાં રોડ ના સેન્ટર થી મીલ પ્લોટ ચોક સુધી અને મીલપ્લોટ ચોકથી જુના સ્ટેશન રોડ તરફ પ્લોટની અને સેન્ટર લાઇન લઇને અમરપરા ની ઉભી શેરી ની પહેલી આડીમાં થઇ અમરપરા મેઇન ઉભી શેરી (મીલ પ્લોટ શેરી-૧) ની સેન્ટર લાઇન લઈ તે શેરીમાં મચ્છુ નદી તરફ રેલવેના પુલ સુધી મચ્છુનદીના રેલ્વે નદીની સેન્ટર લાઇન લઇ મચ્છુ નદીની પુર્વ થી પશ્ચિમ દિશા તરફ નગરપાલીકાની હદ છે. ત્યાં મચ્છુ નદી તથા પતાળીયા વોંકળા નું સંગમ સ્થાન છે.ત્યાં સુધી.
૨.	રેલ્વેની પુર્વ દિસાએ મીલ પ્લોટ શેરી નાં. ૧ પાસેથી રેલ્વેની લાઇનની લાઇન પાસે નગરપાલીકાની હદ નક્કી થયેલ છે. તે મુજબ રેલ્વે લાઇન ને લાઇન થઇ રેલ્વે સ્ટેશન તરફ સ્ટેશનરોડ ઉપર રેલ્વે ફાટક સુધી અને ત્યાંથી રેલ્વેની હદ ત્યાં નગરપાલીકાની હદ છે ત્યાંથી રેલ્વે તથા નગરપાલીકાની હદ પૂર્વ દિશા તરફ રામકૃષ્ણ પોટરી ની પાછળ રેલવે લાઇન તરફ નગરપાલીકાની હદ સુધી ત્યાંથી નીચેના ભાગે (દક્ષીણ)તરફ નગરપાલીકાની હદ થઇ સૌરાષ્ટ્ર સીરેમીક્સ ના પાછળના ખુણા સુધી ધોબીઘાટ તરફ અને ત્યાં પશ્ચિમ તરફ સૌરાષ્ટ્ર સીરેમીક્સ ના પાછળના ભાગે વીશીપરા રોડ ક્રોસ કરી અમરસિંહજી મીલ આગળ અને ત્યાં વીશીપરા ચોક નીશાળ ની પાછળના ભાગ સુધી અને ત્યાંથી અમરસિંહજી મીલની પાછળ ની હદ થઇ સ્ટેશન રોડ સુધી જુના ગું.હા.સો. ના ખુણા સુધી રોડની સેન્ટર લાઇન લઇ અને ત્યાં સ્ટેશન રોડ ઉપર મીલપ્લોટ ચોક તરફ મીલપ્લોટ ચોકની ઉત્તર દિશા તરફ રોડની ગોળાઇ પુરી થાય છે. તે શેરીના ખુણા સુધી મીલ પ્લોટ શેરીન નાં. ૧ માં શેરીની સેન્ટર લાઇન લઇ તે શેરી ની ગોળાઈ પુરી થાય છે. ત્યાં સુધી અને ત્યાંથી પાછળ ની શેરી તરફ સુધી અને ત્યાંથી (શેરીમાં)રેલ્વે લાઇન તરફ નગરપાલીકાની હદ સુધી.
૩.	સ્ટેશન રોડ ઉપર રોડ ની સેન્ટર થી અમરસિંહજી મીલ તથા જુના ગુજરાત હા.સો. પાસેથી મીલની હદ ની લાઇન પૂર્વ દિશા તરફ મીલના પાછળનો વિશીપરા તરફ જતાં રોડ સુધી મીલના ખુણા સુધી અને રોડક્રોસ કરી સૌરાષ્ટ્ર સીરેમીક્સ નાં પાછળના ખુણા થી ધોબીઘાટ નગરપાલીકાની હદ સુધી અને ત્યાંથી મચ્છુ કાંઠે નગરપાલીકાની હદની લાઇન મચ્છુ માતાજીના મંદીર તરફ થઇ નગરપાલીકાની હદ સુધી અને ત્યાંથી મચ્છુ નદીના સામાં કાંઠે દક્ષીણ તરફ નગરપાલીકાની હદની લાઇન લઇ સીટી સ્ટેશન સુધી અને

INDEX

વોર્ડ નં.	ઇલેકશન વોર્ડની હદનું વર્ણન

ત્યાં અમરસિંહજી હાઇસ્કુલ ક્રિકેટ ગ્રાઉન્ડ પાસે રેલ્વે લાઇન પાસે નગરપાલીકાની હદ ની લાઇન લઇ નેશનલ હાઇવે પાસે પેટ્રોલ પંપ સુધી પેટ્રોલ પંપ થી નેશનલ હાઇવે ક્રોસ કરી બોર્ડીંગ રોડ ઉપર અને ત્યાંથી દક્ષીણ દિશા તરફ બ્રાહ્મણ શેરી સુધી અને બ્રાહ્મણ શેરીમાં પૂર્વ થી પશ્ચિમ તરફ થઇ રસીક પરા શેરી નાં. ૩ સુધી અને બ્રાહ્મણ શેરી માંથી શરસીકપરા શેરીનાં. ૩ માં થઇ આડી સાંકડી શેરી સુધી અને ત્યાં સાડકડી શેરીમાં પશ્ચિમ દિશા તરફ જુના ચંપપુર રોડ સુધી ત્યાંથી જીનપરા ચોક થઇ જીનપરા રોડની પહેલી શેરીમાં થઇ જીનીંગ ફેક્ટરી ની હદ સુધી અને જીનની વાડવાળી શેરી તરફ થઇ જીનની વાડવાળી શેરીમાં જીનીંગ ફેક્ટરી ની હદે થઇ પ્રતાપરા શેરી-૪ સુધી અને જીનની વાડવાળી શેરીમાંથી પ્રતાપરા શેરી-૪ માંથી રસાલા રોડ સુધી અને ત્યાંથી રસાલા ચોક તરફ થઇ મુમના બારી રોડ ઉપર દાણાપીઠ ચોક સુધી અને માર્કેટીંગ યાર્ડની ફરતી હદ પોલીશ ચોકી તરફ જતાં પ્રતાપરોડ ઉપર થઇ અને ગ્રીનચોક પોલીશ ચોકીની સામેના ભાગ સુધી ત્યાંથી દાણાપીઠ રોડ ઉપર ગોળાઇ વાળી દુકાનની પાછળના ભાગે થઇ તાલુકા શાળા-૧ ના કમ્પાઉન્ડ સુધી અને ત્યાંથી સીટી સ્ટેશન રોડ ઉપર તાલુકા સ્કુલની આગળની દુકાનો આવેલ છે. તેના પાછળના ભાગે થઇ રસાલા રોડ સુધી અને ત્યાંથી સીટી સ્ટેશન રોડ (રાજ રોડ) ની સેન્ટર લાઇન લઇ અમરસિંહજી હાઇસ્કુલ પાસે નેશનલ હાઇવેના નાલા સુધી અને ત્યાંથી મચ્છુ નદીમાં નેશનલ હાઇવેનાં પુલ તરફ થઇ મચ્છુ નદીની મધ્યબીંદુ સુધી અને ત્યાંથી રેલ્વે પુલ તરફ મચ્છુ નદીના મધ્યબીંદુ ની લાઇનને રેલ્વે પુલ સુધી અને ત્યાંથી ઉત્તર તરફ પુલના છેડા સુધી અને ત્યાંથી પૂર્વ દિશા તરફ મચ્છુ નદી તરફ અમરપરા ઉભી શેરી (શેરી-૧) સુધી અને ત્યાં અમરપરા ઉભી શેરીમાં થઇ પશ્ચિમ તરફની બીજી આડી શેરી અને આડી શેરીમાં થઇ જુના સ્ટેશન રોડ સુધી અને ત્યાંથી મીલ પ્લોટ ચોક થઇ સ્ટેશન રોડ ઉપર થઇ અમરસિંહજી મીલ તથા ગુજરાત હા.સો. ના ખુણા સુધી.

૪. પોલીશ લાઇનનાં ઉત્તર ખુણાથી પોલીસ લાઇનના આવા માટે ના રસ્તા સુધી અને ત્યાંથી ઉત્તર દિશા તરફ રસાલા ચોક થઇ રસાલા રોડ ઉપર પ્રતાપશેરી-૪ સુધી અને પ્રતાપપરા શેરી-૪ માં થઈ જીનની વાડવાળી શેરી સુધી જુનાકમ્પાઉન્ડ વોલ સુધી અન્ને જીનીંગ ફેક્ટરી ની કમ્પાઉન્ડ ની હદ લાઇન જીનપરા ચોક તરફ જીનની વાડવાળી શેરીના પૂર્વ તરફના મકાનની પાછળ થઇ ચોક પાછળની પહેલી શેરી સુધી અને તે શેરીમાં થઇ જીનપરા રોડ ઉપરના ચોક સુધી અને જીનપરા ચોકની પૂર્વ દિશા તરફ રસીકપરા શેરી ૧-૨-૩ ની વચ્ચેના ભાગેના સાંકડી શેરીમાં થઇ શેરી-૩ સુધી અને ત્યાંથી શેરી-૩ માંથી જીનપરા બ્રાહ્મણ શેરીમાં થઇ પુર્વ બાજુ થઇ બોર્ડીંગ રોડ ઉપર થી સામેના ભાગ ઉપર ની શેરીમાં થઈ નેશનલ હાઇવેના પમ્પ પાસે થઇ રેલ્વે લાઇન પાસે નગરપાલીકા ની હદ સુધી અને ત્યાંથી રેલ્વે લાઇન તરફ નગરપાલીકાની હદ દક્ષીણ દિશા તરફ ચંદ્ર પુરના નાલા સુધી નગરપાલીકા હદ સુધી રામજી મંદિર પાસે નગરપાલીકા હદ ની જુના ચંદ્રપુર રોડ જીનપર ચોક તરફ જતાં રોડ ઉપરના દક્ષીણ તરફના મકાનની પાછળના ભાગે નગરપાલીકાની હદ ની લાઇને થઇ પોલીશ લાઇન ની પાછળની ફરતી હદ(નગરપાલીકાની હદ લઇને) પોલીશ લાઇનની હદ ની ઉત્તર ખુણા સુધી.

૫. સહજાનંદ શેરી (ઘાંચી શેરી) ની અમર રોડ ઉપરની સામે મચ્છુ નદીમાં મચ્છુ નદીના મચ્છુ બીંદુથી પૂર્વ દિશા તરફ નેશનલ હાઇવે ના પુલ સુધી અને ત્યાંથી દક્ષીણ દિશા તરફ હાઇવે રોડ થઇ અમરસિંહજી હાઇસ્કુલ પાસેના નાલા સુધી અને ત્યાંથી સીટી સ્ટેશન રોડ (રાજ રોડ) પશ્ચિમ દિશા તરફ ગ્રીન ચોક તરફ તાલુકા શાળા-૧ ના પુર્વ ખુણા સુધી અને તાલુકા સુધીની આગળ ની દુકાનો (સીટી સ્ટેશન રોડ) આવેલ છે. અને તેના પાછળના ભાગે થઇ તાલુકા સ્કુલમાં પશ્ચિમ ખુણા સુધી અને ત્યાંથી ને દક્ષીણ તરફ થઇને ગ્રાની ચોકના દક્ષીણ તરફથી દુકાનોની પાછળના ભાગેથી લાઇન લઇ દાણાપીઠ રોડ સુધી ને ત્યાંથી

INDEX

વોર્ડ નં.	ઇલેકશન વોર્ડની હદનું વર્ણન

પોલીશ ચોકી થી મુમના બારી રોડ તરફ જતાં પ્રતાપ રોડ ઉપર થઇ માર્કેટીંગ વોર્ડની હદે થઇ દાણાપીઠ ચોક સુધી અને ત્યાંથી મુમનાબારી રોડ રસાલા ચોક (પુર્વ) તરફ રસાલા ચોક સુધી અને દક્ષીણ તરફ પોલીશ લાઇન તરફ જતાં રોડ ઉપર થઇને પોલીશ લાઇન સુધી અને ત્યાંથી પોલીશ લાઇનના ઉત્તર ખુણા સુધી નગરપાલીકાની હદ સુધી પશ્ચિમ તરફ નગરપાલીકાની હદે ની લાઇન થઇ મોલ્વી રોડ સુધી અને ત્યાંથી મોલ્વી રોડ રાજકોટ રોડ તરફ (પતાળીયા) તરફ દક્ષીણ દિશા તરફ ની પતાળીયા કોઝવે ના મધ્યબીંદુ સુધી નગરપાલીકાની હદ ની લાઇનને અને ત્યાંથી પતાળીયા ના મધ્યબીંદુ ની ઉત્તર તરફ ના પતાળીયા ના મધ્યબીંદુ થઇ મુમના બારી પમ્પ પાછળ થઇ સીધાનદર ના દરવાજા સુધી ત્યાંથી જવાશા રોડ તરફ દક્ષીણ ખુણા ના પુર્વ સાઇડ તરફના ખુણા ઉપરનું મકાની લાઇન પાછળ ના ભાગે થઇ સિપાઇ શેરી-૧માં થઈ સિપાઇ શેરી-૨ સુધી અને સિપાઇ શેરી-૨ માં આવતા મકાની પછીત લાઇન લઇ મોટીશેરીનાં પુર્વ દિશાના મકાનની પછીત લાઇન લઇ વાણીયા શેરી સુધી અને ત્યાંથી વાણીયા શેરીમાં થઇ પશ્ચિમ દિશાએ જવાના રોડ ના ખુણા સુધી અને ત્યાંથી ઝાંપાફળીના પૂર્વ તરફના મકાનની પાછલી લાઇનથી જાંપા શેરીમાં નાં ઝાંપા સુધી અને ત્યાંથી ઝાંપા શેરીમાં થઈ ઉત્તર તરફ બજાર રોડ ક્રોસ કરી સહજાનંદ શેરી (ઘાંચીશેરી) માં થઇ અમર રોડ થઇ મચ્છુ નદી ના મધ્ય બિંદુ સુધી(સહજાનંદ શેરી સામે) ચાવડી ચોકથી પુર્વ દિશા એ બજાર રોડ ઉપર તરફ ઝાંપા શેરી સુધી અને ત્યાંથી ઝાંપાશેરીમાં થઇ ઝાંપાફળી સુધી અને ઝાપાંફળીના પૂર્વ તરફના મકાનની પછીત લાઇન લઇ જવાસા રોડ સુધી અને ત્યાંથી વાણીયાશેરીમાં થઇ (પૂર્વ તરફ) મોટી શેરીના પશ્ચિમના મકાનની પાછળની લાઇન લઇ સિપાઇ શેરીમાં આવતા ઉત્તર બાજુના મકાનની પછીત લાઇન લઇ અને સિપાઇ શેરી-૧ માં થઇ પ્રતાપરોડ અને પ્રતાપરોડ ઉપરના સિપાઇ શેરીના નામે થી જવાસા રોડના નાકા સુધી પ્રતાપરોડ ઉપરના ઉત્તર તરફના મકાનની પછીત લાઇન લઇ જવાશા રોડ સુધી અને ત્યાંથી દક્ષીણ દિશા તરફ પ્રતાપરોડ ને ક્રોસ કરી સિંધાવદર દરવાજા પાસે થઇ પતાળીયા વોંકળા ના મધ્યબીંદુ સુધી અને પતાળીયા વોંકળા માં પતાળીયા ના મધ્યબીંદુ લાઇને લઇ પુર્વ તરફ રાજકોટ રોડ તરફ જતો મોલવી રોડ ઉપર પતાળીયા ઉપરનો કોઝવે ના મધ્યુબીંદુ સુધી નગરપાલીકા હદ સુધી અને ત્યાં નગરપાલીકાની હદ લઇ દક્ષીણ તરફ લઇ ચુનાના ભઠ્ઠા આગળ થઇ જુના પાદર ના હનુમાનના મંદિર ની પછીતે થઇ દાતાર રોડ ઉપર કબ્રસ્તાનના કમ્પાઉન્ડના (દાતાર રોડ) ઉપરના ખુણાની પશ્ચિમ તરફના ખુણા સુધી અને તે ખુણાથી ઇદમસ્જીદ વાળી શેરીના પાછળના ભાગે છેલ્લા મકાનનાખુણા સુધી અને તે આડી શેરીમાં થઈ ઇદમસ્જીદ વાળી શેરીના સામેના મકાન પુરા થાય છે તે લાઇન લઇ પતાળીયા રોડ ક્રોસ કરી તે લાઇને પતાળીયા રોડના ઉપરના મકાન પુરા થાય છે. તે લઇ પતાળીયા વોંકળાની મધ્યબીંદુ સુધી અને ત્યાંથી પશ્ચિમ તરફ પતાળીયા સુધી અને પુલના મધ્યુબીંદુ થી દરવાજા તરફ જતાં રોડ ઉપર થઇ મારીકીટ ચોક થઇ હરીદાસ રોડ થઇ ચાવડી ચોક સુધી.

૭. નગરપાલીકાની હદ છે ત્યાં ઉપર તરફ મચ્છુ નદી તથા પતાળીયો વોકળોનું સંગમ છે. તે ખુણાથી મચ્છુ નદીના મધ્યબીંદુ થી પૂર્વ દિશા તરફ મચ્છુ નદીમાં થઇ અમર રોડ સહજાનંદ શેરી સામે સુધી ત્યાંથી મચ્છુ નદીમાંથી અમરરોડ ઉપરથી સહજાનંદ શેરીમાં થી બજાર રોડ ઉપર ઝાંપા શેરી સુધી અને ત્યાંથી પશ્ચિમ દિશા તરફ બજાર રોડ ઉપર થઇ ચાવડી ચોક સુધી અને ચાવડી ચોકથી દક્ષીણ દિશા તરફ હરીદાસ રાડ થઇ મારકીટ ચોક પુલ દરવાજાથી સ્ટેચ્યુ તરફ જતાં રોડ ઉપર પતાળીયા વોંકળા ઉપર પુલ આવેલ છે. તેના મધ્યબીંદુ સુધી પતાળીયા વોંકળા ઉપર પુલ આવેલ છે. તેના મધ્યબીંદુ સુધી પતાળીયા વોંકળાના મધ્યબીંદુથી પુલ પાસેથી પશ્ચિમ તરફ પતાળીયામાં થઇ મચ્છુ નદીનું સંગમ સ્થાન છે.ત્યાં સુધી.

INDEX

વોર્ડ નં.	ઇલેકશન વોર્ડની હદનું વર્ણન
૮.	મચ્છુ નદી તથા પતાળીયા વોંકળા નું ઉત્તર દિશા એ સંગમ સ્થાન છે. તે મધ્યુબીંદુ થી પતાળીયા વોંકળાના મધ્યુબીંદુ લઇ ને પૂર્વ દિશા એ પતાળીયા વાંકળામાં થઇ પુલ ક્રોસ કરી ઇદ મસ્જીદ વાળી શેરી ની સામેની લાઇન સુધી અને પતાળીયા વોંકળા થી દક્ષીણ દિશા તરફ રોડ ઉપરના મકાનો ઇદમસ્જીદ વાળી શેરી પાસેથી આડી શેરીમાં પૂર્વ દિશા એ તરફ ના ખુણા સુધી તે કમ્પાઉન્ડ ની લાઇને થઇ કબ્રસ્તાનના કમ્પાઉન્ડ દાતાર રોડ ઉપરના ખુણા સુધી અને કબ્રસ્તાનની કમ્પાઉન્ડ દાતાર રોડ ઉપરના ખુણા સુધી અને કબ્રસ્તાન ખુણા પાસે દાતાર રોડ ઉપર થી આરોગ્ય નગર રાજકોટ રોડ ક્રોસ કરી ગાયત્રી મંદિર તરફ જતાં દાતાર રોડ ઉપર થઇ નગરપાલીકાની હદ સુધી અને ત્યાંથી પશ્ચિમ દિશા તરફ નગરપાલીકાની હદ ની લાઇને પેલેશ કમ્પાઉન્ડ ને ફરતો રાઉન્ડ મારી ધોળેશ્વર મંદિર થઇને નગરપાલીકાની હદે ની લાઇન જડેશ્વર મોરબી રોડ પર થઈ જડેશ્વર મોરબી રોડ ત્યાંથી મોટીવાડી ને જોડતો રસ્તો સુધી નગરપાલીકાની હદની લાઇન અને ત્યાં સુધી મચ્છુનદીમાં પતાળીયો વોંકળા નું સંગમ સ્થાન છે. ત્યાં નગરપાલીકાની હદની લાઇને લઇ મચ્છુ નદીના મધ્યબીંદુ સુધી.
૯.	દાતાર રોડ ઉપર કુંભાર પરા રોડ ઉપર કબ્રસ્તાનના ખુણા પાસેથી પૂર્વ દિશા તરફ જુના પાડઘરા હનુમાનના મંદિરના પાછળના ભાગે થઇ ચુનાના ભઠ્ઠામાં થઇ રાજકોટ રોડ તરફ જતાં મોલવી રોડ ઉપર નગરપાલીકાની હદ સુધી અને ત્યાંથી નગરપાલીકાની હદની દક્ષીણ તરફ રાજકોટ તરફ જકાત નાકા પાસે નગરપાલીકાની હદ સુધી હદની લાઇને અને ત્યાંથી પશ્ચિમ તરફ નગરપાલીકાના હદની લાઇને થઇ આરોગ્ય નગર ગાયત્રી મંદિર તરફ જતાં દાતાર રોડ સુધી નગરપાલીકા હદે તથા ત્યાંથી ઉત્તર તરફ કુંભાર પરા તરફ જતાં દાતાર રોડ રાજકોટ રોડ ક્રોસ કરી કુંભાર પરા ચોક તરફ જતાં કબ્રસ્તાનના ખુણા સુધી.

તા. ૧૬-૪-૧૯૯૪

યો જે. દીક્ષિત,
સચિવ,
રાજય ચૂંટણી પંચ

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

INDEX

Extra No.71 REGISTERED NO. G/GNR/2.

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol.XXXV] SATURDAY, APRIL 16, 1994/ CAITRA 26, 1916.

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ

ગુજરાત રાજ્ય,

ગાંધીનગર

ક્રમાંક : સમક : ૨૬૫૫ : ૯૪

દાહોદ નગરપાલિકાની, જી. પંચમહાલની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ.

ભારતનાં સંવિધાનના ૭૪માં સુધારાને અનુલક્ષીને ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ- ૧૯૬૩ માં રાજ્ય સરકારે ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ ૧૯૯૩ અન્વયે મહત્વનાં સુધારા કરેલાં છે. આ અધિનિયમની કલમ- ૬ પેટા કલમ-૪ અન્વયે નગરપાલિકાની ચૂંટણી, મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી પંચમાં નિહીત થશે. તેવી જોગવાઇ કરેલી છે. અને રાજ્ય ચૂંટણી પંચે કલમ-૬, પેટા કલમ-૫ અન્વયે રાજ્ય સરકારે કરેલાં

INDEX

નિયમો અનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને ચૂંટણી કરવી જોઈએ.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ- ૭, પેટા કલમ- ૨ તથા કલમ- ૯ની પેટા કલમ-૩ અન્વયે જાહેરનામા ક્રમાંક : કેવી ૩૧૨-૯૩ એન.પી.બી ૩૦૯૩ ૫૬૪૬ (૪૧) આર, તા.૧૮:૧૨:૯૩ જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તે અન્વયે દાહોદ શહેરનાં નગરપાલિકાને જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેના સન ૧૯૯૧નાં વસ્તી ગણતરીના આખરી આંકડા પ્રસિદ્ધ થયા છે. તેના આધારે ૧૨ વોર્ડોમાં વહેચવામાં આવેલ છે. નગરપાલિકાના કાઉન્સિલરોની કુલ બેઠકો ૩૬ નક્કી કરવામાં આવી છે. જાહેરનામા અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા પછાતવર્ગ તેમજ મહિલા માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલી છે.

૩. ચૂંટણી પંચે, અધિનિયમની કલમ- ૭, પેટા કલમ- ૨, ખંડ- ૩ પેટા ખંડઃ ખ અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડોમાંની અનુ.જાતી, અનુસૂચિત આદિજાતી, પછાત વર્ગની તથા મહિલાની તરફેણમાં અનામત રાખેલા બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજ્ય સરકારે તેમના જાહેરનામા ક્રમાંક :કેવી:૪૯:૧૯૯૪ એન.પી.એલ ૪૫૯૩ :૩૬૫૫:એમ તા.૧૬-૩-૯૪.અન્વયે અધિનિયમની કલમ- ૨૭૭ની પેટા કલમ- ૨ તથા કલમ- ૬ તથા ૭ અન્વયે વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણીના નિયમો- ૧૯૯૪ અને હવે પછી નિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે બહાર પાડેલ છે.

૫. નિયમોના નિયમ- ૨ અન્વયે નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે, કે શક્ય હોય ત્યાં સુધી બધાજ વોર્ડોના વસ્તી એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસ્તીથી કોઇ પણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહિ તે પ્રમાણે વોર્ડની રચના કરવાની રહે છે. આમ છતાં ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે, સ્થાનિક એક જુથતા તથા ભૌગોલીક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને તુલનામાં લેતા ૧૦ ટકા વધુ વધ કે ઘટ કરીને વોર્ડની રચના કરી શકાશે.

૬ નગરપાલિકાના વોર્ડોનાં સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે. તેમજ સને ૧૯૪૮ના સેન્સસ એકટ મુજબ ના વસ્તી ગણતરીનાં છેવટનાં પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં શહેરની કુલ વસ્તી ૬૬,૫૦૦ આવે છે. જાહેર શહેરને ૧૨ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૫૫૪૨ ની થાય છે.

ઠી કરેલ માહિતીની પંચે તેના કાર્યાલયના અધિકારી/કર્મચારીઓ મારફત ચકાસણી કરાવેલ છે. આ ચકાસણી દરમ્ય જણાયું છે કે એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડનું સીમાંકન કરવાનું ધાર્યું છે તેમાં કોઈપણ વોર્ડમાં ૧૦ ટકા ા વધતી નથી કે ૧૦ ટકાથી વસ્તી ઘટતી નથી.

શહેરનાં વોર્ડોને નિયમ- ૩ની જોગવાઈઓને ધ્યાનમાં લઈ આ સાથે અનુસૂચિ ૧માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવા ાવે છે.આ સીમાંકન નક્કી કરવામાં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજૂથતા, નદી, રેલ્વેલાઈન, રોડલાઈન વગેરે કારણે જરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને એકસરખા વોર્ડ-૧૨ બની રહે તે મુદ્દો વિચારણામા લઈ વોર્ડોનું સીમાંકન નક્કી કરેલું છે.

૯. નિયમોના નિયમ- ૪ અન્વયે દરેક વોર્ડમાં ત્રણ કાઉન્સિલર ચૂંટવાના છે.નિયમ- ૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક બિનઅનામત એટલેકે સામાન્ય બેઠક બની રહેશે. જ્યારે બીજી બેઠક મહિલા, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની મહિલા સહિત માટે અનામત રાખવાની છે. જ્યારે ત્રીજી બેઠક જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચીત આદિજાતિ, પછાતવર્ગ ને ફાળવવાની રહેશે. અને તેવી ફાળવણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો તે બિનઅનામત બેઠક તરિકે ફાળવવાની રહેશે.

૧૦.નિયમોના નિયમ- ૬ અન્વયે અનુસુચિત જાતિ,અનુસૂચીત આદિજાતિની દરેક વોર્ડ ની વસ્તીની ટકાવારીનાં ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તી સંખ્યા વધુ હોય એટલે કે, ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની

INDEX

છે.આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, મહિલા બેઠક સહીત ની બેઠક જે તે વર્ગ ની જે વોર્ડ માં વધુમાં વધુ વસ્તી હોય એટલેકે ટકાવારી ઊંચી હોય તે વોર્ડ માં ફાળવણી નું ધોરણ નિર્ધારીત કરેલ છે,

૧૧. જાહેરનામા અન્વયે શહેર માટે ૨ બેઠકો અનુસુચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે.અને બે બેઠકો પૈકી ૧ બેઠક અનુસૂચિત જાતી ની મહિલા માટે અનામત રાખવાનું નિર્ધારિત કર્યુ છે.

૧૨. પંચે એકઠી કરેલી માહિતી મુજબ શહેરનાં જુદા જુદા ૧૨ વોર્ડની વસ્તી તથા દરેક અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા કમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નં	વોર્ડની વસ્તી	અનુ.જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ.જાતિની વસ્તીની ટકાવારી
૧.	૪	૫૮૮૫	૧૭૮૦	૩૦.૨૪
૨.	૧૧	૫૪૩૭	૩૨૫	૫.૯૭
૩.	૩	૫૫૩૩	૧૩૧	૨.૩૬
૪.	૧	૫૮૬૨	૧૧૧	૧.૮૯
૫.	૭	૫૬૧૩	૯૫	૧.૬૯
૬.	૮	૫૪૨૪	૯૧	૧.૬૭
૭.	૨	૫૬૧૪	૮૬	૧.૫૩
૮.	૬	૫૪૪૪	૬૭	૧.૨૩
૯.	૧૨	૫૨૨૧	૬૩	૧.૨૦
૧૦.	૯	૫૫૪૫	૩૬	૦.૬૫
૧૧.	૫	૫૬૩૩	૧૮	૦.૩૧
૧૨.	૧૦	૫૨૮૯	૧૨	૦.૨૨

૧૩.આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના કમ મુજબ વોર્ડ નં. ૪ તથા ૧૧ માં અનુસૂચિત જાતિની બેઠક નિયમોના નિયમ- ૬ (અ) હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે. અને તે મુજબ ફાળવવામાં આવે છે.

૧૪. અનુસૂચિત જાતિની મહિલા અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગ માટે બેઠક ફાળવાઈ હોય તે વોર્ડની ટકાવારીનાં કમમાં પ્રથમ આવતા ત્રણ વોર્ડ જુથ પૈકી ત્રીજા વોર્ડમાં મહિલા બેઠક ફાળવવી તેમ પંચ માને છે. પરંતુ દાહોદ નગરપાલિકાની રચના માટે જાહેરનામા અન્વયે બે બેઠકો અનુસૂચિત જાતિ માટે અનામત રાખવામા આવી છે. અને શહેરના વોર્ડોમા પછાત વર્ગની વસ્તીની ટકાવારીના ધોરણે સૌથી વધું ટકાવારી ધરાવતા વોર્ડમાં અનુસૂચિત જાતિ અને બીજા કમે આવતા વોર્ડમાં અનુસૂચિત જાતિ - મહિલા માટે અનામત બેઠક અનામત રાખવા ઠરાવવામા આવે છે.આ મુજબ ફાળવણી કરતાં પણ નિયમો અન્વયે દરેક વોર્ડમાં એક મહિલા, એક સામાન્ય બેઠક ફાળવવાની જોગવાઇ છે. તેનું ખંડન ન થાય તેની તકેદારી રાખવાની રહે છે.

૧૫. અનુસુચિત જાતિની બેઠક વોર્ડ નં. ૪ તથા ૧૧ માં નિયમોના નિયમ ૬:અ: અન્વયે ફાળવવામાં આવે છે.તે પૈકી આ વર્ગની મહીલા માટે બેઠકની વહેચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામા આવે છે.

INDEX

વોર્ડ નંબર	બેઠક
૪	અનુસૂચિત જાતિ
૧૧	અનુસૂચિત જાતિ- મહિલા

૧૬. જાહેરનામા અન્વયે શહેર માટે ૫ બેઠકો અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે. અને ૫ બેઠકો પૈકી ૨ બેઠકો અનુસૂચિત આદિજાતિની મહિલા માટે અનામત રાખવાનું નિર્ધારીત કર્યું છે.

પંચે એકઠી કરેલ માહિતી મુજબ શહેરના જુદા જુદા ૧૨ વોર્ડોની વસ્તી તથા દરેક અનુસૂચિત આદિજાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિત થાય છે.

અ.નં.	વોર્ડનંબર	વોર્ડની કુલ વસ્તી	અનુસૂચિત આદિજાતિની વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુસૂચિત આદિજાતિની વસ્તીની ટકાવારી
૧	૨	૩	૪	૫
૧.	૮	૫૪૨૪	૧૭૬૦	૩૨.૪૪
૨.	૧	૫૮૬૨	૧૭૨૧	૨૯.૩૫
૩.	૨	૫૬૧૪	૧૩૬૮	૨૪.૩૬
૪.	૫	૫૬૩૩	૧૦૬૫	૧૮.૯૦
૫.	૪	૫૮૮૫	૯૯૦	૧૬.૮૨
૬.	૧૧	૫૪૩૭	૮૩૯	૧૫.૨૪
૭.	૧૨	૫૨૨૧	૬૧૨	૧૧.૭૨
૮.	૩	૫૫૩૩	૫૬૫	૧૦.૨૧
૯.	૬	૫૪૪૪	૧૮૩	૩.૩૬
૧૦.	૯	૫૫૪૫	૧૮૧	૩.૨૬
૧૧.	૧૦	૫૨૮૯	૩૮	૦.૭૨
૧૨.	૭	૫૬૧૩	૨૮	૦.૪૯

આમ અનુસૂચિત આદિજાતિની વસ્તી ઉંચી ટકાવારી ક્રમ મુજબ વોર્ડ નંબર ૮,૧,૨,૫ તથા ૪ માં અનુસૂચિત આદિજાતિની બેઠક નિયમો ના નિયમ-૬ (અ) અન્વયે અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે. અને તે મુજબ ફાળવવામાં આવે છે. અનુસૂચિત આદિજાતિના મહિલા અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ ક્રમ મુજબ ઉંચી ટકાવારી જોતાં પ્રથમ આવતા ત્રણ વોર્ડ પૈકી ત્રીજા વોર્ડમાં અનુસૂચિત આદિજાતિની મહિલા બેઠક ફાળવવી તેમ પંચ માને છે. પરંતુ આ મુજબ ફાળવણી કરતાં પણ નિયમો અન્વયે દરેક વોર્ડમાં એક મહિલા, એક સામાન્ય બેઠક ફાળવવાની જોગવાઇ છે તેનું ખંડન ન થાય તેની તકેદારી રાખવાની રહે છે.

INDEX

અનુસૂચિત આદિજાતિની બેઠક વોર્ડ નં. ૮,૧,૨,૫ તથા ૪ માં નિયમોના નિયમ- ૬(અ) અન્વયે ફાળવવામાં આવે છે તે પૈકી આ વર્ગના મહિલા માટે બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

વોર્ડ નંબર	બેઠક
૮	અનુસૂચિત આદિજાતિ
૧	અનુસૂચિત આદિજાતિ
૨	અનુસૂચિત આદિજાતિ મહિલા
૫	અનુસૂચિત આદિજાતિ
૪	અનુસૂચિત આદિજાતિ મહિલા

૧૭. જાહેરનામા મુજબ- ૪ બેઠકો પછાતવર્ગો માટે ફાળવેલ છે. તે પૈકી એક બેઠક આ વર્ગની મહિલા માટે અનામત રખાઇ છે.

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો- ૧૯૯૪નાં નિયમ-૬ બી હેઠળ રાજય ચૂંટણી પંચેપછાત વર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. જેના મહત્વનાં પ્રબંધ નીચે પ્રમાણે છે.

(૧) માન્ય રાજકીય પક્ષો તરફથી મળેલ માહિતીનાં અભ્યાસ પરથી જે શહેરનાં જે જે વોર્ડનાં પછાતવર્ગની વસ્તીનાં ધોરણને અનુલક્ષીને જે સર્વ સામાન્ય વોર્ડો હોય તે તે વોર્ડોમાં પછાતવર્ગ માટે અનામત બેઠક ફાળવવાની રહેશે.

(૨) મ્યુનિસિપલ ચીફ ઓફીસર તરફથી છેલ્લી ચૂંટણીમાં જે વોર્ડમાંથી પછાતવર્ગનાં ઉમેદવારો ચૂંટાઈને કોર્પોરેટર તરીકે પદધારણા કરતાં હતા તે વોર્ડમાં ઉપર અનુક્રમ નં. ૧ માં જણાવેલ વોર્ડોમાં બેઠક ફાળવ્યા પછી નિયત સંખ્યા સુધીમાં ફાળવવાની રહેશે.

આથી સ્પષ્ટતા કરવાની કે, જુના વોર્ડોનું સીમાંકન અને નવા વોર્ડોના સીમાંકનમાં ફેરફાર હોય તો જુના વોર્ડોનો મોટા ભાગનો જે વિસ્તાર જે જે નવા વોર્ડનાં સીમાંકનમાં સમાવિષ્ટ થતો હોય તેવા નવા વોર્ડમાં પછાતવર્ગની બેઠક ફાળવવાની રહેશે.

(૩) પછાત વર્ગ માટે અનામત રાખેલી કુલ બેઠકો પૈકી ૧:૩ બેઠકો મહિલા માટે જાહેરનામા અન્વયે અનામત રખાઈ છે. આમ ત્રણ બેઠકો પૈકી એક બેઠક મહિલા માટે અનામત રાખવામાં આવી છે. આ મહિલાનું પ્રમાણ ૧:૩ રહે છે. તેથી તાર્કીક રીતે વિચારતા દર ત્રણ બેઠકો પૈકી ત્રીજી બેઠક મહિલા માટે ફાળવવી તેમ પંચ સ્વિકારે છે.

(૪) પરંતુ જો આ રીતે જે વોર્ડમાં પછાત વર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસુચિત જાતિ અથવા અનુ. આદિજાતિ માટે મહિલા બેઠક ફાળવી હોય તો તે વોર્ડને બદલે તે પછી અનુક્રમે જે વોર્ડ આવે તે વોર્ડમાં પછાતવર્ગની મહિલા બેઠક ફાળવવી.

માન્ય રાજકીય પક્ષોને પંચ તરફથી નગરપાલિકાઓના કયા વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવી તે અંગે સુચનો મોકલવા આ કાર્યાલય તરફથી વિનંતી કરવામાં આવેલ. પરંતુ કોઈ માન્ય રાજકીય પક્ષ તરફથી હજુ સુધી સુચનો કરવામાં આવ્યા નથી.

પંચે અપનાવેલા માપદંડ મુજબ ચીફ ઓફીસર પાસેથી ગત ચૂંટણીમાં પછાતવર્ગનાં કાઉન્સિલરો જુના કયા

વોર્ડમાંથી ચૂંટાયા હતા, અને તે સમગ્ર વોર્ડોનો કે તે વોર્ડોના મોટા ભાગના વિસ્તાર નવા કયા વોર્ડમાં સમાવિષ્ટ થાય છે. તેની માહિતી મેળવવામાં આવી છે તે ચકાસતા નીચે મુજબ હકીકત જણાય છે.

જુનો વોર્ડનં.	વોર્ડની કુલ બેઠકો	ચૂંટાયેલા સભ્યોની સંખ્યા	સૂચિત વોર્ડ નં.
૨	૩	૨	૯
૨		૨	૧૧
૧૦	૨	૧	૭
સને ૧૯૮૧ ની ચૂંટણી મુજબ			
૨	૩	૧	૧૦

આમ બન્ને ચૂંટણીના પરિણામોને ધ્યાનમાં લેતા સુચિત વોર્ડ નં. ૭,૯,૧૦ તથા ૧૧ ના વોર્ડમાં પછાત વર્ગ માટે બેઠક ફાળવવાનું પંચ મુનાસીબ સમજે છે. અને તે મુજબ બેઠક ફાળવવા પંચ ઠરાવે છે. આ વોર્ડો પૈકી ત્રીજા ક્રમે આવતા વોર્ડ નંબર ૧૦ માં પછાત વર્ગ-મહિલા માટે બેઠક ફાળવવાનું પંણ ઠરાવે છે.

૧૯. આ પ્રમાણે અનુસુચિત જાતિ તથા પછાત વર્ગની મહિલા અનામત બેઠકની ફાળવણી કર્યા પછી મહિલા અનામત બેઠક અને સામાન્ય ઉમેદવારોને બાકી રહેતી બેઠક ફાળવવામાં આવે છે.

૨૦. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને નિયમોનાં નિયમ-૩ અન્વયે શહેરોને આ સાથે સંલગ્ન અનુસૂચિ-૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે. અને આ સાથે અનુસુચિ-૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

૨૧. આ પ્રમાણે વોર્ડોનું વિભાજન હદરેખા નકકી કરવાનું અને વોર્ડ ની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

૨૨. ઉપર પ્રમાણે વોર્ડોનું વિભાજન હદરેખા નકકી કરવામાં આવે છે. અને ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે. તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે. અને તે સામે કોઈપણ શખ્સને જાહેર જનતાને સલાહ સુચનો કરવના હોય તો તે આ આદેશ પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૫ દિવસોમાં રાજય ચૂંટણી પંચ બ્લોક નં. ૯, ૬ઠ્ઠે માળે, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા. મુદત વિત્યે આવેલ સુચનો ધ્યાનમાં લેવામાં આવશે નહી.

૨૩. રાજય ચૂંટણી પંચે નગરપાલિકાના વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો છેવટના કરતાં પહેલાં લોકપ્રતિનિધિત્વ ધારો ૧૯૫૧ અન્વયે માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરુરી પરામર્શ કરશે.

તારીખ: ૧૬/૪/૧૯૯૪.

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજય ચૂંટણી પંચ

INDEX

અનુસૂચિ - ૨

રાજ્ય ચૂંટણી પંચ

ગુજરાત રાજય, ગાંધીનગર

દાહોદ નગરપાલિકાની કુલ વસ્તી : ૬૬,૫૦૦

કુલ વોર્ડોની સંખ્યા : ૧૨ સરેરાશ વસ્તી ૧૦ ટકા વધ મુજબ : ૬,૦૯૬

વોર્ડ દીઠ સરેરાશ વસ્તી : ૫,૫૪૨ સરેરાશ વસ્તી ૧૦ ટકા ઘટ મુજબ : ૪,૯૯૮

બેઠકોની સંખ્યા : ૩૬ ૧ બેઠક અનુસૂચીત જાતિ-મહિલા માટે.

મહિલા બેઠકો : ૧૨ ૨ બેઠક અનુસૂચીત આદિજાતિ મહિલા માટે.

૧ બેઠક પછાત વર્ગની મહિલા સહિતની.

અનુસૂચીત જાતી માટે અનામત બેઠકોની સંખ્યા : ૨ પૈકી ૧ મહિલા માટે.

અનુસૂચીત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા : ૫ પૈકી ૨ મહિલા માટે.

પછાત વર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા : ૪ તે પૈકી ૧ મહિલા માટે.

કુલ અનામત બેઠકો: ૧૯

સામાન્ય બેઠકો : ૧૭

અ.નં	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી બીન અનામત	બીજી બેઠકની ફાળવણી મહિલા અનામત	ત્રીજી બેઠકની ફાળવણી
૧.	૧	૫૮૬૨	સામાન્ય	સામાન્ય	અનુ.આદિજાતિ.
૨.	૨	૫૬૧૪	સામાન્ય	અનુઆદિજાતિ.	સામાન્ય.
૩.	૩	૫૫૩૩	સામાન્ય	સામાન્ય	સામાન્ય.
૪.	૪	૫૮૮૫	સામાન્ય	અનુ.આદિજાતિ	અનુ.જાતિ.
૫.	૫	૫૬૩૩	સામાન્ય	સામાન્ય	અનુ.આદિજાતિ.
૬.	૬	૫૪૪૪	સામાન્ય	સામાન્ય	સામાન્ય.
૭.	૭	૫૬૧૩	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ.
૮.	૮	૫૪૨૪	સામાન્ય	સામાન્ય	અનુ.આદિજાતિ.
૯.	૯	૫૫૪૫	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ.
૧૦.	૧૦	૫૨૮૯	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય.
૧૧.	૧૧	૫૪૩૭	સામાન્ય	અનુ.જાતિ	પછાતવર્ગ.
૧૨.	૧૨	૫૨૨૧	સામાન્ય	સામાન્ય	સામાન્ય.

તારીખ: ૧૬-૪-૧૯૯૪

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ

INDEX

અનુસૂચિ-૧

પત્રક નં. ૪

દાહોદ નગરપાલીકા પંચમહાલ જીલ્લો

વોર્ડ નં.	ઇલેકશન વોર્ડની હદનું વર્ણન.
૧.	રેલ્વે લાઇનથી ઉત્તર તરફ મુવાલીયા કેનાલની હદે હદ થઇ રે.સ. નં ૯૯૬૧-એ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ રેલ્વે લાઇનની હદે હદ પશ્ચિમ તરફ આવેલ નગરપાલીકાની હદ સુધી ત્યાંથી ઉત્તર તરફ રે.સ. નં. ૩૬ના ઉત્તર પશ્ચિમ ખુણા સુધી ત્યાંથી રે.સ.નં. ૩૬ ની ઉત્તર હદે ઉત્તર પૂર્વ ખુણા સુધી ત્યાંથી ઉત્તર તરફ ઝાલોદરોડ ક્રોસ કરી રે.સ. નં. ૧૬ ના ઉત્તર પશ્ચિમ ખુણા સુધી. આઇ.ટી.આઇ ના દક્ષિણ પાશ્ચિમ ખુણા સુધી . ત્યાંથી પૂર્વ તરફ મ્યુની. હદે હદ થઇ સ.નવં. ૯૯૬-અની ઉત્તર પૂર્વ તરફ ખુણા સુધી.
૨.	મ્યુની. હદ ઉપર આવેલ રેલ્વે લાઇનથી દક્ષીણ તરફ સ.નં. ૯૯૫-અ-૧ના ઉત્તર પૂર્વ ખુણા સુધી ત્યાંથી પંડ્યા ફોર્મવાલા રસ્તે થઇ ચાકલ્યારોડ સુધી ત્યાંથી દક્ષિણ તરફ રસ્તાની હદે હદ અમૃતઆદીવાસી સોસા. ની દક્ષિણ પૂર્વ ખુણા પાસે પોલીસ લાઇન તળાવડીમાં બનાવેલ ટી.પી. રસ્તાની હદ સુધી ત્યાંથી દક્ષિણ તરફ ડીસ્ટ્રીક્ટ બંગલા તરફ અને તેની દક્ષિણે આવેલ રસ્તાની હદથી છોટાલાલ જાદવજી સ્કુલની દક્ષિણે પશ્ચિમ ખુણા સુધી ત્યાંથી સ્ટેશનરોડ ક્રોસ કરી મ.ગાંધી ગાર્ડનના દક્ષિણ પુર્વ ખુંણા સુધી ત્યાંથી ઉત્તર તરફ મુખ્ય સ્ટેશન રોડની હદે હદ થઇ એસ.ટી.ડેપોની ઉત્તર આવેલ રસ્તાની હદે થઇ ઠક્કર ફળીયાવાલા રસ્તે થઇ રેલ્વે ક્રોસીંગ નં. ૪૫ ની હદ સુધી ત્યાંથી પૂર્વ તરફ રેલ્વે લાઇનની હદે હદ ચાકલ્યારોડ તરફ રેલ્વે લાઇન ઉપર આવેલ નગરપાલીકાની હદ સુધી.
૩.	રેલ્વે લેવલ ક્રોસીંગ નં. ૪૫થી શરુ થઇ ઠક્કર ફળીયા વાલા રસ્તેથી એસ.ટી.ડેપો થઇ મ. ગાંધી ગાર્ડનના દક્ષિણ પુર્વ ખુણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ મુવનાલીયા કેનાલની હદે હેદ થઇ ફખરી સોસાયટી તરફ જવાના ભલવાડ તરફ જવાના રસ્તાની સાથે ઉત્તર તરફ આવતા ટી. પી. સ્કીમના રસ્તાના ક્રોસીંગ સુધી ત્યાંથી ઉત્તર તરફ ટી.પી. સ્કીમના રસ્તાની હદે હદ ફા.પ્લો. નં. ૫ ના ઉત્તર દક્ષિણ ખુણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ ટી.પી. સ્કીમના રસ્તાની હદે હદ નગરપાલીકાની રેલ્વે કોલોની સુધી જતી હદ સુધી ત્યાંથી ઉત્તર તરફ રેલ્વે કોલોનીની બાઉન્ડરીની હદે હજ થઇ રે.સ. નં. ૬૦-બના પૂર્વ ખુણા સુધી ત્યાંથી ઉત્તર તરફ રેલ્વે કોલોનીની હદે હદ થઇ ઠક્કરફળીયાના ઉત્તરે આવેલ રેલ્વે લાઇનની હદ સુધી ત્યાંથી પૂર્વ તરફ પશ્ચિમ તરફથી આવેલ નગરપાલીકાની હદથી શરુ થઇ રેલ્વે લાઇનની હદે હદ રેલ્વે ક્રોસીંગ નં. ૪૫ની હદ સુધી.
૪.	૫ ગેર્મની પાસે આવેલ રે.સ.નં. ૯૯૫ના દક્ષિણ પૂર્વ ખુણા તરફથી શરુ કરી નગરપાલીકાની હદે હ[illegible] દક્ષિણ તરફ મ્યુની.ની હદે હદ મુવાલીયા કેનાલની હદે હદ થઇ રે.સ. નં. ૭૬૭ ના ઉત્તર પૂર્વ [illegible]ના મ્યુની. હદ સુધી અને ત્યાંથી શરુ થઇ દક્ષિણ તરફ નગરપાલીકાની હદે હદ થઇ ધામરડા તરફ જવાના રસ્તા પર આવેલ ફા. પ્લો. નં. ૭૦ ના પુર્વ ખુણા પાસે આવેલ ટી.પી.સ્કીમ ના રસ્તા સુધી ત્યાંથી દક્ષિણ તરફ ફા.પ્લો.નં. ૭૦ની હદવારે થઇ ત્યાંથી પશ્ચિમ તરફ ટા.પ્લો. સ્કીનના રસ્તાની હદે હદ થઇ ફા.પ્લો. નં. ૫૧-૨ પાસેથી આશીર્વાદ દવાખાના તરફ જવાના રસ્તાના વળાંક સુધી.ત્યાંથી આશીર્વાદ દવાખાનાવાલા રોડે રોડે થઈ ફા. પ્લો.નં. ૮૭ નો પૂર્વ હદ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ

વોર્ડ નં.	ઇલેકશન વોર્ડની હદનું વર્ણન.

ચાકલ્યારોડ ક્રોસ કરી સ્ટેશનરોડ કપુર સ્ટુડીયો સુધી ત્યાંથી સ્ટેશનરોડ ઉપર આવેલ ફા. પ્લો. નં. ૮૯. નહેરુબાગના દક્ષિણ પશ્ચિમ ખુણા સુધી ત્યાંથી ઉત્તર તરફ છાબતળાવની હદે હદ થઇ મં. ગાંધી ગાર્ડન વાલા ફા.પ્લો. નં. ૮૮ના દક્ષિણ પશ્ચિમ ના ખુણા સુધી ત્યાંથી પુર્વ તરફ ડાક બંગાલાવાલા રસ્તે પાણીની ટાંકી પાસેનો રસ્તો ક્રોસ કરી પોલીસલાઇનના ઉત્તરે પુષ્પકુંજ સોસાયટી પાસે ટા.પ્લા. સ્કીમના રસ્તાની હદે હદ થઇ ચાકલ્યારોડ આશ્રમ તરફ જવાના રસ્તાના ક્રોસીંગ સુધી ત્યાંથી પુર્વ તરફ પંડ્યાફોર્મ તરફ જવાના રસ્તા ની હદે હદ રે.સ. નં. ૯૯૫ સુધી ત્યાંથી ઉત્તર તરફ સ.નં. ૯૯૫ ના ઉત્તર પૂર્વ ખુણા સુધી.

૫. ધામરડા રોડ ઉપર આવેલ રે.સ. નં. ૭૦૦ના ઉત્તર પૂર્વ ખુણાથી શરુ થઇ મ્યુની. હદે હદ માર્કેટ યાર્ડ સામે આવેલ રે.સ. નં, ૭૦૪ ના દક્ષિણ પૂર્વ ખુણા સુધી ત્યાંથી આ નંબર ના દક્ષિણ પૂર્વ ખુણા પાસે આવેલ રસ્તાથી શરૂ થઇ પશ્ચિમ તરફ રસ્તાની હદે હદ દોલતગંજ બજારવાલા રસ્તે થઇ કોર્ટ રોડ તરફ જવાના રસ્તાના ખુણા ઉપર આવેલ સી. સ. નં. ૨૪૧ના દક્ષિણ પશ્ચિમ ખુણા સુધી ત્યાંથી ઉત્તર તરફ કોર્ટરોડવાલા રસ્તે થઇ ફા. પ્લો નં. ૪૪ ના ઉત્તર પશ્ચિમ ખુણા સુધી ત્યાંથી પૂર્વ તરફ આજ નંબર ના ઉત્તર પશ્ચિમ ખુણાથી શરૂ થઇ આશીર્વાદ હોસ્પીટલ પાસે આવેલ ફા. પ્લો,. નં. ૮૭ ના દક્ષિણ પૂર્વ ખુણા સુધી ત્યાંથી ઉત્તર તરફ ગોવીંદનગર તરફ જવાના રસ્તા ઉપર આવેલ ફા. પ્લો નં. ૭૨-૨ના ઉત્તર પૂર્વ ખુણા સુધી ત્યાંથી ટા. પ્લો. સ્કીમના રોડે રોડ થઇ ફા. પ્લો. નં. ૭૦ ની દક્ષિણે આવેલ રસ્તા સુધી ત્યાંથી ઉત્તર તરફ મ્યુની. હદે હદ થઇ રે. સ. નં. ૭૦૦ ના ઉત્તર પૂર્વ ખુણા સુધી.

૬. ચાકલ્યારોડ ફા. પ્લો.નં. ૪૪ ના ઉતર પશ્ચિમ ખૂણાથી શરૂ થઇ દક્ષિણ તરફ કોર્ટરોડ રસ્તાની હદે થઇ દોલતગંજ બજારની ઉપરે આવેલ સી. સ.નં. ૨૪૧ ના દક્ષિણ પશ્ચિમ ખૂણા સુધી ત્યાંથી પુર્વ તરફ દોલતગંજ બજારવાલા રસ્તા પર આવેલ ડબગરવાડ તરફ જવાના રસ્તાની ખૂંટ ઉપર આવેલ સી.સ.નં. ૫૦૫૦ ની ઉતર પુર્વ ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ નીચવાસ ડબગરવાડવાલા રસ્તે થઇ હનુમાનબજારના આવેલ ઉકડજીના મકાનના દક્ષિણ પશ્ચિમ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ હનુમાન બજારની હદે થઇ નેતાજીબજાર રોડ ક્રોસ કરી મુલ્લાજી બજારના રસ્તે મકાનના દક્ષિણ પુર્વ ખૂણા સુધી ત્યાંથી કડીયાવાડવાલા રસ્તે થઇ સ્લાટવાડ થઇ મોચીવાડમાં આવેલ સી.સ.નં. ૩૨૫૭ના ઉતર પુર્વ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ મ.ગાંધીરોડ તરફ આવેલ મહાવીર શેરીના ખૂંટ ઉપર આવેલ ડૉ. નલીનના દવાખાનાના દક્ષિણ પશ્ચિમ ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ મહાવીર શેરીમાં આવેલ જૈન લોકોની જમણવાડીની દક્ષિણે આવેલ રોડે રોડ થઇ ગુજરાતીવાડ ક્રોસ કરી હરસોલાવોડ થઇ માણેકચંદના કુવા સુધી ત્યાંથી પુર્વ જતા ચાકલ્યારોડ તરફ ચાર રસ્તા પર આવેલ ફા. પ્લોનં. ૪૪ ના ઉતર પશ્ચિમ ખૂણા સુધી.

૭. માણેકચંદ કુવાના ઉતર પશ્ચિમ ખૂણાથી શરૂ થઇ સ્ટેટ બેંકવાલા રસ્તે થઇ હરસોલાવાડમાં આવેલ ગુજરાતી વાડમાં જવાના રસ્તા સુધીને ત્યાંથી પશ્ચિમ તરફ ગુજરાતી વાડવાલા રસ્તે થઇ જૈન જમણવાડી સામે મહાવીર શેરીની ખૂંટ ઉપર આવેલ મકાનના ઉત્તર પશ્ચિમ ખૂણા સુધી ત્યાંથી મહાવીર શેરીમાં થઇ એમ.જી રોડ ઉપર આવેલ ડૉ. નલીનના દવાખાનાના દક્ષિણ પશ્ચિમ ખુણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ એમ.જી. રોડે રોડ થઈ જનતાચોકમાં આવેલ મ્યુની. ધર્મશાળાના દક્ષિણ પશ્ચિમ ખૂણા સુધી ત્યાંથી ઉતર તળાવની કિનારે કિનારે થઇ નહેરૂબાગ પાસે આવેલ નગીના મસ્જીદના ઉતર પશ્ચિમ ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ સ્ટેશનરોડથી ગામ તરફ આવતા સ્ટેશનરોડવાલા રસ્તે માણેકચંદ કુવા સુધી.

૮. સ્ટેશનરોડ ઉપર આવેલ મ. ગાંધી ગાર્ડન પાસે આવેલ મુવાલીયા કેનાલના ઉતર પુર્વ ખૂણાથી શરૂ

INDEX

વોર્ડ નં.	ઇલેકશન વોર્ડની હદનું વર્ણન.

થઇ ફા. પ્લો.નં.૮૮ ના દક્ષિણ પશ્ચિમ ખૂણા સુધી ત્યાંથી છાબ તળાવના કિનારે કિનારે થઇ નહેરૂબાગ પાસે આવેલ નગીના મસ્જીદ થી તળાવની હદ તળાવ ધર્મશાળાના દક્ષિણ પશ્ચિમ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ ગોધરારોડ ઉપર આવેલ વિમલ સોસાયટીના પ્રથમ બંગલાના મકાનના ઉતર પશ્ચિમ ખૂણા સુધી ત્યાંથી સરહદ સોસાયટીના રોડે રોડે થઇ મુવાલીયા કેનાલ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ કેનાલની હદે હદે મ્યુની. હદ ઉપર આવેલ રે.સ.નં.૧૬૧ ના દક્ષિણ પશ્ચિમ ખૂણા સુધી ત્યાંથી ઉતર તરફ ગોધરારોડ ઉપર આવેલ રે.સ.નં. ૧૦૦૬ ના ઉતર પશ્ચિમ ખૂણા સુધી ત્યાંથી ગોધરારોડ ઉપર આવેલ સ.નં. ૧૪૯-અ ના દક્ષિણ પશ્ચિમ ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ નગરપાલિકા હદે હદ થઇ નીલમ સોસાયટીની ઉત્તરે આવેલ ગંદા કુવા તરફ જવાના રસ્તા તરફ રેલ્વે કોલોનીની હદ સુધી ત્યાંથી પૂર્વ તરફ ફા.પ્લો.નં પના ઉતર પશ્ચિમ ખુણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ તળાવ ભીલવાડ તથા ફખરી સોસાયટી તરફ જવાના ટી.પી.રસ્તાની હદે હદ તળાવભીલવાડામાં આવેલ રસ્તા સુધી ત્યાંથી પુર્વ તરફ સ્ટેશન રોડ તરફ આવવાના રસ્તાની હદે હદ થઈ મુક્તિફોજ પાછળ આવેલ મુવાલીયા કેનાલની હદ સુધી ત્યાંથી પૂર્વ તરફ કેનાલની હદે હદ થઇ ફા. પ્લો.નં. ૮૮ના દક્ષિણ પુર્વ ખૂણા સુધી.

૯. મ. ગાંધી રોડ ઉપર આવેલ સી.સ.નં. ૨૪૫૨ ના ઉત્તર પશ્ચિમ ખૂણાથી સરૂ થઇ ખાન ઉકરડા તરફ જવાના રસ્તા ની હદે હદ થઇ ખૂણાવાલાના મકાન સુધી ત્યાંથી પૂર્વ તરફ રસ્તાની હદે હદ થઈ સી.સ. નં. ૨૩૭૨ ના દક્ષિણ પુર્વ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ ધાંચીવાડ જુમ્મા મસ્જીદવાલો રસ્તે થઇ બારીયાવાડ તરફ જવાની ગલીમાં થઇ વલીભાઇ રેડીયાવાલાના મકાનના દક્ષિણ પશ્ચિમ ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ સ્મશાનરોડ તરફ જવાના રસ્તાની હદે હદ થઇ દુધીમતી નદી સુધી ત્યાંથી પશ્ચિમ તરફ દુધીમતી નદીની હદે હદ થઇ મ્યુની. હદેહદ ગોધરા રોડ ઉપર આવેલ વીમલ સોસાયટીની પાછળ આવેલ મુવાલીયા કેનાલની હદ સુધી ત્યાંથી ઉત્તર તરફ વિમલ સોસાઈટીમાં થઈ વિમલ સોસાયટીના રસ્તાના હદે હદ સોસાઈટીના પુર્વ તરફથી લાઈનના ગોધરારોડની સાથે આવેલ વિમલ સોસાયટી બંગલાના ઉત્તર પશ્ચિમ ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ ગોધરા રોડની હદે હદ તળાવ ધર્મશાળાની દક્ષિણ પશ્ચિમ ખૂણા સુધી ત્યાંથી એમ.જી.રોડ ઉપર આવેલ સી.સ.નં. ૨૪૫૨ ના ઉતર પશ્ચિમ ખૂણા સુધી.

૧૦. એમ.જી. રોડ ઉપરઆવેલ સી.સ.નં. ૩૨૫૭ ના ઉતર પુર્વ ખૂણાથી શરૂ થઇ મોચીવાડ સ્લાટવાડ થઈ કડીયાવાડ નીચવાસમા આવેલ સુભાષ નાવીની દુકાનના દક્ષિણ પશ્ચિમ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ ઇસ્લામપુરા તરફ જવાના રોડે રોડ થઇ ઇસ્લામપુરા મસ્જીદની દક્ષિણ તરફના રસ્તાના હદે હદ થઈ દક્ષિણ તરફ ઇસ્લામપુરા તરફ ત્યાંથી ઇસ્લામપુરા રોડ ક્રોસ કરી જોજવાલાની ગલી માં થઇ પીંજારવાડ ચોક સુધી ત્યાંથી દક્ષિણ તરફ મટન માર્કેટની પાછળવાલા રસ્તે થઇ પટડીચોક થઇ મોટા ધાંચીવાડાના રોડે રોડ ઉર્દુશાળા શોપીંગ સેન્ટરના દક્ષિણ પશ્ચિમ ખૂણા સુધી ત્યાંથી ઉતર તરફ રસ્તાની હદે હદ થઇ ખાન ઉકરડાવાલા રસ્તા ઉપર ખુણાવાલાના મકાન સુધી ત્યાંથી ઉત્તર તરફ ખાન ઉકરડાવાલા રોડની હદે હદ થઇ મ. ગાંધી રોડ ઉપર આવેલ સી.સ.નં. ૨૪૯૨ ના ઉતર પશ્ચિમ ખૂણા સુધી ત્યાંથી પુર્વ તરફ એમ.જી.રોડ ની હદે હદ મોચીવાડની ખૂટ ઉપર આવેલ સી.સ.નં. ૩૨૫૭ના ઉતર પુર્વ ખૂણા સુધી.

૧૧. મુલ્લાજી બજારમાં આવેલ ભુરકા પેન્ઠરના મકાના ઉત્તર પુર્વ ખૂણાથી શરૂ થઇ દક્ષિણ તરફ દુકાળપુરાવાલા રસ્તે થઇ ચમારવાડ સુધી ત્યાંથી પુર્વ તરફ પડાવ તરફ જવા ના રસ્તાની હદે હદ પડાવમાં આવેલ મહાદેવનાં મંદિર સુધી ત્યાંથી પુર્વ તરફ પડાવ સરદારચોક થઇ દુધમતી નદી પુલ ઉપર થઇ આર.ટી.ઓ. ચેક પોસ્ટ સુધી ત્યાંથી દાહોદ ઇન્દોરરોડ ઉપર આવેલ મ્યુની. હદ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ

INDEX

વોર્ડ નં.	ઈલેકશન વોર્ડની હદનું વર્ણન.
	મ્યુની. હદે હદ અલીરાજપુર રોડ ઉપર આવેલ રે.સ. નં. ૫૩૬ સુધી ત્યાથી અલીરાજપુર તથા જેસાવાડારોડ ક્રોસ કરી મુવાલીયા કેનાલની હદે હદ નગરપાલિકા હદ સુધી ત્યાંથી નગરાલા તરફ જવાના રસ્તા પર આવેલ મ્યુની. હદ સુધી ત્યાંથી ઉત્તર તરફ દુધીમતી નદી સુધી ત્યાંથી નદી ક્રોસ કરી સ્મશાન તરફ જવાના રસ્તા પર આવેલ વલીભાઇ રેડીયાવાલાના મકાનના દક્ષિણ પશ્ચિમ ખૂણા સુધી ત્યાંથી પુર્વ તરફ બારીયાવાડમાં જવાના રસ્તાની હદે હદ થઇ તે ગલીમાં થઇ ધાંચીવાડા પડાવવાલા રસ્તા પર આવેલ ગની જાડાના મકાનના ઉત્તર પશ્ચિમ ખૂણા સુધી ત્યાંથી પુર્વ તરફ રોડે રોડ થઇ સી.સ.નં. ૨૮૨૨ ના દક્ષિણ પુર્વ ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ મટનમાર્કેટના પાછળના રસ્તે થઇ પાંજારાવાડ ચોક સુધી ત્યાંથી જોજવાલાના મકાન તરફ જવાની ગલીમાં થઇ ઇસ્લામપુરા રોડ ક્રોસ કરી ઇસ્લામપુરા મસ્જીદ ની દક્ષિણ આવેલ રસ્તાની હદે હદ થઇ રૂરતમપુરાવાલા રોડે થઇ મુલ્લાજી બજાર દુકાળપુરા ના ચોકમાં આવેલ ભુરકા પેન્ટર ના મકાનના ઉત્તર પુર્વ ખૂણા સુધી.
૧૨.	દાહોદ વણભોરીવાલા રસ્તા પર આવેલ નગરપાલિકા ની હદ પર આવેલ રે.સ.નં.૭૦૬ના ઉત્તર પુર્વ ખૂણાથી શરૂ થઇ દક્ષિણ તરફ નગરપાલિકાની હદે હદ થઇ દાહોદ ઇન્દોરરોડ ઉપર આવેલ મ્યુની. હદ સુધી ત્યાંથી દાહોદ ઇન્દોરવાલા રસ્તા પર રે.સ.નં. ૫૦૫ ના ઉત્તર ખૂણા ઉપર આર.ટી.ઓ. ચેક પોસ્ટની સામેના ભાગ સુધી ત્યાંથી પડાવમાં આવવાના પડાવવાલા રોડની હદે હદ થઇ પડાવ સરદારચોક સુધી ત્યાંથી પશ્ચિમ તરફ પડાવથી ધાંચીવાડ તરફ જવાના રસ્તા ઉપર ચમારવાડ સામે આવેલ મહાદેવ ના મંદિરની પશ્ચિમે આવેલ દુકાળપુરા મ્યુની. રોડ સુધી ત્યાંથી ઉત્તર.તરફ આવેલ દુકાળપુરાથી મુલ્લાજીબજાર થઇ હનુમાનબજારરોડ થઇ હનુમાનબજાર માંથી ડબગરવાડવાલા મંદિર ફળીયાવાલા રસ્તે થઇ દાલતગંજબજારમાં આવેલ સી.સ.નં. ૫૦૫૦ ના ઉત્તર પુર્વ ખૂણા સામે દરજી જમણવાડીના ખૂણા સુધી ત્યાંથી પુર્વ તરફ ગૌશાળા તરફ જવાના દોલતગજબજારવાલા રસ્તે થઇ ગૌશાળાની દક્ષિણ આવેલ મંડાવાવ તરફ જવાના રસ્તે થઇ માર્કેટયાર્ડની ઉત્તર આવેલ રસ્તાની હદે હદ થઇ દુધમતી નદીમાં કિનારે કિનારે આવેલ રે.સ.નં. ૭૦૬ ના ઉતર પુર્વ ખૂણા સુધી.

તારીખ: ૧૬-૪-૧૯૯૪

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

INDEX

Extra No. 72

REGISTERED NO. G/GNR/2.

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] MONDAY, APRIL 18, 1994/CAITRA 28, 1916.

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rates and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

The Bar Council of Gujarat

Election Notice

It is hereby notified under Rule 6 of the rules framed by the Bar Council of Gujarat under Section 15(2) (a) and (d) approved by the Bar Council of India and Rule 3 of Part IX of the Bar Council of India Rules framed under Section 49 (1) (a) (i) and (j) of the Advocates Act, 1961 that an Election of 25 members to the Bar Council of Gujarat will be held on the 24th day of JUNE, 1994 as per the following time Schedule:-

		Date	Time	Place
1.	Last date for filing Nominations (See Note Below)	5th May, 1994 (THURSDAY)	up to 5.00 p.m.	Office of the Bar Council of Gujarat at Ahmedabad
2.	Scrutiny of Nomination Papers	6th May, 1994 (FRIDAY)	at 5.00 p.m.	Office of the Bar Council of Gujarat at Ahmedabad
3.	Withdrawal of the Candidature	10th May, 1994 (TUESDAY)	Till 5.00 p.m.	Office of the Bar Council of Gujarat at Ahmedabad

INDEX

4. **POLLING**	**24th June, 1994 (FRIDAY)**	**from 10.00 a.m. to 6.00 p.m.**	At the Polling Stations fixed by the Bar Council of Gujarat
5. Counting of Votes	28th June, 1994 (TUESDAY)	from 8.00 a.m. till Completion	Office of the Bar Council of Gujarat at Ahmedabad or at any other place as may be decided.
6. Minimum number of seats that should be filled from amongst Advocates, who on the relevant date, will have been on the State Roll for at least 10 years	THIRTEEN		

(P.V. Hathi)
Returning Officer
The Bar Council of Gujarat

High Court Building,
Navrangpura, Ahmedabad - 380 009
Date : 18th April, 1994

Note :-

1. The prescribed nomination form can be obtained from the office of the Bar Council.
2. The Nomination paper shall be delivered to the Returning Officer either personally or through an agent or sent by Registered post so as to reach the Returning Officer on or before the 5th May, 1994 before 5.00 p.m
3. Every nomination paper shall be accompanied by sum of Rs. 500/- in cash or money order.

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR

INDEX

Extra No. 73

REGISTERED NO. G/GNR/4

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] THURSDAY, APRIL 21, 1994/VAISAKHA 1, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ

નવા સચિવાલય, ગાંધીનગર, ૧૯મી એપ્રિલ, ૧૯૯૪.

ક્રમાંક મતન-૧૧ થી ૧૬-૯૪-૫૪૬.—મુંબઈ પ્રોવિન્શ્યલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯, મુંબઈ પ્રોવિન્શ્યલ મ્યુનિસિપલ કોર્પોરેશન (દ્વિતીય સુધારા) અધિનિયમ ૧૯૯૩ની કલમ ૧૪.૧ તથા મુંબઈ પ્રોવિન્શ્યલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મતદાર નોંધણી) નિયમો, ૧૯૯૪ અન્વયે મળેલ સત્તાની રૂઈએ, ચૂંટણી પંચ, મહાનગરપાલિકાઓના જુદા જુદા વોર્ડોની મતદાર યાદીઓ તૈયાર કરવા અંગે નીચે જણાવ્યા પ્રમાણેનો કાર્યક્રમ નક્કી કરે છે :—

૧. વોર્ડવાર તૈયાર થયેલ મુસદ્દારૂપ મતદાર યાદીઓની પ્રાથમિક પ્રસિધ્ધિ તારીખ ૨૨--૪--૧૯૯૪.

૨. મુસદ્દા રૂપ પ્રસિધ્ધ થયેલ મતદાર યાદીઓ પરત્વે દાવા તથા વાંધા રજૂ કરવા માટેની છેલ્લી તારીખ ૭--૫--૧૯૯૪.

૩. દાવા તથા વાંધા પરત્વે નિર્ણય લેવા માટેની છેલ્લી તારીખ ૨૨--૫--૧૯૯૪.

૪. મતદાર યાદીઓની આખરી પ્રસિધ્ધિની તારીખ ૩૧--૫--૧૯૯૪.

આદેશથી,

યે. જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 74 REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] THURSDAY, APRIL 21, 1994/VAISAKHA 1, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ

નવા સચિવાલય, ગાંધીનગર, ૧૯મી એપ્રિલ, ૧૯૯૪.

ક્રમાંક : મતન-૧૧ થી ૧૬-૯૪-૫૪૭-.—સને ૧૯૪૯ના મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (દ્વિતીય સુધારા) અધિનિયમ, ૧૯૯૩ની કલમ-૧૪.૧ તથા મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મતદાર નોંધણી) નિયમો, ૧૯૯૪ અન્વયે મળેલ સત્તાની રૂઈએ, ચૂંટણી પંચ, મહાનગરપાલિકાઓની જુદા જુદા વોર્ડોની મતદાર યાદીઓ તૈયાર કરવા અંગે નીચે જણાવ્યા પ્રમાણેનો કાર્યક્રમ નક્કી કરે છે :—

૧. વોર્ડવાર તૈયાર થયેલ મુસદ્દારૂપ મતદાર યાદીઓની પ્રાથમિક પ્રસિદ્ધિ તારીખ ૨૮--૪--૧૯૯૪.

૨. મુસદ્દારૂપ પ્રસિદ્ધ થયેલ મતદાર યાદીઓની પરત્વે દાવા તથા વાંધા રજૂ કરવા માટે છેલ્લી તારીખ ૧૩--૫--૧૯૯૪.

૩. દાવા તથા વાંધા પરત્વે નિર્ણય લેવા માટેની છેલ્લી તારીખ ૨૮--૫--૧૯૯૪

૪. મતદાર યાદીઓની આખરી પ્રસિદ્ધિની તારીખ ૩૧--૫--૧૯૯૪.

આદેશથી,
યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ.

IV-C-Ex.-74—1

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 75 REGISTERED NO. G/GNR/2.

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] MONDAY, APRIL 25, 1994/VAISAKHA 5, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

FOOD AND CIVIL SUPPLIES DEPARTMENT

Order

Sachivalaya, Gandhinagar, 25th April, 1994.

No. CHTH-94-42-SGR-1194-GOI-7-B.—The following order issued by the Government of India, Ministry of Food, New Delhi, is republished for general information of public:—

MINISTRY OF FOOD

New Delhi, the 11th April, 1994.

Notification

G.S.R.377/(E).— Inexercise of the powers conferred by clause 5 of the Sugar (Control) Order, 1966 and in supersession of the Government of India in the Ministry of Food Order No. GSR 9 (E) dated the 7th January, 1994, the Central Government hereby directs that no recognised dealer shall hold any stock of vacuum pan sugar or Khandsari (open pan Sugar) for a period exceeding seven days from the date of receipt by him of such stock and shall not keep in stock at any time—

INDEX

(1) Vacuum pan sugar, in the places mentioned below, in excess of the quantities mentioned against each—

(i) in Calcutta and extended area—

(a) recognised dealers who import sugar from outside West Bengal—3,500 quintals;

(b) other recognised dealers—250 quintals;

(ii) in other places—

(a) in cities and towns with a population of one lakh or more—250 quintals;

(b) in other towns and areas with a population of less than one lakh—125 quintals.

(2) Khandsari (open pan sugar) in excess of 250 quintals :

Provided that nothing in this Notification shall apply to the holding or keeping of stock of sugar or Khandsari—

(i) on Government account; or

(ii) by the recognised dealers nominated by a State Government or an officer authorised by it to hold stock for distribution through fair price shops; or

(iii) by the Food Corporation of India :

Provided further that the aforesaid stock hoding limit/turn over period of stocks will not apply to sugar imported under open General Licence.

Further in exercise of the powers conferred by clause 15 of the said Order, the Central Government directs that the State Government or Union Territory Administrations are authorised to fix a lower stock limit in the case of recognised dealers dealing in retail trade.

Explanation:—For the purpose of this Notification—

(i) "Calcutta and extended area" means the area specified in the schedule to the notification of the Government of West Bengal No. 7752 FS/F.5/ 14R 92/61 dated the 16th December, 1964; and

(ii) for counting the period of holding of the stock, the date on which any stock is received by the recognised dealer shall be included.

2. This Notification shall come into force at once.

S. K. TRIPATHI,
Joint Secretary to the Government of India.
[No. 1-3/92-SPY (D.II)]

By order and in the name of the Governor of Gujarat,

G. M. AJBANI,
Section Officer.

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

INDEX

Extra No. 76 REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] MONDAY, APRIL 25, 1994/VAISAKHA 5, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

KANDLA PORT TRUST

CORRIGENDUM

Notification No. : GA/GN/1522 dated 2nd November, 1993 published in the Gujarat Government Gazette–Extra Ordinary Part–IV–C, Volume XXXIV dated the 4th November, 1993.

Following may be substituted in place of the existing entry.

Reference to Page No. :	Existing entry	To be read as
52–14	Under Scale G at item No. 5—Mobile Crane above 12.5 tonnes capacity upto 36 tonnes capacity	Mobile Crane above 12.5 tonnes capacity upto 20 tonnes capacity
52–17	Under Scale I at item No. 9 below the unit column—per hour or part thereof for work other than pull back operation subject to minimum of Rs. 37010/ US $ 761.68	Per hour or part thereof for work other than pull back operation subject to minimum of Rs. 37010/ US $ 1761.68

L. G. BHATT,
Secretary,
Kandla Port Trust.

IV-C-Ex.–76—1

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

INDEX

Extra No.77 REGISTERED NO. G/GNR/2.

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol.XXXV] THURSDAY, APRIL 28, 1994/ VAISAKHA 8, 1916.

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ

બ્લોક નં. ૯, ૬ઠે માળ,
સચિવાલય,
ગાંધીનગર.

ક્રમાંક : સમક : ૨૬૫૬ : ૯૪

ગોધરા નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ.

ભારતનાં સંવિધાનના ૭૪ માં સુધારાને અનુલક્ષીને ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ- ૧૯૬૩ માં રાજ્ય સરકારે ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ- ૧૯૯૩ અન્વયે મહત્વનાં સુધારા કરેલા છે. આ અધિનિયમની કલમ- ૬, પેટા કલમ- ૪ અન્વયે નગરપાલિકાની ચૂંટણી, મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી પંચમાં નિહીત થશે. તેવી જોગવાઇ કરેલી છે. અને રાજ્ય ચૂંટણી પંચે કલમ- ૬; પેટા કલમ- ૫ અન્વયે રાજ્ય સરકારે કરેલાં નિયમો અનુસાર અધિનિયમની જોગવાઇઓને આધીન રહીને ચૂંટણી કરવી જોઇએ.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ- ૭ પેટા કલમ- ૨ તથા કલમ- ૬ની પેટા કલમ ૩ અન્વયે જાહેરનામા ક્રમાંક : કેવી :૩૧૩:૯૩ એન.પી.બી.:૩૦૯૩:૫૬૪૬ (૪૨) આર, તા.૧૮:૧૨:૯૩ જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં

INDEX

આવ્યો છે. તે અન્વયે ગોધરા શહેરનાં નગરપાલિકાને જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેના સન ૧૯૯૧નાં વસ્તી ગણતરીના આખરી આંકડા પ્રસિધ્ધ થયા છે. તેના આધારે ૧૨ વોર્ડોમાં વહેચવામાં આવેલ છે. નગરપાલિકાના કાઉન્સિલરોની કુલ બેઠકો ૩૬ નક્કી કરવામાં આવી છે. જાહેરનામા અન્વયે અનુસૂચીત જાતિ, અનુસૂચીત આદિજાતિ તથા પછાતવર્ગ તેમજ મહિલા માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલી છે.

૩. ચૂંટણી પંચે અધિનિયમની કલમ- ૭ પેટા કલમ- ૨ ખંડ- ૩ પેટા ખંડઃ ખ અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડ માની અનુ.જાતી અનુસૂચીત આદીજાતી, પછાત વર્ગની તથા મહિલાની તરફેણમાં અનામત રાખેલા બેઠકોની ફાળવણી કરવ.ની રહે છે.

૪. રાજ્ય સરકારે તેમના જાહેરનામા ક્રમાંક :કેવી:૪૯:૧૯૯૪ એન.પી.એલ ૪૫૯૩ :૩૬૫૫:એમ તા.૧૬-૩-૯૪.અન્વયે અધિનિયમની કલમ ૨૭૭ની પેટા કલમ- ૨ તથા કલમ- ૬ તથા ૭ અન્વયે વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણીના નિયમો ૧૯૯૪ જેને હવે પછી નિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે બહાર પાડેલ છે.

૫. નિયમોના નિયમ- ૨ અન્વયે નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે, કે શક્ય હોય ત્યાં સુધી બધાજ વોર્ડોના વસ્તી એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસ્તીથી કોઇ પણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહિ તે પ્રમાણે વોર્ડની રચના કરવાની રહે છે. આમ છતાં ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે, સ્થાનિક એક જુથતા તથા ભૌગોલીકતા નજીકપણા કે બીજા અન્ય પરિબળોને તુલનામાં લેતા ૧૦ ટકા વધુ વધ કે ઘટ કરીને વોર્ડની રચના કરી શકાશે.

૬. પંચે નગરપાલિકાના વોર્ડોનાં સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે. તેમજ સને. ૧૯૪૮ ના સેન્સસ એકટ મુજબ સને. ૧૯૯૧ ના વસ્તી ગણતરી નાં છેવટનાં પ્રસીધ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં શહેર ની કુલ વસ્તી ૯૬,૮૧૩ આવે છે. જાહેરનામા મુજબ શહેરને ૧૨ વોર્ડો માં વહેચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૮૦૬૭ ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની પંચે તેના કાર્યાલયના અધિકારી કર્મચારીઓ મારફત ચકાસણી કરાવેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડનુ સીમાંકન કરવાનું ધાર્યુ છે તેમાંકોઈપણ વોર્ડ માં ૧૦ ટકા થી વસ્તી વધતી નથી,૧૦ ટકા થી વસ્તી ઘટતી નથી.

૮. શહેર નાં ૧૨ વોર્ડોને નિયમ- ૩ ની જોગવાઇઓને ધ્યાનમાં લઈ આ સાથે અનુસૂચિ ૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે.આ સીમાંકન નક્કી કરવા માં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજૂથતા, નદી, રેલ્વેલાઈન, રોડલાઈન વગેરે કારણે બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને એકસરખા વોર્ડ-૧૨ બની રહે તે મુદ્દો વિચારણામા લઈ વોર્ડોનું સીમાંકન નક્કી કરેલું છે.

૯. નિયમોના નિયમ- ૪ અન્વયે દરેક વોર્ડ માં ત્રણ કાઉન્સિલર ચૂંટવાના છે. નિયમ- ૫ અન્વયે દરેક વોર્ડ માં થી એક બેઠક બિનઅનામત એટલેકે સામાન્ય બેઠક બની રહેશે. જ્યારે બીજી બેઠક મહિલા (અનુસૂચિત જાતિ, અનુસૂચીત આદિજાતિ, પછાતવર્ગ ની મહિલા સહિત) માટે અનામત રાખવાની છે. જ્યારે ત્રીજી બેઠક જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચીત આદિજાતિ, પછાતવર્ગ ને ફાળવવાની રહેશે. અને તેવી ફાવણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો તે બિનઅનામત બેઠક તરિકે ફાળવવાની રહેશે.

૧૦.નિયમોના નિયમ- ૬ અન્વયે અનુસુચિત જાતિ,અનુસૂચીત આદિજાતિ,ની દરેક વોર્ડ ની વસ્તીની ટકાવારી નાં ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તી (સંખ્યા) વધુ હોય એટલે કે, ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે.આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, મહિલા બેઠક સહીત ની બેઠક જે તે વર્ગ ની જે વોર્ડ માં વધુમાં વધુ વસ્તી હોય. એટલે કે ટકાવારી ઊંચી હોય તે વોર્ડ માં ફાળવણીનું ધોરણ નિર્ધારીત કરેલ છે,

૧૧. જહેરનામા અન્વયે શહેર માટે ૩ બેઠકો અનુસુચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે અને ૩

INDEX

બેઠકો પૈકી ૧ બેઠક અનુસૂચિત જાતિ ની મહિલા માટે અનામત રાખવાનુ નિર્ધારીત કર્યુ છે.

૧૨. પંચે એકઠી કરેલી માહિતી મુજબ શહેરનાં જુદા જુદા ૧૨ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા કમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ નં.	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	અનુ.જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ.જાતિની વસ્તીની ટકાવારી
૧.	૪	૮૧૬૪	૨૪૪૦	૨૯.૮૮
૨.	૧૦	૮૦૪૬	૧૭૭૦	૨૧.૯૯
૩.	૧	૮૦૦૬	૮૫૨	૧૦.૬૪
૪.	૯	૮૧૮૨	૭૮૧	૯.૫૪
૫.	૨	૮૦૭૮	૩૩૮	૪.૧૮
૬.	૧૨	૮૧૧૭	૩૨૪	૩.૯૯
૭.	૮	૮૦૭૪	૨૬૪	૩.૨૬
૮.	૩	૭૯૭૨	૨૫૨	૩.૧૬
૯.	૬	૮૦૯૯	૩	૦.૦૦૩
૧૦.	૫	૭૯૭૮	-	-
૧૧.	૭	૮૦૬૧	-	-
૧૨.	૧૧	૮૦૩૬	૦	-

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના કમ મુજબ વોર્ડ નં. ૪,૧૦ તથા ૧ માં અનુસૂચિત જાતિની બેઠક નિયમોના નિયમ ૬ : અ હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે. અનેતે મુજબ ફાળવવામાં આવે છે.

૧૪. અનુસૂચિત જાતિનાં મહિલા અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગ માટે બેઠક ફાળવાઇ હોય તે વોર્ડની ટકાવારીની કમમાં પ્રથમ આવતાં ત્રણ વોર્ડનાં જુથ પૈકી ત્રીજા વોર્ડમાં જૂથ પૈકી ત્રીજા તથા વોર્ડમાં મહિલા બેઠક ફાળવવી તેમ પંચ માને છે. પરંતુ આ મુજબ ફાળવણી કરતાં પણ નિયમો અન્વયે દરેક વોર્ડમાં એક મહિલા એક સામાન્ય બેઠક ફાળવવાની જોગવાઇ છે. તેનું પંડન ન થાય તે-ની ખેવના રાખવાની રહે છે.

૧૫. અનુસુચિત જાતિની બેઠક વોર્ડ નંબરઃ ૪,૧૦ તથા ૧ માં નિયમોનાં નિયમ ૬.અ અન્વયે ફાળવવામાં આવે છે. તે પૈકી આ વર્ગના મહિલા માટે બેઠકની વ્હેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

INDEX

વોર્ડ નંબર	બેઠક
૪	અનુસૂચિત જાતિ
૧૦	અનુસૂચિત જાતિ
૧	અનુસૂચિત જાતિ મહિલા

૧૬. જાહેરનામા અન્વયે શહેર માટે બે બેઠકો અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે.અને બે બેઠકો પૈકી એક બેઠક અનુસૂચિત આદિજાતિનાં મહિલા માટે અનામત રાખવાનું નિર્ધારીત કર્યુ છે.

પંચે એકઠી કરેલ માહિતી મુજબ શહેરનાં જુદા જુદા ૧૨ વોર્ડોની વસ્તી તથા દરેક વોર્ડની અનુસૂચિત આદિજાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડ વસ્તી	અનુ.આદિજાતિ નીકુલ વસ્તી.	વોર્ડની વસ્તી સામે અનુ. આદિજાતિની વસ્તી ટકાવારી.
૧.	૧	૮૦૦૬	૨૬૦૪	૩૨.૫૨
૨.	૨	૮૦૭૮	૭૯૫	૯.૮૪
૩.	૩	૭૯૭૨	૩૮૩	૪.૮૦
૪.	૪	૮૧૮૨	૩૬૮	૪.૪૯
૫.	૧૨	૮૧૧૭	૨૯૦	૩.૫૭
૬.	૪	૮૧૬૪	૨૧૨	૨.૫૯
૭.	૧૦	૮૦૪૬	૧૮૭	૨:૨૮
૮.	૫	૭૯૭૮	-	-
૯.	૬	૮૦૯૯	-	-
૧૦.	૭	૮૦૬૧	-	-
૧૧.	૮	૮૦૭૪	૪	૦.૦૪
૧૨.	૧૧	૮૦૩૬	-	-

આમ, અનુ.આદિજાતિની વસ્તીની ઉંચી ટકાવારી ના ક્રમ મુજબ વોર્ડ નં. ૧ તથા ૨માં અનુ. આદિજાતિની બેઠક નિયમોના નિયમ-૬(અ) અન્વયે અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે, અને તે મુજબ ફાળવવામાં આવે છે.

અનુ. આદિજાતિનાં મહિલા માટેની અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યત : ક્રમ મુજબ ઉંચી ટકાવારી જોતાં પ્રથમ આવતા ત્રણ વોર્ડ પૈકી ત્રીજા વોર્ડમાં અનુસૂચિત જાતિની મહિલા બેઠક ફાળવવી એમ પંચ માને છે. પરંતુ આ મુજબ ફાળવણી કરતાં પણ નિયમો અન્વયે દરેક વોર્ડમાં એક મહિલા એક સામાન્ય બેઠક ફાળવવાની રહે છે. તેનું ખંડન ન થાય તેની તકેદારી રાખવાની રહે છે.

INDEX

અનુ. આદિજાતિની બેઠક નં. ૧ તથા ૨ માં નિયમ નં. નિયમ-૬ (અ) અન્વયે ફાળવવામાં આવે છે. તે પૈકી આ વર્ગની મહિલા માટે વોર્ડ નં.૨ માં બેઠકની ફાળવણી કરવામાં આવે છે.

૧૭. જાહેરનામા મુજબ ચાર (૪) બેઠકો પછાતવર્ગો માટે ફાળવેલ છે. તે પૈકી ૧ બેઠક આ વર્ગની મહિલા માટે અનામત રખાઈ છે.

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪નાં નિયમ- ૬ (બી) હેઠળ રાજય ચૂંટણી પંચે પછાત વર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. જેના મહત્વનાં પ્રબંધ નીચે પ્રમાણે છે.

(૧) માન્ય રાજકીય પક્ષો તરફથી મળેલ માહિતીનાં અભ્યાસ પરથી જે શહેરનાં જે જે વોર્ડનાં પછાતવર્ગની વસ્તીનાં ધોરણને અનુલક્ષીને જે સર્વ સામાન્ય વોર્ડો હોય તે તે વોર્ડોમાં પછાતવર્ગ માટે અનામત બેઠક ફાળવવાની રહેશે.

(૨) મ્યુનિસિપલ ચીફ ઓફીસર તરફથી છેલ્લી ચૂંટણીમાં જે વોર્ડમાંથી પછાતવર્ગનાં ઉમેદવારો ચૂંટાઈને કોર્પોરેટર તરીકે પદધારણા કરતાં હતા તે વોર્ડમાં ઉપર અનુક્રમ નં. ૧ માં જણાવેલ વોર્ડોમાં બેઠક ફાળવ્યા પછી નિયત સંખ્યા સુધીમાં ફાળવવાની રહેશે.

આથી સ્પષ્ટતા કરવાની કે, જુના વોર્ડોનું સીમાંકન અને નવા વોર્ડોના સીમાંકનમાં ફેરફાર હોય તો જુના વોર્ડોનો મોટા ભાગનો જે વિસ્તાર જે જે નવા વોર્ડનાં સીમાંકનમાં સમાવિષ્ટ થતો હોય તેવા નવા વોર્ડમાં પછાતવર્ગની બેઠક ફાળવવાની રહેશે.

(૩) પછાત વર્ગ માટે અનામત રાખેલી કુલ બેઠકો પૈકી ૧:૩ બેઠકો મહિલા માટે જાહેરનામા અન્વયે અનામત રખાઈ છે. આમ ત્રણ બેઠકો પૈકી એક બેઠક મહિલા માટે અનામત રાખવામાં આવી છે. આ મહિલાનું પ્રમાણ ૧:૩ રહે છે. તેથી તાર્કીક રીતે વિચારતા દર ત્રણ બેઠકો પૈકી ત્રીજી બેઠક મહિલા માટે ફાળવવી તેમ પંચ સ્વીકારે છે.

(૪) પરંતુ જો આ રીતે વોર્ડમાં પછાત વર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસુચિત જાતિ અથવા અનુ. આદિજાતિ માટે મહિલા બેઠક ફાળવી હોય તો તે વોર્ડને બદલે તે પછી અનુક્રમે જે વોર્ડ આવે તે વોર્ડમાં પછાતવર્ગની મહિલા બેઠક ફાળવવી.

૧૯. માન્ય રાજકીય પક્ષોને પંચ તરફથી નગરપાલિકાઓના કયા વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવી તે અંગે સુચનો મોકલવા આ કાર્યાલય તરફથી વિનંતી કરવામાં આવેલ. પરંતુ કોઈ માન્યરાજકીય પક્ષ તરફથી હજુસુધી સુચન કરવામાં આવ્યા નથી.

૨૦. પંચે અપાનાવેલા માપદંડ મુજબ ચીફ ઓફિસર પાસેથી ગત ચૂંટણીમાં પછાત વર્ગના કાઉન્સિલરો જૂના કયા વોર્ડમાંથી ચૂંટાયા હતા અને તે સમગ્ર વોર્ડોનો કે તે વોર્ડનો મોટાભાગનો વિસ્તાર નવા કયા વોર્ડમાં સમાવિષ્ટ થાય છે તેની માહિતી મેળવવામાં આવી છે. તે ચકાસતા નીચે પ્રમાણે હકીકત જણાય છે.

સને ૧૯૯૯ માં ગોધરા નગરપાલિકાની ચૂંટણીના પરિણામ મુજબ પછાતવર્ગ બક્ષીપંચના જુદા જુદા વોર્ડમાંથી ચૂંટાયેલા સભ્યોની માહિતી નીચે પ્રમાણે છે.

અ.નં.	જુના વોર્ડ	કુલ બેઠકોની સંખ્યા	પછાતવર્ગના ચૂંટાયેલા સભ્યોની સંખ્યા	સૂચિત વોર્ડ
૧.	૧	૨	૧	૪
૨.	૭	૩	૩	૮

અ.નં.	જુના વોર્ડ	કુલ બેઠકોની સંખ્યા	પછાતવર્ગના ચૂંટાયેલા સભ્યોની સંખ્યા	સૂચિત વોર્ડ
૩.	૮	૩	૩	૧૧
૪.	૧૦	૩	૩	૬
૫.	૯	૨	૨	૭
૬.	૧૧	૨	૨	૫
૭.	૧૩	૨	૧	૩

૨૧. પંચે અપનાવેલા માપદંડ મુજબ ગત ચૂંટણીના પરિણામનું વિશ્લેષણ કરતાં સુચિત વોર્ડ નં. ૫,૬,૭,૮ તથા ૧૧ માં ૧૦૦ ટકા બેઠકો પરથી પછાત વર્ગના ઉમેદવારો ચૂંટાયા હતા અને તેથી નિર્ધારીત સંખ્યા સુધીમાં વોર્ડ નં. ૫,૬,૭ અને ૮ માં પછાતવર્ગ માટે બેઠક ફાળવવાનું પંચ મુનાસીબ માને છે. અને તે મુજબ બેઠક ફાળવવા પંચ ઠરાવે છે. આ વોર્ડો પૈકી ત્રીજા ક્રમે આવતા વોર્ડ નં. ૭ માં પછાતવર્ગ મહિલા માટે બેઠક ફાળવવાનું પણ પંચ ઠરાવે છે.

૨૨. આ પ્રમાણે અનુસુચિત જાતિ તથા પછાત વર્ગની મહિલા અનામત બેઠકની ફાળવણી કર્યા પછી મહિલા અનામત બેઠક અને સામાન્ય ઉમેદવારોને બાકી રહેતી બેઠક ફાળવવામાં આવે છે.

૨૩. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને નિયમોનાં નિયમ-૩ અન્વયે શહેરોને આ સાથે સંલગ્ન અનુસૂચિ-૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે. અને આ સાથે અનુસુચિ-૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

૨૪. આ પ્રમાણે વોર્ડોનું વિભાજન હદરેખા નકકી કરવાનું અને વોર્ડ ની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

૨૫. ઉપર પ્રમાણે વોર્ડોની હદરેખા નકકી કરવામાં આવે છે. અને ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે, તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે. અને તે સામે કોઈપણ શખ્સને જાહેર જનતાને સલાહ સુચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૫ દિવસોમાં રાજય ચૂંટણી પંચ બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળો, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા. મુદત વિત્યે આવેલ સુચનો ધ્યાનમાં લેવામાં આવશે નહી.

૨૬. રાજય ચૂંટણી પંચે નગરપાલિકાના વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો છેવટના કરતાં પહેલાં લોકપ્રતિનિધિત્વ ધારો- ૧૯૫૧ અન્વયે માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરુરી પરામર્શ કરશે.

તારીખઃ ૨૮/૪/૧૯૯૪.

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજય ચૂંટણી પંચ

INDEX

અનુસૂચિ-૧

ગોધરા નગરપાલિકા

વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડની હદનું વર્ણન
૧.	ભુરાવાવ હાઈવેરોડનીદક્ષીણ તરફએસ.ટી નગરદક્ષીણે ચિત્રા ખાડી પશ્ચીમ તરફ લુણાવાડા લાઈનની ઉત્તર તરફ જતી ચિત્રા ખાળીની પશ્ચીમ તરફ વીલેજ રોડની ઉત્તર તરફ દેવતલાવડીની દક્ષીણ તરફ રે સ ન. ૪૫૪૮!અ, બ ની ઉત્તર રે સ નં. ૧૦૦૧, ૧૦૦૨ અબ્રાહમ પટેલનું મુવાડાની ઉતર તરફ કોલીયારી લુણાવાડા હાઈવે રોડની પૂર્વાતા પાસે રે સ નં. ૧૦૬૦ વીજોલ ગામની હદ, ગોવીંદીની હદની સીમાડે દક્ષીણે જાફરબાદનો સીમાડે રે સ નં. ૮૯, ૯૦, ૯૭ ૧૦૩, ૧૦૪ દાહોદ થી ગોધરા તરફની રેલ્વે લાઈન પશ્ચીમ તરફ રેલ્વે લાઈનની ઉત્તર તરફનો વિસ્તાર હાઈવે બ્રીજની ઉતર તરફ બનેલ તમામ સોસાયટીઓ સમાન્તરે પાર્વતીનગર ગૌશાળાની દુકાનોની દક્ષીણ તરફનો વિસ્તાર, હાઈવે રોડ ઉપરથી પરત ફરતા એસ.ટી. ડીવીઝન અને એસ. ટી. નગર સુધી.
૨.	મંજુબા ધર્મશાળાની સમાન્તરે પૂર્વ તરફ બેન્ક ઓફ બરોડા, દક્ષીણે પૂર્વાતા પાસે લાલા લજપતરાય રોડ, મંજમુદાર ફળીયુ તથા તેની દક્ષીણ તરફ લક્ષમીનારાયણ મંદીરની પૂર્વ તરફ તળાવ સૈયદવાડ જહુરપુરા પીર ટ્રસ્ટ પૂર્વાતા તરફ મ્યુનીસીપાલીટી નુતન બાલમંદિર શોપીંગ સેન્ટરની દુકાનો, લાલબાગ બસ સ્ટેન્ડ નો પૂર્વ તરફ હાઈવે રોડની પૂર્વે પોલીસ લાઈન તથા અંકલેશ્વર મહાદેવની ઉતર તરફનો વિસ્તાર, પૂર્વ તરફ સમાન્તરે પત્થર તલાવડી, પૂર્વ તરફ અડીને આવેલ જાફરાબાદને અડીને આવેલ નગરપાલિકાની હદના આવેલ મકાનો, ઉત્તરે સમાન્તરે વાગડીયાવાસ, રે સ મં. ૧૮૨ વાળો વિસ્તાર, રેલ્વે સડકની દક્ષીણ તરફનો વિસ્તાર પોલીસ હેડ ક્વોર્ટર, લાલબાગ બસ સ્ટેન્ડની ઉત્તરે સમાન્તરે સુઘરાઈ શોપીંગ સેન્ટર, પશ્ચીમ તરફ ફટાકડાની દુકાનોની દક્ષીણ તરફ બાવાની મઢી તથા દક્ષીણનો તમામ વિસ્તાર, કૃષ્ણભવન, પશ્ચીમે કાછીયાવાડ, કન્યાશાળા દક્ષીણ તરફનો વિસ્તાર, પશ્ચીમ તરફ ડૉ. ગીદવાણીરોડની દક્ષીણે ચીઠીયાવાડ થઈ દક્ષીણ તરફ મંજુબા ધર્મશાળા સુધી.
ભારતનાં સંવિધાનના ૭૪ માં સુધારાને અનુલક્ષીને ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ- ૧૯૬૩ માં રાજ્ય સરકારે ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ- ૧૯૯૩ અન્વયે મહત્વનાં સુધારા કરેલા છે. આ અધિનિયમની કલમ- ૬, પેટા કલમ- ૪ અન્વયે નગરપાલિકાની ચૂંટણી, મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી પંચમાં નિહીત થશે. તેવી જોગવાઇ કરેલી છે. અને રાજ્ય ચૂંટણી પંચે કલમ- ૬, પેટા કલમ- ૫ અન્વયે રાજ્ય સરકારે કરેલાં નિયમો અનુસાર અધિનિયમની જોગવાઇઓને આધીન રહીને ચૂંટણી કરવી જોઇએ.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ- ૭ પેટા કલમ- ૨ તથા કલમ- ૬ની પેટા કલમ ૩ અન્વયે જાહેરનામા ક્રમાંક : કેવી ૩૦૭-૯૩. એન.પી.બી ૩૦૯૩. ૫૬૪૬ .(૩૬) આર, તા.૧૮:૧૨:૯૩ જેનો હવે પછી જાહેરનામા તરીકે

INDEX

ઉલ્લેખ કરવામાં આવ્યોછે. તે અન્વયે પાટણ શહેરનાં નગરપાલિકાને જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેના સન ૧૯૯૧નાં વસ્તી ગણતરીના આખરી આંકડા પ્રસિધ્ધ થયા છે. તેના આધારે ૧૨ વોર્ડોમાં વહેચવામાં આવેલ છે. નગરપાલિકાના કાઉન્સિલરોની કુલ બેઠકો ૩૬ નક્કી કરવામાં આવી છે. જાહેરનામા અન્વયે અનુસૂચીત જાતિ અનુસૂચીત આદિજાતિ તથા પછાતવર્ગ તેમજ મહિલા માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલી છે.

૩. ચૂંટણી પંચે અધિનિયમની કલમ- ૭ પેટા કલમ- ૨ ખંડ- ૩ પેટા ખંડઃ ખ અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડ માની અનુ.જાતી અનુસૂચીત આદીજાતી, પછાત વર્ગની તથા મહિલાની તરફેણમાં અનામત રાખેલા બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજ્ય સરકારે તેમના જાહેરનામા ક્રમાંક :કેવી:૪૯:૧૯૯૪ એન.પી.એલ ૪૫૯૩ :૩૬૫૫:એમ તા.૧૬-૩-૯૪.અન્વયે અધિનિયમની કલમ ૨૭૭ની પેટા કલમ- ૨ તથા કલમ- ૬ તથા ૭ અન્વયે વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણીના નિયમો ૧૯૯૪ અને હવે પછી નિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે બહાર પાડેલ છે.

૫. નિયમોના નિયમ- ૨ અન્વયે નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે, કે શક્ય હોય ત્યાં સુધી બધાજ વોર્ડોના વસ્તી એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસ્તીથી કોઇ પણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહિ તે પ્રમાણે વોર્ડની રચના કરવાની રહે છે. આમ છતાં, ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે, સ્થાનિક એક જુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને તુલનામાં લેતાં ૧૦ ટકા વધુ વધ કે ઘટ કરીને વોર્ડની રચના કરી શકશે.

૬. પંચે નગરપાલિકાના વોર્ડોનાં સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે. તેમજ સને .૧૯૪૮ ના સેન્સસ એકટ મુજબ સને. ૧૯૯૧ ના વસ્તી ગણતરી નાં છેવટનાં પ્રસીધ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં શહેર ની કુલ વસ્તી ૯૬,૧૧૨ આવે છે. જાહેરનામા મુજબ શહેરને ૧૨ વોર્ડો માં વહેચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૮૦૦૯ ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતી ની પંચે તેના કાર્યાલય ના અધિકારી\કર્મચારીઓ મારફત ચકાસણી કરાવેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે એકઠી થયેલ માહિતી ના આધારે જે રીતે વોર્ડ નુ સીમાંકન કરવાનું ધાર્યુ છે તેમાં કોઈપણ વોર્ડ માં ૧૦ ટકા થી વસ્તી વધતી નથી કે ૧૦ ટકા થી વસ્તી ઘટતી નથી.

૮. શહેર નાં ૧૨ વોર્ડોને નિયમ- ૩ ની જોગવાઈઓને ધ્યાનમાં લઈ આ સાથે અનુસૂચિ ૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે.આ સીમાંકન નક્કી કરવા માં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજૂથતા, નદી, રેલ્વેલાઈન, રોડલાઈન વગેરે કારણે બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને એકસરખા વોર્ડ-૧૨ બની રહે તે મુદ્દો વિચારણામા લઈ વોર્ડોનું સીમાંકન નક્કી કરેલું છે.

૯. નિયમોના નિયમ- ૪ અન્વયે દરેક વોર્ડ માં ત્રણ કાઉન્સિલર ચૂંટવાના છે.નિયમ- ૫ અન્વયે દરેક વોર્ડ માં થી એક બેઠક બિનઅનામત એટલેકે સામાન્ય બેઠક બની રહેશે. જ્યારે બીજી બેઠક મહિલા (અનુસૂચિત જાતિ, અનુસૂચીત આદિજાતિ, પછાતવર્ગ ની મહિલા સહિત) માટે અનામત રાખવાની છે. જ્યારે ત્રીજી બેઠક જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચીત આદિજાતિ, પછાતવર્ગ ને ફાળવવાની રહેશે. અને તેવી ફાળવણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો તે બિનઅનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે.

૧૦.નિયમોના નિયમ- ૬ અન્વયે અનુસુચિત જાતિ,અનુસૂચીત આદિજાતિ,ની દરેક વોર્ડ ની વસ્તીની ટકાવારી નાં ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તી (સંખ્યા) વધુ હોય-એટલે કે, ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે.આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, (મહિલા બેઠક સહીત) ની બેઠક જે તે વોર્ડ માં ફાળવણીનું ધોરણ નિર્ધારીત કરેલ છે,

૧૧. જહેરનામા અન્વયે શહેર માટે ૩ બેઠકો અનુસુચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે અને ૩

બેઠકો પૈકી ૧ બેઠક અનુસૂચિત જાતિની મહિલા માટે અનામત રાખવાનુ નિર્ધારીત કર્યુ છે.

૧૨. પંચે એકઠી કરેલી માહિતી મુજબ શહેરનાં જુદા જુદા ૧૨ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	અનુ.જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ.જાતિની વસ્તીની ટકાવારી
૧.	૩	૮૦૫૯	૨૬૬૬	૩૩.૦૮
૨.	૧૧	૮૫૩૯	૧૪૬૨	૧૭.૧૨
૩.	૬	૮૭૧૮	૧૪૦૨	૧૬.૦૮
૪.	૧૨	૭૨૯૪	૭૪૯	૧૦.૨૬
૫.	૧૦	૮૩૨૫	૭૦૫	૮.૪૬
૬.	૭	૮૩૮૪	૬૦૨	૭.૧૮
૭.	૧	૭૬૦૨	૫૨૪	૬.૮૯
૮.	૫	૮૪૮૮	૪૦૬	૪.૭૮
૯.	૯	૭૬૮૭	૨૬૨	૩.૪૦
૧૦.	૪	૭૪૫૨	૨૩૬	૩.૧૬
૧૧.	૮	૮૨૮૨	૧૫૮	૧.૯૦
૧૨.	૨	૭૨૮૩	૧૦૯	૧.૪૯

૧૩.આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં. ૩,૧૧ તથા ૬ માં અનુસૂચિત જાતિની બેઠક નિયમોના નિયમ- ૬ (અ) હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે. અનેતે મુજબ ફાળવવામાં આવે છે.

૧૪. અનુસૂચિત જાતિની મહિલા અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસ્તીને ઉતરતા ક્રમે ટકાવારીના ક્રમમાં તથા આવતાં દર ત્રણ વોર્ડનાં જુથ પૈકી ત્રીજા વોર્ડમાં મહિલા બેઠક ફાળવવી તેમ પંચ માને છે. પરંતુ આ મુજબ ફાળવણી કરતાં પણ નિયમો અન્વયે દરેક વોર્ડમાં એક મહિલા, એક સામાન્ય બેઠક ફાળવવાની જોગવાઇ છે. તેનું ખંડન થાય તેની તકેદારી રાખવાની રહે છે. વોર્ડનં. ૩ માં અનુ.જાતિની સૌથી ઉંચી ટકાવારી છે તેથી બેઠક સામાન્યત : અનુ.જાતિને ફાળવવાની રહે. જોહેરનામામાં અનુ.આદિજાતિ માટે એક જ બેઠક નિર્ધારીત કરેલ છે. અને તે વર્ગની વસ્તીની પણ વોર્ડ નં. ૩ સૌથી ઉંચી ટકાવારી છે. આમ વોર્ડ નં. ૩ માં અનુ.જાતિ તેમજ અનુ.આદિજાતિ એમ બન્ને વર્ગ માટે બેઠક ફાળવવાની થાય છે.વધુમાં અનુ.આદિજાતિની મહિલા માટે બેઠક નિર્ધારીત થયેલ નથી વોર્ડ નં. ૩માં અનુ.જાતિની મહિલા માટે બેઠક ફાળવાય તો વર્ગની મહિલા માટે અનામત બેઠક જોગવાઇ પણ સંતોષય તેથી વોર્ડ નં. ૩ માં અનુ.જાતિના મહિલા માટે બીજી બેઠક ફાળવવાનું પંચ મુનાસીબ માને છે અને તેટલે અંશે માપદંડ ફેરફાર કરવામાં આવે છે.

INDEX

૧૫. અનુસુચિત જાતિની બેઠક વોર્ડ નં. ૩,૧૧ તથા ૬ માં નિયમોના નિયમ- ૬:અ: અન્વયે ફાળવવામાં આવે છે. તે પૈકી આ વર્ગની મહિલા માટે બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

વોર્ડ નંબર	બેઠક
૩	અનુસુચિત જાતિ મહિલા
૧૧	અનુ.જાતી.
૬	અનુસૂચિત જાતિ

૧૬. જાહેરનામા અન્વયે શહેર માટે ૧ બેઠકો અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે. અને ૨ બેઠકો પૈકી ૧ બેઠક અનુસૂચિત આદિજાજિ ની મહિલા માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે.

પંચે એકઠી કરેલ માહિતી મુજબ શહેરનાં જુદા જુદા ૧૨ વોર્ડની વસ્તી તથા દરેક અનુસૂચિત આદિજાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	અનુસૂચિત આદિજાતિ ની વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુસૂચિત આદિજાતિ ની વસ્તીની ટકાવારી
૧.	૩	૮૦૫૯	૮૦૯	૧૦.૦૩
૨.	૧૨	૭૨૯૪	૬૯૦	૯.૪૫
૩.	૧	૭૬૦૨	૪૩૨	૫.૬૮
૪.	૨	૭૨૮૩	૨૨૩	૩.૦૬
૫.	૪	૭૪૫૨	૨૦૨	૨.૭૧
૬.	૯	૭૬૮૭	૧૯૭	૨.૫૬
૭.	૬	૮૭૧૮	૧૮૯	૨.૧૬
૮.	૫	૮૪૮૮	૧૨૬	૧.૪૮
૯.	૧૦	૮૩૨૫	૧૪	૦.૧૬
૧૦.	૭	૮૩૮૪	૯	૦.૧૦
૧૧.	૧૧	૮૫૩૮	૬	૦.૦૭
૧૨.	૮	૮૨૮૨	૫	૦.૦૬

આમ, અનુસૂચિત આદિજાતિની વસ્તીની ઉચી ટકાવારી ક્રમ મુજબ વોર્ડ નંબર ૩ માં અનુસૂચિત આદિજાતિની બેઠક નિયમો ના નિયમ ૬. અ. હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે. અન તે મુજબ ફાળવવાનું પંચ ઠરાવે છે.

INDEX

અનુ.આદિજાતિની મહિલા માટે જાહેરનામામાં અનામત બેઠક રાખવાનું નિર્ધારીત થયેલ ન હોઇ તેવી બેઠક ફાળવવાની રહેતી નથી.

આમ, અનુ, આદિજાતિ માટે નીચે જણાવ્યા પ્રમાણે બેઠક ફાળવવામાં આવે છે.

વોર્ડ નંબર	બેઠક
૩	અનુસૂચિત આદિજાતિ

૧૭. જાહેરનામાં મુજબ ૪ બેઠકો પછાતવર્ગો માટે ફાળવેલ છે. તે પૈકી એક બેઠક આ વર્ગની મહિલા માટે અનામત રખાઈ છે.

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો- ૧૯૯૪નાં નિયમ-૬ બી હેઠળ રાજ્ય ચૂંટણી પંચેપછાત વર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. જેના મહત્વનાં પ્રબંધ નીચે પ્રમાણે છે.

(૧) માન્ય રાજકીય પક્ષો તરફથી મળેલ માહિતીનાં અભ્યાસ પરથી જે શહેરનાં જે જે વોર્ડનાં પછાતવર્ગની વસ્તીનાં ધોરણને અનુલક્ષીને જે સર્વ સામાન્ય વોર્ડો હોય તે તે વોર્ડોમાં પછાતવર્ગ માટે અનામત બેઠક ફાળવવાની રહેશે.

(૨) મ્યુનિસિપલ ચીફ ઓફીસર તરફથી છેલ્લી ચૂંટણીમાં જે વોર્ડમાંથી પછાતવર્ગના ઉમેદવારો ચૂંટાઈને કોર્પોરેટર તરીકે પદધારણ કરતાં હતા તે વોર્ડમાં ઉપર અનુક્રમ નં. ૧ માં જણાવેલ વોર્ડોમાં બેઠક ફાળવ્યા પછી નિયત સંખ્યા સુધીમાં ફાળવવાની રહેશે.

આથી સ્પષ્ટતા કરવાની કે, જુના વોર્ડોનું સીમાંકન અને નવા વોર્ડોના સીમાંકનમાં ફેરફાર હોય તો જુના વોર્ડોનો મોટા ભાગનો જે વિસ્તાર જે જે નવા વોર્ડનાં સીમાંકનમાં સમાવિષ્ટ થતો હોય તેવા નવા વોર્ડમાં પછાતવર્ગની બેઠક ફાળવવાની રહેશે.

(૩) પછાત વર્ગ માટે અનામત રાખેલી કુલ બેઠકો પૈકી ૧:૩ બેઠકો મહિલા માટે જાહેરનામા અન્વયે અનામત રખાઈ છે. આમ ત્રણ બેઠકો પૈકી એક બેઠક મહિલા માટે અનામત રાખવામાં આવી છે. આ મહિલાનું પ્રમાણ ૧:૩ રહે છે. તેથી તાર્કીક રીતે વિચારતા દર ત્રણ બેઠકો પૈકી ત્રીજી બેઠક મહિલા માટે ફાળવવી તેમ પંચ સ્વીકારે છે.

(૪) પરંતુ જો આ રીતે વોર્ડમાં પછાત વર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસુચિત જાતિ અથવા અનુ. આદિજાતિ માટે મહિલા બેઠક ફાળવી હોય તો તે વોર્ડને બદલે તે પછી અનુક્રમે જે વોર્ડ આવે તે વોર્ડમાં પછાતવર્ગની મહિલા બેઠક ફાળવવી.

માન્ય રાજકીય પક્ષોને પંચ તરફથી નગરપાલિકાઓના કયા વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવી તે અંગે સુચનો મોકલવા આ કાર્યાલય તરફથી વિનંતી કરવામાં આવેલ. પરંતુ કોઈ માન્યરાજકીય પક્ષ તરફથી હજુસુધી સુચન કરવામાં આવ્યા નથી.

૧૯. પંચે અપનાવેલા માપદંડ મુજબ ચીફ ઓફીસર પાસેથી ગત ચૂંટણીમાં પછાત વર્ગનાં કાઉન્સિલરો જુના કયા વોર્ડમાંથી ચૂંટાયા હતા. અને તે સમગ્ર વોર્ડોનો કે તે વોર્ડોના મોટા ભાગના વિસ્તાર નવા કયા વોર્ડમાં સમાવિષ્ટ થાય છે. તેની માહિતી મેળવવામાં આવી છે.તે માહીતી ચકાસતાં અનુક્રમે જુના વર્ડ નં. ૧,૨, તથા ૭માંથી ગત ચૂંટણી માં કાઉન્સિલરો ચૂંટાયા હોવાનું જણાયું છે જૂના વોર્ડોનો મોટાભાગનો વિસ્તાર અનુક્રમે નવા વોર્ડ નં. ૧૦ તથા ૪ માં સમાવિષ્ટ થયો છે તેથી વોર્ડ નં. ૧૦ તથા પછાતવર્ગની બેઠક ફાળવવા માટે અનામત રાખવા યોગ્ય થશે. વધુમાં માપદંડ મુજબ ચીફ ઓફીસર પાસેથી મંગાવેલ સાહિત્ય ચકાસતાં વોર્ડ નં. ૧ તથા ૧૨ માં પણ પછાતવર્ગની વસ્તી ફાળવવા યોગ્ય માપદંડ મુજબ જણાયું છે.

૨૦. જેથી સમગ્રરીતે વોર્ડ નં. ૧,૪,૧૦ તથા ૧૨ પછાતવર્ગ માટે બેઠક ફાળવવા પરતા અનામત રાખવાનું પંચ ઠરાવે છે.

INDEX

આમ સમગ્ર વિગત જોતાં વોર્ડ નં. ૧,૪,૧૦ તથા ૧૨ માં પછાતવર્ગની બેઠક ફાળવવાની રહે છે તે પૈકી આ વર્ગની મહિલા માટે બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

વોર્ડ નંબર	બેઠક
૧	પછાતવર્ગ
૪	પછાતવર્ગ
૧૦	પછાતવર્ગ મહિલા
૧૨	પછાતવર્ગ

૨૧ આ પ્રમાણે અનુસુચિત જાતિ,અનુ. આદિજાતિ તથા પછાત વર્ગની મહિલા તે પૈકી અનામત બેઠક સહિતની ફાળવણી કર્યા પછી મહિલા અનામત બેઠક અને સામાન્ય ઉમેદવારોને બાકી રહેતી બેઠક ફાળવવામાં આવે છે.

૨૨. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને નિયમોનાં નિયમ-૩ અન્વયે શહેરોને આ સાથે સંલગ્ન અનુસૂચિ-૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે. અને આ સાથે અનુસુચિ-૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

૨૩. આ પ્રમાણે વોર્ડોનું વિભાજન અને હદરેખા નકકી કરવાનું અને વોર્ડ ની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

૨૪. ઉપર પ્રમાણે વોર્ડોની હદરેખા નકકી કરવામાં આવે છે. અને ફાળવણી માટે જે નિર્ણ કરેલ છે. તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે. અને તે સામે કોઈપણ શખ્સને જાહેર જનતાને સલાહ સુચનો કરવના હોય તો તે આ આદેશ પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૫ દિવસોમાં રાજય ચૂંટણી પંચ બ્લોક નં. ૯, દક્કો માળે, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા. મુદત વિત્યે આવેલ સુચનો ધ્યાનમાં લેવામાં આવશે નહી.

૨૫. રાજય ચૂંટણી પંચે શહેરનાં વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો છેવટના કરતાં પહેલાં લોકપ્રતિનિધિત્વ ધારો ૧૯૫૧ અન્વયે માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરુરી પરામર્શ કરશે.

તારીખઃ ૨૮/૪/૧૯૯૪.

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજય ચૂંટણી પંચ

INDEX

અનુસૂચિ-૧

પાટણ મ્યૂનીસીપાલીટી

વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડની હદનું વર્ણન
૧.	પુર્વ દક્ષીણ ખુણેથી પશ્ચિમ તરફ રતનપોળના નાકેથી કનસડા દરવાજા રંગીલા હનુમાન મંદીર, એમ.એન. હાઈસ્કુલ છાત્રાલયનો ભાગ પશ્ચિમે વિક્રમ મહારાજના આશ્રમ થઈને રોટરી નગર થઈ પશ્ચિમે ખુણે સહસ્ત્રલીંગ તળાવ સુધી રેલ્વેલાઈન સુધી જસમા ઓડણની દેરી થઈ પુર્વે ખેતરો થઈ મોટીસરા વિસ્તાર કોટની રાંગે થઈ ખોખરવાડા ટાંકીથઈ જબરેસ્વરી ચોક થઈ સ્ટેટબેંક થઈ રતનપોળના નાકા સુધીનો વિસ્તાર.
૨.	પુર્વના ભાગે ગોળશેરીના નાકેથી પશ્ચિમ તરફ ત્રણ દરવાજા થઈ મદારસા થઈ રતનપોળના નાકા સુધી થઈને સ્ટેટબેંક થઈને જબરેસ્વરી ચોક થઈને ખોખરવાડા પાણીની ટાંકી પાસેનો વિસ્તાર થઈને દક્ષીણ ભાગે કોકાના પાડા ચોક શાકમાર્કેટ થઈને ગોળશેરીના નાકા સુધીનો વિસ્તાર.
૩.	પુર્વ તરફના ભાગેથી ઘીવટાપોળના નાકેથી ગોળશેરી થઈને પશ્ચિમ બાજુએ કોકાના પાડા પાસે શાકમાર્કેટ થઈ ખોપરવાડા ટાંકી થઈને અઘારા દરવાજા બહાર થઈ ઉત્તરના ભાગે કાકોશી પાટણ રેલ્વે તથા પાટણ નગરપાલીકાની હદ સુધી થઈ પુર્વ તરફ છીંટીયા દરવાજા તરફ થઈ ઘીવટા મધ્યવર્તીશાળા થઈ બહુચરાજી માતાનું મંદીર થઈને ઘીવટા પોળના નાકાસુધીનો વિસ્તાર.
૪.	પુર્વના ભાગે પ્રસુતીગૃહ થઈને પશ્ચિમ તરફના ભાગે તરફ મીલનટોકીઝ, હીંગળાચાચર ચોક થઈ ઘેલમાતાનું મંદીર થઈ ઘીવટા પોળના નાકા સુધી થઈને પશ્ચિમ ભાગે બહુચરાજી માતાના મંદીર થઈને છીંડીયા દરવાજા થઈને ઉત્તર તરફ પાટણ કાકોશી રેલ્વેલાઈન થઈ પુર્વ તરફ પીતાંબર તળાવ પાસે રેલ્વે નાળા થઈને અખીલ આંજણા છાત્રાલય થઈ મોદીના દવાખાના થઈને છીંડીયા દરવાજા બહાર દેરાણી જેઠાણી કુવે થઈ વ્યાસગૃહ થઈ પ્રસુતીગૃહ સુધીનો વિસ્તાર.
૫.	પુર્વ તરફ ભાગેથી પશ્ચિમ તરફ પાટણ સિદ્ધપુર જકાતનાકા થઈ રેલ્વેના પહેલા નાળા રેલ્વે સ્ટેશન પાસે નવીન પોસ્ટ ઓફીસ થઈ બગવાડા દરવાજા થઈ પ્રસુતીગૃહ સુધી પશ્ચિમે બાજુએ વ્યાસગૃહ થઈને દેરાણી જેઠાણીના કુવા પાસે થઈને અખીલ આંજણા થઈ ઉત્તર તરફના ભાગે રેલ્વેનાળા થઈ પાટણ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ પોલીટેકનીક કોલેજ વિસ્તાર થઈ પુર્વે ડીસા ચાણસ્મારોડ ટી.બી. હોસ્પિટલ થઈ સિદ્ધપુર ચાર રસ્તા જકાતનાકા સુધીનો વિસ્તાર.
૬.	પુર્વ દક્ષીણ ભાગેથી પશ્ચિમ તરફ સુધીમાં રેલ્વેફાટક ગાયત્રી મંદીર, ગુંગડી તળાવ થઈ ગુંગડી દરવાજા થઈ જુનાગંજ બજાર થઈ હીંગળાચાચર ચોક થઈ સુખડીવટબજાર થઈ રસણીયાવાડા ના નાકે થઈ ને સુખડીવટબજાર થઈ હીંગળાચાચર ચોક થઈ બગવાડા દરવાજા બહાર કોહીનુર સીનેમા થઈ રેલ્વેસ્ટેશન વિસ્તાર થઈ રેલ્વેના પહેલાનાળા થઈ પાટણ સિદ્ધપુર ચાર રસ્તા જકાતનાકા થઈ ડીસા ચાણસ્મા ટી.બી. હોસ્પિટલ પાસે થઈ ઉત્તર તરફના ભાગે નગરપાલિકાની હદ સુધી પુર્વે નગરપાલિકાની હદ તથા સરસ્વતી કેનાલ,જી.આઈ.ડી.સી વૃન્દાવન વેર હાઉસ થઈને રેલ્વે ફાટક સુધીનો વિસ્તાર.
૭.	પુર્વ તરફના ભાગેથી પશ્ચિમ તરફના ભાગે તરફ બુકડી ચોક થઈ પાવરહાઉસ પાસે થઈને

INDEX

વોર્ડ નંબર	ઇલેકશન વોર્ડની હદનું વર્ણન
	રસણીયાવાડા નાકેથી સોનીવાડા ઉત્તર તરફના ભાગે સોનીવાડાની પોળો થઇ હીંગળાચાચર જુના ગંજબજાર બાપુસલાટની હોટલ પાસે થઇ નાગરવાડા રોડ થઇ બુકડીચોક સુધીનો વિસ્તાર.
૮.	પુર્વ તરફના ભાગેથી ગોસનવાડા થઇ ઓડવાસ થઇ ખત્રીવાસ થઇ બ્રાહ્મણવાડા થઇને મમદીવાડા થઇ શકતાવાડા પાછળ થઇ લોટેસ્વર મહાદેવ થઇને લાલાતુતની વાડી પીંજરાકોટ પાવરહાઉસ થઇ બુકડીચોક થઇ ગોસનવાડાનો વિસ્તાર
૯.	પુર્વ દક્ષિણ ભાગેથી પશ્ચિમ તરફ પાવર હાઉસથી પીંજરાકોટ લાલાતુતની વાડી લોટેશ્વર મહાદેવ થઇ લાલ દરવાજા કચેરી વિસ્તાર ધેમરીયા વીર થઇ પશ્ચિમ નગરપાલિકાની હદ સુધી ખેતરવાળો વિસ્તાર ઉત્તર તરફ કાકોશી પાટણ રેલ્વે લાઇન થઇ પુર્વ તરફ રોટરીનગર ત્રિકમમહારા.. નો આશ્રમ થઈ રંગીલા હનુમાન મંદિર થઈ કનસડા દરવાજા થઇ ત્રણ દરવાજા સુખડીવટ બજારનાકે થઇને પાવરહાઉસ સુધીનો વિસ્તાર
૧૦.	પુર્વ દક્ષિણ ભાગે ખાનસરોવર બહાર થઇ દક્ષિણ તરફ બહુચરાજીમાતાના મંદિર પાસે થઇને પશ્ચિમ તરફ નગરપાલિકાની હદ સુધી ખેતરોવાળો વિસ્તાર ઉત્તરે ખેતરવાળો વિસ્તાર થઇને ધેમરીયાવીર પાસે થઇને લાલ દરવાજા ભુતનાથ અખાડા પાસેનો વિસ્તાર થઇને લોટેશ્વર મહાદેવ થઇને પુર્વે રાજકાવાડા ચોક થઇને નાની મસ્જિદનો મહલ્લો થઈ ખાલકપરા પાસે થઇ ખાનસરોવર દરવાજા પાસેનો વિસ્તાર
૧૧.	પુર્વ દક્ષિણ ભાગેથી પશ્ચિમ તરફ ગોપાલનગર વૃન્દાવન સોસાયટી દક્ષિણ ખેતરવાળો વિસ્તાર થઇ મીરાં દરવાજા થઇને પશ્ચિમ બુકડીચોક થઇ નાગરવાડા જુના ગંજબજાર નાકા સુધી ઉત્તર તરફ જુના ગંજબજાર બાપુ સલાટની હોટલના નાકેથી ગુંગડી દરવાજા થઇ ગુગંડી તળાવ ગાયત્રીમંદિર થઇ પુર્વે ગોપાલનગર સુધીનો વિસ્તાર
૧૨.	પુર્વે દક્ષિણ ભાગે પાટણ મહેસાણા રેલ્વે લાઇન નગરપાલિકાની હદ થઇ દક્ષિણે નગરપાલિકા હદ સુધી પદ્મનાભનો રોડ થઇ ખાનસરોવર તળાવ થઇ પશ્ચિમ તરફના ભાગે બહુચરાજીમાતાના મંદિર પાસે થઇને ખાનસરોવર દરવાજા નાની મસ્જીદ મહોલ્લો થઇ રકતાવાડા થઇ ટીંબલીયાવાડા થઇ મીરાં દરવાજા લવાણાવાસ થઇ ઉત્તર તરફના ભાગે ધુંણીયા માર્ગ થઇ પાટણ મહેસાણા રેલ્વે લાઇન સુધીનો વિસ્તાર

તા. ૨૮-૪-૯૪

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ

INDEX

અનુસૂચિ - ૨

રાજ્ય ચૂંટણી પંચ ,
ગુજરાત રાજ્ય,
ગાંધીનગર

પાટણ નગરપાલિકાની કુલ વસ્તી : ૯૬,૧૧૨

કુલ વોર્ડોની સંખ્યા : ૧૨

વોર્ડ દીઠ સરેરાશ વસ્તી : ૮૦૦૯ સરેરાશ વસ્તી ૧૦ ટકા વધ મુજબ : ૮૮૦૯

સરેરાશ વસ્તી ૧૦ ટકા ઘટ મુજબ : ૭૨૦૮

બેઠકોની સંખ્યા : ૩૬

મહિલા બેઠકો : ૧૨ ૧ બેઠક અનુસૂચીત જાતિ માટે.

અનુસૂચીત આદિજાતિ માટે ૧

૧ બેઠક પછાત વર્ગની મહિલા સહિતની.

અનુસૂચીત જાતી માટે અનામત બેઠકોની સંખ્યા : ૩ પૈકી ૧ મહિલા માટે.

અનુસૂચીત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા : ૧

પછાત વર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા : ૪ તે પૈકી ૧ મહિલા માટે.

કુલ અનામત બેઠકો: ૧૮

સામાન્ય બેઠકો : ૧૮

અ.નં	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી બીન અનામત	બીજી બેઠકની ફાળવણી મહિલા અનામત	ત્રીજી બેઠકની ફાળવણી
૧.	૧	૭૬૦૨	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ
૨.	૨	૭૨૮૩	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૩.	૩	૮૦૫૯	સામાન્ય	અનુ.જાતિ	અનુ.આદિજાતિ
૪.	૪	૭૪૫૨	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ
૫.	૫	૮૪૮૮	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૬.	૬	૮૭૧૮	સામાન્ય	સામાન્ય	અનુ.જાતિ
૭.	૭	૮૩૮૪	સામાન્ય	સામાન્ય	સામાન્ય

INDEX

અ.નં	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી બીન અનામત	બીજી બેઠકની ફાળવણી મહિલા અનામત	ત્રીજી બેઠકની ફાળવણી
૮.	૮	૮૨૮૨	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૯.	૯	૭૬૮૭	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૦.	૧૦	૮૩૨૫	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૧૧.	૧૧	૮૫૩૮	સામાન્ય	સામાન્ય	અનુ.જાતિ
૧૨.	૧૨	૭૨૯૪	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ

તારીખઃ ૨૮-૪-૧૯૯૪

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

Extra No.81 REGISTERED NO. G/GNR/2.

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol.XXXV] THURSDAY, APRIL 28, 1994/ VAISAKHA 8, 1916.

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ

બ્લોક નં . ૯, ૬ઠ્ઠો માળ,
સચિવાલય,
ગાંધીનગર.

ક્રમાંક : સમક : ૩૫૫૧ : ૯૪

મહેસાણા નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ.

ભારતના સંવિધાનના ૭૪મા સુધારાને અનુલક્ષીને ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ-૧૯૬૩માં રાજ્ય સરકારે ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ ૧૯૯૩ અન્વયે મહત્વનાં સુધારા કરેલા છે. આ અધિનિયમની કલમ- ૬, પેટા કલમ- ૪ અન્વયે નગરપાલિકાની ચૂંટણી, મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી પંચમાં નિહીત થશે. તેવી જોગવાઇ કરેલી છે. અને રાજ્ય ચૂંટણી પંચે કલમ- ૬, પેટા કલમ- ૫ અન્વયે રાજ્ય સરકારે કરેલાં નિયમો અનુસાર અધિનિયમની જોગવાઇઓને આધિન રહીને ચૂંટણી કરવી જોઇએ.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ- ૭ પેટા કલમ- ૨ તથા કલમ- ૬ની પેટા કલમ ૩ અન્વયે જાહેરનામા ક્રમાંક :

INDEX

કેવી ૩૦૮-૯૩ એન.પી.બી ૩૦૯૩-૫૬૪૬ (૩૭) આર, તા.૧૮:૧૨:૯૩ જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યોછે. તે અન્વયે મહેસાણા શહેરનાં નગરપાલિકાને જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેના સન ૧૯૯૧નાં વસ્તી ગણતરીના આખરી આંકડા પ્રસિદ્ધ થયા છે. તેના આધારે ૧૨ વોર્ડોમાં વહેચવામાં આવેલ છે. નગરપાલિકાના કાઉન્સિલરોની કુલ બેઠકો ૩૬ નક્કી કરવામાં આવી છે. જાહેરનામા અન્વયે અનુસૂચિત જાતિ તથા પછાતવર્ગ તેમજ મહિલા માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલી છે.

૩. ચૂંટણી પંચે અધિનિયમની કલમ- ૭ પેટા કલમ- ૨ ખંડ- ૩ પેટા ખંડ: ખ :અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુ.જાતી અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગની તથા મહિલાની તરફેણમાં અનામત રાખેલા બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજ્ય સરકારે તેમના જાહેરનામા ક્રમાંક :કેવી:૪૯:૧૯૯૪ એન.પી.એલ ૪૫૯૩ :૩૬૫૫:એમ તા.૧૬-૩-૯૪.અન્વયે અધીનીયમની કલમ ૨૭૭ની પેટા કલમ- ૨ તથા કલમ- ૬ તથા ૭ અન્વયે વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણીના નિયમો ૧૯૯૪ અને હવે પછી નિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે બહાર પાડેલ છે.

૫. નિયમોના નિયમ- ૨ અન્વયે નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે, કે શક્ય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોના વસ્તી એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસ્તીથી કોઇ પણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહિ તે પ્રમાણે વોર્ડની રચના કરવાની રહે છે. આમ છતાં ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે, સ્થાનિક એક જુથતા તથા ભૌગોલીક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને તુલનામાં લેતા ૧૦ ટકા વધુ વધ કે ઘટ કરીને વોર્ડની રચના કરી શકાશે.

૬. પંચે નગરપાલિકાના વોર્ડોનાં સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે. તેમજ સને. ૧૯૪૮ના સેન્સસ એકટ મુજબ સને. ૧૯૯૧ના વસ્તી ગણતરીનાં છેવટનાં પ્રસીધ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં શહેરની કુલ વસ્તી ૮૮,૨૦૧ આવે છે. જાહેરનામા મુજબ શહેરને ૧૨ વોર્ડો માં વહેચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૭૩૫૦ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની પંચે તેના કાર્યાલયના અધિકારી/કર્મચારીઓ મારફત ચકાસણી કરાવેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડનું સીમાંકન કરવાનું ધાર્યુ છે તેમાં કોઈ પણ વોર્ડમાં ૧૦ ટકા થી વસ્તી વધતી નથી કે ૧૦ ટકા થી વસ્તી ઘટતી નથી.

૮. શહેર નાં ૧૨ વોર્ડોને નિયમ- ૩ ની જોગવાઇઓને ધ્યાનમાં લઈ આ સાથે અનુસૂચિ ૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે.આ સીમાંકન નક્કી કરવા માં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજૂથતા, નદી; રેલ્વેલાઈન, રોડલાઈન વગેરે કારણે બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને, એકસરખા વોર્ડ-૧૨ બની રહે તે મુદ્દો વિચારણામા લઈ વોર્ડોનું સીમાંકન નક્કી કરેલું છે.

૯. નિયમોના નિયમ- ૪ અન્વયે દરેક વોર્ડ માં ત્રણ કાઉન્સિલર ચૂંટવાના છે. નિયમ- ૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક બિનઅનામત એટલેકે સામાન્ય બેઠક બની રહેશે. જ્યારે બીજી બેઠક મહિલા, (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની મહિલા સહિત)માટે અનામત રાખવાની છે. જ્યારે ત્રીજી બેઠક જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગને ફાળવવાની રહેશે. અને તેવી ફાળવણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો તે બિનઅનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે.

૧૦. નિયમોના નિયમ- ૬ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિની દરેક વોર્ડની વસ્તીની ટકાવારીનાં ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તી (સંખ્યા) વધુ હોય એટલે કે, ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, (મહિલા બેઠક સહીત)ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ વસ્તી હોય એટલે કે ટકાવારી ઊંચી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારીત કરેલ છે.

INDEX

૧૧. જાહેરનામા અન્વયે શહેર માટે ૪ બેઠકો અનુસુચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે.અને ૪ બેઠકો પૈકી ૧ બેઠક અનુસૂચિત જાતિની મહિલા માટે અનામત રાખવાનું નિર્ધારીત કર્યું છે.

૧૨. પંચે એકઠી કરેલી માહિતી મુજબ શહેરનાં જુદા જુદા ૧૨ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા કમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	અનુ.જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ.જાતિની વસ્તીની ટકાવારી
૧.	૧૨	૬૬૪૨	૩૨૩૭	૪૮.૭૩
૨.	૩	૭૬૨૪	૧૯૯૧	૨૬.૧૧
૩.	૨	૭૭૫૦	૧૨૦૩	૧૫.૫૨
૪.	૫	૭૮૯૨	૫૭૫	૭.૨૯
૫.	૬	૭૩૫૬	૫૩૪	૭.૨૬
૬.	૪	૭૦૫૨	૪૮૪	૬.૮૬
૭.	૧૧	૭૦૫૮	૩૪૨	૪.૮૪
૮.	૮	૭૮૭૧	૨૪૧	૩.૦૬
૯.	૧	૭૬૭૧	૨૧૦	૨.૭૪
૧૦.	૧૦	૭૦૩૪	૮૯	૧.૨૭
૧૧.	૯	૭૦૭૯	૭૭	૧.૦૯
૧૨.	૭	૭૧૭૨	-	-

૧૩.આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં. ૧૨,૩,૨ તથા ૫ માં અનુસૂચિત જાતિની બેઠક નિયમોના નિયમ- ૬ (અ) હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે. અનેતે મુજબ ફાળવવામાં આવે છે.

૧૪. અનુસૂચિત જાતિના મહિલા અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસ્તીની ઉતરતા ક્રમે ટકાવારીના ક્રમમાં પ્રથમ આવતા દર ત્રણ વોર્ડના જુથ પૈકી ત્રીજા વોર્ડમાં મહિલા બેઠક ફાળવવી તેમ પંચ માને છે. પરંતુ આ મુજબ ફાળવણી કરતાં પણ નિયમો અન્વયે દરેક વોર્ડમાં એક મહિલા એક સામાન્ય બેઠક ફાળવવાની જોગવાઇ છે. તેનું ખંડન ન થાય તેની તકેદારી રાખવાની રહે છે.

૧૫. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં. ૧૨,૩,૨ તથા ૫ માં નિયમોના નિયમ ૬:અ: અન્વયે ફાળવવામાં આવે છે. તે પૈકી આ વર્ગના મહિલા માટે બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

INDEX

વોર્ડ નંબર	બેઠક
૧૨	અનુસુચિત જાતિ
૩	અનુસૂચિત જાતિ
૨	અનુસૂચિત જાતિ મહિલા
૫	અનુસૂચિત જાતિ

૧૬. જાહેરનામા અન્વયે અનુસુચૂતિ આદિજાતિ માટે કોઇ બેઠક અનામત નિર્ધારિત કરવામાં આવેલ નથી.તેથી આ વર્ગની બેઠક ફાળવવાની રહેતી નથી.

૧૭. જાહેરનામા મુજબ ૪ બેઠકો પછાતવર્ગો માટે ફાળવેલ છે. તે પૈકી એક બેઠક આ વર્ગની મહિલા માટે અનામત રખાઇ છે.

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો- ૧૯૯૪નાં નિયમ-૬ બી હેઠળ રાજ્ય ચૂંટણી પંચેપછાત વર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. જેના મહત્વનાં પ્રબંધ નીચે પ્રમાણે છે.

(૧) માન્ય રાજકીય પક્ષો તરફથી મળેલ માહિતીનાં અભ્યાસ પરથી જે શહેરનાં જે જે વોર્ડનાં પછાતવર્ગની વસ્તીનાં ધોરણને અનુલક્ષીને જે સર્વ સામાન્ય વોર્ડો હોય તે તે વોર્ડોમાં પછાતવર્ગ માટે અનામત બેઠક ફાળવવાની રહેશે.

(૨) મ્યુનિસિપલ ચીફ ઓફીસર તરફથી છેલ્લી ચૂંટણીમાં જે વોર્ડમાંથી પછાતવર્ગનાં ઉમેદવારો ચૂંટાઈને કોર્પોરેટર તરીકે પદધારણા કરતાં હતા તે વોર્ડમાં ઉપર અનુક્રમ નં. ૧ માં જણાવેલ વોર્ડોમાં બેઠક ફાળવ્યા પછી નિયત સંખ્યા સુધીમાં ફાળવવાની રહેશે.

આથી સ્પષ્ટતા કરવાની કે, જુના વોર્ડોનું સીમાંકન અને નવા વોર્ડોના સીમાંકનમાં ફેરફાર હોય તો જુના વોર્ડોનો મોટા ભાંગનો જે વિસ્તાર જે જે નવા વોર્ડનાં સીમાંકનમાં સમાવિષ્ટ થતો હોય તેવા નવા વોર્ડમાં પછાતવર્ગની બેઠક ફાળવવાની રહેશે.

(૩) પછાત વર્ગ માટે અનામત રાખેલી કુલ બેઠકો પૈકી ૧:૩ બેઠકો મહિલા માટે જાહેરનામા અન્વયે અનામત રખાઈ છે. આમ ત્રણ બેઠકો પૈકી એક બેઠક મહિલા માટે અનામત રાખવામાં આવી છે. આ મહિલાનું પ્રમાણ ૧:૩ રહે છે. તેથી તાર્કીક રીતે વિચારતા દર ત્રણ બેઠકો પૈકી ત્રીજી બેઠક મહિલા માટે ફાળવવી તેમ પંચ સ્વીકારે છે.

(૪) પરંતુ જો આ રીતે વોર્ડમાં પછાત વર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસુચિત જાતિ અથવા અનુ. આદિજાતિ માટે મહિલા બેઠક ફાળવી હોય તો તે વોર્ડને બદલે તે પછી અનુક્રમે જે વોર્ડ આવે તે વોર્ડમાં પછાતવર્ગની મહિલા બેઠક ફાળવવી.

માન્ય રાજકીય પક્ષોને પંચ તરફથી નગરપાલિકાઓના કયા વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવી તે અંગે સુચનો મોકલવા આ કાર્યાલય તરફથી વિનંતી કરવામાં આવેલ. પરંતુ કોઈ માન્યરાજકીય પક્ષ તરફથી હજુસુધી સુચન કરવામાં આવ્યા નથી..

૧૯. પંચે અપનાવેલા માપદંડ મુજબ ચીફ ઓફીસર પાસેથી ગત ચૂંટણીમાં પછાત વર્ગનાં કાઉન્સિલરો જુના કયા વોર્ડમાંથી ચૂંટાયા હતા. અને તે સમગ્ર વોર્ડોનો કે તે વોર્ડનાં મોટા ભાગના વિસ્તાર નવા કયા વોર્ડમાં સમાવિષ્ટ થાય છે. તેની માહિતી મેળવવામાં આવી છે.તે માહીતી ચકાસતાં જુના વોર્ડ નં. ૩ તથા ૫ માંથી ગત ચૂંટણી માં કાઉન્સિલરો ચૂંટાયા હોવાનું જણાયું છે. જૂના વોર્ડ ન. ૩ તથા ૫ નો મોટાભાગનો વિસ્તાર અનુક્રમે નવા વોર્ડ નં. ૨ માં સમાવિષ્ટ થયો છે. જુના વોર્ડ નંબર ૮ માંથી તેમજ વોર્ડ નં. ૭ માંથી તેમજ જુના વોર્ડ નં. ૧૦ માંથી પણ ગત ચૂંટણીમાં કાઇન્સિલરો ચુંટાયા હોવાનું જણાય

INDEX

છે. અને ઉપરોકત જુના વોર્ડોના મોટાભાગના વિસ્તાર અનુક્રમે નવા વોર્ડ નં. ૬,૫, તથા ૮ માં સમાવિષ્ટ થયો છે.

૨૦. જેથી સમગ્ર રીતે જુના વોર્ડ નં. ૩ તથા ૫,૮,૭ અને ૧૦ માંથી ગત ચૂંટણીમાં કાઉન્સિલરો ચૂંટાયલ હોવાનું જણાય છે. જે વોર્ડોનાં અનુક્રમે વોર્ડ નં. ૨,૬,૫ તથા ૮ માં મોટાભાગનો વિસ્તાર સમાવિષ્ટ થતો હોઇ નવા વોર્ડ નં. ૨,૫,૬ તથા ૮ માં પછાતવર્ગ માટે બેઠક ફાળવવાનું પંચ મુનાસિબ માને છે. અને માપદંડ મુજબ વોર્ડ નં. ૬માં પછાતવર્ગની મહિલા માટે બેઠક ફાળવવાનું થાય અને વોર્ડનં. ૫ માં પછાતવર્ગ માટે ત્રીજી બેઠક ફાળવવાનું થાય. પરંતુ વોર્ડ નં. ૫ માં ત્રીજી બેઠક અનુસૂચિત જાતિ માટે ફાળવેલ હોઇ વોર્ડ નં. ૫ માં ત્રીજી બેઠક બદલે બીજી મહિલા બેઠક ફાળવવી જરૂરી બને છે.

તેથી વોર્ડ નં. ૨,૬, તથા ૮માં ત્રીજી બેઠક પછાતવર્ગ માટે ફાળવવાનું પંચ મુનાસીબ માને છે. અને વોર્ડ નં. ૫ માં પછાતવર્ગ મહિલા માટે બેઠક ફાળવવાનું પંચ મુનાસીબ સમજે છે. સમગ્ર રીતે પછાતવર્ગની બેઠક નીચે મુજબ ફાળવવા પંચ ઠરાવે છે.

વોર્ડ નંબર	બેઠક
૨	પછાતવર્ગ
૫	પછાતવર્ગ મહિલા
૬	પછાતવર્ગ
૮	પછાતવર્ગ

૨૧. આમ, જાહેરનામા અન્વયે નિર્ધારીત થયેલી પછાતવર્ગની ૪ બેઠકો અનુક્રમે નં. ૨,૬,૮ માં ત્રીજી બેઠક પછાતવર્ગ માટે અને વોર્ડ નંબર ૫ માં પછાતવર્ગની મહિલા બેઠક ફાળવવાનું પંચ ઠરાવે છે.

૨૨ આ પ્રમાણે અનુસુચિત જાતિ તથા પછાત વર્ગની મહિલા અનામત બેઠકની ફાળવણી કર્યા પછી મહિલા અનામત બેઠક અને સામાન્ય ઉમેદવારોને બાકી રહેતી બેઠક ફાળવવામાં આવે છે.

૨૩. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને નિયમોનાં નિયમ-૩ અન્વયે શહેરોને આ સાથે સંલગ્ન અનુસૂચિ-૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે. અને આ સાથે અનુસુચિ-૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

૨૪. આ પ્રમાણે વોર્ડોનું વિભાજન હદરેખા નકકી કરવાનું અને વોર્ડ ની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

૨૫. ઉપર પ્રમાણે વોર્ડોની હદરેખા નકકી કરવામાં આવે છે. અને ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે. તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે. અને તે સામે કોઈપણ શખ્સને જાહેર જનતાને સલાહ સુચનો કરવના હોય તો તે આ આદેશ પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૫ દિવસોમાં રાજય ચૂંટણી પંચ બ્લોક નં. ૯, દકકા માળે, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા. મુદત વિત્યે આવેલ સુચનો ધ્યાનમાં લેવામાં આવશે નહી.

૨૬. રાજય ચૂંટણી પંચે નગરપાલિકાના વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો છેવટના કરતાં પહેલાં લોકપ્રતિનિધિત્વ ધારો ૧૯૫૧ અન્વયે માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ

તારીખઃ ૨૮/૪/૧૯૯૪.

INDEX

અનુસૂચિ-૧

મહેસાણા મ્યુનિસીપાલીટી જીલ્લો: મહેસાણા

વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડની હદનું વર્ણન
(૧)	ગોપી નાળાથી ઉત્તરે દિલ્હી તરફ જતી રેલ્વે ટ્રેકની પશ્ચિમ તરફનો મહેસાણા ન.પા.ની હદ સુધીનો વિસ્તાર, ગોપી નાળાથી રાધનપુર ચાર રસ્તા જતા રોડથી બજરંગ શોપિંગ સેન્ટર, કૃષ્ણ નગર સોસાયટી, ભોજક છાત્રાલય તથા લાયન્સ હોસ્પીટલ સિવાયનો ઉત્તર તરફનો વિસ્તાર, રાધનપુર ચાર રસ્તાથી જકાતનાકા સુધીના રોડની દક્ષીણે પ્રભુપાર્ક, પ્રકાશ, કંથરાવીનગર સાથેનો ઉત્તર તરફનો વિસ્તાર, રાધનપુર જકાતનાકાથી ઉત્તરે પુષ્પાવતી સોસાયટી તરફ જતાં નિકુંજ સોસાયટી તરફના રોડનો ઉત્તર પૂર્વ વિસ્તાર મહેસાણા નગરપાલિકાની ઉત્તર પશ્ચિમ હદ સુધી.
(૨)	વિસનગર લીંક રોડથી ગોપીનાળા સુધીની દીલ્હી તરફની રેલ્વે ટ્રેકથી પૂર્વ તરફનો જુની વિસનગર રેલ્વે લાઈન, પોલીસ હેડકવાર્ટર, જયભવાની, ચામુંડાનગર, પ્રેરણા પાર્ક વી. સોસાયટી તથા જનતા સુપર માર્કેટ સાથેનો વિસ્તાર, જુની વિસનગર રેલ્વે લાઈન તથા તરેટી જતાં રોડની વચ્ચેનો પી. એન્ડ ટી. કોલોની તથા જય સોમનાથ સોસાયટી વાળો વિસ્તાર, તળાવની ઉત્તરેથી તરેટી જતારોડની પૂર્વ તરફનો હિરાનગર, શાહીન, સર્વોદયનગર, રામનગર, શિવશકિત, મહેશ્વરી, કૈલાસ, રામકૃષ્ણ સોસાયટી સાથેનો વિસ્તાર, વિસનગર રોડ તથા તળાવથી તરેટી જતાં રોડ તેમજ તળાવની ઉત્તરે પૂર્વ-પશ્ચિમ પસાર થતાં રોડથી અંતરિત મહાત્મા ગાંધી બાગ, શુભલક્ષ્મી, રાજેશ્વરી, સારસ્વત, સરદાર વલ્લભનગર, ડીસ્ટ્રીકટ બેન્ક કોલોની, સીંધી સોસાયટી, કર્મયોગ, ગુરુનાનક, ગુરુકુળ, સર્વોદય, ગર્વ. સોસાયટી, વિરમાયાનગર સોસા. સાથેનો વિસ્તાર.
(૩)	વિસનગર લીંક તથા દીલ્હી તરફની રેલ્વે ફાટકથી (જંકશનથી) ઉત્તરે જતી રેલ્વે લાઈનની પૂર્વ તરફનો વિસ્તાર, વિસ. લીંક રોડથી વિસનગર રેલ્વે લાઈનની રેલ્વે ફાટક સુધીના રોડની ઉત્તર તરફનો વિસ્તાર, વિસનગર લીંક રોડથી ઉત્તર તરફનો મહેસાણા નગરપાલિકાની હદ સુધીનો વિસ્તાર, વિસ.લીંક રોડથી દક્ષિણ તરફનો અવનિકા પાર્ક, શ્રીજીપાર્ક, પારસ, ઘનશ્યામપાર્ક, આનંદનગર, જશોદાનગર, આમ્રપાલી, આશિષપાર્ક બાલાર્ક પાર્ક, સર્વોદયપાર્ક, મહાત્મા ગાંધી પાર્ક, સોસા. વાળો વિસ્તાર, વિસ. લીંક રોડથી દક્ષિણે આંબેડકર નગર, શિવકુંજ, કર્મચારીનગર, જી.ઈ.બી.ઓફીસ તથા કવાર્ટસ, સૌરભનગર, વી. સાથેનો વિસ.લીંક રોડ, વિસનગર રોડ વચ્ચેનો વિસ્તાર, વિસ.રોડ, ગાયત્રી મંદીર રોડ તથા તળાવથી વિસનગર ગાંધીનગર રોડને જોડતા નેળીયાથી અંતરીત વિસ્તાર, મહેસાણા નગરપાલિકાની પૂર્વ હદ સુધી (ડી. બે-ડ સ્ટાફ કવાટર્સ સિવાય) ગાયત્રી મંદિર રોડથી પશ્ચિમ તરફ ગાયત્રીનગર, મેઘદૂત, શ્રધ્ધા, બદ્રીનાથ, કેદારનાથ, કાદંબરી, વિરાટનગર, દીપસી, સર્વમંગલ, જયઆદ્યશકિત, વૈકુંઠનગર, હરિઓમ, પુજાપાર્ક, ડીવીપાર્ક, વી.સોસાયટી સાથેનો વિસ્તાર.
(૪)	તળાવની ઉત્તરેથી પસાર થતા પૂર્વ પશ્ચિમ રોડ તથા નેળીયાથી દક્ષિણ તરફનો વિસ્તાર, સ્ટેશનરોડ તથા સિદ્ધપુરી બજાર રોડથી પૂર્વ તરફનો મહેસાણા નગરપાલિકની પૂર્વ હદ સુધીનો વિસ્તાર, સિદ્ધપુરી બજાર રોડથી પશ્ચિમ તરફનો મોટી વોરવાડ, નાનીવોરવાડ, મોદીફળી તથા ગાંધીની ખડકી વાળો

INDEX

વોર્ડ નંબર	ઇલેકશન વોર્ડની હદનું વર્ણન

વિસ્તાર, ગાંધીની ખડકીથી પરા સુધીનારોડથી ઉત્તર તરફનો ભાગ, પરાથી વિસનગર રોડથી ગાંધીનગર રોડને જોડતા રસ્તાની ઉત્તર તરફનો વિસ્તાર.

(૫) ગોપીનાળા જુની વિસનગર રેલ્વે લાઈન તથા તળાવથી તરેટી તરફ જતા રોડ અને ડી. બેન્કથી તળાવ સુધીના રોડની વચ્ચેનો સુપર માર્કેટ, પી. એન્ડ ટી. કોલોની, જયસોમનાથ સોસાયટી વી. સિવાયનો અંતરીત વિસ્તાર, લાલશાના તકીયાથી દક્ષિણ તરફનો વિસ્તાર, કોંગ્રેસ ભવનથી કુંભારવાસમાં થઈ ગાંધીરોડ તરફ જતા રોડ તેમજ ગાંધીરોડથી ઉત્તર તરફનો ટી.જે.હાઈસ્કુલ સાથેનો વિસ્તાર, રેલ્વે ગોપીનાળાથી પૂર્વ તરફનો રાજમહેલ શોપીંગ તેમજ ડી. બેન્ક વાળો વિસ્તાર, રેલ્વે નાળાથી પશ્ચિમનો બજરંગ શોપીંગ સેન્ટર, કૃષ્ણનગર સોસાયટી, ભોજક છાત્રાલય, લાયન્સ હોસ્પીટલ, મહાવીર સોસાયટી, રેલ્વે હનુમાન, તથા મગપુરા પાસેનો વિસ્તાર.

(૬) મગપુરાથી રાધનપુર રોડનો પ્રભુપાર્ક, પ્રકાશ, કંથરાવીનગર વી. સિવાયનો દક્ષિણ ભાગ, રાધનપુર જકાતનાકાથી મહેસાણા નગરપાલિકાની હદ સુધીના રોડનો નિકુંજ પુષ્પાવતી, શ્રધ્ધા સોસા. વાળો ઉત્તર તરફનો વિસ્તાર, શિલ્પા ગેરેજથી એરોડ્રામ જતાં રોડની ઉત્તર તરફનો વિસ્તાર, હાઈવેથી પશ્ચિમે શિલ્પા ગેરેજથી વિજય ગેસ્ટહાઉસ સુધીનો ભાગ, રાજકમલથી માલગોડાઉન રોડની ઉત્તર તરફનો ગંગામૈયા, કલ્યાણપાર્ક, વિઠ્ઠલપાર્ક, પાર્વતીનગર, ચંદ્રકોલોની, મધુરમ, સુર્યનગર વી. સિવાયનો વિસ્તાર.

(૭) શિલ્પા ઓટો ગેરેજથી એરોડ્રામ રોડ, હાઈવેનો રાજકમલ સુધીના ભાગથી પશ્ચિમ તરફનો વિસ્તાર, રાજકમલથી માલગોડાઉન જતા રોડની ગંગામૈયા, કલ્યાણપાર્ક, વિઠ્ઠલપાર્ક, પાર્વતીનગર, ચંદ્રકોલોની, મધુરમ, સુર્યનગર, વી. સાથેનો દક્ષિણનો વિસ્તાર, મોઢેરા જકાતનાકાથી, ભમરીયા નાળા સુધીના રોડનો ઉત્તર તરફનો વિસ્તાર, રેલ્વે ટ્રેકથી પશ્ચિમ તરફનો મહેસાણા નગરપાલિકાની હદ સુધીનો વિસ્તાર.

(૮) મોઢેરા જકાતનાકાથી ભમરીયા નાળા સુધીના રોડથી દક્ષિણ તથા ભમરીયા નાળાથી અમદાવાદ તરફજતી રેલ્વે લાઈનનો દક્ષિણ પશ્ચિમ વિસ્તાર મહેસાણા નગરપાલિકાની હદ સુધી.

(૯) રેલ્વે સ્ટેશનથી સત્યનારાયણ મંદીર સુધીના રોડનો રેલ્વે કવાર્ટર્સ સાથેનો દક્ષિણ વિસ્તાર, રીગલ સ્ટુડીયોથી ચગોઠ થઈ કસ્બા અલ્લારખાની ચાલ સુધી જતા રોડની ઉંચી શેરી સિવાયનો પૂર્વ ભાગ, અલ્લારખાની ચાલથી ભમરીયા નાળા સુધીના રોડથી ઉત્તર તરફનો ભાગ, દક્ષિણ તરફની કલાલની ચાલી, માર્કેટયાર્ડ વિસ્તાર સાથે, મહેસાણા અમદાવાદ રેલ્વે ટ્રેકના રેલ્વે સ્ટેશનથી મહેસાણા નગરપાલિકાના હદ સુધીના વિસ્તારનો પૂર્વ તરફ તથા રેલ્વે ટ્રેક અને માર્કેટ યાર્ડથી દક્ષિણે જતા રોડની વચ્ચેનો વિસ્તાર.

(૧૦) રીગલ સ્ટુડીયોથી ઓડવાસ સુધીના સ્ટેશન રોડથી દક્ષિણ તરફનો વિસ્તાર, રીગલ સ્ટુડીયોથી ઉંચીશેરી, ચગોઠ થઈ ઓડવાસ સુધી જતા રોડનો ઉત્તર તરફનો વિસ્તાર, તથા વ્યાસ મહોલ્લાથી લાખવડી ભાગોળ સુધીના રસ્તાનાં દક્ષિણ તરફના કોઠારીવાસ, હરડેની ખડકી, સથવારાવાસ, શકિતનગર સોસાયટી, શિવશકિત ફલેટ વી. વિસ્તાર.

(૧૧) ઓડવાસથી પૂર્વ તરફે જતા સ્ટેશનરોડ તથા ગાંધીનગર રોડ તરફ જતા રસ્તાની દક્ષિણ તરફનો વિસ્તાર, પરા લાયબ્રેરીથી લાવડી ભાગોળે જતા રસ્તાનો પૂર્વ તરફનો મહેસાણા નગરપાલિકાની હદ સુધીનો વિસ્તાર. તથા વહેળાની પાસેનો ગાંધીનગર સોસાયટી, રોહીદાસ નગર, હાઉસીંગ બોર્ડ કવાર્ટર્સ

INDEX

વોર્ડ નંબર	ઇલેકશન વોર્ડની હદનું વર્ણન
	વાળો દક્ષિણે વહેળા સુધીનો વિસ્તાર.
(૧૨)	ચગોઠથી અલ્લારખાની ચાલ સુધીના રસ્તાની પૂર્વની તરફનો વિસ્તાર, માર્કેટ યાર્ડ પાછળનો બિંદુપાર્ક, જયોતિપાર્ક, સાથેનો માર્કેટયાર્ડની દક્ષિણ તરફ જતા રોડની પૂર્વ તર્રફનો મહેસાણા નગરપાલિકાની હદ સુધીનો વિસ્તાર, વહેળાથી દક્ષિણ પૂર્વ તરફનો મહેસાણા નગરપાલિકાની હદ સુધીનો વિસ્તાર.

તા.૨૮/૪/૧૯૯૪.

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજય ચૂંટણી પંચ

INDEX

અનુસૂચિ - ૨

રાજ્ય ચૂંટણી પંચ

મહેસાણા નગરપાલિકાની કુલ વસ્તી :૮૮,૨૦૧

કુલ વોર્ડોની સંખ્યા : ૧૨

વોર્ડ દીઠ સરેરાશ વસ્તી : ૭૩૫૦ સરેરાશ વસ્તી ૧૦ ટકા વધ મુજબ : ૮૦૮૫

સરેરાશ વસ્તી ૧૦ ટકા ઘટ મુજબ : ૬૬૧૫

બેઠકોની સંખ્યા : ૩૬

મહિલા બેઠકો : ૧૨ ૧ બેઠક અનુસૂચિત જાતિ માટે.

અનુસૂચીત આદિજાતિ માટે કોઇ નહિ.

૧ બેઠક પછાત વર્ગની મહિલા સહિતની.

અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા : ૪ તે પૈકી ૧ મહિલા માટે.

અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા : કોઇ નહિ.

પછાત વર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા : ૪ તે પૈકી ૧ મહિલા માટે.

કુલ અનામત બેઠકો: ૧૮

સામાન્ય બેઠકો : ૧૮

અ.નં	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી બીન અનામત	બીજી બેઠકની ફાળવણી મહિલા અનામત	ત્રીજી બેઠકની ફાળવણી
૧.	૧	૭૬૭૧	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૨.	૨	૭૭૫૦	સામાન્ય	અનુ.જાતિ	પછાતવર્ગ
૩.	૩	૭૬૨૪	સામાન્ય	સામાન્ય	અનુ.જાતિ
૪.	૪	૭૦૫૨	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૫.	૫	૭૮૬૨	સામાન્ય	પછાતવર્ગ	અનુ.જાતિ
૬.	૬	૭૩૫૬	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ
૭.	૭	૭૧૭૨	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૮.	૮	૭૮૭૧	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ

INDEX

અ.નં	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી બીન અનામત	બીજી બેઠકની ફાળવણી મહિલા અનામત	ત્રીજી બેઠકની ફાળવણી
૯.	૯	૭૦૭૯	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૦.	૧૦	૭૦૩૪	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૧.	૧૧	૭૦૫૮	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૨.	૧૨	૬૬૪૨	સામાન્ય	સામાન્ય	અનુ. જાતિ

તારીખઃ ૨૮-૪-૧૯૯૪

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ.

સરકારી મધ્યસ્થ પ્રેસ,ગાંધીનગર

INDEX

Extra No.82 REGISTERED NO. G/GNR/2.

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol.XXXV] THURSDAY, APRIL 28, 1994/ VAISAKHA 8, 1916.

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ

બ્લોક નં . ૯, ૬ઠ્ઠા માળે,
સચિવાલય,
ગાંધીનગર.

ક્રમાંક : સમક : ૩૫૫૨ : ૯૪

સિધ્ધપુર નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ.

ભારતના સંવિધાનના ૭૪મા સુધારાને અનુલક્ષીને ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ- ૧૯૬૩માં રાજ્ય સરકારે ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ- ૧૯૯૩ અન્વયે મહત્વનાં સુધારા કરેલા છે. આ અધિનિયમની કલમ- ૬, પેટા કલમ- ૪ અન્વયે નગરપાલિકાની ચૂંટણી, મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી પંચમાં નિહીત થશે. તેવી જોગવાઇ કરેલી છે. અને રાજ્ય ચૂંટણી પંચે કલમ- ૬, પેટા કલમ- ૫ અન્વયે રાજ્ય સરકારે કરેલાં નિયમો અનુસાર અધિનિયમની જોગવાઇઓને આધિન રહીને ચૂંટણી કરવી જોઇએ.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ- ૭ પેટા કલમ- ૨ તથા કલમ- ૬ની પેટા કલમ ૩ અન્વયે જાહેરનામા ક્રમાંક :

INDEX

કેવી ૩૦૯-૯૩ એન.પી.બી ૩૦૯૩ ૫૬૪૬ (૩૮) આર, તા.૧૮:૧૨:૯૩ જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યોછે. તે અન્વયે સિધ્ધપુર શહેરનાં નગરપાલિકાને જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેના સન ૧૯૯૧નાં વસ્તી ગણતરીના આખરી આંકડા પ્રસિધ્ધ થયા છે. તેના આધારે ૧૨ વોર્ડોમાં વહેચવામાં આવેલ છે. નગરપાલિકાના કાઉન્સિલરોની કુલ બેઠકો ૩૬ નક્કી કરવામાં આવી છે. જાહેરનામા અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા પછાતવર્ગ તેમજ મહિલા માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલી છે.

૩. ચૂંટણી પંચે અધિનિયમની કલમ- ૭ પેટા કલમ- ૨ ખંડ- ૩ પેટા ખંડઃ ખ અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડ માની અનુ.જાતી અનુસૂચિત આદીજાતી, પછાત વર્ગની તથા મહિલાની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજ્ય સરકારે તેમના જાહેરનામા ક્રમાંક :કેવી:૪૯:૧૯૯૪ એન.પી.એલ ૪૫૯૩ :૩૬૫૫:એમ તા.૧૬-૩-૯૪. અન્વયે અધિનિયમની કલમ ૨૭૭ની પેટા કલમ- ૨ તથા કલમ- ૬ તથા ૭ અન્વયે વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણીના નિયમો ૧૯૯૪ અને હવે પછી નિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે બહાર પાડેલ છે.

૫. નિયમોના નિયમ- ૨ અન્વયે નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે, કે શક્ય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોના વસ્તી એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસ્તીથી કોઇ પણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહિ તે પ્રમાણે વોર્ડની રચના કરવાની રહે છે. આમ છતાં ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે, સ્થાનિક એકજૂથતા તથા ભૌગોલીક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને તુલનામાં લેતા ૧૦ ટકા વધુ વધ કે ઘટ કરીને વોર્ડની રચના કરી શકશે.

૬. પંચે નગરપાલિકાના વોર્ડોનાં સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે. તેમજ સને. ૧૯૪૮ના સેન્સસ એકટ મુજબ સને. ૧૯૯૧ના વસ્તી ગણતરીનાં છેવટનાં પ્રસીધ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં શહેરની કુલ વસ્તી ૫૦૭૭૦ આવે છે. જાહેરનામા મુજબ શહેરને ૧૨ વોર્ડો માં વહેચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૪૨૩૦ ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતી ની પંચે તેના કાર્યાલય ના અધિકારી કર્મચારીઓ મારફત ચકાસણી કરાવેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડનુ સીમાંકન કરવાનું ધાર્યુ છે તેમાં કોઇપણ વોર્ડમાં ૧૦ ટકા થી વસ્તી વધતી નથી કે ૧૦ ટકાથી વસ્તી ઘટતી નથી.

૮. શહેરનાં ૧૨ વોર્ડોને નિયમ-૩ની જોગવાઇઓને ધ્યાનમાં લઈ આ સાથે અનુસૂચિ-૧માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે. આ સીમાંકન નક્કી કરવામાં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજૂથતા, નદી, રેલ્વેલાઈન, રોડલાઈન વગેરે કારણે બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને એકસરખા વોર્ડ-૧૨ બની રહે તે મુદ્દો વિચારણામા લઈ વોર્ડોનું સીમાંકન નક્કી કરેલું છે.

૯. નિયમોના નિયમ- ૪ અન્વયે દરેક વોર્ડ માં ત્રણ કાઉન્સિલર ચૂંટવાના છે. નિયમ- ૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક બિનઅનામત એટલે કે સામાન્ય બેઠક બની રહેશે. જ્યારે બીજી બેઠક મહિલા, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની મહિલા સહિત માટે અનામત રાખવાની છે. જ્યારે ત્રીજી બેઠક જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગને ફાળવવાની રહેશે. અને તેવી ફાળવણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો તે બિનઅનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે.

૧૦. નિયમોના નિયમ- ૬ અન્વયે અનુસૂચિત જાતિ,અનુસૂચિત આદિજાતિની દરેક વોર્ડની વસ્તીની ટકાવારીનાં ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તી સંખ્યા વધુ હોય એટલે કે, ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે.આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, મહિલા બેઠક સહીતની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ વસ્તી હોય એટલે કે ટકાવારી ઊંચી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારીત કરેલ છે,

INDEX

૧૧. જાહેરનામા અન્વયે શહેર માટે ૪ બેઠકો અનુસુચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે. અને ૪ બેઠકો પૈકી એક બેઠક અનુસૂચિત જાતિની મહિલા માટે અનામત રાખવાનું નિર્ધારીત કર્યું છે.

૧૨. પંચે એકઠી કરેલી માહિતી મુજબ શહેરનાં જુદા જુદા ૧૨ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	અનુ.જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ.જાતિની વસ્તીની ટકાવારી
૧.	૧૨	૪૫૦૮	૨૭૭૨	૬૧.૪૯ ટકા
૨.	૧	૪૩૮૮	૮૧૩	૧૮.૫૩ ટકા
૩.	૯	૩૯૮૮	૬૫૧	૧૬.૩૨ ટકા
૪.	૬	૩૯૨૩	૫૧૯	૧૩.૨૩ ટકા
૫.	૧૦	૩૯૫૭	૩૫૩	૯.૯૨ ટકા
૬.	૧	૪૨૬૮	૩૭૬	૮.૮૧ ટકા
૭.	૮	૪૨૭૮	૧૭૮	૪.૧૬ ટકા
૮.	૨	૪૪૦૦	૧૭૮	૩.૭૩ ટકા
૯.	૩	૪૨૪૧	૪૬	૧.૦૮ ટકા
૧૦.	૭	૪૨૫૪	૨૨	૦.૫૨ ટકા
૧૧.	૪	૪૨૯૩	-	-
૧૨.	૫	૪૨૭૨	-	-

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં. ૧૨, ૧૧, ૯ તથા ૬માં અનુસૂચિત જાતિની બેઠક નિયમોના નિયમ- ૬ (અ) હેઠળ બેઠક અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે અને તે મુજબ ફાળવવામાં આવે છે.

૧૪. અનુસૂચિત જાતિના મહિલા અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસ્તીની ઉતરતા ક્રમે ટકાવારીના ક્રમમાં પ્રથમ આવતા દર ત્રણ વોર્ડના જુથ પૈકી ત્રીજા વોર્ડમાં મહિલા બેઠક ફાળવવી તેમ પંચ માને છે. પરંતુ જાહેરનામા અન્વયે આ શહેરો અનુસૂચિત આદિજાતિની એક બેઠક નિર્ધારીત કરેલી છે. અને આ વર્ગની વસ્તી ટકાવારી જોતાં વોર્ડ નં. ૧૨માં આ વર્ગને બેઠક ફાળવવાની રહે છે. અનુસૂચિત આદિજાતિનાં મહિલા બેઠક અનામત રખાઇ નથી. તેથી વોર્ડ નં. ૧૧માં અનુસૂચિત જાતિનાં મહિલા બેઠક ફાળવવામાં આવે તો મહિલા માટેની અનામત બેઠકની જોગવાઇ પણ સંતોષ થાય તેથી વોર્ડ નં ૧૧માં અનુસૂચિત જાતિનાં મહિલા માટે બેઠક ફાળવવાનું પંચ મુનાસિબ માને છે. આમ વોર્ડ નં. ૧૧માં અનુસૂચિત જાતિના મહિલા માટે બેઠક ફાળવવામાં આવે છે. અને તેટલે અંશે માપદંડ ફેરફાર કરવામાં આવે છે, પરંતુ આ મુજબ ફાળવણી કરતાં પણ નિયમો અન્વયે દરેક વોર્ડમાં એક મહિલા સામાન્ય બેઠક ફાળવવાની જોગવાઇ છે. તેનું ખંડન ન થાય તેની તકેદારી રાખવાની રહે છે.

INDEX

૧૫. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં. ૧૨, ૧૧, ૯ તથા ૬માં નિયમોના નિયમ ૬:અ: અન્વયે ફાળવવામાં આવે છે. તે પૈકી આ વર્ગ ના મહિલા માટે બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

વોર્ડ નંબર	બેઠક
૧૨	અનુસૂચિત જાતિ
૧૧	અનુસૂચિત જાતિની મહિલા
૯	અનુસૂચિત જાતિ
૬	અનુસૂચિત જાતિ

૧૬. જાહેરનામા અન્વયે શહેર માટે ૧ બેઠક અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે.

૧૭. પંચે એકઠી કરેલી માહિતી મુજબ શહેરના જુદા જુદા ૧૨ વોર્ડોની વસ્તી તથા દરેકની અનુસૂચિત આદિજાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જે ઉતરતાં ક્રમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નંબર	અનુ.આદિજાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ.આદિ જાતિની વસ્તીની ટકાવારી
૧.	૧૧	૪૩૮૮	૫૮૧	૧૩.૨૪ %
૨.	૪	૪૨૯૩	૩૫	૦.૮૨ %
૩.	૨	૪૪૦૦	૩૫	૦.૮૦ %
૪.	૭	૪૨૫૪	૧૯	૦.૪૫ %
૫.	૮	૪૨૭૮	૧૪	૦.૩૩ %
૬.	૫	૪૨૭૨	૯	૦.૨૧ %
૭.	૯	૩૯૮૮	૮	૦.૨૦ %
૮.	૬	૩૯૨૩	૭	૦.૧૮ %
૯.	૧	૪૨૬૮	૬	૦.૧૪ %
૧૦.	૧૨	૪૫૦૮	૩	૦.૦૭ %
૧૧.	૩	૪૨૪૧	-	-
૧૨.	૧૦	૩૯૫૭	-	-

૧૮. આમ, અનુસૂચિત આદિજાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં. ૧૧માં અનુસૂચિત આદિજાતિની બેઠક નિયમો ના નિયમ-૬ અ હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે. અને તે મુજબ ફાળવવામાં આવે છે.

INDEX

અનુસૂચિત આદિજાતિના મહિલા માટે જાહેરનામામાં કોઇ બેઠક નિર્ધારીત કરેલ ન હોઇ તેવી બેઠક ફાળવવાની રહેતી નથી.

અનુસૂચિત આદિજાતિની બેઠક વોર્ડ નં. ૧૧માં નિયમોના નિયમ-૬ અ અન્વયે ફાળવવામાં આવે છે.

વોર્ડ નંબર.	બેઠક
૧૧	અનુસૂચિત આદિજાતિ

૧૯. જાહેરનામા મુજબ ૪ બેઠકો પછાતવર્ગો માટે ફાળવેલ છે. તે પૈકી ૧ બેઠક આ વર્ગની મહિલા માટે અનામત રખાઇ છે.

૨૦. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો- ૧૯૯૪નાં નિયમ-૬ બી હેઠળ રાજ્ય ચૂંટણી પંચેપછાત વર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. જેના મહત્વનાં પ્રબંધ નીચે પ્રમાણે છે.

(૧) માન્ય રાજકીય પક્ષો તરફથી મળેલ માહિતીનાં અભ્યાસ પરથી જે શહેરનાં જે જે વોર્ડનાં પછાતવર્ગની વસ્તીનાં ધોરણને અનુલક્ષીને જે સર્વ સામાન્ય વોર્ડો હોય તે તે વોર્ડોમાં પછાતવર્ગ માટે અનામત બેઠક ફાળવવાની રહેશે.

(૨) મ્યુનિસિપલ ચીફ ઓફીસર તરફથી છેલ્લી ચૂંટણીમાં જે વોર્ડમાંથી પછાતવર્ગનાં ઉમેદવારો ચૂંટાઈને કોર્પોરેટર તરીકે પદધારણા કરતાં હતા તે વોર્ડમાં ઉપર અનુક્રમ નં. ૧ માં જણાવેલ વોર્ડોમાં બેઠક ફાળવ્યા પછી નિયત સંખ્યા સુધીમાં ફાળવવાની રહેશે.

આથી સ્પષ્ટતા કરવાની કે, જુના વોર્ડોનું સીમાંકન અને નવા વોર્ડોના સીમાંકનમાં ફેરફાર હોય તો જુના વોર્ડોનો મોટા ભાગનો જે વિસ્તાર જે જે નવા વોર્ડનાં સીમાંકનમાં સમાવિષ્ટ થતો હોય તેવા નવા વોર્ડમાં પછાતવર્ગની બેઠક ફાળવવાની રહેશે.

(૩) પછાત વર્ગ માટે અનામત રાખેલી કુલ બેઠકો પૈકી ૧:૩ બેઠકો મહિલા માટે જાહેરનામા અન્વયે અનામત રખાઈ છે. આમ ત્રણ બેઠકો પૈકી એક બેઠક મહિલા માટે અનામત રાખવામાં આવી છે. આ મહિલાનું પ્રમાણ ૧:૩ રહે છે. તેથી તાર્કીક રીતે વિચારતા દર ત્રણ બેઠકો પૈકી ત્રીજી બેઠક મહિલા માટે ફાળવવી તેમ પંચ સ્વીકારે છે.

(૪) પરંતુ જો આ રીતે વોર્ડમાં પછાત વર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ અથવા અનુ. આદિજાતિ માટે મહિલા બેઠક ફાળવી હોય તો તે વોર્ડને બદલે તે પછી અનુક્રમે જે વોર્ડ આવે તે વોર્ડમાં પછાતવર્ગની મહિલા બેઠક ફાળવવી.

માન્ય રાજકીય પક્ષોને પંચ તરફથી નગરપાલિકાઓના કયા વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવી તે અંગે સુચનો મોકલવા આ કાર્યાલય તરફથી વિનંતી કરવામાં આવેલ. પરંતુ કોઈ માન્યરાજકીય પક્ષ તરફથી હજુસુધી સુચન કરવામાં આવ્યા નથી.

૨૧. પંચે અપનાવેલા માપદંડ મુજબ ચીફ ઓફીસર પાસેથી ગત ચૂંટણીમાં પછાત વર્ગનાં કાઉન્સિલરો જુના કયા વોર્ડમાંથી ચૂંટાયા હતા. અને તે વોર્ડોનો કે તે વોર્ડના મોટા ભાગના વિસ્તાર નવા કયા વોર્ડમાં સમાવિષ્ટ થાય છે. તેની માહિતી મેળવવામાં આવી છે.તે માહીતી ચકાસતાં ગત ચૂંટણીમાં અનુક્રમે વોર્ડ નં. ૬,૮ તથા ૧૦ માંથી કાઉન્સિલરો ચૂંટાયા હોવાનું જણાય છે. જુના વોર્ડોનો મોટાભાગનો વિસ્તાર અનુક્રમે વોર્ડ નં. ૧૨, ૧૦ તથા ૧માં સમાવિષ્ટ થયો છે. તેથી વોર્ડ નં. ૧૨, ૧૦ તથા ૧ માં પછાતવર્ગ માટે અનામત બેઠકો રાખવી યોગ્ય થશે. વધુમાં મેળવવામાં આવેલ માહિતીની ચકાસણી કરતા નવા વોર્ડ નં. ૧૧ તેમજ ૮ માં પછાતવર્ગની વસ્તી સામાન્યકરતાં વધુ હોવાનું જણાયું છે. આમ તે વોર્ડોમાં પણ પછાતવર્ગની બેઠક ફાળવી શકાય. પરંતુ વોર્ડ નં. ૧૧ માં એક સામાન્ય બેઠક બાદ કરતા મહિલા અનામત બેઠક અનુસૂચિત તેમજ ત્રીજી બેઠક અનુસૂચિત આદિજાતિ માટે બન્ને વર્ગની ઉતરતા ક્રમમાં ટકાવારી ચકાસી ફાળવવામાં આવેલ છે. તેથી તે વોર્ડમાં પછાતવર્ગની બેઠક

INDEX

ફાળવવી અશક્ય હોઇ, વોર્ડ નં. ૮ માં પછાતવર્ગની બેઠક ફાળવવી યોગ્ય થશે.

૨૨. જેથી સમગ્ર પાસા ચકાસતાં વોર્ડ નં. ૧,૮,૧૦ તથા ૧૨ માં પછાતવર્ગ માટે બેઠક અનામત રાખવાનું પંચ ઠરાવે છે. માપદંડ મુજબ વોર્ડ નં. ૧૦ માં પછાતવર્ગની મહિલા માટે બેઠક ફાળવવાની થાય છે. પરંતુ તેમ કરતાં વોર્ડ નં. ૧૨ માં પછાતવર્ગની ત્રીજી બેઠક ફાળવવાની થાય પરંતુ વોર્ડ નં. ૧૨ માં ત્રીજી બેઠક અનુસૂચિત જાતિ માટે વસ્તી ના ધોરણે આ વર્ગની ટકાવારી ના ઉતરતા ક્રમની ચકાસણી કરી ફાળવેલ હોઇ, વોર્ડ નં. ૧૨ માં પછાતવર્ગની મહિલા માટે બેઠક ફાળવવાનું માપદંડ મુજબ પંચ મુનાસીબ માને છે. અને તેથી બાકીના વોર્ડ નં. ૧,૮ તથા ૧૦ માં ત્રીજી બેઠક પછાતવર્ગ માટે ફાળવવાનું પંચ મુનાસીબ માને છે. આમ, સમગ્ર રીતે પછાતવર્ગની બેઠક નીચે પ્રમાણે ફાળવવા પંચ ઠરાવે છે.

વોર્ડ નંબર	બેઠક
૧	પછાતવર્ગ
૮	પછાતવર્ગ
૧૦	પછાતવર્ગ
૧૨	પછાતવર્ગ મહિલા

૨૩. આમ, પછાતવર્ગની બેઠક માટે વોર્ડ નં. ૧,૮,૧૦ તથા ૧૨ માં ફાળવવામાં આવે છે. અને તે પૈકી વોર્ડ નં. ૧૨ માં પછાતવર્ગના મહિલા માટે બેઠક ફાળવવા પંચ ઠરાવે છે.

૨૪. આ પ્રમાણે અનુસુચિત જાતિ અનુસૂચિત આદિજાતિ તથા પછાત વર્ગોની તે પૈકી મહિલા અનામત બેઠકની સહિતની ફાળવણી કર્યા પછી મહિલા અનામત બેઠક અને સામાન્ય ઉમેદવારોને બાકી રહેતી બેઠક ફાળવવામાં આવે છે.

૨૫. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને નિયમોનાં નિયમ-૩ અન્વયે શહેરોને આ સાથે સંલગ્ન અનુસૂચિ-૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે. અને આ સાથે અનુસુચિ-૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

૨૬. આ પ્રમાણે વોર્ડોનું વિભાજન અને હદરેખા નકકી કરવાનું અને વોર્ડ ની બેઠકની ફાળવણીનો મુસદો જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

૨૭. ઉપર પ્રમાણે વોર્ડોની હદરેખા નકકી કરવામાં આવે છે. અને ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે. તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે. અને તે સામે કોઈપણ શખ્સને જાહેર જનતાને સલાહ સુચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૫ દિવસમાં રાજય ચૂંટણી પંચ બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળે, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા. મુદત વિત્યે આવેલ સુચનો ધ્યાનમાં લેવામાં આવશે નહી.

૨૮. રાજય ચૂંટણી પંચે નગરપાલિકાના વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદો છેવટના કરતાં પહેલાં લોકપ્રતિનિધિત્વ ધારો ૧૯૫૧ અન્વયે માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરુરી પરામર્શ કરશે.

તારીખઃ ૨૮/૪/૧૯૯૪.

વો. જે. દીક્ષિત,
સચિવ,
રાજય ચૂંટણી પંચ

INDEX

અનુસૂચિ-૧

પત્રક નંબર - ૪

સિદ્ધપુર નગરપાલિકા

સુચિત વોર્ડ નંબર	સુચિત વોર્ડની હદનું વર્ણન
(૧)	કોલેજ કમ્પાઉન્ડ પાછળ ઉત્તરે આવેલ પ્રવિણભાઈ ઓડના મકાનથી શરુ કરી ડીપી. રોડ પસાર કરી સામે પ્રભાત સોસાયટીની પૂર્વ દિશા તરફની લાઈનથી શરુ કરી મ્યુનિસિપલ હદ સુધીનો વિસ્તાર. ત્યાંથી મ્યુનિસિપલ હદ પુરી થતાં પશ્ચિમ તરફ વળી રેલ્વે ક્રોસીંગ પસાર કરી હાઈવેના ઉત્તરે મ્યુનિસિપલ હદ સુધી. ત્યાંથી હાઈવે ક્રોસ કરી હાઈવેની પશ્ચિમે મ્યુનિસિપલ હદ સુધીનો વિસ્તાર. ત્યાંથી દક્ષીણ તરફ વળીફુલપુરા વાઘરીના ઘર પાસેથી મમતા સોસાયટી તરફ પૂર્વ તરફનો વિસ્તાર. સિતળામાતાના મંદિરથી હાઈવે ક્રોસ કરી નવજીવન ઓટો સર્વિસ તથા અવધુત પેટ્રોલિયમનારસ્તે જાફરીબાગના રહેઠાણના કમ્પાઉન્ડહોલની ધારે આગળ ખતરીના મકાન સુધી ત્યાંથી ઉત્તર તરફ વળી કેરાકલબ ત્યાંથી પૂર્વ તરફ વળી નવી સુરેશ પલ્સ મીલના રસ્તે આગળ ઈદગાહ વિસ્તારની દુકાનો ત્યાંથી રસ્તો પસાર કરી એસ.ટી. જકાત નાકાથી રૂક્ષ્મીતળાવ તરફ આવેલ માર્કેટયાર્ડના દરવાજા વાળી લાઈન, માર્કેટયાર્ડની પૂર્વ બાજુની લાઈનથી કાકોશી ફાટક સુધી, કાકોસી ફાટકથી રોડ ક્રોસ કરી રસીકભાઈ ઠાકરના બંગલાનો વિસ્તાર, રસીકભાઈ ઠાકરના બંગલાવાળી લાઈને કોલેજ કમ્પાઉન્ડ પાછળ ઉત્તરે આવેલ પ્રવિણભાઈ ઓડના મકાન સુધી.
(૨)	કીરીટભાઈ મદનીશના મકાનથી શરુ કરી પશ્ચિમ તરફ વાઘરીના ઝુંપડા તથા ઠાકોરોના ઝુંપડા ત્યાંથી દક્ષિણ તરફ વિનુભાઈ શાહના મકાનવાળી લાઈનથી નાથલોકના છાપરા તરફ ત્યાંથી સામે રોડ ક્રોસ કરી સિકોતરના મંદિર તરફ, સિકોતરના મંદિરથી પશ્ચિમ તરફ ઘનશ્યામ સોસાયટીના કમ્પાઉન્ડ વોલના ધારે ગુરુનાનક સોસા. નં. ૧ ની કમ્પાઉન્ડ વોલની ધારે ત્યાંથી પશ્ચિમ તરફ ગુરુનાનક સોસા. નં. ૨ની કમ્પાઉન્ડ વોલની ધારે મુમનના તબેલા તરફની લાઈન, મુમનના તબેલાથી દક્ષિણ તરફ ઓનેસ્ટી સોસાયટી તથા સૈફી સોસા. ના કમ્પાઉન્ડ વોલની ધારે થઈ ટેલીફોન એકસચેન્જવાળી લાઈને લક્ષ્મી કોલોની તરફ રોડ ક્રોસ કરી મગનલાલ પી. પટેલનામકાનથી સર્વે નંબર ૮૫૦ સુધી, ત્યાંથી સર્વે નંબર-૮૫૦ની કમ્પાઉન્ડ વોલની ધારે ઉત્તર તરફ મ્યુનિસિપલ હદ વિસ્તાર સુધીની, ત્યાંથી પૂર્વ તરફ મ્યુનિ. હદ સુધીનો વિસ્તાર, ખરેડીયા હનુમાન થઈ પૂર્વ તરફનો મ્યુનિસિપલ હદ વિસ્તાર સુધી, દક્ષિણ તરફ કીરીટભાઈ મદનીશના મકાન સુધી.
(૩)	છુવારાફળી બહાર નારાયણદાસ ત્રિભોવનદાસના મકાનથી શરુ કરી બારઘડીયા મહોલ્લા સુધીની લાઈન, બારઘડીયાના મહોલ્લાથી સોડાવાળાની લાઈનથી રોડ ક્રોસ કરી ઉત્તર તરફ ફખરી માર્કેટ (મટન માર્કેટ) વાળી લાઈન, ત્યાંથી પોલીસ લાઈનથી પશુચાદબ્બપોળ તરફનો રસ્તો ક્રોસ કરી મણીભાઈ પંચાલના કારખાના તરફની લાઈને વચ્ચેથી રોડ ક્રોસ કરી પોલીસ લાઈન દરવાજે અંદર થઈ પોલીસલાઈન અડધા મકાનની પાછળની દિવાલોથી કોહિનૂર સોસાયટીની રુચિતળાવ તરફની કમ્પાઉન્ડ વોલની લાઈનમાં જે.પી. મીલના રસ્તે ખદીજા બાઈ મેટરનીટી હોમ સુધી, ત્યાંથી સામે રોડ ક્રોસ કરી સૈફી કોલેજના દરવાજામાં થઈ સૈફી કોલેજના કમ્પાઉન્ડ વોલે પૂર્વ તરફના વિસ્તારે સૈફી કોલેજના પૂર્વ

INDEX

સુચિત વોર્ડ નંબર	સુચિત વોર્ડના હદનું વર્ણન
	તરફના દરવાજે બહાર નીકળી દક્ષિણ તરફ ઓનેસ્ટી સોસાયટીની કમ્પાઉન્ડ વોલની ધારે પૂર્વ તરફ, ત્યાંથી સૈફી સોસાયટીના ઉત્તર તરફ, ત્યારબાદ ત્યાંથી સૈફી સોસાયટીના પૂર્વ તરફ આગળ ગુરુનાનક સોસાયટી નંબર-૨ની કમ્પાઉન્ડ વોલે, ત્યાંથી આગળ પૂર્વ તરફગુરુનાનક સોસાયટી નંબર-૧ ના મકાનોની પાછલી દિવાલેથી દક્ષિણ તરફ ઘનશ્યામ સોસાયટીની પૂર્વ તરફની પાછળની કમ્પાઉન્ડ વોલની ધારે ત્યાંથી પશ્ચિમ તરફ કનુભાઈ નિહાલાનીના બંગલા સુધી બંગલાથી દક્ષીણ તરફ સિદ્ધેશ્વરી સોસાયટી નંબર-૧ તથા ૨ અને બુરહાની સોસાયટી નંબર-૧ તથા ૨ ના પાછળના કમ્પાઉન્ડ વોલ થઈ દક્ષિણ તરફ પાણીની ટાંકીના ભાગ તરફ, પાણીની ટાંકીના કંપાઉન્ડ વોલના દક્ષિણ તરફ સામેના પુતલીના મહોલ્લામાં થઈ છુવારા ફળી તરફદાવલશાપીરની ખડકી તરફ વોર્ડ પૂર્ણ.
૮. શહેર નાં ૧૨ વોર્ડોને નિયમ- ૩ ની જોગવાઇઓને ધ્યાનમાં લઈ આ સાથે અનુસૂચિ-૧માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે. આ સીમાંકન નક્કી કરવામાં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજૂથતા, નદી, રેલ્વેલાઈન, રોડલાઈન વગેરે કારણે બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને એકસરખા વોર્ડ-૧૨ બની રહે તે મુદ્દો વિચારણામા લઈ વોર્ડોનું સીમાંકન નક્કી કરેલું છે.

૯. નિયમોના નિયમ- ૪ અન્વયે દરેક વોર્ડમાં ત્રણ કાઉન્સિલર ચૂંટવાના છે.નિયમ- ૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક બિનઅનામત એટલે કે સામાન્ય બેઠક બની રહેશે. જ્યારે બીજી બેઠક મહિલા (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની મહિલા સહિત) માટે અનામત રાખવાની છે. જ્યારે ત્રીજી બેઠક જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગને ફાળવવાની રહેશે. અને તેવી ફાવવણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો તે બિનઅનામત બેઠક તરિકે ફાળવવાની રહેશે.

૧૦. નિયમોના નિયમ- ૬ અન્વયે અનુસુચિત જાતિ, અનુસૂચિત આદિજાતિની દરેક વોર્ડની વસ્તીની ટકાવારીનાં ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તી (સંખ્યા) વધુ હોય એટલે કે, ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, (મહિલા બેઠક સહીતની) બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ વસ્તી હોય એટલે કે ટકાવારી ઊંચી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારીત કરેલ છે.

૧૧. જાહેરનામા અન્વયે શહેર માટે ૩ બેઠકો અનુસુચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે અને ૩ બેઠકો પૈકી ૧ બેઠક અનુચૂચિત જાતિની મહિલા માટે અનામત રાખવાનુ નિર્ધારીત કર્યુ છે.

INDEX

૧૨. પંચે એકઠી કરેલી માહિતી મુજબ શહેરનાં જુદા જુદા ૧૨ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા કમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	અનુ.જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ.જાતિની વસ્તીની ટકાવારી
૧.	૪	૪૩૬૦	૧૨૩૬	૨૮.૩૫
૨.	૩	૪૦૭૫	૮૯૯	૨૨.૦૬
૩.	૧	૪૨૨૭	૬૫૫	૧૫.૫૦
૪.	૮	૪૦૪૨	૨૨૨	૫.૪૯
૫.	૨	૪૬૮૯	૨૪૫	૫.૨૨
૬.	૧૧	૪૬૧૬	૧૮૩	૩.૯૬
૭.	૧૨	૪૪૮૩	૧૪૯	૩.૩૨
૮.	૬	૪૦૯૩	૮૮	૨.૧૫
૯.	૭	૩૮૫૦	૪૧	૧.૦૬
૧૦.	૧૦	૪૧૮૫	૪	૦.૦૯
૧૧.	૯	૪૬૭૮	૨	૦.૦૪
૧૨.	૫	૩૯૧૧	-	-

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં. ૪,૩ તથા ૧ માં અનુસૂચિત જાતિની બેઠક નિયમોના નિયમ- ૬ (અ) હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે. અને તે મુજબ ફાળવવામાં આવે છે.

૧૪. અનુસૂચિત જાતિના મહિલા અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસ્તીને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતાં પ્રથમ આવતાં દર ત્રણ વોર્ડનાં જુથ પૈકી ત્રીજા વોર્ડમાં મહિલા બેઠક ફાળવવી તેમ પંચ માને છે. આ પ્રમાણે ગણત્રી કરતાં વોર્ડ નં. ૪ અને ૩માં અનુસૂચિત જાતિ માટે અને વોર્ડ નં. ૧ માં અનુસૂચિત જાતિની મહિલા માટે બેઠક અનામત રાખવાની થાય. પરંતુ નીચે પેરા ૧૬ માં જણાવ્યા મુજબ વોર્ડ નં. ૧ માં અનુસૂચિત આદિજાતિની મહિલા માટે પણ બેઠક અનામત રાખવાની થાય છે. આ સંજોગોમાં અનુસૂચિત જાતિની મહિલા માટે વોર્ડ નં. ૩ માં બેઠક અનામત રાખવાનું પંચ યોગ્ય માને છે. વળી, આ મુજબ ફાળવણી કરતાં પણ નિયમો અન્વયે દરેક વોર્ડમાં એક મહિલા, એક સામાન્ય બેઠક ફાળવવાની જોગવાઇ છે. તેનું ખંડન ન થાય તેની તકેદારી રાખવાની રહે છે.

૧૫. અનુસુચિત જાતિની બેઠક વોર્ડ નં. ૪,૩ તથા ૧ માં નિયમોના નિયમ- ૬:અઃ અન્વયે ફાળવવામાં આવે છે. તે પૈકી આ વર્ગનાં મહિલા માટે બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

વોર્ડ નંબર	બેઠક
૪	અનુસુચિત જાતિ
૩	અનુ.જાતિ. મહિલા
૧	અનુસૂચિત જાતિ

INDEX

૧૬. જાહેરનામા અન્વયે શહેર માટે ૨ બેઠકો અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે. અને ૨ બેઠકો પૈકી ૧ બેઠક અનુસૂચિત આદિજાતિ ની મહિલા માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે.

પંચે એકઠી કરેલ માહિતી મુજબ શહેરનાં જુદા જુદા ૧૨ વોર્ડની વસ્તી તથા દરેક અનુસૂચિત આદિજાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની કુલ વસ્તી	વોર્ડની અનુસૂચિત આદિજાતિની વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુસૂચિત આદિજાતિની વસ્તીની ટકાવારી
૧.	૬	૪૦૯૩	૯૮૯	૨૪.૧૬
૨.	૧	૪૨૨૭	૭૬૮	૧૮.૧૭
૩.	૭	૩૮૫૦	૬૧૮	૧૬.૦૫
૪.	૨	૪૬૮૯	૪૨૯	૯.૧૫
૫.	૩	૪૦૭૫	૨૩૨	૫.૬૯
૬.	૧૨	૪૪૮૩	૧૩૪	૨.૯૯
૭.	૧૧	૪૬૧૬	૯૩	૨.૦૧
૮.	૮	૪૦૪૨	૭૪	૧.૮૩
૯.	૫	૩૯૧૧	૫૮	૧.૪૮
૧૦.	૯	૪૧૮૫	૧૪	૦.૩૩
૧૧.	૪	૪૩૬૦	૭	૦.૧૬
૧૨.	૧૦	૪૬૭૮	-	-

આમ, અનુસૂચિત આદિજાતિની વસ્તીની ઉંચી ટકાવારી ક્રમ મુજબ વોર્ડ નંબર ૬ તથા ૧ માં અનુસૂચિત આદિજાતિની બેઠક નિયમો ના નિયમ ૬. અ. હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે. અને તે મુજબ ફાળવવામાં આવે છે.

અનુસૂચિત આદિજાતિના મહિલા માટે અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યત : આ વર્ગની વસ્તીને વોર્ડવાર ઉતરતાં ક્રમમાં ગોઠવતાં પ્રથમ આવતાં દર ત્રણ વોર્ડનાં જુથ પૈકી ત્રીજા વોર્ડમાં મહિલા માટે બેઠક ફાળવવી તેમ પંચ માને છે. પરંતુ જાહેરનામા અન્વયે અંજાર શહેર માટે ૨ જ બેઠકો અનુસુચિત આદિજાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ હોઇ; ઉંચી ટકાવારીની દ્રષ્ટિએ બીજા ક્રમે આવતા વોર્ડ નં. ૧ માં અનુસૂચિત આદિજાતિની મહિલા માટે બેઠક ફાળવવાનું પંચ યોગ્ય માને છે. આ મુજબ ફાળવણી કરતાં પણ નિયમો અન્વયે દરેક વોર્ડમાં એક મહિલા, એક સામાન્ય બેઠક ફાળવવાની જોગવાઇ છે. તેનું ખંડન ન થાય તેની તકેદારી રાખવાની રહે છે.

અનુસૂચિત આદિજાતિની બેઠક વોર્ડ નં. ૬ તથા ૧ માં નિયમો ના નિયમ ૬ (અ) અન્વયે ફાળવવામાં આવે છે. તે પૈકી આ વર્ગના મહિલા માટે બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

INDEX

વોર્ડ નંબર	બેઠક
૬	અનુસૂચિત આદિજાતિ
૧	અનુસૂચિત આદિજાતિ મહિલા

૧૭. જાહેરનામાં મુજબ ૪ બેઠકો પછાતવર્ગો માટે ફાળવેલ છે. તે પૈકી એક બેઠક આ વર્ગની મહિલા માટે અનામત રખાઈ છે.

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો- ૧૯૯૪નાં નિયમ-૬ બી હેઠળ રાજય ચૂંટણી પંચેપછાત વર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. જેના મહત્વનાં પ્રબંધ નીચે પ્રમાણે છે.

(૧) માન્ય રાજકીય પક્ષો તરફથી મળેલ માહિતીનાં અભ્યાસ પરથી જે શહેરનાં જે જે વોર્ડોમાં પછાતવર્ગની વસ્તીનાં ધોરણને અનુલક્ષીને જે સર્વ સામાન્ય વોર્ડો હોય તે તે વોર્ડોમાં પછાતવર્ગ માટે અનામત બેઠક ફાળવવાની રહેશે.

(૨) મ્યુનિસિપલ ચીફ ઓફીસર તરફથી છેલ્લી ચૂંટણીમાં જે વોર્ડમાંથી પછાતવર્ગનાં ઉમેદવારો ચૂંટાઈને કોર્પોરેટર તરીકે પદધારણ કરતાં હતા તે ઉપર અનુક્રમ નં. ૧ માં જણાવેલ વોર્ડોમાં બેઠક ફાળવ્યા પછી નિયત સંખ્યા સુધીમાં ફાળવવાની રહેશે.

આથી સ્પષ્ટતા કરવાની કે, જુના વોર્ડોનું સીમાંકન અને નવા વોર્ડોના સીમાંકનમાં ફેરફાર હોય તો જુના વોર્ડોના મોટા ભાગનો જે વિસ્તાર જે જે નવા વોર્ડનાં સીમાંકનમાં સમાવિષ્ટ થતો હોય તેવા નવા વોર્ડમાં પછાતવર્ગની બેઠક ફાળવવાની રહે છે.

(૩) પછાત વર્ગ માટે અનામત કુલ બેઠકો પૈકી ૧ : ૩ બેઠકો મહિલા માટે જાહેરનામા અન્વયે અનામત રખાઈ છે. આમ ત્રણ બેઠકો પૈકી એક બેઠક મહિલા માટે અનામત રાખવામાં આવી છે. આમ મહિલાનું પ્રમાણ ૧ : ૩ રહે છે. તેથી તાર્કીક રીતે વિચારતા દર ત્રણ બેઠકો પૈકી ત્રીજી બેઠક મહિલા માટે ફાળવવી તેમ પંચ સ્વિકારે છે.

(૪) પરંતુ જો આ રીતે જ વોર્ડમાં પછાત વર્ગ માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસુચિત જાતિ અથવા અનુ. આદિજાતિ માટે મહિલા બેઠક ફાળવી હોય તો તે વોર્ડને બદલે તે પછી અનુક્રમે જે વોર્ડ આવે તે વોર્ડમાં પછાતવર્ગની મહિલા બેઠક ફાળવવી.

માન્ય રાજકીય પક્ષોને પંચ તરફથી નગરપાલિકાઓના કયા વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવી તેના સુચનો મોકલવા આ કાર્યાલય તરફથી વિનંતી કરવામાં આવેલ. પરંતુ કોઈ માન્યરાજકીય પક્ષ તરફથી હજુ સુધી સુચન કરવામાં આવ્યા નથી.

પંચે અપનાવેલા માપદંડ મુજબ ચીફ ઓફીસર પાસેથી ગત ચૂંટણીમાં પછાતવર્ગનાં કાઉન્સિલરો જુના કયા વોર્ડમાંથી ચૂંટાયા હતા અને તે સમગ્ર વોર્ડોના કે તે વોર્ડના મોટા ભાગના વિસ્તાર નવા કયા વોર્ડમાં સમાવિષ્ટ થાય છે તેની માહિતી મેળવવામાં આવી છે.

૧૯. આ માહિતી ચકાસતાં જુના વોર્ડ નં. ૩ તથા ૨ જેનો મોટા ભાગનો વિસ્તાર હાલના નવા વોર્ડ નં. ૨,૪,૬,૭,૯, માથી ગત ચૂંટણી માં પછાતવર્ગોનાં ઉમેદવારો ચૂંટાયેલ હતા. જે પૈકી વોર્ડ નં. ૨ અને ૬ ની દરેકની કુલ બેઠકો માંથી ૧ બેઠક ઉપર પછાતવર્ગના ઉમેદવાર ચૂંટાયેલ હતા. જ્યારે વોર્ડનં. ૪ ની કુલ બેઠકો ૩ માંથી ૧ બેઠક ઉપર પછાતવર્ગનાં ઉમેદવાર ચૂંટાયેલ હતા. વોર્ડનં. ૭ માં કુલ બેઠકો ૨ માંથી બન્ને બેઠકો ઉપર પછાતવર્ગનાં ઉમેદવારો ચૂંટાયેલ હતા. વોર્ડનં. ૯ માં કુલ બેઠકો ૩ માંથી ત્રણેય બેઠકો ઉપર પછાતવર્ગ ઉમેદવાર ચૂંટાયેલ હતા. આ સમગ્ર હકીકત લક્ષ્યમાં લેતાં વોર્ડ નં. ૨,૬,૭ અને ૯ માં પછાતવર્ગ માટે બેઠક અનામત રાખવાનું અને તે પૈકી ત્રીજા ક્રમે આવતા વોર્ડ નંબર ૭ માં પછાતવર્ગની

INDEX

મહિલા માટે બેઠક અનામત રાખવાનું થાય. અને વોર્ડ નં. ૨,૬ તથા ૯ માં ત્રીજી બેઠક પછાતવર્ગ માટે અનામત રાખવાનું થાય. પરંતુ વોર્ડ નં. ૬ માં અનુસૂચિત આદિજાતિ માટે ત્રીજી બેઠક અનામત રખાઈ છે. આથી આ સંજોગોમાં પછાતવર્ગની મહિલા માટે વોર્ડ નં. ૭ માં બદલે વોર્ડ નં. ૬ માં બીજી બેઠક અનામત રાખવાનું પંચ મુનાસિબ માને છે. પછાતવર્ગની બેઠકોની સમગ્ર તથા ફાળવણી નિયમો ના નિયમ ૬. અ. હેઠળ નીચે પ્રમાણે કરવાનું ઠરાવે છે.

વોર્ડ નંબર	બેઠક
૨	પછાતવર્ગ
૬	પછાતવર્ગ મહિલા
૭	પછાતવર્ગ
૯	પછાતવર્ગ

૨૦. આ પ્રમાણે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા (તે પૈકી મહિલા અનામત બેઠકની સહીત ની) ફાળવણી કર્યા પછી મહિલા અનામત બેઠક અને સામાન્ય ઉમેદવારને બાકી રહેતી બેઠક ફાળવવામાં આવે છે.

૨૧. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને નિયમોનાં નિયમ-૩ અન્વયે અંજાર શહેરને આ સાથે સંલગ્ન અનુસૂચિ-૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે. અને આ સાથે અનુસુચિ-૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

૨૨. આ પ્રમાણે વોર્ડોનું વિભાજન અને હદરેખા નકકી કરવાનું અને વોર્ડ ની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે.

૨૩. ઉપર પ્રમાણે વોર્ડોની હદરેખા નકકી કરવામાં આવે છે. અને ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે. તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે. અને તે સામે કોઈપણ શખ્સને જાહેર જનતાને સલાહ સુચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૫ દિવસમાં રાજય ચૂંટણી પંચ બ્લોક નં. ૯, ૬ઠ્ઠા માળે, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા. મુદત વિત્યે આવેલ સુચનો ધ્યાનમાં લેવામાં આવશે નહી.

૨૪. રાજય ચૂંટણી પંચે શહેરના વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્રો છેવટનો કરતાં પહેલાં લોકપ્રતિનિધિત્વ ધારો-૧૯૫૧ અન્વયે માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

તારીખઃ ૨૮-૪-૧૯૯૪

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજય ચૂંટણી પંચ

INDEX

અનુસૂચિ-૧

પત્રક-૪

અંજાર નગરપાલિકા **જિલ્લો (કચ્છ).**

વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડની હદનું વર્ણન
(૧)	રેવન્યુ સર્વે નંબર ૩૦૩/૨ ની ઉત્તરેથી શરુ કરી ભુજ અંજાર રેલ્વે લાઈન થઈ પૂર્વમાં સ.નં. ૩૮૬ની દક્ષિણ દિશાની દબડા વિસ્તારની સમગ્ર વાડીઓનો વિસ્તાર તેમજ સતાપર ફાટક થઈ દક્ષિણ પશ્ચિમ તરફ સતાપર અંજાર રોડ થઈ ગંગા નાકા ઓકટ્રોય ચોકી થઈ પશ્ચિમે અંજાર-ભુજની પૂર્વતરફ બાજુની કૈલાશ બાગ થઈ કેદારનાથ બાગ થઈ સર્વે નંબર ૨૬૮ ના પશ્ચિમ ખુણા સુધી, ત્યાંથી પૂર્વે સર્વે નંબર ૨૭૦ થઈ ઉત્તરે સરવે નંબર ૩૦૩/૨ સુધીનો વિસ્તાર.
(૨)	ગુલાબ ઓઈલ મીલથી ઉત્તર તરફ સતાપર રોડથી સર્વે નંબર ૪૭૨/૧ થી દક્ષિણ તરફ જી.આઈ.ડી.સી.રોડ થઈ ગણેશ તળાવડી તરફ સ.નં. ૫૮૪ થી પશ્ચિમે અભિનવ એપાર્ટમેન્ટથી ગેસ્ટ હાઉસ રોડ થઈ પશ્ચિમ ઉત્તર તરફ જયહિન્દ સોસાયટી થઈ ગઢવાડી થઈ વાંકલ માતાના મંદિર થઈ ઉત્તર બાજુ નગરપાલિકા કચેરીથઈ, હનુમાન મંદિર થઈ, ગંગા નાકા વથાણથી બાથની ઉત્તરે ગંગાનાકા ઓકટ્રોય ચોકી થઈ અંજાર સતાપર રોડ સુધીનો વિસ્તાર.
(૩)	ગંગાનાકા ગેટ પાસે જમનાદાસ મોરારજીની દુકાન થઈ પૂર્વે મ્યુનિ. દુકાનો થઈ ભોગીલાલનાં પેટ્રોલ પંપ થઈ અંજાર તાલુકા ખરીદ વેચાણ સંઘ થઈ હરીજનવાસ થઈ,હીરજી કલ્યાણની ધર્મશાળા થઈ, વરસામેડી નાકા સુધી, ત્યાંથી પશ્ચિમે ખત્રી ચોક થઈ ભાણજીનાં ટાંકાવાળા રસ્તે થઈ નંદવાણા ચોક તરફ પટણી બજાર તરફથી થઈ ઉત્તર બાજુએ કસ્ટમ ચોક તરફ થઈ ગંગા બજાર થઈ ગંગા નાકા તરફનો વિસ્તાર.
(૪)	ગંગાનાકા અંજાર પગરપાલિકાની ઉત્તર બજુની વાણંદની દુકાનથી શરુ થઈ પશ્ચિમ બાજુની ગંગાનાકા ચોકની દુકાનો થઈ દક્ષિણે લુહાર ચોકથી જવાહર હિન્દુ હોટલ થઈ દક્ષિણે ગંગા બજાર મચ્છીપીઠ થઈ ગંગા બજાર કસ્ટમ ચોકથી પશ્ચિમે સાંકળીશેરીનાં અંદરનાં ભાગ થઈ ઉત્તરે સામેના હરીજનવાસ અંદર થઈ સાંઘ ફળીયાના મોસ્કાથી સામેના ભાગમાં વાઘડીયા ચોકનાં ઉત્તરે આવેલા અલાવાલા સાંઈની મસ્જિદ થઈ, પુરબીયા ચોક તરફ જતાં ઉત્તરે સાંઢ ફળીયા થઈ ગઢરાંગે થઈ, પશ્ચિમે અમરાવાવનાં કુવાથી ગઢરાંગે ડૉ. શ્યામસુંદરની હોસ્પિટલ થઈ, ગંગાનાકા અંદર વેલજી ઠક્કરની દુકાન સુધીનો વિસ્તાર.
(૫)	જયોતિ ઓઈલ મીલનાં ખુણાથી અંદરનાં ભાગે પૂર્વ તરફ સાંઢ ફળીયા થઈ પુરબીયા ચોકથી દક્ષિણે વાઘડીયા ચોક થઈ રતનપુરા રોડ સાંઢ ફળીયાનાં દક્ષિણ તરફનો હરીજનવાસ થઈ મચ્છીપીઠના રસ્તાને ક્રોસ કરી સાંકળી શેરીમાં થઈ કસ્ટમ ચોક તરફથી પશ્ચિમે શીવાજી રોડ માધવરાય ચોક થઈ મોહનરાય ચોક થઈ આશાપુરા મંદિરથી સવાસર નાકા તરફ થઈ સવાસર નાકા બહારથી ઉત્તર તરફ કિરણ જીનીંગ

INDEX

વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડની હદનું વર્ણન

ફેકટરી થઈ, જયોતિ ઓઈલ મીલનાં ખુણા સુધીનો વિસ્તાર.

(૬) રેવન્યુ સર્વે નંબર ૧૦૩ ની ઉત્તરના ખરાબાની જમીનથી ભુજ અંજાર મેઈન રોડથી પૂર્વ-દક્ષિણ તરફ જી.ઈ.બી. પાવર હાઉસથી ગંગા નાકા ઓકટ્રોય ચોકી સુધી થઈ દક્ષિણે દાઉદી વોહરા કબ્રસ્તાન થઈ સિદ્ધેશ્વર તળાવનાં ખુણાથી દક્ષિણે ગંગા નાકા થઈ વળતાં ઉત્તર તરફ પાંજરાપોળ થઈ રઘુનાથજીનાં મંદિરથી થઈ દક્ષિણ પશ્ચિમે અમૃત આઈસ, ફેકટરીથી પૂર્વ તરફ જતાં ભંગીવાસ થઈ પશ્ચિમ તરફ કલર ફળીયાનાં ગઢરાંગનાં પશ્ચિમ ભાગમાં થઈ, ઓલીયાથી પશ્ચિમ તરફ જતાં કબ્રસ્તાન થઈ વિજયનગર પ્લોટનાં ઉત્તર ભાગમાં થઈ પશ્ચિમે સરવે નંબર ૯૪ નાં ઉત્તર ભાગ સુધીનો વિસ્તાર.

(૭) સર્વે નંબર ૯૧ ની ઉત્તરથી શરુ થઈ પશ્ચિમથી પૂર્વ તરફ જતાં વિજયનગર પ્લોટનો ઉત્તર ભાગ તથા પૂર્વ છેડા પર મેમણ જમાતનાં ઉત્તર ભાગ થઈ દક્ષિણ તરફ સવાસર નાકા તરફ સાધુ રામદાસ રામાચાર્યજીની મિલ્કત થઈ સ્વામિ નારાયણનાં વંડા સુધી, ત્યાંથી દક્ષિણ પશ્ચિમ વીડી રોડ થઈ ડી.પી.રોડ થઈ દક્ષિણ તરફ ખેગારસર તળાવથી થઈ ત્યાંથી પશ્ચિમ તરફ રે.સ.નં. ૪૩ થી પશ્ચિમ તરફ જતાં રેવન્યુ સરવે નંબર ૬૩ ની ઉત્તર બાજુ રેફરલ હોસ્પિટલની રેવન્યુ સરવે નંબર ૯૧ સુધીનો વિસ્તાર સવાસર નાકા ઓકટ્રોય ચોકી, વિજયનગરનો સમગ્ર વિસ્તાર.

(૮) એનાયતશા પીરની જગ્યાથી શરુ થઈ પૂર્વ તરફ દેવળીયા નાકા તરફ જતાં બાયડ ફળીયા તરફ જુનાં એસ.ટી. બસ સ્ટેન્ડ થઈ દક્ષિણે અંજાર ગાંધીધામ રોડ પર પબ્લીક પાર્ક થઈ વૃંદાવન, ચિત્રકુટ સોસાયટીથી સાંગ નદી તરફ નગરપાલિકાની હદ સુધી, ત્યાંથી પશ્ચિમે આવેલ રેવન્યુ સરવે નંબર ૬૮૪/૧ નો સમગ્ર વિસ્તાર થઈ ખેંગારસર તળાવ થઈ સમગ્ર વાડીવાળો વિસ્તાર થઈ, સરવે નંબર ૧૮/૧ પાસે આવેલ બાબુભાઈનાં ગેરેજ થઈ સોરઠીયા નાકા તરફ જતાં એનાયતશા પીરની જગ્યા સુધીનો સમગ્ર વિસ્તાર.

(૯) સવાસર નાકા સ્વામિ નારાયણ મંદિરથી શરુ થઈ પૂર્વ તરફ શીવાજી રોડ માધવરાય ચોક તરફ નાનાલાલ રણછોડની પાનની દુકાનનાં ખુણાથી દક્ષિણે શાક માર્કેટ થઈ દક્ષિણે ડૉ. અંજારીયાનાં ઘર થઈ ટીંબી કોઠા તરફ સીટી ડીસ્પેન્સરીનાં સામેના ભાગ થઈ જાગરીયા ફળીયા થઈ પશ્ચિમે સોરઠીયા નાકા ગઢરાંગનો સમગ્ર વિસ્તારથી ઉત્તરે સવાસર નાકા તરફ, સવાસર નાકા પાસે સ્વામિનારાયણ મંદિર સુધીનો વિસ્તાર.

(૧૦) કસ્ટમ ચોક ગાભા ગગુની દુકાનથી દક્ષિણે પટણી બજાર નંદવાણા ચોકથી પૂર્વે મામાના ખીજડા થઈ પૂર્વે ખત્રી ચોક તરફ થઈ વરસામેડી નાકા સુધી, ત્યાંથી દક્ષિણે મુલાણી કુવા તરફથી તુરીયાવાડથી દેવળીયા નાકા તરફ દાદીમા કોમ્પ્લેક્ષથી દેવળીયા નાકા સુધી, ત્યાંથી પશ્ચિમે નોડે ફળીયા થઈ ગઢરાંગનાં અંદરનાં ભાગે સીટી હોસ્પિટલ થઈ ટીંબીકોઠા થઈ લાયબ્રેરી ચોકથી શાક માર્કેટ થઈ માધવરાય ચોકથી

INDEX

વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડની હદનું વર્ણન
	પૂર્વ તરફ કસ્ટમ ચોકમાં ગાભા ગગુની દુકાન સુધીનો વિસ્તાર.
(૧૧)	અંજાર નગરપાલિકા ટાઉનહોલથી પૂર્વ તરફ નવા એસ.ટી. થઈ અંજાર નગરપાલિકા કોલોની થઈ સ.નં. ૬૦૩ થી દક્ષિણે સ.નં. ૬૬૩ થી સ.નં. ૬૧૦ થઈ ખત્રી કોલોનીની દક્ષિણે થઈ મહાલક્ષ્મી કોલોની થઈ નગરપાલિકા હાઈસ્કુલનાં ખુણાથી થઈ ઉત્તર પશ્ચિમે સ્ટેડીયમ થઈ જીનીંગ પ્રેસ થઈ તાલુકા પંચાયત થઈ કે.કે.એમ.એસ.ગર્લ્સ હાઈસ્કુલ થઈ નગરપાલિકાના ટાઉનહોલ સુધીની વિસ્તાર.
(૧૨)	એકતાનગરથી પૂર્વે દક્ષિણ તરફ સર્વે નંબર ૬૬૫/૧ થી બહારનો વિસ્તાર થઈ રેલ્વે પાટા થઈ અંજાર મેઘપર ફાટક થઈ પશ્ચિમે સાંગ નદી થઈ ગાંધીધામ અંજાર રોડ થઈ વૈશાલી સિનેમા થઈ, વૈશાલી સોસાયટી, કર્મચારી સોસાયટી, ચામુંડા સોસાયટી થઈ એકતાનગરનાં ખુણા સુધીનો વિસ્તાર.

તારીખ: ૨૮-૪-૧૯૯૪

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજય ચૂંટણી પંચ

INDEX

અનુસૂચિ - ૨

રાજ્ય ચૂંટણી પંચ,

ગુજરાત રાજય, ગાંધીનગર

અંજાર નગરપાલિકાની કુલ વસ્તી : ૫૧,૨૦૯

કુલ વોર્ડોની સંખ્યા : ૧૨

વોર્ડની સરેરાશ વસ્તી : ૪૨૬૭

સરેરાશ વસ્તી ૧૦ ટકા વધ મુજબ : ૪૬૯૩

સરેરાશ વસ્તી ૧૦ ટકા ઘટ મુજબ : ૩૮૪૧

બેઠકોની સંખ્યા : ૩૬

મહિલા બેઠકો : ૧૨

૧ બેઠક અનુસૂચિત જાતિ

૧ બેઠક અનુસૂચિત આદિજાતિ માટે

૧ બેઠક પછાત વર્ગની મહિલા સહિતની.

અનુસૂચિત જાતી માટે અનામત બેઠકોની સંખ્યા : ૩ પૈકી ૧ મહિલા માટે.

અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા : ૨ પૈકી ૧ મહિલા માટે.

પછાત વર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા : ૪ તે પૈકી ૧ મહિલા માટે.

કુલ અનામત બેઠક : ૧૮

સામાન્ય બેઠક : ૧૮

અ.નં	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી બીન અનામત	બીજી બેઠકની ફાળવણી મહિલા અનામત	ત્રીજી બેઠકની ફાળવણી
૧.	૧	૪૨૨૭	સામાન્ય	અનુ.આદિજાતિ	અનુ.જાતિ
૨.	૨	૪૬૮૯	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ
૩.	૩	૪૦૭૫	સામાન્ય	અનુ.જાતિ	સામાન્ય
૪.	૪	૪૩૬૦	સામાન્ય	સામાન્ય	અનુ.જાતિ
૫.	૫	૩૯૧૧	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૬.	૬	૪૦૯૩	સામાન્ય	પછાતવર્ગ	અનુ.આદિજાતિ
૭.	૭	૩૮૫૦	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ
૮.	૮	૪૦૪૨	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૯.	૯	૪૧૮૫	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ

INDEX

અ.નં	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી બીન અનામત	બીજી બેઠકની ફાળવણી મહિલા અનામત	ત્રીજી બેઠકની ફાળવણી
૧૦.	૧૦	૪૬૭૮	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૧.	૧૧	૪૬૧૬	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૨.	૧૨	૪૪૮૩	સામાન્ય	સામાન્ય	સામાન્ય

તારીખઃ ૨૮-૪-૧૯૯૪

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

INDEX

Extra No.86

REGISTERED NO. G/GNR/2.

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol.XXXV] THURSDAY, APRIL 28, 1994/ VAISAKHA 8, 1916.

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ

ગુજરાત રાજ્ય

ગાંધીનગર.

ક્રમાંક : સમક : ૨૩૪૫ : ૯૪

ભૂજ નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ.

ભારતના સંવિધાનના ૭૪મા સુધારાને અનુલક્ષીને ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ- ૧૯૬૩ માં રાજ્ય સરકારે ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ- ૧૯૯૩ અન્વયે મહત્વનાં સુધારા કરેલા છે. આ અધિનિયમની કલમ- ૬, પેટા કલમ- ૪ અન્વયે નગરપાલિકાની ચૂંટણી, મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી પંચમાં નિહીત થશે. તેવી જોગવાઇ કરેલી છે. અને રાજ્ય ચૂંટણી પંચે કલમ- ૬, પેટા કલમ- ૫ અન્વયે રાજ્ય સરકારે કરેલાં નિયમો અનુસાર અધિનિયમની જોગવાઇઓને આધીન રહીને ચૂંટણી કરવી જોઇએ.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ- ૭ પેટા કલમ- ૨ તથા કલમ- ૬ની પેટા કલમ ૩ અન્વયે જાહેરનામા ક્રમાંક : કેવી ૨૫-૯૪ એન.પી.બી ૩૦૯૩ ૫૬૪૬ આર, તા.૧:૨:૯૪ જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યા

INDEX

છે.તે અન્વયે ભૂજ શહેરનાં નગરપાલિકાને જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેના સન ૧૯૯૧નાં વસ્તી ગણતરીના આખરી આંકડા પ્રસિધ્ધ થયા છે. તેના આધારે ૧૨ વોર્ડોમાં વહેચવામાં આવેલ છે. નગરપાલિકાના કાઉન્સિલરોની કુલ બેઠકો ૩૬ નક્કી કરવામાં આવી છે. જાહેરનામા અન્વયે અનુસૂચીત જાતિ અનુસૂચીત આદિજાતિ તથા પછાતવર્ગ તેમજ મહિલા માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલી છે.

૩. ચૂંટણી પંચે અધિનિયમની કલમ- ૭ પેટા કલમ- ૨ ખંડ- ૩ પેટા ખંડ: ખ અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડ માની અનુ.જાતી અનુસૂચીત આદીજાતી, પછાત વર્ગની તથા મહિલાની તરફેણમાં અનામત રાખેલા બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજ્ય સરકારે તેમના જાહેરનામા ક્રમાંક :કેવી:૪૯:૧૯૯૪ એન.પી.એલ ૪૫૯૩ :૩૬૫૫:એમ તા.૧૬-૩-૯૪.અન્વયે અધિનિયમની કલમ ૨૭૭ની પેટા કલમ- ૨ તથા કલમ- ૬ તથા ૭ અન્વયે વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણીના નિયમો ૧૯૯૪ જેને હવે પછી નિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે બહાર પાડેલ છે.

૫. નિયમોના નિયમ- ૨ અન્વયે નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે, કે શક્ય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસ્તી એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસ્તીથી કોઇ પણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહિ તે પ્રમાણે વોર્ડની રચના કરવાની રહે છે. આમ છતાં ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે, સ્થાનિક એકજુથતા તથા ભૌગોલીક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને તુલનામાં લેતા ૧૦ ટકા વધુ વધ કે ઘટ કરીને વોર્ડની રચના કરી શકાશે.

૬. પંચે નગરપાલિકાના વોર્ડોનાં સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે. તેમજ સને. ૧૯૪૮ના સેન્સસ એકટ મુજબ સને ૧૯૯૧ના વસ્તી ગણતરીનાં છેવટનાં પ્રસીધ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં શહેરની કુલ વસ્તી ૯૧,૦૨૩ આવે છે. જાહેરનામા મુજબ શહેરને ૧૨ વોર્ડો માં વહેચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૭૫૮૫ ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની પંચે તેના કાર્યાલયના અધિકારી કર્મચારીઓ મારફત ચકાસણી કરાવેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડનુ સીમાંકન કરવાનું ધાર્યુ છે તેમાં વોર્ડ નં ૧૧ સિવાય કોઈપણ વોર્ડમાં ૧૦ ટકા થી વસ્તી વધતી નથી કે ૧૦ ટકા થી વસ્તી ઘટતી નથી.વોર્ડ નં. ૧૧માં સોસાયટી અને સેન્સસ બ્લોકનું વિભાજન થતું હોઇ, સ્થાનિક એક જૂથતા ટકાવી રાખવા માટે વસ્તીની સંખ્યા ૮૬૪૬ રાખીને વોર્ડ બનાાવેલ છે, જેથી સરેરાશ વસ્તીથી ૧૧.૮૬ ટકા વધે છે. એટલે કે સરેરાશ વસ્તી કરતાં ૯૦૧ માણસો વધે છે. ૧૦ ટકા વધની મર્યાદા કરતાં ૧૪૩ માણસો વધારે છે.

૮. શહેર નાં ૧૨ વોર્ડોને નિયમ- ૩ ની જોગવાઈઓને ધ્યાનમાં લઈ આ સાથે અનુસૂચિ-૧માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે.આ સીમાંકન નક્કી કરવામાં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજૂથતા, નદી, રેલ્વેલાઈન, રોડલાઈન વગેરે કારણે બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને એકસરખા વોર્ડ-૧૨ બની રહે તે મુદ્દો વિચારણામા લઈ વોર્ડોનું સીમાંકન નક્કી કરેલું છે.

૯. નિયમોના નિયમ- ૪ અન્વયે દરેક વોર્ડ માં ત્રણ કાઉન્સિલર ચૂંટવાના છે. નિયમ- ૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક બિનઅનામત એટલેકે સામાન્ય બેઠક બની રહેશે. જ્યારે બીજી બેઠક મહિલા (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની મહિલા સહિત) માટે અનામત રાખવાની છે. જ્યારે ત્રીજી બેઠક જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચીત આદિજાતિ, પછાત વર્ગને ફાળવવાની રહેશે. અને તેવી ફાળવણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો તે બિનઅનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે.

૧૦. નિયમોના નિયમ- ૬ અન્વયે અનુસુચિત જાતિ, અનુસૂચિત આદિજાતિની દરેક વોર્ડની વસ્તીની ટકાવારીનાં ધોરણે જે વોર્ડમાં ૨આ વર્ગની વસ્તી સંખ્યા વધુ હોય એટલે કે, ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ., અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, મહિલા બેઠક સહીતની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ વસ્તી

INDEX

હોય એટલે કે ટકાવારી ઊંચી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારીત કરેલ છે,

૧૧. જાહેરનામા અન્વયે શહેર માટે ૨ બેઠકો અનુસુચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે અને ૨ બેઠકો પૈકી ૧ બેઠક અનુસૂચિત જાતિ ની મહિલા માટે અનામત રાખવાનુ નિર્ધારીત કર્યુ છે.

૧૨. પંચે એકઠી કરેલી માહિતી મુજબ શહેરનાં જુદા જુદા ૧૨ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા કમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	અનુ.જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ.જાતિની વસ્તીની ટકાવારી
૧.	૨	૭૦૫૨	૭૬૮	૧૦.૮૯%
૨.	૩	૭૨૭૮	૬૦૮	૮.૩૫%
૩.	૧૦	૮૦૫૫	૬૩૮	૭.૯૨%
૪.	૪	૭૮૬૪	૬૧૯	૭.૮૭%
૫.	૬	૭૯૩૯	૫૧૨	૬.૪૫%
૬.	૮	૭૨૧૩	૪૫૯	૬.૩૬%
૭.	૧૨	૭૩૦૬	૪૪૭	૬.૧૨%
૮.	૧	૬૯૮૦	૪૨૧	૬.૦૩%
૯.	૧૧	૮૪૮૬	૪૦૭	૪.૮૦%
૧૦.	૯	૮૩૧૨	૧૧૨	૧.૩૫%
૧૧.	૫	૭૩૬૯	૩૦	૦.૪૧%
૧૨.	૭	૭૧૬૯	૭	૦.૧૦%

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના કમ મુજબ વોર્ડ નં ૨ તથા ૩માં અનુસૂચિત જાતિની બેઠક નિયમોના નિયમ- ૬ અ હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે. અને તે મુજબ ફાળવવામાં આવે છે.

૧૪. અનુસૂચિત જાતિના મહિલા અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ જે વોર્ડમાં આ વર્ગની વસ્તીની ઉતરતા કમે ટકાવારીના કમમાં પ્રથમ આવતા દર ત્રણ વોર્ડના જૂથ પૈકી ત્રીજા વોર્ડમાં મહિલા બેઠક ફાળવવી તેમ પંચ માને છે. જાહેરનામા અન્વેય ભૂજ નગરપાલિકા માટે ૨ જ બેઠકો અનુસૂચિત જાતિ માટે અનામત રખાઇ છે અને તે પૈકી ૧ બેઠક આ વર્ગની મહિલા માટે અનામત રાખવાની થાય છે. તેથી વસ્તીની દ્રષ્ટિએ અનુસૂચિત જાતિ ઉંચી ટકાવારી ધરાવતા વોર્ડ ૨ તથા ૩ પૈકી બીજા કમે આવતા વોર્ડ નં. ૩માં અનુસૂચિત જાતિ મહિલા માટે બેઠક ફાળવવાનું પંચ માને છે. પરંતુ આ મુજબ ફાળવણી કરતાં પણ નિયમો અન્વયે દરેક વોર્ડમાં એક મહિલા, એક સામાન્ય બેઠક ફાળવવાની જોગવાઇ છે તેનું ખંડન ન થાય તેની તકેદારી રાખવાની રહે છે.

૧૫. અનુસુચિત જાતિની બેઠક વોર્ડ નં. ૨ તથા ૩માં નિયમોના નિયમ- ૬:અઃ અન્વયે ફાળવવામાં આવે છે. તે પૈકી આ વર્ગના મહિલા માટે બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

વોર્ડ નંબર	બેઠક
૨	અનુસૂચિત જાતિ
૩	અનુસૂચિત જાતિની મહિલા

૧૬. જાહેરનામા અન્વયે ભૂજ શહેર માટે ૨ બેઠક અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે અને ૨ બેઠકો પૈકી ૧ બેઠક અનુસૂચિત આદિજાતિના મહિલા માટે અનામત રાખવાનું નક્કી કરવામાં આવે છે.

પંચે એકઠી કરેલી માહિતી મુજબ શહેરનાં જુદા જુદા ૧૨ વોર્ડોની વસ્તી તથા દરેકની અનુસૂચિત આદિજાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અં.ન.	વોર્ડનંબર	વોર્ડની કુલ વસ્તી	અનુ. આદિજાતિની વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ.આદિજાતિની વસ્તીની ટકાવારી
૧.	૨	૭૦૫૨	૧૪૧૧	૨૦%
૨.	૧	૬૯૮૦	૮૩૨	૧૧.૯૨%
૩.	૧૧	૮૪૮૬	૧૦૦૧	૧૦.૮૦%
૪.	૩	૭૨૭૮	૭૮૧	૧૦.૭૩%
૫.	૧૨	૭૩૦૬	૬૦૯	૮.૩૪%
૬.	૮	૭૨૧૩	૧૮૧	૨.૫૧%
૭.	૬	૭૯૩૯	૬૦	૦.૭૫%
૮.	૧૦	૮૦૫૫	૩૧	૦.૩૮%
૯.	૫	૭૩૬૯	૨૧	૦.૨૮%
૧૦.	૪	૭૮૬૪	૬	૦.૦૮%
૧૧.	૭	૭૧૬૯	-	-
૧૨.	૯	૮૩૧૨	-	-

આમ, અનુસૂચિત આદિજાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં. ૬ તથા ૧માં અનુસૂચિત આદિજાતિની બેઠક નિયમોના નિયમ- ૬ :અ: અન્વયે અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે અને તે મુજબ ફાળવવામાં આવે છે.

અનુસૂચિત આદિજાતિના મહિલા માટે અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યત : આ વર્ગની વસ્તીની ઉંચી ટકાવારી જોતાં પ્રથમ આવતા ત્રણ વોર્ડના જૂથ પૈકી ત્રીજા વોર્ડમાં અનુસૂચિત આદિજાતિની મહિલા બેઠક ફાળવવી તેમ પંચ માને છે, પરંતુ ભૂજ નગરપાલિકા માટે આ વર્ગ માટે ૨ બેઠકો જ અનામત રખાઇ છે અને તે પૈકી ૧ બેઠક આ વર્ગની મહિલા માટે અનામત રાખવામાં આવેલ છે. ઉંચી ટકાવારીના ત્રણ વોર્ડના જૂથ પૈકી પ્રથમ ક્રમે આવતા વોર્ડ નં. ૨માં અનુસૂચિત આદિજાતિ માટે ત્રીજી બેઠક અનામત રાખવાની રહે,પરંતુ વોર્ડ નં. ૨ માં ત્રીજી બેઠક અનુસૂચિત જાતિ માટે ફાળવાયેલ હોઇ વોર્ડ નં. ૨માં ત્રીજીના બદલે બીજી મહિલા બેઠક અનુસૂચિત આદિજાતિ માટે ફાળવવા અને વોર્ડ નં. ૧માં બીજી મહિલા બેઠકને બદલે.

INDEX

ત્રીજી બેઠક ફાળવવાનું પંચ મુનાસીબ માને છે. અને આ મુજબ ફાળવણી કરતાં પણ નિયમો અન્વયે દરેક વોર્ડમાં એક મહિલા, એક સામાન્ય બેઠક ફાળવવાની જોગવાઇ છે તેનું ખંડન ન થાય તેની તકેદારી રાખવાની રહે છે.

અનુસૂચિત આદિજાતિની બેઠક વોર્ડ નં. ૨ તથા ૧ માં નિયમોના નિયમ-૬ :અ: અન્વયે ફાળવવામાં આવે છે. તે પૈકી આ વર્ગના મહિલા માટે બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

વોર્ડ નંબર	બેઠક
૨	અનુસૂચિત આદિજાતિ મહિલા.
૧	અનુસૂચિત આદિજાતિ.

૧૭. જાહેરનામા ક્રમાક : ખંડ ગ (સી) મુજબ ૪ બેઠકો પછાતવર્ગો માટે ફાળવેલ છે. તે પૈકી ૧ બેઠક આ વર્ગની મહિલા માટે અનામત રખાઈ છે.

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪નાં નિયમ- ૬ બી હેઠળ રાજય ચૂંટણી પંચેપછાત વર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. જેના મહત્વનાં પ્રબંધ નીચે પ્રમાણે છે.

(૧) માન્ય રાજકીય પક્ષો તરફથી મળેલ માહિતીનાં અભ્યાસ પરથી જે શહેરનાં જે જે વોર્ડનાં પછાતવર્ગની વસ્તીનાં ધોરણને અનુલક્ષીને જે સર્વ સામાન્ય વોર્ડો હોય તે તે વોર્ડોમાં પછાતવર્ગ માટે અનામત બેઠક ફાળવવાની રહેશે.

(૨) મ્યુનિસિપલ ચીફ ઓફીસર તરફથી છેલ્લી ચૂંટણીમાં જે વોર્ડમાંથી પછાતવર્ગનાં ઉમેદવારો ચૂંટાઈને કોર્પોરેટર તરીકે પદધારણા કરતાં હતા તે વોર્ડમાં ઉપર અનુક્રમ નં. ૧ માં જણાવેલ વોર્ડોમાં ઉપર અનુક્રમ નં. ૧ માં જણાવેલ વોર્ડોમાં બેઠક ફાળવ્યા પછી નિયત સંખ્યા સુધીમાં ફાળવવાની રહેશે.

આથી સ્પષ્ટતા કરવાની કે, જુના વોર્ડોનું સીમાંકન અને નવા વોર્ડોના સીમાંકનમાં ફેરફાર હોય તો જુના વોર્ડોનો મોટા ભાગનો જે વિસ્તાર જે જે નવા વોર્ડનાં સીમાંકનમાં સમાવિષ્ટ થતો હોય તેવા નવા વોર્ડમાં પછાતવર્ગની બેઠક ફાળવવાની રહેશે.

(૩) પછાત વર્ગ માટે અનામત રાખેલી કુલ બેઠકો પૈકી ૧:૩ બેઠકો મહિલા માટે જાહેરનામા અન્વયે અનામત રખાઈ છે. આમ ત્રણ બેઠકો પૈકી એક બેઠક મહિલા માટે અનામત રાખવામાં આવી છે. આ મહિલાનું પ્રમાણ ૧:૩ રહે છે. તેથી તાર્કીક રીતે વિચારતા દર ત્રણ બેઠકો પૈકી ત્રીજી બેઠક મહિલા માટે ફાળવવી તેમ પંચ સ્વીકારે છે.

(૪) પરંતુ જો આ રીતે વોર્ડમાં પછાત વર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસુચિત જાતિ અથવા અનુ. આદિજાતિ માટે મહિલા બેઠક ફાળવી હોય તો તે વોર્ડને બદલે તે પછી અનુક્રમે જે વોર્ડ આવે તે વોર્ડમાં પછાતવર્ગની મહિલા બેઠક ફાળવવી.

માન્ય રાજકીય પક્ષોને પંચ તરફથી નગરપાલિકાઓના કયા વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવી તે અંગે સુચનો મોકલવા આ કાર્યાલય તરફથી વિનંતી કરવામાં આવેલ. પરંતુ કોઈ માન્યરાજકીય પક્ષ તરફથી હજુસુધી સુચન કરવામાં આવ્યા નથી.

પંચે અપનાવેલા માપદંડ મુજબ ચીફ ઓફીસર પાસેથી ગત ચૂંટણીમાં પછાતવર્ગના કાઉન્સિલરો જૂના કયા વોર્ડમાંથી ચૂંટાયા હતા, અને તે સમગ્ર વોર્ડોનાં તે વોર્ડના મોટા ભાગના વિસ્તાર નવા કયા વોર્ડ મા સમાવિષ્ટ થાય છે. તેની માહિતી મેળવવામાં આવી છે.

૧૯. માહિતી ચકાસતાં જૂના વોર્ડ નં. ૨ ૩ માંથી સને, ૧૯૮૦ અને ૧૯૮૫ની ચૂંટણીઓમાં પછાત વર્ગના ઉમેદવારો ચૂંટાયા હતા. આ વોર્ડોનો મોટાભાગનો વિસ્તાર હાલ નવા વોર્ડ નં. ૧૧,૫,૩ તથા ૧૨માં આવે છે. આ સંજોગોમાં વોર્ડ નં.

INDEX

૩,૫,૧૧ તથા ૧૨ માં પછાત વર્ગ માટે બેઠક અનામત રાખવાનું પંચ મુનાસીબ માને છે. આ ક્રમે જોતાં તે ૩,૫,૧૧ પૈકી ત્રીજા ક્રમે આવતા વાર્ડ નં. ૧૧માં પછાત વર્ગની મહિલાને બેઠક અનામત ફાળવવાની થાય અને વોર્ડ નં. ૩,૫ અને ૧૨માં ત્રીજી બેઠક પછાત વર્ગ માટે અનામત રાખવાની થાય. સમગ્ર તથા પછાત વર્ગ માટે અનામત બેઠકોની વહેંચણી નીચે મુજબ કરવાનું પંચ ઠરાવે છે.

વોર્ડ નંબર	બેઠક
૩	પછાતવર્ગ
૫	પછાતવર્ગ
૧૧	પછાતવર્ગ મહિલા
૧૨	પછાતવર્ગ

૨૦. આ પ્રમાણે અનુસુચિત જાતિ, અનુસુચિત આદિજાતિ તથા પછાત વર્ગની (તે પૈકી મહિલા અનામત બેઠક સહિતની)ફાળવણી કર્યા પછી મહિલા અનામત બેઠક અને સામાન્ય ઉમેદવારોને બાકી રહેતી બેઠક ફાળવવામાં આવે છે.

૨૧. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને નિયમોનાં નિયમ-૩ અન્વયે ભુજ શહેરને આ સાથે સંલગ્ન અનુસૂચિ-૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે. અને આ સાથે અનુસુચિ-૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

૨૨. આ પ્રમાણે વોર્ડોનું વિભાજન હદરેખા નકકી કરવાનું અને વોર્ડની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે.

૨૩. ઉપર પ્રમાણે વોર્ડોની હદરેખા નકકી કરવામાં આવે છે. અને ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે. તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે. અને તે સામે કોઈપણ શખ્સને જાહેર જનતાને સલાહ સુચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૫ દિવસમાં રાજય ચૂંટણી પંચ બ્લોક નં. ૯, ૬ઠ્ઠા માળે, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા. મુદત વિત્યે આવેલ સુચનો ધ્યાનમાં લેવામાં આવશે નહી.

૨૪. રાજય ચૂંટણી પંચે નગરપાલિકાના વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો છેવટના કરતાં પહેલાં લોકપ્રતિનિધિત્વ ધારો ૧૯૫૧ અન્વયે માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરુરી પરામર્શ કરશે.

તારીખઃ ૨૮/૪/૧૯૯૪.

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજય ચૂંટણી પંચ

INDEX

અનુસૂચિ-૧

પત્રક-૪

ભૂજ નગરપાલિકા જિલ્લો : કચ્છ

વોર્ડ	ચૂંટણી વોર્ડની હદનું વર્ણન
(૧)	પશ્ચિમમાં આવેલ ખારી નદી સ્મશાનથી શરુ કરી ઉત્તરે જઈ પૂર્વ તરફ નગરપાલિકાની હદે હદે વળતાં રતીઆજતા રસ્તાની ઉત્તરે આવેલ સર્વે નંબર ૯૨ ની પશ્ચિમ ઉત્તર તરફ હદે આગળ જઈ સર્વે નંબર ૯૦ ની પશ્ચિમે નગરપાલિકાની હદે હદે ઉત્તર તરફ જઈ ત્યાંથી પશ્ચિમે જઈ પાછા ઉત્તરે જઈ પૂર્વ તરફ નગરપાલિકાની હદે હદે આગળ જતાં ઉત્તરે આવેલ સ.નં. ૧૦૭ ની હદે હદે પશ્ચિમ થઈ, ઉત્તરે જઈ, પૂર્વે વળી, ઉત્તરમાંથી થઈ પૂર્વ તરફ વળી, દક્ષિણે આવતાં સર્વે નંબર ૧૦૮, ૮૪, ૮૩, ૮૨ ની દક્ષિણ હદેથી આગળ વધતાં સર્વે નંબર ૭૯ ના પશ્ચિમ ભાગેથી પૂર્વ તરફ જતાં સ.નં. ૭૮, ૭૭, ૭૫ ની દક્ષિણ હદેથી પૂર્વ તરફ જઈ સ. નં. ૭૨, ૬૩ અને ૬૨ ની ઉત્તરથી દક્ષિણ જતી પૂર્વની હદે હદે થઈ સ. નં. ૩૪૦, ૩૪૧ અને ૩૪૨ ની દક્ષિણે હદે આગળ વધતાં પૂર્વમાં આવેલ સર્વે નં. ૩૫૧ ની પશ્ચિમે અબ્દુલા પીરની દરગાહની દક્ષિણ : પૂર્વની હદે થી પસાર થતાં વોકળાને ઓળંગી ઉત્તર : પૂર્વનાં ખૂણે કુંભારવાસ, ત્યાંથી દક્ષિણે ઓકટ્રોય ચોકી થઈ દક્ષિણ પૂર્વ ખૂણેથી પશ્ચિમ તરફ વળતાં ઉત્તરમાં પોલીસ લાઈન થઈ નૈઋત્ય ખૂણે સ. નં. ૧૫૮૫ ની હદે થઈ દક્ષિણમાં આવેલ સ. નં. ૧૫૭૪, ૧૫૭૩, ૧૫૭૨, ૧૫૭૧ ની દક્ષિણ, પૂર્વે આવેલ સ. નં. ૧૫૬૪ - હમીરસર તળાવ સહિત ઉત્તર હદેથી પૂર્વ તરફ ઉત્તરે તરફ આવતાં પશ્ચિમે આવેલ સ. નં. ૧૫૫૦ નો વિસ્તાર થઈ સ. નં. ૧૫૫૦ ની દક્ષિણે આવેલ નટનગર થઈ ઉત્તરે સ. નં. ૧૫૩૯, ૧૫૩૮, ૧૫૩૧, ૧૫૩૦ ની હદે હદે પશ્ચિમ તરફજતાં સ. નં. ૧૫૩૦ની હદે થઈ ઉત્તરમાં પૂર્વ : પશ્ચિમ પસાર થતાં માનકુવા રસ્તાને ઓળંગી પૂર્વે વળી ઉત્તર : પૂર્વમાં સ. નં. ૨૨ ની પશ્ચિમ : ઉત્તરની હદે થઈ સર્વે નં. ૨૦ ની પશ્ચિમે થઈ ઉત્તરે આવેલ સ. નં. ૫૩, ૫૨, ૫૧ ની પશ્ચિમ તરફની હદે ઉત્તર : પૂર્વ તરફ જતાં સ. નં. ૫૮ ની પશ્ચિમે નગરપાલિકની હદે હદે પશ્ચિમ તરફ ખારી નદી સ્મશાનથી નગરપાલિકાની હદ સુધી.
(૨)	ઉત્તર : પશ્ચિમે સ. નં. ૧૦૮ની પશ્ચિમ સરહદે થઈ નગરપાલિકની હદે હદે સ. નં. ૧૦૮ ના ઉત્તર સીમાડે થઈ સ. નં. ૧૪૨ થી સ. નં. ૧૫૨ ના ઉત્તર સીમાડે થઈ સ. નં. ૩૩૭ ની ઉત્તર હદે થઈ સ.નં. ૩૨૫, ૩૨૪, ૩૧૯, ૩૧૭, ૩૧૬, ૩૫૭ થી ૩૦૫ ની ઉત્તર હદે થઈ રુદ્રમાતા તરફ જતા રસ્તો ઓળંગી દક્ષિણે સ. નં. ૪૪૦, ૪૩૮, ૪૩૭ ની ઉત્તરે થઈ સ. નં. ૪૨૪ ની ઉત્તરે થઈ દક્ષિણમાં આવેલ સ. નં. ૩૮૬ની પૂર્વ દક્ષિણે થઈ સ. નં. ૩૮૪, ૩૮૧, ૩૮૦,૩૭૯, ૩૯૩ ની દક્ષિણ હદે થઈ સ. નં. ૪૦૩ ની ઉત્તર હદે થઈ સ. નં. ૩૭૦ ની પશ્ચિમ હદે થઈ સ. નં. ૩૭૧ ની પૂર્વ હદે થઈ દક્ષિણે આવેલ ભીડના નાકા પાસે આવેલ કમલાણી ફળીઆની પૂર્વે થઈ ઉત્તરે ગઢની રાંગે રાંગે ઉત્તર તરફ તુલસી ઓઈલ મીલની દક્ષિણે થઈ મોલુવાળી મસ્જીદ ના દક્ષિણ : પશ્ચિમે થઈ પોલીસ પરેડ ગ્રાઉન્ડની પૂર્વે થઈ - કુંભારવાસની પૂર્વ ઉત્તરે થઈ વોકળાને ઓળંગી અબ્દુલ્લા પીરની દરગાહની પૂર્વ ઉત્તરે થઈ પશ્ચિમ તરફ સ. નં. ૩૪૨, ૩૪૧, ૩૪૦ ની દક્ષિણ હદે થઈ ઉત્તરમાં સ. નં. ૭૩ ની પશ્ચિમ હદે થઈ સ. નં. ૭૫, ૭૭, ૭૮, ૭૯, ૮૨, ૮૪ ની દક્ષિણ હદે હદે સ. નં. ૧૦૮ની હદ સુધી.

INDEX

વોર્ડ	ચૂંટણી વોર્ડની હદનું વર્ણન
(૩)	ઉત્તર : પૂર્વે ખૂણે આવેલ, પશ્ચિમથી પૂર્વ તરફ જતા નાગોર રસ્તાની દક્ષિણે આવેલ સ. નં. ૫૯૩, ૫૮૪, ૫૮૫, ૫૮૭, ૭૮૧, ૭૦૩, ૭૮૬ ની પૂર્વે હદે થઈ દક્ષિણ તરફ જતાં, સ. નં. ૭૭૪ ની ઉત્તર : પૂર્વ હદેથી દક્ષિણ હદે થઈ સ. નં. ૭૯૦ ની પૂર્વેહદે થઈ સ. નં. ૯૯૨ ની દક્ષિણ હદે થઈ પશ્ચિમ તરફ વળતાં ઉત્તરે આવેલા સ. નં. ૭૯૨, ૭૯૩ ની દક્ષિણ હદે થઈ પૂર્વ તરફ વળતા સ. નં. ૮૦૨, ૮૨૪, ૮૨૫ ની પૂર્વ હદે થઈ પૂર્વ તરફ વળતાં ભૂજ થી અંજાર જતા રસ્તાની દક્ષિણે આવેલ ભુજીયા ડુંગરને પૂર્વ : દક્ષિણ અને પશ્ચિમની ફરતી હદનો વિસ્તાર થઈ, પશ્ચિમ તરફ વળતાં ઉત્તરમાં આવેલ સ. નં. ૯૯૭ ની દક્ષિણ હદેથી પશ્ચિમ હદેથી થઈ ઉત્તર પશ્ચિમ જતાં સ. નં. ૯૦૦ ની પશ્ચિમ હદે થઈ સ. નં. ૯૦૨ ની દક્ષિણ હદેથી ઉત્તર હદે થઈ સ. નં. ૯૦૮, ૯૦૭ ની પશ્ચિમ હદે થઈ સરપટ નાકાથી અંજાર જતા રસ્તાની પૂર્વે ઘાસચારા માર્કેટ થઈ ઉત્તરે જતાં ભંગીવાસ થઈ પૂર્વ તરફ જતાં સ. નં. ૪૯૩, ૩૯૫, ૩૯૦, ૩૭૭ ની ઉત્તર હદે થઈ સ. નં. ૩૮૬, ૩૮૭, ૪૨૪ ની પૂર્વ હદે થઈ ઉત્તરે જઈને પૂર્વ તરફ થી દક્ષિણમાં વળતા સ. નં. ૩૬૮, ઉત્તર હદેથી થઈ સ. નં. ૩૬૭ ની પૂર્વ હદે થી સ. નં. ૫૯૬ ની ઉત્તર હદ સુધી.
(૪)	ઉત્તરે આવેલા પઠાણ ફળીયાની ઉત્તરે આવેલ હેથાણ ફળીઆથી શરુ થઈ ઉત્તર હદેથી પૂર્વ તરફજતાં પોલીસ હેડ કવાર્ટર્સ, જયુબીલી હોસ્પીટલ, સરપટ ગેટ થઈ ત્યાંથી દક્ષિણે આવેલ સેન્ટ્રલ જેલ પાસેથી ભીડના નાકે જતાં ગઢની રાંગે રાંગના ઉત્તર દક્ષિણ રસ્તાની પૂર્વે મછીઆરા ફળીઓ, મટન માર્કેટ અને જંગલીશા પીર નજીકના પાણીના સ્ટેન્ડ પોસ્ટ સુધી ત્યાંથી પશ્ચિમે વળતાં જંગલીશા પીર પાસેથી હરીજન વાસના રસ્તે દક્ષિણમાં રામદેવપીર (હરીજનવાસ) થઈ ઉત્તરમાંથી પૂર્વ તરફ જઈ પશ્ચિમે જતા રસ્તે દક્ષિણે વોરા મદ્રેસા તથા ઉત્તરે ડોશાજીવાળી મસ્જીદ થઈ પશ્ચિમ તરફ જતા રસ્તાની ઉત્તરે વળતાં રસ્તે પઠાપીર પાસેથી પશ્ચિમ તરફ જતાં દક્ષિણે ખત્રી જમાતખાના પાસેથી દક્ષીણે ખત્રીચકલા તરફ જતા રસ્તે પૂર્વ બાજુ ખત્રી મસ્જીદ થઈ ખત્રી ચકલા સુધી ખત્રી ચકલાથી પશ્ચિમ તરફ, ખત્રી ચકલાથી મચ્છપીઠ તરફ જતા રસ્તે ઉત્તરમાં જયુબીલી હોસ્પીટલ શેરી નં. ૧ થઈ મચ્છીપીઠ સુધી.ત્યાંથી ઉત્તર તરફ જતા રસ્તે પૂર્વમાં પીરસોઈ મસ્જીદ, ત્યાંથી સેન્ટ્રલ જેલ સામે, નીકળતા રસ્તે સરપટ ગેટથી ઘોડાર ફળીઆ નારસ્તે થઈ જતાં દક્ષિણે પખાલી ફળીઓ, ઉત્તરે સાંકડી શેરી, ત્યાંથી દક્ષિણે જતાં સેજવાળા માતામ દક્ષિણે આવેલ વાડી તેની ઉત્તરે લાલશા બુરાનશાની દરગાહ, તેની પશ્ચિમે આવેલ ગઢની રાંગના ઉત્તર ખુણામાં કોઠાની હદ સુધી ને ત્યાંથી પૂર્વે હેથાણ ફળીઆ સુધી.
(૫)	પશ્ચિમ : દક્ષિણ ખૂણે આવેલી પાટવાડી નાકાથી પંચહટડી તરફ જતા રસ્તાની ઉત્તરે ગવર્નમેન્ટ ઓફીસ, ત્યાંથી પૂર્વ તરફ જતા રસ્તાની દક્ષિણે આશાપુરાનું મંદિર થઈ ઉત્તરે જતાં રસ્તો જે પૂર્વ તરફ વળે છે, તેની ઉત્તરે કોરેજા મસ્જીદ, ત્યાંથી હોસ્પીટલ રોડ જે સરપટ નાકા તરફજાય છે, તેની પૂર્વે ભાભનશા પીર તેની ઉત્તરે શીલેખાના થઈ ભાભનશા પીર પાસેથી પાછા વળતાં હોસ્પીટલ રોડની દક્ષિણે જતાં પૂર્વે ઘાંચીફળીઓ પશ્ચિમે મણીઆર ફળીઆ પાસેથી પૂર્વ તરફ જતા રસ્તાની પશ્ચિમે પી.ડબલ્યુ.ડી.ના કવાર્ટર્સ, જેઠી વંડી થઈખત્રી ચકલા તરફ જતા અને ગાંધી રોડને મળતા અને દક્ષિણ તરફ જતા રસ્તાની પશ્ચિમે મોટી પોશાળ, પોલીસ ચાવડી ત્યાંથી પશ્ચિમ તરફ જતાં દરબાર ગઢ થી ઉત્તરે જતાં ઓલ્ડ મીન્ટ રોડની પૂર્વે પી.ડબલ્યુ.ડી. ની ઓફીસ સુધી, ત્યાંથી તે રસ્તે ઉત્તરે જતાં પશ્ચિમે આવેલ પંચહટડી રોડની ઉત્તરે સ્કુલ, શિવદિર મોટી હવેલી થઈ પંચહટડી ચોક ત્યાંથી સ્વામીનારાયણ મંદિર તરફ

INDEX

વોર્ડ	ચૂંટણી વોર્ડની હદનું વર્ણન

જૂની કોર્ટના રસ્તે જતાં દક્ષિણે મોઢ શેરી થઈ પારેશ્વર ચોક માંથી પાવડી રસ્તે થઈ પંચહટડી આવી પશ્ચિમ તરફ પાટવાડી નાકા તરફ જતા રસ્તાની દક્ષિણે સ્કુલ થઈ પાટવાડી નાકા સુધી.

(૬) ઉત્તરે આવેલા ખત્રી ચકલાથી દક્ષિણ તરફ કંસારા બજાર જતા રસ્તાની પૂર્વે પી.પી.આર.એફ. પીપળાશેરી થઈ ત્યાંથી દક્ષિણે જતાં પૂર્વમાં વોરા શેરીમાંથી આગળ જતાં ઉત્તરે વોરાની મસ્જદ, તે પછી ઉત્તર : દક્ષિણે જતાં રસ્તાની પશ્ચિમેખાટકી ફળીયું, ત્યાંથી કંસારા બજારથી પીર ચોક તરફ જતા દક્ષિણથી ઉત્તરના રસ્તે ઉત્તરે ખોજાની મસ્જદ, ત્યાંથી ઉત્તર પૂર્વ ખૂણે જતાં રસ્તાની દક્ષિણે રવાણી ફળીઓ, ઉત્તરે કંસારા નાના ફળીઓ થઈ ઉત્તર : પૂર્વના ખૂણે જંગલીશા પીર સુધી ત્યાંથી દક્ષિણ તરફ વળતાં પૂર્વે આવેલ ભીડના નાકાથી શરાફ બજાર તરફ જતા રસ્તાની ઉત્તરે પીરની સાંકળ થઈ આઝાદ ચોકમાંથી દક્ષિણે જતાં રસ્તાની પશ્ચિમે વળતાં દક્ષિણ ખૂણે વાઢાની મસ્જદથી પશ્ચિમ તરફ જતા શરાફ બજારના રસ્તે ઉત્તરે આવતી નાની પોશાળતથા દક્ષિણે બુટવેલવાળી મસ્જદ થઈ આગળ જતાં પશ્ચિમ : દક્ષિણ ખૂણેથી ડાંડા બજાર તરફ જતા રસ્તે વળતાં પૂર્વ તરફ વોરાશેરી, રાજગોર મઢી ફળીઓ, ત્યાંથી ગાંધી રોડ થઈ ઉત્તરમાં ખત્રી ચકલા સુધી.

(૭) ઉત્તરે કોઠાવાવથી શરુ કરી પંચહટડીથી દુધેશ્વર તરફ જતા રસ્તે થઈ પૂર્વે જતાં દક્ષિણે ધાલાણ શેરી, ઉત્તરે દુધેશ્વર મહાદેવ પાસેથી પૂર્વ તરફ જતા રસ્તે આગળ વધતાં રસ્તાની ઉત્તરે આવતી માહેશ્વરી સમાજની વાડી પાસેથી દક્ષિણ તરફ વળતાં જુની ટંકશાળ રસ્તે દરબાર ગઢથી શરાફ બજાર તરફ જતા રસ્તાની દક્ષિણે જશવંતરાય - ધોળકીયા સ્ટ્રીટ (લંધા શેરી) ત્યાંથી માર્કેટ પાસેથી શરાફ બજાર જતા રસ્તાની દક્ષિણે મીનારા મસ્જદ સુધી ત્યાંથી પશ્ચિમે પાછા વળી શાકમાર્કેટ થી ચોક ફળીઆ જતા રસ્તે ચોક ફળીઆથી દક્ષિણે જતી ભાણજી સ્ટ્રીટ ની પૂર્વ : પશ્ચિમનો વિસ્તાર થઈ પૂર્વ તરફ જતાં ડૉ. મહેતા માર્ગથી પૂર્વ જતા રસ્તાની ઉત્તરે સ્થાનક, ત્યાંથી વાણીયાવાડથી મહેરઅલી ચોક તરફ જતા રસ્તાની પશ્ચિમે જૈન વંડો ત્યાંથી આગળ જતાં મહેરઅલી ચોકની પશ્ચિમે આવેલ હજામ શેરી સુધી ત્યાંથી પાછા વળી ડૉ. મહેતા માર્ગ, જે નાગર ચકલા સુધી જાય છે, તે માર્ગે થઈ નાગર ચકલા તરફ જઈ ન્યુ મીન્ટ તરફ જતા રસ્તે દક્ષિણે જયશ્રી ટોકીઝ, ત્યાંથી મહમદ પન્નાની મસ્જદ, ત્યાંથી મહાદેવ નાકે જતા રસ્તે ગઢ રાંગ સુધી. ત્યાંથી ઉત્તરે જતાં મહાદેવ ગેટ થી પારેશ્વર ચોક તરફ જતા રસ્તાની પૂર્વ પશ્ચિમની ભાગ, તે પારેશ્વર ચોક સુધી ત્યાંથી પારેશ્વર ચોકમાંથી પંચહટડી જતા રસ્તાની ઉત્તરે સ્વામીનારાયણ મંદિર કોર્ટનું મકાન થઈ પંચહટડી ચોક સુધી થઈ કોઠોવાવ સુધી.

(૮) પશ્ચિમ : ઉત્તર ખૂણે આવેલ સ. નં. ૧૫૫૭ થી શરુ કરી પૂર્વ તરફ જતાં સરકારી કર્મચારીઓનાં મકાનોની ઉત્તર હદે નગરપાલિકાની હદ સુધી, પૂર્વ તરફ જતાં વ્યાયામ શાળાની ઉત્તરે હદે થઈ પૂર્વ : ઉત્તરના ખૂણે સ. નં. ૧૫૬૩ ની હદે હદે હમીર તળાવની દક્ષિણ : પૂર્વ હદેથી સ. નં. ૯૬૫ ની પૂર્વ હદે થઈ દક્ષિણ તરફ આવતાં સ. નં. ૯૭૩ ની પૂર્વ હદે થઈ સ. નં. ૯૯૧ ની પશ્ચિમ હદે થઈ સ. નં. ૧૪૧૭ની પૂર્વ હદે થઈ સ. નં. ૯૯૩ ની પશ્ચિમે આવેલ દ્વિઘામેશ્વર કોલોની ની પૂર્વ હદે થઈ દક્ષિણ તરફ જતા સ. નં. ૧૩૯૮ - જાદવજીનગર, થઈ, પૂર્વ દક્ષિણ ખૂણે આવેલ સ. નં. ૧૩૯૯ ની પૂર્વ તથા દક્ષિણ હદેથી થઈ દક્ષિણ હદે નગરપાલિકાના હદે હદે માંડવી જતા રસ્તાની દક્ષિણે - દક્ષિણે પશ્ચિમ ખૂણે આવેલ ઓકટ્રોય ચોકી સુધી, ત્યાંથી ઉત્તર તરફ જતાં ગવર્નમેન્ટ ક્વાર્ટર્સની સ.નં. ૧૪૩૫ ની પશ્ચિમ હદે ઉત્તર તરફ જતાં નગરપાલિકાની હદે હદે સ. નં. ૧૫૫૭ સુધી.

INDEX

વોર્ડ	ચૂંટણી વોર્ડની હદનું વર્ણન

(૯) ઉત્તર : પૂર્વનાં ખૂણે આવેલા કમલાણી ફળીઆ થી શરુ કરી દક્ષિણે જતાં ગઢરાંગ જતા રસ્તાની પશ્ચિમે આવેલ હરીજનવાસ, ઢેબા ફળીઓ, ઠઠ ફળીઓ ત્યાંથી પશ્ચિમ તરફ વળતાં પંચમુખા હનુમાન ગલીની પાછળનો ભાગ, ત્યાંથી નવી શાક માર્કેટ જતાં રસ્તા ની ઉત્તરે આવેલ વાણીયાવાડ ગેટથી છઠીબારી જતા રસ્તે ઉત્તરે એસ.ટી. બસ સ્ટેશન, ત્યાંથી છઠીબારી છઠીબારી થી ગેરવાળી વંડી જતા રસ્તાની પૂર્વ : પશ્ચિમ તરફનો ભાગ, ત્યાંથી ન્યુ મીનટ રોડ ઉપર આવી નાગર ચકલા જતા રસ્તાની પશ્ચિમે આવેલ વેકણદાદાના અખાડા સામે આવેલ નાગર ચકલાથી સીટી પોસ્ટ ઓફીસ જતા રસ્તાની ઉત્તર તથા દક્ષિણનો ભાગ, જેમાં નગરપાલિકાની જુની ઓફીસ, સીટી પોસ્ટ ઓફીસ થઈ જતા રસ્તાની ઉત્તરે જતાં જન વંડો, ત્યાંથી શરાફ બજાર જતા રસ્તે પશ્ચિમે વાણીયાનો ડેલો, પૂર્વે કલાવાળી શેરી, આગળ જતાં પૂર્વે અપના બજાર, પશ્ચિમે રસ્તા ભોજનાલયવાળી શેરી ત્યાંથી આગળ વધતાં શરાફ બજારથી બીડ બજાર જતાં રસ્તાને જોડતા રસ્તેથી ભીડ તરફ જતાં રસ્તે આવતી માનબાઈ મસ્જીદ વાળી શેરી થઈ શરાફ બજાર થી બીડ તરફ જતાં રસ્તે વધતાં તે રસ્તે દક્ષિણે ભીડ ફળીઓ, આઝાદ ચોકથી ભીડના નાંકા પાસેના કમલાણી ફળીઆ સુધી.

(૧૦) હમીરસર તળાવની પૂર્વ : દક્ષિણ ખૂણે આવેલ ઓલ્ડેડ હાઈસ્કુલથી શરુ કરી પૂર્વ તરફ જતાં જિલ્લા પંચાયત કચેરી, ઈંદીરાબાઈ ગર્લ્સ સ્કુલ, મીડલ સ્કુલ થઈ દક્ષિણે વળતાં સ.નં. ૯૫૭ ની પૂર્વ હદે થઈ પૂર્વ તરફ વળતાં ઈંદીરાબાઈ પાર્ક, ત્યાંથી ભૂજ કો. ઓ. હાઉસીંગ સોસાયટી (નવું નામ ઓરીએન્ટ કોલોની); દક્ષિણે શારદા સોસાયટી, પૂર્વ તરફ હોસ્પીટલ રોડ પર સત્ય દર્શન હોસ્પીટલ, ત્યાંથી હોસ્પીટલ રોડ થઈ દક્ષિણે પાવરહાઉસ સામે ડૉ. જગદીશ મહેતાનું મકાન, ત્યાંથી પૂર્વ તરફ જલસેવા નગરના ખૂણા સુધી, ત્યાંથી પશ્ચિમ : દક્ષિણ તરફ જતા મુંદ્ર રોડની પશ્ચિમે આવેલ ગવર્નમેન્ટ ડેરી (મુંદરા રોડ) ત્યાંથી ઉત્તર તરફ આવતા બેન્કસ કોલોની, ટાઉનહોલ, કોર્ટનું મકાન, તે પછી ઝુલેલાલહાઉસીંગ સોસાયટી અને ઉત્તર ઓલ્ડ હાઈસ્કુલ સુધી.

(૧૧) ઉત્તરમાં આવેલ સર્વે નં. ૯૩૦ ની ઉત્તર હદેથી શરુ કરી પૂર્વ તરફ જતાં સ. નં: ૯૩૧ ની ઉત્તર હદે થઈ પૂર્વ તરફ જતાં રામનગરીની ઉત્તર હદે થઈ, ભુજીયાડુંગરની પશ્ચિમ હદે અને જનતાનગરીની પૂર્વ હદે હદે થઈ દક્ષિણે સેન્ટ ઝેવીયર્સ સ્કુલની પૂર્વે હદે થઈ દક્ષિણ : પશ્ચિમ ખૂણે આર.. ટી. ઓ. ઓફીસ પાસે આવેલ જકાતનાકું થઈ ત્યાંથી દક્ષિણે વળતાં પૂર્વ તરફની નગરપાલિકાની હદે હદે થઈ ઉત્તરથી પશ્ચિમ તરફ થઈ પૂર્વ તરફજતાં જનરલ હોસ્પીટલનો દક્ષિણ અને પૂર્વ હદે થઈ વોટર ટેન્કની પશ્ચિમ હદે થઈ ઉત્તર હદે પૂર્વ તરફ જતાં સેન્ટ ઝેવીયર્સ સ્કુલની ઉત્તર હદે થઈ ઉત્તર તરફ જતાં પશ્ચિમે ગુ.હા. બોર્ડ કોલોની ત્યાંથી ઉત્તરમાં જઈ પશ્ચિમે વળતાં પશ્ચિમ ઉત્તર ખુણે ટી.બી. હોસ્પીટલ થી ઉત્તરે જતાં પોલીસ ચોકીની પશ્ચિમ હદે થઈ ઉત્તરમાં જતાં સોર્ટીંગ ઓફીસ ભીલવાસ થઈ સ. નં. ૯૪૦, ૯૩૯, ૯૩૭; ૯૩૬ ની પૂર્વ હદે થઈ સ. નં. ૯૧૭ ની દક્ષિણ પૂર્વ હદેથી નગરપાલિકા ની હદે હદે સ. નં. ૯૩૦ ની ઉત્તર હદ સુધી.

(૧૨) ઉત્તરે આવેલ સર્વે નં. ૯૦૯ - મેમણ મુસાફરખાના થી શરુ થઈ દક્ષિણે વળતાં સ. નં. ૯૨૭, ૯૦૮ અને શિવરામંડપની પશ્ચિમહદે થઈ, રવિ સીમેનાની ઉત્તર હદેથી થઈ પૂર્વ હદે જતાં સ. નં. ૯૩૭, ૯૩૬, ૯૩૭, ૯૩૯, ૯૪૦ ની પૂર્વ હદે થઈ ભીલવાસની પૂર્વ હદેથી થઈ પૂર્વ તરફ વળતાં પોસ્ટ ઓફીસની દક્ષિણ હદે થઈ પોલીસ ચાવડી, દક્ષિણે જતાં ટી.બી. હોસ્પીટલની ઉત્તર હદે થઈ પૂર્વે થઈ

INDEX

વોર્ડ	ચૂંટણી વોર્ડની હદનું વર્ણન
	દક્ષિણ તરફ વળતાં ગુ.હા.બોર્ડ કોલોનીની પૂર્વે હદે થઈ સેન્ટ ઝેવીયર્સ સ્કુલની ઉત્તરે હદેથી પશ્ચિમે થઈ દક્ષિણે વળતાં રામકૃષ્ણ કોલોની ચર્ચ અને જનરલ હોસ્પીટલની પૂર્વ હદે થઈ દક્ષિણે જતાં જનરલ હોસ્પીટલની દક્ષિણ હદે થઈ ઉત્તર તરફ વળી પશ્ચિમે જતાં દક્ષિણે આવેલ શારદા સોસાયટીની ઉત્તર હદે થઈ ભુજ કો.ઓ.હા. સોસાયટીની પૂર્વ હદે થઈ ઉત્તર તરફજતાં ઈન્દીરાબાઈ પાર્કથી પૂર્વ : ઉત્તર હદે થઈને ઉત્તરમાં જતાં પૂર્વ આવેલ સ. નં. ૯૪૭, ૯૪૬, ૯૫૧ ની પશ્ચિમ હદે થઈ દક્ષિણથી ઉત્તર તરફ જતી ગઢરાંગની પશ્ચિમ હદે હદે ઉત્તરે જતાં સ. નં. ૯૦૯ સુધીનો વિસ્તાર.

તા. ૨૮/૪/૯૪

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ

INDEX

અનુસૂચિ - ૨

રાજ્ય ચૂંટણી પંચ ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

ભૂજ (જિલ્લા કચ્છ) નગરપાલિકાની કુલ વસ્તી : ૯૧,૦૨૩

કુલ વોર્ડોની સંખ્યા : ૧૨

વોર્ડ દીઠ સરેરાશ વસ્તી : ૭૫૮૫

સરેરાશ વસ્તી ૧૦ ટકા વધ મુજબ : ૮૩૪૩

સરેરાશ વસ્તી ૧૦ ટકા ઘટ મુજબ : ૬૮૨૭

બેઠકોની સંખ્યા : ૩૬

મહિલા બેઠકો : ૧૨

૧ બેઠક અનુસૂચીત જાતિની મહિલા

૧ બેઠક અનુસૂચીત આદિજાતિ મહિલા

૧ બેઠક પછાત વર્ગની મહિલા સહિતની.

અનુસૂચિત જાતી માટે અનામત બેઠકોની સંખ્યા : ૨ પૈકી ૧ મહિલા માટે.

અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા : ૨ પૈકી ૧ મહિલા માટે.

પછાત વર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા : ૪ તે પૈકી ૧ મહિલા માટે.

કુલ અનામત બેઠકો: ૧૭

સામાન્ય બેઠકો : ૧૯

અ.નં	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી બીન અનામત	બીજી બેઠકની ફાળવણી મહિલા અનામત	ત્રીજી બેઠકની ફાળવણી
૧.	૧	૬૯૮૦	સામાન્ય	સામાન્ય	અનુ.આદિજાતિ
૨.	૨	૭૦૫૨	સામાન્ય	અનુ.આદિજાતિ	અનુ.જાતિ
૩.	૩	૭૨૭૮	સામાન્ય	અનુ.જાતિ	પછાતવર્ગ
૪.	૪	૭૮૬૪	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૫.	૫	૭૩૬૯	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ
૬.	૬	૭૯૩૯	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૭.	૭	૭૧૬૯	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૮.	૮	૭૨૧૩	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૯.	૯	૮૩૧૨	સામાન્ય	સામાન્ય	સામાન્ય

INDEX

અ.નં	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી બીન અનામત	બીજી બેઠકની ફાળવણી મહિલા અનામત	ત્રીજી બેઠકની ફાળવણી
૧૦.	૧૦	૮૦૫૫	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૧.	૧૧	૮૪૮૬	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૧૨.	૧૨	૭૩૦૬	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ

તા. ૨૮-૪-૯૪

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No.87 REGISTERED NO. G/GNR/2.

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol.XXXV] THURSDAY, APRIL 28, 1994/ VAISAKHA 8, 1916.

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ

ગુજરાત રાજ્ય

ગાંધીનગર.

ક્રમાંક : સંમક : ૨૩૪૬ : ૯૪

ગાંધીધામ નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ.

ભારતના સંવિધાનના ૭૪મા સુધારાને અનુલક્ષીને ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ- ૧૯૬૩માં રાજ્ય સરકારે ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ- ૧૯૯૩ અન્વયે મહત્વનાં સુધારા કરેલા છે. આ અધિનિયમની કલમ- ૬, પેટા કલમ- ૪ અન્વયે નગરપાલિકાની ચૂંટણી, મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી પંચમાં નિહીત થશે. તેવી જોગવાઇ કરેલી છે. અને રાજ્ય ચૂંટણી પંચે કલમ- ૬, પેટા કલમ- ૫ અન્વયે રાજ્ય સરકારે કરેલા નિયમો અનુસાર અધિનિયમની જોગવાઇઓને આધીન રહીને ચૂંટણી કરવી જોઇએ.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ- ૭ પેટા કલમ- ૨ તથા કલમ- ૬ની પેટા કલમ ૩ અન્વયે જાહેરનામા ક્રમાંક : કેવી ૩૦૩-૯૩ એન.પી.બી ૩૦૯૩ ૫૬૪૬ (૩૨) આર, તા.૧૮:૧૨:૯૩ જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તે અન્વયે ગાંધીધામ શહેરની નગરપાલિકાને જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેના

INDEX

સન ૧૯૯૧નાં વસ્તી ગણતરીના આખરી આંકડા પ્રસિધ્ધ થયા છે. તેના આધારે ૧૪ વોર્ડોમાં વહેચવામાં આવેલ છે. નગરપાલિકાના કાઉન્સિલરોની કુલ બેઠકો ૪૨ નક્કી કરવામાં આવી છે. જાહેરનામા અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા પછાતવર્ગ તેમજ મહિલા માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલી છે.

૩. ચૂંટણી પંચે અધિનિયમની કલમ- ૭ પેટા કલમ- ૨ ખંડ- ૩ પેટા ખંડઃ ખ અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોડી માની અનુ.જાતી અનુસૂચીત આદીજાતી, પછાત વર્ગની તથા મહિલાની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજ્ય સરકારે તેમના જાહેરનામા ક્રમાંક :કેવીઃ૪૯ઃ૧૯૯૪ એન.પી.એલ ૪૫૯૩ :૩૬૫૫ઃએમ તા:૧૬-૩-૯૪.અન્વયે અધિનિયમની કલમ ૨૭૭ની પેટા કલમ- ૨ તથા કલમ- ૬ તથા ૭ અન્વયે વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણીના નિયમો ૧૯૯૪ જેને હવે પછી નિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે બહાર પાડેલ છે.

૫. નિયમોના નિયમ- ૨ અન્વયે નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે, કે શક્ય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોના વસ્તી એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડોની સરેરાશ વસ્તીથી કોઇ પણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહિ તે પ્રમાણે વોર્ડની રચના કરવાની રહે છે. આમ છતાં ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે, સ્થાનિક એકજુથતા તથા ભૌગોલીક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને તુલનામાં લેતા ૧૦ ટકા વધુ વધ કે ઘટ કરીને વોર્ડની રચના કરી શકશે.

૬. પંચે નગરપાલિકાના વોર્ડોનાં સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે. તેમજ સને. ૧૯૪૮ના સેન્સસ એકટ મુજબ સને. ૧૯૯૧ના વસ્તી ગણતરીનાં છેવટનાં પ્રસીધ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં શહેરની કુલ વસ્તી ૧,૦૪,૫૮૫ આવે છે. જાહેરનામા મુજબ શહેરને ૧૪ વોર્ડોમાં વહેચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૭૪૭૦ ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની પંચે તેના કાર્યાલયના અધિકારી/કર્મચારીઓ મારફત ચકાસણી કરાવેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે,એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડનુ સીમાંકન કરવાનું ધાર્યુ છે તેમાં વોર્ડ નં ૧,૨ (વધ), ૩,૮ તથા ૯ (ઘટ) સિવાય કોઈપણ વોર્ડ માં ૧૦ ટકા થી વસ્તી વધતી નથી કે ૧૦ ટકા થી વસ્તી ઘટતી નથી.

આદિપુર ગાંધીધામથી ૮ કિ.મી દૂર આવેલ છે. જે ગાંધીધામ નગરપાલિકા ની હદમાં આવે છે. ત્યાંની વસ્તી ૨૫૦૮૬ છે અને સરેરાશ વસ્તીની ગણતરી ધ્યાને લેતાં ત્યાં ત્રણ વોર્ડ બને છે. અને ત્રણ વોર્ડની સરેરાશ વસ્તીની ગણતરી કરતાં ૨૨,૪૧૦ થાય તેથી વધારાની જન સંખ્યા ૨૬૭૬ તે ત્રણ વોર્ડમાં જ સમાવવાની થાય છે. જેથી વોર્ડ નં. ૧ તથા વોર્ડ નં. ૨ માં વસ્તી ૧૦ ટકા થી વધુ વધે છે જે ભૌગોલિક રીતે જોતાં ગ્રાહય રાખવાપાત્ર જણાય છે અને પંચ ગ્રાહય રાખવાનું ઠરાવે છે.

વોર્ડ નં. ૩,૮ તથા ૯માં ભૌગોલિક રીતે જોતા બાજુમાં આવેલ વોર્ડોમાંથી જો વસ્તીનો ઉમેરો કરતાં તે વોર્ડના વસ્તીનું પ્રમાણ ૧૦ ટકાથી વધુ ઘટી જાય. બાજુના વોર્ડોની વસ્તી પણ સરેરાશ વસ્તીથી ઘટતી હોઇ ભૌગોલિક રીતે જોતાં વોર્ડ નં. ૩,૮, તથા ૯ માં વસ્તી નું પ્રમાણ ૧૦ ટકા થી વધુ ઘટે છે. જે ગ્રાહય રાખવાપાત્ર જણાય છે અને પંચ તે ગ્રાહય રાખવાનું ઠરાવે છે.

૮. શહેર નાં ૧૪ વોર્ડોને નિયમ- ૩ ની જોગવાઇઓને ધ્યાનમાં લઈ આ સાથે અનુસૂચિ ૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે.આ સીમાંકન નક્કી કરવા માં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજૂથતા, નદી, રેલ્વેલાઈન, રોડલાઈન વગેરે કારણે બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને એકસરખા વોર્ડ-૧૪ બની રહે તે મુદ્દો વિચારણામા લઈ વોર્ડોનું સીમાંકન નક્કી કરેલું છે.

૯. નિયમોના નિયમ- ૪ અન્વયે દરેક વોર્ડ માં ત્રણ કાઉન્સિલર ચૂંટવાના છે. નિયમ- ૫ અન્વયે દરેક વોર્ડ માંથી એક બેઠક બિનઅનામત એટલેકે સામાન્ય બેઠક બની રહેશે. જ્યારે બીજી બેઠક મહિલા (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની મહિલા સહિત) માટે અનામત રાખવાની છે. જ્યારે ત્રીજી બેઠક જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત

INDEX

આદિજાતિ, પછાતવર્ગ ને ફાળવવાની રહેશે. અને તેવી ફાળવણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો તે બિનઅનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે.

૧૦. નિયમોના નિયમ- ૬ અન્વયે અનુસુચિત જાતિ,અનુસૂચીત આદિજાતિની દરેક વોર્ડ ની વસ્તીની ટકાવારી નાં ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તી સંખ્યા વધુ હોય એટલેકે, ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે.આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, મહિલા બેઠક સહીત ની બેઠક જે તે વર્ગ ની જે વોર્ડ માં વધુ વસ્તી હોય એટલેકે ટકાવારી ઊંચી હોય તે વોર્ડ માં ફાળવણી નું ધોરણ નિર્ધારીત કરેલ છે.

૧૧. જાહેરનામા અન્વયે શહેર માટે ૯ બેઠકો અનુસુચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે અને ૯ બેઠકો પૈકી ૩ બેઠક અનુસૂચિત જાતિ ની મહિલા માટે અનામત રાખવાનુ નિર્ધારીત કર્યુ છે.

૧૨. પંચે એકઠી કરેલી માહિતી મુજબ શહેરનાં જુદા જુદા ૧૪ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	અનુ.જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ.જાતિની વસ્તીની ટકાવારી
૧.	૯	૬૪૨૯	૪૬૮૯	૭૨.૯૩
૨.	૧૪	૮૧૪૫	૫૧૪૮	૬૩.૨૦
૩.	૩	૬૬૫૧	૨૪૧૧	૩૬.૨૫
૪.	૧	૮૫૭૮	૨૫૦૨	૨૯.૧૭
૫.	૮	૬૬૦૨	૧૮૭૫	૨૮.૪૦
૬.	૧૧	૭૭૦૭	૨૦૫૪	૨૬.૬૫
૭.	૧૩	૮૨૧૧	૧૯૬૧	૨૩.૮૮
૮.	૪	૬૯૪૩	૬૦૭	૮.૭૪
૯.	૫	૭૧૨૬	૫૧૫	૭.૨૩
૧૦.	૧૨	૭૨૩૬	૪૦૩	૫.૫૭
૧૧.	૭	૭૨૧૭	૩૧૫	૪.૩૬
૧૨.	૬	૭૨૩૨	૨૩૯	૩.૩૦
૧૩.	૨	૮૫૫૦	૨૬૧	૩.૦૫
૧૪.	૧૦	૭૯૫૮	૨૧૯	૨.૭૫

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં ૯,૧૪,૩,૧,૮,૧૧,૧૩,૪ તથા ૫માં અનુસૂચિત જાતિની બેઠક નિયમોના નિયમ- ૬ અ હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે. અને તે મુજબ ફાળવવામાં આવે છે.

INDEX

૧૪. અનુસૂચિત જાતિના મહિલા અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસ્તીને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતાં પ્રથમ આવતા ૬૨ ત્રણ વોર્ડનાં જુથ પૈકી ત્રીજા વોર્ડમાં મહિલા બેઠક ફાળવણી તેમ પંચ માને છે. તે મુજબ જોતાં વોર્ડ નં. ૩,૧૧ તથા ૫ માં નિર્ધારીત થયેલ અનુસૂચિત જાતિ, ના મહિલા માટેની ત્રણ બેઠકો ફાળવવાની થાય. અને વોર્ડ નં. ૯,૧૪,૧,૮,૧૩ તથા ૪ માં ત્રીજી બેઠક ફાળવવાની થાય.

૧૫. નીચે પેરા ૧૮ માં જણાવ્યા પ્રમાણે નગરપાલિકાની રચના માટે અનુસૂચિત આદિજાતિ ની બે બેઠકો અનામત રાખવાનું નિર્ધારીત થયું છે. અને નિયમોનાં નિયમ ૬ મુજબ વસ્તીની ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં. ૯ તથા ૮ અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખવાનાં રહે છે. વળી, પંચે અપનાવેલા માપદંડ મુજબ વોર્ડ નં. ૯ માં અનુસૂચિત આદિજાતિ માટે ત્રીજી બેઠક અને વોર્ડ નં. ૮ માં અનુસૂચિત આદિજાતિ મહીલા માટે બેઠક ફાળવવાની થાય છે. પરંતુ વોર્ડ નં. ૯ માં માપદંડ મુજબ અનુસૂચિત જાતિ માટે ત્રીજી બેઠક ફાળવવાની રહે છે. અને પરિણામે અનુસૂચિત આદિજાતિ માટે વોર્ડ નં. ૯ માં ત્રીજી બેઠક ફાળવવા માટે ઉપલબ્ધ બનતી નથી. તેથી વોર્ડ નં. ૯ માં અનુસૂચિત આદિજાતિ માટે મહિલા બેઠક ફાળવવી જરૂરી બનતાં વોર્ડ નં. ૮ માં ત્રીજી બેઠક અનુસૂચિત આદિજાતિ માટે ફાળવવાનું જરૂરી બનતા વોર્ડ નં. ૮ માં વોર્ડ નં. ૧, ૮, ૧૧ એમ ત્રણ વોર્ડનાં સમૂહ પૈકી વોર્ડ નં. ૮ માં અનુસૂચિત જાતિ મહિલા માટે બેઠક ફાળવવાનું જરૂરી બન્યું છે. અને વોર્ડ નં. ૧૧ માં અનુસૂચિત જાતિ મહિલા બેઠક ને બદલે ત્રીજી બેઠક ફાળવવાનું જરૂરી બન્યું છે. જેથી વોર્ડ નં. ૯, ૧૪, ૩, ૧, ૮, ૧૧, ૧૩, ૪, તથા ૫ માં અનુસૂચિત જાતિની બેઠકો ફાળવાનું પંચ ઠરાવે છે. અને તે પૈકી વોર્ડ નં. ૩,૮ તથા ૫ માં અનુસૂચિત જાતિના મહિલા માટે અનામત બેઠક ફાળવવાનું પંચ ઠરાવે છે. પરંતુ આ મુજબ ફાળવણી કરતાં પણ નિયમો અન્વયે દરેક વોર્ડમાં એક મહિલા, એક સામાન્ય બેઠક ફાળવવાની જોગવાઇ છે. તેનું ખંડન ન થાય તેની તકેદારી રાખવાની રહે છે.

૧૬. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં. ૯, ૧૪, ૩, ૧, ૮, ૧૧, ૧૩, ૪ તથા ૫માં નિયમોના નિયમ- ૬:અઃ અન્વયે ફાળવવામાં આવે છે. તે પૈકી આ વર્ગ ના મહિલા માટે બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

વોર્ડ નંબર	બેઠક
૯	અનુસુચિત જાતિ.
૧૪	અનુસૂચિત જાતિ
૩	અનુસૂચિત જાતિ મહિલા
૧	અનુસૂચિત જાતિ
૮	અનુસૂચિત જાતિ મહિલા
૧૧	અનુસૂચિત જાતિ
૧૩	અનુસૂચિત જાતિ
૪	અનુસૂચિત જાતિ
૫	અનુસૂચિત જાતિ મહિલા

૧૭. જાહેરનામા અન્વયે શહેર માટે ૨ બેઠકો અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત કરેલ છે. અને બે બેઠકો પૈકી એક બેઠક અનુસૂચિત આદિજાતિ ના મહિલા માટે અનામત રાખવાનું નિર્ધારિત કર્યું છે.

રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

INDEX

અનુસૂચિ-૧

પત્રક-૪

બોટાદ નગરપાલિકા જિલ્લો : ભાવનગર

વોર્ડ નં.	ઈલેક્શન વોર્ડની હદનું વર્ણન
૧.	પાળીયાદ રોડ ઉપર કાબારૂપાની વાડીના મકાનોથી શરૂ કરી જમણી બાજુ ચાલી સર્વે નં. ૬૨૪ સુધી ત્યાંથી ત્રાસમાં સીધા ચાલી સર્વે નં. ૬૬૯-૨ એ અટકી જમણી બાજુ ચાલી, માતૃકૃપા હોસ્પીટલ સુધી, ત્યાંથી સામે ડાબી બાજુ ચાલી વિજય સોસાયટીના પુલ સુધી, ત્યાંથી ડાબી બાજુ ચાલી ખેંગાર રેવાના ઘર સુધીનો વિસ્તાર .
૨.	સહકારનગર સોસાયટી પુલ પાસેથી જમણી બાજુ ચાલી તુલસી નાનજીના મકાનથી શરૂ કરી ડાબી બાજુનો વિસ્તાર લઈ સર્વે નં. ૬૮૫-૧ સુધીનો વિસ્તાર વોકળાના કાંઠે રેલ્વે વિસ્તાર, શારદા સોસાયટી, રેલ્વે સ્ટેશન લઈ લાતીમાંથી પસાર થઈ રેલ્વે ફાટક ઓળંગી આઈ.ઓ. ડબલ્યુ સુધીનો વિસ્તાર.
૩.	બુધાભાઈ શેઠના ઘરથી કાઠીયાવાડ જીન સુધીનો વિસ્તાર તેમજ હબીબભાઈની વાડી, સોનાવાલા હોસ્પીટલ, સાળંગપુર રોડની ડાબી બાજુનો વિસ્તાર લઈ પાછા ફરી નવા હરીજન વાસમાંથી પસાર થઈ ગોવિંદજી ચાલી વિસ્તાર લઈ પાંજરા પોળ રોડ ઉપર કોલસના વરંડાથી શરૂ કરી જમણી બાજુ ચાલી બુધાભાઈ શેઠના ઘર સુધીનો વિસ્તાર.
૪.	ભા. જ. પ. કાર્યાલયથી સીધી ડાબી બાજુ ચાલી સહકારનગર સોસાયટી સુધી ત્યાંથી નદી કિનારે પાછા વળી ડાબી બાજુ ચાલી પાળીયાદ પુલ ઉપરથી પસાર થઈ ગામ તરફ ડાબી બાજુનો વિસ્તાર લઈ હનુમાન પુલ ઉપરથી પસાર થઈ ભા.જ.પ. કાર્યાલય સુધીનો વિસ્તાર.
૫.	પાળીયાદ રોડ ઉપર ડાબી બાજુ ચાલી મ્યુ. હદ સુધીનો વિસ્તાર લઈ ત્રાસમાં મ્યુ. હદે સીધા ચાલી તુરખા રોડ ઉપર ડાબી બાજુના મકાનો લઈ ઓક્ટ્રોય નાકા સામેનો વિસ્તાર લઈ ડાબી બાજુ વળી તે તરફનો વિસ્તાર લઈ ગાંડાલાલ વકીલની વાડીથી ડાબી બાજુ ચાલી હવેલી સુધીનો વિસ્તાર .
૬.	રાંગળીમાં ખીમા વીરાના ઘરથી ડાબી બાજુ ચાલી સિપાઈવાડો, મોતી વીરજી શેરી, લઈ રાંગળીમાં આશા ફળી ડાબી બાજુનો વિસ્તાર લઈ તુરખા ઝાંપા બહાર તુરખા રોડ તરફનો ડાબી બાજુનો વિસ્તાર તથા ઢાંકણીયા રોડનો ડાબી બાજુનો નદી સુધીનો વિસ્તાર.
૭.	તાલુકાશાળાથી શરૂ કરી બારોટ શેરી, જુના રામજી મંદિર વિસ્તાર લઈ હનુમાન દરવાજાથી સીધા ચાલી તુલસીદાસ મુળજીભાઈની દુકાનેથી ડાબી બાજુ વળી તે વિસ્તાર લઈ ભૂપતભાઈના જીનથી ડાબી બાજુ વળી તુરખા રોડ ઉપર બી.એલ. ગીડાનુ મકાન લઈ ગંગા જળિયા વિસ્તાર લઈ સીધા ચાલી બારોટ શેરી હાસમભાઈની દુકાન સુધી તેમજ સામે નટુભાઈ મિસ્ત્રીના ઘરથી ભીમા વીરાના ઘર સુધીનો વિસ્તાર.
૮.	હનુમાન દરવાજા પુલથી રાધીકા હોટલથી જમણીબાજુ ચાલી તે વિસ્તાર લઈ પંકડ ચેડીયાવાળો ખાંચો લઈ સામે રાઘવજીભાઈના મકાનથી રેલ્વે સુધી તેમજ ત્યાંથી જમણી બાજુ ચાલી તમામ વિસ્તાર લઈ જમાલ કાસમના ઘર સુધી ત્યાંથી ભોપાભાઈના વરંડાથી શરૂ કરી જમણીબાજુ ચાલી રાધીકા હોટલ સુધીનો વિસ્તાર.

INDEX

વોર્ડ નંબર	ઇલેકશન વોર્ડની હદનું વર્ણન
૯.	ઘાંચીવાળાની મસ્જીદથી શરૂ કરી અંબાજી ચોક, તકીયા કુવા શેરી, કામદાર શેરી, શિવાલય, વખારિયા ચોક, મોતી બજાર, માંકડ ચોક, તથા દિનદયાળ રોડ નો બંને બાજુનો વિસ્તાર.
૧૦.	જુના ભાંભણ રોડના ભંગીવાસ બ્લોકના મકાનો લઇ ગઢડા રોડ ઉપર જમણી બાજુ ન્યુ હદ સુધીનો ભગવાન પરા વિસ્તાર તથા નદીની આજુબાજુનો વિસ્તાર, ગઢની રાંગના રબારીના મકાનો રબારીવાસ, રજપૂત શેરી વિગેરે વિસ્તાર.
૧૧.	તાજપર ઝાંપા શીરફ વડીયાના મકાનથી શરૂ કરી ડાબી બાજુ ચાલી તમામ વિસ્તાર લઇ સામે દાઉદી વ્હોરાની શેરી વિગેરે વિસ્તાર લઇને શાંતિભાઇ માસ્તરના મકાને અટકી સામે ડો. ભૂતના દવાખાના થી શરૂ કરી ડાબી બાજુનો વિસ્તાર લઇ નાગલપર દરવાજા બહાર વડલા રોડનો ડાબી બાજુનો રેલ્વે લાઇન સુધીનો વિસ્તાર (ભંગીવાસ સિવાય)
૧૨.	રેલ્વે લાઇન ઓળંગી જુનો હરિજનવાસ લઇ સાળંગપુર રોડનો જમણી બાજુનો તમામ વિસ્તાર તેમજ ભાવનગર રોડનો વિકસતો વિસ્તાર લઇ ટેલીફોન કચેરીનો વિસ્તાર.

ચો. જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

INDEX

અનુસૂચિ - ૨

રાજ્ય ચૂંટણી પંચ,

બોટાદ નગરપાલિકાની કુલ વસ્તી : ૬૪,૬૦૩

કુલ વોર્ડોની સંખ્યા : ૧૨

વોર્ડ દીઠ સરેરાશ વસ્તી : ૫,૩૮૩ સરેરાશ વસ્તી ૧૦ ટકા વધ મુજબ : ૫,૯૨૧

સરેરાશ વસ્તી ૧૦ ટકા ઘટ મુજબ : ૪,૮૪૫

બેઠકોની સંખ્યા : ૩૬

મહિલા બેઠકો : ૧૨ ૧ બેઠક અનુસૂચિત જાતિ

અનુસૂચિત આદિજાતિ માટે મહિલા બેઠક કોઈ નહી.

૧ બેઠક પછાત વર્ગની મહિલા સહિતની.

અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા : ૩ પૈકી ૧ મહિલા માટે.

અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા : કોઈ નહી.

પછાત વર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા : ૪ તે પૈકી ૧ મહિલા માટે.

અનામત બેઠકોની સંખ્યા : ૧૭

સામાન્ય બેઠક : ૧૯

અ.નં	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી બીન અનામત	બીજી બેઠકની ફાળવણી મહિલા અનામત	ત્રીજી બેઠકની ફાળવણી
૧.	૧	૫૫૨૫	સામાન્ય	સામાન્ય	પછાત વર્ગ
૨.	૨	૫૬૬૫	સામાન્ય	સામાન્ય	પછાત વર્ગ
૩.	૩	૫૪૦૮	સામાન્ય	સામાન્ય	અનુ.જાતિ
૪.	૪	૪૯૪૩	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૫.	૫	૪૯૭૫	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૬.	૬	૫૦૭૩	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૭.	૭	૪૯૨૭	સામાન્ય	પછાત વર્ગ	સામાન્ય
૮.	૮	૫૬૬૩	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૯.	૯	૫૫૫૧	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૦.	૧૦	૫૮૦૨	સામાન્ય	અનુ.જાતિ	પછાત વર્ગ

INDEX

અ.નં	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી બીન અનામત	બીજી બેઠકની ફાળવણી મહિલા અનામત	ત્રીજી બેઠકની ફાળવણી
૧૧.	૧૧	૫૮૩૧	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૨.	૧૨	૫૨૪૦	સામાન્ય	સામાન્ય	અનુ.જાતિ

ઓ.જે.દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 105 REGISTERED NO. G/GNR/2.

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol.XXXV] SATURDAY,MAY 21,1994/ VAISAKHA 31, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ

જાહેરનામું,

સચિવાલય,ગાંધીનગર

તા. ૨૧મી મે, ૧૯૯૪.

ક્રમાંક : સમક : ૨૦૧૧:૯૪

અમરેલી નગરપાલિકાની ચૂંટણી માટે અમરેલી શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આખરી આદેશ.

રાજ્ય ચૂંટણીપંચના તા.૮-૪-૯૪ નાં જાહેરનામાં ક્રમાંકઃસમકઃ૨૦૧૧ઃ૯૪ અન્વયે અમરેલી નગરપાલિકાની ચૂંટણી માટે અમરેલી શહેરનાં વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ જારી કરવામાં આવેલ છે. આ આદેશનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવેલ છે તેની સામે કોઈપણ વ્યકિતને જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો સદરહુ આદેશ પ્રસિધ્ધ થયેથી દિવસ-૧૫ માં રાજ્ય ચૂંટણી પંચ,ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલવાના હતા.

૨. અમરેલી નગરપલિકાની ચૂંટણી માટેના અમરેલી શહેરનાં વોર્ડોના સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ અન્વયે જુદી જુદી વ્યકતિઓ તથા રાજકીય પક્ષો તરફથી સૂચનો કરવામાં આવ્યા નથી.

INDEX

૩. આ ઉપરાંત ૧૯૫૧ નાં લોકપ્રતિનિધિત્વ ધારા અન્વયે માન્ય રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ પણ રાજ્ય ચૂંટણી પંચે કરેલો છે.

૪. રાજ્ય ચૂંટણી પંચને મળેલ સૂચનોનો કાળજી પૂર્વક અભ્યાસ કરી તેમજ માન્ય રાજકીય પક્ષો સાથે પરામર્શને અંતે તે પરામર્શમાં થયેલ સૂચનોનો પણ કાળજીપૂર્વક અભ્યાસ કરી અત્રેનો તા. ૮-૪-૯૪ના મુસદ્દારૂપ આદેશ આખરી કરવા ચૂંટણી પંચે ઠરાવ્યું છે.

૫. આથી રાજ્ય ચૂંટણી પંચ ભારતીય સંવિધાનના અનુચ્છેદ ૨૪૩-ડ,૨૪૩-વ. ક, તથા ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ માં રાજ્ય સરકારે ગુજરાત નગરપાલિકા (સુધારા અધિનિયમ -૧૯૯૩ ની પેટા કલમ ૭, પેટા કલમ ૨,ખંડ ૩,પેટાખંડ ખ તથા ગુજરાત નગરપાલિકા) શહેરના વોર્ડોનાં સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી) નિયમો ૧૯૯૪ હેઠળની સત્તાની રુએ અમરેલી શહેરનાં વોર્ડોનું સીમાંકન આ સાથે જોડેલ અનુસૂચિ નં. ૧ માં દર્શાવ્યા પ્રમાણે આખરી કરવાનું ઠરાવે છે. અને આ સાથે જોડેલ અનુસૂચિ નં. ૨ માં દર્શાવ્યા પ્રમાણે અનામત બેઠકોની ફાળવણી આખરી કરવાનું ઠરાવે છે.

રાજ્ય ચૂંટણી પંચના આદેશથી,

યો. જે. દીક્ષિત
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,

INDEX

અનુસૂચિ-૧

પત્રક-૪

અમરેલી મ્યુનિસિપાલીટી **જિલ્લો અમરેલી.**

વોર્ડ નં.	ઇલેકશન વોર્ડની હદનું વર્ણન
૧.	જેસીંગપરા વેરાઇપા વોર્ડ નં. ૧

અમરેલી શહેરની વાયવ્ય હદેથી આવેલ કુંકાવાવ રોડ સુધરાઇ હદેથી શરૂ ઉત્તર વડી નદી પસાર કરી સર્વે નં. ૧૦૬૩ તથા ૧૦૬૪ તથા ૧૦૪૮ ની ઉતર બાઉન્ડ્રી થઇ નાના આંકડીયા જવાનો રસ્તો ક્રોસ કરી સર્વે નં.૧૦૪૮ની ઉત્તરે હદેથી ઠેબી નદીના પૂર્વ કિનારાથી દક્ષિણ તરફ ઠેબી નદીના પૂર્વ કિનારે દક્ષિણ તરફ જતા જીવાપરા મહાદેવના મંદિર સામે આવેલ તાઇવાડાના ગઢની દિવાલના ખુણેથી પૂર્વ તરફ ભરવાડ વાડાના રસ્તેથી દક્ષિણ તરફ ગુંદીયા ચોરાથી વજીરની ડેલીથી જુમ્મા મસ્જીદ પાસેથી પૂર્વ તરફ જેલ તરફ જતા રસ્તા માઇ સરોવરની દરગાહથી મોચી બજાર તરફ જતા જમણા હાથનો વિસ્તાર ત્યાંથી મોચી બજાર થી ટાંવર તરફ જતા જમણા હાથનો વિસ્તાર ત્યાંથી મોચી બજાર દક્ષિણ બાજુ વળી ટાવર તરફ દોલતસિંહ ધનસિંહ પ્રાનવાળાની દુકાનથી પશ્ચિમ તરફ જતા કાપડ બજાર શરૂ થતા કાપડ બજારના ઉત્તર હદ થઇ પશ્ચિમે જતા જૈન મંદિર, મોદી શેરીના છેડે થઇ વેરાઇ માતાના રસ્તાના કોર્નર થઇ નવી ખત્રી મહાજન વાડીથી સ્વામી નારાયણ મંદિરથી દક્ષિણ તરફ જતા ઠેબી નદીના પૂર્વ કિનારેથી દક્ષિણ તરફ ગૌશાળા, મંડોરા વાડીના પૂર્વ હદે થઇ દક્ષિણ ખૂણેથી પશ્ચિમ તરફ જતા મહેતા સિલ્ક મીલ પાસેથી કુંભારના મકાનો થઇ જેસીંગપરા કુમાર શાળા તરફ પશ્ચિમ તરફ જતા કુમાર શાળાની ઉત્તર બાજુની હદે થઇ જેસીંગપરા, રામપરા, શેરી નં. ૩ માંથી પસાર થઇ પશ્ચિમ તરફ સુધરાઇ હદ સુધી ટચ થઇ રંગપુર વડેરા રોડનો ક્રોસ કરી સર્વે નં. ૯૩૪ તથા ૯૩૩ પશ્ચિમ અને ઉત્તર હદ પ્રમાણે પસાર થઇ કુંકાવાવ રોડના વાયવ્યખુણા સુધી એ પ્રમાણે ચર્તુદિશાથી બંધાયેલ ઇલેકશન વોર્ડની હદ છે.

૨. કસ્બાપા વોર્ડ નં. ૨

ઠેબી નદીના પૂર્વ કાંઠેથી રેવન્યુ સર્વે ન. ૩-૪ વાયવ્ય ખુણેથી શરૂ કરી પૂર્વ તરફ જતા મણીનગરની દક્ષિણે આવેલ મેમણ કબ્રસ્તાનથી ગીરીયા રોડ ક્રોસ કરી તથા યુનિટી હાઇસ્કુલ, તારવાડી વોટર વર્કસ વાળા વિસ્તારની ખુણેથી પૂર્વ બાજુ થઇ દક્ષિણ તરફ જતા ગાંધી બાગની પશ્ચિમ બાજુની હદ પ્રમાણેથી દક્ષિણ તરફ થઇ પશ્ચિમ તરફ કપોળ બોર્ડીંગનો પાછળના ખુણેથી દક્ષિણ તરફ સંઘવીના ડેલા પાસે થઇ હવેલી ચકા સુધીનો પશ્ચિમ વિસ્તાર હવેલી મંદિરની પૂર્વ બાઉન્ડ્રી પ્રમાણે થઇ મોચી બજારના રસ્તે વળતા જમણા હાથે દિલાવર પ્રેસથી માંઇ સરોવરમાં દરગાહ તરફ વળાંક લઇ જેલ પાસે થઇ પશ્ચિમ તરફ જતા જુમ્મા મસ્જીદના પશ્ચિમ દક્ષિણ ખુણેથી ઉત્તર તરફ જતા ભરવાડ વાડ, તથા ગુંદીયા ચોરો તરફ જતા રસ્તાની જમણી બાજુના વિસ્તારમાંથી જીવાપરા સોમનાથ મંદિરની પાછળ સર્વે નં. ૧૯ના ખુણા સુધી.

૩. સરકારવાડા વોર્ડનં ૩

ઠેબી નદીના પૂર્વ કિનારેથી પોમલીપાટ તરીકે ઓળખાતા વિસ્તાર રે.સ.નં. ૪૦ના ઉત્તર પૂર્વે ખૂણેથી શરૂ થતા સુધરાઇ હદ થઇ પૂર્વ તરફ ઉત્તર બાજુના ફાયરબટ પાસેથી પસાર થઇ પૂર્વ તરફ ચિતલ રોડ રસ્તે ન્યુ ચિતલ જકાત નાકા પાસેથી નહેરૂ ગેઇટ તરફ જતા રસ્તે જમણા હાથનો વિસ્તાર નહેરુ ગેઇટથી પશ્ચિમ તરફ સંઘવીના ડેલા તરફ જતા રસ્તાનો જમણા હાથનો વિસ્તાર સંઘવીના ડેલાથી ઉત્તર

INDEX

વોર્ડ નંબર અને વોર્ડનું નામ	ચૂંટણી વોર્ડની હદનું વર્ણન

તરફ જતા કપોળ બોર્ડીંગના વાયવ્ય ખુણા સુધી ત્યાંથી પૂર્વ તરફ જતા ગાંધીબાગની પશ્ચિમ બાઉન્ડ્રીએ પસાર થઇ યુનિટી હાઇસ્કૂલના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી નદી તરફ જતા રસ્તે સર્વે નં. ૩/૪ ના વાયવ્ય ખૂણેથી ઉત્તર ઠેબી નદીના પૂર્વ કિનારે જતા સર્વે નં. ૪૦ના વાયવ્ય ખૂણાને જોડતા વિસ્તારનો સમાવેશ આ વોર્ડમાં થાય છે.

૪. સરકારવાડા ભાગ -૧ વોર્ડ નં. ૪

ચિતલ રોડ પર આવેલ પેવેલીયનના વાયવ્ય ખૂણેથી વિમાન ઘરની દક્ષિણ હદ પ્રમાણે પૂર્વ તરફ જતા રે.સ.નં. ૧૨૧૧-૬૪-૬૬-૧૨૯-૨ ની પશ્ચિમ બાઉન્ડ્રીએ થઇ બોયઝ હોસ્ટેલ સુધી ત્યાંથી વરસડા રોડ ક્રોસ કરી આઇ.ટી.આઇ કમ્પાઉન્ડની પૂર્વ બાજુએથી સ્ટેશન રોડ જકાત નાકાથી નગરપાલિકા કચેરી તરફ જતો સ્ટેશન રોડની જમણી બાજુના વિસ્તારથી ઉત્તર તરફ જતા ટેલીફોન એક્સચેન્જ સુધી ત્યાંથી રોડ ક્રોસ કરી નાગનાથ મંદિરની પશ્ચિમ બાજુએ થઇ ઉત્તર કંપાઉન્ડથી ઉત્તર તરફ જતા ચિત્તલ રોડ ઉપર આવેલ પેવેલીયનના વાયવ્ય ખુણા સુધી.

૫. માણેકપરા - હનુમાનપરા વોર્ડ નં. ૫

રેવન્યુ સર્વે નં. ૧૨૧૧ ના ઉત્તર પશ્ચિમ ખૂણે એટલે કે વાયવ્ય ખૂણેથી પૂર્વ તરફ જતા રે. સ. નં. ૧૨૪ જે નગરપાલિકાની હદ છે. ત્યાંથી દક્ષિણ બાજુ આવતા રેલ્વે લાઇન ક્રોસ કરી પૂર્વ તરફ જતા રે.સ.નં. ૧૧૬ના ઇશાન ખૂણેથી દક્ષિણ તરફ વરસડા રોડ ક્રોસ કરી પશ્ચિમ તરફ જતા ડાબા હાથે રે.સ.નં. ૧૫૨ની પૂર્વ હદે વરસડા રોડ જકાત નાકાની પૂર્વ બાજુએથી દક્ષિણ તરફ જતાં સર્વે નં. ૧૫૨-૨ ના પૂર્વ દક્ષિણ ખૂણેથી હનુમાન પરા તરફ જતા રસ્તે જમણા હાથની બાઉન્ડ્રીએ આવેલ રે.સ.નં. ૨૭૬ના ઇશાન ખૂણેથી રે.સ.નં. ૨૭૬ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી કેરીયા રોડથી અમરેલી સીટી તરફ આવતા પટેલ બોર્ડીંગના ખૂણા સુધી પટેલ બોર્ડીંગની રેલ્વે સ્ટેશન તરફ જતા ઓક્ટ્રોય નાકાથી વરસડા રોડ તરફ જતા આઇ.ટી.આઇ. કમ્પાઉન્ડના ઇશાન ખૂણેથી વરસડા રોડ ક્રોસ કરી ડો. જીવરાજ મહેતા પોલીટેકનીકની દક્ષિણ હદેથી ઉત્તર તરફ જતા રે.સ.નં. ૧૨૧-૨ ૬૬-૬૪ તથા ૧૨૧૧ના વાયવ્ય ખૂણા સુધી.

૬. વોર્ડ નં. ૬ હરીલાલભાઇ પા. વોર્ડ.

હવેલી દરવાજા તરીકે ઓળખાતી જગ્યા પાસે આવેલ જગનાથજીના મંદિરની જગ્યામાં આવેલ જગદીશ હોટલના વાયવ્ય ખૂણેથી નાગનાથ મંદિર જતા મુખ્ય રસ્તાની જમણી બાજુએથી નાગનાથ મંદિરની સાંકડી ગલીમાં દક્ષિણ તરફ લાયબ્રેરી જતા લાયબ્રેરી પાસેના ચોકથી પૂર્વ તરફ સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયાના ઉત્તર પાસેથી આવેલ જાહેર મુતરડીથી સુધરાઇ ચોક તરફ જતા જમણા હાથે આવતો વિસ્તાર ગેલેક્સી પાનઘર રોડ પસાર કરી ડો. જીવરાજ મહેતાના બાવલાએથી સ્ટેશન તરફ જતા મુખ્ય રસ્તાની જમણી બાજુએ આવેલી ભીડભંજન મહાદેવની ગોળાએથી દક્ષિણ તરફ લીલીયા રોડ તરફ ડો. સાવલીયા સાહેબ અને સૂર્યસદન સુધીનો ચોકથી પશ્ચિમ બાજુએ કાબરીયાના ડેલાવાળા ચોક થઇ હઠીલા હનુમાન થી ચાંદની ચોકથી કુલારા ચોક સુધીનો જમણા હાથે આવતો વિસ્તાર કુલારા ચોકથી ટાવર તરફ જતા કંસારા બજારનો જમણા હાથનો વિસ્તાર સ્ટેશન રોડ ક્રોસ કરી ટાવરથી હવેલી ચોક થી હવેલી દરવાજા તરફ જગદીશ હોટલનો વાયવ્ય ખુણાને જોડતો તમામ વિસ્તારનો સમાવેશ આ વોર્ડમાં કરવામાં આવેલ છે.

INDEX

વોર્ડ નંબર અને વોર્ડનું નામ	ચૂંટણી વોર્ડની હદનું વર્ણન
૭.	વોર્ડ નં. ૭ ચોરાપા વોર્ડ સ્વામીનારાયણ મંદિર સામે આવેલ કણબી દરવાજાના વાયવ્ય ખૂણેથી ટાવર તરફ જતા મુખ્ય રસ્તાના જમણા હાથની બાઉન્ડ્રીએથી ટાવર પાસે શંકર કટલરી સ્ટોર્સથી વળાંક લઇ કંસારા બજાર ફુલારા ચોક, જયહિંદ ટોકીઝ સુધીના રસ્તા તે જમણા હાથની બાઉન્ડ્રીથી જયહિંદ ટોકીઝ સામે વડેરા પાનની દુકાનથી સ્મશાન તરફ જતો મુખ્ય રસ્તાની જમણી બાજુએ સામુદ્રી માતાના મંદિરના ડેલાના પૂર્વ દક્ષિણ ખૂણેથી ઠેબી નદીના પૂર્વ કાંઠા સુધી ત્યાંથી ઉત્તર તરફ કણબી દરવાજાના વાયવ્ય ખુણા સુધીનો તમામ ઘેરાયેલ વિસ્તાર.
૮.	વોર્ડ નં. ૮ જેસીંગપરા શિતળા માતા મંદિર પાસે આવેલ ચુનારાથી જગ્યાથી વડી નદી ક્રોસ કરી ભંડોરાવાડી ક્રોસ કરી ત્યાંથી ઠેબી નદીના પૂર્વ કિનારાથી દક્ષિણ તરફ જતા રેલ્વે પૂલના પૂર્વ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ રેલ્વે લાઇનની હદોહદથી ઉતર તરફ રે.સ.નં. ૫૭૮-૩ થી ઉત્તર તરફ કોડીનાર તરફ જતો રસ્તો ક્રોસ કરી રે.સ. નં. ૮૮૧ વાયવ્ય ખુણાથી પૂર્વ તરફ રે.સ.નં. ૮૮૬ના ઇશાન ખૂણાથી ઉત્તર તરફ જતા રે.સ.નં. ૮૮૪ થી પશ્ચિમ બાઉન્ડ્રીએ થઇને રે.સ.નં. ૮૮૪ના વાયવ્ય ખુણા સુધી.
૯.	બહારપરા બટારવાડી વોર્ડ નં. ૯ ફુલારા ચોક પાસે આવેલ મસ્જીદના વાયવ્ય ખુણેથી સવજી પરા રોડ તરફ જતા આર્યુવેદીક હોસ્પીટલના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી કાબરીયાના ડેલા તરફ થઇ સૂર્યસદન પાછળથી પસાર થઇ મોતીરામબાપુની જગ્યા પાસેના ચોકથી સરદાર ચોક ત્યાંથી ચક્કરગઢ રેલ્વે ક્રોસીંગ ત્યાંથી રેલ્વે લાઇનને સમાંતર સરદાર નગર શેરી નં. ૧ના છેવાડેથી પશ્ચિમ તરફ જતા જમણા હાથનો વિસ્તાર ત્યાંથી ઉત્તર તરફ રે.સ.નં. ૫૨૯-૧ ની પશ્ચિમ હદેથી ચક્કરગઢ રોડ ક્રોસ કરી કુંભારવાડા તરફ જતા રસ્તે થઇ કુંડલા રોડ ક્રોસ કરી વાસનો ઉત્તર વિસ્તારથી ઉત્તર તરફ જતા ભરવાડ વાડા, ખાટકીવાડથી જયહિંદ ટોકીઝ તરફ જતા મુખ્ય રોડના જમણા હાથનો વિસ્તાર ત્યાંથી ફુલારા ચોક પાસે આવેલ મસ્જીદના વાયવ્યના ખૂણા સુધી.
૧૦.	વોર્ડ નં. ૧૦ માણેકપરા ભાગ-૨ અમરેલી જિલ્લા ખરીદ વેચાણ સંઘના મકાનના વાયવ્ય ખુણેથી શરૂ કરી પૂર્વ તરફ જતા કેરીયા રોડ ઉપર આવેલ માધવ બિલ્ડીંગ વાળા ચોકથી પૂર્વ તરફ કેરીયા રોડ ક્રોસીંગ પસાર કરી કેરીયા રોડ ઉપર આવેલ ભોજલપરાના ઇશાન ખૂણા સુધી ત્યાંથી વળી દક્ષિણ તરફ રે.સ.નં. ૭૦-૨ ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી લીલીયા રોડ તરફ જતા રે.સનં. ૧૨-૧૦ ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી અમરેલી શહેર તરફ આવતા લીલીયા રોડ રેલ્વે ક્રોસીંગ ક્રોસ કરી પટેલ જ્ઞાતિની વાડીના નૈઋત્ય ખુણે થઇ ખરીદ વેચાણ સંઘના વાયવ્ય ખૂણા સુધી.
૧૧.	વોર્ડ નં. ૧૧ બહાર પરા - સુખનાથ સામુદ્રી માતાના મંદિરની દક્ષિણે આવેલ ખુલ્લી જગ્યાના વાયવ્ય ખુણેથી પૂર્વ તરફ ગોદરાવાળી જગ્યાએથી ઉત્તર તરફ વણકર વાસ પાસેથી કુંડલા રોડ ક્રોસ કરી ચક્કરગઢ રોડ તરફ જતા રસ્તે

INDEX

વોર્ડ નંબર અને વોર્ડનું નામ	ચૂંટણી વોર્ડની હદનું વર્ણન

મગનભાઇ તળાવીયાના કારખાના પાસે આવેલ ખુલ્લી જગ્યાના ઇશાન ખુણેથી દક્ષિણ તરફ જતા રેલ્વે પાટા સુધી ત્યાંથી રેલ્વે લાઇનને સમાંતર ચાલતા રેલ્વેના પુલ ખુણા સુધી પૂર્વ ખુણા થી સામુદ્રી માતાના મંદિર તરફ જતા ઠેબી નદીના પૂર્વ કિનારા પાસે આવેલ ખુલ્લી જગ્યાનો વાયવ્ય ખુણો.

૧૨. વોર્ડ નં. ૧૨, માણેકપરા - ભાગ-૧

મોતીરામ બાપુની જગ્યાના વાયવ્ય ખુણેથી પૂર્વ તરફ જતા લીલીયા રોડ રેલ્વે ક્રોસીંગ પસાર કરી લીલાયા રોડના છેડેથી દક્ષિણ તરફ જતા ફોરમવાડીના અગ્નિ ખુણા સુધી ત્યાંથી ચક્કરગઢ રોડ ક્રોસ કરી આદર્શનગર સ.નં. ૫૨૭ના અગ્નિ ખુણા થી સાવરકુંડલા રોડ તરફ જતા રે.સ.નં. ૫૪૩ના નૈઋત્ય ખૂણેથી કુંડલા રોડક્રોસ કરી રે.સ.નં. ૫૪૪ ૫૪૫-૨ ની દક્ષિણ હદેથી ઠેબી નદીના પશ્ચિમ કાંઠા સુધી પશ્ચિમ કાંઠેથી રેલ્વે પુલ તરફ જતા પુલનો પશ્ચિમ છેડો ત્યાંથી રેલ્વે પુલનો પૂર્વ છેડો પૂર્વ છેડેથી પરા સ્ટેશન કુંડલા રોડક્રોસ કરી રેલ્વે લાઇન હદની ઉત્તર બાજુ રે.સનં. ૫૩૩-૧૦૯૦ વિગેરે પશ્ચિમ હદેથી પસાર કરી પૂર્વ તરફ સરદાર નગરના પાછળના રસ્તેથી રેલ્વે લાઇન પાસે આવેલ સરદાર નગર શેરી નં. ૧ ના છેડેથી ચક્કરગઢ રેલ્વે ક્રોસીંગથી સરદાર ચોક તરફ આવતા રે.સ.નં. ૮૯ના નૈઋત્ય ખુણેથી ઉત્તર તરફ જતા મોતીરામ બાપુની જગ્યાના વાયવ્ય ખુણા સુધી.

યો. જે. દીક્ષિત
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ
ગાંધીનગર

INDEX

અનુસૂચિ - ૨

રાજ્ય ચૂંટણી પંચ ,

અમરેલી નગરપાલિકાની કુલ વસ્તી : ૬૭૮૨૭

કુલ વોર્ડોની સંખ્યા : ૧૨

વોર્ડ દીઠ સરેરાશ વસ્તી : ૫૬૧૨

સરેરાશ વસ્તી ૧૦ ટકા વધ મુજબ : ૬૨૧૭

સરેરાશ વસ્તી ૧૦ ટકા ઘટ મુજબ : ૫૦૮૭

બેઠકોની સંખ્યા : ૩૬

મહિલા બેઠકો : ૧૨

૧ બેઠક અનુસુચિત જાતિ મહિલા

અનુસુચિત આદિજાતીની બેઠક : કોઈ નહીં.

૧ બેઠક પછાત વર્ગની મહિલા સહિતની.

અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા : ૪ પૈકી ૧ મહિલા માટે.

અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા : કોઈ નહીં.

પછાત વર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા : ૪ તે પૈકી ૧ મહિલા માટે.

કુલ અનામત બેઠક : ૧૬

સામાન્ય બેઠક : ૨૦

અ.નં	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી બીન અનામત	બીજી બેઠકની ફાળવણી મહિલા અનામત	ત્રીજી બેઠકની ફાળવણી
૧.	૧	૫૩૨૯	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૨.	૨	૬૨૩૫	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૩.	૩	૬૦૮૦	સામાન્ય	અનુ.જાતિ	સામાન્ય
૪.	૪	૫૩૩૦	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૫.	૫	૫૧૦૫	સામાન્ય	સામાન્ય	પછાત વર્ગ
૬.	૬	૫૩૦૩	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૭.	૭	૫૬૨૧	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૮.	૮	૫૫૩૪	સામાન્ય	સામાન્ય	પછાત વર્ગ
૯.	૯	૬૧૯૩	સામાન્ય	સામાન્ય	પછાત વર્ગ
૧૦.	૧૦	૫૪૫૩	સામાન્ય	સામાન્ય	સામાન્ય

INDEX

અ.નં	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી બીન અનામત	બીજી બેઠકની ફાળવણી મહિલા અનામત	ત્રીજી બેઠકની ફાળવણી
૧૧.	૧૧	૬૦૪૮	સામાન્ય	પછાત વર્ગ	અનુ. જાતિ
૧૨.	૧૨	૫૫૯૬	સામાન્ય	સામાન્ય	સામાન્ય

તારીખ: ૨૧-૫-૧૯૯૪

યો. જે. દીક્ષિત
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ
ગાંધીનગર

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

INDEX

Extra No.106

REGISTERED NO. G/GNR/2.

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol.XXXV] SATURDAY, MAY 21 , 1994/ VAISAKHA 31, 1916.

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ

જાહેરનામું,

સચિવાલય,ગાંધીનગર

તા. ૨૧મી મે, ૧૯૯૪.

ક્રમાંક : સમક : ૨૦૧૨:૯૪

બગસરા નગરપાલિકાની ચૂંટણી મ.ટે બગસરા શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આખરી આદેશ.

રાજ્ય ચૂંટણીપંચના તા.૮-૪-૯૪ નાં જાહેરનામાં ક્રમાંક:સમક:૨૦૧૨:૯૪ અન્વયે બગસરા નગરપાલિકાની ચૂંટણી માટે બગસરા, શહેરનાં વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ જારી કરવામાં આવેલ છે. આ આદેશના મુસદ્દા જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવેલ છે તેની સામે કોઈપણ વ્યક્તિને જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો સદરહુ આદેશ પ્રસિધ્ધ થયેથી દિવસ-૧૫ માં રાજ્ય ચૂંટણી પંચ,ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલવાના હતા.

૨. બગસરા નગરપાલિકાની ચૂંટણી માટેના બગસરા શહેરનાં વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ અન્વયે જુદી જુદી વ્યકતિઓ તથા રાજકીય પક્ષો તરફથી સૂચનો કરવામાં આવ્યા છે.

INDEX

૩. આ ઉપરાંત ૧૯૫૧ નાં લોકપ્રતિનિધિત્વ ધારા અન્વયે માન્ય રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ પણ રાજ્ય ચૂંટણી પંચે કરેલો છે.

૪. રાજ્ય ચૂંટણી પંચને મળેલ સૂચનોનો કાળજી પૂર્વક અભ્યાસ કરી તેમજ માન્ય રાજકીય પક્ષો સાથે પરામર્શને અંતે તે પરામર્શમાં થયેલ સૂચનોનો પણ કાળજીપૂર્વક અભ્યાસ કરી અત્રેના તા. ૮-૪-૯૪ના મુસદ્દારૂપ આદેશ આખરી કરવા ચૂંટણી પંચે ઠરાવ્યું છે.

૫. આથી રાજ્ય ચૂંટણી પંચ ભારતીય સંવિધાનના અનુચ્છેદ ૨૪૩-ઽ,૨૪૩-વ. ક, તથા ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ માં રાજ્ય સરકારે ગુજરાત નગરપાલિકા (સુધારા અધિનિયમ -૧૯૯૩ નીં કલમ ૭, પેટા કલમ ૨,ખંડ ૩,પેટાખંડ ખ તથા ગુજરાત નગરપાલિકા) શહેરના વોર્ડોનાં સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી) નિયમો ૧૯૯૪ હેઠળની રુએ બગસરા શહેરનાં વોર્ડોનું સીમાંકન આ સાથે જોડેલ અનુસૂચિ નં. ૧ માં દર્શાવ્યા પ્રમાણ આખરી કરવાનું ઠરાવે છે. અને આ સાથે જોડેલ અનુસૂચિત નં. ૨ માં દર્શાવ્યા પ્રમાણે અનામત બેઠકોની ફાળવણી આખરી કરવાનું ઠરાવે છે.

રાજ્ય ચૂંટણી પંચના આદેશથી,

યો: જે. દીક્ષિત
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર

INDEX

અનુસૂચિ-૧

પત્રક-૪

બગસરા નગરપાલિકા જીલ્લો અમરેલી

વોર્ડ નં. ૧	નટવરનગર વોર્ડ હદનું વર્ણન

બગસરાનો નટવરનગર પરા વિસ્તાર બગસરાના ઉત્તર પશ્ચિમે વાયવ્ય ખૂણેથી શરૂ થાય છે. જેથી તેને સુચનાઓ પ્રમાણે વોર્ડ નં. ૧ નક્કી કરવામાં આવે છે. આ વિસ્તારમાં વસ્તી ગણતરી સને ૧૯૯૧ના વોર્ડ નંબર ઉના બ્લોક નં. ૨૮ થી ૩૧ નો સમાવેશ થાય છે. બ્લોક નં. ૨૮ સ્ટેશન રોડ પુલના પશ્ચિમેથી શરૂ કરી સ્ટેશન રોડની લંબાઇ જતાં નટવરનગર પરાના દક્ષિણ ભાગ સહીતનો લેવાયેલ છે. જે વિરાવાળાના બંગલ. પાસે પૂરો થાય છે. જ્યારે તે બાદ બ્લોક નં. ૨૮ સ્ટેશન રોડના પૂર્વનો આવેલ છે. જે દરબારની વિરાવાળા સાહેબના બંગલાથી શરૂ થઇ નટવરનગર રસ્તાના ઉત્તર બાજુના મકાનો લઇ રેલ્વે લાઇન ક્રોસ કરી સ્મશાન તથા માણેક કોલેજ લઇ, સ્ટેશન રોડના પૂર્વનો ભાગ, મેઘાણી હાઇસ્કૂલ, પટેલ બોર્ડીંગ તથા નટવરલાલ ઝવેરભાઇની લાતી સુધીમાં આવેલ છે. તે બાદ બ્લોક નં. ૩૦ થી ૩૧ નાં મકાનો, વિકસીત વિસ્તારમાં લેવાયેલ છે. જેમાં બ્લોક નં. ૩૦ માં વાઘરીવાસ તથા નાથબાવા વાસના મકાનો આવે છે. જેમાં નાથબાવા વાસ, મફત જમીન પ્લોટનાં મકાનો તથા મધ્યમવર્ગ ઘર બાંધનારી સહકારી મંડળીનાં મકાનોના તથા સર્વે નં. ૧૫નાં પ્લોટીંગના મકાનોનો સમાવેશ થાય છે. તેમજ વોર્ડ નં. ૧ ની હદમાંથી બાકી રહી જતાં તમામ મકાનો, ઝૂંપડા વગેરેનો આ વિસ્તારમાં સમાવેશ થાય છે.

વોર્ડ નં. ૨. જુના નવા જીનપરા વોર્ડ

નગરપાલિકાની વોર્ડ રચનાના વોર્ડ નં. (૨) નો વિસ્તાર જુના અને ૧૯૯૧ના વસ્તી ગણતરીના વોર્ડ નં. ૩ નો બ્લોક નં.૨૨ વિજય ચોકથી શરૂ કરી વડલા કળી, નાઇવાડા અને કુંકાવાવ નાકે આવેલ લઇ વસ્તી ગણતરી વોર્ડ નં. ૪ ના બ્લોક નં. ૩૭ થી ૪૦ નો વિસ્તાર લેવાયેલ છે. જેમાં નં. ૩૭ કુંકાવાવ નાકાથી કુંકાવાવ રોડ તરફ વાંકળી સુધીનાં રસ્તાનાં પૂર્વે આવેલ નવા જીનપરા વિસ્તારમાં મકાનો તથા બ્લોક નં. ૩૮ જુના જીનપરાના તમામ મકાનો બ્લોક નં. ૩૯ વિજયચોકથી સ્ટેશન તરફનાં વોકલી સુધીના રસ્તાના પૂર્વે આવેલ મકાનો તથા ડેરી પીપરીયા રોડ, ખાટકીવાસના મકાનો લેવાયેલ છે. તે બાદ બ્લોક નં. ૪૦ નવ.જીનપરાના વિકસીત વિસ્તારના પ્લોટીંગના તમામ મકાનો ગૌરાંગ આશ્રમ, બાલ મંદિર સહિતના લેવાયેલ છે. તેમજ વોર્ડ નં. ૨ ની હદમાંની બાકી રહી જતાં તમામ મકાનો ઝૂંપડા વગેરેનો આ વિસ્તારમાં સમાવેશ થાય છે.

વોર્ડ નં. ૩ અમરપરા વોર્ડ

સને ૧૯૯૧ની. વસ્તી ગણતરીના વોર્ડ નં. ૩ના બ્લોક નં. ૨૪ થી ૨૭ તથા વોર્ડ નં. ૨ના બ્લોક નં. ૧૩નો સમાવેશ ચુંટણીના વોર્ડ નં. ૩ માટે કરવામાં આવેલ છે.

જેમાં વોર્ડ નં. ૩ માં બ્લોક નં. ૨૪, બ્લોક નં. ૨૫ સરદાર પટેલ ચોકમાં બટુકભાઇ ભગવાનજીભાઇ ધાંધીયાના ઘરથી શરૂ કરી દરેક બ્લોકને ફરી ડો. ગોંડલીયા માન્ટ માર્ગના ઉપરના ભાગે સતવારા જ્ઞાતિની વાડી સુધીના મકાનો લઇ બ્લોક નં. ૨૬માં મહાશંકર કાળીદાસના મકાનથી શરૂ કરી, આ બ્લોકના ફરતે મકાનો લઇ તાલુકા શાળાના પશ્ચિમના રમણીકભાઇ ત્રિવેદીના તથા પ્રભુદાસભાઇ તથા શામળજી ધનજી વ્યાસના મકાન તથા આંખના દવાખાના તથા જુના એસ.ટી.ડેપો પાસે તથા સામેના

INDEX

વોર્ડ નંબર અને વોર્ડનું નામ	ચૂંટણી વોર્ડની હદનું વર્ણન

મકાનો નો સમાવેશ થાય છે. બ્લોક નં. ૨૭ અમરપરાના મણીબેન જેરામભાઈના મકાનથી શરૂ કરી આદપરીયાના મકાનો લઈ રાજગોર હરિભાઈ રામભાઈના મકાનો તથા એસ.ટી.ડેપો. ના દક્ષિણે આવેલ હરિજનવાસના મકાનોનો સમાવેશ થાય છે. જ્યારે બ્લોક નં. ૨૧ સ્ટેશન રોડ ઉપરના ઓમકાર પેટ્રોલ પંપથી શરૂ કરી વોકળી સુધીના મકાનો તથા પેટ્રોલ પંપ પાછળના લાતી બજારના મકાનો લઈ હુલાસરામ મોહનલાલના મકાન પાસે આ બ્લોક પુરો થાય છે.

જ્યારે એસ.ટી. ડેપો. સામે આવેલ રામદેવપીર મંદિર સામેના હરીજન વાસના મકાનો હરીજન દેશા હીરાના મકાન થી શરૂ કરી હરિજનવાસ, ખાટકી વાસના મકાનો તથા વણકરવાસના મકાનો તથા સફાઈ કામદારના મકાનો, આ વોર્ડમાં સમાવેશ થાય છે. તથા વોર્ડ નં. ૨ ના બ્લોક નં. ૧૩ ના મકાનો ભરવાડવાડામાં ભાભલુભાઈના મકાનોથી શરૂ કરી, ગોપાલલાલની હવેલી થઈ નરભેરામ લવજીના મકાન થઈ જિલ્લા મધ્યસ્થ બેન્કના પાછળ ભરવાડવાડાથી દવાખાના રોડ ઉપરના મકાનો, જુના ટ્રાન્સપોર્ટના ડેલાવાળા નાકામાં થાણા રોડ ઉપરના મકાનોનો સમાવેશ થાય છે.

વોર્ડ નં. ૪ સોસાઈટીઓનો વિકસીત વિસ્તાર વોર્ડ

સને ૧૯૯૧ની વસ્તી ગણતરીના વોર્ડ નં. ૨ ના બ્લોક નં. ૧૧, ૧૨, ૨૦ના તથા વોર્ડ નં. ૧ ના બ્લોક નં. ૧૦ નો સમાવેશ આ વોર્ડ નં. ૪માં થાય છે. પ્રથમ બ્લોક નં. ૧૧ના મકાનોમાં પટેલ ખોડા ડાયા વઘાસીયાના મકાનથી શરૂ કરી, ઉત્તર તરફ જઈ રસ્તા મકાનો લઈ ગોકળપરામાં ગોવિંદભાઈ ખોડાભાઈ કથીરિયા, નાનજીભાઈ હીરાણી તથા નાનજીભાઈ દાંગા, અરજણભાઈ પટેલના મકાન થઈ તેના પશ્ચિમેના વિસ્તારમાંના મકાનોનો સમાવેશ થાય છે. કોળી બચુ ખોડાના મકાનથી શરૂ કરી શામજી ઘરમશી, મોહન લીંબા, દુદા નારણ વઘાસીયા, ભીમજીભાઈ લુણાગરીયાના મકાન થઈ આરોગ્ય કેન્દ્રના દક્ષિણેના મકાનો લઈ મનજીભાઈ ડાયાભાઈ શેખ, સવજી શામજી, ગુણવંતભાઈ વ્યાસ તથા ડો. કામળીયા સાહેબના આરોગ્ય કેન્દ્ર કમ્પાઉન્ડના મકાનો બ્લોક નં. ૨૦ જે ગોકુળપરાના ઉત્તરે તથા સોસાયટીના વિકસીત વિસ્તારનાં મકાનોનો સમાવેશ આમાં થાય છે. વાલજીભાઈ ડાયાભાઈ રામાણીના મકાનથી શરૂ કરી રામદેવપીર મંદિરવાળી સીધી લાઈને સર્વે નં. ૩૯૭ના પ્લોટીંગના મકાનો કે. આર. પલાણ સાહેબ, ગાંડાભાઈ મનજીભાઈ, વલ્લભભાઈ બાવાભાઈ, શિંમતભાઈ કાનજીભાઈ પાનસુરીયા, મનહરગીરી ગોસાઈ, શાંતાબેન વાઘેલા, મહેશભાઈ પારેખ, ગીરજાશંકર દીક્ષીત, મોહન રામજી સતવારાના મકાનો તથા જયંતિભાઈ દૂધરેજીયા, કુલચંદ હંસરાજ ઠુંમર, ડો. શાહ સાહેબના મકાનો જાનકી આશ્રમ તથા તે પાછળના મકાનોની વસ્તી ગણતરી બ્લોક નં. ૧૦ નો સમાવેશ આમાં થાય છે. તેમજ વોર્ડ નં. ૪ ની હદમાંથી બાકી રહી જતા તમામ મકાનો ઝુંપડા વગેરેનાં આ વિસ્તારમાં સમાવેશ થાય છે.

વોર્ડ નં. ૫ ગોકુળપરા, થાણા રોડ વોર્ડ

સને ૧૯૯૧ની વસ્તી ગણતરીના વોર્ડ નં. ૧ના બ્લોક નં. ૧, ૨, ૩, ૪ નાં ઘરનં ૧ ની સતારમાં મહેમદમાંના ઘરથી શરૂ કરી અમરૂભાઈ બસીયાનાં ઘર નં. ૬૦ સુધી ૯ ના વિસ્તારમાં આવતાં મકાનોનો આમાં સમાવેશ થાય છે. બ્લોક નં. ૧ માં વોરા તથા મુસલમાનના કબ્રસ્તાનનો તથા ત્યાં રહેતા મુજાવર વગેરેના મકાનો લઈ, અનારાના ભઠ્ઠાવાળા મકાનો લઈ, ઈરીગેશનના મકાનો તથા પોલીસ લાઈન તથા ન્યાયાધીશ સાહેબના ક્વાર્ટર તથા પોલીસ લાઈનના પાછળ આવેલ ગોકુળપરાના ચકુ ભોજાભાઈ તથા

વોર્ડ નંબર અને વોર્ડનું નામ	ચૂંટણી વોર્ડની હદનું વર્ણન

બાવનજીભાઈના મકાનો તથા કલા ડોગાવાળા પ્લોટીંગના મકાનોની સમાવેશ થાય છે. બ્લોક નં. ૨ માં પંડયા ખાદી કાર્યાલયનાં મકાનથી શરૂ કરી પોલીસ લાઈન તરફના મકાનો લઈ બાલમંદિર પાછળ જશમતભાઈ ભુવા, બેચર નરશી કથાડા તથા મોહન નાનજી ભાલાળાનાં મકાનો તથા ખીમા જીણા, લાખા રામજી, હીરાણી તથા ગાંડા જીવા સોલંકી ના મકાનો સહીતનો સમાવેશ થાય છે. જ્યારે બ્લોક નં. ૩માં બાલમંદિર ચોકથી નગરપાલિકા તરફના રસ્તે છગનભાઈ મેરના સતવારા વિરજી મુળજી હુડીયલના મકાન રૂબીનાનાં મકાનોનો સમાવેશ થાય છે. તેમજ વોર્ડ નં. ૫ની હદમાંથી બાકી રહી જતાં તમામ મકાનો ઝુંપડા વગેરેનો આ વિસ્તારનો સમાવેશ થાય છે.

વોર્ડ નં. ૬ વાંઝાવાડ, બગેશ્વર મંદિર રોડ, વોર્ડ

આ વોર્ડમાં સને ૧૯૯૧ની વસ્તી ગણતરીના વોર્ડ નં. ૧ નાં બ્લોક નં. ૪માં પર નં. ૬૧ થી ૮૯ સુધીના મકાનો લઈને બ્લોક નં. ૫, ૬, ૭, ૮ નાં મકાનો તથા વોર્ડ નં. ૨ ના બ્લોક નં. ૧૪, ૧૫ ના મકાનોનો સમાવેશ આમાં થાય છે. વસ્તી ગણતરીના વોર્ડ નં. ૧ માં બ્લોક નં. ૫માં પટેલ જીવા બેચરનાં વાંઝાવાડમાં આવેલ મકાનથી શરૂ કરી પશ્ચિમ તરફ જતાં સતવારા હરજી કરશનના મકાન લઈ નગરપાલિકા કચેરી સુધી તથા વાંઝા જ્ઞાતિ વાડીના મકાનો લઈ દલાલ ચોક તરફ જતાં ભુવા શરી તથા હીંગુ શેરીનાં મકાનો લઈ જીવા બેચરનાં મકાન બ્લોક પુરો થાય છે. બ્લોક નં. ૬ મસ્જિદ શેરીમાં અસગરઅલીના મકાન શરૂ કરી, વાંઝાવાડનો મકાનો લઈ સાંકડી શેરી મકાનો લઈ દલાલ ચોક સુધીનાં ફરતા રાઉન્ડમાં આવતા મકાનોનો સમાવેશ આમાં થાય છે. તેમજ સાંકડી શેરીથી પોસ્ટ ઓફીસ તરફ જતાં મસ્જિદ શેરી તથા પોસ્ટ ઓફીસ બેસે છે તે મકાન લઈ પોસ્ટ ઓફીસ દરવાજા સુધીના મકાનોનો સમાવેશ થાય છે. બ્લોક નં. ૭ (સાત) માં મનસુર અબ્દુલાનાં મકાનથી શરૂ કરી ભગતશેરીના મકાનોનો સમાવેશ થાય છે. ત્યારબાદ બ્લોક નં. ૮ માં સાંકડી શેરી નાકાથી શિવાજી ચોક તરફ જતાં વાંઝા ભગવાનદાસ વિરજીભાઈ વઢીયાના મકાનથી શરૂ કરી શીવાજી ચોક થઈ અંબાણીનાં મકાનો લઈ કંદોઈ શેરી, ભટ્ટ શેરી, વખારીયા શેરીનાં મકાનો લઈ પોસ્ટ ઓફીસ રોડ ઉપર કાચલીયા શેરીના મકાનો લઈ અનુભાઈ ખોજાના પર આગળ પુરો થાય છે. આ વોર્ડમાં વસ્તી ગણતરીના વોર્ડનં. ૨ ના બ્લોક નં. ૧૪, ૬. શ્રી મેરામવાળાના ગઢથી શરૂ કરી ગોવિંદભાઈ રાણીગાના મકાનો લઈ ગોંડલીયા માર્ગ ઉપર ના દક્ષિણ ભાગેની દુકાનો લઈ પરશોત્તમ હરજી સતવારાના ઘર થઈ ભરવાડના સુધીના મકાનો લઈ ૬. શ્રી મેરામવાળાના ગઢ સુધીના આવતા મકાનોનો સમાવેશ થાય છે. જ્યારે બ્લોક નં. ૧૫માં સરદાર પટેલ ચોકથી શિવલાલ ગોંડલીયાના મકાનથી શરૂ કરી બગેશ્વર શેરીમાં થઈ મુંબઈ ગરા શેરીનાં મકાનો તથા બગેશ્વર પાછળના મકાનો લઈ ઉપલી બજાર રોડથી શિવાજી ચોક તરફ જતાં રસ્તાના ઉત્તર બાજુના મકાનો લઈ બગેશ્વર મંદિર પાસે આ વોર્ડનાં મકાનો પુરા થાય છે. તેમજ વોર્ડ નં. ૬ ની હદમાંથી બાકી રહી જતાં તમામ મકાનો ઝુંપડા વગેરેનો આ વિસ્તારમાં સમાવેશ થાય છે.

વોર્ડ નં. ૭ નદીપરા, ખત્રીવાડ, પારેખશેરી, દરબારગઢ શેરી વોર્ડ.

આ વોર્ડમાં સને ૧૯૯૧ની વસ્તી ગણતરીના વોર્ડ નં. ૨ નાં બ્લોક નં. ૧૬ થી ૧૯ તથા વોર્ડ નં. ૩ ના બ્લોક નં. ૨૧ થી ૨૩ માં આવતા મકાનોનો સમાવેશ કરવામાં આવેલ છે. વોર્ડ નં. ૨૧ના બ્લોક નં. ૧૬માં શાક માર્કેટ દરવાજાથી શરૂ કરી દરબારગઢ શેરીના મકાનો, જે દેરાશર સહીત લઈ મહાત્મા ગાંધી ચોક સુધીના મકાનો લઈ મીરાબાઈના ચોરાવાળાનાં મકાનો લઈ ઉપલી બજાર ઉપરથી પોસ્ટ

વોર્ડ નંબર અને વોર્ડનું નામ	ચૂંટણી વોર્ડની હદનું વર્ણન

ઓફીસ રોડ તરફ જતાં રસ્તાની દક્ષિણની દુકાનો લઇ વોરા અસગરઅલી હદરુદ્દીનના મકાનને પુરો થાય છે. બ્લોક નં. ૧૬ બાબરીયાના મકાનો લઇ હવેલી શેરીનાં મકાનો હવેલીના મકાનો તથા સામુદ્રી માતાના મંદિર અને મકાનોનો સમાવેશ થાય છે. ત્યારબાદ નદીપરા તથા નદીપરા ઝુંપડપટ્ટીના તમામ મકાનો બ્લોક નં. ૧૭, ૧૮, ૧૯ ના આવેલા છે. જેનો સમાવેશ આ વોર્ડમાં થાય છે. તદઉપરાંત વસ્તી ગણતરીના વોર્ડ નં. ૩ ના બ્લોક નં. ૨૧ ખત્રીવાડનાં તમામ મકાનો પારેખ શેરી તથા ગોંડલીયા શેરીના મકાનોનો તથા બ્લોક નં. ૨૩ વિજય ચોકથી સ્ટેશન રોડ ઉપર સ્ટેટ હાઇવે સુધી તથા તાલુકા શાળાના પૂર્વના કુંભાર કેશવ રામજીથી શરૂ કરી, બાવાજી શિવપરી, ઝવેરપરી તથા રામ વિજયલોજના મકાનો લઇ ગોપાલ પ્રિન્ટીગ પ્રેસ તથા તેની બાજુના મકાનોનો સમાવેશ આ વોર્ડમાં કરવામાં આવેલ છે. તેમજ વોર્ડ નં. ૭ની હદમાંથી બાકી રહી જતાં તમામ મકાનો ઝુંપડા વગેરેનો આ વિસ્તારમાં સમાવેશ થાય છે.

વોર્ડ નં. ૮ રઘાણી શેરી, બાલાપીર શેરી, જામકા દરવાજા વિસ્તાર વોર્ડ

સને ૧૯૯૧ની વસ્તી ગણતરીના વોર્ડ નં. ૫ ના બ્લોક નં. ૪૧ થી ૪૭નો વિસ્તાર સળંગ આ વોર્ડમાં લેવામાં આવેલ છે. જેમાં બ્લોક નં. ૪૧ શાકમાર્કેટ દરવાજાથી પૂર્વ બાજુના ભાગે મહાત્મા ગાંધી રોડ ઉપરના મકાનોથી શરૂ કરી બાળાપીરશેરી અંદરના નાકામાં આવેલ મકાનો સાથે, ખોડબારીના મકાનો લઇ બાળાપીર શેરીના ખૂણે પુરા કરી, બ્લોક નં. ૪૨ મહાત્મા ગાંધી રોડ ઉપર થઇ ડાળીયાવાળી શેરીનાં મકાનો લઇ, મેઘાણી રોડ ઉપરથી થઇ ખોડબારી પાસે પૂરા થાય છે. બ્લોક નં. ૪૨માં કામદાર શેરીથી શરૂ કરી રઘાણી શેરી સુધીના જતાં જમણી બાજુના મકાનો લઇ, રઘાણી શેરીમાંથી બીછુંભાઇના ગઢ તરફ જતા આવતા મકાનો લઇ મેઘાણી રોડ ઉપર થઇ રઘાણી શેરી સુધી જતા આવતા મકાનોનો સમાવેશ થાય છે. બ્લોક નં. ૪૩ કામદાર શેરીના ખુણેથી શરૂ કરી મહાત્મા ગાંધી રોડ ઉપર વિજય ચોક જતાં આવતા મકાનો લઇ ઘાંચીવાડ વિસ્તારમાં તમામ મકાનોનો સમાવેશ થાય છે. તે મકાનો બાદ બહાર નીકળી કુંકાવાવ નાકા રોડ ઉપરનાં મકાનો વાંચનાલય, આપા ગીગાની જગ્યાના મકાનો લઇ, ઘનજીભાઇ બાદાભાઇના મકાન સુધીનો ભાગ આ બ્લોકમાં આવે છે. બ્લોક નં. ૪૪માં અપાસરા શેરી બંનેના મકાનો અપાશરા સહીતનો તથા સતવારાના મંદિર સામેનો આમાં સમાવેશ થાય છે. બ્લોક નં. ૪૬ માં રઘુવીર શેરીના મકાનો તથા તેને લાગીને કંડોળીયા શેરીમાં જતાં આવતાં મકાનો લઇ કંડોળીયા શેરીના તમામ મકાનોનો સમાવેશ થાય છે. જ્યારે બ્લોક નં. ૪૭માં બગેશ્વર શેરીના મકાનો લઇ જુમા મસ્જીદ તરફ જતા આવતા તમામ મકાનોનો સમાવેશ થાય છે. બગેશ્વરનાં મકાનો લઇ જામકા દરવાજાથી ઉત્તરે આવેલ ખોજા સદરુદ્દીનભાઇના મકાનથી શરૂ કરી મુલ્લા શેરી, ખોજાખાના શેરીનાં મકાનો લેવાયેલ છે. તે બાદ બાવાના મઠ થઇ જમણી તરફનાં જતાં વાંઝા સુંદરજીભાઇના નાકામાં તથા વ્રજલાલ ભારથી વાળાના નાકામાં મકાનોનો સમાવેશ આ બ્લોકમાં થાય છે. તેમજ ગંજીવાડા પાસે આવેલ કોળીવાડમાં મકાનો લઇ માણામામાના નાકા તરફ જતાં પશ્ચિમ બાજુના મકાનો લઇ જીવાણી શેરીનાં મકાનો લઇ, ભુરા કાળા વાળી શેરીના તમામ મકાનો લઇ, રાવળશેરીના મકાનો લઇ, મિડલ સ્કુલે લાગીને આવેલ મકાનો આ વોર્ડમાં સમાવેશ કરવામાં આવેલ છે. તેમજ વોર્ડ નં. ૮ની હદમાંથી બાકી રહી જતાં તમામ મકાનો ઝુંપડા વગેરેનો આ વિસ્તારમાં સમાવેશ થાય છે.

INDEX

વોર્ડ નંબર અને વોર્ડનું નામ	ચૂંટણી વોર્ડની હદનું વર્ણન
વોર્ડ નં. ૯	બંગલી ચોક, ઉગમણાંવાસ વોર્ડ

નગરપાલીકની વોર્ડ રચનાના વોર્ડ નં. ૫ નો વિસ્તાર, આ પ્રમાણે છે. આ વિસ્તારમાં વસ્તી ગણતરીના વોર્ડનં ૪ ના બ્લોક નં. ૩૨ થી ૩૬ સુધીના વિસ્તારમાં આવે છે. જેમાં બ્લોક નં. ૩૨ કુંકાવાવ નાકાના ખુણેથી સ્વામીનારાયણ મંદિર તરફ જતાં કણબીવાડના મકાનો લઇ, ડો. શાંતિભાઇ શુક્લના પર થઇ બાવાના મઠ સુધીના મકાનો લઇ, બાવનના મઠના સુધીના મકાનો લઇ બાવાના મઠ તરફ લવજી ઠાકરશીની દુકાન, લાલના ડેલા થઇ પૂર્વે રસ્તે બંગલી ચોકના રસ્તા તથા માણામામા વાળું નાકું થઇ પૂર્વે રસ્ત બંગલી ચોકના રસ્તા તથા માણામામા વાળું નાકું લઇ, ઉગમણાં વાસના મકાનો લઇ, કોળીવાડ થઇ ઉત્તરે અમરેલી રોડ સુધીના મકાનો તથા સ્ટેટ હાઇવેના રસ્તાના દક્ષિણે કુંકાવાવ નાકે પહોંચતા અંદરના સ્વામીનારાયણ શેરી, ભટ્ટ શેરી, પાંજરાપોળ, મહાજન નાકુ વગેરે વિસ્તારના મકાનોનો સમાવેશ કરવામાં આવે છે. તેમજ વોર્ડ નં. ૯ની હદમાંથી બાકી રહી જતાં તમામ મકાનો ઝુંપડા વગેરેનો આ વિસ્તારમાં સમાવેશ થાય છે.

યો. જે. દીક્ષિત
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ
ગાંધીનગર

INDEX

અનુસૂચિ - ૨

રાજ્ય ચૂંટણી પંચ ,

બગસરા નગરપાલિકાની કુલ વસ્તી : ૨૮,૩૮૯

કુલ વોર્ડોની સંખ્યા : ૯

વોર્ડ દીઠ સરેરાશ વસ્તી : ૩,૧૫૪ સરેરાશ વસ્તી ૧૦ ટકા વધ મુજબ : ૩,૪૬૯

સરેરાશ વસ્તી ૧૦ ટકા ઘટ મુજબ : ૨,૮૩૯

બેઠકોની સંખ્યા : ૨૭

મહિલા બેઠકો : ૯ ૧ બેઠક અનુસુચિત જાતિ મહિલા

અનુસુચિત આદિજાતીની બેઠક કોઈ નહીં.

૧ બેઠક પછાત વર્ગની મહિલા સહિતની.

અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા : ૨ પૈકી ૧ મહિલા માટે.

અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા : કોઈ નહીં.

પછાત વર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા : ૩ તે પૈકી ૧ મહિલા માટે.

કુલ અનામત બેઠકો: ૧૨

સામાન્ય બેઠકો : ૧૫

અ.નં	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી બીન અનામત	બીજી બેઠકની ફાળવણી મહિલા અનામત	ત્રીજી બેઠકની ફાળવણી
૧.	૧	૩૪૪૩	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૨.	૨	૨૮૭૦	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૩.	૩	૩૨૩૩	સામાન્ય	પછાત વર્ગ	અનુ.જાતિ
૪.	૪	૩૪૬૪	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૫.	૫	૩૪૩૨	સામાન્ય	સામાન્ય	પછાત વર્ગ
૬.	૬	૨૮૭૨	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૭.	૭	૩૦૧૪	સામાન્ય	સામાન્ય	પછાત વર્ગ
૮.	૮	૨૯૭૦	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૯.	૯	૩૦૯૧	સામાન્ય	અનુ.જાતિ	સામાન્ય

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No.107 REGISTERED NO. G/GNR/2.

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol.XXXV] SATURDAY, MAY 21,1994/ VAISAKHA 31, 1916.

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ

જાહેરનામું,

સચિવાલય, ગાંધીનગર,

તા. ૨૧મી મે, ૧૯૯૪.

ક્રમાંક : સમક : ૨૪૨૧:૯૪.

ડીસા નગરપાલિકાની ચૂંટણી માટે ડીસા શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આખરી આદેશ.

રાજ્ય ચૂંટણીપંચના તા.૮-૪-૯૪ ના જાહેરનામા ક્રમાંકઃસમકઃ૨૪૨૧:૯૪ અન્વયે ડીસા નગરપાલિકાની ચૂંટણી માટે ડીસા શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ જારી કરવામાં આવેલ છે. આ આદેશનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવેલ છે તેની સામે કોઈપણ વ્યકિતને જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો સદરહુ આદેશ પ્રસિધ્ધ થયેથી દિવસ-૧૫ માં રાજ્ય ચૂંટણી પંચ,ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલવાના હતા.

૨. ડીસા નગરપાલિકાની ચૂંટણી માટેના ડીસા શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેના આદેશ અન્વયે જુદી જુદી વ્યકતિઓ તથા રાજકીય પક્ષો તરફથી સૂચનો કરવામાં આવ્યા છે.

INDEX

૩. આ ઉપરાંત ૧૯૫૧માં લોકપ્રતિનિધિત્વ ધારા અન્વયે માન્ય રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ પણ રાજ્ય ચૂંટણી પંચે કરેલો છે.

૪. રાજ્ય ચૂંટણી પંચને મળેલ સૂચનોનો કાળજી પૂર્વક અભ્યાસ કરી તેમજ માન્ય રાજકીય પક્ષો સાથે પરામર્શને અંતે તે પરામર્શમાં થયેલ સૂચનોનો પણ કાળજીપૂર્વક અભ્યાસ કરી નીચે જણાવ્યા પ્રમાણેના સુધારા તા. ૮-૪-૯૪ના મુસદ્દારૂપ આદેશમાં કરવા પંચે ઠરાવ્યું છે.

મુસદ્દારુપ આદેશ મુજબ વોર્ડ નં. ૪ માં બાવા ગેરેજ વિસ્તારનો સમાવેશ કરવામાં આવ્યો છે. જે વોર્ડ નં. ૪ માંથી કમી કરી વોર્ડ નં. ૫ માં સમાવિષ્ટ કરવા તેમજ વોર્ડ નં. ૫ 'ચોરૈયા ફળી'નો વિસ્તાર વોર્ડ નં. ૯ માં સમાવિષ્ટ કરવાનું પંચ મુનાસિબ માને છે. વોર્ડ નં. ૪ માંથી 'બાવા ગેરેજ' વિસ્તાર કમી જતાં વોર્ડ નં. ૪ ની વસ્તી ૧૦ ટકા ઘટ કરતાં પણ ઓછી થાય છે તેથી 'બેહતીવહોળા' તથા 'એસ. ટી. સ્ટેન્ડ' સામેનો વિસ્તાર વોર્ડ નં. ૩ માંથી કમી કરી વોર્ડ નં. ૪માં સમાવિષ્ટ કરવાનું પંચ મુનાસીબ માને છે અને તે મુજબ આદેશ કરે છે.

સીમાંકનમાં ફેરફારને કારણે અનામત બેઠકોની ફાળવણીમાં કોઇ ફેરફાર થતો નથી. પરંતુ સીમાંકનને કારણે વોર્ડની વસ્તીની સંખ્યામાં ફેરફાર થાય છે જે આ સાથે અનુસૂચિ. ૨ ના આસન નં. ૩ માં જણાવ્યા પ્રમાણેની રહેશે.

૫. આથી રાજ્ય ચૂંટણી પંચ ભારતીય સંવિધાનના અનુચ્છેદ ૨૪૩-ડ,૨૪૩-વ. ક, તથા ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ માં રાજ્ય સરકારે ગુજરાત નગરપાલિકા (સુધારા અધિનિયમ -૧૯૬૩)ની કલમ ૭, પેટા કલમ ૨,ખંડ ૩,પેટાખંડ ખ તથા ગુજરાત નગરપાલિકા (શહેરના વોર્ડોનાં સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી) નિયમો ૧૯૯૪ હેઠળની સત્તાની રુએ ડીસા શહેરનાં વોર્ડોનું સીમાંકન આ સાથે જોડેલ અનુસૂચિ નં. ૨ માં દર્શાવ્યા પ્રમાણે અનામત બેઠકોની ફાળવણી આખરી કરવાનું ઠરાવે છે.

રાજ્ય ચૂંટણી પંચના આદેશથી,

યો.જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

INDEX

અનુસૂચિ-૧

પત્રક-૪

ડીસા નગરપાલિકા જીલ્લો - બનાસકાંઠા

અ. નં.	ઇલેકશન વોર્ડની હદનું વર્ણન
૧.	પશ્ચિમે મોટા સ્મશાનગૃહથી ઉત્તર તરફ આખોલ જવાના રસ્તેથી પૂર્વ તરફ એગ્રોમેક નાકા પાસેથી દક્ષિણ તરફ વાડી રોડ વૃન્દાવન સોસાયટી પાછળ થઇ શીવનગર થઇ વાડીરોડ તરફ જવાના રસ્તા થઇ વાદી ટેકરા થઇ જુના મટન માર્કેટ પાસે થઇ પશ્ચિમ તરફ વાડી રોડ થઇ જટીયાવાસથી મોટા સ્મશાનગૃહ સુધી.
૨.	દક્ષિણે તેરમીનાળા થઇ માજીશા મંદિર પાછળ થઇને ઉત્તર તરફ વાદી ટેકરા થઇ વૃદાવન સોસાયટી થઇ એગ્રોમેક નાકાથી પૂર્વ તરફ વિશ્વકર્મા મંદિર થઇને ગાયત્રી મંદિર થઇને દક્ષિણ તરફ સ્પોર્ટસ કલબ થઇ બેકરી કુવા થઇ નોમેટ્રીક સોસાયટી થઇને પશ્ચિમે તેરમીનાળા સુધી.
૩.	બેકરી વ્હોળાથી ઉત્તર તરફ ગાયત્રી મંદિર થઇને પશ્ચિમ તરફ વાડી સામે પુરોહીતના ખેતર થઇ ઉત્તર તરફ વર્ધાજીનાકોલ્ડ સ્ટોરેજની પૂર્વ તરફ ઇદિરાનગર તરફ ખ્રીસ્તીઓના કબ્રસ્તાનથી રીઝમેન્ટ બાળમંદિર થઇ દક્ષિણ તરફ ઝવેરીનગર, વાલ્મીકી નગર થઇ એગ્રો કોલ્ડ સ્ટોરેજથી રાણપુર ચાર રસ્તાથી પશ્ચિમે વત્સલ હોસ્પીટલથી આનંદ હોસ્પીટલ થઇ દક્ષિણે પીપાજીનગર, કુમારપાળ, સ્વસ્તિક સોસાયટીથી પશ્ચિમે આદર્શ સોસાયટીથી ડાક બંગલાથી પશ્ચિમે બેકરી વ્હોળા સુધી.
૪.	કુંવારાથી ઉત્તર તરફ એસ.ટી. સ્ટેન્ડથી બેકરી વ્હોળાથી પૂર્વ તરફ ગાયત્રી મંદિર રોડથી ડો. ગાંધીના મકાનથી પારસ સોસાયટી પૂર્વ તરફ મહાવીર સોસાયટીથી ઉત્તર તરફ પોલીસ ક્વાર્ટર થઇ શુભ સોસાયટી પૂર્વ તરફ રેજીમેન્ટ ચાર રસ્તાથી ઉત્તર તરફ પુષ્પાંજલી સોસાયટી થઇ અલંકાર સોસાયટી થઇ રીજમેન્ટ પ્રાથમિક શાળાથી પૂર્વ તરફ ભટીયાણી માતાજીના મંદિરથી એરોડ્રામ થઇ કોર્ટ રોડથી દક્ષિણ તરફ જયંતનગર થઇ પશ્ચિમ તરફ હવાલ પીલ્લર ફોરેસ્ટ ઓફીસ થઇ દાંતીવાડા કોલોની થઇ પશ્ચિમ તરફથી ભણસાળી હોસ્પીટલ ક્વાર્ટરથી જુના માર્કેટયાર્ડ બહમશા ચાલી રોડથી પશ્ચિમે ડો. પી.સી. પંચાલના દવાખાનાથી ઉત્તરે સરદારબાગથી પશ્ચિમે કુંવાર થી (ઉત્તર ભાગ) ઉત્તરે એસ.ટી. સ્ટેન્ડ સુધી.
૫.	ડોળીવાસ જાજરૂથી ઉત્તર તરફ સ્મશાનગૃહ સુધીનો પૂર્વ ભાગ, સ્મશાનગૃહથી પૂર્વ તરફ મારવાડી મોચીવાસ થઇ વાડી રોડ નાકાથી દક્ષિણે તેરમીનાળાથી લાલચાલી થઇ પૂર્વ બાવા ગેરેજથી પૂર્વમાં એસ.ટી. સ્ટેન્ડ રોડથી દક્ષિણે પંચાલ શોપીંગ સેન્ટરથી દક્ષિણે કુંવારા થઇ પશ્ચિમે ભગવતી રેસ્ટોરેન્ટ થઇ સરદાર માર્કેટ થઇ યુ.કો. બેંક થઇ સોની બજાર થી ડોલીવાસ જાજરૂ સુધીનો વિસ્તારનો ઉત્તર ભાગ.
૬.	દેનાબેંકથી પૂર્વ તરફ સરદાર પટેલ બગીચાના રસ્તાના દક્ષિણ ભાગથી કૃષ્ણકુંજથી પૂર્વ તરફ ઉમીયાનગરથી ઉત્તરે પાણીના બોરથી પૂર્વ વ્હોળા થઇ પશ્ચિમે ધોરખાના થઇ સંત અન્ના સ્કુલથી સ્ટેશન તરફ જવાના રસ્તાના પશ્ચિમે હીરાબેનની ચાલીથી ઉત્તરે એસ.સી. ડબલ્યુ હાઇસ્કુલ ચાર રસ્તાથી પશ્ચિમે નવિન ટેલીફોનથી ઉત્તરે પોસ્ટ ઓફીસથી દેનાબેંક સુધી.
૭.	જુની આદર્શથી ઉત્તરે લાયન્સ હોલથી વર્ધમાન સોસાયટી થઇ ચામુંડા સોસાયટી થઇ, કોલેજ કમ્પાઉન્ડ થઇ હવાઇ પીલ્લરથી દક્ષિણે મેઘદૂત સોસાયટીથી અંબિકા ચોકથી પશ્ચિમે એન.આર.વાય. ખેતરથી સનરાઇઝ પાર્ક જય ભારત કૃષ્ણકુંજના પાછળના ભાગથી જુની આદર્શ હાઇસ્કુલ સુધી.

INDEX

અ. નં.	ઇલેક્શન વોર્ડની હદનું વર્ણન
૮.	રાજપુર વ્હોળાથી ઉત્તર તરફ (પૂર્વભાગ)થી જુની પોલીસ લાઇન થઇને રીસાલા મસ્જીદ થઇ નાગરીક બેંક સરસ્વતી રેસ્ટોરન્ટ સુધી પૂર્વમાં દેનાબેંકથી સુભાષચોક થઇ પોસ્ટ ઓફીસ સુધી, ત્યાંથી દક્ષિણમાં એસ.સી. ડબલ્યુ હાઇસ્કુલ ચાર રસ્તાથી રોક્ષબરોના બંગલાથી લાઠી બજારના પાછળના વ્હોળાથી પશ્ચિમે વાઘરીવાસ હરીજનવાસ નવાવાસ થઇ રાજપુર વ્હોળાના રસ્તાનો પૂર્વ ભાગ સુધી.
૯.	રાજપુર વ્હોળાથી પશ્ચિમ ભાગે ઓગડવાસથી ઉત્તર તરફ આવડીવાસ દેરાસર ગલીથી ડોળીવાસ જાજરૂથી પૂર્વ સોની બજારની દક્ષિણથી શાકમાર્કેટથી રામજીભાઇ સાયકલવાળાની દુકાનથી દક્ષિણે મીરામહોલ્લા મસ્જીદ ત્રણ બત્તી રસ્તાનો પશ્ચિમ ભાગથી રાજપુર વ્હોળા સુધી.
૧૦.	રાજપુર વ્હોળાના દક્ષિણ તરફ પોલીસ ચોકી થઇને બડાપુરા થઇ પૂર્વે વખારથી દક્ષિણે સ્ત્રીઓના જાજરૂથી પશ્ચિમે ''સૈનીના બાગ''થી સૈનીવાસના પાણીના બોર થઇને રાજપુર કુમાર પ્રાથમિક શાળા થઇને વણકરવાસ પાછળના સ્મશાન થઇને પૂર્વે ચામુંડા મંદિરથી ઉત્તર તરફ ખત્રીઓના વાસથી પૂર્વ તરફ માળીવાસ હરીજનવાસથી ઉત્તરે ખારાકુવા થઇને રાજપુર વ્હોળા સુધી.
૧૧.	રાજપુર વ્હોળાના દક્ષિણ તરફના લોઘવાસથી પોલીસ ચોકી થઇ પૂર્વ તરફ વખાર તરફનો ઉત્તર ભાગથી દક્ષિણે સૈનીની બગીચાથી પૂર્વે કબ્રસ્તાનથી ઉત્તરે ગવાડી પ્રાથમિક શાળાથી ગંજીપુરાથી પૂર્વે ગૌશાળાની પશ્ચિમે થઇ રાજપુર વ્હોળાથી લોઘવાસ સુધી.
૧૨.	સ્ટેશન વ્હોળા પાઇપ ફેક્ટરીની પશ્ચિમે ગવાડી પ્રાથમિક શાળા થઇ દક્ષિણે ભોપાનગર થઇ પૂર્વે સ્ટેશન સ્મશાનથી બ્રાહ્મણવાસથી દશામાના મંદિરથી રેલ્વે સ્ટેશનથી ઉત્તરે માલગોડાઉન, જી. આઇ.ડી.સી. થઇ શિવશક્તિ મારબલથી ...એન. શેઠના ખેતરથી પશ્ચિમે પાઇપ ફેક્ટરી સુધી.

યો. જે. દીક્ષિત
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ.
ગાંધીનગર.

INDEX

અનુસૂચિ - ૨

રાજ્ય ચૂંટણી પંચ

ડીસા નગરપાલિકાની કુલ વસ્તી : ૬૨,૪૩૫

કુલ વોર્ડોની સંખ્યા : ૧૨

વોર્ડ દીઠ સરેરાશ વસ્તી : ૫,૨૦૨ સરેરાશ વસ્તી ૧૦ ટકા વધ મુજબ : ૫,૭૨૨

સરેરાશ વસ્તી ૧૦ ટકા ઘટ મુજબ : ૪,૬૮૨

બેઠકોની સંખ્યા : ૩૬

મહિલા બેઠકો : ૧૨ ૧ બેઠક અનુ. જાતિ મહિલા

૧ બેઠક અનુ. આદિજાતિ મહિલા

૧ બેઠક પછાત વર્ગની મહિલા સહિતની.

અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા : ૩ પૈકી ૧ મહિલા માટે.

અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા : ૨ પૈકી ૧ મહિલા માટે.

પછાત વર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા : ૪ તે પૈકી ૧ મહિલા માટે.

કુલ અનામત બેઠકો : ૧૮

સામાન્ય બેઠકો : ૧૮

અ.નં	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી બીન અનામત	બીજી બેઠકની ફાળવણી મહિલા અનામત	ત્રીજી બેઠકની ફાળવણી
૧.	૧	૫૨૨૪	સામાન્ય	પછાત વર્ગ	અનુ.આદિજાતિ
૨.	૨	૪૮૧૩	સામાન્ય	સામાન્ય	અનુ.જાતિ
૩.	૩	૫૦૧૭	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૪.	૪	૪૭૭૩	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૫.	૫	૫૬૩૬	સામાન્ય	અનુ.જાતિ	સામાન્ય
૬.	૬	૫૬૫૦	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૭.	૭	૫૬૭૪	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૮.	૮	૫૨૦૭	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૯.	૯	૫૧૧૧	સામાન્ય	સામાન્ય	પછાત વર્ગ

INDEX

અ.નં	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી બીન અનામત	બીજી બેઠકની ફાળવણી મહિલા અનામત	ત્રીજી બેઠકની ફાળવણી
૧૦.	૧૦	૫૩૫૦	સામાન્ય	સામાન્ય	અનુ.જાતિ
૧૧.	૧૧	૪૮૭૯	સામાન્ય	સામાન્ય	પછાત વર્ગ
૧૨.	૧૨	૫૧૦૧	સામાન્ય	અનુ.આદિજાતિ	પછાત વર્ગ

તારીખ: ૨૧-૫-૧૯૯૪

યો. જે. દીક્ષિત
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ.
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No.108 REGISTERED NO. G/GNR/2.

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol.XXXV] SATURDAY, MAY 21, 1994/ VAISAKHA 31, 1916.

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ

જાહેરનામું,

સચિવાલય,ગાંધીનગર

ક્રમાંક : સમક : ૨૪૨૨:૯૪

પાલનપુર નગરપાલિકાની ચૂંટણી માટે પાલનપુર શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આખરી આદેશ.

રાજ્ય ચૂંટણીપંચના તા.૮-૪-૯૪ નાં જાહેરનામાં ક્રમાંક:સમક:૨૪૨૨:૯૪ અન્વયે પાલનપુર નગરપાલિકાની ચૂંટણી માટે પાલનપુર શહેરનાં વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ જારી કરવામાં આવેલ છે. આ આદેશનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવેલ છે તેની સામે કોઈપણ વ્યકિતને જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો સદરહુ આદેશ પ્રસિધ્ધ થયેથી દિવસ-૧૫ માં રાજ્ય ચૂંટણી પંચ,ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલવાના હતા.

૨. પાલનપુર નગરપલિકાની ચૂંટણી માટેના પાલનપુર શહેરનાં વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ અન્વયે જુદી જુદી વ્યકતિઓ તથા રાજકીય પક્ષો તરફથી સૂચનો કરવામાં આવ્યા છે.

INDEX

૩. આ ઉપરાંત ૧૯૫૧ નાં લોકપ્રતિનિધિત્વ ધારા અન્વયે માન્ય રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ પણ રાજ્ય ચૂંટણી પંચે કરેલો છે.

૪. રાજ્ય ચૂંટણી પંચને મળેલ સૂચનોનો કાળજી પૂર્વક અભ્યાસ કરી તેમજ માન્ય રાજકીય પક્ષો સાથે પરામર્શને અંતે તે પરામર્શમાં થયેલ સૂચનોનો પણ કાળજીપૂર્વક અભ્યાસ કરી અત્રેનો તા. ૮-૪-૯૪નો મુસદ્દારૂપ આદેશ આખરી કરવા પંચે ઠરાવ્યું છે.

૫. આથી રાજ્ય ચૂંટણી પંચ ભારતીય સંવિધાનના અનુચ્છેદ ૨૪૩-ડ,૨૪૩-વ. ક, તથા ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ માં રાજ્ય સરકારે ગુજરાત નગરપાલિકા (સુધારા અધિનિયમ -૧૯૯૩ ની કલમ ૭ પેટા કલમ ૨,ખંડ ૩ પેટાખંડ ખ તથા ગુજરાત નગરપાલિકા શહેરના વોર્ડોનાં સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી) નિયમો ૧૯૯૪ હેઠળની સત્તાની રુએ પાલનપુર શહેરનાં વોર્ડોનું સીમાંકન આ સાથે જોડેલ અનુસૂચિ નં. ૧ માં દર્શાવ્યા પ્રમાણ આખરી કરવાનું ઠરાવે છે. અને આ સાથે જોડેલ અનુસૂચિત નં. ૨ માં દર્શાવ્યા પ્રમાણે અનામત બેઠકોની ફાળવણી આખરી કરવાનું ઠરાવે છે.

રાજ્ય ચૂંટણી પંચના આદેશથી,

યો. જે. દીક્ષિત
સચિવ
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર

અનુસુચિ-૧

"પત્રક-૪"

પાલનપુર મ્યુનિસિપાલીટી.

બનાસકાંઠા જિલ્લો.

વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડની હદનું વર્ણન
૧.	રેલ્વે સ્ટેશન પાસેના ફુટ ઓવરબ્રીજના પૂર્વ છેડાથી શરુ કરીને ગેસ ઓફિસના રસ્તે ગેસ ઓફિસ આવી ત્યાંથી ડાબી બાજુ વળી સીધા રસ્તે સરસ્વતી હાઈસ્કુલ આગળ આવી ત્યાંથી ડાબી બાજુ વળી મ્યું. પાણીની ટાંકી પાસેના ઉત્તર તરફના રસ્તે રસ્તે સુખબાગ રોડ આવી ત્યાંથી જમણીબાજું વળી સુખબાગ રોડે રોડે ત્રણ રસ્તા ક્રોસીંગ આવી ત્યાંથી જમણી બાજુ વળી ઢુંઢીયાવાડી પ્રા. શાળા તરફ જતા રોડે મ્યુ. બોર આવી ત્યાંથી ડાબી બાજુ વળી ચાણકયપુરી સોસાયટી તથા ઝુંપડપટ્ટી વિસ્તારને બહાર મુકીને સર્વે નં. ૫૬૪, ૫૬૫, ૫૬૭, ૫૬૮, ૫૫૯, ૫૫૮, ૫૪૭, ૫૧૩, ૫૧૪, ૫૧૫, ૫૧૬ ને આવરી લઈને તે સર્વે નંબરોની હદે હદે દિલ્હી હાઈવે રોડ આવી ત્યાંથી જમણી બાજુ વળી મ્યુ. હદે હદે બિહારીબાગને બહાર મૂકીને મ્યુ. હદે હદે સર્વે નંબર - ૩૭૧, ૨૬૯, ૨૭૦, ૨૭૧, ૨૭૨, ૨૫૨ને આવરી લઈને તે સર્વે નંબરોની મ્યુ. હદે હદે આબુરોડ નેશનલ હાઈવે ઓળંગીને મ્યુ. હદે રેલ્વે લાઈને આવી ત્યાંથી જમણીબાજુ વળી રેલ્વે લાઈને લાઈને રેલ્વે સ્ટેશન થઈ ફુટ ઓવરબ્રીજના પૂર્વ છેડા સુધી આ બાઉન્ડ્રીમાં આવતો તમામ વિસ્તાર...
૨	રેલ્વે સ્ટેશનથી શરુ કરીને ઉત્તર તરફ રેલ્વે લાઈનના પાટે પાટે સીધા મ્યુ. હદે સર્વે નંબર ૨૫૧ ને આવરી લઈને જમણી બાજુ વળી શહેરમાં આવતા કાચા રસ્તે રસ્તે સર્વે નં. ૨૦૬ આવી અંબાજી હાઈવેને ઓળંગીને સર્વે નંબર ૨૦૭, ૧૮૪, ૧૮૩, ૧૮૨ લગતેના કાચા રસ્તે રસ્તે ફાંસીયા ટેકરા લગતેના પશ્ચિમ રસ્તેથી (નેળીયામાં થઈને) બીજેશ્વર કોલોનીના નાકે આવી ત્યાંથી જમણીબાજુ વળી બીજેશ્વર કોલોનીના ઉત્તર તરફના રસ્તે રસ્તે લક્ષ્મીનગર સોસાયટી આગળના ત્રણ રસ્તા આવી ત્યાંથી ડાબી બાજુ વળી રસ્તે રસ્તે ઉસ્માનખાનજીના બંગલા આગળ (ડી.પી.પાસે) ના મુખ્ય રસ્તે આવી ત્યાંથી ડાબીબાજુ મુખ્ય રસ્તે રસ્તે સીધા દિલ્હી દરવાજા ચાર રસ્તા ટ્રાફીક પોઈન્ટ આવી ત્યાંથી જમણીબાજુ વળી સીધા રસ્તે સીમલાગેટ ચાર રસ્તા ટ્રાફીક પોઈન્ટ થઈ સીધા રસ્તે રસ્તે રેલ્વે સ્ટેશન સુધી - આ બાઉન્ડ્રીમાં આવતી તમામ વિસ્તાર...
૩	બારડપુરા ચોકથી શરુ કરીને ભકતોની લીંમડીના મુખ્ય રસ્તે રસ્તે બહાદુરખાનજીના કુવા પાસે થઈ સાત સંચા - (આંબેડકર ચોક) ની ડાબી બાજુ (ઉત્તર) ના રસ્તે સીધા કમાલપુરા રોડ આવી ત્યાંથી ડાબી બાજુ વળી રોડે રોડે કમાલપુરા ચોક આવી ત્યાંથી જમણીબાજુ વળી મુખ્ય રસ્તે રસ્તે સુરજપોળ દરવાજા(માલણ દરવાજા) બહાર નીકળી અંબાજી હાઈવે રોડે આવી ત્યાંથી ડાબી બાજુ વળી રામાપીરનામંદિર આગળના કાચા રસ્તે રસ્તે મફતપુર (જવાહર નગર) આવી જવાહરનગર વચ્ચેના કાચા રસ્તે રસ્તે હરીજનોના સ્મશાન પાસે થઈ ઉત્તર તરફે કાચા રસ્તે રસ્તે અંબાજી હાઈવે ઓળંગી (સધી માતાના મંદિરથી) ઉત્તર તરફે સદરપુર તરફ જતા રસ્તે રસ્તે મ્યુ. હદે આવી ત્યાંથી ડાબી બાજુ (પશ્ચિમ તરફ) વળી મ્યુ. હદે હદે સર્વે નંબર ૭૬, ૮૧, ૮૩, ૨૨૮, ૨૨૯, ૨૩૧, ૨૩૩, ૨૩૪, ૨૩૭, ૨૩૮, ૨૪૬, ને આવરી લઈ ત્યાંથી ડાબી બાજુ વળી કાચા રસ્તે રસ્તે સર્વે નં. ૨૪૮, ૨૦૮, ને આવરી લઈને ડી.એસ.પી.ઓફિસ

INDEX

વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડની હદનું વર્ણન
	લગતેના પશ્ચિમ રસ્તેથી (નેળીયામાં થઈને) બીજેશ્વર કોલોનીના નાકે આવી ત્યાંથી મુખ્ય રસ્તે રસ્તે મહીલામંડળ આવી ત્યાંથી ડાબી બાજુવળી ટેલીફોન ઓફિસ પાછળના રસ્તે રસ્તે મહાજન દવાખાના આગળ થઈ બારડપુરા ચોક સુધી - આ બાઉન્ડ્રીમાં આવતો તમામ વિસ્તાર...
૪	સુરજપોળ દરવાજા (માલણ દરવાજા) થી શરુ કરીને રસ્તે રસ્તે કમાલપુરા ચોકમાં થઈને નાનીબજારના રસ્તે રસ્તે નાની બજાર ચોક આવી ત્યાંથી ડાબી બાજુ વળી પીંજારાઓના તકીયાની પાછળ થઈને સલેમપુરાના રસ્તે રસ્તે સલેમપુરા દરવાજા બહાર આવીને ત્યાંથી પૂર્વ તરફ ના સીધા રસ્તે રસ્તે સલેમપુરા દરવાજા બહારના મ્યુ. બોરની પાછળ થઈને ઉત્તર તરફે વળી મ્યુ. હદે હદે સર્વે નં. ૧૬ને આવરી લઈ અંબાજી હાઈવેને ઓળંગીને હદે હદે સર્વે નં. ૧૭ ને આવરી લઈને મોતીપુરા ગ્રામ વિસ્તારને બહાર મુકીને દક્ષિણે મ્યુ. હદે હદે સર્વે નં. ૨૫, ૨૪, ૨૩, ૨૨, ૨૧ ને આવરી લઈને તે સર્વે નંબરોની મ્યુ. હદે હદે આવી ત્યાંથી ઉત્તર તરફ વળી સર્વે નંબર - ૨૯, ૩૦, ૩૧, ૩૨,૫૬, ૫૭, ૬૦, ૬૧, ૬૨, અને ૬૩ ને આવરી લઈને તે સર્વે નંબરોની મ્યું. હદે હદે અંબાજી હાઈવે ઓળંગીને (સધી માતાના મંદિરથી) દક્ષિણ તરફના કાચા રસ્તે રસ્તે હરીજન સ્મશાન પાસે થઈ ફીદાહુસેનની વાડી પાસે થઈ મફતપુરા (જવાહરનગર) વચ્ચેના કાચા રસ્તે રસ્તે રામાપીર મંદિરના આગળના કાચા રસ્તે સુરજપોળ દરવાજા સુધી - આ બાઉન્ડ્રીમાં આવતો તમામ વિસ્તાર...
૫	બહાદુરગંજ ત્રણબત્તીથી શરુ કરી રોડે રોડે છુવારા મસ્જિદ થઈ પીંજારાઓના તકીયા પાસે થઈ નાની બજારચોકમાં આવી ત્યાંથી જમણીબાજુ વળી કમાલપુરા રોડે રોડે - જાહેર મુતરડી પાસે આવી ત્યાંથી ડાબી બાજુ વળી સીધા રસ્તે સાત સંચા (આંબેડકર ચોક) થઈ બહાદુર - ખાનજીના કૂવા પાસે થઈ ભકતોની લીંમડીના રસ્તે રસ્તે બારડપુરા ચોક આવી ત્યાંથી ડાબી બાજુ વળી ઢાળવાસના રસ્તે રસ્તે મોટીબજાર ચોક આવી ત્યાંથી સીધા રસ્તે ટાવર પહોંચી ત્યાંથી ડાબી બાજુ વળી સીધા રસ્તે બહાદુરગંજ ત્રણબત્તી સુધી - આ બાઉન્ડ્રીમાં આવતો તમામ વિસ્તાર...
૬	ગઠામણ દરવાજા પેટ્રોલપંપથી શરુ કરીને પેટ્રોલપંપની દક્ષિણ બાજુના સીધા રસ્તે હનુમાન શેરી થઈ ખોડાલીંમડા આવી ત્યાંથી સીધા રસ્તે જુમામસ્જિદ થઈ ટાવર પાસે આવી ત્યાંથી ડાબી બાજુ વળી મુખ્ય રસ્તે મોટી બજાર ચોકમાં આવી - ત્છયાંથી સીધા રસ્તે ઢાળવાસ થઈ બારડપુરા ચોક થઈ ત્યાંથી મહાજન દવાખાના તરફ જવાના રસ્તે આવી ત્યાંથી જમણી બાજુ વળી મહાજન દવાખાના આગળના રસ્તે સીધા મહીલા મંડળ આગળ આવી ત્યાંથી જમણી બાજુ વળી મુખ્ય રસ્તે રસ્તે બીજેશ્વર કોલોની આગળના રસ્તેથી જુની ડી.એસ.પી.. ઓફિસ જવાના રસ્તા ઉપર આવી ત્યાંથી ડાબી બાજુ વળી બીજેશ્વર કોલોનીના ઉત્તર તરફના રસ્તે રસ્તે લક્ષ્મીનગર સોસાયટી આગળના ત્રણ રસ્તા આવી ત્યાંથી ડાબી બાજુ વળી ઉસ્માન ખાનજીના બંગલા આગળ (ડી.પી.પાસે) ના મુખ્ય રસ્તે આવી ત્યાંથી ડાબી બાજુ વળી મુખ્ય રસ્તે રસ્તે સીધા દિલ્હીદરવાજા ચાર રસ્તા ટ્રાફીક પોઈન્ટ આવી ત્યાંથી જમણી બાજુ વળી સીધા રસ્તે સીમલાગેટ ચાર રસ્તા ટ્રાફીક પોઈન્ટ આવી ત્યાંથી ડાબી બાજુ વળી મુખ્ય રસ્તે સમીરરોડ થઈ ગઠામણ દરવાજા પેટ્રોલપંપ સુધી - આ બાઉન્ડ્રીમાં આવતો તમામ વિસ્તાર...
૭	હાઈવે ચાર રસ્તા (સર્કલ) થી શરુ કરીને અમદાવાદ હાઈવે રોડે રોડે રેલ્વે ફાટક આવી ત્યાંથી ડાબી બાજુ વળી ડીસા રેલ્વે લાઈને લાઈને સર્વે નં. ૭૯૨ને આવરી લઈને જમણી બાજુ વળી મ્યુ. હદે હદે સર્વે નં. ૭૯૪, ૭૯૭, ૭૯૬, ૭૭૦, ૭૬૮, ૭૫૬, ૭૫૫, ૭૫૩, ૭૫૧, ૭૩૮, ૭૩૬, ૭૩૪, ૭૩૨,

INDEX

વોર્ડ નંબર	ઈલેકશનં વોર્ડની હદનું વર્ણન
	૭૩૩ને આવરી લઈને તે સર્વે નંબરોની મ્યુ. હદે હદે ડીસા હાઈવે રોડ આવી ડીસા હાઈવે રોડ ઓળંગીને ઉત્તરે સર્વે નં. ૬૮૧, ૬૭૯, ૬૭૮, ૬૬૫, ૬૬૬, ૬૬૭, ૬૬૮, ૬૭૧, ૬૭૨, ૫૩૭, ૫૩૮ ને આવરી લઈને તે સર્વે નંબરોની મ્યુ. હદે હદે દિલ્હી હાઈવે રોડ આવીને ત્યાંથી ડાબી બાજુ વળી મ્યુ. હદે હદે સર્વે નં. ૫૨૬ (બાલારામ ઓટો એજન્સી) ને આવરી લઈને જમણી બાજુ વળી ચાણકયપુરી સોસાયટી તથા ઝુંપડપટ્ટી વિસ્તારને આવરી લઈને સર્વે નં. ૫૨૭, ૫૨૮, ૫૨૯, ૫૩૦, ૫૪૬, ૫૬૦, ૫૬૨, ૫૬૩ ને આવરી લઈને તે સર્વે નંબરોની મ્યુ. હદે હદે મ્યુ. બોર આવી ત્યાંથી જમણી બાજુ વળી ત્રણ રસ્તા ક્રોસીંગ આવી ત્યાંથી ડાબી બાજુ વળી સુખબાગ રોડે રોડે ડાયમંડ બેંગલ્સ ફેકટરી પાસે આવી ત્યાંથી ડાબી બાજુ વળી રસ્તે રસ્તે મ્યુ. પાણીની ટાંકી પાસે આવી ત્યાંથી ઉત્તર તરફના રસ્તે રસ્તે સરસ્વતી હાઈસ્કૂલ તરફ જતા રોડે આવી ત્યાંથી ડાબી બાજુ વળી રસ્તે રસ્તે સરસ્વતી હાઈસ્કુલ આગળ આવી ત્યાંથી જમણે. બાજુ વળી સીધા રસ્તે રસ્તે ગેસ ઓફિસ આગળ આવી ત્યાંથી જમણી બાજુ વળી ફુટ ઓવરબ્રીજ આવી ફુટ ઓવરબ્રીજે પૂર્વ છેડે આવી ત્યાંથી જમણીબાજુ વળી રેલ્વે લાઈને ઓવરબ્રીજ આવી ત્યાંથી જમણી બાજુ વળી મુખ્ય રસ્તે રસ્તે હાઈવે ચાર રસ્તા (સર્કલ) સુધી - આ બાઉન્ડ્રીમાં આવતો તમામ વિસ્તાર...
૮	રેલ્વે ઓવરબ્રીજની દક્ષિણ બાજુથી શરુ કરીને ડીસા રેલ્વે લાઈને લાઈને મ્યુ. હદે હદે સર્વે નં. ૯૩૮ ને આવરી લઈને રેલ્વે લાઈને લાઈને અમદાવાદ હાઈવે રોડ ફાટક આવી ત્યાંથી જમણીબાજુ વળી (ઉત્તર તરફે) મુખ્ય રસ્તે રસ્તે હાઈવે ચાર રસ્તા (સર્કલ) આવી ત્યાંથી જમણીબાજુવળી (પૂર્વ તરફ) મુખ્ય રસ્તે રસ્તે રેલ્વે ઓવરબ્રીજની દક્ષિણ બાજુ સુધી - આ બાઉન્ડ્રીમાં આવતો તમામ વિસ્તાર...
Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ

આદેશ

બ્લોક નંબર.૯, ૬ઠ્ઠો માળ,

સચિવાલય, ગાંધીનગર, ૯મી જૂન, ૧૯૯૪.

ક્રમાંક. રાચપ/ચટણ/ન.પા/પોડોઇ/નિમણૂંક/૯૪/૧.- ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની કલમ ૯ (૧) ૯(૨) તેમજ ગુજરાત નગરપાલિકા (મતદાર નોંધણી) નિયમો ૧૯૯૪ના નિયમ-૪ થી ૭ મુજબ ગુજરાત રાજ્યની નગરપાલિકાઓની ભવિષ્યમાં થનાર સામાન્ય ચૂંટણીઓ તથા પેટા ચૂંટણી માટે નગરપાલિકા વિસ્તારના વિધાનસભા મતદાર વિભાગની મતદાર યાદી ઉપરથી જે તે નગરપાલિકા વિસ્તારની વોર્ડવાર મતદાર યાદીઓ તૈયાર કરવાની રહે છે.

નગરપાલિકા વિસ્તારના વોર્ડનો સીમાંકનના આખરી આદેશ કરવામાં આવે તે પ્રમાણે નગરપાલિકાના વિસ્તારના દરેક વોર્ડની મતદાર યાદીઓ તૈયાર કરવા, સુધારવા, ફેરફાર કરવા, અદ્યતન કરવા તથા પ્રસિધ્ધ કરવા તેમજ રાખવા માટે રાજ્ય ચૂંટણી પંચ તરફથી ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ ૯(૨) (૬) તથા ગુજરાત નગરપાલિકા (મતદાર નોંધણી) નિયમો ૧૯૯૪ના નિયમ-૩(૨) થી પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ આ સાથેની અનુસૂચિના આસન નં.૩ માં જણાવેલ નગરપાલિકાઓ માટે આસન નં.૪ માં જણાવેલ અધિકારીઓને મદદનીશ

INDEX

મતદાર નોંધણી અધિકારો તરીકે આ આદેશથી નિયુક્ત કરે છે.

આ નિમણૂંકો સને ૧૯૯૪ની સાલની નગરપાલિકાની મતદાર યાદીની આખરી પ્રસિધ્ધિ થાય ત્યાં સુધીના સમય માટે છે.

વી.જે.દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ.
ગાંધીનગર.

અનુસૂચિ

અ.નં.	જિલ્લાનું નામ	નગરપાલિકા-નું નામ	મદદનીશ મતદાર નોંધણી અધિકારી તરીકે નિયુક્ત કરેલ અધિકારીનું નામ / હોદ્દો	
			નામ	હોદ્દો
૧	૨	૩	૪	
૧	જુનાગઢ	પોરબંદર	૧.શ્રી ભોટાલાલ ગોરધન સુરાણી	મ્યુનિસિપલ એન્જીનીયર પોરબંદર નગરપાલિકા
			૨.શ્રી પોપટ વીરા દેસાટી	ટેક્ષ ઇન્સ્પેકટર, પોરબંદર નગરપાલિકા
			૩. શ્રી જેન્તીલાલ મનજી બારેજા	ઇન્ચાર્જ હાઉસ ટેક્ષ ઇન્સ્પેકટર પોરબંદર નગરપાલિકા.
			૪. શ્રી શશીકાન્ત માવજી જોષી	આચાર્યશ્રી, સોઢાણાવાળા બાલમંદિર
			૫. શ્રી ભીખાલાલ જીવનલાલ બાપોદરા	સીનીયર કલાર્ક, પોરબંદર નગરપાલિકા
	"	કેશોદ	૧. શ્રી જગદીશ એમ.શાહ	હેડ કલાર્ક, કેશોદ નગરપાલિકા
			૨. શ્રી આર.બી.પરમાર	કુડ ઇન્સ્પેકટર, કેશોદ નગરપાલિકા
			૩. શ્રી સુવા ડી.એમ	સીનીયર કલાર્ક કેશોદ નગરપાલિકા
			૪. શ્રી વી.ડી.ભાલારા	ઓકટ્રોય ઇન્સ્પેકટર, કેશોદ નગરપાલિકા

INDEX

૧	૨	૩	૪	૫
૧.	જુનાગઢ	વેરાવળ-પાટણ	૧. શ્રી ડી.એલ.ઉનડકટ	હેડકલાર્ક, વેરાવળ-પાટણ નગરપાલિકા
			૨. શ્રી દિનેશકુમાર વૈષ્ણવ	સીટી બસ મેનેજર
			૩. શ્રી એમ.એમ.કાદરી	ઇન્ટરનલ ઓડીટર વેરાવળ-પાટણ નગરપાલિકા
			૪. શ્રી ડી.વી.બહારૂની	ડેપ્યુટી સેક્રેટરી વેરાવળ-પાટણ નગરપાલિકા
૨.	કચ્છ-ભુજ	ભુજ	૧. શ્રી ઉમીયાશંકર એસ.ગોર	ભુજ નગરપાલિકા
			૨. શ્રી વી.એમ.વાયડા	ભુજ નગરપાલિકા
		માંડવી	૧ શ્રી દિનેશકુમાર જે.ઠક્કર	હેડ કલાર્ક, માંડવી નગરપાલિકા
			૨. શ્રી નિરંજન જેઠવા	પ્રોપર્ટી ટેક્ષ ઇન્સ્પેકટર માંડવી નગરપાલિકા
	''	અંજાર	૧ શ્રી આર.કે.કલ્યાણી	હેડ કલાર્ક અંજાર નગરપાલિકા
			૨ શ્રી કે.જે.કોડરાણી	સીનીયર કલાર્ક અંજાર નગરપાલિકા
	''	ગાંધીધામ	૧ શ્રી વી.આર.પરીખ	ઇન્ટરનલ ઓડીટર ગાંધીધામ નગરપાલિકા
			૨ શ્રી પ્રેમ એસ.લાલવાણી	હેડ ટેક્ષ ઇન્સ્પેકટર ગાંધીધામ નગરપાલિકા
૩.	પંચમહાલ	ગોધરા	૧. શ્રી કે.એન.પટેલ	ટેક્ષ સુપ્રિન્ટેન્ડન્ટ ગોધરા નગરપાલિકા
			૨. શ્રી એચ.ડી.ચોકસી	ઓકટ્રોય ઇન્સ્પેકટર ગોધરા નગરપાલિકા
	''	દાહોદ	૧. શ્રી એન.ડી.સોની	નાયબ ઇજનેરશ્રી ગોધરા નગરપાલિકા
			૨. શ્રી પી.એમ.પરીખ	કુડ ઇન્સ્પેકટર ગોધરા નગરપાલિકા
૪.	ભરૂચ	અંકલેશ્વર	૧. શ્રી આર.એચ.પાનવાલા	હેડ કલાર્ક અંકલેશ્વર નગરપાલિકા
			૨. શ્રી એમ.જી.પટેલવાળા	શોપ્સ ઇન્સ્પેકટર અંકલેશ્વર નગરપાલિકા

INDEX

૧	૨	૩	૪	૫
૫.	મહેસાણા	ઉંઝા	૧. શ્રી એન.એસ.પટેલ	ઓફીસ સુપ્રિન્ટેન્ડન્ટ ઉંઝા નગરપાલિકા
			૨. શ્રી એ.આર.આચાર્ય	શોપ્સ ઇન્સ્પેકટર ઉંઝા નગરપાલિકા
		પાટણ	૧ શ્રી કીર્તિકુમાર ન.ગોઠી	સીનીયર કલાર્ક પાટણ નગરપાલિકા
			૨. શ્રી દિનેશકુમાર જી.પટેલ	સર્વેયર, પાટણ નગરપાલિકા
		મહેસાણા	૧. શ્રી હસમુખભાઇ આર.ત્રિવેદી	શોપ્સ ઇન્સ્પેકટર મહેસાણા નગરપાલિકા
			૨. શ્રી આર.એમ.રાવ	ચીફ સેનેટરી ઇન્સ્પેકટર મહેસાણા નગરપાલિકા
		સિધ્ધપુર	૧. શ્રી કિરીટકુમાર સી.રાવલ	ઓફીસ સુપ્રિન્ટેન્ડન્ટ સિધ્ધપુર નગરપાલિકા
			૨. શ્રી જયંતિલાલ ડી.પટેલ	ફુડ ઇન્સ્પેકટર સિધ્ધપુર નગરપાલિકા
		કલોલ	૧. શ્રી મોહંમદયુસુફ આઇ.મલેક	સીનીયર કલાર્ક કલોલ નગરપાલિકા
		કડી	૧. શ્રી ઘનશ્યામભાઇ વૃજલાલ કાહમભટ્ટ	શોપ્સ ઇન્સ્પેકટર, કડી નગરપાલિકા
			૨. શ્રી ગુણવંતલાલ આર.પરીખ	ટેક્ષ કલાર્ક કડી નગરપાલિકા
૬.	ખેડા	નડીયાદ	૧. શ્રી શિરીષકુમાર એચ.દવે	ડેપ્યુટી ચીફ ઓફીસર નડીયાદ નગરપાલિકા
			૨. શ્રી કનૈયાલાલ ભીખાભાઇ શાહ	ટેક્ષ સુપ્રિન્ટેન્ડન્ટ નડીયાદ નગરપાલિકા
			૩. શ્રી હરિશકુમાર મધુભાઇ શાહ	રજીસ્ટ્રાર બર્થ એન્ડ ડેથ નડીયાદ નગરપાલિકા
૭.	રાજકોટ	વાંકાનેર	૧ શ્રી એમ.એલ.પરમાર	સેકશન અધિકારી વાંકાનેર નગરપાલિકા
			૨ શ્રી કે.ડી.નિમાવત	રીકવરી ઓફીસર, વાંકાનેર નગરપાલિકા
			૩. શ્રી જે.યુ.ધીયાવડવાળા	સ્ટોરકીપર વાંકાનેર નગરપાલિકા
		ગોંડલ	૧ શ્રી સી.એન.સોજીત્રા	સંકલન ઓફીસર ગોંડલ નગરપાલિકા

INDEX

૧	૨	૩	૪	૫
૭	રાજકોટ	ગોંડલ	૨. શ્રી એમ.ડી.રામીયા	રીકવરી ઓફીસર ગોંડલ નગરપાલિકા
			૩. શ્રી ડી.જે.પરમાર	ઓકટ્રોય ઓફીસર ગોંડલ નગરપાલિકા
૮.	મેડા	ઉમરેઠ	૧. શ્રી કે.પી.શાહ	સીનીયર કલાર્ક ઉમરેઠ નગરપાલિકા
		બોરસદ	૧. શ્રી મંગળભાઈ મોતીભાઇ પંચાલ	ઓવરસીયર બોરસદ નગરપાલિકા
			૨. શ્રી ધીરૂભાઇ રતિલાલ ઠાકર	ડ્રેનેજ ઇન્સ્પેકટર બોરસદ નગરપાલિકા
		કપડવંજ	૧. શ્રી ઉદયભાઇ બી.શાહ	શોપ્સ ઇન્સ્પેકટર કપડવંજ નગરપાલિકા
૯.	સાબરકાંઠા	હિંમતનગર	૧. શ્રી જેઠાલાલ જે.ચૌહાણ	સીનીયર કલાર્ક હિંમતનગર નગરપાલિકા
			૨. શ્રી ભાલચંદ્ર આર.રાવલ	શોપ્સ ઇન્સ્પેકટર હિંમતનગર નગરપાલિકા
૧૦.	જામનગર	ખંભાળીયા	૧. શ્રી એન.એચ.નાનાણી	સર્વેયર ખંભાળીયા નગરપાલિકા
			૨. શ્રી વસંતરાય પાબારી	હેડ કલાર્ક, ખંભાળીયા નગરપાલિકા
૧૧.	સાબરકાંઠા	મોડાસા	૧. શ્રી મથુરદાસ એમ.કડીયા	એકાઉન્ટન્ટ મોડાસા નગરપાલિકા
			૨. શ્રી વસંતલાલ સી.શાહ	સેનેટરી ઇન્સ્પેકટર મોડાસા નગરપાલિકા
૧૨.	રાજકોટ	મોરબી	૧. શ્રી આઇ.એ.કુકરવાડીયા	ટેક્ષ સુપ્રિન્ટેન્ડન્ટ મોરબી નગરપાલિકા
			૨. શ્રી એમ.એસ.સુરાણી	ટાસ વસુલાત અધિકારી મોરબી નગરપાલિકા
			૩. શ્રી એલ.એસ.દફતારી	હેડ કલાર્ક મોરબી નગરપાલિકા

વી.જે.દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No.154 REGISTERED NO. G/GNR/2.

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol.XXXV] THURSDAY, JUNE 9, 1994/ JYAISTHA 19, 1916.

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ

આદેશ

બ્લોક નંબર.૯, ૬ઠ્ઠો માળ,

નવા સચિવાલય, ગાંધીનગર, ૮મી જૂન, ૧૯૯૪.

ક્રમાંક.રાચપ/ચટણ/મનપા/૨૦૯૫/૯૪.- મુંબઇ પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ ૧૯૪૯ નાં કલમ-૪ :૧: અને મુંબઇ પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ચૂંટણી સંચાલન) નિયમ-૧૯૪૯ ની સાથે વાંચતા ભારતનાં સંવિધાનના અનુચ્છેદ ૨૪૩.ઽ અને ૨૪૩.વ.ઽ. અન્વયે મળેલ સત્તાની રૂએ, રાજ્ય ચૂંટણી પંચ તરફથી મહાનગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી માટે આ સાથેનો અનુસૂચિમાં જણાવેલ મહાનગરપાલિકાના અનુસૂચિના આસન નંબર.૩ માં જણાવેલ વોર્ડો માટે અનુસૂચિના આસન નંબર.૪ માં જણાવેલ અધિકારીઓની ચૂંટણી અધિકારી તરીકે તથા અનુસૂચિના આસન નંબર.૫ માં જણાવેલ અધિકારીઓને મદદનીશ ચૂંટણી અધિકારી તરીકે નિયુક્તી કરવા આદેશ કરવામાં આવે છે.

આદેશથી,

યો.જે.દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ.

INDEX

અનુસૂચિ

અ.નં.	મ્યુનિસિપલ કોર્પોરેશનનું નામ	વોર્ડ નંબર	નિયુક્ત કરેલ ચૂંટણી અધિકારીનો હોદ્દો	નિયુક્ત કરેલ મદદનીશ ચૂંટણી અધિકારીનો હોદ્દો
૧	૨	3	૪	૫
૧	સુરત	૧ ૨ 3	નાયબ કલેકટરશ્રી, સ્ટેમ્પ ડયુટી નંબર-૨, સુરત	૧. મામલતદારશ્રી, વસુલાત ગુ.સ્ટે.ફા.કો. સુરત ૨. જિલ્લા પુરવઠા મામલતદારશ્રી (ગુ.રા.પુ.નિગમ) સુરત
		૪,૫ ૬,૭	નાયબ કલેકટરશ્રી યુ.એલ.સી. યુનીટ-૨, ૫ સુરત	૧. જનસંપર્ક અધિકારીશ્રી, કલેકટર કચેરી, સુરત. ૨. મામલતદાર, સિંચાઇ દર વસુલાત, કાકરાપાર પ્રોજેકટ યુનીટ-૧, સુરત.
		૮ ૯ ૧૦	જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, સુરત	૧. ચીટનીશ ટુ ધી કલેકટર, સુરત ૨. એડીશનલ ચીટનીશશ્રી (મેજી.) સુરત
		૧૧ ૧૨ ૧૩	ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, શાખા નં.૪, સુરત	૧. મામલતદારશ્રી, મનોરંજન કર સુરત ૨. મામલતદારશ્રી(બીનખેતી) સુરત
		૧૪,૧૯ ૨૦,૨૧	નાયબ કલેકટરશ્રી, ઓલપાડ પ્રાંત, સુરત	૧. મામલતદારશ્રી, કૃષિપંચ ઓથાસી ૨. મામલતદારશ્રી, ગુજરાત જમીન વિહોણા મજુરો અને હળપતિ ગૃહનિર્માણ બોર્ડ, સુરત.
		૧૫,૧૬ ૧૭,૧૮	નાયબ કલેકટરશ્રી, યુ.એલ.સી. યુનીટ-૩, સુરત	૧. મામલતદારશ્રી, યુ.એલ.સી.સુરત ૨. મામલતદાર સિંચાઇ દર વસુલાત કાકરાપાર પ્રોજેકટ યુનીટ નં.૨, સુરત.
		૨૨,૨૩ ૨૪,૨૫	નાયબ કલેકટરશ્રી, ઓથાસી પ્રાંત, સુરત	૧. મામલતદારશ્રી, કૃષિપંચ,બારડોલી ૨. વધારાના એકઝીકયુટીવ મેજીસ્ટેટ, સુરત શહેર, સુરત.

INDEX

૧	૨	૩	૪	૫
		૨૬,૨૭ ૨૮,૨૯	નાયબ કલેકટરશ્રી, વ્યારા એલ.એન.ડી. ૮ જિ. સુરત	૧. મામલતદારશ્રી (બી.એ.) સુરત શહેરી વિકાસ સત્તા મંડળ,સુરત ૨. મામલતદારશ્રી અને ખાસ ફરજ પરના અધિકારી, (જમીન સંપાદન, રદ્દા ગાર્ડન, વિકાસ બાંધકામ, સુરત.
		૩૦,૩૧ ૩૨,૩૩	નાયબ કમિશ્નરશ્રી, મનોરંજન કર, સુરત.	૧. મામલતદારશ્રી (મોટર વાહન વેરા વસુલાત) આર.ટી.ઓ.કચેરી, સુરત. ૨. મામલતદારશ્રી(જમાબંધી) સુરત
૨.	વડોદરા	૧,૨ ૩,૪	મદદનીશ કલેકટરશ્રી ૬-ઠ્ઠે માળ, નર્મદા ભુવન, વડોદરા.	૧. મામલતદારશ્રી, વડોદરા (શહેર) વડોદરા, નર્મદા ભુવન, વડોદરા. ૨. અધિક મામલતદારશ્રી, વડોદરા (ગ્રામ્ય) વડોદરા. ૬ઠ્ઠે માળ, નર્મદાભુવન, વડોદરા.
		૫,૬ ૭,૮	નાયબ કલેકટરશ્રી, (જમીન સુધારણા) રૂમ નં.૩૬, કોઠી બાલ્ડીંગ, કલેકટર કચેરી, વડોદરા	૧. મામલતદારશ્રી (બીન ખેતી) ૬ઠ્ઠે માળ, નર્મદા ભુવન, વડોદરા. ૨. મામલતદારશ્રી, (શહેરી જમીન ટોચ મર્યાદા)ની કચેરી, ૧લે માળ, નર્મદાભુવન, વડોદરા.
		૯,૧૦ ૧૧,૧૨	નાયબ કલેકટરશ્રી, (મ.ભ.ય.) કલેકટર કચેરી, વડોદરા	૧. અધિક મામલતદાર અને કૃષિપંચશ્રી, ૬ઠ્ઠે માળ, નર્મદા ભુવન, વડોદરા ૨. મામલતદારશ્રી, શહેરી વિકાસ સત્તા મંડળ, ફતેપુરા, વડોદરા.
		૧૩,૧૪ ૧૫,૧૬	મદદનીશ કમિશ્નરશ્રી સરદાર સરોવર નર્મદા નિગમ લી. વડોદરા (પુનઃવસવાટ એજન્સી) ૮-મે માળ, 'એ' બ્લોક, નર્મદા ભુવન, વડોદરા.	૧. મામલતદારશ્રી, (મનોરંજન કર શાખા) રૂમ નં.૮, કલેકટર કચેરી, વડોદરા. ૨. મામલતદાર અને સંયુકત મુખ્ય કારોબારી અધિકારીશ્રી, સરદાર સરોવર પુનઃવસવાટ એજન્સી, 'એ' બ્લોક, નર્મદા ભુવન, વડોદરા.

INDEX

૧	૨	૩	૪	૫
		૧૭,૧૮ ૧૯,૨૦	નાયબ કલેકટરશ્રી, (સ્ટેમ્પ ડયુટી) ૬ઠ્ઠે માળ, 'સી' બ્લોક, નર્મદા ભવન, વડોદરા.	૧. મામલતદારશ્રી, ઇકોલોજી કમિશનનાં કચેરી, ગેરા કંપાઉન્ડ, રેસકોર્સ રોડ,વડોદરા. ૨. મદદનીશ નિયામકશ્રી, પ્રાદેશિક તાલીમ કેન્દ્ર, નંબર-૧; કોઠી બીલ્ડીંગ, વડોદરા.
		૨૧ ૨૨ ૨૩	ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી (નર્મદા) યુનીટ નંબર-૧, રૂમ નં.૩૨૬, ત્રીજા માળે, વહીવટી સંકુલ, છાણી જકાત નાકા,વડોદરા.	૧.મદદનીશ નિયામકશ્રી, પ્રાદેશિક તાલીમ કેન્દ્ર, નંબર-૨, વડોદરા. ૨. અધિક ચીટનીશશ્રી, રૂમ નં.૩, કલેકટર કચેરી, વડોદરા.
		૨૪ ૨૫ ૨૬	નાયબ નિયામકશ્રી (નાની બચત) ૬/૧૦૩, ૧લે માળ, કુબેર ભવન, વડોદરા.	૧. મામલતદારશ્રી (નાની બચત) કલેકટર કચેરી, વડોદરા. ૨. આસીસ્ટંટ લાયઝન ઓફીસર, (લાયઝન સેકશન) સી.એન્ડ એમ.ડીવીઝન, ઓ.એન.જી.સી. મકરપુરા, વડોદરા.
૩.	રાજકોટ	૧,૨ ૩,૪	ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, ગ્રામ્ય માર્ગ યોજના, કલેકટર કચેરી, રાજકોટ.	ખાસ મામલતદાર (નાની બચત) કલેકટર કચેરી, રાજકોટ.
		૫,૬ ૭,૮	આસીસ્ટંટ કલેકટરશ્રી રાજકોટ	અધિક મામલતદારશ્રી રાજકોટ શહેર
		૯,૧૦ ૧૧,૧૨	નિવાસી નાયબ કલેકટરશ્રી, રાજકોટ	મામલતદાર, રાજકોટ તાલુકા
		૧૩,૧૪ ૧૫,૧૬	જિલ્લા પુરવઠા અધિકારીશ્રી રાજકોટ	મામલતદાર, મનોરંજન કર, કલેકટર કચેરી, રાજકોટ
		૧૭,૧૮ ૧૯,૨૦	નાયબ કલેકટર (મ.ભો.ચો.) કલેકટર કચેરી, રાજકોટ	મામલતદાર, બીનખેતી શરતભંગ કલેકટર કચેરી, રાજકોટ
૪.	ભાવનગર	૨,૩ ૭,૮	પ્રાંત ઓફીસર, ભાવનગર	૧. મામલતદાર, વલ્લભીપુર. ૨. સીટી મામલતદાર, ભાવનગર
		૪,૫ ૬,૧૩	જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, ભાવનગર	૧. તાલુકા મામલતદાર, ભાવનગર ૨. મામલતદાર, નાની બચત, ભાવનગર

INDEX

૧	૨	૩	૪	૫
૪.	ભાવનગર	૧,૯ ૧૦,૧૧	ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી ભાવનગર	૧. મામલતદાર, મધ્યાન ભોજન યોજના, ભાવનગર ૨. જનસંપર્ક અધિકારી કલેકટરેટ, ભાવનગર
		૧૨,૧૪ ૧૫.	નાયબ કલેકટર, મધ્યાન ભોજન યોજના, ભાવનગર.	૧. અધિક ઓટનોશ, કલેકટરેટ, ભાવનગર ૨. ઓટનોશ કલેકટર, કલેકટરેટ, ભાવનગર
		૧૬,૧૭	જિલ્લા આયોજન અધિકારીશ્રી, ભાવનગર	૧. મામલતદાર, ઘોઘા

યો.જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 155 REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] TUESDAY, JUNE 14, 1994/JYAISTHA 24, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ

બ્લોક નં. ૯, ૬ઠ્ઠા માળે, સચિવાલય, ગાંધીનગર, ૮મી જૂન, ૧૯૯૪.

સુધારા આદેશ ક્રમાંક : રાચપ/ચટણ/ન.પા./મપક/૯૪.

રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગર તરફથી નગરપાલિકાઓની વોર્ડવાર મતદાર યાદીઓની પ્રાથમિક પ્રસિદ્ધિ કરવા આદેશ ક્રમાંક : રાચપ/ચટણ/ન.પા./મપક/૯૪, તા. ૪થી જુન, ૧૯૯૪નો કરવામાં આવેલ છે. તેમાં નીચે મુજબ સુધારો કરવા આદેશ કરવામાં આવે છે.

આદેશના પેરા ૨ની ત્રીજી લીટીમાં તા. "૧૩મી જુન, ૧૯૯૪"ના બદલે તા. "૧૬મી જુન, ૧૯૯૪" વાંચવી.

આદેશના પેરા ૩માં નીચે મુજબ વાંચવું.

૧. મતદાર યાદીની પ્રાથમિક પ્રસિદ્ધિની તારીખ "૧૩મી જુન, ૧૯૯૪"ના બદલે તારીખ "૧૬મી જુન, ૧૯૯૪".

૨. નિયમ ૬ અન્વયે દાવા રજુ કરવા માટેની છેલ્લી તારીખ "૨૩મી જુન, ૧૯૯૪"ના બદલે તારીખ "૨૫મી જુન, ૧૯૯૪".

૩. નિયમ ૬ અન્વયે રજુ થયેલ દાવાની ચકાસણી તથા દાવા પરત્વે નિર્ણય કરવા માટેની આખરી તારીખ "૩૦મી જુન, ૧૯૯૪"ના બદલે તારીખ "૨૯મી જુન, ૧૯૯૪".

૪. નિયમ ૭(૧)(બ) અન્વયે મતદાર યાદીની આખરી પ્રસિદ્ધિની તારીખ "૫મી જુલાઈ, ૧૯૯૪"ના બદલે તારીખ "૩જી જુલાઈ, ૧૯૯૪."

આદેશથી,

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 156 REGISTERED NO. G/GNR/2.

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] WEDNESDAY, JUNE 15, 1994/JYAISTHA 25, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

GUJARAT MARITIME BOARD

Notification

Ahmedabad, 14th June, 1994.

GUJARAT MARITIME BOARD ACT, 1981.

No. GMB/T/37-38/94/1.—In exercise of the powers conferred by Section 37 and 38 of the Gujarat Maritime Board Act, 1981 (Gujarat 30 of 1981), the Gujarat Maritime Board with the sanction of the Government of Gujarat hereby amends in its notification No. GMB/T/37-38/17 dated 21st May, 1989 read with notification No. GMB/T/37-38/10/92 dated 1st June, 1992 with effect on and from the issue of this notification.

In the said notification, Schedule-I, Section IX-A the charges for hire of Ports floating crafts, under table of Sr. No. 3 (e) in the Column No. 4, shall be read as Rs. 5000/- instead of Rs. 2500/-. Other items remains unchanged.

On behalf of the Gujarat Maritime Board,

A. F. VYAS,
Chief Executive Officer
and Vice Chairman.

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

INDEX

Extra No. 157 REGISTERED NO. G/GNR/E

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] WEDNESDAY, JUNE 15, 1994/JYAISTHA 25, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ

બ્લોક નં. ૯, ૬ઠ્ઠા માળે,

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી જૂન, ૧૯૯૪.

આદેશ

ક્રમાંક : રાચપ/ચટણ/ન/૫૨/પીડીઈ/નિમણૂક/૯૪/૨.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની કલમ ૯ : ૧ ૯ : ૨ તેમજ ગુજરાત નગરપાલિકા (મતદાર નોંધણી) નિયમો, ૧૯૯૪ના નિયમ ૪થી ૭ મુજબ ગુજરાત રાજ્યની નગરપાલિકાઓની ભવિષ્યમાં થનાર સામાન્ય ચૂંટણીઓ તથા પેટા ચૂંટણી માટે નગરપાલિકા વિસ્તારના વિધાનસભા મતદાર વિભાગની મતદાર યાદી ઉપરથી જે તે નગરપાલિકા વિસ્તારની વાર્ડવાર મતદારયાદીઓ તૈયાર કરવાની રહે છે.

નગરપાલિકા વિસ્તારના વોર્ડના સીમાંકનના આખરી આદેશ કરવામાં આવે તે પ્રમાણે નગરપાલિકાના વિસ્તારના દરેક બોર્ડની મતદારયાદીઓ તૈયાર કરવા, સુધારવા, ફેરફાર કરવા અદ્યતન કરવા તથા પ્રસિધ્ધ કરવા તેમજ રાખવા માટે રાજ્ય ચૂંટણી પંચ તરફથી ગુજરાત નગરપાલિકા અધિનિયમ્ (૧૯૬૩ ની કલમ ૯ : ૨ : (ક) તથા ગુજરાત નગરપાલિકા (મતદાર નોંધણી) નિયમો, ૧૯૯૪ના નિયમ ૩ : ૨ થી પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ આ સાથેની અનુસૂચિમાં આસન નંબર ૩માં જણાવેલ નગરપાલિકાઓ માટે આસન નંબર-૪માં જણાવેલ અધિકારીઓને મદદનીશ મતદાર નોંધણી અધિકારી તરીકે આ આદેશથી નિયુકત કરે છે.

આ નિમણૂકો, સને ૧૯૯૪ની સાલની નગરપાલિકાની મતદાર યાદીની આખરી પ્રસિધ્ધિ થાય ત્યાં સુધીના સમય માટે છે.

ચો. જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ.

INDEX

અનુસૂચિ

અ.નં.	જિલ્લાનું નામ	નગરપાલિકાનું નામ	પંચે નિયુકત કરેલ મદદનીશ મતદાર નોંધણી અધિકારીનું નામ	પંચે નિયુકત કરેલ મદદનીશ મતદાર નોંધણી અધિકારીના હોદ્દો
૧	૨	૩	૪ (અ)	૪ (બ)
૧.	વલસાડ	નવસારી	શ્રી પ્રમોદરાય ગાંડાભાઈ નાયક	ઓફીસ સુપ્રિન્ટેન્ડેન્ટ, નવસારી નગરપાલિકા.
૨.	વડોદરા	ડભોઈ	શ્રી આર. આર. શાહ	સેક્રેટરીશ્રી, ડભોઈ નગરપાલિકા
૩.	ભરૂચ	ભરૂચ	શ્રી જે. એમ. આચાર્ય	સેક્રેટરીશ્રી, ભરૂચ નગરપાલિકા
૪.	ભરૂચ	અંકલેશ્વર	શ્રી આર. એચ. પાનવાલા	હેડ કલાર્ક, અંકલેશ્વર નગરપાલિકા
૫.	ભરૂચ	જંબુસર	શ્રી શિવાજીરાવ રામાજીરાવ જાદવ	ઈન્ટરનલ ઓડીટર, જંબુસર નગરપાલિકા
૬.	ભરૂચ	રાજપીપળા	શ્રી ઠાકોરભાઈ વી. પંચોલી	હેડ કલાર્ક, ભરૂચ નગરપાલિકા
૭.	સુરત	બારડોલી	શ્રી અનિલભાઈ સી. શાહ	સેક્રેટરી, બારડોલી નગરપાલિકા
૮.	વલસાડ	વાપી	શ્રી વી. આર. દેસાઈ	ગુમાસ્તા ધારા ઈન્સ્પેકટર

યો. જે. દીક્ષિત,
સચિવ.
રાજય ચૂંટણી પંચ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 158 REGISTERED NO. G/GNR/2.

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] THURSDAY, JUNE 16, 1994/JYAISTHA 26, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ

ગુજરાત રાજ્ય

૯મો બ્લોક, ૬ઠ્ઠો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.

આદેશ ક્રમાંક : પઅઠ/૯૪

તારીખ ૧૬મી જુન, ૧૯૯૪.

૧૯૯૪ના ચૂંટણી પ્રતિકો (મહાનગરપાલિકા/નગરપાલિકા--અનામત રાખવા અને ફાળવવા) અંગેનો આદેશ.

આદેશ

૧૯૯૪ના મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ચૂંટણી સંચાલન) નિયમોના નિયમ : ૧૫ તથા ગુજરાત નગરપાલિકા (ચૂંટણી સંચાલન) નિયમોના નિયમ : ૧૫(૧) સાથે વાંચતા ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩: ડ તથા ૨૪૩:વક અન્વયે મળેલી સત્તા હેઠળ રાજ્ય ચૂંટણી પંચ રાજ્યની મહાનગરપાલિકાઓ તથા નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણીઓ તથા પેટા ચૂંટણીઓ માટે હરીફ ઉમેદવારોને પ્રતિક ફાળવવા અંગે નીચે જણાવ્યા પ્રમાણે આદેશ કરે છે :—

૧ આ આદેશના હેતુસર પ્રતિકોના બે પ્રકાર રહેશે. (૧) અનામત અને (૨) મુકત. આ આદેશમાં અન્યથા જોગવાઈ કરી હોય તે સિવાય અનામત પ્રતિક એટલે એવું પ્રતિક કે જે માન્ય રાજકીય પક્ષના ઉમેદવાર માત્રને જ ફાળવી શકાશે. મુકત પ્રતિક એટલે અનામત પ્રતિક સિવાયના પ્રતિક.

INDEX

૨. ભારતના ચૂંટણી પંચે આદેશની તારીખે જે રાજકીય પક્ષોને રાષ્ટ્રીય પક્ષ તરીકે માન્યતા આપી છે તેવા નીચે આસન નંબર : ૨માં જણાવેલ પક્ષના ઉમેદવારને આસન નંબર : ૩માં જણાવેલું પ્રતિક ફાળવવાનું રહેશે.

અ. નં.	પક્ષનું નામ	પ્રતિક
૧	૨	૩
૧	ભારતીય જનતા પક્ષ	કમળ
૨	ભારતનો સામ્યવાદી પક્ષ	અનાજનું કણસલું અને દાતરડું
૩	ભારતનો સામ્યવાદી પક્ષ (માર્કસીસ્ટ)	હથોડી, દાતરડું અને તારો
૪	ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ	પંજો
૫	જનતા દળ	ચક્ર
૬	જનતા પક્ષ	ચક્ર--હળધર

૩. (૧) ઉપરોકત પક્ષના ઉમેદવારોને પક્ષના નામ સામે જણાવેલ જ પ્રતિકો ફાળવવામાં આવશે.

(૨) આ પ્રતિકો અન્ય કોઈ ઉમેદવારોને ફાળવી શકાશે નહી તેમજ આ પક્ષના ઉમેદવારને અન્ય કોઈ પ્રતિકો ફાળવી શકાશે નહી.

(૩) આ પ્રતિકો અનામત પ્રતિકો તરીકે ઓળખાશે.

૪. માન્ય રાજકીય પક્ષોના ઉમેદવાર તરીકે અનામત પ્રતિક ફાળવવાની પાત્રતા માટે નીચેની શરતો સંતોષવી રહેશે :—

૧. ઉમેદવારે તેઓના ઉમેદવારી પત્રમાં તે અંગેની જાહેરાત કરવાની રહેશે.

૨. રાજકીય પક્ષના ઉમેદવાર છે તે અંગેની લેખિત જાણ ઉમેદવારી પત્રો પાછા ખેંચવા માટેની તારીખે બપોરના ૩.૦૦ વાગ્યા પહેલાં ચૂંટણી અધિકારીને કરી હોવી જોઈશે.

૩. આવી જાણ કરતો પત્ર પક્ષના પ્રમુખ, મંત્રી કે અન્ય હોદ્દેદારોએ પાઠવ્યો હોવો જોઈએ અને પક્ષે આ પ્રકારની જાણ કરવા માટે પ્રમુખ, મંત્રી કે અન્ય હોદ્દેદારને અધિકૃત કર્યા હોવા જોઈશે.

૪. આવી અધિકૃત વ્યકિતનું નામ અને તેમની સહીનો નમૂનો ચૂંટણી અધિકારીને તેમજ સચિવ, રાજ્ય ચૂંટણી પંચને ઉમેદવારી પત્રો રજૂ કરવાની છેલ્લી તારીખ પહેલાં મોકલવા જોઈશે.

૫. જે રાજકીય પક્ષને ભારતના ચૂંટણી પંચ તરફથી રાજ્ય કક્ષાના પક્ષ તરીકે માન્યતા આપવામાં આવે તે પક્ષ માટે ભારતના ચૂંટણી પંચે અનામત રાખેલું પ્રતિક રાજ્ય કક્ષાના પક્ષ માટે અનામત રાખવાનું રહેશે.

૬. રાજ્ય કક્ષાના પક્ષ માટે અનામત રાખેલું પ્રતિક તે પક્ષના ઉમેદવારને જ ફાળવવાનું રહેશે. તે પક્ષના ઉમેદવારને અન્ય કોઈ પ્રતિક ફાળવી શકાશે નહીં. તેમજ અન્ય કોઈ ઉમેદવારને આ પ્રતિક ફાળવી શકાશે નહીં.

૭. મહાનગરપાલિકાઓ તથા નગરપાલિકાઓની ચૂંટણી માટે નીચે જણાવ્યા મુજબના પ્રતિકો મુકત પ્રતિકો તરીકે જાહેર કરવામાં આવે છે :—

૧. હોડી (બોટ)
૨. સાયકલ
૩. ઢોલ
૪. ગાડુ
૫. નાળિયેરી
૬. અનાજ ઉપણતો ખેડૂત
૭. ઢોલ
૮. મશાલ
૯. ફાનસ
૧૦. જગ

INDEX

૧૧. તાળુ--ચાવી
૧૨. પ્રેશર કૂકર
૧૩. રેલવે એન્જિન
૧૪. રોડરોલર
૧૫. સીવવાનું મશીન
૧૬. પાટી
૧૭. પાવડો
૧૮. પાવડો--ત્રિકમ
૧૯. ચશ્મા
૨૦. છત્રી
૨૧. વાયોલીન
૨૨. હવાઈ જહાજ
૨૩. ખુરશી
૨૪. ઉગતો સૂર્ય
૨૫. બે પાંદડી
૨૬. સીડી
૨૭. ઘડીયાળ
૨૮. મોટર
૨૯. તીરકામઠું
૩૦. બંધ (ડેમ)
૩૧. ડંકી (હેન્ડ પંપ)
૩૨. પતંગ

૮. મુકત પ્રતિક માટે એક જ ઉમેદવારે માંગણી કરી હોય તો તેવું મુકત પ્રતિક તે ઉમેદવારને ફાળવવાનું રહેશે.

૯. એક જ મુકત પ્રતિક માટે એક કરતાં વધુ ઉમેદવારે માંગણી કરી હોય તો તે માટે નીચે જણાવ્યા પ્રમાણેની કાર્યવાહી કરી ફાળવણી કરવાની રહેશે :—

૧. એક જ મુકત પ્રતિક માટે માંગણી કરનારા ઉમેદવારો પૈકી માન્યતા પ્રાપ્ત ન કરેલ કોઈ રાજકીય પક્ષના ઉમેદવાર હોય અને બીજા ઉમેદવારો અપક્ષ હોય તો આવું મુકત પ્રતિક માન્યતા પ્રાપ્ત નથી તેવા રાજકીય પક્ષના ઉમેદવારને ફાળવવાનું રહેશે.

૨. જો ઉમેદવારો પૈકી બે કે તેથી વધુ ઉમેદવારો માન્યતા પ્રાપ્ત નહીં તેવા જુદા જુદા પક્ષો તરફથી ઉભા રખાયા હોય અને બાકીના ઉમેદવારો અપક્ષ હોય તો માન્યતા પ્રાપ્ત નથી થયા તેવા જુદા જુદા પક્ષના ઉમેદવારો વચ્ચે લોટથી પ્રતિકની ફાળવણી કરવાની રહેશે અને લોટમાં જે ઉમેદવારના ભાગે આ પ્રતિક આવે તેમને આવું મુકત પ્રતિક ફાળવવામાં આવશે--અન્યને ફાળવી શકાશે નહીં.

૩. માન્યતા પ્રાપ્ત નથી તેવા રાજકીય પક્ષોના ઉમેદવારો પૈકી જો કોઈ ઉમેદવાર ચૂંટણી પહેલાંના ગૃહમાં સભ્ય હોય તો તેઓને તેમના ઉમેદવારી પત્રમાં માંગેલું પ્રતિક ફાળવવામાં આવશે. ગત ચૂંટણી વખતે ઉમેદવાર એ પ્રતિક પર ચૂંટણી લડયા હતા કે કેમ તે પરિબળ આ હેતુસાર વિચારણામાં લેવાનું નથી.

૪. એક જ મુકત પ્રતિકની માંગણી કરતા વધુ ઉમેદવારો હોય અને આવા બધા જ ઉમેદવારો અપક્ષ હોય અને તે પૈકી એક અપક્ષ ઉમેદવાર અગાઉની ચૂંટણી વખતે તે પ્રતિક પર ચૂંટણી લડયા હોય તો તેવા ઉમેદવારને આવું મુકત પ્રતિક ફાળવવામાં આવશે.

૫. બધા જ અપક્ષ ઉમેદવારો ગત ચૂંટણી વખતે ચૂંટાયા ન હોય અને એક જ મુકત પ્રતિકની માંગણી કરતાં હોય તો તેઓ વચ્ચે લોટથી પ્રતિકની ફાળવણી કરવાની રહેશે અને લોટમાં જેના ભાગે તે મુકત પ્રતિક આવે તે ઉમેદવારને ફાળવવાનું રહેશે--અન્યને ફાળવી શકાશે નહીં.

આદેશથી,

યે. જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 159 REGISTERED NO. G/GNR/2.

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] FRIDAY, JUNE 17, 1994/JYAISTHA 27, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

GUJARAT STATE FINANCIAL CORPORATION

Notice

Notice is hereby given that the 34th annual General Meeting of the shareholders of the Gujarat State Financial Corporation will be held at 10.00 a.m. on Wednesday, the 27th July, 1994 at the Head Office of the Corporation, located at "Jaldarshan" Building, Ashram Road, Ahmedabad, to transact the following business :

1. To read and consider the Balance Sheet and Profit and Loss Account of the Corporation for the year ended 31st March, 1994, together with Auditors' Report thereon and the Report of the Board of Directors on the working of the Corporation for the said year.

2. To sanction and authorise payment of guaranteed dividend to the shareholders of the Corporation whose names stand registered as shareholders on the Share Ledger as on 12th July, 1994.

3. To elect two Directors :

a. One director under section 10(d) of the State Financial Corporations Act, 1951 to represent scheduled banks referred to in clause (c) of sub section (*3*) of section 4 of the State Financial Corporations Act, for the unexpired portion of the tenure of Shri B. L. Bansal, Chief General Manager, State Bank of India, Ahmedabad (i.e. upto 28.07.97).

b. One director under section *10(d)* of the State Financial Corporations Act, 1951 to represent other financial institutions like insurance companies including Life Insurance Corporation of India, investment trusts, etc. referred to in clause (c) of sub section (*3*) of section 4 of the State Financial Corporations Act, for the unexpired portion of the tenure of Shri B. R. Diwanji, retired Sr. Divisional Manager, Life Insurance Corporation of India, Ahmedabad (i.e. upto 28.07.1995).

INDEX

4. Nomination papers for election of two directors as aforesaid by shareholders referred to above should reach the Head Office on or before 12th July, 1994. The particulars required to be furnished in the nomination papers for election of two directors should be as per the Regulation 32 of the General Regulations, which would be available at the Head Office of the Corporation, Ahmedabad.

By order of the Board of Directors,

R. K. SHAH,
Managing Director.

Gujarat State Financial Corporation,
Jaldarshan Building,
P.O. Box : 4030
Ashram Road,
Ahmedabad-380 009.

Date : 14th June, 1994.

NOTE : As per provisions of Regulation 12 of the General Regulations, Share Transfer Book, of the Corporation shall remain closed from 13.07.94 to 27.07.94 (both days inclusive). Dividend warrants will be posted to the shareholders entitled to them at their registered addresses on or after 12.08.1994. Shareholders are, therefore, requested to intimate the Corporation change if any, in their addresses immediately.

ગુજરાત રાજ્ય નાણાકીય નિગમ

નોટિસ

આથી ખબર આપવામાં આવે છે કે, ગુજરાત રાજ્ય નાણાકીય નિગમના શેરહોલ્ડરોની ૩૪મી વાર્ષિક સામાન્ય સભા તારીખ ૨૭મી જુલાઈ, ૧૯૯૪ને બુધવારના રોજ સવારે ૧૦-૦૦ વાગ્યે જલદર્શન બિલ્ડીંગ, આશ્રમરોડ, અમદાવાદ ખાતેની વડી કચેરીએ નીચે જણાવેલ કામ હાથ ધરવા માટે મળશે :-

૧. તા. ૩૧મી માર્ચ, ૧૯૯૪ના રોજ પૂરા થયેલ વર્ષ આખરનું સરવૈયું તથા નફા-તોટાના હિસાબો, તે ઉપરના ઓડિટરના અહેવાલ તેમજ સદરહુ વર્ષ દરમિયાન નિગમના કામકાજ અંગે નિયામક મંડળનો અહેવાલ વાંચવામાં લેવા તથા તે ઉપર વિચારણા કરવા.

૨. તા. ૧૨મી જુલાઈ, ૧૯૯૪ના રોજ નિગમની શેર ખાતાવહીમાં જેમના નામ નોંધાયેલ હોય તે શેર હોલ્ડરોને બાંયધરીયુકત ડિવિડન્ડની ચૂકવણી મંજૂર કરવા અને અધિકૃત કરવા.

૩. બે ડિરેકટર્સની ચૂંટણી કરવા :

અ. ૧૯૫૧ના રાજ્ય નાણાકીય નિગમના કાયદાની કલમ ૪ની પેટા કલમ (૩)ના અનુચ્છેદ 'સી'માં દર્શાવ્યા અનુસાર અનુસૂચિત બેંકસનું પ્રતિનિધિત્વ કરવા શ્રી બી. એલ. બંસલ, ચીફ જનરલ મેનેજર, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, અમદાવાદની ડિરેકટર તરીકેની બાકીની મુદત એટલે કે, તા. ૨૮મી જુલાઈ, ૧૯૯૭ સુધીની મુદત માટે રાજ્ય નાણાકીય નિગમના કાયદાની કલમ ૧૦ (ડી) હેઠળ એક ડિરેકટરની ચૂંટણી કરવાની રહે છે.

બ. ૧૯૫૧ના રાજ્ય નાણાકીય નિગમોના કાયદાની કલમ ૪ની પેટા કલમ (૩)ના અનુચ્છેદ 'સી'માં દર્શાવ્યા અનુસાર અન્ય નાણાકીય સંસ્થાઓ જેવી કે ભારતીય જીવન વીમા નિગમ સહિતની વીમા કંપનીઓ, ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ વગેરેનું પ્રતિનિધિત્વ કરવા શ્રી બી. આર. દીવાનજી, નિવૃત્ત સિનિયર ડિવિઝનલ મેનેજર, ભારતીય જીવન વીમા નિગમ, અમદાવાદની ડિરેકટર તરીકેની બાકીની મુદત માટે એટલે કે, તા. ૨૮મી જુલાઈ, ૧૯૯૫ સુધીની મુદત માટે રાજ્ય નાણાકીય નિગમોના કાયદાની કલમ ૧૦ (ડી) હેઠળ એક ડિરેકટરની ચૂંટણી કરવાની રહે છે.

INDEX

૪. ઉપરોકત બે ડિરેકટરોની શેરહોલ્ડરો દ્વારા થનારી ચૂંટણી માટેનાં નોમીનેશન પેપર્સ તા. ૧૨મી જુલાઈ, ૧૯૯૪ કે તે પહેલાં વડી કચેરીને મળે તે રીતે મોકલી આપવાના રહેશે. બન્ને ડિરેકટરોની ચૂંટણી માટેના નોમીનેશન પેપર્સમાં નિગમના સામાન્ય અધિનિયમોના નિયમ ૩૨ અનુસાર વિગતો આપવાની રહેશે. નિગમની અમદાવાદ ખાતેની વડી કચેરીએથી સામાન્ય નિયમોની નકલ મળી રહેશે.

નિયામક મંડળના આદેશાનુસાર.

આર. કે. શાહ,
મેનેજિંગ ડિરેકટર.

ગુજરાત રાજ્ય નાણાકીય નિગમ,
પોસ્ટ બોક્ષ નં. ૪૦૩૦,
જલદર્શન બિલ્ડીંગ, આશ્રામરોડ,
અમદાવાદ—૩૮૦ ૦૦૯.
તા. ૧૪મી જૂન, ૧૯૯૪.

નોંધ :— નિગમના સામાન્ય નિયમો પૈકીના નિયમ ૧૨ની જોગવાઈ મુજબ નિગમની શેર ટ્રાન્સફર બુક તા. ૧૩મી જુલાઈ, ૧૯૯૪ થી તા. ૨૭મી જુલાઈ, ૧૯૯૪ સુધી (બન્ને દિવસો સહિત) બંધ રહેશે. જે શેરહોલ્ડરો ડિવિડન્ડ મેળવવાને હકદાર હશે તેમને નોંધાયેલ સરનામે ડિવિડન્ડ વૉરન્ટો તા. ૧૨મી ઓગસ્ટ, ૧૯૯૪ અગર તે પછી મોકલી આપવામાં આવશે. જો સરનામામાં કોઈ ફેરફાર થયેલ હોય તો તેની ખબર તરત જ નિગમને આપવા શેરહોલ્ડરોને વિનંતી કરવામાં આવે છે.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 160

REGISTERED NO. G/GNR/1

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol, XXXV] FRIDAY, JUNE 17, 1994/JYAISTHA 27, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ
બ્લોક નંબર ૯, ૬ઠ્ઠો માળ,
નવા સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૭--૬--૯૪.

ક્રમાંક : રાચપ/ચટણ/મનપા/ચરાન/૧/૧/૧૫૨૨.

સુધારા આદેશ :—

મુંબઈ પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ—૧૯૪૯ની કલમ ૧૪ (૧) તથા મુંબઈ પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ચૂંટણી સંચાલન), ૧૯૯૪ના નિયમ-૪ તથા ભારતના સંવિધાનના અનુચ્છેદ—૨૪૩ (ઙ) અને ૨૪૩ (ક) હેઠળ મળેલ સત્તાની રૂએ, અત્રેના તા. ૮--૬--૯૪ના આદેશ નંબર—રાચપ—ચટણ—મનપા—ચઅન—૯૪—૧ થી અમદાવાદ મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી માટે નિયુક્ત કરેલ ચૂંટણી અધિકારી અને મદદનીશ ચૂંટણી અધિકારીઓની અનુસૂચિમાં વોર્ડ નંબર, ૨૫, ૨૬, ૨૭, ૨૮ ના ચૂંટણી અધિકારી તરીકે નાયબ સર નોંધણી નિરીક્ષક (ડે. આઈ. જી. આર) બહુમાળી મકાન, અમદાવાદની નિયુક્તિ રદ કરીને તેને બદલે અધિક સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સ, સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સની કચેરી, બહુમાળી મકાન, અમદાવાદને ચૂંટણી અધિકારી તરીકે નિયુક્ત કરવા આથી આદેશ કરવામાં આવે છે.

સદરહુ વોર્ડ નંબર--૨૫, ૨૬, ૨૭, ૨૮ના મદદનીશ ચૂંટણી અધિકારી તરીકે નિમાયેલ અધિકારી પરત્વે હુકમ યથાવત રહે છે.

રાજ્ય ચૂંટણી પંચના હુકમથી,
યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ.

IV-C Extra-160—1

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 161

REGISTERED NO. G/GNR/2.

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] FRIDAY, JUNE 17, 1994/JYAISTHA 27, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી જૂન, ૧૯૯૪.

ક્રમાંક/૧૭૩૧/૯૪.

ખંભાળીયા નગરપાલિકા જિલ્લા જામનગરની ચૂંટણી માટે ખંભાળીયા શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આખરી આદેશ.

રાજ્ય ચૂંટણી પંચના તા. ૮મી એપ્રિલ, ૧૯૯૪નાં જાહેરનામા ક્રમાંક : સમક/૧૭૩૧/૯૪ અન્વયે ખંભાળીયા નગરપાલિકાની ચૂંટણી માટે ખંભાળીયા શહેરનાં વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ જારી કરવામાં આવેલ છે. આ આદેશનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. તેની સામે કોઈપણ વ્યકિતને જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો સદરહુ આદેશ પ્રસિધ્ધ થયેથી દિવસ ૧૫માં રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલવાના હતા.

૨. ખંભાળીયા નગરપાલિકાની ચૂંટણી માટેના ખંભાળીયા શહેરનાં વોર્ડોનાં સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેના આદેશ અન્વયે જુદી જુદી વ્યકિતઓ તથા રાજકીય પક્ષો તરફથી સૂચનો કરવામાં આવ્યા છે.

૩. આ ઉપરાંત ૧૯૫૧નાં લોકપ્રતિનિધિત્વ ધારા અન્વયે માન્ય રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ પણ રાજ્ય ચૂંટણી પંચે કરેલો છે.

૪. રાજ્ય ચૂંટણી પંચને મળેલ સૂચનોનો કાળજીપૂર્વક અભ્યાસ કરી તેમજ માન્ય રાજકીય પક્ષો સાથે પરામર્શને અંતે તે પરામર્શમાં થયેલ સૂચનોનો પણ કાળજીપૂર્વક અભ્યાસ કરી અત્રેની તારીખ ૮મી એપ્રિલ, ૧૯૯૪માં મુસદ્દા રૂપ આદેશ આખરી કરવા પંચે ઠરાવ્યું છે.

INDEX

૫. આથી રાજ્ય ચૂંટણી પંચ ભારતીય સંવિધાનના અનુચ્છેદ ૨૪૩-ઽ, ૨૪૩-વ,ક. તથા ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩માં રાજ્ય સરકારે ગુજરાત નગરપાલિકા (સુધારા અધિનિયમ ૧૯૯૩ની કલમ ૭, પેટા કલમ ૨, ખંડ ૩, પેટા ખંડ ખ તથા ગુજરાત નગરપાલિકા) શહેરના વોર્ડોનાં સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ હેઠળની સત્તાની રૂએ ખંભાળીયા શહેરનાં વોર્ડોનું સીમાંકન આ સાથે જોડેલ અનુસૂચિ નં. ૧માં દર્શાવ્યા પ્રમાણે આખરી કરવાનું ઠરાવે છે. અને આ સાથે જોડેલ અનુસૂચિ નં. ૨માં દર્શાવ્યા પ્રમાણે અનામત બેઠકોની ફાળવણી આખરી કરવાનું ઠરાવે છે.

રાજ્ય ચૂંટણી પંચના આદેશથી,

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ.

અનુસૂચિ– ૧

ખંભાળીયા નગરપાલિકા. જિલ્લો : જામનગર.

વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડનું હદનું વર્ણન તથા તેમાં સમાતો વિસ્તાર
૧	૨
(૧)	વોર્ડ નં. ૩ બ્લોક નં. ૧ થી ૪ (૧૭ થી ૨૦) અને બ્લોક નં. ૯ (૨૫) તથા વોર્ડ નં. ૪ બ્લોક નં. ૫ (૩૧) તથા વોર્ડ નં. ૫ બ્લોક નં. ૧૪ (૫૩–૫૪)

ખામનાથ મહાદેવ તથા વ્હોરાનં હજીરાથી શરુ કરી કેનેડા પુલ થઈ હિન્દુ સ્મશાન તથા કબ્રસ્તાન થઈ દ્વારકા, જામનગર રેલ્વે લાઈને લાઈન તેલી નદીનાં દક્ષિણ કાંઠા સુધી ત્યાંથી તેલીનાં કાંઠે કાંઠે થઈ સુખનાથ મહાદેવનાં મંદિર થઈ સલાયાનાં નાકા અંદર ભરવાડપાડાથી પઠાણપાડા થઈ ચોકસી બિલ્ડીંગથી વિજય ચોકથી ખત્રીવાડ થઈ ખાનભાઈવાળી સાંકડી ગલી થઈ કડીયાવાડાથી ભઠ્ઠા ચોકથી મચ્છી પીઠથી ખડકીનાં નાકા બહાર થઈ ઘી નદીનાં કાંઠે કાંઠે કેનેડી પુલ થઈ ખામનાથ મહાદેવ તથા વ્હોરાના હજીરા સુધી તેમજ આ વોર્ડમાં સમાતો તમામ વિસ્તાર જેવો કે :–

ભઠ્ઠી ચોક, વ્હોરાવાડ, લીયાનો ડેલો, વોંકરા શેરી, વિજયચોક, દ્વારકા ગેઈટ રોડ, બાલાજી નું મંદિર, ધોબી શેરી, ધુળ ધોયા શેરી, પઠાણવાડો, શામરાજપીરની જગ્યા, ધણશેરે દ્વારકાગેઈટ, પાસે, અંબાજીનું મંદિર, પઠાણવાડી, પાવૈયાનો મઠ, ભરવાડપાડો, સલાયાનાં નાકા પાસે સુખનાથ મહાદેવ, વ્હોરાવાડ, ખત્રીવાડ, કાશી વિશ્વનાથ શેરી, ખાનભાઈવાળી સાંકડી ગલી, કડીયાવાડ તથા દ્વારકાનાં નાકાથી સલાયાનાં જુના નાકા સુધી, પોરબંદર રોડની ડાબી તથા જમણી બાજુનો વિસ્તાર વિગેરે.

(૨) વોર્ડ નં ૫ બ્લોક નં ૯, ૧૦, ૧૧ (૪૯, ૫૦, ૫૧) પૈકી તેલી નદીની ઉત્તર બાજુનો વિસ્તાર તથા બ્લોક નં ૧૫ થી ૧૮ (૫૫ થી ૬૦) :–

તેલી નદીનાં ઉપરનાં રેલ્વેનાં પુલથી શરુ કરી દ્વારકા-જામનગર રેલ્વે લાઈને લાઈન અશોક મીલ સુધી ત્યાંથી રેલ્વે સ્ટેશનથી દેવાદાસ શેઠનાં બંગલા પાછળ થઈ ઘોરિવાવ વિસ્તારથી તેલી નદીનાં ઉત્તર બાજુનાં કાંઠે કાંઠે સ્ટેશન રોડ તેલી પુલ ત્યાં કાંઠે કાંઠે સલાયા રોડ તેલી પુલ ત્યાંથી કાંઠે કાંઠે પોરબંદર રોડ તેલી નદી નાં કોઝવે થઈ તેલી નદીનાં રેલ્વે પુલ સુધીની હદમાં અંદર સમાતો તમામ વિસ્તાર જેવો કે :–

તેલી નદીની ઉત્તર બાજુએ વિજય સિનેમા, પાવર હાઉસ તથા પાવર હાઉસ પાછળનો કુંભારવાડો, પોરબંદર રોડ તથા રેલ્વે ફાટકથી જડેશ્વર રોડ, ભગવતી સ્પીનીંગ મીલ્સ, પોરબંદર રોડ, તેલી નદીનાં કોઝવેથી શરુ કરી પોરબંદર રોડ તથા સલાયારોડ વચ્ચે આવેલ કુંભાર-વાડો તથા સલાયારોડ, રેલ્વે ફાટકથી જડેશ્વર રોડ તથા રેલ્વે લાઈન વચ્ચેનો ભાગ, જડેશ્વરની ટેકરી, અજમેરપીરની ટેકરી, માધા ખોજાની ધર્મશાળાની આસપાસનો વિસ્તાર, અશોક મીલ વિસ્તાર, દેવીદાસનાં બંગલા પાછળનો ભાગ, ઘોરીવાવથી સ્ટેશન રોડ તેલીનાં પુલનાં ઉત્તર છેડા સુધી વિગેરે વિસ્તાર.

(૩) વોર્ડ નં. ૫ બ્લોક નં ૫ (૪૩-૪૪) તથા બ્લોક નંબર ૯, ૧૦, ૧૧ (૪૯-૫૦, ૫૧) પૈકી તેલી નદીનાં દક્ષિણ બાજુનો વિસ્તાર તથા બ્લોક નં. ૧૨ (૫૨/૧), ૧૯ (૬૧-૬૨) બ્લોક નં. ૨૦ (૬૩) :–

સલાયા રોડ ઉપર તેલી નદીનાં પુલની દક્ષિણ બાજુનાં છેડાથી શરુ કરી તેલી નદીનાં દક્ષિણ કાંઠે કાંઠે થઈ સ્ટેશન રોડ તેલી પુલ થઈ દક્ષિણ કાંઠે કાંઠે મહા પ્રભુજીની બેઠક સુધી ત્યાંથી પાંજરાપોળ, તથા ખંભાળીયા મીલની પાછળનાં ભાગે થઈ સિનેમા રોડ ઉપર ડોકટર ડી. ડી. નકુમનાં ઘર આગળ થઈ શારદા સિનેમા થઈ નગર ગેઈટ ચોક થઈ સરકારી દવાખાના થઈ નગર ગેઈટ ટાવર થઈ ધનજી મુલજી બાલમંદિર તથા તાલુકા સ્કુલની પાછળ ગઢની રાંગે રાંગે થઈ સલાયાનાં નવા નાકાં થઈ તેલી નદીનાં પુલ સુધી હદની અંદર સમાતો તમામ વિસ્તાર જેવો કે :–

INDEX

નગર ગેઈટ ટાવરથી ધનજી મુલજી બાલમંદિર, તાલુકા સ્કુલની પાછળનો ભાગ, તેલી નદીનાં પુલનો દક્ષિણ છેડો, ચમાર તથા મેઘવાર જ્ઞાતિનાં સ્મશાન તરફનો ભાગ રેફરલ હોસ્પીટલ, કુંભારવાડો, જીવી જે હાઈસ્કુલ તથા તેની પાછળનો ભાગ પી. એમ. હોસ્ટેલ, રાજગર બોર્ડીંગનાં વિસ્તારથી નગર ગેઈટ થઈ ભી. લા. બગીચા, શારદા સિનેમા, હીરાજ, હીરાકુંજ, પાછળનો ભાગ, મહા-પ્રભુજીની બેઠક, શાંતિ નિકેતન, હરિજનવાસ. ઓસ.ટી. ડેપો. ખંભાલીઆ ઓઈલ મીલ તથા પાંજરાપોળની પાછળનો ભાગ વિગેરે.....

(૪) વોર્ડ નં. ૧ બ્લોક નં. ૯ (૬) તથા વોર્ડ નં. ૨ બ્લોક નં. ૧ થી ૪ (૮ થી ૧૦) તથા બ્લોક નં. ૭ તથા ૧૦ (૧૨ થી ૧૫) :-

સલાયાના નાકે પુષ્કરણા બ્રહ્મપુરીથી શરુ કરી ગઢની રાંગેરાંગે થઈ સલાયાના નવા નાકા થઈ હરીજનવાસ ગઢની રાંગે રાંગે થઈ નગર-ગેઈટથી સતવારાવાડ થઈ કણઝાર માતાનાં મંદિર થઈ રાવલ ચોક, વેરાઈ ચોક થઈ શરણેશ્વરનાં મંદિર થઈ વાળાઈ ફળી, પાંચલાટડી ચોકથી લુહારશાળ જુના હરીજનવાસ પાસે થઈ નવા હવેલી સામે ભાટીયા મહાજનવાડી થઈ પુષ્કરણા બ્રહ્મપુરી સુધીની હદના અંદર સમાતો તમામ વિસ્તાર જેવો કે :-

સલાયાનાં નાકા પાસે પુષ્કરણા બ્રહ્મપુરી, ભાટીયા મહાજનવાડી લુહારશાળા, ભુદાન બંગલો, નાથા કંદોઈવાળ શેરી, પાંચ હાટડી ચોક, થાનાઈ ફળી, મોચી પોળ, રાજગરપાડો, ખોજાવાડના સામેની લાઈન, લુહારશાળ, શરણેશ્વર મંદિર, વારાહી ચોક, જોશીનો ડેલો, શુકલ પાડો, ગણેશ ડેલાથી, લુહારશાળ, રાવલ ચોક, સતવારાના ચોરાની પેટા ગલીઓ, રમેશ લોન્ડ્રીવાળી શેરીથી નગર ગેઈટ બરછાપાડો, લુહારશાળ, ગોવા વાઘાનાં મકાન, શીવા મહારાજનો ડેલો, ચાંદાણા મસ્જીદ, ખોજાવાડથી બરછાપાડો, મેઘવારવાસ, મોચી જ્ઞાતિનાં મંદિર તથા વિશા શ્રીમાળી જ્ઞાતિનાં મકાન આસપાસનો વિસ્તાર, નગરગેઈટથી વણકરવાસ, ચમારવાસ, ચાંદાણી મસ્જીદ, સલાયાનાં નવા નાકાથી દમાદકા સુધી વિગેરે વિસ્તાર.

(૫) વોર્ડ નં. ૩ બ્લોક નં. ૫ થી ૮ (૨૧ થી ૨૪) તથા બ્લોક નં. ૧૦ (૨૬) તથા વોર્ડ નં. ૪ બ્લોક નં. ૬, ૭ (૩૨-૩૩) :-

સલાયાનાં નાકે પુષ્કરણા બ્રહ્મપુરીના સામેનાં ભાગથી શરુ કરી નવા સલાયા ગેઈટ રોડ તરફ જુના હરીજનવાસ થઈ લુહારશાળ થઈ વડવારી શેરી થઈ પાંચ હાટડી થઈ ગુગળી ચકલો થઈ વિજય ચોક થઈ બહુચરાજીનાં મંદિર થઈ પઠાણપાડો થઈ ભરવાડપાડો થઈ સલાયાનાં નાકે પુષ્કરણા બ્રહ્મપુરીનો સામેનાં ભાગનો હદની અંદર સમાતો તમામ વિસ્તાર જેવો કે :-

સલાયાનાં નાકા પાસે ગોપાલજી જીવરાજનાં મકાનથી વડી ફળી, જાણ પાડો, લક્ષ્મી ઓઈલ મીલ, સલાયાનાં નાકા પાસેથી સાવરકુંવરબેનનાં દવાખાના પાસેથી પાંચ હાટડી, ચાંદાણી ચકલો, કંસારા શેરી, જુની તથા નવી હવેલી સામેથી, પાંચ હાટડી, વડવાળી શેરી, લુહારશાળ, જુનો હરીજનવાસ, પઠાણ પાડો, વજારપાડો, બહુચરાજીનાં મંદિર પાસેથી વિજયચોક, ખાંડણીયા શેરી, ડેરાફળી, સુખલાલ ભટ્ટનાં ઘરથી ગુંગળી ચકલો, ઝોઝાફળી, વંડાફળી, વરવાડ પાડો વિગેરે વિસ્તાર.

(૬) વોર્ડ નં. ૪ બ્લોક નં. ૧ થી ૪ (૨૭ થી ૩૦) તથા બ્લોક નં. ૮ થી ૧૨ (૩૦ થી ૩૭) :-

ખત્રીવાડનાં નાકાથી રંગમહેલ સ્કુલ થઈ ગુગળી ચકલો થઈ પાંચ હાટડી થઈ થાનાઈ ફળી થઈ ઝવેરી બજારથી માંડવી ટાંબો થઈ સત્યનારાયણમંદિર વાળી શેરી થઈ ભીમા કંદોઈવાળી શેરી થઈ ભૈરવા કોઠાથી ડોસાપીર પાસેથી ચોરનાં નાકે થઈ ગઢની રાંગે રાંગે થઈ ફુલવાડી સુધી ત્યાંથી ખડકીનાં નાકે થી મચ્છીપીઠ, કડીયાવડાથીખાનભાઈવાળી સાંકડી શેરી, ખત્રીવાડનાં નાકા સુધીની હદની અંદર સમાતો તમામ વિસ્તાર જેવો કે :-

ફુલવાડી, નાગરપાડો, સંધી પાડો, ખડકીના નાકા, પાસેથી ભઠ્ઠીચોક, ચોરનાં નાકાથી નાગરપાડો થઈ ચોરનું નાકું, ચોરગેઈટ, મંકોડી પાડો, નાગર પાડો, થઈ મામલતદાર ઓફીસ પાસેથી કલ્યાણરાયજીનાં મંદિર સામે, વોરા વાડથી ખાનભાઈની ગલી થઈ કડીયાવાડ, જીંદાણી કરુણાશંકર વિઠલદાસના મકાનથી ધ્રુવાડફળી, સંધી પાડો, શેખફળી, ગુગળી ચકલો, જશોદા માતાવાળી શેરી રંગમહોલ સ્કુલથી ખત્રીવાડ, વ્હોરા વાડથી કલ્યાણરાયજીનું મંદિર ધ્રુવફળી, સત્યનારાયણ શેરી, માંડવી ટાંબો, સુરજ મંદિર શેરી, ખોડીયાર શેરી, પાંચ હાટડી, ચોકથી ઢલાલ ફળી, ધ્રુવફળી, મણીયાર શેરી, મણીયાર હરીદાસ વેલજીનાં મકાનથી માંડવી ટાંબો, ઝવેરી બજાર, ઝોઝા ફળી, જોશીફળી, પાઠ-શાળાવાળા શેરી રેવન્યુ ઓફીસ સામે થઈ ડોસાપીર પાસેથી નાગર પાડો, ભૈરવ કોઠા, સરસ્વતી મંદિર શેરી, મતવાવાડ વિગેરે વિસ્તાર.

(૭) વોર્ડ નંબર. ૧ બ્લોક નં. ૧ થી ૮ (૧ થી ૫) બ્લોક નં. ૧૦ (૭) તથા વોર્ડ નં. ૨ બ્લોક નં. ૫-૬ (૧૧) તથા ૧૧ (૧૬)

નગરગેઈટ ટાવર પાસેથી શરૂ કરી જુની પોસ્ટ ઓફીસ તથા નગર પાલિકા બાલમંદિરની પાછળની લાઈન લઈ, જોધપુર ગેઈટથી ખડપીઠ પાસે ગઢની રાગે રાગે (અંદરના ભાગે) ચોરનાં નાકા સુધી ત્યાંથી ડીસા-પોરથી ભૈરવા કોઠા થઈ ભીમા કંદોઈવાળી શેરી થઈ સત્યનારાયણ મંદિરવાળી શેરી, માંડવી ટાંબો થઈ ઝવેરી બજાર મેસર્સ હરીલાલ રામજીની દુકાનવાળી લાઈન થઈ શરણેશ્વર મહાદેવનાં મંદિરની સામેથી વેરાઈ ચોક રાવલચોક, કણઝાર માતાનાં મંદિર થઈ નગરગેઈટ ટાવર સુધીની હદની અંદર સમાતો તમામ વિસ્તાર જેવો કે :-

દુધચકલાથી મથુરદાસ ખીમજીવાળી દુકાન થઈ બજારમાં હર્ષદમંદિર થઈ માંડવી ટાંબો, સત્યનારાયણ શેરી, ઉપલી બજાર, ભીમા કંદોઈવાળી શેરી, ગાંધીચોક, સેન્ટ્રલ બેન્ક, સ્ટેટ બેન્ક, સુપરમાર્કેટ, શાકમાર્કેટ, સરસ્વતી મંદિરવાળી શેરી, સારસ્વત બ્રહ્મપુરી, ભૈરવા કોઠા બારાઈ શેરી, ગુંદીચોક, હજામપાડો, પીંજારા મસ્જીદ, રાજડારોડ, નગરગેઈટથી ઔદિચ્ય બ્રહ્મપુરી, રામમંદિર, સતવારાવાડ, સતવારાનો ચોરો, છગન વ્યાસવાળી શેરી, સતવારાવાડ, રાવડાપાડો, સતવારાવોડ, નાનજી ધારસીની દુકાનથી નવલચંદ મહેતાવાળી શેરી, ચોરા પાસેથી કણઝાર માતાનાં મંદિરવાળી શેરી, નગરપાલિકા બાલમંદિર પાછળથી શરૂ થઈ રાવડાપાડો, મોહન પાનવાળાની દુકાન ની સામેની લાઈન

INDEX

જોધપુરગેઈટથી બાલમંદિર પાછળ, તાલુકા શાળા નં. ૪ થી શરૂ, પરસોત્તમ ઠાકરસીનું મકાન વસા, પીનવાળાની દુકાન થઈ રાજડા રોડ, હજામપાડો, ગુંદીચોટી, નારણવાડીની સામેની લાઈન ભરવાડપાડો, કરસનદાસ રણછોડનાં મકાન સુધી, જોધપુરગેઈટ પાસેથી રામદાસ વિઠ્ઠલદાસવાળા શેરી, મપારા મંડણવાળી શેરી, ગાડીતપાડો, લોહાણા મહાજનવાડીથી નારણવાડી, ચોરનું નાકું, ભૈરવાકોઠાથી જુનો કુંભારવાડોથી, ડોસાપીરનાં ચોક સુધી હર્ષદ મંદિરવાળી, ઘાંચી શેરી, ગગવાણા શેરી, વારાહી ચોક, વૈદ્યફળી, જુની લાયબ્રેરી સામેથી શરૂ કરી નાનાલાલ ઝીણાનાં મકાનથી ઝવેરી બજાર, હરીલાલ રામજીનાં મકાનથી જીવરાજ બોદાણીનાં મકાનથી દુધચકલો, શાકમારકેટ સામે ઘાંચીનાં મદ્રેસા થઈ હર્ષદમંદિર સુધી કણઝાર માતાના મંદિર થઈ રાવલચોક ગગવાણી શેરી, રાજડારોડ, લંધાશેરી, સાંકડી ગલી, મોહનપાનવાળાની દુકાન સુધી વિગેરે વિસ્તાર.

(૮) વોર્ડ નં ૫ બ્લોક નં ૬, ૭, ૮, (૪૫, ૪૬, ૪૭, ૪૮) તથા બ્લોક નં ૧૩ (૫૨/૨) તથા બ્લોક નં ૨૦, ૨૧, ૨૨ (૬૪, ૬૫, ૬૬,):

સરકારી દવાખાનાની સામે ધરમશી વિશ્રામનાં મકાનથી શરૂ કરી નગર ગેઈટ ચોકથી કાનજી ચતુર્થશાળાવાળી લાઈન થઈ સિનેમા રોડ, શારદા સિનેમાથી સામેની લાઈન થઈ મોહનલાલ માધવસીનાં મકાનથી કબીર આશ્રમ થઈ કોમટે એન્જીનીયરીંગથી ખંભાલીયા મીલ પાછળ રતન તળાવ થઈ પાંજરાપોળનાં પાછળનાં ભાગથી ગોવિંદ તળાવનાં પૂર્વ કાંઠા થઈ બજાણાવાળા રસ્તે રઘુવીર મીલ થઈ સિનેમા રોડ થઈ એલ. આઈ. સી. ઓફીસવાળી લાઈન થઈ જોધપુરનાં નાકે નગરપાલિકાની દુકાન, બાલમંદિર કો.કો. બેન્ક, પોસ્ટ ઓફિસના પાછળની લાઈન થઈ નગરગેઈટ થઈ નગરપાલિકા ઓફીસથી ધરમશી વિશ્રામનાં મકાન સુધીની હદમા સમાતો તમામ વિસ્તાર જેવો કે —

પરામાં મોહનલાલ માધવજીનાં મકાનથી જનતા પ્રેસ પાછળનો ભાગ, રાજડારોડ, કબીર આશ્રમ, ચુનારાવાસ, રાવલ દુર્ગાશંકર, જીવણનાં મકાનથી એલ. આઈ. સી. ઓફીસ, કંડાવાળી, ધર્મશાળા,કાનજી ચતુર્ધર્મશાળા, ગર્લ્સ હાઈસ્કુલથી કુસુમ ભુવન, પોસ્ટ ઓફીસ રોડ તથા રાજડા રોડ વચ્ચેનો ભાગ, જોધપુર ગેઈટ, નગરપાલિકા દુકાનથી બાલમંદિર કો. કો. બેન્ક વાળુ મકાન, પોસ્ટ ઓફીસ રોડથી ધરમશી વિશ્રામનુ મકાન, ખંભાલીયા મીલ પાછળનો ભાગ, કોમેટ એન્જીનીયરીંગ ગોવિંદ તળાવ રતનતળાવ, બજાણાવાળા રસ્તા પાસે ચુનારા વાસ, રઘુવીર મીલ પાછળનો ભાગ તથા સામેનો ભાગ, ગોવિંદતળાવનાં કાંઠાથી જોધપુરનાં નાકાનો ઉપરનો ભાગ, કાંતીલાલ જીવણનો પ્લોટ તથા રતન તળાવ વિગેરે વિસ્તાર

(૯) વોર્ડ નં ૫ બ્લોક નં ૧ થી ૪ (૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૨) તથા બ્લોક નં ૨૨, ૨૩, (૬૮, ૬૯, ૭૦,):—

ધી નદીનાં પૂર્વ કાંઠે મહાદેવવાડાથી શરૂ કરી ચોરના નાકા બહાર ગઢની રાંગે રાંગે કિર્તિકુમાર મુળજીનાં તાવડા થઈ ખડપીઠ થઈ, જોધપુરનાં નાકે રાજડા ચેરીટેબલ ટ્રસ્ટનાં દવાખાના થઈ એલ. આઈ. સી. ઓફીસની સામેની લાઈન થઈ સિનેમા રોડ થઈ રઘુવીર મીલની સામેની લાઈન, વાઘરી વાસથી બજાણાવાળા રસ્તે ગોવિંદ તળાવનો દક્ષિણ કાંઠો થઈ સોની ક્વાટર્સની પાછળ, જલારામ મંદિર (અન્નક્ષેત્ર) પાછળ થઈ ટેલીફોન એક્ષચેન્જ થઈ કુંભારપાડા પાછળ થઈ હરજીવન નરોત્તમ પાંજરાપોળ થઈ રામનાથ રોડ, ધી નદીનાં પૂર્વ કાંઠે કાંઠે મહાદેવ વાડારામનાથ મહાદેવ મંદિર થઈ રામનાથ પુલ, ધી નદીનાં પૂર્વ કાંઠે કાંઠે મહાદેવ વાડા સુધીની અંદર સમાતો તમામ વિસ્તાર જેવો કે :—

ચોરના નાકા બહાર મહાદેવવાડો, રામનાથ મહાદેવ, પાંજરાપોળ, કુંભારવાડો, પોલીસ સ્ટેશન સામેથી કીર્તીકુમાર મુળજીના તાવડા થઈ હરીલાલ રામજીનાં મકાન સુધી, તાલુકા પંચાયત ઓફીસ લાઈન, પોલીસ લાઈન, ગોવિંદ તળાવનો ઉપરનો ભાગ, મોહન મીલ પાસે, રઘુવીર મીલ સામેનો ભાગ, વાઘરી વાસ, રઘુવીર મીલ પાછળનો ભાગ, કાંતીલાલ જીવણનાં પ્લોટ પાસેથી, જોધપુર ગેઈટ પાસે, જામનગર ડીસ્ટ્રીકટ કો. ઓપરેટીવ બેન્ક તથા તે સામેનો ભાગ, ડો. કેશુભાઈનાં દવાખાના સુધી, રતન તળાવનો કાંઠો, નીતાબેન કાંતીલાલનાં પ્લોટની આસપાસનો ભાગ, ચાશડીયા મેઘવારવાસ, સોની ક્વાટર્સ, વલ્લભ બકાલીનાં પાછળનો ભાગ, જલારામ મંદિર (અન્નક્ષેત્ર)ની આસપાસનો વિસ્તાર, રઘુવીર મીલ—વાઘરીવાસથી શામજી જેસંગનાં મકાન સુધી, તાલુકા પંચાયત પાછળ તથા ટેલીફોન એકસચેન્જ પાછળનો ભાગ વિગેરે વિસ્તાર.

તારીખ : ૧૭મી જૂન, ૧૯૯૪.

યો. જે. દિક્ષિત,
સચિવ,
રાજય ચૂંટણી પંચ, ગાંધીનગર.

INDEX

અનુસૂચિ—૨

રાજ્ય ચૂંટણી પંચ.

ખંભાળીયા નગરપાલિકાની કુલ વસ્તી : ૩૧૭૯૪

કુલ વોર્ડોની સંખ્યા : ૯

વોર્ડદીઠ સરેરાશ વસ્તી : ૩૫૩૩ — સરેરાશ વસ્તી ૧૦ ટકા વધ મુજબ ૩૮૮૬
સરેરાશ વસ્તી ૧૦ ટકા ઘટ મુજબ ૩૧૮૦

બેઠકોની સંખ્યા : ૨૭ : ૧ બેઠક અનુસૂચિત જાતિ મહિલા માટે.
મહિલા બેઠકો : ૯. : અનુસૂચિત આદિજાતિ મહિલા માટે કોઈ નહીં.
: ૧ બેઠક પછાત વર્ગની મહિલા સહિતની.

અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા (૨ પૈકી ૧ મહિલા માટે).
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા કોઈ નહીં.
પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા : ૩ તે પૈકી ૧ મહિલા માટે.

કુલ અનામત બેઠકો : ૧૨.

સામાન્ય બેઠક : ૧૫.

અ. નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી બીનઅનામત	બીજી બેઠકની ફાળવણી મહિલા અનામત	ત્રીજી બેઠકની ફાળવણી
૧	૧	૩૪૧૫	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ
૨	૨	૩૮૧૨	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ
૩	૩	૩૪૯૧	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૪	૪	૩૬૭૪	સામાન્ય	પછાતવર્ગ	અનુ. જાતિ
૫	૫	૩૫૩૬	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૬	૬	૩૫૧૬	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૭	૭	૩૮૨૧	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૮	૮	૩૨૩૬	સામાન્ય	અનુ. જાતિ	સામાન્ય
૯	૯	૩૨૯૩	સામાન્ય	સામાન્ય	સામાન્ય

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 162 REGISTERED NO. G/GNR/4

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] FRIDAY, JUNE 17, 1994/JYAISTHA 27, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ

ગુજરાત રાજ્ય, ગાંધીનગર, તા. ૧૭મી જૂન, ૧૯૯૪.

ક્રમાંક : સમક/૧૮૩૫/૯૪.

મોરબી નગરપાલિકા જિલ્લા, રાજકોટની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ :—

ભારતના સંવિધાનના ૭૪માં સુધારાને અનુલક્ષીને ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ, ૧૯૬૩માં રાજ્ય સરકારે ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ, ૧૯૯૩ અન્વયે મહત્વના સુધારા કરેલા છે. આ અધિનિયમની કલમ-૬, પેટા-કલમ ૪ અન્વયે નગરપાલિકાની ચૂંટણી, મતદાર યાદી, તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન નિયંત્રણ, અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી પંચમાં નિહીત થશે તેવી જોગવાઈ કરેલી છે. અને રાજ્ય ચૂંટણી પંચે કલમ-૬, પેટા-કલમ-૫ અન્વયે રાજ્ય સરકારે કરેલા નિયમો અનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને ચૂંટણી કરવી જોઈએ.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ-૭ પેટા-કલમ-૨ તથા કલમ-૬ની પેટા કલમ-૩ અન્વયે જાહેરનામા ક્રમાંક : કેવી—૩૧૭—૯૩-એન. પી. ડી.—૩૦૯૩-૫૬૫૬-૪૬—આર, તા. ૧૮મી ડીસેમ્બર, ૧૯૯૩ જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તે અન્વયે મોરબી શહેરમાં નગરપાલિકાને જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તેના સને ૧૯૯૧ના વસ્તી ગણતરીના આખરી આંકડા પ્રેસિધ્ધ થયા છે તેના આધારે ૧૨ વોર્ડોનાં વહેંચવામાં આવેલ છે. નગરપાલિકાના કાઉન્સિલરોની કુલ બેઠકો ૩૬ નક્કી કરવામાં આવી છે. જાહેરનામા અન્વયે અનુસૂચિત જાતિ અનુસૂચિત આદિજાતી તથા પછાતવર્ગ તેમજ મહિલા માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલી છે.

૩. ચૂંટણી પંચે, અધિનિયમની કલમ-૭, પેટા કલમ-૨, ખંડ-૩ પેટા ખંડ-ખ અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડોમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, પછાતવર્ગની તથા મહિલાની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

INDEX

૪. રાજ્ય સરકારે તેમના જાહેરનામા ક્રમાંક : કેવી—૪૯—૧૯૯૪-એનપી.એલ/૪૧૯૩/૩૬૧૫/એમ, તા. ૧૬મી માર્ચ, ૧૯૯૪ અન્વયે અધિનિયમની કલમ—૨૭૭ની પેટા કલમ-૨ તથા કલમ-૬ તથા ૭ અન્વયે વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણીના નિયમો ૧૯૯૪ જેને હવે પછી નિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે બહાર પાડેલ છે.

૫. નિયમોના નિયમ-૨ અન્વયે નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે, શકય હોય ત્યાં સુધી બધાંજ વોર્ડોની વસ્તી એકસરખી રહે અને સામાન્યત: વોર્ડની સરેરાશ વસ્તીથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહિ તે પ્રમાણે વોર્ડની રચના કરવાની રહે છે. આમ છતાં, ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એક જૂથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને તુલનામાં લેતાં ૧૦ ટકા વધુ વધ કે ઘટ કરીને વોર્ડની રચના કરી શકાશે.

૬. પંચે નગરપાલિકાના વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે. તેમજ સને ૧૯૪૮ના સેન્સસ એકટ મુજબ સને ૧૯૯૧ના વસતી ગણતરીના છેલ્લા પ્રસિધ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં શહેરની કુલ વસ્તી ૮૫૨૪૦ આવે છે. સને ૧૯૯૧ની વસ્તી ગણતરી વખતે મોરબી નગરપાલિકાની વસ્તી ૯૦૩૪૯ જુદા જુદા ૧૬૦ બ્લોકની ગણવામાં આવી છે, પરંતુ આ બ્લોકમાં નગરપાલિકાની હદ બહારની વસ્તી ૫૧૦૮નો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આ વસ્તી નગરપાલિકાની હદ બહારની હોઈ તે ગણતરીમાં લેવાની રહેતી નથી. જાહેરનામા મુજબ શહેરને ૧૨ વોર્ડમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૭૧૦૩ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની પંચે તેના કાર્યાલયના અધિકારી (કર્મચારીઓ મારફત ચકાસણી કરાવેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડનું સીમાંકન કરવાનું ધાર્યું છે, તેમાં વોર્ડ નં. ૨ અને ૩ સિવાય કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વસતી વધતી નથી કે ૧૦ ટકાથી વસતી ઘટતી નથી. વોર્ડ નંબર-૨ તથા ૩નો વિસ્તાર મોરબી શહેરની પૂર્વ તરફના ભાગે મચ્છુ નદી તરફ આવેલો છે. સેન્સસના આખા બ્લોકનો સમાવેશ કરવામાં આવેલ છે. ભૌગોલિક પરિસ્થિતિને કારણે વોર્ડ નંબર ૨માં ૦.૫૮ ટકા વસતી વધારે થવા પામી છે. જ્યારે વોર્ડ નંબર-૩માં ૧૦ ટકા કરતાં ૭.૦૨ ટકા વસતી વધુ થવા પામી છે.

૮. શહેરના ૧૨ વોર્ડોને નિયમ-૩ની જોગવાઈઓને ધ્યાનમાં લઈ આ સાથે અનુસૂચિ-૧માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે. આ સીમાંકન નક્કી કરવામાં શકય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા નદી, રેલ્વેલાઈન, વગેરે કારણે બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને, એકસરખા વોર્ડ ૧૨ બની રહે તે મુદ્દો વિચારણામાં લઈ વોર્ડોનું સીમાંકન નક્કી કરેલું છે.

૯. નિયમોના નિયમ-૪ અન્વયે દરેક વોર્ડમાં ત્રણ કાઉન્સિલર ચૂંટવાના છે. નિયમ-૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક બીનઅનામત એટલે કે સામાન્ય બેઠક બની રહેશે. જ્યારે બીજી બેઠક મહિલા (અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, પછાતવર્ગની મહિલા સહિત) માટે અનામત રાખવાની છે. જ્યારે ત્રીજી બેઠક જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, પછાતવર્ગને ફાળવવાની રહેશે. અને તેવી ફાળવણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો તે બીન અનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે.

૧૦. નિયમોના નિયમ-૬ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિની દરેક વોર્ડની વસતીની ટકાવારીના ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસતી (સંખ્યા) વધુ હોય એટલે કે ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉતરતા ક્રમે નિયમ સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ (મહિલા બેઠક સહિત) ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ વસતી હોય એટલે કે ટકાવારી ઉંચી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારીત કરેલ છે.

૧૧. જાહેરનામા અન્વયે શહેર માટે ૨ બેઠકો અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે અને ૨ બેઠકો પૈકી ૧ બેઠક અનુસૂચિત જાતિની મહિલા માટે અનામત રાખવાનું નિર્ધારીત કર્યું છે.

૧૨. પંચે એકઠી કરેલી માહિતી મુજબ શહેરના જુદા જુદા ૧૨ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા કમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે .

આ. નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	અનુ. જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ-જાતિની વસ્તીની ટકાવારી.
૧	૨	૩	૪	૫
૧	૧૨	૬૭૦૨	૧૮૯૫	૨૮.૨૮
૨	૧	૬૮૫૪	૧૩૧૨	૧૯.૧૪
૩	૩	૮૩૧૨	૯૨૦	૧૧.૦૭
૪	૨	૭૮૫૫	૫૯૩	૭.૫૪
૫	૬	૭૧૮૩	૪૩૧	૬.૦૦

INDEX

૧	૨	૩	૪	૫
૬	૪	૭૩૧૪	૨૭૯	૩.૮૧
૭	૧૧	૬૬૨૨	૯૫	૧.૪૩
૮	૮	૬૭૪૯	૫૧	૦.૭૫
૯	૫	૬૮૭૮	૪૨	૦.૬૧
૧૦	૭	૬૫૮૧	૩૮	૦.૫૮
૧૧	૯	૭૭૨૮	૭	૦.૦૯
૧૨	૧૦	૬૪૬૨	૫	૦.૦૭

૧૩. આમ અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં. ૧૨ તથા ૧ માં અનુસૂચિત જાતિની બેઠક નિયમોના નિયમ--૬ (અ) હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે, અને તે મુજબ ફાળવવામાં આવે છે.

૧૪. અનુસૂચિત જાતિમાં પુરુષ તથા મહિલા અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યત: જે વોર્ડમાં આ વર્ગ માટે બેઠક ફાળવાઈ હોય તે વોર્ડની ટકાવારીના ક્રમમાં પ્રથમ આવતા વોર્ડમાં પુરુષ તથા ત્યારપછીના અનામત રખાતા વોર્ડમાં મહિલા બેઠક ફાળવવી તેમ પંચ માને છે પરંતુ આ મુજબ ફાળવણી કરતાં પણ નિયમો અન્વયે દરેક વોર્ડમાં એક મહિલા, એક સામાન્ય બેઠક ફાળવવાની જોગવાઈ છે. તેનું ખંડન ન થાય તેની તકેદારી રાખવાની રહે છે.

૧૫. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નંબર ૧૨ તથા ૧ માં નિયમોના નિયમ૬(અ) અન્વયે ફાળવવામાં આવે છે, તે પૈકી આ વર્ગના પુરુષ તથા મહિલા માટે બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

વોર્ડ નંબર	જાતિ
૧૨	અનુસૂચિત જાતિ
૧	અનુસૂચિત જાતિ મહિલા

૧૬. જાહેરનામા અન્વયે અનુસૂચિત આદીજાતિ માટે કોઈ બેઠક અનામત રખાઈ નથી. જેથી અનુસૂચિત આદિજાતિ માટે કોઈ બેઠક અનામત રાખવામાં આવતી નથી.

૧૭. જાહેરનામા ક્રમાંક : ખંડ ગ (સી) મુજબ ૪ બેઠકો પછાતવર્ગ માટે ફાળવેલ છે. તે પૈકી ૧ બેઠક આ વર્ગની મહિલા માટે અનામત રખાઈ છે.

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો--૧૯૯૪ના નિયમ--૬(બી) હેઠળ રાજ્ય ચૂંટણી પંચે પછાત વર્ગની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. જેના મહત્વનાં પ્રબંધ નીચે પ્રમાણે છે.

(૧) માન્ય રાજકીય પક્ષો તરફથી મળેલ માહિતીના અભ્યાસ પરથી જે શહેરના જે જે વોર્ડોમાં પછાતવર્ગની વસ્તીના ઘોરણને અનુલક્ષીને જે સર્વસામાન્ય વોર્ડો હોય તે તે વોર્ડોમાં પછાતવર્ગ માટે અનામત બેઠક ફાળવવાની રહેશે.

(૨) મ્યુનિસિપલ ચીફ ઓફિસર તરફથી છેલ્લી ચૂંટણીમાં જે વોર્ડમાંથી પછાતવર્ગના ઉમેદવારો ચૂંટાઈને કોર્પોરેટર તરીકે પદધારણા કરતાં હતા તે વોર્ડમાં ઉપર અનુક્રમ નં. ૧ માં જણાવેલ વોર્ડોમાં બેઠક ફાળવ્યા પછી નિયમ સંખ્યા સુધીમાં ફાળવવાની રહેશે.

આથી સ્પષ્ટતા કરવાની કે જુના વોર્ડોનું સીમાંકન અને નવા વોર્ડોનાં સીમાકનનાં ફેરફાર હોય તો જુના વોર્ડોના મોટા ભાગના જે વિસ્તાર જે જે નવા વોર્ડોના સીમાંકનમાં સમાવિષ્ટ થતો હોય તેવા નવા વોર્ડમાં પછાતવર્ગની બેઠક ફાળવવાની રહેશે.

(૩) પછાત વર્ગ માટે અનામત રાખેલી કુલ બેઠકો પૈકી ૧:૩ બેઠકો મહિલા માટે જાહેરનામા અન્વયે અનામત રખાઈ છે. આમ ત્રણ બેઠકો પૈકી એક બેઠક મહિલા માટે અનામત રાખવામાં આવી છે. આમ મહિલાનું, પ્રમાણ ૧:૩ રહે છે. તેથી તાર્કિક રીતે વિચારતા દર ત્રણ બેઠકો પૈકી ત્રીજી બેઠક મહિલા માટે ફાળવવી તેમ પંચ સ્વીકારે છે.

INDEX

(૪) પરંતુ જો આ રીતે જે વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડોમાં અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિ માટે મહિલા બેઠક ફાળવી હોય તો તે વોર્ડને બદલે તે પછી અનુક્રમે જે વોર્ડ આવે તે વોર્ડમાં પછાતવર્ગની મહિલા બેઠક ફાળવવી.

૧૯. માન્ય રાજકીય પક્ષોને પંચ તરફથી નગરપાલિકાઓમાં કયા વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવી તે અંગે સૂચનો મોકલવા આ કાર્યાલય તરફથી વિનંતી કરવામાં આવેલ. પરંતુ કોઈ માન્ય પક્ષ તરફથી હજુ સુધી સૂચન કરવામાં આવ્યું નથી.

૨૦. પંચે અપનાવેલા માપદંડ મુજબ ચીફ ઓફીસર પાસેથી ગત ચૂંટણીમાં પછાતવર્ગના કાઉન્સિલરો જુના કયા વોર્ડમાંથી ચૂંટાયા હતા, અને તે સમગ્ર વોર્ડોનો તે વોર્ડનો મોટા ભાગનો વિસ્તાર નવા કયા વોર્ડમાં સમાવિષ્ટ થાય છે. તેની માહિતી મેળવવામાં આવી છે તે ચકાસતાં ગત ચૂંટણીના પરીણામો મુજબ પરિસ્થિતિ નીચે પ્રમાણે છે.

સને ૧૯૮૬

અ. નં.	જુનો વોર્ડ	બેઠકોની સંખ્યા	તે પૈકી બક્ષી પંચના ચૂંટાયેલા ઉમેદવારોની સંખ્યા.	જુના વોર્ડ પૈકી જે વોર્ડમાં મોટા ભાગનો વિસ્તાર સમાવિષ્ટ થયો હોત તે વોર્ડ નંબર.
૧	૬	૨	૧	૧૨
સને ૧૯૭૮				
૧	૧	૪	૧	૧૦
૨	૫	૩	૨	૪
૩	૯	૪	૩	૫

આમ ચૂંટણીના પરિણામો પરથી માપદંડ મુજબ વોર્ડ નંબર ૪, ૫, ૧૦ અને ૧૨માં પછાતવર્ગ માટે બેઠક અનામત રાખવાનું પંચ મુનાસીબ માને છે. અને આ વોર્ડોમાં પછાતવર્ગ માટે બેઠક અનામત રાખવાનું પંચ ઠરાવે છે.

પછાતવર્ગની ચાર બેઠકો પૈકી એક બેઠક મહિલા માટે અનામત રાખવાની છે. આ સંબંધી પંચે અપનાવેલા માપદંડ મુજબ વોર્ડ નં. ૪, ૫, ૧૦ અને ૧૨ પૈકી ત્રીજા ક્રમે આવતાં વોર્ડ નંબર ૧૦ માં પછાતવર્ગ મહિલા માટે બેઠક માપદંડ મુજબ ફાળવવાની થાય અને વોર્ડ નંબર ૧૨ માં પછાતવર્ગ માટે ત્રીજી બેઠક ફાળવવાની થાય પરતુ વોર્ડ નંબર ૧૨માં ત્રીજી બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત રખાઈ હોઈ, વોર્ડ નંબર ૧૨માં પછાતવર્ગ મહિલા માટે અને વોર્ડ નંબર ૧૦માં પછાતવર્ગ માટે ત્રીજી બેઠક ફાળવવાનું જરૂરી બન્યું છે. આમ વોર્ડ નંબર ૪, ૫ તથા ૧૦માં પછાતવર્ગ માટે, ત્રીજી બેઠક અનામત રાખવા અને વોર્ડ નંબર ૧૨માં પછાતવર્ગ મહિલા માટે બેઠક ફાળવવાનું પંચ ઠરાવે છે.

૨૧. આ પ્રમાણે અનુસૂચિત જાતિ તથા પછાતવર્ગોની મહિલા અનામત બેઠકની ફાળવણી કર્યા પછી મહિલા અનામત બેઠક અને સામાન્ય ઉમેદવારને બાકી રહેતી બેઠક ફાળવવામાં આવે છે.

૨૨. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને નિયમોના નિયમ--૩ શહેરોને આ સાથે સંલગ્ન અનુસૂચિ--૧માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીતે કરવામાં આવે છે. અને આ સાથે અનુસૂચિ--૨માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

૨૩. આ પ્રમાણે વોર્ડોનું વિભાજન અને હદરેખા નક્કી કરવાનું અને વોર્ડની બેઠકની ફાળવણીના મુસદો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૪. ઉપર પ્રમાણે વોર્ડોની હદરેખા નક્કી કરવામાં આવે છે અને ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે, તે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. અને તે સામે કોઈપણ શખ્સને જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિદ્ધ થયાની તારીખથી ૧૫ દિવસમાં રાજય ચૂંટણી પંચ, બ્લોક નંબર ૯, ૬ઠ્ઠો માળે, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા મુદત વિત્યે આવેલ સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

૨૫. રાજય ચૂંટણી પંચે, નગરપાલિકાના વોર્ડોની નક્કી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદો છેવટનો કરતાં પહેલાં લોકપ્રતિનિધિત્વ ધારો--૧૯૫૧ અન્વયે માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

તા. ૧૭મી જૂન, ૧૯૯૪.

ચો. જે. દીક્ષિત,
સચિવ,
રાજય ચૂંટણી પંચ.

INDEX

અનુસૂચિ–૧

મોરબી નગરપાલિકા

જિલ્લો : રાજકોટ.

ઈલેકશન વોર્ડની હદનું વર્ણન

વોર્ડ નંબર : ૧

સુરજબાગની ઉત્તરે વોર્ડ નં. ૧ની હદ જુની રેલવે કોલોની પાસેથી શરૂ કરી આથમણી બાજુ આગળ વધી જુની રેલવે કોલોની આથમણી બાજુ રેલવે લાઈન ઉત્તર તરફ આ ગળ વધી નવલખી રોડ ઉપર આથમણી બાજુ આગળ વધી રેલવે વર્કશોપના પશ્ચિમ છેડેની દક્ષિણ તરફ નવી રેલવે કોલોનીના દક્ષિણ પશ્ચિમ ખુણે સોમૈયા સોસાયટી સુધી ત્યાંથી નવી રેલવે કોલોનીની હદે ઉત્તર પશ્ચિમ છેડે ન. પા. ની હદસુધી ત્યાંથી નવલખી રોડ તરફના રેલવે ક્રોસીંગ સુધી ક્રોસીંગથી ઉત્તર પૂર્વ તરફ અમરેલીના સર્વે નં. ૧૪૭ના દક્ષિણ તરફના સેઢે સેઢે પૂર્વ તરફ સર્વે અમરેલીની સરકે મોરબીની હદ બોડાસર તળાવ સુધી અને ત્યાર બાદ અમરેલી ના સ. નં. ૧૪૮ના દક્ષિણ તરફના સેઢે પૂર્વ તરફ આગળ વધી પ્રજાપત ટાઈલ્સના દક્ષિણ તરફના રસ્તે પૂર્વ તરફ આગળ વધી કુંભારવાડ તરફ નં.. પા.ની હદ સુધી તથા મચ્છુ નદીના મધ્યબીંદુ સુધી નદીના ઉત્તર તરફના મધ્યબીંદુની મચ્છુ નદીની વચ્ચે દક્ષિણ તરફ ચાલતા પુલ તથા રેલવે લાઈન ક્રોસ કરી નદીના બીજા મધ્યબીંદુ થી દક્ષિણથી પશ્ચિમ બાજુએ વનાળીયા દરવાજાની ઉત્તરમાં વીસામો ગઢની રાંગે રાંગે મળીયા સંઘના શોરૂમસુધી શોરૂમની ઉત્તર તરફ હન્ટર ટ્રેનીંગ હોસ્ટેલની પશ્ચિમ બાજુના રોડથી આગળ વધી આસીસ્ટન્ટ કલેકટર સાહેબ બંગલા તેમજ જુનું ટેલીફોન એક્ષચેન્જના દક્ષિણ તરફના રોડ ઉપર આગળ વધી પશ્ચિમ કબ્રસ્તાનના ચેઢ સુધી ત્યાંથી વી. સી. હાઈસ્કૂલના પશ્ચિમ તરફના રોડ ઉપર ઉત્તર તરફ આગળ વધી મોતીલાલ નહેરુ, વ્યાયામ શાળાથી પશ્ચિમ તરફ મીડલ સ્કૂલ બાજુ આગળ વધતા સ્ટેશનરોડના જકાત નાકની દક્ષિણ તરફ સ્ટેશન રોડ ઉપર આગળ વધી રોડની પશ્ચિમ તરફનો ભાગ સુરજબાગના ઉત્તર છેડે વોર્ડના નં. ૧ની હદ પૂરી થાય છે. તેમજ આ વોર્ડની સીમાંકનમાં આવતો તમામ વિસ્તાર.

ઈલેકશન હદનું વર્ણન (વોર્ડમાં સમાવિષ્ટ વિસ્તારનું વર્ણન)

આંબેડકર કોલોની

રોહીદાસ પરા - ચમારવાસ

ચાર ગોડાઉન - જુની હાઉસીંગ બોર્ડ

નવો ભંગીવાસ

વી. સી. ફાટક -- હંટર ટ્રેઈનીંગ કોલેજ પાસે.

રમેશ કોટન મીલ

ફૂલછાબ કોલોની

જયન્ટ નગર

કુલી નગર, વી. સી. પરા -- મેઈનરોડ

નવી તથા જુની રેલવે કોલોની

સીટી ડીસપેન્સરી

માંધાતા સોસાયટી

મણીમંદિર

વીશીપરા

તથા આ વોર્ડની સીમાંકનમાં આવતો તમામ વિસ્તાર.

સેન્સસ બ્લોક નંબર : ૧૩૨ પૈકી, ૧૩૩ પૈકી, ૧૩૪ પૈકી, ૧૩૫, ૧૩૬, ૧૩૮, ૧૩૯, ૧૪૦, ૧૩૭, ૧૫૮, ૧૫૯, ૧૬૦.

INDEX

અનુસૂચિ– ૧

મોરબી– નગરપાલીકા જીલ્લો : રાજકોટ.

ઈલેકશન વોર્ડની હદનું વર્ણન.

વોર્ડ નં. ૨.

વોર્ડ નં. ૨ની હદ પાવર હાઉસની કમ્પાઉન્ડ વોલની ચાલુ કરી આથમણી બાજુએ આગળ વધતા નદીના મધ્યબીંદુ એ પહોંચી ઉત્તર તરફ આગળ વધતા નદીના બીજા મધ્યબીંદુએ પહોંચી નગરપાલીકાની હદ પુરી થાય ત્યાં સુધી ત્યાંથી ઉગમણી બાજુએ આગળ વધતા વેજીટેબલ મીલ્સ ધરમપુરનો રોડ ક્રોસ કરી મહેન્દ્રનગરના સર્વે નં. ૧૪૦, ૧૪૫ તથા ટીંબડી રોડના દક્ષીણ સેઢે સેઢે સર્વે નં. ૧૪૦ના દક્ષીણ સેઢે અને ત્યાંથી ઉત્તર તરફ સર્વે નં. ૧૪૩, ૧૪૪, ૧૪૫ના પશ્ચિમ સેઢે સેઢે ઉત્તર તરફ મ્યુનિસિપાલીટીની હદ સુધી અને સ. નં. ૧૪૫નો સેઢે પુરી થાય છે. ત્યાં સુધી ખુણેની પૂર્વ તરફ સર્વે નં. ૧૪૫ના સેઢે પૂર્વ તરફ સર્વે નં. ૨૧૬ના સેઢે સેઢે સ. નં. ૧૫૧, ૧૫૯, ૧૫૫ના ઉત્તર તરફના સેઢે સેઢે પૂર્વ તરફ ન. પા. ની હદ સુધી જેતપર રોડથી સર્વે નં. ૨૦૭ પશ્ચિમ તરફના સેઢે દક્ષિણ તરફ આગળ વધી પુર્વ તરફ વળાંક વાળી દક્ષીણ તરફ આગળ વધતાં મહેન્દ્રનગરના સ. નં. ૧૯૦ના પશ્ચિમ તરફના સેઢે દક્ષીણ તરફ આગળ વધતા પૂર્વ તરફ ૧૯૦ના પુર્વ છેડે નગરપાલીકાની હદ સુધી ત્યાંથી ૧૯૧ના પૂર્વ તરફના સેઢે સેઢે દક્ષીણ તરફ ચાલતા ધુટું ચાર રસ્તા સુધી ત્યાંથી મહેન્દ્રસિંહ હોસ્પિટલ રોડના ઉત્તર સાઈડે પશ્ચિમ તરફ આગળ નટવર પાર્કના પૂર્વ છેડા સુધી ત્યાંથી ઉત્તર તરફ નટવર પાર્કના ઉત્તર છેડા સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ વળાંક વળી ગોપાલ સોસાયટી, તેમજ બહાદુર વીલા રોડ ક્રોસ કરી લાલબાગ ની કમ્પાઉન્ડ વોલ સુધી, લાલબાગની પૂર્વ તરફની કમ્પાઉન્ડ વોલ થી ઉત્તર તરફ ચાલી વળાંક વાળી પશ્ચિમ તરફે આગળ વધી વેજીટેબલ રોડ ક્રોસ કરી વેજીટેબલ રોડ ઉપર દક્ષીણ તરફ આગળ વધી પશ્ચિમ બાજુ એન. સી. સી. ક્વાર્ટર્સ તેમજ જી. ઈ. બી. ના દક્ષીણ છેડે વોર્ડની હદ પુરી થાય છે. તેમજ આ વોર્ડની સીમાંકનમાં આવતો તમામ વિસ્તાર.

ઈલેકશન હદનું વર્ણન (વોર્ડમાં સમાવિષ્ટ વિસ્તારનું વર્ણન)

પાવર હાઉસ

વેજીટેબલ
અરુણોદય
ચોટરી નગર
રીલીફ નગર
અરુણોદય નગર
અનંત નગર
જનકલ્યાણ નગર
વર્ધમાન નગર
રામકૃષ્ણ નગર
ગોપાલ ટાઈલ્સ
મહારાણા પ્રતાપ સોસાયટી
આ વોર્ડની સીમાંકનમાં આવતો તમામ વિસ્તાર.

સેન્સસ બ્લોક નંબર : ૧૫૫, ૧૫૬, ૧૬૭, ૧૬૮, ૧૬૯, ૧૭૦, ૧૭૧, ૧૭૨, ૧૭૩, ૧૭૪, ૧૭૫, ૧૭૬, ૧૭૭, ૧૭૮.

અનુસૂચિ– ૧

મોરબી નગરપાલીકા જીલ્લો : રાજકોટ.

ઈલેકશન વોર્ડની હદનું વર્ણન

વોર્ડ નંબર– ૩

વોર્ડ નંબર ૩ની હદ ઓલ. ઈ. કોલેજ સામે મચ્છુ નદી મધ્યબીંદુ એ થી નદીના દક્ષીણ તરફ આગળ વધી બીજા મધ્યબીંદુ નગરપાલીકાની હદ સુધી પહોંચી ઉગમણી તરફ વળાંક વળી ને સર્વે નં. ૭૧ના સેઢે સેઢે ઉગમણી તરફ આગળ વધી વળાંક વળી સર્વે નં. ૩૯ના સેઢે સેઢે ઉપર તરફ આગળ વધતા શોભેશ્વર રોડ ક્રોસ કરી સર્વે નં. ૬૮ના પૂર્વ પશ્ચિમ તરફ આગળ ચાલી ખુણે થી વળાંક વળી સર્વે નં. ૮૫ ના સેઢે સેઢે ઉત્તર તરફ આગળ વધી ત્રાજપર ગામતળની પશ્ચિમ દક્ષીણ તરફ આગળ વધી મહેન્દ્રસિંહજી હોસ્પીટલ રોડ તરફ પશ્ચિમ તરફ ચાલતા નટવર પાર્કને પૂર્વ ખુણે થી ઉત્તર તરફ આગળ વધતા ગોપાલ સોસાયટીમાં થઈને રેલવે લાઈન તથા રસ્તો ક્રોસ કરી લાલ બાગમાં પૂર્વ સાઈડની કમ્પાઉન્ડે ઉત્તર તરફ આગળ વધતા ત્યાંથી ઉત્તર તરફની કમ્પાઉન્ડ વોલે પશ્ચિમ તરફ આગળ વધતા વેજીટેબલ રોડ ઉપર દક્ષીણ તરફ ચાલતા પાવર હાઉસના પૂર્વ ખૂણેની પશ્ચિમ તરફ આગળ વધતા નદીના મધ્યબીંદુ એ વોર્ડ નં. ૩ની હદ પુરી થાય છે. તથા આ વોર્ડના સીમાંકનમાં આવતો તમામ વિસ્તાર

INDEX

ઈલેકશન હદનું વર્ણન (વોર્ડમાં સમાવિષ્ટ વિસ્તારનું વર્ણન)

પરશુરામ વાડી, પરશુરામ નગર,
સો-ઓરડી,
પરશુરામ પોટરી વિસ્તાર,
ન્યુ પેલેસ
વોરા બાગ
ગુજરાત હાઉસીંગ બોર્ડ તથા ગોપાલ સોસાયટી
કડીયા બોર્ડીંગની બાજુમાં નટવર પાર્ક,
શ્રીમદ સોસાયટી,
રાજ સોસાયટી,
અનુપમ સોસાયટી,
પરશુરામ સોસાયટી,
શારદા સોસાયટી,
મીલન પાર્ક તથા આજુ બાજુનો વિસ્તાર તથા
આ વોર્ડની સીમાંકનમાં આવતો તમામ વિસ્તાર.

સેન્સસ બ્લોક નંબર : ૧૪૮, ૧૪૯, ૧૫૦, ૧૫૧, ૧૫૨, ૧૫૩, ૧૫૪, ૧૫૭, ૧૬૧, ૧૬૨, ૧૬૩, ૧૭૮, ૧૮૦, ૧૬૪, ૧૬૫, ૧૬૬

અનુસૂચિ–૧

નગરપાલીકા–ગોંડલ જિલ્લો : રાજકોટ.

ઈલેકશન વોર્ડની હદનું વર્ણન

વોર્ડ નં. ૪ દરબારગઢ કન્યાશાળાની ઉત્તર ફરતી બાજુએથી ચાલુ કરી પશ્ચિમ તરફ આગળ વધી મેઈન બજાર ઉપર ચાલતા ગ્રીનચોક ક્રોસ કરી આગળ ચાલતા ડાક શેરીમાંનો પૂર્વ તરફનો ભાગ ઉત્તર તરફ ચાલતા આગળ વધી બાવા એહમદ શાઈની દરગાહ પાસે થઈ લુહાર શેરીમાં પહોંચી ઉત્તર તરફ આગળ વધી ક્લાલ શેરી પહોંચી પશ્ચિમ તરફ આગળ વધી વળાંક વળી તલાવડી વાસ ગઢની રાંગ તરફ આગળ વધી પુર્વ તરફ ગઢની રાંગે આગળ ચાલતા ગચ્છુ નદીના મધ્યબીંદુએ પહોંચી દક્ષિણ તરફ આગળ વધી બીજા બીંદુએ પહોંચી પશ્ચિમ તરફ આગળ વધી દરબારગઢ કન્યાશાળા પાસે વોર્ડ નં. ૪ની હદ પૂરી થાય છે. તથા આ વોર્ડની સીમાંકનમાં આવતો તમામ વિસ્તાર.

ઈલેકશન હદનું વર્ણન (વોર્ડમાં સમાવિષ્ટ વિસ્તારનું વર્ણન)

ખાખરેચી દરવાજા
હનુમાન દેરી શેરી
મહેન્દ્ર ડ્રાઈવે-જની શેરી
નાગનાથ શેરી-વેરાઈ શેરી
સોની બજાર–ઘાંચી શેરી
કંસારા શેરી–દફતરી શેરી
મોચી શેરી–મોચી શેરીનો ઢાળ
ભરવાડ શેરી-વનારીયા દરવાજે
મોચી શેરી–ફુલગલી ગઢની રાંગ
તલાવડી વાસ-ક્લાલ શેરી
પખાલી શેરી–કુબેરનાથ રોડ.
ઢાલગરા શેરી–મોચી શેરી
લુહાર શેરી–ગામોટ શેરી
તથા આ વોર્ડની સીમાંકનમાં આવતો તમામ વિસ્તાર.

સેન્સસ બ્લોક નંબર : ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૧.

INDEX

અનુસૂચિ—૧

મોરબી—નગરપાલીકા જીલ્લો : રાજકોટ.

ઈલેકશન વોર્ડની હદનું વર્ણન

વોર્ડ નંબર—૫ વોર્ડ નં. ૫ની હદ રેલવે સ્ટેશન સામે મીડલ સ્કુલના પશ્ચિમ છેડેથી ચાલુ કરી ઉગમણી તરફ આગળ વધી કબ્રસ્તાનની ઉગમણી બાજુએ આગળ વધી કબ્રસ્તાનના પૂર્વ છેડે પહોંચી મંગલ ભૂવન ઉત્તર પૂર્વ તરફ આગળ વધતા ટ્રામવે પ્લોટ થી પૂર્વ તરફ આગળ વધી ગેસ્ટ હાઉસ રોડ સુધી, ગેસ્ટ હાઉસ રોડ ક્રોસ કરી બુઢાવાળી લાઈન ક્રોસ કરી ખાટકી વાસના નાકે પશ્ચિમ તરફ ગઢની રાંગે તલાવડી વાસમાં દાખલ થઈ પશ્ચિમ તરફ આગળ વધી કલાલ શેરીમાં થઈ પૂર્વ તરફ લુહાર ચાલમાં પહોંચી દક્ષિણ તરફની પશ્ચિમ તરફનો ભાગ ડાક શેરીમાં દાખલ થઈ મેઈન બજારમાં પહોંચી પશ્ચિમ બાજુ આગળ વધી મેઈન બજાર થઈ નહેરુ ગેઈટ ક્રોસ કરી ખારાકુવા મેઈન રોડ તરફથી દક્ષિણ બાજુના ભાગ તરફ પશ્ચિમ તરફ આગળ વધી જુના બસ સ્ટેન્ડ પાસે ઈદ મસ્જીદ રોડ પહોંચી ઉત્તર તરફ આગળ વધી અયોધ્યાપુરી રોડ સુધી ત્યાંથી ઉત્તર તરફ મહેન્દ્રપરા મેઈન રોડ ક્રોસ કરી આગળ ચાલતા મહેન્દ્રપરાના ઉત્તર તરફના મહેન્દ્રપરાના મેઈન રોડ ઉપર આગળ વધી પૂર્વ તરફ સ્ટેશન રોડ સુધી પહોંચી ઉત્તર તરફ આગળ વધતા મીડલ સ્કુલના પશ્ચિમ છેડે વોર્ડનં. ૫ની હદ પૂરી થાય છે. તથા આ વોર્ડની સીમાંકનમાં આવતો તમામ વિસ્તાર.

ઈલેકશન હદનું વર્ણન (વોર્ડમાં સમાવિષ્ટ વિસ્તારનું વર્ણન)

દરીયાપીરની શેરી
પખાલી શેરી
લુહાર શેરી
ડાક શેરી-બજાર લાઈન
સરગીયા શેરી.
કલાલ શેરી
ગઢની રાંગ તલાવડી વાસ
પખાલી શેરી
નહેરુ ગેઈટ
ગાંધીબાગ સામે તખ્તસિંહ રોડ
જુના બસ સ્ટેન્ડ સામે
ખોજા ખાના શેરી
સુભાષ રોડ
સરદાર રોડ—ખાખીની જગ્યા
નવાડેલા રોડ—પંરા બજાર
રાવલ શેરી—કુંભાર શેરી—સ્ટેશન રોડ
કડીયા-કુંભાર શેરી—મહેન્દ્રપરા મેઈન રોડ.
નાની રાવલ શેરી—સુપરટોકીઝ સામે—ઘાંચી શેરી
ઈદમસ્જીદ રોડ.
મહેન્દ્રપરા—૧૯ થી ૨૨ શેરીઓ
મહેન્દ્રપરા ૧ થી ૬ શેરીઓ
તથા આ વોર્ડની સીમાંકનમાં આવતો તમામ વિસ્તાર.

સેન્સસ બ્લોક નંબર :—૫૨, ૫૩, ૫૪, ૧૦૭, ૧૦૮, ૧૦૯, ૧૧૦, ૧૧૧, ૧૧૩, ૧૧૪, ૧૧૫, ૧૧૬, ૧૧૭, ૧૧૮.

અનુસૂચિ – ૧

મોરબી નગરપાલિકા. જિલ્લો : રાજકોટ.

ઈલેકશન વોર્ડની હદનું વર્ણન.

વોર્ડ નંબર – ૬ વોર્ડ નં. ૬ ની હદ સુરજબાગના ઉત્તર છેડેથી દક્ષિણ તરફ આગળ વધતા જડેશ્વર મંદિરના દક્ષિણ છેડે પહોંચી આથમણી બાજુએ આગળ વધી મહેન્દ્રપરા મેઈન રોડ એટલે કે માધાપરના ઝાંપા પૂર્વથી વણાંકવાળા રેલવે લાઈન ઉપર દક્ષિણ પશ્ચિમ તરફ આગળ વધી આગળ ચાલી અયોધ્યા પુરી મેઈન રોડથી લાતી પ્લોટ પોલીસ

INDEX

ચોકીથી ઉત્તર લાતી પ્લોટ રોડથી આથમણી બાજુએ આગળ વધી લાતી પ્લોટ મેઈન રોડ સુધી પહોંચી ઉત્તર તરફ આગળ વધતા મેઈન રોડના છેડેથી આથમણી બાજુએ વળાંક વળી મહેન્દ્રપરા મેઈન રોડ ક્રોસ કરી ભગવતી પરાની દક્ષિણે ખંચાસર રોડ ઉપર થઈ નગરપાલીકાની હદ સુધી ત્યાંથી ઉત્તરે વાવડી રોડના છેડે પહોંચી વાવડી રોડ ઉપર વોંકળો ક્રોસ કરી ઉત્તરે સોમૈયા સોસાયટીની પશ્ચિમ તરફ રોડની હદે હદે સોમૈયા સોસાયટીના ઉત્તર પશ્ચિમ છેડા સુધી થઈ ત્યાંથી દક્ષીણ પૂર્વ સોમૈયા સોસાયટીના ઉત્તર પૂર્વ ખુણા સુધી થઈ ત્યાંથી ઉત્તર પૂર્વમાં રેલવે લાઈન વિસ્તાર પાસે અંબીકા રોડના ઉત્તર પશ્ચિમ છેડેથી દક્ષિણ પૂર્વ તરફ રેલવે કોલોનીની હદે હદે રેલવેના પાટા સુધી ત્યાંથી દક્ષિણે જુની રેલવે કોલોની થઈ પૂર્વમાં સુરજબાગના ઉત્તર પૂર્વ છેડા સુધીની હદ તથા આ વોર્ડની સીમાંકનમાં આવતો તમામ વિસ્તાર.

ઈલેકશન હદનું વર્ણન (વોર્ડમાં સમાવિષ્ટ વિસ્તારનું વર્ણન)

ખંચાસર જકાત નાકા પાસે
મહેન્દ્રપરા -- ૧૪--૧૫--૧૬--૧૭--૧૮
લાતી પ્લોટ મેઈન રોડ
મહેન્દ્રપરા -- ૬--૭. ની વચ્ચે ૮--૯ ની વચ્ચે ૧૦--૧૧ની વચ્ચે ૧૨--૧૩ની વચ્ચે.
રેલવે પાટાની પાછળ
માધાપર મેઈન રોડ.
માધાપર--૩, માધાપર--૩ થી ૧૮
માધાપર -- ૭ થી ૧૦
માધાપર ૧૫ થી ૨૭
માધાપર -- ૧ અંબીકા રોડ,
સ્ટેશન રોડ સુરજબાગ સામે.
જડેશ્વર મંદિર પાછળ અને જડેશ્વર રોડ.
મંદિર રોડ.
મહેન્દ્રપરા મેઈન રોડ
ભગવતી પરા - વાવડી રોડ
સોમૈયા સોસાયટી.
તથા આ વોર્ડની સીમાંકનમાં આવતો તમામ વિસ્તાર.

સેન્સસ બ્લોક નંબર : ૧૨૦, ૧૨૧, ૧૨૨, ૧૨૩, ૧૨૪, ૧૨૫, ૧૨૬, ૧૨૭, ૧૨૮, ૧૨૯, ૧૩૦, ૧૩૧, ૧૪૩, ૧૪૪.

અનુસૂચિ — ૧

મોરબી નગરપાલિકા — જીલ્લો : રાજકોટ.

ઈલેકશન વોર્ડની હદનું વર્ણન.

વોર્ડ નંબર : ૭ — વોર્ડ નં. ૭ની હદ ટાઉન હોલ સામે સરકારી હોસ્પિટલના ખૂણેથી ચાલુ થઈને દક્ષિણ તરફ રવાપર રોડ ઉપર આગળ વધી શકિત પ્લોટ મેઈન રોડ થઈને શેરી નં. ૨ થઈને ઉત્તર પશ્ચિમ તરફ વળાંક શનાળા મેઈન રોડ પહોંચી પશ્ચિમ તરફ આગળ વધતાં સરદાર બાગના પૂર્વ છેડે દક્ષિણ પૂર્વ તરફ આગળ વધતાં રવાપર રોડ ઉપર પહોંચી દક્ષિણ તરફ રવાપર રોડ આગળ વધતાં ગૌતમ સોસાયટીના પશ્ચિમ છેડે થી ઉત્તર પશ્ચિમ તરફ આગળ વધતાં નગરપાલીકાની હદ સુધી ત્યાંથી વજેપર માધાપરના સ.નં. ૧૧૩૫ના પૂર્વ તરફના ખુણેથી પશ્ચિમ તરફના આગળ ચાલતાં વજેપર માધાપરના સ. નં. ૧૧૩૪/૧ના પૂર્વ તરફના સેઢે સેઢે ૧૧૩૩ના પૂર્વ તરફના સેઢે સેઢે ચાલતા શનાળા રોડ ક્રોસ કરી પશ્ચિમ તરફ ન્યુ એસ. ટી. સ્ટેન્ડના દક્ષિણ પશ્ચિમ તરફ આગળ વધતા વજેપર માધાપર સ.નં. ૧૨૫૯/૧૨૫૮--૧૨૫૭-૧૨૫૦--૧૨૫૧ ના પૂર્વ તરફના સેઢે સેઢે ઉત્તર તરફ નગરપાલીકાની હદ ઉપર આગળ ચાલતાં સ. નં. ૧૨૫૧ના પૂર્વ ખૂણેથી પૂર્વ તરફ નગરપાલીકાની હદ સુધી ૧૨૪૮ના સેઢે ઉત્તર તરફ નગરપાલીકાની હદ ઉપર ઉત્તર તરફ આગળ ચાલતાં સ.નં. ૧૨૯૨, ૧૨૯૩ના દક્ષિણ તરફના સેઢે સેઢે પૂર્વ તરફ નગરપાલીકાની હદ સુધી ઉત્તર તરફ આગળ ચાલતાં ખંચાસર રોડથી પૂર્વ તરફ ચાલતાં સર્વે નં. ૧૪૦૨ દક્ષિણ સેઢે પૂર્વ તરફ આગળ ચાલતાં ખંચાસર રોડ મહેન્દ્રપરા રોડ ઉપર પૂર્વ તરફ આગળ વધતાં રેલવે લાઈન ક્રોસ કરી ઈદમસ્જીદ રોડ ઉપર દક્ષિણ તરફ આગળ ચાલતાં ચાલતાં ખારાં કુવા સુધી ત્યાંથી પૂર્વ તરફ આગળ ચાલતા વિજય ટોકીઝની સામે એટલે કે દક્ષિણ તરફનો ભાગ હોસ્પીટલ રોડ ઉપર દક્ષીણ તરફ આગળ હોસ્પીટલના ઉત્તરે તરફના ખૂણા સુધી વોર્ડ નં. ૭ ની હદ પૂરી થાય છે. તથા આ વોર્ડની સીમાંકનમાં આવતો તમામ વિસ્તાર.

INDEX

ઈલેકશન હદનું વર્ણન (વોર્ડમાં સમાવિષ્ટ વિસ્તારનું વર્ણન)

શનાળા મેઈન રોડ.
રવાપર રોડ ઉપર વસંત પ્લોટ પૂર્વ ભાગ
સાવસર પ્લોટની શેરીઓ.
ખારા કુવાની શેરી
લાતી પ્લોટ અડધો, ઝનાના હોસ્પીટલ રોડનો પૂર્વ ભાગ
સુધારા વાળી શેરી
શનાળા જકાત નાકાની આજુબાજુનો વિસ્તાર તથા નવા બસ સ્ટેશન અને તેની પાછળનો વિસ્તાર.
પૃથ્વીરાજ પ્લોટ.
આદર્શ, ગૌતમ સ્વસ્તીક, જનતા, કૃષ્ણ, પ્રાણનગર, સોમનાથ વિ. સોસાયટીઓ.
લાતી પ્લોટ અડધો
કલીન પ્રોડકટસ અને જેન્સ નગર
તથા આ વોર્ડની સીમાંકનમાં આવતો, તમામ વિસ્તાર.

સેન્સસ બ્લોક નંબર : ૯૧, ૯૨, ૯૩, ૯૪, ૧૦૫, ૧૧૯, ૧૪૧, ૧૪૨, ૧૧૨, ૮૧, ૯૬ પૈકી, ૯૭, ૧૦૩, ૧૦૪, પૈકી.

અ નુ સૂ ચિ — ૧

મોરબી નગરપાલિકા જીલ્લો: રાજકોટ

ઈલેકશન વોર્ડની હદનું વર્ણન.

વોર્ડ નં. ૮ વોર્ડ નં. ૮ ની હદ જયહિંદ સીનેમા રોડ તેમજ નહેરુ ગેઈટના ચોકમાં ઉત્તરના ખૂણેથી દક્ષિણ તરફ આગળ વધતા પોલીસ લાઈનના દક્ષિણ છેડા સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ જેલ રોડ ક્રોસ કરી વજેપર તરફ જતાં ભરવાડ વાસ (રબારી વાસ)ના દક્ષિણ તરફના છેડે પશ્ચિમ તરફ આગળ વધતા વોંકળાના કાંઠે કાંઠે કબીર ટેકરીના પશ્ચિમ તરફના ભાગથી ઉત્તર તરફ આગળ વધતાં રવાપર રોડ ક્રોસ કરી ઉત્તર તરફ નાલુ ક્રોસ કરી લુહાણા બોર્ડીંગ તરફ પશ્ચિમ તરફ વસંત પ્લોટ મેઈન રોડ ઉપર આગળ વધી જનાના હોસ્પીટલ રોડ ક્રોસ કરી વિજય ટોકીઝ પહોંચી પૂર્વ તરફ ખારાકુવા રોડ ઉપર આગળ વધતાં તખ્તસિંહજી રોડ ક્રોસ કરી નહેરૂગેઈટ ચોક ક્રોસ કરી જયહિંદ સીનેમાના પશ્ચિમ ખૂણે વોર્ડ નં. ૮ની હદ પૂરી થાય છે. તથા આ વોર્ડની સીમાંકનમાં આવતો તમામ વિસ્તાર.

ઈલેકશન હદનું વર્ણન (વોર્ડમા સમાવિષ્ટ વિસ્તારનું વર્ણન)

બજાર લાઈન લુહાણા પરા, પોલીસ લાઈન ક્વાટર્સ
રબારી વાસ, મતવા વાસ, જેઈલ રોડ
વાઘપરાની તમામ શેરી.
કબીર ટેકરી મેઈન રોડ તથા કબીર ટેકરીની શેરીઓ
કાલીકા પ્લોટ વિસ્તાર, પરા બજાર
તખ્તસિંહજી રોડ, સરદાર રોડ,
વસંત પ્લોટ મેઈન રોડ તથા વસંત પ્લોટ શેરીઓ.
પૂર્વ વિસ્તારની
તથા આ વોર્ડની સીમાંકનમાં આવતો તમામ વિસ્તાર.

સેન્સસ બ્લોક નંબર : ૫૩, ૫૬, ૬૨, ૬૩, ૬૪, ૬૫, ૬૬, ૬૭, ૬૮, ૬૯, ૭૦, ૯૦, ૯૫,

અનુસૂચિ– ૧

મોરબી– નગરપાલીકા જિલ્લો : રાજકોટ.

ઈલેકશન વોર્ડની હદનું વર્ણન

વોર્ડ નંબર– ૯. વોર્ડ નં. ૯ની હદ મેઈન બજાર તથા નવા દરવાજા રોડના જયહિંદ ટોકીઝના ખૂણેથી ચાલુ કરી પૂર્વ દિશા તરફ આગળ વધી ગ્રીન ચોક ક્રોસ કરી રામજીયાણી શેરી સુધીનો દક્ષિણ તરફનો ભાગ, રામજીયાણી શેરીના નાકે પહોંચી શેરીમાં દક્ષિણ તરફ આગળ વધી પશ્ચિમ તરફ વળાંક વળી સાંકડી શેરીમાં આગળ વધી નાની બજાર

INDEX

ચોકમાં પહોંચી નાની બજારમાં દક્ષિણ પશ્ચિમ તરફ આગળ વધી વાંકાનેર દરવાજા રોડ ઉપર પહોંચી ઉત્તર તરફ ગઢની રાંગે રાંગે આગળ વધતા મેઈન બજાર તથા નવા દરવાજાના જયહિંદ ટોકીઝના ખૂણે વોર્ડ નં. ૯ના ની હદ પૂરી થાય છે. તથા આ વોર્ડની સીમાંકનમાં આવતો તમામ વિસ્તાર.

ઈલેકશન વોર્ડમાં સમાવિષ્ટ વિસ્તારનું વર્ણન

ગ્રીનચોક સાંકડી શેરી– ગાંધી બજાર રામજીયાણી શેરી– પશ્ચિમ તરફ સાંકડી શેરી, લક્ષ્મીનારયણ શેરી, લખધીરવાસ, મેઈન રોડ, બક્ષી શેરી– સુતાર શેરી. ઘંટીયાપા, જોડીયા, હનુમાન શેરી, સામક શેરી, વિશ્વકર્મા શેરી, રાધેશ્યામ શેરી બુઢ્ઢાબાવાની શેરી, નાની બજાર મેઈન રોડ, જમનાદાસ શેરી, બજાર લાઈન, જયહિંદ સીનેમા પાછળ સિપાઈ-વાસ, જયહિંદ સિનેમા રોડ, ગઢના રાંગ, નવા દરવાજા, મેઈન રોડ, ચીચા કંદોઈ શેરી, કબીર શેરી, કડીયાશેરી ભવાની શેરી, વાણંદશેરી, ગાંધી બજાર, લુહાર ચાલ, હવેલી શેરી, વાણંદ શેરી, ભોયવાડો, ઝવેરી શેરી, લખધીર-વાસ મેઈન રોડ તથા ભવાની ચોક, વાંકાનેર દરવાજા મેઈન રોડ, ગઢની રાંગ પૂર્વ તરફનો વિસ્તાર.

તથા આ વોર્ડની સીમાંકનમાં આવતો તમામ વિસ્તાર.

સેન્સસ બ્લોક નંબર : ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪.

અનુ સૂચિ—૧.

મોરબી—નગરપાલીકા જિલ્લો : રાજકોટ.

ઈલેકશન વોર્ડની હદનું વર્ણન :

વોડ નંબર—૧૦. વોડ નં. ૧૦ની હદ દરબારગઢ પાસે નદીના મધ્યબીંદુએથી દક્ષિણ તરફ આગળ વધતા બીજા બીંદુએ પહોંચી પશ્ચિમ તરફ આગળ વધી મકરાણી વાસ તથા ભોજનશાળા મેઈન રોડથી બાલમંદિર પહોંચી ઉત્તર દિશામાં નાની બજાર ચોક તરફ આગળ વધતા ચોકમાં થઈને પશ્ચિમ તરફ આગળ વધતા સુતાર શેરીમાં થઈને રામજી-યાણી શેરીમાં ઉત્તર તરફ આગળ વધતા મેઈન બજારમાં પહોંચી ઉગમણી તરફ આગળ વધતા દરબારગઢ પાસે પહોંચી નદીના મધ્યબીંદુએ વોર્ડ નં. ૧૦ની હદ પૂરી થાય છે. તથા આ વોર્ડની સીમાંકનમાં આવતો તમામ વિસ્તાર.

ઈલેકશન હદનુ વર્ણન (વોર્ડમાં સમાવિષ્ટ વિસ્તારનું વર્ણન)

મચ્છુ બારી, દેરાસર રોડ, દરબારગઢથી વઢવાણીયા શેરી, ખત્રીવાડ શેરીઓ તમામ, નાની બજાર, નાની માધાણી શેરી, મોટી માધાણી શેરી, મુલ્વા શેરી, બુરહાની સ્ટ્રીટ, સૌફી મહોલ્લો, મકરાણી વાસ (અંદરનો), મહેન્દ્ર ઘાટ, ચૌહાણ શેરી, નાની બજાર મેઈન રોડ, સોની બજાર, પારેખ શેરી ઓખાણી શેરી, ગોકળદોશીની બારી, સુતાર શેરી, નાની પારેખ શેરી, રામજીયાણી શેરી પૂર્વ તરફ પીંજારા શેરી, ગૌરાંગ શેરી.
તથા આ વોર્ડની સીમાંકનમાં આવતો તમામ વિસ્તાર.

સેન્સસ બ્લોક નંબર:— ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૨૧, ૨૨, ૨૩.

અનુસૂચિ– ૧.

મોરબી– નગરપાલીકા જિલ્લો : રાજકોટ.

ઈલેકશન વોર્ડની હદનું વર્ણન

વોડ નંબર ૧૧. વોર્ડ નં. ૧૧ની હદ દાઉદી પ્લોટ ઉપરથી ઉગમણી તરફ અગળ વધતા કાલીકા પ્લોટ રોડ ઉપર દક્ષિણ તરફ વળાંક વળી વેંકળાનક ઠેકાંઠે કાલીકા પ્લોટ હુડકો ક્વાર્ટસ તરફ વળાંક વળી દક્ષિણ તરફ આગળ વધતા કાલીકા પ્લોટ તથા વજેપર વચ્ચેના મેઈન રોડ ઉપર આગળ વધી શાયન્ટીફીક વાડી રોડ ક્રોસ કરી મેઈન રોડ તરફ દક્ષિણ દિશામાં આગળ વધી સર્વે નં. ૧૦૧૩/૨ ના પૂર્વ તરફના સેઢે સેઢે દક્ષિણ તરફ આગળ વધતા ની હદ સુધી ત્યાંથી સર્વે નં. ૧૦૧૩/૨ના પશ્ચિમ સેઢે ઉત્તર તરફ આગળ વધતા સ. નં. ૧૦૧૩ ના પશ્ચિમ સેઢે પૂર્વ તરફ આગળ ચાલતા ૧૦૧૬ના પશ્ચિમ સેઢે ઉત્તર તરફ આગળ વધતા ૧૦૦૮ના દક્ષિણ સેઢે પશ્ચિમ તરફ આગળ વધતા ૧૦૦૮, ૧૦૦૭/૧૯૯૯ના પશ્ચિમ સેઢે ઉત્તર તરફ પહોંચી રોડ ઉપર ઉત્તર તરફ આગળ વધતા કાયાજી પ્લોટના પશ્ચિમ છેડેથી ઉત્તર/પશ્ચિમ તરફ આગળ વધતા સરદાર બાગના પૂર્વ ખૂણે શનાળા રોડ સુધી શનાળા રોડની ઉગમણી બાજુ ઉત્તર/પૂર્વ તરફ અગળ વધી શકિત પ્લોટ શેરી નં. ૨ના દેરાસર સુધી પહોંચી શેરી નં. ૨માં દક્ષિણ તરફ આગળ ચાલી શકિત પ્લોટ મેઈન રોડ સુધી પહોંચી દાઉદી પ્લોટ તરફ આગળ વધી દાઉદી પ્લોટના ઉત્તર/પશ્ચિમ ખૂણે વોર્ડ નં. ૧૧ની હદ પૂરી થાય છે. તેમજ આ વોર્ડના સીમાંકનમાં આવતો તમામ વિસ્તાર.

INDEX

ઈલેકશન હદનું વર્ણન (વોર્ડમાં સમાવિષ્ટ વિસ્તારનું વર્ણન)

દાઉદી પ્લોટ, કાલીકા પ્લોટ મેઈન રોડ કાલીકા પ્લોટ, ઘનશ્યામ માર્કેટ, રામાપીરવાળી શેરી, હુડકો સામે, કાલીકા પ્લોટ, દાઉદી પ્લોટ, જેઠા ગલી, રવાપર રોડ, કાલીકા પ્લોટની શેરીઓ, કાલીકા પ્લોટ હુડકો, સાયન્ટીફીક-વાળો રોડ તથા ચાનીયા ગેરેજ, તથા અમુલ મોઝેકની શેરીઓ, શકિત પ્લોટના તમામ વિસ્તાર શેરી ૧/૨ સિવાય કાંયાજી પ્લોટની તમામ શેરી.
ઘનશ્યામ માર્કેટ કાલીકા પ્લોટ તથા આ વોર્ડની સીમાંકનમાં આવતો તમામ વિસ્તાર.

સેન્સસ બ્લોક નંબર : ૭૩, ૭૪, ૭૫, ૭૧, ૭૨, ૯૮ પૈકી, ૮૬, ૮૭, ૮૮, ૮૯, ૮૪, ૭૬, ૭૭.

અનુસૂચિ—૧

મોરબી—નગરપાલિકા **જીલ્લો : રાજકોટ.**

ઈલેકશન વોર્ડની હદનું વર્ણન :

વોર્ડ નં. ૧૨ બોર્ડ નં. ૧૨ની હદ વાંકાનેર દરવાજા તરફના મચ્છુ નદીના મધ્યબિંદુથી દક્ષિણ તરફ ચાલતા નદીના બીજા મધ્ય બીંદુ નં. ૫૫.ની હદ સુધી પહોંચી પશ્ચિમ તરફ આગળ વધીને સર્વે નં. ૧૧૧૮, ૧૦૪૫, ૧૦૪૭, ૧૦૪૧, ૧૦૩૯ના દક્ષિણ તરફના સેઢે સેઢે ચાલી મેઈન રોડ સુધી પહોંચી મેઈન રોડ ઉપર ઉત્તર ચાલતા પૂર્વ તરફ ના સર્વે નં. ૧૧૩૯ના પશ્ચિમ સેઢે સેઢે ચાલી ઉત્તર તરફ ૧૦૩૯, ૧૦૪૦ પશ્ચિમ સેઢ સેઢે ઉત્તર તરફ ચાલતા સાયન્ટીફીક વાડી મેઈન રોડ ક્રોસ કરી વજેપર માધાપર વચ્ચેના મેઈન રોડ પર ઉત્તર તરફ આગળ વધી ને વજેપર તરફ પૂર્વ તરફ વળાંક વળીને હરીજન વાસ, રબારી વાસ, વચ્ચેના મેઈન રોડ ઉપર થઈને જેલ રોડ ક્રોસ કરી વાંકાનેર દરવાજા તરફના રોડ ઉપરની ઉગમણી બાજુ આગળ વધીને નદીના મધ્ય બીંદુએ વોર્ડ નં. ૧૨ની હદ પૂરી થાય છે. તથા આ વોર્ડની સીમાંકનમાં આવતો તમામ વિસ્તાર.

ઈલેકશન હદનુ વર્ણન (વોર્ડમાં સમાવિષ્ટ વિસ્તારનુ વર્ણન).

વણકર વાસ, ભંગી હરીજન વાસ, ગૌશાળા રોડ, હરીજનવાસ, લીલાપર રોડ, વજેપરની તમામ શેરીઓ, જકાતનાકા સામે સાયન્ટીફીક વાડી રોડ, ગૌશાળા રોડ, વાંકાનેર દરવાજા પાસે, બોરીચાવાસ, મકરાણી વાસ તથા આ વોર્ડની સીમાંકનમાં આવતો તમામ વિસ્તાર.

સેન્સસ બ્લોક નંબર : ૫૭, ૫૮, ૬૦, ૬૧, ૭૮, ૭૯, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૫૯, ૯, ૮.

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચુંટણી પંચ, ગાંધીનગર.

તારીખ : ૧૭મી જૂન, ૧૯૯૪.

અનુસૂચિ—૨

રાજ્ય ચૂંટણી પંચ

ક્રમાંક/સમક/૧૮૩૫/૯૪.

મોરબી નગરપાલિકાની કુલ વસ્તી : ૮૫૨૪૦

કુલ વોર્ડોની સંખ્યા : ૧૨.

વોર્ડ દીઠ સરેરાશ વસ્તી : ૭૧૦૩ : સરેરાશ વસ્તી ૧૦ ટકા વધ મુજબ ૭૮૧૩
સરેરાશ વસ્તી ૧૦ ટકા ઘટ મુજબ ૬૩૯૩

બેઠકોની સંખ્યા : ૩૬ : ૧ બેઠક અનુસૂચિત જાતિ મહિલા માટે.

મહિલા બેઠકો : ૧૨ અનુસૂચિત આદિજાતિ મહિલા કોઈ નહીં.
: ૧ બેઠક પછાત વર્ગની મહિલા સહિતની.

અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા : ૨ પૈકી ૧ મહિલા માટે.

INDEX

અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા કોઈ નહીં.

પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા ૪ તે પૈકી ૧ મહિલા માટે.

કુલ અનામત બેઠક : ૧૬.

સામાન્ય બેઠક : ૨૦.

અ. નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી બીન અનામત	બીજી બેઠકની ફાળવણી મહિલા અનામત	ત્રીજી બેઠકની ફાળવણી
૧	૨	૩	૪	૫	૬
૧.	૧	૬૮૫૪	સામાન્ય	અનુ. જાતિ	સામાન્ય
૨.	૨	૭૮૫૫	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૩.	૩	૮૩૧૨	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૪.	૪	૭૩૧૪	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ
૫.	૫	૬૮૭૮	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ
૬.	૬	૭૧૮૩	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૭.	૭	૬૫૮૧	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૮.	૮	૬૭૪૯	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૯.	૯	૭૭૨૮	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૦.	૧૦	૬૪૬૨	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ
૧૧.	૧૧	૬૬૨૨	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૨.	૧૨	૬૭૦૨	સામાન્ય	પછાતવર્ગ	અનુસૂચિત જાતિ

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

VI-C-Ex-162-4

INDEX

Extra No. 163 REGISTERED NO. G/GNR/2.

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] FRIDAY, JUNE 17, 1994/JYAISTHA 27, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ

ગુજરાત રાજ્ય

બ્લોક ૯, ૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગર, ૧૭મી જૂન, ૧૯૯૪.

ક્રમાંક : સમક/૨૫૨૩/૯૪:

મોડાસા નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સિમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ :—

ભારતના સંવિધાનના ૭૪મા સુધારાને અનુલક્ષીને ગુજરાત મ્યુનિસિપાલિટી અધિનિયમ, ૧૯૬૩માં રાજ્ય સરકારે ગુજરાત મ્યુનિસિપાલિટી અધિનિયમ, ૧૯૯૩ અન્વયે મહત્ત્વના સુધારા કરેલા છે. આ અધિનિયમની કલમ--૬, પેટા કલમ--૪ અન્વયે નગરપાલિકાની ચૂંટણી મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી પંચમાં નિહીત થશે તેવી જોગવાઈ કરેલી છે. અને રાજ્ય ચૂંટણી પંચે કલમ--૬, પેટા કલમ--૫ અન્વયે રાજ્ય સરકારે કરેલા નિયમો અનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને ચૂંટણી કરવી જોઈએ.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ--૭, પેટા કલમ--૨ તથા કલમ--૬ની પેટા કલમ ૩ અન્વયે જાહેરનામા ક્રમાંક : કેવી-૩૨૯૯૩-એનપીબી-૩૦૯૩-૫૬૪૬-(૫૮) આર, તારીખ ૧૮મી ડિસેમ્બર, ૧૯૯૩ જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તે અન્વયે મોડાસા શહેરના નગરપાલિકાને જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તેના સન, ૧૯૯૧ના વસ્તી ગણતરીના આખરી આંકડા પ્રસિદ્ધ થયા છે તેના આધારે ૯ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. નગરપાલિકાના કાઉન્સિલરોની કુલ બેઠકો ૨૭ નક્કી કરવામાં આવી છે. જાહેરનામા અન્વયે, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા પછાત વર્ગ તેમજ મહિલા માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલી છે.

INDEX

૩. ચૂંટણી પંચે અધિનિયમની કલમ ૭, પેટા કલમ-૨, ખંડ-૩ પેટા ખંડ (ખ) અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સિમાંકન અને વોર્ડોમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગની તથા મહિલાની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજ્ય સરકારે તેમના જાહેરનામા ક્રમાંક : કેવી/૪૯/૧૯૯૪/એનપીએલ/૪૫૯૩/૩૬૫૫/એમ, તારીખ ૧૭મી માર્ચ, ૧૯૯૪ અન્વયે અધિનિયમની કલમ ૨૭૭ની પેટા કલમ-૨ તથા કલમ-૬ તથા ૭ અન્વયે વોર્ડોનું સિમાંકન અને અનામત બેઠકોની ફાળવણીના નિયમો ૧૯૯૪ જેને હવે પછી નિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે બહાર પાડેલ છે.

૫. નિયમોના નિયમ-૨ અન્વયે નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે, શકય હોય ત્યાં સુધી બધાં જ વોર્ડોની વસ્તી એક સરખી રહે અને સામાન્યત: વોર્ડની સરેરાશ વસ્તીથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહિ તે પ્રમાણે વોર્ડની રચના કરવાની રહે છે. આમ છતાં, ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય છે કે, સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને તુલનામાં લેતાં ૧૦ ટકા વધુ વધ કે ઘટ કરીને વોર્ડની રચના કરી શકશે.

૬. પંચે નગરપાલિકાના વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે. તેમજ ૧૯૪૮ના સેન્સસ એકટ મુજબ સને ૧૯૯૧ના વસ્તી ગણતરીના છેવટના પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં, શહેરની કુલ વસ્તી ૪૨૦૩૫ આવે છે. જાહેરનામા મુજબ શહેરને ૯ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૪૬૭૧ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની પંચે તેના કાર્યાલયના અધિકારી/કર્મચારીઓ મારફત ચકાસણી કરાવેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે, એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડનું સીમાંકન કરવાનું ધાર્યું છે તેમાં કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વસ્તી વધતી નથી કે ૧૦ ટકાથી વસ્તી ઘટની નથી.

૮. શહેરના ૯ વોર્ડોને નિયમ ઉની જોગવાઈઓને ધ્યાનમાં લઈ આ સાથે અનુસૂચિ-૧માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે. આ સીમાંકન નક્કી કરવામાં શકય હોય ત્યાં સુધી ભૌગોલીક એકજુથતા, નદી, રેલવે લાઈન, રોડ લાઈન વગેરે કારણે બિન જરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને, એકસરખા ૯ વોર્ડ બની રહે તે મુદ્દો વિચારણામાં લઈ વોર્ડોનું સીમાંકન નક્કી કરેલું છે.

૯. નિયમોના નિયમ-૪ અન્વયે દરેક વોર્ડમાં ત્રણ કાઉન્સીલર ચૂંટવાના છે. નિયમ-૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક બીન-અનામત એટલે કે સામાન્ય બેઠક બની રહેશે. જ્યારે બીજી બેઠક મહિલા (અનુસૂચિત જાતિ, અનુ. આદિજાતિ, પછાતવર્ગની મહિલા સહિત) માટે અનામત રાખવાની છે. જ્યારે ત્રીજી બેઠક જાહેરનામા મુજબ અનુ. જાતિ, અનુ. આદિજાતિ પછાતવર્ગને ફાળવવાની રહેશે અને તેવી ફાળવણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો તે બીનઅનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે.

૧૦. નિયમોના નિયમ-૬ અન્વયે અનુ. જાતિ, અનુ. આદિજાતિની દરેક વોર્ડની વસ્તીની ટકાવારીના ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તી (સંખ્યા) વધુ હોય એટલે કે ટકાવારી વધુ હોય તો વોર્ડના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુ જાતિ, અનુ. આદિજાતિ (મહિલા બેઠક સહિત)ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ વસ્તી હોય એટલે કે ટકાવારી ઉંચી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારીત કરેલ છે

૧૧. જાહેરનામા અન્વયે શહેર માટે ૧ બેઠક અનુ. જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત કરેલ છે.

૧૨. પંચે એકઠી કરેલી માહિતી મુજબ શહેરના જુદા જુદા ૯ વોર્ડની વસ્તી તથા દરેકની અનુ. જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ. નં.	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	અનુ. જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ. જાતિની વસ્તીની ટકાવારી
૧	૨	૩	૪	૫
૧.	૪	૪૪૩૭	૬૭૧	૧૫.૧૨
૨.	૩	૪૬૧૫	૬૦૭	૧૩.૧૫
૩.	૫	૪૬૬૭	૪૫૧	૯.૬૬
૪.	૧	૪૬૧૧	૨૯૯	૬.૪૮

INDEX

૧	૨	૯	૪	૫
૫.	૨	૪૯૧૮	૯૧	૧.૮૫
૬.	૮	૪૭૬૧	૩૦	૦.૬૩
૭.	૭	૪૭૯૦	૨૦	૦.૪૧
૮.	૬	૪૫૩૯	૮	૦.૧૭
૯.	૯	૪૬૯૭	૭	૦.૧૪

૧૩. આમ, અનુ. જાતિની વસ્તીની ઊંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં. ૪માં અનુ. જાતિની બેઠક નિયમોના નિયમ-૬ (અ) હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે.

૧૪. જાહેરનામા અન્વયે શહેર માટે ૧ બેઠક અનુ. આદિજાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે. અનુ. આદિજાતિના મહિલા માટે કોઈ બેઠક અનામત નિર્ધારીત થયેલ નથી.

પંચે એકઠી કરેલી માહિતી મુજબ શહેરના જુદા જુદા ૯ વોર્ડની વસ્તી તથા દરેકની અનુ. આદિજાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ. નં.	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	અનુ આદિજાતિ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ. આદિજાતિની વસ્તીની ટકાવારી
૧.	૪	૪૪૩૭	૪૧૨	૯.૨૮
૨.	૩	૪૬૧૫	૨૦૮	૪.૫૦
૩.	૫	૪૬૬૭	૨૦૪	૪.૩૭
૪.	૨	૪૯૧૮	૧૧૫	૨.૩૩
૫.	૬	૪૫૩૯	૨૬	૦.૫૭
૬.	૭	૪૭૯૦	૨૪	૦.૫૦
૭.	૧	૪૬૧૧	૧૭	૦.૩૬
૮.	૮	૪૭૬૧	...	...
૯.	૯	૪૬૯૭	...	...

૧૫. આમ, અનુસૂચિત આદિજાતિની વસ્તીની ઊંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં. ૪માં અનુસૂચિત આદિજાતિની બેઠક નિયમોના નિયમ-૬ (અ) હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે.

૧૬. નિયમોના નિયમ ૧૬ (૧) હેઠળ અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત આદિજાતિની વસ્તીની ઊંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નંબર : ૪માં આ બન્ને વર્ગ માટે બેઠક ફાળવવાની થાય. આ બન્ને વર્ગની એક એક બેઠક જ અનામત રાખવાનું નિર્ધારિત થયું છે. અર્થાત આ વર્ગની મહિલા માટે કોઈ બેઠક અનામત રખાઈ નથી. એ સંજોગોમાં પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે, વોર્ડ નંબર ૪માં અનુસૂચિત જાતિ માટે બેઠક ફાળવવી કે અનુસૂચિત આદિજાતિ માટે બેઠક ફાળવવી. જો મહિલા માટે બેઠક નિર્ધારિત થઈ હોત તો એક વર્ગની વોર્ડ નંબર ૪માં ત્રીજી બેઠક અને બીજા વર્ગની મહિલા માટે બીજી બેઠક માપ દંડ મુજબ ફાળવવા પંચ વિચારી શકે, પરંતુ અહીંયા તેવો પ્રશ્ન નથી.

INDEX

૧૭. તેથી પંચે રાજ્ય સરકારને આવા સંજોગોમાં કોઈપણ એક વર્ગની મહિલા માટે બેઠક ફાળવવા માટે પંચ આદેશ કરી શકે તેવો નિયમોમાં સુધારો કરવા સૂચવ્યું હતું, પરંતુ રાજ્ય સરકારે નિયમોમાં સુધારો કર્યો નથી અને પંચને જાણ કરી છે કે, વોર્ડ નંબર ૪ પછી ઊંચી ટકાવારીના બીજા ક્રમે આવતા વોર્ડમાં બેઠક ફાળવવા પંચ વિચારી શકે, પ્રથમ અનુસૂચિત જાતિની બેઠક ફાળવવી કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવવી તે અંગે પંચ નિર્ણય લઈ શકે છે.

૧૮. વોર્ડ નંબર ૪માં અનુસૂચિત જાતિ માટે પણ બેઠક ફાળવવાની થાય છે અને અનુસૂચિત આદિજાતિ માટે બેઠક ફાળવવાની થાય. રાજ્ય સરકારે કરેલ સ્પષ્ટતા મુજબ બેમાંથી કયા વર્ગની વોર્ડ નંબર ૪માં બેઠક ફાળવવી તે અંગે પંચે વિચારવાનું રહે છે. તે પરત્વે વિચાર કરતાં પંચે એ બાબત તુલનામાં લેવી ઘટે કે, પ્રથમ તો બન્ને વોર્ડમાં જે તે વર્ગની ટકાવારી કેટકેટલી છે અને ત્યાર પછીના ક્રમે આવતા વોર્ડમાં બન્ને વર્ગની ટકાવારી કેટકેટલી છે.

૧૯. તે દૃષ્ટિએ મુલવતા વોર્ડ નંબર ૪માં અનુસૂચિત જાતિની સૌથી ઊંચી ટકાવારી ૧૫.૧૨ છે, જ્યારે તે જ વોર્ડમાં અનુસૂચિત આદિજાતિની સૌથી ઊંચી ટકાવારી૯. ૨૮ છે. તે પછી બીજા ક્રમે આવતા વોર્ડ નંબર ૩માં અનુસૂચિત જાતિની વસ્તીની ટકાવારી ૧૩.૧૫ છે. જ્યારે અનુસૂચિત આદિજાતિની બીજા ક્રમે આવતી ઊંચી ટકાવારી પણ વોર્ડ નંબર ૩માં છે અને તે ૪.૫ છે. આમ, વોર્ડ નંબર ૪ અને ૩ પહેલા અને બીજા ક્રમે બન્ને વર્ગો માટે આવે છે. જો તે વર્ગની સૌથી ઊંચી ટકાવારી પછીના ક્રમે આવતા વોર્ડની તુલના કરીએ તો અનુસૂચિત જાતિ માટેના બીજા ક્રમે આવતા વોર્ડમાં અનુસૂચિત જાતિની વસ્તી ૧૩.૧૫ છે. જ્યારે અનુસૂચિત આદિજાતિ માટે બીજા ક્રમે આવતા વોર્ડમાં ટકાવારી ૪.૫ છે. આમ, બન્ને વર્ગના પહેલા અને બીજા વોર્ડમાં ટકાવારીનો તફાવત જોઈએ તો વોર્ડ નંબર ૪ અને ૩માં અનુસૂચિત જાતિને લાગેવળગે છે ત્યાં સુધી ૧.૯૭નો તફાવત છે. જ્યારે અનુસૂચિત આદિજાતિના વર્ગોનો તફાવત વોર્ડ નંબર ૪ અને ૩ વચ્ચે ૪.૭૮નો છે. આમ, અનુસૂચિત આદિજાતિ માટે જો વોર્ડ નંબર ૩માં બેઠક ફાળવવાનું પંચ વિચારે તો પહેલા અને બીજા ક્રમે આવતા વોર્ડની ટકાવારીમાં જે તફાવત છે તે વધુ છે, જ્યારે અનુસૂચિત જાતિને લાગેવળગે છે ત્યાં સુધી તે તફાવત ઓછો છે.

૨૦. વળી પંચ માને છે કે, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ એમ બન્ને વચ્ચે જો તુલના કરવાની હોય તો અનુસૂચિત આદિજાતિ વધુ લિફ્ટજત માંગી લે છે અને તેથી એ માટે સૌથી ઊંચી ટકાવારી ધરાવતા વોર્ડમાં અગ્રતાના ધોરણે બેઠક ફાળવવી. જ્યારે અનુસૂચિત જાતિ માટે ઊંચી ટકાવારી પછીના ક્રમે આવતા વોર્ડમાં બેઠક ફાળવવી યોગ્ય થશે.

૨૧. આમ વોર્ડ નંબર ૪માં ત્રીજી બેઠક અનુસૂચિત આદિજાતિ માટે ફાળવવી અને વોર્ડ નંબર ૩માં અનુસૂચિત જાતિ માટે ત્રીજી બેઠક ફાળવવા પંચ ઠરાવે છે.

૨૨. જાહેરનામા મુજબ ત્રણ બેઠકો પછાત વર્ગો માટે ફાળવેલ છે. તે પૈકી એક બેઠક આ વર્ગની મહિલા માટે અનામત રખાઈ છે.

૨૩. વોર્ડનું સિમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો-૧૯૯૪ના નિયમ-૬ (બી) હેઠળ રાજ્ય ચૂંટણી પંચે પછાત વર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. જેના મહત્વના પ્રબંધ નીચે પ્રમાણે છે :–

(૧) માન્ય રાજકીય પક્ષો તરફથી મળેલ માહિતીના અભ્યાસ પરથી જે શહેરના જે જે વોર્ડોમાં પછાત વર્ગની વસ્તીના ધોરણને અનુલક્ષીને જે સર્વસામાન્ય વોર્ડો હોય તે તે વોર્ડોમાં પછાત વર્ગ માટે અનામત બેઠક ફાળવવાની રહેશે.

(૨) મ્યુનિસિપલ ચીફ ઓફિસર તરફથી છેલ્લી ચૂંટણીમાં જે વોર્ડમાંથી પછાત વર્ગના ઉમેદવારો ચૂંટાઈને કોર્પોરેટર તરીકે પદધારણ કરતાં હતા તે વોર્ડમાં ઉપરઅનુક્રમ નંબર ૧ માં જણાવેલ વોર્ડોમાં બેઠક ફાળવ્યા પછી નિયત સંખ્યા સુધીમાં ફાળવવાની રહેશે.

આથી સ્પષ્ટતા કરવાની કે, જુના વોર્ડોનું સિમાંકન અને નવા વોર્ડોના સિમાંકનમાં ફેરફાર હોય તો જૂના વોર્ડોનો મોટાભાગનો જે વિસ્તાર જે જે નવા વોર્ડના સિમાંકનમાં સમાવિષ્ટ થતો હોય તેવા નવા વોર્ડમાં પછાત વર્ગની બેઠક ફાળવવાની રહેશે.

(૩) પછાત વર્ગ માટે અનામત રાખેલી કુલ બેઠકો પૈકી ૧ : ૩ બેઠકો મહિલા માટે જાહેરનામા અન્વયે અનામત રખાઈ છે. આમ, ત્રણ બેઠકો પૈકી એક બેઠક મહિલા માટે અનામત રાખવામાં આવી છે. આમ મહિલાનું પ્રમાણ ૧ : ૩ રહે છે, તેથી તાર્કિક રીતે વિચારતા દર ત્રણ બેઠકો પૈકી ત્રીજી બેઠક મહિલા માટે ફાળવવી તેમ પંચ સ્વીકારે છે.

(૪) પરંતુ જો આ રીતે જે વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુ. જાતિ અથવા અનુ. આદિજાતિ માટે મહિલા બેઠક ફાળવી હોય તો તે વોર્ડને બદલે પછી અનુક્રમે વોર્ડ આવે તે વોર્ડમાં પછાતવર્ગની મહિલા બેઠક ફાળવવી.

માન્ય રાજકીય પક્ષોને પંચ તરફથી નગરપાલિકાઓનાં કયા વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવી તે અંગે સુચનો મોકલવા આ કાર્યાલય તરફથી વિનંતી કરવામાં આવેલ. પરંતુ કોઈ માન્ય રાજકીય પક્ષ તરફથી હજુ સુધી સુચન કરવામાં આવ્યા નથી.

પંચે આપાનવેલા માપદંડ ચીફ ઓફિસર પાસેથી ગત ચૂંટણીમાં પછાતવર્ગના કાઉન્સીલરો જૂના કયા વોર્ડોમાંથી ચૂંટાયા હતા, અને તે સમગ્ર વોર્ડોનો મોટા ભાગનો વિસ્તાર નવા કયા વોર્ડમાં સમાવિષ્ટ થાય છે. તેની માહિતી મેળવવામાં આવી છે તે ચકાસતાં નીચે મુજબ હકીકત જણાય છે.

INDEX

ચૂંટણીનું વર્ષ	જુનો વોર્ડ	બક્ષી પંચના ચૂંટાયેલા સભ્યોની સંખ્યા	સૂચિત વોર્ડનો સમાવિષ્ટ વિસ્તાર.
ઓકટોબર—૧૯૮૭	૩	૨	૮
	૪	૩	૭
	૫	૪	૬

શહેરની નગરપાલિકાની રચના માટે પછાતવર્ગની ત્રણ બેઠકો રાખવા જાહેરનામા અન્વયે નિર્ધારીત થયું છે. માપદંડ મુજબ ગત ચૂંટણીના પરિણામ આધારે વોર્ડ નં. ૬, ૭, ૮ એમ ત્રણ વોર્ડમાં એક એક બેઠક ફાળવી શકાય તેમ છે. અને તે મુજબ ફાળવવાનું પંચ મુનાસીબ સમજે છે અને તેથી વોર્ડ નં. ૬, ૭, ૮ માં પછાત વર્ગ માટે એક એક બેઠક ફાળવવા અને આ ત્રણ વોર્ડના સમુહ પૈકી માપદંડ મુજબ ત્રીજા ક્રમે આવતા વોર્ડ નં. ૮માં પછાતવર્ગની મહિલા માટે બેઠક ફાળવવાનું પંચ ઠરાવે છે.

૨૪. આ પ્રમાણે અનુ. જાતિ, અનુ. આદિજાતિ તથા પછાતવર્ગની મહિલા અનામત બેઠકની ફાળવણી કર્યા પછી મહિલા અનામત બેઠક અને સામાન્ય ઉમેદવારને બાકી રહેતી બેઠક ફાળવવામાં આવે છે.

૨૫. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને નિયમોના નિયમ ૩ મુજબ મોડાસા શહેરને આ સાથે સંલગ્ન અનુસૂચિ. ૧માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારિત કરવામાં આવે છે અને આ સાથે અનૂસૂચિ ૨માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારિત કરવામાં આવે છે.

૨૬. આ પ્રમાણે વોર્ડોનું વિભાજન અને હદરેખા નક્કી કરવાનું અને વોર્ડની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

૨૭. ઉપર પ્રમાણે વોર્ડોની હદ રેખા નક્કી કરવામાં આવે છે અને ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ સખ્સને જાહેર જનતાને સલાહ સુચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૫ દિવસમાં રાજય ચૂંટણી પંચ, બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ, સચિવાલય ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા. મુદત વીત્યે આવેલ સુચનો ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

૨૮. રાજય ચૂંટણી પંચે, નગરપાલિકાના વોર્ડોની નક્કી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો છેવટનો કરતાં પહેલાં લોકપ્રતિનિધિત્વ ધારો ૧૯૫૧ અન્વયે માન્ય રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

તા. ૧૭મી જૂન, ૧૯૯૪.

વૈ. જે. દીક્ષિત,
સચિવ,
રાજય ચૂંટણી પંચ.

INDEX

અનુસૂચિ-૧

મોડાસા નગરપાલિકા મોડાસા જિ. સાબરકાંઠા

પત્રક નં. ૪

વોર્ડ નં.	ઈલેકશન વોર્ડની હદનું વર્ણન.
૧	૨
૧.	વિનાયક સિનેમાના ઉત્તર પશ્ચિમ ખૂણેથી શરૂ કરી ખત્રીવાડા, રાવળવાસ, ધોબીઠાળ, મોટી વહોરવાડ, બારઘરો થઈ પશ્ચિમ દક્ષિણખૂણા તરફ કોટ વિસ્તાર, હરિજનવાસ, ચમારવાસ થઈ દક્ષિણખૂણા તરફ સુકાબજાર, ઝાલોરીફળી થઈ ઉત્તર-પૂર્વ ખૂણા તરફ, ધૂલધોયાફળી, જ.મ. ખડકી, ભોઈવાડા, ડબગરવાડાથઈ વિનાયક ટોકીઝ સુધી.
૨.	કાશી વિશ્વનાથ મંદિરના ઉત્તર-પશ્ચિમ ખૂણેથી શરૂ કરી નંદનવન સોસા. પશ્ચિમ દક્ષિણ ખૂણા તરફ સાર્વજનિક હોસ્પિટલ, ભોઈવાડા, ગાંધીવાડા થઈ, દક્ષિણ પૂર્વ ખૂણાતરફ બજાર, બોરડીવાડા, કૂવા ન. ક. ખડકી, જે. ડી. ખડકી તંબોડીવાડા, શેકાવાડાથી પી. એચ.સી. દવાખાનાને થઈ ઉત્તર પૂર્વ ઉત્તરખૂણા તરફ દેના બેંક, દેસાઈવાડાથી ઉત્તર તરફ ખાનગી પ્લોટ, પશ્ચિમ તરફ ગોકુલ નાથજી મંદિરના બગીચા, જાહેર ગરનાળાથઈ રામજીમંદિરના ખૂણેથી ઉત્તર તરફ કાશી વિશ્વનાથ મહાદેવ સુધી.
૩.	ઉત્તરખૂણેથી ધણાઈમાતાથી વોટર વર્કસ, મારવાડીના છાપરાંના ખૂણે થઈ પશ્ચિમ તરફ સર્વોદય હોસ્પિટલના ખૂણેથી પશ્ચિમ દક્ષિણ તરફ બાલમંદિરના ખૂણે થઈ શાળા નં. ૪ના ખૂણે થઈ પૂર્વ તરફ અરૂણોદય સોસાયટી, દક્ષાસદન થઈ પૂર્વ દક્ષિણના ખૂણે સરકારી ચોરો થઈ પશ્ચિમ તરફ સ્ટેટ બેંક, ટાઈનહોલ થઈ પી.એસ.આઈ. કવાર્ટર્સ થઈ તાલુકા પંચાયત શ્રીનાથ સોસાયટી શીવ શોપીંગના ઉત્તર ખૂણે થઈ ઉત્તર તરફ ગીતાંજલી સોસાયટી થઈ એસ. કે. બેંકના ખૂણે થઈ ઉત્તર પશ્ચિમ તરફ યમુના નગર થઈ હરિઓમના ખૂણે થઈ ઉત્તર તરફ અશોક ઓઈલમીલના ખૂણે થઈ ઉત્તર તરફ સાયરારોડ ખૂણે થઈ ગોપાલ છાત્રાલયના ખૂણે થઈ ઉત્તર પશ્ચિમ તરફ સહકારી જીનની બોર્ડરે થઈ ઉત્તર તરફ ધુણાઈમાતા સુધી.
૪.	ઉત્તર પશ્ચિમ ખૂણેથી સર્વોદયનગર થઈ ઉત્તર પશ્ચિમખૂણે સર્વોદયનગરની બોર્ડરે થઈ દક્ષિણ જમીન વિહોણા મકાનો થઈ પશ્ચિમ તરફના ખૂણે પાંડુરંગ સોસાયટીના ખૂણે થઈ દક્ષિણ તરફના ખૂણે વૈશ્વાનર સોસાયટીના ખૂણે થઈ સાંઈબાબાના મંદિરના ખૂણે પશ્ચિમ તરફ ગણેશ સોસાયટી, કલ્યાણ સોસા. નં. ૧ના ખૂણે થઈ દક્ષિણ તરફ આરાધના સોસાયટીના છેડાના ખૂણે થઈ પૂર્વ તરફ ઓધીરીમાતામંદિર મોચીના છાપરા, જે બી. શાહના મકાનના ખૂણે થઈ દક્ષિણ તરફ ઓમનગરના ખૂણે થઈ પૂર્વ તરફ ઓમનગર સોસા. ખૂણે થઈ ઉત્તર તરફ રૂરલ હાઉસીંગ બોર્ડ, વલ્લભ ટેનામેન્ટ, ગાયત્રીનગર સોસાયટી, મંગલલક્ષ્મી સોસાયટીથી સર્વોદય નગર સુધી.
૫.	ઉત્તર પશ્ચિમના ખુણેથી કૃષ્ણકુંજ સોસા. આઈ.ટી.આઈ. ગેસ્ટ હાઉસ, સંસ્કૃત પાઠશાળા, લોકલબોર્ડ ધર્મશાળા, પોસ્ટ ઓફિસના ખૂણેથી દક્ષિણ તરફ મુવ શોપીંગ સેન્ટરથી સત્યમ એપાર્ટમેન્ટ, ઘનશ્યામ સોસાયટી, ખૂણેથી એસ. ટી. સ્ટેન્ડ ના ખૂણેથી રાધાકુંજ સોસાયટી, સા. કાં. બેંક કવાટર્સના ખૂણે થઈ પૂર્વ તરફ વાત્રક કોલોની, સરકારી કવાર્ટર્સ, ઈરીગેશન કોલોની તલાવડી કંપાના ખૂણે થઈ ઉત્તર પૂર્વના ખૂણેથી હુડકોની નવી વસાહતના ખૂણે થઈ ઉત્તર તરફ સરકારી વસાહતના ખૂણે થઈ પશ્ચિમ તરફ માણેકવા સોસાયટી, થઈ વિદ્યાકુંજના દક્ષિણ પશ્ચિમ તરફ બાયપાસ રોડના ખૂણે થઈ ઉત્તર તરફ આઈ.ટી.આઈ, બોર્ડીંગના ખૂણે થઈ કૃષ્ણકુંજ સોસાયટીના દક્ષિણ છેડાથી ઉત્તર છેડા સુધી.
૬.	પૂર્વ પશ્ચિમના ખૂણેથી પોલીસ લાઈનની શરૂ કરી બુટાલવાડા, ભાવસાર વાડાના ખૂણે થઈ દક્ષિણ તરફ શહીદચોકના ખૂણે થઈ આડીયાચોકના ખૂણે થઈ કડીઆવાડાના ખૂણે થઈ મોટીવાડ થઈ કોરોના દવાખાના ખૂણે થઈ પૂર્વ -દક્ષિણ તરફ મીરઝા શોપીંગના ખૂણેથઈ પૂર્વ તરફ ખડાયતા બોર્ડીંગના ખૂણે થઈ પશ્ચિમ તરફ વાઘરીવાડાના ખૂણેથઈ ઉત્તર તરફ ખરીદીવાડા થઈ પોલીસ લાઈન સુધી.
૭.	પૂર્વ પશ્ચિમના ઉત્તર ખૂણેથી સુરાનિવાસથી શરૂ કરી બજાર, નગીના મસ્જીદ થઈ નાની વહોરવાડના ખૂણે દક્ષિણ તરફ, કોટા-કડી ભાગોળ, સુકાબજારથઈ, પૂર્વ દક્ષિણના ખૂણે કસ્બા મસ્જીદ થઈ દક્ષિણે બલોચવાડા થઈ ચૌહાણવાડા ફળીના ખૂણે થઈ પૂર્વ તરફ, જમાલવાવ થઈ જમાલ વાવના ખૂણે થઈ ઉત્તર તરફ લીમડી ફળી, થઈ બાંડાવાડા થઈ ઝાઝની ફળી થઈ સૈયદવાડા થઈ પૂર્વ તરફના શહીદચોકના ખૂણે થઈ સુરા નિવાસ સુધી.
૮.	ઉત્તર તરફના ખૂણેથી પશ્ચિમ તરફ મલેકવાડા, ચેતનશાહનો વાડો થઈ દક્ષિણે ઈન્દિરાનગર થઈ રાણાસૈયદના ખૂણે થઈ પૂર્વ તરફ પ્રજાપતિના મકાનો સૈયદોના કબ્રસ્તાનોના ખૂણે થઈ ગોરીઓના મહોલ્લાના ખૂણે થઈ પૂર્વ તરફ હાજી અનાર વાલાના પેટ્રોલ પંપના ખૂણે થઈ ખુલ્લા પ્લોટના ખૂણે થઈ પશ્ચિમ ઉત્તર તરફ રોનક સોસાયટી થઈ ગંજી વિસ્તારના ખૂણે થઈ પશ્ચિમ તરફ વોરીઓના, મહોલ્લાના ખુણે થઈ ઉત્તર પશ્ચિમ તરફ નવા મલેકવાડા સુધી.

INDEX

૧	૨
૯.	પૂર્વ પશ્ચિમના ખૂણે ઉત્તર થઈ માર્કેટ યાર્ડથી શરૂ કરી ધનસુરારોડ થઈ મખદૂમ નગરના ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ ખુલ્લા પ્લૉટ મુકી દરિયાઈ સોસા. ના ખુણા ઉપર દક્ષિણ તરફ કોલેજ કેમ્પસના ખૂણા થઈ પશ્ચિમ દક્ષિણ તરફ ધનસુરા રોડના ખુણે થઈ પૂર્વ તરફ ચીમનભાઈ પટેલના મકાનો થઈ મોરઝા કેમ્પમાં થઈ પુનઃ વસવાટના મકાનો, ચાંદટેકરી થઈ ગરીબનવાજ થઈ રસુલાબાદ સોસા. મદની હાઈસ્કૂલ થઈ પૂર્વ ઉત્તર તરફ માર્કેટયાર્ડ સુધી.

તારીખ : ૧૭મી જુન ૧૯૯૪.

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ.

અનુસૂચિ--૨

રાજ્ય ચૂંટણી પંચ.

મોડાસા નગરપાલિકાની કુલ વસ્તી : ૪૨૦૩૫.

કુલ વોર્ડોની સંખ્યા : ૯.

વોર્ડ દીઠ સરેરાશ વસ્તી : ૪૬૭૧.

સરેરાશ વસ્તી ૧૦ ટકા વધ : .૫૧૩૮ મુજબ.
સરેરાશ વસ્તી ૧૦ ટકા ઘટ .૪૨૦૪ મુજબ

બેઠકોની સંખ્યા : ૨૭.
મહિલા બેઠકો :

અનૂસૂચિત જાતિ માટે મહીલા બેઠક કોઈ નહીં
અનુસૂચિત આદિજાતિ માટે મહીલા બેઠક કોઈ નહીં.
-૧ બેઠક પછાતવર્ગની મહિલા સહીતની.

અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા : ૧

અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા : ૧.

પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા ૩ તે પૈકી ૧ મહિલા માટે.

સામાન્ય બેઠક : ૧૪.

અનામત બેઠકોની સંખ્યા : ૧૩.

અનુ. નં.	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી -બીન અનામત	બીજી બેઠકની ફાળવણી મહિલા અનામત	ત્રીજી બેઠકની ફાળવણી
૧	૨	૩	૪	૫	૬
૧	૧	૪૬૧૧	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૨	૨	૪૯૧૮	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૩	૩	૪૬૧૫	સામાન્ય	સામાન્ય	અનુ.જાતિ

INDEX

૧	૨	૩	૪	૫	૬
૪	૪	૪૪૩૭	સામાન્ય	સામાન્ય	અનુ. આદિજાતિ
૫	૫	૪૬૬૭	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૬	૬	૪૫૩૯	સામાન્ય	સામાન્ય	પછાત વર્ગ
૭	૭	૪૭૯૦	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ
૮	૮	૪૭૬૧	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૯	૯	૪૬૯૭	સામાન્ય	સામાન્ય	સામાન્ય

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 164 REGISTERED NO. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] FRIDAY, JUNE 17, 1994/JYAISTHA 27, 1916.

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ

ગુજરાત રાજ્ય

ગાંધીનગર, ૧૭મી જૂન, ૧૯૯૪.

ક્રમાંક : સમક--૩૫૫૪--૯૪.-

વિસનગર નગરપાલિકા, જી. મહેસાણાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ.

ભારતના સંવિધાનના ૭૪માં સુધારાને અનુલક્ષીને ગુજરાત મ્યુનિસિપાલિટી અધિનિયમ--૧૯૬૩માં રાજ્ય સરકારે ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ--૧૯૯૩ અન્વયે મહત્ત્વના સુધારા કરેલાં છે. આ અધિનિયમની કલમ--૬, પેટા કલમ--૪, અન્વયે નગર પાલિકાની ચૂંટણી, મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી પંચમાં નિહીત થશે. તેવી જોગવાઈ કરેલી છે. અને રાજ્ય ચૂંટણી પંચે કલમ--૬, પેટા કલમ-૫ અન્વયે રાજ્ય સરકારે કરેલા નિયમોનુસાર અધિનિયમની જોગવાઈઓને આધિન રહીને ચૂંટણી કરવી જોઈએ.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ--૭ પેટા કલમ--૨ તથા કલમ--૬,ની પેટા કલમ--૩,અન્વયે જાહેરનામા ક્રમાંક કેવી-૩૧૧-૯૩-એન પી. ડી. ૩૦૯૩-૫૬૪૬--આર, તા. ૧૮મી ડીસેમ્બર, ૧૯૯૩ જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તે અન્વયે વિસનગર શહેરનાં નગરપાલિકાને જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેના સન ૧૯૯૧ના વસતી ગણતરીના આખરી આંકડા પ્રસિધ્ધ થયા છે. તેના આધારે ૧૩ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. નગરપાલિકાના કાઉન્સિલરોની કુલ બેઠકો ૩૬ નક્કી કરવામાં આવી છે. જાહેરનામા અન્વયે, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગ તેમજ મહિલા માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલી છે.

૩. ચૂંટણી પંચે, અધિનિયમની કલમ--૭, પેટા --૨, ખંડ--૩, પેટા ખંડ (ખ) અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડોમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, પછાતવર્ગની તથા મહિલાની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજ્ય સરકારે તેમનાં જાહેરનામાં ક્રમાંક : કેવી-૪૯-૧૯૯૪, એન. પી. એલ. -૪૫૯૩-૩૬૫૫-એમ. તા. ૧૬મી માર્ચ, ૧૯૯૪નાં અન્વયે અધિનિયમની કલમ--૨૭૭ની પેટા--કલમ--૨ તથા કલમ--૬ તથા ૭ અન્વયે વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણીનાં નિયમો ૧૯૯૪ જેને હવે પછી નિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે. તે બહાર પાડેલ છે.

INDEX

૫. નિયમોના નિયમ--૨ અન્વયે નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે. કે શકય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસ્તી એકસરખી રહે અને સામાન્યત: વોર્ડની સરેરાશ વસ્તીથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહી તે પ્રમાણે વોર્ડની રચના કરવાની રહે છે. આમ છતાં ચૂંટણી અંચને જો એવો સંતોષ થાય કે, સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને તુલનામાં લેતાં ૧૦ ટકા વધુ વધ કે ઘટ કરીને વોર્ડની રચના કરી શકશે.

૬. અંચે નગરપાલિકાના વોર્ડોનાં સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે. તેમજ સને ૧૯૪૮નાં સેસન્સ એકટ મુજબ સને ૧૯૯૧ના વસ્તી ગણતરીનાં છેવટનાં પ્રસિધ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં, શહેરની કુલ વસ્તી ૫૭૮૯૯ આવે છે. જાહેરનામા મુજબ શહેર ને ૧૨ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડોની સરેરાશ વસ્તી ૪૮૨૦ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની અંચે તેનાં કાર્યાલયોનાં અધિકારી કર્મચારીઓ મારફત ચકાસણી કરાવેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે એકઠી થયેલ માહિતીનાં આધારે જે તે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યું છે, કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વસ્તી વધતી નથી. કે ૧૦ ટકાથી વસ્તી ઘટતી નથી.

૮. શહેરના ૧૨ વોર્ડોને નિયમ-૩ની જોગવાઈઓને ધ્યાનમાં લઈ આ સાથે અનુસૂચિ-૧માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે. આ સીમાંકન નક્કી કરવામાં શકય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી, રેલ્વે લાઈન, રોડ લાઈન, વગેરે કારણે બિનજરૂર વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને, એકસરખા ૧૨ વોર્ડ બની રહે તે મુદ્દો વિચારણામાં લઈ વોર્ડોનું સીમાંકન નક્કી કરેલું છે.

૯. નિયમોના નિયમ ૪ અન્વયે દરેક વોર્ડમાં, ત્રણ કાઉન્સિલરે ચૂંટવાના છે. નિયમ--૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક બીન-અનામત એટલે કે સામાન્ય બેઠક બની રહેશે. જ્યારે બીજી બેઠક મહિલા (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની મહિલા સહીત) માટે અનામત રાખવાની છે. જ્યારે ત્રીજી બેઠક જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગને ફાળવવાની રહેશે. અને તેવી ફાળવણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો તે બીનઅનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે.

૧૦. નિયમોના નિયમ--૬ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિની દરેક વોર્ડની વસ્તીની ટકાવારીના ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તી સંખ્યા વધુ હોય એટલે કે, ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, (મહિલા બેઠક સહીત)ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ વસ્તી હોય એટલે કે ટકાવારી ઉંચી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારીત કરેલ છે.

૧૧. જાહેરનામા અન્વયે શહેર માટે ૨ બેઠકો અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે અને ૨ બેઠકો પૈકી ૧ બેઠક અનુસૂચિત જાતિની મહિલા માટે અનામત રાખવાનું નિર્ધારીત કર્યું છે.

૧૨. અંચે એકઠી કરેલી માહિતી મુજબ શહેરના જુદા જુદા ૧૨ વોર્ડોની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	અનુ. જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ. જાતિની ટકાવારી
૧	૮	૪૯૨૩	૯૯૧	૨૦.૧૩ ટકા
૨	૨	૪૮૯૧	૭૩૫	૧૬.૦૨
૩	૧૦	૪૯૨૯	૬૨૩	૧૨.૬૩
૪	૧૧	૫૧૪૯	૪૯૩	૯.૫૭
૫	૫	૪૬૭૩	૩૯૫	૮.૪૫
૬	૩	૪૭૭૦	૧૪૯	૩.૧૨
૭	૭	૪૬૩૩	૯૨	૧.૯૮
૮	૪	૪૪૧૨	૪૬	૧.૦૪
૯	૧૨	૪૮૧૮	૭	૦.૧૪
૧૦	૯	૪૭૦૮	૧	૦.૦૨
૧૧	૧	૪૮૯૧	...	...
૧૨	૬	૫૦૪૨		

INDEX

૧૩. આમ, અનુસુચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નંબર ૮ તથા ૨માં અનુસૂચિત જાતિની બેઠક નિયમોના નિયમ ૬/અ હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે. અને તે મુજબ ફાળવવામાં આવે છે.

૧૪. અનુસૂચિત જાતિના મહિલા અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યત: આ વર્ગની વસ્તીની ઉતરતા ક્રમે ટકાવારી પ્રમાણે ત્રણ વોર્ડના જૂથ પૈકી ત્રીજા વોર્ડમાં મહિલા બેઠક ફાળવવી તેમ પંચ માને છે. પરંતુ જાહેરનામા અન્વયે વિસનગર નગરપાલિકા માટે ૨ બેઠકો રાખવાનું નિર્ધારીત કરેલ હોઈ, ઉંચી ટકાવારીની દ્રષ્ટિએ બીજા ક્રમે આવતા વોર્ડ નં. ૨માં અનુસૂચિત જાતિની મહિલા બેઠક ફાળવવાનું પંચ યોગ્ય માને છે.

પરંતુ આ મુજબ ફાળવણી કરતાં પણ નિયમો અન્વયે દરેક વોર્ડમાં એક મહિલા, એક સામાન્ય બેઠક ફાળવવાની જોગવાઈ છે. તેનું ખંડન ન થાય તેની તકેદારી રાખવાની રહે છે.

૧૫. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં. ૮ તથા ૨માં નિયમોના નિયમ ૬/અ અન્વયે ફાળવવામાં આવે છે. તે પૈકી મહિલા માટે બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

વોર્ડ નં. ૮	અનુસૂચિત જાતિ
વોર્ડ નં. ૨	અનુસૂચિત જાતિ મહિલા

1.10 The installed capacity of power generation in the state had been raised to 5957 MW at the end of the year 1992-93. During the year 1993-94, the power position in the state is expected to improve further with an increased installed capacity of 6165 MW. With a view to facilitate rapid industrialisation of the state, the Government has initiated a process for floating a separate bank and an infrastructure Corporation in the joint sector. The proposed bank will generate finance for

વિકાસ માટે નક્કારક પાયારૂપ સુવિધાઓ ઉભી કરવામાં ગતિ લાવશે.

પરિયોજનાઓના અમલમાં સરકાર સંયોજકની ભૂમિકા ભજવશે, જ્યારે રાજયની માલિકીની કંપનીઓ, નિગમો અને મંડળો (બૉર્ડો) સંચાલન નિર્માણમાં નિજી મૂડી સાથે પ્રત્યક્ષ ભાગીદારી કરશે.

૧.૧૧ સરકારે રાજ્યના ૧૩ જિલ્લાઓના ૫૦,૦૦૦ અગરિયાઓ (મીઠાના ઉત્પાદકો)ના કલ્યાણ માટેની એક અદ્વિતીય યોજના પણ રૂ.૧૮.૩૦ કરોડના અંદાજી ખર્ચે શરૂ કરી છે.

ભાવિ સંભાવનાઓ

૧.૧૨ ઔદ્યોગિક ક્ષેત્રની એકંદર કામગીરીમાં ૧૯૯૩-૯૪ના ઉત્તરાર્ધમાં સુધારો જોવા મળ્યો હતો. જો આપણે વધુ સારી સ્થિતિ સિદ્ધ કરવા ચાહતા હોઈએ તો નિકાસમાં ગણનાત્મક વૃદ્ધિની અનિવાર્ય આવશ્યકતા છે. આગામી વર્ષોમાં નિકાસોને વધુ ધ્યાનમાં લેવા સારૂ, વેગ આપવા માટેના કેટલાંક ક્ષેત્રો કાપડ, પ્રક્રિયાકૃત ખાદ્ય, રસાયણો, ગ્રેનાઈટ, ટાયરો, ઑટોમોબાઈલના ભાગો, વગેરે છે. ઔદ્યોગિક સાહસોએ અને અન્ય સંબંધિત સંસ્થાઓએ અર્થતંત્રના વિવિધ ક્ષેત્રોની નિકાસ-ક્ષમતાને મહત્તમ બનવા માટે પૂરક ભૂમિકાઓ અદા કરવી પડશે.

ઔદ્યોગિક ક્રાંતિને ક્ષેત્રે ગુજરાત અત્યારે સર્વોચ્ચ સ્થાને છે. ઉદારીકરણ તથા પ્રોત્સાહક નીતિઓ દ્વારા બિન-નિવાસી ભારતીયોનાં ગંજાવર મૂડીરોકાણો આકર્ષવાની અપેક્ષા છે, અને ૩૪૫૦ કરોડના મૂડીરોકાણ સહિતની ૫૦ ઉપરાંત પરિયોજનાઓ આગામી વર્ષોમાં ઉત્પાદન શરૂ કરશે. આને પરિણામે આનુષંગિક અને લઘુ ઉદ્યોગ એકમોના વિકાસ પણ સધાશે.

૧.૧૩ દરમિયાનમાં, અલંગના જહાજો ભાંગવાના ક્ષેત્રમાં ૨૦ નવા પ્લોટો વિકસાવવા માટે ગુજરાત મેરીટાઈમ બૉર્ડ રૂ.૧ કરોડનો ખર્ચ કરવા ધારે છે.

૧.૧૪ આઈ.પી.સી.એલ. અને ગુજરાત રાજ્યનાં પાંચ સાહસોએ પ્રારંભેલ ગુજરાત કેમિકલ પૉર્ટ ટર્મિનલ કંપની લિ. (જી.સી.પી.ટી.એલ.) દ્વારા રૂ.૪૦૦ કરોડના અંદાજી ખર્ચે દહેજ ખાતે એક કેમિકલ પૉર્ટ ટર્મિનલ ઉભું કરવાનું નક્કી કરાયું છે.

industrial growth in the state while the infrastructure corporation will expedite the growth of infrastructural facilities.

The Government will play the role of a catalyst in executing the projects while the state owned companies, Corporations & Boards will directly participate in resource generation along with private capital.

1.11 It has also launched a unique welfare scheme for salt workers in the state at an estimated cost of Rs.18.30 crores to benefit 50,000 salt workers in 13 districts of the state.

PROSPECTS

1.12 The overall performance of the industrial sector showed improvement during the second half of 1993-94. An impressive growth in export would be a crucial pre-requisite for achieving a better position. The Government has identified thrust areas for giving sharper focus to exports in the coming years. The major thrust areas are textiles, food processing, chemicals, granites, tyres, automobile components etc. The industrial enterprises and other agencies concerned would be required to play complimentary roles to optimise export potential in various sectors of the economy.

Gujarat is at the apex land in the field of industrial revolution. A massive investment envisaged in NRI Projects by liberlisation and incentive policies by more than 50 projects with 3450 crores investment may commence the production in coming years. This will lead to the development of ancillary and SSI units also.

1.13 Meanwhile the Gujarat Maritime Board has plan to spend Rs.1 crore to develop 20 new plots at Alang Ship Breaking Yard.

1.14 Gujarat Chemical Port Terminal Company Ltd.(GCPTL) promoted by IPCL and five Gujarat State Undertakings decided to set up a chemical port terminal at Dahej at an estimated cost of Rs. 400 crores.

૨. નિગમની કામગીરીની સિદ્ધિઓ

૧૯૯૩-૯૪માં પ્રગતિ

૨.૦૧ ૧૯૯૩-૯૪નું વર્ષ, પ્રગતિની દ્રષ્ટિએ એક વિશેષ નોંધપાત્ર વર્ષ નીવડ્યું છે. આ વર્ષના અંતભાગે કેટલાક ઉદ્યોગો માટે કરવેરા સંબંધી સમસ્યાઓ ખડી થઈ હોવા છતાં, આ વર્ષ માટે વસૂલાત, ધિરાણમંજૂરી તથા ધિરાણચૂકવણી અંગે નિયત કરાયેલા લક્ષ્યાંકોને ઓળંગી જવામાં આવ્યા હતા. નિગમે વસૂલાતમાં રૂ. ૨૦૮.૭૭ કરોડનું નવું ઉચ્ચ શિખર સર કર્યું, જે અગાઉના વર્ષ કરતાં ૪૫%નો વધારો સૂચવે છે. ધિરાણમંજૂરીઓ રૂ. ૨૩૧.૧૮ કરોડની થઈ હતી, જે અગાઉના વર્ષ કરતાં ૫% જેટલો વધારો સૂચવે છે.

૨.૦૨ નાણાકીય સુધારણાઓ અંગેની નરસિંહમ સમિતિની ભલામણો ધ્યાનમાં રાખીને રીઝર્વ બૅન્કે વૈધાનિક પ્રવાહિતા પ્રમાણ (એસ.એલ.આર.) માં ઘટાડો જાહેર કર્યો છે અને નાણાકીય સંસ્થાઓને ખુલ્લા બજારમાંથી સંસાધનો ઉભાં કરવા સલાહ અપાઈ છે. સ્મોલ ઈન્ડસ્ટ્રિઝ ડેવલપમેન્ટ બૅન્ક ઓફ ઈન્ડિયાએ (સિડબી) ૧લી માર્ચ, ૧૯૯૪થી રાજ્ય કક્ષાની સંસ્થાઓ તેમજ બૅન્કો જેવી પ્રાથમિક ધિરાણ સંસ્થાઓ દ્વારા અપાતાં મુદ્દતી ધિરાણો માટે પ્રતિધિરાણ પરનો વ્યાજદર ૧ ટકો ઘટાડ્યો છે. પરિણામે, સિડબીનો પ્રતિધિરાણ (રીફાઈનાન્સ) માટેનો દર, હવે રૂ. ૨ લાખ ઉપરના મુદતી ધિરાણ માટે પ્રતિવર્ષ ૧૪% રહેશે અને રૂ. ૨૫,૦૦૦/- થી રૂ.૨ લાખ સુધીનાં પ્રતિધિરાણ માટેનો દર પ્રતિવર્ષ ૧૧% રહેશે. સિડબી, રૂ.૨૫,૦૦૦ સુધીના લઘુ પ્રતિધિરાણ માટેનો પ્રતિવર્ષ ૯%નો વર્તમાન દર જાળવી રાખશે.

૨.૦૩ અવલોકન હેઠળના વર્ષ દરમિયાન, કુલ ધિરાણ ચૂકવણી, રૂ.૨૦૦ કરોડનાં લક્ષ્યાંક સામે, રૂ.૨૦૬.૦૮ કરોડ થઈ હતી. નિગમની કાર્યસિદ્ધિ પત્રક ૧માં દર્શાવી છે.

2. OPERATIONAL HIGH LIGHTS

PROGRESS IN 1993-94

2.01 The year 1993-94 has been yet another year of significant progress in respect of recovery, sanctions and disbursements by surpassing the targets set for the year despite taxation problems in certain industries caused at the end of the year. The Corporation achieved new heights in recovery at Rs.208.77 crores showing a rise of 45% over previous year.The sanctions were Rs. 231.18 crores showing a rise of 5% over the previous year.

2.02 Keeping in view the recommendations of the Narsinham Committee on financial reforms RBI announced reduction in SLR and financial institutions were advised to raise resources from open market. The Small Industries Development Bank of India has lowered the interest rate on refinance for term loans granted by primary lending institutions viz. State Level Institutions and Banks by 1% p.a. effective from March 1, 1994. Consequently, SIDBI's refinance rate for term loan of over Rs.2 lakhs will henceforth be at 14% p.a. and for loan between Rs. 25000/- and Rs. 2 lakhs the refinance rate will be at 11% p.a. SIDBI will continue to refinance small loan upto Rs. 25000 at the existing rate of 9% p.a.

2.03 The total loans disbursed during the year under review aggregated to Rs. 206.08 crores as against target of Rs. 200 crores. The performance of the corporation is shown in table 1.

INDEX

પત્રક - ૧ Table -1

ચાવીરૂપ ક્ષેત્રોમાં ૧૯૯૩-૯૪માં નિગમની પ્રગતિ
Progress of Corporation in 1993-94 in Key Areas

(રૂ. કરોડમાં) (Rs. in crores)

ક્રમાંક Sr. No.	કાર્યક્ષેત્ર Operational Areas	સિદ્ધિઓ Achievements in		આગલા વર્ષની સરખામણીમાં ટકાવારીમાં ફેરફાર Percentage rise over previous year
		1993-94	1992-93	
1	2	**3**	4	5
1.	ધિરાણ મંજૂરી Sanctions	**231.18**	219.74	+ 5
2.	ધિરાણ ચૂકવણી Disbursement	**206.08**	180.57	+ 14
3.	ધિરાણની વસૂલાત Recovery	**208.77**	144.46	+ 45

૨.૦૪ ભંડોળોની સમયસરની ચૂકવણીની ચોકસાઈ માટે નિગમે ચૂકવણીની કાર્યવિધિ સીધી અને સરળ બનાવવાના સંખ્યાબંધ પગલાં લીધાં છે. વળી, પરિયોજનાના અમલમાં સમય ઘટાડવા તથા વધી જતા ખર્ચને અટકાવવા માટે નિગમ અનુક્રમે સબસીડી તથા ધિરાણ સામે સેતુરૂપ ધિરાણ અને આગોતરું ધિરાણ આપે છે, જેથી ભંડોળોનો યથાયોગ્ય વિનિયોગ કરવાનો મૂળભૂત હેતુ જળવાઈ શકે.

2.04 In order to ensure timely disbursement of funds, the corporation has taken number of steps to streamline and simplify the disbursement procedure. Further, to reduce time and cost overruns in project implementation, the corporation is granting bridge loans and advance loan against subsidy and loan respectively without diluting the main objective of ensuring the proper use of funds.

સહાયની અસર

૨.૦૫ વર્ષ દરમિયાન મંજૂર કરાયેલ મુદ્દતી ધિરાણને પ્રતાપે રૂ. ૫૧૧ કરોડ ઉપરાંતનું મૂડીરોકાણ આકાર લેશે અને ૩૫,૩૧૩ વ્યક્તિઓ માટે રોજગારીની પ્રત્યક્ષ તકો સર્જાશે.

IMPACT OF ASSISTANCE

2.05 The term finance sanctioned during the year is expected to generate investment of over Rs. 511 crores and create direct employment opportunities for 35,313 persons.

એકંદર સહાય

૨.૦૬ પોતાની કામગીરીનાં ૩૪ વર્ષ દરમિયાન, આ નિગમે લઘુ અને મધ્યમ ક્ષેત્રના ૪૧,૦૪૯ એકમોના પ્રારંભ તથા વિકાસ માટે એકંદરે રૂ. ૨૦૦૩.૦૯ કરોડની કુલ સહાય મંજૂર કરી છે. નિગમની સ્થાપનાથી અત્યાર સુધીમાં ચૂકવણી થયેલા ધિરાણની કુલ રકમ રૂ.૧૩૫૮.૩૮ કરોડ થઈ છે.

CUMULATIVE ASSISTANCE

2.06 During the span of 34 years of operations, the corporation has sanctioned gross cumulative assistance of Rs. 2003.09 crores for promotion and development of 41,049 units in small and medium scale sector. The aggregate loans disbursed amounted to Rs. 1358.38 crores since inception.

INDEX

ધિરાણ માટેની અરજીઓનો પ્રવાહ

૨.૦૭ વર્ષ દરમિયાન નિગમને રૂ.૨૮૨.૫૩ કરોડના ધિરાણ માટેની ૧૬૮૮ અરજીઓ મળી હતી.

FLOW OF LOAN APPLICATIONS

2.07 The corporation accepted 1688 loan applications of Rs.282.53 crores during the year.

લઘુ ઉદ્યોગ ક્ષેત્ર

૨.૦૮ નિગમે, વર્ષ દરમિયાન ૧૫૪૪ લઘુ એકમોને રૂ.૨૦૭.૨૩ કરોડનાં ધિરાણ મંજૂર કર્યા છે. આમ, નિગમ દ્વારા સહાયિત એકમોમાં ૯૮% લઘુ એકમો હતા, અને એમને અપાયેલી સહાય, ૧૯૯૩-૯૪માં અપાયેલ કુલ સહાયના ૯૦% હતી.

નિગમે, પોતાની સ્થાપનાથી અત્યારસુધીમાં કુલ ૩૯,૮૬૧ લઘુ એકમોને કુલ રૂ.૧૭૦૮.૫૨ કરોડનાં ધિરાણ મંજૂર કર્યા છે.

SSI SECTOR

2.08 The corporation sanctioned loans of Rs. 207.23 crores to 1544 small scale units during the year. Thus 98% of the assisted units were in the small scale sector which have been granted 90% of the total assistance in 1993-94.

In aggregate, the corporation has sanctioned loans of Rs.1708.52 crores to 39,861 SSI units since inception.

પછાત વિસ્તાર

૨.૦૯ નિગમે સંતુલિત પ્રાદેશિક વિકાસને ઉત્તેજન આપવાના પોતાના પ્રયાસો જારી રાખ્યા છે. આ નિગમના પ્રયાસો તેમજ રાજ્ય સરકાર દ્વારા પછાત જિલ્લાઓમાં વિકાસ માટે પ્રસ્તાવિત પ્રોત્સાહન ગુચ્છને પ્રતાપે ૫૦૯ એકમોની સ્થાપનામાં સહાયભૂત બની શકાયું હતું. નિગમે આ વિસ્તારોમાં રૂ.૬૬.૪૭ કરોડની નાણાકીય સહાય મંજૂર કરી છે, આ પછાત વિસ્તારોમાંથી અમરેલી જિલ્લામાં અપાયેલી સહાય અગાઉના વર્ષની સરખામણીએ ૧૩૫% વધી હતી (રૂ.૧.૩૪ કરોડ), જ્યારે દાદરા નગર હવેલીમાં ૮૮% વધી હતી (રૂ.૨.૫૭ કરોડ).

BACKWARD AREA

2.09 The corporation continued its efforts towards promoting balanced regional growth. The efforts of the corporation and package of incentives offered for development of backward districts by the state government has been instrumental in promotion of 509 units. The corporation has sanctioned financial assistance of Rs. 66.47 crores in these areas. Amongst these backward districts, the assistance rose sharply in the district of Amreli by 135% (Rs.1.34 crores) and Dadra Nagar Haveli by 88% (Rs. 2.57 crores) as compared to the previous year.

૨.૧૦ નિગમે વર્ષ દરમિયાન રાજ્યના પછાત તાલુકાઓમાં કુલ રૂ.૧૪૫.૭૯ કરોડનાં ધિરાણ મંજૂર કર્યા હતા. આદિજાતિ તાલુકા/આદિજાતિ સંકુલોમાં ૪૧૭ એકમોને રૂ. ૮૧.૯૭ કરોડનાં ધિરાણ મંજૂર કરાયાં છે.

2.10 The corporation sanctioned loans in backward talukas of the state amounting to Rs. 145.79 crores during the year. Loans of Rs. 81.97 crores have been sanctioned to 417 units in tribal taluka/tribal pockets.

ગ્રામીણ ઉદ્યોગીકરણ

૨.૧૧ નિગમે ગ્રામીણ વિસ્તારોમાં ઉદ્યોગીકરણના વિસ્તરણને પ્રોત્સાહવાનું ચાલુ રાખ્યું છે. ૧૯૯૩-૯૪ના વર્ષમાં નિગમે ૮૫૯ એકમોને રૂ.૧૬૯.૫૮ કરોડનાં ધિરાણ કર્યાં હતાં. વર્ષ દરમિયાન મંજૂર કરાયેલ સહાયમાં આનો હિસ્સો ૭૩% છે.

RURAL INDUSTRIALISATIONS

2.11 The corporation promoted spread of industrialisation in rural area. In the year 1993-94, the corporation assisted 859 units with loans of Rs. 169.58 crores. It accounts for 73% of the assistance sanctioned during the year.

૨.૧૨ નિગમ દ્વારા મંજૂર વિકાસલક્ષી સહાયની વિગતો પત્રક-૨માં આપવામાં આવી છે.

2.12 Details of development assistance sanctioned by the corporation are given in table - 2.

પત્રક -૨ Table - 2

વિકાસલક્ષી સહાયમાં પ્રગતિ
Progress in Development Assistance

(રૂ. કરોડમાં) (Rs.in Crores)

ક્રમાંક Sr. No.	સહાયની દિશા Direction of Assistance	1993-94		1992-93		પ્રારંભથી એકંદર સહાય Assistance since inception	
		સંખ્યા No.	રકમ Amt.	સંખ્યા No.	રકમ Amt.	સંખ્યા No.	રકમ Amt.
1	2	**3**	**4**	5	6	7	8
1.	લઘુ ઉદ્યોગો S.S.I.	**1544**	**207.23**	1929	204.09	39861	1708.52
2.	પછાત જિલ્લાઓ Backward Districts	**509**	**66.47**	566	72.52	15962	816.71
3.	પછાત તાલુકાઓ Backward Talukas	**878**	**145.79**	836	112.28	7235	832.87
4.	આદિજાતિ/વિસ્તારો/ તાલુકા/ક્ષેત્રો Tribal areas/ Talukas/pockets	**417**	**81.97**	600	104.63	3990	464.30
5.	ગ્રામીણ વિસ્તારો Rural areas	**859**	**169.58**	776	143.83	10983	1001.73

વિવિધ યોજનાઓ

૨.૧૩ અર્થતંત્રના વિવિધ ખંડોની ધિરાણની આવશ્યકતાઓને પહોંચી વળવા માટે નિગમે વિવિધ યોજનાઓ ઘડી છે. આ યોજનાઓ અન્વયે મંજૂર સહાયની વિગતો પત્રક-૩માં આપવામાં આવી છે.

VARIOUS SCHEMES

2.13 The corporation has formulated various schemes to meet credit needs of various segments of the economy. The details of assistance sanctioned are shown in Table -3.

INDEX

પત્રક -૩ Table - 3

વિવિધ યોજનાઓ હેઠળ મંજૂર કરાયેલ સહાય
Assistance Sanctioned under Various Schemes

(રૂ. લાખમાં) (Rs.in lakhs)

અ.નં Sr. No.	સહાયની યોજનાઓ Schemes of Assistance	1993-94		1992-93		યોજના લાગુ કરાઈ ત્યારથી સહાય Assistance since inception	
		સંખ્યા No.	રકમ Amt.	સંખ્યા No.	રકમ Amt.	સંખ્યા No.	રકમ Amt.
1	2	3	4	5	6	7	8
1.	પછાત જાતિઓ (એસસી/એસટી/એસઈબીસી) Backward Communities (SC/ST/SEBC)	107	704.97	229	796.72	3143	5501.63
2.	a. મહિલા સાહસિક યોજના Women Entrepreneurs' scheme	121	1192.24	89	796.83	962	5007.37
	b. મહિલા ઉદ્યમનિધિ યોજના Mahila Udyam Nidhi scheme	3	7.74	11	24.84	94	354.03
3.	આરોગ્ય જાળવણી સવલતો : Health Care Facilities :						
	a. તબીબો માટેની યોજના Doctors' scheme	21	116.24	30	88.88	436	848.70
	b. હૉસ્પિટલ/નર્સિંગ હોમ Hospital/Nursing Home	12	80.61	24	153.44	210	1355.11
4.	બિન-નિવાસી ભારતીયો Non-Resident Indians	35	1282.91	25	1293.85	314	7523.82
5.	વ્યવસાયિકો માટેની યોજના Scheme for Professionals	10	28.03	24	64.84	49	148.29
6.	વેચાણ કેન્દ્રો Marketing Centres	8	30.34	7	34.22	18	76.82
7.	આધુનિકીકરણ યોજના Modernisation scheme	3	93.30	7	175.36	148	1732.10
8.	યંત્ર સામગ્રી માટેની ધિરાણ સહાય યોજના Equipment Finance scheme	41	650.68	25	216.67	279	2447.47

INDEX

૨.૧૪ નિગમે, યંત્રસામગ્રી માટેની ધિરાણ યોજના હેઠળ ૪૧ સાહસિકોને રૂ. ૬.૫૦ કરોડ જેટલી સહાય આપી હતી. અગાઉના વર્ષની સરખામણીમાં એ લગભગ ત્રણગણી વૃદ્ધિ સૂચવે છે.

2.14 The corporation assisted 41 enterprises under Equipment Finance Scheme to the tune of Rs. 6.50 crores. It shows almost three fold rise during the year as compared to previous year.

૨.૧૫ નિગમે, વર્ષ દરમિયાન બિન-નિવાસી ભારતીયો દ્વારા પ્રારંભાયેલાં ૩૫ સાહસોને રૂ.૧૨.૮૩ કરોડનાં ધિરાણની સહાય આપી હતી.

2.15 The corporation assisted 35 enterprises promoted by Non-Resident Indians (NRIs) with loans of Rs. 12.83 crores during the year.

૨.૧૬ નિગમે, મહિલા ઉદ્યોગ સાહસિક યોજના હેઠળ ૧૨૧ સાહસોને રૂ.૧૧.૯૨ કરોડનાં ધિરાણોની સહાય કરી હતી. અગાઉના વર્ષ કરતાં એ ~~૬૬.૭૮%~~ ૫૭% વૃદ્ધિ સૂચવે છે.

2.16 The corporation assisted 121 enterprises under Women Entrepreneurs Scheme with loans of Rs. 11.92 crores. It shows a rise of ~~66.78%~~ 57% over the previous year.

ઉદ્યોગવાર સહાય

૨.૧૭ નિગમે ઉત્પાદન તથા સેવાઓના વિસ્તૃત ફલકને આવરી લેતી અનેકવિધ આર્થિક પ્રવૃત્તિઓને સહાય આપી છે. જો કે ઉત્પાદન વિભાગ વધારેમાં વધારે સહાય મેળવે છે, જે ૯૫.૦૭% છે. જ્યારે સેવા વિભાગને કુલ સહાયના ૪.૯૩% મળે છે. ઉત્પાદન વિભાગમાંથી કાપડ જૂથ મુખ્ય લાભાન્વિત છે, (૩૩.૮૨%), જેના પછી આવનાર જૂથો છે રસાયણો (૧૭.૪૬%) તથા સીરેમિક્સ (૮.૪૭%). કાગળ અને મુદ્રણ ઉદ્યોગોને અગાઉના વર્ષ કરતાં ૧૯૯૩-૯૪માં લગભગ બમણી સહાય સાંપડી હતી.

INDUSTRY-WISE ASSISTANCE

2.17 The corporation assists a broad spectrum of economic activities encompassing manufacturing and services sectors. The manufacturing sector is, however, the largest recepient of the assistance, accounting for 95.07% while services sector got 4.93% of total assistance. Amongst the manufacturing sector, textile group (33.82%) is the major recepient, followed by chemicals (17.46%) and ceramics (8.47%) groups. Paper and printing industry received almost double the assistance in 1993-94 compared to previous year.

૨.૧૮ ઉદ્યોગવાર મંજૂર સહાયની તરાહ પત્રક-૪માં દર્શાવવામાં આવી છે.

2.18 The pattern of industry wise assistance sanctioned is shown in table - 4

INDEX

પત્રક -૪ Table - 4

વિવિધ આર્થિક પ્રવૃત્તિઓ માટે મંજૂર થયેલ સહાય
Assistance sanctioned for various economic activities

(રૂ. કરોડમાં) (Rs. in crores)

અનુ. Sr. No.	આર્થિક પ્રવૃત્તિઓ Economic Activity	1993-94		1992-93	
		સંખ્યા No.	રકમ Amt.	સંખ્યા No.	રકમ Amt.
1	2	3	4	5	6
૧. 1.	ઉત્પાદન પ્રવૃતિ Manufacturing				
	a. કાપડ Textile	387 (24.55)	78.19 (33.82)	521 (26.69)	78.49 (35.72)
	b. રસાયણો Chemicals	210 (13.32)	40.36 (17.46)	188 (9.63)	39.95 (18.19)
	c. ઈજનેરી Engineering	136 (8.63)	11.00 (4.76)	351 (17.98)	34.95 (15.90)
	d. સિરેમિક અને સિમેન્ટની પેદાશો Ceramics & Cement Products	132 (8.38)	19.59 (8.47)	147 (7.53)	17.67 (8.04)
	e. ખાદ્ય પેદાશો Food Products	68 (4.31)	12.08 (5.23)	80 (4.10)	7.19 (3.27)
	f. કાગળ અને મુદ્રણ Paper & Printing	109 (6.91)	9.26 (4.01)	131 (6.71)	5.14 (2.34)
	g. ચામડાં અને રબ્બર Leather & Rubber	22 (1.40)	2.17 (0.94)	8 (0.41)	2.38 (1.08)
	h. અન્ય પેદાશો Other products	352 (22.34)	47.12 (20.38)	341 (17.47)	22.48 (10.23)
	પેટા સરવાળો Sub Total	1416 (89.84)	219.77 (95.07)	1761 (90.52)	208.25 (94.77)
૨. 2.	સેવાઓ* Services*	160 (10.16)	11.41 (4.93)	184 (9.48)	11.49 (5.23)
	કુલ Total	1576 (100.00)	231.18 (100.00)	1951 (100.00)	219.74 (100.00)

* તેમાં વીજળી, પરિવહન, હૉટલ, ઔદ્યોગિક વસાહતો, કન્સલ્ટન્સી સેવાઓ, તબીબી સેવાઓ વગેરેનો સમાવેશ થાય છે.

* It includes electricity, transport, hotels, industrial estates, consultancy services, medical services etc.

કૌંસમાં આપેલ આંકડા કુલ સહાયમાં દરેક પ્રવૃત્તિનો ટકાવારી ફાળો દર્શાવે છે.
Figures in bracket indicate percentage share of each activity in total assistance.

INDEX

સંયુક્ત ધિરાણ

૨.૧૯ નિગમે, ગુજરાત ઔદ્યોગિક મૂડી રોકાણ નિગમના સહયોગમાં ૭ પરિયોજનાઓને રૂ.૪૦૮.૧૦ લાખના ધિરાણની સહાય આપી હતી.

JOINT FINANCE

2.19 The corporation assisted 7 projects with loans of Rs. 408.10 lakhs in participation with GIIC.

વ્યવસાય વિકાસના કાર્યક્રમો

૨.૨૦ સંભવિત ઉદ્યોગ સાહસિકો માટે જાણકારી ઉપરાંત ધંધાના વિકાસલક્ષી કાર્યક્રમો વિવિધ નગરો/કેન્દ્રો ખાતે યોજવાનું નિગમે જારી રાખ્યું હતું. વર્ષ દરમિયાન નિગમે કુલ ૫૧ કાર્યક્રમોનું આયોજન કર્યું અને એમાં ભાગ લીધો.

BUSINESS DEVELOPMENT PROGRAMMES

2.20 Awareness cum business development programmes for prospective enterpreneurs were continued by the corporation at various towns/centres. In all, corporation organised and participated in 51 programmes during the year.

૨.૨૧ વધુ નાણાકીય સહાય આપવાની શક્યતાઓ તપાસવા માટે વર્ષમાં ૬ બજાર સંશોધન અહેવાલ તૈયાર કરાયા હતા.

2.21 In the year, 6 market reports were prepared for assessing the scope for further financing.

સેમિનાર અને પ્રદર્શનો

૨.૨૨ ઔષધનિર્માણ ઉદ્યોગના ઉદ્યોગ સાહસિકોમાં એના વિવિધ પાસાંની જાગૃતિ અને જાણકારી વિકસે તે સારુ, પહેલી જ વાર નિગમે ઔષધનિર્માણ વિષે એક ભવ્ય સેમિનાર (પરિસંવાદ) યોજ્યો હતો.

નિગમે વડોદરા, રાજકોટ તથા અમદાવાદ ખાતે યોજાયેલા ઔદ્યોગિક પ્રદર્શનોમાં ભાગ લીધો હતો.

SEMINAR AND EXHIBITIONS

2.22 For the first time, the corporation organised a grand se minar on Pharmaceuticals to increase the awareness and knowledge on various aspects of Pharmaceutical Industries enterpreneurs.

The corporation participated in industrial exhibitions organised at Baroda, Rajkot and Ahmedabad.

વ્યાજના સુધરેલા દર

૨.૨૩ સિડબી અને આઈ.ડી.બી.આઈ.એ માર્ચ, '૯૪માં વ્યાજના દર સુધાર્યા હતા. ધિરાણ સહાય માટેની વિવિધ યોજનાઓ માટેના સિડબી/આઈ.ડી.બી.આઈ.ના વ્યાજના દરોનું માળખું નિવેદન-૨માં દર્શાવ્યું છે.

REVISED RATES OF INTEREST

2.23 The interest rates were revised by SIDBI and IDBI in March'94. The interest rates structure prescribed by SIDBI/IDBI for various schemes of refinance is shown in statement - II

વસૂલાત

૨.૨૪ વર્ષ દરમિયાન નિગમે રૂ.૨૦૮.૭૭ કરોડની વસૂલાત મેળવી, જે અગાઉના વર્ષના રૂ.૧૪૪.૪૬ કરોડ કરતાં ૪૪.૫૨%ની વૃદ્ધિ સૂચવે છે. નિગમે મહત્તમ વસૂલાત સિદ્ધ કરવા માટે હાથ ધરેલી જોરદાર ઝુંબેશનું એ પરિણામ હતું.

વર્ષ દરમિયાન, નિગમે તમામ પ્રાદેશિક કચેરીઓમાં વસૂલાત સંબંધી પ્રાદેશિક કાર્યશિબિરો યોજ્યા હતા અને ત્યાં વસૂલાત તેમજ અન્ય સંબંધિત પગલાં અંગેની વિવિધ સમસ્યાઓ અંગે કેટલાક નિર્ણયો કરાયા હતા, તે પણ આ સિદ્ધિ માટે કારણભૂત છે.

RECOVERY

2.24 During the year, the corporation recovered Rs. 208.77 crores as against Rs. 144.46 crores in the previous year registering a rise of 44.52%. This became possible due to vigorous drive launched by the corporation to achieve maximum recovery.

During the year, the coroporation arranged regional workshop of the recovery in all regional offices and relevant decisions were taken on varfous problems relating to recovery and other follow up measures have also been instrumental for this achievement.

INDEX

૨.૨૫ નિગમે તેના ગ્રાહકોને મુદતવીતી બાકી લેણું ચૂકવવા માટે નિગમે નીચે મુજબના દૃઢ પગલાં લીધાં છે :

(અ) રાજ્ય નાણાકીય નિગમ ધારા, ૧૯૫૧ની કલમ ૨૯ અન્વયે નિગમે સઘન પગલાં લીધાં હતાં. વર્ષ દરમિયાન તમામ પ્રાદેશિક વિરાણ સમિતિઓ દ્વારા મળીને તથા વડી કચેરીની ટેન્ડર સમિતિએ ૨૪૮ એકમોની અસ્કયામતો વેચી હતી, જેમની વેચાણકિંમત રૂ.૧૧.૮૦ કરોડ થઈ હતી.

(બ) ૯૬૪ કિસ્સામાં, ગુજરાત પબ્લિક મની (રીકવરી ઑફ ડ્યૂઝ) ઍક્ટના અન્વયે, નિગમે પગલાં લીધા હતા. ૯૨ એકમોની અસ્કયામતો જપ્ત કરવામાં આવી હતી અને આશરે ૩૪ એકમોની અસ્કયામતો રૂ. ૫૮.૨૧ લાખના મૂલ્યે વેચવામાં આવી હતી. રેવન્યૂ રીકવરી સેલ દ્વારા અગાઉના વર્ષના રૂ.૧૩૬.૨૭ લાખની સરખામણીમાં આ વર્ષે ૨૧૨.૦૮ લાખની કુલ વસૂલાત થઈ હતી.

(ક) વર્ષ દરમિયાન, પતાવટ સમિતિની (સેટલમેન્ટ કમિટિ) ૧૨ બેઠકો વડી કચેરીએ મળી હતી અને સમિતિએ ૨૨૮ કિસ્સાઓની વિચારણા હાથ ધરતાં, ૬૧ કિસ્સાઓની પતાવટ (સેટલમેન્ટ) થઈ હતી.

આ જ પ્રમાણે, પ્રાદેશિક વિરાણ સમિતિઓએ (રીજીઅનલ લોન કમિટિઓ), રજૂ થયેલા કુલ ૮૯૯ કિસ્સાઓની વિચારણા હાથ ધરતાં, ૫૧૯ કિસ્સાઓની પતાવટ થઈ હતી.

2.25 In order to induce the clients of the corporation to clear overdues, the corporation has taken firm action as under

(a) The corporation took vigorous steps for recovery of dues under section 29 of the SFCs Act 1951. During the year all RLCs put together as well as the tender committee at head office, sold assets of 248 units involving sales price Rs. 11.80 crores.

(b) The corporation took action under GPM (Recovery of dues) Act in respect of 964 cases. Assets of 92 units were attached and assets of 34 units were sold for a sum of Rs.58.21 lakhs. The Revenue Recovery Cell effected aggregate recovery of Rs. 212.08 lakhs during the year as against 136.27 lakhs in the previous year.

(c) During the year, 12 meetings of settlement committees were held at head office and 228 cases were taken up by the committee for consideration and 61 cases were settled.

Similarly, Regional Loan Committes considered 899 cases out of which 519 cases were setteled.

INDEX

૩. નાણાં વ્યવસ્થા

નાણાકીય પરિણામો

નફો અને વિનિયોગ

૩.૦૧ નિગમની, રોકડ ધોરણે ૧૯૯૩-૯૪ના વર્ષની એકંદર આવક રૂ.૧,૧૫,૯૩,૮૫,૮૪૧/- થઈ હતી, જે આગલા વર્ષ કરતાં ૩૫.૯૮% વધુ છે. કરવેરા અગાઉનો વર્ષનો નફો રૂ.૪,૦૬,૧૯,૫૮૨/- છે, જેનો નીચે મુજબ વિનિયોગ કરાયો છે.

3. FINANCE

FINANCIAL RESULTS

PROFIT AND APPROPRIATION

3.01 The total income of the Corporation on cash basis aggregated to Rs.1,15,93,85,841/- for the year 1993-94, showing a rise of 35.98% over previous year. Pre-tax profit of Rs.4,06,19,582/- of the year is appropriated as under :

1.	આવકવેરા ધારાની કલમ ૩૬ (૧)(૭) હેઠળ શકમંદ લેણાં અનામત ભંડોળ Bad debt Reserve under section 36(I)(vii) of Income Tax Act	Rs.	22,25,000
2.	આવકવેરા ધારા, ૧૯૬૧ની કલમ ૩૬ (૧)(૮) હેઠળ ખાસ અનામત ભંડોળ Special reserve under section 36(1)(viii) of Income Tax Act	Rs.	2,00,00,000
3.	આવકવેરા માટે જોગવાઈ Provision for Income Tax	Rs.	1,35,00,000
4.	બાકી સિલક Balance	Rs.	48,94,582
	કુલ Total.....	Rs.	4,06,19,582

૩.૦૨ ઉપર દર્શાવ્યા મુજબ રૂ.૪૮,૯૪,૫૮૨ની સિલક આગામી વર્ષ પર ખેંચવામાં આવી છે. આમાંથી નિગમે રૂ.૧૩.૨૦ કરોડની મૂડી પર ૩.૫% ના દરે અને રૂ.૫૫.૯૦ કરોડની મૂડી પર ૭.૫%ના દરે બાંયધરીયુક્ત (ગેરંટીયુક્ત) ડિવિડન્ડની ચૂકવણી કરવાની હોય છે. વર્ષ દરમિયાન મળેલ શૅર મૂડી પરનું ડિવિડન્ડ પ્રમાણાનુસાર ચૂકવવામાં આવશે. વર્ષ દરમ્યાન ડિવિડન્ડ તરીકે ચૂકવવાની કુલ રકમ રૂ. ૪,૨૩,૫૬,૫૦૭/- થશે.

3.02 The balance of Rs.48,94,582 as shown above is carried forward to the next year. Out of this, the Corporation is required to make payment of guaranteed dividend at 3.5% on capital of Rs. 13.20 crores and at 7.5% on capital of Rs. 55.90 crores. The dividend on share capital received during the year will be paid proportionately. The total payment required to be made by way of dividend for the year would amount to Rs. 4,23,56,507/-.

૩.૦૩ નિગમની, ૧૯૯૦-૯૧ના નાણાકીય વર્ષ સુધીની આવકવેરા આકારણી પૂર્ણ થઈ ગઈ છે.

3.03 The income-tax assessment of the Corporation has been completed upto financial year 1990-91.

સંસાધનો

૩.૦૪ નિગમે વર્ષ દરમિયાન પ્રાપ્ત કરેલ સંસાધનોની વિગતો નીચે મુજબ છે :

RESOURCES

3.04 The details of resources mobilised by the corporation during the year are as follows :

શેરમૂડી

૩.૦૫ નિગમની અધિકૃત શૅરમૂડી રૂ.૧૦૦ કરોડ છે. વર્ષ દરમિયાન નિગમને શૅરમૂડી પેટે રૂ.૫.૭૦ કરોડ મળ્યા હતા, જેમાં

SHARE CAPITAL

3.05 The authorised capital of the corporation stood at Rs.100 crores. During the

ડિવિડન્ડની જવાબદારી વિનાની ખાસ મૂડી રૂ.૦.૧૦ કરોડ તેમજ અગાઉનાં વર્ષોમાં નિગમને રાજ્ય સરકારે પૂરી પાડેલી શૅરમૂડીના બદલામાં ધિરાણની ચૂકવણી પેટે મજરે લેવાયેલ રૂ.૨.૦૦ કરોડનો સમાવેશ થાય છે. નિગમની ભરપાઈ મૂડી રૂ.૬૫.૯૦ કરોડથી વધીને રૂ.૭૧.૬૦ કરોડ થઈ છે, (જેમાં રૂ.૨.૫૦ કરોડની ખાસ મૂડીનો સમાવેશ થાય છે.) શૅરધારકો અંગેની વિગતો પત્રક-૫માં આપી છે.

year, the corporation received Rs.5.70 crores towards share capital including Rs.0.10 crore special capital having no dividend liability and Rs.2.00 crores by way of adjustment towards repayment of loan in lieu of share capital provided by State Government to the corporation in earlier years. The paid up capital of the corporation increased from Rs.65.90 crores to Rs.71.60 crores (including special capital of Rs.2.50 crores). The break-up of shareholding is given in Table - 5.

પત્રક - ૫ Table - 5

વિવિધ વર્ગોના શૅર ધારણની વિગતો
Shareholding of various classes of shareholders

As on (31-03-94)

ક્રમાંક Sr. No.	શૅરધારકોની વિગતો Particulars of shareholding	ધારણ કરેલ શૅર (રૂ. ૧૦૦નો દરેક) No. of shares held (of Rs. 100 each)	ટકાવારી હિસ્સો Percentage share
1.	ગુજરાત સરકાર Government of Gujarat		
	'એ' વર્ગના શૅર 'a' Class of share	47,26,000	66.01
	'સી' વર્ગના શૅર 'c' Class of share	25	—
	'ડી' વર્ગના શૅર 'd' Class of share	3,015	0.04
	ખાસ વર્ગના શૅર Special Class of share	1,80,000	2.51
2.	ભારતીય ઔદ્યોગિક વિકાસ બૅન્ક Industrial Development Bank of India (IDBI)		
	'બી' વર્ગના શૅર 'b' Class of share	21,40,000	29.89
	ખાસ વર્ગના શૅર Special Class of share	70,000	0.98
3.	અનુસૂચિત બૅન્કો, સહકારી બૅન્કો, વીમા કંપનીઓ Scheduled Banks, Co-op.Banks. Insurance Companies		
	'સી' વર્ગના શૅર 'c' Class of share	40,000	0.56
4.	અન્ય Others		
	'ડી' વર્ગના શૅર 'd' Class of share	960	0.01
	કુલ Total	**71,60,000**	100.00

INDEX

શૅરમૂડીના બદલામાં ધિરાણ

૩.૦૬ શૅરમૂડીના બદલામાં ધિરાણ તરીકે રાજ્ય સરકારે અને ભારતીય ઔદ્યોગિક વિકાસ બૅન્કે આપેલો ફાળો વર્ષના પ્રારંભે રૂ.૧૬.૨૬ કરોડ હતો. રાજ્ય સરકારે નિગમને શૅરમૂડી પૂરી પાડતી વેળા, અગાઉનાં વર્ષોમાં નિગમને રાજ્ય સરકારે પૂરી પાડેલી મૂડીના હિસ્સા બદલે ધિરાણની પુનઃચૂકવણી પેટે રૂ.૨.૦૦ કરોડ મજરે આપ્યા હતા આથી શૅર મૂડીના બદલામાં ધિરાણ તરીકે રાજ્ય સરકારે અને ભારતીય ઔદ્યોગિક વિકાસ બૅન્કે આપેલો ફાળો, વર્ષને અંતે રૂ.૧૪.૨૬ કરોડ રહ્યો હતો.

LOAN IN LIEU OF SHARE CAPITAL

3.06 Loan in lieu of share capital contributed by the State Government and Industrial Development Bank of India stood at Rs.16.26 crores at the beginning of the year. The State Government, while providing share capital contribution to the corporation, adjusted Rs.2.00 crores towards repayment of loan in lieu of share capital provided by the State Government to the corporation in earlier years. Thus, the loan in lieu of share capital contributed by the State Government and Industrial Development Bank of India at the end of the year stood at Rs.14.26 crores.

દેવા:પરત ચૂકવણીનું પ્રમાણ

૩.૦૭ નિગમનું દેવા:પરત ચૂકવણીનું પ્રમાણ ૧.૪૩ હતું.

DEBT SERVICE COVERAGE RATIO

3.07 The debt service coverage ratio of the corporation was 1.43.

પરત ચૂકવણી

૩.૦૮ નિગમને સહાયિત એકમો તરફથી મુદ્દલ પેટે રૂ.૧૦૧.૭૦ કરોડની પરત-ચૂકવણી મળી હતી, જે અગાઉના વર્ષના રૂ.૬૬.૬૫ કરોડની સરખામણીમાં ૫૨.૫૯%નો વધારો સૂચવે છે.

REPAYMENT

3.08 The corporation received repayment of Rs.101.70 crores from its assisted units towards principal showing a rise of 52.59% as compared to Rs.66.65 crores received in previous year.

કરજ

૩.૦૯ નાણાકીય સંસાધનોની જરૂરિયાત પૂરી કરવા વર્ષ દરમિયાન મેળવાયેલ કરજની વિગતો પત્રક-૬માં આપી છે. વર્ષને અંતે નિગમનું કુલ ચોખ્ખું કરજ રૂ.૭૨૪.૬૫ કરોડ હતું જેની સરખામણીમાં અગાઉના વર્ષનું કરજ રૂ.૬૩૭.૪૧ કરોડ હતું.

BORROWINGS

3.09 Borrowings made to meet the resources requirements during the year is shown in table-6. The aggregate net borrowings of the corporation amounted to Rs.724.65 crores at the end of the year compared to Rs.637.41 crores at the end of previous year.

હિસાબ અન્વેષણ

૩.૧૦ ગુજરાત સરકારે, રાજ્ય નાણાકીય નિગમ ધારા, ૧૯૫૧ની કલમ ૩૭(૧) અન્વયે, ભારતના કોમ્પ્ટ્રોલર ઍન્ડ ઑડિટર જનરલના પરામર્શમાં, નિગમના હિસાબ અન્વેષકો (ઑડિટરો) તરીકે અમદાવાદના ચાર્ટર્ડ ઍકાઉન્ટન્ટ્સ અશ્વિન એન્ડ જયેશની નિમણૂંક કરી હતી.

AUDIT

3.10 Ashwin & Jayesh, Chartered Accountants, Ahmedabad have been appointed as auditors of the corporation by the Government of Gujarat in consulation with the Comptroller and Auditor General of India in pursuance of section 37(i) of SFCs Act, 1951.

૩.૧૧ રાજ્ય નાણાકીય નિગમ ધારા, ૧૯૫૧ની કલમ ૩૭ની પેટા-કલમ(૬) અન્વયે વર્ષ દરમિયાન ૧૯૯૨-૯૩ના વર્ષના નિગમના હિસાબોનું અન્વેષણ ગુજરાતના એકાઉન્ટન્ટ જનરલે કર્યું હતું.

3.11 The Accountant General, Gujarat carried out the audit of Accounts of corporation for 1992-93 during the year, under sub-section (6) of section 37 of the SFCs Act.1951.

પત્રક - ૬ Table - 6

કરજનાં સાધનો
Borrowings

(રૂ. કરોડમાં) (Rs.in crores)

ક્રમ Sr. No.	કરજનાં સાધનો Sources of Borrowings	કરજ લીધાનાં વર્ષ Borrowings made in		ચોખ્ખું કરજ ૩૧-૩-૯૪ના રોજ Net Borrowings as on 31.3.94
		1993-94	1992-93	
1	2	**3**	4	5
1.	બજારમાંથી કરજ Market Bonds	**32.40**	39.33	315.18
2.	પ્રતિધિરાણ : Refinance :			
	(a) સિડબી SIDBI	**110.00**	92.00	343.86
	(b) આઇડીબીઆઈ IDBI	**5.97**	9.66	36.89
3.	નવું કરજનું સાધન New Debt Instrument	**—**	—	12.00
4.	સરકારી લોન (સબવેન્શન સિવાય) Govt. Loan (Excluding Subvention)	**—**	—	8.49
5.	આઇડીબીઆઈ IDBI Loan	**—**	—	8.23
	કુલ Total	**148.37**	140.99	724.65

INDEX

૪ સંચાલન

નિયામક મંડળ

૪.૦૧ વર્ષ દરમિયાન રાજ્ય સરકારે શ્રી એમ. એન. બુચ, આઈ.એ.એસ.ને સ્થાને નિયામક તરીકે શ્રી કે. એસ. વર્મા, આઈ. એ. એસ.ની નિમણૂંક કરી હતી. શ્રી ગોમથીનાયગમ્ તથા શ્રી એમ. એસ. પટેલને સ્થાને અનુક્રમે શ્રી બી. એલ. બંસલ અને શ્રી વિજયભાઈ સી. કેલ્લા, નિયામકો તરીકે ચૂંટાયા હતા.

૪.૦૨ નિયામક મંડળની બેઠક વર્ષમાં ૧૭ વાર મળી હતી.

અધ્યક્ષ

૪.૦૩ શ્રી શંભુભાઈ વી. પટેલ નિગમના અધ્યક્ષ તરીકે ચાલુ રહ્યા હતા.

મૅનેજિંગ ડિરેક્ટર

૪.૦૪ શ્રી આર. કે. શાહ, આઈ.એ.એસ.એ, નિગમના મૅનેજિંગ ડિરેક્ટર તરીકે ૬-૪-૧૯૯૩થી હોદ્દો સંભાળ્યા પછી, વર્ષ દરમિયાન ચાલુ રહ્યા હતા.

કારોબારી સમિતિ

૪.૦૫ નિયામક મંડળમાં ફેરફાર થતાં કારોબારી સમિતિની પુનઃરચના કરવામાં આવી હતી અને ૩૧-૩-૯૪ના રોજ તેમાં નીચે દર્શાવેલ નિયામકો હતા :

૧.	શ્રી આર. કે. શાહ, આઈ.એ.એસ.	મૅનેજિંગ ડિરેક્ટર અને સમિતિના અધ્યક્ષ
૨.	શ્રી કુમુદચંદ્ર રાવલ	નિયામક
૩.	શ્રી ઈન્દુભાઈ સી. વોરા	નિયામક
૪.	શ્રી વિજયભાઈ સી. કેલ્લા	નિયામક
૫.	શ્રી પી. આર. દાસ	નિયામક
૬.	શ્રી એસ. શંકર	નિયામક

૪.૦૬ કારોબારી સમિતિ વર્ષમાં ૧૩ વખત મળી હતી.

પ્રાદેશિક ધિરાણ સમિતિઓ

૪.૦૭ પ્રાદેશિક ધિરાણ સમિતિઓ (રીજીઅનલ લોન

4 MANAGEMENT

BOARD OF DIRECTORS

4.01 Shri K S Varma, IAS, was nominated as director by the State Government during the year in place of Shri M N Buch, IAS. Shri B L Bansal and Shri Vijaybhai C Kella were elected as directors in place of Shri Gomathinayagam and Shri M S Patel respectively.

4.02 Board met 17 times during the year.

CHAIRMAN

૪.૦૩ Shri Shambhubhai V Patel continued as chairman of the corporation.

MANAGING DIRECTOR

4.04 Shri R K Shah, IAS wh has taken over as Managing Director of the corporation with effect from 6.4.1993 and continued as Managing Director during the year.

EXECUTIVE COMMITTEE

4.05 On account of changes in the Board, the Executive Committee was reconstituted and had the following directors as on 31.3.94 :

1	Shri R K Shah, IAS	Managing Director and Chairman of the Committee
2.	Shri Kumudchandra Raval	Director
3.	Shri Indubhai C Vora	Director
4.	Shri Vijaybhai C Kella	Director
5.	Shri P R Das	Director
6.	Shri S Sankar	Director

4.06 The Executive Committee met 13 times durig the year.

REGIONAL LOAN COMMITTEES

4.07 The Regional Loan Committees (RLCs)

કમિટિઝ-આર.એલ.સી.) જેમાં અધ્યક્ષ, મૅનેજિંગ ડિરેક્ટર, બે નિયામકો, નાયબ મહાપ્રબંધક (લઘુ ધિરાણ વિભાગ) [ડેપ્યુટી જનરલ મૅનેજર (એસ.એલ.ડી.)] તથા સંબંધિત પ્રદેશના પ્રાદેશિક પ્રબંધકનો (રીજીઅનલ મૅનેજર) સમાવેશ થાય છે, તે વર્ષ દરમિયાન ચાલુ રહી હતી. આ સમિતિને આ મુજબની સત્તાઓ છે : (અ) ધિરાણ માટેની અરજીઓ સ્વીકારવી (બ) ધિરાણ મંજૂર કરવું, (ક) અસ્કયામતોના નિકાલની મંજૂરી આપવી, (ડ) અસ્કયામતોના વેચાણ માટેના ટેન્ડરો મંજૂર કરવાં, અને (ઈ) રૂ.૧૫ લાખ સુધીના ધિરાણ માટે પ્રાદેશિક કચેરી ખાતે એકી વેળાની પતાવટ મંજૂર કરવી.

consisting of Chairman, Managing Director, two Directors, Dy.General Manager(SLD) and Regional Manager of the concerned region were continued during the year. The committee is empowered to (a) accept loan application, (b) sanction loans, (c) approve disposal of assets, (d) approve tenders for sale of assets and (e) arrive at one time settlement for loan upto Rs. 15 lakhs at Regional Office.

૪.૦૮ વર્ષ દરમિયાન, પ્રાદેશિક ધિરાણ સમિતિઓ ૬૫ વખત મળી હતી.

4.08 The Regional Loan Committees met 65 times during the year.

પતાવટ સમિતિ (સેટલમેન્ટ કમિટિ)

૪.૦૯ રૂ.૧૫ લાખથી વધુ રકમના ધિરાણ કિસ્સામાં આખરી પતાવટ માટે વડી કચેરી ખાતે એક પતાવટ સમિતિની રચના કરાઈ છે, જેમાં નિમ્નલિખિત નિયામકોનો સમાવેશ થાય છે :

SETTLEMENT COMMITTEE

4.09 A Settlement Committee was constituted at head office for loans above Rs.15 lakhs to arrive at one time settlement with entrepreneurs, consisted of following directors :

૧.	શ્રી એસ.વી. પટેલ	અધ્યક્ષ	1. Shri S V Patel — Chairman
૨.	શ્રી આર. કે. શાહ, આઈએએસ	મૅનેજિંગ ડિરેકટર	2. Shri R K Shah, IAS — Managing Director
૩.	શ્રી ડી. કે. મારુ	નિયામક	3. Shri D K Maru — Director
૪.	શ્રી પી. આર. દાસ	નિયામક	4. Shri P R Das — Director
૫.	શ્રી બી. આર. દિવાનજી	નિયામક	5. Shri B R Diwanji — Director

૪.૧૦ આ સમિતિ વર્ષમાં ૧૨ વખત મળી હતી.

4.10 The committee met 12 times during the year.

ટેન્ડર સમિતિ

TENDER COMMITTEE

૪.૧૧ એકમોની અસ્કયામતોના વેચાણ માટે વડી કચેરી ખાતે કામ કરતી ટેન્ડર સમિતિની પુનઃરચના કરાઈ હતી. એમાં અધ્યક્ષશ્રી, મૅનેજિંગ ડિરેકટર, એક નિયામક અને નિગમના બે શ્રેયાન અધિકારીઓનો સમાવેશ કરાયો હતો. આ સમિતિને, રૂ.૧૫ લાખથી વધુ ધિરાણ મંજૂર કરાયું હોય એવા એકમોની અસ્કયામતોનું, રાજ્ય નાણાકીય નિગમ ધારાની કલમઃ૨૯ અન્વયે વેચાણ કરવાની સત્તા છે. આ સમિતિ ૧૦ વાર મળી હતી.

4.11 The Tender Committee at head office dealing with the sale of assets of the units was reconstituted. It consisted of Chairman, Managing Director, One Director and two Senior Officers of the corporation. The Committee is empowered to approve sale of assets under section 29 of SFCs Act, where loan sanctioned is above Rs. 15 lakhs. This committee met 10 times.

મહેકમ સમિતિ

PERSONNEL COMMITTEE

૪.૧૨ મહેકમ સમિતિની વર્ષ દરમિયાન પુનઃરચના કરાઈ

4.12 The Personnel Committee was

INDEX

હતી, અને એમાં નિમ્નલિખિત નિયામકોનો સમાવેશ કરાયો હતો :

૧.	શ્રી શંભુભાઈ વી. પટેલ	અધ્યક્ષ
૨.	શ્રી આર. કે. શાહ, આઈએએસ	મૅનેજિંગ ડિરેક્ટર
૩.	શ્રી કે. એસ. વર્મા, આઈએએસ	નિયામક
૪.	શ્રી પી. આર. દાસ	નિયામક
૫.	શ્રી બી. આર. દિવાનજી	નિયામક

૪.૧૩ આ સમિતિ વર્ષમાં બે વાર મળી હતી.

કર્મચારી પસંદગી સમિતિ

૪.૧૪ 'બી' અને 'સી' કક્ષાના કર્મચારીઓની પસંદગી અને અથવા બઢતી માટેની કર્મચારી પસંદગી સમિતિની પુનઃરચના કરવામાં આવી હતી અને એમાં મહાપ્રબંધક (મૂલ્યાંકન અને ચૂકવણી) [જનરલ મૅનેજર (એ. એન્ડ ડી.)] (અધ્યક્ષ) અને સયુક્ત મહાપ્રબંધક (મહેકમ અને વહીવટ)નો [જોઈન્ટ જનરલ મૅનેજર (પી. એન્ડ એ.)] સમાવેશ કરવામાં આવ્યો હતો.

૪.૧૫ આ સમિતિ વર્ષ દરમિયાન ૧૦ વખત મળી હતી.

સંસ્થાકીય પ્રગતિ

૪.૧૬ વામન ધિરાણ એકમોના વિકાસને લક્ષમાં લઈને નિગમે વિસ્તરણ/વૈવિધ્યીકરણ/આધુનિકીકરણ વગેરે ઈચ્છતા વર્તમાન નિયમિત ગ્રાહકો માટે રુ. ૨.૫૦ લાખ સુધીનાં ધિરાણો મંજૂરી માટે સંબંધિત સમિતિ સમક્ષ સીધે સીધાં રજૂ કરવાનું નક્કી કર્યું છે.

૪.૧૭ ખાસ કરીને નિયમિત રીતે અક્ષમતા દાખવનાર એકમો પાસેથી લેણાં વસૂલ કરવા માટે 'ક્રોનિક રીકવરી સૅલ' નામે એક નવો વિભાગ વસૂલાત વિભાગમાં શરૂ કરાયેલ છે, જે જોઈન્ટ જન. મૅનેજરની કક્ષાના સીનિયર એક્ઝીક્યુટિવના સીધા નિરીક્ષણ હેઠળ રહે છે.

૪.૧૮ નિગમે ઠરાવ્યું છે કે ડૉક્ટરો અને વ્યવસાયિકો (પ્રોફેશનલ્સ) માટેની યોજના હેઠળ મળતી ધિરાણ માટેની દરખાસ્તોનું મૂલ્યાંકન કરીને યોગ્ય નિર્ણય માટે સીધે સીધી મૅનેજિંગ ડિરેક્ટર સમક્ષ રજૂ કરવી.

૪.૧૯ નિગમની વડી કચેરી તથા અન્ય કચેરીઓ વધુ સારી રીતે કામગીરી કરી શકે એ માટે મહેકમ, વહીવટી અને માનવ સંસાધન

reconstituted during the year, which consisted of the following directors :

1.	Shri Shambhubhai V Patel	Chairman
2.	Shri R K Shah, IAS	Managing Director
3.	Shri K S Varma, IAS	Director
4.	Shri P R Das	Director
5.	Shri B R Diwanji	Director

4.13 The Committee met twice during the year.

STAFF SELECTION COMMITTEE

4.14 The Staff Selection Committee for selection and/or promotion for "B" and "C" categories of staff was reconstituted, which consisted of General Manager (A&D), (Chairman) and Jt. General Manager (P&A).

4.15 The committee met 10 tim :s during the year.

ORGANISATIONAL DEVELOPMENT

4.16 Corporation decided to put up the cases directly to respective committees for sanctioning of loan upto Rs.2.50 lakhs for existing regular clients contemplating expansion/diversification/modernisation etc. to expedite the clearance of loans for tiny units.

4.17 In order to concentrate more efforts on recovery of dues particularly from recalcitrant units, a new cell viz. Chronic Recovery Cell has been constituted in Recovery Department under direct supervision of a Senior Executive of the rank of Jt.General Manager.

4.18 Corporation also decided that the loan proposals received under Doctors and Professionals scheme be apprised and to be put up before MD directly for suitable decision.

4.19 With a view to have better functioning of the head office as well as other offices of the corporation, power regarding personnel.

INDEX

વિકાસ (એચ.આર.ડી.) ને લગતી કેટલીક સત્તાઓનું વિવિધ સ્તરે વિકેન્દ્રીકરણ કરવામાં આવ્યું છે.

કલ્યાણકારી પગલાં

૪.૨૦ નિગમે પોતાના અધિકારીઓ/કર્મચારીઓ માટે મકાન બાંધકામ માટેના ધિરાણની ટોચ મર્યાદા રુ. ૧.૨૫ લાખથી વધારીને રુ. ૧.૫૦ લાખ કરી છે, અને ખાસ મરામતો માટેના ધિરાણની મર્યાદા પણ રુ. ૫,૦૦૦ થી વધારીને રુ. ૪૦,૦૦૦ કરી છે.

૪.૨૧ કર્મચારીગણ ઉપર થતો વહીવટ ખર્ચ ઘટાડવા તથા નિગમમાં પ્રાપ્ય માનવશક્તિનો યોગ્યતમ ઉપયોગ કરવા માટે સ્વૈચ્છિકનિવૃત્તિની એક યોજના રજૂ કરવામાં આવી છે. ૩૧-૩-૯૪ સુધીમાં કુલ ૩૨ અધિકારીઓ/કર્મચારીઓએ આ યોજનાનો લાભ લીધો છે.

માનવ સંસાધન વિકાસ

૪.૨૨ નિગમનાં માનવ સંસાધનોની તકનિકી કક્ષા સુધરે તથા તેમની દૃષ્ટિસંપન્નતા વિકસે, તેને નિગમ ખૂબ અગત્ય આપે છે. વર્ષ દરમિયાન કચેરી આંગણે તાલીમ માટે ૩ જૂથોને માટે ગોઠવણો થઈ હતી. તેમાં ૯૦ અધિકારીઓ તથા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતા. આ ઉપરાંત પ્રતિષ્ઠિત સંસ્થાઓ દ્વારા આયોજિત બાહ્ય તાલીમ કાર્યક્રમોમાં ૪૭ જેટલાં અધિકારીઓ અને કર્મચારીઓને મોકલવામાં આવ્યા હતા.

આભાર દર્શન

૪.૨૩ ગુજરાત સરકાર દ્વારા નિગમની કામગીરીમાં દર્શાવાયેલ સતત ટેકા અને ઊંડા રસની સાભાર નોંધ લેતાં, નિગમનું નિયામક મંડળ આનંદ અનુભવે છે. ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગ, નાણાં વિભાગ તથા ગુજરાત સરકારના ઉદ્યોગ કમિશ્નરશ્રીની કચેરીની સમયસરની મદદ, ટેકા અને માર્ગદર્શન માટે, મંડળ આભાર વ્યક્ત કરે છે.

૪.૨૪ આઈ.ડી.બી.આઈ., એસ.આઈ.ડી.બી.આઈ. (સિડબી) તથા તેમની અમદાવાદ ખાતેની કચેરીઓ તરફથી મળેલ સમયસરના ટેકા તથા સહાય અને કિંમતી માર્ગદર્શન માટે, નિગમ આભાર વ્યક્ત કરે છે. નિગમ દ્વારા તરતા મૂકાયેલા બૉન્ડઝને ઉદારપણે ટેકો આપવા બદલ, વ્યાપારી બૅન્કો, જીવન વીમા નિગમ તથા અન્ય સંસ્થાઓનું પણ, નિયામક મંડળ આભારી છે.

૪.૨૫ સાથી સંસ્થાઓ જેવી કે જી.આઈ.આઈ.સી.,

administration and HRD matters have further been delegated to various levels.

WELFARE MEASURES

4.20 The corporation has raised the ceiling limit of HBA from Rs.1.25 lakhs to Rs.1.50 lakhs and limit of advance for special repairs has also been enhanced from Rs. 5000/- to Rs. 40,000 for the officers/employees of the corporation.

4.21 In order to reduce administration cost on personnel and to make optimum utilisation of man power available with the Corporation, a scheme of voluntary retirement has been introduced. 32 officers/employees have taken the benefit under the scheme upto 31.3.94.

HUMAN RESOURCES DEVELOPMENT

4.22 The corporation attaches great importance to developing its human resources by upgrading their technical as well as conceptual skills. During the course of the year, in house training in 3 batches were organised which were attended by 90 officers and employees. Besides, 47 officers and employees were deputed for external training programmes organised by institutes of repute.

ACKNOWLEDGEMENT

4.23 The Board of Directors is pleased to place on record its gratitude to the Government of Gujarat for continuous support and keen interest evinced in the affairs of the corporation. The Board takes this opportunity to thank the Industries, Mines and Energy Department, Finance Department and Commissionerate of Industries, Government of Gujarat for their timely help, support and guidance.

4.24 The Board gratefully acknowledges the timely assistance and support and valuable guidance provided by IDBI, SIDBI and their Ahmedabad offices to the corporation. The Board also acknowledges with thanks the commercial banks, LIC and other institutions for lending liberal support to bonds floated by the corporation.

4.25 The corporation's thanks are also due to its sister organisations viz. GIIC, GIDC,

INDEX

જી.આઈ.ડી.સી., જી.એસ.આઈ.સી., ઈન્ડેક્સ્ટ-બી, જિટ્કો તથા ડીઆઈસી (જિલ્લા ઉદ્યોગ કેન્દ્રો)નો, એમના અમૂલ્ય સહકાર બદલ નિગમ આભાર વ્યક્ત કરે છે.

૪.૨૬ નિયામક મંડળ, ભૂતપૂર્વ મૅનેજિંગ ડિરેક્ટર શ્રી એલ. એમ. સુદ, આઈ.એ.એસ. ની પ્રશંસનીય સેવાઓની હર્ષભેર નોંધ લે છે.

૪.૨૭ નિવૃત્ત થતા નિયામકો શ્રી એમ.એન. બુચ, આઈ.એ.એસ., શ્રી એન. ગોમથીનાયગમ્ તથા શ્રી એમ.એસ. પટેલે પોતાની મુદત દરમ્યાન આપેલી મૂલ્યવાન સેવાઓની પણ મંડળ પ્રશંસાપૂર્વક નોંધ લે છે.

૪.૨૮ વર્ષ દરમિયાન, નિગમના તમામ કક્ષાના અધિકારીઓ તથા કર્મચારીઓએ બજાવેલ સક્રિષ્ઠ સેવા બદલ પણ, મંડળ પ્રશંસા વ્યક્ત કરે છે.

નિયામક મંડળ વતી અને માટે,
આર. કે. શાહ, આઈ.એ.એસ.
મૅનેજિંગ ડિરેક્ટર

અમદાવાદ
તારીખ : ૭-૬-૧૯૯૪

GSIC, INDEXTb, GITCO and DICs for their valuable co-operation.

4.26 The Board is pleased to place on record its appreciation for the valuable contributions made by Shri L M Sud, IAS, former Managing Director.

4.27 Board is pleased to record the valuable services rendered by outgoing directors viz. Shri M N Buch, IAS, Shri N Gomathinayagam and Shri M S Patel during their tenure.

4.28 The Board appreciates the dedicated efforts made by the executives and employees of the corporation at all levels during the year.

For and on behalf of Board of Directors,
R K Shah, IAS
Managing Director

Ahmedabad
Date : 07-06-1994

ગુજરાત રાજ્ય નાણાકીય નિગમના શૅર હોલ્ડરો જોગ ઑડિટરોનો અહેવાલ

અમોએ આ સાથે બીડેલ ગુજરાત રાજ્ય નાણાકીય નિગમના ૩૧ માર્ચ, ૧૯૯૪ના વર્ષનું સરવૈયું અને તે જ તારીખે પૂરા થતા વર્ષનું નફા-નુકશાન ખાતાનું અન્વેષણ કર્યું છે.

અમો નીચે પ્રમાણે અહેવાલ આપીએ છીએ :

૧. હિસાબોમાં નીચેના માટે કોઈ જોગવાઈ કરાઈ નથી :

અ. આઈડીબીઆઈએ જારી કરેલી માર્ગદર્શક રેખાઓના સંદર્ભમાં, રૂ. ૧૦૬૩.૯૯ લાખની શકમંદ અને હલકી અસ્કયામતો. [અનુસૂચિ ૧૬ના ભાગ 'બ'ની નોંધ નં.૧(i)]

બ. આઈડીબીઆઈએ જારી કરેલી માર્ગદર્શક રેખાઓના સંદર્ભમાં, ચૂકવવા પાત્ર થતાં અને પાકેલા બીજા ખર્ચાઓની રૂ. ૯.૯૫ લાખની [અનુસૂચિ ૧૬ના ભાગ 'બ'ની નોંધ નં. ૧-(ii)].

૨. અનુસૂચિ ૧૭માં દર્શાવેલ, પૂરગ્રસ્ત એકમોને ૧૯૭૦માં અપાયેલ ધિરાણની રકમ રૂ. ૨૦૦૭ અને રમખાણગ્રસ્ત એકમોને ધિરાણની રકમ રૂ. ૨૧૬૩૬૩ મળી કુલે રૂ. ૨,૧૮,૩૭૦ની જામીનગીરીઓના અસ્તિત્વ અંગેની વિગતો ઉપલબ્ધ નથી. જો કે આ જામીનગીરીઓ માટે, ગુજરાત સરકારે બાંયધરી આપી છે.

૩. અમારી ઉપરોક્ત નોંધને આધિન :

અ. અમોએ માંગેલી સઘળી માહિતી અને ખુલાસા અમોને સંતોષકારક મળેલ છે.

બ. અમારા અભિપ્રાય પ્રમાણે આ સરવૈયું એ સંપૂર્ણ અને સાચું સરવૈયું છે, જે જરૂરી બધી વિગતો ધરાવે છે.

ક. અમારા અભિપ્રાય પ્રમાણે અને અમારી શ્રેષ્ઠ માહિતી પ્રમાણે, અમોને અપાયેલ ખુલાસાઓ પ્રમાણે અને નિગમના ચોપડાઓમાં દર્શાવ્યા મુજબ, અનુસૂચિ ૧૬માં દર્શાવેલ નોંધ સાથેનું સરવૈયું ધારા અને નિગમના નિયમો પ્રમાણેનું છે, જે નિગમનું સાચું અને યથાર્થ ચિત્ર દર્શાવે છે.

અશ્વિન ઍન્ડ જયેશ,
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ વતી,

(જે. એમ. શાહ)
ભાગીદાર

અમદાવાદ
તા.૧૭-૦૫-૧૯૯૪

AUDITORS' REPORT TO THE SHAREHOLDERS OF GUJARAT STATE FINANCIAL CORPORATION

We have audited the attached Balance Sheet of GUJARAT STATE FINANCIAL CORPORATION as at 31st March, 1994 and Profit & Loss Account for the year ended on that date.

We report as under :

1. No provision is made in the accounts :

   a. For Rs. 1063.99 lacs for Doubtful & Sub-standard Assets to accordance with the guidelines issued by IDBI (Note No. 1(i) of Part B of Schedule 16).

   b. For Rs. 9.95 lacs for other expenditure on accrued and due basis in accordance with guideline issued by IDBI (Note No. 1(ii) of Part B of Schedule 16).

2. Information as to the State of existence of security in respect of Flood Loan 1970 Rs.2007/- and Riot Loan Rs. 216363/- aggregating to Rs. 218370/- as are referred to in Schedule 17 is not ava lable. However, they are guaranteed by Government of Gujarat.

3. Subject to our foregoing remarks :

   i. We have obtained all the information and explanation called for to our satifaction.

   ii. In our opinion the Balance Sheet is a full and fair Balance Sheet containing all necessary particulars.

   iii. In our opinion and to the best of information and according to the explanations given to us and as shown by the books of the Corporation, the Balance Sheet together with notes as given in Schedule 16 is properly drawn in accordance with the Act and Regulations of the Corporation so as to exhibit a true and correct view of the state of affairs of the corporation.

FOR ASHWIN & JAYESH
Chartered Accountants

J. M. SHAH
Partner

AHMEDABAD
DATE : 17-05-1994

INDEX

સરવૈયું
તા. ૩૧મી માર્ચ ૧૯૯૪ના રોજનું

Balance Sheet
As at 31st March 1994

મૂડી અને જવાબદારીઓ CAPITAL & LIABILITIES	અનુસૂચિ Schedule	૩૧મી માર્ચ ૧૯૯૪ના રોજ રૂ. As at 31-3-1994 Rupees	૩૧મી માર્ચ ૧૯૯૩ના રોજ રૂ. As at 31-3-1993 Rupees
શૅરમૂડી Share Capital	1	**71,60,00,000**	65,90,00,000
શૅર મૂડીમાં રૂપાંતર પામનાર બાકી કરજ Loan pending Conversion to Share Capital	2	**14,25,71,934**	16,25,71,934
અનામત અને અધિશેષ Reserves & Surplus	3	**16,54,52,309**	14,24,41,240
લાંબા ગાળાનું ધિરાણ Long Term Borrowings	4	**7,21,69,60,317**	6,42,85,71,935
અન્ય જવાબદારીઓ Other Liabilities	5	**22,23,55,578**	20,99,65,372
	કુલ Total	**8,46,33,40,138**	7,60,25,50,481
અસ્કયામતો : ASSETS			
રોકડ અને બૅન્ક થાપણ Cash & Bank Balance	6	**35,90,03,555**	42,16,62,400
રોકાણો Investments	7	**28,16,010**	28,16,010
ધિરાણ અને પેશગી Loans & Advances	8	**7,94,53,25,878**	7,02,42,87,667
સ્થાયી અસ્કયામતો Fixed Assets	9	**3,54,87,713**	3,45,87,843
અન્ય અસ્કયામતો Other Assets	10	**5,16,10,042**	5,76,99,032
ડિવિડન્ડ ખાધ ખાતું Dividend shortfall Account		**6,90,96,940**	6,14,97,529
	કુલ Total	**8,46,33,40,138**	7,60,25,50,481
હિસાબો પરની નોંધ Note on Accounts	16		

૧. **એસ.વી. પટેલ**
અધ્યક્ષ
S.V. Patel
Chairman

૨. **આર.કે. શાહ આઈ.એ.એસ.**
વહીવટી નિયામક
R.K. Shah I.A.S.
Managing Director

૩. **એન. એમ. મુખી**
સેક્રેટરી (બોર્ડ)
N.M. Mukhi
Secretary (Board)

૪. **આર.જી. વાર્ષ્નેય**
જનરલ મૅનેજર (એપ્રાઈઝલ એન્ડ ડીસબ.)
R.G. Varshney
General Manager (Appr. & Disb.)

૫. **જે.પી. જોશીપુરા**
જૉઈન્ટ જનરલ મૅનેજર (ફાઈનાન્સ એન્ડ એકા.)
J.P. Joshipura
Jt. General Manager (Fin. & Acct.)

નિયામકો
Directors

૧. પી.આર. દાસ
P.R. Das

૨. આર. જયરામન્ ઐયર
R. Jayaraman Iyer

૩. એસ. શંકર
S. Sankar

૪. કુમુદચંદ્ર રાવલ
Kumudchandra Raval

૫. ઈન્દુભાઈ વ્હોરા
Indubhai Vora

૬. ડી.કે. મારુ
D.K. Maru

૭. વી. સી. કેલ્લા
V.C. Kella

તા. ૧૭-૦૫-૧૯૯૪
Dt. : 17-05-1994

અમારા આ જ તારીખના સાથે જોડેલ અહેવાલ મુજબ
As per our report of even date attached herewith

અશ્વિન ઍન્ડ જયેશ
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, વતી
For Ashwin and Jayesh
Chartered Accountants

જે. એમ. શાહ J. M. Shah
ભાગીદાર Partner

અમદાવાદ
Ahmedabad

તા. ૧૭-૦૫-૧૯૯૪
Dt. 17-05-1994

INDEX

નફા-નુકશાન ખાતું
તા. ૩૧મી માર્ચ ૧૯૯૪ના રોજ પૂરા થતા વર્ષનું

Profit & Loss Account
For the year ended on 31st March 1994

આવક INCOME	અનુસૂચિ Schedule	૧૯૯૩-૯૪ના રોજ રૂ. 1993-94 Rupees	૧૯૯૨-૯૩ના રોજ રૂ. 1992-93 Rupees
ધિરાણ અને પેશગી પરનું વ્યાજ Interest on Loans & Advances		1,07,14,73,416	77,60,32,982
ટૂંકાગાળાની થાપણો પરનું વ્યાજ Interest on Short Term Deposits		92,97,367	78,06,578
અન્ય આવક Other Income	11	7,86,15,058	6,87,62,976
	કુલ Total	1,15,93,85,841	85,26,02,536
ખર્ચાઓ : EXPENDITURE :			
બોન્ડ્સ, થાપણો અને અન્ય ધિરાણો પરનું વ્યાજ Interest on Bonds, Deposits & Other Borrowings	12	77,13,42,745	60,73,79,095
નાણાકીય ખર્ચા અને વાયદા શુલ્ક Financial Expenses & Commitment Charges	13	2,86,29,807	2,74,44,919
મહેકમ ખર્ચા Personnel Expenses	14	6,38,54,912	5,53,35,089
અન્ય ખર્ચા Other Expenses	15	25,22,95,995	13,82,67,982
ઘસારો Depreciation		26,42,800	14,25,594
	કુલ Total	1,11,87,66,259	82,98,52,679
હિસાબો પરની નોંધ NOTES ON ACCOUNTS	16		
કરવેરા પહેલાંનો નફો Profit Before Taxation		4,06,19,582	2,27,49,857
કરવેરાની જોગવાઈ Provision for Taxation		1,35,00,000	70,00,000
ચોખ્ખો નફો Net Profit		2,71,19,582	1,57,49,857

૧. એસ.વી. પટેલ
અધ્યક્ષ
S.V. Patel
Chairman

૨. આર.કે. શાહ આઈ.એ.એસ.
વહીવટી નિયામક
R.K. Shah I.A.S.
Managing Director

૩. એન. એમ. મુખી
સેક્રેટરી (બોર્ડ)
N.M. Mukhi
Secretary (Board)

૪. આર.જી. વાર્ષ્નેય
જનરલ મૅનેજર (એપ્રાઈઝલ એન્ડ ડીસ્પ.)
R.G. Varshney
General Manager (Appr. & Disb.)

૫. જે.પી. જોષીપુરા
જૉઈન્ટ જનરલ મૅનેજર (ફાઈનાન્સ એન્ડ એકા.)
J.P. Joshipura
Jt. General Manager (Fin. & Acct.)

નિયામકો
Directors

૧. પી.આર. દાસ
P.R. Das

૨. આર. જયરામન્ ઐયર
R. Jayaraman Iyer

૩. એસ. શંકર
S. Sankar

૪. કુમુદચંદ્ર રાવલ
Kumudchandra Raval

૫. ઈન્દુભાઈ વ્હોરા
Indubhai Vora

૬. ડી.કે. મારુ
D.K. Maru

૭. વી. સી. કેલ્લા
V.C. Kella

તા. ૧૭-૦૫-૧૯૯૪
Dt. : 17-05-1994

અમારા આ જ તારીખના સાથે જોડેલ અહેવાલ મુજબ
As per our report of even date attached herewith

અશ્વિન એન્ડ જયેશ
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, વતી
For Ashwin and Jayesh
Chartered Accountants

જે. એમ. શાહ J. M. Shah
ભાગીદાર Partner

અમદાવાદ
Ahmedabad

તા. ૧૭-૦૫-૧૯૯૪
Dt. 17-05-1994

INDEX

સરવૈયાના ભાગ તરીકે અનુસૂચિઓ

SCHEDULE FORMING PART OF THE ACCOUNTS

	૩૧-૩-૧૯૯૪ના રોજ રૂ. As at 31-3-1994 Rupees	૩૧-૩-૧૯૯૩ના રોજ રૂ. As at 31-3-1993 Rupees
અનુસૂચિ - ૧ શૅરમૂડી : **SCHEDULE - 1 SHARE CAPITAL :**		
અધિકૃત **AUTHORISED :**		
રૂ. ૧૦૦/-નો એક એવા ૧,૦૦,૦૦,૦૦૦ અધિકૃત શૅરો (અગાઉના વર્ષે ૧૦૦/-નો એક એવા ૧,૦૦,૦૦,૦૦૦ શૅરો) 1,00,00,000 Shares of Rs. 100 each (Previous Year 100,00,000 share of Rs. 100 each)	**1,00,00,00,000**	1,00,00,00,000
બહાર પાડેલ, ભરાયેલી અને ભરપાઈ થયેલી **ISSUED, SUBSCRIBED AND PAID UP**		
Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ

ગાંધીનગર, ૨૬મી ઓક્ટોબર, ૧૯૯૪

ક્રમાંક : સમઙ/૨૮૫૬/૯૪.

ભાવળા નગરપાલિકા જિલ્લો : અમદાવાદની ચૂંટણી માટે શહેરનાં વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ.

ભારતનાં સંવિધાનના ૭૪માં સુધારાને અનુલક્ષીને ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ-૧૯૬૩માં રાજ્ય સરકાર ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ-૧૯૬૩ અન્વયે મહત્વનાં સુધારા કરેલ છે. આ અધિનિયમની કલમ-૬, પેટા કલમ-૪ અન્વયે નગરપાલિકાની ચૂંટણી મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી પંચમાં નિહીત થશે તેવી જોગવાઇ કરેલી છે અને રાજ્ય ચૂંટણી પંચે કલમ-૬, પેટા કલમ-૫ અન્વયે રાજ્ય સરકારે કરેલાં નિયમોનુસાર અધિનિયમની જોગવાઇઓને આધીન રહીને ચૂંટણી કરવી જોઇએ.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ-૭ પેટા કલમ-૨ તથા કલમ-૬ની પેટા કલમ-૩ અન્વયે જાહેરનામા ક્રમાંક: કેવી/૪૩૨/૯૪/એન.પી.બી./૭૨૯૪/૩૧૬૨/(૬)આર, તા.૧૪-૧૦-૯૪ જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તે અન્વયે ભાવળા શહેરનાં નગરપાલિકાને જેનો

INDEX

હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેના સને ૧૯૯૧નાં વસ્તી ગણતરીનાં આમરી આંકડા પ્રસિદ્ધ થયા છે, તેના આધારે ૯ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. નગરપાલિકાના કાઉન્સિલરોની કુલ બેઠકો ૨૭ નકકી કરવામાં આવી છે. જાહેરનામા અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા પછાત વર્ગ તેમજ મહિલા માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલી છે.

૩. ચૂંટણી પંચે અધિનિયમની કલમ-૭ પેટા-કલમ-૨, મંડ-૩, પેટા મંડ-અ અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગની તથા મહિલાની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજ્ય સરકારે તેમનાં જાહેરનામા ક્રમાંક: કેવો/૪૯/૧૯૯૪/એન.પી.એલ./૪૫૯૩/૩૬૫૫/એમ, તારીખ. ૧૬-૩-૯૪ અન્વયે અધિનિયમની કલમ-૨૭૭ની પેટા-કલમ-૨ તથા કલમ-૬ તથા ૭ અન્વયે વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણીનાં નિયમો-૧૯૯૪ને હવે પછી નિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે, તે બહાર પાડેલ છે.

૫. નિયમોના નિયમ-૨ અન્વયે નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે, શકય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસ્તી એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસ્તીથી કોઇપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહીં તે પ્રમાણે વોર્ડની રચના કરવાની રહે છે. આમ છતાં ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે, સ્થાનિક એકમૂકતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં લેતાં ૧૦ ટકા વધુ વધ કે ઘટ કરીને વોર્ડની રચના કરી શકશે.

૬. પંચે નગરપાલિકાના વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે. તેમજ સને ૧૯૪૮ના સેન્સસ મુજબ સને ૧૯૯૧ના વસ્તી ગણતરીનાં છેવટના પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં શહેરની કુલ વસ્તી ૨૫૩૯૧ આવે છે. જાહેરનામા મુજબ શહેરને ૯ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૨૮૨૧ની થાય છે.

૭. એકઠી કરેલી માહિતીની પંચે તેનાં કાર્યાલયના અધિકારી/કર્મચારીઓ મારફત ચકાસણી કરાવેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે, એકઠી માહિતીનાં આધારે જે રીતે વોર્ડનું સીમાંકન કરવાનું ધાર્યું છે તેમાં કોઇપણ વોર્ડમાં ૧૦ ટકાથી વસ્તી વધતી નથી કે ૧૦ ટકાથી વસ્તી ઘટતી નથી.

૮. શહેરનાં વોર્ડોને નિયમ-૩ની જોગવાઇઓને ધ્યાનમાં લઇ આ સાથે અનુસૂચિ-૧માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નકકી કરવામાં આવે છે. આ સીમાંકન નકકી કરવામાં શકય હોય ત્યાં સુધી ભૌગોલિક એકમૂકતા, નદી, રેલ્વેલાઇન, રોડ લાઇન, વગેરે કારણે બીનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એક સરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને એક સરખા વોર્ડ ૯ બની રહે તે મુદ્દો વિચારણામાં લઇ વોર્ડોનું સીમાંકન નકકી કરેલું છે.

૯. નિયમોના નિયમ-૪ અન્વયે દરેક વોર્ડમાં ત્રણ કાઉન્સિલર ચૂટવાના છે. નિયમ-૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક બીન અનામત એટલે કે, સામાન્ય બેઠક બની રહેશે. જ્યારે બીજી બેઠક મહિલા (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગની મહિલા સહિત) માટે અનામત

INDEX

રાખવાની છે. જ્યારે ત્રીજી બેઠક જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા પછાતવર્ગને ફાળવવાની રહેશે. અને તેવી ફાળવણી પછી જો કોઇ બેઠક બાકી રહે તો તે બીન અનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે.

૧૦. નિયમોના નિયમ-૬ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિની દરેક વોર્ડની વસ્તીની ટકાવારીના ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તી (સંખ્યા) વધુ હોય એટલે કે ટકાવારી વધુ હોય તે વોર્ડનાં ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, મહિલા બેઠક સહિતની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ વસ્તી હોય એટલે કે ટકાવારી ઉંચી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારીત કરેલ છે.

૧૧. જાહેરનામા અન્વયે બાવળા શહેર માટે 3 બેઠકો અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે અને 3 બેઠકો પૈકી ૧ બેઠક અનુસૂચિત જાતિની મહિલા માટે અનામત રાખવાનું નિર્ધારીત કર્યું છે.

૧૨. પંચે એકઠી કરેલ માહિતી મુજબ શહેરના જુદા જુદા ૯ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	અનુ.જાતિની કુલ વસ્તી.	વોર્ડની વસ્તી સામે અનુ.જાતિની વસ્તીની ટકાવારી.
૧	૯	૨૬૩૧	૧૯૩૯	૭૩.૭૦ ટકા
૨	૭	૨૮૪૪	૧૧૪	૦૪.૦૦ ટકા
૩	૬	૨૫૫૯	૯૨	૦૩.૬૦ ટકા
૪	૮	૨૯૦૬	૯૬	૦૩.૩૦ ટકા
૫	૪	૩૦૬૯	૯૫	૦૩.૧૦ ટકા
૬	૫	૩૦૫૦	૭૩	૦૨.૩૯ ટકા
૭	૩	૩૦૭૪	૩૫	૦૧.૧૪ ટકા
૮	૨	૨૫૩૯	૨૪	૦૦.૯૫ ટકા
૯	૧	૨૭૧૯	૧૫	૦૦.૯૫ ટકા

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નંબર-૯, ૭, ૬માં અનુસૂચિત જાતિની બેઠક નિયમોના નિયમ-૬/અ હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે. અને તે મુજબ ફાળવવામાં આવે છે.

૧૪. અનુસૂચિત જાતિનાં મહિલા અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસ્તીને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતાં પ્રથમ આવતા ૬૨ ત્રણ વોર્ડનાં જૂથ પૈકી ત્રીજા વોર્ડમાં મહિલા બેઠક ફાળવવી તેમ પંચ માને છે. આ પ્રમાણે ગણતરી કરતાં વોર્ડ નંબર-૭, ૬માં અનુસૂચિત જાતિ માટે અને વોર્ડ નંબર-૬માં અનુસૂચિત જાતિની મહિલા માટે બેઠક અનામત

રાખવાની થાય છે. આ મુજબ ફાળવણી કરતાં પણ નિયમો અન્વયે દરેક વોર્ડમાં એક મહિલા, એક સામાન્ય બેઠક ફાળવવાની જોગવાઇ છે, તેનું ખંડન ન થાય તેની તકેદારી રાખવાની રહે છે.

૧૫. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નંબર-૯, ૭, ૬માં નિયમોના નિયમ-૬/બ અન્વયે ફાળવવામાં આવે છે. તે પૈકી આ વર્ગનાં મહિલા માટે બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

વોર્ડ નંબર	બેઠક
૯	અનુસૂચિત જાતિ
૭	અનુસૂચિત જાતિ
૬	અનુસૂચિત જાતિ મહિલા

૧૬. જાહેરનામા અન્વયે બાવળા નગરપાલિકા વોર્ડ વિસ્તારમાં અનુસૂચિત આદિજાતિની વસ્તી પ્રમાણ નહીવત્ છે. જે ૫ ટકા કરતાં ઓછી હોઇ બેઠક ફાળવી શકાય તેમ નથી.

૧૭. જાહેરનામા મુજબ ૩ બેઠકો પછાતવર્ગો માટે ફાળવેલ છે, તે પૈકી ૧ બેઠક આ વર્ગની મહિલા માટે અનામત રખાઇ છે.

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકની ફાળવણી નિયમો-૧૯૯૪નાં નિયમ-૬/બી હેઠળ રાજ્ય ચૂંટણી પંચ પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. જેનાં મહત્વનાં પ્રબંધ નીચે પ્રમાણે છે.

૧. માન્ય રાજકીય પક્ષો તરફથી મળેલ માહિતીનાં અભ્યાસ પરથી જે શહેરનાં જે જે વોર્ડોમાં પછાતવર્ગની વસ્તીનાં ધોરણને અનુલક્ષીને જે સર્વ સામાન્ય વોર્ડો હોય તે પછાતવર્ગ માટે અનામત બેઠક ફાળવવાની રહેશે.

૨. મ્યુનિસિપલ ચીફ ઓફીસર તરફથી છેલ્લી ચૂંટણીમાં જે વોર્ડમાંથી પછાત વર્ગનાં ઉમેદવારો ચૂંટાઇને કોર્પોરેટર/સભ્ય તરીકે પદધારણ કરતા હતા, તે ઉપર અનુક્રમે નં.૧માં જણાવેલ વોર્ડોમાં બેઠક ફાળવ્યા પછી નિયત સંખ્યા સુધીમાં ફાળવવાની રહેશે.

આથી સ્પષ્ટતા કરવાની કે જુના વોર્ડોનું સીમાંકન અને નવા વોર્ડોનાં સીમાંકનમાં ફેરફાર હોય તો જુના વોર્ડોના મોટા ભાગનો જે વિસ્તાર જે જે નવા વોર્ડના સીમાંકનમાં સમાવિષ્ટ થતો હોય તેવા નવા વોર્ડમાં પછાતવર્ગની બેઠક ફાળવવાની રહે છે.

૩. પછાતવર્ગ માટે અનામત કુલ બેઠકો પૈકી ૧/૩ બેઠકો મહિલા માટે જાહેરનામા અન્વયે અનામત રખાઇ છે. આમ ત્રણ બેઠકો પૈકી એક બેઠક મહિલા માટે અનામત રાખવામાં આવી છે. આમ મહિલાનું પ્રમાણ ૧/૩ રહે છે. તેથી તાર્કિક રીતે વિચારતાં ૬૨ ત્રણ બેઠકો પૈકી ત્રીજી બેઠક મહિલા માટે ફાળવવી તેમ પંચ સ્વીકારે છે.

૪. પરંતુ જો આ રીતે જ વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિ માટે મહિલા બેઠક ફાળવી હોય તો તે વોર્ડને બદલે તે પછી અનુક્રમે જે વોર્ડ આવે તે વોર્ડમાં પછાતવર્ગ/પછાતવર્ગ મહિલા બેઠક ફાળવવી.

INDEX

માન્ય રાજકીય પક્ષોને પંચ તરફથી નગરપાલિકાઓના કયા વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવી તેનાં સૂચનો મોકલવા કાર્યાલય તરફથી વિનંતી કરવામાં આવેલ, પરંતુ કોઇપણ માન્ય રાજકીય પક્ષ તરફથી હજુ સુધી સૂચન કરવામાં આવ્યા નથી. પંચે અપનાવેલા માપદંડ મુજબ ચીફ ઓફીસર/વહીવટદાર પાસેથી ગત ચૂંટણીમાં પછાતવર્ગનાં કાઉન્સિલરો/સભ્યો કયા વોર્ડમાંથી ચૂંટાયા હતા, અને તે સમગ્ર વોર્ડોના કે વોર્ડનો મોટા ભાગનો વિસ્તાર નવા કયા વોર્ડમાં સમાવિષ્ટ થાય છે, તેની માહિતી મેળવવામાં આવી છે.

૧૯. આ માહિતી ચકાસતાં જુના વોર્ડ નંબર-૭, ૯, ૧૦, ૧૧, ૧૮ જેનો મોટા ભાગનો વિસ્તાર હાલના નવા વોર્ડ નંબર-૭, ૩, ૪, ૧માંથી ગત ચૂંટણીમાં પછાતવર્ગનાં ઉમેદવારો ચૂંટાયેલ હતા. જેની વિગત નીચે મુજબ છે.

ચૂંટણીનું વર્ષ	જુનો વોર્ડ	બેઠકોની કુલ સંખ્યા	પછાતવર્ગનાં ચૂંટાયેલ સભ્યોની સંખ્યા	નવો સૂચિત વોર્ડ નંબર
૧૯૮૭	૭	૧	૧	૭
	૯	૧	૧	૩
	૧૦	૧	૧	૪
	૧૧	૧	૧	૪
	૧૮	૧	૧	૧

આ ઉપરાંત નગરપાલિકાના સ્થાનિક ચીફ ઓફીસર તરફથી પછાતવર્ગની વસ્તી અંદાજે જે જે વોર્ડમાં વસ્તી વધુ છે તેવા વોર્ડ નંબર ઉતરતા ક્રમે વોર્ડ નંબર ૪, ૬, ૫, ૧, ૩, ૮, ૯, ૨, ૭ જણાવેલ છે.

આ સમગ્ર હકીકત લક્ષમાં લેતાં ૧૯૮૭ની ચૂંટણીના પરિણામ આધારે વોર્ડ નંબર-૧, ૩ તથા ૪માં પછાતવર્ગ માટે બેઠક અનામત રાખવાનું અને તે પૈકી ત્રીજા ક્રમે આવતા વોર્ડ નંબર-૪માં પછાતવર્ગની મહિલા માટે બેઠક અનામત રાખવાનું થાય અને વોર્ડ નંબર-૧ અને ૩માં ત્રીજી બેઠક પછાતવર્ગ માટે અનામત રાખવાનું પંચ મુનાસિબ માને છે. પછાતવર્ગની બેઠકોની સમગ્રતઃ ફાળવણી નિયમોના નિયમ-૬-અ હેઠળ નીચે પ્રમાણે કરવાનું ઠરાવે છે.

૨૦. આ પ્રમાણે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા પછાતવર્ગ (તે પૈકી મહિલા અનામત બેઠકની સહિતની) ફાળવણી કર્યા પછી મહિલા અનામત બેઠક અને સામાન્ય ઉમેદવારને બાકી રહેતી ફાળવવામાં આવે છે.

૨૧. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને નિયમોના નિયમ-૩ અન્વયે ભાવળા શહેરને આ સાથે સંલગ્ન અનુસૂચિ-૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે અને આ સાથે અનુસૂચિ-૨માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

INDEX

૨૨. આ પ્રમાણે વોર્ડોનું વિભાજન અને હદરેખા નક્કી કરવાનું અને વોર્ડની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૩. ઉપર પ્રમાણે વોર્ડોની હદરેખા નક્કી કરવામાં આવે છે અને ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. અને તે સામે કોઇપણ શખ્સને જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિદ્ધ થયાની તારીખથી ૧૫ દિવસમાં રાજ્ય ચૂંટણી પંચ, બ્લોક નં.૯, ૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા. મુદત વિત્યે આવેલ સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

૨૪. રાજ્ય ચૂંટણી પંચે ભાવળા શહેરના ૯ વોર્ડોની નક્કી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો છેવટનો કરતાં પહેલાં લોકપ્રતિનિધિત્વ ધારો-૧૯૫૧ અન્વયે માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

વો.જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

INDEX

અનુસૂચિ - ૧

ધાવળા નગરપાલિકા, ધાવળા, જિ. અમદાવાદ.

સૂચિત નવીન ઇલેકશન વોર્ડનો લત્તાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન.

સૂચિત નવીન વોર્ડ નંબર	લત્તાવાર વિસ્તાર	બ્લોક નંબર.	ઘર નંબરની વિગત સેસન્સ બ્લોક નંબર મુજબ ઘર નંબરથી ઘર નંબર સુધી.
૧	૨	૩	૪
૧.	બોરડીવાળું જીન, પેપરમીલની ચાલી, કેનાલ ઓફીસ, હેલ્થ સેન્ટર.	૧૨	૧ થી ૯૯
	પારસમણી સોસાયટી, શાંતિકલસ સોસાયટી, નુરેમહમદ સોસાયટી, વૈશાલી સોસાયટી, કૃષ્ણ ઇન્ડસ્ટ્રીઝ સુધી.	૪૦	૧૦૧ થી ૧૯૭
	પારસમણી સોસાયટી તથા આસોપાલવ સોસાયટી.	૩૯	૧ થી ૧૦૦
	આનંદબાગ સોસાયટી.	૪૭/૧	૧ થી ૫૪
	મધુવન સોસાયટી, વિઠ્ઠલ આશ્રમ, ઇન્દ્રપ્રસ્થ સોસાયટી.	૧૩	૧૦૦ થી ૧૪૨
	ઝવેરી જીન, નયના હોસ્પિટલ, સીનેમા વિસ્તાર.	૧૧	૧ થી ૧૯૪

હદનું વર્ણન

ઉત્તર બાજુના વાયવ્ય ખુણાથી, ડરણ જવાના રસ્તાથી શરૂ થઇ પૂર્વ બાજુ કૃષ્ણ ઇન્ડસ્ટ્રીઝની પાછળ થઇ દક્ષિણ બાજુ હરિહર પલ્સ મીલ થઇ ઉત્તર બાજુ વાયવ્ય ખુણે ડરણ જવાના રસ્તે સ.નં.૧૪૯૬ સુધી.

૨.	બાણિયાદેવ વિસ્તાર, નિરેકારી સોસાયટી,	૪૮	૧૪૨ થી ૨૭૭
	ગુજરાત વિદ્યુત બોર્ડ, રત્નદીપ સોસાયટી,	૪૭/૨	૮૧ થી ૧૪૧
	શ્રીનગર સોસાયટી, પંચશીલ સોસાયટી	૩૭	૧ થી ૮૮
	કૃષ્ણનગર સોસાયટી, અમીન કેમીકલ્સ, ઠકકર નગર સોસાયટી, પોલીસ સ્ટેશન લાઇન	૧૪/૧	૧ થી ૮૦
	અલકાપુરી સોસાયટી, દુર્ગાનગર સોસાયટી તથા બદ્રીનાથ સોસાયટી.	૩૮	૮૯ થી ૨૦૦

હદનું વર્ણન

કૃષ્ણ ઇન્ડસ્ટ્રીઝ થઇ ઇશાન ખુણા તરફ સર્વે નં.૮૭ પાસેથી સર્વે નં.૧૦૮ રજોડા જવાનો રસ્તો પસાર કરી, કાવીઠા બદરખા જવાનો રસ્તો ક્રોસ કરી પટેલ સમશાન ગૃહ થઇ ચલોડા જવાની નેળમાં થઇ ગામ તરફ રેલ્વે લાઇન થઇ ધોળકા ફાટક પાસે થઇ ધોળકા રોડ ક્રોસ નગર પંચાયત નિશાળ પાછળ થઇ કૃષ્ણ ઇન્ડસ્ટ્રીઝના પાછળના ભાગ સુધી.

INDEX

૧	૨	૩	૪
૩.	રેલ્વે વસાહત, રેલ્વે પાછળનો ભાગ, ધર્મશાળા,	૧૬	૧ થી ૧૬૫
	ગાંધીનગર સોસાયટી તથા વલ્લભનગર સોસાયટી	૧૫	૧૦૪ થી ૯૫/૨
	બ્રાહ્મણ વાડી સામેનો વિસ્તાર	૨૧	૧ થી ૧૫૬
	બોરડીયા, શુકલફળી, તથા સાબુભાનું ફળીયું.	૨૦	૧ થી ૧૫૫
	ઠાકોરવાસ, તથા બોડીયાર માતાનો વિસ્તાર	૧૭	૧ થી ૨૦૧
			૧ થી ૧૪૯

'હદનું વર્ણન'

ઉત્તરે રેલ્વે સ્ટેશન પાછળ થઇ ગાંધીનગર સોસાયટી પાછળ થઇ, રામજી મંદિરના રસ્તે થઇ, બોડીયાર માતા પાસે થઇ નવી બજારમાં ઠાકોરના વાસ પાસે થઇ રેલ્વે સ્ટેશન રોડ થઇ રેલ્વેની ઉત્તર બાજુના પાછળના ભાગ સુધી.

૪.	ડરણના રસ્તાની રાઇસ મીલો તથા નવુપરું,	૪૧	૧ થી ૧૬૭
	સુથારવાસ, રવજીપરા મુખીનો ઢાળ,	૧૦	૧ થી ૨૩
	છગનભાઇ ભરવાડની ચાલી તથા આર્યસમાજ મંદિરની સામેના છાપરા.	૫	૧ થી ૧૬૯
	મોતિયાવાસ, પોસ્ટ ઓફીસ વિસ્તાર	૯	૧ થી ૧૫૭
	કુંભારવાસ, સિપાઇવાસ, ભરવાડવાસ,	૭	૧ થી ૧૫૪

'હદનું વર્ણન'

ઉત્તર બાજુ ૧ સર્વે નં.૧૪૭૭ થઇ ડરણની નેળ બાજુ થઇ ગામ તરફ ને.હા.ક્રોસ કરી મુખીના ઢાળે થઇ નવી બજારમાં થઇ કુંભારવાસના નાકે થઇ ચીનુભાઇની ચાલી આગળ થઇ છગનભાઇ ભરવાડની ચાલી સામે, ગુજરાત કોટન પ્રેસ થઇ રેલ્વે સ્ટેશન રોડ ક્રોસ કરી, સુવર્ણકાર જ્ઞાથી પાછળ થઇ ત્રિમૂર્તિ હોસ્પિટલ પાછળ થઇ ઉત્તર બાજુએ સર્વે નં.૧૪૭૭ સુધી.

૫.	અંબિકા સોસાયટીના પાસેના મકાનો તથા ગુસીની નેળની મીલો.	૮	૧ થી ૧૬૦
	વિષ્ણુ કોટન જ્ઞ, સોમનાથ જ્ઞ, સુવર્ણકાર જ્ઞ, તથા નેશનલ હાઇવેની રાઇસ મીલો.	૪	૧ થી ૩૨૨
	હરિઓમ સોસાયટી, દેવિયાની કોમ્પલેક્ષ	૪૨	૧ થી ૧૫૧
	અંબિકા સોસાયટી તથા સર્વોદય સોસાયટી	૪૩	૧ થી ૭૦
	આદ્રોડા રોડ પરની રાઇસ મીલો	૪૪	૭૧ થી ૧૪૧
	રામનગરનો ઉત્તરનો ભાગ	૪૬	૬૧ થી ૨૪૫
	આંગણવાડી રામનગર વિસ્તાર	૪૫	૧ થી ૬૦

INDEX

૧	૨	૩	૪

'હદનું વર્ણન'

જગદીશ રાઇસ મીલ પાછળ થઇ દક્ષિણ બાજુ ત્રિમૂર્તિ હોસ્પિટલ પાછળ થઇ ને.હા. ક્રોસ કરી દુર્ગા રાઇસ મીલની પાછળ થઇ સુવર્ણકારની પાછળ થઇ પૂર્વ બાજુએથી દક્ષિણ બાજુએ ઉતરતાં હીરાભાઇની મીલની પાછળ થઇ ગુજરાત કોટન પ્રેસની ઉત્તરની હદે થઇ કાલા કપાસ માર્કેટ અને ગુજરાત કોટન પ્રેસની વચ્ચેની હદે થઇ ઢેઢાલના ઢાળે થઇ ઢેઢાલ જવાના રસ્તે થઇ ઓકડી થઇ ભાયલા તરફ જવાના રસ્તે નાકા પાંચ આગળ થઇ રામનગર થઇ દક્ષિણ બાજુ રેલ્વ્યુ હદ થઇ જગદીશ રાઇસ મીલની પાછળ સુધી.

૬.	ગોપાલ ધામ, ગૌશાળા, આદ્દોડા રોડ સુધી,	૨	૧ થી ૮૫
	શાંતીનગર સોસાયટી, આ.કે. વિદ્યામંદિર.		
	ભવાનપુરા, નાયકવાસ, ચીનુભાઇની ચાલી,	૩	૮૬ થી ૧૭૨/૨
	ઢેઢાળ ઓકડી વિસ્તાર.		
	ટાવર ચોક, રાવળવાસ, કુંભારવાસ પાછળ.	૬	૧ થી ૧૫૧
	પટેલ વાડી વિસ્તાર, કન્યાશાળા, અંબારામ ગોકળની	૧	૧ થી ૩૨૪
	લાટી, આંબા તળાવથી ગોપાલક સ્કુલ સુધી.		

'હદનું વર્ણન'

મહાલક્ષ્મી જનની ઉત્તર બાજુની હદ થઇ ઢેઢાળ રોડ, ક્રોસ કરી હાઇવે રોડ પસાર કરી, અનાજ માર્કેટ થઇ રેલ્વે સ્ટેશન રોડ ક્રોસ કરી, ગુજરાત કોટન પ્રેસ તથા કાલા કપાસ માર્કેટની વચ્ચે થઇ પક્ષીભુવન તરફ થઇ રાવળવાસ આગળ થઇ કુંભારવાસ પાછળ થઇ ટાવર ચોક બાજુ બજારમાં થઇ કન્યાશાળા આગળ થઇ રૂપાલ જવાના રસ્તે દક્ષિણ બાજુ થઇ આંબેડકર રોડ પસાર કરી ભવાનપરાની પાછળ બાજુએ દક્ષિણ તરફ રે.સ.નં.૩૫૫ થઇ રે.સ.નં.૬૬૮ થઇ રૂપાલ જવાના રસ્તાને ઓળંગી પશ્ચિમ તરફ રે.સ.નં.૯૬૯ થઇ ભાયલા તરફ જવાના ને.હા. ઉપર થઇ રામનગરની પૂર્વ બાજુએ કોચરીયાના જવાના રસ્તાને પસાર કરી નાકા નં.પાંચની આગળ થઇ આદ્દોડા ઓકડી પસાર કરી નેશનલ હાઇવેની ઉત્તર તરફ ઢેઢાળ ઓકડી પસાર કરી મહાલક્ષ્મી જનની ઉત્તરની સરહદ સુધી.

૭.	ગઢવીવાસ, ભદ્રકળી, રાવળકળી,	૧૮	૧ થી ૧૫૪
	અંબાજી ચોક, ચોરડીયા (અડધો ભાગ)	૧૯	૧ થી ૧૭૬
	આણંદીયાની ખડકી	૨૮	૧ થી ૫૭
	વાણિયાવાડ, દરજીની ખાડકી	૨૭	૧ થી ૧૫૭
	ઓડવાસ, ટાવરબજાર, દરજીનો ટેકરો	૨૬	૧ થી ૧૫૨
	સોનીકળી, કવિકળી, મનુભાઇ શુકલની ચાલી,	૨૫	૧ થી ૧૪૬
	મહાદેવ ચોક, રાબડીયાનો ટેકરો, લુહાર વાસ,		૧ થી ૧૬૪
	જાની કળી, સોમા કરશનનો ખાંચો.		

INDEX

૧	૨	૩	૪

'હદનું વર્ણન'

મોડીયાર માતાના મંદિરના ખૂણાથી રામજી મંદિર થઇ સોની ફળી થઇ મુખીવાસ થઇ સાણંદીયાની મડકી થઇ વાણિયાવાડ થઇ ટાવર થઇ ઉત્તર બાજુ તરફ બજાર થઇ સુથારવાસનો ખાંચો થઇ મોડીયાર માતાના ખૂણે સુધી.

૮.	છેલ્લીફળી, ભુવાની ફળી, વરમડીવાસ, ચોરાપા.	૨૨	૧ થી ૧૨૬
	ધુમલિયાની ડેલી, વાળંદ વાસ, ગોરની ફળી.	૩૧	૧ થી ૧૩૧
	સંત આશ્રમ વિસ્તાર, ભંડકનો વિસતાર, તળપદવાસ, ધુમલિયાની ડેલી.	૩૦	૧ થી ૧૭૩
	કપુરચંદની ફળી, નાની ડેલી, મોટી ડેલી,		૧ થી ૧૩૦
	ચોરાવાળો ખાંચો, વાંસાભાની મડકી, દેસાઇ ફળી,	૨૪	
	રાધા વલ્લભમંદિર પાછળનો ભાગ.		

'હદનું વર્ણન'

રામજીમંદિરથી ક્રાાહ્મણવાડી તરફ જવાના રસ્તે થઇ ભુવાની ફળી થઇ ઝાંપલીવાડ ટાંકો આગળ થઇ ચોરાપા થઇ ધુમલિયાની ડેલી થઇ દક્ષિણ બાજુએ વાળંદવાસને બાકાત રાખી ધુમલિયાની ડેલીના પૂર્વ બાજુએ થઇ તળપદ વાસની પાછળ થઇ કુમારશાળા નાળા આગળ થઇ ઉત્તર બાજુએ ટાઉનહોલ થઇ સંત આશ્રમ તરફના રસ્તે થઇ વાણિયાવાડ થઇ સોનીફળી થઇ રામજીમંદિર સુધી.

૯.	રબારી વાસ (બાકીનો ભાગ)	૨૩	૧૨૬ થી ૧૭૯
	રબારીવાસ તથા પોલીસ લાઇન	૧૪/૨	૮૧ થી ૧૦૩
	ચમારવાસ (રોહિતવાસ) તથા ધોળકા રોડની મીલો.	૩૪	૧ થી ૧૩૩
	ચમારવાસ	૩૬	૭૬ થી ૨૮૯
	વણકરવાસ	૩૩	૭૬ થી ૧૭૭
	વાળંદવાસ, ભંગીવાસ, વણકરવાસ	૩૨	૧ થી ૭૫
	રોહિતવાસનો ભાગ	૩૫	૧ થી ૭૫/૧.

'હદનું વર્ણન'

ઝાંપલીમાંડ રસ્તાથી ગાંધીનગર સોસાયટી આગળના રસ્તાને ઓળંગી રબારીવાસ પાસે થઇ ધોળકા રોડની રેલ્વે ફાટક આગળ થઇ પોલીસ લાઇનની પૂર્વ બાજુ થઇ ધોળકા રોડ જવાના રસ્તે થઇ આંબેડકર રોડ પસાર કરી ધોળકા રોડની છેલ્લી ગોવરધન રાઇસ મીલ આગળ થઇ રે.સ.નં.૬૩૦ થઇ નૈરૂત્ય ખૂણા તરફ રે.સ.નં.૬૩૪ થી વાયવ્ય ખૂણા તરફ રે.સ.નં.૬૩૫ થી પશ્ચિમે સર્વે નં.૬૫૪ પાસે થઇ ઉત્તર તરફ આંબેડકર રોડ ક્રોસ કરી ભંગીવાસ પાછળના રોડે થઇ વાળંદવાસ થઇ ચોરાપા આગળ થઇ ભુવાની મડકી આગળ થઇ ઝાંપલીમાંડ સુધી.

વી.જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ.

INDEX

અનુસૂચિ-૨

રાજ્ય ચૂંટણી પંચ.

બાવળા નગરપાલિકા જિલ્લો-અમદાવાદની કુલ વસ્તી : ૨૫૩૯૧
કુલ વોર્ડોની સંખ્યા : ૯
વોર્ડ દીઠ સરેરાશ વસ્તી : ૨૮૨૧ સરેરાશ વસ્તી ૧૦ ટકા વધ મુજબ : ૩૧૦૩
સરેરાશ વસ્તી ૧૦ ટકા ઘટ મુજબ : ૨૫૩૯

કુલ બેઠકોની સંખ્યા : ૨૭
મહિલા બેઠકો : ૯ ૧ બેઠક અનુસૂચિત જાતિ મહિલા.
અનુસૂચિત આદિજાતિ મહિલા કોઇ નહિં.
૧ બેઠક પછાતવર્ગની મહિલા સહિતની.

અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા ૩ તે પૈકી ૧ બેઠક મહિલા માટે.
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા કોઇ નહિં.
પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા : ૩ તે પૈકી ૧ મહિલા માટે.

કુલ અનામત બેઠક : **૧૩**
સામાન્ય બેઠક : **૧૪**

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી બીન અનામત	બીજી બેઠકની ફાળવણી મહિલા અનામત	ત્રીજી બેઠકની ફાળવણી
૧	૧	૨૭૧૯	સામાન્ય	સામાન્ય	પછાત વર્ગ
૨	૨	૨૫૩૯	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૩	૩	૩૦૭૪	સામાન્ય	સામાન્ય	પછાત વર્ગ
૪	૪	૩૦૬૯	સામાન્ય	પછાત વર્ગ	સામાન્ય
૫	૫	૩૦૫૦	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૬	૬	૨૫૫૯	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૭	૭	૨૮૪૪	સામાન્ય	સામાન્ય	અનુસૂચિત જાતિ.
૮	૮	૨૯૦૬	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૯	૯	૨૬૩૧	સામાન્ય	સામાન્ય	અનુસૂચિત જાતિ.

યો.જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર

INDEX

Extra No. 229

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

VOL.XXXV] WEDNESDAY, OCTOBER, 26, 1994/KARTIKA, 4, 1916.

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ
ગુજરાત રાજ્ય
ગાંધીનગર.
તા. ૨૬મી ઓકટોબર, ૧૯૯૪.

ક્રમાંક : સમક/૨૯૭૩/૯૪
બાલાશિનોર નગરપાલિકા જીલ્લો ખેડાની ચૂંટણી માટે શહેરનાં વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ.

ભારતનાં સંવિધાનના ૭૪મા સુધારાને અનુલક્ષીને ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ, ૧૯૬૩ માં રાજ્ય સરકાર ગુજરાત મ્યુનિસિપા અધિનિયમ-૧૯૯૩ અન્વયે મહત્વનાં સુધારા કરેલા છે. આ અધિનિયમની કલમ-૬, પેટા-કલમ-૪ અન્વયે નગરપાલિકાની ચૂંટણી મતદાર યાદી તૈયાર ક ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી પંચમાં નિહીત થશે તેવી જોગવાઇ કરેલી છે અને રાજ્ય ચૂંટણી પંચે કલમ-૬, અને કલમ-૫ અન્વયે રાજ્ય સરકારે કરેલાં નિયમોનુસાર અધિનિયમની જોગવાઇઓને આધીન રહીને ચૂંટણી કરવી જોઇએ.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ-૭, પેટા કલમ-૨ તથા કલમ-૬ ની પેટા કલમ-૩ અન્વયે જાહેરનામા ક્રમાંકઃકેવી/૪૪૨/૯૪/એન.પી. ૭૨૯૪/૩૧૯૨(૧૬)/આર તા. ૧૪-૧૦-૯૪ જેનો હવે પાછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તે અન્વયે બાલાશિનોર શહેરનાં નગરપાલિ જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેના સન ૧૯૯૧ ના વસ્તી ગણતરીના આખરી આંકડા પ્રસિધ્ધ થયા છે. તેના આધ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. નગરપાલિકાના કાઉન્સિલરોની કુલ બેઠકો ૨૭ નક્કી કરવામાં આવી છે, જાહેરનામા અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂ આદિજાતિ, તથા પછાતવર્ગ તેમજ મહિલા માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલી છે.

૩. ચૂંટણી પંચે, અધિનિયમની કલમ-૭, પેટા કલમ-૨, ખંડ-૩ પેટાખંડ-ખ અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડોમાંની અનુસૂ જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની તથા મહિલાની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજ્ય સરકારે તેમનાં જાહેરનામા ક્રમાંકઃકેવી-૪૯-૧૯૯૪ એન.પી.એલ. ૪૫૯૩ઃ૩૬૫૫ઃએમ, તા. ૧૬-૩-૧૯૯૪ અન્વયે અધિનિય કલમ-૨૭૭ની પેટાકલમ-૨ તથા કલમ-૬ તથા ૭ અન્વયે વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણીનાં નિયમો-૧૯૯૪ ને હવે પછી નિયમ ઉલ્લેખ કરવામાં આવેલ છે. તે બહાર પાડેલ છે.

૫. નિયમોનાં નિયમ-૨. અન્વયે નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે, કે શક્ય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસ્તી એક સ રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસ્તીથી કોઇપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહિ તે પ્રમાણે વોર્ડોની રચના કરવાની રહે છે. આમ છતાં પંચને જો એવો સંતોષ થાય કે, સ્થાનિક એકજૂથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને તુલનામાં લેતા ૧૦ ટકા વધુ વધ કે ઘટ કરીને રચના કરી શકશે.

INDEX

૬. પંચે નગરપાલિકાના વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે. તેમજ સને ૧૯૪૮ ના સેન્સસ મુજબ સને ૧૯૯૧ ના વસ્તી ગણતરીનાં છેવટનાં પ્રસિધ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં રહીશની કુલ વસ્તી ૨૯૫૯૬ આવે છે. જાહેરનામા મુજબ શહેરને ૯ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૩૨૮૮ ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની પંચે તેનાં કાર્યાલયના અધિકારી/કર્મચારીઓ મારફત ચકાસણી કરાવેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે, એકઠી થયેલ માહિતીનાં આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યું છે. તેમાં વોર્ડ નં. ૩, ૪, ૭ સિવાય કોઈપણ વોર્ડમાં ૧૦ ટકા થી વસ્તી વધતી નથી કે ૧૦ ટકાથી વસ્તી ઘટતી નથી.

આ અંગેનાં કારણો :

ભૌગોલિક એકજૂથતા તથા વસ્તીનાં સેન્સસ બ્લોક યથાવત રાખવાથી વસ્તીમાં વધ-ઘટ પામેલ છે.

૮. શહેરનાં વોર્ડોને નિયમ-૩ ની જોગવાઈઓને ધ્યાનમાં લઈ આ સાથે અનુસૂચિ-૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે. આ સીમાંકન નક્કી કરવામાં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજૂથતા, નદી, રેલ્વેલાઈન, રોડ લાઈન, વગેરે કારણે બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એક સરખા વોર્ડ બની રહે તે ધ્યાનમા રાખીને એકસરખા વોર્ડ ૯ બની રહે તે મુદ્દો વિચારણામાં લઈ વોર્ડોનું સીમાંકન નક્કી કરેલું છે.

૯. નિયમોનાં નિયમ-૪ અન્વયે દરેક વોર્ડમાં ત્રણ કાઉન્સીલર ચૂંટવાના છે. નિયમ-૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક બીન અનામત એટલે કે, સામાન્ય બેઠક બની રહેશે. જયારે બીજી બેઠક મહિલા (અનુસૂચિત જાતિ, અનુસુચિત આદિજિતિ, પછાતવર્ગની મહિલા સહિત) માટે અનામત રાખવાની છે. જ્યારે ત્રીજી બેઠક જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા પછાતવર્ગને ફાળવવાની રહેશે. અને તેવી ફાળવણી પછી જો કોઇ બેઠક બાકી રહે તો તે બીન અનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે.

૧૦. નિયમોના નિયમ-૬ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિની દરેક વોર્ડની વસ્તીની ટકાવારીના ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તી (સંખ્યા) વધુ હોય એટલે કે ટકાવારી વધુ હોય તે વોર્ડનાં ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, મહિલા બેઠક સહિતની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ વસ્તી હોય એટલે કે, ટકાવારી ઉંચી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારીત કરેલ છે.

૧૧. જાહેરનામા અન્વયે બાલાશિનોર શહેર માટે ૩ બેઠકો અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે અને ૩ બેઠકો પૈકી ૧-બેઠક અનુસૂચિત જાતિની મહિલા માટે અનામત રાખવાનું નિર્ધારીત કર્યું છે.

૧૨. પંચે એકઠી કરેલી માહિતી મુજબ શહેરનાં જુદા જુદા ૯ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	અનુસૂચિત જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુસૂચિત જાતિની વસ્તીની ટકાવારી.
૧	૯	૩૦૩૧	૧૭૪૮	૫૭,૬૭ %
૨	૩	૩૬૧૯	૩૬૮	૧૦.૧૬ %
૩	૧	૩૩૫૫	૩૩૩	૯.૯૨ %
૪	૮	૩૨૫૮	૧૧૪	૪.૫૦ %
૫	૫	૩૫૨૧	૯૦	૨.૫૫ %
૬	૪	૩૬૫૭	૯૦	૧.૬૬ %
૭	૬	૩૨૩૯	૪૪	૧.૩૪ %
૮	૭	૨૯૧૪	૫	૦.૧૩ %
૯	૨	૩૦૦૨	-	-

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીનાં ક્રમ મુજબ વોર્ડ નંબર ૯, ૩, ૧ માં અનુસૂચિત જાતિની બેઠક નિયમોનાં નિયમ-૬-અ હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે. અને તે મુજબ ફાળવવામાં આવે છે.

૧૪. અનુસૂચિત જાતિનાં મહિલા અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યત: આ વર્ગની વસ્તીને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતાં પ્રથમ આવતાં દર ત્રણ વોર્ડનાં જુથ પૈકી ત્રીજા વોર્ડમાં મહિલા બેઠક ફાળવવી તેમ પંચ માને છે. આ પ્રમાણે ગણત્રી કરતાં વોર્ડ નંબર ૯ અને ૩ માં અનુસૂચિત જાતિ માટે અને વોર્ડ નંબર ૧ અનુસૂચિત જાતિની મહિલા માટે બેઠક અનામત રાખવાની થાય છે. આ મુજબ ફાળવણી કરતાં પણ નિયમો અન્વયે દરેક વોર્ડમાં એક મહિલા, એક સામાન્ય બેઠક ફાળવવાની જોગવાઈ છે. તેનું ખંડન ન થાય તેની તકેદારી રાખવાની રહે છે.

૧૫. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નંબર ૯, ૩, ૧ માં નિયમોનાં નિયમ-૬-અ અન્વયે ફાળવવામાં આવે છે તે પૈકીઆ વર્ગમાં મહિલા માટે બેઠકની વહેંચણી આ વોર્ડ પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

INDEX

વોર્ડ નંબર	બેઠક
૯	અનુ. જાતિ
૩	અનુ. જાતિ
૧	અનુ. જાતિ મહિલા

૧૬. જાહેરનામા અન્વયે અનુ. આદિજાતિ માટે કોઈ બેઠક અનામત નિર્ધારીત થયેલ ન હોવાથી ફાળવવાનો પ્રશ્ન રહેતો નથી.

૧૭. જાહેરનામા મુજબ ૩ બેઠકો પછાતવર્ગો માટે ફાળવેલ છે, તે પૈકી ૧ બેઠક આ વર્ગની મહિલા માટે અનામત રખાઇ છે.

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકની ફાળવણી નિયમો-૧૯૯૪ ના નિયમ-૬/બી હેઠળ રાજ્ય ચુંટણી પંચે પછાત વર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. જેના મહત્વનાં પ્રબંધ નીચે પ્રમાણે છે.

૧. માન્ય રાજકીય પક્ષો તરફથી મળેલ માહિતીનાં અભ્યાસ પરથી જે શહેરનાં જે જે વોર્ડોમાં પછાતવર્ગની વસ્તીનાં ધોરણોને અનુલક્ષીને જે સર્વસામાન્ય વોર્ડો હોય તે તે પછાતવર્ગ માટે અનામત બેઠક ફાળવવાની રહેશે.

૨. મ્યુનિસિપલ ચીફ ઓફીસર તરફથી ચૂંટણીમાં જે વોર્ડમાંથી પછાતવર્ગનાં ઉમેદવારો ચુંટાઇને કોર્પોરેટર/સભ્ય તરીકે પદધારણ કરતા હતા, તે ઉપર અનુક્રમે નં. ૧ માં જણાવેલ વોર્ડોમાં બેઠક ફાળવ્યા પછી નિયત સંખ્યા સુધીમાં ફાળવવાની રહેશે.

આથી સ્પષ્ટતા કરવાની કે જૂના વોર્ડોનું સીમાંકન અને નવા વોર્ડોના સીમાંકનમાં ફેરફાર હોય તો જૂના વોર્ડોના મોટા ભાગનો જે વિસ્તાર જે જે નવા વોર્ડના સામાંકનમાં સમાવિષ્ટ થતો હોય એવા નવા વોર્ડમાં પછાત વર્ગની બેઠક ફાળવવાની રહે છે.

૩. પછાતવર્ગ માટે અનામત કુલ બેઠકો પૈકી ૧/૩ બેઠકો મહિલા માટે જાહેરનામા અન્વયે અનામત રખાઇ છે. આમ ત્રણ બેઠકો પૈકી એક બેઠક મહિલા માટે અનામત રાખવામાં આવી છે. આમ મહિલાનું પ્રમાણ ૧/૩ રહે છે. તેથી તાર્કિક રીતે વિચારતા દર ત્રણ બેઠકો પૈકી ત્રીજી બેઠક મહિલા માટે ફાળવવી તેમ પંચ સ્વીકારે છે.

૪. પરંતુ જો આરીતે જે વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિ માટે મહિલા બેઠક ફાળવી હોય તો તે વોર્ડને બદલે તે પછી અનુક્રમે જે વોર્ડ આવે તે વોર્ડમાં પછાતવર્ગ/પછાતવર્ગ મહિલા બેઠક ફાળવવી.

માન્ય રાજકીય પક્ષોને પંચ તરફથી નગરપાલિકાઓનાં ક્યા વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવી તેનાં સુચનો મોકલવા કાર્યાલય તરફથી વિનંતી કરવામાં આવેલ. પરંતુ કોઇપણ માન્ય રાજકીય પક્ષ તરફથી હજુ સુધી સુચન કરવામાં આવ્યા નથી. પંચે અપનાવેલ માપદંડ મુજબ ચીફ ઓફિસર/વહીવટદાર પાસેથી ગત ચૂંટણીમાં પછાતવર્ગના કાઉન્સિલરો/સભ્યો જુના કયા વોર્ડમાંથી ચૂંટાયા હતા. અને તે સમગ્ર વોર્ડોના કે વોર્ડનો મોટા ભાગના વિસ્તાર નવા કયા વોર્ડમાં સમાવિષ્ટ થાય છે તેની માહિતી મેળવવામાં આવી છે.

૧૯. આ માહિતી ચકાસતાં જુના વોર્ડ નંબર ૧૨ અને ૧૯ જેનો મોટાભાગનો વિસ્તાર હદોના નવા વોર્ડ નંબર ૫, ૮ માંથી ગત ચુંટણીમાં પછાતવર્ગના ઉમેદવારો ચુંટાયેલા હતા. જેની વિગત નીચે મુજબ છે.

ચૂંટણીનું વર્ષ	જુનો વોર્ડ નંબર	બેઠકોની કુલ સંખ્યા	પછાતવર્ગના ચુંટાયેલા સભ્યોની સંખ્યા	નવો સુચિત વોર્ડ નંબર
રિસે.-૧૯૮૬	૧૨	૧	૧	૮
,,	૧૯	૧	૧	૫
૧૯૯૨	૧૨	૧	૧	૮
	૧૯	૧	૧	૫

આ ઉપરાંત નગરપાલિકાના સ્થાનિક ચીફ ઓફિસર તરફથી પછાતવર્ગ વસ્તી અંદાજે જેજે વોર્ડમાં વસ્તી વધુ છે તેવા વોર્ડ નં. ઉતરતા ક્રમે વોર્ડ નંબર ૩, ૮, ૭, ૨, ૯, ૬, ૫, ૧, ૪ જણાવેલ છે. જેથી બાકી રહેતી ૧ બેઠકો વધુ વસ્તીવાળા વોર્ડ નંબર ૩ માં ફાળવવાની થાય.

આ સમગ્ર હકીકત લક્ષમાં લેતાં વોર્ડ નંબર ૩, ૫ અને ૮માં પછાતવર્ગ માટે બેઠક અનામત રાખવાનું અને તે પૈકી ત્રીજા ક્રમે આવતા વોર્ડ નંબર ૮માં પછાતવર્ગની મહિલા માટે બેઠક અનામત રાખવાનું થાય પરંતુ વોર્ડ નંબર ૩ માં અનુ. જાતિની ત્રીજી બેઠક ટકાવારી મુજબ ફાળવવાની થતી હોવાથી સદર બેઠક વોર્ડ નં. ૮ અને વોર્ડ નંબર ૮માં પછાતવર્ગની મહિલા બેઠક (બીજી) ફાળવવાની થાય તેના બદલે વોર્ડ નં.૩માં ફાળવવી અને વોર્ડ નંબર ૫ અને ૮માં ત્રીજી બેઠક પછાતવર્ગ માટે અનામત રાખવાનુ પંચ મુનાસિબ માને છે. પછાતવર્ગની બેઠકોની સમગ્રતઃ ફાળવણી નિયમોનાં નિયમ-૬/અ હેઠળ નીચે પ્રમાણે કરવાનું ઠરાવે છે.

INDEX

વોર્ડ નંબર	બેઠક
૩	પછાતવર્ગ મહિલા
૫	પછાતવર્ગ
૮	પછાતવર્ગ

૨૦. આ પ્રમાણે અનુસૂચિતજાતિ તથા પછાતવર્ગ (તે પૈકી મહિલા અનામત બેઠક સહિતની) ફાળવણી કર્યા પછી મહિલા અનામત બેઠક અને સામાન્ય ઉમેદવારને બાકી રહેતી બેઠક ફાળવવામાં આવે છે.

૨૧. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને નિયમોનાં નિયમ-૩ અન્વયે બાલાશિનોર શહેરને આ સાથે સંલગ્ન અનુસૂચિ-૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે અને આ સાથે અનુસૂચિ-૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

૨૨. આ પ્રમાણે વોર્ડોનું વિભાજન અને હદરેખા નક્કી કરવાનું અને વોર્ડની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે.

૨૩. ઉપર પ્રમાણે વોર્ડોની હદરેખા નક્કી કરવામાં આવે છે અને ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે, તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ શખ્સને જાહેર જનતાને સલાહ સુચનો કરવાનાં હોય તો તે આ આદેશ પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૫ દિવસમાં રાજ્ય ચૂંટણી પંચ, બ્લોક નંબર-૯, ૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા. મુદત વિત્યે આવેલ સુચનો ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

૨૪. રાજ્ય ચૂંટણી પંચે બાલાશિનોર શહેરના ૯ વોર્ડોની નક્કી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો છેવટનો કરતાં પહેલાં લોકપ્રતિનિધિત્વ ધારો-૧૯૫૧ અન્વયે માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

યો. જે. દીક્ષિત
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

INDEX

અનુસૂચિ-૧

બાલાશિનોર નગરપાલીકા, બાલાશિનોર, જીલ્લો : ખેડા.

સુચિત નવીન ઈલેકશન વોર્ડના લત્તાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન

સુચિત નવીન વોર્ડ નંબર	લત્તાવાર વિસ્તાર	બ્લોક નંબર	ઘર નંબરોની વિગત સેન્સસ બ્લોક મુજબ ઘરનંબરથી ઘર નંબર સુધી.	
વોર્ડ નંબર ૧	હુસેની ચોક, મીરઝાકળી, પીરબળા જેલટેકરા,જેલ નગીના	૨	અ-૧૫૮	થી અ-૨૨૮
	મસ્જીદ, સૈયદવાળા, ઝાંજરી વાડા, પઠાણવાડા, સફોલાવાડા, અમદાવાદી દરવાજા સુધી.	૩	અ-૨૨૯	થી અ-૩૨૩
	જુના હરીજનવાસ, કસાઈવાડા,ભઠીયારવાડા,જુની કચેરી પાસે, ખતીબવાડા, હુસેની ચોક,લીમ મસ્જીદ.	૪	અ-૩૨૩-૧	થી અ-૪૮૮
	હરીજન કોલોની, મુલતાનપુરા તથા મહંમદી કોલોની	૫	અ-૪૮૮-૨	થી અ-૪૯૧-૩
			નં. ૧	થી નં. ૮૫
	કાલુપુર નવીન વસાહત તમામ વિસ્તાર (માધુપુર સિવાય)	૬	નં. ૮૬	થી નં. ૨૫૩
	માધુપુરા નવીન વસાહતનો તમામ વિસ્તાર, શીવશંભુ મહાદેવ, ઢોરનું દવાખાનું.	૧૩	બ ૫૨૨	થી બ ૬૧૧

વોર્ડ નંબર : ૧ની હદનુ વર્ણન.

મુલતાનપરાથી શુરુ કરી મહંમદી કોલોની કાલુપુર નવી વસાહતની પશ્ચિમે થઈ માધુપુરાની પશ્ચિમેથી શીવશંભુ મહાદેવના પાછળના ભાગે થઈ ઢોરના દવાખાને થઈ અમદાવાદી દરવાજે થઈ જુના હરીજનવાસની દક્ષિણેથી ભઠીયારવાડા, કસાઈવાડા, કસ્બા ખલીલવાડાની દક્ષિણેથી લીમમસ્જીદ થઈ હુસેની ચોકની દક્ષિણનો ભાગ, ખતીબવાડાની નાકે થઈ કસ્બા મહોલ્લા, નગીના મસ્જીદના મકાનો પાસે થઈ જેલ ટેકરાની પુર્વાતે થઈ જેલ પાસે થઈ બારી દરવાજા બહાર થઈને કબરસ્તાનની પશ્ચિમે થઈ સીધા મુલતાનપુરા.....

સુચિત નવીન વોર્ડ નંબર	લત્તાવાર વિસ્તાર	બ્લોક નંબર	ઘર નંબરોની વિગત સેન્સસ બ્લોક મુજબ ઘરનંબરથી ઘર નંબર સુધી.		
વોર્ડ નંબર ૨	તલાવ દરવાજામાંથી પાયગા ભાવસારવાડ કોટ નીચે અબ્દાલવાડ	૧	અ.-૧	થી	અ-અ ૧૫૭
	જુમામસ્જીદ નગરપાલીકા ટાવરથી ખજુરી મસ્જીદ, તલાટીની	૧૪	ક.-૧	થી	ક-૧૭૦
	ખડકી, મદાની શેરી, આખી મદાની શેરી બહાર, બજાર વિસ્તાર, રોકડીયાની શેરી, મોટા મંદિર સામે બજાર લાઈન, હાથીખાનાનો ખડકો, તેની બહારનો બજાર વિસ્તાર, ગોલવાડ શેરીનો ઉત્તર બાજુનો ભાગ, ભાવસાર વાડનો પૂર્વનો ભાગ, ખજુરી મસ્જીદનો પાછળના ભાગ સુધી.	૧૫	ક.-૧૭૧	થી	ક-૩૧૪.
	-પીરાના પીર દરગાહથી રાવતવાડા, ગોલવાડ, ગોલવાડ શેરીનો દક્ષિણનો ભાગ કવલ દેસાઈની ખડકી, શાકમાર્કેટના ક-૪૫૧ સુધી	૧૬	ક.-૩૧૪/૧	થી	ક-૪૫૧

INDEX

-શાક માર્કેટની પાછળ યાસીન ટેલરની દુકાનથી શરૂ કરીને ગોલવાડ, ગાંધીવાડ, ટાઉન પોસ્ટ વિસ્તાર, મોચીવાડનો ઉત્તરનો ભાગ, અંજુમન ચોક શેરી થઈ સોનીવાડનો પુરો વિસ્તાર.	૧૮	ક.-૫૫૯ થી	ક-૬૨૩/૧.

વોર્ડ નંબર : ૨ની હદનું વર્ણન.

નગરપાલિકાના ટાવરથી ખજુરી મસ્જીદ થઈ તલાટીની ખડકી થઈ મદાની શેરી થઈ રોકડીયાની શેરી હાથીખાનાની ખડકી, ગોલવાડ, શેરીનો ઉત્તરનો ભાગ, ભાવસારવાડ સુધી તથા હુસેની ચોક પાસે, પીરાના પીરની દરગાહ સુધી શરૂ કરી રાવતવાડા, ગોલવાડ ગોલવાડ શેરીમાં થઈ કેવલ દેસાઈની ખડકી, શાકમાર્કેટ અંદર ઉત્તરનો ભાગ ગોલવાડ, ગાંધીવાડ, ટાઉન પોસ્ટ ત્યાંથી મોચીવાડના ઉત્તરના ભાગે થઈ શેરીમાં અંજુમન મદ્રાસા પાસે થઈ મોચીવાડનો વિસ્તાર તમામ રાવતવાડાની દક્ષિણે થઈ રાવતવાડાના નાકે થઈ ભાવસાર વાડ થઈ નગરપાલિકા ટાવર સુધી.

સુચિત નવીન વોર્ડ નંબર	લત્તાવાર વિસ્તાર	બ્લોક નંબર	ઘર નંબરોની વિગત સેન્સસ બ્લોક મુજબ ઘરનંબરથી ઘર નંબર સુધી.
વોર્ડ નંબર ૩	સલી.દરવાજા, મલેકવાડો, ગૌશાળાનો વિસ્તાર, બારોટવાડો, સ્વામીનારાયણ મંદિર સામેનો ભાગ, સમરીમાતા પાસેનો વિસ્તાર, ટપ્પાની ખડકી, પટવાશેરી પાસેનો વિસ્તાર પુરા મહોલ્લો, ઘાંચીવાડ, ખાખીબાવાનું અસ્તર. બહાર છલ્લા નુરુભાઈ ગુલામના ઘર સુધી.	૪૬ ૪૭ ૪૮	૫ ૨૮૬થી૫ ૪૨૩/૨ સુધી. ૪૨૩ ૫ ૪૨૩/૩ થી ૫ ૫૩૫ સુધી. ૫ ૫૩૫ થી ૫ ૬૨૧ સુધી.
	સલી. દરવાજા બહાર, કલકત્તાવાળાની ધર્મશાળા, પ્રેમચંદ-પુરાના બંને મહોલ્લા સલાબતનગર, ખોડીયાનગર, ગાર્ડન પેલેસ ટાઉન હોલ વિસ્તાર ખાખીબાવાનું અસ્તર. -વાંસ ફોડીયા, પી. વી. વિદ્યાલય, સોમનાથ મહાદેવ, જે. વી. દેસાઈ હાઈસ્કૂલ, સંસ્કાર મંદિર મહાત્માની વાડી, કેદારેશ્વર ગોપેશ્વર. -એમ. એન્ડ જ્રો. હાઈસ્કૂલ, બાબુભાઈ લટકાશીનો બંગલો, ચંચળ નિવાસ, ખેતીવાડી, ફગવા મંદિર, ચમનબાગ, જૂની ઓઈલ મીલ, લવારિયા વસાહત, માર્કેટ યાર્ડ સામેનો વિસ્તાર.	૫૦ ૪૯ ૫૧	૫ ૨૦ થી ૨૨ ૫ ૬૨૨ થી ૫ ૭૦૨ ૫ ૨૨ થી ૫. ૨૭

વોર્ડ નંબર : ૩ની હદનું વર્ણન

સલીયાની દરવાજાથી મલેકવાડા, ગૌશાળાનો વિસ્તાર, બારોટવાડો, ખત્રીવાડો, સમરીમાતા વિસ્તાર, ટપ્પાની ખડકી, પટવાશેરી, કોરકુઈ, ઘાંચીવાડાનો વિસ્તાર, પુરા મહોલ્લા, તલાવ દરવાજા થઈ સોમનાથ મહાદેવ થઈ ગાર્ડન પેલેસ, વણજારની વસાહત, ઈદગાહથી ગોપેશ્વર મહાદેવથી કેદારેશ્વરથી મહાત્માની વાડી થઈ ચમનબાગ, ફગવા મંદિર, શીતકેન્દ્ર, માર્કેટીંગ યાર્ડ, લવારીયા વસાહત, કલકત્તાની ધર્મશાળા, ખાખી બાવાના અસ્તરથી સલીયાવાડી દરવાજા સુધી.

સુચિત નવીન વોર્ડ નંબર	લત્તાવાર વિસ્તાર	બ્લોક નંબર	ઘર નંબરોની વિગત સેન્સસ બ્લોક મુજબ ઘરનંબરથી ઘર નંબર સુધી.
વોર્ડ નંબર ૪	મહાલક્ષ્મી ઓઈલ મીલથી ગાયત્રી, ગણેશ સોસાયટી, મેરા નર્સિંગ હોમ, સાઈનગર અને નિલમ સોસાયટી, વિવેકાનંદ સોસાયટી.	૩૫	ઈ ૯૬૧ થી ઈ ૯૬૧/૨/૧૨
	વૃંદાવન, અંબિકા સોસાયટી, ગોકુલેશ સોસાયટી, દ્વારકામાઈ સોસાયટી પટેલ સોમીલ, નિલમ, મિલન સિનેમા, સર્વોદય સો મીલ, શ્રીનાથજી બાવા સોમીલ, ટેલીફોન એક્ષચેન્જ.	૩૬	ય ૨૩/૩ થી ય ૨૩/૯૫/૪
	... ઉપર મુજબ ...	૩૭	ઈ ૯૬૧ થી ય/૨૩.
	શંકર વિજય શોમીલ, નવું મુવાડું	૩૮	ય ૨૪ થી ય ૨૬

સુચિત નવીન વોર્ડ નંબર	લત્તાવાર વિસ્તાર	બ્લોક નંબર	ઘર નંબરોની વિગત સેન્સસ બ્લોક મુજબ ઘરનંબરથી ઘર નંબર સુધી.
	-રાજપુરી દરવાજા, કુંભાર ટેકરા, પટેલવાડી,વડવાળું ફળીયું ઉપાધ્યાયનો ઝાંપો, પપળીનું ફળિયું, પટેલ ચોરા સામે, રણછોડજી મંદિરવાળું ફળીયું, કરુણા સાગરના મંદિર સુધી.	૪૨	ફ ૪૧૧/અ થી ફ. ૫૪૬
	-કરુણા સાગર મંદિરથી ગંદપવાળ, આંટીયા ફળીયું, પુરા મહોલલો મુખ્ય પોસ્ટ ઓફિસ, કાછીયાવાડ, કે. એમ. જી. હોસ્પિટલ વાળો વિસ્તાર, સલીયાવડી દરવાજા સુધી પટેલ અશ્વિનભાઈ બેચરભાઈના મકાન સુધી.	૪૩	ફ ૫૪૭ થી ફ-૬૫૭/૪/અ

વોર્ડ નંબર : ૪ની હદનું વર્ણન

મહાલક્ષ્મી ઓઈલ મીલ થઈ ગાયત્રી, ગણેશ, સોસાયટી થઈ મેરી નર્સિંગ હોમથી સાઈનગર તેમજ નીલમ સોસાયટી થઈ વૃદાવન, વૃંદાવન, અંબિકા, ગોકુલેશ્વર, દ્વારકામય સોસાયટી થઈ પટેલ શોમીલ થઈ મીલન, નિલમ ટોકીઝની સર્વોદય શોમીલ થઈ શ્રીનાથજી બાવા શોમીલ થી ટેલીફોન એક્ષ્ચેન્જથી શંકર વિજય શોમીલથી નવા મુવાડાથી અશ્વિનભાઈના મકાનને થઈ સલીયાવડી દરવાજા પાસે થઈ કાછીયાવાડ થઈ મુખ્ય પોસ્ટ ઓફિસ થઈ પરા મહોલ્લા થઈ આંટીયા ફળીયા થઈ ગંદપવાડો, થઈ કરૂણા સાગર મંદિર થઈ મોટા ચોરા (ડેરા) સામે થઈ ઉપાધ્યાયના ઝાપે થઈ મુખ્ય પોસ્ટ ઓફિસ થઈ પરા મહોલ્લા થઈ આંટીયા ફળીયા થઈ ગંદપવાડા થઈ કરુણા સાગર મંદિર થઈ પટેલ ચોરા (ડેરી) સામે થઈ ઉપાધ્યાયના ઝાંપે થઈ વડવાળું ફળીયું થઈ કુંભાર ટેકરા થઈ રાજપુરી દરવાજા થઈ રાજપુર જવાના રસ્તે થઈ મહાલક્ષ્મી ઓઈલ મીલ સુધી.

સુચિત નવીન વોર્ડ નંબર	લત્તાવાર વિસ્તાર	બ્લોક નંબર	ઘર નંબરોની વિગત સેન્સસ બ્લોક મુજબ ઘરનંબરથી ઘર નંબર સુધી.
વોર્ડ નંબર ૫	કડીયાનો ઢાળ, પારેખવાડો, ભંડેરીવાડ તથા મોઢેશ્વર મહાદેવ	૩૯	ફ ૧ થી ફ ૧૭૨/અ/૧૨
	મોઢેશ્વર મહાદેવવાળો રોડ, સ્વામીનારાયણનું મંદિર, સુથારવાડો.	૪૦	ફ ૧૭૩ થી ફ-૨૯૬
	પઠાણવાડો, કાછીયાવાડ, ભંડેરીવાડ, હીંગળાજ માતા પાસેનો વિસ્તાર તથા હીંગળાજ માતા સુધી.		
	હીંગળાજ માતાથી પાંચ હાટડીયા થઈ રામજી મંદિર પાસેના	૪૧	ફ ૨૯૭ થી ફ. ૪૦૯/૧ સુધી.
	બંને ખાંચા ભટવાડા, મોઢ બ્રામણની વાડી, પાસેનો વિસ્તાર, નવગલી, ભટ્વાડા, કોઠારીની ખડકી, પાસેના વિસ્તાર સુધી.		
	મોટા મંદિરનો ખાંચો, બજાર લાઈન, હોળી ચકલા, નગર-શેઠનું ફળીયું, શેઠની ખડકી, હોળી ચકલા સુધી.	૪૪	૫ ૧ થી ૫ ૧૪૨/૧
	હોળી ચકલા, બજાર લાઈન, તલાટીની ખડકી, સામેનું ફળીયું, નગરપાલીકા ઓફીસ પાસેના બંને ફળીયા નેરીયાવાટ, દક્ષિણ વિભાગ.	૪૫	૫ ૧૪૧ થી ૫ ૨૮૫
	મહંમદ શફીકનું ફળીયું, સોનીની વાડી, કડીયાનો ઢાળ,		

INDEX

પુરાણીવાળું ફળીયું, પેઇન્ટર નરેન્દ્રના મકાન સુધી.

વોર્ડ નંબર : ૫ની હદનું વર્ણન

કડીયાની ઢાળે સુર્ય મહેલથી શરૂ કરી પારેખવાડા, ભંડેરીવાડા, મોઢેશ્વર મહાદેવ થઈ સ્વામીનારાયણ મંદિર, મોટા સુથારવાડા થઈ પઠાણવાડો, કાછીયાવાડ, થઇ મોચીની કુઈ થઈ હિંગળાજ માતા થઈ પાંચ હાટડીયાનો ઢાળ થઈ રામજી મંદિર થઈ ભટ્વાડા થઈ કોઠારીની ખડકી થઇ કડીયાની ઢાળે થઈ પુરાણીની ખડકી થઇ મોટા મંદિરેથી શરૂ કરી બજાર લાઈન, તુલસી મહોલ્લા તલાટીની ખડકી સામેનો ભાગ નગરપાલિકા થઈ નેરીયાવાટનો દક્ષિણ બાજુનો મહંમદ સદીકનો ખાંચો, સોનીની વાડી, થઈ સમરી માતા થઈ કડીયાના ઢાળ સુધી.

સુચિત નવીન વોર્ડ નંબર	લત્તાવાર વિસ્તાર	બ્લોક નંબર	ઘર નંબરોની વિગત સેન્સસ બ્લોક મુજબ ઘરનંબરથી ઘર નંબર સુધી.
વોર્ડ નંબર ૬	મોટામંદિર સામેથીગાંધીચોક, કડીયાનોઢાળ, લલ્લુ ખેમચંદની ખડકી, દવેની ખડકી, જૈન દેરાસર, ભટ્વાડો, રાવસાહેબની ખડકી, પ્રેમચંદ ભટ્ની ખડકી, ગીરજાશંકર તલાટીની ખડકી, રામજી મંદિર સામેનો વિસ્તાર, પાંચ હાટડીયા, પુરાણીની ખડકી, દવાગોરનું ફળીયું.	૧૯	ડ ૧ થી ડ ૧૩૨
	-ખારાકુવા,તથા તેની ખડકી, દવેની ખડકીવાળો ખાંચો, દેવશેરો સામેનું સુથાર ફળીયું, મહેતા ફળીયું, શાકમાર્કેટ સામેનો ખાંચો, બજાર લાઈન, રતનજી મોદીની ખડકી, બજાર લાઈન થઈ પીપળા ખડકી (શેરી) મોટા મંદિર સામે સુધી.	૨૦	ડ ૧૩૩ થી ૩૧૭
	-પાંચ હાટડીયા, ચંપાબેનના મકાનથી પ્રફુલભાઈની ખડકી, પટેલ ચોરા, મુખીની ખડકી, ઉપાધ્યાયનો ઝાપો, સર્વોદય હોસ્પિટલ, ગુંદી ફળીયું, ફકીર તકીયા, બજાર લાઈન, ઘાંચીવાડ, મસ્જીદ સામેનો ખાંચો, જોરભાઈ મુખીનો ખાંચો, પીપળા ખડકી, ડ/૪૬૭/૧ સુધી.	૨૧	ડ ૩૧૮ થી ૪૬૭/૧
	-પાંચ હાટડીયા રસિકલાલના મકાનથી શરૂ કરી બાવાની ખડકી, પીપળા ખડકી, સામેનો ભાગ, ઘાંચીવાડા, બજાર લાઈન, લુહારવાડા તથા તેનો ખાંચો, કરકટવાડો, કડીયાવાડ સુધી.	૨૨	ડ ૪૬૮ થી ૫૮૮
	-લુહારવાડાનો ઢાળ, બજાર દફતરી શેરી, દરજીવાડા, કોટીયા-વાડ, નિશાળ ચોક, પોલિસ ચોકીની સામે બજાર લાઈન ઘરીયાવાડ, આખી પરબડી સુધી.	૨૩	ડ ૫૮૯ થી ડ ૭૧૭ /૧
	-પરબડી પાસેથી બજાર લાઈન, શાકમાર્કેટ સામેનો ખાંચો, દેવશેરી ખારાકુવા બહુચરી માતાનું ફળીયું, નાનો ભટ્વાડો, રમણલાલ ભટના મકાન સુધી.	૨૪	ડ ૭૧૮ થી ૮૬૪.

વોર્ડ નંબર :૬ની હદનું વર્ણન

મોટા મંદિર સામેથી ગાંધીચોક થઇ કડીયાઢાળ, લલ્લુ ખેમચંદની ખડકીથી દવેની ખડકી થઈ જૈન દેરાસર થઇ રાવ સાહેબની ખડકી, પાંચ હાટડીયા થઇ પ્રફુલભાઈની ખડકી થઈ પટેલના ચોરા થઈ મુખીની ખડકી થઈ સર્વોદય હોસ્પિટલ, ફકીર તકીયા, બજાર લાઈન,મસ્જિદ સામેની લાઈને થઈ લુહારવાડાના ઢાળે, દફતરી શેરીના નાકે થઇ નિશાળ ચોક થઈ દેના બેન્કની લાઈને થઈ બજાર લાઇન થઈ શાકમાર્કેટ સામેનો ખાંચો, બજાર લાઈનથી રતનજી મોદીની

ખડકી થઈ પીપળા ખડકી થઈ બજાર લાઈન થઈ મોટા મંદિર સામે સોનીની દુકાન સુધી.

સુચિત નવીન વોર્ડ નંબર	લત્તાવાર વિસ્તાર	બ્લોક નંબર	ઘર નંબરોની વિગત સેન્સસ બ્લોક મુજબ ઘરનંબરથી ઘર નંબર સુધી.
વોર્ડ નંબર ૭	અમદાવાદી દરવાજા દક્ષિણ બાજુથી વાઘરી વાસ, જુના હરિજનવાસ, વિજય ટોકીઝ તથા તેની પાસેથી નવીન વસાહત, દિવાનનું ઘર પોલીસ લાઈન.	૮	બ ૧ થી બ ૪૦/૧ તથા ૪૯૧/૪
	ડબગરવાસ આખો, ટીંબા મહોલ્લો, શહેર કોટ લગતનો વિસ્તાર, મટન માર્કેટ વિસ્તાર, રાજા બિલ્ડીંગ પાસે થઈ વહોરવાડ ભોઈવાડા,સાદીક મલી ફોદાઅલીના મકાન સુધી.	૯	બ ૪૨/૧ થી બ/૧૦૩
	નિશાળ ચોક, મસ્જીદથી પાછળનો ટીંબા મહોલ્લાનો વિસ્તાર, કાજી વાડો, કુંભારવાડો, મામલતદાર ઓફિસ પાછળનો વિસ્તાર,મોચીવાડનો દક્ષિણનો ભાગ.	૧૧	બ ૨૬૮ થી બ/૩૯૮
	કાઝીવાડો, હજામવાડો, પંડયામાતા, રાવલીયાવાડ, ખોખરટેકરા, આખો મુલ્લાવાડો, રાવલીયાવાડ, વિજય ટોકીઝ સામેનો ભંડેરી વાડો.	૧૨	બ ૩૯૯ થી બ/૫૨૧.
	શાકમાર્કેટ બહારથી બજાર લાઈન, પરબડીશેરી, જુની પાયગાશેરી, પોલીસ સ્ટેશન થઈ બરોડા બેન્ક થઈ, મલેકવાડી, માલીવાડો, ગોલવાડ, ગાંધીવાડ, મલેક માસ્તરના મકાન સુધી.	૧૭	ક ૪૫૨ થી ક/૫૫૭

વોર્ડ નંબર : ૭ની હદનું વર્ણન

અમદાવાદી દરવાજા દક્ષિણ બાજુથી વાઘરીવાસ, હરીજનવાસ,વિજય ટોકીઝ, દિવાનના ઘરથી પોલીસ લાઈનથી ડબગરવાસથી ટીંબા મહોલ્લા, કોટનો વિસ્તાર થઈ મદન માર્કેટથી રાજા બિલ્ડીંગ થઈ વહોરવાડા, સાદીકઅલીના ઘરથી નિશાળ ચોક મસ્જિદે થઈ નિશાળ ચોકથી પોલીસ સ્ટેશન થઈ પાયગા શેરીના નાકે થઈ પરબડીવાળા ફળીયે બજાર લાઈન થઈનેઅંજુમન ચોકમાં થઈ ખોખર ટેકરાના ઉતરતા ભાગે સામે મુખ્ય રસ્તે થઈ મુલ્લાવાડા થઈ ભંડેરીવાડની સામેના રસ્તે થઈ અમદાવાદી દરવાજા સુધી.

સુચિત નવીન વોર્ડ નંબર	લત્તાવાર વિસ્તાર	બ્લોક નંબર	ઘર નંબરોની વિગત સેન્સસ બ્લોક મુજબ ઘરનંબરથી ઘર નંબર સુધી.
વોર્ડ નંબર ૮	વહોરવાડ, મોટા ભોઈના વાડા, કુરબાન હુસેનના મકાનથી શરૂ થઈ ભોઈ વાડાનો વિસ્તાર ઈચ્છુટોલા આખો, ગુજરાતી કુમાર શાળાની પાછળથી ટીંબા મહોલ્લાનો તમામ વિસ્તાર 'બ' ૨૬૭- ગુજરાતી શાળાની પશ્ચિમ સુધી.	૧૦	બ ૧૦૩/૧ થી બ ૨૬૭
	જેઠોલીવાળા કન્યાશાળાથી જી.ઈ.બી. ફરિયાદ કેન્દ્ર, બજાર લાઈન, દરજીવાડ, કોટીયાવાડ, વહોરવાડ, દરવાજાથી અંદરનો તમામ વહોરવાડ વિસ્તાર, જુમાતખાના સુધી.	૨૫	ઈ/૧ થી ઈ/૧૫૨
	જુમાતખાના સામેથી બાકીની વહોરવાડ, વહોરવાડ દરવાજો,		

INDEX

બજાર લાઈન, લુહારવાડાના બંનેખાંચા, બીસ્મીલ્લાહ મસ્જિદ તથા મસ્જિદનો ખાંચો, ગની દૂધવાળાના મકાન સુધી.	૨૬	ઈ/૧૫૩ થી ઈ/૨૯૨
અંબાલાલ પટેલની દુકાનથી બજાર લાઈન સરકારી દવાખાના સામેનો વિસ્તાર	૨૭	ઈ/૨૯૩ થી ઈ/૩૮૮
લહેરી મંજીલવાળું ફળીયું, વહોરવાડ, મદ્રસાવાળું ફળીયું, સ્ટેટ બેન્ક ફળીયું, દારુલ ઉલુમનુ ફળીયું, સરકારી દવાખાના સુધીનો વિસ્તાર, જુના રોહિતવાસ, ત્રિકમભાઈ લાલભાઈના મકાનથી શરૂ કરી અંદરનો જુનો રોહીતવાસ તે આસુભાઈ રત્નાભાઈના મકાન સુધીનો વિસ્તાર.	૨૮	ઈ/૩૮૯/અ થી ઈ/૫૨૬

વોર્ડ નંબર : ૮ની હદનું વર્ણન

હદનું વર્ણન:-

વહોરવાડ, મોટાભોઈવાડા, કુરબાન હુસેનના મકાનથી ભોઈવાડા, ઈસ્કુટોલા, ગુજરાતી કુમાર શાળા આગળ થઈ ટીંબા ડબગરવાસ, ના રસ્તે અહેમદ ગુલ મહંમદના મકાન આગળ થઈ ખાટકો ત્રાડ થઈ, વહોરવાડ, મોટા ભોઈવાડા, ઝેફીલીવાલા કબ્રાશાળાથી શરૂ કરી કોટીયાવાડ થઈ વહોરવાડ નાના ભોઈવાડા ના દરવાજે થઈ લુહારવાડા સ્ટેટ બેન્ક પાસે થઈ વહોરવાડ મસ્જીદના પાછળના ભાગે થઈ વહોરવાડ મદ્રાસા, સ્ટેટબેન્ક થઈ, સરકારી દવાખાને થઈ જુના બસ સ્ટેન્ડ સામેથી ત્રિકમભાઈ લાલાભાઈના મકાનની જુની રોહીતવાસનો અંદરનો ભાગ, કે ઈ/૫૨૬/૧ આસુભાઈ રત્નાભાઈના મકાન સુધી વહોરવાડ, જાહેર કોટની ઉત્તરે આવેલ વહોરવાડ, મોટા ભોઈવાડા સુધી.

સુચિત નવીન વોર્ડ નંબર	લત્તાવાર વિસ્તાર.		બ્લોક નં.ઘર નંબરની વિગત સેન્સસ બ્લોક મુજબ ઘર નંબરથી ઘર નંબર સુધી.
૯.	જુના રોહીતવાસના દરવાજા બહારનો મકાન નં. ઈ/૫૨૬/૧ થી (ત્રિકમ માના) જુનાગરો વાસનો તમામ વિસ્તાર તથા ગરોવાસની બાજુનો તથા ઉપરની નવીન વસાહતનો તમામ વિસ્તાર.	૨૯	ઈ ૫૨૬/૧ થી ઈ ૫૭૬/૧
	જુના સંસ્કાર મંદિર, નવીન વસાહત, તુરીવાસ, તોગરવાસ હુસેનો બાગનો વિસ્તાર હુસેનોબાગ આગળની દુકાનો, વાગરીવાસ તથા નવા બસ સ્ટેન્ડ સામેનો નવીન રોહીતવાસ આખો.	૩૦	ઈ/૫૭૭ થી ઈ/૬૨૦
	પશ્ચિમ બાજુનો પેટ્રોલ પંપ, પી. ડબલ્યુ. ડી. ક્વેરીના મકાનો થી પી. ડબલ્યુ. ડી. થી	૩૧	ઈ/૬૨૦/૯૨/૨ થી ઈ/૬૨૫/૬/૨/૧
	ગેસ્ટ હાઉસ, સરકારી ગોડાઉન સરકારી વસાહતો, તાહેરબાગ, જુનું ઓકટ્રોયનાકું, લાલા ફાર્મ, કોલેજ ખેતીવાડી ફાર્મ, ક્ષયરોદય નર્સિંગ હોમ.	૩૨	ઈ/૬૨૫/ થી ઈ/૬૯૨/૬/૨/૧
	કરુણાનિકેતન હાઈસ્કુલ, રામચંન્દ્રનું વાડીયું, પુર્વ બાજુનો પેટ્રોલ પમ્પ, નવીન	૩૩	ઈ/૬૯૩ થી ઈ/૮૪૪.
	બસસ્ટેન્ડ, સર્વોદય સોસાયટી દાઉદી વહોરાબાગ, હવેલ્યું, આખો વાઘરી વાસ, જીનવાળું ફળીયું,	૩૪	ઈ/૮૪૪/૧/અ થી ઈ/૯૬૧.
	નવસારીલાટ, મહાલક્ષ્મી ઓઈલ મીલ સુધી.	૭	લ ૧ થી લ ૧૬૩, ગ.૧ થી ગ.૮
	પ્રજાપતિનગર કોલેજ પાછળ નવી વસાહત.		ય ૧ થી ય ૧૮,

વોર્ડ નં. ૯ની હદનું વર્ણન:-

જુના રોહીતવાસના દરવાજાના બહાર ત્રિકમલાલના ઘરે થઈ ગરોવાસ, નવીન વસાહત, સંસ્કાર મંદીર થઈ તુરીવાસ, તીરગરવાસ,થઈ હુસેનીબાગ, ઈન્ડિયન ઓઈલના પેટ્રોલ પંપ થઈ ગેસ્ટ. હાઉસ થઈ સરકારી વસાહત થી પ્રજાપતિ નગર થઈ નવી વસાહતથી જુના નાકા થઈ કોલેજ ખેતીવાડી ફાર્મ થઈ સર્વોદય નર્સિંગ હોમ, પરસોત્તમ વાડીયું, નવા બસ સ્ટેન્ડ થઈ હવૈયાવાસ થઈ વાઘરીવાસ, છ નરોડ નવસારીઘાટ થઈ જીન સાથેની ભાગ ભોઈવાડો, થઈ મહાલક્ષ્મી મોલ થઈ જુના રોહીતવાસ સુધી.

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ.

INDEX

અનુસૂચિ-૨

રાજ્ય ચુંટણી પંચ

બાલાસિનોર નગરપાલિકા જીલ્લો ખેડાની કુલ વસ્તી : ૨૯૫૯૬
કુલ વોર્ડોની સંખ્યા : ૯
વોર્ડ દીઠ સરેરાશ વસ્તી : ૩૨૮૮

સરેરાશ વસ્તી ૧૦ ટકા વધ મુજબ : ૩૬૧૮
સરેરાશ વસ્તી ૧૦ ટકા ઘટ મુજબ : ૨૯૫૯

કુલ બેઠકોની સંખ્યા : ૨૭
મહિલા બેઠકો : ૯

૧ બેઠક અનુસુચિત જાતિ મહિલા માટે.
અનુસૂચિત આદિજાતિ મહિલા માટે કોઈ નથી.
૧ બેઠક પછાતવર્ગની મહિલા માટે

અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા ૩ તે પૈકી ૧ બેઠક મહિલા માટે અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા કોઈ નહીં.
પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા ૭ તે પૈકી ૧ મહિલા માટે
કુલ અનામત બેઠક : ૧૩
સામાન્ય બેઠક : ૧૪

અ. નં.	વોર્ડનંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી બીન અનામત	બીજી બેઠકની ફાળવણી મહિલા અનામત	ત્રીજી બેઠકની ફાળવણી
૧.	૧	૩૩૫૫	સામાન્ય	અનુ.જાતિ	સામાન્ય
૨.	૨	૩૦૦૨	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૩.	૩	૩૬૧૮	સામાન્ય	પછાતવર્ગ	અનુ.જાતિ
૪.	૪	૩૬૫૭	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૫.	૫	૩૫૨૧	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ
૬.	૬	૩૨૭૮	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૭.	૭	૨૯૧૪	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૮.	૮	૩૨૫૮	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ
૯.	૯	૩૦૩૧	સામાન્ય	સામાન્ય	અનુ. જાતિ

વો. જે. દીક્ષિત,

સચિવ,
રાજ્ય ચુંટણી પંચ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 230 REGISTERED NO. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] WEDNESDAY, OCTOBER 26, 1994/KARTIKA 4, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચુંટણી પંચ

ગુજરાત રાજ્ય

ગાંધીનગર, ૨૬મી ઓકટોબર, ૧૯૯૪.

ક્રમાંક : સમક/૨૯૭૪/૯૪.

ચકલાસી નગરપાલિકા જિલ્લો : ખેડા ની ચુંટણી માટે શહેરનાં વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ.

ભારતનાં સંવિધાનના ૭૪મા સુધારાને અનુલક્ષીને ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ, ૧૯૬૬માં રાજ્ય સરકાર ગુજરાત મ્યુનિસિપાલિટી અધિનિયમ, ૧૯૯૩ અન્વયે મહત્ત્વના સુધારા કરેલા છે. આ અધિનિયમની કલમ--૬ પેટા કલમ--૪ અન્વયે નગરપાલિકા ચુંટણી મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચુંટણી પંચમાં નિહીત થશે તેવી જોગવાઈ કરેલી છે અને રાજ્ય ચુંટણી પંચે કલમ--૬, પેટા કલમ--૧ અન્વયે રાજ્ય સરકારે કરેલા નિયમોનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને ચુંટણી કરવી જોઈએ.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ--૭ પેટા કલમ--૨ તથા કલમ--૬ની પેટા કલમ--૩ અન્વયે જાહેરનામા ક્રમાંક : કેચી-૪૪૧-૯૪--એન. પી. બી.-૩૨૯૪-૩૧૯૨-(૧૫) આર તારીખ ૧૪મી ઓકટોબર, ૧૯૯૪ જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તે અન્વયે ચકલાસી શહેરનાં નગરપાલિકાને જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેના સન ૧૯૯૧નાં વસ્તી ગણતરીના આખરી આંકડા પ્રસિધ્ધ થયા છે. તેના આધારે ૯ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. નગરપાલિકાના કાઉન્સિલરોની કુલ બેઠકો ૨૭ નક્કી કરવામાં આવી છે. જાહેરનામા અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા પછાતવર્ગ તેમજ મહિલા માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલી છે.

INDEX

૩. ચુંટણી પંચે, અધિનિયમની કલમ--૭ પેટા કલમ--૨, ખંડ--૩ પેટા ખંડ ;'ખ અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ પછાતવર્ગની તથા મહિલાની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજ્ય સરકારે તેમનાં જાહેરનામા ક્રમાંક : કેવી. ૪૯/૧૯૯૪ એન. પી. એલ. ૪૫૯૩ ૩૬૫૫/એમ, તારીખ ૧૬મી માર્ચ, ૧૯૯૪ અન્વયે અધિનિયમની કલમ--૨૭૭ની પેટા કલમ--૨ તથા કલમ--૬ તથા ૭ અન્વયે વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણીનાં નિયમો, ૧૯૯૪ને ઉપે પછી નિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે. તે બહાર પાડેલ છે.

૫. નિયમોનાં નિયમ--૨ અન્વયે નગરપાલિકા વોર્ડોની રચના એવી રીતે કરવાની છે, કે શક્ય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસ્તી એક સરખી રહે અને સામાન્યત: વોર્ડની સરેરાશ વસ્તીથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાની વધુ વધ કે ઘટ રહે નહિ તે પ્રમાણે વોર્ડની રચના કરવાની રહે છે. આમ છતાં ચુંટણી પંચને જો એવો સંતોષ થાય કે, સ્થાનિક એકજૂથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને તુલનામાં લેતાં ૧૦ ટકા વધુ વધ કે ઘટ કરીને વોર્ડની રચના કરી શકશે.

૬. પંચે નગરપાલિકાના વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે. તેમજ સને ૧૯૪૮ના સેન્સસ મુજબ સને ૧૯૯૧ના વસ્તી ગણતરીનાં છેવટનાં પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં શહેરની કુલ વસ્તી ૩૧૮૩૩ આવે છે. જાહેરનામા મુજબ શહેરને ૯ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૩૫૩૭ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની પંચે તેના કાર્યાલયના અધિકારી/કર્મચારીઓ મારફત ચકાસણી કરાવેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે, એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડનું સીમાંકન કરવાનું ધાર્યું છે. તેમાં વોર્ડ નં. ૭ સિવાય કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વસ્તી વધતી નથી.

આ અંગેના કારણો : ભૌગોલિક એક જૂથતા તથા વસ્તીના સેન્સસ બ્લોક યથાવત રાખવાથી વસ્તી વધવા પામેલ છે.

૮. શહેરનાં વોર્ડોને નિયમ--૩ની જોગવાઈઓને ધ્યાનમાં લઈ આ સાથે અનુસૂચિ--૧માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે. આ સીમાંકન નક્કી કરવામાં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક અકજૂથતા, નદી, રેલ્વેલાઈન, રોડલાઈન, વગેરે કારણે બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને એકસરખા વોર્ડ ૯ બની રહે તે મુદ્દો વિચારણામાં લઈ વોર્ડનું સીમાંકન નક્કી કરેલું છે.

૯. નિયમોનાં નિયમ--૪ અન્વયે દરેક વોર્ડમાં ત્રણ કાઉન્સિલર ચુંટવાના છે. નિયમ--૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક બીન અનામત એટલે કે, સામાન્ય બેઠક બની રહેશે. જ્યારે બીજી બેઠક મહિલા (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની મહિલા સહિત) માટે અનામત રાખવાની છે. જ્યારે ત્રીજી બેઠક જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા પછાતવર્ગને ફાળવવાની રહેશે અને તેવી ફાળવણી પછી જે કોઈ બેઠક બાકી રહે તો તે બીન અનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે.

૧૦. નિયમોના નિયમ--૬ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિની દરેક વોર્ડની વસ્તીની ટકાવારીનાં ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તી (સંખ્યા) વધુ હોય એટલે કે ટકાવારી વધુ હોય તે વોર્ડનાં ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, મહિલા બેઠક સહિત)ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ વસ્તી હોય એટલે કે, ટકાવારી ઉંચી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારીત કરેલ છે.

૧૧. જાહેરનામા અન્વયે ચકલાસી શહેર માટે ૧ બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે અનુસૂચિત જાતિની મહિલા માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ નથી.

૧૨. પંચે એકઠી કરેલી માહિતી મુજબ શહેરના જુદા જુદા ૯ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જે ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ. નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	અનુસૂચિત જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુસૂચિત જાતિની વસ્તીની ટકાવારી
૧	૨	૩૪૦૬	૬૧૫	૧૮.૦૬ ટકા
૨	૫	૩૫૭૪	૮૧	૨.૨૭ ટકા
૩	૬	૩૬૩૧	૪૮	૧.૩૨ ટકા
૪	૩	૩૧૧૪	૧૩	૦.૪૧ ટકા
૫	૯	૩૩૨૯	૪	૦.૧૨ ટકા
૬	૧	૩૭૨૫	—	—
૭	૪	૩૪૦૮	—	—
૮	૭	૩૯૭૨	—	—
૯	૮	૩૬૭૪	—	—

INDEX

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નંબર ૨ માં અનુસૂચિત જાતિની બેઠક નિયમોનાં નિયમ-૬/અ હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે અને તે મુજબ ફાળવવામાં આવે છે.

૧૪. જાહેરનામા અનુસાર અનુસૂચિત આદિજાતિ માટે કોઈ બેઠક અનામત નિર્ધારીત થયેલ ન હોવાથી ફાળવવાનો પ્રશ્ન રહેતો નથી.

૧૫. જાહેરનામા મુજબ ૩ બેઠકો પછાતવર્ગ માટે ફાળવેલ છે. તે પૈકી ૧ બેઠક આ વર્ગની મહિલા માટે અનામત રખાઈ છે.

૧૬. વોર્ડની સીમાંકન તથા અનામત બેઠકની ફાળવણી નિયમો ૧૯૯૪ના નિયમ ૬/બી હેઠળ રાજ્ય ચુંટણી પંચે પછાત વર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. જેના મહત્વનાં પ્રબંધ નીચે પ્રમાણે છે. :—

૧. માન્ય રાજકીય પક્ષો તરફથી મળેલ માહિતીના અભ્યાસ પરથી જે શહેરનાં જે જે વોર્ડોમાં પછાતવર્ગની વસ્તીનાં ધોરણને અનુલક્ષીને જે સર્વસામાન્ય વોર્ડો હોય તે તે પછાતવર્ગ માટે અનામત બેઠક ફાળવવાની રહેશે.

૨. મ્યુનિસિપલ ચીફ ઓફિસર તરફથી છેલ્લી ચુંટણીમાં જે વોર્ડમાંથી પછાતવર્ગના ઉમેદવારો ચુંટાઈને કોર્પોરેટર/સભ્ય તરીકે પદધારણ કરતા હતા, તે ઉપર અનુક્રમે નં. ૧માં જણાવેલ વોર્ડોમાં બેઠક ફાળવ્યા પછી નિયત સંખ્યા સુધીમાં ફાળવવાની રહેશે.

આથી સ્પષ્ટતા કરવાની કે જુના વોર્ડોનું સીમાંકન અને નવા વોર્ડોનાં સીમાંકનમાં ફેરફાર હોય તો જુના વોર્ડોના મોટાભાગનો જે વિસ્તાર જે જે નવા વોર્ડોના સીમાંકનમાં સમાવિષ્ટ થતો હોય તેવા નવા વોર્ડમાં પછાતવર્ગની બેઠક ફાળવવાની રહે છે.

૩. પછાતવર્ગ માટે અનામત કુલ બેઠકો પૈકી ૧/૩ બેઠકો મહિલા માટે જાહેરનામા અન્વયે અનામત રખાઈ છે. આમ ત્રણ બેઠકો પૈકી એક બેઠક મહિલા માટે અનામત રાખવામાં આવી છે. આમ મહિલાનું પ્રમાણ ૧/૩ રહે છે. તેથી તાર્કિક રીતે વિચારતાં દર ત્રણ બેઠકો પૈકી ત્રીજી બેઠક મહિલા માટે ફાળવવી તેમ પંચ સ્વીકારે છે.

૪. પરંતુ જો આ રીતે જે વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિ માટે મહિલા બેઠક ફાળવી હોય તો તે વોર્ડને બદલે તે પછી અનુક્રમે જે વોર્ડ આવે તે વોર્ડમાં પછાતવર્ગ/પછાતવર્ગ મહિલા બેઠક ફાળવવી.

માન્ય રાજકીય પક્ષોને પંચ તરફથી નગરપાલિકાઓનાં કયા વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવી તેનાં સુચનો મોકલવા કાર્યાલય તરફથી વિનંતી કરવામાં આવેલ પરંતુ કોઈપણ માન્ય રાજકીય પક્ષ તરફથી હજુ સુધી સૂચન કરવામાં આવ્યા નથી. પંચે અપનાવેલા માપદંડ મુજબ ચીફ ઓફિસર/વહીવટદાર પાસેથી ગત ચુંટણીમાં પછાતવર્ગના કાઉન્સિલરો સભ્યો જુના કયા વોર્ડમાંથી ચુંટાયા હતા અને તે સમગ્ર વોર્ડોના કે વોર્ડનો મોટાભાગનો વિસ્તાર નવા કયા વોર્ડમાં સમાવિષ્ટ થાય છે તેની માહિતી મેળવવામાં આવી છે.

ભારતનાં સંવિધાનનાં ૭૪મા સુધારાને અનુલક્ષીને ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ, ૧૯૬૩માં રાજ્ય સરકાર મ્યુનિસિપાલીટી અધિનિયમ, ૧૯૯૩ અન્વયે મહત્વનાં સુધારા કરેલા છે. આ અધિનિયમની કલમ--૬ પેટા કલમ--૪ અન્વયે નગરપાલિકાની ચૂંટણી, મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી પંચમાં નિહીત થશે તેવી જોગવાઈ કરેલી છે. અને રાજ્ય ચૂંટણી પંચે કલમ--૬ પેટા કલમ--૧ અન્વયે રાજ્ય સરકારે કરેલાં નિયમોનુસાર અધિનિયમની જોગવાઈઓને આધિન રહીને ચૂંટણી કરવી જોઈએ.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ--૭ પેટા કલમ--૨ તથા કલમ--૬ની પેટા કલમ--૩ અન્વયે જાહેરનામા ક્રમાંક : કેવી/૪૪૪/-૯૪/એનપીબી/૨૭૯૪/૩૧૯૨(૧૮)-આર તારીખ ૧૪મી ઓકટોબર, ૧૯૯૪ જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તે અન્વયે લુણાવાડા શહેરનાં નગરપાલિકા ને જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેના સન ૧૯૯૧નાં વસ્તી ગણતરીનાં આખરી આંકડા પ્રસિદ્ધ થયા છે. તેનાં આધારે ૯ વોર્ડોમાં વ્હેંચવામાં આવેલ છે. નગરપંચાયતના કાઉન્સિલરોની કુલ બેઠકો : ૨૭ નક્કી કરવામાં આવી છે. જાહેરનામા અન્વયે અનુસુચિત જાતિ, અનુસુચિત આદિજાતિ, તથા પછાતસવર્ણ તેમજ મહિલા માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલી છે.

INDEX

૩. ચૂંટણી પંચે, અધિનિયમની કલમ—૭ પેટા કલમ—૨, ખંડ—૩, પેટા ખંડ : ખ અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની તથા મહિલાની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજ્ય સરકારે તેમનાં જાહેરનામા ક્રમાંક : કેવી. ૪૯/૧૯૯૪ એન. પી. એલ. ૪૫૯૩/૩૬૫૫ એમ, તારીખ ૧૬મી માર્ચ, ૧૯૯૪ અન્વયે અધિનિયમની કલમ—૨૭૭ ની પેટા કલમ—૨ તથા કલમ—૬ તથા ૭ અન્વયે વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણીનાં નિયમો, ૧૯૯૪ને હવે પછી નિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે. તે બહાર પાડેલ છે.

૫. નિયમોના નિયમ—૨ અન્વયે નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે, શકય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસ્તી એક સરખી રહે અને સામાન્યત: વોર્ડની સરેરાશ વસ્તીથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહિ તે પ્રમાણે વોર્ડની રચના કરવાની રહે છે.

આમ છતાં ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે, સ્થાનિક એકજૂથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને તુલનામાં લેતાં ૧૦ ટકા વધુ વધ કે ઘટ કરીને વોર્ડની રચના કરી શકશે.

૬. પંચે નગરપાલિકાના વોર્ડોનાં સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે. તેમજ સને ૧૯૪૮નાં સેન્સસ મુજબ સને ૧૯૯૧ના વસ્તી ગણતરીનાં છેવટનાં પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં શહેરના કુલ વસ્તી ૨૭૯૬૨ આવે છે. જાહેરનામા મુજબ શહેરન ૯ વોર્ડોમાં વહેચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૩૧૦૭ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની પંચે તેનાં કાર્યાલયનાં અધિકારી/કર્મચારીઓ મારફત ચકાસણી કરાવેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે, એકઠી થયેલ માહિતીનાં આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યું છે. તેમાં વોર્ડ નં. ૯ સિવાય કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વસ્તી વધતી નથી. કે ૧૦ ટકાથી વસ્તી ઘટતી નથી.

આ અંગેના કારણો :

૯મા વોર્ડમાં સરેરાશ વસ્તી કરતાં ૩૬૪ વ્યકિતની વસ્તી વધુ છે.

એટલે કે, ૧૧.૭૦ ટકા વસ્તી વધુ છે. જે ૧૦ ટકાની વસ્તી વધારેની મર્યાદા કરતાં ૧.૭૦ ટકા જ વધુ છે. સેન્સસ બ્લોક નહિ તોડવાના કારણે આમ બનેલ છે. વળી, વોર્ડ નં. ૯ તથા ૭ વચ્ચે જાહેર રસ્તો છે. જેની હદ મુજબ વોર્ડો રચવા યોગ્ય છે.

૮. શહેરનાં વોર્ડોને નિયમ—૩ની જોગવાઈઓને ધ્યાનમાં લઈ આ સાથે અનુસૂચિ—૨માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે. આ સીમાંકન નક્કી કરવામાં શકય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી, રેલ્વે લાઈન, રોડલાઈન વગેરે કારણે બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને એકસરખા વોર્ડ ૯ બની રહે તે મુદ્દો વિચારણામાં લઈ વોર્ડોનું સીમાંકન નક્કી કરેલું છે.

૯. નિયમોનાં નિયમ—૪ અન્વયે દરેક વોર્ડમાં ત્રણ કાઉન્સિલર ચૂંટવાના છે. નિયમ—૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક બીન અનામત એટલે કે, સામાન્ય બેઠક મળી રહેશે. જયારે બીજી એક બેઠક મહિલા (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત-વર્ગની મહિલા સહીત) માટે અનામત રાખવાની છે. જયારે ત્રીજી બેઠક જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, તથા પછાતવર્ગને ફાળવવાની રહેશે. અને તેની ફાળવણી પછી જો કે ઈ બેઠક બાકી રહે તે તે બીન અનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે.

૧૦. નિયમોના નિયમ—૬ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિની દરેક વોર્ડની વસ્તીની ટકાવારીનાં ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તી (સંખ્યા) વધુ હોય એટલે કે ટકાવારી વધુ હોય તે વોર્ડનાં ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ અનુસૂચિત આદિજાતિ, મહિલા બેઠક સહીતની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ વસ્તી હોય એટલે કે, ટકાવારી ઉંચી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારીત કરેલ છે.

૧૧. જાહેરનામા અન્વયે લુણાવાડા શહેર માટે ૨ બેઠકો અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે. અને ૨ બેઠકો પૈકી ૧ બેઠક અનુસૂચિત જાતિની મહિલા માટે અનામત રાખવાનું નિર્ધારીત કર્યું છે.

૧૨. પંચે એકઠી કરેલી માહિતી મુજબ શહેરનાં જુદા જુદા ૯ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ. નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	અનુ. જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ-જાતિની વસ્તીની ટકાવારી
૧	૮	૩૨૬૪	૫૩૪	૧૬.૩ ટકા
૨	૨	૨૮૦૩	૪૨૨	૧૫ ટકા
૩	૪	૨૮૮૭	૨૩૧	૮.૦ ટકા

INDEX

૧	૨	૩	૪	૫
૪	૧	૩૦૦૩	૧૫૭	૫.૨ ટકા
૫	૭	૨૮૨૭	૧૦૬	૩.૭ ટકા
૬	૬	૩૨૩૫	૫૫	૧.૭ ટકા
૭	૯	૩૪૭૧	૧૬	૦.૪ ટકા
૮	૫	૩૨૩૪	...	—
૯	૩	૩૨૩૫	...	...

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીનાં ક્રમ મુજબ વોર્ડ નંબર : ૮ તથા ૨માં અનુસૂચિત જાતિની બેઠક નિયમોનાં નિયમ ૬/અ હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે. અને તે મુજબ ફાળવવામાં આવે છે.

૧૪. અનુસૂચિત જાતિના મહિલા અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યત: આ વર્ગની વસ્તીને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતાં પ્રથમ આવતાં દર ત્રણ વોર્ડનાં જૂથ પૈકી ત્રીજા વોર્ડમાં મહિલા બેઠક ફાળવવી તેમ પંચ માને છે. આ પ્રમાણે ગણત્રી કરતાં વોર્ડ નંબર ૮માં અનુસૂચિત જાતિ માટે અને વોર્ડ નંબર ૨માં અનુસૂચિત જાતિની મહિલા માટે બેઠક અનામત રાખવાની થાય છે. આ મુજબ ફાળવણી કરતાં પણ નિયમો અન્વયે દરેક વોર્ડમાં એક મહિલા, એક સામાન્ય બેઠક ફાળવવાની જોગવાઈ છે. તેનું ખંડન ન થાય તેની તકેદારી રાખવાની રહે છે.

૧૫. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નંબર : ૮ તથા ૨ માં નિયમોનાં નિયમ ૬-અ અન્વયે ફાળવવામાં આવે છે તે પૈકી આ વર્ગના મહિલા માટે બેઠકની વ્હેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

વોર્ડ નંબર	બેઠક
૮	અનુસૂચિત જાતિ
૨	અનુસૂચિત મહિલા

૧૬. જાહેરનામા અન્વયે ધ્રાણવાડા શહેર માટે ૧ બેઠક અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે.

પંચે એકઠી કરેલ માહિતી મુજબ શહેરનાં જુદા જુદા ૯ (નવ) વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત આદિજાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ. નં.	વોર્ડ નંબર.	વોર્ડની કુલ વસ્તી	વોર્ડની અનુસૂચિત આદિજાતિની વસ્તી.	વોર્ડની વસ્તી સામે અનુસૂચિત આદિજાતિની વસ્તીની ટકાવારી
૧.	૧	૩૦૦૩	૬૨૯	૨૦.૯
૨.	૨	૨૮૦૩	૧૦૨	૩.૬
૩.	૯	૩૪૭૧	૭૮	૨.૨
૪.	૬	૩૨૩૫	૫૪	૧.૬
૫.	૩	૩૨૩૫	૩૨	૦.૯

INDEX

૧	૨	૩	૪	૫
૬.	૮	૩૨૬૭	૧૪	૦.૪
૭.	૭	૨૮૨૭	૧૩	૦.૪
૮.	૫	૨૧૩૪	...	...
૯.	૪	૨૮૮૭	...	...

આમ અનુસૂચિત આદિજાતિની વસ્તીની ઉંચી ટકાવારી ક્રમ મુજબ વોર્ડ નંબર ૧ અનુસૂચિત આદિજાતિની બેઠક નિયમોના નિયમ ૬/અ હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે. અને તે મુજબ ફાળવવામાં આવે છે.

૧૭. જાહેરનામા મુજબ ૩ બેઠકો પછાતવર્ગો માટે ફાળવેલ છે. તે પૈકી ૧ બેઠક આ વર્ગની મહિલા માટે અનામત રખાઈ છે.

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકની ફાળવણી નિયમો ૧૯૯૪ના નિયમ-૬/બી હેઠળ રાજ્ય ચૂંટણી પંચે પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. જેના મહત્વના પ્રબંધ નીચે પ્રમાણે છે.

૧. માન્ય રાજકીય પક્ષો તરફથી મળેલ માહિતીના અભ્યાસ પરથી જે શહેરનાં જે જે વોર્ડોમાં પછાતવર્ગની વસ્તીના ઘોરણને અનુલક્ષીને જે સર્વસામાન્ય વોર્ડો હોય તે તે પછાતવર્ગ માટે અનામત બેઠક ફાળવવાની રહેશે.

૨. મ્યુનિસિપલ ચીફ ઓફિસર તરફથી છેલ્લી ચૂંટણીમાં જે વોર્ડમાંથી પછાત વર્ગનાં ઉમેદવારો ચૂંટાઈને કોર્પોરેટર/સભ્ય તરીકે પદ ધારણ કરતા હતા, તે ઉપર અનુક્રમે નં. ૧મા જણાવેલ વોર્ડોમાં બેઠક ફાળ્યા પછી નિયત સંખ્યા સુધીમાં ફાળવવાની રહેશે.

આથી સ્પષ્ટતા કરવાની કે જુના વોર્ડોનું સીમાંકન અને નવા વોર્ડોનાં સીમાંકનમાં ફેરફાર હોય તો જુના વોર્ડોનાં મોટા ભાગનો જે વિસ્તાર જે જે નવા વોર્ડનાં સીમાંકનમાં સમાવિષ્ટ થતો હોય તેવા નવા વોર્ડમાં પછાતવર્ગની બેઠક ફાળવવાની રહે છે.

૩. પછાતવર્ગ માટે અનામત કુલ બેઠકો પૈકી ૧/૩ બેઠકો મહિલા માટે જાહેરનામા અન્વયે અનામત રખાઈ છે. આમ ત્રણ બેઠકો પૈકી એક બેઠક મહિલા માટે અનામત રાખવામાં આવી છે. આમ મહિલાનું પ્રમાણ ૧/૩ રહે છે. તેથી તાર્કિક રીતે વિચારતા દર ત્રણ બેઠકો પૈકી ત્રીજી બેઠક મહિલા માટે ફાળવવી તેમ પંચ સ્વિકારે છે.

૪. પરંતુ જો આ રીતે જ વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિ માટે મહિલા બેઠક ફાળવી હોય તો તે વોર્ડને બદલે તે પછી અનુક્રમે જે વોર્ડ આવે તે વોર્ડમાં પછાતવર્ગ/પછાતવર્ગ મહિલા બેઠક ફાળવવી. માન્ય રાજકીય પક્ષોને પંચ તરફથી નગરપાલિકાઓનાં કયા વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવી તેનાં સૂચનો મોકલવા કાર્યાલય તરફથી વિનંતી કરવામાં આવેલ. પરંતુ કોઈપણ માન્ય રાજકીય પક્ષ તરફથી હજુસુધી સૂચન કરવામાં આવ્યાં નથી. પંચે અપનાવેલા માપદંડ મુજબ ચીફ ઓફિસર/વહીવટદાર પાસેથી ગત ચૂંટણીમાં પછાતવર્ગનાં કાઉન્સિલરો/સભ્યો જુના કયા વોર્ડમાંથી ચૂંટાયા હતા અને તે સમગ્ર વોર્ડોના કે વોર્ડનો મોટા ભાગના વિસ્તાર નવા કયા વોર્ડમાં સમાવિષ્ટ થાય છે તેની માહિતી મેળવવામાં આવી છે.

૧૯. આ માહિતી ચકાસતાં જુના વોર્ડ-નંબર સને ૧૯૮૬ના ૯ તથા ૧૦ સને ૧૯૯૩ના ૩, ૪ તથા સને ૧૯૯૦ના ૬, ૭,, ૨૦ જેનો મોટા ભાગનો વિસ્તાર હાલના નવા વોર્ડ નંબર ૨, ૩, ૪માંથી ગત ચૂંટણીમાં પછાત વર્ગના ઉમેદવારો ચૂંટાયેલ હતા જેની વિગત નીચે મુજબ છે.

ચૂંટણીનું વર્ષ	જુનો વોર્ડ નંબર	બેઠકોની કુલ સંખ્યા	પછાતવર્ગના ચૂંટાયેલ સભ્યોની સંખ્યા	નવો સૂચિત વોર્ડ નંબર
૧૯૯૩	૩	૧	૧	૫
	૪	૧	૧	૫
૧૯૯૦	૬	૧	૧	૩
	૭	૧	૧	૩
	૨૦	૧	૧	

INDEX

૧	૨	૩	૪	૫
૧૯૮૬	૯	૧	૧	૨
	૧૦	૧	૧	૨
	૧૬	૧	૧	૮
	૫	૧	૧	૪

જાહેરનામા અન્વયે લુણાવાડા નગરપાલિકા માટે પછાતવર્ગ માટે ત્રણ જ બેઠકો અનામત રખાઈ છે.

આથી, આ સમગ્ર હકીકત લક્ષમાં લેતાં વોર્ડ નંબર ૨, ૩ તથા ૫માં પછાતવર્ગ માટે બેઠક અનામત રાખવાનું અને તે પૈકી ત્રીજા ક્રમે આવતાં વોર્ડ નંબર ૫માં પછાતવર્ગની મહિલા માટે બેઠકો અનામત રાખવાનું પંચ મુનાસિબ માને છે. પછાતવર્ગની બેઠકની સમગ્રતઃ ફાળવણી નિયમોનાં નિયમ ૬/અ હેઠળ નીચે પ્રમાણે કરવાનું ઠરાવે છે.

વોર્ડ નંબર	બેઠક
૨	પછાતવર્ગ
૩	પછાતવર્ગ
૫	પછાતવર્ગ મહિલા

૨૦. આ પ્રમાણે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, તથા પછાતવર્ગ (તે પૈકી મહિલા અનામત બેઠકોની સહીતની) ફાળવણી કર્યા પછી મહિલા અનામત બેઠક અને સામાન્ય ઉમેદવારને બાકી રહેતી બેઠક ફાળવવામાં આવે છે.

૨૧. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને નિયમોનાં નિયમ-૩ અન્વયે લુણાવાડા શહેરને આ સાથે સંલગ્ન અનુસૂચિ-૧માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમ કન નિર્ધારિત કરવામાં આવે છે. અને આ સાથે અનુસૂચિ-૨માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારિત કરવામાં આવે છે.

૨૨. આ પ્રમાણે વોર્ડોનું વિભાજન અને હદરેખા નક્કી કરવાનું અને વોર્ડની બેઠકની ફાળવણીનો મુસદ્દો જનતાની જાણ માટે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે.

૨૩. ઉપર પ્રમાણે વોર્ડોની હદરેખા નક્કી કરવામાં આવે છે. અને ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે. તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે. અને તે સામે કોઈપણ શખ્સને જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૫ દિવસમાં રાજ્ય ચૂંટણી પંચ, બ્લોક નંબર ૯, ૬, ૭મો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા. મુદત વિત્યે આવેલ સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

૨૪. રાજ્ય ચૂંટણી પંચે લુણાવાડા શહેરનાં ૯ વોર્ડોની નક્કી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો છેવટનો કરતાં પહેલાં લોકપ્રતિનધિત્વ ધારો-૧૯૭૧- અન્વયે માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

વે. જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગર.

અનુસૂચિ--૧

લુણાવાડા નગરપાલિકા--પંચમહાલ જિલ્લો.

સુચિત નવીન ઈલેકશન વોર્ડનો લત્તાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન.

INDEX

નંબર	લત્તાવાર વિસ્તાર	ઘર નંબરોની વિગત સેન્સસ બ્લોકમુજબ ઘર નંબરથી ઘર નંબર સુધી
૧—લુણેશ્વર મહાદેવ વૉર્ડ.	હાટડીયા બજાર, નવી ગોલવાડ તરફ જનીની ફળી, મઠની ફળી, મુલથાનપુરા ટેબો.	૨૮--૪--૧/૧ થી ૪/૧/૧૧૫
	અંબાજી મંદિરથી તાલુકા પંચાયત કચેરી, કતબજીની થાલી, ફોરેસ્ટ ખાતાના મકાનો, માર્કેટીંગ યાર્ડ, રેલ્વે સ્ટેશન, જી.ઈ.બી. પી.ડબલ્યુ. ડી. કોટેજ હોસ્પિટલ એસ. કે. હાઈસ્કુલ પશુ દવાખાના, ચામઠાં, ફળી, મદારીના મકાનો	૩૬--૪/૯/૧ થી ૪/૯/૧૫૩
	એન.કે. ટોકીઝથી મોહન મહાસુખના બંગલા સુધી, લુણેશ્વર મહાદેવ તરફ (બ્રહ્મભટ્ટ ફળી) બારોટવાડા વાવના મુવાડા, ગાયત્રી સોસાયટી ગણેશ સોસાયટી.	૩૭--૪/૧૦/૧ થી ૪/૧૦/૧૫૬
	વાઘરીવાડ, દરકોલી તળાવથી આગળ પટેલના મકાનો, હનુમાન વેરી નવા કારવા, રણજીત ક્લબથી જવાહર બાગ સુધી, કિસાન હાઈસ્કુલ વિસ્તાર.	૩૮--૪/૧૧/૧ થી ૪/૧૧/૭૯

પોલીસ લાઈન, પોલીસ ક્વાર્ટર્સ, ૩૯-૪/૧૨/૧ થી ૪/૧૨/૬૦ હદનું વર્ણન : પુર્વે પાનમ નદીના દક્ષિણ કિનારેથી ઉત્તર તરફ આગળ જઈને સંતરામ રોડ થઈને પશ્ચિમ તરફ વળીને ઉત્તરે ડુંગર વિસ્તાર ફોરેસ્ટ ક્વાર્ટર્સ, તેમજ ઓફીસ થઈને ડુંગર વિસ્તાર થઈને પેટ્રોલ પંપ, તાલુકા પંચાયત ગાંધીકુટિર થઈને ગાડાવાલા ના મકાનો પાછળ ડુંગર વિસ્તાર થઈને પુર્વા તરફ અંબાજી મંદિર આગળના રસ્તે થઈને શહેરા દરવાજા માં થઈને બળીયાદેવ મંદિર સામેના રસ્તે થઈને લાલસિહજી પુસ્તકાલય આગળ થઈને પુસ્તકાલયથી હાટડીયા બજાર તરફ જવાના રસ્તે થઈને પશ્ચિમ તરફ વળીને દશકોલી દરવાજામાં થઈને પશ્ચિમ તરફ વળીને હાઈવે ચાર રસ્તા થઈને જવાહર બાગ થઈને જવાહર શોપીંગ સેન્ટર હાઈવે સેન્ટર સામે હાઈવે થઈને કડાણા કોલોની પાછળ થઈને નવા કારવાથી વેરી નદીની પશ્ચિમે આગળ થઈને હાડોડ રોડ આગળ થઈને પશ્ચિમ તરફ આગળ વધીને પશ્ચિમે કાળવા વિસ્તાર થઈને દરકોલી તળાવ પાછળ થઈને ઘોળી ગામના સીમાડે થઈને પોલીસ લાઈન ક્વાર્ટર્સ પાછળ થઈને ઘોળી ગામ, નાની થરેલ મોટી થરેલ તથા ગામ પાંખીના સીમાડે થઈને દક્ષિણ વળીને દક્ષિણ પાનમ નદીના દક્ષિણ કિનારે મોજે નવા મુવાડા ગામના સીમાડે થઈને પાનમ નદીના દક્ષિણ કિનારે કિનારે મોજે ઘંટાવ ગામના સીમાડે હદ.

૨--મુલ્લા જીવાભાઈ જીવાભાઈ વૉર્ડ	વાડી મહોલ્લો દારૂગલા મહોલ્લો.	૮--૨/૧/૧ થી ૨/૧/૧૪૪
	કડાણા કોલોની, એસ. ટી. પાછળનાં દુકાનો, જવાહર શોપીંગ સેન્ટર, એસ. ટી સ્ટેન્ડ, થારકોસીયા નાકા પાસેનો વિસ્તાર, શિવશકિત સોસાયટી, તીરગરના મકાનો તેમજ દરકોલી દરવાજાથી નવિન કોર્ટના માર્ગથી પશ્ચિમ તરફનો વિસ્તાર.	૧૮--૨/૧૧/૧ થી ૨/૧૧/૧૩૩.
	મામલતદાર કચેરી તરફનો ભાગ ઉપાધ્યાયની ફળી, સુથારવાડની ફળી, સોનીવાડ, પરામાં ભટ્ટની ફળી.	૨૫--૩/૭/૧ થી ૩/૭/૧૪૮.
	પાંજરાપોળ, કુંભારવાડ, મોટા સુથારવાડ, દારૂગલા મહોલ્લો, ગઢ, મોટા સુથારવાડ, જરાતીવાડ.	૨૬--૩/૮/૧ થી ૩/૮/૧૬૨
	જરાતીવાડ તીરગરવાસ, મુસ્લીમ કડીયાવાડ, ગઢ.	૨૭--૩/૯/૧ થી ૩/૯/૧૪૭

હદનું વર્ણન :

પુર્વે સોનીવાડ પરાથી અસ્તાના બજાર જવાના રસ્તે કુંભારવાડ આગળ થઈને કોટડાવાડ પાસેના રસ્તે થઈને અસ્તાના બજારના રસ્તે થઈને અસ્તાના મસ્જીદ આગળ થઈને દારૂગલા મહોલ્લા થઈને દેવળમાતા આગળ તકીયા આગળ થઈને મદેસા સ્કુલ આગળ થઈને વાડી મહોલ્લા તરફ જવાના થઈને ઉત્તરે વેરી નદી વિસ્તાર થઈને પશ્ચિમે મોડાસા હાઈવે થઈને વેરી નદી વિસ્તાર થઈને શિવશકિત સોસાયટી થઈને થારકોરીયા નાકા તેમજ ગોડાઉન વિસ્તાર થઈને વેરી નદી વિસ્તાર થઈને કડાણા કોલોની થઈને હાઈવે એસ.ટી. સ્ટેન્ડ થઈવે એસ.ટી. સ્ટેન્ડથી હાઈવે થઈને દક્ષિણે હાઈવેથી દરકોલી દરવાજા તરફ જવાના રસ્તે થઈને દરકોલી દરવાજાથી ઉત્તર તરફ વળીને નવિન કોર્ટના માર્ગે થઈને દક્ષિણે આશીર્વાદ હોસ્પિટલ આગળ પરા રોડ થઈને પરા રોડથી અસ્તાના બજાર તરફ જવાના સોનીવાડના રસ્તે હદ.

INDEX

૩–દેવળમાતા વોર્ડ.	સૈફીપુરા કુંભારવાડ, અસ્તાના બજાર, કોઠફળી.	૯–૨/૨/૧ થી ૨-૨-૧૪૪.
	મોચીવાલી શેરી, કાછીયાવાડ, દેવળમાતા સામેની ગલી. જુમાતખાનાવાલી શેરી,	૧૦–૨/૩/૧ થી ૨/૩/૧૬૯.
	ધાંચીવાડ, બકરાવાલી શેરી.	૧૪–૨/૭/૧ થી ૨/૭/૧૬૬.
	ધાંચીવાડ, ખાટકીવાડ, ધાંચીવાડ.	૧૫–૨/૮/૧ થી ૨/૮/૧૫૭.
	નાના ડબગરવાડ, ખાટકીવાડ, મોડાસાફળી.	૧૬–૨/૯/૧ થી ૨/૯/૧૭૦.
	હરીજનવાસ, વાઘરીનીવાડી નગીનશેઠની વાડી, બુરહાની બાગ, બુરહાની એપાર્ટમેન્ટ, યુસુફી એપાર્ટમેન્ટ, ચારકોશીયા નાકાથી દાધવાસ દરવાજા માર્ગની ઉત્તર તરફનો વિસ્તાર તથા મધવાસ દરવાજાથી વેરી નદીના માર્ગની પશ્ચિમ તરફનો વિસ્તાર.	૧૭–૨/૧૦/૧ થી ૨/૧૦/૮૬.

હદનું વર્ણન :—

પુર્વે માંડવી બજાર ડબગરની દુકાન આગળથી મોચીવાલી શેરી મોજણીદારના ઘર આગળ થઈને કાછીયાવાડ તરફના રસ્તે થઈને દેવળમાતા તરફ જવાના રસ્તે થઈને દેવળમાતા હુસેનીચોક વહોરવાડ થઈને ગુલાટીના ઘર આગળ થઈને જવાહર રોડ ધાંચીવાડ મધવાસ દરવાજાથી કબ્રસ્તાન તરફના રસ્તે થઈને ઉત્તરે વેરી નદીન ઉત્તર કિનારે થઈને વેરી નદી વિસ્તાર થઈને દક્ષિણ તરફ વળીને વાઘરીની વાડીના વિસ્તારે થઈને પશ્ચિમે દેવળમાતા ચોક (હુસેનીચોક) તકીયા આગળ થઈને દારૂગલા મહોલ્લા થઈને અસ્તાના મસ્જીદ આગળ થઈને દક્ષિણે અસ્તાના બજારથી માંડવી બજાર તરફ ડબગરની દુકાન આગળ મોચીવાલી શેરીએ હદ.

૪–જવાહર વોર્ડ	કાજીવાડ, બલુજીનો ટેકરો બેડાફળી, તુરીવાસ મોટા ડબગરવાસ, ધાંચીવાડ.	૬–૧/૬/૧ થી ૧/૬/૧૩૬,
	મધવાસ દરવાજા, પુર્વ તરફનો ભાગ મોટા ડબગરવાડ, ગરોવાસ, બેડાફળી,	૭–૧/૭/૧ થી ૧/૭/૧૬૦
	જુમાતખાનાવાલી શેરી, દેવળમાતાવાલી શેરી, પાયાવાલી શેરી,	૧૧–૨/૪/૧ થી ૨/૪/૧૬૩
	પાયાવાલી શેરી મોચીવાલી શેરી માંડવીબજાર, નવાબજાર,	૧૨–૨/૫/૧ થી ૨/૫/૧૧૯
	માંડવી બજાર, ગોળ બજાર, નવાબજાર, ધાંચીવાડ,	૧૩–૨/૬/૧ થી ૨/૬/૧૨૫

હદનું વર્ણન :—

પુર્વે દક્ષિણ દિશાથી ઉત્તર તરફ બેડાફળીથી ગરોવાસ તરફ જવાના રસ્તે થઈ મોટા ડબગરવાસ આગળના રસ્તે થઈ ઉત્તરે મધવાસ દરવાજા જવાહર રોડ થઈને ધાંચીવાડ થી ગુલાટીના ઘર આગળ થઈને ધાંચીવાડ જવાહર રોડથી દેવળમાતા તરફ જુના રસ્તે થઈને દક્ષિણ તરફ વળીને પશ્ચિમે દેવળમાતા ચોક (હુસેનનીચોક) જુમાતાખાનાવાલી શેરી વહોરવાડ મૂકાદમના ઘર આગળ થઈને પાયાવાલી શેર નાગળના રસ્તે થઈને કાછીયાવાડ ના રસ્તે થઈને મોચીવાલી શેરી આગળના રસ્તે થઈને માંડવી બજાર તરફ દક્ષિણ તરફ વળીને દક્ષિણે માંડવી બજાર થઈને આત્માગર ટાવર આગળ થઈને માંડવી બજારથી કાછીયાવાડ પટેલ ચોટરીવાળાની દુકાન આગળ થઈને ઉત્તર તરફ વળ ગોળ બજાર થઈને અજીતભાઈ ગાંધીના એસ.ટી.ડી. સેન્ટર આગળ થઈને ધાંચીવાડ, જવાહર રોડ, બકરાવાલાના ઘર આગળ થઈને ધાંચ ધ્રી કસ્બા મહોલ્લા થઈને બેડાફલી જવાના રસ્તે વાસના રસ્તે હદ.

૫–ગણેશ વોર્ડ	પ્રજાપતિવાસ, બેડાફળી, ધાંટીફળી, બારોટવાડ.	૧–૧/૧/૧ થી ૧/૧/૧૫૮
	બેડાફળી, બલુજીના ટેકરાવાળો પ્રજાપતિવાસ, બારોટ ફળીનું છોટાલાલ દોસીની ફળી, મીઠા ગણેશની ફળી, વણીયાવાડ, કસ્બા મહોલ્લા ટેકરો.	૨–૧/૨/૧ થી ૧/૨/૧૫૭
	કસ્બા બેડાફળી તરફ તેલીની ફળી, પીપળી બીજારના રસ્તાવાળો ભાગ, ભાયચંદ વકીલની ફળી, પીપળી બજાર, ગોલવાડ.	૩–૧/૩/૧ થી ૧/૩/૧૬૦
	માંડવી બજારથી પીપળી બજાર વાળંદ ફળી, પીપળીબજારથી ગોળ બજાર, ભાવસારવાડ, જવાહર રોડ, ગોળ બજાર, ધાંચીવાડ, ખારાકુવા કસ્બા મહોલ્લા નામદારવાડ.	૪–૧/૪/૧ થી ૧/૪/૧૫૪

INDEX

	ધાંચીવાડ, જવાહર રોડ ત્રણ ફાનસ, કસ્બા મહોલ્લો કાજીવાડ, ધાંચીવાડ જવાહરરોડ.	૪—૧/૫/૧ થી ૧/૫/૧૬૩

હદનું વર્ણન

પુર્વે ધાંટીથી બેડાફળી અનાજની વખારો (દુકાનો) આગળ થઈને બેડાફળી અરબ મંઝીલ આગળ થઈને ગરેવાસ પાસે થઈને **ઉત્તરે** બેડાફળી થી કસ્બા મહોલ્લા થઈને મધવાસ દરવાજા તરફ જવાના રસ્તે થઈને પશ્ચિમ મદવાસ દરવાજાથી ગોળ બજાર બકરાવાલાના ઘર આગળ થઈને એસ.ટી.ડી. સેન્ટર સામે થઈને દક્ષિણે ભાવસારવાડ, જબરેશ્વર મહાદેવ થઈને ગોઈ બજારથી મીઠા ગણેશની ડેરી થઈને ધાંટી પ્રજાપતિવાસ શિક્ષકના ઘર આગળ થઈને અનાજની દુકાનો વખારો આગળ ઉતરતા ઢાળે ધાંટીએ કિસનસાગર જવાના રસ્તે હદ.

૬—કિસનસાગર વોર્ડ	ભોઈવાડાનું નીચલું ફળીયું ભોઈવાડાનું ઉપલુ ફળીયું ભોઈવાડ, નળા.	૩૫—૪/૮/૧ થી ૪/૮/૧૨૫
	નાની ગોલવાડ, પુનમચંદ શેઠની ફળી, પંડયાની ફળી, ધાંટી મહેતાની ખડકી, ઠાકોરવાડની ધાંટી.	૪૪—૫/૫/૧ થી ૫/૫/૧૬૦
	ધાંટી, ડુહારફળી, વાળંદ ફળી, કિસનસાગર તળાવ ઉપરનો ભાગ, રૂક્ષ્મણી ભુવન, કાછીયાની વખારો, રાવળના ઘરો.	૪૫—૫/૬/૧ થી ૫/૬/૧૪૫
	ઠાકોરવાડ ટેકરી, બાપુજી ભગવાનના વાડો તરફ મહેલોલીયા વોટર વર્કસ કંકા, શામા ટોકીઝ જવાના રસ્તા ઉપરનો પશ્ચિમ તરફનો ભાગ આરામપુરા તુરીવાસ, આરામપુરા, સામે વાડી, હાજી જી. યુ. પટેલ હાઈસ્કુલથી ધાંચી કબ્રસ્તાન સુધીનો ભાગ, તળાવનો ગોળ ભાગ, વેલણવાડ, મદ્રેસા, કંકા રોડ મદ્રસાથી આગળ જતાં મધવાસ દરવાજાથી કિસનસાગર દરવાજા સુધી કોટ બહારનો તમામ વિસ્તાર.	૪૬—૫/૭/૧ થી ૫/૭/૧૦૧ અને ૫/૯/૧ થી ૫/૯/૧૪૫

હદનું વર્ણન :—

પુર્વે—ગામ ચનસરનો સીમાડે થઈને કરનાબારીયાના મુરડાના સીમાડે થઈને ગામ ચાવડીયાના સીમાડે થઈને ગામ કાંઠાના સીમાડે થઈને ગામ મુવાડાના સીમાડે થઈને પશ્ચિમ તરફ વળીને ગામ કછોટીયાના મુવાડાના સીમાડે વેરી નદીના ઉત્તર કિનારે કિનારે થઈને દક્ષિણ તરફ વળીને પશ્ચિમે ધાંચી કબ્રસ્તાન આગળના રસ્તે થઈને હાજી જી. યુ. પટેલ હાઈસ્કુલ આગળ થઈને મધવાસ દરવાજા સામેથી જીારામપુરાના રસ્તે થઈને શામા ટોકીઝ પાછળ ગરેવાસ સામે થઈને શામા ટોકીઝથી દક્ષિણે કિસનસાગર તળાવ સામેના રસ્તે થઈને ધાંટી થઈને કડીયાવાડ તરફના રસ્તે થઈને નળા વિસ્તાર, તથા ભોઈવાડ જવાના રસ્તે થઈ ડુંગર વિસ્તાર (રાજેલા હિલ્સ) થઈને સંતરામપુર રોડ થઈને દક્ષિણથી પુર્વ તરફ વળીને દક્ષિણે પાનમ નદીના કિનારે કિનારે ઉત્તર તરફ વળીને ગામ ચનસરના સીમાડે હદ.

૭—ચૌટાચોક વોર્ડ	માંડવી બજાર, દરજીવાડ માંડવી, મોચીવાડ, અસ્તાના બજાર દારૂગલા મહોલ્લો.	૨૪—૩/૬/૧ થી ૩/૬/૧૫૪
	રેસકોસ રોડ, કોઠારીવાડ, રેડકોસ રોડ, ઠાકોરવાડ, ચૌટાચોક.	૪૦—૫/૧/૧ થી ૫/૧/૧૫૧
	ચૌટાચોક, અધ્યારૂની ફળી, ગાયવાડી, નાગરવાડા.	૪૧—૫/૨/૧ થી ૫/૨/૧૬૦
	માંડવી બજાર, દેરાફળી	૪૨—૫/૩/૧ થી ૫/૩/૧૪૯
	પીપળી બજાર, મનસુખ પરસોત્તમની ખડકી, જાદવજીની ખડકી, ગોકુળનાથજીના મંદિર પાસે, કડીયાવાડ, નાગરવાડ.	૪૩—૫/૪/૧ થી ૫/૪/૧૫૧

હદનું વર્ણન :—

પુર્વે કડીયાવાડના રસ્તાથી જાદવજીની ખડકી આગળ થઈને પશ્ચિમ તરફ વળીને દેરાસર આગળ થઈને માંડવી બજાર તરફ જવાન રસ્તે થઈને માંડવી આત્માગર ટાવરની દક્ષિણ તરફના રસ્તે થઈને માંડવી બજાર રોડથી મોચીવાડની ઉત્તર તરફના અસ્તાના બજાર તરફના રસ્તે થઈને અસ્તાના બજારથી દક્ષિણ તરફ વળીને પશ્ચિમે કોટડાવાડની પુર્વ તરફના રસ્તે થઈને પારેખવાડાથી હાટાના કુવાના રસ્તે થઈને હાટાના કુવાથી ફુવારા તરફ જવાના રસ્તે થઈને પશ્ચિમથી પુર્વ તરફ વળીને દક્ષિણે દુલાભાઈના માઢ આગળના રસ્તે થઈને સી. એમ. જાનીની ખડકી આગળ થઈને નાગરવાડાથી કડીયાવાડ તરફ જવાના રસ્તે હદ.

INDEX

૮—મહાજન વોર્ડ	હાટડીયા બજાર પરા, શુકલની ખડકી.	૧૯—૩/૧/૧ થી ૩/૧/૧૫૨
	ઘેલીમાતાનો ખાંચો, સેવકની ફળી, હાથીસિહ બાપુની ચોપાડ, દેરાક્રીની ફળી, જનીની ફળી, ઊંટવાડા પરા	૨૦—૩/૨/૧ થી ૩/૨/૧૫૨
	ફૂવારા રોડ, મહેતાવાડ, રામપુરવાલાની ખડકી, કોટડાવાડ, કુંભારવાડ, સોનીવાડ, પરા વિસ્તાર, રામજીમંદિર	૨૧—૩/૩/૧ થી ૩/૩/૧૪૧.
	મહેતાવાડ, રામજીમંદિરની ખડકી, રણછોડ મહેતાની ચાલી રેડક્રોસ રોડ, બેઠક મંદિર તરફનો ભાગ,	૨૨—૩/૪/૧ થી ૩/૪/૯૩
	સોનીવાડ, પારેખવાડ.	૨૩—૩/૫/૧ થી ૩/૫/૧૧૨

હદનું વર્ણન :

પુર્વે ફૂવારા ચોક પોલીસ સ્ટેશન આગળના રસ્તાથી હાટના કુવા જવાના રસ્તે થઈ પારેખવાડા આગળ થઈને કોટડાવાડ આગળ થઈને ઉત્તરે અસ્તાના બજારથી કોટડાવાડના રસ્તા આગળ થઈને કુંભારના ઘરો આગળના રસ્તે થઈને સોનીવાડને રસ્તે થઈને સોની-વાડથી પરા તરફ જવાના રસ્તે થઈને આશીર્વાદ હોસ્પિટલ આગળથી દક્ષિણ તરફ વળીને પશ્ચિમે પરા રોડ સુપર માર્કેટની પશ્ચિમ તરફ થઈને શુકલ શોપીંગ સેન્ટરની પશ્ચિમ તરફ થઈને દરકોલી દરવાજા તરફ જવાના રસ્તે થઈને પશ્ચિમથી પુર્વ તરફ વળીને દક્ષિણે હાટડીયા બજારના રસ્તે થઈને પોસ્ટ ઓફીસ આગળ થઈને ઘેલીમાતાના મંદિર આગળ થઈને સોમનાથ મહાદેવના મંદિર આગળ થઈને નગરપાલિકાની ઉત્તર તરફના પેલેસ રોડ આગળ થઈને મહેતાવાડ, ડો. બાકરોલવાલાના આરામ દવાખાના આગળ થઈને ફૂવારા ચોકની ઉત્તર તરફ પોલીસ સ્ટેશન સામેના રસ્તે હદ.

૯—નગરપાલિકા વોર્ડ	હાટડીયા બજાર, લુહારફળી, નવી ગોલવાડ જોશીની ફળી	૨૯—૪/૨/૧ થી ૪/૨/૧૬૬
	નગરપાલીકા, પંડયાફળી, પંચેશ્વર મહાદેવની ફળી, ડુંગરાભીત, લુહારફળી.	૩૦—૪/૩/૧ થી ૪/૩/૧૪૦
	ફૂવારાચોક નજીક, કાકાની ફળી, ડુંગરાભીત, ટેબામાં, ફૂવારા ચોક નજીક સીંધી ફળી, દલાભાઈનો માઢ.	૩૧—૪/૪/૧ થી ૪/૪/૧૬૨
	ઔદીચ્યની વાડી, ભાયાતના સાથ, બ્રાહમણની ફળી. (ભગતવાડી) નાગરવાડાનો ઢાળ ચઢતાં, ઠાકોરવાડા.	૩૨—૪/૫/૧ થી ૪/૫/૧૫૩
	નાગરવાડાનો ઢાળ ઉતરતાં છાટોફળી, કડીયાવાડ.	૩૩—૪/૬/૧ થી ૪/૬/૧૪૨
	કડીયાવાડ, પંચાલફળી, ભોઈવાડ, પુર્વ ભાગ, નળો.	૩૪—૪/૭/૧ થી ૪/૭/૧૧૬

હદનું વર્ણન :

પુર્વે ડુંગર વિસ્તાર (રાજેલા હીલ્સ) થી ભોઈવાડાના રસ્તે થઈ નળા વિસ્તારના રસ્તે થઈ કડીયાવાડ જવાના રસ્તે થઈ પશ્ચિમ તરફ વળીને ઉત્તરે કડીયાવાડથી નાગર વાડાના રસ્તે થઈને સી. એમ. જાનીની ખડકી આગળ થઈને ઔદીચ્યની વાડીની ઉત્તર તરફના રસ્તે દુલાભાઈના માઢ આગળના રસ્તે થઈને ફૂવારા રોડ થઈને ફૂવારા ચોકથી પેલેસ રોડ થઈને નગરપાલીકા આગળ થઈને રોયલ એજન્સી, હાટડીયા બજાર થઈને દક્ષિણ તરફ વળીને પશ્ચિમે નવી ગોલવાડથી રાયફલ હાઉસ આગળના રસ્તે થઈને બળીયાદેવના મંદિર આગળ થઈને શહેરા દરવાજા ડુંગર વિસ્તાર થઈને પુર્વ તરફ વળીને દક્ષિણે ટેબા વિસ્તાર ડુંગરાભીત સીંધી કોલોની જુના રાજમહેલ, ઠાકોરવાડ, નળા, ભોઈવાડાની દક્ષિણ તરફ ડુંગર વિસ્તારે (રાજેલા હીલ્સે) હદ.

રાજય ચૂંટણી પંચ

અનુસૂચિ—૨

લુણાવાડા નગરપાલિકા જિલ્લો : પંચમહાલની કુલ વસ્તી : ૨૭૯૬૨.

કુલ વોર્ડોની સંખ્યા : ૯.

વોર્ડ દીઠ સરેરાશ વસ્તી : ૩૧૦૭

સરેરાશ વસ્તી ૧૦ ટકા વધ મુજબ : ૩૪૧૭.
સરેરાશ વસ્તી ૧૦ ટકા ઘટ મુજબ : ૨૭૯૭.

કુલ બેઠકોની સંખ્યા : ૨૭.

INDEX

મહિલા બેઠકો : ૯ તે પૈકી ૧ બેઠક અનુસૂચિત મહિલા તથા ૧ બેઠક પછાતવર્ગની મહિલા સહીતની.

અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા : ૨ તે પૈકી ૧ બેઠક મહિલા માટે.

અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા : ૧.

પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા : ૩ તે પૈકી ૧ મહિલા માટે.

કુલ અનામત બેઠક : ૧૩

સામાન્ય બેઠક : ૧૪.

અ. નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી બીન અનામત	બીજી બેઠકની ફાળવણી મહિલા અનામત	ત્રીજી બેઠકની ફાળવણી
૧	૧	૩૦૦૩	સામાન્ય	સામાન્ય	અનુ. આદિજાતિ
૨	૨	૨૮૦૩	સામાન્ય	અનુ. જાતિ	પછાતવર્ગ
૩	૩	૩૨૩૫	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ
૪	૪	૨૮૮૭	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૫	૫	૩૨૩૪	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૬	૬	૩૨૩૫	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૭	૭	૨૮૨૭	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૮	૮	૩૨૬૪	સામાન્ય	સામાન્ય	અનુ. જાતિ
૯	૯	૩૪૭૧	સામાન્ય	સામાન્ય	સામાન્ય

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No.234 REGISTERED NO. G/GNR/2.

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] WEDNESDAY, OCTOBER 26,1994/ KARTIKA 4, 1916.

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર, ૨૬મી ઓકટોબર, ૧૯૯૪.

ક્રમાંક :સમક/૨૬૮3/૯૪/

હાલોલ નગરપાલીકા જિલ્લો : પંચમહાલની ચૂંટણી માટે શહેરનાં વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ.

ભારતનાં સંવિધાનનાં ૭૪ મા સુધારાને અનુલક્ષીને ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ-૧૯૬૩ માં રાજ્ય સરકાર ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ-૧૯૯૩ અન્વયે મહત્વનાં સુધારા કરેલા છે. આ અધિનિયમની કલમ-૬ પેટા કલમ-૪ અન્વયે નગરપાલિકાની ચૂંટણી, મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી પંચમાં નિહીત થશે તેવી જોગવાઇ કરેલી છે. અને રાજ્ય ચૂંટણી પંચ કલમ-૬ પેટા કલમ-૫ અન્વયે રાજ્ય સરકારે કરેલાં નિયમોનુસાર અધિનિયમની જોગવાઇઓને આધીન રહીને ચૂંટણી કરવી જોઇએ.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ-૭ પેટા કલમ-૨ તથા કલમ-૬ ની પેટા કલમ-૩ અન્વયે જાહેરનામા ક્રમાંક : કેવી/૪૪૫/૯૪/એનપીબી/૭૨૯૪/૩૧૯૨ (૧૯)/આર, તા.૧૪-૧૦-૯૪ જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તે અન્વયે હાલોલ શહેરનાં નગરપાલીકા જેનો હવે પછી નગરપાલીકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેના સન

INDEX

૧૯૯૧ ના વસ્તી ગણતરીનાં આખરી આંકડા પ્રસિધ્ધ થયા છે. તેનાં આધારે ૯ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. નગરપંચાયતના કાઉન્સિલરોની કુલ બેઠકો ૨૭ નકકી કરવામાં આવી છે. જાહેરનામા અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા પછાતવર્ગ તેમજ મહીલા માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલી છે.

૩. ચૂંટણી પંચે અધિનિયમની કલમ-૭ પેટા કલમ-૨, મંડ-૩, પેટા મંડ-મ અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની તથા મહીલાની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજય સરકારે તેમના જાહેરનામા ક્રમાંક:ડેવી/૪૯/૧૯૯૪/એન.પી.એલ/૪૫૯૩/૩૬૫૫/એમ, તા.૧૬-૩-૧૯૯૪ અન્વયે અધિનિયમની કલમ-૨૭૭ ની પેટા કલમ-૨ તથા કલમ-૬ તથા ૭ અન્વયે વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણીનાં નિયમો ૧૯૯૪ ને હવે પછી નિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે. તે બહાર પાડેલ છે.

૫. નિયમોનાં નિયમ-૨ અન્વયે નગરપાલીકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે, શકય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસ્તી એક સરખી રહે અને સામાન્યત: વોર્ડની સરેરાશ વસ્તીથી કોઇપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહી તે પ્રમાણે વોર્ડની રચના કરવાની રહે છે. આમ છતાં ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે, સ્થાનિક એકમૂથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને તુલનામાં લેતાં ૧૦ ટકા વધુ વધ કે ઘટ કરીને વોર્ડની રચના કરી શકશે.

૬ પંચે નગરપાલીકાના વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે. તેમજ સને ૧૯૪૮ નાં સેન્સસ મુજબ સને ૧૯૯૧ ના વસ્તી ગણતરીનાં છેવટનાં પ્રસિધ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં શહેરની કુલ વસ્તી : ૨૭૬૨૫ આવે છે. જાહેરનામા મુજબ શહેરને ૯ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૩૦૬૯ ની થાય છે.

૭ એકઠી કરેલ માહિતીની પંચે તેનાં કાર્યાલયના અધિકારી:કર્મચારીઓ મારફત ચકાસણી કરાવેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે, એકઠી થયેલ માહિતીનાં આધારે જે રીતે વોર્ડનું સીમાંકન કરવાનું ધાર્યું છે તેમાં વોર્ડ નં.૭ તથા ૯ સિવાય કોઇપણ વોર્ડમાં ૧૦ ટકાથી વસ્તી વધતી નથી કે ૧૦ ટકાથી વસ્તી ઘટતી નથી.

આ અંગેના કારણો :

૧. વોર્ડ નં.૭ માં શહેરી વિસ્તારમાં ગામતળના ગીર, ફળિયા વિસ્તાર હોઇ, અલગ પાડી શકાય તેમ નથી.

૨. વોર્ડ નં.૯ માં જાંબુડી અને સુલ્તાનપુરા બંને રેવન્યુ ગામો છે. જેને નગરપાલિકા વિસ્તારમાં આવરી લીધેલ હોઇ, તથા શહેરી વિસ્તારથી અંદાજે ચાર કી.મી.દુર આવેલ છે.

૮ શહેરનાં વોર્ડોને નિયમ-૩ ની જોગવાઇઓને ધ્યાનમાં લઇ આ સાથે અનુસૂચિ.૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નકકી કરવામાં આવે છે. આ સીમાંકન નકકી કરવામાં શકય હોય ત્યાં સુધી ભૌગોલિક એકમૂથતા, નદી, રેલ્વેલાઇન, રોડલાઇન વગેરે કારણે બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને એકસરખા વોર્ડ ૯ બની રહે તે મુદ્દો વિચારણામાં લઇ વોર્ડોનું સીમાંકન નકકી કરેલું છે.

INDEX

૯ નિયમોનાં નિયમ-૪ અન્વયે દરેક વોર્ડમાં ત્રણ કાઉન્સિલર ચૂંટવાના છે. નિયમ-૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક બીન અનામત એટલે કે, સામાન્ય બેઠક બની રહેશે. જ્યારે બીજી બેઠક મહીલા (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની મહીલા સહીત) માટે અનામત રાખવાની છે. જ્યારે ત્રીજી બેઠક જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, તથા પછાતવર્ગને ફાળવવાની રહેશે. તેવી ફાળવણી પછી જો કોઇ બેઠક બાકી રહે તો તે બીન અનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે.

૧૦ નિયમોના નિયમ-૬ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિની દરેક વોર્ડની વસ્તીની ટકાવારીના ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તી(સંખ્યા) વધુ હોય એટલે કે, ટકાવારી વધુ હોય તે વોર્ડનાં ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, (મહીલા બેઠક સહીત) ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ વસ્તી હોય એટલે કે, ટકાવારી ઉંચી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારીત કરેલ છે.

૧૧ જાહેરનામા અન્વયે હાલોલ શહેર માટે ૧ બેઠકો અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે.

૧૨ પંચે એકઠી કરેલી માહિતી મુજબ શહેરનાં જુદા જુદા ૯ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	અનુ.જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ.જાતિની વસ્તીની ટકાવારી
૧	૨	૩	૪	૫
૧	૫	૨૮૪૭	૨૦૮	૭.૩૦ %
૨	૪	૩૦૮૦	૨૦૦	૬.૫૦ %
૩	૧	૨૯૮૦	૧૮૩	૬.૧૪ %
૪	૭	૩૮૯૦	૧૯૬	૫.૦૩ %
૫	૬	૩૨૯૬	૫૭	૧.૭૫ %
૬	૮	૩૫૮૩	૪૮	૧.૩૩ %
૭	૨	૩૪૦૪	૪૪	૧.૩૦ %
૮	૩	૨૮૮૪	૧૪	૦.૪૮ %
૯	૯	૧૬૯૧	૪	૦.૨૪ %

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીનાં ક્રમ મુજબ વોર્ડ નંબર:૫ માં અનુસૂચિત જાતિની બેઠક નિયમોમાં નિયમ-૬-અ હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે. અને તે મુજબ ફાળવવામાં આવે છે.

૧૪. જાહેરનામા અન્વયે હાલોલ શહેર માટે ૩ બેઠકો અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે. અને ૩ બેઠકો પૈકી ૧ બેઠક અનુસૂચિત આદિજાતિની મહીલા માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે.

INDEX

પંચે એકઠી કરેલ માહિતી મુજબ શહેરનાં જુદા જુદા ૯ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત આદિજાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની કુલ વસ્તી	વોર્ડની અનુસૂચિત આદિજાતિની વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુસૂચિત આદિજાતિની વસ્તીની ટકાવારી
૧	૨	૩	૪	૫
૧	૯	૧૬૯૧	૧૪૧૬	૮૩.૭૩ %
૨	૩	૨૮૮૪	૮૦૭	૨૭.૯૮ %
૩	૮	૩૫૮૩	૭૬૮	૨૧.૪૨ %
૪	૧	૨૯૮૦	૧૦૩	૩.૪૬ %
૫	૨	૩૪૦૪	૧૦૨	૩.૦ %
૬	૭	૩૮૯૦	૩૯	૧.૦ %
૭	૫	૨૮૪૭	૨૭	૦.૯૫ %
૮	૬	૩૨૬૬	૧૮	૦.૫૫ %
૯	૪	૩૦૮૦	૩	૦.૦૯ %

આમ, અનુસૂચિત આદિજાતિની વસ્તીની ઉંચી ટકાવારી ક્રમ મુજબ વોર્ડનંબર ૯, ૩ તથા ૮ અનુસૂચિત આદિજાતિની બેઠક નિયમોના નિયમ-૬.અ હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે. અને તે મુજબ ફાળવવામાં આવે છે.

અનુસૂચિત આદિજાતિનાં મહીલા માટે અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસ્તીને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતા પ્રથમ આવતા દર ત્રણ વોર્ડનાં જુથ પૈકી ત્રીજા વોર્ડમાં મહીલા માટે બેઠક ફાળવી તેમ પંચ માને છે. આ મુજબ ફાળવણી કરતાં પણ નિયમો અન્વયે દરેક વોર્ડમાં એક મહીલા, એક સામાન્ય બેઠક ફાળવવાની જોગવાઇ છે. તેનું ખંડન ન થાય તેની તકેદારી રાખવાનો રહે છે.

અનુસૂચિત આદિજાતિની બેઠક વોર્ડ નંબર: ૯, ૩ અને ૮ માં નિયમોના નિયમ-૬.અ અન્વયે ફાળવવામાં આવે છે તે પૈકી આ વર્ગની મહીલા માટે બેઠકની વ્હેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

વોર્ડ નંબર	બેઠક
૯	પછાતવર્ગ
૩	પછાતવર્ગ
૮	પછાતવર્ગ મહીલા

૧૫. જાહેરનામા મુજબ ૩ બેઠકો પછાતવર્ગો માટે ફાળવેલ છે. તે પૈકી ૧ બેઠક આ વર્ગની મહીલા માટે અનામત રખાઇ છે.

INDEX

૧૬. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકની ફાળવણી નિયમો, ૧૯૯૪ ના નિયમ, ૬/બી હેઠળ રાજ્ય ચૂંટણી પંચ, પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. જેના મહત્વનાં પ્રબંધ નીચે પ્રમાણે છે.

૧. માન્ય રાજકીય પક્ષો તરફથી મળેલ માહિતીના અભ્યાસ પરથી જે શહેરનાં જે જે વોર્ડોમાં પછાતવર્ગની વસ્તીનાં ધોરણને અનુલક્ષીને જે સર્વસામાન્ય વોર્ડો હોય તો તે પછાતવર્ગ માટે અનામત બેઠક ફાળવવાની રહેશે.

૨. મ્યુનિસિપલ ચીફ ઓફીસર તરફથી છેલ્લી ચૂંટણીમાં જે વોર્ડમાંથી પછાતવર્ગનાં ઉમેદવારો ચૂંટાઇને કોર્પોરેટર/સભ્ય તરીકે પદધારણ કરતા હતા. તે ઉપર અનુક્રમે નં.૧ માં જણાવેલ વોર્ડોમાં બેઠક ફાળવ્યા પછી નિયત સંખ્યા સુધીમાં ફાળવવાની રહેશે.

આથી સ્પષ્ટતા કરવાની કે જુના વોર્ડોનું સીમાંકન અને નવા વોર્ડોનાં સીમાંકનમાં ફેરફાર હોય તો જુના વોર્ડોનાં મોટા ભાગનો જે વિસ્તાર જે જે નવા વોર્ડોનાં સીમાંકનમાં સમાવિષ્ટ થતો હોય તેવા નવા વોર્ડમાં પછાતવર્ગની બેઠક ફાળવવાની રહે છે.

૩. પછાતવર્ગ માટે અનામત કુલ બેઠકો પૈકી ૧/૩ બેઠકો મહીલા માટે જાહેરનામા અન્વયે અનામત રખાઇ છે. આમ ત્રણ બેઠકો પૈકી એક બેઠક મહીલા માટે અનામત રાખવામાં આવી છે. આમ મહીલાનું પ્રમાણ ૧/૩ રહે છે. તેથી તાર્કિક રીતે વિચારતા દર ત્રણ બેઠકો પૈકી ત્રીજી બેઠક મહીલા માટે ફાળવવી તેમ પંચ સ્વીકારે છે.

૪. પરંતુ જો આ રીતે જ વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ, અથવા અનુસુચિત આદિજાતિ માટે મહીલા બેઠક ફાળવી હોય તો તે વોર્ડને બદલે તે પછી અનુક્રમે જે વોર્ડ આવે તે વોર્ડમાં પછાતવર્ગ/પછાતવર્ગ મહીલા બેઠક ફાળવવી.

માન્ય રાજકીય પક્ષોને પંચ તરફથી નગરપાલિકાઓનાં કયા વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવી તેનાં સુચનો મોકલવા કાર્યાલય તરફથી વિનંતી કરવામાં આવેલ. પરંતુ કોઇપણ માન્ય રાજકીય પક્ષ તરફથી હજુ સુધી સુચન કરવામાં આવ્યા નથી. પંચે અપનાવેલા માપદંડ મુજબ ચીફ ઓફીસર/વહીવટદાર પાસેથી ગત ચૂંટણીમાં પછાતવર્ગનાં કાઉન્સિલરો/સભ્યો જુના કયા વોર્ડમાંથી ચૂંટાયા હતા. અને તે સમગ્ર વોર્ડોનાં કે વોર્ડનો મોટા ભાગના વિસ્તાર નવા કયા વોર્ડમાં સમાવિષ્ટ થાય છે તેની માહિતી મેળવવામાં આવી છે.

૧૭. આમ માહિતી ચકાસતાં જુના વોર્ડ નંબર: ૯, ૧૧, ૧૨, ૫ જેનો મોટા ભાગનો વિસ્તાર હાલના નવા વોર્ડ નંબર ૭, ૮ અને ૬ માંથી ગત ચૂંટણીમાં પછાતવર્ગનાં ઉમેદવારો ચૂંટાયેલ હતા. જેની વિગત નીચે મુજબ છે.

ચૂંટણીનું વર્ષ	જુનો વોર્ડ નંબર	બેઠકોની કુલ સંખ્યા	પછાતવર્ગનાં ચૂંટાયેલ સભ્યોની સંખ્યા	નવો સુયોજીત વોર્ડ નંબર
૧૯૯૧	૯	૧	૧	૭
	૧૧	૧	૧	૮
	૧૨	૧	૧	૮
૧૯૮૬	૫	૧	૧	૬

INDEX

આ સમગ્ર હકીકત લક્ષમાં લેતાં વોર્ડ નંબર: ૬, ૭ અને ૮ માં પછાતવર્ગ માટે બેઠક અનામત રાખવાનું અને તે પૈકી ત્રીજા ક્રમે આવતા વોર્ડ નંબર: ૮ માં પછાતવર્ગની મહીલા માટે બેઠક અનામત રાખવાનું થાય પરંતુ વોર્ડ નં.૮ માં અનુસુચિત આદિજાતિની મહીલા માટે બેઠક અનામત રખાઇ ગયેલ હોઇ પછાતવર્ગની મહીલા માટેની અનામત બેઠક વોર્ડ નંબર.૮ ને બદલે વોર્ડ નંબર.૭ માં અનામત રાખવાનું પંચ મુનાસિબ માને છે. પછાતવર્ગની બેઠકોની સમગ્રતા: ફાળવણી નિયમોનાં નિયમ.૬.અ હેઠળ નીચે પ્રમાણે કરવાનું ઠરાવે છે.

વોર્ડ નંબર	બેઠક
૬	પછાતવર્ગ
૭	પછાતવર્ગ મહીલા
૮	પછાતવર્ગ

૧૮. આ પ્રમાણે અનુસુચિત જાતિ, અનુસુચિત આદિજાતિ તથા પછાતવર્ગ (તે પૈકી મહીલા અનામત બેઠકની સહીતની) ફાળવણી કર્યા પછી મહીલા અનામત બેઠક અને સામાન્ય ઉમેદવારને બાકી રહેતી બેઠક ફાળવવામાં આવે છે.

સમગ્રતા: તમામ પાસાઓનો અભ્યાસ કરીને નિયમોનાં નિયમ-૩ અન્વયે હાલોલ શહેરને આ સાથે સંલગ્ન અનુસુચિ-૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે. અને આ સાથે અનુસુચિ -૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

૨૦. આ પ્રમાણે વોર્ડોનું વિભાજન અને હદરેખા નકકી કરવાનું અને વોર્ડની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૧. ઉપર પ્રમાણે વોર્ડોની હદરેખા નકકી કરવામાં આવે છે અને ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે. તે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. અને તે સામે કોઇપણ શખ્સને જાહેર જનતાને સલાહ સુચનો કરવાના હોય, તો તે આ આદેશ પ્રસિદ્ધ થયાની તારીખથી ૧૫ દિવસમાં રાજ્ય ચૂંટણી પંચ, બ્લોક નંબર: ૯, ૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા મુદત વિત્યે આવેલ સુચનો ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

૨૨. રાજ્ય ચુંટણી પંચે હાલોલ શહેરનાં ૯ વોર્ડોનાં નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો છેવટનો કરતાં પહેલાં લોકપ્રતિનિધિત્વ ધારો-૧૯૫૧ અન્વયે માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

વો.જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

INDEX

અનુસૂચિ-૧

હાલોલ નગરપાલિકા : પંચમહાલ જિલ્લો.

ઇલેકશન વોર્ડનો વિસ્તાર તથા ઘર નંબરો, હદનું વર્ણન.

સુચિત નવીન વોર્ડ.	લત્તાવાર વિસ્તાર	ઘર નંબરોની વિગત સેન્સસ મુજબ ઘર નંબરથી ઘર નંબર સુધી. બ્લોક નંબર	
૧	૨	૩ બ્લોક નંબર	ઘર નંબર
૧	જંબુસરીયાની ચાલી, એસ.ટી.સ્ટેન્ડ સામેનો વિસ્તાર, નવી પોસ્ટ ઓફીસ સામેનો વિસ્તાર.	૨૭	૧ થી ૧૨૨
	કિરણ સોસાયટી, વિઠ્ઠલનગર, સરદાર.	૨૮	૧ થી ૧૬૮
	અયોધ્યા નગર, શારદા નગર, શ્રીજી શ્યામસુંદર, રણછોડનગર.	૨૯	૧ થી ૧૭૦
	નંદનવન, લક્ષ્મીછાયા,નટવરનગર જવાહરનગર,અલ્પના, કલ્પના, અલકાપુરી રિધ્ધી સિધ્ધી નર્મદાનગર.	૩૦	૧ થી ૧૬૩
	ઉલ્લાસનગર, મેઘદૂત, સૂર્યનગર, શુભમ, ગોધરા રોડ પૂર્વ વિભાગ, મહાકાળી મંદિર સુધી.	૩૧	૧ થી ૧૭૧

હદનું વર્ણન

ઉત્તરે દુણીયાના સિમાડે ગોધરા રોડ તરફ થઇ પૂર્વ મહાકાળી મંદિર થઇ રણછોડ નગર માર્કેટીંગ યાર્ડ થઇ કિરણ સોસાયટી થઇ સરદાર સોસાયટી થઇ બસ સ્ટેન્ડ પૂર્વ જંબુસરીયાની ચાલી થઇ બસ સ્ટેન્ડ થઇ પ્રસૂતિ ગૃહ, કોલેજ વિસ્તાર થઇ અલ્પના સોસાયટી થઇ પશ્ચિમે ગોવર્ધન નગર થઇ ઉત્તરે દુણીયાના સિમાડા સુધી.

૧	૨	૩	
૨	ગોધરા રોડ મહાકાળી મંદિરથી જ્યોતિ લીમીટેડ વિસ્તાર, ગોવર્ધન નગર સુધી.	૩૨	૧ થી ૧૫૨

INDEX

૧	૨		૩
	પ્રસૂતિગૃહ, પંચવટી, કૃષ્ણનગર, ગોકુલનગર, ગોપીનગર, ગાયત્રી -	૩૩	૧ થી ૧૧૩
	સોસાયટી, ભાગ્યોદય, અવંતિનગર, દ્વારકેશ દર્પણ પુજા સુધી.	૩૪	૧ થી ૯૫
	રેફરલ હોસ્પિટલ, તાલુકા પંચાયત ફુલાભાઇ માર્ગ, સર્વોદય શંકરનગર, ગીતાનગર, જાગૃતિ સોસાયટી સુધી	૩૫	૧ થી ૧૧૨
	ભાવિન, કૃષ્ણકુંજ, રત્નદિપ વિસ્તાર	૩૬	૧ થી ૧૦૬
	કંજરી રોડ આઇસ ફેકટરીથી ઢોર દવાખાના વિસ્તાર, એચ.એસ.-	૩૭	૧ થી ૧૦૩
	હાઇસ્કુલ પાછળનો ભાગ, આદર્શ સોસાયટી.		

હદનું વર્ણન

ઉત્તરે કૃષ્ણકુંજ સોસાયટી થઇ અનુપમ સોસાયટી થઇ વડોદરા રોડ થઇ જાગૃત સોસાયટી થઇ શંકરનગર સોસાયટીથી રેફરલ હોસ્પિટલ થઇ જનકપુરી ભાવિન થઇ પશ્ચિમે પુજા સો. થઇ નર્મદાનગરથી ઉત્તરે કૃષ્ણકુંજ કોલેજ પાસે.

૧	૨		૩
૩	મહારાજા, પાર્શ્વનાથ નગર, જુના સ્મશાન વિસ્તાર.	૩૮	૧ થી ૧૭૭
	પટેલ કોલોની, વડોદરા રોડ પટ્રોલ પંપ વિસતાર, વૃદાવન એ અને બી સોસાયટી.	૩૯	૧ થી ૧૩૪
	આમ્રપાલી સોસા. ઉમા કોલોની, કરડ કેનાલ, દેવ, એશિયાડ નગર, ધવલ પાર્ક કણઝરી રોડ.	૪૦	૧ થી ૨૦૦
	પંચાલ નગર, કલરવ સ્કુલ વિસતાર મોહનપુરી, પાણીયા, મચકોટા, દાવડા.	૪૧	૧ થી ૨૭૩

INDEX

હદનું વર્ણન

ઉત્તરે ૬૨૬ કોલોની થઇ પૂર્વ વૃદાવન એ તથા બી સોસા. થી આમ્રપાલી જુના સ્મશાનગૃહ, મહારાજા સોસાયટીથી દક્ષિણે પાર્શ્વનાથ નગર થઇ પશ્ચિમે મચકોટા પાણીયા દાવડા ગામની સરહદે થઇ પશ્ચિમે કંજરી રોડ સિમાડે થઇ ઉત્તરે ઉમા સોસાયટી શિવનગર દેવ કોલોની થઇ ૬૨૬ કોલોની સુધી.

૧	૨		૩
૪	વિઠ્ઠલપુરા, મંડીયાટથી હવાડા કુવા, પીપળાકુઇ સુધીનો વિસ્તાર.	૧	૧ થી ૧૯૩
	દેસાઇનો ટેકરો, દેસાઇ ફળીયુ, જુની સિનેમા રોડ, જૈન મંદિર સુધી.	૨	૧ થી ૧૬૦
	કાછીયાવાડ, ઓડ ફળીયુ તથા ગૌ-શાળા પાછળનો વિસ્તાર.	૩	૧ થી ૧૪૨
	તંબોળીવગો, દરજી ફળીયા સટાક, આંબલી.	૪	૧ થી ૧૬૮
	વડોદરા રોડ અર્પિ સિનેમા પૂર્વ વિભાગ, નેરપરા જવાની નહેરથી જૈન મંદિર સુધી.	૫	૧ થી ૧૬૩
	હરિજન વાસ પીપળા કુઇ આગળ પાછળ વિસ્તાર ઢોર ડબા સુધી.	૬	૧ થી ૧૭૨

હદનું વર્ણન

ઉત્તરે એમ.એસ.હાઇસ્કુલ પાછળનો વિસ્તાર (હવાડા કુવા) હરિજન વાસ થઇ પીપળાકુઇ પુર્વ ઢોર ડબા થઇ પશ્ચિમે સટાકા આંબલી કાછીયાવાડ થઇ જૈન મંદિર થઇ નુરપુરા જવાની નહેર દક્ષિણે અર્પિ સિનેમા થઇ ઉત્તરે વિઠ્ઠલપુરા હવાડા સુધી.

૧	૨		૩
૫	સતિ તલાવડી, થોરી વાસ.	૨૨	૧ થી ૧૧૧
	રેલ્વે સ્ટેશન વિસ્તાર, કોર્ટ વિસ્તાર મદારી વાસ.	૨૩	૧ થી ૧૯૧
	સોન વાડી, મહાદેવના ખાંચા સુધી.	૨૪	૧ થી ૧૧૩

INDEX

૧	૨		3
	સ્ટેશન રોડ, સ્ટેટ બેન્ક સામેનો વિસ્તાર મહાદેવના ખાંચા સુધી.	૨૫	૧ થી ૧૮૩
	યુવરાજ હોટલ, વરીયા કોલોની, દલવાડી કમ્પાઉન્ડ, મારવાડી વિસ્તાર વૈશાલી એ તથા બી, માર્કેટીંગ યાર્ડ, ઘનશ્યામ નગર વિ.	૨૬	૧ થી ૨૨૬

હદનું વર્ણન

ઉત્તરે સતિ તલાવડી, થોરીવાસ થઇ મદારી વાસથી સ્ટેશન રોડ વિસ્તાર પૂર્વ સોનવાડી થઇ મહાદેવના ખાંચા સુધી તળાવથી દક્ષિણે સ્ટેટ બેન્ક રોડ સામેનો વિસ્તાર થઇ (એસ.ટી.સ્ટેન્ડ તરફ) પશ્ચિમે વૈશાલી થઇ ઘનશ્યામ નગર થઇ ઉત્તરે વરીયા કોલોની દલવાડી કમ્પા. થઇ સતિ તલાવડી થોરીવાસ.

૧	૨		3
૬	મંદિર ફળીયા, ઝરોલા વાડી વિસ્તાર રાણાવાસ.	૭	૧ થી ૧૩૦
	ઘેટી ફળીયા, મોદીની ખડકી, કરબા ચોરાથી ખારી કુઇ વિસ્તાર, સુથાર ફળીયા.	૮	૧ થી ૧૩૩
	નંદલાલ શેરી, પારેખ ફળીયા, મોચી કુઇ.	૯	૧ થી ૧૨૭
	લીમડી ફળીયા, બારીયા ફળીયા, સદાવ્રતનો ટેકરો.	૧૦	૧ થી ૧૭૭
	મસ્જીદ બઝાર વિસ્તાર, મોટા ઘાચીવાડ, તળાવ રોડ સામેનો વિસ્તાર.	૧૧	૧ થી ૧૩૪
	ચોકસી બઝાર, ચંપા ફળીયા બઝાર વિસ્તાર (દક્ષિણ)	૧૨	૧ થી ૧૪૮

INDEX

હદનું વર્ણન

ઉત્તરે ઝારોળા વાડી થઇ પૂર્વે રાણાવાસ થઇ ટેન્ક રોડ થઇ ચંપા ફળીયા બજાર થઇ મોટા ઘાંચીવાડ થઇ દક્ષિણે લીમડી ફળીયા થઇ પશ્ચિમે જૈન મંદિર થઇ નંદલાલ શેડી થઇ ઉત્તરે મંદિર ફળીયા થઇ ઝારોળા વાડી.

૧	૨		૩
૭	ઝાપા બજાર વિસ્તાર (ટાઉન હોલ) નારાયણ શેરી, બાગ ફળીયા.	૧૩	૧ થી ૧૩૪
	પટેલ ફળીયા, મહેશ્વા ફળીયા, સોનીવાડ, વાઘેલાનો ટેકરો, ગાજીનો ટેકરો, કરમો.	૧૪	૧ થી ૧૨૨
	રહીમ કોલોની, કરીમ કોલોની ખોખર ફળીયા.	૧૫	૧ થી ૮૩
	ગોપીપુરા રોડ, અમારવાસ, રામપુરી, સીતાપુરી, સુભાષશેરી નીચવાસ બજાર.	૧૬	૧ થી ૧૧૯
	ચરણદાસના ખાચાથી સ્વામી નારાયણ મંદિર, કોઠી ફળીયુ, બાદશાહ બાવાની દરગાહ ટેકરા સુધી, નવી પોલીસ લાઇનથી પાવાગઢ રોડ ટાવર સુધી.	૧૭	૧ થી ૧૧૩

હદનું વર્ણન

ઉત્તરે ટાઉન હોલ થઇ પાવાગઢ રોડ (પૂર્વ) થઇ બાદશાહ બાવાની દરગાહ થઇ દક્ષિણે અમારવાસ થઇ ખોખર ફળીયાથી પશ્ચિમે રહીમ કોલોની થઇ પટેલ ફળીયા થઇ ઉત્તરે બાગ ફળીયા થઇ પૂર્વ ટાવર સુધી.

૧	૨		૩
૮	બાદશાહ બાવાની દરગાહનો વિસ્તાર, પંડયા પેપર મીલનો વિસ્તાર	૧૮	૧ થી ૧૧૨
	કાળી ભોય, ચીકણી તલાવડી વિસ્તાર,	૧૯	૧ થી ૧૧૦

INDEX

૧	૨		૩
	નિતિન ઇન્ડસ્ટ્રીઝ વિસ્તાર, નર્મદા કોલોની.	૨૦	૧ થી ૭૧
	પોલીસ લાઇનથી પાવાગઢ રોડ, મોઘાવાડા, કુભારવાડા, રબારી ફળીયુ, ધોબી ફળીયુ, નુરાની પાર્ક, મહમ્મદી સ્ટ્રીટ, નગીના પાર્ક, શ્રી નાથ કોલોની, એકતા નગર, ઘોડાપીર, અરાદ રોડ બોમ્બે હાઉસ સુધી.	૨૧	૧ થી ૧૧૫

હદનું વર્ણન

ઉત્તરે શ્રી નાથ કોલોની થઇ પૂર્વે નિતિન ઇન્ડસ્ટ્રીઝ પાવાગઢ રોડ થઇ દક્ષિણે કાળી ભોય થઇ પશ્ચિમે પાવાગઢ રોડ પોલીસ લાઇન થઇ કુભારવાડા થઇ બોમ્બે હાઉસ થઇ ઉત્તરે અરાદ રોડ થઇ ઘોડાપીર દરગાહ થઇ શ્રી નાથ કોલોની સુધી.

૧	૨		૩
૯	જાંબુડી.	૪૨	૧ થી ૧૦૩
	જાંબુડી	૪૩	૧ થી ૭૯
	સુલ્તાનપુરા.	૪૪	૧ થી ૮૬

હદનું વર્ણન

ઉત્તરે સુલ્તાનપુરા સિમાડે થઇ પૂર્વે ટીંબી ખાટીયા થઇ દક્ષિણે ઇન્દિરા આવાસ થઇ જાંબુડીના ગામ સિમાડે થઇ પશ્ચિમે બાદશાહ બાવાની દરગાહ થઇ નિતિન ઇન્ડસ્ટ્રીઝ થઇ નવરંગ કોલોની થઇ ઉત્તરે સુલ્તાનપુરા સુધી.

થો.જે.દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

INDEX

અનુસૂચિ-૨ રાજ્ય ચૂંટણી પંચ.

હાલોલ નગરપાલીકા જિ. પંચમહાલની કુલ વસ્તી : ૨૭૬૨૫

કુલ વોર્ડોનાં સંખ્યા : ૯

વોર્ડ દીઠ સરેરાશ વસ્તી : ૩૦૬૯ સરેરાશ વસ્તી ૧૦ ટકા વધ મુજબ : ૩૩૭૬

સરેરાશ વસ્તી ૧૦ ટકા ઘટ મુજબ : ૨૭૬૨

કુલ બેઠકોની સંખ્યા : ૨૭

મહીલા બેઠકો : ૯ તે પૈકી ૧ બેઠક અનુસુચિત આદિજાતિ મહીલા

૧ બેઠક પછાતવર્ગની મહીલા સહીતની

અનુસુચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા : ૧

અનુસુચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા : ૩ તે પૈકી ૧ બેઠક મહીલા માટે

પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા : ૩ તે પૈકી ૧ મહીલા માટે.

કુલ અનામત બેઠક : ૧૪

સામાન્ય બેઠક : ૧૩

અ.નં.	વોર્ડનંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી બીન અનામત	બીજી બેઠકની ફાળવણી મહીલા અનામત	ત્રીજી બેઠકની ફાળવણી
૧	૧	૨૯૮૦	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૨	૨	૩૪૦૪	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૩	૩	૨૮૮૪	સામાન્ય	સામાન્ય	અનુ.આદિજાતિ
૪	૪	૩૦૮૦	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૫	૫	૨૮૪૭	સામાન્ય	સામાન્ય	અનુ.જાતિ
૬	૬	૩૨૬૬	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ
૭	૭	૩૮૬૦	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૮	૮	૩૫૮૩	સામાન્ય	અનુ.આદિજાતિ	પછાતવર્ગ
૯	૯	૧૬૬૧	સામાન્ય	સામાન્ય	અનુ.આદિજાતિ

યો.જે.દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 235

REGISTERED NO. GAZ/62.

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] WEDNESDAY, OCTOBER 26, 1994/KARTIKA-4, 1916.

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ
ગુજરાત રાજ્ય
ગાંધીનગર.
તા. ૨૬મી ઓકટોબર, ૧૯૯૪.

ક્રમાંક : સમક/૧૮૮૦/૯૪
જસદણ નગરપાલિકા, જિલ્લો : રાજકોટની ચુંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ.

ભારતનાં સંવિધાનના ૭૪મા સુધારાને અનુલક્ષીને ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ, ૧૯૬૩ માં રાજ્ય સરકાર ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ-૧૯૯૩ અન્વયે મહત્વનાં સુધારા કરેલા છે. આ અધિનિયમની કલમ-૬, પેટા-કલમ-૪ અન્વયે નગરપાલિકાની ચૂંટણી મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચુંટણી પંચમાં નિહીત થશે તેવી જોગવાઇ કરેલી છે અને રાજ્ય ચૂંટણી પંચે કલમ-૬, અને પેટા કલમ-૫ અન્વયે રાજ્ય સરકારે કરેલાં નિયમોનુસાર અધિનિયમની જોગવાઇઓને આધીન રહીને ચુંટણી કરવી જોઇએ.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ-૭, પેટા કલમ-૨ તથા કલમ-૬ ની પેટા કલમ-૩ અન્વયે જાહેરનામા ક્રમાંકઃકેવી/૪૩૯/૯૪/એન.પી.બી./૭૨૯૪/૩૧૯૨(૧૩)-આર તા. ૧૪-૧૦-૯૪ જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તે અન્વયે જસદણ શહેરનાં નગરપાલિકાને જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેના સન ૧૯૯૧ ના વસ્તી ગણતરીના આખરી આંકડા પ્રસિધ્ધ થયા છે. તેના આધારે ૯ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. નગરપાલિકાના કાઉન્સિલરોની કુલ બેઠકો ૨૭ નક્કી કરવામાં આવી છે. જાહેરનામા અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, તથા પછાતવર્ગ તેમજ મહિલા અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલી છે.

૩. ચૂંટણી પંચે, અધિનિયમની કલમ-૭, પેટા કલમ-૨, ખંડ-૩, પેટાખંડ-ખ, અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડોમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની તથા મહિલાની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજ્ય સરકારે તેમનાં ૧૬હેરનામા ક્રમાંકઃકેવી-૪૯-૧૯૯૪ એન.પી.એલ. ૪૫૯૩ઃ૩૬૫૫ઃએમ, તા. ૧૬-૩-૧૯૯૪ અન્વયે અધિનિયમની કલમ-૨૭૭ની પેટાકલમ-૨ તથા કલમ-૬ તથા ૭ અન્વયે વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણીનાં નિયમો-૧૯૯૪ ને હવે પછી નિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે. તે બહાર પાડેલ છે.

INDEX

૫. નિયમોનાં નિયમ-૨ અન્વયે નગરપાલિકા વોર્ડોની રચના એવી રીતે કરવાની છે, કે શક્ય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસ્તી એક સરખી રહે અને સામાન્યત: વોર્ડની સરેરાશ વસ્તીથી કોઇપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહિ તે પ્રમાણે વોર્ડની રચના કરવાની રહે છે. આમ છતાં ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે, સ્થાનિક એકજૂથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને તુલનામાં લેતા ૧૦ ટકા વધુ વધ કે ઘટ કરીને વોર્ડની રચના કરી શકશે.

૬. પંચે નગરપાલિકાના વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે. તેમજ સને ૧૯૪૮ ના સેન્સસ મુજબ સને ૧૯૯૧ ના વસ્તી ગણતરીનાં છેવટનાં પ્રસિધ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરની કુલ વસ્તી ૨૮૦૭૯ આવે છે. જાહેરનામા મુજબ શહેરને ૯ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૩૧૨૦ ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની પંચે તેનાં કાર્યાલયના અધિકારી/કર્મચારીઓ મારફત ચકાસણી કરાવેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે, એકઠી થયેલ માહિતીનાં આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યું છે. તેમાં વોર્ડ નં. ૨, ૩, તથા ૯ સિવાય કોઇપણ વોર્ડમાં ૧૦ ટકા થી વસ્તી વધતી નથી કે ૧૦ ટકાથી વસ્તી ઘટતી નથી.

આ અંગેના કારણો :

૧. વોર્ડ નં. ૨માં સરેરાશ વસ્તી કરતાં ૪૧૯ વ્યક્તિ એટલે કે, ૧૩.૪૨% વસ્તી વધુ છે. જે ૧૦% વધની મર્યાદા કરતાં ૩.૪૨% વધુ છે.

૨. વોર્ડ નં. ૩માં સરેરાશ વસ્તી કરતાં ૩૨૧ વ્યક્તિની વસ્તી એટલે કે, ૧૦.૨૮% વસ્તી વધુ છે. જે ૧૦% વધની મર્યાદા કરતાં ૦.૨૮ ટકા વધુ છે.

૩. વોર્ડ નં. ૯માં સરેરાશ વસ્તી કરતાં ૩૬૦ વ્યક્તિની ઘટ એટલે કે, ૧૧.૫૩% વસ્તીની ઘટ છે. જે ૧૦% ઘટની મર્યાદા કરતાં ૧.૫૩ ટકાની વસ્તીની ઘટ છે.

૮. શહેરનાં વોર્ડોને નિયમ-૩ ની જોગવાઇઓને ધ્યાનમાં લઇ આ સાથે અનુસુચિ-૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે. આ સીમાંકન નક્કી કરવામાં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજૂથતા, નદી, રેલ્વેલાઇન, રોડ લાઇન, વગેરે કારણે બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એક સરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને એકસરખા વોર્ડ ૯ બની રહે તે મુદ્દો વિચારણામાં લઇ વોર્ડોનું સીમાંકન નક્કી કરેલું છે.

૯. નિયમોનાં નિયમ-૪ અન્વયે દરેક વોર્ડમાં ત્રણ કાઉન્સીલર ચૂંટવાના છે. નિયમ-૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક બીન અનામત એટલે કે, સામાન્ય બેઠક બની રહેશે. જ્યારે બીજી બેઠક મહિલા (અનુસુચિત જાતિ, અનુસુચિત આદિજાતિ, પછાતવર્ગની મહિલા સહિત) માટે અનામત રાખવાની છે. જ્યારે ત્રીજી બેઠક જાહેરનામા મુજબ અનુસુચિત જાતિ, અનુસુચિત આદિજાતિ તથા પછાતવર્ગને ફાળવવાની રહેશે. અને તેવી ફાળવણી પછી જો કોઇ બેઠક બાકી રહે તો તે બીન અનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે.

૧૦. નિયમોના નિયમ-૬ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિની દરેક વોર્ડની વસ્તીની ટકાવારીના ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તી (સંખ્યા) વધુ હોય એટલે કે ટકાવારી વધુ હોય તે વોર્ડનાં ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, મહિલા બેઠક સહિતની બેઠક જે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ વસ્તી હોય એટલે કે, ટકાવારી ઉંચી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારીત કરેલ છે.

૧૧. જાહેરનામા અન્વયે જસદણ શહેર માટે ૧ બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે

૧૨. પંચે એકઠી કરેલી માહિતી મુજબ શહેરનાં જુદા જુદા ૯ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ. નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	અનુસૂચિત જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુસૂચિત જાતિની વસ્તીની ટકાવારી.
૧	૯	૨૭૬૦	૪૭૪	૧૭.૧૭%
૨	૪	૨૯૨૬	૨૬૩	૮.૯૮%
૩	૫	૨૯૩૨	૬૩	૨.૧૪%
૪	૬	૩૩૩૧	૪૨	૧.૨૬%
૫	૩	૩૪૪૧	૪૧	૧.૧૯%
૬	૮	૩૧૫૫	૧૪	૦.૪૪%
૭	૭	૨૯૧૦	૦૯	૦.૩૦%
૮	૧	૩૦૮૫	૦૪	૦.૧૨%
૯	૨	૩૫૩૯		

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીનાં ક્રમ મુજબ વોર્ડ નંબર ૯ મા અનુસૂચિત જાતિની બેઠક નિયમોનાં નિયમ-૬/અ હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે. અને તે મુજબ ફાળવવામાં આવે છે.

૧૪. જાહેરનામા અન્વયે જસદણ નગરપાલિકા માટે અનુસૂચિત આદિજાતિ માટે એક પણ બેઠક અનામત ફાળવવા નક્કી કરેલ નથી. જેથી જસદણ નગરપાલિકા માટે અનુસૂચિત આદિજાતિ માટે એક પણ બેઠક અનામત નક્કી કરી ફાળવેલ નથી.

૧૫. જાહેરનામા મુજબ ૩ બેઠકો પછાતવર્ગો માટે ફાળવેલ છે, તે પૈકી ૧ બેઠક આ વર્ગની મહિલા માટે અનામત રખાઈ છે.

૧૬. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકની ફાળવણી નિયમો-૧૯૯૪ ના નિયમ-૬/બી હેઠળ રાજ્ય ચુંટણી પંચે પછાત વર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. જેના મહત્વનાં પ્રબંધ નીચે પ્રમાણે છે.

૧. માન્ય રાજકીય પક્ષો તરફથી મળેલ માહિતીના અભ્યાસ પરથી જે શહેરનાં જે જે વોર્ડોમાં પછાતવર્ગની વસ્તીનાં ધોરણોને અનુલક્ષીને જે સર્વસામાન્ય વોર્ડો હોય તે તે પછાતવર્ગ માટે અનામત બેઠક ફાળવવાની રહેશે.

૨. મ્યુનિસિપલ ચીફ ઓફીસર તરફથી છેલ્લી ચૂંટણીમાં જે વોર્ડમાંથી પછાતવર્ગનાં ઉમેદવારો ચૂંટાઈને કોર્પોરેટર/સભ્ય તરીકે પદધારણ કરતા હતા, તે ઉપર અનુક્રમે નં. ૧ માં જણાવેલ વોર્ડોમાં બેઠક ફાળવ્યા પછી નિયત સંખ્યા સુધીમાં ફાળવવાની રહેશે.

આથી સ્પષ્ટતા કરવાની કે જૂના વોર્ડોનું સીમાંકન અને નવા વોર્ડોના સીમાંકનમાં ફેરફાર હોય તો જૂના વોર્ડોના મોટા ભાગનો જે વિસ્તાર જે નવા વોર્ડોના સીમાંકનમાં સમાવિષ્ટ થતો હોય તેવા નવા વોર્ડમાં પછાત વર્ગની બેઠક ફાળવવાની રહે છે.

૩. પછાતવર્ગ માટે અનામત કુલ બેઠકો પૈકી ૧/૩ બેઠકો મહિલા માટે જાહેરનામા અન્વયે અનામત રખાઈ છે. આમ ત્રણ બેઠકો પૈકી એક બેઠક મહિલા માટે અનામત રાખવામાં આવી છે. આમ મહિલાનું પ્રમાણ ૧/૩ રહે છે. તેથી તાર્કિક રીતે વિચારતા દર ત્રણ બેઠકો પૈકી ત્રીજી બેઠક મહિલા માટે ફાળવવી તેમ પંચ સ્વીકારે છે.

૪. પરંતુ જો આ રીતે જે વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિ માટે મહિલા બેઠક ફાળવી હોય તો તે વોર્ડને બદલે તે પછી અનુક્રમે જે વોર્ડ આવે તે વોર્ડમાં પછાતવર્ગ/પછાતવર્ગ મહિલા બેઠક ફાળવવી.

માન્ય રાજકીય પક્ષોને પંચ તરફથી નગરપાલિકાઓનાં ક્યા વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવી તેનાં સુચનો મોકલવા કાર્યાલય તરફથી વિનંતી કરવામાં આવેલ. પરંતુ કોઈપણ માન્ય રાજકીય પક્ષ તરફથી હજુ સુધી સુચન કરવામાં આવ્યા નથી. પંચે અપનાવેલ માપદંડ મુજબ ચીફ ઓફિસર/વહીવટદાર પાસેથી ગત ચૂંટણીમાં પછાતવર્ગના કાઉન્સિલરો/સભ્યો જુના કયા વોર્ડમાંથી ચૂંટાયા હતા. અને તે સમગ્ર વોર્ડોના કે વોર્ડનો મોટા ભાગના વિસ્તાર નવા કયા વોર્ડમાં સમાવિષ્ટ થાય છે તેની માહિતી મેળવવામાં આવી છે.

૧૭. આ માહિતી ચકાસતાં જુના વોર્ડ નંબર ૧, ૨, ૩, ૪ જેનો મોટાભાગનો વિસ્તાર હાલના નવા વોર્ડ નંબર ૨, ૩ માંથી ગત ચુંટણીમાં પછાતવર્ગના ઉમેદવારો ચૂંટાયેલ હતા. જેની વિગત નીચે મુજબ છે.

ચૂંટણીનું વર્ષ	જુનો વોર્ડ નંબર	બેઠકોની કુલ સંખ્યા	પછાતવર્ગના ચુંટાયેલા સભ્યોની સંખ્યા	નવો સુચિત વોર્ડ નંબર
૧૯૯૨	૧	૨૧	૧	૨
"	૨	૨૧	૧	૩
૧૯૮૬	૩	૨૧	૧	૨
"	૪	૨૧	૧	૩

આ ઉપરાંત નગરપાલિકાના સ્થાનિક ચીફ ઓફીસર તરફથી પછાતવર્ગ વસ્તી અંદાજે જે જે વોર્ડમાં વસ્તી વધુ છે તેવા વોર્ડ નંબર ઉતરતા ક્રમે વોર્ડ નંબર ૨, ૩, ૧, ૬, ૪, ૯, ૫, ૭, ૮ જણાવેલ છે. જેથી બાકી રહેતી ૧ બેઠકો વધુ વસ્તીવાળા વોર્ડ નંબર ૧ માં ફાળવવાની થાય.

આ સમગ્ર હકીકત લક્ષમાં લેતાં વોર્ડ નંબર ૧, ૨ તથા ૩ માં પછાતવર્ગ માટે બેઠક અનામત રાખવાનું અને તે પૈકી ત્રીજા ક્રમે આવતા વોર્ડ નંબર ૩ માં પછાતવર્ગની મહિલા માટે બેઠક અનામત રાખવાનું થાય અને વોર્ડ નંબર ૧ તથા ૨ માં ત્રીજી બેઠક પછાતવર્ગ માટે અનામત રાખવાનુ પંચ મુનાસીબ માને છે. પછાતવર્ગની બેઠકોની સમગ્રતઃ ફાળવણી નિયમોના નિયમ-૬/અ હેઠળ નીચે પ્રમાણે કરવાનું ઠરાવે છે.

વોર્ડ નંબર	બેઠક
૧	પછાતવર્ગ
૨	પછાતવર્ગ
૩	પછાતવર્ગ મહિલા

૧૮. આ પ્રમાણે અનુસૂચિતજાતિ, અનુસૂચિત આદિજાતિ તથા પછાતવર્ગ (તે પૈકી મહિલા અનામત બેઠકની સહિત) ફાળવણી કર્યા પછી મહિલા અનામત બેઠક અને સામાન્ય ઉમેદવારને બાકી રહેતી બેઠક ફાળવવામાં આવે છે.

૧૯. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને નિયમોનાં નિયમ-૩ અન્વયે જસદણ શહેરને આ સાથે સંલગ્ન અનુસૂચિ-૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે અને આ સાથે અનુસૂચિ-૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

૨૦. આ પ્રમાણે વોર્ડોનું વિભાજન અને હદરેખા નક્કી કરવાનું અને વોર્ડની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ભારતનાં સંવિધાનના ૭૪માં સુધારાને અનુલક્ષીને ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ-૧૯૬૩માં રાજ્ય સરકાર ગુજરાત મ્યુનિસિપાલિટી અધિનિયમ-૧૯૯૩ અન્વયે મહત્વનાં સુધારા કરેલા છે. આ અધિનિયમની કલમ ૬, પેટા કલમ-૪ અન્વયે નગરપંચાયતની ચૂંટણી, મતદારયાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી

INDEX

પંચમાં નિહીત થશે તેવી જોગવાઈ કરેલી છે અને રાજ્ય ચૂંટણી પંચે કલમ-૬, પેટા કલમ-૫ અન્વયે રાજ્ય સરકારે કરેલાં નિયમોનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને ચૂંટણી કરવી જોઈએ.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ-૭ પેટા કલમ-૨ તથા કલમ-૬ની પેટા કલમ-૩ અન્વયે જાહેરનામા ક્રમાંક : કેવી-૪૭૧/૯૪/એમપીબી/૭૨૯૪/૪૧૮૧/ (૨) આર તા. ૨૯/૧૦/૯૪ જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તે અન્વયે પ્રાંતીજ નગરનાં નગરપંચાયતને જેનો હવે પછી નગરપંચાયત તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેના સને ૧૯૯૧ના વસ્તી ગણતરીનાં આખરી આંકડા પ્રસિદ્ધ થયા છે. તેનાં આધારે ૭ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. નગરપંચાયતના કાઉન્સિલરોની કુલ બેઠકો ૨૧ નક્કી કરવામાં આવી છે. જાહેરનામા અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, તથા પછાતવર્ગ તેમજ મહિલા માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલી છે.

૩. ચૂંટણી પંચે અધિનિયમની કલમ-૭ પેટા કલમ-૨, ખંડ-૩ ખંડ:ખ અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની તથા મહિલાની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજ્ય સરકારે તેમનાં જાહેરનામા ક્રમાંક/કેવી/૪૯/૧૯૯૪/એન.પી.એલ/૪૫૯૩/૩૬૫૫/એમ, તા. ૧૬-૩-૧૯૯૪ અન્વયે અધિનિયમની કલમ-૨૭૭ની પેટા કલમ-૨ તથા કલમ-૬ તથા ૭ અન્વયે વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણીનાં નિયમો-૧૯૯૪ને હવે પછી નિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે. તે બહાર પાડેલ છે.

૫. નિયમોનાં નિયમ-૨ અન્વયે નગરપંચાયતના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે, કે શક્ય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસ્તીથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહિ તે પ્રમાણે વોર્ડની રચના કરવાની રહે છે. આમ છતાં ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે, સ્થાનિક એકજૂથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને તુલનામાં લેતાં ૧૦ ટકા વધુ વધ કે ઘટ કરીને વોર્ડની રચના કરી શકશે.

૬. પંચે નગરપંચાયતના વોર્ડોના સીમાંકન માટે જરુરી માહીતી એકઠી કરી છે તેમજ સને ૧૯૪૮ના સેન્સસ મુજબ સને ૧૯૯૧ના વસ્તી ગણતરીનાં છેવટનાં પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરની કુલ વસ્તી ૨૦,૭૨૨ આવે છે. જાહેરનામા મુજબ નગરને ૭ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૨૯૬૦ની થાય છે.

૭. એકઠી કરેલ માહીતીની પંચે તેનાં કાર્યાલયના અધિકારી/કર્મચારીઓ મારફત ચકાસણી કરાવેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે, એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડનું સીમાંકન કરવાનું ધાર્યુ છે તેમાં વોર્ડ નં. ૭ સિવાય કોઈપણ વોર્ડમાં ૧૦ટકા થી વસ્તી વધતી નથી તેમજ કોઈ વોર્ડમાં ૧૦ ટકાથી વસ્તી ઘટતી નથી.

આ અંગેના કારણો : વોર્ડ નં. ૭માં ૧૦ ટકા કરતાં વધુ ૩૪ની વસ્તી વધારે છે. જે સામાન્યતઃ ભૌગોલિક પરિસ્થિતિ જળવાઈ રહે અને સેન્સસના બ્લોકનું વિભાજન કરવું ન પડે તે ધ્યાનમાં રાખી વોર્ડ રચના કરવામાં આવેલ હોઈ, તે ગ્રાહ્ય રાખવાનું પંચ ઠરાવે છે.

૮. નગરના વોર્ડોને નિયમ-૩ની જોગવાઈઓને ધ્યાનમાં લઈ આ સાથે અનુસુચિ ૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે. આ સીમાંકન નક્કી કરવામાં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજૂથતા, નદી, રેલવેલાઈન, રોડલાઈન વગેરે કારણે બિનજરુરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને એકસરખા વોર્ડ ૭ બની રહે તે મુદ્દો વિચારણામાં લઈ વોર્ડોનું સીમાંકન નક્કી કરેલું છે.

૯. નિયમોના નિયમ-૪ અન્વયે દરેક વોર્ડોમાં ત્રણ કાઉન્સિલર ચૂંટવાના છે. નિયમ-૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક બીન અનામત એટલે કે, સામાન્ય બેઠક બની રહેશે. જ્યારે બીજી બેઠક મહિલા (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની મહિલા સહિત) માટે અનામત રાખવાની છે. જ્યારે ત્રીજી બેઠક જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા પછાતવર્ગને ફાળવવાની રહેશે અને તેવી ફાળવણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો તે બીન અનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે.

૧૦. નિયમોના નિયમ-૬ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિની દરેક વોર્ડની વસ્તીની ટકાવારીનાં ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તી (સંખ્યા) વધુ હોય એટલે કે ટકાવારી વધુ હોય તે વોર્ડનાં ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ મહિલા બેઠકસહિત)ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ વસ્તી હોય એટલે કે, ટકાવારી ઉંચી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારીત કરેલ છે

INDEX

૧૧. જાહેરનામા અન્વયે પ્રાંતિજનગર માટે ૧ બેઠકો અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત કરેલ છે.

૧૨. પંચે એકઠી કરેલી માહિતી મુજબ નગરનાં જુદા જુદા ૭ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	અનુ. જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ. જાતિની વસ્તીની ટકાવારી
૧	૬	૨૮૧૦	૫૩૮	૧૯.૧૪%
૨	૭	૩૨૯૦	૨૨૫	૬.૮૩%
૩	૧	૨૭૪૨	૧૮૦	૬.૫૬%
૪	૨	૨૭૧૪	૧૬૧	૫.૯૩%
૫	૫	૩૧૨૦	૯૬	૩.૦૭%
૬	૩	૩૧૪૪	૨૫	૦.૭૯%
૭	૪	૨૯૦૨	૫	૦.૧૭%

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારી ક્રમ મુજબ વોર્ડ નંબર : ૬માં અનુસૂચિત જાતિની બેઠક નિયમોનાં નિયમ-૬ અ હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે. અને તે મુજબ ફાળવવામાં આવે છે.

૧૪. અનુ. જાતિનાં મહિલા માટે કોઈ બેઠક નિર્ધારિત થયેલ ન હોઈ, તેવી બેઠક ફાળવવાનો પ્રશ્ન રહેતો નથી.

૧૫. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નંબર : ૬માં નિયમોના નિયમ ૬-અ અન્વયે ફાળવવામાં આવે છે.

વોર્ડ નંબર	બેઠક
૬	અનુસૂચિત જાતિ

૧૬. જાહેરનામા અન્વયે અનુસૂચિત આદિજાતિ માટે કોઈ બેઠક ફાળવવાનું નિર્ધારિત થયેલ ના હોઈ, તેવી બેઠક ફાળવવાનો પ્રશ્ન રહેતો નથી.

૧૭. જાહેરનામા મુજબ ૨ બેઠકો પછાતવર્ગો માટે ફાળવેલ છે. તે પૈકી ૧ બેઠક આ વર્ગની મહિલા માટે અનામત રખાઈ છે.

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકની ફાળવણી નિયમો ૧૯૯૪ના નિયમ ૬/બી હેઠળ રાજ્ય ચૂંટણી પંચે પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. જેના મહત્વનાં પ્રબંધ નીચે પ્રમાણે છે.

૧. માન્ય રાજકીય પક્ષો તરફથી મળેલ માહિતીના અભ્યાસ પરથી જે નગરમાં જે જે વોર્ડોમાં પછાતવર્ગની વસ્તીનાં ધોરણને અનુલક્ષીને જે સર્વસામાન્ય વોર્ડો હોય તે પછાતવર્ગ માટે અનામત બેઠક ફાળવવાની રહેશે.

૨. નગર પંચાયતના સેક્રેટરીશ્રી તરફથી છેલ્લી ચૂંટણીમાં જે વોર્ડમાંથી પછાત વર્ગના ઉમેદવારો ચૂંટાઈને સભ્ય તરીકે પદધારણ કરતા હતા, તે ઉપર અનુક્રમે નં. ૧ માં જણાવેલ વોર્ડોમાં બેઠક ફાળવ્યા પછી નિયત સંખ્યા સુધીમાં ફાળવવાની રહેશે.

આથી સ્પષ્ટતા કરવાની કે જુના વોર્ડોનું સીમાંકન અને નવા વોર્ડોનાં સીમાંકનમાં ફેરફાર હોય તો જુના વોર્ડોના મોટાભાગનો જે વિસ્તાર જે જે નવા વોર્ડના સીમાંકનમાં સમાવિષ્ટ થતો હોય તેવા નવા વોર્ડમાં પછાતવર્ગની બેઠક ફાળવવાની રહે છે.

૩. પછાતવર્ગ માટે અનામત કુલ બેઠકો પૈકી ૧/૩ બેઠકો મહિલા માટે જાહેરનામા અન્વયે અનામત રખાઈછે. આમ ત્રણ બેઠકો પૈકી એક બેઠક મહિલા માટે અનામત રાખવામાં આવી છે. આમ મહિલાનું પ્રમાણ ૧/૩ રહે છે. તેથી તાર્કિક રીતે વિચારતા દર ત્રણ બેઠકો પૈકી ત્રીજી બેઠક મહિલા માટે ફાળવવી તેમ પંચ સ્વીકારે છે.

INDEX

૪. પરંતુ જો આ રીતે જ વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિ માટે મહિલા બેઠક ફાળવી હોય તો તે વોર્ડને બદલે તે પછી અનુક્રમે જે વોર્ડ આવે તે વોર્ડમાં પછાતવર્ગ/પછાતવર્ગ મહિલા બેઠક ફાળવવી.

માન્ય રાજકીય પક્ષોને પંચ તરફથી નગરપંચાયતોનાં ક્યા વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવી તેનાં સૂચનો મોકલવા કાર્યાલય તરફથી વિનંતી કરવામાં આવેલ. પરંતુ કોઈપણ માન્ય રાજકીય પક્ષ તરફથી હજુ સુધી સૂચન કરવામાં આવ્યા નથી. પંચે અપનાવેલ માપદંડ મુજબ સેક્રેટરીશ્રી પાસેથી ગત ચૂંટણીમાં પછાતવર્ગના કાઉન્સિલરો સભ્યો જુના ક્યા વોર્ડમાંથી ચૂંટાયા હતા. અને સમગ્ર વોર્ડોના કે વોર્ડનો મોટાભાગના વિસ્તાર નવા ક્યા વોર્ડમાં સમાવિષ્ટ થાય તેની માહિતી મેળવવામાં આવી છે.

૧૮. આ માહિતી ચકાસતાં જુના વોર્ડ નંબર ૧ક, ૨ખ, ૩ગ, ૫ચ, ૬છ, ૭જ, ૮ઝ ૧૪ (ન), ૧૮ (ખ) જેનો મોટા ભાગનો વિસ્તાર હાલના નવા વોર્ડ નંબર ૧, ૨, ૪, ૩, તથા ૬માંથી ગત ચૂંટણીમાં પછાતવર્ગના ઉમેદવારો ચૂંટાયેલ હતા. જેની વિગત નીચે મુજબ છે.

ચૂંટણીનું વર્ષ	જૂનો વોર્ડ નંબર	બેઠકોની કુલ સંખ્યા	પછાતવર્ગના ચૂંટાયેલ સભ્યોની સંખ્યા	નવો સૂચિત વોર્ડ નંબર
૧૯૯૨	૧ ક	૧	૧	૧
૧૯૯૨	૨ ખ	૧	૧	૧
૧૯૯૨	૩ ગ	૧	૧	૧
૧૯૯૨	૫ ચ	૧	૧	૨
૧૯૯૨	૬ છ	૧	૧	૨
૧૯૯૨	૭ જ	૧	૧	૪
૧૯૯૨	૮ ઝ	૧	૧	૪
૧૯૯૨	૧૪ ન	૧	૧	૩
૧૯૯૨	૧૮ ખ	૧	૧	૬

આ સમગ્ર હકીકત લક્ષમાં લેતાં અનુક્રમે વોર્ડ નંબર ૧ તથા ૨ માં પછાતવર્ગ માટે બેઠક અનામત રાખવાનું અને તે પૈકી બીજા ક્રમે આવતા વોર્ડ નંબર ૨ માં પછાતવર્ગની મહિલા માટે બેઠક અનામત રાખવાનું થાય અને વોર્ડ નંબર ૧ માં ત્રીજી બેઠક પછાતવર્ગ માટે અનામત રાખવાનું પંચ મુનાસિબ માનેછે. પછાતવર્ગની બેઠકોની સમગ્રતઃ માટે અનામત રાખવાનું પંચ મુનાસિબ માને છે. પછાતવર્ગની બેઠકોની સમગ્રતઃ ફાળવણી નિયમોના - નિયમ ૬. અ હેઠળ નીચે પ્રમાણે કરવાનું ઠરાવે છે. વોર્ડ-૧ પછાતવર્ગ, વોર્ડ -૨, પછાતવર્ગના મહીલા.

૧૯. આ પ્રમાણે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, તથા પછાતવર્ગ (તે પૈકી મહિલા અનામત બેઠકની સહીતની) ફાળવણી ક્યા પછી મહિલા અનામત બેઠક અને સામાન્ય ઉમેદવારને બાકી રહેતી બેઠક ફાળવવામાં આવે છે.

૨૦. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને નિયમોના નિયમ-૩ અન્વયે પ્રાંતિજ નગરને આ સાથે સંલગ્ન અનુસૂચિ-૧માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે. અને આ સાથે અનુસૂચિ-૨માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

૨૧. આ પ્રમાણે વોર્ડોનું વિભાજન અને હદરેખા નક્કી કરવાનું અને વોર્ડની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામા આવે છે.

૨૨. ઉપર પ્રમાણે વોર્ડોની હદરેખા નક્કી કરવામાં આવે છે. અને ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે. તે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. અને તે સામે કોઈપણ શખ્શને જાહેર જનતાને સલાહ સુચનો કરવાના હોય તો આ આદેશ પ્રસિદ્ધ થયાની

INDEX

તારીખથી ૧૫ દિવસમાં રાજ્ય ચૂંટણી પંચ, બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા મુદત વિત્યે આવેલ સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહી.

૨૩. રાજ્ય ચૂંટણી પંચે પ્રાંતિજ નગરનાં ૭ વોર્ડોની નક્કી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો છેવટનો કરતાં પહેલાં લોક પ્રતિનિધિત્વ ધારો - ૧૯૫૧ અન્વયે માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરુરી પરામર્શ કરશે.

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

INDEX

અનુસૂચિ - ૧

પ્રાંતિજ મ્યુનિસિપલ બરો પ્રાંતિજ જિલ્લો : સાબરકાંઠા

સૂચિત	જૂનો ઈલે.વોર્ડનો લત્તાવાર વિસ્તાર ઘર નંબર તથા હદનું વર્ણન	ઘર નંબરની વિગત સેન્સસ બ્લોક મુજબ ઘર નંબર થી ઘર નંબર સુધી
૧.	નવાપુરા ગામ, અનોડિયાના છાપરા નેશનલ હાઈવેથી નવાપુરા જતા રસ્તાના છાપરાના ઘરો, ઓડ, રબારી, વાઘરી, વણજારા તથા નવા પુરાના ઘરો	૨૫ ૧ થી ૫૭ ૨૬ ૫૮ થી ૧૫૯
	નેશનલ હાઈવેથી મહાદેવ પાસેના ઘરો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, વણજારા વાસ પટેલના નવા ઘરો જેસંગજીના છાપરા, ચંચળબા નગર	૨૭ ૧ થી ૧૬૦
	નાની ભાગોળ, સબજેલ પાસે નાનો ઠાકોરવાસ, હનુમાનજીના મંદિર પાસેના વિસ્તાર તથા જોગણી માતાના મંદિર નો વિસ્તાર તથા પાણીની ટાંકી પાસે નો વિસ્તાર, કહારભોઈવાસ, નાની બોખ પાસેનો વિસ્તાર	૨૮ ૧ થી ૧૪૯
	પટેલવાડા, ઓક્ટ્રોય નાકા, પાછળ રાવળવાસ, ઠાકોરવાસ, તેમજ નાના હરીજનવાસના પરાનો વિસ્તાર.	૩૫ ૪-૯-૧૦૬ થી ૪-૯-૨૦૭
	હાઈવે પાસે પોલીસ ક્વાટર્સ ફોરેસ્ટ, ક્વાટર્સ પાસેના ઘરો, મામ. ક્વાટર્સ પાસે ના ઘરો નો વિસ્તાર તથા પાછળના ભાગે જાંબુડીયાનો મહોલ્લો	૩૭ ૯૪ થી ૧૫૦
હદનું વર્ણન :	ઉત્તરે મોજે અનોડીયાના છાપરાથી શરૂ કરી વાઘપુરના સીમાડે માર્કેડેશ્વર મહાદેવ પાસે થઈ પિલુદ્રાના સીમાડા પાસે જેસંગપુરા ગામના સીમાડે થઈ પોગલુંના સીમાડાની અંદર ચંચળબાનગર વસાહતની નવીન બસ ડેપો થઈ રાવળવાસની નાળીયે થઈ નાનો હરીજનવાસ થઈ પટેલવાડા ઓક્ટ્રોયનાકા થઈ સબ જેલ પાસેનો વિસ્તારથી નાની બોખ સુધીનો અંદર આવતો તમામ વિસ્તાર.	
૨.	પટેલ વાસ, દરજીવાસ, બ્રહ્માણીમાતાથી ભાણીબાઈના કૂવા તરફનો વિસ્તાર તથા વૈવ ચળી, નાથી વાસ.	૩૦ ૪-૩-૫૫ થી ૧૫૪
	દરજીવાસ, ખત્રીવાસ, અંબાજીમાતા પાછળ વૈશ્ય સભા રામજી મંદીરના બજાર તરફ નો વિસ્તાર સામે બારોટ વાસ, આંટીયા વાસ.	૩૧ ૪-૪-૫૧ થી ૬૫

INDEX

સૂચિત	જૂનો ઈલે.વોર્ડનો લત્તાવાર વિસ્તાર ઘર નંબર તથા હદનું વર્ણન	ઘર નંબરની વિગત સેન્સસ બ્લોક મુજબ ઘર નંબર થી ઘર નંબર સુધી
	પટેલવાસ, બ્રહ્માણી માતા પાસેનો વિસ્તાર	૩૨ ૪-૭-૧૪૩ થી ૨૬૦
	અંબાજીમાતા સામે રાઠોડનો માઢ, ભાવસાર વાસ તથા ખત્રીવાસ, દરજી વાસ, મુસાફરી બંગલા સુધીનો બ્રાહ્મણ વાસનો વિસ્તાર	૩૩ ૪-૮-૧ થી ૪-૮-૧૫૦
	આંટીયા વાસ રોડ પરના ઘરો તથા ખડાયતાની ખડકીનો વિસ્તાર.	૩૪ ૪-૯-૧ થી ૪-૯-૧૦૫
	રાવળ વાસનો મહોલ્લો તથા મોટા ઠાકોરવાસનો મહોલ્લો	૩૬ ૪-૧૦-૧ થી ૧૫૩
	હદનું વર્ણન : નાની ભાગોળ, પટેલ વાસના ટેકરા ઉપર થઈ સમજ પટેલની વાડીથી પટેલવાડા ઓક્ટ્રોય નાકા પાસે રાવળ વાસ નાળીયે થઈ મોટો ઠાકોર વાસ ગામના ચોરા થઈ બારોટ વાસ નાથી વાસ થી આંટીયાવાસથી અંબાજી માતાની મંદિર થઈ ખત્રીવાસ દરજી વાસ થઈ વાઘરી વાસ થઈ બોખ સુધીનો વિસ્તાર.	
૩.	કસબાતીના ઘરો સામે, પઠાણ વાડ જાંબુ ચોરા, લાલદરવાજા ડેલુ રામીની ખડકી બહાર કોટ પાસેનો વિસ્તાર પાડા પોળ ભાટ વાડાનો વિસ્તાર.	૧૭ ૨-૨૫-૧ થી ૨-૨૫-૧૩૬
	જુની મામ. કચેરી પાસે જુની પોલીસ લાઈન ક્વાટર્સ, રાઠોડનો માઢ, ભાવસાર વાડ, કુંભાર વાસ, નગર પંચાયત પાસેનો વિસ્તાર.	૨૯ ૪-૭-૧ થી ૧૫૪
	કુંભાર વાસ, માળીવાસ, જાંબુચોરાનો વિસ્તાર	૩૮ ૧ થી ૯૫
	બહારકોટથી ભોઈવાડા, તપોવનવાસ નવા ઘરો કડીયાવાસ.	૩૯ ૧-૩૩-૧ થી ૧૫૦
	ભટી વાડા, બારકોટ, ભોઈવાડા મારવાડીનું ડેલું, પાડાપોળ સામે, રતીલાલ શેઠની ખડકીનો વિસ્તાર.	૪૧ ૧ થી ૧૫૬
	પાડા પોળ, જાંબુ ચોરા, માળીની ખડકી, ભટ્ટની ખડકી, મસ્જીદ પાસે, કચરા શેઠનો માઢ, લાલદરવાજા સુધીનો વિસ્તાર.	૪૨ ૧ થી ૧૦૧
	હદનું વર્ણન : નાની ભાગોળથી કચેરીના ઢાળ થઇ પોલીસ સ્ટેશન થઈ રોડ ઉપરના કુંભારના ઘરો થઈ માળી વાસ પાસે ઢાળમાં ભોઈવાસ થઈ ઘટી વાસ, બહારકોટ તરફથઈ મસ્જીદ થઈ પાડા પોળ તરફ થી લાલદરવાજા તરફથી જાંબુચોરા થઈ ગુજરાતી શાળા નં. ૧ થઈ એમ. સી. દેસાઈ હોસ્પી.નો વિસ્તાર.	

INDEX

સૂચિત	જૂનો ઈલે.વોર્ડનો લત્તાવાર વિસ્તાર ઘર નંબર તથા હદનું વર્ણન	ઘર નંબરની વિગત સેસન્સ બ્લોક મુજબ ઘર નંબર થી ઘર નંબર સુધી
૪	વ્હોરવાડ, ઢાળીયા સ્ટ્રીટ, પઠાણ વાડા, બજાર ચોકથી હુમ્મડ કૂવા થઈ સ્થાનક વાસ જૈન ઉપાશ્રય તથા કસ્બાતીના ઘરો નો વિસ્તાર.	૧૬ ૩-૫-૧ થી ૩-૫-૫૫ તથા ૨-૩-૧૩૮ થી ૧ થી ૧૫૦
	બજારચોક, હુમ્મડ કૂવાથી દેસાઈ પોળ નેમચંદગાધીના ખાંચાથી પોગલુવાળાની ખડકી તથા શેઠવાડા દલીજનો મહોલ્લો	૧૯ ૨-૨૭-૧ થી ૨-૨૭-૧૫૧
	મોદી સ્ટ્રીટ નં. ૧-૨, છીકણી બજાર, ઢાળ ઉપરનો ઘરો, ઢાળીયા સ્ટ્રીટમાં વાવ ફળી, વચલી ફળી અને છેલ્લી ફળી.	૨૦ ૧ થી ૧૫૫
	વ્હોરવાડ, કસાઈવાડા, પીંઢળીયા નવા ઘરોથી ટીંબાની મસ્જીદ પાસેનો વિસ્તાર કસાઈવાડા, ખડકી, નગીના મસ્જીદ (ચોપાટી)નો વિસ્તાર.	૨૧ ૧ થી ૭૧
	લુબાહબારી થી વ્હોરવાડ સમાજની વાડીના વિસ્તાર સુધી	૨૨ ૭૨ થી ૧૮૪
	કસાઈવાડા, વ્હોરવાડ, પાડાનો મહોલ્લો, પાડાની મસ્જીદ પાસેનો. વિસ્તાર.	૨૩ ૧ થી ૧૪૮
હદનું વર્ણન :	આરામ ગૃહ પાસે થઈ મોદી સ્ટ્રીટ રોડ થી વ્હોરવાડ ઢાળીયા થઈ બજાર પઠાણ વાડા, શેખ વાડા થઈ બજાર તરફના રોડે ચોકમાં થઈ શેઠવાડા, દલીજનો મહોલ્લો થઈ ગલેચી રોડે થઈ લુહાર બારીનો અંદર તરફ વ્હોરા સમાજની વાડી થઈ મોજે કમાલપુરના સીમાડા સુધીનો અંદરનો તમામ વિસ્તાર.	
૫.	ભાટવાડો, લાલદરવાજા, જૈન ઉપાશ્રય ખોડીયાકુવા નજીક જગજીવન થઈ કંસારા કૂવા સુધી	૧ ૧-૨૮-૧ થી ૧-૨૮-૧૨૯
	દેસાઈ પોળ, પોગલું વાળાની ખડકી ભાટ વાડો, દલાલની ખડકી, બારોટ પંડ્યા વાસ.	૨ ૧-૨૯-૧ થી ૧-૨૯-૧૩૮
	દેસાઈ પોળનો વિસ્તાર ગણપતી મંદિર પરીખની ખડકી, વૈષ્ણવમંદિર સુખડીયા ડાભીનો ખાંચો, નવા બજાર રોડ અને તેની સામેનો સુમરવાસ, અને ગુજ્જર પોળની વચ્ચેનો વિસ્તરા.	૩ ૧-૩૦-૧ થી ૧-૩૦-૧૬૮
	સીનેમા રોડની અંદર તરફ ચમારવાસ સરાળ ફળીયું, બંબાવાસ ગુજ્જરપોળ તરફ. બજારના અંદરનો ભાગ, હજામ ચોરા.	૯ ૧-૩૭-૧ થી ૧-૩૭-૧૫૦

INDEX

સૂચિત	જૂનો ઈલે.વોર્ડનો લત્તાવાર વિસ્તાર ઘર નંબર તથા હદનું વર્ણન	ઘર નંબરની વિગત સેન્સસ બ્લોક મુજબ ઘર નંબર થી ઘર નંબર સુધી
	ખોડિયાર કૂવા રોડથી અંદર તપોધન વાસનો મહાદેવનો મહોલ્લો અને નવેરી નો ભાગ સુધી.	૧૮ ૨-૨૬-૧ થી ૨-૨૬-૧૫૧
હદનું વર્ણન :	શેઠ વાડા હુમ્મડકુવા થઈ લાલદરવાજા, ભાટવાડા પાસે થઈ દેસાઈ પોળ થઈ સોનીવાડાના નાકા પાસે થઈ, ગુજ્જર પોળ, સુમર વાસ રોડ તરફના ઘરો થઈ બજાર તરફનો વિસ્તાર થઈ અંદરનો તમામ વિસ્તાર.	
૬.	ગલેચી ભાગોળ, સીનેમા રોડ, ઢાલમાં વાઘરીવાસ ટીંબાવાસના ઘરો.	૫ ૧-૩૪-૧ થી ૧-૩૪-૧૨૨
	ગલેચી ભાગોળ, અંબીકા સીનેમા રોડ, વચ્ચે હરીજન વાસનો વિસ્તાર	૬ ૧-૩૪-૧૨૩ થી ૧-૩૪-૨૧૭
	ઇન્દીરાનગર આવાલ અને સુમરવાસ છીલ્લા પાસેનો વિસ્તાર.	૭ ૧ થી ૮૦
	નવાબજારની અંદર તરફ વાઘરીવાસ, સરણવાડીયું, ચમારવાસની અંદર તરફનો ભાગ, ડભગરવાસનો વિસ્તાર.	૮ ૧ થી ૧૫૦
	કબીર ભુવનથી સ્ટેશન રોડ તરફ લાલાકાકા છાત્રાલય રબારીના ઘરોધયયશવંત પ્રીન્ટીંગ પ્રેસ લવારીયાના ઘરો, કચ્છી પટેલના ઘરો, અવરઓન હાઇસ્કૂલ સામેના રહેણાંકના ઘરો.	૧૧ ૧ થી ૧-૨૨-૧૩૬
	કસાઈવાડા લુહારબારી, મારવાડીના ઘરો શેઠવાડો, સુમરવાસ, દલીતનો મહોલ્લો નવા બજાર સુધી.	૨૪ ૩-૨૧-૧ થી ૩-૨૧-૧૪૨
હદનું વર્ણન :	માજે : કમાલપુરના સીમાડેથી અંદરની તરફ ગલેચી ભાગોળના રોડના ઢારથી હરીજનવાસ, વાઘરીવાસ, ટીંબાવાસ, લુહારબારી, બહાર નવાબજાર શેઠવાડા, સુમરવાસ, ચિલલ પાસે થઈ દલીતનો મહોલ્લો, સુમરવાસ બંબાવાસ, સરળવાડીયું વાઘરીવાસ, અંબીકા ટોકીઝ થઈ કબીરભુવનથી સ્ટેશનરોડ, લાલાકાકા છાત્રાલય થઈ રબારીના ઘરો કચ્છી પટેલના ઘરો, અને અવરઓન હાઇસ્કૂલ સામેનો ઘરનો વિસ્તાર.	
૭.	શેઠનું વૈશ્ય મંદિર હજામચોરા, સોનીવાડા નાકા ગણેશ સ્ટ્રીટ, ચિનુભાઈ ખમારની ખડકી, ખોડીયાર કૂવા પાસે પ્રાથ. ઓવરઓન હાઈ. ના ઘરો, તથા નવા પતરાં તપોધનવાસનો વિસ્તાર.	૪ ૧ થી ૧૫૦
	શેઠ પી. એન્ડ હાઈ. સામે હનુમાનજી મંદિર થી બસ સ્ટેન્ડ થી ભાંખરીયા તળાવ, ઢોરાનો વિસ્તાર કમીનપુરના રસ્તાની બંધુના કૂવાના ઘરો તથા હજામચોરા સર્કલ સુધી.	૧૦ ૧ થી ૧૨૫

INDEX

સૂચિત	જૂનો ઈલે.વોર્ડનો લત્તાવાર વિસ્તાર ઘર નંબર તથા હદનું વર્ણન	ઘર નંબરની વિગત સેસન્સ બ્લોક મુજબ ઘર નંબર થી ઘર નંબર સુધી
	આઈ. પી. મીશન પીટીસી કોલેજ સ્ટેશન વિસ્તાર જી.ઈ. બોર્ડ ડીવીજન સુધી તથા જનતા સોસાયટી.	૧૨ ૧ થી ૧૬૦
	સ્ટેશન સામેનો વિસ્તાર ઈરીગેશન રેસ્ટ હાઉસ, શાંતીનાથ સોસાયટી થી	૧૩ ૧-૪૧-૧ થી ૧-૪૧-૯૨
	રેલવે સ્ટેશન યાર્ડની સામેનો વિસ્તાર તથા ભરથરી નાયક બજાણીયાના ઘરો, તેમજ બાલીસણા રોડ સુધીના છાપરાનો વિસ્તાર.	૧૪ ૧-૪૧-૯૩ થી ૧-૪૧-૨૫૬
	પ્રાંતિજ-હરસોલ રોડ નવા બાકરપુર ગામ પટેલવાસ તથા હરીજન વણકર વાસ.	૧૫ ૧ થી ૮૦
	સ્ટેશન રોડ લાલબોર્ડીંગ સામે આઈ. પી. મીશન પીટીસી કોલેજ રેલવે ક્વાર્ટર્સ સ્ટેશન ઓક્ટ્રોય નાકા સામેના ભાવસાર મોદી, બારોટના ઘરો તથા ફાટક સુધી.	૪૦ ૧ થી ૧૬૦

હદનું વર્ણન : સોનીવાડાના નાકા સામે, ગણપતી મંદિરથી ગણેશ સ્ટ્રીટ હજામ ચોરા સર્કલ, વૈશ્ય મંદિર થઈ નવા ઘરો, તપોધનવાસ, થઈ ભાંખરીયા બસ સ્ટેન્ડ પાસેનો વિસ્તાર અમીનપુર, સિમા સુધી ભાખરીયા તળાવ ટેકરા થઈ આઈ. પી. મીશન થઈ જી.ઈ.બી. ક્વાર્ટર્સ રોડ કલોલ નવા બાકલપુર ગામે ફાટક પાસે ભરથરી નાયકના ઘરો બાલીસણા રોડ સુધી ઈરીગેશન કોલોની રેસ્ટહાઉસ શાંતીનાથ સોસાયટી લાલ બોર્ડીંગ સુધીનો સ્ટેશનનો અંદરનો વિસ્તાર.

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

INDEX

અનુસૂચિ - ૨

રાજ્ય ચૂંટણી પંચ

પ્રાંતિજ નગરપંચાયત જિલ્લો : સાબરકાંઠાની કુલ વસ્તી : ૨૦,૭૨૨

કુલ વોર્ડોની સંખ્યા : ૭

વોર્ડ દીઠ સરેરાશ વસ્તી : ૨૯૬૦ : સરેરાશ વસ્તી ૧૦ ટકા વધ મુજબ : ૩૨૫૬
સરેરાશ વસ્તી ૧૦ ટકા ઘટ મુજબ : ૨૬૬૪

કુલ બેઠકોની સંખ્યા : ૨૧

મહિલા બેઠકો : ૭ : અનુસૂચિત જાતિ મહિલા માટે કોઈ નહીં.
બેઠક અનુસૂચિત આદિજાતિ મહિલા માટે કોઈ નહીં.
૧ બેઠક પછાતવર્ગની મહિલા સહીતની

અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા : ૧

અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા : કોઈ નહીં

પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા : ૨ તે પૈકી ૧ મહિલા માટે.

કુલ અનામત બેઠક - ૯

સામાન્ય બેઠક - ૧૨

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી બીન અનામત	બીજી બેઠકની ફાળવણી મહિલા અનામત	ત્રીજી બેઠકની ફાળવણી
૧	૧	૨૭૪૨	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ
૨	૨	૨૭૧૪	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૩	૩	૩૧૪૪	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૪	૪	૨૯૦૨	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૫	૫	૩૧૨૦	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૬	૬	૨૮૧૦	સામાન્ય	સામાન્ય	અનુ. જાતિ
૭	૭	૩૨૯૦	સામાન્ય	સામાન્ય	સામાન્ય

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 275 REGISTERED NO. G/GNR/2.

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

VOL. XXXV] THURSDAY, NOVEMBER 24, 1994/AGRAHAYANA 3, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Co[illegible]ation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts, I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise. The District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ

ગુજરાત રાજ્ય, ગાંધીનગર

તા. ૨૪-૧૧-૯૪

ક્રમાંક : સમક/૨૫૧૨/૯૪

તલોદ નગરપંચાયત જિલ્લો સાબરકાંઠાની ચૂંટણી માટે નગરનાં વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ.

ભારતનાં સંવિધાનના ૭૪મા સુધારાને અનુલક્ષીને ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ-૧૯૬૩માં રાજ્ય સરકાર ગુજરાત મ્યુનિસિપાલિટી અધિનિયમ-૧૯૯૩ અન્વયે મહત્વનાં સુધારા કરેલા છે. આ અધિનિયમની કલમ ૬, પેટા કલમ-૪ અન્વયે નગરપંચાયતની ચૂંટણી, મતદારયાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી

INDEX

પંચમાં નિહીત થશે તેવી જોગવાઈ કરેલી છે અને રાજ્ય ચૂંટણી પંચે કલમ-૬, પેટા કલમ-૫ અન્વયે રાજ્ય સરકારે કરેલાં નિયમોનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને ચૂંટણી કરવી જોઈએ.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ-૭ પેટા કલમ-૨ તથા કલમ-૬ની પેટા કલમ-૩ અન્વયે જાહેરનામા ક્રમાંક : કેવી-૪૭૩/૯૪/એનપીબી/૭૨૯૪/૪૧૮૧/(૪) આર, તા. ૨૯-૧૦-૯૪ જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તે અન્વયે તલોદ નગરનાં નગરપચાયતને જેનો હવે પછી નગરપંચાયત તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યોછે. તેના સને ૧૯૯૧ના વસ્તી ગણતરીનાં આખરી આંકડા પ્રસિદ્ધ થયાછે. તેનાં આધારે ૭ વોર્ડોમાં વહેંચવામાં આવેલછે. નગરપંચાયતના કાઉન્સિલરોની કુલ બેઠકો ૨૧ નક્કી કરવામાં આવી છે. જાહેરનામા અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, તથા પછાતવર્ગ તેમજ મહિલા માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલી છે.

૩. ચૂંટણી પંચે અધિનિયમની કલમ-૭ પેટા કલમ-૨, ખંડ-૩ પેટા ખંડ:ખ અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની તથા મહિલાની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજ્ય સરકારે તેમનાં જાહેરનામા ક્રમાંક/કેવી/૪૯/૧૯૯૪/એન.પી.એલ/૪૫૯૩/૩૬૫૫/એમ, તા. ૧૬-૩-૧૯૯૪ અન્વયે અધિનિયમની કલમ-૨૭૭ની પેટા કલમ-૨ તથા કલમ-૬ તથા ૭ અન્વયે વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણીનાં નિયમો-૧૯૯૪ને હવે પછી નિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે બહાર પાડેલ છે.

૫. નિયમોનાં નિયમ-૨ અન્વયે નગરપંચાયતના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે, કે શક્ય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસ્તી એક સરખી રહે અને સામાન્યત: વોર્ડની સરેરાશ વસ્તીથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહિ તે પ્રમાણે વોર્ડની રચના કરવાની રહે છે. આમ છતાં ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે, સ્થાનિક એકજૂથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને તુલનામાં લેતાં ૧૦ ટકા વધુ વધ કે ઘટ કરીને વોર્ડની રચના કરી શકશે.

૬. પંચે નગરપંચાયતના વોર્ડોના સીમાંકન માટે જરુરી માહીતી એકઠી કરીછે તેમજ સને ૧૯૪૮ના સેન્સસ મુજબ સને ૧૯૯૧ના વસ્તી ગણતરીનાંછેવટનાં પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરની કુલ વસ્તી ૧૫૧૯૭ આવે છે. જાહેરનામા મુજબ નગરને ૭ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૨૧૭૧ની થાય છે.

૭. એકઠી કરેલ માહીતીની પંચે તેનાં કાર્યાલયના અધિકારી/કર્મચારીઓ મારફત ચકાસણી કરાવેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે, એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડનું સીમાંકન કરવાનું ધાર્યુછે તેમાં કોઈપણ વોર્ડમાં ૧૦ટકા થી વસ્તી વધતી નથી કે ૧૦ ટકાથી વસ્તી ઘટતી નથી.

૮. નગરના વોર્ડોને નિયમ-૩ની જોગવાઈઓને ધ્યાનમાં લઈ આ સાથે અનુસુચિ ૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવેછે. આ સીમાંકન નક્કી કરવામાં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજૂથતા, નદી, રેલવેલાઈન, રોડલાઈન વગેરે કારણે બિનજરુરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને એકસરખા ૭ વોર્ડ બની રહે તે મુદ્દો વિચારણામાં લઈ વોર્ડોનું સીમાંકન નક્કી કરેલું છે.

૯. નિયમોના નિયમ-૪ અન્વયે દરેક વોર્ડોમાં ત્રણ કાઉન્સિલર ચૂંટવાનાછે. નિયમ-૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક બીન અનામત એટલે કે, સામાન્ય બેઠક બની રહેશે. જ્યારે બીજી બેઠક મહિલા (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની મહિલા સહિત) માટે અનામત રાખવાની છે. જ્યારે ત્રીજી બેઠક જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા પછાતવર્ગને ફાળવવાની રહેશે અને તેવી ફાળવણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો બીન અનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે.

૧૦. નિયમોના નિયમ-૬ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિની દરેક વોર્ડની વસ્તીની ટકાવારીનાં ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તી (સંખ્યા) વધુ હોય એટલે કે ટકાવારી વધુ હોય તે વોર્ડનાં ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ (મહિલા બેઠકસહિત)ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ વસ્તી હોય એટલે કે, ટકાવારી ઉંચી હોય તે વોર્ડમાં ફાળવવાનું ધોરણ નિર્ધારીત કરેલ છે.

INDEX

૧૧. જાહેરનામા અન્વયે તલોદ નગર માટે ૧ બેઠકો અનુસુચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત કરેલ છે. આ વર્ગના મહિલા માટે કોઈ બેઠક નિર્ધારિત થયેલ નથી.

૧૨. પંચે એકઠી કરેલી માહિતી મુજબ નગરના જુદા જુદા ૭ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસુચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	અનુ.જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ. જાતિની વસ્તીની ટકાવારી
૧.	૧	૨૨૪૭	૩૯૩	૧૭.૪૯ ટકા
૨.	૪	૨૦૨૬	૨૦૪	૧૦.૦૭ ટકા
૩.	૩	૨૧૨૨	૨૦૦	૯.૪૨ ટકા
૪.	૨	૨૩૩૧	૧૯૯	૮.૫૩ ટકા
૫.	૭	૧૯૬૯	૬૩	૩.૧૯ ટકા
૬.	૬	૨૩૪૯	૪૫	૧.૯૧ ટકા
૭.	૫	૨૧૫૩	૧૧	૦.૫૧ ટકા

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીનાં ક્રમ મુજબ વોર્ડ નંબર ૧માં અનુસૂચિત જાતિની બેઠક નિયમોનાં નિયમ ૬ અ હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે. અને તે મુજબ ફાળવવામાં આવે છે.

૧૪. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નંબર ૧માં નિયમોનાં નિયમ ૬-અ અન્વયે ફાળવવામાં આવે છે. બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

વોર્ડ નંબર	બેઠક
૧	અનુસૂચિત જાતિ

૧૫. અનુસૂચિત આદિજાતિ માટે જાહેરનામા અન્વયે કોઈ બેઠક નિર્ધારીત થયેલ ન હોઈ, તેવી બેઠક ફાળવવાનો પ્રશ્ન રહેતો નથી.

૧૬. જાહેરનામા મુજબ ૨ બેઠકો પછાતવર્ગ માટે ફાળવેલ છે. તે પૈકી ૧ બેઠક આ વર્ગની મહિલા માટે અનામત રખાઈ છે.

૧૭. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ના નિયમ ૬/બી હેઠળ રાજ્ય ચૂંટણી પંચે પછાત વર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. જેનાં મહત્ત્વનાં પ્રબંધ નીચે પ્રમાણે છે.

૧. માન્ય રાજકીય પક્ષો તરફથી મળેલ માહિતીના અભ્યાસ પરથી તે નગરનાં જે જે વોર્ડોમાં પછાતવર્ગની વસ્તીનાં ધોરણને અનુલક્ષીને જે સર્વસામાન્ય વોર્ડો હોય તે પછાતવર્ગ માટે અનામત બેઠક ફાળવવાની રહેશે.

૨. નગર પંચાયતના સેક્રેટરીશ્રી તરફથી છેલ્લી ચૂંટણીમાં જે વોર્ડમાંથી પછાત વર્ગના ઉમેદવારો ચૂંટાઈને સભ્ય તરીકે પદધારણ કરતાં હતા, તે ઉપર અનુક્રમે નં. ૧માં જણાવેલ વોર્ડોમાં બેઠક ફાળવ્યા પછી નિયત સંખ્યા સુધીમાં ફાળવવાની રહેશે.

આથી સ્પષ્ટતા કરવાની કે, જુના વોર્ડોનું સીમાંકન અને નવા વોર્ડોનાં સીમાંકનમાં ફેરફાર હોય તો જુના વોર્ડોના મોટાભાગનો જે વિસ્તાર જે જે નવા વોર્ડોના સીમાંકનમાં સમાવિષ્ટ થતો હોય તેવા નવા વોર્ડમાં પછાતવર્ગની બેઠક ફાળવવાની રહે છે.

૩. પછાતવર્ગ માટે અનામત કુલ બેઠકો પૈકી ૧/૩ બેઠકો મહિલા માટે જાહેરનામા અન્વયે અનામત રખાઈછે. આમ ત્રણ બેઠકો પૈકી એક બેઠક મહિલા માટે અનામત રાખવામાં આવી છે. આ મહિલાનું પ્રમાણ ૧/૩ રહે છે. તેથી તાર્કિક રીતે વિચારતા દર ત્રણ બેઠકો પૈકી ત્રીજી બેઠક મહિલા માટે ફાળવવી તેમ પંચ સ્વિકારે છે.

૪. પરંતુ જો આ રીતે જ વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસુચિત જાતિ, અથવા અનુસૂચિત આદિજાતિ માટે મહિલા બેઠક ફાળવી હોય તો તે વોર્ડને બદલે તે પછી અનુક્રમે જે વોર્ડ આવે તે વોર્ડમાં પછાતવર્ગ/પછાતવર્ગ મહિલા

INDEX

બેઠક ફાળવવી. માન્ય રાજકીય પક્ષોને પંચ તરફથી નગર પંચાયતોનાં કયા વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવાની તેનાં સૂચનો મોકલવા કાર્યાલય તરફથી વિનંતી કરવામાં આવેલ. પરંતુ કોઈપણ માન્ય રાજકીય પક્ષ તરફથી હજુસુધી સૂચન કરવામાં આવ્યા નથી. પંચે અપનાવેલા માપદંડ મુજબ સેક્રેટરીશ્રી પાસેથી ગત ચૂંટણીમાં પછાતવર્ગનાં સભ્યો જુના કયા વોર્ડમાંથી ચૂંટાયા હતા અને તે સમગ્ર વોર્ડોના કે વોર્ડનો મોટા ભાગના વિસ્તાર નવા કયા વોર્ડમાં સમાવિષ્ટ થાય છે તેની માહિતી મેળવવામાં આવી છે.

૧૮. આ માહિતી ચકાસતાં જુના વોર્ડ નં. ૧૩ ગ, ૧૦ ઠ, ૯ ટ, જેનો મોટા ભાગનો વિસ્તાર હાલના નવા વોર્ડ નંબર ૧, ૨ તથા ૪ માંથી ગત ચૂંટણીમાં પછાતવર્ગનાં ઉમેદવારો ચૂંટાયેલ હતા. જેની વિગત નીચે મુજબ છે.

ચૂંટણીનું વર્ષ	જુનો વોર્ડ નંબર	બેઠકોની કુલ સંખ્યા	પછાતવર્ગના ચૂંટાયેલ સભ્યોની સંખ્યા	નવો સૂચિત વોર્ડ નંબર
૧૯૯૧	૧૩ ગ	૧	૧	૧
૧૯૯૧	૧૦ ઠ	૧	૧	૨
૧૯૯૧	૯ ટ	૧	૧	૪

આ સમગ્ર હકીકત લક્ષમાં લેતાં વોર્ડ નંબર ૧ તથા ૨ માં પછાતવર્ગ માટે બેઠક અનામત રાખવાનું અને તે પૈકી બીજા ક્રમે આવતા વોર્ડ નંબર ૨ માં પછાતવર્ગની મહિલા માટે બેઠક અનામત રાખવાનું થાય અને વોર્ડ નંબર ૧ માં પછાતવર્ગ માટે ત્રીજી બેઠક ફાળવવાની થાય. પરંતુ વોર્ડ નંબર ૧માં ત્રીજી બેઠક અનુસૂચિત જાતિ માટે ફાળવવામાં આવેલ હોઈ, પછાતવર્ગ માટે વોર્ડ નં. ૧ માં મહિલા માટે બીજી બેઠક અને વોર્ડ નંબર ૨ માં પછાતવર્ગ માટે ત્રીજી બેઠક ફાળવવાનું પંચ મુનાસિબ માને છે. પછાતવર્ગની બેઠકોની સમગ્રતઃ ફાળવણી નિયમોનાં નિયમ ૬ અ હેઠળ નીચે પ્રમાણે કરવાનું ઠરાવે છે.

વોર્ડ નંબર	બેઠક
૨	પછાતવર્ગ
૧	પછાતવર્ગના મહિલા

૧૯. આ પ્રમાણે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, તથા પછાતવર્ગ (તે પૈકી મહિલા અનામત બેઠકની સહીતની) ફાળવણી કર્યા પછી મહિલા અનામત બેઠક અને સામાન્ય ઉમેદવારને બાકી રહેતી બેઠક ફાળવવામાં આવે છે.

૨૦. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને નિયમોનાં નિયમ ૩ અન્વયે તલોદ નગરને આ સાથે સંલગ્ન અનુસૂચિ.૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનુ સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે. અને આ સાથે અનુસૂચિ ૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

૨૧. આ પ્રમાણે વોર્ડોનું વિભાજન અને હદરેખા નક્કી કરવાનું અને વોર્ડની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે.

૨૨. ઉપર પ્રમાણે વોર્ડોની હદરેખા નક્કી કરવામાં આવે છે. અને ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે, તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે. અને તે સામે કોઈપણ શખ્શને જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૫ દિવસમાં રાજ્ય ચૂંટણી પંચ, બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા. મુદત વિત્યે આવેલ સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહી.

૨૩. રાજ્ય ચૂંટણી પંચે તલોદ નગર ૭ વોર્ડોની નક્કી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો છેવટનો કરતાં પહેલાં લોકપ્રતિનિધિત્વ ધારો-૧૯૫૧ અન્વયે માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણીપંચ,
ગાંધીનગર.

INDEX

અનુસૂચિ - ૧

તલોદ મ્યુનિસિપલ બરો. જિ. સાબરકાંઠા

સુચીત નંબર.	નવીન ઈલેકશન વોર્ડનો લત્તાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન લત્તાવાર વિસ્તાર.	ઘર નંબરોની વિગત સેન્સસ બ્લોક મુજબ ઘર નંબરથી ઘર નંબર સુધી.
૧.	રામપુરાના છાપરાંથી શરું થઈ ખેતીવાડી ફાર્મ નવાઘરાં ઠાકોરવા., રાવળવાસ, પટેલના નવા મકાનો સુધીનો વિસ્તાર, પુંજાભાઈ મોતીભાઈ રાવળ ના ઘર સુધીનો વિસ્તાર.	૩. ૨/૧/૧ થી ૨/૧/૧૫૦
	રાવળ પુંજાભાઈ મોતીભાઈના ઘરથી રાવળવાસ, ચોરાવાળોવાસ, માધુસંગના ઘર સુધી બાલમંદીર વિસ્તાર, ઘાંચીના મકાનો, મફત પ્લોટ વિસ્તાર, (તળાવની પાળ ઉપર) પ્રજાપતિના મકાનો, વાળંદના મકાનોનો વિસ્તાર.	૪. ૨/૨/૧ થી ૨/૨/૧૯૪.
	ચેલાકાકાનું ફળીયાથી શામળભાઈ જીવાભાઈ ના મકાનો સુધીનો વિસ્તાર, ગાયકવાડ ફળીયું, રાવળવાસ, હરીજનવાસ, મગનભાઈ પશાભાઈ પંડયા ના ઘર સુધી, પાદર, મણીભાઈ ફતાભાઈના મકાનથી મગનભાઈ પશાભાઈ પંડયા ઘર સુધી, વણકરવાસ, ચમારવાસ, ભંગીવાસ.	૬. ૪/૧/૧ થી ૪/૧/૧૫૦ ૪/૨/૧ થી ૪/૨/૯૩.
	હદનું વર્ણન : રામપુરાનાછાપરાંની ઉત્તરે અમરાપુરના સીમાડાની હદે સ.નં. ૪૯૮થી શરું થઈ પશ્ચિમ તરફ થઈ સ.નં.૪૯૮ની ટાંટરડાની હદે થઈ અને ત્યાંથી દક્ષિણ તરફ દોલતાબાદના સીમાડાની સરહદે આવેલ સ.નં.૩૮૯ સુધી, ત્યાંથી પુર્વ તરફ મહીયલના સીમાડાની હદેથી સ.નં. ૩૧૭ના દક્ષિણ શેઢે થઈ ત્યાંથી ઉત્તર તરફ સ.નં. ૩૦૨ ખલવાડમાં થઈ પશ્ચિમ તરફ ઘેલાભાઈ હાલુભાઈના મકાન નં.૩/૨/૩૬ ની દક્ષિણ દિશાની દિવાલે થઈ ઉત્તરે નવેળીમાં થઈ ચેલાકાકાના ઘર નં. ૪/૧/૧૦૩ ની પાછળ થઈ જાહેર રોડ ઉપર થઈ ચંદુલાલ જીવરાજના મકાન નં. ૩/૧/૧૨૯ ની પશ્ચિમની દિવાલે થઈ ઉત્તરે છબાભાઈ કેશાભાઈના મકાન નં. ૩/૧/૧ પાછળ થઈ તરફ રોડની બાજુ થઈ પુર્વે તળાવની પાળ ઉપર થઈ વેરાઈ માતાના મંદિર થઈ સ.નં. ૧+૨ ની વચ્ચે થઈ ભરવાડના ડેરાથી ઉત્તર તરફ આવેલ તળાવની પાળ ઉપર થઈ સ.નં. ૧+૨ સુધી, ત્યાંથી સ.નં. ૧+૨ ના દક્ષિણ તરફના શેઢા સુધી, ત્યાંથી સ. નં. ૧+૨ ના શેઢા ઉપર ઉત્તર તરફ રુપાલના સીમાડાની સરહદે આવેલ સ.નં. ૫૫૦ ની પુર્વ દિશા થઈ પશ્ચિમ તરફ અમરાપુરની સરહદે આવેલ સ.નં. ૪૯૮ની હદ સુધી.	
૨.	પોયડા, પીરકમ્પા, પોયડાનો વિસ્તાર. બોર કમ્પો.	૧+૨. ૧/૧/૧ થી ૧/૧/૯૦. ૧/૧/૯૧ થી ૧/૧/૧૯૫.
	ભરવાડના ડેરાથી કચ્છી સમાજવાડી, પાણીની ટાંકીથી લક્ષ્મી મીલ, મહાલક્ષ્મી સો મીલથી	૭. ૫/૧/૧ થી ૫/૧/૧૪૯

INDEX

સુચીત નંબર.	નવીન ઈલેકશન વોર્ડનો લત્તાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન લત્તાવાર વિસ્તાર.	ઘર નંબરનાં વિગત સેન્સસ બ્લોક મુજબ ઘર નંબરથી ઘર નંબર સુધી.
	રમેશચંદના મકાનો સુધીનો વિસ્તાર, જીવકોરબા બોર્ડીંગ, કોહ્યાભાઈના મકાનો.	
	વલ્લભકુંજ સોસાયટીથી વિશ્વાસીપુરા,સીતાવાડી ધનપુરા.	૨૮. ૧૫/૩/૧ થી ૧૫/૩/૧૧૭
	જનતા સોસાયટી, આમજનતા સોસા. નો આગળનો ભાગ.	૨૫. ૧૩/૩/૧ થી ૧૩/૩/૬૯.
હદનું વર્ણન :	તલોદની સીમના સ.નં. ૫૫૧ ની ઉત્તર દીશાના ખુણાથી શરું થઈ પુર્વ તરફ ગોરાના સીમાડાની સરહદ થઈ વાવડીના સીમાડાની સરહદે થઈ સ.નં. ૧૦૪ ની હદ સુધી, ત્યાંથી સ.નં. ૧૦૪ ની પુર્વ થઈ દક્ષિણ તરફ સ.નં. ૧૬૫ ની ઉત્તર તરફના ખુણા સુધી, અને ત્યાંથી પશ્ચિમે તલોદ વાવડીનો રોડ ક્રોસ કરી તલોદ-માધવગઢ તરફ જવાના નાળીયાને ક્રોસ કરી આમજનતા સોસાયટીના પશ્ચિમ તરફના અને જનતા સોસાયટીના પુર્વ તરફના ખુણાની વચ્ચે થઈ દક્ષિણે આમજનતા સોસાયટીમાં મનહરલાલ જીવરામ ૧૩/૩/૧૧ ના મકાનની પાછળ થઈ પુર્વ તરફ અંબિકાનગર સોસાયટીમાં આવેલ ઘર નંબર ૧૩/૨/૧૫૮ ની પુર્વ તરફ થઈ દક્ષિણે તલોદ-મોડાસા રોડની બાજુમાં થઈ ત્યાંથી પશ્ચિમ રોડની બાજુમાં થઈ વલ્લભકુંજ સોસાયટીના દક્ષિણના ખુણાની બાજુમાં થઈ અંબુભાઈ જયસ્વાલ ના ઘર નં. ૧૫/૩/૫ ની પશ્ચિમની ભીંત થઈ ઉત્તર તરફ શાળા નં.૩ની બાજુમાં આવેલ મસ્જીદની પુર્વ તરફથી દિવાલ થઈ ત્યાંથી પશ્ચિમ તરફ સ.નં.૧૯૧ ની ઉત્તર તરફના શેઢાની બાજુમાં થઈ પશ્ચિમ મહેશ્વરી સોસાયટીની ઉત્તરે થઈ પુંજાભાઈ મલાભાઈ રાવળના મકાનની પાછળ થઈ દક્ષિણ તરફ પાણીની ટાંકી પશ્ચિમ દિશાએ તલોદ પ્રંતિજ રેલ્વે ફાટક ક્રોસ કરી, તલોદગામમાં જવાના રોડની બાજુમાં થઈ કબીર મંદીર થઈ ભરવાડના ડેરા સુધી અને ત્યાંથી ઉત્તરે તળાવમાં થઈ બોરકમ્પાની બાજુમાં સ.નં.૫૫૧ ની પશ્ચિમ દિશાએ થઈ ત્યાંથી પુર્વ તરફ સ.નં.૫૫૧ ના ઉત્તર ખુણા સુધી.	
૩.	પટેલ છબાભાઈ કેશાભાઈના ઘરથી નિશાળવાળું ફળીયુ, મુખીવાસ, વાઘરીવાસ સુધી, તળાવવાળો વાસ. મહાદેવવાળો વાસ, પરબડીવાળો વાસ, નવાઘરાં સુધીનો વિસ્તાર.	૫. ૩/૧/૧ થી ૩/૧/૧૫૦ ૩/૨/૧ થી ૩/૨/૧૦૫.
	સી.ડી. પટેલ હાઈસ્કુલથી પ્રજાપતિ ચાલી, રંગરેજનું મકાન, મણીભાઈ સોનીના મકાનથી કુંભારીયા કુવા સુધી, માતૃછાયા સોસાયટી, હરીજનવાસ, શાળા નં. ૪ ના રસ્તા સુધી, રાવળ ના મકાનોનો વિસ્તાર, હરીજન વિસ્તાર.	૮. ૫/૨/૧ થી ૫/૨/૯૦
	ચીમનભાઈ રાવળના ઘરથી લાલાદેસાઈ ની ચાલી, કલાલની ચાલી, રેસ્ટ હાઉસ, મનહરભાઈ ની લાટી, ગાંધી ગલી, ડો. કાન્તાભાઈના દવાખાનાનો વિસ્તાર, શોપીંગ સેન્ટર, રેલ્વે સ્ટેશન, એસ. ટી. વિસ્તાર, પી.ડી.આર. એસ્ટેટ, પ્રજાપતિ બોર્ડીંગ સુધીનો વિસ્તાર.	૯. ૬/૧/૧ થી ૬/૧/૨૦૩.

INDEX

સુચીત નંબર.	નવીન ઈલેકશન વોર્ડનો લત્તાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન લત્તાવાર વિસ્તાર.	ઘર નંબરની વિગત સેન્સસ બ્લોક મુજબ ઘર નંબરથી ઘર નંબર સુધી.
	હદનું વર્ણન :	શ્રીછબાભાઈ કેશાભાઈ ઘર નં.૩/૧/૧ ની પશ્ચિમ તરફની દિવાલથી શરુ, દક્ષિણ તરફની ભીંતની બાજુમાં આવેલ નવેળીમાં થઈ પુર્વ મુખી વાસમાં પશ્ચિમે આવેલ નવેળીમાં અમૃતભાઈ હરીભાઈના ઘર નં. ૩/૧/૧૯ ની પશ્ચિમે થઈ ચંદુલાલ જીવરાજ શાહના મકાન નં. ૩/૧/૨૯ ની પશ્ચિમે થઈ જાહેર રસ્તા ઉપર થઈ પૂર્વ ફતાભાઈ પુંજાભાઈના ઘર નં. ૩/૨/૩૦ થી દક્ષિણ દિશાની દિવાલે થઈ પુર્વ સ.નં.૩૦૨ ખલવાડ થઈ તલોદ - મહીયલ રોડ સુધી, ત્યાંથી દક્ષિણે સ.નં.૨૮૬ ના પશ્ચિમ તરફના ખુણા સુધી, ત્યાંથી પુર્વ તરફ સ.નં. ૨૫૯ ના પુર્વ તરફના રેલ્વે સડક સુધી અને ત્યાંથી ઉત્તરે રેલ્વે લાઈનની બાજુમાં રેલ્વે સ્ટેશન થઈ રમેશભાઈ દેસાઈના મકાન નં. ૫/૧/૧૪૯ પુર્વ તરફના ભાગે થઈ તલોદ- પ્રાંતિજ રેલ્વે લાઈન ઉપર આવેલ રેલ્વે ફાટક સુધી અને ત્યાંથી પશ્ચિમે તલોદગામમાં જવાના રોડની બાજુમાં સી. ડી. પટેલ હાઈસ્કુલની ઉત્તર તરફના કોટની દિવાલે થઈ તલોદગામમાં જવાના રોડની બાજુમાં થઈ વેરાઈ માતાના મંદિરની બાજુમાં થઈ પશ્ચિમ તરફ તલોદગામમાં થઈ ખેતીવાડી કેન્દ્ર તરફ જતાં રોડ ની બાજુમાં ઘાંચી ફળીયાની પુર્વ દિશાએ આવેલ નવેળીમાં થઈ દક્ષિણે મુળજીભાઈ વાલાભાઈના ઘર નંબર ૩/૧/૮૪ ની પશ્ચિમ તરફની દિવાલ થઈ ત્યાંથી દક્ષિણે છબાભાઈ કેશાભાઈના ઘર નં. ૩/૧/૧ ની પશ્ચિમ તરફના ખુણા સુધી.
૪.	શા. ચુનીલાલ મોહનલાલની દુકાનથી વકીલ ચેમ્બર, વકીલ ચેમ્બર્સથી પટેલ ટીમ્બર ઈન્ડ. સુધી	૨૪. ૧૪/૧/૧ થી ૧૪/૧/૧૪૮.
	જોઈતારામની ચાલી, નાગરિક બેંકનો વિસ્તાર, સોમેશ્વર મિસ્ત્રીના મકાનથી સહકારી જીન,	૨૩. ૧૩/૨/૧ થી ૧૩/૨/૨૦૩.
	બગીચાથી આશિષ સીનેમા, આમજનતા સોસા. નવનિર્માણ ઈન્ડ. થી જુના ભવાનીના પંપ સુધી, કચ્છી પટેલના મકાનો, જી.ઈ.બી. ચંદ્રપ્રભુ સોસા. પેટ્રોલ પંપ, રાઈસ મીલ, પટેલ ટીમ્બર, સહકારી જીન, તબેલો, માઈક્રોવેવ.	
	મહેશ્વરી વિસ્તાર,વણજારા સોસાયટી, ડાહ્યાભાઈ	૨૬. ૧૫/૧/૧ થી ૧૫/૧/૧૫૦.
	રાવળના મકાનથી મસ્જીદ સુધી.	૫/૫/૧ થી ૫/૫/૧૦.
	માર્કેટ યાર્ડ, શાન્તીનગર સોસાયટી, પશુદવાખાનું	૨૭. ૧૫/૨/૧ થી ૧૫/૨/૧૫૦.
	હદનું વર્ણન :	તલોદ પ્રાંતિજ રેલ્વે ફાટકથી પુર્વ તરફ પાણીની ટાંકીની દક્ષિણ દિશાએ થઈ ઉત્તર તરફ ડાહ્યાભાઈ રાવળના મકાનની પશ્ચિમ તરફની દિવાલે થઈ પૂંજાભાઈ મલાભાઈ રાવળના મકાનની ઉત્તર તરફની બાજુમાં થઈ ત્યાંથી પુર્વ મહેશ્વરી સોસાયટીની ઉત્તર તરફની હદે થઈ સ.નં. ૧૯૧ ની ઉત્તર તરફના શેઢા સુધી અને ત્યાંથી સ.નં.૧૯૧ ના દક્ષિણ તરફના શેઢાની બાજુમાં થઈ પુર્વ તરફ મસ્જીદના પુર્વના ખુણાએથી દક્ષિણે અંબુભાઈ જ્યસ્વાલના મકાન નં. ૧૫/૩/૫ ની પશ્ચિમ તરફના ખુણાથી ત્યાંથી પુર્વ મોડાસા રોડની સાઈડે થઈ અંબિકાનગર સોસાયટીમાં આવેલ શ્રી બહેચરસિંહ છગનસિંહ રાઠોડના ઘર નં. ૧૩/૨/૧૫૮ ની બાજુએની પુર્વ દિશાએ થઈ ઉત્તર તરફ આમજનતા સોસાયટીમાં આવેલ ઘર નં. ૧૩/૩/૧૧ સુધી, અને ત્યાંથી પશ્ચિમ તરફ આમજનતા સોસાયટીમાં આવેલ ઘર નં. ૫/૩/૨૨ ની પશ્ચિમ તરફ દિવાલે થઈ ઉત્તર તરફ તલોદ - માધવગઢ તરફ જતા નાળીયાને ક્રોસ કરી ત્યાંથી ઈશાનખુણા તરફ તલોદથી હિંમતનગર રોડ ક્રોસ કરી પુર્વ તરફ સ.નં.

INDEX

સુચીત નંબર.	નવીન ઈલેકશન વોર્ડનો લત્તાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન લત્તાવાર વિસ્તાર.	ઘર નંબરની વિગત સેન્સસ બ્લોક મુજબ ઘર નંબરથી ઘર નંબર સુધી.
	૧૬૫ના ઉત્તર તરફના છેડા સુધી અને ત્યાંથી પુર્વ ખુણાએથી દક્ષિણે માધવગઢના સીમાડાએ થઈ સ.નં. ૨૦૩ અને ૨૦૪ પુર્વ થઈ સ.નં. ૨૦૭ની પુર્વ દિશાના શેઢા સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ સ.નં. ૨૧૪ ના પશ્ચિમ તરફના શેઢા સુધી, ત્યાંથી ઉત્તરે સ.નં. ૨૫૨ ના પશ્ચિમની સરહદે થઈ લક્ષ્મી ઓટો સર્વીસ સ્ટેશન સુધી અને ત્યાંથી ઉત્તર તરફ મોડાસા રોડ સુધી અને ત્યાંથી પશ્ચિમે મોડાસા રોડની સાઈડે પટેલ ટીમ્બર સો મીલ સુધી અને ત્યાંથી દક્ષિણે પોપટલાલ જીવરાજ શાહના મકાન નં.૧૪/૧/૨૨ સુધી અને ત્યાંથી પશ્ચિમ તરફ પટેલ સો મીલ થઈ ચુનીલાલ મોહનલાલના મકાન નં. ૧૪/૧/૧ ની બાજુમાં થઈ તલોદ બજાર સુધી અને ત્યાંથી ઉત્તરે વકીલ ચેમ્બર્સ સુધી અને ત્યાંથી પશ્ચિમ તરફ રેલ્વે ફાટક સુધીનો વિસ્તાર.	
૫.	ગુણવંતલાલ પંચાલની દુકાન થી પેટ્રોલપંપ સુધી પેટ્રોલપંપથી જનતા રેસ્ટોરન્ટ સુધી, ઘાંચી ગલી લલ્લુકાકાની લાટી, રાધાકૃષ્ણ મંદિરનો વિસ્તાર. નગર પંચાયત કચેરીનો વિસ્તાર, ત્રિકમલાલની ચાલી, ગાંધીફળી, મદ્રેસા પાઠશાળા.	૨૧. ૧૨/૧/૧ થી ૧૨/૧/૧૫૦. ૧૨/૨/૧ થી ૧૨/૨/૧૪૨.
	શંકરલાલ સોનીના ઘરથી મહાવીર સ્ટોર્સ. માણેકલાલ શેઠની પોળ, અંબાજી મંદિરનો વિસ્તાર આરાસુરી હોટલ સુધી.	૧૭. ૧૦/૧/૧ થી ૧૦/૧/૧૫૦.
	જૈન ઉપાશ્રયથી પોપટલાલ ચુનીલાલના મકાન સુધી, શિવરામ પ્રજાપતિના મકાનથી હોસ્પીટલના કોટ સુધી હોસ્પી. દરવાજાથી જૈન ઉપાશ્રય સુધી, મહાજન ધર્મશાળા.	૧૮. ૧૦/૨/૧ થી ૧૦/૨/૯૧.
	જ્યંતિલાલ નેમચંદ ગાંધીના મકાનથી દેનાબેંક દેનાબેંકથી પટેલ સો મીલનો વિસ્તાર, જ્યંતિલાલ ના મકાનથી ડો. બી. એમ. પટેલના મકાન સુધી, જુની સહકારી જીનથી લક્ષ્મી ગેરેજ, કરશનભાઈ રામજીભાઈ પટેલના મકાન સુધીનો વિસ્તાર, પારસ સોસાયટીના ઝાંપા સુધી.	૨૨. ૧૩/૧/૧ થી ૧૩/૧/૨૦૦.
હદનું વર્ણન :	તલોદ રેલ્વે ફાટકથી પુર્વ તરફ પેટ્રોલ પંપથી દક્ષિણ તરફ તલોદ બજાર રોડની સાઈડે ચુનીલાલ મોહનલાલની દુકાન દક્ષિણ તરફથી દિવાલે થઈ પુર્વ પોપટલાલ જીવરાજ શાહના મકાનની દક્ષિણ તરફની દિવાલે થઈ પારસ સોસાયટીના કોટ થઈ ઉત્તર તરફ પટેલ ટીમ્બરના મકાનની પુર્વ દિવાલ થઈ ત્યાંથી પુર્વ પારસ સોસાયટી ના દરવાજે થઈ મોડાસા રોડની બાજુમાં થઈ કચ્છી પટેલના મકાનો, લક્ષ્મી ઓટો સર્વીસ સ્ટેશનના મકાન નં. ૧૩/૧/૧૯૪ બાજુમાં થઈ પશ્ચિમે જુની સહકારી જીન સુધી ત્યાંથી દક્ષિણ તરફ સ.નં. ૨૫૦ની ઉત્તર તરફના ખુણા સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ સાર્વજનીક દવાખાનાની કોટની સાઈડે થઈ ત્યાંથી દક્ષિણ તરફ દાસકાકાની લાટી સુધી, ત્યાંથી દક્ષિણ ગંગારામ પટેલના મકાન નં.૯/૨/૫૮ની આગળ થઈ પશ્ચિમ તરફ ધૈવરચંદની દુકાન સુધી, ત્યાંથી ઉત્તરે યેવલા બિલ્ડીંગ સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ રેલ્વે લાઈન સુધી, ત્યાંથી ઉત્તર તરફ તલોદ રેલ્વે લાઈનની બાજુમાં તલોદ મોડાસા રોડના ફાટક સુધી.	

INDEX

સુચીત નંબર.	નવીન ઈલેકશન વોર્ડનો લત્તાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન લત્તાવાર વિસ્તાર.	ઘર નંબરની વિગત સેન્સસ બ્લોક મુજબ ઘર નંબરથી ઘર નંબર સુધી.
૬.	મહાવીર સોસાયટી, થી અંબિકાનગર, ગીરીરાજ સોસા. પી.ડી.આર.એસ્ટેટ, જુના પોલીસ સ્ટેશન નો વિસ્તાર.	૧૯. ૧૧/૧/૧ થી ૧૧/૧/૧૬૦
	યુ.યુ. કડીવાલાના મકાનથી રામનગર, માણેકલાલ માસ્તરની ચાલી, ટેલીફોન હેલ્પરના મકાન સુધી,	૨૦. ૧૧/૨/૧ થી ૧૧/૨/૧૦૩.
	યેવલા બીડીની ઓફીસથી રસીકલાલ સુખડીયા ના કેબીન સુધી.	૧૨. ૭/૨/૧ થી ૭/૨/૯૩.
	પોષ્ટ ઓફીસથી કુમારશાળા, કુમારશાળાથી મહાદેવ વિસ્તાર, સી.ડી.પટેલના મકાનથી હર્ષદભાઈ દવેના મકાન સુધી, મહાદેવના જાજરું સામેના મકાનો, જ્યંતિલાલના મકાન સુધી, પ્રજાપતિના મકાન વિસ્તાર, કાન્તીભાઈ પ્રજાપતિની લાઈન સુધીનો વિસ્તાર, શાન્તુભાઈના છાપરાં.	૧૬. ૯/૧/૧ થી ૯/૧/૧૬૩.
	સર્વોદય સોસાયટી, ડો. આચાર્યના દવાખાના સુધી, ઢોરડબાથી સાર્વજનીક હોસ્પીટલ સુધીનો વિસ્તાર, જ્યંતિભાઈ જી. ચોટાઈના મકાન, દરજી બોર્ડીંગ, અંબિકા ઓઈલ મીલ વિસ્તાર, ગંગારામ લધ્ધાભાઈના મકાનો, શક્તિ મીલ, માણેકલાલ શેઠ ની પોળનો પાછળનો વિસ્તાર.	૧૫. ૯/૨/૧ થી ૯/૨/૧૬૩.

હદનું વર્ણન : તલોદથી અમદાવાદ જતા રેલ્વે લાઈનની નજીર યુ.યુ.કડીવાલાના મકાનથી ઉત્તર તરફ રેલ્વે લાઈન બાજુમાં થઈ યેવલા બિલ્ડીંગ સુધી, ત્યાંથી પૂર્વ તરફ તલોદ બજાર રોડને ક્રોસ કરી મહાવીર સ્ટોર્સની દુકાનની બાજુમાં થઈ દક્ષિણ તરફ ધૈવરચંદની દુકાન સુધી, ત્યાંથી પુર્વ તરફ ગંગારામ પટેલના મકાન નં. ૯/૨/૫૮ ની પશ્ચિમ તરફની દિવાલે થઈ દાસકાકાની લાટી સુધી, અને ત્યાંથી હોસ્પીટલના દરવાજે થઈ ઉત્તરના કોટની દિવાલ સુધી અને ત્યાંથી પુર્વજુની સહકારી જીનના દરવાજા સુધી અને ત્યાંથી ઉત્તર તરફ પારસ સોસાયટીના પશ્ચિમ તરફના કોટના ખુણા સુધી અને ત્યાંથી પુર્વ તરફ લક્ષ્મી ઓટો સર્વીસ સ્ટેશન સુધી, અને ત્યાથી દક્ષિણ દિશા તરફ સ.નં. ૨૫૨ ની પશ્ચિમ દિશાએ થઈ ત્યાંથી પશ્ચિમ તરફ પ્રજાપતિની ચાલીમાં બાજુમાં વાવડીવાળા પ્રજાપતિના મકાનની પશ્ચિમ દિશાની દિવાલ થઈ ઉત્તર તરફ શાન્તુભાઈ પટેલના મકાન નં.૯/૧/૧૫૨ પાછળ થઈ ત્યાંથી પશ્ચિમ તરફ પોષ્ટ ઓફીસના મકાન સુધી, ઉત્તર તરફ બાલમંદિરના મકાન સુધી, ત્યાંથી કોલેજ રોડ ક્રોસ કરી ગણપતલાલ સોનીના મકાન નં. ૭/૧/૧૫૭ ના પાછળની કેનાલ થઈ દક્ષિણ તરફ પાણીની ટાંકીની પશ્ચિમ દિશાએ થઈ ત્યાંથી દક્ષિણમાં જુની સીનેમા પાછળ થઈ દક્ષિણ તરફ ગીરીરાજ સોસાયટીના આગળના ભાગે થઈ કૃષ્ણકુંજ સોસાયટીમાં જવાના રોડ સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ સત્યમ્ શિવમ્ સોસાયટી તરફ જતાં રોડની બાજુમાં થઈ તલોદ - અમદાવાદ રેલ્વે ફાટક સુધી, ત્યાંથી ઉત્તરે રેલ્વે લાઈનની બાજુમાં થઈ યુ.યુ. કડીવાલાના મકાન સુધી.

INDEX

સુચીત નંબર.	નવીન ઈલેકશન વોર્ડનો લત્તાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન લત્તાવાર વિસ્તાર.	ઘર નંબરની વિગત સેન્સસ બ્લોક મુજબ ઘર નંબરથી ઘર નંબર સુધી.
૭.	મઠથી હરસોલા છાત્રાલય સુધી રવીનાથ સોસા. જુની સીનેમા વિસ્તાર, રંગુસિંહ ગુમાનસિંહના મકાનથી કૃષ્ણકુંજ સોસા. અંબાલાલ ગુલાબચંદ પટેલના ઘર સુધી.	૧૦. ૭/૧/૧ થી ૭/૧/૯૬.
	કૃષ્ણકુંજ સોસાયટી પૈકીનો વિસ્તાર, સત્યમ્ શિવમ સોસાયટી, નિજાનંદ પાર્ક, જુની સીનેમા વિસ્તાર, કોહ્યાભાઈ વેલાભાઈ પટેલના મકાનથી ગણપતલાલ સોનીના મકાન સુધીનો વિસ્તાર.	૧૧. ૭/૧/૯૭ થી ૭/૧/૧૬૫.
	સન્માન સોસાયટીથી પટેલ છાત્રાલાય, લક્ષ્મીકુંજ સોસાયટી, કનુભાઈ નાયકના મકાનથી હીરાચંદ સોનીના મકાન સુધી, શાન્તુભાઈના બંગલાથી ભીખાભાઈ દરજીના મકાન સુધી, રસીકલાલ ડોક્ટરના ઘર સુધી.	૧૩. ૮/૧/૯૬ થી ૮/૧/૧૩૪.
	બળીયાદેવ મંદિરથી જાજરું વિસ્તાર, નાગરભાઈ મિસ્ત્રીના ઘરથી સદીકભાઈ લુહારના ઘર સુધી, બિહારીભાઈ સી. શાહના મકાન સુધી.	૧૪. ૮/૨/૧ થી ૮/૨/૭૮.

હદનું વર્ણન : તલોદ અમદાવાદ રેલ્વે ફાટકથી પુર્વ તરફ સત્યમ્ શિવમ્ સોસાયટીના રોડ થઈ ત્યાંથી કૃષ્ણકુંજ સોસાયટીના રોડ સુધી, ત્યાંથી ઉત્તરે ગીરીરાજ સોસાયટીના પુર્વતરફ ભાગે થઈ જુની સીનેમા પાછળ થઈ ઉત્તરે પાણીની ટાંકી પાછળ થઈ ગણપતલાલ સોનીના મકાન અને જુના પોલીસ સ્ટેશનની વચ્ચેની કેનાલ થઈ ગણપતલાલ સોનીના મકાનથી ત્યાંથી પુર્વ કોલેજરોડ ક્રોસ કરી બાલમંદિર સુધી, ત્યાંથી દક્ષિણ તરફ પોષ્ટ ઓફીસના મકાનોની દક્ષિણ દિશા તરફ થઈ પુર્વ તરફ શાન્તુભાઈ પટેલના મકાનની ઉત્તર તરફ થઈ ત્યાંથી દક્ષીણ તરફ વાવડીવાળા પ્રજાપતિના મકાનની પશ્ચિમ તરફની દિવાલે થઈ પુર્વ તરફ સ.નં. ૨૫૩ની વચ્ચે થઈ સ.નં. ૨૫૨ ના શેઢા સુધી, દક્ષિણ દિશા તરફ સ.નં.૨૫૩ ની હદ સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ મઢગામની દક્ષિણ બાજુ થઈ સ.નં. ૨૫૮ની હદ સુધી ત્યાંથી તલોદ અમદાવાદ રેલ્વે લાઈનની બાજુમાં થઈ રેલ્વે ફાટક સુધી.

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

અનુસૂચિ ૨

રાજ્ય ચૂંટણી પંચ

તલોદ નગરપંચાયત જી. સાબરકાંઠા, ની કુલ વસ્તી	:	૧૫,૧૯૭
કુલ વોર્ડોની સંખ્યા : ૭		
વોર્ડ દીઠ સરેરાશ વસ્તી : ૨૧૭૧	:	સરેરાશ વસ્તી ૧૦ ટકા વધ મુજબ ૨૩૮૮ સરેરાશ વસ્તી ૧૦ ટકા ઘટ મુજબ ૧૯૫૪
કુલ બેઠકોની સંખ્યા : ૨૧		
મહિલા બેઠકો : ૭	:	અનુસૂચિત જાતિ મહિલા માટે કોઈ નહીં. અનુસૂચિત આદિજાતિ મહિલા માટે કોઈ નહીં. ૧ બેઠક પછાતવર્ગની મહિલા સહીતની
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	:	૧
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	:	કોઈ નહીં.
પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	:	૨ તે પૈકી ૧ મહિલા માટે.
કુલ અનામત બેઠક : ૯		
સામાન્ય બેઠક : ૧૨		

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી બીન અનામત	બીજી બેઠકની ફાળવણી મહિલા અનામત	ત્રીજી બેઠકની ફાળવણી
૧.	૧	૨૨૪૭	સામાન્ય	પછાતવર્ગ	અનુ.જાતિ
૨.	૨	૨૩૩૧	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ
૩.	૩	૨૧૨૨	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૪.	૪	૨૦૨૬	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૫.	૫	૨૧૫૩	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૬.	૬	૨૩૪૯	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૭.	૭	૧૯૬૯	સામાન્ય	સામાન્ય	સામાન્ય

યો.જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 276 REGISTERED NO. G/GNR/2.

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

VOL. XXXV] THURSDAY, NOVEMBER 24, 1994/AGRAHAYANA 3, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts, I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise. The District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ

ગુજરાત રાજ્ય, ગાંધીનગર

તા. ૨૪-૧૧-૯૪

ક્રમાંક/સમક/૨૧૧૦૪/૯૪

હળવદ નગર પંચાયત જિલ્લો સુરેન્દ્રનગરની ચૂંટણી માટે નગરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ :-

ભારતનાં સંવિધાનના ૭૪માં સુધારાને અનુલક્ષીને ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ-૧૯૬૩માં રાજ્ય સરકાર ગુજરાત મ્યુનિસિપાલિટી અધિનિયમ-૧૯૯૩ અન્વયે મહત્વનાં સુધારા કરેલા છે. આ અધિનિયમની કલમ. ૬, પેટા કલમ-૪ અન્વયે નગરપંચાયતની ચૂંટણી, મતદારયાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી

INDEX

પંચમાં નિહીત થશે તેવી જોગવાઈ કરેલી છે અને રાજ્ય ચૂંટણી પંચે કલમ-૬, પેટા કલમ-૫ અન્વયે રાજ્ય સરકારે કરેલાં નિયમોનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને ચૂંટણી કરવી જોઈએ.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ-૭ પેટા કલમ-૨ તથા કલમ-૬ની પેટા કલમ-૩ અન્વયે જાહેરનામા ક્રમાંક : કેવી-૫૨૬/૯૪/એનપીબી/૭૨૯૪/૧૧૮૧/(૫૭) આર ૨૯/૧૦/૯૪ જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તે અન્વયે હળવદ નગરનાં નગરપંચાયતને જેનો હવે પછી નગરપંચાયત તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેના સને ૧૯૯૧ના વસ્તી ગણતરીનાં આખરી આંકડા પ્રસિદ્ધ થયાછે. તેનાં આધારે ૭ વોર્ડોમાં વહેંચવામાં આવેલછે. નગરપંચાયતના કાઉન્સિલરોની કુલ બેઠકો ૨૧ નક્કી કરવામાં આવી છે. જાહેરનામા અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, તથા પછાતવર્ગ તેમજ મહિલા માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલી છે.

૩. ચૂંટણી પંચે અધિનિયમની કલમ-૭ પેટા કલમ-૨, ખંડ-૩ પેટા ખંડ:ખ અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની તથા મહિલાની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજ્ય સરકારે તેમનાં જાહેરનામા ક્રમાંક/કેવી/૪૯/૧૯૯૪/એન.પી.એલ/૪૫૯૩/૩૬૫૫/એમ, તા. ૧૬-૩-૧૯૯૪ અન્વયે અધિનિયમની કલમ-૨૭૭ની પેટા કલમ-૨ તથા કલમ-૬ તથા ૭ અન્વયે વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણીનાં નિયમો-૧૯૯૪ને હવે પછી નિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે. તે બહાર પાડેલ છે.

૫. નિયમોનાં નિયમ-૨ અન્વયે નગરપંચાયતના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે, કે શક્ય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસ્તી એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસ્તીથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહિ તે પ્રમાણે વોર્ડની રચના કરવાની રહે છે. આમ છતાં ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે, સ્થાનિક એકજૂથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને તુલનામાં લેતાં ૧૦ ટકા વધ કે ઘટ કરીને વોર્ડની રચના કરી શકશે.

૬. પંચે નગરપંચાયતના વોર્ડોના સીમાંકન માટે જરુરી માહીતી એકઠી કરી છે તેમજ સને ૧૯૪૮ના સેન્સસ મુજબ સને ૧૯૯૧ના વસ્તી ગણતરીનાંછેવટનાં પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરની કુલ વસ્તી ૧૯,૫૭૬ આવેછે. જાહેરનામા મુજબ નગરને ૭ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૨૭૯૬ ની થાય છે.

૭. એકઠી કરેલ માહીતીની પંચે તેનાં કાર્યાલયના અધિકારી/કર્મચારીઓ મારફત ચકાસણી કરાવેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે, એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડનું સીમાંકન કરવાનું ધાર્યુ છે તેમાં વોર્ડ નં. ૪ સિવાય કોઈપણ વોર્ડમાં ૧૦ટકા થી વસ્તી વધતી નથી કે ૧૦ ટકાથી વસ્તી ઘટતી નથી.

સામાન્યત : સેન્સસનો બ્લોક તોડવો ન પડે તેમજ ભૌગિલક એકજૂથતા જળવાઈ રહે તે ધ્યાને રાખીને વોર્ડની વસ્તીમાં ૧૦% થી વધુ ૮૬ની વસ્તીનો વધારો ગ્રાહ્ય રાખવાપાત્ર જણાય છે અને પંચ તે ટકાવારીનો થોડોક વધારો ગ્રાહ્ય રાખવા ઠરાવે છે.

૮. નગરના વોર્ડોને નિયમ-૩ની જોગવાઈઓને ધ્યાનમાં લઈ આ સાથે અનુસુચિ. ૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે. આ સીમાંકન નક્કી કરવામાં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજૂથતા, નદી, રેલવેલાઈન, રોડલાઈન વગેરે કારણે બિનજરુરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને એકસરખા વોર્ડ ૭ બની રહે તે મુદ્દો વિચારણામાં લઈ વોર્ડોનું સીમાંકન નક્કી કરેલું છે.

૯. નિયમોના નિયમ-૪ અન્વયે દરેક વોર્ડોમાં ત્રણ કાઉન્સિલર ચૂંટવાના છે. નિયમ-૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક બીન અનામત એટલે કે, સામાન્ય બેઠક બની રહેશે. જ્યારે બીજી બેઠક મહિલા (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની મહિલા સહિત) માટે અનામત રાખવાની છે. જ્યારે ત્રીજી બેઠક જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા પછાતવર્ગને ફાળવવાની રહેશે અને તેવી ફાળવણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો બીન અનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે.

INDEX

૧૦. નિયમોના નિયમ-૬ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિની દરેક વોર્ડની વસ્તીની ટકાવારીનાં ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તી (સંખ્યા) વધુ હોય એટલે કે ટકાવારી વધુ હોય તે વોર્ડનાં ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ મહિલા બેઠકસહિત)ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ વસ્તી હોય એટલે કે, ટકાવારી ઉંચી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારીત કરેલ છે.

૧૧. જાહેરનામા અન્વયે હળવદ નગર માટે ૨ બેઠકો અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીતે કરેલ છે અને ૨ બેઠકો પૈકી ૧ બેઠક અનુસૂચિત જાતિની મહિલા માટે અનામત રાખવાનું નિર્ધારીત કર્યુ છે.

૧૨. પંચે એકઠી કરેલી માહિતી મુજબ નગરનાં જુદા જુદા ૭ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડનંબર	વોર્ડની વસતી	અનુ. જાતિની કુલ વસતી	વોર્ડની વસતી સામે અનુ. જાતિની વસતીની ટકાવારી
૧.	૬	૨૬૧૫	૧૦૩૪	૩૯.૫૪%
૨.	૭	૨૮૯૩	૪૪૯	૧૫.૫૨%
૩.	૫	૨૬૨૫	૫૮	૨.૨૧%
૪.	૩	૨૮૦૯	૧૯	૦.૭૦%
૫.	૪	૩૧૬૨	૧૮	૦.૬૦%
૬.	૧	૨૭૭૩	-	-
૭.	૨	૨૬૯૯	-	-

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીનાં ક્રમ મુજબ વોર્ડ નંબર ૬ તથા ૭માં અનુસૂચિત જાતિની બેઠક નિયમોનાં નિયમ-૬-અ હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે. અને તે મુજબ ફાળવવામાં આવે છે.

૧૪. અનુસૂચિત જાતિનાં મહિલા અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસ્તીને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતાં બીજા ક્રમે આવતીં વોર્ડમાં મહિલા બેઠક ફાળવવી તેમ પંચ માને છે. આ પ્રમાણે ગણત્રી કરતાં વોર્ડ નંબર ૬માં અનુસૂચિત જાતિ માટે અને વોર્ડ નંબર ૭માં અનુસૂચિત જાતિની મહિલા માટે બેઠક અનામત રાખવાની થાય છે. આ મુજબ ફાળવણી કરતાં પણ નિયમો અન્વયે દરેક વોર્ડમાં એક મહિલા, એક સામાન્ય બેઠક ફાળવવાની જોગવાઇ છે. તેનું ખંડન ન થાય તેની તકેદારી રાખવાની રહે છે.

૧૫. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નંબર ૬ તથા ૭ માં નિયમોનાં નિયમ ૬ અ અન્વયે ફાળવવામાં આવે છે તે પૈકી આ વર્ગનાં મહિલા માટે બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

વોર્ડ નંબર	બેઠક
૬	અનુસૂચિત જાતિ
૭	અનુસૂચિત જાતિના મહિલા

૧૬. જાહેરનામા અન્વયે હળવદ શહેર માટે અનુસૂચિત આદિજાતિ માટે કોઇ બેઠક નિર્ધારીત થયેલ ન હોઇ તે વર્ગ માટે બેઠકો ફાળવવાનો પ્રશ્ન રહતો નથી.

૧૭. જાહેરનામા મુજબ ૨ બેઠકો પછાતવર્ગો માટે ફાળવેલ છે, તે પૈકી ૧ બેઠક આ વર્ગની મહિલા માટે અનામત રખાઇ છે.

INDEX

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકની ફાળવણી નિયમો. ૧૯૯૪ના નિયમ ૬-બી હેઠળ રાજય ચૂંટણી પંચે પછાત વર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. જેના મહત્વનાં પ્રબંધ નીચે પ્રમાણે છે.

૧. માન્ય રાજકીય પક્ષો તરફથી મળેલ માહિતીના અભ્યાસ પરથી જે નગરનાં જે જે વોર્ડોમાં પછાતવર્ગની વસ્તીનાં ધોરણને અનુલક્ષીને જે સર્વસામાન્ય વોર્ડો હોય તે તે પછાતવર્ગ માટે અનામત બેઠક ફાળવવાની રહેશે.

૨. નગરપંચાપતના સેક્રેટરી તરફથીછેલ્લી ચૂટણીમાં જે વોર્ડમાંથી પછાતવર્ગનાં ઉમેદવારો ચૂંટાઈને સભ્ય તરીકે પદધારણ કરતાં હતા, તે ઉપર અનુક્રમે નં.૧માં જણાવેલ વોર્ડોમાં બેઠક ફાળવ્યા પછી નિયત સંખ્યા સુધીમાં ફાળવવાની રહેશે.

આથી સ્પષ્ટતા કરવાની કે જુના વોર્ડોનું સીમાંકન અને નવા વોર્ડોનાં સીમાંકનમાં ફેરફાર હોય તો જુના વોર્ડોના મોટાભાગનો વિસ્તાર જે જે નવા વોર્ડનાં સીમાંકનમાં સમાવિષ્ટ થતો હોય તેવા નવા વોર્ડમાં પછાતવર્ગની બેઠક ફાળવવાની રહે છે.

૩. પછાતવર્ગ માટે અનામત કુલ બેઠકો પૈકી ૧/૩ બેઠકો મહિલા માટે જાહેરનામા અન્વયે અનામત રખાઈ છે. આમ ત્રણ બેઠકો પૈકી એક બેઠક મહિલા માટે અનામત રાખવામાં આવી છે. આમ મહિલાનું પ્રમાણ ૧/૩ રહે છે. તેથી તાર્કિક રીતે વિચારતા દર ત્રણ બેઠકો પૈકી ત્રીજી બેઠક મહિલા માટે ફાળવવી તેમ પંચ સ્વીકારે છે.

૪. પરંતુ જો આ રીતે જ વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિ માટે મહિલા બેઠક ફાળવા હોય તે તે વોર્ડને બદલે તે પછી અનુક્રમે જે વોર્ડ આવે તે વોર્ડમાં પછાતવર્ગ/પછાતવર્ગ મહિલા બેઠક ફાળવવી.

માન્ય રાજકીય પક્ષોને પંચ તરફથી નગરપંચાયતનાં કયા વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવી તેનાં સુચનો મોકલવા કાર્યાલય તરફથી વિનંતી કરવામાં આવેલ પરંતુ કોઈપણ માન્ય રાજકીય પક્ષ તરફથી હજુ સુધી સુચન કરવામાં આવ્યા નથી. પંચે અપનાવેલા માપદંડ મુજબ નગરપંચાયતના સેક્રેટરી પાસેથી ગત ચૂટણીમાં પછાતવર્ગનાં કાઉન્સિલરો સભ્યો જુના કયા વોર્ડમાંથી ચૂંટાયા હતા અને તે સમગ્ર વોર્ડોના કે વોર્ડનો મોટા ભાગના વિસ્તાર નવા કયા વોર્ડમાં સમાવિષ્ટ થાય છે તેની માહિતી મેળવવામાં આવી છે.

૧૯. આમ માહિતી ચકાસતી જુના વોર્ડ નંબર ૨ખ તથા ૯૮ જેનો મોટા ભાગનો વિસ્તાર હાલના નવા વોર્ડ નંબર ૩ તથા ૧માંથી ગત ચૂંટણીમાં પછાતવર્ગના ઉમેદવારો ચૂંટાયેલ હતા. જેની વિગત નીચે મુજબ છે.

ચૂટણીનું વર્ષ	જુનો વોર્ડ નંબર	બેઠકોની કુલ સંખ્યા	પછાતવર્ગના ચુંટાયેલ સભ્યોની સંખ્યા	નવો સૂચિત વોર્ડ નંબર
૧૯૯૧	૨ખ	૧	૧	૩
૧૯૯૧	૯૮	૧	૧	૧

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ

જાહેરનામું,

સચિવાલય, ગાંધીનગર

તારીખ : ૨૪-૧૧-૯૪

ક્રમાંક : સમક : ૨૯૮૯/૯૪/

બોરીયાવી નગર પંચાયત જિલ્લો : ખેડાની ચૂંટણી માટે નગરનાં વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ.

INDEX

૧. ભારતનાં સંવિધાનનના ૭૪મા સુધારાને અનુલક્ષીને ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ-૧૯૬૩માં રાજ્ય સરકાર ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ-૧૯૯૩ અન્વયે મહત્વનાં સુધારા કરેલા છે. આ અધિનિયમની કલમ-૬ પેટા, કલમ-૪, અન્વયે નગરપંચાયતની ચૂંટણી, મતદાર યાદી, તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી પંચમાં નિહીત થશે તેવી જોગવાઈ કરેલી છે. અને રાજ્ય ચૂંટણી પંચે કલમ-૬ પેટા કલમ-૫ અન્વયે રાજ્ય સરકારે કરેલાં નિયમોનુસાર અધિનિયમની જોગવાઈઓને આધિન રહીને ચૂંટણી કરવી જોઈએ.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ-૭ પેટા કલમ-૨ તથા કલમ-૬ ની પેટાકલમ-૩ અન્વયે જાહેરનામા ક્રમાંક : કેવી-૪૯૧-૯૪. એન.પી.બી.૭૨૯૪-૪૧૮૧(૨૨) આર- તારીખ : ૨૯-૧૦-૯૪ જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તે અન્વયે બોરીયાવી નગરના નગરપંચાયતને જેનો હવે પછી નગરપંચાયત તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેના સન ૧૯૯૧ના વસ્તી ગણતરીનાં આખરી આંકડા પ્રસિદ્ધ થયા છે. તેના આધારે ૭ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. નગરપંચાયતના કાઉન્સીલરોની કુલ બેઠકો ૨૧ નક્કી કરવામાં આવી છે. જાહેરનામા અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, તથા પછાતવર્ગ તેમજ મહિલા માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલી છે.

૩. ચૂંટણી પંચે, અધિનિયમની કલમ-૭ પેટા કલમ-૨ ખંડ-૩, પેટાખંડ-ખ અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની તથા મહિલાની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજ્ય સરકારે તેમના જાહેરનામા ક્રમાંક : કેવી : ૪૯/૧૯૯૪ એન.પી.એલ ૪૫૯૩-૩૬૫૫-એમ, તા. ૧૬-૩-૧૯૯૪ અન્વયે અધિનિયમની કલમ-૨૭૭ ની પેટા કલમ-૨ તથા કલમ-૬ તથા ૭ અન્વયે વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણીનાં નિયમો-૧૯૯૪ ને હવે પછી નિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે બહાર પાડેલ છે.

૫. નિયમોનાં નિયમ-૨ અન્વયે નગરપંચાયતના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શક્ય હોય ત્યાં સુધી બધાં જ વોર્ડોની વસ્તી એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસ્તીથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહિ તે પ્રમાણે વોર્ડની રચના કરવાની રહે છે. આમ છતાં ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજૂથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળો તુલનામાં લેતાં ૧૦ ટકા વધુ વધ કે ઘટ કરીને વોર્ડની રચના કરી શકશે.

૬. પંચ નગરપાલિકાના વોર્ડોના સીમાંકન માટે જરુરી માહિતી એકઠી કરી છે. તેમજ સને. ૧૯૪૮ ના સેન્સસ મુજબ સને ૧૯૯૧ ના વસ્તી ગણતરીના છેવટનાં પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરની કુલ વસ્તી : ૧૫,૦૩૩ આવે છે. જાહેરનામા મુજબ નગરને ૭ વોર્ડોમાં વહેંચવામાં આવે છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી : ૨૧૪૭ ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની પંચે તેના કાર્યાલયના અધિકારી : કર્મચારીઓ મારફત ચકાસણી કરાવેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડનું સીમાંકન કરવાનું ધાર્યું છે. વોર્ડ નં. ૫ સિવાય તેમાં કોઈપણ વોર્ડમાં ૧૦ ટકા થી વસ્તી વધતી નથી.

ભૌગોલિક એકજૂથના તથા સેન્સસ બ્લોક યથાવત રાખવાથી વસ્તી વધવા પામેલ છે.

૮. નગરનાં વોર્ડોને નિયમ-૩ ની જોગવાઈઓને ધ્યાનમાં લઈ આ સાથે અનુસૂચિ ૧માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે. આ સીમાંકન નક્કી કરવામાં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજૂથતા, નદી, રેલ્વેલાઈન, રોડલાઈન વગેરે કારણે બિનજરુરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને એકસરખા વોર્ડ ૭ બની રહે તે મુદ્દો વિચારણામાં લઈ વોર્ડોનું સીમાંકન નક્કી કરેલું છે.

INDEX

૯. નિયમોના નિમય-૪ અન્વયે દરેક વોર્ડમાં ત્રણ કાઉન્સિલર ચૂટવાના છે. નિયમ-૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક બીન અનામત એટલે કે, સામાન્ય બેઠક બની રહેશે. જ્યારે બીજી બેઠક મહિલા (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની મહિલા સહીત) માટે અનામત રાખવાની છે. જ્યારે ત્રીજી બેઠક જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત, આદિજાતી તથા પછાતવર્ગને ફાળવવાની રહેશે. અને તેવી ફાળવણી પછી જો કોઈ બેઠક બાકી રહેતો તે બીન અનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે.

૧૦. નિયમોના નિયમ-૬ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિની દરેક વોર્ડની વસ્તીની ટકાવારીના ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તી (સંખ્યા) વધુ હોય એટલે કે, ટકાવારી વધુ હોય તે વોર્ડનાં ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, મહિલા બેઠક સહીત)ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ વસ્તી હોય એટલે કે ટકાવારી ઊંચી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારીત કરેલ છે.

૧૧. જાહેરનામા અન્વયે બોરીયાવી નગર માટે ૧ બેઠકો અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિધારીત કરેલ છે. અનુસૂચિત જાતિની મહિલા માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ નથી.

૧૨. પંચે એકઠી કરેલી માહિતી મુજબ નગરનાં જુદા જુદા ૭ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉત્તરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	અનુ.જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ.જાતિની વસ્તીની ટકાવારી
૧.	૫	૧૯૩૦	૩૨૨	૧૬.૬૮%
૨.	૭	૨૦૫૪	૩૪	૧.૬૬%
૩.	૬	૨૨૬૯	૩	૦.૧૩%

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસ્તી ઉચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નંબર ૫ માં અનુસૂચિત જાતિની બેઠક નિયમોના નિયમ-૬/અ હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે અને તે મુજબ ફાળવવામાં આવે છે.

૧૪. જાહેરનામાથી અનુ.આદિજાતિની માટે કોઈ બેઠક નિર્ધારીત થયેલ ન હોવાથી ફાળવવાનો પ્રશ્ન રહેતો નથી.

૧૫. જાહેરનામા મુજબ ૨ બેઠકો પછાતવર્ગો માટે ફાળવેલ છે, તે પૈકી ૧ બેઠક આ વર્ગની મહિલા માટે અન[illegible] રખાઈ છે.

૧૬. વોર્ડનું સીમાકન તથા અનામત બેઠકની ફાળવણી નિયમો. ૧૯૯૪ના નિયમ. ૬/બી હેઠળ રાજ્ય ચૂંટણી પંચે પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. જેના મહત્વના પ્રબંધ નીચે પ્રમાણે છે.

૧. માન્ય રાજકીય પક્ષો તરફથી મળેલ માહિતીના અભ્યાસ પરથી જે નગરના જે જે વોર્ડોમાં પછાતવર્ગની વસ્તીના ધોરણને અનુલક્ષીને જે સર્વસામાન્ય વોર્ડો હોય તે તે પછાતવર્ગ માટે અનામત બેઠક ફાળવવાની રહેશે.

૨. મ્યુનિસિપલ ચીફ ઓફીસર તરફથી છેલ્લી ચૂંટણીમાં જે વોર્ડમાંથી પછાતવર્ગના ઉમેદવારો ચૂંટાઈને કોર્પોરેટર/સભ્ય તરીકે પદધારણ કરતાં હતા, તે ઉપર અનુક્રમે નં.૧માં જણાવેલ વોર્ડોમાં બેઠક ફાળવ્યા પછી નિયત સંખ્યા સુધીમાં ફાળવવાની રહેશે.

INDEX

આર્થી સ્પષ્ટતા કરવાની કે જુના વોર્ડોનું સીમાંકન અને નવા વોર્ડોનાં સીમાંકનમાં ફેરફાર હોય તો જુના વોર્ડોના મોટા ભાગનો જે વિસ્તાર જે જે નવા વોર્ડના સીમાંકનમાં સમાવિષ્ટ થતો હોય તેવા નવા વોર્ડમાં પછાતવર્ગની બેઠક ફાળવવાની રહે છે.

૩. પછાતવર્ગ માટે અનામત કુલ બેઠકો પૈકી ૧/૩ બેઠકો મહિલા માટે જાહેરનામા અન્વયે અનામત રખાઈ છે. આમ ત્રણ બેઠકો પૈકી એક બેઠક મહિલા માટે અનામત રાખવામાં આવી છે. આમ મહિલાનું પ્રમાણ ૧/૩ રહે છે. તેથી તાર્કિક રીતે વિચારતા દર ત્રણ બેઠકો પૈકી ત્રીજી બેઠક મહિલા માટે ફાળવવી તેમ પંચ સ્વીકારે છે.

૪. પરંતુ જો આ રીતે જ વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડોમાં અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિ માટે મહિલા બેઠક ફાળવી હોય તો તે વોર્ડ ને બદલે તે પછી અનુક્રમે જે વોર્ડ આવે તે વોર્ડમાં પછાતવર્ગ/પછાતવર્ગ મહિલા બેઠક ફાળવવી.

માન્ય રાજકીય પક્ષોને પંચ તરફથી નગરપાલિકાઓનાં ક્યા વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવી તેનાં સુચનો મોકલવા કાર્યાલય તરફથી વિનંતી કરવામાં આવેલ પરંતુ કોઈપણ માન્ય રાજકીય પક્ષ તરફથી હજુ સુધી સુચન કરવામાં આવ્યા નથી. પંચે અપનાવેલા માપદંડ મુજબ ચીફ ઓફીસર/વહીવટદાર પાસેથી ગત ચૂંટણીમાં પછાતવર્ગનાં કાઉન્સિલરો સભ્યો જુના ક્યા વોર્ડમાંથી ચૂંટાયા હતા અને તે સમગ્ર વોર્ડોના કે વોર્ડનો મોટા ભાગના વિસ્તાર નવા ક્યા વોર્ડમાં સમાવિષ્ટ થાય છે તેની માહિતી મેળવવામાં આવી છે.

૧૯. આમ માહિતી ચકાસતાં જુના વોર્ડ નંબર ૨ખ, ૩ગ જેનો મોટા ભાગનો વિસ્તાર હાલના નવા વોર્ડ નંબર ૬ માંથી ગત ચૂંટણીમાં પછાતવર્ગના ઉમેદવારો ચૂંટાયેલ હતા. જેની વિગત નીચે મુજબ છે.

ચૂંટણીનું વર્ષ	જુનો વોર્ડ નંબર	બેઠકોની કુલ સંખ્યા	પછાતવર્ગના ચૂંટાયેલ સભ્યોની સંખ્યા	નવો સૂચિત વોર્ડ નંબર
૧૯૯૨	૨/ખ	૧	૧	૬
૧૯૯૨	૩/ગ	૧	૧	૬

આ ઉપરાંત નગર પંચાતના સ્થાનિક ચીફ ઓફીસર તરફથી પછાતવર્ગ વસ્તી અંદાજે જે જે વોર્ડમાં વસ્તી વધુ છે તેવા વોર્ડ નંબર ઉતરતા ક્રમે વોર્ડ નંબર ૬, ૫ જણાવેલ છે જેથી બાકી રહેતી એક બેઠક વધુ વસ્તીવાળા વોર્ડ નંબર ૫ માં ફાળવવાની થાય.

આ સમગ્ર હકીકત લક્ષમાં લેતાં વોર્ડ નંબર ૫ અને ૬ માં પછાતવર્ગ માટે બેઠક અનામત રાખવાનું અને તે પૈકી બીજા ક્રમે આવતા વોર્ડ નંબર ૬ માં પછાતવર્ગની મહિલા માટે બેઠક અનામત રાખવાનું થાય અને વોર્ડ નંબર ૫ માં ત્રીજી બેઠક પછાતવર્ગ માટે અનામત રાખવાનું પંચ મુનાસીબ માને છે પરંતુ વોર્ડ નંબર. ૫ માં ત્રીજી બેઠક અનુ.જાતિ માટે અનામત રખાયેલ હોઈ, માપદંડમાં ફેરફાર કરી વોર્ડ નં.૫ માં બીજી બેઠક પછાતવર્ગ મહીલા અનામત અને વોર્ડ નં. ૬માં ત્રીજી બેઠક પછાતવર્ગ અનામત તરીકે સમાવવાનું પંચ મુનાસીબ માને છે. પછાત વર્ગની બેઠકોની સમગ્રતઃ ફાળવણી નિયમોનાં નિયમ ૬. અ હેઠળ નીચે પ્રમાણે કરવાનું ઠરાવે છે.

વોર્ડ નંબર	બેઠક
૫	પછાતવર્ગ મહિલા
૬	પછાતવર્ગ

૨૦. આ પ્રમાણે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા પછાતવર્ગ (તે પૈકી મહિલા અનામત બેઠકોની સહીતની) ફાળવણી કર્યા પછી મહિલા અનામત બેઠક અને સામાન્ય ઉમેદવારને બાકી રહેતી બેઠક ફાળવવામાં આવે છે.

INDEX

૨૧. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને નિયમોનાં નિયમ-૩ અન્વયે બોરીયાવી નગરને આ સાથે સંલગ્ન અનુસૂચિ-૧માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે. અને આ સાથે અનુસૂચિ-૨માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

૨૨. આ પ્રમાણે વોર્ડોનું વિભાજન અને હદરેખા નક્કી કરવાનું અને વોર્ડની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૩. ઉપર પ્રમાણે વોર્ડોની હદરેખા નક્કી કરવામાં આવે છે. અને ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે. તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ શખ્શને જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૫ દિવસમાં રાજ્ય ચૂંટણી પંચ, બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ, સચિવાલય. ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા મુદત વિત્યે આવેલ સૂચનો ધ્યાનમાં લેવામાં આળશે નહીં.

૨૪. રાજ્ય ચૂંટણી પંચે બોરીયાવી નગરનાં ૭ વોર્ડોની નક્કી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો છેવટનો કરતાં પહેલાં લોકપ્રતિનિધિત્વ ધારો-૧૯૫૧ અન્વયે માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરુરી પરામર્શ કરશે.

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

INDEX

અનુસૂચિ - ૧

બોરીયાવી નગરપાલિકા/નગરપંચાયત જિલ્લો : ખેડા.

ઈલેકશન વોર્ડનો લત્તા વાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન

સૂચિત નવીન વોર્ડ નંબર.	લત્તાવાર વિસ્તાર.	બ્લોક નંબર	ઘર નંબરોની વિગત સેન્સસ બ્લોક મુજબ ઘર નંબર થી ઘર નંબર સુધી.
૧.	મનગમપુરીપુરા, સરદાર પટેલ સોસાયટી, વાઘરીવાસ, માળીવાસ, તળાવ ઉપર વાસ ઈન્દિરાનગરી, સુથારી તલાવડી, મંદિરીયા, સોનપરીયાનો કૂવો લાલજી કૂવો, ચેતનપુરા, મલેકવાડી.	૨૫૭ ૨૬૦ ૨૬૧ ૨૫૦	૧૪૮૬ થી ૧૫૬૭, ૧૫૦૩ થી ૧૫૧૭, ૧૫૧૮ થી ૧૫૪૭, ૧૫૪૮ થી ૧૫૫૭, ૧૫૫૮ થી ૧૫૬૭, ૩૧૫૬ થી ૩૧૭૭, ૩૨૧૧ થી ૩૨૩૯, ૩૨૬૭ થી ૩૨૭૩, ૧૮૪૮ થી ૧૯૬૭, પૈકી ૨૫૧૯ થી ૨૫૩૧, ૧૯૬૮ થી ૨૦૭૬, ૫૫૨ થી ૫૭૬.

હદનું વર્ણન

પંચાયત ઘરથી આણંદ-લાંભવેલ રોડ સુધી, ઉત્તરમાં બસ સ્ટેન્ડ સુધી, ત્યાંથી મનગમરીપુરા, ત્યાંથી ઓસ્કાર ઈન્ડસ્ટ્રીઝ થઈને સુથારી તલાવડી થઈને સોનપરીયાના કુવાથી, લાલજી કૂવા થઈને ચેતનપુરા થઈને, એકપ્રેસ વે થી મલેકવાડી થઈને ભોલુપીર થી બોરીયાવી જવાના રસ્તે પશ્ચિમમાં હાઈ-વે સુધી હાઈ-વે થી દક્ષિણમાં બસ-સ્ટેન્ડ સુધી બસ-સ્ટેન્ડ થઈને બજારમાં થઈને પંચાયત ઘર સુધી.

૨.	ચંદ્રનગર, ભોલુપીર વિસ્તાર, ખ્રિસ્તીપુરા, હરીપુરા, ખોડા જલાનો કૂવો, ઓવર બ્રીજનો ઢાળ, તખા લખાનો કૂવો, જાંબાપુરા, સોમા મંગળના ઘરાં, ન. ચરા ઈન્દિરાનગરી.	૨૬૨ ૨૬૩ ૨૬૪ ૨૬૫	૨૦૭૭ થી ૨૧૬૪, ૨૧૬૫ થી ૨૨૩૧, ૨૨૩૨ થી ૨૩૯૩ ૨૩૯૪ થી ૨૪૪૫, ૩૩૧૬ થી ૩૪૦૧, ૩૪૦૯ થી ૩૪૫૫ ૩૪૯૪/૧ થી ૩૪૯૪/૧૪

હદનું વર્ણન

મલેક વાડીના નાકે થઈને ઉત્તરમાં ધર્મપુરાની હદ સુધી, ત્યાંથી પૂર્વમાં મોતીભાઈ ડુંગરભાઈના ઘરાં સુધી, સામરખા ચકલાસી જવાના રસ્તા સુધી, ત્યાંથી દક્ષિણમાં ભોલુપીર થઈ ભોલુ તલાવડી થઈ રવિકાંત જેસંગના ઘરની નાની નહેર સુધી, નાની નહેરથી પશ્ચિમમાં શંકર મોતીના ખેતર સુધી, ત્યાંથી દક્ષિણમાં ઓવર બ્રીજ સુધી ઓવર બ્રીજથી પશ્ચિમમાં રોડે થઈને નદણીયા ચરા થઈને આગળ જતા રોડ સુધી ત્યાંથી ઉત્તરમાં જેસંગ હરમાનના ઘર સુધી, ત્યાંથી ઉત્તરમાં બોરીયાવી હાઈવે થી ભોલુપીર જવાના રસ્તા સુધી ત્યાંથી પૂર્વમાં મલેકવાડીના નાકા સુધી.

INDEX

સૂચિત નવીન લત્તાવાર વિસ્તાર. વોર્ડ નંબર.		બ્લોક નંબર	ઘર નંબરોની વિગત સેન્સસ બ્લોક મુજબ ઘર નંબર થી ઘર નંબર સુધી.
૩.	બહારપુરા, માળીનો કૂવો, હાથીયાં, રાવઠીયાં, અંબારાનગરી, પાઠકનો કૂવો, માળીનો કૂવો, ભાથીજી વિસ્તાર, હેમતા પુરા, ઓર, કોસન્દરીયાનો કૂવો, ચવાણીયાથી પૂનમ ગેમાના ઘર સુધી.	૨૫૯ ૨૭૦ ૨૭૧ ૨૭૨	૧૭૧૬ થી ૧૮૦૦, ૧૮૦૧ થી ૧૮૪૭, ૨૭૨૨ થી ૨૭૪૨ ૧૭૬૮ થી ૧૭૮૮, ૨૮૧૫ થી ૨૮૭૪, ૨૮૭૫ થી ૨૯૫૭ ૨૯૫૮ થી ૩૦૫૪, ૩૨૪૭ થી ૩૨૬૨, ૩૧૭૮ થી ૩૨૧૦

હદનું વર્ણન

અંબારાનગરીથી પશ્ચિમમાં પટાક જવાના રસ્તા સુધી, ત્યાંથી ઉત્તરમાં જતાં રસ્તે થઈને હાઈવેના નાકા સુધી, ત્યાંથી હાઈવે થઈને પૂર્વમાં કલ્યાણવાડી જવાના રસ્તાથી ન.ચરામાં જવાના રસ્તાથી ચવાણીયા તલાવડી સુધી, ચવાણીયા તલાવડીથી ઉત્તરમાં પૂનમ ગેમાના ઘર સુધી, ત્યાંથી પરત દક્ષિણ દિશામાં મંગળ લખાના ઘર સુધી, ત્યાંથી દક્ષિણમાં ગઢવીના કૂવા સુધી, ગઢવીના કૂવાથી બોરીયાવી તરફ જવાનો રસ્તો, ઓળંગીને રાવઠીયા સુધી રાવઠીયાથી દક્ષિણમાં મનોરીયા તલાવડીએ જવાના રસ્તા સુધી, ત્યાંથી પશ્ચિમમાં રસ્તેથી આગળ જતાં હાઈવે ઓળંગીને અંબારા નગરી સુધી.

૪.	ઓરીયા, કલ્યાણવાડી ડેરી પાછળ, પ્રજાપતિ-વાસ, પીપળવાળું ફળીયું, પ્રજાપતિવાસ, ડેરી પાછળ, વાઘજી ફળીયું, ચોક વિસ્તાર, ડાહીબા-વાળું ફળીયું, સેન્ટ્રલ બેન્કની સામે, બજારમાં, દરવાજો, નવી ખડકી દરવાજા સામે	૨૬૬ ૨૫૮ ૨૫૬ ૨૫૫	૨૪૪૬ થી ૨૫૧૮, ૩૦૮૧ થી ૩૦૮૫, ૧૫૬૮ થી ૧૭૧૫ ૩૦૯૨ થી ૩૧૧૩, ૧૩૮૫ થી ૧૪૮૫, ૧૨૨૦/૧ થી ૧૩૮૪

હદનું વર્ણન

વાઘજી ફળીયાથી ઉત્તરમાં બ્રહ્માણી સુધી, બ્રહ્માણીથી મોટી કન્યા શાળા સુધી ત્યાંથી પૂર્વમાં બજાર રોડ, ડેરી થઈને હાઈવે સુધી, હાઈ-વેથી ઉત્તરમાં આગળ જતાં ચંદ્રનગર જવાના રસ્તે ઓરીયા સુધી, ઓરીયાથી દક્ષિણમાં કલ્યાણવાડી થઈને ચરામાં જવાના રસ્તા સુધી, ત્યાંથી પશ્ચિમમાં, પરત આવી હાઈ-વે ઓળંગી ગામમાં જવાના રોડથી દક્ષિણ તરફ વળતાં ખોડીયાર માતાના મંદિરથી જવાના રસ્તા સુધી ત્યાંથી પ્રશ્ચિમમાં મેડીયા સમળાના ચોક થઈને સેવા સહકારીની જમીનમાં થઈને પશ્ચિમમાં આગળ જતાં નવી ખડકી સુધી, નવી ખડકી થી વાઘજી ફળીયું સુધી.

INDEX

સૂચિત નવીન વોર્ડ નંબર.	લત્તાવાર વિસ્તાર.	બ્લોક નંબર	ઘર નંબરોની વિગત સેન્સસ બ્લોક મુજબ ઘર નંબર થી ઘર નંબર સુધી.
૫.	ગાંધી ચોક, જાની ફળીયું, વાણીયાની ખડકી, પરોતની ખડકી, જોષીની ખડકી, રસ્તા ઉપર, ખ્રિસ્તીવાસ, હરીજન-વાસ, રોહિતવાસ, મગન મોતીની ખળી, જય હીન્દ સોસાયટી, રાવળવાસ, રોહિતવાસ.	૨૫૧ ૨૪૫ ૨૪૯ ૨૪૮	૧૮૧ થી ૨૧૦, ૬૫૮ થી ૭૫૯, ૧ થી ૭૪ ૨૨૧ થી ૨૨૭, ૩૮૬ થી ૪૬૩ ૫૦૨ થી ૫૧૯, ૫૨૦ થી ૫૪૪, ૫૪૫ થી ૫૫૧ ૩૦૦ થી ૩૮૫, ૪૬૪ થી ૫૦૧.

હદનું વર્ણન

આણંદ-લાંભવેલ જવાના માર્ગમાંથી કાળીયા ચોતરાથી ગામમાં જવાના એપ્રોચ રોડે થઈને પંચાયત ઘર સુધી, પંચાયત ઘરથી દક્ષિણમાં ગાંધી ચોક જવાના રસ્તે થઈને પરબડી ઓળંગીને વાણીયાની મોટી ખડકી થઈને મોઢ ફળીયાના નાકા સુધી, મોઢ ફળીયાના નાકેથી પશ્ચિમમાં ગાંધી ચોક અડીને દક્ષિણમાં સોનીયાની કુઈ જતાં સુધી ગાંધી ચોક ફરીને ઉત્તરમાં સેન્દ્રલ બેન્ક વાળી ખડકી સુધી ત્યાંથી પાઠક ફળીયાને અડીને ઘોબીના ઘરાં સુધી, ઘોબીના ઘરાંથી લુહાર શેરી તરફ જતા રસ્તો ઓળંગીને રાવળવાસથી પશ્ચિમમાં બારોટના ખેતર સુધી ત્યાંથી ઉત્તરમાં નડીયાદ જવાના રોડે આગળ કાળીયા ચોતરા સુધી.

૬.	ઠાકોરના બંગલા પાછળ, રામવાડી, અંબાજીપુરા, શ્રીહરી સોસાયટી, ભોઈ-વાસ, કોઠાવાળા ના ઘરાં, વાઘરી વાસ, બારોટો વાસ, મહીડાવાસ, રબારી વાસ, પાઠક ફળિયું, બારોટ વાસ, રામજી મંદિર, સુથાર વાસ, મણીભાઈ સુથારનો ખાંચો, મોઢ ફળિયું, સોનીયાની કુઈ, ભોઈ-વાસ, ગોતા છબાનું ફળિયું, ઉમિયા ચોંક, કઈડવા વાસ, જય ખોડીયાર સોસાયટી.	૨૫૦ પૈકી ૨૪૭ ૨૪૬ ૨૫૨ ૨૫૩	૫૫૨ થી ૬૫૭, ૩૩૧૨ થી ૩૩૧૫, ૩૪૦૨ થી ૩૪૦૮ ૨૨૮ થી ૨૯૯, ૩૩૦૧ થી ૩૩૦૪, ૭૫ થી ૧૯૦ ૭૬૦ થી ૮૧૯, ૮૨૦ થી ૯૬૨ ૩૦૮૬ થી ૩૦૯૦

હદનું વર્ણન

બોરીયાવી બસ-સ્ટેન્ડથી આણંદ-લંભવેલ જવાના રોડે થઈને ફાટક ઓળંગી અમુલ કેટલ ફીડમાં જવાનો રસ્તો ઓળંગી શ્રી હરી સોસાયટી થઈને, રાયણ તલાવડી થઈને કશની તલાવડી થઈ પૂર્વમાં જશભાઈ મથુરના કૂવા આગળ પૂર્વમાં આણંદ-લાંભવેલ જતા રોડ ઓળંગી પૂર્વમાં અંબાજી પુરા સુધી, અંબાજી પુરાથી મોટરી નહેર થઈને પૂર્વમાં-

INDEX

સૂચિત નવીન લત્તાવાર વિસ્તાર.	બ્લોક	ઘર નંબરોની વિગત સેન્સસ બ્લોક મુજબ
વોર્ડ નંબર.	નંબર	ઘર નંબર થી ઘર નંબર સુધી.

લાંભવેલના સીમાડા થઈને આગળ જઈ ઉત્તરમાં લીમડા ચોંકના નાકા સુધી, ત્યાંથી ગોતા છબાના ફળિયામાં થઈને પ્રજાપતિવાસના નાકા સુધી પ્રજાપતિવાસના નાકાથી પશ્ચિમમાં સેવા સહકારીની જમીનમાં થઈને નવી ખડકીને વાઘજી ફળિયાને અડીને દક્ષિણમાં મોઢ ફળિયાના નાકા સુધી મોઢ ફળિયાથી પશ્ચિમમાં શંભુ વાળંદના ઘર સુધી, ત્યાંથી દક્ષિણમાં સોનીયાની કૂઈ જવાના રસ્તા સુધી, ત્યાંથી ગાંધી ચોકથી પંચાયત તરફ જવાના રસ્તે જઈને ડેલા સુધી, ડેલાથી પાઠક ફળિયા સુધી, પાઠક ફળિયાથી જલારામ એસ્ટેટ સુધી, જલારામ એસ્ટેટથી રબારીવાસ ઓળંગી, બારોટના ખેતર સુધી બારોટના ખેતરથી ઉત્તરમાં બસ-સ્ટેન્ડ સુધી.

૭.	પ્રજાપતિ, શેરડી ફળિયું, કાભઈ મથુરવાળું ફળિયું, લીમડા ચોક, હરીજન-વાસ, પટાક મનોરીયા, જીવાપુરા, જીવાપુરા વસાહત.	૨૫૪ ૨૬૭ ૨૬૮ ૨૬૯	૯૬૩ થી ૧૨૧૯, ૨૫૩૨ થી ૨૬૨૭, ૨૬૨૮ થી ૨૭૨૧ ૨૭૪૩ થી ૨૮૧૪, ૩૧૨૬ થી ૩૧૫૦.

હદનું વર્ણન

પટાક જવાના રસ્તા વચ્ચે ખોડીયાર માતાના મંદિર આગળ આવેલ નાકાથી પશ્ચિમમાં હરિજનવાસ થઈ પ્રજાપતિવાસ સુધી, પ્રજાપતિ વાસથી દક્ષિણમાં મીઝાવાડ થઈ લીમડા ચોકના નાકા સુધી, ત્યાંથી દક્ષિણમાં કીભઈ મથુરના ફળિયા થઈ સીધા દક્ષિણમાં લાંભવેલની હદ સુધી, તે હદથી પૂર્વમાં હાઈવે સુધી, રાવળાપુરા, સ્ટેન્ડ સુધી રાવળાપુરાથી સ્ટેન્ડથી, ઉત્તરમાં પૂનમ મોતીના ઘરે થઈ પૂર્વમાં નહેરની જમણી બાજુમાં આવેલ ભાથીભાઈ ચતુરભાઈના ઘરાં સુધી ત્યાંથી આગળ પૂર્વમાં રાવળાપુરા સ્ટેન્ડ સુધી નહેરના ગેટ સુધી ગેટથી ગઢવીના કુવા સુધી, ગઢવીના કુવાથી ઉત્તરમાં સર્વે નંબર ૮૩૯ ની હદ સુધી ત્યાંથી પશ્ચિમમાં રાવઠીયાના નાકા સુધી, રાવઠીયાના નાકાથી મનોરીયા તલાવડી જવાના રસ્તા સુધી આ રસ્તાથી પશ્ચિમમાં હાઈવે સુધી, હાઈવે ઓળંગી અંબારાવ નગરીના નાકા સુધી જ્યાં આગળ પટાક જવાના રસ્તા સુધી પટાક જવાના રસ્તાથી ઉત્તરમાં ખોડીયાર માતાના મંદિરના નાકા સુધી.

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

INDEX

અનુસૂચિ - ૨
રાજ્ય ચૂંટણી પંચ

બોરીયાવી નગર પંચાયત જિ.ખેડાની કુલ વસ્તી : ૧૫૦૩૩

કુલ વોર્ડોની સંખ્યા : ૭

વોર્ડ દીઠ સરેરાશ વસ્તી : ૨૧૪૭ — સરેરાશ વસ્તી ૧૦ ટકા વધ મુજબ : ૨૩૬૩; સરેરાશ વસ્તી ૧૦ ટકા ઘટ મુજબ : ૧૯૩૩

કુલ બેઠકોની સંખ્યા : ૨૧

મહિલા બેઠકો : ૭ — અનુસૂચિત જાતિ મહિલા માટે કોઈ નહી; અનુસૂચિત આદિજાતિ મહિલા કોઈ નહીં; ૧ બેઠક પછાતવર્ગની મહિલા સહિતની

અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા : ૧

અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકો કોઈ નહી

પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા ૨ તે પૈકી ૧ મહિલા માટે.

કુલ અનામત બેઠક : ૯

સામાન્ય બેઠક : ૧૨

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી બીન અનામત	બીજી બેઠકની ફાળવણી મહિલા અનામત	ત્રીજી બેઠકની ફાળવણી
૧	૧	૨૩૧૬	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૨	૨	૨૧૬૨	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૩	૩	૨૩૦૮	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૪	૪	૧૯૯૪	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૫	૫	૧૯૩૦	સામાન્ય	પછાતવર્ગ	અનુસૂચિત જાતિ
૬	૬	૨૨૬૯	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ
૭	૭	૨૦૫૪	સામાન્ય	સામાન્ય	સામાન્ય

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 293 REGISTERED NO. G/GNR/2.

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

PUBLISHED BY AUTHORITY

VOL. XXXV] THURSDAY, NOVEMBER 24, 1994 / AGRAHAYANA 3, 1916

Separate paging is given to this part in order that it may be fixed a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ

જાહેરનામું,

સચિવાલય, ગાંધીનગર

તારીખ : ૨૪-૧૧-૯૪

ક્રમાંક : રામક : ૨૬૧૪૩/૯૪/

દેવગઢબારીયા નગર પંચાયત જિલ્લો : પંચમહાલની ચૂંટણી માટે નગરનાં વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ.

INDEX

૧. ભારતનાં સંવિધાનના ૭૪મા સુધારાને અનુલક્ષીને ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ-૧૯૬૩માં રાજ્ય સરકાર ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ-૧૯૯૩ અન્વયે મહત્વનાં સુધારા કરેલા છે. આ અધિનિયમની કલમ-૬ પેટા, કલમ-૪, અન્વયે નગરપંચાયતની ચૂંટણી, મતદાર યાદી, તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી પંચમાં નિહીત થશે તેવી જોગવાઈ કરેલી છે. અને રાજ્ય ચૂંટણી પંચે કલમ-૬ પેટા કલમ-૫ અન્વયે રાજ્ય સરકારે કરેલાં નિયમોનુસાર અધિનિયમની જોગવાઈઓને આધિન રહીને ચૂંટણી કરવી જોઈએ.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ-૭ પેટા કલમ-૨ તથા કલમ-૬ ની પેટાકલમ-૩ અન્વયે જાહેરનામા ક્રમાંક : કેવી-૫૧૦-૯૪ એન.પી.બી.૭૨૯૪-૪૧૮૧(૪૧) આર- તારીખ : ૨૯-૧૦-૯૪ જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તે અન્વયે દેવગઢબારીયા શહેરનાં નગરપંચાયત ને જેનો હવે પછી નગરપંચાયત તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેના સન ૧૯૯૧ના વસ્તી ગણતરીનાં આખરી આંકડા પ્રસિદ્ધ થયા છે. તેના આધારે ૭ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. નગરપંચાયતના સભ્યોની કુલ બેઠકો ૨૧ નક્કી કરવામાં આવી છે. જાહેરનામા અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, તથા પછાતવર્ગ તેમજ મહિલા માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલી છે.

૩. ચૂંટણી પંચે, અધિનિયમની કલમ-૭ પેટા કલમ-૨ ખંડ-૩, પેટાખંડ-ખ અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને બોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની તથા મહિલાની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજ્ય સરકારે તેમના જાહેરનામા ક્રમાંક : કેવી : ૪૯/૧૯૯૪ એન.પી.એલ ૪૫૯૩-૩૬૫૫-એમ, તા. ૧૬-૩-૧૯૯૪ અન્વયે અધિનિયમની કલમ-૨૭૭ ની પેટા કલમ-૨ તથા કલમ-૬ તથા ૭ અન્વયે વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણીનાં નિયમો-૧૯૯૪ ને હવે પછી નિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે. તે બહાર પાડેલ છે.

૫. નિયમોનાં નિયમ-૨ અન્વયે નગરપંચાયતના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે. કે શક્ય હોય ત્યાં સુધી બધા વોર્ડોની વસ્તી એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસ્તીથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહિ તે પ્રમાણે વોર્ડની રચના કરવાની રહે છે. આમ છતાં ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજૂથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળો તુલનામાં લેતાં ૧૦ ટકા વધુ વધ કે ઘટ કરીને વોર્ડની રચના કરી શકશે.

૬. પંચ નગરપાલિકાના વોર્ડોના સીમાંકન માટે જરુરી માહિતી એકઠી કરી છે. તેમજ સને ૧૯૪૮ ના સેન્સસ મુજબ સને ૧૯૯૧ ના વસ્તી ગણતરીના છેવટનાં પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં શહેરની કુલ વસ્તી : ૧૭,૬૦૨ આવે છે. જાહેરનામા મુજબ શહેરને ૭ વોર્ડોમાં વહેંચવામાં આવે છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી : ૨૫૧૫ ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતી ની પંચે તેના કાર્યાલયના અધિકારી : કર્મચારીઓ મારફત ચકાસણી કરાવેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડનું સીમાંકન કરવાનું ધાર્યું છે. તેમાં કોઈપણ વોર્ડમાં ૧૦ ટકા થી વસ્તી વધતી નથી. કે ૧૦ ટકાથી વસ્તી ઘટતી નથી.

૮. નગરનાં વોર્ડોને નિયમ-૩ ની જોગવાઈઓને ધ્યાનમાં લઈ આ સાથે અનુસૂચિ. માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે. આ સીમાંકન નક્કી કરવામાં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજૂથતા, નદી, રેલ્વેલાઈન, રોડલાઈન વગેરે કારણે બિનજરુરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડબની રહે તે ધ્યાનમાં રાખી ને એકસરખા વોર્ડ ૭ બની રહે તે મુદ્દો વિચારણામાં લઈ વોર્ડોનું સીમાંકન નક્કી કરેલું છે.

૯. નિયમોના નિમય-૪ અન્વયે દરેક વોર્ડમાં ત્રણ કાઉન્સિલર ચૂટવાના છે. નિયમ-૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક બીન અનામત એટલે કે, સામાન્ય બેઠક બની રહેશે. જ્યારે બીજી બેઠક મહિલા (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની મહિલા સહીત) માટે અનામત રાખવાની છે. જ્યારે ત્રીજી બેઠક જાહેર નામા મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત, આદિજાતી તથા પછાતવર્ગને ફાળવવાની રહેશે. અને તેવી ફાળવણી પછી જો કોઈ બેઠક બાકી રહેતો તે બીન અનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે.

૧૦. નિયમોના નિયમ-૬ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિની દરેક વોર્ડની વસ્તીની ટકાવારીના ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તી (સંખ્યા) વધુ હોય એટલે કે ટકાવારી વધુ હોય તે વોર્ડનાં ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, મહિલા બેઠક સહીત)ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ વસ્તી હોય એટલે કે ટકાવારી ઊંચી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારીત કરેલ છે.

૧૧. જાહેરનામા અન્વયે દેવગઢબારીયા નગર માટે ૧ બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે.

૧૨. પંચે એકઠી કરેલી માહિતી મુજબ નગરનાં જુદા જુદા ૭ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	અનુ.જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ.જાતિની વસ્તીની ટકાવારી
૧	૭	૨૫૫૦	૫૨૮	૨૦.૭%
૨	૫	૨૫૧૪	૧૪૪	૫.૭૩%
૩	૪	૨૫૫૯	૮૦	૩.૧૩%
૪	૨	૨૪૯૮	૬૨	૨.૪૮%
૫	૬	૨૫૮૫	૪૫	૧.૭૪%
૬	૩	૨૪૬૯	૪૧	૧.૬૬%
૭	૧	૨૪૨૭	૨૮	૧.૧૫%

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉચી ટકાવારીનાં ક્રમ મુજબ વોર્ડ નંબર : ૭ માં અનુસૂચિત જાતિની બેઠક નિયમોનાં નિયમ-૬/અ હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે. અને તે મુજબ ફાળવવામાં આવે છે.

૧૪. જાહેરનામા અન્વયે દેવગઢબારીયાં નગર માટે ૩ બેઠકો અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે. અને ૩ બેઠકો પૈકી ૧ બેઠક અનુસૂચિત આદિજાતિની મહિલા માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે.

૧૫. પંચે નક્કી કરેલ માહિતી મુજબ નગરનાં જુદા જુદા ૭ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત આદિજાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

INDEX

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની કુલવસ્તી	અનુ.જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુસૂચિત આદિજાતિની વસ્તીની ટકાવારી
૧.	૭	૨૫૫૦	૧૨૦૦	૪૭.૦૫%
૨.	૨	૨૪૯૮	૪૭૨	૧૯.૯%
૩.	૪	૨૫૫૯	૨૦૨	૭.૮૯%
૪.	૬	૨૫૮૫	૨૦૧	૭.૭૭%
૫.	૫	૨૫૧૪	૧૮૦	૭.૧૬%
૬.	૩	૨૪૬૯	૧૫૨	૬.૧૫%
૭.	૧	૨૪૨૭	૪૬	૧.૯%

આમ, અનુસૂચિત આદિજાતિની વસ્તીની ઉંચી ટકાવારી ક્રમ મુજબ વોર્ડનંબર ૭, ૨ તથા ૪ અનુસૂચિત આદિજાતિની બેઠક નિયમોના નિયમ-૬/અ હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે. અને તે મુજબ ફાળવવામાં આવે છે.

અનુસૂચિત આદિજાતિના મહિલા માટે અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસ્તીને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતા પ્રથમ આવતા દર ત્રણ વોર્ડનાં જુથપૈકી ત્રીજા વોર્ડમાં મહિલા માટે બેઠક ફાળવવી તેમ પંચ માને છે. આ મુજબ ફાળવણી કરતાં પણ નિયમો અન્વયે દરેક વોર્ડમાં એક મહિલા, એક સામાન્ય બેઠક ફાળવવાની જોગવાઈ છે. તેનું ખંડન ન થાય તેની તકેદારી રાખવાની રહે છે.

અનુસૂચિત આદિજાતિની બેઠક વોર્ડ નંબર ૭, ૨ તથા ૪ માં નિયમોના નિયમ-૬ અ અન્વયે ફાળવવામાં આવે છે.

અનુસૂચિત આદિજાતિની બેઠકોનાં જુથ વોર્ડ નંબર ૭, ૨, ૪ પૈકી ત્રીજા ક્રમે આવતા વોર્ડ નં. ૪ માં અનુસૂચિત આદિજાતિની મહિલા માટે અનામત બેઠક ફાળવવાની થાય અને વોર્ડ નં. ૭ અને ૨ માં ત્રીજી બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાની થાય છે. પરંતુ વોર્ડ નં.૭ માં ત્રીજી બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત રખાઈ ચૂકી છે આથી અનુસૂચિત આદિજાતિની મહિલા માટે વોર્ડ નં. ૪ ને બદલે વોર્ડ નં. ૭ માં અનામત રાખવાનું અને વોર્ડ નં. ૨ તથા ૪ માં ત્રીજી બેઠક અનુસુચિત આદિજાતિ માટે અનામત રાખવાનું પંચ મુનાસીબ માને છે. અને તે મુજબ ઠરાવે છે. સમગ્ર તથા અનુસૂચિત આદિજાતિની અનામત બેઠકોની ફાળવણી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

વોર્ડ નંબર	બેઠક
૭	અનુસૂચિત આદિજાતિ મહિલા
૨	અનુસૂચિત આદિજાતિ
૪	અનુસૂચિત આદિજાતિ

૧૪. જાહેરનામા મુજબ ૨ બેઠકો પછાતવર્ગો માટે ફાળવેલ છે. તે પૈકી ૧ બેઠક આ વર્ગની મહિલા માટે અનામત રખાઈ છે.

૧૫. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકની ફાળવણી નિયમો-૧૯૯૪ ના નિયમ ૬/બી હેઠળ રાજ્ય ચૂંટણી પંચે પછાત વર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. જેના મહત્વનાં પ્રબંધ નીચે પ્રમાણે છે.

INDEX

૧. માન્ય રાજકીય પક્ષો તરફથી મળેલ માહિતીના અભ્યાસ પરથી જે નગરનાં જે જે વોર્ડમાં પછાતવર્ગની વસ્તીનાં ધોરણને અનુલક્ષીને જે સર્વસામાન્ય વોર્ડો હોય તે તે પછાતવર્ગ માટે અનામત બેઠક ફાળવવાની રહેશે.

૨. નગરપંચાયતના સેક્રેટરી શ્રી તરફથી છેલ્લી ચૂંટણીમાં જે વોર્ડમાંથી પછાત વર્ગનાં ઉમેદવારો ચૂંટાઈને ...../સભ્ય તરીકે પદધારણ કરતા હતા, તે ઉપર અનુક્રમે નં.૧ માં જણાવેલ વોર્ડોમાં બેઠક ફાળવ્યા પછી નિયત સંખ્યા સુધીમાં ફાળવવાની રહેશે.

આથી સ્પષ્ટતા કરવાની કે જુના વોર્ડોનું સીમાંકન અને નવા વોર્ડોનાં સીમાંકનમાં ફેરફાર હોય તો જુના વોર્ડોનાં મોટાભાગનો જે વિસ્તાર જે જે નવા વોર્ડનાં સીમાંકનમાં સમાવિષ્ટ થતો હોય તેવા નવા વોર્ડોમાં પછાતવર્ગની બેઠક ફાળવવાની રહે છે.

૩. પછાતવર્ગ માટે અનામત કુલ બેઠકો પૈકી ૧/૩ બેઠકો મહિલા માટે જાહેરનામા અન્વયે અનામત રખાઈ છે. આમ ત્રણ બેઠકો પૈકી એક બેઠક મહિલા માટે અનામત રખાઈ છે. આમ ત્રણ બેઠકો પૈકી એક બેઠક મહિલા માટે અનામત રાખવામાં છે. આમ મહિલાનું પ્રમાણ ૧/૩ રહે છે. તેથી તાર્કિક રીતે વિચારતા દર ત્રણ બેઠકો પૈકી ત્રીજી બેઠક મહિલા માટે ફાળવવી તેમ પંચ સ્વિકારે છે.

૪. પરંતુ જો આ રીતે જ વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિ માટે મહિલા બેઠક ફાળવવી હોય તો તે વોર્ડ ને વદલે તે પછી અનુક્રમે જે વોર્ડ આવે તે વોર્ડમાં પછાતવર્ગ/ પછાતવર્ગ મહિલા બેઠક ફાળવવી.

માન્ય રાજ્યકીય પક્ષોને પંચ તરફથી નગર પંચાયતનાં કયા બોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવી તેનાં સુચનો મોકલવા કાર્યાલય તરફથી વિનંતી કરવામાં આવેલ. પરંતુ કોઈપણ માન્ય રાજ્યકીય પક્ષ તરફથી હજુસુધી સુચન કરવામાં આવ્યા નથી. પંચે અપનાવેલ માપદંડ મુજબ સેક્રેટરીશ્રી / વહીવટદાર પાસેથી ગત ચૂંટણીમાં પછાતવર્ગનાં કાઉન્સિલરો સભ્યો જુના ક્યા વોર્ડમાંથી ચૂંટાયા હતા. અને તે સમગ્ર વોર્ડોનાં કે વોર્ડનાં મોટા ભાગના વિસ્તાર નવા કયા વોર્ડમાં સમાવિષ્ટ થાય છે. તેની માહિતી મેળવવામાં આવી છે.

૧૬. સને. ૧૯૯૧ની ચૂંટણીનાં પરિણામોની માહિતી ચકાસતાં જુના વોર્ડ નંબર : ૩ગ, ૬(છ), ૯(ટ), ૧૦(ઠ), ૧૪(ત), ૧૫(થ) જેનો મોટા ભાગનો વિસ્તાર હાલના નવા વોર્ડનંબર : ૩, ૪, ૧, ૭, ૫ માંથી ગત ચૂટણીમાં પછાવર્ગનાં ઉમેદવારો ચૂંટાયેલ હતા. જેની વિગત નીચે મુજબ છે.

ચૂંટણીનું વર્ષ	જુનો વોર્ડ નંબર	બેઠકોની કુલ સંખ્યા	પછાતવર્ગના ચૂંટાયેલ સભ્યોની સંખ્યા	નવો સૂચિત વોર્ડ નંબર
૧૯૯૧	૩ ગ	૧	૧	૩
	૬ છ	૧	૧	૪
	૯ ટ	૧	૧	૧
	૧૦ ઠ	૧	૧	૧
	૧૪ ત	૧	૧	૭
	૧૫ થ	૧	૧	૫

INDEX

સને. ૧૯૮૬ની ચૂંટણીનાં પરિણામો મુજબ :

જુનો વોર્ડ નંબર	બેઠકોની કુલ સંખ્યા	પછાતવર્ગના ચૂંટાયેલ સભ્યોની સંખ્યા	નવો સૂચિત વોર્ડ નંબર
૨	૧	૧	૩
૩	૧	૧	૩
૯	૧	૧	૧
૧૦	૧	૧	૧
૧૧	૧	૧	૧
૧૩	૧	૧	૬
૧૭	૧	૧	૭

પરિણામલક્ષી માહિતી જોતાં સને. ૧૯૯૧ની ચૂંટણીમાં સૂચિત વોર્ડ નં. ૧માંથી બે તથા સૂચિત વોર્ડ નં. ૩, ૪, ૭ તથા ૫ માંથી એક એક પછાતવર્ગનાં ઉમેદવાર ચૂંટાયેલ છે. આથી પછાતવર્ગ માટે અનામત રાખવાની બે બેઠકો પૈકી એક બેઠક વોર્ડ નં. ૧ માં અનામત રાખીએ. પછાતવર્ગની બીજી બેઠક વોર્ડ નં. ૩, ૪, ૭ તથા ૫ માંથી કયા વોર્ડમાં અનામત રાખવી તે માટે સન. ૧૯૮૬ની ચૂંટણીનાં પરિણામો જોતાં હાલના સૂચિત વોર્ડ નં. ૩ માંથી પછાતવર્ગના બે ઉમેદવારો ચૂંટાયેલ છે. વળી, નગરપંચાયતના સેક્રેટરી પછાતવર્ગની અંદાજીત વસ્તીની માહિતી આપ્યા મુજબ વોર્ડ નં. ૩ માં સૌથી વધુ અંદાજી વસ્તી છે. આથી પછાતવર્ગની બીજી (મહિલા) અનામત બેઠક વોર્ડ નં. ૩માં ફાળવવાનું પંચ મુનાસીબ માને છે. અને તે મુજબ ઠરાવે છે.

આ સમગ્ર હકીકત લક્ષમાં લેતાં વોર્ડ નં. ૨ અને ૩ માં પછાતવર્ગ માટે બેઠક અનામત રાખવાનું અને ત પૈકી બીજા ક્રમે આવતા વોર્ડનંબર ૩ માં પછાતવર્ગની મહિલા માટે બેઠક અનામત રાખવાનું થાય અને વોર્ડ નંબર ૧ માં ત્રીજી બેઠક પછાતવર્ગ માટે અનામત રાખવાનું પંચ મુનાસીબ માને છે. પછાતવર્ગની બેઠકોની સમગ્રતઃ ફાળવણી નિયમોનાં નિયમ : ૬ / અ હેઠળ નીચે પ્રમાણે કરવાનું ઠરાવે છે.

વોર્ડ નંબર	બેઠક
૧	પછાતવર્ગ
૩	પછાતવર્ગ મહિલા

૧૭. આ પ્રમાણે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા પછાતવર્ગ (તે પૈકી મહિલા અનામત બેઠકોની સહીતની) ફાળવણી કર્યા પછી મહિલા અનામત બેઠક અને સામાન્ય ઉમેદવારને બાકી રહેતી બેઠક ફાળવવામાં આવે છે.

૧૮. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને નિયમોનાં નિયમ-૩ અન્વયે દેવગઢબારીયા નગરને આ સાથે સંલગ્ન અનુસૂચિ-૧માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે. અને આ સાથે અનુસૂચિત-૨માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણેબેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

૧૯. આ પ્રમાણે વોર્ડોનું વિભાજન અને હદરેખા નક્કી કરવાનું અને વોર્ડની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

INDEX

૨૦. ઉપર પ્રમાણે વોર્ડોની હદરેખા નક્કી કરવામાં આવે છે. અને ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે. તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ શખ્શને જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો તેઆ આદેશ પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૫ દિવસમાં રાજ્ય ચૂંટણી પંચ, બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ, સચિવાલય. ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા મુદત વિત્યે આવેલ સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

૨૧. રાજ્ય ચૂંટણી પંચે દેવગઢબારીયા નગરનાં ૭ વોર્ડોની નક્કી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો છેવટનો કરતાં પહેલાં લોકપ્રતિનિધિત્વ ધારો-૧૯૫૧ અન્વયે માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરુરી પરામર્શ કરશે.

યો.જે.દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

INDEX

અનુસૂચિ - ૧

દેવગઢબારીયા/નગર પંચાયત : જિલ્લાઃ પંચમહાલ.

સુચિત નવિન ઈલેકશન વોર્ડનાં લત્તાવારના વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન.

નંબર.	લત્તાવાર વિસ્તાર.	બ્લોક નંબર	ઘર નંબરોની વિગત સેન્સસ બ્લોક મુજબ ઘર નંબર થી ઘર નંબર સુધી.
૧.	મચ્છી બજાર, ખાંચા બજાર.	૨૧	૧ થી ૧૫૧
	ધોબીવાડ, નવા ઠાકોરવાડા.	૩૦	૧ થી ૧૨૯
	સરકલ બજાર, ચબુત્રા રોડ.	૨૬	૧ થી ૧૫૮
	નવી ગોલવાડ.	૨૩	૧ થી ૧૪૧
	રાજપુતવાડી, જુના ગાડીખાના, નહારભુવન, નાયકવાડા.	૧૨	૫ થી ૧૪૮

હદનું વર્ણન

પૂર્વમાં ટાઉન હોલથી શરૂ કરી વાયવ્યમાં રાજમહેલ રોડ અને રાધે ગોવિંદ રોડ મળે છે ત્યાથી ઉત્તરે રાધે ગોવિંદ મંદિર થઈ રાજમહેલ રસ્તે થઈ ગુરૂકૃપા સોસાયટી થઈ રાજમહેલ રોડ ઓળંગી ઉત્તરમાં પાવર હાઉસની પશ્ચિમ હદે જુની પાણીની ટાંકીની પૂર્વે થઈ પશ્ચિમમાં દેવગઢ દુંગની તળેટીમાં થઈ દેવગઢ મંદિરે થઈ સીધા વોર્ડ નં. ૬ ની હદે હદે અગ્નિ ખૂણામાં દવે ફળીયા થઈ હનુમાન ડેરી વાળા રસ્તે થઈ રાણાવાડ જવાના રસ્તે થઈ ખોખા બજાર વાળા રસ્તેથી ચંદુમલ ભગતાણી ની દુકાન થઈ વિકટરી સર્કલ થી શાક માર્કેટ થઈ સર્વે નં. ૫૩ માં થઈ ટાઉન હોલ સુધી.

૨	સ્ટેશનથી ધર્મશાળા	૬	૧ થી ૪૦
	ટ્રેનીંગ કોલેજ વિસ્તાર, રણજીત નિવાસ, રાજમહેલ રોડ, સ્ટેશન વિસ્તાર,	૭	૪૨ થી ૧૧૯
	ટાવરથી આશીયાના રોડ	૧૭	૨૪ થી ૧૩૯
	કન્યાશાળા રોડ, સ્ટેશન રોડ	૧૮	૧ થી ૧૨૧
	કુજબિહારી તથા મિત્રમિલન સોસાયટી	૨૦	૧ થી ૧૨૬

હદનું વર્ણન

પૂર્વમાં ફોરેસ્ટ ટિંબર ડેપોથી શરૂ થઈ રેલ્વેના ઉત્તરમાં પાટે પાટે કાપડી ફાટક ઓળંગી ડાંગરીયા અને ઉધાવળા ગામની સરહદો મળે છે ત્યાંથી વાયવ્યમાં ડાંગરીયા ગામની હદે હદે દધાણા પારો થઈ પીપલોદ જતી રેલ્વે લાઈન ઓળંગી પશ્ચીમે પીપલોદ જતા રસ્તે અડીને દક્ષીણમાં પીપલોદના રસ્તે રસ્તે નૈરૂત્ય ખૂણામાં દેવગઢની તળેટીમાં થઈ બારીયા હ્યુમ પાઈપ ફેકટરી થઈ જી.ઈ.બી. પાવર હાઉસવાળા રસ્તે થઈ ગુરૂકૃપા સોસાયટી પાસેથી પસાર થતો રાજમહેલ રોડ ઓળંગી પીપલોદ રોડે રોડે ટાઉન હોલથી ટાવર થઈ એસટી સ્ટેન્ડ વાળા રસ્તે થઈ સિવિલ હોસ્પીટલ વાળા રસ્તેથી સ્ટેશન રોડ થઈ ફોરેસ્ટ ટિંબર ડેપો સુધી.

INDEX

નંબર.	લત્તાવાર વિસ્તાર.	બ્લોક નંબર	ઘર નંબરોની વિગત સેન્સસ બ્લોક મુજબ ઘર નંબર થી ઘર નંબર સુધી.
૩	પુવાળા ફળીયા.	૧	૧થી ૧૫૬
	પીઠા પ્લોટ	૨	૨થી ૧૦૯
	કાપડી, રેલ્વેસ્ટેશન	૪	૩ થી ૭૭
	કાપડી, નાયકવાડા	૫	૭૭ થી ૧૬૮

હદનું વર્ણન

પૂર્વમાં ડુંગરથી શરૂ થતી પુવાળા ગામની હદે હદે પુવાળા જતો રસ્તો ઓળંગી આગળ જતા વાંકલેશ્વર ડેમ જતો ઉઘાવળા રોડ ઓળંગી ઉઘાવળા ગામની હદે હદે રુવાબારી રોડ ઓળંગી આગળ જતા ડાંગરીયા અને ઊધાવળા ગામની સરહદ મળે છે ત્યાંથી સર્વે નં. ૪૨૫, ૪૨૪ અને ૪૨૨માં થઈ નૈઋત્યમાં સ્ટેશન જતા રસ્તે થઈને કાપડી રેલ્વે ફાટક ઓળંગી રેલ્વેના પાટે પાટે દક્ષીણમાં એસ. આર. હાઈસ્કુલ પાસેથી પુવાળાના તળાવથી વાયવ્યમાં સ્ટેશન રોડ રસ્તે રસ્તે કન્યાશાળા રોડ ઓળંગી રાણીવાવ ફળીયામાં થઈ ડુંગરની ભીંતે ભીંતે ડુંગરથી શરૂ થતી પુવાળા ગામની હદ સુધી

૪	ઘાનપુર રોડથી સ્ટેશન રોડ, પીઠા પ્લોટ.	૮	૧ થી ૧૨૬
	સ્ટેશન રોડથી ધર્મશાળા પાછળનો વિસ્તાર	૯	૧ થી ૧૪૨
	કન્યાશાળા રોડ, સુથારવાડા	૧૦	૩ થી ૧૪૨
	બજાર એક બત્તી, સર્કલ બજાર, સંચાગલી	૧૧	૫ થી ૧૫૦
	નહારભુવન, રાજમહેલ રોડ	૧૩	૪ થી ૧૩૭

હદનું વર્ણન

પૂર્વમાં પુવાળાના તળાવથી શરૂ થઈ ફોરેસ્ટ ટિંબર થઈ રેલ્વે લાઈન ઓળંગી એચ. આર. હાઈસ્કુલ પાસેથી પસાર થતા સ્ટેશન રોડે રોડે એસ્ટી સ્ટેન્ડથી કિપલેફ્ટ થઈ પીપલોદ રોડે ઉત્તરમાં ટાવર થઈ પીપલોદ જતા રસ્તે રસ્તે દિપકપલ્સ મિલ થઈ આઈસ ફેકટરીથી રાધેગોવિંદ મંદિર વાળા રસ્તે રસ્તે પાણીની ટાંકી આશીયાનાથી ટાવર વાળા રસ્તે રસ્તે પશ્ચીમે ટાવર શેરીના પાછળના ભાગે થઈ સર્કલ બજાર થઈ, સંચાગલી થઈ સાગટાળા રોડે રોડે સ્ટેશન રોડ થઈ સીધા જ પુવાળાના તળાવ સુધી.

૫.	હોળીચકલા, રેંટીયા પોળ	૧૪	૨ થી ૩૭
	કાગડી ફળીયા, ગેટવાળી સડક, ભેફળીયા,	૧૫	૪૦ થી ૧૩૦
	કસ્બા	૧૬	૩ થી ૧૨૨
	કંસારા શેરી, મોટી સ્ટ્રીટ	૨૯	૧ થી ૧૩૨
	સર્કલ બજાર, બજાર એક બત્તી, શાકમાર્કેટ, બજાર શેરી	૩૩	૧ થી ૧૪૬

INDEX

નંબર.	લત્તાવાર વિસ્તાર.	બ્લોક નંબર	ઘર નંબરોની વિગત સેન્સસ બ્લોક મુજબ ઘર નંબર થી ઘર નંબર સુધી.

હદનું વર્ણન

પૂર્વમાં સંચાગલી નાકાથી સંચાગલીના રસ્તે રસ્તે બજાર એકબત્તી થઈ બજાર શેરી તથા હોળી ચકલા થઈ કસ્બાવાળા રસ્તે રસ્તે ભેદરવાજા ચોકડીથી ઉત્તરમાં સાગટાળા રોડે રોડે સંચાગલીના નાકા સુધી.

૬	બારી ફળીયા, દવે ફળીયા	૧૯	૧ થી ૧૧૪
	હનુમાન ડેરી, ડેરી ફળીઆ.	૨૨	૨૦ થી ૧૪૮
	હાથીથાન, કોલેજ રોડ	૨૪	૧ થી ૧૨૬
	નવી ગોલવાડ, જુની ગોલવાડ	૨૫	૨ થી ૧૪૭
	ચબુતરા રોડ, પારેખ શેરી	૩૧	૨ થી ૭૦
	કાગડી ફળીયા	૩૨	૭૧ થી ૧૪૬

હદનું વર્ણન

પૂર્વમાં હોળીચકલાથી હનુમાન ડેરી વાળા રસ્તે રસ્તે રાણા વાસ થઈ દવે ફળીયા થઈ ડુંગર ભીંતે થઈ પશ્ચીમમાં ઉચવાણની ગામની હદે હદે પૂર્વમાં સર્વે નં. ૧ અને ૨માંથી પસાર થઈ આર્ટસ કોલેજ વાળા રસ્તેથી ડુંગરી ફલીયા થઈ હોળી ચકલા સુધી.

૭	વાવડી શેરી, સાંકડી શેરી.	૩	૧૧૦ થી ૧૮૦
	ડુંગરી ફળીયા, કસ્બા, તાડફળીયા	૨૭	૩ થી ૮૩
	ભેદરવાજા રોડ, કાગડી ફળીયા.	૨૮	૮૪ થી ૧૪૮
	મોતીપુરા, ખોસફળીયા, ચોગાનીયા	૩૪	૧ થી ૭૮
	રાણીવાવ	૩૫	૭૯ થી ૧૩૩

હદનું વર્ણન

ભેદરવાજા નાકાથી શરુ કરી, ભેદરવાજા ચોકડી થઈ ઉચવાણ ગામની હદે હદે જ ઉચવાણ જતો રસ્તો ઓળંગી પાનમ નદીને કિનારે કિનારે સ્મશાન થઈ, વોટર વર્કસની પૂર્વમાં પાનમ બ્રિજથી જૂના બારીઆ ગામની હદે હદે થઈ કોળીના પુવાળા ગામની હદે હદે પાનમ નદીને કિનારેથી ખોસ ફળીયાના રસ્તે રસ્તે ચોગાનીયા થઈ ડુંગરની ભીંત વાળા રસ્તેથી કબ્રસ્તાન થઈ ભેદરવાજા નાકા સુધી.

યો.જે.દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

INDEX

અનુસૂચિ - ૨
રાજ્ય ચૂંટણી પંચ

દેવગઢ બારીઆ નગરપંચાયત જિ. પંચમહાલની કુલ વસ્તી : ૧૭, ૬૦૨

કુલ વોર્ડોની સંખ્યા : ૭

વોર્ડ દીઠ સરેરાશ વસ્તી : ૨૫૧૫ — સરેરાશ વસ્તી ૧૦ ટકા વધ મુજબ : ૨૭૬૬ / સરેરાશ વસ્તી ૧૦ ટકા ઘટ મુજબ : ૨૨૬૪

કુલબેઠકોની સંખ્યા : ૨૧ — તે પૈકી ૧ બેઠક અનુસૂચિત આદિજાતિ મહિલા

મહિલા બેઠકો : ૭ — ૧ બેઠક પછાતવર્ગની મહિલા સહિતની

અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા : ૧

અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા : ૩ તે પૈકી ૧ બેઠક મહિલા માટે

પછાત વર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા : ૨ તે પૈકી એક બેઠક મહિલા માટે

કુલ અનામત બેઠક : ૧૧

સામાન્ય બેઠક : ૧૦

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી બીન અનામત	બીજી બેઠકની ફાળવણી મહિલા અનામત	ત્રીજી બેઠકની ફાળવણી
૧	૧	૨૪૨૭	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ
૨	૨	૨૪૯૮	સામાન્ય	સામાન્ય	અનુ. આદિજાતિ
૩	૩	૨૪૬૯	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૪	૪	૨૫૫૯	સામાન્ય	સામાન્ય	અનુ. આદિજાતિ
૫	૫	૨૫૧૪	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૬	૬	૨૫૮૫	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૭	૭	૨૫૫૦	સામાન્ય	અનુ. આદિજાતિ	અનુ.જાતિ

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 294 REGISTERED NO. G/GNR/2.

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

PUBLISHED BY AUTHORITY

VOL. XXXV] THURSDAY, NOVEMBER 24, 1994 / AGRAHAYANA 3, 1916

Separate paging is given to this part in order that it may be fixed a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ

જાહેરનામું,

સચિવાલય, ગાંધીનગર

તારીખ : ૨૪-૧૧-૯૪

ક્રમાંક : સમક : ૨૬૧૪૪/૯૪/

ઝાલોદ નગર પંચાયત જિલ્લો : પંચમહાલની ચૂંટણી માટે નગરનાં વોર્ડોનું સીમાંકન તથા બેઠકોની ફાળવણી અંગેનો આદેશ.

INDEX

૧. ભારતનાં સંવિધાનનના ૭૪મા સુધારાને અનુલક્ષીને ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ-૧૯૬૩માં રાજ્ય સરકાર ગુજરાત મ્યુનિસિપાલીટી અધિનિયમ-૧૯૯૩ અન્વયે મહત્વનાં સુધારા કરેલા છે. આ અધિનિયમની કલમ-૬ પેટા કલમ-૪, અન્વયે નગરપંચાયતની ચૂંટણી, મતદાર યાદી, તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી પંચમાં નિહીત થશે તેવી જોગવાઇ કરેલી છે. અને રાજ્ય ચૂંટણી પંચે કલમ-૬ પેટા કલમ-૫ અન્વયે રાજ્ય સરકારે કરેલાં નિયમોનુસાર અધિનિયમની જોગવાઇઓને આધિન રહીને ચૂંટણી કરવી જોઇએ.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ-૭ પેટા કલમ-૨ તથા કલમ-૬ ની પેટાકલમ-૩ અન્વયે જાહેરનામા ક્રમાંક : કેવી-૫૦૯-૯૪. એન.પી.બી.૭૨૯૪-૪૧૮૧(૪૦) આર- તારીખ : ૨૯-૧૦-૯૪ જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તે અન્વયે ઝાલોદ નગરનાં નગરપંચાયત ને જેનો હવે પછી નગરપંચાયત તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેના સન ૧૯૯૧ના વસ્તી ગણતરીનાં આખરી આંકડા પ્રસિદ્ધ થયા છે. તેના આધારે ૭ વોર્ડોમાં વ્હેંચવામાં આવેલ છે. નગરપંચાયતના કાઉન્સીલરોની કુલ બેઠકો ૨૧ નક્કી કરવામાં આવી છે. જાહેરનામા અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, તથા પછાતવર્ગ તેમજ મહિલા માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલી છે.

૩. ચૂંટણી પંચે, અધિનિયમની કલમ-૭ પેટા કલમ-૨ ખંડ-૩, પેટાખંડ-ખ અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની તથા મહિલાની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજ્ય સરકારે તેમના જાહેરનામા ક્રમાંક : કેવી : ૪૯/૧૯૯૪ એન.પી.એલ ૪૫૯૩-૩૬૫૫-એમ, તા. ૧૬-૩-૧૯૯૪ અન્વયે અધિનિયમની કલમ-૨૭૭ ની પેટા કલમ-૨ તથા કલમ-૬ તથા ૭ અન્વયે વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણીનાં નિયમો-૧૯૯૪ ને હવે પછી નિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે બહાર પાડેલ છે.

૫. નિયમોનાં નિયમ-૨ અન્વયે નગરપંચાયતના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શક્ય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસ્તી એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસ્તીથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહિ તે પ્રમાણે વોર્ડની સરેરાશ વસ્તીથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહિ તે પ્રમાણે વોર્ડની રચના કરવાની રહે છે. આમ છતાં ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજૂથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળો તુલનામાં લેતાં ૧૦ ટકા વધુ વધ કે ઘટ કરીને વોર્ડની રચના કરી શકશે.

૬. પંચ નગરપંચાયતના વોર્ડોના સીમાંકન માટે જરુરી માહિતી એકઠી કરી છે. તેમજ સને ૧૯૪૮ ના સેન્સસ મુજબ સને. ૧૯૯૧ ના વસ્તી ગણતરીના છેવટનાં પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં શહેરની કુલ વસ્તી : ૨૦,૩૩૮ આવે છે. જાહેરનામા મુજબ શહેરને ૭ વોર્ડોમાં વ્હેંચવામાં આવે છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી : ૨૯૦૫ ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની પંચે તેના કાર્યાલયના અધિકારી : કર્મચારીઓ મારફત ચકાસણી કરાવેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડનું સીમાકન કરવાનું ધાર્યું છે. તેમાં વોર્ડ નં.૬ સિવાય કોઈપણ વોર્ડમાં ૧૦ ટકા થી વસ્તી વધની નથી કે ૧૦ ટકાથી વસ્તી ઘટની નથી.

આ અંગેના કારણો : વોર્ડ નં. ૬ ની સરેરાશ વસ્તી કરતાં ૩૧૧ વ્યક્તિની વસ્તી ઓછી છે. એટલે કે, ૧૦.૭૦ટકા વસ્તી ઓછી છે. જે ૧૦ ટકા ઘટ કરતાં માત્ર ૦.૭૦ ટકા એટલે કે ૨૧ જ ઓછી છે. સેન્સસ બ્લોક નહિ તોડવાને કારણે આમબનેલ છે.

INDEX

૮. શહેરનાં વોર્ડોને નિયમ-૩ ની જોગવાઈઓને ધ્યાનમાં લઈ આ સાથે અનુસૂચિ. ૧માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે. આ સીમાંકન નક્કી કરવામાં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજૂથતા, નદી, રેલ્વેલાઈન, રોડલાઈન વગેરે કારણે બિનજરુરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખી ને એકસરખા વોર્ડ ૭ બની રહે તે મુદ્દો વિચારણામાં લઈ વોર્ડોનું સીમાંકન નક્કી કરેલું છે.

૯. નિયમોના નિયમ-૪ અન્વયે દરેક વોર્ડમાં ત્રણ કાઉન્સિલર ચૂટવાના છે. નિયમ-૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક બીન અનામત એટલે કે, સામાન્ય બેઠક બની રહેશે. જ્યારે બીજી બેઠક મહિલા (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની મહિલા સહીત) માટે અનામત રાખવાની છે. જ્યારે ત્રીજી બેઠક જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત, આદિજાતિ તથા પછાતવર્ગને ફાળવવાની રહેશે. અને તેવી ફાળવણી પછી જો કોઈ બેઠક બાકી રહતો તે બીન અનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે.

૧૦. નિયમોના નિયમ-૬ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિની દરેક વોર્ડની વસ્તીની ટકાવારીના ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તી (સંખ્યા) વધુ હોય એટલેકે, ટકાવારી વધુ હોય તે વોર્ડનાં ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, મહિલા બેઠક સહીત)ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ વસ્તી હોય એટલે કે ટકાવારી ઉચી હોય તે જે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારીત કરેલ છે.

૧૧. જાહેરનામા અન્વયે ઝાલોદ નગર માટે ૧ બેઠક અનુસુચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે.

૧૨. પંચે એકઠી કરેલી માહિતી મુજબ નગરનાં જુદા જુદા ૭ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	અનુ.જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ.જાતિની વસ્તીની ટકાવરી
૧	૨	૨૮૧૮	૩૮૮	૧૩.૭૭%
૨	૫	૩૦૮૬	૩૫૪	૧૧.૪૭%
૩	૭	૨૭૯૬	૩૮	૧.૩૬%
૪	૩	૨૮૩૦	૩૪	૧.૨૦%
૫	૪	૩૧૦૧	૩૬	૧.૧૬%
૬	૬	૨૫૯૪	૧૩	૦.૫૦%
૭	૧	૩૧૧૩	૧૨	૦.૩૮%

આમ, અનુસુચિત જાતિની વસ્તી ઉચી ટકાવારીનાં ક્રમ મુજબ વોર્ડ નંબર : ૨ માં અનુસુચિત જાતિની બેઠક નિયમોનાં નિયમ-૬/અ હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે અને તે મુજબ ફાળવવામાં આવે છે.

૧૩. અનુસુચિત જાતિની બેઠક વોર્ડ નંબર : ૨ માં નિયમોના નિયમ ૬/અ અનેવયે ફાળવવામાં આવે છે.

૧૪. જાહેરનામા અન્વયે ઝાલોદ નગર માટે ૬ બેઠકો અનુસુચિત આદિજાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે. અને ૬ બેઠકો પૈકી ૨ બેઠકો અનુસુચિત આદિજાતિની મહિલા માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે.

INDEX

પંચે એકઠી કરેલ માહિતી મુજબ નગરનાં જુદા જુદા ૭ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત આદિજાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉત્તરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની કુલ વસ્તી	વોર્ડની અનુસૂચિત આદિજાતિની વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુસૂચિત આદિજાતિની વસ્તીની ટકાવારી
૧	૭	૨૭૯૬	૨૪૪૬	૮૭.૪૮%
૨	૬	૨૫૯૪	૨૨૦૨	૮૪.૮૯%
૩	૧	૩૧૧૩	૧૬૪૭	૫૨.૯૦%
૪	૨	૨૮૧૮	૯૩૩	૩૩.૧૧%
૫	૫	૩૦૮૬	૯૨૫	૨૯.૯૮%
૬	૪	૩૧૦૧	૨૩૮	૭.૬૭%
૭	૩	૨૮૩૦	૯૬	૩.૩૯%

આમ, અનુસૂચિત આદિજાતિની વસ્તીની ઉંચી ટકાવારી ક્રમ મુજબ વોર્ડ નંબર : ૭, ૬, ૧, ૨, ૫ તથા ૪ અનુસૂચિત આદિજાતિની બેઠક નિયમોના નિયમ-૬/અ હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે. અને તે મુજબ ફાળવવામાં આવે છે.

અનુસૂચિત આદિજાતિના મહિલા માટે અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસ્તીને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતાં પ્રથમ આવતા દર ત્રણ વોર્ડનાં જુથ પૈકી ત્રીજા વોર્ડમાં મહિલા માટે બેઠક ફાળવવી તેમ પંચ માને છે. આ મુજબ ફાળવણી કરતાં પણ નિયમો અન્વયે દરેક વોર્ડમાં એક મહિલા, એક સામાન્ય બેઠક ફાળવવાની જોગવાઈ છે. તેનું ખેડન ન થાય તેની તકેદારી રાખવાની રહે છે.

અનુસૂચિત આદિજાતિની બેઠક વોર્ડ નંબર ૭, ૬, ૧, ૨, ૫ તથા ૪ માં નિયમોનાં નિયમ-૬.અ અન્વયે ફાળવવામાં આવે છે. આમ ત્રણ વોર્ડોનાં જુથ ૭, ૬, ૧ તથા ૨, ૫, ૪ વોર્ડોનાં બે જુથો) પૈકી ત્રીજા ક્રમે આવતા વોર્ડો એટલે કે, વોર્ડ નં.૧ તથા વોર્ડ નં.૪ માં અનુસૂચિત આદિજાતિની મહિલા માટે બેઠક અનામત રાખવાની થાય. પરંતુ વોર્ડ નં.૨, ૫ તથા ૪ ના જુથમાં જો વોર્ડ નં. ૪માં અનુ. આદિજાતિની મહિલા માટે બીજી બેઠક અનામત રાખીએ. તો વોર્ડ નં.૨ અને ૫ માં અનુસૂચિત આદિજાતિ માટે ત્રીજી બેઠક અનામત રાખવાની થાય પરંતુ વોર્ડ નં. ૨ માં ત્રીજી બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત રખાઈ ચુકી છે. આથી આ સંજોગોમાં વોર્ડ નં.૨, ૫ અને ૪ના જૂથ પૈકી અનુસૂચિત આદિજાતિની મહિલા માટે અનામત બેઠક વોર્ડ નં.૪ ના બદલે વોર્ડનં.૨ માં ફાળવવાનું પંચ મુનાસિબ માને છે. અને તે મુજબ ઠરાવે છે.

સમગ્રતથા અનુસૂચિત આદિજાતિની અનામત બેઠકોની ફાળવણી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

વોર્ડ નંબર	બેઠક
૭	પછાતવર્ગ
૬	પછાતવર્ગ
૧	પછાતવર્ગ મહિલા
૨	પછાતવર્ગ મહિલા
૫	પછાતવર્ગ
૪	પછાતવર્ગ

INDEX

૧૫. જાહેરનામા મુજબ ૨ બેઠકો પછાતવર્ગો માટે ફાળવેલ છે. તે પૈકી ૧ બેઠક આ વર્ગની મહિલા માટે અનામત રખાઈ છે.

૧૬. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકની ફાળવણી નિયમો-૧૯૯૪ના નિયમ ૬/બી હેઠળ રાજ્ય ચૂંટણી પંચે પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. જેના મહત્ત્વનાં પ્રબંધ નીચે પ્રમાણે છે.

૧. માન્ય રાજકીય પક્ષો તરફથી મળેલ માહિતીના અભ્યાસ પરથી જે શહેરના જે જે વોર્ડોમાં પછાતવર્ગની વસ્તીના ધોરણને અનુલક્ષીને જે સર્વસામાન્ય વોર્ડો હોય તે તે પછાતવર્ગ માટે અનામત બેઠક ફાળવવાની રહેશે.

૨. નગર પંચાયતના સેક્રેટરીશ્રી તરફથી છેલ્લી ચૂંટણીમાં જે વોર્ડમાંથી પછાતવર્ગના ઉમેદવારો ચૂંટાઈને કોર્પોરેટર/સભ્ય તરીકે પદધારણ કરતાં હતા, તે ઉપર અનુક્રમે નં.૧માં જણાવેલ વોર્ડોમાં બેઠક ફાળવ્યા પછી નિયત સંખ્યા સુધીમાં ફાળવવાની રહેશે.

આથી સ્પષ્ટતા કરવાની કે જુના વોર્ડોનું સીમાંકન અને નવા વોર્ડોનાં સીમાંકનમાં ફેરફાર હોય તો જુના વોર્ડોના મોટા ભાગનો વિસ્તાર જે જે નવા વોર્ડના સીમાંકનમાં સમાવિષ્ટ થતો હોય તેવા નવા વોર્ડમાં પછાતવર્ગની બેઠક ફાળવવાની રહે છે.

૩. પછાતવર્ગ માટે અનામત કુલ બેઠકો પૈકી ૧/૩ બેઠકો મહિલા માટે જાહેરનામા અન્વયે અનામત રખાઈ છે. આમ ત્રણ બેઠકો પૈકી એક બેઠક મહિલા માટે અનામત રાખવામાં આવી છે. આમ મહિલાનું પ્રમાણ ૧/૩ રહે છે. તેથી તાર્કિક રીતે વિચારતા દર ત્રણ બેઠકો પૈકી ત્રીજી બેઠક મહિલા માટે ફાળવવી તેમ પંચ સ્વીકારે છે.

૪. પરંતુ જો આ રીતે જ વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડોમાં અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિ માટે મહિલા બેઠક ફાળવી હોય તો તે વોર્ડને બદલે તે પછી અનુક્રમે જે વોર્ડ આવે તે વોર્ડમાં પછાતવર્ગ/પછાતવર્ગ મહિલા બેઠક ફાળવવી.

માન્ય રાજકીય પક્ષોને પંચ તરફથી નગરપંચાયતનાં ક્યા વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવી તેનાં સુચનો મોકલવા કાર્યાલય તરફથી વિનંતી કરવામાં આવેલ પરંતુ કોઈપણ માન્ય રાજકીય પક્ષ તરફથી હજુ સુધી સુચન કરવામાં આવ્યા નથી. પંચે અપનાવેલા માપદંડ મુજબ નગરપંચાયતના સેક્રેટરીશ્રી/વહીવટદાર પાસેથી ગત ચૂંટણીમાં પછાતવર્ગનાં સભ્યો જુના ક્યા વોર્ડમાંથી ચૂંટાયા હતા અને તે સમગ્ર વોર્ડોના કે વોર્ડનો મોટા ભાગના વિસ્તાર નવા ક્યા વોર્ડમાં સમાવિષ્ટ થાય છે તેની માહિતી મેળવવામાં આવી છે.

૧૬. આમ માહિતી ચકાસતાં જુના વોર્ડ નંબર ૨ખ, ૫ ચ, ૬ છ, ૭ જ, ૯ ટ, જેનો મોટા ભાગનો વિસ્તાર હાલના નવા વોર્ડ નંબર ૧, ૩ તથા ૪ માંથી ગત ચૂંટણીમાં પછાતવર્ગના ઉમેદવારો ચૂંટાયેલ હતા. જેની વિગત નીચે મુજબ છે.

ચૂંટણીનું વર્ષ	જુનો વોર્ડ નંબર	બેઠકોની કુલ સંખ્યા	પછાતવર્ગના ચૂંટાયેલ સભ્યોની સંખ્યા	નવો સૂચિત વોર્ડ નંબર
૧૯૯૨	૨ ખ	૧	૧	૧
	૫ ચ	૧	૧	૪
	૬ છ	૧	૧	૪
	૭ જ	૧	૧	૪
	૯ ટ	૧	૧	૩

INDEX

આ માહિતી જોતાં સુચિત વોર્ડ નં.૪ માંથી ત્રણ તથા સુચિત વોર્ડ નં.૧ અને ૩ માંથી એક એક પછાતવર્ગના સભ્ય ચૂંટાયેલ હતા. જોહારનામા અન્વયે ઝાલોદ શહેર માટે પછાતવર્ગ માટે બે બેઠકો અનામત રખાઈ છે. આથી પછાતવર્ગની એક અનામત બેઠક વોર્ડનં.૪ માં ફાળવીએ. અને બાકી રહેતી બેઠકો વોર્ડ નં. ૧ કે ત્રણમાંથી ક્યા વોર્ડમાં ફાળવવી તે માટે આ ઉપરાંત નગર પંચાયતના સ્થાનિક ચીફ ઓફીસર તરફથી પછાતવર્ગ વસ્તી અંદાજે જે જે વોર્ડમાં વસ્તી વધુ છે તેવા વોર્ડ નંબર ઉતરતા ક્રમે વોર્ડનંબર ૩, ૪, ૨, ૫, ૧, ૬, ૭ જણાવેલ છે. જેથી બાકી રહેતી પછાતવર્ગની બેઠક વોર્ડ નં. ૧ અને ૩ માંથી વધુ વસ્તીવાળા નં. ૩ માં ફાળવવાની થાય.

આ સમગ્ર હકીકત લક્ષમાં લેતાં વોર્ડ નંબર ૩ અને ૪ માં પછાતવર્ગ માટે બેઠક અનામત રાખવાનું અને તે પૈકી બીજા ક્રમે આવતા વોર્ડ નંબર ૪ માં પછાતવર્ગની મહિલા માટે બેઠક અનામત રાખવાનું થાય અને વોર્ડ નંબર ૩ માં ત્રીજી બેઠક પછાતવર્ગ માટે અનામત રાખવાનું પંચ મુનાસીબ માને છે. પછાતવર્ગની બેઠકોની સમગ્રતઃ ફાળવણી નિયમોનાં નિયત ૬- અ હેઠળ નીચે પ્રમાણે કરવાનું ઠરાવે છે.

વોર્ડ નંબર	બેઠક
૩	પછાતવર્ગ
૪	પછાતવર્ગ મહિલા

૧૭. આ પ્રમાણે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા પછાતવર્ગ (તે પૈકી મહિલા અનામત બેઠકોની સહીતની) ફાળવણી કર્યા પછી મહિલા અનામત બેઠક અને સામાન્ય ઉમેદવારને બાકી રહેતી બેઠક ફાળવવામાં આવે છે.

૧૮. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને નિયમોનાં નિયમ-૩ અન્વયે ઝાલોદ નગરને આ સાથે સંલગ્ન અનુસૂચિ-૧માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે. અને આ સાથે અનુસૂચિ-૨માં દર્શાવ્યા પ્રમાણે જ વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

૧૯. આ પ્રમાણે વોર્ડોનું વિભાજન અને હદરેખા નક્કી કરવાનું અને વોર્ડની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૦. ઉપર પ્રમાણે વોર્ડોની હદરેખા નક્કી કરવામાં આવે છે. અને ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે. તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ શખ્શને જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૫ દિવસમાં રાજ્ય ચૂંટણી પંચ, બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ, સચિવાલય. ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા મુદત વિત્યે આવેલ સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

૨૧. રાજ્ય ચૂંટણી પંચે ઝાલોદ નગરનાં ૭ વોર્ડોની નક્કી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો છેવટનો કરતાં પહેલાં લોકપ્રતિનિધિત્વ ધારો-૧૯૫૧ અન્વયે માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરુરી પરામર્શ કરશે.

યો.જે.દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

INDEX

અનુસૂચિ - ૧

રાજ્ય ચૂંટણી પંચ

ઝાલોદ નગરપંચાયત. પંચમહાલ જિલ્લો.

સુચિત નવીન ઈલેકશન વોર્ડનો લત્તાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન.

વોર્ડ નંબર	લત્તાવાર વિસ્તાર.		ઘર નંબરોની વિગત. સેન્સસ બ્લોક મુજબ ઘર નંબર થી ઘર નંબર સુધી.
૧.	ડાડીયા	૯૫	૪૧૩૬ થી ૪૨૫૯
	કાકરા હંગરા, ફતેપુરા રોડ, ઢીમાફળીયું.	૯૬	૪૨૬૦ થી ૪૩૭૯
	કશ્બા વિસ્તાર	૬૩	૧ થી ૧૧૬
	કશ્બા, રણબોરા, કોળીવાડ	૬૪	૧૧૭ થી ૨૩૪
	કશ્બા, કોળીવાડ	૬૬	૨૩૫ થી ૩૨૩

હદનું વર્ણન

કસ્બા મસ્જીદની પશ્ચિમતરફ તળાવની પાળ ઉપર સ.નં.૯૩૦ થી દક્ષિણ દિશાથી નૈઋત્ય તરફ બાજુના હાઢીયા ફળીયાના સ.નં. ૮૭૭ ની ઉત્તરે સ.નં. ૮૮૧ ની ઉત્તર તરફ થઈ કાકરાહંગરા ફળીયાના સ.નં. ૭૮૧ ના ઈશાન ખૂણાથી પૂર્વ તરફ સ.નં. ૭૧૯ ની દક્ષિણે ઝાલોદ ફતેપુરા રોડ ટીમા ફળીયાની દક્ષિણે કશ્બા રોડ વિસ્તાર સુધી.

૨.	કોળીવાડા	૬૫	૩૨૪ થી ૪૨૩
	કોળીવાડ, સર્વોદય સોસાયટી, ઠક્કરબાપા સોસાયટી નવચેતન, ભાગીરથ સોસાયટી, પંચશીલ સોસાયટી	૬૭	૪૨૪ થી ૫૫૬
	હરિજનવાસ, ટોકીઝની ડાબીબાજુ ચમારવાસ	૮૦	૧૯૧૪ થી ૨૦૬૯
	ગરોવાસ, તાલુકાપંચાયત માર્કેટયાર્ડ સામે ટોકીઝની પાસેનો વિસ્તાર અગ્રવાલ બાલમંદિર સામેનો વિસ્તાર, અગ્રવાલ સોસાયટી.	૮૧	૨૦૭૦ થી ૨૨૨૭
	પંચશીલ સોસાયટી, આદિવાસી સોસાયટી, ગામડીરોડ, જમીન વિહોણા ઝલાઈ રોડ હરિજનવાસ	૮૨	૨૨૨૮ થી ૨૩૪૯

INDEX

સુચિત નવીન વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડનો લત્તાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન.	
	લત્તાવાર વિસ્તાર.	ઘર નંબરોની વિગત. સેન્સસ બ્લોક મુજબ ઘર નંબર થી ઘર નંબર સુધી.

હદનું વર્ણન

કોળીવાડા મઠ ફળીયાની ઉત્તરે પંચાલ સોસાયટીની પૂર્વ તરફ ઠક્કરબાપા આદિવાસી સોસાયટીની દક્ષિણ તરફ ખુશલગઢ રોડ નજીક નગર પંચાયતના રોડથી થઈ વાંસવાડા રોડની ડાબી તરફ અગ્રવાલ સોસાયટી પાછળ ઝલાઈ રોડ આદિવાસી સોસાયટીની સામે ગામડી રોડ થઈ તાલુકાપંચાયત કચેરી સામે હરિજનવાસ, ડબગરવાસ થઈ ગરોવાથી વાંસવાડા રોડ ઉત્તરે સિવિલ કોર્ટ સુધીનો વિસ્તાર.

૩.	વડબઝાર, રેવડીવાળો ખાંચો, પતરાવાળા ચોરાનો ખાંચો, વહોરા બઝાર	૭૫	૧૪૨૧ થી ૧૫૧૧
	વહોરાબઝાર ડાબીબાજુ, લખારવાડી, મદનીચોક મસ્જીદ સામે.	૭૬	૧૫૧૨ થી ૧૬૨૦
	મસ્જિદ પાસેનો ભાગ માંડલી ફળીયા ડાબી બાજુ	૭૭	૧૬૨૧ થી ૧૭૨૯
	ગીતા મંદિર સામેનો વિસ્તાર.	૭૮	૧૭૩૦ થી ૧૮૩૫
	વોરા કંમ્પાઉન્ડ, રામધ્વારા મોચી દરવાજા પાસેનો વિસ્તાર.	૭૯	૧૮૩૬ થી ૧૯૧૩

હદનું વર્ણન

વડબઝાર રેવડીવાળા ખાંચાથી ઉત્તર વહોરાવાડી, લખારવાડી, માંડલીફળીયાની ઉત્તરે વાવડી ફળીયાના હોળીચકલાની પૂર્વ તરફ વાંસવાડા રોડ ચોકડી સામે ગીતામંદિર થઈ ગામડી દરવાજા ડબગર વાસ સુધીનો વિસ્તાર.

INDEX

સુચિત નવીન વોર્ડ નંબર ઈલેકશન વોર્ડનો લત્તાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન.

	લત્તાવાર વિસ્તાર.		ઘર નંબરોની વિગત. સેન્સસ બ્લોક મુજબ ઘર નંબર થી ઘર નંબર સુધી.
